ૐ
નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ પ્રવચન

## (ભાગ-૨)

( પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સૂત્રપાહુડ તથા ચારિત્રપાહુડ ઉપરના ધારાવાહી પ્રવચનો )

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૭ | ૨૫૪૩ | ૨૦૭૩ | ૨૦૧૭ |

પ્રકાશન
તા. ૨૩-૩-૨૦૧૭, ફાગણ વદ-૧૦
પૂજ્ય બહેનશ્રીની ૮૫મી સમ્યક્ જયંતિ

- શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
- શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
  ૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
  વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
  ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦
- શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
  યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
  નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
  ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯
- શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ
  વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)
  ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

લેસર ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક
આનંદ લિમયે
ઈન્ડિયા પ્રિન્ટીંગ વર્ક
વડાલા, મુંબઈ

# પ્રસ્તાવના

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માનું વર્તમાન શાસન પ્રવર્તી રહ્યું છે. તેઓશ્રીની દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશિત મોક્ષમાર્ગ, પરંપરામાં થયેલા અનેક આચાર્ય ભગવંતો દ્વારા આજે પણ વિદ્યમાન છે. શ્રી ગૌતમ ગણધર બાદ અનેક આચાર્યો થયા તેમાં શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવનું સ્થાન શ્રી મહાવીરસ્વામી પછી ત્રીજા સ્થાને આવે છે તે જગતવિદિત છે.

શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્ય વિક્રમ સંવત ૪૯માં લગભગ થયા છે. તેઓશ્રીએ સ્વયંની ઋદ્ધિ દ્વારા વર્તમાન વિદેહક્ષેત્રે પ્રત્યક્ષ બિરાજમાન શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં આઠ દિવસ રહી દિવ્યદેશના ગ્રહણ કરી, ત્યાંથી આવીને તેમણે અનેક મહાન પરમાગમોની રચના કરી. તેમાં અષ્ટ પ્રાભૃત ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આચાર્ય ભગવંતની પવિત્ર પરિણતિના દર્શન તેઓશ્રીની પ્રત્યેક કૃતિઓમાં થાય છે. ભવ્યજીવો ઉપર નિષ્કારણ કરુણા કરી તેમણે મોક્ષમાર્ગનું અંતર-બાહ્ય સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આચાર્ય ભગવંતે મોક્ષમાર્ગને થંભાવી રાખ્યો છે એ કથન ખરેખર સત્ય પ્રતીત થાય છે.

ચતુર્થ ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન પર્યંત અંતરંગ મોક્ષમાર્ગ સાથે વર્તતા વિકલ્પની મર્યાદા કેટલી અને કેવી હોય તે તેઓશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આમ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરી અનેક પ્રકારના વિપરીત અભિપ્રાયોમાંથી મુમુક્ષુજીવોને તાર્યા છે. અષ્ટ પ્રાભૃત ગ્રંથમાં મુખ્યત્વે નિર્ગ્રંથ મુનિદશા કેવી હોય અને સાથે કેટલી મર્યાદામાં એ ગુણસ્થાનમાં વિકલ્પની સ્થિતિ હોય છે તે સ્પષ્ટ કર્યું છે.

વર્તમાનમાં દિગંબર સાહિત્ય તો હતું જ પરંતુ સાહિત્યમાં નિહિત મોક્ષમાર્ગનું સ્વરૂપ જો આ કાળમાં કોઈ દિવ્ય શક્તિધારક મહાપુરુષે પ્રકાશિત કર્યું હોય તો તે છે-કાનજીસ્વામી. પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની દિવ્ય શ્રુતની લબ્ધિ દ્વારા સમાજમાં નિર્ભિકતાથી ઉદ્‌ઘાટન કર્યો. શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું રહસ્ય તો પ્રરૂપિત હતું જ પરંતુ આ કાળના અચંબા સમાન પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય ભગવતી પ્રજ્ઞાએ તે રહસ્યને ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીનો અસિમ ઉપકાર આજે તો ગવાય છે પરંતુ પંચમકાળના અંત સુધી ગવાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક પરમાગમો ઉપર વિસ્તૃત પ્રવચનો થયા છે. તેમાં અષ્ટ પ્રાભૃતનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તુત પ્રવચનો પ્રકાશિત થાય તેવી ભાવના મુમુક્ષુ સમાજમાંથી વ્યક્ત થતાં શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા આ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનો સહર્ષ સ્વીકાર કર્યો. તદ્‌નુસાર આ પ્રવચનો લગભગ સાત ભાગમાં પ્રકાશિત થવાની ધારણા છે. દ્વિતીય ભાગમાં સૂત્રપાહુડની ૨૭ ગાથા તથા ચારિત્રપાહુડની ૪૫ ગાથા ઉપરના પ્રવચનો છે.

સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ આચાર્ય ભગવંતે સ્વયંની મૌલિક શૈલીમાં સુચારુરૂપે દર્શનપાહુડમાં વર્ણન કર્યું છે. ત્યારબાદ સૂત્રપાહુડમાં આચાર્ય ભગવાને જિનસૂત્ર અનુસાર આચરણ જીવને હિતરૂપ છે અને જિનસૂત્રવિરૂદ્ધ આચરણ અહિતરૂપ છે- તે સંક્ષેપમાં બતાવવામાં આવ્યું છે. તથા જિનસૂત્રકથિત મુનિલિંગાદિ ત્રણ લિંગોનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે.

તત્પશ્ચાત્ ચારિત્રપાહુડની ૪૫ ગાથાઓમાં સમ્યક્ત્વચરણચારિત્ર તથા સંયમચરણચારિત્રના સ્વરૂપનું વર્ણન કરવામાં આવેલ છે. સંયમચરણચારિત્રમાં દેશસંયમચરણ તથા સકલસંયમચરણ-આમ બે પ્રકારના ભેદથી વર્ણન કર્યું છે. તેમાં શ્રાવકના બાર વ્રત અને મુનિરાજના પંચેન્દ્રિયસંવર, પાંચ મહાવ્રત, પ્રત્યેક મહાવ્રતની પાંચ-પાંચ ભાવના, પાંચ સમિતિ ઈત્યાદિનો નિર્દેશ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિષયોની સંપૂર્ણ છણાવટ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પડખાઓથી પ્રસ્તુત પ્રવચનોમાં કરેલ છે. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને ખોલવાના અલૌકિક સામર્થ્યના દર્શન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં થાય છે. સમ્યક્ત્વ સહિત ચારિત્રનું સ્વરૂપ કેવું હોય તેનું વિશદ્ વર્ણન પ્રસ્તુત પ્રવચનોમાં થયું છે.

આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળીને શબ્દશઃ તૈયાર કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવગનર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારબાદ આ પ્રવચનોને ફરીવાર શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા તપાસી જવામાં આવ્યા છે. ઘણા પ્રવચનો બેટરીવાળા હોવાથી જ્યાં અવાજ બરાબર નથી સંભળાતો ત્યાં ડોટ કરીને છોડી દેવામાં આવ્યું છે. વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. પ્રવચનોને પુસ્તકારૂઢ કરવામાં જાગિતૃપૂર્વક ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં ક્યાંય ક્ષતિ રહી જવા પામી હોય તો વાચકવર્ગને વિનંતી કે તેઓ જાણ કરે. જિનવાણીનું કાર્ય અતિ ગંભીર છે. તેથી ક્યાંય પ્રમાદવશ ક્ષતિ રહી હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતાના ચરણોમાં કોટિ કોટિ વંદના! તેઓશ્રીની સાતિશય દેશના જયવંત વર્તો! જયવંત વર્તો!

પ્રસ્તુત પુસ્તક www.vitragvani.com ઉપર મુકવામાં આવેલ છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુજીવ આત્મહિત સાધે તેવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

લિ. ટ્રસ્ટીગણ
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
મુંબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી. તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતા સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની

હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં

મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો

પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ

કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યા, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.
૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.
૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.
૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.
૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.
૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.
૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.
૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.
૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ પાડવા તે અન્યવશપણું છે.
૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો ! તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)
સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)
કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)
અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)
તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)
સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)
બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા

## : સૂત્રપાહુડ :


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૨૨ | ૨૯-૦૬-૧૯૭૦ | ૧ | ૦૦૧ |
| ૨૨ | ૩૦-૦૬-૧૯૭૦ | ૧ થી ૩ | ૦૦૪ |
| ૨૩ | ૦૧-૦૭-૧૯૭૦ | ૩ - ૪ | ૦૨૩ |
| ૨૪ | ૦૨-૦૭-૧૯૭૦ | ૪ થી ૬ | ૦૩૭ |
| ૨૫ | ૦૩-૦૭-૧૯૭૦ | ૬ | ૦૫૩ |
| ૨૬ | ૦૪-૦૭-૧૯૭૦ | ૬ | ૦૬૬ |
| ૨૭ | ૦૫-૦૭-૧૯૭૦ | ૬ | ૦૭૭ |
| ૨૮ | ૦૬-૦૭-૧૯૭૦ | ૬ | ૦૮૯ |
| ૨૯ | ૦૭-૦૭-૧૯૭૦ | ૭ થી ૯ | ૧૦૧ |
| ૩૦ | ૦૮-૦૭-૧૯૭૦ | ૧૦ થી ૧૩ | ૧૧૫ |
| ૩૧ | ૦૯-૦૭-૧૯૭૦ | ૧૪ થી ૧૭ | ૧૨૯ |
| ૩૨ | ૧૦-૦૭-૧૯૭૦ | ૧૮ - ૧૯ | ૧૪૫ |
| ૩૩ | ૧૨-૦૭-૧૯૭૦ | ૨૦ થી ૨૪ | ૧૫૯ |
| ૩૪ | ૧૩-૦૭-૧૯૭૦ | ૨૫ થી ૨૭ | ૧૭૪ |


## : ચારિત્રપાહુડ :


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૩૫ | ૧૪-૦૭-૧૯૭૦ | ૧ થી ૪ | ૧૯૦ |
| ૩૬ | ૧૫-૦૭-૧૯૭૦ | ૫ - ૬ | ૨૦૩ |
| ૩૭ | ૧૬-૦૭-૧૯૭૦ | ૬ - ૭ | ૨૧૬ |
| ૩૮ | ૧૭-૦૭-૧૯૭૦ | ૭ થી ૯ | ૨૨૯ |
| ૩૯ | ૧૯-૦૭-૧૯૭૦ | ૧૦ થી ૧૩ | ૨૪૨ |
| ૪૦ | ૨૦-૦૭-૧૯૭૦ | ૧૩ થી ૧૬ | ૨૫૭ |
| ૪૧ | ૨૧-૦૭-૧૯૭૦ | ૧૭ થી ૧૯ | ૨૭૦ |
| ૪૨ | ૨૨-૦૭-૧૯૭૦ | ૨૦ થી ૨૩ | ૨૮૪ |
| ૪૩ | ૨૩-૦૭-૧૯૭૦ | ૨૩ થી ૨૫ | ૨૯૮ |

| | | | |
|---|---|---|---|
| ૪૪ | ૨૪-૦૭-૧૯૭૦ | ૨૬ થી ૩૦ | ૩૧૨ |
| ૪૫ | ૨૬-૦૭-૧૯૭૦ | ૩૧ થી ૩૩ | ૩૨૭ |
| ૪૬ | ૨૭-૦૭-૧૯૭૦ | ૩૪ થી ૩૮ | ૩૪૩ |
| ૪૭ | ૨૮-૦૭-૧૯૭૦ | ૩૯ થી ૪૩ | ૩૫૯ |
| ૪૮ | ૨૯-૦૭-૧૯૭૦ | ૪૩ થી ૪૫, ૧-૨ | ૩૭૬ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ

# અષ્ટપાહુડ પ્રવચન

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'અષ્ટપાહુડ' ઉપર પ્રવચન)

(ભાગ–૨)

## सूत्रपाहुड़
– २ –

दोहा

वीर जिनेश्वरको नमूं गौतम गणधर लार।
काल पंचमा आदिमें भए सूत्रकरतार।।१।।

इस प्रकार मंगल करके श्री कुन्दकुन्द आचार्यकृत प्राकृत गाथा बद्ध सूत्रपाहुडकी देशभाषामय वचनिका लिखते हैं :-

प्रथम ही श्री कुन्दकुन्द आचार्य, सूत्र की महिमागर्भित सूत्रका स्वरूप बताते हैं :-

### ગાથા-૧

अरहंत भासियत्थं, गणहरदेवेहि गंथियं सम्मं।
सुत्तत्थमग्गमणत्थं, सवणा साहंति परमत्थं।।१।।

अर्हद्भाषितार्थं गणधरदेवैः ग्रथितं सम्यक्।
सूत्रार्थमार्गणार्थं श्रमणाः साधयंति परमार्थम्।।१।।

અર્હંતભાષિત અર્થમય ગણધરસુવિરચિત સૂત્ર છે;
સૂત્રાર્થના શોધન વડે સાધે શ્રમણ પરમાર્થને. ૧.

अर्थ :- जो गणधरदेवोंने सम्यक् प्रकार पूर्वापरविरोधरहित गूंथा (रचना की) वह सूत्र है। वह सूत्र कैसा है ? - सूत्रका जो कुछ अर्थ है उसको मार्गण अर्थात् ढूंढने - जाननेका जिसमें प्रयोजन है और ऐसे ही सूत्र के द्वारा श्रमण (मुनि) परमार्थ अर्थात् उत्कृष्ट अर्थ प्रयोजन जो अविनाशी मोक्षको साधते हैं। यहाँ गाथा में 'सूत्र' इसप्रकार विशेष्य पद नहीं कहा तो भी विशेषणोंकी सामर्थ्यसे लिया है।

भावार्थ :- जो अरहंत सर्वज्ञ द्वारा भाषित है तथा गणधरदेवोंने अक्षर पद वाक्यमयी गूंथा है और सूत्रके अर्थको जाननेका ही जिसमें अर्थ-प्रयोजन है ऐसे सूत्रसे मुनि परमार्थ जो मोक्ष उसको साधते हैं। अन्य जो अक्षपाद, जैमिनि, कपिल, सुगत आदि छद्मस्थोंके द्वारा रचे हुए कल्पित सूत्र हैं, उनसे परमार्थकी सिद्धि नहीं है, इस प्रकार आशय जानना।।१।।

## પ્રવચન નં. ૨૧, ગાથા-૧ સોમવાર, જેઠ વદ ૧૧, તા. ૨૯-૬-૧૯૭૦

બીજું સૂત્રપાહુડ. ઓલામાં તો બીજું ચારિત્રપાહુડ છે. છે ને લખ્યું છે. એમ આ મેળ આ આવે છે.

**वीर जिनेश्वरको नमूं गौतम गणधर लार।**

**काल पंचमा आदिमें भए सूत्रकरतार।।१।।**

સિદ્ધાંતના કરનારા ભગવાન મહાવીર અને ગણધર બે થયા. વીર જિનેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ વીર પ્રભુ, એને નમસ્કાર કરું છું. **'गौतम गणधर लार'** તેની સાથે ગૌતમભગવાનને પણ લાર સાથે નમન કરું છું. **'काल पंचमा'** પંચમકાળની શરૂઆતમાં ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર થયા એ સૂત્રના કરનારા થયા માટે તેને પહેલા નમસ્કાર કરું છું.

**'ઇસ પ્રકાર મંગલ કરકે શ્રી કુંદકુંદ આચાર્યકૃત પ્રાકૃત ગાથા બદ્ધ સૂત્રપાહુડકી દેશભાષામય વચનિકા લિખતે હૈ :-' 'પ્રથમ હી શ્રી કુંદકુંદ આચાર્ય, સૂત્રકી મહિમાગર્ભિત સૂત્રકા સ્વરૂપ બતાતે હૈં :-'** લ્યો! એ સૂત્રની મહિમા ગર્ભિત સૂત્રનું મહાત્મ્ય.

**अरहंतभासियत्थं, गणहरदेवेहि गंथियं सम्मं।**

**सुत्तत्थमग्गमणत्थं, सवणा साहंति परमत्थं।।१।।**

મંગળીક 'કુંદકુંદાચાર્ય' પહેલું કરે છે આ. **'જો ગણધરદેવોંને સમ્યક્ પ્રકાર પૂર્વાપરવિરોધરહિત ગૂંથા (રચના કી) વહ સૂત્ર હૈ.'** ગૌતમ ભગવાને વીતરાગની વાણી સાંભળીને સૂત્રો રચ્યા. એક ક્ષણમાં બાર અંગ અને ચૌદપૂર્વ પ્રગટ્યા. આહાહા..! સમજાણું કાંઈ? એવા સૂત્રને રચનારા ગણધર હતા તેના સૂત્રને અહીંયાં નમસ્કાર કરે છે. **'વહ સૂત્ર કૈસા હૈ ?-સૂત્રકા જો કુછ અર્થ હૈ...'** સૂત્રનો જે અર્થ છે, ભાવાર્થ છે, પરમાર્થ છે **'ઉસકો માર્ગણ અર્થાત્ ઢૂંઢને-જાનનેકા જિસમેં પ્રયોજન હૈ...'** એવા સાધુ એમ કહે છે. **'ઐસે હી સૂત્રકે દ્વારા**

**શ્રમણ (મુનિ)...**' શાસ્ત્રનો ભાવ-રહસ્ય શું છે એ સમજીને જે શ્રમણ થયા છે એને અહીંયાં સાધુ કહેવામાં આવે છે.

**'પરમાર્થ અર્થાત્ ઉત્કૃષ્ટ અર્થ પ્રયોજન જો અવિનાશી મોક્ષકો સાધતે હૈં.'** આહાહા..! શું કહે છે? ભગવાને સૂત્ર જે કહ્યાં. અર્થ કહ્યાં ભગવાને તો. અને સૂત્ર ગૂંથ્યા પછી ગણધરે. એ સૂત્રનો ભાવાર્થ, પરમાર્થ, રહસ્ય શું છે એ જેણે શોધીને જેણે પરમાર્થ મુનિએ સાધ્યો છે. જુઓ! શાસ્ત્ર કેવા હોય એની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? આ બધો ફેરફાર થઈ ગયો છે અત્યારે તો. ભગવાનને નામે ચડાવ્યા શાસ્ત્ર એ શાસ્ત્ર નથી. એ માટે કહેશે. બીજી ગાથામાં. ભગવાનના કહેલા અને ગણધરે ગૂંથેલા અને એમાંથી પરમાર્થ શોધીને સાધુ પોતે ઉત્કૃષ્ટ અર્થને પામ્યા એટલે મોક્ષને પામ્યા.

**'યહાં ગાથામેં 'સૂત્ર' ઇસપ્રકાર વિશેષ્ય પદ નહીં કહા તો ભી વિશેષણોંકી સામર્થ્યમેં લિયા હૈ.'** એમ. '**अरहंतभासियत्थं**' શબ્દ છે ને ત્યાં? '**अरहंतभासियत्थं**'. શબ્દ છે ભાઈ! સૂત્ર નથી. એનો અર્થ સૂત્ર નથી પણ એમ લઈ લેવું એમ કહે છે. એમાંથી અર્થ કર્યો છે. એટલે ઓલો સૂત્ર શબ્દ અહીં નથી પણ લઈ લેવો. એમ ભગવાને અર્થ કર્યો અને ગણધરે સૂત્ર રચ્યા. સમજાણું કાંઈ? આહાહા..! વીર હિમાલય સે નીકલી. વાણી નીકળી ભગવાનના મુખથી. ગૌતમ ગણધરે ચાર જ્ઞાન ચૌદ પૂર્વની રચના અંતર્મૂહૂર્તમાં પ્રગટ કરી. એમણે આ શાસ્ત્રો રચ્યા. એ ગણધરના રચેલા શાસ્ત્રો એને અંદરમાં રહસ્ય શું છે? એને શોધીને જેણે સંતોએ પરમાર્થ સાધ્યો અને એ પરમાર્થ સાધીને જે મોક્ષને પામ્યા એવા સૂત્રને અમે આગમ અને પરમાગમ કહેવામાં આવે છે.

**ભાવાર્થ :- 'જો અરહંત સર્વજ્ઞ દ્વારા ભાષિત હૈ તથા ગણધરદેવોંને અક્ષર પદ વાક્યમયી ગૂંથા હૈ'** ભગવાનના તો અર્થમાં નીકળ્યું છે. ગણધરોએ પછી શબ્દો-વાક્યોની રચના કરી. **'સૂત્રકે અર્થકો જાનનેકા હી જિસમેં અર્થ-પ્રયોજન હૈ ઐસે સૂત્રસે મુનિ પરમાર્થ જો મોક્ષ ઉસકો સાધતે હૈં.'** ખરેખર તો આગમમાં જે પરમાર્થ ભગવાને કહ્યું એને સાધીને પરમાર્થ એટલે મોક્ષને મુનિ સાધે છે. જેને ખોટા સાધન .. એમાં પરમાર્થ હોતો નથી. એ માટે આ સૂત્ર કહ્યું છે. સમજાણું કાંઈ? આકરી વાત છે. બહુ.

**'અન્ય જો અક્ષપાદ, જૈમિનિ, કપિલ, સૂગત આદિ છદ્મસ્થોકે દ્વારા રચે હુએ કલ્પિત સૂત્ર હૈં,...'** છદ્મસ્તે રચ્યા શાસ્તરો, **'ઉનસે પરમાર્થકી સિદ્ધિદ્ધનહીં હૈ,...'** ભગવાનના પરમાર્થે કહેલા સિદ્ધાંતો. એના રહસ્યને સમજીને જેણે પરમાર્થ મોક્ષને પામ્યા એને અહીં સૂત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી પ્રશ્ન છે કે ત્યારે એ સૂત્ર કહેવા કોને? અત્યારે તો ગણધર નથી અને અરિહંત પણ નથી. એની બીજી ગાથા છે. એની કહેલી પરંપરાએ આવેલા ભગવાનના કહેલા પરંપરાએ આવેલા એને સૂત્ર અને શાસ્ત્રમાં કહેવામાં આવે છે. એ વાત બીજી ગાથામાં કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૨૨ ગાથા-૧, ૨, ૩ મંગળવાર, જ્યેષ્ઠ વદ ૧૨, તા. ૩૦-૦૬-૧૯૭૦

બીજો અધિકાર ચાલે છે અહીં. દર્શનપાહુડ એ અધિકાર પહેલો થઈ ગયો છે. દર્શન એટલે સમ્યગ્દર્શન વિના જન્મ-મરણનો અંત કોઈનો ક્યાંય આવતો નથી. એ પહેલી વાત આવી ગઈ છે. સમજાણું કાંઈ? એ આત્મા અનંતકાળથી ચોર્યાશીના અવતારમાં એક એક અવતારે અનંત અનંત ભવ કરી ચૂક્યો છે. એમાં એણે અનંતવાર બહારની દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ, તીર્થ-જાત્રા એવા ભાવ પણ અનંતવાર કર્યા છે. 'ભોગીલાલભાઈ'! પણ એ બધો ભાવ શુભ હતો. સમ્યગ્દર્શન વિના જન્મ-મરણનો અંત કોઈ દિ' કોઈને ક્યાંય આવતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જૈનમાં હો એ બધા સમ્યગ્દષ્ટિ જ હોય.

ઉત્તર :- જૈન કોને કહેવા હજી? જૈનમાં જન્મ્યા (એટલે જૈન થઈ ગયા?) કોથળીમાં કરિયાતા અને માથે લખે સાકર એથી કાંઈ કરિયાતા કડવા મટી જાય? ભાઈ! જૈન એટલે તો કોઈ અલૌકિક વાત છે. એવી એની દૃષ્ટિના અનુભવમાં આવે ત્યારે તે ચૈતન્યસ્વરૂપનો સ્વામી થાય, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આ વાત છે. ભારે કામ ઝીણું જગતને આવું. ઓહો..! અનંત અનંતકાળ ચાલ્યા ગયા, ભાઈ! શરીરના રજકણો વીંખાઈ ગયા અને આ પણ માટીમાં મળી જશે. આ કાંઈ આત્મા નથી. સમજાણું? દેહ લાગે રૂપાળો, સારો પણ એ તો એમાં કીડા પડશે. આ તો માટી છે. આ કાંઈ આત્મા છે? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અંદરમાં શરીરથી રહિત, શરીરવાળો નથી એ. એવા ચૈતન્યસ્વરૂપમાં તો આનંદ ને જ્ઞાન ને શાંતિ ને વીતરાગતા પડી છે. એ વાત ઝીણી બહુ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, એણે સર્વજ્ઞપણું અને વીતરાગપણું જે પ્રગટ કર્યું એ ક્યાંથી આવે? અંદરથી. 'ભોગીલાલભાઈ'! દાખલો આપ્યો નહોતો? ત્યાં આપણે... પીપરના દાણામાં ચોસઠ પહોરો તીખો રસ પડ્યો છે તો એ પ્રગટ થાય છે. અંદર પડ્યો છે, ભાઈ! ખબર નથી. એમ આ ભગવાનઆત્મા દેહના રજકણે રજકણની પર્યાયની ક્રિયાથી તદ્દન જુદો અને પુણ્ય-પાપના ભાવ થાય એ આસ્રવ છે, નવા બંધનું કારણ છે. એ મોક્ષના પરિણામનું કારણ નથી. શું થાય? વાત એવી મળી નથી ને. આવો કાળ ચાલ્યો જાય છે. આહાહા..! દેહની સ્થિતિ પૂરી થવાને સમય જાય છે. સામે જાય છે. સામે જાય છે? 'ભોગીલાલભાઈ'! જે સ્થિતિ લઈને આવ્યો છે એની સામે જાય છે. દેહ છૂટવાની નજીકમાં (જાય છે). આહાહા..!

કહે છે કે ભાઈ! ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એની વાણીમાં શાસ્ત્રો આવ્યા. એ શાસ્ત્રમાં આત્માનું સ્વરૂપ આવું પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય છે, એનો જે અનુભવ કરે એને અંદર સમ્યગ્દર્શન થાય. એવી વાત છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી એને પુણ્ય અને પાપના ભાવ રાગ છે,

એનો અનુભવ છે અને ત્યાં દૃષ્ટિ છે તેથી ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. જૈનનો સાધુ થઈને બાહ્ય પંચ મહાવ્રત આદિના પરિણામ (થયા) પણ રાગ રહિત મારી ચીજ શું છે, એની નિજ સત્તાના નિજ પદને એણે સંભાળ્યું નહિ. 'ભોગીલાલભાઈ'! આત્માના આ બહારના પદ-બદ નથી. આહાહા..!

જ્યાં નથી ત્યાં એને માન્યો છે અને જ્યાં પોતે છે તેને એણે માન્યો નથી. એથી અહીં ભગવાને 'અષ્ટપાહુડ'માં 'કુંદકુંદાચાર્યદેવે' દર્શનપાહુડ પહેલું કહ્યું. સમ્યગ્દર્શન વિના જે કંઈ કરે એના ફળ તરીકે સંસારમાં રખડવાનું છે. શુભભાવ હોય તો સ્વર્ગ આદિ કે આ ધૂળના શેઠિયા થઈને પછી નરકે જાશે. વાત તો આ છે. શેઠિયા હોય કે (ગમે તે હોય). 'ભોગીલાલભાઈ'! અહીં તો ઇ છે, બાપા! અહીં તો બાપા! માર્ગ આ છે. આહાહા..!

આત્માનો વૈભવ અંદરમાં છે. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, વીતરાગતા એ વૈભવની જેને પ્રતીત ને ભરોસો અને અનુભવ નથી એ બહારના વૈભવને પોતાના માને છે. આહાહા..! સમજાણું કાંઈ? એથી અહીં દર્શનપાહુડમાં પહેલી સમકિતની વ્યાખ્યા કરી. હવે અહીં બીજા પાહુડમાં સૂત્ર-જ્ઞાનની વ્યાખ્યા કરે છે.

ભગવાને કહેલા શાસ્ત્રો, એનું એને સમ્યગ્જ્ઞાન થાય તો એને જન્મ-મરણ મટી જાય. એનો-સોયનો દાખલો ત્રીજી ગાથામાં આપશે. સોય છે ને? સોય. એ દોરા વિનાની હોય તો ખોવાઈ જાય. હાથ ન આવે. પણ જો દોરો-સૂતર પરોવ્યો હોય (અને) ચકલી માળામાં લઈ ગઈ હોય તોપણ પેલો દોરો લટકતો દેખીને હાથ આવે. સોય ન્યાં છે. એમ પરમાત્મા કહે છે, ભાઈ! આ આત્મા શું છે? જડ શું છે? એવું જે ભગવાન શાસ્ત્રમાં કહે છે, એવો જેણે જ્ઞાનરૂપી દોરો આત્મામાં પરોવ્યો એને હવે જન્મ-મરણમાં રખડવાનું રહેશે નહિ. જ્યાં જશે ત્યાંથી નીકળી જશે. જ્ઞાનનો દોરો હાથમાં પકડ્યો છે. સમજાણું? એ સમ્યગ્જ્ઞાન વિના અનંતકાળથી શુભ-અશુભભાવો અનંતવાર કર્યા પણ એમાં કાંઈ જન્મ-મરણ મટ્યા નહિ. વાત એવી છે આ. એથી અહીંયા બીજા અધ્યાયમાં બીજી ગાથા આપણે લેવાની છે. પહેલામાં જરી આવ્યું હતું ને? પહેલી ગાથામાં. **'सुत्तत्थमग्गणत्थं, सवणा साहंति परमत्थं'**. પહેલી ગાથામાં થોડું આવ્યું હતું. મુનિઓ ધર્માત્મા ભગવાને કહેલા શાસ્ત્રો, એના રહસ્યોને શોધી, માર્ગણા હતું ને? ભાઈ! માર્ગણા (એટલે) ગોતવું. આહા..! ભગવાને પરમાત્માએ જે વાણી, ભગવાનની દિવ્યધ્વનિ ઇચ્છા વિના છૂટી. સર્વજ્ઞ થયા, વીતરાગ થયા ત્યારે વાણી નીકળી. વીતરાગ તો બારમે ગુણસ્થાને થાય અને કેવળજ્ઞાન તેરમે થાય. ત્યારે વાણી નીકળે. ૐ ધ્વનિ. ઇન્દ્રોની હાજરીમાં, ગણધરોની હાજરીમાં. કહે છે કે એ શાસ્ત્રો જે ગણધરોએ સાંભળ્યા અને ગણધરોએ રચ્યા... પહેલી ગાથામાં એ આવ્યું, ભાઈ! સૂત્ર રચ્યા. ભગવાનની વાણીમાં અર્થ આવ્યો અને ગણધરોએ સાંભળીને સૂત્ર ગૂંથ્યા. એ શાસ્ત્રની અંદર જે મુનિઓ રહસ્ય શોધે છે કે ઓહો..! શું કહે છે આ શાસ્ત્રમાં? એ રહસ્ય શોધે છે કે સૂત્રમાં કહેવું છે વીતરાગતા. સમજાણું

કાંઈ? એ આગમને વાંચી, શોધીને એમાંથી વીતરાગતા કાઢે છે.

જો તારે ધર્મ કરવો હોય તો રાગ, પુણ્ય-પાપની ઉપેક્ષા કર અને વીતરાગસ્વરૂપ આત્માની અપેક્ષા કરીને તેને સ્પર્શ. એવો ભાવ સૂત્રમાંથી કાઢે છે, ભાઈ! આહાહા..! સૂત્રમાં એ કહ્યું છે એમાંથી આ કાઢે છે. આ નીકાળવું જોઈએ. રાગની ક્રિયા નીકાળે તો એ ભગવાનની વાણીનું રહસ્ય એ છે જ નહિ. આહાહા..! શું થાય? જગત લૂંટાણું છે અનાદિથી. અરે...! જીવતા લૂંટાય છે.

ભગવાન આમ ચૈતન્યબિંબ પડ્યો છે ને આખો! કહે છે કે એને શાસ્ત્રમાંથી શોધ, રહસ્ય શોધ. પરમાત્માને તો વીતરાગતા કહેવી છે. કારણ કે એ થયા વીતરાગ અને થયા સર્વજ્ઞ. એથી તે અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરી અને સર્વજ્ઞ ને વીતરાગ થયા તો એની વાણીમાં સર્વજ્ઞ અને વીતરાગ થવાનું જ વાણીમાં આવ્યું છે. સમજાણું કાંઈ? પણ એને અંદર નિર્ણય કરવા (માટે) નિવૃત્તિ મળે નહિ, વખત મળે નહિ. અર..ર..ર...! મફતના પાપના પરિણામમાં કો'ક માટે-બાયડી, આ છોકરા, ધણી.. અરે..! તારા હતા કે દિ'? ક્યાંકથી રખડતા રખડતા આવ્યા છે. તું રખડતો અહીં આવ્યો. એમાં બહારથી દેખાય. એમાં તારા હતા કે દિ'? એક રજકણ પરમાણુ પણ તારો નથી ને. તારી ધારણા પ્રમાણે આ શરીર નહિ રહે. બદલી જાશે. કીડા પડે, ઇયળ પડે, જીવતા પડે. આહાહા..!

એક માણસનું કહ્યું હતું ને? ઘણા વર્ષ પહેલા 'વાવડી'માં ગયા હતા. શરીર એટલું સડી ગયેલું. સડી ગયું, હો! વીસાશ્રીમાળી હતા. 'ગોપાણી'. રાત્રે મરવાની તૈયારી. અમે એક દિ' ગયા હતા. બૈરાં એના દીકરાને કહે, ભાઈ! આને બાધા લેવાનું કહો. (તો કહે), અત્યારે નહિ, અત્યારે નહિ. કદાચ આમાંથી સાજો થાઉં તો વિષય (નહિ લઈ શકું). અર..ર..ર..! અરે..! ભગવાન! (જ્યાં) અમે ઉતર્યા હતાં ત્યાં રાત્રે સાંભળ્યું કે મરી ગયો. ન્યાં ગામમાં જ હતા. 'વાવડી' છે ને? અહીં 'રાણપુર' પાસે. 'રાણપુર' પાસે છે. 'ખસ' અને 'વાવડી'. ઘણા વર્ષની વાત છે. આહા..! શું પણ જીવની ક્યાં મમતા! નથી તેને મમ (-મારા માને છે), જે મારા નથી તેને મારા (માને છે) અને જે મારું છે એની ઉપર નજર નહિ. 'ભોગીલાલભાઈ'! બરાબર હશે? આહાહા..!

કહે છે કે સૂત્રમાં ભગવાને સંયોગ અને સંયોગી પુણ્ય-પાપના ભાવ, એની પરમાત્માએ ઉપેક્ષા કરાવી છે અને આત્મા આનંદસ્વરૂપ, એની અપેક્ષા કરાવી છે. સૂત્રનું તાત્પર્ય ઇ છે ને, ભાઈ! 'સેઠી'! આહા..! ભાઈ! તારા જન્મ-મરણના દુઃખો.. આહાહા..! કાલે સવારમાં કહ્યું હતું, નહિ? પેલો છોકરો મરી ગયો ને? નહિ? 'શાંતિભાઈ'. 'શાંતિભાઈ' નહિ? 'ભાવનગર'માં ઇજનેર હતા. 'શાંતિભાઈ'. રેલમાં કચરીને મરી ગયો. અઠ્યાવીસ વર્ષની ઉંમર. એમના ભાઈબંધ હતા. 'વજુભાઈ' ત્યાં ઇજનેર હતા ને? 'વજુભાઈ' ત્યાં ઇજનેર હતા. ઇ તો ગુજરી ગયા. એનો દીકરો હમણાં રેલમાં કચરાઈને મરી ગયો. અઠ્યાવીસ વર્ષનો. અરે...! શું કર્યું જીવે? ક્યાં જાવું છે? ક્યાંથી આવ્યો? કાંઈ વાત ન મળે.

મુમુક્ષુ :- એકનો એક દીકરો.

ઉત્તર :- હા, એકનો એક. ભાઈના ભાઈબંધ હતા ને? એનો બાપ 'વજુભાઈ'ના ભાઈબંધ હતા. એવા જન્મ-મરણ તો ભગવાન! અનંતવાર કર્યા, ભાઈ! તને એમ લાગે કે એને (થયા છે). એને નહિ, તને (પણ એવા થઈ ગયા છે). શું થાય? અનંતકાળનો પ્રવાહ, કેટલો કાળ ક્યાં ક્યાં ક્યાં રહ્યો? ને ક્યાં કઈ રીતે દેહ આવ્યો ને કઈ રીતે છૂટ્યો? એનો એણે વિચાર પણ કર્યો નથી.

કહે છે કે આવા અનંતા મરણ, ભાઈ! એવા કર્યા કે તારી માં રોવે એના આંસુના સ્વયંભુરમણ સમુદ્ર અનંતા ભરાય. એવા તેં મરણ કર્યા, બાપા! તને ખબર નથી. એ આત્મ સમ્યગ્દર્શન વિના. સમજાણું કાંઈ? 'ભોગીભાઈ'! અહીં તો આ છે, બાપા! સાધુ થયો બહારથી ક્રિયાકાંડ કરીને, પણ સમ્યગ્દર્શન વિના એનાથી જન્મ-મરણ મટે નહિ. કોઈ પુણ્ય બાંધે, સ્વર્ગમાં જાય, ન્યાંથી પાછો પડીને ઢોર થાય.

'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' ચાર સજ્ઝાયમાળા આવે છે. એમાં આ આવે છે. ચાર સજ્ઝાયમાળા આવે છે. દુકાન ઉપર વાંચતા. દુકાનનું યાદ રહી ગયેલું છે. (સંવત) ૧૯૬૫-૬૬ ની વાત છે. ચાર સજ્ઝાયમાળા છે. આપણે નથી? તમે નહિ જોઈ હોય. મેં તો બધી દુકાન ઉપર જોયેલી. સજ્ઝાયમાળા ચાર છે. બસ્સો-બસ્સો, ત્રણસો, ચારસો સજ્ઝાય એક એકમાં, એવી ચાર છે. આપણે છે. સજ્ઝાયમાળા નહિ જોઈ હોય કોઈ દિ'. 'ભોગીલાલભાઈ'! એમાં હજારો સજ્ઝાયો આવે છે. ચાર ચોપડી છે આપણે. સજ્ઝાયમાળા મેં તો દુકાન ઉપર જોયેલી. બધી, હોં! એકે એક. એમાં આ આવેલું. એ તે દિ'નું યાદ છે. (સંવત) ૧૯૬૫-૬૬ ની વાત છે. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' આત્માના સમ્યગ્દર્શન વિના એ રાગ અને પુણ્યથી ધર્મ થશે એમ માનીને એણે સંયમના ઇન્દ્રિયદમન કર્યા, બાયડી, છોકરા છોડ્યા, દીક્ષાઓ પાળી પણ એ સંયમ શુભભાવને લઈને સ્વર્ગમાં ગયો. ન્યાંથી પડ્યો. 'ફેર પીછો પટક્યો.' એ તે દિ'નું મગજમાં યાદ છે, હોં! અહીં ચાર સજ્ઝાયમાળા છે એમાં હશે. ચારે ચાર છે. અહીં 'વચ્છરાજભાઈ'માં છે ને? નહિ? ચારે ચોપડી છે. સજ્ઝાયમાળા. એક એકમાં સજ્ઝાયો ગોઠવી છે. ઘણી સજ્ઝાય. એક એકમાં બસ્સો-ત્રણસો-ચારસો-પાંચસો હશે. એવી ચાર ચોપડી છે.

'સહજાનંદી રે આત્મા...' એમાં એક ... છે. 'સૂતો કંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે, એ.. જાગ જાગ મતિવંત રે... લૂંટે જગતના જંત રે...' બાયડી કહે, શું કરવા પરણ્યા તમે? છોકરા કહે, શું કરવા અમે તમારા ઘરે આવ્યા છીએ? ... તમારાથી નહિ ખર્ચાય. આ લૂંટે જગતના (જીવો). ભિખારાની ટોળી થઈને... શું કહે છે? લૂંટારાની ટોળી ભેગી થઈને લૂંટે છે. એવો શાસ્ત્રમાં પાઠ છે. એ બધા લૂંટારાની ટોળી છે ઇ. 'ભોગીલાલભાઈ'! એ 'બકુભાઈ' ને બધા ઇ, હોં! મોટાનો દાખલો અપાય ને. એની અંદર આ શ્લોક છે, હોં! 'લૂંટે જગતના જંત રે, નાખી વાંક અનંત રે.. કોઈ વિરલા ઉગરંત રે.. સહજાનંદી રે આત્મા..કક

હે નાથ! તારામાં તો સહજ આનંદ પડ્યો છે ને, પ્રભુ! જ્યાં-ત્યાં આનંદ માનવા જા છો એ મિથ્યાત્વભાવ છે. મિથ્યાદષ્ટિપણું છે. એ બાયડીમાં, છોકરામાં, પૈસામાં, શરીરમાં, આબરૂમાં ને પુણ્ય ને પાપના ભાવમાં સુખ માન્યું છે. ઇ એમાં નથી ને માન્યું છે એનું નામ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? એવું ભગવાને શાસ્ત્રમાં કહ્યું છે. એને સંતોએ એમાંથી શોધી લીધું છે. આહાહા..! એ પહેલી ગાથામાં આવ્યું. હવે બીજી કહે છે.

**'ઇસ પ્રકાર સૂત્રકા અર્થ આચાર્યોંકી પરંપરાસે પ્રવર્તતા હૈ...'** બીજી ગાથાનો ઉપોદ્ઘાત છે. બીજી ગાથાનું મથાળું છે ને? **'આગે કહતે હૈં...ઇસ પ્રકાર સૂત્રકા અર્થ...'** આમાં હિન્દી છે. **'આચાર્યોંકી પરંપરાસે પ્રવર્તતા હૈ...'** ભગવાને જે વાણી કહી હતી, એ પરંપરા-આચાર્યની પરંપરાએ અત્યારે શાસ્ત્રો-ભગવાનના પરમાગમ ચાલ્યા આવે છે. સમજાણું કાંઈ? એને જાણી **'મોક્ષમાર્ગકો સાધતે હૈં...'** દેખો! એને જાણીને મોક્ષમાર્ગ (સાધે છે). કારણ કે એમાં મોક્ષમાર્ગ કહ્યો છે, ભાઈ! આહાહા..! ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, જિનેન્દ્રદેવ સો ઇન્દ્રના પૂજનીક પ્રભુ સમવસરણની મધ્યમાં વર્તમાનમાં તો મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' ભગવાન તીર્થંકરદેવ વિહરમાન જીવંતસ્વામી બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. એવા ભગવંતોએ જે વાણી કરી હતી, એની પરંપરાના સૂત્ર અત્યારે અહીં વર્તે છે. એને મોક્ષમાર્ગ સાધી, એને જાણી. ભગવાન શું કહે છે? હજી એના જ્ઞાનના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? શરીરની ક્રિયા થાય એમાંથી મને લાભ થાય. હવે આવી તો માન્યતા. આ તો જડ છે, અજીવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કસ કાઢી લે ને.

ઉત્તર :- કસ કોનો કાઢે? જડમાં કસ છે? ભગવાનઆત્માનો કસ તો અંદર સ્વભાવમાં છે. એ સ્વભાવમાં તો અનંત આનંદ, અનંત જ્ઞાન, શાંતિ, આનંદનો મહાપિંડ છે. એની ખબરું ન મળે, એના વિશ્વાસ ન મળે અને જ્યાં-ત્યાં આનંદ ને સુખ માની ભટકીને ચોર્યાશીના અવતાર ઘણા પૂરા કર્યા. ભાઈ! શાસ્ત્ર તો એમ કહે છે, ભગવાન! એમાંથી-અમે કહીએ એમાંથી તું મોક્ષમાર્ગ શોધી લે. સમજાણું કાંઈ? એ દયા, દાનના પરિણામ પણ મોક્ષમાર્ગ નહિ. એમ ભગવાન શાસ્ત્રમાં કહે છે. એ રાગથી રહિત આત્મા જે શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે, એમાં આ મોક્ષસ્વરૂપ છે, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અંતરના સ્વભાવમાં નિર્વિકલ્પતા પ્રગટ થવી એનું નામ ભગવાન સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિ-ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? એવું શાસ્ત્રમાં ગોતી લે. પરંપરાએ શાસ્ત્રમાં એમ કહ્યું છે, એમ કહે છે. ગાથા. એ **'સાધતે હૈં સો ભવ્ય હૈં.'** એમ લખ્યું છે ને? આવો મોક્ષમાર્ગ સાધે તે ભવ્યજીવ છે. બાકી બધા અભવી જેવા (છે). આહાહા..!

મુમુક્ષુ :- ભવ્યથી જ વાત કરી છે.

ઉત્તર :- ન્યાંથી કરી છે. આહાહા..!

आगे कहते हैं कि जो इस प्रकार सूत्रका अर्थ आचार्योंकी परम्परासे प्रवर्तता है उसको जानकर मोक्षमार्गको साधते हैं वे भव्य हैं :-

## ગાથા-૨

सुत्तम्मि जं सुदिट्ठं, आइरियपरंपूरेण मग्गेण।
णाऊण दुविह सुत्तं, वट्टदि सिवमग्ग जो भव्वो।।२।।

सूत्रे यत् सुदृष्ट आचार्यपरंपरेण मार्गेण।
ज्ञात्वा द्विविधं सूत्रं वर्तते शिवमार्गे यः भव्यः।।२।।

સૂત્રે સુદર્શિત જેહ, તે સુરિગણપરંપર માર્ગથી;
જાણી દ્વિધા, શિવપંથ વર્તે જીવ જે તે ભવ્ય છે. ૨.

अर्थ :- सर्वज्ञभाषित सूत्रमें जो कुछ भले प्रकार कहा है उसको आचार्यों की परम्परारूप मार्गसे दो प्रकारके सूत्रको शब्दमय और अर्थमय जानकर मोक्षमार्गमें प्रवर्तता है वर भव्यजीव है, मोक्ष पानेके योग्य है।

भावार्थ :- यहाँ कोई कहे - अरहंत द्वारा भाषित और गणधर देवोंसे गूंथा हुआ सूत्र तो द्वादशांगरूप है, वह तो इस कालमें दिखता नहीं है, तब परमार्थरूप मोक्षमार्ग कैसे सधे, इसका समाधान करनेके लिये यह गाथा है - अरहंत भाषित, गणधर रचित सूत्रमें जो उपदेश है उसको आचार्योंकी परम्परासे जानते हैं, उसको शब्द और अर्थके द्वारा जानकर जो मोक्षमार्गको साधता है वह मोक्ष होने योग्य भव्य है। यहाँ फिर कोई पूछे कि - आचार्योंकी परम्परा क्या है? अन्य ग्रन्थोंमें आचार्योंकी परम्परा निम्न प्रकारसे कही गई है :-

श्री वर्द्धमान तीर्थंकर सर्वज्ञ देवके पीछे तीन केवलज्ञानी हुए - १ गौतम, २ सुधर्म, ३ जम्बू। इनके पीछे पाँच श्रुतकेवली हुए; इनको द्वादशांग सूत्रका ज्ञान था, १ विष्णु, २ नंदिमित्र, ३ अपराजित, ४ गोवर्द्धन, ५ भद्रबाहु। इनके पीछे दस पूर्वके ज्ञाता ग्यारह हुए; १ विशाख, २ प्रौष्ठिल, ३ क्षत्रिय, ४ जयसेन, ५ नागसेन, ६ सिद्धार्थ, ७ धृतिषेण, ८ विजय, ९ बुद्धिल, १० गंगदेव, ११ धर्मसेन। इनके पीछे पाँच ग्यारह अङ्गोंके धारक हुए; १ नक्षत्र, २ जयपाल, ३ पांडु, ४ ध्रुवसेन, ५ कंस। इनके पीछे एक अङ्गके धारक चार हुए; १ सुभद्र २ यशोभद्र, ३ भद्रबाहु, ४. लोहाचार्य। इनके पीछे एक अङ्गके पूर्णज्ञानीकी तो व्युच्छित्ति (अभाव) हुई और अंगके एकदेश अर्थके ज्ञाता आचार्य हुए। इनमेंसे कुछके नाम ये हैं - अर्हद्बलि, माघनंदि, धरसेन, पुष्पदंत, भूतबलि, जिनचन्द्र, कुन्दकुन्द, उमास्वामी, समंतभद्र, शिवकोटी, शिवायन,

पूज्यपाद, वीरसेन, जिनसेन, नेमिचन्द्र इत्यादि।

इनके पीछे इनकी परिपाटीमें आचार्य हुए, इनसे अर्थका व्युच्छेद नहीं हुआ, ऐसी दिगम्बरोंके संप्रदायमें प्ररूपणा यथार्थ है। अन्य श्वेताम्बरादिक वर्द्धमान स्वामीसे परम्परा मिलाते हैं वह कल्पित है क्योंकि भद्रबाहु स्वामीके पीछे कई मुनि अवस्थासे भ्रष्ट हुए, ये अर्द्धफालक कहलाये। इनकी सम्प्रदायमें श्वेताम्बर हुए, इनमें 'देवर्द्धिगणी' नामका साधु इनकी संप्रदायमें हुआ है, इसने सूत्र बनाये हैं सो इनमें शिथिलाचारको पुष्ट करनेके लिये कल्पित कथा तथा कल्पित आचरणका कथन किया है वह प्रमाणभूत नहीं है। पंचमकालमें जैनाभासोंके शिथिलाचारकी अधिकता है सो युक्त है, इस कालमें सच्चे मोक्षमार्गकी विरलता है, इसलिये शिथिलाचारियोंके सच्चा मोक्षमार्ग कहाँसे हो - इस प्रकार जानना।

अब यहाँ कुछ द्वादशांगसूत्र तथा अङ्गबाह्यश्रुतका वर्णन लिखते हैं - तीर्थंकरके मुखसे उत्पन्न हुई सर्व भाषामय दिव्यध्वनिको सुन करके चार ज्ञान, सप्तऋद्धिके धारक गणधर देवोंने अक्षर पदमय सूत्ररचना की। सूत्र दो प्रकारके हैं - १ अंग, २ अङ्गबाह्य। इनके अपुनरुक्त अक्षरोंकी संख्या बीस अङ्क प्रमाण है। ये अङ्क एक घाटि इकट्ठी प्रमाण हैं। ये अङ्क - १८४४६७४४०७३७०९५५१६१५ इतने अक्षर हैं। इनके पद करें तब एक मध्यपदके अक्षर सोलहसौ चौंतीस करोड तियासी लाख सात हजार आठसौ अठ्यासी कहे हैं। इनका भाग देने पर एकसौ बारह करोड़ तियासी लाख अट्ठावन हजार पाँच इतने पावें, ये पद बारह अङ्गरूप सूत्रके पद हैं और अवशेष बीस अङ्कोंमें अक्षर रहे, ये अङ्गबाह्य सूत्र कहलाते हैं। ये आठ करोड एक लाख आठ हजार एकसौ पिचहत्तर अक्षर हैं, इन अक्षरोंमें चौदह प्रकीर्णकरूप सूत्र रचना है।

अब इन द्वादशांगरूप सूत्ररचनाके नाम और पद संख्या लिखते हैं - प्रथम अंग आचारांग है, इसमें मुनीश्वरोंके आचारका निरूपण है, इसके पद अठारह हजार हैं। दूसरा सूत्रकृत अंग है, इसमें ज्ञानका विनय आदिक अथवा धर्मक्रियामें स्वमत परमतकी क्रियाके विशेषका निरूपण है, इसके पद छत्तीस हजार हैं। तीसरा स्थान अंग है इसमें पदार्थोंके एक आदि स्थानोंका निरूपण है जैसे- जीव सामान्यरूपसे एक प्रकार विशेषरूपसे दो प्रकार, तीन प्रकार इत्यादि ऐसे स्थान कहे हैं, इसके पद बियालीस हजार हैं। चौथा समवाय अंग है, इसमें जिवादिक छह द्रव्योंका द्रव्य क्षेत्र कालादि द्वारा वर्णन है, इसके पद एक लाख चौसठ हजार हैं।

पाँचवाँ व्याख्याप्रज्ञप्ति अङ्ग है, इसमें जीवके अस्ति-नास्ति आदिक साठ हजार प्रश्न गणधरदेवोंने तीर्थंकरके निकट किये उनका वर्णन है, इसके पद दो लाख अट्ठाईस हजार हैं। छट्ठा ज्ञातृधर्मकथा नामका अङ्ग है, इसमें तीर्थंकरोंके धर्मकी कथा, जीवादिक पदार्थोंके स्वभावका वर्णन तथा गणधरके प्रश्नोंके उत्तरका वर्णन है, इसके पद पाँच लाख छप्पन हजार हैं। सातवाँ उपासकाध्ययन नामक अङ्ग है, इसमें ग्यारह प्रतिमा आदि श्रावकके आचारका वर्णन है, इसके पद ग्यारह लाख सत्तर हजार हैं। आठवाँ अन्तकृतदशांग नामका अंग है, इसमें

एक-एक तीर्थङ्करके कालमें दस-दस अन्तकृत केवली हुए उनका वर्णन है, इसके पद तेईस लाख अट्ठाईस हजार हैं।

नौंवाँ अनुत्तरोपपादक नामक अंग है, इसमें एक-एक तीर्थंकरके कालमें दस-दस महामुनि घोर उपसर्ग सहकर अनुत्तर विमानोंमें उत्पन्न हुए उनका वर्णन है, इसके पद बाणवै लाख चवालीस हजार हैं। दसवाँ प्रश्न व्याकरण नामक अंग है, इसमें अतीत अनागत काल सम्बन्धी शुभाशुभका प्रश्नकोई करे उसका उत्तर यथार्थ कहनेके उपायका वर्णन है तथा आक्षेपणी, विक्षेपणी, संवेदनी, निर्वेदनी इन चार कथाओंका भी इस अंगमें वर्णन है, इसके पद तिराणवे लाख सोलह हजार हैं। ग्यारहवाँ विपाकसूत्र नामक अंग है, इसमें कर्मके उदयका तीव्र, मंद अनुभागका द्रव्य, क्षेत्र, काल, भावकी अपेक्षा लिये हुए वर्णन है, इसके पद एक करोड़ चौरासी लाख हैं। इसप्रकार ग्यारह अंग हैं, इनके पदोंकी संख्याको जोड़ देने पर चार करोड़ पंद्रह लाख दो हजार पद होते है।

बारहवां दृष्टिवाद नामक अंग है, इसमें मिथ्यादर्शन सम्बन्धी तीनसो त्रेसठ कुवादोंका वर्णन है, इसके पद एकसौ आठ करोड अड़सठ लाख छप्पन हजार पाँच पद हैं। इस बारहवें अंगके पाँच अधिकार हैं - १ परिकर्म, २ सूत्र, ३ प्रथमानुयोग, ४ पूर्वगत, ५ चूलिका। परिकर्ममें गणितके करण सूत्र हैं; इसके पाँच भेद हैं - प्रथम चन्द्रप्रज्ञप्ति है, इसमें चन्द्रमाके गमनादिक, परिवार वृद्धि, हानि, ग्रह आदिका वर्णन है, इसके पद छत्तीस लाख पांच हजार हैं। दूसरा सूर्यप्रज्ञप्ति है, इसमें सूर्यकी ऋद्धि, परिवार, गमन आदिका वर्णन है, इसके पद पांच लाख तीन हजार हैं। तीसरा जम्बूद्वीप प्रज्ञप्ति है, इसमें जम्बूद्वीप संबंधी मेरु गिरि क्षेत्र कुलाचल आदिका वर्णन है, इसके पद तीन लाख पच्चीस हजार हैं। चौथा द्वीपसागर प्रज्ञप्ति है, इसमें द्वीपसागरका स्वरूप तथा वहाँ स्थित ज्योतिषी, व्यन्तर, भवनवासी देवोंके आवास तथा वहाँ स्थित जिनमन्दिरोंका वर्णन है, इसके पद बावन लाख छत्तीस हजार हैं। पाँचवाँ व्याख्याप्रज्ञप्ति है, इसमें जीव, अजीव पदार्थोंके प्रमाणका वर्णन है, इसके पद चौरासी लाख छत्तीस हजार हैं। इस प्रकार परिकर्मके पांच भेदोंके पद जोड़ने पर एक करोड़ इक्यासी लाख पांच हजार होते हैं।

बारहवें अंगका दूसरा भेद 'सूत्र' नामका है, इसमें मिथ्यादर्शन सम्बन्धी तीनसौ त्रेसठ कुवादोंका पूर्वपक्ष लेकर उनको जीव पदार्थ पर लगाने आदिका वर्णन है, इसके पद अठ्यासी लाख हैं। बारहवें अंगका तीसरा भेद 'प्रथमानुयोग' है, इसमें प्रथम जीवके उपदेश योग्य तीर्थंकर आदि त्रेसठ शलाका पुरुषोंका वर्णन है, इसके पद पाँच हजार हैं। बारहवें अंगका चौथा भेद 'पूर्वगत' है, इसके चौदह भेद हैं, प्रथम उत्पाद नामका है इसमें जीव आदि वस्तुओंके उत्पाद-व्यय-ध्रौव्य आदि अनेक धर्मोंकी अपेक्षा भेद वर्णन है, इसके पद एक करोड़ हैं। दूसरा अग्रायणी नामका पूर्व है, इसमें सातसौ सुनय दुर्नयका और षट्द्रव्य, सप्ततत्त्व, नव पदार्थोंका वर्णन है, इसके छियानवे लाख पद हैं।

तीसरा वीर्यानुवाद नामक पूर्व है, इसमें छहद्रव्योंकी शक्तिरूप वीर्यका वर्णन है, इसके पद सत्तर लाख हैं। चौथा अस्तिनास्तिप्रवाद नामका पूर्व है, इसमें जीवादिक वस्तुका स्वरूप द्रव्य, क्षेत्र, काल, भावकी अपेक्षा अस्ति, पररूप द्रव्य क्षेत्र काल भावकी अपेक्षा नास्ति आदि अनेक धर्मोंमें विधि निषेध करके सप्तभंगके द्वारा कथंचित् विरोध मेटनेरूप मुख्य गौण करके वर्णन है, इसके पद साठ लाख हैं। पाँचवाँ ज्ञानप्रवाद नामका पूर्व है, इसमें ज्ञानके भेदोंका स्वरूप, संख्या, विषय, फल आदिका वर्णन है, इसके पद एक कम करोड़ हैं। छठ्ठा सत्यप्रवाद नामका पूर्व है, इसमें सत्य, असत्य आदि वचनोंकी अनेक प्रकारकी प्रवृत्तिका वर्णन है, इसके पद एक करोड़ छह हैं। सातवाँ आत्मप्रवाद नामका पूर्व है, इसमें आत्मा (जीव) पदार्थके कर्ता, भोक्ता, आदि अनेक धर्मोंका निश्चय-व्यवहारनयकी अपेक्षा वर्णन है, इसके पद छब्बीस करोड़ हैं।

आठवां कर्मप्रवाद नामका पूर्व है, इसमें ज्ञानावरण आदि आठ कर्मोंके बंध, सत्व, उदय, उदीरणा आदिका तथा क्रियारूप कर्मोंका वर्णन है, इसके पद एक करोड़ अस्सी लाख हैं। नौवाँ प्रत्याख्यान नामका पूर्व है, इसमें पापके त्यागका अनेक प्रकारसे वर्णन है, इसके पद चौरासी लाख हैं। दसवाँ विद्यानुवाद नामका पूर्व है, इसमें सातसौ क्षुद्रविद्या और पांचसौ महाविद्याओंके स्वरूप, साधन, मंत्रादिक और सिद्ध हुए इनके फलका वर्णन है तथा अष्टांग निमित्तज्ञानका वर्णन है, इसके पद एक करोड़ दस लाख हैं। ग्यारहवाँ कल्याणवाद नामका पूर्व है, इसमें तीर्थंकर चक्रवर्ती आदिके गर्भ आदि कल्याणकका उत्सव तथा उसके कारण षोडश भावनादिके तपश्चरणादिक तथा चन्द्रमा सूर्यादिकके गमन विशेष आदिका वर्णन है, इसके पद छब्बीस करोड़ हैं।

बारहवां प्राणवाद नामका पूर्व है, इसमें आठ प्रकार वैद्यक तथा भूतादिककी व्याधिके दूर करनेके मंत्रादिक तथा विष दूर करनेके उपाय और स्वरोदय आदिका वर्णन है, इसके तेरह करोड़ पद हैं। तेरहवां क्रियाविशाल नामका पूर्व है, इसमें संगीतशास्त्र, छन्द, अलंकारादिक तथा चौसठ कला, गर्भाधानादि चौरासी क्रिया, सम्यग्दर्शन आदि एक सौ आठ क्रिया, देववंदनादि पच्चीस क्रिया, नित्य नैमित्तिक क्रिया इत्यादिका वर्णन है, इसके पद नव करोड़ हैं। चौदहवां त्रिलोकबिंदुसार नामका पूर्व है, इसमें तीनलोकका स्वरूप और बीजगणितका स्वरूप तथा मोक्षका स्वरूप तथा मोक्षकी कारणभूत क्रियाका स्वरूप इत्यादिका वर्णन है, इसके पद बारह करोड़ पचास लाख हैं। ऐसे चौदह पूर्व हैं, इनके सब पदोंका जोड़ पिच्याणवे करोड पचास लाख है।

बारहवें अंगका पाँचवाँ भेद चूलिका है, इसके पाँच भेद हैं, इनके पद दो करोड़ नव लाख नवासी हजार दो सौ हैं। इसके प्रथम भेद जलगता चूलिकामें जलका स्तंभन करना, जलमें गमन करना। अग्निगता चूलिकामें अग्नि स्तंभन करना, अग्निमें प्रवेश करना, अग्निका भक्षण करना इत्यादिके कारणभूत मंत्र-तंत्रादिकका प्ररूपण है, इसके पद दो करोड़ नव लाख नवासी हजार

दो सौ हैं। इतने इतने ही पद अन्य चार चूलिकाके जानने। दूसरा भेद स्थलगता चूलिका है, इसमें मेरु पर्वत भूमि इत्यादिमें प्रवेश करना, शीघ्र गमन करना इत्यादि क्रियाके कारण मंत्र तंत्र तपश्चरणादिकका प्ररूपण है।

तीसरा भेद मायागता चूलिका है, इसमें मायामयी इन्द्रजाल विक्रियाके कारणभूत मंत्र तंत्र तपश्चरणादिकका प्ररूपण है। चौथा भेद रूपगता चूलिका है, इसमें सिंह, हाथी, घोड़ा, बैल, हरिण इत्यादि अनेक प्रकारके रूप बना लेने के कारणभूत, मंत्र, तंत्र, तपश्चरण आदिका प्ररूपण है तथा चित्राम, काष्ठलेपादिकका लक्षण वर्णन है और धातु रसायनका निरूपण है। पाँचवाँ भेद आकाशगता चूलिका है, इसमें आकाशमें गमनादिकके कारणभूत मंत्र यंत्र तंत्रादिकका प्ररूपण है। ऐसे बारहवाँ अंग है। इस प्रकारसे बारह अंगसूत्र हैं।

अंगबाह्य श्रुतके चौदह प्रकीरणक हैं। प्रथम प्रकीर्णक सामायिक नामका है, इसमें नाम, स्थापना, द्रव्य, क्षेत्र, काल, भावके भेदसे छह प्रकार इत्यादि सामायिकका विशेषरूपसे वर्णन है। दूसरा चतुर्विंशतिस्तव नामका प्रकीर्णक है, इसमें चौबीस तीर्थंकरोंकी महिमाका वर्णन है। तीसरा वंदना नामका प्रकीर्णक है, इसमें एक तीर्थंकरके आश्रय वन्दना स्तुतिका वर्णन है। चौथा प्रतिक्रमण नामका प्रकीर्ण है, इसमें सात प्रकारके प्रतिक्रमणका वर्णन है। पाँचवा वैनयिक नामका प्रकीर्ण है, इसमें पांच प्रकारके विनयका वर्णन है। छठा कृतिकर्मके नामका प्रकीर्णक है, इसमें अरहंत आदिकी वंदनाकी क्रियाका वर्णन है। सातवाँ दशवैकालिक नामका प्रकीर्णक है, इसमें मुनिका आचार, आहारकी शुद्धता आदिका वर्णन है। आठवाँ उत्तराध्ययन नामका प्रकीर्णक है, इसमें परीषह उपसर्गको सहनेके विधानका वर्णन है।

नवमाँ कल्पव्यवहार नामका प्रकीर्णक है, इसमें मुनिके योग्य आचरण और अयोग्य सेवनके प्रायश्चितोंका वर्णन है। दसवाँ कल्पाकल्प नामक प्रकीर्णक है, इसमें मुनिको यह योग्य है यह अयोग्य है ऐसा द्रव्य, क्षेत्र, काल, भावकी अपेक्षा वर्णन है। ग्यारहवाँ महाकल्प नामका प्रकीर्णक है, इसमें जिनकल्पी मुनिके प्रतिमायोग, त्रिकालयोगका प्ररूपण है तथा स्थविरकल्पी मुनियोंकी प्रवृत्तिका वर्णन है। बारहवाँ पुण्डरीक नामका प्रकीर्णक है, इसमें चार प्रकारके देवोमें उत्पन्न होनेके कारणोंका वर्णन है। तेरहवाँ महापुण्डरीक नामका प्रकीर्णक है, इसमें इन्द्रादिक बड़ी ऋद्धिके धारक देवोमें उत्पन्न होनेके कारणोंका प्ररूपण है। चौदहवाँ निषिद्धिका नामका प्रकीर्णक है, इसमें अनेक प्रकारके दोषोंकी शुद्धताके निमित्त प्रायश्चित्तोंका प्ररूपण है, यह प्रायश्चित शास्त्र है, इसका नाम निसितिका भी है। इस प्रकार अंगबाह्य श्रुत चौदह प्रकारका है।

पूर्वोंकी उत्पत्ति पर्यायसमास ज्ञानसे लगाकर पूर्वज्ञानपर्यंत बीस भेद हैं इनका विशेष वर्णन, श्रुतज्ञानका वर्णन गोम्मटसार नामके ग्रन्थमें विस्तार पूर्वक है वहाँसे जानना।।२।।

## ગાથા-૨ ઉપર પ્રવચન

**सुत्तम्मि जं सुदिट्ठं, आइरियपरंपूरेण मग्गेण।**
**णाऊण दुविह सुत्तं, वट्टदि सिवमग्ग जो भव्वो।।२।।**

ભવ્યજીવ આવા હોય, કહે છે. આહાહા..!

**અર્થ :- 'સર્વજ્ઞભાષિત સૂત્રમેં...'** આમાં હિન્દી છે. જો **'સર્વજ્ઞભાષિત...'** પરમાત્મા સર્વજ્ઞના મુખથી જે વાણી નીકળી તેમાં **'જો કુછ ભલે પ્રકાર કહા હૈ...'** એમાં જે કંઈ ભલા પ્રકારે (અર્થાત્) યથાર્થ વીતરાગતાની વાત એમાં કરી છે. સમજાણું કાંઈ? **'ઉસકો આચાર્યોંકી પરમ્પરારૂપ માર્ગસે...'** ભગવાન તો અત્યારે રહ્યા નથી અને એની વાણી પણ અત્યારે તો સીધી (મળતી નથી) પણ ભગવાને કહેલી વાણી મુનિઓએ, સંતોએ અનુભવી અને પછી વાણી કરી છે એ પરંપરા આચાર્યોથી ઠેઠ વીતરાગથી ચાલી આવી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સર્વજ્ઞભાષિત સૂત્રમેં જો કુછ...'** **'सुदिट्ठं'** છે ને? ભાઈ! એમાં. **'सुत्तम्मि जं सुदिट्ठं'** ભલે પ્રકારે જે એમાં કહ્યું છે એને જાણીને. **'સૂત્રકો શબ્દમય ઔર અર્થમય જાનકર...'** શાસ્ત્રમાં જે શબ્દો કહ્યા એને બરાબર જાણવા અને શબ્દમાં અર્થ શું કહેવો છે એને પણ જાણવા. અહીં આગમના શાસ્ત્રના પરંપરા વીતરાગમાર્ગ અંદર શું છે એને શાસ્ત્ર કહે છે, એના જ્ઞાન ન મળે અને ઉપરટપકે આ ક્રિયા કરો ને આ કરો ને આ કરો.. મરી ગયો એવું કરી કરીને, સાંભળને! 'સેઠી'! આહાહા..! કહે છે, સૂત્રનો શબ્દ અને એનો અર્થ. જે ભગવાનને કહેવો છે એવો અર્થ. એમ. એવો જાણી એને બરાબર જાણી, કે ભગવાનને તો શાસ્ત્રમાં ઇ કહેવું છે કે તારું નિજ પદ આનંદસ્વરૂપ છે. એની અંદર અનુભવ કરીને શ્રદ્ધા કર. એનું જ્ઞાન કર. અમે જે કહીએ છીએ એ જ્ઞાનમાં તારું જ્ઞાન કરવાનું કહીએ છીએ, એમ કહે છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યહીરલો અંદર પડ્યો છે મોટો, જેની કિંમતું વીતરાગ વાણીમાં પણ પૂરી આવી શકે નહિ. વાણી જડ, એ ચૈતન્યહીરો અરૂપી આનંદકંદ. વાણી જડ એનો દુશ્મન. દુશ્મન દ્વારા એની વાતું કરવી. 'ભોગીલાલભાઈ'! આહા..! આ તો જડ વાણી છે. પેલો ચૈતન્યહીરો છે અંદર. મહાપ્રભુ પૂર્ણાનંદનો નાથ સહજાત્મ આનંદસ્વરૂપ છે.

કહે છે કે એણે શાસ્ત્રમાં જે વાણીમાં કહ્યું એનો અર્થ સમજીને બરાબર જાણ કે ભગવાનને શું કહેવું છે. ભાઈ! ભગવાનને તો રાગ અને અજ્ઞાનનો અભાવ કરાવવો છે અને વીતરાગ અને સર્વજ્ઞની પ્રાપ્તિ કરાવવી છે. સમજાણું કાંઈ? એવું જાણી **'મોક્ષમાર્ગમેં પ્રવર્તતા હૈ...'** છે ને પાઠમાં? **'सिवमग्ग' 'वट्टइ सिवमग्ग'**. અહીં કહેવું છે શું? કે સૂત્રના અર્થમાં શિવમાર્ગ-મોક્ષનો માર્ગ કહ્યો છે. શિવ એટલે મોક્ષ. શિવ એટલે પેલા શંકર-શિવ નહિ, હોં! નમોત્થુણંમાં નથી આવતું? 'સિવમલયમરુ'. નમોત્થુણંમાં આવે છે. 'ભોગીલાલભાઈ'! પણ નમોત્થુણં નહિ આવડતું હોય. 'નમોત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયહાણં, સયંસંબુદ્ધિાણં,..' છેલ્લે આવે છે,

'સિવમલયમરુયમણંતમ' એ નમસ્કાર છે. 'સિવમ અયલં અચલં' શિવ એટલે નિરૂપદ્રવી કલ્યાણસ્વરૂપ. ઇ શિવ, હોં! આ શંકર-બંકર એ શિવ નહિ. નમોત્થુણંમાં આવે છે. પણ અર્થની ખબર ન મળે, ભાવની ખબર ન મળે. આ તો ઓઘેઓઘે ગાડા હાલ્યે જાય. આહાહા..! અરે..! ભાઈ! સાચા જ્ઞાન કર્યા વિના તારા નિવેડા નહિ આવે, ભાઈ! સમજાય છે? સંસારમાં પણ જાણે છે ને વાતને? ત્યારે એને કોઈ પૂછે ને પૂછવા આવે ને? કે અજાણને પૂછવા જાતા હશે? એમ તું કોણ છો? ભગવાન શું કહે છે?

નવ તત્ત્વ જાત જુદી છે. જડ જુદું, પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે, ભગવાન આસ્રવ અને અજીવતત્ત્વ વિનાની ચીજ છે. એવું જે ભગવાને કહ્યું છે એને બરાબર જાણી અને મોક્ષમાર્ગ વિષે પ્રવર્તે. એટલે ખરેખર ભગવાને શાસ્ત્રમાં મોક્ષનો માર્ગ કહ્યો છે એમ જાણીને એમાં પ્રવર્ત, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગાદિ હોય, પણ ભગવાને એને જાણવાનું કહ્યું છે, આદરવાનું કહ્યું નથી. વીતરાગમાર્ગ છે આ તો, સર્વજ્ઞ પરમેશ્વરનો. એ આ સિવાય બીજે ક્યાંય છે નહિ. બાપુ! આ તો અપૂર્વ માર્ગ છે.

કહે છે કે શિવમાર્ગ. છે ને? **'सिवमग्ग जो भव्वो'**. **'णाउण दुविह सुत्तं, वट्टइ सिवमग्ग'**. એ શિવ-મોક્ષના માર્ગમાં વર્તે છે તો મોક્ષનો માર્ગ તો ઇ (છે). શરીર, વાણી, મનની ક્રિયા તો જડની (છે), એની સામું ન જો. એ તત્ત્વ તારા તત્ત્વનું તત્ત્વ નથી, એ તો જડનું તત્ત્વ છે. અને તારામાં પુણ્ય અને પાપના ભાવ થાય એ તો આસ્રવતત્ત્વ છે. ભાવ બંધસ્વરૂપ છે, દ્રવ્યબંધનું કારણ છે, એ તત્ત્વ પણ તારું નથી. એમ ભગવાનના શાસ્ત્રમાં એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? 'ચીમનભાઈ'! આ બહારમાં કાંઈ ધૂળેય નથી, એમ કહે છે. આ પૈસા મળ્યા, દસ લાખ, વીસ લાખ કે આબરૂ મળી. ધૂળમાં ગરી ગયો છે, સાંભળ ને! ક્યાં એ ચીજ તારી હતી? તારી છે ત્યાં જોવું નથી અને નથી ત્યાં મારા માનવા. મિથ્યા ભ્રમમાં પડ્યો છો, કહે છે. 'ભોગીલાલભાઈ'! વાત તો આ હોય, બીજી શી હોય? આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા જે પદને પામ્યા તે પદ પામવાની વ્યાખ્યા કરે કે સંસારપદ આવું છે, એને જણાવે. પણ સંસારનું પદ, રાગાદિનું પદ એ આદરવા લાયક છે એમ ભગવાન ક્યાં કહે છે? તો એમણે કેમ (રાગને) છોડ્યો? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે **'આચાર્યોંકી પરંપરારૂપ માર્ગસે દો પ્રકારે સૂત્રકો શબ્દમય ઔર અર્થમય જાનકર...'** અરે! રાજકુમારો આઠ-આઠ વર્ષના ભગવાનના વખતમાં અને પાછળ પણ સાંભળીને આમ... આહાહા..! આ માર્ગ. અને આત્માના અંતરમાં અનુભવ થયો. પછી વૈરાગ્ય થઈને જ્યારે સ્વરૂપમાં રમવા મથે છે ત્યારે દીક્ષા માટે માતા-પિતા પાસે કહે છે, માતા! અમારા નિજપદનો અમને અનુભવ છે. ભાઈ! ચરણાનુયોગ (અધિકારમાં) આવે છે ને? 'પ્રવચનસાર'માં. અમારી જ્ઞાનાનુભૂતિ અમારા આનંદની અનુભૂતિ અમને પ્રગટી છે. મા! હવે રજા આપ. અમે વનમાં જશું. અમને ક્યાંય ચેન પડતું નથી. અમને ક્યાંય ચેન પડતું નથી, બા! તારે એક વાર રોવું હોય તો રોઈ લે પણ ફરીને અમે મા ન કરીએ. એવા અવતાર નહિ કરીએ એવા ભાવમાં જઈએ છીએ. 'ભોગીલાલભાઈ'! આમ જેને હેઠે મણિ-રત્નની લાદીઓ હતી. સમજાણું કાંઈ? જેના મણિ-રત્નના

બંગલા! અરે! એ તો ધૂળ છે, ભાઈ! એ ધૂળમાં મારાપણું માનીને તારું તારાપણું છૂટી ગયું. આહાહા..!

અરે! હું તો જ્ઞાન અને આનંદનો સ્વભાવવાળો છું ને! મારી શાંતિ અને આનંદ ક્યાં હોય? શુભભાવ થાય એમાં પણ મારી શાંતિ અને આનંદ નથી તો પછી આ બાયડી, છોકરામાં ધૂળધમાહા, ચક્રવર્તીના રાજ બધા રાખના પિંડલા છે. આહાહા..! એવી દૃષ્ટિ પહેલી થવી જોઈએ. આહા..! આવી દૃષ્ટિની ખબર ન મળે. સમ્યગ્દર્શન શું? એની ઉત્પત્તિ કેમ થાય એની ખબર ન મળે અને ધર્મ થાય. બાપા! (એમ) ધર્મ ન થાય, ભાઈ! જીવ છેતરાઈ જાય છે, હોં! અનંતકાળથી છેતરાણો છે. કાંઈક કાંઈક અમુક થયું ને, વ્રત ને તપ ને ભક્તિ ને દયાના વિકલ્પ (થયા). એ વિકલ્પ તો પર તરફના લક્ષવાળી વૃત્તિ છે. આપણે ધર્મ કર્યો. છેતરાઈ ગયો, ભાઈ! એના ભવને હારી ગયો છે ઇ. અ.હા..! 'જાદવજીભાઈ'!

જા ભાઈ! પછી માતા કહે છે, બેટા! જા ભાઈ! તારા કામ કર, બાપુ! અમને પણ આ માર્ગ હજો, હોં! એમ કહે પાછી. અમારે સુખનો માર્ગ તો આ છે. આહાહા..! આત્માનો અનુભવ એવું સમ્યગ્દર્શન એ સુખનો માર્ગ અને પછી સ્વરૂપમાં રમણતા એવું ચારિત્ર એ સુખનો ઉગ્ર માર્ગ. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મીને આત્માના આનંદ સિવાય ક્યાંય મજા અને ક્યાંય ચેન પડતી ન હોય. ચક્રવર્તીના રાજ હોય તોપણ એ રાખના પિંડલા જાણે છે. ધૂળના (છે), બાપા! એ આનંદનો સાગર તો આત્મા છે, ભાઈ! એમાંથી થોડા આનંદને પી લે ને! એ આનંદને પીધા વિના, એ સુધારસના સ્વાદ વિના તને સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા..! શાંતરસ! સમજાણું કાંઈ?

'શ્રેણિકરાજા'. જુઓ પહેલા સાધુની અશાતના કરી હતી. ૩૩ સાગરનું આયુષ્ય બંધાણું હતું. સાતમી નરકનું ૩૩ સાગરનું. પણ મુનિના જોગે આત્મજ્ઞાન સમકિત પામ્યા. ઓ..હો...! આ આત્મા તો રાગની ક્રિયાથી પાર જુદો છે. એમ જ્યાં ચૈતન્યના ભાન થઈને સમકિત પામ્યા, ભગવાન કહે છે જે ૩૩ સાગરનું આયુષ્ય બાંધ્યું હતું એ ૮૪ હજાર વર્ષનું થઈ ગયું. 'ભોગીલાલભાઈ'! 'શ્રેણિક' રાજા. અત્યારે નરકમાં છે, પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થવાના છે. જેવા અહીંયા 'મહાવીર' ભગવાન તીર્થંકર હતા એવા એ ત્યાગ, વૈરાગ્ય, ચારિત્ર, સંયમ નહોતું પણ સમ્યગ્દર્શન (છે). આજે લોકોને સમ્યગ્દર્શન શું અને એની કિંમત શું એની ખબર ન મળે. આ બહારની પ્રવૃત્તિ આ કરી ને આ કરી ને આ કરી. એ તો ધૂળની, સાંભળને હવે. આહાહા..! એ 'શ્રેણિક' રાજા મુનિ પાસે આત્મજ્ઞાન પામ્યા. ઓહો..! એમની રાણી 'ચેલણા'નું નિમિત્ત હતું. રાણી ધર્મ પામેલા અને પછી ત્યાં ગયા. કહે છે, મને અહીં ક્યાંય ચેન પડતું નથી, રાજા! મને અહીંયા જિનમંદિરો ભગવાનના દર્શનનો વિરહ છે. અહીં હું ક્યાંય જિનમંદિર દેખતી નથી. તમે બૌદ્ધ ધર્મી છો. એ તો બૌદ્ધ ધર્મી હતા ને. 'ચેલણા' સમકિતી હતી. જ્ઞાની, આત્માનુભવી (હતા). હો, રાણી સંસારી તો શું છે? સમજાણું કાંઈ? એને આનંદનો સ્વાદ આવ્યો હતો અને જ્ઞાનની, ચૈતન્યની મૂર્તિ છું એવું જ્ઞેય કરીને ભાન કર્યું હતું. રાજાને સમજાવ્યો. મહારાજા! એ વીતરાગનો માર્ગ જુદો છે, તમે માનો છો એ નહિ, હોં! સમજાણું? પછી

મુનિ પાસે આવે છે ને. મુનિને સર્પ નાખ્યો. મુનિ ધ્યાનમાં (હતા). નગ્ન મુનિ દિગંબર આત્માના આનંદમાં (મસ્ત હતા). બૌદ્ધને માનતો હતો. મરેલો સર્પ હતો એને ડોકમાં નાખ્યો. કરોડો કીડીઓ (ચડી ગઈ). ઘરે આવીને વાત કરે છે, તારો મુનિ છે એને મેં સર્પ નાખ્યો છે. કાઢી નાખ્યો હશે. ('ચેલણારાણી' કહે છે), અરે..! રાજન્! અમારા મુનિ સંત આનંદમાં ઝુલનારા, એને ઉપસર્ગ આવે ઇ ન કાઢે. ચાલ ત્યારે જોઈએ. રાણીને કહે છે, ચાલ. ત્યાં મુનિ તો આનંદમાં.. આનંદમાં (હતા). શરીરની રજકણોની ક્રિયા એ પર છે. રોગ કોને? રોગ અને અરોગ એ તો જડની દશા છે. મારા અસ્તિત્વમાં એ છે જ નહિ. એવા અંતર આનંદમાં અંતરમાં રમણ કરતા હતા. લ્યો, રાજન્! કરોડો કીડીઓ હતી. ઓ..હો...! આવો મુનિમાર્ગ! આવા સંતો તારા જૈનદર્શનના!! અંતર આનંદમાં-અતીન્દ્રિય આનંદમાં જ્યાં ક્લેશનો કણ નથી. સમજાણું કાંઈ? જેને શરીરના રોગનું અસ્તિત્વ એ રોગ મારામાં નથી, એ તો જડની અવસ્થા છે. એ મને દુઃખ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ સમકિત પામ્યા.

૩૩ સાગર કોને કહે? એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. અને એક પલ્યોપમમાં અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. વીતરાગની વાણી ભાઈ! મહાન છે. સર્વજ્ઞ જોયું એ વાત છે આ તો. ૩૩ સાગરની સ્થિતિ હતી. કાપી નાખી. ૮૪ હજાર રહી ગઈ, સમકિત પામ્યા એટલે. જાવું પડ્યું. લાડવો હોય છે ને? લાડવો વાળ્યો હોય પછી એમાંથી વધારે ન ખાય એટલે સૂકાય. પણ એ લાડવો ખાધે છૂટકો. એમાંથી ઘી કાઢીને પૂરી તળાય, લોટ કાઢીને રોટલી થાય એમ ન થાય. એમ જે આયુષ્ય એક વાર બંધાણું (એ) ઓછું થાય પણ એ આયુષ્ય તૂટીને અભાવ થઈ જાય એમ ન બને.

આયુષ્ય બંધાઈ ગયેલું પછી સમકિત પામ્યા. સ્થિતિ ઘટાડી, અભાવ ન કરી શકે. અત્યારે નરકમાં ગયા છે. પણ ક્ષાયિક સમકિત છે, અત્યારે તીર્થંકર ગોત્ર ત્યાં બાંધે છે. અહીંથી બાંધતા બાંધતા ગયા છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિ પૂરી થશે. એ સમ્યગ્દર્શનના માહાત્મ્ય છે. સમજાણું કાંઈ? તીર્થંકર ત્રણલોકના નાથ માતાના પેટમાં આવશે ત્યાં છ મહિના ઇન્દ્રો આવીને સેવા કરશે. નથી સંયમ, નથી ચારિત્ર, કાંઈ નહોતું. એ... 'મણિભાઈ'! આહાહા..! બાપુ! જેને સમકિત કહીએ એની ખબરેય ન મળે. આહા..! એ બહારના સંયમ ને ત્યાગ બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..! પાણી વિનાનું સરોવર, પતિ વિનાની નારી, રાજા વિનાની પ્રજા એમ સમકિત વિનાની એ બધી કળાઓ જૂઠી છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે સૂત્રમાંથી ગોતીને તું આ કાઢજે. '**સૂત્રકો શબ્દમય ઔર અર્થમય જાનકર મોક્ષમાર્ગમેં પ્રવર્તતા હૈ વહ ભવ્યજીવ હૈ, મોક્ષ પાનેકે યોગ્ય હૈ.**' આવું જેને શાસ્ત્રમાં કહ્યું એવું સમ્યગ્જ્ઞાન, આત્મજ્ઞાન થાય એ અલ્પકાળમાં કેવળજ્ઞાનને પામીને મોક્ષ જશે. ભલે ચારિત્ર ન આવ્યું હોય. ચારિત્ર તો અલૌકિક વાત! ચારિત્ર એટલે ઓહોહો..! બહારની ક્રિયા કાંઈ ચારિત્ર નથી. સમ્યગ્દર્શનમાં અંતર આનંદનું ભાન થયું છે એ અતીન્દ્રિય આનંદમાં ઘુસીને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઉગ્રતા આવી જાવી એનું નામ ચારિત્ર છે. આહાહા..! શું થાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યાખ્યા બધી જુદી.

ઉત્તર :- બીજી બધી વ્યાખ્યા જુદી છે. 'ચંદુભાઈ' કહેતા હતા ને? 'ચંદુભાઈ' હતા ને? 'શિહોર'ના. 'ગોંડલ'માં રેવન્યુ અધિકારી હતા. વિદ્યા અધિકારી હતા. પટેલ હતા ને? 'ચંદુભાઈ પટેલ'ને કોઈ દિ' મળ્યા નથી? 'ચંદુભાઈ પટેલ' 'ગોંડલ' રાજાના માનીતા. ત્યાં મોટા બંગલા આપ્યા છે. ત્યાં ઉતર્યા હતા. એના ભાઈ અહીંયાં 'ભાવનગર' રહે છે. 'જયંતિલાલ પટેલ'. 'જયંતિલાલ પટેલ' 'ભાવનગર' રહે છે. એનો ભાઈ. બહુમાન હતું. દરબાર પાસે–'ભગવતસિંહ' પાસે. ઇ 'ચંદુભાઈ' સાંભળે, ઘણી વાર વ્યાખ્યાનમાં આવે. એટલે કહે, આ તો શબ્દોની વ્યાખ્યા ફરે છે. દરબાર પાસે જાય ત્યારે દરબાર પાસે વાત કરે કે મહારાજ આમ કહેતા હતા. આ તો બધો અર્થ જ જુદી જાતનો કરે છે. ત્યારે કહે, એ શબ્દ આપણા શબ્દકોષમાં નાખજો, દરબાર કહે 'ભગવતસિંહ'. શબ્દકોષ કર્યો છે આટલો મોટો. છે અહીં. પણ અહીંના શબ્દો નાખ્યા છે. નિધ્ધત કર્મ કોને કહેવું, નિકાચિત કોને કહેવું ને સમ્યગ્દર્શન કોને કહેવું. બધી વ્યાખ્યા થઈ. આ તો બધી વ્યાખ્યા ફરે છે. કીધું, આ શબ્દકોષ જ જુદી જાતનો છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, '**વહ ભવ્ય જીવ હૈ, મોક્ષ પાનેકે યોગ્ય હૈ.**' આહા..! જેણે આગમ-સર્વજ્ઞ પરમાત્માના શાસ્ત્રો, એમાં અંદર કહેલું આત્માનું સ્વરૂપ, એનું જેણે જ્ઞાન કર્યું છે, અલ્પકાળમાં ભવ્ય થઈને, એ ભવ્ય જીવ છે, શિવ પામશે. ભલે કહે છે ચારિત્ર ન હો, સમજાય છે? વીતરાગતા પૂર્ણ પ્રગટી ન હો પણ સમ્યગ્દર્શન ને જ્ઞાન સાચું થયું છે (એ) હાથમાં આવ્યું છે, દોરડું હાથમાં આવ્યું. કૂવામાં ડોલ અને પાણી બધું પડ્યું હોય અને દોરડું પણ અંદર ગયું હોય. પણ ગાંઠ હાથમાં રાખી હોય તો (બધું ખેંચી લે).

એમ સમ્યગ્દર્શન એક મહાગાંઠ છે અંદર. આત્મા એ ભવજળમાં જાય નહિ પછી. સમજાણું કાંઈ? આહાહા..! એ ભવ્ય જીવ મોક્ષ પામવા યોગ્ય છે, એમ લખ્યું ને? આહા..! શિવમાર્ગમાં વર્તે તે શિવ થાય. શિવ એટલે મોક્ષ. શિવ એટલે આ શંકર નહિ, હોં! આ તો વીતરાગ. શિવ એટલે કલ્યાણ પદ. નિરૂપદ્રવ કલ્યાણ પદ એ મોક્ષ છે. સિદ્ધપદ, એનો માર્ગ તે શિવનો માર્ગ એટલે મોક્ષનો માર્ગ. એ માર્ગ એટલે સૂત્રમાં જે કહ્યો, રાગ ને વિકલ્પ ને નિમિત્તથી પાર ભગવાનઆત્માનો અંતર દૃષ્ટિ ને અનુભવ ને એમાં સ્થિરતા (થવા) એ મોક્ષનો માર્ગ છે. ભારે કામ, ભાઈ! અપૂર્વ વાત તો એવી હોય ને, બાપુ! પૂર્વે અનંતવાર કર્યું એ જાતનું હોય તો એ કાંઈ અપૂર્વ નથી. શું થાય પણ?

એવો ભમાવ્યો છે ને કાળ. મરતા બધા જોશે, હોં! કંઠ પકડાશે, અવાજ નહિ નીકળે, જુઓ! આ બધું કર્યું ને તમે કાંઈ મદદ નહિ કરો? તારે માટે આ બધા પાપ કર્યા. કર્યા હતા તો એણે પોતા માટે, હોં! આ બધા પૈસા ભેગા કર્યા, શરીરને પોષ્યા, હાડકાને પોષ્યા, નવરાવ્યા, આ કર્યા ને... ઓહો..! પણ ઇ ક્યાં એનું હતું. જુઓ! ભાઈ!

મુમુક્ષુ :- હવે જુઓ એમ કહે.

ઉત્તર :- હવે જુઓ, કહે. પહેલું થોડું ઘણું ચડાવ્યું. ઇંજેક્શન (આપે). હવે નહિ રહે, એમ કહે.

'ભોગીલાલભાઈ'! આવા ડાહ્યા માણસ ન્યાં ગયા હોય ને. હવે બહુ કરવું રહેવા દ્યો. કારણ કે એમ બોલે નહિ કે .. જશે. હવે બહુ રહેવા દ્યો. એટલે શું? કે જુઓ! હમણાં કલાક, બે કલાકમાં પતી જશે. આહા..! તારું કોઈ નહિ? હતું કે દિ' પણ તારું તે હોય ત્યાં. આ તારો સગો નહિ, એમ આપણે કહે છે ને? એનો અર્થ શું? તારો હાલ્યો નહિ હલે. આહાહા..! બાપા! તારી બીજી ચીજ તો ક્યાંય રહી ગઈ. એ તો રજકણની ક્રિયા છે, આ તો પરમાણુની માટીની છે. અહીંથી અહીં સુધી આવે એ જડની ક્રિયા છે. એ જે દિ' અટકશે અને નાભિથી ઊભો જરી દોરાવા છૂટશે (તો) હેઠે નહિ મૂકી શક. કારણ કે એ ક્રિયા તારી નથી. તું ચૈતન્ય છો, એ જડ છે. બરાબર છે? એ... 'ભોગીલાલભાઈ'! આ બરાબર છે કે નહિ? ઘણા જોવા જાય. ઘરના ડાહ્યા (હોય એને) બોલાવો જોવા માટે. આહાહા..!

કહે છે કે, અરે! શ્વાસના પરમાણુઓ પણ જડની અજીવના દશા (છે). બાપુ! તારા શ્વાસ લેવામાં તું લઈ નહિ શકે. એ તો પર છે. તારું શું તેં કર્યું એમાં? સમજાય છે કાંઈ? આહાહા..! એ શ્વાસની ક્રિયાથી પાર આત્મા ભિન્ન છે અને એના તરફના લક્ષથી પરલક્ષથી પુણ્ય-પાપના વિકલ્પો, રાગ થાય એનાથી ભગવાન ભિન્ન છે. અરે..રે...! એની ખબરેય ન મળે. સાંભળવા મળે નહિ, ઇ પ્રયોગ કે દિ' કરે? અને એ માને કે દિ'?

મુમુક્ષુ :- સાંભળ્યું જ ન હોય તો.

ઉત્તર :- સાંભળ્યું ન હોય એ કે દિ' વિચારે? જીવન એમ ને એમ જાય છે. દુનિયા બહારથી મનાવી લે છે ને એમાં એને સંતોષ થઈ જાય છે કે આપણે કાંઈક છીએ, હોં! આમ મોઢા આગળની શેઠાઈ થઈ ગઈ હોય. કાં પૈસા થયા ને પાંચ-પચાસ હજાર વાપર્યા હોય. ધૂળમાં પણ નથી. તારા લાખ ખર્ચ તો એમાં ધર્મ નથી. એ તો જડ છે. અને જડ મેં ખર્ચ્યા એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. અજીવ તો જગતનું તત્ત્વ છે. એ અજીવતત્ત્વને મેં વાપર્યા તો અજીવનો સ્વામી થાય છે. મિથ્યાત્વ છે. (કેમકે) અજીવને જીવ માને છે.

મુમુક્ષુ :- અજીવને જીવ માને તો મિથ્યાત્વ?

ઉત્તર :- શું હશે? પચ્ચીસ મિથ્યાત્વમાં નથી આવતું? દસ દિ' તો પાળે છે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, કુમાર્ગને માર્ગ માને તો મિથ્યાત્વ, અધર્મને ધર્મ માને તો મિથ્યાત્વ, ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ. પણ ક્યાં વિચારવું છે? એ તો ગાડા એમ ને એમ હાંકે રાખે. 'જાદવજીભાઈ'!

મુમુક્ષુ :- એમ ને એમ ચાલતું હોય એમ ચાલે ને.

ઉત્તર :- ચાલે છે. નથી ચાલતું? ચાલે છે સંસાર. અરે! ભાઈ! એમાં નવું શું છે? ભાઈ! તને તારા ચૈતન્યના આનંદના પ્રેમ ન જાગ્યા અને જગતના રાગાદિ અને શ્વાસ આદિનો પ્રેમ જેને રહી ગયો, રુચિનો પ્રેમ, હોં! આસક્તિની જુદી વાત. પણ એ મારા છે અને મને મદદ કરે છે, મારા છે એ મિથ્યાત્વભાવ છે, ભાઈ! જેને પરમેશ્વર મિથ્યાદર્શન શલ્ય કહે છે. આહાહા..! એક સૂક્ષ્મ શલ્ય પણ અંદર જીવની શાંતિને હણી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'યહાં કોઈ કહે-અરહંત દ્વારા ભાષિત ઔર ગણધર દેવોંસે ગૂંથા હુઆ સૂત્ર તો દ્વાદશાંગરૂપ હૈ,...'** એ તો બાર અંગ છે. **'વહ તો ઇસ કાલમેં દિખતા નહીં હૈ,...'** ભગવાને જે બાર

અંગ કહ્યા એ બાર અંગ તો અત્યારે છે નહિ. ત્યારે હવે કોનો અમારે આશ્રય લેવો? **'ઇસ કાલમેં દિખતા નહીં હૈ, તબ પરમાર્થરૂપ મોક્ષમાર્ગ કૈસે સધૈ? ઇસકા સમાધાન કરનેકે લિયે યહ ગાથા હૈ.'**

**'અરહંત ભાષિત ગણધર રચિત સૂત્રમેં...'** ભગવાને કહ્યા અને ગણધરે ગૂંથ્યા. 'ગૌતમસ્વામી' આદિ પરમાત્માના યુવરાજ! તીર્થંકર રાજા અને ગણધર યુવરાજ. આહા..! શાસ્ત્રમાં તો ભગવાનના પુત્ર કહ્યા છે, હોં! ગણધરને સર્વજ્ઞના પુત્ર કહ્યા છે. સર્વજ્ઞે કહ્યું એનો એણે વારસો રાખ્યો. ગણધર બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરે. એવા (અંગ-પૂર્વ) ગણધરે ગૂંથ્યા. ઉસ **'સૂત્રમેં જો ઉપદેશ હૈ ઉસકો આચાર્યોંકી પરમ્પરાસે જાનતે હૈં,...'** લ્યો, અત્યાર સુધી આચાર્યો, સંતો ધર્માત્માથી ભગવાનની પરંપરા ચાલી આવી. **'ઉસકો શબ્દ ઔર અર્થકે દ્વારા જાનકર...'** એને શબ્દ અને અર્થથી જાણી **'જો મોક્ષમાર્ગકો સાધતા હૈ વહ મોક્ષ હોને યોગ્ય ભવ્ય હૈ.'** સમજાણું કાંઈ?

**'યહાં ફિર કોઈ પૂછે કિ-આચાર્યોંકી પરમ્પરા ક્યા હૈ?'** પછી પરંપરા વર્ણવી છે. નામ આપ્યા છે. ત્રીજી ગાથા.

---

**आगे कहते हैं कि जो सूत्रमें प्रवीण है वह संसारका नाश करता है -**

## ગાથા-૩

**[१]सुत्तं हि जाणमाणो, भवस्स भवणासणं च सो कुणदि।**
**सूई जहा असुत्ता, णासदि सुत्ते सहा णो वि।।३।।**

**सूत्रे ज्ञायमानः भवस्य भवनाशनं च सः करोति।**
**सूची यथा असूत्रा नश्यति सूत्रेण सह नापि।।३।।**

**સૂત્રજ્ઞ જીવ કરે વિનષ્ટ ભવો તણા ઉત્પાદને;**
**ખોવાય સોય અસૂત્ર, સોય સસૂત્ર નહિ ખોવાય છે. ૩.**

**अर्थ :- जो पुरुष सूत्रको जाननेवाला है, प्रवीण है वह संसारमें जन्म होनेका नाश करता है। जैसे लोहकी सूई, सूत्र (डोरा) के बिना हो तो नष्ट हो जाय और डोरा सहित हो तो नष्ट नहीं हो यह दृष्टांत है।**

**भावार्थ :- सूत्रका ज्ञाता हो वह संसारका नाश करता है, जैसे सूई डोरा सहित हो तो दृष्टिगोचर होकर मिल जावे, कभी भी नष्ट न हो और डोरेके बिना हो तो दीखे नहीं, नष्ट हो जाय इस प्रकार जानना।।३।।**

१. सुत्तम्मि। २. सूत्रहि पाठान्तर षट्पाहुड।

## ગાથા-૩ ઉપર પ્રવચન

આગે કહતે હૈં કી જો સૂત્ર વિષે પ્રવિણ હૈ તો સંસારકા નાશ કરે. ત્રીજી ગાથા. હિંદીમાં ૫૩મું પાનું છે. ગુજરાતી તો એક જ છે. એક જ. એ ત્રીજી ગાથા. હિંદી છે? ગુજરાતી બે ક્યાંથી આવ્યા? હેં? એની પાસે ગુજરાતી હતી? હા. 'કાંતીભાઈ'...? કોનું? ત્રીજી ગાથા. **'આગે કહતે હૈં...'** હવે કહે છે કે **'સૂત્રમેં...'** ભગવાને કહેલા આગમનું જેને સાચું જ્ઞાન છે. પ્રવીણ એટલે સાચું. ભગવાને નવતત્ત્વને ભિન્ન ભિન્ન કહ્યા છે. નહિતર નવતત્ત્વ રહેશે નહિ. નવ કોને કહેવા? કે અજીવને અજીવ તરીકે રાખે. પુણ્ય-પાપને આસ્રવ તરીકે રાખે. બંધને બંધ તરીકે રાખે, સંવરને સંવર નિર્જરા તરીકે ભિન્ન રાખે અને આત્માને એનો આશ્રય કરીને સંવર, નિર્જરા થાય તો એ આત્માને ભિન્ન રાખે.

મુમુક્ષુ :- પુણ્યથી સંવર ન થાય?

ઉત્તર :- પુણ્યથી, રાગથી સંવર થાય? પુણ્ય તો રાગ છે. બહુ આકરું. અત્યારે આ ગડબડ મોટી ચાલે છે ને. શુભભાવની ક્રિયા એ ધર્મ. બસ! પાપથી બચવા માટે એ ધર્મ. પુણ્ય શું ત્યારે? પુણ્ય તે ધર્મ અને પાપ તે પાપ, તો પુણ્ય કોને કહેવું? ધર્મ જુદી ચીજ છે, પુણ્ય જુદી ચીજ છે, પાપ જુદી ચીજ છે. ધર્મ સંવર, નિર્જરા છે. એ આત્માના આનંદસ્વરૂપનો આશ્રય લઈને શુદ્ધતા પ્રગટ કરે, વીતરાગતા પ્રગટ કરે એને સંવર, નિર્જરા કહે છે. અને રાગનો ભાગ છે એ આસ્રવતત્ત્વ પુણ્ય તત્ત્વ છે. અને અશુભભાવ છે ઇ પાપ છે. એટલે પાપ જુદું, પુણ્ય જુદું અને ધર્મ જુદો. ત્રણેય ચીજ જુદી છે. અહીં તો પુણ્યને ધર્મ માન્યો છે. 'ભોગીલાલભાઈ'! પુણ્યને ધર્મ માન્યો છે.

મુમુક્ષુ :- મનાવ્યું છે, શું કરીએ અમે?

ઉત્તર :- પણ માન્યું એણે ને? 'મણિભાઈ'! ભાઈએ ન કહ્યું? 'દેવચંદજીએ'. તપગચ્છમાં 'દેવચંદજી' થયા ને? 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા ને ભાવધર્મ રુચિ હિન...' ભગવાનની સ્તુતિ કરી છે. 'ચંદ્રાનન' ભગવાન. વીસ ભગવાન બિરાજે છે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા જી.. ભાવધર્મ રુચિ હિન, ઉપદેશક પણ તેહવા જી, શું કરે જીવ નવીન રે.. ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ.' વીસ તીર્થંકર છે ને? એમાં 'ચંદ્રાનન' ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં અત્યારે વીસે બિરાજે છે. જાગતી જ્યોત જીવતા છે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા...' દયા, દાન, વ્રત, તપ જે પુણ્યભાવ એ દ્રવ્યક્રિયા છે. 'ભાવધર્મ રુચિ હિન..' પણ રાગની ક્રિયાથી જુદો શુદ્ધ સ્વભાવ (છે) એની રુચિની દૃષ્ટિથી જીવો હિણા પડી ગયા, પ્રભુ! તારા પડ્યા વિરહ ભરતક્ષેત્રમાં અને પાછળ આવા પાક્યા. 'ઉપદેશક પણ તેહવા જી...' ઉપદેશકો પણ એવા નીકળ્યા કે એને પુણ્યને ધર્મ મનાવ્યો. પ્રભુ? 'શું કરે જીવ નવીન...' એ નવો અપૂર્વ ધર્મ સમ્યગ્દર્શન ક્યાંથી કરે? આહાહા..!

આ તો એના હિતની વાત છે, હોં! આહા..! એના હિતની વાત છે, આહાહા..! બાપુ!

ભાઈ! તેં તારા હિત કેમ થાય એ વાતને તેં દષ્ટિમાં લીધી નથી. માની બેઠો છે કાંઈક હિત કરું છું. પણ હિતનો રસ્તો શું છે એની તને ખબર નથી. આહાહા..! અંદરની સંભાળ કર્યા વિના એ પુણ્ય-પાપના વિકલ્પની ઉપેક્ષા કરી, સ્વભાવ અખંડાનંદ પ્રભુ ચૈતન્યની અપેક્ષાનો આશ્રય લઈ અને સ્પર્શે એને જે રાગ દશા રહી, વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન થાય એ માર્ગ સર્વજ્ઞનો છે. એ સર્વજ્ઞે કહેલા શાસ્ત્રોનું એ જ્ઞાન છે. આહા..! એ વિના બધા જ્ઞાન ભણે એ બધા એકડા વિનાના મીંડા છે.

**અર્થ :- 'જો પુરુષ સૂત્રકો જાનનેવાલા હૈ, પ્રવીણ હૈ...'** દેખો અર્થ! **'વહ સંસારમેં જન્મ હોનેકા નાશ કરતા હૈ.'** દેખો! જ્યાં આત્માનું જ્ઞાન થયું ભગવાન કહે છે એવું એટલે કે રાગ અને પુણ્યના પરિણામથી ભિન્ન ભગવાન, એવા આત્માનું જ્ઞાન થયું, તેને પ્રવીણપુરુષ કહેવાય. એને પ્રવીણ અને પંડિત કહેવાય. બાકી બધા અપ્રવીણ અને અપંડિત છે. સમજાણું કાંઈ? **'વહ સંસારમેં જન્મ હોનેકા નાશ કરતા હૈ.'** કારણ કે ભગવાનની વાણીમાં એ આવ્યું હતું. વિકારી પરિણામનો અભાવ કરવો અને નિર્વિકારી સ્વભાવની પ્રગટ જાગૃતિ કરવી. આહા..! ભારે પણ વાત આકરી. લોકોને અભ્યાસ નહિ ને સાંભળવા મળે નહિ ને હેઠેથી બહારથી કાંઈક મળી જશે (એમ માની બેઠા). અનંતકાળથી એ અટક્યો છે અને એ અટકવાના કારણે એ ભટક્યો છે.

ભગવાનઆત્મા.. કહે છે કે રાગ રહિત એવું જે આત્માનું જ્ઞાન, એવા જ્ઞાનથી **'સંસારમેં જન્મ હોનેકા નાશ કરતા હૈ.'** સંસારમાં ઉપજવાનો એને નાશ થઈ જાય છે. 'શ્રેણિક' રાજા, 'ભરત' ચક્રવર્તી વગેરે લ્યો. 'ભરત' ચક્રવર્તી છ ખંડના રાજમાં હતા. છન્નું હજાર સ્ત્રી હતી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હતું. ૮૩ લાખ પૂર્વના પાપનો ભાવ અંતર્મુહૂર્તમાં ખપાવી કેવળજ્ઞાન પામ્યા. સમજાણું કાંઈ? કેમકે સમ્યગ્દર્શન અને જ્ઞાનના જોરમાં એને આસક્તિ થોડી હોય એનું પાપ પણ થોડું બંધાય. અને આસક્તિ જેને છે અને એની સાથે પરની રુચિ છે એને તો મિથ્યાત્વનું મહાપાપ લાગે.

**'જૈસે લોહકી સૂઈ સૂત્ર (ડોરા) બિના હો તો નષ્ટ હો જાય...'** આ દાખલો તો યાદ રહેશે. 'ભોગીલાલભાઈ'! આજે સાંભળવા આવ્યા તો આ દાખલો તો યાદ રહેશે ને? સોયનો. સોય દોરા વિનાની હોય એ ખોવાઈ જાય અને દોરા સહિત હોય તો નષ્ટ નહિ થાય. **'યહ દષ્ટાંત હૈ.'** છે? આહાહા..! એમ જેને આત્માનું...

મુમુક્ષુ :- મૂળ ગાથામાં છે..

ઉત્તર :- મૂળ ગાથા છે ને. ભગવાનઆત્માનું જ્ઞાન થાય એટલે કે પુણ્ય-પાપના વિકલ્પનું જ્ઞાન થાય પણ એ મારામાં નથી એવું જ્ઞાન થાય. અને અજ્ઞાનમાં તો એ પુણ્ય-પાપ ભાવ મારા છે એવું જે જ્ઞાન તે અજ્ઞાન છે. ભગવાનની વાણીમાં એમ નહોતું આવ્યું ને એણે માન્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'નષ્ટ નહીં હો યહ દષ્ટાંત હૈ.'** લ્યો. સોય દોરા સહિત હોય એ ખોવાય નહિ અને દોરા

રહિત સોય નાશ પામી જાય, ખોવાશે, હાથ નહિ આવે. એમ ભગવાને કહેલું સમ્યગ્જ્ઞાન, ચૈતન્યનું ભેદજ્ઞાન. રાગ ને પુણ્ય ને શરીરથી ભિન્ન એવું જે આત્માનું ભેદજ્ઞાન એ જેને થાય એ સંસારમાં નહિ રહે. ગમે ત્યાં જાશે ગતિમાંથી નીકળીને ક્રમે કરી મોક્ષમાર્ગ પામી જશે. લ્યો, અધિકાર (પૂરો) થયો. કલાકે પૂરો થયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૨૩ ગાથા-૩, ૪ બુધવાર, જ્યેષ્ઠ વદ ૧૩, તા. ૧-૦૭-૧૯૭૦

સૂત્રપાહુડની ત્રીજી ગાથાનો ભાવાર્થ. **'સૂત્રકા જ્ઞાતા હો વહ સંસારકા નાશ કરતા હૈ,...'** એટલે શું? એ તો શબ્દ થયો. **'સૂત્રકા જ્ઞાતા હો વહ સંસારકા નાશ કરતા હૈ, જૈસે સૂઈ ડોરા સહિત હો તો દૃષ્ટિગોચર હોકર મિલ જાયે,...'** ભાળે. **'કભી ભી નષ્ટ ન હો ઔર ડોરેકે બિના હો તો દીખે નહીં, નષ્ટ હો જાય ઇસ પ્રકાર જાનના.'** સોયનું દૃષ્ટાંત (આપ્યું છે). સોયમાં જો દોરો પોરવેલો હોય તો ખોવાઈ ન જાય. ગમે ત્યાંથી પણ એને હાથ (આવી જાય) મેળવી શકાય. પણ દોરા વિનાની સોય તો ખોવાઈ જાય.

એમ આ આત્મા ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે કહેલો. શાસ્ત્રમાં એમણે આત્માને કહ્યો. એવો જો એને જ્ઞાનમાં આવે, કેવો કહ્યો? એ વાત પહેલા આવી ગઈ છે અને પછી પણ આવશે. આ આત્મા તો દેહના માટી રજકણથી જુદી ચીજ છે. આ તો જડ તત્ત્વ છે, આ તો અજીવતત્ત્વ છે. ચૈતન્યતત્ત્વનું અંદર જુદું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ઇ તો મરી જાય ત્યારે ને?

ઉત્તર :- અત્યારે. મરી જાય ક્યાં? મરે કોણ? મરે કોણ? જડ મરે? ચૈતન્ય મરે? મરે કોણ? રૂપાંતર થાય.

અહીં પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ જે આત્મા જોયો એવો ભગવાને વાણીમાં કહ્યો. એ વાણીને અહીં સૂત્ર કહેવામાં આવે છે. એ સૂત્રનો જે જાણનાર હોય, એ જાણનાર કઈ રીતે એ કહેશે. ચોથી ગાથામાં કહેશે. કે પોતાનો આત્મા શરીર, અંદર કર્મ છે એનાથી જુદો. છે જુદો. અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધના શુભ-અશુભભાવ થાય છે એ વિકાર છે, એનાથી પણ જુદો છે. એવા આત્માનું અંતરમાં સ્વ પ્રત્યક્ષ પોતાથી સંવેદન થાય, જ્ઞાનમાં રાગથી રહિત આ આત્મા આનંદસ્વરૂપ છે એવું જેને જ્ઞાન થાય એ જ્ઞાનનો ધરનાર સંસારમાં રખડે નહિ. આવું જેને જ્ઞાન નથી એ ચાર ગતિમાં ચોર્યાશીના અવતારમાં રખડે અને મરે છે. સમજાણું કાંઈ? એ કહે છે.

સૂત્રના જ્ઞાતા. ભગવાને–પરમેશ્વરે જે કંઈ વાણીમાં આવ્યું, કહ્યું એને સૂત્ર કહીએ, આગમ કહીએ. **'વહ સંસારકા નાશ કરતા હૈ,...'** એને જે જાણે. એમાં જાણનાર એટલે કે આત્માનો એ જાણનાર થાય. હું તો એક આત્મા અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિનો ભરેલો સ્વભાવવાળો હું આત્મા છું. હું આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પો-ભાવ થાય એમાં હું આવતો નથી અને એ હું છું નહિ. સમજાણું કાંઈ? આવું જ્ઞાન જેને થાય એ જ્ઞાની કહેવાય અને એ આત્મા કહેવાય

ને ધર્મી કહેવાય.

મુમુક્ષુ :- એને સૂત્ર વાંચ્યા કહેવાય?

ઉત્તર :- એણે સૂત્રો ભણ્યા કહેવાય. 'સેઠી'! આહાહા..! એ પછી કહેશે, એનો ખુલાસો ચોથી (ગાથામાં કરશે).

અહીં તો સૂત્રનો જાણનાર એટલે કે સૂત્રમાં કહ્યો એવો આત્માનો જાણનાર. એ સંસારનો નાશ કરે છે. વિકાર જે ભાવ મિથ્યાત્વ ને અજ્ઞાન ને રાગ-દ્વેષ ભાવ છે એની દશામાં, એ સ્વરૂપનું જ્ઞાન કરતાં તેના રાગ-દ્વેષ અને અજ્ઞાનનો નાશ થાય છે. એ નાશ થતાં એનો સંસાર રહેતો નથી. ઝીણી વાત છે, ભાઈ! આ બધા બહારના ભણતર-બણતર કહેવાય, આ વકીલાતના 'રામજીભાઈ'ના ને આ ડૉક્ટરના દવાખાના એ બધા મીંડા છે, કહે છે. એય..! સમજાણું કાંઈ? એ જ્ઞાન તો લૌકિક ને કુવિદ્યા છે. ડૉક્ટર!

ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પ્રભુ પરમેશ્વર એને જ્ઞાન કહે છે, ભાઈ! તું અંદર ચૈતન્ય વસ્તુ છો ને? ચૈતન્ય જ્ઞાનનો પિંડ છો. અંતરમાં તારા સ્વભાવમાં તો જ્ઞાનની સાથે આનંદ રહેલો છે. એ તને જ્ઞાન ને આનંદના સ્વભાવવાળો આત્મા છે એનું તને જ્ઞાન નથી. તેથી તેં પરના જ્ઞાનમાં હું છું એમ માન્યું છે. રાગવાળો હું છું, પુણ્યવાળો હું છું, શરીરવાળો હું છું, કર્મવાળો હું છું, આ બહારની કોઈ પદવી પાંચ-દસ હજારના પગારની મળે એવો હું છું એ બધો મિથ્યા ભ્રમભાવ છે. 'સેઠી'! આહાહા..!

મુમુક્ષુ :- છોકરાઓને શું કરવું?

ઉત્તર :- છોકરાઓને આ કરવું? કરે શું? ક્યાં ગયો? એય..! શું કરવું છોકરાઓને (એમ) પૂછે છે, 'રામજીભાઈ'.

મુમુક્ષુ :- યહી કામ કરના.

ઉત્તર :- અચ્છા! યહી કામ કરના. એય..! ભાષા ચોખ્ખી બોલે છે. હિન્દી પણ...

મુમુક્ષુ :- ચોખ્ખી અને મીઠી.

ઉત્તર :- મીઠી. લ્યો, અમારા 'વજુભાઈ' કહે છે. યહી કામ કરના. કામ ક્યા? કામ દૂસરા ક્યા? જડ કા ક્યા કર સકતે હૈં? શરીર, વાણી, મન તો જડ મિટ્ટી હૈ, ધૂલ હૈ. જડના કામ જડથી થાય. આત્માથી થાય? આ હાલવું, ચાલવું, બોલવું એ આત્માનું કામ છે? એ તો જડનું કામ છે. એનું કામ તો કાં અજ્ઞાનપણે રાગ-દ્વેષ અને શરીર હું, એમ માનવું એ અજ્ઞાનનું કામ છે. અને જ્ઞાનનું કામ એ છે કે રાગ ને દ્વેષના વિકલ્પોથી, વૃત્તિઓથી ભિન્ન ભગવાન નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય છે, સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જેવો પ્રગટ કર્યો એવો આ આત્મા અંદર સર્વજ્ઞસ્વભાવી અને આનંદમૂર્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ! એને જે જાણે '**વહ સંસારકા નાશ કરતા હૈ,...**' કારણ કે આત્મામાં રાગ-દ્વેષ ને અજ્ઞાન નથી અને આત્મામાં આનંદ અને જ્ઞાન છે, એવું જેને ભાન થાય તેને સંસારનો ભાવ નાશ થઈ જાય છે.

'**જૈસે સૂઈ ડોરા સહિત હો...**' દોરા સહિત હોય તો. એ સૂતર કહેવાય ને? સૂતર. સૂતર

કહેવાય ને? સોયમાં સૂતર પરોવો. આ સૂત્રનું જ્ઞાન એ સૂતર. દોરા સહિતની સોય જેમ ચકલી લઈ જાય તોપણ માળામાંથી પેલો દોરો દેખીને પણ પકડી લે. અરે! આ આપણી સોય અહીં છે. એમ દોરા સહિત સોય દષ્ટિગોચર હોય, એમ કહે છે. ખ્યાલમાં આવી જાય કે આ દોરો આપણો છે. જુઓ! આ લાલ દોરો પરોવેલો ઇ (છે).

**'કભી ભી નષ્ટ હો...'** એ સોય ન ખોવાય. **'ડોરેકે બિના હો તો દીખે નહીં,...'** એમ સમ્યગ્જ્ઞાન હોય તો આત્મા દેખાય. સમ્યગ્જ્ઞાન વિના આત્મા દેખાય નહિ અને એને સંસારનો નાશ થાય નહિ. એને વિશેષ કહે છે. એટલું જ્ઞાતાનું કહ્યું. હવે જ્ઞાતાની વ્યાખ્યા કરે છે.

---

आगे सूईके दृष्टांतका दार्ष्टांत कहते हैं -

## ગાથા-૪

**पुरिसो वि जो ससुत्तो, ण विणांसइ सो गओ वि संसारे।**
**सच्चेदण पच्चक्खं णासदि तं सो अदिस्समाणो वि।।४।।**

पुरुषोऽपि यः ससूत्रः न विनश्यति स गतोऽपि संसारे।
सच्चेतनप्रत्यक्षेण नाशयति तं सः अदृश्यमानोऽपि।।४।।

**આત્માય તેમ સસૂત્ર નહિ ખોવાય, હો ભવમાં ભલે;**
**અદૃષ્ટ પણ તે સ્વાનુભવપ્રત્યક્ષથી ભવને હણે. ૪.**

**अर्थ :- जैसे सूत्रसहित सूई नष्ट नहीं होती है वैसे ही जो पुरुष भी संसार में गत हो रहा है, अपना रूप अपने दृष्टिगोचर नहीं है तो भी सूत्रसहित हो (सूत्रका ज्ञाता हो) तो उसके आत्मा सत्तारूप चैतन्य चमत्कारमयी स्वसंवेदनसे प्रत्यक्ष अनुभव में आती है इसलिये गत नहीं है नष्ट नहीं हुआ है, वह जिस संसार में गत है उस संसार का नाश करता है।**

**भावार्थ :- यद्यपि आत्मा इन्द्रियगोचर नहीं है तो भी सूत्रके ज्ञाताके स्वसंवेदन-प्रत्यक्षसे अनुभवगोचर है, वह सूत्रका ज्ञाता संसारका नाश करता है, आप प्रकट होता है, इसलिये सूईका दृष्टांत युक्त है।।४।।**

---

## ગાથા-૪ ઉપર પ્રવચન

ચોથી ગાથા.

**पुरिसो वि जो ससुत्तो, ण विणांसइ सो गओ वि संसारे।**

**सच्चेदण पच्चक्खं णासदि तं सो अदिस्समाणो वि।।४।।**

બહુ સરસ ગાથા છે. જુઓ!

અર્થ :- **'જૈસે સૂત્રસહિત સૂઈ નષ્ટ નહીં હોતી હૈ...'** દોરા સહિતની સોય નાશ ન (પામે) **'વૈસે હી જો પુરુષ ભી...'** પુરુષ એટલે આત્મા. આત્મા પણ **'સંસારમેં ગત હો રહા હૈ,...'** અજ્ઞાન અને રાગ-દ્વેષમા રખડી રહ્યો છે. અનાદિથી પોતાના સ્વરૂપની એને ખબર નથી કે હું તે કોણ છું? મારી જાતમાં શું છે? એવો અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપી સંસારમાં એ ગત છે, રખડી રહ્યો છે. સમજાણું કાંઈ? **'અપના રૂપ અપને દૃષ્ટિગોચર નહીં હૈ...'** પુણ્ય ને પાપ ને રાગ ને શરીર ને વાણી ને આ બધું એને દેખાય પણ એને દેખનારો દેખાતો નથી. સમજાણું કાંઈ?

અનાદિ સંસારમાં આ પ્રભુ ચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ મૂર્તિ એ છે. કોણ જાણે, શી ખબર પડે ક્યાં હશે? સત્ શાશ્વત વસ્તુ છે અને એમાં ચિદ્-જ્ઞાન, જ્ઞાન અને આનંદ એવી એની ચીજનું સ્વરૂપ અને સ્વભાવ છે. એ જીવ પોતાના સ્વરૂપના ભાન વિના પોતાના અજ્ઞાનથી રાગ-દ્વેષ, શરીર, વાણી, મન એ હું, એમાં હું, એ મારા (એમ માને છે). જેનાથી લાભ માને એ મારા માન્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! શરીરથી મને ઠીક પડે, પાપના પરિણામ મને મજા પડે, પુણ્યના પરિણામથી મને ઠીક પડે, એ બધા જેને ઠીક પડે, પરથી પોતાને માને છે એ પર પોતાનું સ્વરૂપ છે એમ એ માને છે. સમજાણું કાંઈ? આ દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામ શુભ છે, એ પુણ્ય છે. એનાથી લાભ માને એ પુણ્ય પરિણામને પોતાના માને છે. પોતાના નથી એને પોતાના માને છે.

મુમુક્ષુ :- તીર્થંકરદેવ..

ઉત્તર :- તીર્થંકરથી ક્યાં થાય છે? એ તો બહારનું પદ મળે. કેવળજ્ઞાનપણું પોતાના પવિત્ર પદથી મળે છે. સમજાણું કાંઈ?

**'જો પુરુષ ભી સંસારમેં ગત હો રહા હૈ,...'** અહો..! સંસાર નરક ને નિગોદ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિયના ભવ છે ને? એમાં રહ્યો છે, એમાં એકમેક થઈ ગયો છે. શરીર હું, રાગ હું, પુણ્ય હું, પાપ હું એવી સંસારની દશામાં પરિણમી રહ્યો છે. **'અપના રૂપ અપને દૃષ્ટિગોચર નહીં હૈ...'** એથી એને સંસાર એટલે અજ્ઞાન ભાવમાં અને રાગ ને દ્વેષના ભાવમાં પોતે નથી ત્યાં પોતે રહ્યો છે એમ માન્યું છે. તેથી તેને આત્મા રાગથી રહિત દૃષ્ટિગોચર થતો નથી. 'મુકુંદભાઈ'! આહાહા..!

**'તો ભી સૂત્રસહિત હો (સૂત્રકા જ્ઞાતા હો)...'** પણ જો ભગવાને કહેલા શાસ્ત્રો, એમાં કહેલો આત્મા, એનું જો એને જ્ઞાન હોય **'તો ઉસકે આત્મા સત્તારૂપ ચૈતન્ય...'** શું કહે છે? આ આત્માનું

હોવાપણું. સત્તા એટલે હોવાપણું. હું એક હોવાપણાવાળી ચીજ છું. સત્તાવાળી ચીજ છું. સત્ છું. કેવો સત્ છું? કે **'ચૈતન્ય ચમત્કારમયી સ્વસંવેદનસે પ્રત્યક્ષ અનુભવ મેં આતી હૈ...'** એવો હું છું. આહાહા..! સમજાણું કાંઈ? સૂત્રમાં એમ કહ્યું છે, ભાઈ! એમ કહ્યું છે એવું આ જાણે ત્યારે એને સૂત્રનો જાણનાર કહેવામાં આવે છે. આહા..!

કેવો છે આત્મા? સત્તારૂપ છે. હોવાપણાની ચીજ છે. જેમ આ શરીર, વાણી, મન હોવાપણાના પદાર્થ છે, સત્તાવાળી ચીજ છે. તેમ આત્મા પણ એક સત્તાવાળો, હોવાવાળો, અસ્તિ એક તત્ત્વ છે કે જે અનાદિઅનંત છે અને ચૈતન્યચમત્કારમય છે. હવે ઇ કહે છે, છે કેવો? એ તો આત્મા કહ્યો. પણ એનો સ્વભાવ શું ત્યારે? ચૈતન્ય ચમત્કાર. જાણવાના-દેખવાના સ્વભાવમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો એ ચૈતન્ય ચમત્કાર સ્વભાવવાળો આત્મા છે. કરે નહિ આત્મા સિવાય કોઈનું, જાણ્યા વિના રહે નહિ. આત્મા અને પર બધું જાણવામાં આવે. એમ (જાણ્યા વિનાની ચીજ) કોઈ રહે નહિ. જાણ્યા વિના રહે એવી કોઈ ચીજ ન રહી. એવો આત્મા ચૈતન્યચમત્કારમય વસ્તુ છે. 'ચીમનભાઈ'! ઝીણું છે બહુ, હોં! પણ દરકાર જ નથી.

આ દેહ.. આહા..! ચાલ્યો જાય છે દેહ. નાની નાની ઉંમરના માણસો જુઓને મરીને ચાલ્યા (જાય છે) બિચારા. ઉંમર કોને કહેવી? બાપુ! તું તો અનાદિઅનંત છો, ભાઈ! આ તો બધા માટીના પૂતળા જડના છે, ધૂળના છે. આ તો ધૂળ (છે). આહાહા..! એને પોતાનું માન્યું છે એથી એને પોતાની ચીજ જોવામાં નજરમાં આવતી નથી.

બીજી રીતે, એને પુણ્ય અને પાપના ભાવ થાય છે ને? શુભ-અશુભભાવ. એવો ચૈતન્ય સત્તાવાળો એ નથી. ચૈતન્ય તો રાગ અને દ્વેષના ભાવ થાય એને જાણવાના સ્વભાવવાળો છે. એના ભાવવાળો નથી.

ફરીને, આહાહા..! અહીંયાં સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેને ત્રણ કાળ ત્રણલોકનું જ્ઞાન થયું એ ભગવાને ચૈતન્ય સત્તામય આત્માને જોયો. એવો ચૈતન્ય સત્તાવાળો ચમત્કારમય અને તે પણ સ્વસંવેદનથી અનુભવમાં આવે એવો. આહા..!

મુમુક્ષુ :- સૂત્રમાં આમ કહ્યું છે.

ઉત્તર :- સૂત્રમાં એમ કહ્યું છે કે તું આવો છો. આહાહા..! સમજાણું કાંઈ?

સિદ્ધાંતમાં, આગમમાં, પરમાગમમાં ભગવાને એમ કહ્યું કે ભાઈ! તું આત્મા છો. એ આત્મા સત્તાવાળી-હોવાવાળી અસ્તિ તત્ત્વસ્વરૂપ છે. એનું હોવાપણું કે દિ' ન હોય? છે એ કે દિ' ન હોય? છે એ આદિ વિનાનો, છે એ અંત વિનાનું તત્ત્વ તું અનાદિઅનંત છો. આહાહા..! અને તેમાં છે શું ત્યારે સ્વભાવ? એ તો ચૈતન્ય ચમત્કાર છે. જે ત્રણ કાળ ત્રણ લોકને જાણે છતાં તે ત્રણકાળ ત્રણલોકને જાણતા છતાં પરને પોતાનું ન માને.

મુમુક્ષુ :- જાણવા છતાં?

ઉત્તર :- જાણતાં છતાં પરને પોતાનું ન માને. અરે..! ધર્મ કેમ થાય એની ખબર ન મળે. હાંકે રાખ્યા ગાડા. આમ થાય ને આમ થાય ને આમ થાય. બાપુ! ધર્મ તો કોઈ અપૂર્વ ચીજ છે!

આહાહા..! જન્મ-મરણના અંત લાવવાની (ચીજ છે). એ જ કહે છે ને? જુઓને! **'ઇસલિયે ગત નહીં હૈ...'** આવું જેને ભાન થાય એ સંસારમાં રહી શકશે નહિ. સંસારનો નાશ કરીને મોક્ષની પદવી પામશે.

ફરીને, કહે છે, ભગવાનની વાણીમાં સૂત્ર આવ્યા. અને એ સૂત્રને જેણે જાણ્યા એમાં ભગવાનની વાણીમાં આત્મા કેવો કહેવામાં આવ્યો? એક તો, આત્મા એક ચીજ છે એમ કહેવામાં આવ્યું. કોઈએ એને ઉત્પન્ન કરી છે, કોઈ એનો કર્તા છે અને નહોતી ને ચીજ થઈ છે એમ નથી. જે હોય તે કોઈ દિ' ન હોય એમ બની શકે નહિ. તેમ જે છે એને કોઈ કરે તો રહે એમ નથી. એ તો અનાદિની છે, છે ને છે. એ વસ્તુ ચીજ સત્તા અનાદિની છે. છે શું? ત્યારે એનું સ્વરૂપ શું? ચૈતન્ય ચમત્કાર. જાણવું-દેખવું એવી ચમત્કારી ચીજ છે. કાળ અલ્પ અને જાણે ત્રણકાળના બધા પદાર્થને. એવી એ ચૈતન્ય ચમત્કારી ચીજ છે. સમજાણું કાંઈ? એ જાણવાના કાર્યને કરે એવો એ આત્મા છે. પરના કાર્ય કરે ને રાગ-દ્વેષના કાર્યને કરે એવો એ નથી. રાગ-દ્વેષ, શરીર આદિને ત્રણ કાળને જાણવા છતાં તે મારા છે, એમ ન માને એવો ચૈતન્ય ચમત્કાર ચીજ છે.

અલ્પકાળમાં, પોતાના સ્વ ક્ષેત્રમાં રહ્યો છતાં અલ્પકાળમાં બધા ક્ષેત્રની વાત, ત્રણકાળની વાત અને બધા પોતા સિવાયના, એક સિવાયના અનંતા પદાર્થોનો ભાવ એ પોતાના ક્ષેત્રમાં અને પોતાની જ્ઞાન દશામાં રહ્યા છતાં જાણે, એવો એ ચૈતન્ય ચમત્કારી ચીજ છે. સમજાણું કાંઈ? છતાં એ બધા અનંત દ્રવ્યને, અનંત ક્ષેત્રને, ત્રણકાળને, અનંતા ગુણો આદિને ધરનાર પર વસ્તુને જ્ઞાનમાં ઇ જાણે, એવો ચૈતન્ય ચમત્કાર ચીજ છે. ચમત્કાર એ છે એમાં, કહે છે. આહાહા..! અલ્પકાળમાં અલ્પક્ષેત્રમાં રહ્યો છતાં મહાક્ષેત્રને અને ત્રણકાળને એક દ્રવ્ય સિવાય બીજા અનંતા અનંતા દ્રવ્યોને પણ જેને જાણવાનો ચૈતન્ય ચમત્કાર સ્વભાવ છે. આરે..! ભારે વાત. કહો, '...ભાઈ'! કરવાનું કાંઈ નહિ, હોં! કોઈ કરી શકે નહિ. આ વાણી-બાણી બોલે એ બધી જડની ક્રિયા (છે), એમ કહે છે. આ તો અજીવતત્ત્વ છે.

મુમુક્ષુ :- ડોક્ટર ઇંજેક્શન આપે છે.

ઉત્તર :- ઇંજેક્શન કોઈને આપી શકે નહિ. જાણે અને કાં અભિમાન કરે કે હું આપું છું. બે વાત. એ સિવાય ત્રીજી વાત નથી. સમજાણું કાંઈ? 'રામજીભાઈ' ત્યાં બહુ કરતા. વકીલાતમાં ત્રીસ વર્ષ પહેલા કોર્ટમાં જાતા ને.

મુમુક્ષુ :- કોણ કરે? આપ તો ના પાડો છો.

ઉત્તર :- કહેતા હતા કે આમ થાય. જજને પણ એક વાર પાણી ભરાવે. એમ કોઈ કહેતું હતું. ત્રીસ વર્ષ પહેલા પાંચ કલાકના બસ્સો રૂપિયા લેતા હતા. લ્યો. અગિયારથી પાંચ કલાક કોર્ટમાં રહે તો બસ્સો રૂપિયા (લેતા). એક દિ'ના પાંચ કલાકના બસ્સો રૂપિયા લેતા હતા વકીલ. સમજાય છે? એક જણો ખાનગીમાં કહેતો હતો, 'રામજીભાઈ' નહોતા ત્યારે. આ તમારા 'રામજીભાઈ' જજને પાણી ભરાવે. ધોળે દિ'એ તારા દેખાડે છે. ઇ જ્ઞાન બધું કુજ્ઞાન હતું. એ.. 'સેઠી'!

મુમુક્ષુ :- મહેનત કરકે...

ઉત્તર :- મહેનત ક્યા કી ઉસને? અભિમાન કિયા હૈ. મૈં વાણી બોલતા હૂં, મૈં દૂસરે કો જીતાતા હૂં. આહાહા..!

અહીં તો કહે છે, ઇ બધી ચીજોને અલ્પકાળમાં પોતાના સ્વ અસ્તિમાં રહીને, પરને અડ્યા વિના જાણવું પૂરું કરે, આખું કરે એવો ચૈતન્ય ચમત્કારી સત્તાવાળી આ ચીજ છે. આહાહા..! અરે..! એણે પોતે કોણ છે એની નજરું કોઈ દિ' કરી નહિ. મરી ગયો પરમાં કરી કરીને. હેરાન થઈ ગયો ચોર્યાશીના અવતારમાં. મોટો માંધાતા હોય, દસ-દસ હજાર ને પચાસ હજાર ને લાખ-લાખનો પગાર મહિને મળતો હોય. એય..! આના.. કેટલા હતા? દરરોજના દસ હજાર પેદા કરતા. એનો દીકરો. 'મલૂકચંદભાઈ'નો. દસ હજાર. એક દિવસના દસ હજાર. બે-ત્રણ કરોડ રૂપિયા છે ને એની પાસે. 'મુંબઈ'માં છે. 'પૂનમચંદ મલૂકચંદ'. આ આનો દીકરો છે. એક રખડે છે ત્યાં 'સ્વીટઝર્લેન્ડ'. બે કરોડ રૂપિયા એની પાસે છે અને આની પાસે ત્રણ કરોડ છે. આના બે દીકરા છે. દુઃખી છે, કહે છે.

મુમુક્ષુ :- રૂપિયા થયા એટલે દુઃખી છે?

ઉત્તર :- ના. એ મારા અને હું રળું છું અને રળવાથી પૈસા મળે તેથી મને ઠીક પડે છે, એવી માન્યતાથી અજ્ઞાનથી તે દુઃખી છે. સમજાણું કાંઈ? કારણ કે જે પર ચીજ છે એ મારાથી આવે છે, એ વાત ખોટી છે. એ તો મહેનત કરી, કોણે કીધું? મહેનત બહુ કરી ને. 'સેઠી'એ કીધું. 'સેઠી'એ હીરા, માણેકના ધંધામાં મહેનત કરી હતી ને. ધૂળેય કરી નથી, સાંભળને અહીં કહે છે. 'સેઠી'! વિકલ્પ કર્યો હતો. આમ કરું, આ કરું. વૃત્તિ.. વૃત્તિ કરી હતી. પર ચીજનું કંઈ પણ (કરી શકે નહિ). કેમકે પર ચીજની સત્તા, હોવાવાળી પર ચીજ પોતાથી હોવાવાળી એ ચીજ છે. તો પર ચીજ જે હોવાવાળી એનાથી છે તો એનું બદલવું ને એનામાં પલટવું ને એનું કાર્ય એનાથી થાય છે. છતાં અજ્ઞાની પોતે જાણનારો બધાનો છે.

ચૈતન્ય ચમત્કારમાત્ર વસ્તુ કહે છે. થોડા ક્ષેત્રમાં, થોડા કાળમાં બધા ક્ષેત્રને, બધા કાળને એક સિવાય અનંતા દ્રવ્યને (જાણી લે). પોતાને પણ ભેગો જાણે. સમજાય છે? પણ આ તો ચમત્કાર કહેવું છે ને. અનંત દ્રવ્ય! અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અનંત ક્ષેત્ર-આકાશ. આ લોક ચૌદ બ્રહ્માંડ ભગવાને જોયેલો છે. એમાં જીવ અને જડ (રહેલાં છે). આ સિવાય ખાલી ભાગ છે. ખાલી.. ખાલી.. ખાલી.. ખાલી... ખાલી... એ ખાલીનો ક્યાંય અંત નથી. ભગવાન જેને આકાશ કહે છે. એ આકાશનો ક્યાંય અંત નથી. એમ ને એમ ચાલ્યો જાય, ચાલ્યો જાય.... નથી, નથી કહો તો પછી શું? એવા અનંત આકાશને ચૈતન્ય પોતાના સ્વકાળમાં અથવા સ્વક્ષેત્રમાં અલ્પકાળમાં જાણવાના સ્વભાવવાળું ચૈતન્ય ચમત્કાર છે. કોઈ ચીજને અડ્યા વિના અને એને કર્યા વિના, એને સ્પર્શ્યા વિના પોતામાં જાણવાનો સ્વભાવ છે, એવો આત્મા છે. આહાહા..! ખબર ન મળે પણ. પોતાની ખબર ન મળે. વર વિનાની જાન જોડી દીધી. આહાહા..!

ભાઈ! પરમેશ્વર કહે છે, પાઠમાં છે ને? **'सच्चेदणपच्चक्खं'**. એક શબ્દ મૂક્યો છે. આ..હા...! શું કહે છે? **'પ્રત્યક્ષ અનુભવમેં આતી હૈ...'** દેખો! શું કહે છે? જે ચૈતન્ય ચમત્કારમય વસ્તુ છે, રાગ

અને દ્વેષ હોવા છતાં, શરીર, વાણી આદિ અનંત પદાર્થો હોવા છતાં તેના હોવાપણાને અડ્યા વિના, પોતાના હોવાપણામાં તેનું અને પોતાનું ચૈતન્ય ચમત્કારી જ્ઞાન કરનારો એ પોતાના સ્વસંવેદનથી પરની અપેક્ષા રાખ્યા વિના પરને જાણે માટે પર છે માટે જાણે છે, એમ અપેક્ષા કર્યા વિના પોતે પોતાથી પ્રત્યક્ષ અનુભવમાં આવે એવો એ આત્મા છે. અને આવું જ્ઞાન થાય **'ઇસલિયે ગત નહીં હૈ...'** હવે એ સંસારમાં રખડશે નહિ. એને એક-બે ભવમાં અંત આવી જશે. મુક્તિ પામશે, સિદ્ધ થશે. સમજાણું કાંઈ? કહો, 'પ્રકાશદાસજી'! આવી વાત છે આ. સાહેબનો સાહેબ છે પોતે.

કહે છે, અનંતા સિદ્ધ પરમાત્મા છે એને પણ પોતાની જ્ઞાનની દશામાં એને અડ્યા વિના અને એ છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નહિ. પોતાનો સર્વજ્ઞ અને સર્વદર્શી ચૈતન્ય ચમત્કારી સ્વભાવ છે એથી તે બધાને જાણવાના ચમત્કારવાળો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, સૂત્ર સહિત હોય. સૂત્રનો જ્ઞાતા હોય. કારણ કે સૂત્રમાં આત્માને આવો કહ્યો છે. એમ કહે છે. સિદ્ધાંતમાં સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવ ત્રિલોકનાથ ભગવાને આવો આત્મા કહ્યો છે. કેવળજ્ઞાની પ્રભુએ. અનંતા તીર્થંકરો થઈ ગયા અને વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમેશ્વર બિરાજે છે. 'સીમંધર' ભગવાન (આદિ) વીસ તીર્થંકરો અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. વિદ્યમાન તીર્થંકરો, કહે છે ને? વિદ્યમાન, વિહરમાન, વિચરમાન, વિદ્યમાન. જીવંતસ્વામી ભગવાન બિરાજે છે. એ ભગવાનની વાણીમાં આ આવ્યું. એટલે સૂત્ર કહો વાણી કહો.

એ સૂત્રમાં આમ આવ્યું હતું, ભાઈ! આત્મા એને અમે કહીએ છીએ. અને એને આત્મા આવો છે એમ જાણે ત્યારે એણે આત્મા જાણ્યો કહેવાય. અને એવો આત્મા જાણે એ સંસારના ભાવને નાશ કર્યા વિના રહે નહિ. આહાહા..! સંસાર એટલે? વિકારી ભાવ. સંસાર કાંઈ બાયડી, છોકરા એ સંસાર નથી. આત્માના સ્વરૂપનું અજ્ઞાન અને વિપરીત માન્યતા એવો જે જીવની દશાનો મિથ્યાત્વભાવ એ સંસાર (છે). પણ ચૈતન્ય આવો છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છું, બધાને જાણનાર-દેખનાર છું, એવો જ્ઞાતા-દૃષ્ટાનું પોતાથી પ્રત્યક્ષ થઈને અનુભવમાં આવે એવો છે એવો જેણે અનુભવમાં લીધો છે એને સંસાર રહેતો નથી. એટલે સંસારની ઉત્પત્તિનો નાશ થઈ અને એને કેવળજ્ઞાન આદિની ઉત્પત્તિ થાય છે. ... તો છે. સમજાણું કાંઈ? આહાહા..!

સમજાય એવું છે. શું કહેવાય છે એ તો સમજાય એવું છે ને? ભલે પછી ન બેસે અંદર .. ન રહે. પણ શું કહેવા માગે છે ઇ તો ખ્યાલમાં આવે કે નહિ? 'રમણિકભાઈ'! દુકાનમાં ક્યાંય મળે એવું નથી, બહારમાં જાય તો આ વાત મળે એવી (નથી). આ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દયા પાળો ને દાન કરો. પણ કોણ છો તું? કહે તો ખરો. તું કોણ છો? ભૂતડું વળગે છે એને મરચું દઈને બોલાવે. નળિયામાં. નળિયું હોય ને નળિયું? એમાં .. કોણ છો? આ બધું મેં જોયું છે. અમારે ન્યાં એક હતો. પોસ્ટ માસ્તરને ત્યાં એવું થાતું હતું. ઘર ત્યાં નજીક હતું. સ્વામીનારાયણનું મંદિર છે ત્યાં. ... હું ફલાણો છું એમ કરીને બોલે. હોય ભલે ખોટું. પણ એને મરચું લાગે ને.

અહીં તો કહે છે કે કોણ છો તું? છો કોણ તું? તું શરીરવાળો છો? શરીર એ તારું છે? પુણ્ય-પાપના ભાવવાળો તું છો? એ ત્રિકાળી તારું સ્વરૂપ છે? સમજાણું કાંઈ? આહાહા..! ભારે! માર્ગ

ભારે. આમાં પણ શું કરવું? આ કરવું કહે છે ને. આત્મા પોતે ચૈતન્ય ચમત્કાર સ્વભાવભાવવાળો સ્વભાવ, સ્વભાવવાન (છે). ચૈતન્ય ચમત્કાર સ્વભાવવાળો એ આત્મા. આત્મા સ્વભાવવાન થયો અને આ ચૈતન્ય ચમત્કાર સ્વભાવ થયો. એ સ્વભાવને પોતે પોતાના જ્ઞાન દ્વારા (જાણી શકે છે). કેમકે રાગ ને વિકલ્પ એ કાંઈ એની ચીજ નથી કે એના દ્વારા એ પોતે જણાય. પોતે પોતાની જ્ઞાનની પર્યાય-અવસ્થા-વર્તમાનની હાલત, પરની અપેક્ષા છોડી દઈ અને જે પ્રત્યક્ષ જ્ઞાનમૂર્તિ સ્વપર્યાયમાં પ્રત્યક્ષ કરે અને અનુભવે કે આ આત્મા. એવું જેને આત્માનું અંતર જ્ઞાન થાય (ત્યારે) એની પર્યાયમાં જે અજ્ઞાન ને રાગ-દ્વેષ સંસાર છે એ રહેતો નથી. કહો, સમજાણું કાંઈ? કહો, ‘જાદવજીભાઈ’! આવો ભાવ છે. આહાહા..!

અમારે સંસારમાં રહીને આવું કરવું શી રીતે? એમ કોઈ કહે. એય..! ‘સેઠી’! આ બાયડી પડી, છોકરાઓ પડ્યા.. શું કહેવાય? અમારે માથે પડ્યા. શું (કહે છે)? ભાષા બીજી કંઈક છે. પનારે પડ્યા. હવે એનું શું કરવું? હાથ ઝાલીને બાયડી લાવ્યા, આ છોકરા થયા. હવે એને કરવું શું અમારે? પાંજરાપોળમાં મૂકાય નહિ અને અમારે એને રળી દઈને ખવડાવવું પડે. કરવુ શું? તમે કહો છો કે ... એ..! ‘...ભાઈ’! જુઓને! એને પણ જાવું પડે છે ને? મકાન છોડી. બાપુ! શું કર તું? એ પર છે એ પર તો એના કારણે ટકી રહ્યા છે. તું એને ટકાવ તો ટકે એવી એ ચીજ છે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે, એ બધી ચીજને તારામાં રહીને, તું તને અને એને જાણવાના સ્વભાવવાળો તું છો. કોઈનું કાંઈ કરી દે ને કોઈથી કાંઈક તારામાં થાય એવો સ્વભાવ તારામાં નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આ શરીરના અનંતા રજકણો છે. અનંતા છે. કટકા કરો આના તો અનંત છે. આ પરમાણુ પોઈન્ટ, જે મૂળ પોઈન્ટ છે એના બે ભાગ ન થાય. આના કટકા કરતાં.. કરતાં.. કરતાં છેલ્લો પોઈન્ટ રહે એને ભગવાન પરમાણુ કહે છે. પરમ અણુ એટલે છેલ્લામાં છેલ્લો નાનો. એવા અનંતા રજકણનું આ દળ છે. એવા અનંતા રજકણનું દળ. સમજાણું?

એકમાં આવ્યું હતું. એલા તું કોણ છો? નામ આવ્યું હતું. કોને તું પોતાનું માને છો? કાંઈક આવ્યું હતું. નામનું, હોં! ઘણા નામ આપ્યા છે, હોં! નામ બહુ આપ્યા છે માળાએ. નામાવલી. આહાહા..! જુઓ! નામ છે. ‘નામ અનેક સમીપ તું, અંગ અંગ સબ .., જાસો તું અપનો કે સો ભ્રમરૂપી ઓર.’ તું કોણ? .. શિષ્ય તું? .. તું? .. તું? વરૂણી, પલક, નૈન, ગોલક, કપોલ, દંડ, નાસા, મુખ, ... એ તું? એ તો જડ છે. અધર, બે શબ્દ છે. બેસવાની બેઠક. દસમ, ઓથ, રચના, મસુડા, તાલુ, ઘટિકા, ચિંબુ, કંઠ, કંધા, કર, ..., કાટ, કટિ, ભૂજા, કર, નાભિ, ..., પેટ, અંગુલી, હથેલી, નખ, જંઘા, ... મૌન હૈ. નિતંબ, ચરણ, રોમ ઐસે નામ અંગન કે હૈ. તામેં તું વિચાર નર તેરા નામ કૌન હૈ?’ અમારે નામ રાખવું છે એના ઉપરથી આવ્યું છે. અમારે નામ રાખવું છે આટલા પૈસા દઈને. એય..! બૈરાંઓને નામ રાખવું છે ને? એના માટે ... શું થાશે કોણ જાણે. નામ રાખવું છે. પણ કોના નામ? એમ અહીં કહે છે. આ શરીરના જેટલા નામ છે ઇ તારા છે? કોનું નામ તારે રાખવું છે? આહાહા..! સમજાણું કાંઈ? ગોઠવ્યું છે. આ તો બધા જડના અંગો, ભાગો છે. એ ભાગના નામ તો એના છે. એમાં શરીર પણ કોને કહેવું? અને આ ભાગ કહેવો, આને નખ કહેવો, આને આ પ્રમાણે

કહેવું.. બધા થઈને પછી આખાને શરીર કહે. પણ એ ચીજ તો પર છે.

એ અનંતા રજકણને અનંતી અવસ્થા થનારને તારામાં જાણવાનો ચૈતન્ય ચમત્કાર તેને અડ્યા વિના, સ્પર્શ્યા વિના તેની સામું જોયા વિના જાણવાનો સ્વભાવ તારામાં છે, એમ કહે છે. એવો તું છો. એની તને અનંતકાળથી ખબર પડી નથી. કહો, 'ચીમનભાઈ'! આ બધી વાતું બહારની કેવી કરે ત્યાં! મકાન આમ લેવા, ફલાણું આ લેવું... તું કોણ? ... બહારની બધી પંચાતની વાતું આવડે. તું કોણ? આ બધાનો જાણનાર.. જાણનાર એ કેવડો? ને કોણ? ને ક્યાં? વળી કેવડો શું, હશે આત્મા. આહા..! જે હોય તે કરો. પણ જે હોય તે કરો એવું બહારમાં જે હોય તે ખરું એમ રાખે છે? ત્યાં તો નક્કી કરે છે તું કે કેમ છે આનું? કેટલા હાથનું લાંબુ? કેટલું મકાન કરવું? કેટલા લાખનું કરવું? બધું નક્કી કરે છે કે નહિ? તું કોણ છો? ક્યાં છો? તારે એનો નિર્ણય કરવો છે કે નહિ? તે વિના છે, છે, છે. પણ કોણ છે? કેવો છે? એનો નિર્ણય તો કર, એમ કહે છે. આહાહા..!

બહુ જુઓને અધિકાર આમાં સૂત્રમાં આ નાખ્યું, જુઓ! '**सच्चेदणपच्चक्खं णासदि तं सो अदिस्समाणो वि**'. કહે છે, ભલે દેખાય નહિ, અરૂપી છે. પણ અનુભવમાં આવે એવો છે. કેમકે તારો અનુભવ પુણ્ય-પાપના રાગ, શુભ-અશુભભાવ અને શરીર મારા એવા ભાવનો તને અનુભવ છે. એ સંસાર ને દુઃખરૂપ ને અજ્ઞાન ને ભ્રમ છે. હવે તારો અનુભવ એટલે શું? કે હું તો ચૈતન્ય ચમત્કાર (છું). ચમત્કાર એટલે શું? આવો સ્વભાવ? એક સમયમાં એક ક્ષેત્રમાં પોતામાં રહીને પર ક્ષેત્ર અનંત. તે કેટલું અનંત? જેનો અંત નહિ. કાળ કેટલો? આદિ ને અંત વિનાનો જગતનો કાળ. એને જાણવાન ચૈતન્ય ચમત્કાર. એ ચમત્કાર તારો આ છે. જાણવાનો તારો સ્વભાવ એ ચમત્કાર છે. આહાહા..! પરનું કરવું ને પરથી કાંઈક લેવું એવો તારો સ્વભાવ છે નહિ. આહાહા..!

ભારે કઠણ પણ જગતને. અભ્યાસ નહિ ને. અભ્યાસ ન મળે. ઓલા ઊંધા અભ્યાસમાં ચડી ગયા. આ અભ્યાસ જ એણે કર્યો નહિ. આ જૈનવાડામાં જન્મ્યા હોય એને પણ ખબર ન મળે. અમે જૈન છીએ. ચાલો, બાર મહિને એક જાત્રા કરી આવીએ. પાલિતાણા ને પૂનમની ધૂળેય નથી ત્યાં જાત્રા. સાંભળને! જાત્રા તો અહીં છે. એ તો એક શુભભાવ છે. પુણ્યનો ભાવ હોય, પાપથી બચવા. એટલી વાત છે. પણ એ કાંઈ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ છોકરાને રજા હોય ને? હું તો દરરોજ સવારે દિશાએ જઉં ને. ઘણી મોટરું મળે. બિચારા ઓળખે એટલે ઊભી રાખે. જાતી હોય ને ત્યાં? રજાના દિવસમાં. ઘણા છોકરા... ક્યાંના છો? ફલાણાના. ક્યાંના છો? ફલાણાના. એક સાલ ત્યાં જઈ આવે એટલે થઈ રહ્યું, ધર્મ કર્યો. ધૂળમાં પણ ધર્મ નથી, સાંભળને.

તું તો જાણનાર છો. એ ક્રિયા જડની થાય અને ભગવાનની પ્રતિમા અને સાક્ષાત્ ભગવાન, એને તારામાં રહીને તું તેને જાણનારો તેની સત્તાની અપેક્ષા રાખ્યા વિના, એવી તારી ચૈતન્યસત્તા જ્ઞાનની એવી છે. 'વજુભાઈ'! આહાહા..! એને મારી નાખ્યો છે. આવડો ન માન્યો ને એણે જીવને મારી નાખ્યો છે. હિંસા કરી, ભાઈ! આવું ચૈતન્ય ચમત્કારી તત્ત્વ કે જેને એકલો જાણવો. ત્રણકાળ ત્રણલોક ખ્યાલમાં આવે કે આ ત્રણકાળ, ખ્યાલમાં આવે કે ત્રણલોક (એમ) એની દશામાં બધું ખ્યાલમાં આવી જાય. પણ એ ખ્યાલમાં આવતાં છતાં એને આવો ખ્યાલ મારો મોટો છે અને એનો

ધરનાર હું છું એની પ્રતીતમાં આવતું નથી. સમજાણું કાંઈ? ડોક્ટર છે, આ લોજીકથી વાત છે. ખ્યાલમાં આવે છે ને? આ કંઈ ... ની વાત નથી. લોજીક-ન્યાયથી છે. આ તો વીતરાગનો પરમેશ્વર તીર્થંકરદેવનો માર્ગ છે. એમ ને એમ ન માનવું. સમજીને કઈ રીતે વસ્તુ છે (તે સમજવું). સમજાણું કાંઈ?

કહે છે, ભારે ગાથા આવી પણ, હોં! આ શબ્દ નાખીને. **'सच्चेदणपच्चक्खं' 'गओ वि संसारे'** એ સંસારમાં દેખાતો નથી છતાં એને નાશ કરશે. અરૂપી છે ને? કહે છે. આમ પ્રત્યક્ષ (ન દેખાય), પણ અનુભવમાં આવે એવો છે.

મુમુક્ષુ :- ભલે ન દેખાય...

ઉત્તર :- ભલે ન દેખાય તો શું છે? સમજ્યા? પોતાના દર્શન નથી. સંસારમાં રહે છે ને તોપણ. પણ સૂત્ર સહિત જાણે તો તો દૃષ્ટિગોચર થાય છે. સમજાણું કાંઈ? આહા..! જોનારો જાણે નહિ પોતાને અને જોનારો પરને જાણીને સંતોષ થાય એ તો અજ્ઞાન છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ન્યાયથી પણ વાત સમજાય છે કે નહિ? લોજીક-ન્યાયથી (કહેવાય છે).

મુમુક્ષુ :- રાઝ ખોલ દેતા હૈ. ઐસી બાત હૈ.

ઉત્તર :- ઐસી બાત હૈ? રાઝ ખોલ દેતા હૈ. વસ્તુ જ એવી છે. ભગવાન ચૈતન્ય ચમત્કાર! આટલામાં રહ્યો છતાં પૂરા ક્ષેત્રને, એક સમયના જ્ઞાનમાં છતાં ત્રણકાળને (જાણી લે). આ..હા...! એવું જેનું ચૈતન્ય ચમત્કાર રૂપ અને સ્વરૂપ છે એને પોતાના અંતર વેદન દ્વારા આવડો મોટો ભગવાન છે એને જ્યારે પર્યાયદૃષ્ટિ ટળીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એટલે એને ચૈતન્યનું પ્રત્યક્ષપણું થાય. એને સંસારનો નાશ થયા વિના રહે નહિ. આહાહા..!

સંસાર એટલે દુઃખદશા. એનો નાશ થઈને આનંદદશા પ્રગટે. કારણ કે પોતે સર્વને જાણનારો છે. એથી આનંદને સંગ્રહીને બેઠો છે. સમજાણું કાંઈ? એના સમાધાન માટે કોઈ બીજી ચીજની જરૂર નથી. કહો, 'સેઠી'! આહાહા..! આનંદસ્વરૂપ છે એ તો. દાખલો નહોતો આપ્યો એક ફેરી? કરોડપતિ માણસ હોય. એના છોકરાને એમ કહે કે જો, બેટા! કાંઈ રળવું નહિ, હોં! પટ્ટા-બટ્ટા કરીશ નહિ. આપણે આપણે ઘણું છે. પેલો કેમ રહે? બાપનું રળ્યું વાસી ખાવું ઇ કરતાં હું કાંઈક નવું કરું ને. એમ કરતાં કર્યો સટ્ટો દસ લાખ ખોયા. હવે? આપવા ક્યાંથી? એની પાસે નહોતા. બાપ પાસે જાય તો. બાપ ના પાડતો હતો. સત્તાપ્રિય માણસ હતો. એનો બાપ એટલે સત્તાપ્રિય માણસ. જેણે ના પાડી હતી એની પાસે કેમ માગવા? ભાઈબંધને કહ્યું, ભાઈ! બાપુ પાસે જા. સવાર પહેલા દસ લાખ લઈ આવ. સવાર પડશે એટલે મારે દસ લાખ દેવા પડશે. નહિતર સવારે મોઢું નહિ દેખાય. ગળે ફાંસો ખાઈને મરી જઈશ. 'ચંદુભાઈ'! પછી એના ભાઈબંધને કહ્યું.

ભાઈબંધ એના બાપુજી પાસે ગયો. બાપુજી! બાપુજી જ કહે ને ભાઈબંધના બાપને? બાપુજી! ભાઈએ દસ લાખ ખોયા છે. બે-ચાર ગાળ દઈ દીધી. એકદમ. સત્તાપ્રિય માણસ. ના પાડી હતી. સાંભળો તો ખરા, બાપુજી! ભાઈબંધ કહે છે. સાંભળો, હું એક વાત કહું. તમારી પાસે એક કરોડ રૂપિયા છે કે નહિ? ઇ કરોડ એને દેવા હતા કે નહિ? તમને થયા સાંઈઠ વર્ષ. એને થયા છે પચીસ.

હવે તમારે બે છેડા ફાડવા છે. એને કરોડ દેવા હતા ને? એ દસ લાખ તમારા ગયા કે એના ગયા? એ વિચાર્યું છે કોઈ દિ'? દસ લાખ એના ગયા. તમારા ક્યાં ગયા? તમારે તો એને દેવા હતા. નેવું લાખ. એના ગયા દસ લાખ. ફેરવી નાખો ને દૃષ્ટિ. મારા છે એમ માનીને દુઃખ થાય છે. ઇ કરતાં એના હતા ને એના ગયા (એમ માનતા) તમને સંતોષ થશે. ડોક્ટર સમજાય છે? તમને સમાધાન થશે.

પ્રતિકૂળતાનો યોગ હોવા છતાં જે જ્ઞાનમાં આવું સમાધાન કરવાની તાકાત છે, દૃષ્ટિ ફેરે, મારું માને ત્યાં દુઃખ થતું, આ નહિ, મારા નહિ, એ તો એના હતા. એમ જે જ્ઞાનમાં આવી પ્રતિકૂળતા આવી પડી છતાં, આવી પડવા છતાં સમાધાન કરવાની તાકાત છે. એ અનંતી પ્રતિકૂળતા આવે તોપણ સમાધાન કરીને આનંદમાં રહે એવો એનો સ્વભાવ છે. 'ચીમનભાઈ'! ન્યાય સમજાય છે? લોજીકથી ન્યાય શું છે? આહાહા..! એવી એની તાકાત છે. અનંતી પ્રતિકૂળતા હો પણ ઇ તો જ્ઞેય છે અને હું તો એનો જ્ઞાતા છું. ચૈતન્ય ચમત્કાર કોને કહે? અનંતી પ્રતિકૂળતા એ તો પર જ્ઞેય છે. એને જાણનારો હું ચૈતન્ય ચમત્કાર છું. પ્રતિકૂળ છે એવું માનવું મારા સ્વભાવમાં નથી. એ ચીજ જ્ઞેય છે અને હું જ્ઞાન છું એવો મારો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

અરે! આ છોકરાને મોટો કર્યો. પચાસ હજાર, લાખ-બે લાખ ખર્ચ્યા અને છેવટે પરણીને બાયડીને લઈને અમેરિકા જુદો પડીને વયો જાય છે. ત્યારે અમારે શું કરવું? એય..! પણ માન્યું હતું તેં ને? કે એ મારો છે. તારો નથી એમ માન ને. ઇ તો એની સ્વતંત્રતાથી એની પર્યાયનું કાર્ય ઇ કરશે. તેં બધું ભણાવ્યું અને બે લાખ ખર્ચ્યા માટે હવે તેને (રળીને) આપશે, એમ છે? 'હિંમતભાઈ'! ગયો છે ને? મોકલ્યો છે ને? છોકરાને ઘણા આપ્યા. પચીસ-ત્રીસ હજાર ખર્ચ્યા. ન્યાં અમેરિકા ગયો છે ને. ઓલો આવશે. ભેગું કરીને આવે ને. આટલા બધા ખર્ચ્યા શું કરવું? ગાંડા છે ને.

કહે છે પણ તારો સ્વભાવ, એ જાય ને આવે એને જાણવું એવો તારો સ્વભાવ છે. દેવું ને લેવું ને ગયું મારું, આવ્યું મને એવું તારા સ્વભાવમાં છે નહિ. આહાહા..! 'મગનભાઈ'! ન્યાય સમજાય છે કાંઈ? ન્યાયમાં નિ ધાતુ છે. અને નિ એટલે જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય (છે). સમજાણું કાંઈ?

કહે છે, આહાહા..! ભાષા જુઓને! ચૈતન્ય ચમત્કાર! અર્થમાં એમ મૂક્યું છે ને? **'सच्चेण'**ની વ્યાખ્યા કરી અને **'पच्चक्खं'**ની વ્યાખ્યા, બેની કરી. ભાઈ! સચેતનની વ્યાખ્યા ચમત્કાર કર્યો. પ્રત્યક્ષની વ્યાખ્યા અનુભવ કર્યો. ભાઈ! તું ચૈતન્ય છો ને! કેવડો? કે ત્રણકાળ ત્રણલોકને જાણે એવડો. એ સચેતન. સમજાણું કાંઈ? અને કેવડો? કે પરની અપેક્ષા રાખ્યા વિના તને તું સીધો જાણ એવડો અને એવો. આહાહા..! ભારે વાત! જુઓને! એક **'सच्चेण'** અને **'पच्चक्खं'**, એ બે શબ્દમાં આટલું સમાણું છે. આ તો ગાગરમાં સાગર ભર્યો છે. આ કંઈ કથા-વાર્તા નથી, આ તો તત્ત્વ છે.

કેવો છો તું? એમ કીધું ને? **'पुरिसो वि जो ससुत्तो, ण विणासइ सो गओ वि संसारे'** કેમ? **'सच्चेणपच्चक्खं'**. એ માટે સંસારનો નાશ કરીને. સંસારની દશામાં અજ્ઞાનમાં દેખાતો નથી તે ચૈતન્ય ચમત્કારની દૃષ્ટિ થતાં તને દેખાશે. હું ભગવાનઆત્મા ચૈતન્ય ચમત્કાર મૂર્તિ છું. સમજાણું કાંઈ? **'સત્તારૂપ ચૈતન્ય ચમત્કારમયી સ્વસંવેદનસે પ્રત્યક્ષ અનુભવમેં આતી હૈ ઇસલિયે ગત નહીં**

**હૈ, નષ્ટ નહીં હુઆ હૈ,..**' આવું જ્યાં સમ્યગ્જ્ઞાન થાય એને જ્ઞાનમાં તરવર્યા કરે કે હું અને પર, બે જુદા. એવું હેય અને અહેયનું જ્ઞાન એટલે આત્મા આવો સ્વભાવ તે ઉપાદેય છે, રાગાદિ બધા તે હેય છે. એવું જેને જ્ઞાન વર્તે છે એ હવે સંસારમાં નાશ નહિ પામે. ઇ હવે રખડશે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ!

એ પરમાં મીઠાશ હતી ને? માનેલી, હોં! પુણ્યમાં મીઠાશ છે, પાપમાં મીઠાશ છે, એના ફળમાં અનુકૂળતા એ ઠીક છે, પ્રતિકૂળતા અઠીક છે, એવો જે મિથ્યાત્વ ભાવે આમ જે માનેલી અજ્ઞાન દશા હતી એ સમ્યક્ ચૈતન્યના સ્વભાવનું ભાન કરતાં, ભગવાને એમ કહ્યું હતું એવું ભાન કરતાં, આત્મા ચૈતન્ય ચમત્કાર અને પ્રત્યક્ષ થઈને અનુભવમાં આવે એવો એ આત્મા છે. એવો અનુભવમાં સમ્યક્માં લે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો, ભલે ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય. પણ એમાં પડ્યો જ નથી. એ તો એના ચૈતન્ય ચમત્કારમાં પડ્યો છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! આવડો મોટો આત્મા. પેલો કહે, ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? તમારા ... કહેતા હતા ને? વકીલ કહેતા હતા. અરે..! ભાઈ! ગયો ક્યાં? છે ત્યાં છે. પણ તેં નજર નાખી નથી તો ગયો ક્યાં કહે એમાં શું કરવું અમારે? આહાહા..! સમજાણું?

એને જે જે વસ્તુ, નજરમાં, જ્ઞાનમાં જે જે વસ્તુ જ્યાં જ્યાં જણાય છે ત્યાં ત્યાં તેનું જ્ઞાન જાણે છે. અને એ જ્ઞાન જાણે છે એવો એનો સ્વભાવ (છે). એ મારા છે એમ માનીને જાણે એવો એનો સ્વભાવ નથી. એ જુદા છે અને હું જુદો છું, એવું જાણવાનો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવો ચૈતન્ય ચમત્કાર! કહે છે કે ત્રણકાળ, ત્રણલોક શું પણ એથી અનંતગણું હો ને, તોપણ જાણવાનો મારો ચૈતન્યનો એ ચમત્કાર છે. એવો ચમત્કાર જગતની કોઈ ચીજમાં હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે આમ કહ્યું. અને ઇ પરમેશ્વર કેવળી આમ થયા. પોતાના આત્માના સચેતન ચમત્કારને પ્રત્યક્ષ અનુભવ કરી, મિથ્યાત્વ, અજ્ઞાનને ટાળી, સ્વરૂપમાં સ્થિર થઈ જેને પોતાનું માન્યું એમાં રમી અને અજ્ઞાન ને અસ્થિરતાને ટાળીને પરમાત્મા થયા. સમજાણું કાંઈ? જેમાં પોતાનું માન્યું એમાં એ ઠર્યા. રાગાદિ પર લોક આદિ મારા નથી. એને તો જાણનાર છું. એટલે પછી એમાં ઠરવાનું કે એને મારાપણે માનવાનું રહ્યું નહિ, પછી ઠરવાનું એમાં રહ્યું નહિ. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? એય..! બધી લૌકિક ભાષા નહિ, આ બધું સમજવું પડશે. બાકી બધા ધૂળધાણી છે. એમ.એ. ના પૂછડાં વળગાડે. ઉપાધિ કહે છે ને? ડિગ્રી એટલે ઉપાધિ કહે છે. છે ઉપાધિ. આને આ ઉપાધિ છે. વાત સાચી છે. એમ.એ.ની ઉપાધિ ને ફલાણાની ઉપાધિ ને એલ.એલ.બી.ની ઉપાધિ. એય...! આને એલ.એલ.બી.ની ઉપાધિ છે. એલ.એલ.બી.ની. પાસ થયા પછી સરખા રહ્યા. ત્યાં સુધી તો ભણતા હતા. એલ.એલ.બી. આ એલ.એલ.બી ક્યાંથી આવ્યું? એક વકીલાતના જ્ઞાન જેટલો છે ઇ? અને તે જ્ઞાન ભાષા હતી માટે જ્ઞાન થયું છે? જ્ઞાનની સત્તામાંથી તે જ્ઞાન થયું છે.

મુમુક્ષુ :- માસ્તરે ભણાવ્યું તેથી નહિ?

ઉત્તર :- માસ્તર શું ભણાવે? ધૂળ.

મુમુક્ષુ :- પ્રોફેસર બહુ ભાષણ આપે.

ઉત્તર :- હો, પ્રોફેસર બહુ આપે. મારે ગપ્પા એક કલાક અને ઓલો સાંભળે. પરીક્ષામાં પાસ થાવું છે ને! પરીક્ષા પાસ થવા જેટલું કરે. પછી એ પણ બધું ભૂલી જાય. પ્રોફેસર એક કલાક બોલે, આમ છે, આમ છે. ઘણા બધા હોય. બે-પાંચ હજાર છોકરા બેઠા હોય. છોકરાને પરીક્ષામાં પાસ થવું હોય એટલે એટલું શીખે. પછી ક્યાં યાદ રાખવું ન્યાં.

મુમુક્ષુ :- વકીલને તો બધું યાદ રાખવું પડે.

ઉત્તર :- વકીલને યાદ રાખવું પડે. વાત સાચી. આ તો વેપારીની વાત કરી. વેપારીને ધંધો કરવો હોય પછી ભણ્યો હોય તો શું કામનું?

મુમુક્ષુ :- ડોક્ટરને યાદ રાખવું પડે.

ઉત્તર :- ડોક્ટરને ડોક્ટરપણું કરવું છે ત્યાં સુધી એણે યાદ રાખવું પડે. પણ એ યાદને કરનારો પણ એને એનાથી જ્ઞાન થતું નથી, યાદનું થયું એનાથી, એમ કહે છે. એનો પણ જાણનાર છે. આહાહા..! જે કંઈ યાદમાં આવ્યું એનો પણ આ જાણનાર છે. અને એ જાણવાની પોતાની સત્તાથી જાણે છે. એ જાણવાની સત્તા છે થોડી માટે અહીં જાણવાનું જાણે છે એમ નથી.

મુમુક્ષુ :- બધાને ઝીણું પડે.

ઉત્તર :- ભારે ઝીણું પડે. શું થાય પણ? માર્ગ તો જે હોય તે હોય ને. બીજું આવે ક્યાંથી? સમજાણું કાંઈ?

અહીં તો કહ્યું ને? કે કેવી સત્તામાત્ર આત્મા છે? **'અપના રૂપ અપને દષ્ટિગોચર નહીં હૈ તો ભી સૂત્રસહિત હો (સૂત્રકા જ્ઞાતા હો) તો ઉસકે આત્મા સત્તારૂપ...'** સત્તારૂપ-મારું અસ્તિત્વ. આત્માનું હોવાપણું ચૈતન્ય ચમત્કારના હોવાપણાને ધરનારો છું. સમજાણું કાંઈ? એવું થાય તેને પ્રત્યક્ષ થઈ જાય, એમ કહે છે. સમજાણું? **'ચમત્કારમયી સ્વસંવેદનસે...'** જુઓ! સ્વસંવેદનથી. સ્વ એટલે પોતાથી. સં એટલે પ્રત્યક્ષ અનુભવ કરી પોતે આત્મા આનંદસ્વરૂપ છે અને જ્ઞાનમાં બધું જાણવાનું, ત્રણકાળ ત્રણલોકને જાણનાર છે, એમ જ્યાં અલ્પજ્ઞ અને રાગથી ભિન્ન પડીને અધિકપણે અખંડ પૂર્ણ છે એમ જ્યાં ગયો ત્યાં એને પ્રત્યક્ષ થયા વિના રહેતું નથી.

એવા **'સ્વસંવેદનસે પ્રત્યક્ષ અનુભવમેં આતી હૈ ઇસલિયે ગત નહીં હૈ...'** આમ થયા પછી એ સંસારની દશામાં રહેતો નથી. જે અજ્ઞાનમાં એ નાશ થતો હતો એ હવે પછી નાશ થતો નથી. **'વહ જિસ સંસારમેં ગત હૈ ઉસ સંસારકા નાશ કરતા હૈ.'** લ્યો. એ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ એ મારા એવો જે અજ્ઞાનભાવ હતો. એ મારો સ્વભાવ નહિ. હું તો જાણનાર-દેખનાર છું. એવો પોતાના જાણવા-દેખવાના સ્વભાવનો જ્યાં ચમત્કારી ભાવ વેદનમાં-અનુભવમાં પ્રત્યક્ષપણે રાગ અને મનની અપેક્ષા કર્યા વિના ભાન થયું એને આત્મજ્ઞાન કહે છે. એને શાસ્ત્ર કહેવા માગે છે તેને તે જ્ઞાન કહેવા માગે છે. એ શાસ્ત્રનું જ્ઞાન આને કહીએ. સમજાણું કાંઈ? જવાબદારી મોટી મૂકી. આવું હોય તો આમ હોય. એની શરતું ઘણી.

ભાઈ! તું મોટો પ્રભુ છો ને, ભાઈ! આ..હા..હા...! તારા ચૈતન્ય ચમત્કાર, એ ચમત્કારની વેલડી છે. આહાહા..! એ ચમત્કારનો સાગર છે. ગમે એટલું જ્ઞાન કાઢ અને ગમે એટલી જ્ઞેય ચીજ હોય તોપણ તે જ્ઞાન ખૂટે એવું નથી. એવું જ્ઞાન છે ઇ. આવા જ્ઞાનને અંતરમાં એકાગ્ર થઈને પકડવા જાય ત્યાં રાગ વિનાની ચીજનો અનુભવ થાય. એને અહીં ભગવાન સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાન કહે છે. અહીં જ્ઞાન લેવું છે ને? દર્શન સહિતનું જ્ઞાન. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** **'યદ્યપિ આત્મા ઇન્દ્રિયગોચર નહીં હૈ...'** **'अदिस्समाणो'** છે ને? **'તો ભી સૂત્રકે જ્ઞાતાકે સ્વસંવેદનપ્રત્યક્ષસે અનુભવગોચર હૈ,...'** પણ જેને સૂત્રમાં ભગવાને આત્મા કહ્યો, એવો જો જાણે તો સ્વસંવેદન પ્રત્યક્ષ કરી અનુભગોચર ગમ્ય છે. **'વહ સૂત્રકા જ્ઞાતા સંસારકા નાશ કરતા હૈ,...'** વાસ્તવિક ભગવાને કહેલો આત્મા શાસ્ત્રમાં જે કહ્યો છે એવું જે જ્ઞાન કરે એને પછી સંસાર રખડવાનું રહેતું નથી. **'આપ પ્રગટ હોતા હૈ, ઇસલિયે સૂઈકા દૃષ્ટાંત યુક્ત હૈ.'** **'આપ પ્રગટ હોતા હૈ,...'** જે અજ્ઞાન અને રાગ-દ્વેષ છે એ પ્રગટપણે મારા છે એમ જે માન્યું હતું એણે ચૈતન્ય ચમત્કારમય આત્મા છું એમ માન્યું તો આત્મા પ્રગટ થયો. છે એવો પ્રત્યક્ષમાં આવ્યો. એને આત્મજ્ઞાન અથવા શાસ્ત્રનું જ્ઞાન (કહે છે). અને એ સંસારના નાશ કરવાનો આ ઉપાય છે. બીજો કોઈ દુઃખને નાશ કરવાનો ઉપાય છે નહિ. ચોથી ગાથા (પૂરી) થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૪ ગાથા-૪, ૫, ૬ ગુરુવાર, જ્યેષ્ઠ વદ ૧૪, તા. ૨-૦૭-૧૯૭૦

**ભાવાર્થ :-** **'યદ્યપિ...'** જોકે **'આત્મા ઇન્દ્રિયગોચર નહીં હૈ...'** હિન્દી છે ને આમાં હિન્દી? આ આત્મા જે વસ્તુ છે એ કંઈ આ ઇન્દ્રિય જડ છે એને ગમ્ય નથી. એનાથી જણાય એવો નથી. આ તો જડ છે અને પોતે તો ચૈતન્ય, અરૂપી જ્ઞાન અને આનંદનો પિંડ ચૈતન્ય અરૂપી ઘન છે, એ કંઈ ઇન્દ્રિયથી જણાય નહિ. **'તો ભી સૂત્રકે જ્ઞાતાકે...'** ભગવાને શાસ્ત્ર કહ્યા એનું જે સ્વરૂપ આત્માનું કહ્યું એવું જો એ સાંભળે, જાણે તો એને આત્મા પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાય.

**'સૂત્રકે જ્ઞાતાકે સ્વસંવેદનપ્રત્યક્ષસે અનુભવગોચર હૈ,...'** અંતર જ્ઞાન જે પરને જાણે છે, જ્ઞાનની અવસ્થા વર્તમાન પ્રગટ દશા જે પરને જાણે છે એ જ જ્ઞાનની દશા સ્વને જાણે તો અનુભવમાં આવે. સમજાણું કાંઈ? તો એને ધર્મ થાય, એમ કહે છે.

મુમુક્ષુ :- ધર્મનું કારણ છે કે સુખનું કારણ છે?

ઉત્તર :- સુખ કહો કે ધર્મ કહો, બધી એક જ ચીજ છે એ તો. ધર્મ કહો કે સુખ કહો.

આત્મા અતીન્દ્રિય, ઇન્દ્રિયથી ન જણાય એવો આનંદમૂર્તિ છે. એ તો અતીન્દ્રિય સ્વરૂપ છે. એમાં અતીન્દ્રિય આનંદનું એનું પૂરું અરૂપી રૂપ છે. એ અતીન્દ્રિય આનંદ ઇન્દ્રિયથી જણાય કે અનુભવાય એવો નથી. છતાં ભગવાને કહેલા શાસ્ત્રોથી એના ખ્યાલમાં અનુભવમાં આવે એવો એ આત્મા છે. એ કહ્યું ને? **'સ્વસંવેદનપ્રત્યક્ષસે...'** જ્ઞાન, જે જ્ઞાનની પ્રગટ અવસ્થા, પર્યાય જેને

કહીએ, જ્ઞાનની વર્તમાન દશા આમ જાણે છે, એ જ્ઞાન આમ જાણે માટે ઇન્દ્રિયગમ્ય થતું નથી. પણ એ જ્ઞાનની પર્યાય અંતર સ્વભાવ જે પૂર્ણ ત્રિકાળ છે એ ઉપર જો વર્તમાન અવસ્થાને અંદર દોરે તો પ્રત્યક્ષ થઈ શકે, અનુભવમાં આવી શકે એવો એ આત્મા છે. સમજાણું કાંઈ?

**'વહ સૂત્રકા જ્ઞાતા સંસારકા નાશ કરતા હૈ,...'** અધર્મ, જે અજ્ઞાન, રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપના ભાવ, એ મારા, એ એના નથી છતાં એ મારા એવો જે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષનો ભાવ એ દુ:ખ છે, સંસાર છે. એનો સૂત્રનો જ્ઞાતા પોતાના સ્વભાવ સન્મુખ થઈને પોતાના જ્ઞાનના આનંદને પોતે પોતાથી પ્રત્યક્ષ કરીને વેદે અને અનુભવે એને સંસારનું દુ:ખ રહેતું નથી.

સંસારનું દુ:ખ એટલે? આ આધિ, વ્યાધિ ને ઉપાધિ ઇ નહિ. શરીરમાં રોગ થાય, પ્રતિકૂળતાની ઉપાધિ હોય, એ નહિ. પણ આધિ અંદર સંકલ્પ, વિકલ્પ જે પુણ્ય-પાપના ભાવ (થાય) અને રાગ-દ્વેષ, શુભ-અશુભભાવ એ વિભાવ છે, દુ:ખ છે, વિકાર છે. છતાં એ સ્વભાવમાં નથી, વસ્તુની મૂળ સ્થિતિમાં એ નથી છતાં એને પોતાના માનવા અને પોતાનો આનંદ સ્વભાવ છે તેને ભૂલવું, એવો જે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ ભાવ એ દુ:ખરૂપ દશા છે. એ સંસાર દશા દુ:ખરૂપ છે. 'સેઠી'!

દુ:ખ એ કંઈ સંયોગમાં નથી. તેમ દુ:ખ એ કંઈ સ્વરૂપમાં નથી. સ્વરૂપ તો આનંદનું ધામ ચૈતન્યસ્વભાવ છે. એની સ્થિતિની સત્તાના સ્વીકાર વિના રાગ અને દ્વેષ કૃત્રિમ ક્ષણિક ઉપાધિ, મેલ, જે નિર્મળાનંદ ભગવાનમાં એ મેલ નથી, છતાં એ મેલ મારો અને હું એટલો એવો જે ભાવ, તે મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષના ભાવ (છે) એ દુ:ખ (છે). આરે! આવી ઝીણી વાતું. ડોક્ટર! આવું તત્ત્વ છે. વીતરાગનું તત્ત્વ કેવળીનું કહેલું ન્યાયથી બેસી શકે છે, જો ખ્યાલ રાખે તો. આ કંઈ એવી વાત નથી કે ન સમજાય. શું કહે છે એ તો ખ્યાલમાં આવે ને. સમજાણું કાંઈ?

ધર્મ કરવો છે એનો અર્થ એ થયો કે એની દશામાં, વર્તમાન હાલતમાં ધર્મ નથી એટલે કે અધર્મ છે. અધર્મ એટલે કે રાગ અને દ્વેષ અને મિથ્યાભ્રાંતિ એવી એની દશામાં દુ:ખદશા છે. એ અધર્મ છે. એ અધર્મનો જેને નાશ થાય. કઈ રીતે? સમજાણું કાંઈ? જે આનંદસ્વરૂપ ભગવાનના શાસ્ત્રમાં કહ્યું, કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જોયા, જાણ્યા એની વાણીમાં આવ્યું કે ભાઈ! તારું સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદનું તત્ત્વ છે. તારા સત્‌નું સત્ત્વ, તારા હોવાપણાનો ભાવ, તું એક હોવાવાળો પદાર્થ છો, સત્તાવાળું સત્, એનો ભાવ આનંદ અને જ્ઞાન એનો ભાવ છે. એ પુણ્ય-પાપના વિકલ્પો, વૃત્તિ ઉઠે એ એનો સ્વભાવભાવ નથી. એ તો વિભાવ છે. કહો, સમજાય છે કાંઈ? એ વિભાવ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. એ દુ:ખ છે, એ સંસાર છે, એ પરિભ્રમણરૂપ ભાવ છે. 'મગનભાઈ'!

એની વર્તમાન પર્યાય એટલે અવસ્થા, અલ્પજ્ઞ અને અલ્પ વીર્ય, અલ્પ દર્શી અને રાગ (છે). એટલામાં એની દૃષ્ટિ અનાદિની હોવાથી મહા ચૈતન્યનો દ્રવ્યસ્વભાવ, વસ્તુ સ્વભાવ એણે દૃષ્ટિમાં લીધો નથી. અને દૃષ્ટિમાં ફક્ત એ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષનું હોવાપણું તે હું, એમ સ્વીકારીને મિથ્યા ભ્રાંતિમાં દુ:ખમાં પડ્યો છે. કહો, 'મલૂકચંદભાઈ'! આ બધા પૈસાવાળા સુખી હશે કે નહિ?

માણસો કહે છે ને? મોટા વકીલોને પાંચ-પાંચ હજારનો મહિને પગાર મળે કે રળે.

મુમુક્ષુ :- ઇ કર્મી કહેવાય છે, ધર્મી નથી કહેવાતા.

ઉત્તર :- ઇ કર્મી કહેવાય. અમારા કુટુંબમાં કર્મી પાક્યો છે, એમ કહે છે ને ઇ? એય..! 'ચીમનભાઈ'! શું કહે તમને? કે અમારા 'ચીમનભાઈ' પણ કર્મી પાક્યા છે. કર્મના કરનારા. અધર્મ એવા વિકારીભાવ, એના કરનારાને અહીં કર્મી કહેવામાં આવે છે. હવે એને ધર્મી થવું હોય તો શું થાય? એટલે કે એને સુખી થવું હોય તો શું થાય?

કહે છે કે ભગવાને જે શાસ્ત્રમાં આત્મા કહ્યો,.. પરવસ્તુ છે, ઇ કહેશે હમણાં પછી, એ બધી હેય છે, એનામાં એનો આશ્રય કરવા જેવો નથી, પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને શરીર, વાણી, મન બધું એનો આત્મા અંદર પૂર્ણ વસ્તુ અનાદિ અવિનાશી સ્વભાવવાળું તત્ત્વ છે, એનું અંદર જ્ઞાન કરીને એના વેદનમાં (આવે). જે રાગ-દ્વેષનું વેદન છે, દુઃખ છે એ જ વેદન ગુલાંટ ખાઈને ચૈતન્યમૂર્તિ આ આનંદસ્વરૂપ છે એમ અંતરનું જ્ઞાન, અંતરની દશા, અંતરના સ્વભાવને વેદે, જાણે, અનુભવે ત્યારે તે ભાવ દુઃખની દશાના ભાવનો નાશ કરે છે. ભારે, ભાઈ! આ બધું બહારનું કંઈ કરવું હોય કે જાત્રા કરી નાખવી કે આ (કરવું હોય તો ખબર પણ પડે). એય..! 'મગનભાઈ'! આવો માર્ગ હશે? આહાહા..!

ભગવાન તું તો પૂર્ણ પ્રભુ છો ને, ભાઈ! તને ખબર નથી. તારી મોટપની, તારી મહિમાની તને ખબર નથી અને જે મહિમા વિનાની ચીજ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ (ભાવ છે) એની તને અનાદિથી મહિમા થઈ છે. સમજાણું કાંઈ? એ મહિમામાં તારી મહિમા લૂંટાઈ જાય છે. એમ ભગવાને જે શાસ્ત્રમાં કહ્યું એનું અંતર પહેલું જ્ઞાન કરે, શાસ્ત્ર આમ કહે છે, તે પછી શાસ્ત્રમાં એમ કહે છે કે તારો ચૈતન્યપ્રભુ મહા હોવાવાળું તત્ત્વ અનાદિ અવિનાશી છે એની અંતર દૃષ્ટિ કર અને છે તેને લક્ષમાં લઈને આનંદનું વેદન કર. એમાંથી તને આત્મા પ્રત્યક્ષ થશે અને જે રાગ-દ્વેષ અને અજ્ઞાન સંસારનો ભાવ છે એનો નાશ થશે. ગમે ત્યાં આવો જ્ઞાની જાય, નરકમાં (જાય) પણ એ નીકળી પ્રસિદ્ધ થઈને પરમાત્મા થશે, એમ કહે છે. એ ક્યાંય ગોથા ખાશે નહિ. સમજાણું કાંઈ? ભારે પણ. એની શરતું ભારે આકરી. કંઈ કરવું હોય કે પાંચ-પચીસ હજાર દેવા હોય તો હંમેશાં બાર મહિને બે-પાંચ શેત્રુંજયની જાત્રા કરવી. શું કહેવાય? સમ્મેદશીખર. ભગવાન મોક્ષ પધાર્યા માટે ન્યાં જાત્રા (કરવી). પણ જાત્રા એ તો શુભભાવ છે, એ કંઈ ધર્મ નથી. એ તો પુણ્યભાવ છે. પાપથી બચવા માટે એ પ્રકારના વિકલ્પની જાત હોય છે. એ કંઈ ધર્મનું રૂપ નથી. સમજાણું કાંઈ? આ આકરું કામ. દુનિયા એને ધર્મ માને. 'રમણીકભાઈ'! આહાહા..!

**'સૂત્રકા જ્ઞાતા સંસારકા નાશ કરતા હૈ, આપ પ્રગટ હોતા હૈ,...'** એ ગમે ત્યાં હોય પણ એ પોતે પ્રસિદ્ધિને પામે છે. હું આત્મા (છું). જેવો સ્વભાવ શુદ્ધ આનંદ છે એની સત્તાનો અંતર મહિમાથી સ્વીકારમાં જ્યાં દૃષ્ટિમાં આવ્યો એટલે એના જ્ઞાનમાં એનું જ્ઞાન થયું, શ્રદ્ધામાં એની પ્રતીતિ થઈ, ચારિત્રમાં એના આનંદનું વેદન થયું. ભારે વાત. આવો ધર્મ! ધર્મ આવો હશે? એથી બીજી રીતે લોકોએ ઘરનો કલ્પ્યો છે એ બધા હારી જવાના રસ્તા છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ઇસલિયે સૂઈકા દષ્ટાંત યુક્ત હૈ.'** જે સોઈ દોરા સહિત હોય તે ખોવાય નહિ. એમ જેને આત્માનું અંતર જ્ઞાન હોય એ ચોર્યાશીમાં ક્યાંય બૂડે નહિ. એ તરતો ને તરતો બધે સ્થાને રહે, એમ કહે છે. હવે પાંચમી (ગાથા).

---

आगे सूत्रमें अर्थ क्या है वह कहते हैं -

## ગાથા-૫

**सुत्तत्थं जिणभणियं, जीवाजीवादिबहुविहं अत्थं।**
**हेयाहेयं च तहा, जो जाणइ सो हु सद्दिट्ठि।।५।।**

सूत्रार्थं जिनभणितं जीवाजीवादिबहुविधमर्थम्।
हेयाहेयं च तथा यो जानति स हि सद्दृष्टिः।।५।।

**જિનસૂત્રમાં ભાખેલ જીવ-અજીવ આદિ પદાર્થને;**
**હેયત્વ-અણહેયત્વ સહ જાણે, સુદષ્ટિ તેહ છે. ૫.**

अर्थ :- सूत्रका अर्थ जिन सर्वज्ञ देवने कहा है और सूत्रका अर्थ जीव अजीव आदि बहुत प्रकारका है तथा हेय अर्थात् त्यागने योग्य पुद्गलादिक और अहेय अर्थात् त्यागने योग्य नहीं इसप्रकार आत्माको जो जानता है वह प्रगट सम्यग्दृष्टि है।

भावार्थ :- सर्वज्ञभाषित सूत्रमें जीवादिक नवपदार्थ और इनमें हेय उपादेय इसप्रकार बहुत प्रकारसे व्याख्यान है उसको जानता है वह श्रद्धावान सम्यग्दृष्टि होता है।।५।।

---

## ગાથા-૫ ઉપર પ્રવચન

**'આગે સૂત્રમેં અર્થ ક્યા હૈ વહ કહતે હૈં :-'** શાસ્ત્રમાં શું પદાર્થ કહ્યા છે એમ કહે છે. શાસ્ત્રમાં-ભગવાનના શાસ્ત્રમાં પરમેશ્વર તીર્થંકરદેવ એમના સિદ્ધાંતમાં શું પદાર્થો કહ્યા છે, કેટલી જાતના કેવા શું છે, એની વાત કરે છે.

**सुत्तत्थं जिणभणियं, जीवाजीवादिबहुविहं अत्थं।**
**हेयाहेयं च तहा, जो जाणइ सो हु सद्दिट्ठि।।५।।**

**અર્થ :- 'સૂત્રકા અર્થ જિન સર્વજ્ઞ દેવને કહા હૈ...'** સૂત્રમાં અર્થ નામ પદાર્થનું સ્વરૂપ છે એ ભગવાને કહ્યું છે. તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ ત્રણકાળનું જ્ઞાન કર્યું. વળી, બહુરી એટલે વળી. ત્યાં વળી છે, ગુજરાતીમાં વળી છે ને? કે અથવા? બહુરી નથી. એ તો સૂત્ર વિશે અર્થ કહે હૈં. ઠીક!

સૂત્રને વિષે જે પદાર્થ છે, ભગવાને કહ્યા જે પદાર્થો છે એમાં એક **'જીવ, અજીવ આદિ બહુત પ્રકારકા હૈ...'** ભગવાને નવ તત્ત્વ કહ્યા. સમજાણું કાંઈ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આ ભગવાન કેવળીએ નવપદાર્થ કહ્યા. એમાં જીવ અને અજીવ બે દ્રવ્ય-વસ્તુ છે અને ઓલી સાત એની પર્યાય એટલે દશા ને હાલત છે. સમજાણું કાંઈ? જીવ અને અજીવ બે સામાન્ય તરીકે દ્રવ્ય-વસ્તુ છે અને એમાં પુણ્ય-પાપ, આસ્રવ, બંધની વિકારી દશા છે અને સંવર, નિર્જરા અને મોક્ષ એ નિર્વિકારી દશા છે. એવા નવ પદાર્થ ભગવાને કહ્યા.

**'તથા હેય અર્થાત્ ત્યાગને યોગ્ય પુદ્ગલાદિક...'** લ્યો. આ શરીર, વાણી, મન એ લક્ષમાંથી છોડવા જેવા છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આ શરીર, વાણી, મન, કર્મ એ પુદ્ગલ જડ માટી છે. આ મકાન, પૈસા, આબરૂ, કીર્તિના શબ્દો બધા જડ માટી પુદ્ગલ છે. એને ત્યાગવા યોગ્ય છે. એટલે કે એ આત્મામાં નથી માટે છોડવા લાયક છે. અને એના નિમિત્તથી આત્મામાં થતાં પુણ્ય-પાપના ભાવ... સમજાણું? એ પણ ત્યાગવા લાયક છે. શુભ-અશુભભાવ એ દુઃખરૂપ ભાવ છોડવા લાયક છે.

અને **'ઔર અહેય અર્થાત્ ત્યાગને યોગ્ય નહીં...'** એવો આત્મા. એક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ આનંદનું ધામ એ એક અહેય-છોડવા લાયક નથી. એ આદરવા લાયક છે. એમ. શું કહ્યું ઇ? આ આત્મા વસ્તુ છે. પૂર્ણ જ્ઞાન, આનંદ આદિનું ધામ દ્રવ્ય-વસ્તુ. એની પર્યાય એટલે હાલત એટલે દશામાં જે શુભ-અશુભ વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિના થાય કે કામ, ક્રોધના વિકલ્પ થાય એ બધા છોડવા લાયક છે. કારણ કે આત્માનું સ્વરૂપ અને સ્વભાવ એમાં નથી. એ છોડવા લાયક છે તો જેના લક્ષે થાય છે એ પણ છોડવા લાયક છે. આહાહા..! કહે છે કે દૃષ્ટિમાંથી બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, હજીરા.. હજીરા એટલે મકાન. બે, પાંચ, દસ લાખનો મોટો હજીરો હોય ને? એ બધાનું લક્ષ છોડવા લાયક છે. કારણ કે ઇ તારામાં નથી, તું એનો નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

એમ આત્માની દશામાં જે કંઈ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધના ભાવ થાય એ પાપ છે. એ પણ છોડવા લાયક છે એટલે એની દૃષ્ટિ કરવા લાયક નથી. તેમ આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો શુભ વિકલ્પ થાય એ પણ દૃષ્ટિ કરવા જેવી નથી. કારણ કે એ છોડવા લાયક છે. આહાહા..! 'મલૂકચંદભાઈ'! સમજાય છે આ? આરે! આ ભારે પણ. બહારમાં પૈસાએ મારી નાખ્યા લાગે છે. નહિ? પૈસા મારતા હશે? પૈસા પ્રત્યેનો મોહ કરે છે ને એ મોહ મારી નાખે છે જીવને. એ તો ચીજ છે, ચીજ ક્યાં બિચારી અહીં આવી જાય છે. આહાહા..!

આવું જીવન ચૈતન્યનું...! કહે છે કે એ તો ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ જ્ઞાનનો ભંડાર, જ્ઞાનનો દરિયો, આનંદનું સરોવર પ્રભુ છે. એ ઉપાદેય છે. ઉપાદેય એટલે તેનો આશ્રય કરવા લાયક છે. આહાહા..! વસ્તુ છે આત્મા સત્તા અને તેના ભાવમાં-સ્વભાવમાં જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિરૂપ સત્ત્વ સ્વભાવ છે. એવા અનંત સ્વભાવનું એકરૂપ એવો જે આત્મા એ જ આશ્રય કરવા લાયક છે. ત્યાં દૃષ્ટિ મૂકવા લાયક, એને ધ્યેય બનાવવા લાયક એ અહેય છે, એ છોડવા લાયક નથી. અહેય એટલે છોડવા લાયક નથી. આરે! ભારે વાત, ભાઈ! છોડવાનો

અર્થ? આમ છોડવું એમ નહિ. પણ તેનામાં લક્ષ કરવા લાયક નથી તેને હેય કહીએ. અને જ્યાં લક્ષ કરવા લાયક એવું દ્રવ્ય છે તેને ઉપાદેય-અહેય કહ્યું. સમજાણું કાંઈ?

પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્માએ સભામાં આમ ઉપદેશ કર્યો હતો. એ ઉપદેશને શાસ્ત્ર કહેવામાં આવે છે. એ શાસ્ત્રમાં આત્મા આદરણીય છે અને બીજું હેય છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે સુખી થવું હોય અને દુઃખરૂપ વિકારી સંસાર દશાનો નાશ કરવો હોય અને એ દુઃખરૂપ દશાના નાશમાં નાશ વ્યય થતાં આનંદની ઉત્પત્તિ અને સુખની દશા પ્રગટ કરવી હોય એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય એણે સ્વદ્રવ્ય ત્રિકાળી જ્ઞાયક છે એનો આશ્રય કરવો. આહાહા..! સમજાણું કાંઈ?

**'અહેય અર્થાત્ ત્યાગને યોગ્ય નહીં ઇસપ્રકાર આત્માકો જો જાનતા હૈ...'** ભગવાન ચૈતન્યબિંબ જ્ઞાનનો સૂર્ય છે. જેમ આ સૂર્ય રજકણનો પિંડ છે. બહારનો સૂર્ય. ભગવાનઆત્મા ચૈતન્યનો સૂર્ય (છે). સમજાણું કાંઈ? એવો પરિપૂર્ણ જ્ઞાન અને આનંદ (સ્વરૂપ છે). મુખ્ય બે વસ્તુ, બાકી એની સાથે બીજી અનંત હો ભલે. જ્ઞાન અને આનંદમાં એ વીતરાગતાની શાંતિ ભેગી આવી જાય છે. એ જ્ઞાનસ્વરૂપ છે, શાંતસ્વરૂપ વીતરાગસ્વરૂપ છે. આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો રસ વસ્તુનું સ્વરૂપ છે. એવો જે પૂર્ણ સ્વભાવ (છે) તે આદરવા લાયક છે. ધર્મ કરનારને તેનો આશ્રય કરવા લાયક છે. સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ, ભાઈ! આવો ક્યાંથી કાઢ્યો? વીતરાગનો આવો ધર્મ હશે?

ભક્તિ કરવી, ચોવિહાર કરવો, રાત્રે ખાવું નહિ, કંદમૂળ ખાવા નહિ. ઇ તો બધી બહારની વાતું, સાંભળ ને! કોણ ખાય? ને કોણ છોડે? પરદ્રવ્ય છે એને છોડે કોણ? ને ખાય કોણ? એ તો પર છે. સમજાણું કાંઈ? એને ખાવાનો જે વિકલ્પ આદિ હતો એ છોડવો એમ જ્યારે નક્કી થાય ત્યારે પેલી ક્રિયા પણ મારી નથી એમ નક્કી થઈને એનો નિર્વિકલ્પ ચૈતન્ય સ્વભાવ છે એ આદરણીય છે, ઉપાસનીય છે, સેવવા લાયક છે, આશ્રય કરવા લાયક છે. એને અહેય જાણ અને રાગાદિને હેય જાણ. એવો અંતરમાં વિવેક પ્રગટે ત્યારે એને આત્માનું સમ્યગ્દર્શન થાય. સમ્યક્ એટલે આત્મા જેવો છે એવો, સમ્યક્ એટલે સાચું પ્રતીત અને દર્શન થાય. ભારે વાતું. સમજાણું કાંઈ? જૈનમાં જન્મ્યા હોય એણે સાંભળ્યું ન હોય. સાંભળ્યું હોય તો ઇ (સાંભળ્યું હોય કે) ભક્તિ કરો, શાંતિ સ્તોત્ર કરો, ... કરો. આ કહે, સામાયિક કરો. પણ કોની સામાયિક? કોનામાં જાવું? સમજાણું કાંઈ?

આત્મા પોતાનું અસ્તિત્વ હયાતીમાં, આત્માની હયાતીમાં-એની સત્તામાં તો જ્ઞાન, શાંતિ અને આનંદ આદિ સ્વભાવ ભર્યા છે. એનામાં કંઈ આ શરીર, વાણી, મન, દેશ, કુટુંબ, બાયડી, છોકરા, કુટુંબ ને પુણ્ય-પાપ ભાવ કંઈ એનામાં પડ્યા નથી. અરે! ભારે. જેને સાચી દૃષ્ટિ કરવી છે એટલે કે વસ્તુ જેવી છે તેવી સત્ય દૃષ્ટિ કરવી છે તો એણે પૂર્ણાનંદનો નાથનો આશ્રય કરીને, ઉપાદેય કરીને અનુભવ કરવા લાયક છે. આહાહા..! સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :- સમજાય છે.

ઉત્તર :- સમજાય છે? ઠીક. આ તો સાદી ભાષાથી વાત કરીએ છીએ. આ કંઈ બહુ ઝીણી નથી. લોજીકથી, ન્યાયથી ટુંકી ભાષામાં કહેવાય છે. કોઈ લાંબુ સંસ્કૃત વ્યાકરણ ભણ્યો હોય એને સમજાય એવું કાંઈ નથી. આ તો સાદામાં સાદી (ભાષા છે).

મુમુક્ષુ :- નાનું બાળક પણ સમજી શકે.

ઉત્તર :- નાનું બાળક સમજે છે. ચાર ચોપડીનો ભણેલો. અમારે 'ધરમચંદભાઈ' કહે છે કે નહિ? માસ્તર કહે છે, ચાર ચોપડીનો ભણ્યો હોય ઇ પણ સમજે. આહાહા..! એને ભણવાની બહારની ક્યાં જરૂર છે, કહે છે.

જેના સામું એણે કોઈ દિ' જોયું નથી અને જેના સામું જોયું એ ચીજ એની નથી. શરીર, વાણી, મન જડ. બાયડી, છોકરા, કુટુંબ, દેશ અને આ પુણ્ય-પાપના ભાવ જે રાગ, વિકાર છે એની સામું જોયું છે. જે એનું નથી તેની સામું જોયું અને એનાથી રહિત જે છે તેની સામું જોયું નથી. સુખી થવું હોય તો એની સામું જોઈને એનો આશ્રય કર, એમ કહે છે. આ..હા...! આ તો ભારે. કહો, સમજાય છે કે નહિ? એય...! 'કમલેશ'! એય...! છોકરાઓ તો આત્મા છે કે નહિ? ભગવાન તો કહે છે, આઠ-આઠ વર્ષના છોકરાઓ કેવળજ્ઞાન પામે. આહાહા..!

આઠ-આઠ વર્ષના રાજકુમારો, હોં! ચક્રવર્તીના કુંવરો જ્યાં સાંભળે.. આહા...! આ સંસાર દાહ રાગ-દ્વેષ ને અજ્ઞાનમાં બળી રહ્યા છે, એમ ભગવાન કહે છે. માટે બળતરાથી જેને છૂટવું હોય તો અંતરના આનંદમાં જા. એમ ભગવાને કહ્યું, સાંભળ્યું ને એકદમ આત્માનું ભાન કરીને એકદમ ત્યાગી થઈ ગયા. આહાહા..! માતા! અમને અમારો અનુભૂતિનો આનંદ જે અંતરમાં છે એને અમે જાણ્યો છે, એને અનુભવ્યો છે. માતા! હવે વિશેષ અનુભવ કરવા રાગની ઉપેક્ષા તો કરી છે પણ હજી રાગની અસ્થિરતા વર્તે છે એ સ્વરૂપમાં સ્થિરતા કરીને નાશ થતાં મને મોક્ષ થાય. એટલે કે અનંત આનંદ પ્રગટે. માતા! રજા દે. અમે વનમાં ચાલ્યા જશું. આહાહા..! ધન્ય અવતાર! નાનું કમંડળ હોય, એક મોરપીંછી હોય. મુનિને શરીરની નગ્ન દશા હોય, હોં! માર્ગ એવો છે. જરી જીણો છે પણ સાંભળજો. સમજાણું કાંઈ? એય..! ચાલી નીકળે આમ વનમાં, હોં! એકલા વનમાં સિંહની પેઠે (ચાલી નીકળે). અમારા સ્વભાવને શોધવા... શોધીને નક્કી ઇ તો કર્યો છે પણ વધારે શોધીને સ્થિર થઈને કેવળજ્ઞાન લેવા ચાલ્યા જાવું છે. આહાહા..!

જ્ઞાની સંસારમાં હોવા છતાં ગૃહસ્થાશ્રમની દશામાં (હોવા) છતાં ક્યાંય રુચિ અને પ્રેમ નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને રાગમાં રુચિ અને પ્રેમ નથી તો પુણ્યના ફળના સંયોગો મળે, ધૂળધાણી ને બે પાંચ કરોડ, દસ કરોડ, ધૂળ કરોડ (હોય) એનો પ્રેમ ધર્મીને ન હોય, ભાઈ! એ તો અજીવતત્ત્વ છે. આહાહા..! એય..! 'મલૂકચંદભાઈ'! તમારે જાવું છે ને બધો વૈભવ જોવા? પેલો આવે તો (કહે), અહીં આવજો. આનો છોકરો કહે, 'અમેરિકા' આવે એ મૂર્ખ છે. શું કીધું? મૂર્ખ કીધું?

મુમુક્ષુ :- 'અમેરિકા' જાય એ મૂર્ખ.. 'સ્વીટઝર્લેન્ડ' જાય એમાં...

ઉત્તર :- 'સ્વીટઝર્લેન્ડ' તો એનો બાપ છે. ન્યાં ઉપાધિના પાર ન મળે. મૂર્ખ કે શું? એનો દીકરો ગયો છે ને, 'અમેરિકા'. બાપુજી! અહીં 'અમેરિકા'માં આવે ઇ મૂર્ખ હોય ઇ આવે. ઉપાધિનો પાર ન મળે. રાગ-દ્વેષ.. રાગ-દ્વેષ.. રાગ-દ્વેષ... આખો દિ'. અને કૂતરાની જેમ દોડે અને ભસે. ... ન્યાં તો રિવાજ એવો કે મોટરને સીત્તેર માઈલથી ઓછી હંકાઈ નહિ. એવો ન્યાં મોટા શહેરમાં રિવાજ છે. કારણ કે પાછળની મોટરને એકદમ જાવું હોય (આગળવાળો) હળવે હળવે હાંકે તો આને ખોટી થાય, કાળ જાય. અને કૂતરા જેવો કાળ હોય. ભૂં.. ભૂં.. કરે.

એકદમ દોડીને પૂરું કરે એવું તો કામ હોય. એ... 'ચીમનભાઈ'!

મુમુક્ષુ :- એવું તો 'મુંબઈ'માં પણ છે.

ઉત્તર :- 'મુંબઈ'માં પણ છે પણ આવું નહિ. .... બજારમાં આવે છે. એને સીત્તેર માઈલથી હેઠે હાંકવું એ દંડપાત્ર થાય. કારણ કે પાછળ કેટલા માણસોને ક્યાં જાવું હોય અને તું હળવે હળવે હાંક તો પાછળવાળાને કાળ ચાલ્યો જાય, બિચારાને વખત જાય. એય..! આહાહા..! આ તે કાંઈ હડકાયા કૂતરા જેવું જીવન છે ને. હાઉ... હાઉ.. હાઉ.. કરીને આ કરું, આ કરું, આ કરું. અરે...! સાંભળને જુવાન! રાગને કરવું એ જ્યાં તારું સ્વરૂપ નથી, જડના કામ તો તારા હોઈ શકે કેમ? આહાહા..! સમજાણું કાંઈ? તું તો જ્યાં હોય ત્યાં રાગાદિ બધી ચીજને એને અડ્યા વિના જ્ઞાન (કરે) અને જાણનારો તું છો. એવી તારી સત્તાના સ્વભાવનું સ્વરૂપ છે. આહાહા..! શું થાય?

કહે છે, એક આત્મા અહેય છે. એમ કહે છે ને? અહીં તો બે ભાગ કરીએ છીએ ને? હેય અને અહેય. સમજાણું કાંઈ? આહાહા..! ભારે પણ આવું! અમારે પરણવું, ધંધો કરવો કે આ કરવું? કરવું શું? મા-બાપ પરણાવ્યા વિના છૂટકો કરે નહિ. તને મોટો કર્યો, કેટલા ખર્ચ્યા. હવે દે પાછા એટલા. તને 'અમેરિકા' મોકલ્યો ઇ ચાલીસ હજાર ખર્ચ્યા, પચાસ હજાર ખર્ચ્યા. એય..! તમે તો ક્યાં ખર્ચ્યા છે? તમારે તો ... ન્યાં. આહાહા..! પાછો માથે બોજો નાખે. ત્રીસ હજાર ખર્ચ્યા, તને ખબર નથી? ન્યાં નોકરી કરજે ... ભણજે પાછો. એમ ચાલે છે કે નહિ ન્યાં? સાંભળેલું છે. આહાહા..! અરે..! આ તે જીવન કાંઈ? હડકાયા કૂતરા જેવા જીવન છે. ભલે પછી બે-પાંચ-દસ કરોડ મૂડી હોય. ધૂળ. પણ હડકાયા કૂતરા જેવા હડકાયા છે એ બધા. એય..! 'ચીમનભાઈ'! ઇ મોકલે છે ને. એના છોકરાનો છોકરો ગયો છે... ન્યાં હડકવા છે. લાવો આટલો માલ, પચાસ હજારનો, લાખનો, બે લાખનો ધૂળ. આહા..! અરે...! ભગવાન! તારા લક્ષ વિના લખપતિ કોઈ દિ' ન થવાય, હોં! તારા લક્ષ વિના લખપતિ ન થવાય. પરના લક્ષે તો હાર છે, ભાઈ! આહાહા..! ઇ અહીંયા કહે છે.

અહીં ભગવાને એમ કહ્યું, ભગવાન! જ્યાં તું ઊભો હોય, કોઈપણ ગતિમાં તું જઈશ તો ઇ ગતિ તારી નથી. જે ગતિમાં ઊભો હોય ત્યાં ગતિ તારી નથી. આહાહા..! તારો તો અંદર આનંદ ને જ્ઞાન ચૈતન્યબિંબ સ્વભાવ છે. એનો આશ્રય કર. એ છોડવા લાયક નથી. એનું લક્ષ કરવા જાય છે. એનું લક્ષ છોડવા લાયક નથી. રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પો અને બાહ્ય ચીજોનું લક્ષ છોડવા જેવું છે. લક્ષ છોડવા લાયક છે એટલી વાત. એટલે ઇ છોડવા લાયક, કીધું. એમ. સમજાણું કાંઈ? ભારે પણ. શરતું આકરી ભારે. ધંધાથી કાંઈ થતું હોય કે નહિ? અમે આ રળ્યા છીએ દસ લાખ, એમાંથી બે લાખ ખર્ચી નાખીએ, ચાલો. ધર્મ થાય કે નહિ? ધૂળેય ન થાય. સાંભળને! તારા દસ લાખ કેવા? એ તો જડ છે, માટી છે.

મુમુક્ષુ :- તો પછી ગરીબ માણસે શું કરવું?

ઉત્તર :- તો ગરીબ માણસને શું કરવું? પૈસાથી ધર્મ થાતો હોય તો રાંકને રોવું પડે. ધર્મ એ ચીજ એવી નથી. બહારમાં તો પૈસા ખર્ચે એને ખુરશી પહેલી આપે, લ્યો. આવો આવો શેઠ, આવો. રખડવાની ખુરશી આપે બેસવાની. આવો શેઠસાહેબ! કાલે એણે બે લાખ આપ્યા હતા. અરે! ધૂળેય નથી, સાંભળને! પૈસા તો અજીવ ધૂળ છે. એ ચીજ તારી હતી તે મેં

આપ્યા? મેં આપ્યા એ તો જડનો સ્વામી થયો, એ તો મિથ્યાદૃષ્ટિ થયો. એણે તો મિથ્યાત્વનું પાપ બાંધ્યું, એમ કહે છે. આહા..! એય..! એક લાખ કાઢ્યા છે, શું કરશે .... પેલો કહે, નિશાળમાં આપો, પેલો કહો કે અહીં આપો, બાપને કહે, અહીં દેવાનું ન હોય. એવું કાંઈક હશે. એવું થોડું ઘણું હશે. એવી લોકો વાતું કરે ઇ સાંભળીએ. ઇ તો જ્યાં પૈસા જાવાને હશે ત્યાં જાશે. પણ વાત ઇ છે કે એને પેલો વિકલ્પ આવે ને કે આમ કરું, આમ કરું, આમ કરું. શું છે પણ? પરનું કાંઈ કરી શક નહિ, બાપા! એ ચીજને રાખી શક નહિ અને એ ચીજને દઈ શક નહિ. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! ભગવાને નવતત્ત્વ કહ્યાં એમાં ખરેખર તો એક ભગવાનઆત્મા જ આદરણીય, અહેય છે, એમ કહે છે, હોં! **'ઇસપ્રકાર આત્માકો જો જાનતા હૈ વહ પ્રગટ સમ્યગ્દૃષ્ટિ હૈ.'** એ ધર્મી છે, ભલે ગૃહસ્થાશ્રમમાં દેખાય. અરે! છ ખંડના રાજમાં દેખાતો હોય. ચક્રવર્તી, 'ભરત' ચક્રવર્તી, 'ઋષભદેવ' ભગવાનના પુત્ર. છન્નું હજાર તો જેને ઘરે રાણી. છન્નું કરોડ તો પાયદળ. પણ જ્યાં આત્માનું અંતર ભાન થયું ત્યાં કોઈનો હું નહિ અને કોઈ મારા નહિ, મારો સ્વભાવ ક્યાંય છે નહિ. રાગમાં પણ નથી અને પરમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'સર્વજ્ઞભાષિત સૂત્રમેં...'** એનો ભાવાર્થ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરના કહેલા શાસ્ત્ર વિષે જેણે ત્રણકાળ, ત્રણલોક જાણ્યા છે એવા ભગવાને કહેલા શાસ્ત્રને વિષે, એ સિવાય બીજાએ કહેલા નહિ, આ લેવા એમ કહે છે. **'જીવાદિક નવ પદાર્થ ઔર ઇનમેં હેય ઉપાદેય ઇસપ્રકાર બહુત પ્રકારસે વ્યાખ્યાન હૈ...'** ભગવાનના શાસ્ત્રમાં છોડવા લાયક, આદરવા લાયક, ભેદરૂપ શું, અભેદરૂપ શું, એવા ઘણા પ્રકારના વ્યાખ્યાન ભગવાનની વાણીમાં આવે છે. **'ઉસકો જાનતા હૈ વહ શ્રદ્ધાવાન સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ.'** લ્યો. એને આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય છું, મારામાં રાગ અને પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓ પણ નથી. એ તો બધું પરમાં છે, પરની હયાતીમાં છે, મારી હયાતીમાં નથી. એવું જેણે આત્માનું આવું જ સ્વરૂપ છે એવું અંતરમાં સ્વીકાર કરી એકાગ્ર થયો એ જીવને અહીં સમ્યગ્દૃષ્ટિ-સાચી દૃષ્ટિ, સાચો હતો એવો સાચો થયો (કહેવામાં આવે છે). સમજાણું કાંઈ? આરે! ભારે વાતું, ભાઈ! એને સમજવા માટે પ્રયત્ન તો કરવો પડે કે નહિ? આ ડોક્ટરનું, વકીલાતનું ભણવા બે-પાંચ-દસ વર્ષ કાઢવા પડતા હશે કે નહિ વેઠમાં? એ તો ધૂળધાણીનું ભણતર છે. 'જાદવજીભાઈ'! ક્યાં ગયા? તમારો છોકરો છે ને પેલો? એના છોકરાનો છોકરો, 'દિલીપ'. ૧૧ વર્ષનો, બારમું ચાલે છે. આ બધા તને ભણવા લઈ જાય છે. ચાલ ભણવા. ઇ કહે, હવે ભણ્યા. એવું ભણતર તો અનંતવાર ભણ્યો છે. પેલો છોકરો કહે. જે ભણીને ભૂલ્યો એ ભણતર કહેવાય? એમ બોલે છે. બાર વર્ષનો છે. હમણાં ગયો ને 'કલકત્તા'. કહ્યું હતું કે નહિ? 'જાદવજીભાઈ'! એના બાપ કહે, ચાલ ભણવા. ઇ ભણતર કહેવાય? જે ભણતર અનંતવાર કર્યા અને એ ભણતર ભૂલાઈ ગયા. એ.. 'ચીમનભાઈ'! આ તમારા ઇજનેરના ભણતર ને વકીલાતનું ભણતર ને ડોક્ટરનું ભણતર ને આ.. સમજાય છે ને? શું કહેવાય? ઇજનેરનું ભણતર.

મુમુક્ષુ :- તો ક્યું ભણતર ભણવું?

ઉત્તર :- આ ભણતર કર, કહે છે. જે ભણે તરાય એ ભણતર. જે ભણ્યે બુડાય ભણતર હોય? 'સેઠી'! આહાહા..! આ હીરા, માણેકના ધંધાના ભણતર બૂડવાના ભણતર છે બધા. આહાહા..! આ 'રામજીભાઈ'ના વકીલાતના ભણતર, લ્યો. બસ્સો રૂપિયા (લેતા હતા). બધા બૂડવાના ભણતર હતા. બરાબર હશે? એના દાદાને એવું કહેવાય? આહાહા..! માર્ગ તો આવો ભગવાન છે, ભાઈ! આહા..!

પહેલી ચોટે પહેલે ધડાકે એણે ધર્મ કરવો હોય અને સુખી થવું હોય તો એ પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને બધી ચીજો ઉપર લક્ષ કરવા જેવું નથી. આશ્રય લેવા જેવું નથી. આધાર એ નથી. આધાર ભગવાન અંદર આનંદની મૂર્તિ પ્રભુ છે એનો આશ્રય લે અને એ અહેય એટલે છોડવા લાયક નથી એટલે આદરણીય છે. એવો અંતરમાં અનુભવ થતાં તેને સમ્યગ્દર્શન થાય છે. અને એ સાચો થયો, એ સાચે રસ્તે ચાલ્યો. એ સાહેબના રસ્તે ચાલ્યો હવે. સિદ્ધના સાહેબના રસ્તે ચાલ્યો ઇ. આહાહા..! મોટા સાહેબ સિદ્ધ છે.

મુમુક્ષુ :- એકદમ ઊંચા.

ઉત્તર :- ઊંચા. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' આવે છે ને? લોગસ્સમાં આવે છે. લોગસ્સ કર્યો હશે. ડોક્ટરે નહિ કર્યો હોય. કર્યો છે? છેલ્લો શબ્દ આવે છે, છેલ્લો. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ'. હે ભગવાન! હે સિદ્ધ પરમાત્મા! આપની સિદ્ધ દશા મને આપો. સંતો દેખાડો. એનો અર્થ કે હું કેવળજ્ઞાન પામું. એમ. એના અર્થની ક્યાં ખબર. ગડિયા હાંકે જતા હોય. ડોક્ટર! બરાબર છે? 'એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા, ચઉવીસં પિ જિણવરા,..' અર્થની ખબર ન મળે કાંઈ. આહાહા..!

કહે છે, અહો...! જે ભગવાનના કહેલા, પરમેશ્વરે કહ્યા તત્ત્વો એમાં પરમેશ્વરે તો આવો આત્મા કહ્યો કે જે આત્મામાં અનંત જ્ઞાન અને આનંદ છે, જે આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર, વાણી બધી ચીજ છે નહિ. એવી ચીજનો અંદર આદર કર અને બીજી ચીજને છોડી દે તો એવું જે જ્ઞાન થાય એ સ્વ અનુભવ સહિતની પ્રતીતી થાય એને સમ્યગ્દષ્ટિ કહે છે.

---

**आगे कहते हैं कि जिनभाषित सूत्र व्यवहार - परमार्थरूप दो प्रकार है, उसको जानकर योगीश्वर शुद्धभाव करके सुखको पाते हैं -**

## ગાથા-૬

**जं सुत्तं जिणउत्तं, ववहारो तह य जाण परमत्थो।**
**तं जाणिऊण जोई, लहइ सुहं खवइ मलपुंजं।।६।।**

**यत्सूत्रं जिनोक्तं व्यवहारं तथा च ज्ञानीहि परमार्थम्।**
**तं ज्ञात्वा योगी लभते सुखं क्षिपते मलपुंजं।।६।।**

જિન-ઉક્ત છે જે સૂત્ર તે વ્યવહાર ને પરમાર્થ છે;
તે જાણી યોગી સૌખ્યને પામે, દહે મળપુંજને. ૬.

अर्थ :- जो जिनभाषित सूत्र है, वह व्यवहाररूप तथा परमार्थरूप है, उसको योगीश्वर जानकर सुख पाते हैं और मलपुंज अर्थात् द्रव्यकर्म, भावकर्म, नोकर्मका क्षेपण करते हैं।

भावार्थ :- जिनसूत्रको व्यवहार - परमार्थरूप यथार्थ जानकर योगीश्वर (मुनि) कर्मोंका नाश करके अविनाशी सुखरूप मोक्षको पाते हैं। परमार्थ (निश्चय) और व्यवहार इनका संक्षेप स्वरूप इसप्रकार है कि - जिन-आगमकी व्याख्या चार अनुयोगरूप शास्त्रोंमें दो प्रकारसे सिद्ध है, एक आगमरूप दूसरी अध्यात्मरूप। वहाँ सामान्य-विशेषरूपसे सब पदार्थोंका प्ररूपण करते हैं सो आगमरूप है, परन्तु जहाँ एक आत्माहीके आश्रय निरूपण करते हैं सो अध्यात्म है। अहेतुमत् और हेतुमत ऐसे भी दो प्रकार हैं, वहाँ सर्वज्ञकी आज्ञाहीसे केवल प्रमाणता मानना अहेतुमत् है और प्रमाण-नयके द्वारा वस्तुकी निर्बाध सिद्धि करके मानना सो हेतुमत है। इसप्रकार दो प्रकार आगममें निश्चय-व्यवहारसे व्याख्यान है, वह कुछ लिखनेमें आ रहा है।

जब आगमरूप सब पदार्थोंके व्याख्यान पर लगाते हैं तब तो वस्तुका स्वरूप सामान्य-विशेषरूप अनन्त धर्मस्वरूप है वह ज्ञानगम्य है, इनमें सामान्यरूप तो निश्चयनयका विषय है और विशेषरूप जितने हैं उनको भेदरूप करके भिन्न भिन्न कहे वह व्यवहारनयका विषय है, उसको द्रव्य-पर्यायस्वरूप भी कहते हैं। जिस वस्तुको विवक्षित करके सिद्ध करना हो उसके द्रव्य क्षेत्र काल भावसे जो कुछ सामान्य-विशेषरूप वस्तुका सर्वस्व हो तो, निश्चय-व्यवहारसे कहा है वैसे, सिद्ध होता है और उस वस्तुके कुछ अन्य वस्तुके संयोगरूप अवस्था हो उसको उस वस्तुरूप कहना भी व्यवहार है, इसको उपचार भी कहते हैं। इसका उदाहरण ऐसे है - जैसे एक विवक्षित घट नामक वस्तु पर लगावें तब जिस घटका द्रव्य-क्षेत्र-काल-भावरूप सामान्य-विशेषरूप जितना सर्वस्व है उतना कहा, वैसे निश्चय-व्यवहारसे कहना वह तो निश्चय-व्यवहार है और घटके कुछ अन्य वस्तुका लेप करके उस घटको उस नामसे कहना तथा अन्य पटादिमें घटका आरोपण करके घट कहना भी व्यवहार है।

व्यवहारके दो आश्रय हैं - एक प्रयोजन, दूसरा निमित्त। प्रयोजन साधनेको किसी वस्तुको घट कहना वह तो प्रयोजनाश्रित है और किसी अन्य वस्तुके निमित्तसे घटमें अवस्था हुई उसको घटरूप कहना वह निमित्ताश्रित है। इसप्रकार विवक्षित सर्व जीव-अजीव वस्तुओं पर लगाना। एक आत्माहीको प्रधान करके लगाना अध्यात्म है। जीव सामान्यको भी आत्मा कहते हैं। जो जीव अपनेको सब जीवोंसे भिन्न अनुभव करे उसको भी आत्मा कहते हैं। जब अपनेको सबसे भिन्न अनुभव करके, अपने पर निश्चय लगावे तब इसप्रकार जो आप अनादि-अनन्त अविनाशी सब अन्य द्रव्योंसे भिन्न, एक सामान्य-विशेषरूप, अनन्तधर्मात्मक, द्रव्य-पर्यायात्मक जीव नामक शुद्ध वस्तु है, वह कैसा है -

शुद्ध दर्शनज्ञानमयी चेतनास्वरूप असाधारण धर्मको लिये हुए, अनन्त शक्तिका धारक है, उसमें सामान्य भेद चेतना अनन्त शक्तिका समूह द्रव्य है। अनन्तज्ञान-दर्शन-सुख-वीर्य ये चेतनाके विशेष हैं वह तो गुण हैं और अगुरुलघु गुणके द्वारा षट्स्थानपतित हानिवृद्धिरूप परिणमन करते हुए जीवके त्रिकालात्मक अनन्त पर्यायें हैं। इस प्रकार शुद्ध जीव नामक वस्तुको सर्वज्ञने देखा, जैसा आगममें प्रसिद्ध है, वह तो एक अभेदरूप शुद्ध निश्चयनयका विषयभूत जीव है, इस दृष्टिसे अनुभव करे तब तो ऐसा है और अनन्त धर्मोंमें भेदरूप किसी एक धर्म को लेकर कहना व्यवहार है।

आत्मवस्तुके अनादिहीसे पुद्गल कर्मका संयोग है, इसके निमित्तसे रागद्वेषरूप विकारकी उत्पत्ति होती है उसको विभाव परिणति कहते हैं, इससे फिर आगामी कर्मका बंध होता है। इसप्रकार अनादि निमित्त-नैमित्तिक भावके द्वारा चतुर्गतिरूप संसारभ्रमणकी प्रवृत्ति होती है। जिस गतिको प्राप्त हो वैसा ही नामका जीव कहलाता है तथा जैसा रागादिक भाव हो वैसा नाम कहलाता है। जब द्रव्य-क्षेत्र-काल-भावकी बाह्यअंतरंग सामग्रीके निमित्तसे अपने शुद्धस्वरूप शुद्धनिश्चयनयके विषयस्वरूप अपनेको जानकर श्रद्धान करे और कर्म संयोगको तथा उसके निमित्तसे अपने भाव होते हैं उनका यथार्थ स्वरूप जाने तब भेदज्ञान होता है, तब ही परभावोंसे विरक्ति होती है। फिर उनको दूर करनेका उपाय सर्वज्ञके आगमसे यथार्थ समझकर उसको अंगीकार करे तब अपने स्वभावमें स्थिर होकर अनन्त चतुष्टय प्रगट होते हैं, सब कर्मोंका क्षय करके लोकशिखर पर जाकर विराजमान हो जाता है तब मुक्त या सिद्ध कहलाता है।

इसप्रकार जितनी संसार की अवस्था और यह मुक्त अवस्था इसप्रकार भेदरूप आत्माका निरूपण है वह भी व्यवहार नयका विषय है, इसको अध्यात्मशास्त्रमें अभूतार्थ-असत्यार्थ नामसे कहकर वर्णन किया है, क्योंकि शुद्ध आत्मामें संयोगजनित अवस्था हो सो तो असत्यार्थ ही है, कुछ शुद्ध वस्तुका तो यह स्वभाव नहीं है इसलिये असत्य ही है। जो निमित्तसे अवस्था हुई वह भी आत्माहीका परिणाम है, जो आत्माका परिणाम है वह आत्माहीमें है, इसलिये कथंचित् इसको सत्य भी कहते हैं, परन्तु जब तक भेदज्ञान नहीं होता है तब तक ही यह दृष्टि है, भेदज्ञान होनेपर जैसे है वैसे ही जानता है।

जो द्रव्यरूप पुद्गलकर्म हैं वे आत्मा से भिन्न ही हैं, उनसे शरीरादिका संयोग है वह आत्मासे प्रगट ही भिन्न है, इनको आत्माके कहते हैं सो यह व्यवहार प्रसिद्ध है ही, इसको असत्यार्थ या उपचार कहते हैं। यहाँ कर्मके संयोगजनित भाव हैं वे सब निमित्ताश्रित व्यवहारके विषय हैं और उपदेश अपेक्षा इसको प्रयोजनाश्रित भी कहते हैं, इसप्रकार निश्चय-व्यवहारका संक्षेप है। सम्यग्दर्शन-ज्ञान-चारित्रको मोक्षमार्ग कहा, यहाँ ऐसे समझना कि ये तीनों एक आत्माहीके भाव हैं, इसप्रकार इनरूप आत्माहीका अनुभव हो सो निश्चय मोक्षमार्ग है, इसमें भी

जबतक अनुभवकी साक्षात् पूर्णता नहीं हो तबतक एकदेशरूप होता है उसको कथंचित् सर्वदेशरूप कहकर कहना व्यवहार है और एकदेश नामसे कहना निश्चय है।

दर्शन, ज्ञान, चारित्रको भेदरूप कहकर मोक्षमार्ग कहे तथा इनके बाह्य परद्रव्यस्वरूप द्रव्य, क्षेत्र, काल, भाव निमित्त हैं उनको दर्शन, ज्ञान, चारित्रके नामसे कहे वह व्यवहार है। देव, गुरु, शास्त्रकी श्रद्धाको सम्यग्दर्शन कहते हैं, जीवादिक तत्त्वोंकी श्रद्धाको सम्यग्दर्शन कहते हैं। शास्त्रके ज्ञान अर्थात् जीवादिक पदार्थोंके ज्ञानको ज्ञान कहते हैं इत्यादि। पांच महाव्रत, पांच समिति, तीन गुप्तिरूप प्रवृत्तिको चारित्र कहते हैं। बारह प्रकारके तपको तप कहते हैं। ऐसे भेदरूप तथा परद्रव्यके आलम्बनरूप प्रवृत्तियाँ सब अध्यात्मशास्त्रकी अपेक्षा व्यवहारके नामसे कही जाती हैं क्योंकि वस्तुके एकदेशको वस्तु कहना भी व्यवहार है और परद्रव्यकी आलम्बनरूप प्रवृत्तिको उस वस्तुके नामसे कहना वह भी व्यवहार है।

अध्यात्म शास्त्रमें इस प्रकार भी वर्णन है कि वस्तु अनन्त धर्मरूप है इसलिये सामान्य-विशेषरूपसे तथा द्रव्य-पर्यायसे वर्णन करते हैं। द्रव्यमात्र कहना तथा पर्यायमात्र कहना व्यवहारका विषय है। द्रव्यका भी तथा पर्यायका भी निषेध करके वचन-अगोचर कहना निश्चयनयका विषय है। जो द्रव्यरूप है वही पर्यायरूप है इसप्रकार दोनोंको ही प्रधान करके कहना प्रमाणका विषय है, इसका उदाहरण इसप्रकार है - जैसे जीवको चैतन्यरूप, नित्य, एक, अस्तिरूप, इत्यादि अभेदमात्र कहना वह तो द्रव्यार्थिक नयका विषय है और ज्ञान-दर्शनरूप, अनित्य, अनेक, नास्तित्वरूप इत्यादि भेदरूप कहना पर्यायार्थिक नयका विषय है। दोनों ही प्रकारकी प्रधानताका निषेधमात्र वचन-अगोचर कहना निश्चय नयका विषय है। दोनों ही प्रकारको प्रधान करके कहना प्रमाणका विषय है इत्यादि।

इसप्रकार निश्चय-व्यवहारका सामान्य अर्थात् संक्षेप स्वरूप है, उसको जानकर जैसे आगम-अध्यात्म शास्त्रोंमें विशेषरूपसे वर्णन हो उसको सूक्ष्मदृष्टिसे जानना। जिनमत अनेकांतस्वरूप स्याद्वाद है और नयोंके आश्रित कथन है। नयोंके परस्पर विरोधको स्याद्वाद दूर करता है, इसके विरोधका तथा अविरोधका स्वरूप अच्छी तरह जानना। यथार्थ तो गुरु-आम्नाय ही से होता है, परन्तु गुरुका निमित्त इस कालमें विरल हो गया, इसलिये अपने ज्ञानका बल चले तब तक विशेषरूपसे समझते ही रहना, कुछ ज्ञानका लेश पाकर उद्धत नहीं होना, वर्तमान कालमें अल्पज्ञानी बहुत हैं इसलिये उनसे कुछ अभ्यास करके उनमें महन्त बनकर उद्धत होनेपर मद आ जाता है तब ज्ञान थकित हो जाता है और विशेष समझने की अभिलाषा नहीं रहती है तब विपरीत होकर यद्वातद्वा-मनमाना कहने लग जाता है उससे अन्य जीवोंका श्रद्धान विपरीत हो जाता है, तब अपने अपराध का प्रसंग आता है, इसलिये शास्त्रको समुद्र जानकर, अल्पज्ञरूप ही अपना भाव रखना जिससे विशेष समझनेकी अभिलाषा बनी रहे, इससे ज्ञानकी वृद्धि होती है।

**अल्प ज्ञानियों में बैठकर महन्तबुद्धि रखे तब अपना प्राप्त ज्ञान भी नष्ट हो जाता है, इसप्रकार जानकर निश्चय-व्यवहाररूप आगम की कथन पद्धतिको समझकर उसका श्रद्धान करके यथाशक्ति आचरण करना। इस कालमें गुरु संप्रदायके बिना महन्त नहीं बनना, जिन-आज्ञाका लोप नहीं करना। कोई कहते हैं - हम तो परीक्षा करके जिनमतको मानेगें वे वृथा बकते हैं-स्वल्पबुद्धिका ज्ञान परीक्षा करने के योग्य नहीं है। आज्ञाको प्रधान रखकरके बने जितनी परीक्षा करनेमें दोष नहीं है, केवल परीक्षा ही को प्रधान रखनेमें जिनमतसे च्युत हो जाय तो बड़ा दोष आवे, इसलिये जिनकी अपने हित-अहित पर दृष्टि है वे तो इसप्रकार जानो, और जिनको अल्पज्ञानियोंमें महंत बनकर अपने मान, लोभ, बड़ाई, विषय-कषाय पुष्ट करने हों उनकी बात नहीं है, वे तो जैसे अपने विषय-कषाय पुष्ट होंगे वैसे ही करेंगे, उनको मोक्षमार्ग का उपदेश नहीं लगता है, विपरीतको किसका उपदेश? इसप्रकार जानना चाहिये।।६।।**

## ગાથા-૬ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ...'** હવે કહે છે કે **'જિનભાષિત સૂત્ર...'** હૈ. જુઓ! બધે ઇ નાખ્યું છે, હોં! '**जिणउत्तं**' છે ને એમાં? વીતરાગ જિનેશ્વર પરમેશ્વર, જેને વીતરાગતા પ્રગટી અને કેવળજ્ઞાન પ્રગટ્યું છે. જ્યાં હોય ત્યાં સૂત્રમાં ઇ નાખે છે. જુઓ! અજ્ઞાનીએ પોતાની કલ્પનાએ શાસ્ત્રો કર્યા હોય એ શાસ્ત્રો નહિ. '**जिणउत्तं**' વીતરાગ પરમાત્માના મુખે નીકળેલી વાણીને સૂત્ર કહેવામાં આવે છે. **'જિનભાષિત સૂત્ર વ્યવહાર-પરમાર્થરૂપ દો પ્રકાર હૈ,...'** ભેદને, રાગાદિને પણ સમજાવે અને અભેદને અને ત્રિકાળી જ્ઞાયકભાવને પણ સમજાવે. વ્યવહાર પરમાર્થ બેયને સમજાવે છે. સમજાવે તો ખરા ને? સમજાણું કાંઈ?

**'વ્યવહાર-પરમાર્થરૂપ દો પ્રકાર હૈ, ઉસકો જાનકર...'** વ્યવહારને વ્યવહાર તરીકે જાણી, એની વ્યાખ્યા લાંબી આવશે. અને નિશ્ચયને, પરમાર્થને પરમાર્થ તરીકે જાણી **'યોગીશ્વર શુદ્ધભાવ કરકે સુખકો પાતે હૈં.'** યોગી એટલે આત્માના આનંદ સ્વરૂપમાં યોગ એટલે જોડાનાર એવો યોગી. જે પુણ્ય-પાપમાં જોડાણ છે તે અયોગી (છે). અયોગ અને અયોગી. આહાહા..! ચૈતન્યસાહેબો ભગવાન અનંત આનંદનો નાથ, એનામાં જોડાણ કરે. યોગ ધાતુ અંદર યુજ છે ને? યુજ. યુજ ધાતુ છે, જોડાણ કરવું. આનંદકંદ ધ્રુવમાં જોડાણ કરવું એને અહીંયા યોગી કહેવામાં આવે છે. પેલા બાવા યોગીની અહીં વાત નથી, હોં!

ભગવાને પરમેશ્વરે કેવળજ્ઞાનીએ કહ્યો એવો જે આત્મા વસ્તુ જે અનંત આનંદ ને જ્ઞાનનું ધામ, એમાં જે વર્તમાન પર્યાયને જોડે. જે આમ રાગ અને પુણ્યમાં જોડે છે તે અયોગી, અલાયક, અપાત્ર છે. અને જે વર્તમાન દશાને ત્રિકાળમાં જોડે તે યોગી, ધર્મી, લાયકાત, યોગ, યોગ્યતાવાળો, સિદ્ધપદને લેવાને લાયક (છે). સમજાણું કાંઈ? નવા માણસ હોય તો એમ લાગે

શું કહે છે? આવો ધર્મ? આવો તે વીતરાગનો માર્ગ હશે આ? જૈનમાં તો અમે અત્યાર સુધી આવું કાંઈ સાંભળ્યું નહોતું. શેત્રુંજય જાવું, આમ કરવું, રાત્રે ન ખાવું, કંદમૂળ ન ખાવા.. સમજાય છે? બ્રહ્મચર્ય પાળવું, કોઈની દયા પાળવી, દાન દેવું. દાન, શિયળ તપ ભાવના. એવું સાંભળ્યું હતું. એ તો બધી વિકલ્પની બહારની વાતું છે. એ પરમાર્થે કોઈ ધર્મ-બર્મ છે નહિ. આહાહા..! સમજાણું? ઇ બધી વાત વ્યવહારમાં જાશે. હેયમાં જાશે. આહાહા..! પરમાર્થમાં તો ભગવાનઆત્મા એકલો ત્રિકાળી અભેદ ચૈતન્યની દૃષ્ટિ કરવી. એ જ પરમપદાર્થ છે. વિશ્વાસ ભરોંસે ભગવાન આવવા જોઈએ, એમ કહે છે. ભરોસે પામરતા પર્યાય ને રાગને ભરોસે ન આવવી જોઈએ.

અનાદિથી ભગવાન ભિખારી થઈને રાગને ભરોસે રખડે છે. સમજાણું કાંઈ? આહાહા..! કાંઈક કોઈકની બે-પાંચ-પચાસ લાખવાળી રૂપાળી ચીજ દેખે ને તો (એને એમ થાય) કે આવું મારે હોય તો ઠીક. એવી ધૂળ હોય તો ઠીક. આહા..! અરે..! ભિખારી રાંકા! ભિખારી છો, રાંકા! કાંઈક શરીર સુંદર દેખાય, કાંઈક પૈસા-બૈસા, સારા મખમલના લૂગડા પહેર્યા હોય, આમ લટકતી ઓલી હોય... શું કહેવાય ઇ? લવીંગયા. લવીંગયા કહેવાય? શું કહેવાય? આમ નાખે. આહાહા..! અને લાખ માણસ ભેગા થયા હોય ને ભાષણ કરતો હોય, લોકો સાંભળતા હોય (તો).. આહા..! આપણે આવું હોય તો સારું. પણ ઇ તો ભાષા જડ છે, એનું તારે શું કામ છે પણ? સમજાણું કાંઈ? આહાહા..! અંદરમાં આત્મા જે આનંદકંદ જ્ઞાયકમૂર્તિ છે એ મારે જોવે છે એમ તો કર. સમજાણું કાંઈ?

**'યોગીશ્વર શુદ્ધભાવ કરકે સુખકો પાતે હૈં :-'** જોયું? શુદ્ધભાવ. સમજાણું? '**लहइ सुहं**' છે ને? જુઓ! **'जं सुत्तं जिणउत्तं'** જુઓ! ઇ ભાષા જુઓ. મેળ છે. **'जं सुत्तं जिणउत्तं'** ભગવાનના શાસ્ત્રો કેવા છે? **'जिणउत्तं'** જિને કહેલા. **'उत्तं'** એટલે કહેલા. છે, સંસ્કૃત છે. **'यत्सूत्रं जिनोक्तं'** **'ववहारो तह य जाण परमत्थो'** વ્યવહારે એનું સ્વરૂપ શું છે એને પણ જાણ અને પરમાર્થે એનો સ્વભાવ શું છે એને પણ જાણ. જાણવું તો બેય જોઈએ કે નહિ? વ્યવહાર પણ જાણવો તો જોઈએ કે નહિ? રાગાદિ, પુણ્ય આદિ પરિણામ હોય છે એને જાણવા જોઈએ. આદરવા લાયક છે નહિ. સમજાણું કાંઈ? **'तं जाणिऊण जोइ'** એને જાણીને જોગી '**लहइ सुहं**'. આત્માના આનંદને પ્રાપ્ત કરે. સુખ એટલે આત્માનો આનંદ. અને **'खवइ मलपुंजं'** અને રાગ-દ્વેષના મેલ જે વિકારી ભાવ એ મળનો પુંજ છે, કહે છે. આહાહા..! ભગવાન આનંદનો પુંજ પ્રભુ છે એનો આશ્રય કરીને સુખ પામે અને મળ પુંજને ખપાવે. નિર્મળ પુંજને આદરતા નિર્મળ પુંજની પર્યાય પ્રગટ થતાં મળ મેલ રાગ, દ્વેષ, અજ્ઞાન, પુણ્યમાં સુખ છે ને પાપમાં મજા છે ને પુણ્ય પરિણામ સારા છે ને એ કરતાં કરતાં ધર્મ થાય, એ બધો મળ પુંજ મિથ્યાત્વનો છે. સમજાણું કાંઈ? દેવ દેખાય તો એમ કહે, આહા..! દેવ તો અનંતવાર થયો, સાંભળને! રૂપાળું શરીર હોય, ઝરીના કપડા હોય... 'ભોગીભાઈ' નહોતા કહેતા? 'ભોગીભાઈ' કહે, હું ધ્યાનમાં બેઠો હતો તો એક દેવ-દેવી આવ્યા. કલ્પના થઈ ગઈ. કોણ છે?

દેવી. ચાલી જા. 'ભોગીભાઈ' 'વડવા.. વડવા'. ઇ 'વડવા'માં બેઠા હતા. આમ ઝરીના કપડા ઊંચા. ચાલો 'શ્રીમદ્' પાસે લઈ જાઉં. ચાલી જા. આમ કીધું ત્યાં દેવી અદશ્ય થઈ ગઈ. 'ભોગીભાઈ' કહેતા હતા. ભલે કલ્પના (થઈ હોય). પણ આ રીતે... 'ખંભાત'ની બહાર જંગલમાં ઉતર્યા હતા ને. જાય ક્યાં ને આવે ક્યાં? સ્ત્રીનું શરીર દેખીને ભડકવાનું ક્યાં? એ તો એક માટીનો પિંડ છે. અંદર આત્મા તો જુદી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..! અને એ ચેષ્ટા કરે રાગની, એ તો આસ્રવ અને દુઃખનું કારણ ઇ પોતે કરે છે. એમ તત્ત્વોનો વિચાર કરી હેય તત્ત્વને હેય તરીકે જાણી ઉપાદેય તરીકે આત્માને જાણીને સુખને પામે અને દુઃખના પુંજને ખપાવે. ઉત્પાદ-વ્યય થયા, લ્યો.

અર્થ :- **'જો જિનભાષિત સૂત્ર હૈં,...'** ભગવાને કહેલા જે શાસ્ત્ર છે **'વહ વ્યવહારરૂપ તથા પરમાર્થરૂપ હૈં,...'** શાસ્ત્રમાં બેય વાત છે. વ્યવહારની વાત તો આવે કે નહિ? છોડવા યોગ્ય ચીજ શું છે એનું જ્ઞાન ન આવે? પુણ્ય અને પાપના વિકલ્પ રાગ એ વ્યવહાર છે, પણ છોડવા લાયક છે. ભગવાનઆત્મા આનંદનો નાથ છે એ આદરવા લાયક છે. બેય વાત શાસ્ત્રમાં આવે. ત્યાં ઓલા વ્યવહારની વાત આવે ત્યાં કહે, જુઓ! છે કે નહિ? પણ છે ઈ કોણે ના પાડી? હેય છે કે આદરણીય છે કે અનાદરણીય છે? સમજાણું કાંઈ?

**'વ્યવહારરૂપ તથા પરમાર્થરૂપ હૈં, ઉસકો યોગીશ્વર જાનકર...'** ધર્મી. યોગીશ્વર એટલે ધર્મી. સ્વરૂપમાં યોગ કરનાર-જોડાણ કરનાર. જે અનાદિનો વિકારમાં જોડાણવાળો તે અધર્મી છે. અને પોતાના શુદ્ધ સ્વરૂપમાં જોડાણ કરનાર તે ધર્મી યોગીશ્વર છે. **'સુખ પાતે હૈં ઔર મલપુંજ અર્થાત્ દ્રવ્યકર્મ, ભવકર્મ, નોકર્મકા ક્ષેપણ કરતે હૈં.'** લ્યો. દ્રવ્યકર્મ એટલે આઠ કર્મ જડ. એનો નાશ થાય છે. પોતાના આત્માના આનંદસ્વરૂપનો આશ્રય કરી અને આનંદની પ્રાપ્તિ દશામાં થતાં આઠ કર્મ જડનો નાશ (થાય). ભાવકર્મ-પુણ્ય-પાપના વિકલ્પ એ ભાવકર્મ છે. દ્રવ્યકર્મ જડ છે ને? જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય આઠ કર્મ છે. આત્માનો આશ્રય કરતાં આઠે કર્મ ખપી જાય છે. સમ્યગ્દષ્ટિથી આગળ વધારીને (વાત કરી). પાંચમામાં સમ્યગ્દષ્ટિની વાત કરી હતી ને? અહીંયા આગળ વધ્યું પૂરું. પૂર્ણ સ્વરૂપનો આશ્રય કરીને ઠરે છે એ પૂર્ણ સુખને પામે છે અને **'પરમાર્થરૂપ હૈ, ઉસકો યોગીશ્વર જાનકર સુખ પાતે હૈં ઔર મલપુંજ અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મકા ક્ષેપણ કરતે હૈં.'** એટલે શું? કે આઠ કર્મ જે જડ છે એનો નાશ થઈ જાય. આત્માના આનંદની પ્રાપ્તિ થતાં અને આનંદનો આશ્રય લેતાં. ભાવકર્મ એટલે પુણ્ય ને પાપના વિકલ્પો વિકારી ભાવકર્મ મેલ છે એનો નાશ થાય. નોકર્મ એટલે આ શરીર, એનો પણ નાશ થાય. અને અશરીરી આત્મા જેવો છે એવો પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- **'જિનસૂત્રોંકો વ્યવહાર-પરમાર્થરૂપ જાનકર...'** વીતરાગના સિદ્ધાંતોને વ્યવહાર તરીકે વ્યવહાર જાણી અને પરમાર્થ તરીકે પરમાર્થ જાણી ધર્મી **'યોગીશ્વર (મુનિ) કર્મોંકા નાશ કરકે અવિનાશી સુખરૂપ મોક્ષકો પાતે હૈં.'** લ્યો. પાંચમીમાં સમ્યગ્દર્શન લીધું હતું ને? આગળ

વધીને મુનિ થાય છે. આનંદકંદમાં ઝુલતા, બાહ્ય નગ્નદશા. મુનિ વનવાસમાં રહે છે. એવા વનવાસી બાહ્યમાં મનુષ્યના પગરમાં પણ જે રહેતા નથી. એકાંત.. એકાંત.. આત્માના આનંદમાં ઝુલતા એવા મુનિઓ આનંદને પામે છે. **'અવિનાશી સુખરૂપ મોક્ષકો પાતે હૈં.'**

**'પરમાર્થ (નિશ્ચય) ઔર વ્યવહાર ઇનકા સંક્ષેપ સ્વરૂપ...' 'પરમાર્થ (નિશ્ચય) ઔર વ્યવહાર ઇનકા સંક્ષેપ સ્વરૂપ...'** એટલું કહ્યું છે. વ્યવહારની વ્યાખ્યા નથી કરી. પરમાર્થ તે નિશ્ચય. સાચું સ્વરૂપ શું? વ્યવહાર એનો ભેદરૂપ અને રાગાદિ. **'ઇનકા સંક્ષેપ સ્વરૂપ ઇસપ્રકાર હૈ.'** હવે એનું સંક્ષેપ ટૂંકામાં સ્વરૂપ એવું છે કે **'જિન-આગમકી વ્યાખ્યા ચાર અનુયોગરૂપ શાસ્ત્રોંમેં દો પ્રકારસે સિદ્ધ હૈં,...'** ભગવાનની વાણીમાં ચાર અનુયોગ આવ્યા. ચાર અનુયોગના નામ નથી આમાં. દ્રવ્યાનુયોગ. વસ્તુના સ્વરૂપનું, શું દ્રવ્ય છે એનું કથન જેમાં હોય તે દ્રવ્યાનુયોગ. દ્રવ્ય એટલે વસ્તુ. એમાં જેનું કથન હોય તે દ્રવ્યાનુયોગ. ચરણાનુયોગ-પુણ્ય-પાપના પરિણામની વ્યાખ્યા હોય એનું નામ ચરણાનુયોગ. કરણાનુયોગ-એકલા પરિણામની સૂક્ષ્મ પરિણામની વ્યાખ્યા હોય એનું નામ કરણઅનુયોગ. અને ધર્મકથાનુયોગ. જેમાં ધર્માત્મા કોણ થઈ ગયા એનું કથન જેમાં હોય એ ધર્મકથાનુયોગ. એને ચાર અનુયોગ કહ્યા. આ બધું લખાણ આમાં લાંબુ છે.

**'ચાર અનુયોગરૂપ શાસ્ત્રોંમેં દો પ્રકારસે સિદ્ધ હૈં, એક આગમરૂપ દૂસરી અધ્યાત્મરૂપ.'** શાસ્ત્રમાં એક આગમની કથની છે અને એક અધ્યાત્મની કથની છે. હવે એ આગમની, અધ્યાત્મની કથની શું છે, વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૫ ગાથા-૬ શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૦)), તા. ૩-૦૭-૧૯૭૦

આ 'અષ્ટપાહુડ', એની સૂત્રપાહુડની છઠ્ઠી ગાથા. સૂત્ર શબ્દ તો ઘણે ઠેકાણે આવે છે. દરેક શાસ્ત્ર શરૂ કરતાં, સૂત્ર આપતા પહેલી ગાથામાં. સૂત્ર અવતાર. **'પંચાસ્તિકાયસંગ્રહ સૂત્ર કહ્યું.'** છેલ્લી ગાથા. ન્યાં કહે છે કે સૂત્ર એટલે ભગવાનની વાણી. એમાં વ્યવહાર અને પરમાર્થરૂપ જાણી આત્મા કર્મનો નાશ કરી અવિનાશી સુખરૂપ મોક્ષને પામે છે. એ ફક્ત શબ્દનો અર્થ થયો.

જે કોઈ ધર્માત્મા, અહીં મુનિની મુખ્ય વાત લીધી છે ને? કે સિદ્ધાંત શાસ્ત્રમાં વ્યવહારને વ્યવહાર તરીકે કહ્યો, નિશ્ચયને પરમાર્થે કહ્યો, પરમાર્થ શબ્દ વાપરે છે. તેથી પરમાર્થને પરમાર્થ જાણી અને વ્યવહારને વ્યવહાર જાણી, વ્યવહાર છે એને હેય જાણી અને પોતાનું પરમાર્થ સ્વરૂપ છે તેને ઉપાદેય જાણી, અંતરમાં એકાગ્ર થઈને આઠ કર્મનો નાશ કરીને મોક્ષને પામે છે. કહો, સમજાણું કાંઈ?

**'પરમાર્થ (નિશ્ચય) ઔર વ્યવહાર...'** મૂળ શબ્દ પરમાર્થ છે પણ એનો પાછો અર્થ કર્યો. **'પરમાર્થ (નિશ્ચય) ઔર વ્યવહાર ઇનકા સંક્ષેપ સ્વરૂપ ઇસપ્રકાર હૈ-જિન-આગમકી વ્યાખ્યા**

**ચાર અનુયોગરૂપ શાસ્ત્રોંમેં દો પ્રકારસે સિદ્ધ હૈ, એક આગમરૂપ, દૂસરી અધ્યાત્મરૂપ.**' એક આગમરૂપ કથની અને એક અધ્યાત્મનું કથન.

'**વહાં સામાન્ય-વિશેષરૂપસે સબ પદાર્થોંકા પ્રરૂપણ કરતે હૈં સો આગમરૂપ હૈ,...**' છએ દ્રવ્યનું સામાન્ય અને વિશેષથી જે એનું સ્વરૂપ છે એ રીતે કહેવું એનું નામ આગમ પદ્ધતિનો સામાન્ય-વિશેષ નિશ્ચય-વ્યવહાર કહેવામાં આવે છે. આગમ પદ્ધતિમાં છએ દ્રવ્યનું કથન આવે. '**પરંતુ જહાં એક આત્માહીકે આશ્રય નિરૂપણ કરતે હૈં સો અધ્યાત્મ હૈ.**' એક આત્માને આશ્રયે જ્યાં કથન આવે એનું નામ અધ્યાત્મ (છે).

પહેલા બે ભેદ પાડ્યા, બીજા બે ભેદ (કહે છે). '**અહેતુભૂત ઔર હેતુભૂત ઐસે ભી દો પ્રકાર હૈ,...**' આગમના સિદ્ધાંતના બે પ્રકાર છે. એક અહેતુમત. ભગવાને કહ્યું એને જાણવું. '**વહાં સર્વજ્ઞકી આજ્ઞાહીસે કેવલ પ્રમાણતા માનના અહેતુમત હૈ...**' ભગવાન આમ કહે છે. અનંત નિગોદના જીવ, અનંત પરમાણુ. એક એક એવા અનંત પરમાણુ, એમાં એક એકમાં અનંતા ગુણો. એ બધી (વાત) ભગવાનની આજ્ઞાએ હેતુ વિના યુક્તિ, નયને સ્થાપ્યા વિના ભગવાને આમ કહ્યું તેમ માનવું એનું નામ અહેતુમત કહેવામાં આવે છે. '**ઔર પ્રમાણ-નયકે દ્વારા વસ્તુકી નિર્બાધ સિદ્ધિ કરકે માનના સો હેતુમત હૈ.**' આ 'સમયસાર' આદિ. યુક્તિથી, ન્યાયથી, હેતુથી વસ્તુને સિદ્ધ કરે છે, સાબિત કરે છે. પહેલા આગમ અને અધ્યાત્મના ભેદ પાડ્યા. એમાં હેતુમત અને અહેતુમત એવા બે ભેદ પાડ્યા. '**ઇસપ્રકાર દો પ્રકાર આગમમેં નિશ્ચય વ્યવહારકે વ્યાખ્યાન હૈ,...**' નિશ્ચય અને વ્યવહારનું વ્યાખ્યાન આમ છે. '**વહ કુછ લિખનેમેં આ રહા હૈ.**'

'**જબ આગમરૂપ સબ પદાર્થોંકે વ્યાખ્યાન પર લગાતે હૈં...**' છ એ દ્રવ્ય '**તબ તો વસ્તુકા સ્વરૂપ સામાન્ય-વિશેષરૂપ અનંત ધર્મસ્વરૂપ હૈ વહ જ્ઞાનગમ્ય હૈ,...**' વસ્તુનો સ્વભાવ સામાન્ય-વિશેષ (સ્વરૂપ છે). અભેદ અને પર્યાય આદિ ભેદ, એનું કથન. '**અનંત ધર્મસ્વરૂપ હૈ વહ જ્ઞાનગમ્ય હૈ,...**' જ્ઞાનમાં જાણી શકાય એવી એ ચીજ છે. વાણીમાં એ પૂરું આવી શકે નહિ. '**ઇનમેં સામાન્યરૂપ તો નિશ્ચયનયકા વિષય હૈ...**' આગમમાં પણ, હોં! દરેક દ્રવ્યને સામાન્યરૂપ, ધ્રુવરૂપ એ તો નિશ્ચયનો વિષય (થયો). '**ઔર વિશેષરૂપ જિતને હૈં ઉનકો ભેદરૂપ કરકે ભિન્ન ભિન્ન કહે વહ વ્યવહારનયકા વિષય હૈ,...**' ગુણભેદ કરીને કહેવું, પર્યાયભેદ કરીને કહેવું એ બધો વ્યવહારનયનો વિષય છે. પણ છે બેય વિષયો, વસ્તુ છે. સમજાણું કાંઈ? એમ એણે બરાબર જાણવું જોઈએ.

'**ઉસકો દ્રવ્ય-પર્યાયસ્વરૂપ ભી કહતે હૈં.**' પહેલા સામાન્ય કીધું હતું ને? અને ભેદ પાડીને વિશેષ કહ્યું હતું. તો કહે છે કે એને દ્રવ્ય અને પર્યાયરૂપ પણ (કહે છે). દ્રવ્ય તે સામાન્ય છે અને ભેદથી, પર્યાયથી ને ગુણભેદથી કહેવું એ બધું પર્યાય છે. સમજાણું કાંઈ? બહુ સરસ લખ્યું છે, આ તમારા 'જયચંદ્ર પંડિતે'.

મુમુક્ષુ :- સ્પષ્ટ આપે કર્યું છે.

ઉત્તર :- ના, ના. એમાં લખ્યું છે ને બરાબર. આ તો લોકોને સીધી રીતે સાદી રીતે સમજાય, સાદું અને સીધું કેમ સમજાય એવી ભાષા કરી છે.

કહે છે, **'જિસ વસ્તુકો વિવક્ષિત કરકે સિદ્ધ કરના હો...'** જે કહેવા માગીએ તેને સિદ્ધ કરીએ **'ઉસકે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવસે જો કુછ સામાન્ય-વિશેષરૂપ વસ્તુકા સર્વસ્વ હો વહ તો, નિશ્ચય-વ્યવહારસે કહા હૈ વૈસે, સિદ્ધ હોતા હૈ...'** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. અખંડ ને અભેદ કહેવું એ સામાન્ય. અને ભેદ પાડીને કહેવું એ વિશેષ. દરેક વસ્તુનું એવું આખું સ્વરૂપ છે એમ જાણવું એનું નામ **'નિશ્ચય-વ્યવહારસે કહા હૈ વૈસે, સિદ્ધ હોતા હૈ...'**

**'ઔર ઉસ વસ્તુકે કુછ અન્ય વસ્તુકે સંયોગરૂપ...'** જુઓ! આ સિદ્ધાંત સિદ્ધ કર્યો પહેલો, સમજાણું? વળી તે વસ્તુને અન્ય વસ્તુના સંયોગથી અવસ્થા હોય **'ઉસકો ઉસ વસ્તુરૂપ કહના ભી વ્યવહાર હૈ, ઇસકો ઉપચાર ભી કહતે હૈં.'** વસ્તુ આગમની અપેક્ષાએ, હોં! એના પર્યાયભેદ અને સામાન્ય એ તો વસ્તુમાં ગયા. પણ એ ઉપરાંત કોઈ જેમ ઘડામાં લાખ ચોંટી હોય અને એને ઘડો કહેવો. શરીર આત્માનું છે નહિ, શરીર જીવનું કહેવું, એ બધા વ્યવહારના ઉપચારના કથનો છે. સમજાણું કાંઈ? વસ્તુ તો સામાન્ય-વિશેષ બે રૂપે છે. એને નિશ્ચય ને વ્યવહારથી જાણવી. આહાહા..!

**'ઇસકા ઉદાહરણ ઐસે હૈ-જૈસે એક વિવક્ષિત ઘટ નામક વસ્તુ...'** લ્યો, દાખલો આપે છે. ઘડો, ઘડો. એના ઉપર લગાવીએ. **'તબ જિસ ઘટકા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવરૂપ સામાન્ય-વિશેષરૂપ જિતના સર્વસ્વ હૈ...'** દ્રવ્ય (એટલે) વસ્તુ, ક્ષેત્ર-પહોળાઈ, કાળ-અવસ્થા અને ભાવ-ગુણ, એ બધું વસ્તુનું સ્વરૂપ છે આખું. સામાન્ય અને વિશેષરૂપ. સામાન્ય એટલે કે દ્રવ્યરૂપ, ધ્રુવરૂપ, અભેદરૂપ. અને વિશેષ એટલે એની પર્યાયરૂપ ગુણભેદરૂપ એ વિશેષ. એ બધું સર્વસ્વ ઘડાનું સ્વરૂપ આખું છે. 'મગનભાઈ'! બહુ સાદી ભાષાની વાત છે. ન સમજાય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- આ તો ...

ઉત્તર :- આ તો એને હિન્દી ભાષા નહોતી આવડતી. હિન્દી વાંચતા નથી આવડતું. ઢુંઢારી ભાષા. આ તો વળી સહેલી ભાષા છે. એને ન આવડતું હોય. સમજાણું?

**'વૈસે નિશ્ચય-વ્યવહારસે કહના વહ તો નિશ્ચય-વ્યવહાર હૈ ઔર ઘટકે કુછ અન્ય વસ્તુકા લેપ કરકે ઉસ ઘટકો ઉસ નામસે કહના તથા અન્ય પટાદિમેં ઘટકા આરોપણ કરકે ઘટ કહના...'** પટનો એવો આકાર કર્યો હોય ને વસ્ત્રનો. આ તો ઘડો છે, (એમ કહે). સમજાણું? પટનો આમ ઘડા જેવો આકાર કર્યો હોય ને. તો કહે, આ ઘડો છે. એમ ઘડાનું બીજામાં આરોપણ કરવું એને પણ એક વ્યવહારથી ઘડો કહેવામાં આવે છે.

**'વ્યવહારકે દો આશ્રય હૈં-એક પ્રયોજન, દૂસરા નિમિત્ત.'** પ્રયોજનને આશ્રયે વ્યવહાર, એક નિમિત્તને આશ્રયે વ્યવહાર. **'પ્રયોજન સાધનેકો કિસી વસ્તુકો ઘટ કહના વહ તો પ્રયોજનાશ્રિત હૈ...'** આ ઘટ જેવું આનું માથું છે, એમ કહેવાય છે ને? આનું ઘડા જેવું માથું છે,

ફલાણું જેવું (છે). એમ કરીને એને (એમ કહે), આ રહ્યો ઘડો. લ્યો. માથાને ઘડો કહેવો. એ પ્રયોજન સિદ્ધ કરવા, એ વસ્તુ કેવા આકારવાળી છે એમ સિદ્ધ કરવા પણ વ્યવહાર આવે. **'અન્ય વસ્તુકે નિમિત્તસે ઘટમેં અવસ્થા હુઈ ઉસકો ઘટસ્વરૂપ કહના વહ નિમિત્તાશ્રિત હૈ.'** મીણ ચોપડ્યું હોય, લાખ ચોપડી હોય. પાણીનો ઘડો કહેવો, મીણનો ઘડો કહેવો, બીજાને લઈને કહેવું ને? ઘીનો ઘડો કહેવો. એ બધું ઉપચારથી છે. ઘડો ઘીનો નથી. ઘડો તો સામાન્ય-વિશેષરૂપ છે. નિશ્ચય-વ્યહાર છે ઇ છે. સમજાણું કાંઈ? જુઓ! કઈ રીતે શાસ્ત્રને વાંચવા એની એક કળા મૂકે છે. **'ઇસપ્રકાર વિવક્ષિત...'** જે કહેવા માગીએ તે ચીજને, એમ કહે છે. **'સર્વ જીવ-અજીવ વસ્તુઓં પર લગાના.'** એ આગમની વાત કરી.

**'એક આત્માહીકો પ્રધાન કરકે લગાના અધ્યાત્મ હૈ.'** એક આત્મા ઉપર જ્યારે વાત થાય ત્યારે અધ્યાત્મ કહેવાય. **'જીવ સામાન્યકો ભી આત્મા કહતે હૈં.'** દ્રવ્ય જીવનું, એના ગુણ, એની પર્યાય બધાને આત્મા પણ કહેવામાં આવે. સમજાણું કાંઈ ? અધ્યાત્મમાં ત્રણેયને આત્મા કહેવામાં આવે. સામાન્ય બધું એક થઈ ગયું ને. **'જો જીવ અપનેકો સબ જીવોંસે ભિન્ન અનુભવ કરે ઉસકો ભી આત્મા કહતે હૈં.'** ભગવાનઆત્મા રાગથી વિકલ્પથી જુદો અને એક સમયની પર્યાય જેવડો એ નહિ, પૂર્ણ ધ્રુવ સ્વરૂપ, એનો જે અનુભવ કરતાં એ અનુભવ કરે છે એ આત્માનો અનુભવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ મુદ્દાની રકમ આવી.

**'જો જીવ અપનેકો સબ જીવોંસે ભિન્ન અનુભવ કરે...'** દેખો! સર્વ જીવથી જુદો **'અનુભવ કરે ઉસકો ભી આત્મા કહતે હૈં. જબ અપનેકો સબસે ભિન્ન અનુભવ કરકે, અપને પર નિશ્ચય લગાવે તબ ઇસપ્રકાર જો આપ અનાદિઅનંત...'** ભગવાનઆત્મા અનાદિઅનંત છે, **'અવિનાશી સબ દ્રવ્યોંસે ભિન્ન,...'** છે. બધા અનેરા પદાર્થથી ભગવાનઆત્મા તદ્દન જુદો છે. **'એક સામાન્ય-વિશેષરૂપ, અનંતધર્માત્મક, દ્રવ્ય-પર્યાયાત્માક જીવ નામક શુદ્ધ વસ્તુ હૈ...'** બેય ભેગું થઈને, હોં! એક સામાન્ય-વિશેષરૂપ બધું ભેગું થઈને. **'અનંત ધર્માત્મક, દ્રવ્ય-પર્યાયાત્માક જીવ નામક શુદ્ધ વસ્તુ હૈ,...'** આને પણ નિશ્ચય કહેવામાં આવે છે. પર્યાય સહિત સામાન્ય બધે એને નિશ્ચય કહેવાય. સ્વ આશ્રિત છે ને ઇ? સ્વ આશ્રયે દ્રવ્ય અને પર્યાય, તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. આ તો કઈ રીતે વાંચવું એની શૈલી મુકી કીધી. સમજાણું કાંઈ?

**'વહ કૈસા હૈ? શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ અસાધારણ ધર્મકો લિયે હુએ, અનંત શક્તિકા ધારક હૈ,...'** ભગવાનઆત્મા અનંત ચેતનાશક્તિ (ધારક છે). સમજાણું કાંઈ? જેની એક સમયની પર્યાયમાં ચેતનાશક્તિ અને ચેતનાનો ધરનાર ચેતનનું જ્ઞાન આવી જાય, એવા અનંતા ત્રણ કાળના દ્રવ્યોનું જ્ઞાન આવે છતાં એ ચૈતન્યશક્તિથી પર્યાય તો ભિન્ન અને એક સમયની અવસ્થા છે. સમજાણું કાંઈ? ચૈતન્યશક્તિનો ગાંઠડો એ તો એકલો છે. આહા..! સમજાણું કાંઈ? વસ્તુ છે ને? અસ્તિ છે ને? એનો સ્વભાવ છે ને? અને સ્વભાવ છે તે એકરૂપ ચૈતન્યની ગાંઠ એ આત્માનો સ્વભાવ છે. એમાં રાગ પણ ન આવે, એક સમયની પર્યાય પણ

ન આવે. ત્રિકાળ ચૈતન્યની ગાંઠ. સમજાણું કાંઈ? આહાહા..!

**'શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.'** દ્રવ્યની વાત કરવી છે ને અહીંયા? આહાહા..! એક સમયની જ્ઞાનની પર્યાય, એમાં શું જાણવામાં ન આવે? ખરેખર તો એક સમયની પર્યાયમાં દ્રવ્ય જાણવામાં આવે, ગુણ જાણવામાં આવે, પોતે પર્યાય પર્યાયને જાણે અને લોકાલોક પણ એક સમયની પર્યાયમાં જણાય જાય. એવો પરિપૂર્ણ એક જ સમયનો અંશ જે છે એ સામાન્ય નહિ. સમજાણું કાંઈ? એવી અનંતી પર્યાય સામાન્યરૂપે એનું ગુણરૂપ જે વસ્તુ છે અને અનંત ગુણનું એકરૂપ વસ્તુ છે એને અહીંયા દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આ વસ્તુ.. વસ્તુ દ્રવ્ય, ભગવાનઆત્મા કહે છે કે સામાન્ય એને કહીએ. એમ કહે છે ને અહીંયા? શક્તિના સમૂહરૂપ દ્રવ્ય, એમ કહ્યું ને? વિશેષની વાત પછી કરશે. આહાહા..! અરે..! કહે છે, એ ભગવાન કેવડો છે? કે જેની એક સમયની પર્યાય છે એમાં પરિપૂર્ણતા બધું આવી જાય છે, કોઈ બાકી રહેતું નથી. જાણે એક સમયનો પર્યાય જ આખી ચીજ હોય જગતની! છતાં કહે છે કે એવડું દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? દ્રવ્ય તો ચૈતન્યની ગાંઠ આખો કીધો ને? અનંત જ્ઞાન દર્શન ચેતના અનંત શક્તિનો સમૂહ એમ લેવું છે ને અહીં? એ ગુણ જે છે, એવી અનંત શક્તિનો સમૂહ તે દ્રવ્ય છે. આહાહા..!

કેટલું એનું સામર્થ્ય છે! જેની એક પર્યાયમાં અનંતા કેવળીઓ જણાય તોપણ તે ચૈતન્યશક્તિનો સમૂહ એ ચીજ નહિ. સમજાણું કાંઈ? એ એક સમયની પર્યાયને ગૌણ કરી અને આખો ભગવાન એવી અનંતી પર્યાયના સામર્થ્યવાળો એક ગુણ, શ્રદ્ધાની એક સમયની પર્યાય જે પૂર્ણને શ્રદ્ધે છે. દ્રવ્યને, ગુણને બધાને શ્રદ્ધે છે. પણ એ શ્રદ્ધે છે એવી જે એક સમયની પર્યાય એ પણ દ્રવ્ય નહિ. આહાહા..! જુઓ! આ આત્માનો કરિયાવર! આ જુઓ! એનો ઘરનો ભાવ. કહે છે કે એવી એવી અનંતી પર્યાયો પરિપૂર્ણ, પરિપૂર્ણ, શ્રદ્ધા પરિપૂર્ણ, જ્ઞાન પરિપૂર્ણ, સ્થિરતા પરિપૂર્ણ, આનંદ વગેરે વગેરે. પણ એ બધો પર્યાય, એ દ્રવ્ય નહિ. સમજાણું કાંઈ?

દ્રવ્ય તો અનંત ચૈતન્યશક્તિનો સમૂહ તે દ્રવ્ય કહીએ. પરિપૂર્ણ એક એક પર્યાય સમ્યક્‌ની, જ્ઞાનની, આનંદની, વીર્યની, સ્વચ્છતાની, પ્રભુતાની વગેરે અનંત ગુણની એક એક સમયની પરિપૂર્ણતા, એ પણ દ્રવ્ય નહિ. એવી અનંતી પર્યાયની શક્તિ અને એવી અનંત શક્તિનો સમૂહ તે દ્રવ્ય કહીએ. 'મગનભાઈ'! કહો, ક્યાંય હશે આવી વાત?

મુમુક્ષુ :- હા, 'સોનગઢ'માં છે.

ઉત્તર :- આ તો બીજા કહે, વિશ્વધર્મ. હવે સાંભળને! વિશ્વધર્મ આ છે. બધાનો સમન્વય કરીએ.. ભાઈ! એમ વસ્તુ નથી. ભાઈ! આ તો સ્વભાવધર્મ છે. દ્રવ્યરૂપ સ્વભાવધર્મ. આહાહા..! એક એક સ્વભાવ શક્તિ મોટી સાગર શક્તિ પડી છે. જેમાં પરિપૂર્ણ એક એક પર્યાય તો અનંતી જેમાં પેઠી છે. આહાહા..! એવી અનંતી શક્તિનો સમૂહ, એવી ચેતનાની અનંતી શક્તિનો સમૂહ તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ અસાધારણ ધર્મકો લિયે હુએ,...'** અસાધારણ એવા સ્વભાવને **'અનંત શક્તિકા ધારક હૈ, ઉસમેં સામાન્ય...'** સમજાણું કાંઈ? **'અનંત શક્તિકા ધારક હૈ, ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.'** આહાહા..! એકરૂપ સામાન્ય અંશ ભાગ. **'ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ...'** બેમાં પર્યાયમાં આ એક સામાન્ય ભાગ આખો રહી ગયો. **'સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિનો સમૂહ દ્રવ્ય હૈ.'** ચેતનાનું સામાન્યપણું એકરૂપ ત્રિકાળ. ઓહોહો..! મહા પદાર્થ મોટો! કહો, 'પ્રકાશદાસજી'! છે આમાં ક્યાંય બીજે? સાંભળ્યું હતું ન્યાં 'કબીર'માં? સાહેબ તારો આવો છે, કહે છે. આહાહા..!

એક એક સમયની પર્યાયને સિદ્ધસાહેબ કહો તો એવી તો અનંતી પર્યાયનો સાગર ભગવાન મહા સિદ્ધનો સિદ્ધસાહેબ છે. આહાહા..! એક તો પેલા ગતિનો શબ્દ મગજમાં ઉઠ્યો હતો, ભાઈ! ગતિ પ્રાપ્ત, કીધું ને? પહેલી ગાથામાં '**गदिं पत्ते**' (કહ્યું). '**धुवमचलमणोवमं गदिं पत्ते**'. એમાંથી ... '**गदिं**' એટલે હયાતીરૂપ, હયાતીરૂપ ભાવ, એમ કહેવું છે. વળી કોઈકે કહ્યું. પહેલી ગાથા છે ને?

મુમુક્ષુ :-

ઉત્તર :- ના, આ તો આપણે... '**गदिं**' છે ને? હયાતીની સ્થિતિ. '**धुवमचलमणोवमं गदिं पत्ते**' ગતિ પ્રાપ્ત એટલે એક હયાતીની સ્થિતિને પ્રાપ્ત. સમજાણું કાંઈ? આમ આનો અર્થ બીજો આવ્યો હતો, આજે સવારમાં. ધ્રુવ વસ્તુ જે ત્રિકાળ, આ સામાન્ય જે કહે છે ઇ, એ અચળ છે, અનુપમ છે અને હયાતીની સ્થિતિને બતાવે છે. એની હયાતી આવડી છે. અહીં તો પર્યાયથી વાત ચાલે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે ને? અનંત જ્ઞાન, દર્શન.. **'ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.'** ભેદમાં શું આવ્યું? આ દ્રવ્ય જે છે, ધ્રુવ.. ધ્રુવ, એ ધ્રુવ છે, અચળ છે, અનુપમ છે અને હયાતીની... શું કીધું? સ્થિતિ, એની ત્રિકાળ હયાતીની સ્થિતિ બતાવે છે. અહીં પર્યાયની વાત છે પણ વસ્તુ ધ્રુવ સામાન્ય જે વસ્તુ છે એના હોવાપણાની મર્યાદા બતાવે છે, આવડી એની મર્યાદા છે. સમજાણું કાંઈ? જ્યારે પર્યાયમાં આવડું આવ્યું, ભાઈ! પર્યાયની વ્યાખ્યા છે ને ઇ તો? પર્યાય આવડી આવી તો પછી એવી એવી અનંતી પર્યાય અંદર છે. ધ્રુવ, અચલ, અનુપમની હયાતીવાળું સત્તા તત્ત્વ છે. સમજાણું કાંઈ? પહેલી ગાથામાં ઘણું નાખ્યું છે. ઓહોહો..! આમ વસ્તુની પર્યાય અને તે સર્વ સિદ્ધો નમસ્કાર (કર્યા). સમજાય છે?

આવા જે દ્રવ્યો છે, અનંત આત્માઓ સિદ્ધરૂપ સર્વ છે. કેમકે આવી જે ધ્રુવ, અચલ, અનુપમ પર્યાયને પ્રાપ્ત થયેલા અને પ્રાપ્ત થવાને લાયક એવા જે ધ્રુવ ભગવાનઆત્મા, સમજાણું કાંઈ? પોતાની હયાતીની સ્થિતિને પ્રાપ્ત છે એ બધા સિદ્ધ છે. એ બધા સિદ્ધ છે. એટલે હયાતીવાળું તત્ત્વ છે. અનંતા સિદ્ધોને જેણે જ્ઞાનની પર્યાયમાં લીધા અને એવી અનંતી પર્યાય સંઘરીને અંદર ઘરમાં બેઠો (છે) એ અનંતા સિદ્ધ પોતે છે. સમજાણું કાંઈ? ન્યાં સર્વ

સિદ્ધ આંકડો લીધો છે. સંખ્યાનો, પર્યાયનો. અહીં તો દ્રવ્યમાં નાખ્યું. પોતામાં અનંત સિદ્ધ સ્વરૂપ છે, અનંત સિદ્ધસ્વરૂપ પોતે છે. 'મગનભાઈ'! સમજાણું કાંઈ? એય..! 'ચીમનભાઈ'! સમજાય છે આમાં? આ બધું સમજવું પડશે. આ બધા થોથામાં કાંઈ ન મળે, મરી ગયો હેરાન થઈને. રખડપાટી કરી કરીને. આહાહા..! એ રખડવું અને રખડવાનો ભાવ એની ચીજમાં નથી, એમ કહે છે. આહા..! પણ છે કેવડો? એ નથી તો, કેવો આવડો (છે)?

જે સિદ્ધદશાને પરમાત્મા પ્રાપ્ત થયા એવા એવા અનંતા સિદ્ધો દ્રવ્યરૂપે છે. વસ્તુમાં અનંત સિદ્ધ છે. એવા અનંત સિદ્ધસ્વરૂપ દ્રવ્ય જે છે એને આદરું છું. સમજાણું કાંઈ? મહારાજ! વ્યવહાર કીધો છે ને અનંતા સિદ્ધને નમસ્કાર (કર્યા છે). હવે સાંભળને! ન્યાં વ્યવહાર સિદ્ધને જ્ઞાનની પર્યાયમાં સમાડી દીધા છે. અનંતા સિદ્ધોને જ્ઞાનની પર્યાયમાં સમાડ્યા છે. એક પર્યાયમાં અનંતા સિદ્ધો જ્ઞાનમાં આવી ગયા છે. અને એવી અનંતી પર્યાયો અંદરમાં પેટમાં-દ્રવ્યમાં પડી છે. અનંતા સિદ્ધને હું આદર કરું છું. મારું દ્રવ્ય જે અનંત સિદ્ધસ્વરૂપ છે એને હું આદર કરું છું. નિશ્ચય તો આ છે. 'મગનભાઈ'! આહાહા..!

વિકલ્પ વિનાની તો ચીજ (છે) પણ પર્યાયની પરિપૂર્ણતાવાળી પર્યાય, એના રહિતની ચીજ (છે). આહા..! સમજાણું કાંઈ? સંસારનો ઉદયભાવ તો જેમાં નથી પણ જેમાં... કારણ કે પૂરી પર્યાય છે એટલે અપૂર્ણતા પણ એમાં નથી. પર્યાયમાં, હોં! વિકાર તો નથી પર્યાયમાં પણ અપૂર્ણતા નથી. એવી જે પર્યાય, એવી જે ધ્રુવ, અચલ, અનુપમ પર્યાય એવા અનંતા પર્યાયોનો ચૈતન્યપિંડ ભગવાનઆત્મા, એ ચૈતન્ય સાહેબની શું વાત કરવી! કહે છે. આ વાત, એને ચૈતન્ય આવો છે એવું અંદર દૃષ્ટિમાં એણે કોઈ દિ' લીધું નથી. અને એ દૃષ્ટિમાં લીધા વિના એવું એ સ્વરૂપ છે, એવું દૃષ્ટિમાં લીધા વિના સમ્યક્તા, સત્યતા, એ સાચો થાય નહિ. સમજાણું કાંઈ? સમ્યક્ એટલે સાચું, સાચું. સાચો ક્યારે થાય? સાચો શ્રદ્ધા, જ્ઞાન પર્યાયમાં ત્યારે થાય કે આવડો ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા એક એક આખો એવો, હોં! એક એક એવા આત્મા (છે). આહાહા..! સમજાણું કાંઈ? એવા ચૈતન્યને અનંત શક્તિનો સમૂહ, એમ લીધું છે ને? આહાહા..! સામાન્ય ધર્મકો લિયે, એમ છે ને?

**'શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ અસાધારણ ધર્મકો લિયે હુએ, અનંત શક્તિકા ધારક હૈ,...'** ધારક હૈ. અસ્તિરૂપે છે, સત્તા છે, હયાતીરૂપ સ્થિતિ એની છે. સમજાણું કાંઈ? આહાહા..! **'ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.'** લ્યો. સમજાણું? એમાં સામાન્યનો એક ભાગ. પહેલું સમુચ્ચય લીધું પછી એમાં **'સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ. અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય યે ચેતનાકે વિશેષ હૈં...'** ભેદ પડ્યો એ તો. આહા..! સમજાણું કાંઈ? ભગવાન અનંત આનંદની પર્યાયે પરિપૂર્ણ પ્રગટ થઈને બહાર આવ્યો, કહે છે કે એ પરિપૂર્ણ આનંદમાં પણ પરિપૂર્ણતા આવી પણ એટલો એ દ્રવ્ય (જેવડો) પરિપૂર્ણ નહિ. સમજાણું કાંઈ? એવી તો અનંતી આનંદની પર્યાય આનંદગુણમાં (પડી છે), એવી એવી ચેતનાની અનંત શક્તિઓનો સમૂહ, એવો જે ભગવાનઆત્મા તે નિશ્ચય દ્રવ્ય છે.

સમજાણું કાંઈ?

એમાં **'અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય યે ચેતનાકે વિશેષ હૈં...'** ચેતના જે સામાન્યરૂપ હતી એમાં આવા ભેદ પાડવા કે આ જ્ઞાન છે, આ દર્શન છે, આ આનંદ છે (એ વિશેષ છે). આહાહા..! સમજાણું કાંઈ? એ તો વ્યવહારનો વિષય આવ્યો ને? સાતમી ગાથા. **'અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય...'** અનંત બધાને લઈ લેવું. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય. એ બધા ચેતનાના સામાન્યના એ ભેદો તે વિશેષ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? હવે અહીં કહે છે કે હું મહાવ્રત પાળું ને આ કરું... અરે...! ધૂળમાં પણ નથી, સાંભળને! મહાવ્રતનો વિકલ્પ જેમાં નથી, એની પર્યાયમાં નથી.. આહા..! એ વિકલ્પનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન અને દ્રવ્ય-ગુણનું જ્ઞાન જેની એક સમયની પર્યાયમાં પૂર્ણ છે એવી પૂર્ણતા પર્યાયની એ પણ દ્રવ્ય પૂરું નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આવો ભગવાન એણે કોઈ દિ' ગુણે ગાયો નથી. એના અંદરમાં ગુણના ગાન આવ્યા નથી, કહે છે. એવો ભગવાનઆત્મા તેને દ્રવ્ય કહીએ અને એના ને એના એકરૂપના ગુણોના ભેદથી કહેવો તેને વ્યવહાર કહીએ. સમજાય છે? તે ગુણ. પહેલું દ્રવ્ય લીધું, આ ગુણ (લીધા). હવે પર્યાય (લેશે). સમજાણું કાંઈ?

**'ઔર અગુરુલઘુ ગુણકે દ્વારા ષટ્સ્થાનપતિત...'** છ પ્રકારના આશ્રયે. પતિત એટલે આશ્રય થયું. **'હાનિ વૃદ્ધિરૂપ પરિણમન કરતે હુએ જીવકે ત્રિકાલાત્મક અનંત પર્યાયે હૈં.'** ત્રણે કાળના અનંત પર્યાય. એક સમયની પર્યાય એવી ત્રણેય કાળ થાય છે ને? એ પર્યાય છે. અનંત શક્તિનો ભગવાન ભંડાર જે વસ્તુ તેને દ્રવ્ય કહીએ. અને તેના ગુણભેદને જ્ઞાન, દર્શન એવા ભેદને ગુણ કહીએ. અને ત્રિકાળ અબાધિત અગુરુલઘુની પર્યાય, ષટ્ગુણહાનિવૃદ્ધિનું પરિણમન, એને પર્યાય કહીએ. આ દ્રવ્ય, ગુણ ને પર્યાયનું વસ્તુનું સ્વરૂપ છે.

વસ્તુ જ આ રીતે છે. કેમ? કોઈ એમ કહેવા માગે કે મારે હિત કરવું છે. તો એનો અર્થ એ થયો કે એની દશામાં-પર્યાયમાં અહિત છે. ત્યારે પર્યાયનું અહિત ટાળીને એને હિત (કરવું) છે. તો એ એની પર્યાય છે. હવે પર્યાય છે, જે જાતના ગુણની જે પર્યાય છે એ પર્યાયનો જો ગુણ હોય તો એ પર્યાય થાય. અને એ ગુણ પણ એકરૂપે ત્રિકાળ દ્રવ્ય હોય તો એ દ્રવ્ય પરિણમે તો એ પર્યાય પરિણમે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઝીણું બહુ.

ઉત્તર :- ઝીણું થોડું છે પણ સાંભળવું તો ખરું, સાંભળે તો ખરા. એય..! 'સેઠી'! આહાહા..!

કહે છે કે આ આત્મા અગુરુલઘુની પર્યાયરૂપે પરિણમન (કરે). પરિણમન એટલે કે જેને કાંઈક સારું કરવું છે એમ જે કહેવા માગે તો એનો અર્થ થયો કે એ પર્યાયમાં સારું થાય. અવસ્થા ક્ષણે ક્ષણે થતી હોય એમાં સારું થાય. કાયમ હોય એમાં સારું થાય? સારું તત્ત્વ તો છે જ. 'ચીમનભાઈ'! આ બધો અભ્યાસ કરવો પડે, હોં! અંદરમાં. અંદરમાં, હોં! આહાહા..!

કહે છે કે જ્યારે એક આનંદની પર્યાય આવી, પર્યાય અગુરુલઘુ તરીકે, સમજાય છે? એ

એક સમયની એક પર્યાય થઈ. તો એ પર્યાયનો આખો એક ભાગ હોય, જે અંશ છે એનો આખો ભાગ (હોવો જોઈએ). ત્યારે આનંદનો અંશ આવ્યો તો આખો ભાગ તો આનંદગુણ છે. ચૈતન્યની એક સમયની પર્યાય આવી તો એ પર્યાયનો આખો ભાગ તો ચેતનગુણ છે. શ્રદ્ધાની એક સમયની પર્યાય આવી એ તો પર્યાય થઈ. એનો આખો ભાગ તો શ્રદ્ધા નામની શક્તિ છે. સમજાણું કાંઈ? એવી અનંત શક્તિઓ જે છે એનો જે પર્યાય થયો એ પર્યાય એમ સિદ્ધ કરે છે કે આ પર્યાય એક એક ભિન્ન ભિન્ન જાતની છે તો એનો ભિન્ન ભિન્ન ત્રિકાળી ટકતો ગુણ છે. અને એ એ ગુણ એમ સિદ્ધ કરે છે કે એવા અનંત ગુણનું એકરૂપ તે દ્રવ્ય છે. 'જાદવજીભાઈ'! વેપારીને ઝીણું પડે પણ માર્ગ આ છે, બાપા! અંતરના વેપારે ચડેલો વેપારી આ વેપાર કરે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલા ત્રણ મૂક્યા. દ્રવ્ય, ગુણ અને પર્યાય. એ વિના વસ્તુની સ્થિતિ જેવી છે એ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- નહિ સમજાણું?

એમ કહ્યું ને? કે મારે સુખી થાવું છે, લ્યો. ધર્મ કરવો એટલે સુખી થાવું, એમ અર્થ થયો ને? તો એનો અર્થ થયો કે વર્તમાનમાં એ સુખની દશા નથી અને દુઃખની દશા છે. તો એને દુઃખ ટાળીને સુખી થાવું છે. તો એ તો ટાળવું ને થવું એ તો પર્યાય થઈ ગઈ, ત્રિકાળી ચીજ ન થઈ. એટલે પર્યાયનો જો આવો ધર્મ ન હોય તો કોઈ રીતે ટાળવું અને થવું એ રહેતું નથી. સમજાણું કાંઈ? હવે ટાળવું અને થવું એ તો વર્તમાન અંશ આવ્યો. એ તો પાછો પલટતો આવ્યો. પલટતો પર્યાય છે ને? તો એનો કોઈ આખો ગુણ જોઈએ ને કે જેમાંથી એક સુખ આવ્યું, તો આખો આનંદગુણ (હોવો જોઈએ), શાંતિ આવી તો આખો ગુણ ચારિત્ર, શ્રદ્ધાપર્યાય આવી તો આખો ગુણ શ્રદ્ધા, વીતરાગતા.. સમજ્યા ને? વસ્તુતા, વગેરે વગેરે. કર્તા, કર્તાની પર્યાય કર્મરૂપે પરિણમી, અંદર કર્તારૂપે (પરિણમી) તો એનો કર્તાગુણ ત્રિકાળ (હોવો જોઈએ). એ પર્યાયનો અંશ આ રીતે સિદ્ધ કરે છે કે એનો એક આખો ગુણ છે. એ ભેદરૂપ ગુણ છે. અને એ ગુણ એમ સિદ્ધ કરે છે કે બધા ગુણોનું એકરૂપ તે દ્રવ્ય છે. 'મગનભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ?

આ તો સાદી ભાષામાં આવે છે, કંઈ બહુ કડક નથી. પણ એ દરકાર કરે જ નહિ કે મને સમજાય નહિ, અમને સમજાય નહિ. ન સમજાય એવી વાત છે નહિ જગતમાં. કેવળજ્ઞાન પામ્યો છે એ આત્મા પામ્યો છે. તું આત્મા છો કે નહિ? સમજાણું કે નહિ? જે આત્મા પામે એ તું પામી શકે. જડ પામે એ તું ન પામી શકે. જડ પામે વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થાને. એ તારામાં ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, કે ચેતના શુદ્ધ દર્શન, જ્ઞાનમય ચેતના. એવું પહેલા દ્રવ્યમાં લીધું હતું ને? **'ચેતનાસ્વરૂપ અસાધારણ ધર્મકો લિયે હુએ, અનંત શક્તિકા ધારક હૈ, ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.'** ચેતનાને અહીં મુખ્ય બતાવ્યું. એની સાથે બધા ગુણો

લઈ લેવા. વ્યાપક છે ને. એ ગુણ છે. અને અગુરુલઘુ. એ પરિણમે છે ને? બદલે છે ને? કાંઈક એને સારું કરવું છે, નરસું ટાળવું છે તો એ બદલવામાં એમ થઈ શકે. ધ્રુવમાં કેમ થાય? ધ્રુવ તો એકરૂપ ત્રિકાળ છે. આ દ્રવ્ય ને ગુણ ને પર્યાય વસ્તુનું સ્વરૂપ છે. એ રીતે જે જાણે નહિ અને બીજી રીતે કહેવા માગે તો એ દ્રવ્ય સ્વરૂપને પકડી શકશે નહિ. કારણ કે એનું સ્વરૂપ જ આ રીતે સત્ છે. 'સેઠી'!

કારણ કે જ્યાં નજર નાખવી છે તે એકરૂપ વસ્તુ ધ્રુવ ન હોય તો નજર ત્યાં ટકે શી રીતે? અને નજર છે ઇ તો વર્તમાનની પર્યાય છે. સમજાણું? અવસ્થા છે. જો અવસ્થારૂપ ન હોય તો એણે દ્રવ્યમાં નજર નાખું, એમ પણ રહેતું નથી. અને દ્રવ્ય ધ્રુવ ન હોય તો અવસ્થા ક્યાં નાખવી નજરમાં એ રહેતું નથી. અને ગુણ ન હોય તો એક જ દ્રવ્ય અને એક જ ગુણ હોય તો આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા વગેરે પર્યાયમાં ભિન્ન ભિન્નતા દેખાય છે. તો ભિન્ન ભિન્ન પર્યાયો છે તો એના ભિન્ન ભિન્ન ગુણો પણ છે. અને ભિન્ન ભિન્ન ગુણોનું એકરૂપ તે અભેદ દ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

જરીક એણે વિચાર કરવાની મહેનત લેવી જોઈએ. સંસારના કામમાં ઊંડો ઊંડો ઊંડો વિચાર કરે. આ ઇજનેર હોય તો ઇ ને ફલાણો હોય તો ઇ. જેના પાયામાં ઇંટો નાખી એ આઘો નહિ ટકે. જોવા ગયા હતા ને? ઇંટ નાખી હતી. ...માં ક્યાંક નાખી હતી. વાત કરી હતી. હેઠે ઇંટનો ભાગ અને ઉપર પૂરી દીધું. નીકળ્યું પોલમપોલ. જેમાં.. શું કહેવાય ઇ મૂળ? પાયો. પાયા જેના ખોટા... એટલે પાયો એટલે આ. આનો પાયો કે એનો પાયો, લ્યોને. પાટના પાયા ખોટા એના મકાનના પાયા ખોટા એ મકાન ને પાટ રહી શકશે નહિ.

એમ જેની ભીંત ધ્રુવ અંદર છે, જેનો પાયો આખો ઊભો થાય જેમાંથી, સિદ્ધપદની પર્યાયનો મોટો મહેલ ઊભો થાય, કેવળજ્ઞાનની પર્યાય (ઊભી થાય) એનો પાયો મોટો મજબૂત ધ્રુવ છે. આહા..! સીસાના પાયા નાખે, હોં! પાયામાં સીસુ નાખે. ત્યાં નાખ્યું છે, 'રાણપુર'. છે ને પેલો ૪૫૦ વર્ષનો કોટ? પાણી બહુ આવે. બહુ પાણીનો ધક્કો લાગે. પાયામાં નાખ્યું છે સીસુ દેખાવ રાખવા માટે. આ તો સીસુ નહિ, આ ધ્રુવ સીસુ તો અનંત પરમાણુનો પિંડ. આહાહા..! આ તો મહા પાયો ધ્રુવ હલ્યો હલે નહિ, અચળ છે. હલ્યો હલે એ તો પર્યાય. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? આરે.. આરે...! પેલી તો બહારની અજ્ઞાનીની વાતું. વ્રત પાળો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો (તો) ધર્મ થાય. સાંભળને! એ તો રાગ ને વિકલ્પ થયો. એ વિકલ્પ તો તારી પર્યાયમાં નથી તો ગુણ-દ્રવ્યમાં તો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એનો જે ભેદ પાડીને પહેલો સામાન્ય ભેદ એ તો દ્રવ્ય (કહ્યું). એનો વિશેષ ભેદ તે ગુણ અને એનું પરિણમન તે અગુરુલઘુની પર્યાય. કહો, બરાબર છે? આ તો સાદી ભાષાએ આવે છે. માણસને એમ થઈ જાય કે આ બધું આવું? ઝીણું નથી. એનું છે ઇ ઝીણું ન હોય. સમજાણું કાંઈ? એની જાતને જોવા માટે કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. સજાત શું છે?

રાગાદિ ને એ બધી તો કજાત છે. વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ તો કજાત છે. એમાં તારો આત્મા આવી ગયો? આહાહા..! એને લઈને લાભ થાય. એનો અર્થ કે આત્મા એમાં આવ્યો. અથવા એ રાગવાળો આત્મા એટલે રાગ સહિત આત્મા તેને આત્મા કહીએ. એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઇસ પ્રકાર શુદ્ધ જીવ નામક વસ્તુકો સર્વજ્ઞને દેખા,...'** આહા..હા..! આવો ભગવાનઆત્મા સર્વજ્ઞે તો પ્રસિદ્ધ દીઠો. **'જૈસા આગમમેં પ્રસિદ્ધ હૈ, વહ તો એક અભેદરૂપ શુદ્ધ નિશ્ચયનયકા વિષયભૂત જીવ હૈ,...'** લ્યો. સમજાણું કાંઈ? **'ઇસ પ્રકાર શુદ્ધ જીવ નામક વસ્તુકો સર્વજ્ઞને દેખા, જૈસા આગમમેં પ્રસિદ્ધ હૈ,...'** આગમમાં એ પ્રસિદ્ધ છે. સિદ્ધાંત વીતરાગના શાસ્ત્રમાં ભગવાને જોયું એવું શાસ્ત્રમાં બધું પ્રસિદ્ધ છે. જુઓ! આગમ આને કહીએ, જેમાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થને શાસ્ત્રે સિદ્ધ કર્યા હોય. અને જેમાં દ્રવ્ય, ગુણ ને પર્યાયને સાબિત (કર્યા હોય). કારણ કે વસ્તુની સ્થિતિ જ આ રીતે (છે). એ રીતની ખબર ન હોય એટલે ઓઘે ઓઘે કરો ધર્મ. ધર્મ થાય. શું કરો? ધ્યાન કરો. શેનું પણ ધ્યાન? ધ્યાન કરો એનો અર્થ થયો કે કાંઈક બદલવું છે. અને બદલવું છે એનો અર્થ થયો કે એ બદલતું કાંઈકમાંથી આવે છે, એ કાયમની શક્તિ છે એમાંથી આવે છે. એનો અર્થ થયો કે અનંતી શક્તિનું દ્રવ્ય છે, શક્તિ તે ગુણ છે અને આ પર્યાય તે પરિણમન છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સર્વજ્ઞને દેખા, જૈસા આગમમેં પ્રસિદ્ધ હૈ,...'** એમ અહીં તો કહે છે. સિદ્ધાંતમાં એ પ્રસિદ્ધ વાત છે. સિદ્ધાંતમાં નથી એમ નથી. સર્વજ્ઞના આગમ સિવાય બીજા આગમમાં આ વાત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ સૂત્ર, ભગવાનના આગમ આને કહીએ, એમ કહે છે. વચમાં આવ્યું હતું ને? પરંપરા ભગવાનથી કહેલા છે. આચાર્યો 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' જે પરંપરા આવ્યા, એમની વાણીને આગમ (કહેવાય). વચમાં આ શ્વેતાંબર નીકળ્યા એણે બધું કલ્પનાથી કર્યું છે. શાસ્ત્રો જોડ્યા છે. આવી ગયું હતું. નહોતા બોલ્યા. 'ભોગીભાઈ' હતા ને? સમજાણું કે નહિ? બે દિ'થી ડોક્ટર હતા. આજ ડોક્ટર 'ભાવનગર' ગયા છે. આવ્યું હતું, નહિ? કેટલામાં? ૪૬ પાને છે, જુઓ! **'ઐસી દિગંબરોંકે સંપ્રદાયમેં પ્રરૂપણા યથાર્થ હૈ.'** વીતરાગ દિગંબર માર્ગ જે અનાદિનો સનાતન (છે) એમાં સત્ શાસ્ત્ર અને સત્ય પ્રરૂપણા રહી છે. એ સિવાય બીજે સત્ શાસ્ત્ર નથી અને સત્ય પ્રરૂપણા પણ નથી. આહાહા..! શું થાય? લોકોને આમ સમન્વય કરવા છે. આ પણ સાચા ને આ પણ સાચ. ધૂળ પણ નહિ થાય, મરી જાઈશ. આહાહા..! બધા ધર્મ સરખા છે, સમન્વય કરો. શેના સમન્વય કરે? સાંભળને!

અહીં તો પરંપરા વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞે દીઠું એમ આવ્યું ને આમાં? તે આગમમાં આવ્યું છે. દિગંબરોના જે આગમ છે એ પરંપરાના આગમ છે અને શ્વેતાંબર.. લખ્યું ને અંદર? જુઓ! **'અન્ય શ્વેતામ્બરાદિક વર્ધમાન સ્વામીસે પરમ્પરા મિલાતે હૈં વહ કલ્પિત હૈ**

**ક્યોંકિ ભદ્રબાહુ સ્વામીકે પીછે કઈ મુનિ અવસ્થાસે ભ્રષ્ટ હુએ, યે અર્ધફાલક કહલાયે. ઇનકી સંપ્રદાયમેં શ્વેતામ્બર હુએ, ઇનમેં 'દેવર્દ્ધિગણી' નામક સાધુ...'** આ 'દેવર્દ્ધિગણી'. 'વલ્લભીપુર'માં મંદિર છે ને? **'ઇનકી સંપ્રદાયમેં હુઆ હૈ, ઇસને સૂત્ર બનાયે હૈં સો ઇનમેં શિથિલાચારકો પુષ્ટ કરનેકે લિયે કલ્પિત કથા તથા કલ્પિત આચરણકા કથન કિયા હૈ વહ પ્રમાણભૂત નહીં હૈ. પંચમકાલમેં જૈનાભાસોંકે શિથિલાચારકી અધિકતા હૈ સો યુક્ત હૈ,...'** ઇ બરાબર છે. આ કાળમાં એવું હોય. એય..! સમજાણું કાંઈ? અર્ધફાલક કટકો પહેલા લીધો. અમે મુનિ છીએ, ત્યાંથી ભ્રષ્ટ થઈ ગયા. વસ્ત્રનો કટકો રાખીને મુનિપણું માને એ દૃષ્ટિ મિથ્યા રહી ગઈ. એને વીતરાગતા હોય તો એને વસ્ત્ર લેવાની વૃત્તિ પણ ન હોય. એને અંતર ભાવની વીતરાગતા પ્રગટી હોય, હોં! એકલું ભાવલિંગ એવું. વચમાંથી આ ફાંટો નીકળ્યો, હવે એની સાથે મેળ કરવો? બહું આકરું. વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ, વેર નહિ. પણ વસ્તુની સ્થિતિ છે ઇ તો... 'આત્મજ્ઞાન સમદર્શિતા' 'શ્રીમદ્'માં નથી આવ્યું?

**આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ**
**અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦.**

'આત્મજ્ઞાન સમદર્શિતા...' સમદર્શિતાની વ્યાખ્યા કરી. એમ નહિ કે સમદર્શિ એટલે બધાયને સરખા માને. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ઉથાપે કે આ નહિ. છે? 'શ્રીમદ્' નું પુસ્તક છે એમાં? એય..! મોટામાં છે, હોં! મોટામાં છે, હોં! નાનામાં નથી. મોટા જાડા છે ને? સમદર્શિતાની વ્યાખ્યા ઇ કરી. સાચા ને ખોટા બધા સરખા (માને) તો મૂરખ છે, ગધેડા જેવો છે ઇ તો, કહે છે. સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે દ્રવ્ય, ગુણ, પર્યાય, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહ્યા એવી વાત બીજે કોઈ સંપ્રદાયમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કારણ કે કલ્પિત શાસ્ત્ર બનાવ્યા. એમાં એનું રહસ્ય ખોલવા જાય તો આ સત્ય નીકળે નહિ, એમ કહે છે. ક્યાં ન્યાં હતું તે નીકળે? સમજાણું કાંઈ? એ.. 'ચીમનભાઈ'! આવું છે, ભાઈ! છે એમાં? જુઓ! (પત્ર-૮૩૭).

**'સદ્ગુરુયોગ્ય લક્ષણરૂપ સમદર્શિતા, મુખ્યતાએ સર્વવિરતિ ગુણસ્થાનકે હોય, પછીના ગુણસ્થાનકે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય, વિશેષ પ્રગટ થતી જાય, ક્ષીણમોહગુણસ્થાને તેની પરાકાષ્ઠા અને પછી સંપૂર્ણ વીતરાગતા.'**

**'સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાન ભાવ, અભેદભાવ, એકસરખી બુદ્ધિ, નિર્વિશેષપણું નહીં, અર્થાત્ કાચ અને હીરો એ બે સમાન ગણવા, અથવા સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું, અથવા સદ્ધર્મ અને અસદ્ધર્મમાં અભેદ માનવો, અથવા સદ્ગુરુ અને અસદ્ગુરુને વિષે એકસરખી બુદ્ધિ રાખવી, અથવા સદ્દેવ અને અસદ્દેવને વિષે નિર્વિશેષપણું દાખવવું અર્થાત્ બન્નેને એક સરખા ગણવા, ઇત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શિતા નહીં, એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેકવિકળતા.'** એ.. 'મોહનભાઈ'! શું લખ્યું છે? અપૂર્ણની વ્યાખ્યા કઈ રીતે છે ખબર છે? બીજા ધર્મો અપૂર્ણ છે. 'મોક્ષમાળા'માં

આવે છે ને? એ આપણે વાત થઈ છે. ઇ ખબર છે? 'મોક્ષમાળા'માં. એય! 'વજુભાઈ'! આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે, હોં! એની સાથે વાત થઈ હતી. ઇ વાત ... હોય તો જાય?

**'એ સમદર્શિતા નહિ, એ તો આત્માની મૂઢતા,...' 'સમદર્શી સત્‌ને સત્‌ જાણે, બોધે, અસત્‌ને અસત્‌ જાણે, નિષેધે, સત્શ્રુતને સત્શ્રુત જાણે, બોધે, કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે,...'** જુઓ! આવ્યું કે નહિ? જેવું હોય એવું ... ખીચડો કરવો... વિષ્ટા અને શેરો બેય સરખા, એમ હશે? અસત્‌ને અસત્‌ જાણે, નિષેધે. છે ને? **'કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે, સદ્‌ધર્મને સદ્‌ધર્મ જાણે, બોધે, અસદ્‌ધર્મને અસદ્‌ધર્મ જાણે, નિષેધે, સદ્‌ગુરુને સદ્‌ગુર જાણે, બોધે, અસદ્‌ગુરુને અસદ્‌ગુરુ જાણે, નિષેધે, સદ્‌દેવને સદ્‌દેવ જાણે, બોધે, અસદ્‌દેવને અસદ્‌દેવ જાણે, નિષેધે. ઇત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે, તેમાં રાગદ્વેષ, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે, એ પ્રકારે સમદર્શીપણું સમજવું.'** એ ગાથા છે. સમદર્શિતાની ગાથા છે ને?

**'આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ'** લ્યો, આમાં આંકડો નથી લખ્યો. ઇ ગાથાનો અર્થ કર્યો છે. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ જ આવી હોય ત્યાં બીજું શું થાય? પછી કહે, નહીં. પોતાનું જ રાખશો તો દ્વેષ થશે. પણ દ્વેષની વ્યાખ્યા જ એ નથી. સમજાણું કાંઈ? આ જ એક મહા સત્ય છે, બીજા બધામાં સત્ય છે નહિ. એનું નામ સમદર્શિતા ને વિવેક ને અમૂઢતા છે. નહિતર તો મૂઢ છે. આહાહા..! વીતરાગ માર્ગ એવો (છે), બાપુ! સત્યને સત્ય જ સમજે, અસત્યને અસત્ય સમજે ને નિષેધે. નિષેધે માટે ત્યાં દ્વેષ છે એમ છે નહિ. વસ્તુનું સ્વરૂપ છે.

**'સર્વજ્ઞને દેખા, જૈસા આગમમેં પ્રસિદ્ધ હૈ,...'** અહીં તો આ આવ્યું હતું ને? વીતરાગ આગમ દિગંબર આગમમાં એ પ્રસિદ્ધ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! દિગંબર આમન્યાવાળાને ... હજી ખબર નથી. ઓઘે ઓઘે આ ક્રિયા કરવી ને દેહની ક્રિયા ને દયા, દાન, વ્રતની ક્રિયા (કરવી) એ ધર્મ, જાઓ! એ વ્યવહાર છે અને વ્યવહાર કરતાં નિશ્ચય થાશે. માને, મૂઢતા છે બધી. અજ્ઞાનતા છે. આગમમાં એમ કહ્યું નથી. આગમે તો વ્યવહારને વ્યવહાર જાણવો અને આત્માનો નિશ્ચય છે એનો આશ્રય લેવો ત્યારે ધર્મ થાય એમ આગમમાં કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'શુદ્ધ જીવ નામક વસ્તુકો સર્વજ્ઞને દેખા, જૈસા આગમમેં પ્રસિદ્ધ હૈ, વહ તો એક અભેદરૂપ...' 'એક અભેદરૂપ શુદ્ધ નિશ્ચયનયકા વિષયભૂત જીવ હૈ, ઇસ દૃષ્ટિસે અનુભવ કરે તબ તો ઐસા હૈ...'** હવે જ્યારે ભેદથી કરીએ તો શું થાય એની વ્યાખ્યા વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૨૬ ગાથા-૬ શનિવાર, અષાઢ સુદ ૧, તા. ૪-૦૭-૧૯૭૦**

આ 'અષ્ટપાહુડ'. 'સૂત્રપાહુડ' ચાલે છે એની છઠ્ઠી ગાથાનો અર્થ ચાલે છે. ભાવાર્થમાં અહીંયા આવ્યું છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ વાત કાલે આવી હતી. **'શુદ્ધ જીવ નામક વસ્તુ...'** ૫૭ પાને છે. ઉપરથી આઠમી લીટી. કહે છે કે ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ તીર્થંકરદેવ, એણે સર્વજ્ઞસ્વભાવમાં આ આત્માને એવો કહ્યો અને જોયો છે એનું એણે આત્માનું જ્ઞાન કરવું અને આત્માનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. એમ કહ્યું, જુઓ..!

**'અનાદિ-અનંત અવિનાશી સબ અન્ય દ્રવ્યોંસે ભિન્ન,...'** ભગવાનઆત્મા બધા અનંત પદાર્થ, પરમાણુ, શરીર, કર્મ અને અનંત આત્માઓ, એનાથી આ ભિન્ન નામ જુદો આત્મા છે. **'એક સામાન્ય-વિશેષરૂપ, અનંતધર્માત્મક, દ્રવ્ય-પર્યાયાત્મક જીવ નામક શુદ્ધ વસ્તુ હૈ,...'** એ બેય થઈને અહીં શુદ્ધ વસ્તુ કહેવામાં આવી છે. **'વહ કૈસા હૈ?'**

**'શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ અસાધારણ ધર્મકો લિયે હુએ અનંત શક્તિકા ધારક હૈ, ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.'** ઇ કાલે આવી ગયું છે. દ્રવ્ય એટલે વસ્તુ-આત્મા, એમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવી શક્તિઓ અનંત છે. એ શક્તિનો સમૂહ, તેને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે એવું એણે દ્રવ્યને એ રીતે જાણવું જોઈએ. સમજાણું કાંઈ?

**'અનંતજ્ઞાન-દર્શન-સુખ-વીર્ય યે ચેતનાકે વિશેષ હૈં વહ તો ગુણ હૈં...'** વસ્તુ આત્મા ચૈતન્યનો ગુણ જે જ્ઞાન, દર્શન અને આનંદ એ ગુણ છે. અનંત શક્તિનો સમૂહ તે વસ્તુ છે અને આ જ્ઞાન, દર્શન, આનંદ અંદર આત્મામાં છે એ ગુણ છે. **'ઔર અગુરુલઘુ ગુણકે દ્વારા ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ પરિણમન કરતે હુએ જીવકે ત્રિકાલાત્મક અનંત પર્યાયેં હૈં.'** કેવી પર્યાય લીધી? જુઓ! કાયમ હોય તે. આત્માની એક એક ગુણની એક એક પર્યાયમાં અવસ્થામાં ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપ જે પરિણમન પર્યાય થાય, એને અહીંયાં પર્યાય સૂક્ષ્મ છે અને સદાય રહે છે એથી એને અહીં પર્યાય કહેવામાં આવે છે. આહા..! આ આત્મા આ દેહમાં જુદો છે એને આ રીતે ભગવાને જોયો છે. એમ જે અંદરમાં જાણે ને માને એને ધર્મ થાય. '...ભાઈ'!

કહે છે, પ્રભુ! તારો ધર્મ તને કેમ થાય? અહીં તો ત્રણેય થઈને નિશ્ચયનો વિષય લેવો છે. આવું છે એવું જ્ઞાન કરે એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં પર્યાયનું લક્ષ (ખ્યાલ) જ્ઞાનમાં છે કે પર્યાય છે, ગુણ છે પણ એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં એને સમ્યગ્દર્શન થાય, એને ધર્મ થાય અને એ જન્મ-મરણની ગાંઠથી મૂકાય. ... તો એણે કોઈ દિ' કર્યો નથી ને બહારની વાતુંમાં સલવાઈ ગયો. એક તો જાણે આ સંસારના આ બાયડી, છોકરા, કુટુંબ, રળવું એનામાં મરીને પાપ કરીને મરી જાવું. સમજાણું કાંઈ? જેમાં જન્મ્યો અને જેનો સંબંધ (થયો) એનો રખવાળો થઈને એને રાખું ને એને આ મભો રાખું ને આ કરું.. (એવા) મિથ્યાત્વભાવમાં આ રીતે જીવ મરી જાય છે. હવે ધર્મને બહાને આવે તો એને ધર્મ શું છે એની ખબર ન હોય તેથી એને વર્તમાનમાં કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એને

એ ધર્મ માનીને બેસે. પણ એ તો પર્યાયનો ધર્મ છે, સ્વભાવ છે. એનો વાસ્તવિક ધર્મ એ નથી. સમજાણું કાંઈ? આહાહા...!

કહે છે કે ભગવાને એમ કહ્યું ને? જુઓ! **'ઇસ પ્રકાર શુદ્ધ જીવ નામક વસ્તુકો સર્વજ્ઞને દેખા, જૈસા આગમમેં પ્રસિદ્ધ હૈ,...'** સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુ, એણે આ આત્માને આવો કહ્યો એવો શાસ્ત્રમાં છે. એ શાસ્ત્રથી એનું જ્ઞાન કરીને સ્વસંવેદન આત્માનું જ્ઞાન કરે તો એને ધર્મ અને આત્મા જાણ્યો કહેવામાં આવે. સમજાણું કાંઈ?

કહે છે, દ્રવ્ય એટલે અનંત અનંત ચૈતન્યશક્તિનો ભંડાર અને ગુણ એટલે જ્ઞાન ને દર્શન ને આનંદ એ ગુણ અને એક સમયની પર્યાયમાં સૂક્ષ્મ ષટ્ગુણહાનિવૃદ્ધિ, અનંતગુણની વૃદ્ધિ અને એ જ સમયે અનંતગુણની હાનિ, એવો જ ભગવાને પર્યાયનો ધર્મ જોયો છે. એવા દ્રવ્ય, ગુણ, પર્યાયવાળું આખું તત્ત્વ એને જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો જીવ છે એને અંદરમાં જ્ઞાન કરીને દેખે, શ્રદ્ધા કરીને શ્રદ્ધે અને એમાં ઠરે તો એને ધર્મ થઈને જન્મ-મરણ મટે. આહાહા..! સમજાણું કાંઈ?

પહેલી તો ભગવાને કીધી વસ્તુ શું છે એ હજી એના ખ્યાલમાં આવતી નથી. 'શરીર તે હું, વાણી તે હું, મન તે હું, રાગ તે હું, પુણ્ય તે હું' એવો એટલો આત્મા એણે માન્યો. આત્મા એવડો નથી. આહાહા..! આત્મા તો અંદર ભગવાન પરિપૂર્ણ અનંત ગુણનો સમૂહ કીધો ને? દ્રવ્ય કીધું ને? **'ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.'** દ્રવ્ય એટલે આ પૈસો નહિ, હોં! આહાહા..! પૈસો તો ધૂળ જડ છે. ઇ ક્યાં આત્મા છે? સમજાણું કાંઈ?

આત્મા એ વસ્તુ જે છે એ તો અનંત બેહદ જ્ઞાન, દર્શન, જેની એક સમયની પર્યાયમાં પણ જે પરિપૂર્ણ જાણે એટલી શક્તિ એની નથી, શક્તિ તો એથી અનંતગુણી એક એક ગુણની છે. એવા શક્તિ સંપન્ન-ગુણ સંપન્ન એવો જે આત્મા દ્રવ્ય, એને ભગવાને જાણ્યો છે, કહ્યો છે અને શાસ્ત્રમાં એ પ્રસિદ્ધ છે. નવરા પણ ક્યા આ બધું જાણવા? સમજાણું કાંઈ? કહે છે, એવું દ્રવ્ય અને જ્ઞાન, દર્શન આદિ ગુણ અને એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિને અહીંયાં પર્યાય કીધી. સમજ્યા ને? કારણ કે જે ત્રિકાળ રહે છે.. એમ કહ્યું ને એમાં? ત્રિકાળમાં અનંત પર્યાય, એમ કીધું. રાગાદિ પર્યાય તો અમુક (કાળ) સુધી રહે. સિદ્ધની પર્યાય પણ અમુક કાળે થાય. આ પર્યાય તો ત્રણે કાળે હોય માટે એને પર્યાય ગણવામાં આવી છે. હવે એ શું હશે એ ગુરુગમે સમજાય.

એવો પર્યાય એટલે અવસ્થા, એની હાલત, એની દશા. એ શરીર ને કર્મની દશા જુદી, આત્માની દશા જુદી. એવી દશા, એવો ગુણ અને એવું દ્રવ્ય. એને ભગવાને **'શુદ્ધ જીવ નામક વસ્તુકો સર્વજ્ઞને દેખા, જૈસા આગમમેં પ્રસિદ્ધ હૈ, વહ તો એક અભેદરૂપ શુદ્ધ નિશ્ચયનયકા વિષયભૂત જીવ હૈ,...'** પરથી ભિન્ન (અને) પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય આખા. 'વજુભાઈ'! નિશ્ચય આ લીધો અત્યારે. સ્વપણું જેટલું છે તે નિશ્ચય, એમ કહેવું છે. 'સેઠી'! જેટલું સ્વપણું છે ને? દ્રવ્ય સ્વપણે, ગુણ સ્વપણે અને પર્યાય સ્વપણે. એ ત્રણેય સ્વપણે છે એને અહીં નિશ્ચય કહેવામાં આવ્યો. અને પર શરીર, વાણી, મન, જડ આ બધા છે એ તો પર છે, એ કંઈ આત્માના નથી, આત્મામાં

નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

છાપામાં આવ્યું છે, કહે છે. ભાઈ! કોઈ કહેતું હતું. કરૂણ પેલા જે આપણે ગુજરી ગયા ને? બહુ પીડા હતી. કરૂણ.. આહાહા..! દેહની પીડા. દેહની અવસ્થાની પીડા એને નથી પણ એની દૃષ્ટિમાં સ્વદ્રવ્ય, સ્વગુણ અને સ્વપર્યાયનું અસ્તિત્વ આવડું છે એ દૃષ્ટિમાં નથી તેથી શરીરમાં કાંઈક થતાં 'મને થાય છે' એમ અજ્ઞાની માને છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે કે જાણે 'મને આ શરીરમાં રોગ થયો'. આ તો માટી છે, જડ છે, આ તો અજીવ, પુદ્ગલ છે. એમાં કાંઈક રોગ થાય એ તો જડની દશા છે. એ જડનું અસ્તિત્વ આત્માની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? એમ આ બાયડી, છોકરા, કુટુંબ, મકાન ને પૈસા, એનું હોવાપણું આત્માની પર્યાયમાં નથી. એ તો એની અવસ્થામાં એનામાં રહેલા છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન પોતે આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાયના હોવાવાળું અસ્તિત્વ તત્ત્વ (છે). એમ જેને દૃષ્ટિમાં લઈ અને એનું જ્ઞાન કરીને અનુભવે એને ભગવાને શુદ્ધ જીવ એ અપેક્ષાએ કહેવામાં આવે છે. પરની અપેક્ષા એમાં નહિ એથી એને દ્રવ્ય, ગુણ અને પર્યાય અભેદને શુદ્ધ કહ્યો છે. સમજાણું કાંઈ?

'**ઇસ દૃષ્ટિસે અનુભવ કરે તબ તો ઐસા હૈ ઔર અનંત ધર્મોંમેં...**' ભગવાનઆત્મા વસ્તુ છે એમાં અનંત ધર્મ છે. ધર્મ એટલે સ્વભાવ. જાણવું, દેખવું, આનંદ, હોવું એવા એવા અનંતા સ્વભાવરૂપ ભાવ (છે). એ ભાવવાળો, એવા સ્વભાવવાળો આત્મા છે. એ '**અનંત ધર્મોંમેં ભેદરૂપ કિસી એક ધર્મ કો લેકર કહના...**' જુદો પાડીને કહેવું. એમાં જુદા નથી. આ જ્ઞાન છે, આ દર્શન છે, આ આનંદ છે એમ ભેદ પાડીને કહેવું એ '**વ્યવહાર હૈ.**' સમજાણું કાંઈ? 'મગનભાઈ'! પેલું ત્રણ થઈને નિશ્ચય કહ્યો અને એમાં ભેદ પાડવો, છે ત્રણ આમ ભેગું, જ્ઞાન છે, દર્શન છે, ત્યાં જુદું તો નથી અને વિકલ્પ ઉઠાવીને આ જ્ઞાન છે, દર્શન છે (એમ ભેદ પાડવો) એનું નામ વ્યવહાર છે.

વળી '**આત્મવસ્તુકે...**' બે વાત. નિશ્ચય અને વ્યવહાર એટલું ત્યાં સિદ્ધ કર્યું. આહા..! હવે બીજો પ્રકાર (કહે છે). વળી '**આત્મવસ્તુકે...**' આ ભગવાનઆત્મા અંદર ચીજ ચૈતન્ય વસ્તુ, જેણે સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ જોયો એવો જે અંદર આત્મા, આ તો માટી જડ છે, શરીર, વાણી, મન એ તો જડ છે, એ કંઈ આત્મા નથી, એમાંથી જુદો જે આત્મા તે વસ્તુ અનાદિથી પુદ્ગલ કર્મના સંયોગમાં છે. એને સંયોગમાં કર્મનો સંયોગ એને અનાદિનો છે. આવો ભગવાન પોતાના અસ્તિત્વમાં-સત્તામાં-હોવાપણે રહેલો હોવા છતાં એનો કર્મનો સંયોગ અનાદિનો છે.

'**ઇસકે નિમિત્તસે રાગદ્વેષરૂપ વિકારકી ઉત્પત્તિ હોતી હૈ...**' આહાહા..! ભ્રમણા અને રાગ-દ્વેષના ભાવ એ કર્મના સંબંધમાં આવેલો એના નિમિત્તથી અને નૈમિત્તક પોતાની પર્યાયથી વિકાર મિથ્યાત્વનો, મિથ્યાત્વરૂપી અધર્મ ભાવ (ઉત્પન્ન થાય છે). શરીર છે, વાણી છે, કર્મ છે, આ બાયડી, છોકરા, કુટુંબ છે એ મારા છે અને હું એનો છું એવો જે મિથ્યાત્વભાવ એ કર્મના નિમિત્તની ઉપાધિનો ભાવ એનામાં એની પર્યાયમાં છે. સમજાણું કાંઈ? આવું તો બાવો થાય ત્યારે સમજાય, એમ કોઈક કહેતું હતું. નહિ? 'હિંમતલાલ' 'જરિયાવાળા'. બાવો જ છો પણ, સાંભળને! અહીં ઇ તો

વાત કરે છે. તારામાં શરીર, વાણી, મન આ કાંઈ છે જ નહિ, એ તો પર છે. બાયડી, છોકરા એ તો પર એના થઈને રહ્યા છે, તારા થઈને રહ્યા છે ઇ? તારા થઈને રહે તો તો એ અરૂપી થઈ જાય. તારા ઘરમાં-આત્મામાં આવી જાય. એ તો બહાર થઈને રહ્યા છે. 'દેવશીભાઈ'! બરાબર હશે? પણ બાયડી-ભાયડો બે જણા હોય એમાં તો બાયડી એની થઈને રહે કે નહિ? કોઈ ન મળે ત્યારે શું કરે? ભગવાન! અહીં તો કહે છે, પ્રભુ! એ સ્ત્રીનો આત્મા એનો આત્મા થઈને રહેલો છે. કાંઈ તારી દશામાં આવી ગયો નથી. આહાહા..! આ શરીર જડ છે એ જડ થઈને રહેલું છે. જડપણે થઈને રહ્યું છે, તારાપણે થઈને શરીર રહ્યું નથી. આહાહા..! આવી વાત. પૈસા છે ઇ પૈસા થઈને અજીવપણે રહ્યા છે. એ કંઈ તારા થઈને રહ્યા નથી. એમ છે કોઈ દિ'?

મુમુક્ષુ :- હોય તો વાપરી શકે.

ઉત્તર :- ધૂળેય વાપરે કોના? એના હતા ક્યાં તે વાપરે? એય! 'સેઠી'! આહાહા..! એ પૈસાનું હોવાપણું અજીવપણે થઈને એ રહ્યા છે. જીવપણે થઈને રહ્યા હોય તો તો એ રૂપી, અરૂપી થઈ જાય, રૂપી છે ઇ. ઇ તો રૂપી પદાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, કે એમાં એને કર્મનું નિમિત્ત સંયોગી બીજી ચીજ છે એને લઈને પોતે એનું લક્ષ કરે છે તેથી એનામાં વિકાર ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વનો અને રાગ-દ્વેષનો. એ દુઃખરૂપ દશા ઉત્પન્ન થાય છે. એ એની દશામાં છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? **'ઉસકો વિભાવ પરિણતિ કહતે હૈં,...'** છે ને? **'ઇસકે નિમિત્તસે રાગદ્વેષરૂપવિકારકી ઉત્પત્તિ હોતી હૈ...'** એ રાગ-દ્વેષમાં ભેગું મિથ્યાત્વ નાખી દીધું. આહાહા..! કહે છે, ભગવાનઆત્મા પોતાના શક્તિવાન દ્રવ્યમાં છે, શક્તિ એ ગુણમાં છે અને અગુરુલઘુ પર્યાયમાં છે. એને કર્મનો સંયોગ છે. એથી અનાદિથી એના ઉપર એની દૃષ્ટિ અને લક્ષ છે. તેથી તે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવમાં, વિભાવભાવપણે થાય છે. કહે છે એ કુરૂપપણે થાય છે. એનું રૂપ નથી એ રૂપે થાય છે. પણ થાય છે ઇ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'રાગદ્વેષરૂપ વિકારકી ઉત્પત્તિ હોતી હૈ ઉસકો વિભાવ પરિણતિ કહતે હૈં,...'** ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એવો વિકલ્પ (આવે) એ પણ વિભાવ દશા છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ (આવે) એ પણ વિભાવ દશા છે, વિકારી દશા છે. આત્માની એ દશા નહિ. આ ભણતર જુદી જાતનું છે, ભાઈ! ડૉક્ટર! કોઈ દિ' ભણ્યા છો? આ વીતરાગની કોલેજ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો તે આવો છે, દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો એમ કીધું. હવે, એને ઓલો કર્મનો સંયોગ (થાય છે). ઓલામાં તો પર્યાય અગુરુલઘુની કીધી હતી. ભાઈ! એમ કીધી હતી. હવે અહીં વિકાર બતાવવો છે ને. એનામાં થાય છે ને. આહાહા..! એ પોતાનો ભગવાનઆત્મા આનંદની ખાણ પ્રભુ આત્મા છે. અતીન્દ્રિય આનંદની ખાણ છે. એના ઉપર દૃષ્ટિ ન આપતાં એની દૃષ્ટિ સંયોગ, કર્મ જે છે ત્યાં દૃષ્ટિ અનાદિથી જાય છે. અને તેના લક્ષે, તેના નિમિત્તે, તેના આશ્રયે જીવમાં પોતાના સ્વભાવથી વિપરીત એવો વિભાવ, વિકારી ભાવની અવસ્થા ઉત્પન્ન

થાય છે. એ દુઃખનું કારણ અને ચાર ગતિમાં રખડવાનું કારણ ઇ છે. આહાહા...! સમજાણું કાંઈ?

**'ઇસસે ફિર આગામી કર્મકા બંધ હોતા હૈ.'** દેખો! જ્ઞાયક ચૈતન્યપ્રભુ પોતાની નિજ સંપદા, એને ન માનતા, એને ન જોતાં, તેનો આશ્રય ન કરતાં જે કર્મનું નિમિત્ત, જે વિપદાનું નિમિત્ત છે, એના નિમિત્તથી તેને વિપદા-વિકાર-વિભાવ ઉત્પન્ન થાય છે. આહાહા...! **'ફિર આગામી કર્મકા બંધ હોતા હૈ.'** એ વિકારના કારણે વળી નવું બંધન થાય એમાં આ વિકાર નિમિત્ત કહેવાય. કર્મનું નિમિત્ત, એના લક્ષે વિકાર થાય અને વિકારના નિમિત્તે ત્યાં સામે કર્મ કર્મને કારણે બંધાય. એમાં વિકાર તેને નિમિત્ત કહેવાય. સમજાણું કાંઈ?

**'ઇસપ્રકાર અનાદિ નિમિત્ત-નૈમિત્તિક ભાવકે દ્વારા...'** અનાદિથી એ નિગોદમાં, બટાટામાં, શક્કરકંદમાં હતો ત્યારથી એક શરીરમાં અનંતા આત્માઓ ન્યાં છે. લીલ, ફૂગમાં, બટાટામાં, શક્કરકંદમાં, ગાજરમાં, મૂળામાં.. શું કહેવાય પેલું? સૂરણ ગાંઠમાં. એની એક કટકી આટલી રાય જેટલી લ્યો, એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. ભગવાને એમ જોયું છે. એક શરીરમાં અનંતા જીવ છે. આહાહા...! એ જીવ ત્યાં છે તો પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં, કહે છે પણ પેલા સંયોગના લક્ષે એને વિભાવની પરિણતિ અનાદિની ઉભી થઈ છે. સમજાણું કાંઈ? એ મિથ્યા ભ્રમ અને રાગ-દ્વેષ એ દુઃખદાયક દશા (છે). ચાહે બહાર ચક્રવર્તીની સંપદામાં દેખાય પણ અંદર પર્યાયમાં એને મારા માનવાનો ભાવ અને રાગ-દ્વેષ ભાવ એ મોટી વિપદા એણે ઉભી કરી છે. આહાહા...! સમજાણું કાંઈ? એ વિપદા એવો વિભાવભાવ, વિકારીભાવ એ નિમિત્તના લક્ષે થયેલો ભાવ અને એ વિભાવનું નિમિત્તને નવા કર્મ બાંધે. એમાં એ વિભાવ નિમિત્ત (થાય છે). અનાદિથી આવો નિમિત્ત-નૈમિત્તિક ભાવ કરી **'ચતુર્ગતિરૂપ સંસારભ્રમણકી પ્રવૃત્તિ હોતી હૈ.'**

ચોર્યાશીના અવતાર ક્યાંનો ક્યાં રખડે છે. કીડી, કાગડા, કૂતરા, નિગોદ એકેન્દ્રિય, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ, કંદમૂળ, આહા...! નરકમાં આવા (ભવ કર્યા). ભગવાન આવો દ્રવ્ય, ગુણ, પર્યાયે હોવા છતાં... પહેલું કહ્યું ને કે દ્રવ્ય તો આવું શક્તિમાન છે. જ્ઞાન, દર્શન, આનંદગુણ આવા છે, પર્યાય ત્રિકાળી આવી ત્રિકાળી અગુરુલઘુ છે. પણ સંયોગને લઈને, સંયોગ ઉપર દૃષ્ટિ હોવાથી અને સ્વભાવનું અનાદિથી નિગોદથી માંડીને ભાન નથી. જ્યાં ચતુર્ગતિ સંસારમાં ભ્રમણની પ્રવૃત્તિ હોય છે. આહા...! એક શરીર છોડીને બીજું શરીર (ધારણ કરે). એવા અનંતા.. અનંતા.. અનંતા શરીર સંયોગે આવ્યા અને કાળે વયા (-ચાલ્યા) ગયા. સમજાણું કાંઈ? અને જે શરીર મળે એની સંભાળ કરવા રોકાઈ ગયો. જે ઝુંપડું મળ્યું અને સમારવા, સુધારવા, ગાર કરવા (રોકાઈ ગયો). હેઠે ગાર, ઉપર વાંસડા પાકા નાખવા, લાકડા પાકા નાખવા, હેઠે લાદી નાખવી, એમ જે ઝુંપડું મળ્યું એને પાંચ-દસ વર્ષ રહે ત્યાં સુધી સંભાળે. વળી ન્યાંથી નીકળે તો બીજે ઝુંપડે જાય.

અમારે 'હીરાજી મહારાજ' દાખલો આપતા. પેલા ચોર હોય ને? ચોર. બહુ હેહડી ચોર, ઇ જ્યારે કેદમાં જાય, પાંચ-દસ વર્ષની કેદ હોય, તો એને જે ઓરડી મળી હોય એ ઓરડીમાં કાણા હોય એને સમા કર્યા હોય અને એને પાણી જોઈતું હોય તો કુંભારને ન્યાંથી ઘડો લઈ આવે. પેલો જેલર જાય. ઘડો લઈ આવે. અને ઇ પાણી પીવે. ઇ જ્યારે પાંચ વર્ષ પૂરા થાય ત્યારે ઇ કહેતો જાય કે

આ મારો ઘડો કોઈ અભડાવશો નહિ. હું પાંછો પાંચ-સાત દિ'એ આવવાનો છું. પેલો તો પાંચ-સાત દિ'એ (આવે). આ તો સમયે સમયે, અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે નિગોદમાં ભવ ફરે છે અને બહાર નીકળે તો વળી આ પાંચ-પચીસ-સાંઈઠ વર્ષ આ શરીરમાં રહે. ન્યાંથી (નીકળીને) જાય નિગોદમાં. ન્યાંથી જાય કીડીમાં, ન્યાંથી કાગડે, ન્યાંથી ઇયળમાં... આહાહા..! અરે! ભગવાન! જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં તે ઝુંપડાને સંભાળવા અને એ ઝુંપડું મારું એની ગાર કરવામાં રોકાઈ ગયો. સારુ કરું, નવરાવીને, ધોવરાવીને, આમ કરું. જગતને સારું શરીર દેખાડું. જુઓ! મારું શરીર કેવું! આહાહા..!

તારું શરીર તો અંદર ચૈતન્ય છે. આ શરીર તારું નહિ, પ્રભુ! આહાહા..! આ શરીરથી અધિકાઈ બતાવીને રોકાઈ ગયો છે એ મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. આહાહા..! જુઓ! મારા શરીરના અવયવો, જુઓ! મારા શરીરમાં બળ, જુઓ! મારી આંખમાં તેજ, કાનમાં સરવાઈ. સરવાઈ એટલે સમજાણું? ઇ કાઠિયાવાડી ભાષા વાપરી. ધીમું બોલે તોપણ સમજી જાય. એવા મારા કાન. એવું મારું નાક. અરે..! મારા કે દિ' હતા? એ તો જડના છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચતુર્ગતિરૂપ સંસારભ્રમણકી પ્રવૃત્તિ હોતી હૈ.'** મિથ્યાત્વ અને રાગ-દ્વેષને લઈને. એ રાગભાવ અને શરીરભાવ મારા, એમાં મારાપણું ચૈતન્યનું, આનંદનું છે તેને ભૂલી ગયો. આહાહા..! આવી ચાર ગતિમાં પ્રવૃત્તિ હોય છે. **'જિસ ગતિકો પ્રાપ્ત હો વૈસી હી નામકા જીવ કહલાતા હૈ...'** નરકમાં જાય તો નરકનો જીવ, મનુષ્યમાં જાય તો મનુષ્યનો જીવ. આ મનુષ્ય છે. ઢોરમાં જાય તો હાથી, કીડી, કાગડો.. આહાહા..! અરે...! એણે ભેખ તે કર્યા પણ.. જે એના નથી એને મારા માનીને આવા ભેખ થયા, કહે છે. ભગવાન અંદરમાં.. અહીં તો મોક્ષનો પણ ભેખ છે, કહે છે. આહાહા..! એવી પર્યાયનો ધરનાર દ્રવ્ય છે એની કોઈ દિ' એણે દૃષ્ટિ કરી નથી. આહા..હા..! આ ને આ માથાફોડ (કરી).

મોહજાળની આંધિ. આ આંધિ નથી આવતી? બહુ પવન થાય ને ધૂળ ઉડે.. શું કહે છે? આંધિ.. આંધિ. જોડે માણસ ઉભો હોય અને મોટર ઊભી તો આંધિમાં સૂઝ ન પડે. એવી આંધિ આવે છે ને? વરસાદ પણ એટલો હોય. જોડે ઝાડ હોય તો ન દેખાય. એટલી આંધિ. સવારમાં પેલું આવે છે ને? શું કહેવાય? ઝાકળ, ધુમ્મસ. એવી ધુમ્મસ, ઝાકળ પડે. જોડે માણસ જાતો હોય એ છેટો ન દેખાય. એમ મિથ્યાત્વની ધુમ્મસ એને એવી લાગી કે જોડે ભગવાન આનંદકંદ છે પણ એને સૂઝ પડતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જે ગતિમાં જાય **'વૈસા હી નામકા જીવ કહલાતા હૈ તથા જૈસા રાગાદિક ભાવ હો વૈસા નામ કહલાતા હૈ.'** આ પૈસા રળે તો 'આ કર્મી છે' એમ કહેવાય. પાંચ-પચીસ લાખ વધારે રળતો હોય તો કર્મી કહેવાય. એ.. 'જાદવજીભાઈ'! શું હશે? આ તમારો 'પૂનમચંદ' કર્મી કહેવાતા હશે કે ધર્મી? કર્મી? આહાહા..! કહે છે કે જ્યાં જ્યાં ગયો ત્યાં રાગ કર્યો તો રાગી કહેવાણો, દ્વેષ કર્યો તો દ્વેષી કહેવાણો, ક્રોધ કર્યો તો ક્રોધી કહેવાણો. **'વૈસા નામ કહલાતા હૈ.'** એક તો ગતિનું નામ (કહેવાય) અને આ રાગાદિના નામે (કહેવાણો). આહાહા..! મારું નામ લઈશ નહિ, હોં! ... નાખીશ. અરે...! ભગવાન! તું કોણ છો? આહાહા..! ક્રોધમાં આવેશમાં આવે ત્યારે ક્રોધી કહેવાય, માનમાં

આવે ત્યારે માની કહેવાય, કપટમાં આવે ત્યારે કપટી કહેવાય, લોભમાં આવે તો લોભી કહેવાય, રાગમાં આવે તો રાગી કહેવાય, શોકમાં આવે તો શોકી કહેવાય, ભોગમાં આવે તો ભોગી કહેવાય. આહાહા..! પૈસાવાળાના માનમાં આવે તો પૈસાવાળો (કહેવાય). હવે પણ ધૂળ ક્યાં તારી હતી તે પૈસાવાળો થા. અમે પૈસાવાળા ગર્ભશ્રીમંત છીએ. ગર્ભશ્રીમંત કે દિ'? તારો બાપ છે ઇ જુદો, તું જુદો, ક્યાંથી આવ્યો તું ગર્ભશ્રીમંત?

મુમુક્ષુ :- ... સુધીના ગર્ભશ્રીમંત.

ઉત્તર :- હા, ઘણા કહે છે. .. સુધીના ગર્ભશ્રીમંત છીએ. મારી મા કોણ છે? મારો બાપ કોણ છે? પણ મા-બાપ પણ આત્મા જ નથી, એ તો જુદી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'જૈસા રાગાદિક ભાવ હો વૈસા નામ કહલાતા હૈ.'** આ રીતે અજ્ઞાની અનાદિથી કર્મના સંયોગના લક્ષે વિકાર મિથ્યાત્વભાવનો કરી, રાગ-દ્વેષ કરી અને એનાથી નવું કર્મ બંધાય. એમ પરિભ્રમણ ચાર ગતિ અને વિકારમાં કરી રહ્યો છે. **'જબ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવકી બાહ્યઅંતરંગ સામગ્રીકે નિમિત્તસે...'** મનુષ્યદેહ, ક્ષેત્ર-ભગવાનનો જોગ આદિ, સાધુ, સંતનો જોગ હોય એવું ક્ષેત્ર. ધર્માત્મા આનંદના સાધનારા સંતોનો જોગ જે ક્ષેત્રમાં હોય એ ક્ષેત્ર મળ્યું હોય, એ દ્રવ્ય મળે-..., કાળ મળે એવો. વર્તમાન સમજવાની યોગ્યતાનો કાળ. સમજાય છે? ભાવ-એ જાતનો એને સમજવાનો ભાવ. **'દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવકી બાહ્યઅંતરંગ સામગ્રી...'** બેય. અંતરંગમાં પણ ઉપાદાનની સમજવાનું આ દ્રવ્ય, એનું ક્ષેત્ર, એની અવસ્થા અને એનો ભાવ સમજવાનો કાળ. અને બહાર નિમિત્તની સામગ્રી એને એવી હોય. અંતરંગબાહ્ય સામગ્રીનું નિમિત્ત. દેખો! અંતરમાં પણ એમ જ કીધું, ભાઈ! અંતરમાં ભાવ છે ને?

મુમુક્ષુ :- નિમિત્ત..

ઉત્તર :- હા. નિમિત્ત છે એટલે આખા ત્રિકાળમાં એ નિમિત્ત છે. મોક્ષમાર્ગની પર્યાય છે ને? એ પણ અભ્યંતર નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ ઉપાદાન તો આનંદનું ધામ, ચૈતન્યધામ છે એ તો. એની પર્યાયમાં ભાવ આવે, નિર્મળ નિર્વિકારી મોક્ષમાર્ગની પર્યાય (પ્રગટે).. સમજાય છે? એને અભ્યંતર નિમિત્ત કીધું. શરીર ને મનુષ્યદેહ આદિ, દેવ-ગુરુનો યોગ અને એવું ક્ષેત્ર (મળે) એને બાહ્ય નિમિત્ત કીધું. આહાહા..! સમજાણું કાંઈ?

**'અપને શુદ્ધસ્વરૂપ શુદ્ધનિશ્ચયનયકે વિષયસ્વરૂપ...'** દેખો હવે. **'શુદ્ધસ્વરૂપ શુદ્ધનિશ્ચયનયકે વિષયસ્વરૂપ અપનેકો જાનકર શ્રદ્ધાન કરે...'** સમજાણું કાંઈ? **'ઔર કર્મ સંયોગકો તથા ઉસકે નિમિત્તસે અપને ભાવ હોતે હૈં ઉનકા યથાર્થ સ્વરૂપ જાને...'** વિકારી પરિણામ થાય તેને જાણે. **'યથાર્થ સ્વરૂપ જાને તબ ભેદજ્ઞાન હોતા હૈ,...'** પરથી તો જુદો પણ રાગથી પણ જુદો એવું ભેદજ્ઞાન થાય, એમ કહે છે. ત્યારે તેને અંતરમાં સમ્યગ્દર્શન અને ધર્મ થાય. આહાહા..! સમજાણું કાંઈ? **'તબ હી પરભાવોંસે વિરક્તિ હોતી હૈ.'** લ્યો. આત્મા જ્ઞાનાનંદ શક્તિ સંપન્ન, જ્ઞાનગુણ, આનંદ આદિ એના ગુણો અને એની પર્યાયમાં જે આ વિકારીભાવ થાય, શુભ અને અશુભ, એ વિભાવ પરિણામ, અધર્મ પરિણતિથી ભિન્ન પડી. આહાહા..! ભારે કામ પણ આકરું.

આત્મા અંતરમાં અખંડાનંદ પ્રભુનો આશ્રય કરી... એય! છોકરા ન્યાં સૂતો છે કેમ? જુઓ! પેલું આડું કરીને. ઇ ભીંતથી ખસી જાઓ, ઇ લાકડાથી ખસી જાઓ. છોકરાઓને (ટેકો) ન હોય. વૃદ્ધો આડશમાં બેસે. ન સમજાય પણ ખ્યાલમાં રાખવું કે કાંઈક છે, એવું તો સાંભળો! કાંઈક વાત બીજી કરે છે, એમ તો ખ્યાલમાં આવે નવીન. આહા..! કોઈ દિ' એણે અનંતકાળમાં દરકાર નથી. એમ ને એમ બાહ્યથી માન્યું, કોઈ દયા, દાન, વ્રતના પરિણામ કર્યા એ તો વિકાર છે, એ તો વિભાવ છે. એનાથી જુદો આત્માને જાણીને શ્રદ્ધા અને અનુભવ કરે તો ધર્મ થાય, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

યથાર્થ સ્વરૂપ બરાબર જાણે, કહે છે. જેવો વિકાર થાય, પુણ્ય ને પાપનો, રાગ અને દ્વેષનો, એને જાણે કે આ વિકાર છે. પણ એ વિકારથી પણ ભેદજ્ઞાન કરી. એ મહાવ્રતના વિકલ્પ પણ રાગ છે, એનાથી જુદો પડે ત્યારે ધર્મ થાય, એમ કહે છે. એય...! 'પ્રકાશદાસજી'! આવું છે. પેલા તો રાડેરાડ નાખે. આહા..! મહાવ્રત તો ચારિત્ર છે. પણ હજી ચારિત્રની તને ખબર નથી, ચારિત્ર કોને કહેવું. આત્મા રાગથી રહિત સ્વરૂપની દૃષ્ટિ થઈને તેમાં રમે અને આનંદની દશા પ્રગટ થાય તેને ભગવાન ચારિત્ર કહે છે. ચારિત્ર એટલે ચરવું, ચરવું એટલે રમવું. આનંદનું ધામ ભગવાનઆત્મા એમાં રમણતા (કરવી). રાગમાં રમણતા એ તો રાગ વિભાવ છે, વિકાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભેદજ્ઞાન હોતા હૈ, તબ હી પરભાવોંસે વિરક્તિ હોતી હૈ. ફિર ઉનકો દૂર કરનેકા ઉપાય સર્વજ્ઞકે આગમસે યથાર્થ સમજકર...'** ભગવાને કહેલા શાસ્ત્રોથી સમજે. અન્યમાં એ વાત ક્યાંય હોઈ શકતી નથી. આહાહા..! જેના મતમાં સર્વજ્ઞ નથી, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવો આત્મા, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ જાણે એવો આત્મા, જેના સંપ્રદાયમાં, જેના વાડામાં એ વસ્તુ નથી એને તો એના આગમ પણ સાચાં હોતા નથી, એમ કહે છે. **'સર્વજ્ઞકે આગમસે...'** ભગવાને ત્રણ કાળ ત્રણ લોક જોયા, એમાં એણે મોક્ષનો ઉપાય શું છે એ બતાવ્યું અને બંધનો ઉપાય અનાદિથી પરમાં જોડાઈને મિથ્યાત્વ, રાગ-દ્વેષ કરે છે એ બતાવ્યું.

**'સર્વજ્ઞકે આગમસે યથાર્થ સમજકર ઉસકો અંગીકાર કરે...'** ભગવાનના આગમમાં તો એ કહ્યું કે જ્ઞાન અને આનંદસ્વરૂપી આત્મા (છે) એમાં શ્રદ્ધા કર, એની સન્મુખ જો. રાગ અને નિમિત્તની વિમુખતા કર. અને સ્વભાવમાં સન્મુખ થા. એમ ભગવાનના આગમમાં કહ્યું છે. એ સમજીને અંગીકાર કરે. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ આનંદ, એને સમજીને અંદર દૃષ્ટિમાં આદરે. રાગ ને પુણ્યથી ભિન્ન પાડીને જેવો ચૈતન્ય સ્વભાવ છે એને અંતર દૃષ્ટિમાં આદરે. અંગીકાર કરે કે આદરે (બન્ને એકાર્થ છે). **'તબ અપને સ્વભાવમેં સ્થિર હોકર...'** અંગીકાર કરે એટલે પહેલું શ્રદ્ધા, જ્ઞાન કરે. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... અનુભવ લિયા?

ઉત્તર :- હા. પહેલી શ્રદ્ધાની વાત આવી, શ્રદ્ધાની. શ્રદ્ધા, જ્ઞાન, અનુભવ. અનુભવ જ્ઞાન અને શ્રદ્ધા, બેય.

**'અંગીકાર કરે તબ અપને સ્વભાવમેં સ્થિર હોકર...'** એ તો ચૈતન્ય જ્ઞાનનો ભંડાર છે. એમાં ચૈતન્ય કેવળજ્ઞાનની કળા પ્રગટે એવી એ ચીજ છે. રાગ ઉત્પન્ન થાય એવી એ ચીજ નથી. ભારે કામ મોંઘું. મોંઘું લાગે એટલે એણે એ રસ્તા છોડી દીધા અને બીજે રસ્તે નીકળી ગયો ક્યાંકનો ક્યાંક. કહે છે, પોતાનો સ્વભાવ સર્વજ્ઞના આગમમાં.. બહુ વજન આપ્યું, જુઓ! એમાં પણ સર્વજ્ઞ કીધું, માથે કીધું સર્વજ્ઞ જોયા એવા.

સર્વજ્ઞ, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન (છે). એવી પ્રગટ દશા જેને થઈ છે, એવા સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો, એમાં સત્ય વાત હોય છે. સમજાણું કાંઈ? આ તો કહે, ના. સર્વજ્ઞ થઈ શકે નહિ. એ પ્રાણી તો અલ્પજ્ઞ જ રહે. પરમેશ્વર જે બીજો છે જગતનો, ઇ સર્વજ્ઞ છે. અને આત્મા તો સદા અલ્પજ્ઞ જ રહી શકે, સર્વજ્ઞ ન થાય. સમજાણું કાંઈ? એ વસ્તુને સમજતા નથી. એને આત્માની શક્તિ અને આત્માનો શક્તિવાન સ્વભાવ, એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આવી વાતું ધર્મની, લ્યો. લીલોતરી ખાવી નહિ, ફ્લાણું ખાવું નહિ, કંદમૂળ ખાવું નહિ, ચોવિહાર કરવો એ (બધું) ઝટ સમજાય. પરની ક્રિયા કરું ને પરને છોડું એના ખ્યાલમાં આવે. સમજાણું કાંઈ?

**'અપને સ્વભાવમેં સ્થિર હોકર...'** દેખો! પહેલો સ્વભાવનો નિર્ણય કર્યો છે કે પુણ્ય અને પાપના ભાવ એ મારો સ્વભાવ નહિ, એ મારામાં નહિ. આહાહા..! દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઉઠે એ તો રાગ છે. એ વસ્તુ નથી. એનાથી મારી ચીજ જ્ઞાન અને આનંદના સ્વભાવવાળી જુદી છે. એમ શ્રદ્ધા કરી અને જ્ઞાન એટલે વસ્તુને એ રીતે આદરી **'તબ અપને સ્વભાવમેં સ્થિર હોકર...'** ત્યારે જ્ઞાનાનંદ ભગવાનઆત્મામાં સ્થિર હોય એ ચારિત્ર. સમજાણું કાંઈ? **'અનંત ચતુષ્ટય પ્રગટ હોતે હૈં,...'** ત્યારે શક્તિમાં જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય સ્વભાવ હતો એ પર્યાયમાં પ્રગટ થાય. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય.

**'તબ (સર્વ) કર્મોંકા ક્ષય કરકે...'** ત્યારે એને બધા કર્મોનો નાશ થઈ **'લોકશિખર પર જાકર બિરાજમાન હો જાતા હૈ...'** લ્યો. લોકને અંતે ઉપર સિદ્ધ બિરાજે છે. **'તબ મુક્ત યા સિદ્ધ કહલાતા હૈ.'** ત્યારે તેની સિદ્ધદશા તેને મુક્તિ કહેવામાં આવે છે. **'યા સિદ્ધ કહલાતા હૈ.'** લ્યો. મુક્ત થયો કહેવાય, એને સિદ્ધ પણ કહીએ. સિદ્ધ પરમાત્મા. ણમો સિદ્ધાણં આવે છે ને? એવી સિદ્ધની દશા... પહેલી સંસાર દશા વર્ણવી, જણાવી. કર્મના નિમિત્તમાં હરખ, શોક ને મિથ્યાત્વભાવ (થાય) એ સંસાર. એને લઈને ચાર ગતિમાં શુભાશુભભાવથી રખડે છે. એનાથી ભિન્ન આત્માને જાણે અને એવા આત્મ સ્વભાવને જ્ઞાનમાં જ્ઞેય કરીને આદરે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય. ત્યારે તેમાં એ ઠરવાની ક્રિયારૂપ ચારિત્ર કરે એનાથી એને ચતુષ્ટય પ્રગટ થાય. અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ પ્રગટ થાય તે આઠ કર્મનો નાશ કરીને મુક્તિમાં જાય. એને સિદ્ધ કહો કે મુક્તિ કહો, એમ કહે છે. સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથામાં વિસ્તાર ઘણો કર્યો.

**'ઇસપ્રકાર જિતની સંસાર કી અવસ્થા...'** લ્યો. જેટલી ચાર ગતિમાં રખડવાની સંસારદશા **'ઔર યહ મુક્ત અવસ્થા...'** અને સિદ્ધ દશા **'ઇસપ્રકાર ભેદરૂપ આત્માકા નિરૂપણ હૈ વહ ભી વ્યવહારનયકા વિષય હૈ,...'**

મુમુક્ષુ :-

ઉત્તર :- કહીએ છીએ ને. ઇ કંઈ જવા નહિ દઈએ.

આત્મા ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ. એની હાલત-દશા, આ સંસારની દશા, મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અજ્ઞાન એ સંસાર દશા-હાલત-અવસ્થા. એનો અભાવ થઈને મુક્ત અવસ્થા (થાય). બેય પર્યાય છે એટલે વ્યવહારનો વિષય છે. ભેદરૂપ થયો ને? નિશ્ચય નહિ એ. પહેલો નિશ્ચય કહ્યો હતો ઇ બીજો અને આ હવે વ્યવહાર અને નિશ્ચય (કહે છે) એ બીજો. ભારે વાત.

ફરીને, **'જિતની સંસાર કી અવસ્થા ઔર યહ મુક્ત અવસ્થા ઇસપ્રકાર ભેદરૂપ આત્માકા નિરૂપણ હૈ વહ ભી વ્યવહાર નય કા વિષય હૈ,...'** આહાહા..! નિશ્ચય તો જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ ભગવાન પૂર્ણ સ્વરૂપ દ્રવ્ય એ નિશ્ચયનો વિષય છે, એ સમ્યગ્દર્શનનો વિષય છે, એ સમ્યગ્દર્શનનું ધ્યેય છે, એ ધર્મનું ધ્યેય છે. આરે...! આ જીવદ્રવ્ય જે છે એની સંસારની વિકારી અવસ્થા અને નિર્વિકારી પૂર્ણ મુક્તિની અવસ્થા એ અવસ્થાના ભેદથી એને કહેવો એ વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ? ભારે. આ પુણ્ય-પાપનો વિકલ્પ પણ વ્યવહાર, એ પણ સંસાર અવસ્થા છે માટે વ્યવહાર. અને વીતરાગ દશા થઈ, સિદ્ધ દશા થઈ એ પણ અંશ-પર્યાય છે ને? એ કંઈ ત્રિકાળી સ્વરૂપ નથી. માટે એ પર્યાય છે એ કંઈ ત્રિકાળી સ્વરૂપ નથી. ભેદરૂપ અવસ્થા, તેને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઇસકો અધ્યાત્મશાસ્ત્રમેં અભૂતાર્થ-અસત્યાર્થ નામસે કહકર વર્ણન કિયા હૈ,...'** સંસારદશા અને મુક્તદશાને સિદ્ધાંતમાં, શાસ્ત્રમાં-અધ્યાત્મશાસ્ત્રમાં એને અભૂતાર્થ-અસત્યાર્થ વ્યવહારનયનો વિષય (કહ્યો છે). **'ઇસકો અધ્યાત્મશાસ્ત્રમેં અભૂતાર્થ-અસત્યાર્થ નામસે કહકર વર્ણન કિયા હૈ,...'** આહાહા..! કેમકે એ ચીજ ત્રિકાળ નથી. ત્રિકાળ તો ભગવાન દ્રવ્ય સ્વભાવ આત્માનો અનાદિ અનંત વસ્તુ (છે) એ નિશ્ચય (છે). અને એના પર્યાયના ભેદ પડે, દેવગતિનો ને મનુષ્યગતિનો ને પછી સિદ્ધગતિનો (ભેદ પડે) એ બધી અવસ્થા છે. એક સમયની દશા છે એટલે ત્રિકાળીના અભેદમાં એ ભેદ થયો. માટે તેને વ્યવહાર કહેવામાં આવે છે. તેથી નિશ્ચયની અપેક્ષાએ તેને અભૂતાર્થ નામ જૂઠી છે એનું સ્વરૂપ. ત્રિકાળી નથી એ અપેક્ષાએ અસત્યાર્થ કહ્યું. અરે..! સમજાણું કાંઈ? આ ઝીણું આવ્યું જરી. વસ્તુ સ્વરૂપ ભગવાને એમ કહ્યું છે. એની એને ખબર ન મળે. હવે એમાં વ્યવહાર મોક્ષમાર્ગ એ તો ક્યાંય ગયો, નિશ્ચય મોક્ષમાર્ગ એ પણ ક્યાંય ગયો. એ વ્યવહારમાં ગયો અને મોક્ષ અવસ્થા પણ વ્યવહારમાં ગઈ.

ફરીને, આત્મા ધ્રુવ અવિનાશી અનાદિઅનંત ચૈતન્ય સત્ત્વ એ તો નિશ્ચય (છે). એટલે સત્યાર્થ એટલે ત્રિકાળ રહેનાર, એ ભૂતાર્થ, છતો પદાર્થ ત્રિકાળી રહેનાર ઇ. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય. હવે એ સમ્યગ્દર્શન આદિ દશા (થઈ), પહેલા જે વિકારી મિથ્યાત્વ આદિ દશા હતી એ પણ એક અવસ્થા હતી, વિકારનો ભેખ હતો અને પછી મોક્ષમાર્ગ પ્રગટ્યો-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, એ પણ એક સમયની પર્યાય છે. માટે તેને ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર કહ્યો. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને પણ વ્યવહાર કહ્યો. અને એની પરિપૂર્ણ સિદ્ધદશા થાય એ પણ એક

સમયની અવસ્થા છે માટે એને વ્યવહાર કહ્યો. વ્યવહાર કહીને એ ત્રિકાળમાં નથી. તો ત્રિકાળીને જ્યારે સત્ય કહ્યું, ત્યારે અવસ્થાને અસત્ય કહી. આહાહા..! સમજાણું કાંઈ? આવો વીતરાગનો માર્ગ એણે જાણવો જોશે, ભાઈ! જાણ્યા વિના શ્રદ્ધા નહિ થાય અને શ્રદ્ધા વિના સ્વરૂપમાં ઠરશે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છે ને, દેખોને! **'અધ્યાત્મ શાસ્ત્રોંમેં અભૂતાર્થ-અસત્યાર્થ નામસે કહકર વર્ણન કિયા હૈ, ક્યોંકિ શુદ્ધ આત્મામેં સંયોગજનિત અવસ્થા હો સો તો અસત્યાર્થ હી હૈ, કુછ શુદ્ધ વસ્તુકા સ્વભાવ નહીં હૈ ઇસલિયે અસત્ય હી હૈ.'** કહે છે કે વિકાર છે, દયા, દાન, વ્રત, તપ આદિનો વિકલ્પ ઉઠે, વિકાર તે તો જૂઠો છે. કારણ કે એ ત્રિકાળ સ્વભાવમાં નથી. આરે...! સમજાણું કાંઈ? **'જો નિમિત્તસે અવસ્થા હુઈ વહ ભી આત્માહીકા પરિણામ હૈ, જો આત્માકા પરિણામ હૈ વહ આત્માહીમેં હૈ, ઇસલિયે કથંચિત્ ઇસકો સત્ય ભી કહતે હૈં,...'** સમજાય છે કાંઈ? એ વિકારી પરિણામને ક્ષણિકની અપેક્ષાએ એનામાં છે તો સત્ય કહીએ. **'પરન્તુ જબ તક ભેદજ્ઞાન નહીં હોતા હૈ તબ તક હી યહ દૃષ્ટિ હૈ, ભેદજ્ઞાન હોનેપર જૈસે હૈ વૈસે હી જાનતા હૈ.'** રાગ મારામાં છે એમ ભેદજ્ઞાન જાણે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે વસ્તુ ભગવાનઆત્મા અનાદિઅનંત નિત્ય ધ્રુવ પ્રભુ અવિનાશી જેનું સત્ અને સત્ત્વ (છે). સત્ એટલે દ્રવ્ય અને સત્ત્વ એટલે એના ગુણો. એ બધું અવિનાશી એનું તત્ત્વ છે. એ અવિનાશી તત્ત્વને સાચું કહે છે. ભૂત-અર્થ. છતો પદાર્થ, સાચો સાહેબ એ છે. આહાહા..! પણ કર્મના સંગે ઉત્પન્ન થયેલો વિકારી ભાવ, એ પણ વ્યવહાર થયો. એનો અભાવ થઈને (જે દશા) થાય એ પણ વ્યવહાર થયો. રાગ-દ્વેષનો અભાવ થઈને વીતરાગ થાય, અલ્પજ્ઞનો અભાવ કરીને સર્વજ્ઞ થાય, અલ્પજ્ઞનો અભાવ કરીને સર્વજ્ઞ થાય તો એટલી અપેક્ષા આવી ને? વ્યવહાર ભેદ પડી ગયો અને ભેદ તે વ્યવહાર છે. આહાહા..!

મોક્ષ અને સંસાર બે દશા છે. એક વિકારી ભેખ છે, એક નિર્વિકારી ભેખ છે. ભેખનો ધરનારો તે ભેખમાં આખો આવતો નથી. ભેખ પલટ્યા કરે તો એ આખો એમાં આવી જાય? ઘડીકમાં નટનો ભેખ ને ઘડીકમાં બાયડીનો ભેખ ને ઘડીકમાં રાજાનો, રાણીનો... આહાહા..! સમજાય છે કાંઈ? એમ ચૈતન્યબ્રહ્મ આત્મા, આનંદનું ધામ ભગવાન એ સંસારના ભેખમાં પણ પૂરો આવતો નથી, તેમ મોક્ષની દશારૂપી ભેખમાં એ આખો પૂરો આવતો નથી. 'ભગવાનજીભાઈ'! આવી વાતું છે આ. પર્યાય છે ને. આ ત્રિકાળની અપેક્ષાએ એને અસત્યાર્થ કહી, હોં! એની અપેક્ષાએ સત્ય છે. સમજાણું? એ છે. પણ આ ત્રિકાળ છે એની અપેક્ષાએ નથી એમ કહેવામાં આવ્યું. નથી કહો કે અસત્યાર્થ કહો. સમજવું પડે, ભાઈ! ભગવાને કીધેલી માર્ગની રીત છે, એના જ્ઞાન, શ્રદ્ધા સાચા નહિ કરે અને એકલા રોકાઈ જશે કે આ વ્રત કર્યા ને તપ કર્યા ને ભક્તિ કરી ને પૂજા કરી, પૈસા ખર્ચ્યા ને મંદિરો કર્યા ને... ધૂળમાં પણ ન્યાં ક્યાંય ધર્મ નથી. સાંભળને! એ તો બધા વિકલ્પો છે. એ વિકલ્પની અવસ્થા એનામાં છે, પણ એ બધો વ્યવહાર છે. એ આશ્રય કરવા લાયક નથી. તેમ

વિકલ્પ ટળીને નિર્વિકલ્પ પૂર્ણ આનંદદશા સિદ્ધની થાય. એ તો પર્યાય છે અને નીચે તો એ છે નહિ. માટે એનો આશ્રય કરવા લાયક નથી. માટે ત્રિકાળીને જ્યારે સત્યાર્થ કહ્યું, ત્યારે અવસ્થાને એની અપેક્ષાએ અસત્યાર્થ કીધી. એની અપેક્ષાએ છે પણ ત્રિકાળની અપેક્ષાએ તેને અસત્યાર્થ કહેવામાં આવે છે. આહાહા..!

કહે છે, નિમિત્તથી પરિણામ થયા એને પોતાની અપેક્ષાથી સત્ય પણ કહેવાય. પણ સ્વભાવની દૃષ્ટિ જ્યાં થાય ત્યારે તો રાગથી ભિન્ન પડે ત્યારે સમ્યગ્દર્શન થાય. ત્યારે તો તે રાગ છે એને જાણનાર રહે પણ મારો છે એમ એ જાણે નહિ. આહાહા..! એમ કહે છે. '**ભેદજ્ઞાન હોનેપર જૈસે હૈ વૈસે હી જાનતા હૈ.**' લ્યો. રાગના વિકલ્પથી જ્ઞાનાનંદ સ્વરૂપનું ભિન્ન ભાન સમ્યક્ થયું, સમ્યગ્જ્ઞાન (થયું) ત્યારે પછી કથંચિત્ મારામાં છે એમ રહેતું નથી, એમ કહે છે. ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી પર્યાય મારામાં છે એમ થાય, પણ ભેદજ્ઞાન થયા પછી મારામાં કથંચિત્ છે અને કથંચિત્ નથી, એમ રહેતું નથી. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ પણ એક પર્યાય છે માટે વ્યવહાર છે માટે આશ્રય કરવા લાયક નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૨૭ ગાથા-૬, રવિવાર, અષાઢ સુદ ૨, તા. ૫-૦૭-૧૯૭૦

'**ઇસપ્રકાર જિતની સંસાર કી અવસ્થા ઔર યહ મુક્ત અવસ્થા ઇસપ્રકાર ભેદરૂપ આત્માકા નિરૂપણ હૈ વહ ભી વ્યવહાર નયકા વિષય હૈ, ઇસકો અધ્યાત્મ શાસ્ત્રમેં અભૂતાર્થ-અસત્યાર્થ નામસે કહકર વર્ણન કિયા હૈ, ક્યોંકિ શુદ્ધ આત્મામેં સંયોગજનિત અવસ્થા હો સો તો અસત્યાર્થ હી હૈ,...**' શું કહે છે જુઓ હવે. આ આત્મા છે ને? તીર્થંકર ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, એમણે ત્રણકાળ જોયા, ત્રણકાળનું જ્ઞાન થયું એમાં આ દરેક દેહમાં રહેલો આત્મા દેહથી તો ભિન્ન છે. આ તો જડ છે, માટી છે. એવો જે અંદર આત્મા એ ત્રિકાળ જે એની વસ્તુ છે અવિનાશી ધ્રુવતા એ તો નિશ્ચયનો વિષય અને નિશ્ચય વસ્તુ છે. ત્રિકાળ અવિનાશી આનંદ, જ્ઞાન, શાંતિ આદિ અનંત ગુણરૂપ ધ્રુવ એમાં મોક્ષ અને સંસાર, બે અવસ્થાઓ પણ જેમાં નથી.

આત્મા વસ્તુ છે ને? પરમેશ્વર થયા એ તો પર્યાય થઈ. સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞ એટલે ત્રણ કાળનું જ્ઞાન થયું એ તો નવું થયું. અને સંસાર જે વિકારી દશા હતી એનો નાશ થયો. પણ એ તો ક્ષણિક અવસ્થા હતી એનો નાશ થયો અને ક્ષણિક અવસ્થા નવી પ્રગટી. કેવળજ્ઞાન પણ એક સમયની અવસ્થાવાળું તત્ત્વ છે. એ બે રહિત એકલી ચીજ ધ્રુવસ્વરૂપ છે એને અધ્યાત્મશાસ્ત્રમાં સત્યાર્થ કહીને, પર્યાયને અસત્યાર્થ એટલે વ્યવહારનો વિષય તે અસત્યાર્થ છે. ત્રિકાળમાં નથી તે આશ્રય કરવા લાયક નથી માટે તેને જૂઠો કહ્યો છે. પર્યાય ભાગને. સમજાણું કાંઈ?

આત્માના આત્મામાં બે ભાગ. પરની અપેક્ષાએ નહિ. આ શરીર, વાણી, મન તો અજીવ જડ

માટી છે. એ તો આત્મામાં છે નહિ. આત્મામાં બે અંશ છે. એક ત્રિકાળી અને એક વર્તમાન અવસ્થા-દશા-હાલત-પર્યાય એ બધા એકાર્થ શબ્દ છે. વર્તમાન હાલત. જેમકે સોનું છે, સોનું. એ ત્રિકાળી સોનું પીળાશ, ચીકાશ ધ્રુવતાવાળું તત્ત્વ આખું એ સોનું (છે). હવે એમાં જે કડા, કુંડળ, વીંટી આદિ દશાઓ થાય એ તો અવસ્થા છે. અવસ્થા તો એક સમય રહે. વસ્તુ છે એ તો ત્રિકાળ રહે છે.

અહીં કહે છે કે ત્રિકાળ વસ્તુ જે રહે છે એ જ ખરો ભાવ અને એ જ સાચો ભાવ છે. એવી દૃષ્ટિ કરાવવા (એમ કહ્યું છે). કારણ કે ત્રિકાળી જ્ઞાયક ભગવાન શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે. એવી દૃષ્ટિમાં એ વર્તમાન પર્યાય સંસાર કે મોક્ષ, બેય એમાં નથી. અવસ્થા તો નવી થાય. મોક્ષની તો નવી અવસ્થા (થાય છે). સિદ્ધ થાય, સિદ્ધ થાય એ તો નવી અવસ્થા થાય. સિદ્ધ અવસ્થા અનાદિની હતી? એમ સંસાર અવસ્થા જે અનાદિની છે, વિકાર, વિકાર, એ પણ અનાદિની હોવા છતાં ક્ષણ ક્ષણની નવી નવી હતી. અને એ અવસ્થાનો નાશ થાય છે, મોક્ષનો ઉત્પાદ (થાય છે). એટલે ઉત્પાદ-વ્યયની અવસ્થાને વ્યવહાર કહી. ભાઈ! આહાહા..!

ભગવાનનો માર્ગ કેવળજ્ઞાની તીર્થંકરદેવ, પરમેશ્વર જેને વીતરાગતા (પ્રગટી) એ તીર્થંકર એમ કહે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. એ તો 'તત્ત્વાર્થ સૂત્ર'નું સૂત્ર છે. કહે છે, આત્મામાં અનંતકાળથી જે શુદ્ધતા, સત્તા, આનંદ ને ધ્રુવતા ભરી છે એ વસ્તુ છે તે ખરી અને યથાર્થ છે. હવે એની દશામાં-હાલતમાં-આ દુઃખની દશા સંસારની (છે). રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ તે હું, એવો ભાવ તે સંસાર છે. એની દશામાં એનો એક ભેખ છે આત્માનો. એ સંસારનો નાશ થાય છે અને આત્માના અવલંબે મોક્ષની નિર્મળ દશા પ્રગટ થાય છે. નહોતી ને થઈ, હતી ને ગઈ. ઝીણું લોજીક છે. તમારા ડૉક્ટર-બાક્ટર કરતાં તો. વીતરાગનું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઇ .. કંઈ સમજાય નહિ. આપણે વેપારી છીએ, લ્યો. આપણું અત્યારે કામ નહિ. તો ક્યારે કામ છે? સાચું સમજવાનું કામ અત્યારે નહિ તો ક્યારે? હમણાં નહિ? સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યું કે વસ્તુ જે ત્રિકાળ છે, છે.. છે.. છે.. છે અનાદિની છે અને અનંતકાળ રહેશે. એ વસ્તુને ભાવ, સત્યાર્થ, ભૂતાર્થ, સત્ય સાહેબ, સત્ય સ્વરૂપ એને કહ્યું છે. અને એની દશામાં વિકાર છે એ ક્ષણિક અવસ્થા છે. એનો સ્વભાવનો આશ્રય લઈ, એ દશા-અવસ્થા છે એ નાશ થઈ જાય છે અને સ્વભાવના આશ્રયથી એને નવી સાધકદશા અને સાધ્ય કેવળજ્ઞાન દશા પ્રગટ થાય છે. એથી એ સાધક દશા-ધર્મની, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને પણ અહીંયા ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ખરેખર વ્યવહાર તો પરને કહેવાય. સ્વને વ્યવહાર ન કહેવાય. સ્વ તે નિશ્ચય છે અને પર તે વ્યવહાર છે. અહીંયાં પ્રયોજન સિદ્ધ કરવા ત્રિકાળી જ્ઞાયકભાવ જ તે સત્ છે. એનો આશ્રય કરે તો એને સાચી દૃષ્ટિ થઈ અને સાચી મોક્ષદશા પ્રગટ થાય. એ કારણે ત્રિકાળી દ્રવ્યને સાચું છે એમ કહ્યું અને આ પર્યાય છે તે જૂઠી છે, તે ત્રિકાળમાં નથી અને એનો આશ્રય કરવા લાયક નથી. આવું બધું સમજવું પડતું હશે આ? કહો, સમજાણું આમાં?

કહે છે એ ભેદરૂપ આત્માને કહે એ તો વ્યવહારનયનો વિષય છે. એને અધ્યાત્મશાસ્ત્રમાં જૂઠું છે એમ કહીને વર્ણન કર્યું છે. મોક્ષની દશા જૂઠી છે. કઈ અપેક્ષાએ? દ્રવ્યદૃષ્ટિ, વસ્તુમાં નથી એ અપેક્ષાએ. વર્તમાન અવસ્થાની પર્યાયદૃષ્ટિએ તો છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત. આવું ઝીણું. ભગવાનનો માર્ગ જ ઝીણો છે. લોકો બહારથી માનીને બેઠા છે. પત્તો ખાતો નથી. ચૈતન્યના ઊંડા પાતાળ કૂવામાં એમાં શું છે? અને એની બહારની પ્રગટ દશામાં શું છે? સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદનો નાથ એને નિશ્ચય કહીએ, કહે છે. ત્યારે આ મોક્ષ ને સંસારની દશાઓ છે, અવસ્થાઓ છે, પર્યાય છે, ભેદરૂપ છે માટે ત્રિકાળની અપેક્ષાએ તેને વ્યવહાર કહી, એમાં નથી, પર છે, જૂઠું છે એમ કહેવામાં આવ્યું છે. ભારે. **'ક્યોંકિ શુદ્ધ આત્મામેં સંયોગજનિત અવસ્થા હો સો તો અસત્યાર્થ હી હૈ,...'** એ ચાહે તો વિકારી ભાવ હો કે વિકારનો અભાવ થઈને થાઓ. એય...!

આનંદમૂર્તિ દ્રવ્ય સ્વભાવ વસ્તુ છે એ તો શુદ્ધ શુદ્ધ શુદ્ધ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ (છે). 'આત્મસિદ્ધિ'માં આવ્યું છે. તમને આપ્યું છે ને 'આત્મસિદ્ધિ'? એમાં શ્લોક આવશે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. બહુ સરસ. સમજાણું કાંઈ? અંદર આત્મા શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનની મૂર્તિ. શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન-અસંખ્ય પ્રદેશનો પિંડ આત્મા છે. સ્વયં જ્યોતિ-પોતે સ્વયં જ્યોતિ (છે). પોતાના પ્રકાશ માટે પરની જરૂર નથી. પોતે સ્વયં જ્યોતિ સ્વરૂપ છે. અને આનંદનું ધામ-સુખધામ (છે). એવો જે ત્રિકાળી સ્વભાવ એ તો ખરો સત્ય ત્રિકાળી રહેનારું માટે એને સત્ય કહેવામાં આવે છે. અને એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. માટે પ્રયોજન સિદ્ધ થવા દ્રવ્ય તે સાચું અને પર્યાય તે ખોટી એમ કહેવામાં આવ્યું છે.

**'કુછ શુદ્ધ વસ્તુકા તો યહ સ્વભાવ નહીં હૈ ઇસલિયે અસત્ય હી હૈ.'** ત્રિકાળી વસ્તુનો તે સ્વભાવ નથી. ધ્રુવ સ્વરૂપ છે એ તો મોક્ષની અવસ્થા અને સંસાર અવસ્થા એનો સ્વભાવ નથી. ભારે ઝીણું આમાં. કહો, સમજાય છે કાંઈ? અંદર વસ્તુ છે, કહે છે. પ્રભુ મોટો ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ, એને સાચું કહ્યું. ત્યારે પર્યાયોને-મોક્ષની પર્યાયને પણ સદ્ભૂત વ્યવહારનયનો ભેદ અંશ છે, ભેદનો અંશ છે એ ત્રિકાળની અપેક્ષાએ જૂઠો (છે). પર્યાયની અપેક્ષાએ સત્ય છે. સમજાણું કાંઈ? **'જો નિમિત્તસે અવસ્થા હુઈ વહ ભી આત્માહીકા પરિણામ હૈ,...'** એ સંસારના પરિણામ અને સિદ્ધની પર્યાય, પર્યાય કહો કે પરિણામ કહો, એ અવસ્થાથી જુઓ તો જીવના પરિણામ છે, એ કંઈ પરના નથી. વ્યવહાર કીધો માટે એ પર છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'આત્માકા પરિણામ હૈ વહ આત્માહીમેં હૈ,...'** ભગવાનઆત્મા નિત્ય પ્રભુ અવિનાશી વસ્તુ છે. એનામાં આવી નાશવાન પર્યાય પણ એના પરિણામ, એની પર્યાય છે, કહે છે. ભલે સંસાર દશા નાશ થાય અને મોક્ષ દશા ઉત્પન્ન થાય, એમ હોવા છતાં ત્રિકાળની અપેક્ષાએ સત્ય નહિ પણ પર્યાયની અપેક્ષાએ સત્ય છે. પરિણામ એના છે. સમજાણું કાંઈ? 'દેવજીભાઈ'! આવું ઝીણું છે. 'અષ્ટપાહુડ' છે તમારે ત્યાં? પુસ્તક નથી? હવે કાંઈ ભેટ મળતા નથી. છપાવ્યા છે ને ભાઈ તરફથી? 'પાટણી' તરફથી. 'અષ્ટપાહુડ' 'પાટણી' તરફથી છે. કેટલા વખત પહેલા? ઇ ઇ છે ને? તમારી પાસે ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- ૧૯૫૦નું છે. વીસ વર્ષ થઈ ગયા.

ઉત્તર :- ઓહો..! આ 'પાટણી'નું છે. ભાઈ પાસે, 'અશોકભાઈ' પાસે. ઇ અક્ષરે અક્ષર છે. 'પાટણી'નું જે છે ઇ અક્ષરે અક્ષર છે.

કહે છે, આ તો શાંતિથી સમજવાની વાત છે. આ કોઈ વાર્તા, કથા નથી કે ઝટ ઝટ (પૂરી થઈ જાય). પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા.. સમજાણું કાંઈ? એણે આ એક આત્મામાં બે અંશ જોયા. એક ત્રિકાળી અંશ અને એક વર્તમાન ક્ષણિક અવસ્થાનો-દશાનો અંશ. એમાં દશાના અંશને અસત્ય કેમ કહ્યું? કે ત્રિકાળીમાં નથી માટે. એની અવસ્થાદૃષ્ટિથી અવસ્થાથી તો અવસ્થા છે. **'ઇસલિયે કથંચિત્ ઇસકો સત્ય ભી કહતે હૈં,...'** કેમકે પરિણામ એના છે. સિદ્ધ પણ પરિણામ છે. સિદ્ધ કંઈ પરિણામી-ત્રિકાળી ચીજ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ત્રિકાળી..

ઉત્તર :- પરિણામ ન હોય? પરિણામ ન હોય તો પર્યાય નથી, પર્યાય નથી તો એ સામાન્ય છે એને જાણનાર કોણ? કંઈ સામાન્ય જાણે નહિ. જાણનાર તો પર્યાય છે.

મુમુક્ષુ :- ત્રિકાળ તો અપરિણામી છે.

ઉત્તર :- અપરિણામી છે. અપરિણામીનો અર્થ આ પર્યાયરૂપે ઇ થયું નથી. ત્રિકાળી ધ્રુવ છે એ પર્યાયમાં આવ્યું નથી માટે અપરિણામી (છે). સોનું છે. પીળાશ, વજન ને ચીકાશનું સત્ત્વ. આખું તત્ત્વ છે એ... વીંટી થઈ, વીંટી. એ વીંટીની દશામાં આખું સોનું આવી ગયું છે? આખું સોનું આવી જાય તો વીંટીની અવસ્થા બદલાય તો આખા સોનાનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા અવિનાશી અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ, એક સમયની મોક્ષની દશામાં પણ આવતો નથી. ખરેખર તો એ ધ્રુવ છે ઇ પરિણમતો નથી. પર્યાય પરિણમે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પાછું ફરી ગયું. ધ્રુવ પરિણામી કીધું'તું પાછું પર્યાય પરિણામી...

ઉત્તર :- પરિણામી છે એનો અર્થ શું થયો? પરિણામી-પરિણામ સ્વભાવ છે એનો. પરિણમે છે એમ નહિ. પરિણામ, એનો પરિણામ એટલે સહજ સ્વભાવ એનો છે એમ ત્યાં કહેવું છે. પરિણમે છે એમ નહિ. પારિણામીક ભાવ છે એટલે વસ્તુ પારિણામિક ભાવે (છે). પાંચ ભાવ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ એ પર્યાય છે. આ પારિણમિક ભાવે છે એટલે? સહજ ભાવે છે માટે પારિણામિક ભાવે કહ્યું. પણ પરિણમતું નથી માટે તેને અપરિણામી કહેવામાં આવે છે. એય..! 'સેઠી'! આહાહા..! સમજાણું કાંઈ? પરિણામિક ભાવ જુદી વસ્તુ છે અને પરિણમવું એ જુદી વસ્તુ છે. પરમપારિણામિક, વસ્તુ જે છે એ તો પરમપારિણામિક સહજ વસ્તુ આનંદકંદ (છે). એ પરિણમતી નથી, બદલતી નથી. બદલે છે તે પર્યાયમાં બદલવું થાય છે. પણ વ્યવહારથી એમ કહેવાય કે એ પોતે પરિણમે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? 'મોહનભાઈ'! બફમ્ જેવું પેલું છકાયની દયા પાળવી, ભગવાનની ભક્તિ કરવી એ સમજાય. ચાલ્યો જાય જિંદગી પૂરી થઈને. ભવ ચાલ્યા જશે, બાપા!

ચૈતન્યતત્ત્વ કોણ છે? એની દશા શું છે? એની દશાની સ્થિતિ કેટલી? અને ત્રિકાળીની સ્થિતિ

કેટલી? બેની સ્થિતિનું માપ લીધા વિના એ ત્રિકાળી દ્રવ્યનો આશ્રય નહિ કરી શકે. સમજાણું કાંઈ? આશ્રય તો નિમિત્તનો પણ કરવો નથી, રાગનો પણ કરવો નથી. આ કેવળજ્ઞાન તો નથી પણ કોઈના કેવળજ્ઞાન માટેનો આશ્રય કરવો એમ પણ નથી. સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શન ધર્મની પહેલી પગથિયાની શ્રેણી (કહીએ) એ તો ધ્રુવ.. ધ્રુવ (છે). એ પોતે કરે છે નિર્ણય ધ્રુવનો, ધ્રુવનો. પણ એ ધ્રુવ નથી. નિર્ણય કરે છે પર્યાય, પણ નિર્ણય કરે છે ધ્રુવનો. અરે..! ભારે વાત. '...ભાઈ'! આવું તો 'જયચંદ્ર' પંડિતે નાખ્યું છે. તમારા ગામના ગૃહસ્થ પંડિતે.

એ પરિણામ તો આત્માના છે. કોણ? સિદ્ધના પરિણામ. સિદ્ધ પણ પર્યાય છે. પર્યાય એટલે પરિણામ છે. ધ્રુવ છે તે પરિણામ નહિ. ધ્રુવ તો ત્રિકાળી વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને સત્ય પણ કહીએ. કોને? સંસારપર્યાય પર્યાયદૃષ્ટિએ છે. મોક્ષપર્યાય પર્યાયદૃષ્ટિએ છે. એ અપેક્ષાએ સત્ય છે. છે, એમ એને સત્ય પણ એ અપેક્ષાએ કહેવાય. **'પરંતુ જબ તક ભેદજ્ઞાન નહીં હોતા હૈ તબ તક હી યહ દૃષ્ટિ હૈ,...'** અભેદ દૃષ્ટિ થઈ નથી ત્યાં સુધી એને જાણે કે આ છે.. છે. અભેદ દૃષ્ટિ થયા પછી મારા દ્રવ્યમાં એ પર્યાય નથી, પર્યાય પર્યાયમાં છે એમ જાણે. સમજાણું કાંઈ? '..' આવું વસ્તુનું સ્વરૂપ લોકોને (ખબર નથી). આહા..! પોતે એવો છે અંદર. આહા..હા..! ખબર ન મળે. આ તો બધા હાડકા, ચામડા તો જડ માટી છે. આ તો કોથળો છે. માલ છે એ તો બીજો છે અંદર.

ઇ ચૈતન્ય માલ છે અંદર, ભગવાન! ઇ ભગવાનસ્વરૂપ જ છે. જ્યારે સિદ્ધપદ થાય, પરમાત્મા થાય એ પરમાત્માની દશા ક્યાંથી આવી? એ વસ્તુમાં છે એમાંથી આવે છે. કાંઈ બહારથી આવે નહિ. પણ એ બધો શક્તિનો આખો સમૂહ જે પિંડ છે એ પારિણામિક ભાવે એટલે સહજ સ્વભાવે વસ્તુ છે. કોઈ એનો કર્તા નથી, વસ્તુ છે એમાં ઉણપ આવતી નથી, એમાં ઘટવધ થતી નથી, ઘટવધ થતી નથી. એની દશા છે. હાલતમાં વિકાર ઘટે, વધે એવું વિકાર પર્યાયમાં થાય. અને નિર્મળ પર્યાય ઓછી થાય, વધે કે પૂર્ણ થાય એ બધું પર્યાય અવસ્થામાં થાય. વસ્તુમાં વધઘટ નથી. આહાહા..! તત્ત્વની ખબર ન મળે માણસને પરમેશ્વરે શું કહ્યું છે? સમજાણં કાંઈ? પરમેશ્વરે કહ્યું છે એ તો વસ્તુનું સ્વરૂપ છે એવું જાણીને કહ્યું છે. એ કંઈ કર્યું છે ભગવાને? ભગવાન કંઈ જીવના કર્તા છે? કોઈ તત્ત્વના? સમજાણું કાંઈ?

કહે છે, **'ભેદજ્ઞાન હોનેપર જૈસે હૈ વૈસે હી...'** એટલે? કે જ્યાં ભેદજ્ઞાન રાગથી અને પર્યાયથી પણ ભિન્ન જ્યાં વસ્તુને જાણી, ત્યારે વસ્તુમાં પર્યાય નથી પણ પર્યાયમાં છે એમ જાણે. બસ! સમજાણું કાંઈ? ન સમજાણું? આ દ્રવ્યદૃષ્ટિ થાય ત્યારે (આમ જણાય). ભેદજ્ઞાનનો અર્થ એમ કીધો છે. પર્યાયથી ભિન્ન જ્યાં દ્રવ્યનો નિર્ણય કર્યો ત્યારે દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાયમાં પર્યાય છે એમ જાણ્યું. પર્યાયદૃષ્ટિએ પર્યાય પર્યાયમાં છે, દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્યમાં પર્યાય નથી. બસ! સમજાણું કાંઈ? સત્યાર્થ કીધું ને? પહેલું કીધું ને? પરિણામ સત્ય કીધા. ક્યાં સુધી? કે રાગ પણ સત્ય છે. ક્યાં સુધી? રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કર્યું નથી ત્યાં સુધી. પછી તો રાગ પણ અસત્ય છે અને પર્યાય પણ ત્રિકાળને માટે અસત્ય છે. પણ નિર્મળ થઈ એ અપેક્ષાએ પર્યાયમાં સત્ય છે. અને વિકાર તો સત્ય

હતો નહિ એમ જાણે એનું નામ ભેદજ્ઞાન જાણ્યા પછી જેમ છે તેમ જાણ્યું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વિષય એવો આવ્યો. વસ્તુ એવી છે. પણ શું થાય? અભ્યાસ જ આખો લોકોનો (રહ્યો નહિ).

આમ દ્રવ્ય અને પર્યાય. દ્રવ્યમાં ગુણ આવી ગયા. ગુણનો ભેદ કરવો એ કહે છે કે ન્યાં ક્યાં ગુણ જુદો પડે છે? ભેદ પડવો તો વિકલ્પ છે, રાગ છે, માટે વ્યવહાર છે. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ છે એ તો. એવી ચીજને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય. તે દૃષ્ટિના વિષયમાં સંસારપર્યાય કે મોક્ષપર્યાય ગઈ નથી. પણ સંસારપર્યાય કથંચિત્ પર્યાયદૃષ્ટિએ સત્ય છે, એમ ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી જાણવું. ભેદજ્ઞાન થયા પછી એ રાગની પર્યાય પણ અસત્ય છે, વસ્તુમાં નથી. સિદ્ધની પર્યાય પર્યાયદૃષ્ટિએ છે. એટલું એણે જાણવું. એય! 'વજુભાઈ'!

એમ કહે છે, સંસારદશા, વિકારીદશા અને નિર્વિકારી દશા એ વસ્તુની અપેક્ષાએ નથી પણ પર્યાયની અપેક્ષાએ કથંચિત્ પર્યાયદૃષ્ટિ સત્ય (છે). કથંચિત્ પર્યાયદૃષ્ટિએ સત્ય. પણ એ સંસારનો પર્યાય છે એમ જે કીધો અને સત્ય છે એને ક્યાં સુધી છે એમ માન્યું? કે ભેદજ્ઞાન નથી ત્યાં સુધી. રાગથી જ્યાં ભિન્ન પડ્યો અને જ્યાં સમ્યક્ ચૈતન્યનું ભાન થયું તો રાગ સત્ય નથી. પણ પરિણામ સિદ્ધના અને કેવળજ્ઞાનના છે એ સત્ય છે. પર્યાયદૃષ્ટિએ તે સત્ય છે. પર્યાયદૃષ્ટિએ પેલું હતું એ પણ ખરેખર દ્રવ્યના સ્વભાવમાં નથી. મારા સ્વભાવમાં નથી એમ ભેદજ્ઞાની જાણે. ભિન્ન છે એમ જાણે. અને અભેદ પર્યાયને મારી પર્યાય નિર્મળ છે એમ ઇ જાણે. સમજાણું કાંઈ? અરે..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- ક્ષાયિક સમ્યગ્દર્શન થાય એને સત્ય જાણવું કે અસત્ય જાણવું?

ઉત્તર :- ક્ષાયિક કહો કે સમકિત ગમે તે હોય નહિ. ક્ષાયિક સમકિત ઇ પર્યાય છે એ પર્યાયદૃષ્ટિ સત્ય છે. પર્યાયદૃષ્ટિએ. દ્રવ્યદૃષ્ટિએ સત્ય નથી. પણ વિકાર તો પર્યાયદૃષ્ટિએ સત્ય છે. એ ક્યાં સુધી? એના પરિણામ છે માટે. ક્યાં સુધી? કે ભેદજ્ઞાન થયું નથી ત્યાં સુધી. ભારે વિષય આવ્યો, ભાઈ! એ... 'દાસ'! સમજાણું કે નહિ? એય! 'જયંતિભાઈ'! રવિવારે આવું આવે છે. આહાહા..! થોડો અભ્યાસ કરવો પડે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદજ્ઞાનના કાળમાં જે કથંચિત્ વિકારના પરિણામ પર્યાયદૃષ્ટિએ સત્ય કહ્યા હતા એ મારામાં તો નથી હવે. સમજાણું? જુદાં છે એમ એને જાણે. અને નિર્મળ પર્યાય છે એ મારામાં છે એમ પર્યાયદૃષ્ટિએ જાણે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! કહો. ભગવાનઆત્મા એવો છે, ભાઈ! કારણ કે ભેદજ્ઞાન થયા પછી રાગ છે એ મારી પર્યાયમાં છે એમ નથી, એ તો ભિન્ન જાણે છે, એને ભિન્ન જાણે છે.

મુમુક્ષુ :- આગમમાં તો એની પોતાની પર્યાય (કહી છે).

ઉત્તર :- આગમમાં ભલે (કહ્યું હોય). અહીં અધ્યાત્મની વાત લીધી છે. અધ્યાત્મની વાત ચાલે છે ને અત્યારે? અધ્યાત્મ શાસ્ત્રની શૈલી ચાલે છે. આગમની અપેક્ષાએ પર્યાય એનામાં છે

એમ નિશ્ચયથી છે. એ તો સાચી નય. એ ન્યાયે દ્રવ્ય પણ નિશ્ચય છે અને પર્યાય પણ નિશ્ચય છે, એ જુદી વાત છે. એ તો આગમદૃષ્ટિ થઈ. આગમ પ્રમાણે, અધ્યાત્મ પ્રમાણે જાણે તો એ સાચું કહેવાય. એ આવ્યું છે ને? આગમપ્રમાણે જીવાદિ જાણે પણ અધ્યાત્મ પ્રમાણે જેમાં વીતરાગતા થવાની છે એ શાસ્ત્રને ન જાણે, એ ભાવને ન જાણે તો બધું એનું આગમજ્ઞાન પણ ખોટું (છે). થોડું થોડું સમજવું. ખ્યાલમાં રાખવું (કે) કાંઈક છે, આમાં કાંઈક છે. એને શું ખબર છે?

ધર્મને જેણે સમજવો હોય તો સમજવાના આવા પ્રકાર છે. વીતરાગમાર્ગના છે, એ બીજે હોઈ શકે નહિ. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર સિવાય આવી વાત, આવું સ્વરૂપ, વ્યવહાર ને કથંચિત્ સત્ય ને અસત્ય ને... અલૌકિક વસ્તુ છે. સમજાણું કાંઈ? અરે..! આઠ આઠ વર્ષના છોકરાઓ કેવળજ્ઞાન પામે. છોકરાઓએ લખ્યું હતું ને? લખે છે ને? 'છગનભાઈ' બેઠા ત્યાં હેઠે લખ્યું છે. હેઠે અક્ષરો લખેલા છે. કેટલાય છોકરાના નામ. ખડી-બડી લાવ્યા હશે. અહીં ખડીનું અમારે શું કરવું? અહીં ખડીએ ન લખાય. અહીં તો જ્ઞાનને અંકે લખાય. સમજાણું કાંઈ? પ્રભુનો માર્ગ એવો છે. વીરના રસ્તા એવા છે પરમાત્માના. એ જ તારો રસ્તો છે. વીરે કહ્યો છે એ તારો રસ્તો કહ્યો છે.

ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ એ જ ખરેખર સત્યના સંગ્રહમાં એ સત્ આવે છે. એ સત્યના સંગ્રહમાં પર્યાયનું સત્ય એ સંગ્રહમાં આવતું નથી. આહાહા..! પણ એ પરિણામ તો એના છે, કહે છે. પરિણામ, હોં! પેલા સામાન્યના એ પરિણામ છે. એ કંઈ કોઈકના પરિણામ છે ને કોઈની વસ્તુ છે એમ નથી. તેથી તેને કથંચિત્ પર્યાય વિકારી અને નિર્વિકારી, બેયને પર્યાયદૃષ્ટિએ સત્ય કહેવી. પણ જ્યારે ભેદજ્ઞાન થયા પછી રાગ છે એનું પરિણમન છે એમ જાણવું, બસ એટલું. સમજાય છે? અને નિર્મળ પર્યાય તો મારી પર્યાયદૃષ્ટિએ બરાબર છે એમ જાણે. ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાય એ સત છે ને. એ સત્ છે એ ક્યાં જાય? સદાય ઊભી રહે છે, પેલી તો વઈ ગઈ. દૃષ્ટિમાં રહી નહિ, દૃષ્ટિના વિષયમાં રહી નહિ. ખરેખર તો પર્યાયમાં પરિણમન છે પણ એ પરિણમન દૃષ્ટિની અપેક્ષાએ તો ભિન્ન પરિણમન થઈ ગયું. જ્ઞાનની અપેક્ષાએ, જ્ઞાન સ્વ-પર બેયને જાણે છે ને, તો આટલું પરિણમન જાણે, બસ. સમજાણું કાંઈ? પણ નિર્મળ પરિણમન છે એ તો બરાબર છે, એમ કહે છે. પર્યાય લક્ષમાં જ્ઞાન કરીને નિર્મળ જે મોક્ષનો માર્ગ છે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

**'ભેદજ્ઞાન હોનેપર જૈસે હૈ વૈસે હી જાનતા હૈ.'** લ્યો. ત્યાં સુધી આવ્યું. આ પંડિતજીએ કહ્યું અમારે. ત્યાં સુધી આવ્યું. એનું આ ચાલ્યું પાછું. પાંત્રીસ મિનિટ તો ઇ ચાલ્યું. ચાલ્યાનું ચાલ્યું.

મુમુક્ષુ :- ચાલ્યાનું ચાલ્યું નથી, અધરું ચાલ્યું.

ઉત્તર :- ભાઈ કહે છે ઠીક છે. ઇ વાત સાચી. અધૂરું રહ્યું છે ઇ ચાલ્યું. એય! વાત તો સાચી હતી, હોં! કારણ કે બરાબર સ્પષ્ટ થયું નહોતું. એના જેવા પડખાં છે એ પડખાં સ્પષ્ટ થયા નહોતા. સામાન્યપણે ચાલ્યું હતું. આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, ભાઈ! તું ત્રિકાળી ચીજ છો કે નહિ? કે ક્ષણિક વસ્તુ છો તું? ત્રિકાળી જે અનાદિ તારી વસ્તુના સ્વભાવની આદિ નથી, અંત નથી. એટલો કાળ તે કાળ..

આહાહાહા..! છે, છે, છે ને છે. એવું જે ત્રિકાળી સત્ છે એ આશ્રય કરવા લાયક છે. તેને પરમ સત્ય સાહેબ કહીએ છીએ. 'પ્રકાશદાસજી'! આ સાહેબ આવ્યો અંદર. અને એક સમયની પર્યાય છે. એવી વાત છે ક્યાંય ન્યાં? હજી તો જડ, ચૈતન્ય જુદા શું છે એની ખબર ન મળે. અહીં તો પર્યાય અને દ્રવ્ય જુદાંની વાતું ચાલે છે આ તો. આહાહા..! 'ભગવાનજીભાઈ'! આ તો મૂળની વાત છે, ભગવાન! આહાહા..! શું થાય?

મુમુક્ષુ :- ભગવાનની વાત છે.

ઉત્તર :- ભગવાનની વાત છે. તો ભગવાન તો નામ છે એનું. આ ભગવાન ભાવ... આહા..! અરે..! તું ભગવાન છો એમાં વિશેષતા શું? એમાં વિશેષતા પણ શું? એમાં આશ્ચર્યતા પણ શું? એમ અહીં તો કહે છે. એવો છો ને. પછી આશ્ચર્ય અને વિસ્મયતા શું? આહાહા..! સત્નું ઢીમ, એકલો સ્વભાવનો ઢીમ. ધ્રુવ ઢીમ. એમાં પર્યાયનો અભાવ છે. એ અપેક્ષાએ એમાં નથી એમ કહ્યું. પણ પર્યાયદૃષ્ટિએ રાગ પણ છે અને નિર્મળ દશા પણ છે. એના પરિણામમાં. પણ હવે રાગ છે એમાં એ ક્યાં સુધી? કે ભેદજ્ઞાન નથી થયું ત્યાં સુધી. એમ કહે છે. પણ જ્યારે રાગથી ભિન્ન પડ્યો ત્યારે રાગ એનો છે એમ ન રહ્યું. ભલે પરિણમન છે પણ એનો ન રહ્યું. અને સિદ્ધપદ થયું એ તો એના પરિણામ છે, છે, એને તો બરાબર પર્યાયદૃષ્ટિએ કથંચિત્ છે એમ ભેદજ્ઞાન થયા પછી પણ એ જાણે. સમજાણું કાંઈ? હવે આમાં લખ્યે કાંઈ પાર આવે એવું છે? આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- સાચી વાત. કઈ અપેક્ષાએ છે અને કઈ અપેક્ષાએ નથી, એમ જાણવું જોઈએ ને. હવે કહે છે ત્રીજી વાત.

**'જો દ્રવ્યરૂપ પુદ્ગલકર્મ હૈં...'** હવે ત્રીજી વાત લીધી. આ તો એના બે ભાગની વાત કરી. હવે આ કર્મ જે જડ અંદર છે, જેમ આ શરીર છે આ જડ છે, અજીવ પુદ્ગલ છે. ભગવાન આને પુદ્ગલ દ્રવ્ય કહે છે. એને કાંઈ આત્મદ્રવ્ય કહેતા નથી. આ તો અજીવ દ્રવ્ય છે, પરમાણુ છે. એવું એક કર્મ અંદર છે. આઠ કર્મ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય. ઇ કહે છે કે **'દ્રવ્યરૂપ પુદ્ગલકર્મ હૈં વે આત્મા સે ભિન્ન હી હૈં,...'** એ તો આત્માથી, જ્યાં એક સમયની પર્યાય પણ જ્યારે દ્રવ્યમાં નથી એમ કીધું, ત્યારે આ પુદ્ગલદ્રવ્ય તો તદ્દન ભિન્ન જ છે. **'દ્રવ્યરૂપ પુદ્ગલકર્મ હૈં...'** જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય **'વે આત્મા સે ભિન્ન હી હૈં,...'** આત્માથી જુદાં જ છે.

**'ઉનસે શરીરાદિકા સંયોગ હૈ...'** લ્યો. એ કર્મના નિમિત્તથી આ શરીરનો સંયોગ, વાણીનો સંયોગ (છે). સમજાણું? **'વહ આત્માસે પ્રગટ હી ભિન્ન હૈ,...'** આ શરીર પણ પ્રગટ ભિન્ન છે એમ કહે છે. આ તો પ્રગટ જડ ભિન્ન આત્માથી તદ્દન તદ્દન જુદું છે. આ વાણી બોલાય છે એ પણ આત્માથી તદ્દન જુદી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે ઉપચારિક વ્યવહાર કહે છે. પેલો વ્યવહાર તો એનામાં પરિણામ હતો એને વ્યવહાર કહ્યો હતો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેટલા પ્રકારના વ્યવહાર છે?

ઉત્તર :- આ તો હજી બે પ્રકારનો કહ્યો. એક એના પર્યાયનો વ્યવહાર અને હવે પરનો

વ્યવહાર ઉપચારિક. આ તો પર છે માટે ખરેખર વ્યવહાર છે એ તો આત્મામાં નથી, એમ કહે છે. પહેલા જે પર્યાયને વ્યવહાર કહ્યો હતો એ પર્યાયદૃષ્ટિએ એનામાં છે. વિકાર પણ છે અને નિર્વિકાર પણ છે, એમ કહ્યું હતું. આ તો છે જ નહિ. વ્યવહાર, શરીર, કર્મ એ તો અજીવતત્ત્વ છે, પુદ્ગલતત્ત્વ છે. ભગવાને જીવતત્ત્વ, અજીવતત્ત્વ આ નવ તત્ત્વ કહ્યાં ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. ત્યારે નવતત્ત્વમાં કહે છે, આસ્રવ, પુણ્ય-પાપના પરિણામ, સંવર, નિર્જરા, મોક્ષના પરિણામ એ પરિણામ ત્રિકાળી દ્રવ્યમાં તો નથી. માટે તેને જૂઠાં કહ્યાં. પણ એ પરિણામની અપેક્ષાએ પરિણામ એના છે, એ ધ્રુવની વિશેષતા એની છે એમ ગણીને એ પરિણામ કથંચિત્ પર્યાયદૃષ્ટિએ એના છે. પણ પેલા બે વિકારી અને અવિકારી એના કહ્યા, પણ ભેદજ્ઞાન થયા પછી વિકારી પરિણામ મારા છે એમ રહેતું નથી. પરિણમન છે ભલે ત્યાં પરિણામમાં પર્યાયદૃષ્ટિએ. સમજાય છે? મારી ચીજમાં નથી. પરિણમન શુદ્ધ થાય છે એ તો મારી પર્યાયમાં છે. સમજાણું કાંઈ? કહો, 'રવિન્દ્ર'! સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- પર્યાયમાં છે...

ઉત્તર :- પર્યાયમાં છે ઇ સિદ્ધપદ.

મુમુક્ષુ :- સિદ્ધમાં?

ઉત્તર :- સિદ્ધમાં પણ પર્યાયમાં છે.

મુમુક્ષુ :- મારી ચીજમાં નથી.

ઉત્તર :- ચીજમાં નથી એ તો પહેલા કહ્યું. ચીજમાં તો છે જ નહિ. ધ્રુવમાં તો આ પર્યાય પણ નથી અને પેલી પણ નથી. હવે અહીં પર્યાયમાં છે અને ભેદજ્ઞાન નથી ત્યાં સુધી આ વિકારી પર્યાય ગણી.

મુમુક્ષુ :- સિદ્ધપણું પર્યાયમાં છે કે સિદ્ધપણું પોતે જ પર્યાય છે?

ઉત્તર :- પર્યાયમાં એટલે એ પર્યાય પોતે જ છે, પછી પર્યાયમાં એટલે? ધ્રુવમાં નહિ એટલે પર્યાયમાં. એટલે પર્યાય. એય! પર્યાયમાં એટલે એ પર્યાયરૂપ જ પોતે છે. એટલે પર્યાયમાં છે, ધ્રુવમાં નથી. એમ. સિદ્ધપદ ધ્રુવમાં નથી.

મુમુક્ષુ :- ધ્રુવમાં નથી.

ઉત્તર :- ધ્રુવરૂપ છે જ નહિ એ પર્યાય, એ પર્યાય ક્ષણિકરૂપ છે. આહાહા..! કહ્યું ને? એ સિદ્ધપદની પર્યાય છે એ ધ્રુવમાં નથી. એનું ધ્રુવરૂપ નથી, એનું તો ક્ષણિક રૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મને સમજવા માટે આટલા પડખાં એના છે એમ એને જાણવા પડશે. એમ અદ્ધરથી ધર્મ થઈ જાય એવી ચીજ નથી. અનંતકાળ ગયો.

અહીં તો કહે છે, જ્યારે અમે મોક્ષની પર્યાયને વ્યવહાર કહ્યો. એ વ્યવહાર એનામાં દ્રવ્યમાં નથી માટે (વ્યવહાર) કહ્યો. નહિતર વ્યવહાર તો એને કહીએ કે જે એની પર્યાયમાં પણ ન હોય. સમજાણું કાંઈ? એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ અહીં પર્યાયને વ્યવહાર કહ્યો એ દ્રવ્યમાં નથી એ અપેક્ષાએ વ્યવહાર કહ્યો. એમ. આ તો સાતમી ગાથામાં પ્રશ્ન ન ઉઠ્યો? કે આ પર્યાય છે

એ કાંઈ અવસ્તુ તો નથી. શિષ્યે પ્રશ્ન કર્યો છે. સાતમી ગાથા, 'સમયસાર'. તમે કહો છો કે જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્માના નથી. એ પર્યાય નથી. એ પર્યાય એના નથી તો એ અવસ્તુ તો નથી, કંઈ બીજી ચીજ તો નથી. છે તો એના પરિણામ. છતાં તમે એને અવસ્તુ કહીને, વ્યવહાર કહીને અવસ્તુ કહેવા માગો છો. તો એ અવસ્તુ નથી. અવસ્તુ એટલે આત્માથી જુદી વસ્તુ નથી. એમ. આત્મામાં આવી નથી. પણ એને અવસ્તુ કેમ કહી? અભેદની દૃષ્ટિ કરાવવા વસ્તુ ત્રિકાળીમાંથી નિર્મળ ધર્મની દશા પ્રગટશે, એવા અભેદની દૃષ્ટિ કરાવવા ભેદને ગૌણ કરીને, અભાવ કરીને વ્યવહાર કહ્યો છે એમ નહિ. એને ગૌણ કરીને અવસ્તુ એટલે વ્યવહાર કહ્યો છે. સમજાય છે કાંઈ? દિગંબર સંતોએ તો વસ્તુના સ્વભાવને ઘણો જ સ્પષ્ટ કરી નાખ્યો છે, ઘણો સ્પષ્ટ કરી નાખ્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પર્યાયનો આશ્રય કરવા લાયક નથી. દ્રવ્યનો આશ્રય (કરવા લાયક છે). કારણ કે એ ત્રિકાળી સત્ છે. ભલે પર્યાય છે એ આશ્રય કરે પણ પર્યાય આશ્રય કરે છે ધ્રુવનો. પર્યાય આશ્રય પર્યાયનો કરતો નથી. 'પ્રવીણભાઈ'! આવું પ્રવીણ થવું પડશે, કહે છે. આરે.. આરે..! ભારે વાત. પેલું તો કંઈ સમજ્યા વિના (હાંકે રાખે). 'વિહુયરયમલા' નહોતું કહ્યું? આવડે છે? ભાઈ! ડોક્ટર! લોગસ્સ.. લોગસ્સ. લોગસ્સમાં આવે છે, વિહુયરયમલા. ઇ અર્થ ન આવડતા હોય. અંગ્રેજી ભણ્યા હોય એને... વિહુયરયમલા આવે છે. કીધું ને?

'લીંબડી'માં દશા, વીસાની તકરાર હતી. દસા, વીસા છે ને? બે સમાજ છે ને આપણે દશા, વીસા? ... પોતે વીસાશ્રીમાળી છે એને ખબર છે ને. દશાશ્રીમાળી અને વીસાશ્રીમાળી બે છે ને? આપણે આ બાજુમાં નાત બે છે. એમાં દશાશ્રીમાળીની બાઈ હતી. એ આ લોગસ્સ બોલી. વિહારોઈમળ્યા. અર્થની ખબર ન મળે. આપણી તકરારની વાત લોગસ્સમાં ક્યાંથી આવી? દશા, વીસાને આપણે અહીં બનતું નથી. ન્યાં 'લીંબડી'માં. આમાં ક્યાંથી આવ્યું? વિહુયરયમલા. એને ઠેકાણે (બોલી), વિસારોઈમળ્યા. ઘણા એમ જ ભાન વિના... શું કહેવાય? ઘડી. રેતી પૂરી થઈ ગઈ તો થઈ ગઈ સામાયિક. ક્યાંથી ધૂળમાં સામાયિક? હજી સામાયિક કહેવી કોને? ક્યાંથી પ્રગટ થાય? એ સામાયિક વીતરાગ દશા છે. એ વીતરાગપણું શેમાં ભર્યું છે કે જેને આશ્રયે થાય? અને રાગ એમાં ભર્યો નથી. માટે રાગ અધ્ધરથી આવીને ઉત્પન્ન થયેલો ટળી જાય. એ શું છે? કાંઈ જ્ઞાન ન મળે અને આ કહે કે થઈ ગઈ અમારે સામાયિક અને પોષા. ધૂળમાંય નથી. પછી પેલાએ જોયું કે અર્થ શું છે જુઓ તો ખરા. અર્થ તો આમાં વિહારોઈમલા નથી. ત્યારે? વિહૂયરયમલા છે. વિ-વિશેષ. હૂ. હૂ નો ભૂ થાય. વિશેષે ટાળ્યા છે. રયમલા-રય એટલે કર્મની રજ. અને મળ એટલે દયા, દાન, વ્રતના જે શુભભાવ છે ને? એ મળ-મેલ છે. રજકણ અને મેલને જેણે ટાળ્યા અને અશરીરી અને પૂર્ણાનંદની પર્યાય પ્રાપ્ત થઈ એને સિદ્ધ ભગવાન અને અરિહંત પરમેશ્વર કહેવામાં આવે છે. અર્થની તો ખબર ન મળે. હાંકે જાય ગડિયો. 'સુજાનમલજી'!

મુમુક્ષુ :- વાતો તો બરોબર. એવું જ ચાલ્યું છે.

ઉત્તર :- એવું જ ચાલ્યું છે? આહાહા..! ભાવમાં કંઈ ખ્યાલ આવવો જોઈએ ને? કે આ છે, આ

છે, આ છે. પણ શું છે એના ખ્યાલમાં ભરોસે ચડવી જોઈએ ને વાત? એમ ને એમ ભરોંસે ચડ્યા વિના પાધરો અદ્ધર આવો આત્મા છે ને આવો છે ને આમ ધર્મ થાય છે. એનો અર્થ શું? એ તો અજ્ઞાનઅંધકારની વાતું છે.

કહે છે, આ દ્રવ્યરૂપ જે પુદ્ગલ છે. આઠ કર્મ અંદર, નહિ? રયમલા, કીધું ને? રજ-રય છે. 'ય'નો 'જ' થાય. ભગવાને તો ટાળ્યા છે. શું? રજ. આઠ કર્મની રજ. ઇ રજ છે ઇ તો દ્રવ્યકર્મ જડ પુદ્ગલ છે. એ તો આત્માથી તદ્દન જુદા છે. પેલા મળ જે છે એ તો પહેલામાં કહ્યું. સંસારદશા, વિકારી દશા. એની પર્યાયમાં એ વિકારી મેલ છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ મેલ છે. પણ આ કર્મ છે એ તો એનાથી તદ્દન જુદી ચીજ છે. રજ જુદી ચીજ છે અને મેલ એના પરિણામમાં છે. છતાં એની વસ્તુમાં એ છે નહિ. આહા..! વસ્તુમાં નથી એવું જે કહ્યું ને પેલામાં? ભેદજ્ઞાન થયા પહેલાં તો તું માનજે કે તારામાં છે. ભાઈ! આવે છે ને? સર્વવિશુદ્ધમાં. સર્વવિશુદ્ધમાં બરાબર કહ્યું છે. બરાબર. આહાહા..! જ્યાં છે ત્યાં તે પ્રમાણે વસ્તુ ગોઠવી છે. આહાહા..! જ્યાં સુધી રાગ ને દ્વેષ ને મિથ્યાત્વનું પરિણમન તારામાં છે, તું પરિણમે છો ત્યાં સુધી એ તારામાં છે. પણ ભેદજ્ઞાન થયા પછી રાગ મેલ (કોનો)? હું તો નિર્મળાનંદ છું. એવી દૃષ્ટિ થયા પછી, ભેદજ્ઞાન થયા પછી એ મારામાં નથી. પરિણમન છે એને જાણે. સમજાણું કાંઈ?

કહે છે કે, કર્મ તો પરદ્રવ્ય છે. એ આત્માથી ન્યારા-જુદાં છે. એનાથી મળ્યું આ શરીર, નિમિત્ત, એનાથી મળી આ વાણી, એ કર્મથી વાણી છે. એનાથી મળી આ પૈસાની ધૂળ. સમજાણું કાંઈ? કહે છે, '**સંયોગ હૈ વહ આત્માસે પ્રગટ હી ભિન્ન હૈ,...**' શરીર, વાણી તો પ્રગટ આત્માથી જુદી ચીજ છે. એના એક સમયના અંશમાં પણ એ આવી નથી. પેલો મેલ અને નિર્મળ (ભાવ) તો એના પરિણામમાં હતા, કહે છે. સમજાણું કાંઈ? હળવે હળવે કહેવાય છે પણ વિચારવું તો એને પડશે ને? કોઈ આપી દે એવું છે? કોઈ પાસેથી અપાય ને દે એવું છે? ભગવાન આપે છે કોઈને કાંઈ? તિન્નાણં, તારિયાણં તો કહેવાય છે, હોં! નમોત્થુણમાં. નહિ? નમોત્થુણંમાં આવે છે કે નહિ? દેવ આપે, એવું શાસ્ત્રમાં આવે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. દેવ એટલે આ આત્મા છે એ દેવ, એમ કહે છે. એ ભગવાન દે એમ પછી વ્યવહાર કહેવામાં આવે.

મુમુક્ષુ :- આમાં તો તીર્થંકરદેવ..

ઉત્તર :- ઇ તીર્થંકર પોતે આત્મા. પણ ન્યાં નિમિત્તથી કથન કર્યું. ભગવાને એવું સમજાવ્યું ને એટલે ભગવાને જે પુણ્યનો ભાવ સમજાવ્યો, વિષયનો ભાવ સમજાવ્યો, દૃષ્ટિનો સમજાવ્યો અને મોક્ષનો સમજાવ્યો. એટલે એણે સમજાવ્યું તો એણે દીધું એમ કહેવામાં આવે. 'શ્રીમદ્'માં પણ આવે છે ને? 'તે તો પ્રભુએ આપીયો' આપે શું? આત્મા આપતા હશે કોઈ? મને જાણવામાં આવો આત્મા નહોતો, એ આપનું નિમિત્ત અને મેં જાણ્યો એટલે આપે આપ્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વાત તો આમ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ સમજાવ્યું નહોતું. સમજાવ્યું છે પછી નહોતું એમ ક્યાંથી લાવવું? એમ કહે છે.

'ચીમનભાઈ'! દિવ્યધ્વનિથી આવ્યું છે, દિવ્યધ્વનિ કહેવાય છે, ઉપદેશ કહેવાય છે. આ ન હોત તો થાત, એ પ્રશ્ન ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા..! અસ્તિ લે ને, અસ્તિ લે ને. આ ઉપદેશ ભગવાનની વાણીમાં આવ્યો અને સમજનારા પોતાના સ્વલક્ષે સમજ્યા ત્યારે ભગવાને આત્મા દીધો. એટલે? અમને આત્મા ખ્યાલમાં નહોતો એ ખ્યાલ આપે કરાવ્યો માટે દીધો. એમ.

મુમુક્ષુ :- ખ્યાલમાં લીધો.

ઉત્તર :- લીધો એટલે કીધું ને? ખ્યાલમાં નિમિત્ત કરાવ્યું ને? નિમિત્ત થયું ને? કે આવો આત્મા કહેવાય. રાગ તે આત્મા નહિ, શરીર તે આત્મા નહિ. એકરૂપ ગુણનો ભેદ એ પણ આત્મા નહિ. એમ જ્યારે ભગવાને કહ્યું, ત્યારે એના ખ્યાલમાં આવ્યું ત્યારે એણે નિમિત્તથી એમ કહ્યું, પ્રભુ! અમને તો આત્મા કોણ છે એ ખ્યાલમાં જ નહોતો. એટલે અમારે તો દૃષ્ટિમાં આત્માનો અભાવ હતો. એ આપે કહ્યું ત્યારે અમે અમારાથી જાણ્યું, ત્યારે આપે આપ્યો એમ કહેવામાં આવે. આમ છે. આ તો 'આત્મસિદ્ધિ'નું છે. ઇ પહેલું આપ્યું હતું ને? 'આત્મસિદ્ધિ પ્રવચન'. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'ઇનકો આત્માકે કહતે હૈં સો યહ વ્યવહાર પ્રસિદ્ધ હૈ હી,...'** આત્માનું શરીર, આત્માના કર્મ, આત્માના આઠ કર્મ, આત્માને પાંચ શરીર, આત્માને બે શરીર, આત્માને તૈજસ, કાર્માણ શરીર, આત્માને આવી વ્યવહાર ભાષા, આવી નિશ્ચયભાષા, આવી સત્યભાષા, એમ જે ભાષા અને શરીર ને કર્મ તદ્દન જુદી ચીજ હોવા છતાં તેના નિમિત્તના સંબંધથી એને એમ કહેવું એ તો વ્યવહાર અને ઉપચાર છે. **'ઇસકો અસત્યાર્થ યા ઉપચાર કહતે હૈં.'** એ જૂઠી વાત છે, કહે છે. લ્યો. આહાહા..! કહો, 'ગોમ્મટસાર'માં આવે. નારકીને ત્રણ શરીર હોય. તૈજસ, કાર્માણ અને વૈક્રિયક. દેવને ત્રણ શરીર હોય, મનુષ્યને ત્રણ હોય. ઔદારિક, તૈજસ અને કાર્માણ. કહે છે કે એ બધી જુદી ચીજ હોવા છતાં વ્યવહારથી ઉપચારથી એમ કહેવામાં આવે. એ કહેવું એ જૂઠું છે એની વસ્તુ પણ જૂઠી છે. એ એની વસ્તુ છે નહિ. જ્યાં પર્યાયને દ્રવ્યની અપેક્ષાએ જૂઠી કીધી કે જે એના પરિણામમાં છે, આ તો છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

શરીર, કર્મ, વાણી એ બધું, ભગવાનઆત્મા તો અરૂપી છે, એમાં આ ક્યાં આવ્યું? એ તો ન્યારા-જુદા જ છે. અત્યારે પણ જુદાં છે, એમ કહે છે, હોં! એ જુદા પડે ત્યારે નહિ, પડે ત્યારે તો વળી ક્ષેત્રથી જુદા પડશે. અહીં એક ક્ષેત્રે દેખાય છે એ જુદાં જ છે. એ જુદાંને એના કહેવા એ ઉપચારનો વ્યવહાર છે, કહે છે. આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભિન્ન ક્ષેત્ર..

ઉત્તર :- બધાનો સાર આ છે. આહા..! જોડે રહેનારો મુસલમાન હોય એને મામા કહેવાય. ઇ મોસાળું પૂરે? આને કંઈ આપે નહિ. નાળિયેર આપે કે આઠ આના રૂપિયો વટાવવા.

મુમુક્ષુ :- ... આપે.

ઉત્તર :- પણ એ તો જરી સોબતને લઈને. મામો છે માટે નહિ. એ તો પેલો સંબંધ થયો ને બેનો, એની અપેક્ષાએ. મામો છે માટે આપે છે, એમ નહિ. અમારે જોડે એક હતો. ગીગામામા ને

એની વહુને માસી કહેતા. ગામના ખરા ને, મારી બા. ગીગામામા અને સતબાઈ માસી. એમ કહેતા. પાડોશીમાં. કહેવા માત્ર છે. એ કાંઈ રોટલા દેવા ઇ? આહાહા..! .. ઇ ખોટા મામા છે. પરને પોતાના કહેવા ઇ ખોટા છે, એમ કહે છે. ઇ કાંઈ તને દે એવા, તારા પરિણામમાં આવે એવા નથી, એમ કહે છે. **'ઇસકો અસત્યાર્થ યા ઉપચાર કહતે હૈં.'**

**'યહાં કર્મકે સંયોગજનિત ભાવ હૈં વે સબ નિમિત્તાશ્રિત વ્યવહારકે વિષય હૈં...'** હવે બીજી વાત કરી. એ કર્મના નિમિત્તથી જે ભાવ છે તે સર્વ **'નિમિત્તાશ્રિત વ્યવહારકે વિષય હૈં ઔર ઉપદેશ અપેક્ષા ઇસકો પ્રયોજનાશ્રિત ભી કહતે હૈં...'** ઉપદેશમાં તો એમ આવે ને? આ રાગ તેં કર્યો, આ શરીર તારું એમ વ્યવહારમાં ઉપદેશ આવે ને? ઉપદેશ અપેક્ષાએ પ્રયોજનઆશ્રિત કહીએ. **'ઇસપ્રકાર નિશ્ચય-વ્યવહારકા સંક્ષેપ હૈ.'**

મુમુક્ષુ :-

ઉત્તર :- વ્યવહારની વાત કરી. નિશ્ચયની તો પહેલી આવી ગઈ. વ્યવહાર આવો સમજાવ્યો, એ સિવાયનો નિશ્ચય. એમ સમજવું.

મુમુક્ષુ :- એ આગમનો નિશ્ચય આવ્યો.

ઉત્તર :- હા. ઇ આવ્યું હતું. ખબર છે. પણ એ વ્યવહાર આવ્યો એમાં નિશ્ચય આવી ગયો. આ બધો વ્યવહાર, ત્યારે એકલો ધ્રુવ તે નિશ્ચય. આ બધો વ્યવહાર તો એ સિવાયની વસ્તુ તે નિશ્ચય. એમાંથી તારવી લેવું. સમજાણું કાંઈ? આહાહા..! આ તારા નહિ, આ તારા નહિ, આ તું નહિ. તો તું કોણ? એમાં સમજી લેવું. બીજું એકરૂપ તે તું. સમજાણું કાંઈ?

હવે કહે છે, મોક્ષમાર્ગ. હવે મોક્ષમાર્ગની વાત ચાલે છે. **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકો મોક્ષમાર્ગ કહા, યહાં ઐસે સમજના કિ યે તીનોં એક આત્માહીકે ભાવ હૈં,...'** લ્યો. શું કહે છે? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ભગવાને મોક્ષનો માર્ગ કહ્યો. તો એ ત્રણ શું છે? સમ્યગ્દર્શન એ આત્માના શુદ્ધ પરિણામ છે. આત્મા જે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય વસ્તુ છે, એની જે શ્રદ્ધા અંતરમાં થઈ એ શુદ્ધ પરિણામ છે. મોક્ષમાર્ગ કોઈ ગુણ નથી, મોક્ષમાર્ગ કોઈ દ્રવ્ય નથી. એના પરિણામ છે. એ પરિણામના પ્રકાર કઈ રીતે છે, એનું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૨૮ ગાથા-૬, સોમવાર, અષાઢ સુદ ૩, તા. ૬-૦૭-૧૯૭૦

.. એનો વિષય એ નિશ્ચય છે અને બંધ ને મોક્ષની પર્યાય ભેદ છે એ બધો વ્યવહાર છે. એની પર્યાય હોવા છતાં અંશ છે, ભેદ છે એ વ્યવહાર છે. એમ દ્રવ્ય અને પર્યાયનું નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ ઝીણું છે આ બધું. એકદમ એણે નિશ્ચય પરમાર્થ અને વ્યવહાર ભેગો ઉતાર્યો છે ને? હવે અહીં મોક્ષમાર્ગમાં નિશ્ચય અને વ્યવહાર ઉતારે છે.

**'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર.'** આત્મા શુદ્ધ નિર્મળ વીતરાગી સ્વરૂપ, એની નિર્વિકલ્પ પ્રતીતિ,

એનું જ્ઞાન અને એની રમણતા, એને **'મોક્ષમાર્ગ કહ્યો.'** એને ભગવાને મોક્ષમાર્ગ કહ્યો છે. **'યહાં ઐસે સમજના કિ યે તીનોં એક આત્માહીકે ભાવ હૈં,...'** દર્શન, જ્ઞાન, ચારિત્ર ઇ આત્માનો અભેદ ભાવ છે. એથી **'ઇસપ્રકાર ઇનરૂપ આત્માહીકા અનુભવ હો સો નિશ્ચય મોક્ષમાર્ગ હૈ,...'** આત્માનું અભેદ દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણપણું ભેદ ન રહેતાં, ત્રણેયનું એકપણું કરીને આત્માને અનુભવ થાય તેને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ? આ થોડું ઝીણું છે, ભાઈ! એકસાથે પરમાર્થ અને વ્યવહાર અહીં મૂક્યો છે ને. ત્રણેય એક આત્માના ભાવ છે, આત્માની પર્યાય છે. એથી ત્રણ સ્વરૂપ **'આત્માહીકા અનુભવ હો...'** અભેદ **'સો તો નિશ્ચય મોક્ષમાર્ગ હૈ,...'** સાચો મોક્ષમાર્ગ છે. આત્મા પૂર્ણ આનંદ, ચૈતન્યપિંડ, એનો વિષય બનાવી અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય એ આત્મામાં એકરૂપ અનુભવ ત્રણનો (થાય), એ એકરૂપ અનુભવને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ? એ સાચો મોક્ષમાર્ગ છે.

**'ઇસમેં ભી જબતક અનુભવકી સાક્ષાત્ પૂર્ણતા નહીં હો...'** એમાં પણ જ્યાં સુધી શુદ્ધિની પૂર્ણ પ્રાપ્તિ ન થાય, અનુભવની પૂર્ણ પ્રાપ્તિ ન થાય, શુદ્ધિની પૂર્ણ પ્રાપ્તિ ન થાય **'તબતક એકદેશરૂપ હોતા હૈ...'** એક અંશ શુદ્ધિ હોય. છટ્ઠે એક અંશે શુદ્ધિ છે, હજી પૂર્ણ શુદ્ધિ નથી. **'એકદેશરૂપ હોતા હૈ ઉસકો કથંચિત્ સર્વદેશરૂપ કહકર કહના...'** એને આખો મોક્ષમાર્ગ કહીએ એ વ્યવહાર છે. ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપનું આચણ અંશે થયું. એ એકદેશ છે. અંશ થયો છે, મોક્ષમાર્ગ આખો થયો નથી. એને આખો કહેવો એનું નામ વ્યવહાર. ભારે નિશ્ચય-વ્યવહારનું (સ્વરૂપ). સમજાણું કાંઈ?

જ્યાં સુધી અનુભવની એટલે શુદ્ધિની સાક્ષાત્ પૂર્ણતા-પૂર્ણ શુદ્ધિ ન હોય તેથી તેને એકદેશ શુદ્ધિ થઈ છે. ચોથે, પાંચમે, છટ્ઠે વગેરે. એને સર્વદેશ કહીએ, આખો મોક્ષમાર્ગ છે એમ કહેવો એનું નામ વ્યવહાર છે. આ બધો અભ્યાસ જોઈએ, 'સેઠી'! આ અદ્ધરથી કાંઈ સમજાય એવું નથી. બધું એકસાથે આમાં નાખ્યું છે એટલે જરી (સમજવું કઠણ પડે). સમજાણું કાંઈ?

**'એકદેશ નામસે કહના...'** જેટલો પ્રગટ્યો છે એટલું એને જાણવું એનું નામ નિશ્ચય. એને આખો પૂર્ણ કહેવો એનું નામ વ્યવહાર. એમ. 'ભગવાનજીભાઈ'! છે એમાં? છે ને એમાં લખાણ છે કે નહિ? પણ તમારી મેળાએ કાંઈ સૂઝે (પડે) એવું નથી અંદરમાં. છે એમાં પુસ્તક. તારે જોઈએ છે લે કાલે જવાનો છે ને? કહો, સમજાણું આમાં? આજ જવાનો છો. શું કહ્યું?

પહેલી વાત દ્રવ્ય અને પર્યાય વચ્ચે નિશ્ચય અને વ્યવહાર ઉતાર્યા. અધ્યાત્મદૃષ્ટિથી. એમાં એમ કહ્યું, આવ્યું ને માથે? જુઓને ઉપર. અપના શુદ્ધ સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયકા વિષય (હૈ). તેને જાણી શ્રદ્ધાન કરે. એ શુદ્ધ સ્વરૂપ જે ત્રિકાળી વિષય છે તે નિશ્ચય. એની શ્રદ્ધા, જ્ઞાન કરીને કર્મનો ક્ષય કરીને મોક્ષ થાય છે. એ મોક્ષની પર્યાય જે પ્રગટી એ પણ ત્રિકાળી દ્રવ્યનો એક અંશ છે. માટે તેને વ્યવહાર કહ્યો. આખી ચીજને જ્યારે નિશ્ચય કહ્યો ત્યારે એના અંશની દશાને વ્યવહાર કહ્યો. અને બંધને પણ વ્યવહાર કહ્યો. એટલે બેય ભેદરૂપ છે, આશ્રય કરવા લાયક નથી. ત્રિકાળી ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ, એ જ વિષય કરીને અનુભવ કરવા લાયક છે. એમ સિદ્ધ કર્યું.

હવે જ્યારે મોક્ષમાર્ગ પર્યાય છે, એના નિશ્ચય-વ્યવહાર શું? પેલા તો દ્રવ્ય-પર્યાયના ઉતાર્યા. સમજાણું કાંઈ? કહે છે કે મોક્ષમાર્ગમાં પણ બે પ્રકાર. નિશ્ચય અને વ્યવહાર. હવે નિશ્ચય, વ્યવહારનું સ્વરૂપ શું? કે આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું અભેદપણું આત્માનો આખો અનુભવ થવો, એમાં આ દર્શન ને જ્ઞાન ને ચારિત્ર એવા ત્રણ રૂપ નહિ. સમજાણું કાંઈ? ભલે ત્રણરૂપ પરિણમન છે પણ પરિણમનમાં અભેદ દૃષ્ટિના ધ્યેયને લઈને ત્રણેયનો એકરૂપ અનુભવ થવો એનું નામ સાચો નિશ્ચય મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એના પણ બે ભેદ (છે). એમાં પણ જ્યાં સુધી પૂર્ણ શુદ્ધિ ન હોય, પૂર્ણ મોક્ષમાર્ગ તો ચૌદમે (ગુણસ્થાને) થાય છે. એવા મોક્ષમાર્ગની પૂર્ણતા ત્યાં (થાય) એ તો નિશ્ચય (થયો). અને અહીંયાં નીચે મોક્ષમાર્ગની અપૂર્ણતા છે એને પૂર્ણ કહેવું એ પણ વ્યવહાર (થયો).

મુમુક્ષુ :-

ઉત્તર :- વ્યવહાર થયો ને? છે નહિ છતાં વિશેષ કહેવું, ઉપચારથી એને પૂર્ણ કહેવું (તે વ્યવહાર થયો). આ અભ્યાસ જોઈએ, ભાઈ! આ માર્ગ વીતરાગનો અત્યારે નિશ્ચય-વ્યવહારને નામે વીંખાઈ ગયો છે. બહુ ઝઘડા ઉઠ્યા છે, વાસ્તવિક પકડાણું નથી માટે. સમજાણું કાંઈ?

**'એકદેશ નામસે કહના નિશ્ચય હૈ.'** જેટલી શુદ્ધતા પ્રગટી છે એટલું જાણવું તે નિશ્ચય. પણ જેટલી પ્રગટી છે એને પૂર્ણ શુદ્ધતા કહેવી એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ આમાં?

વળી, **'દર્શન, જ્ઞાન, ચારિત્રકો ભેદરૂપ કહના...'** મોક્ષમાર્ગમાં આ દર્શન છે, આ જ્ઞાન છે, આ ચારિત્ર છે, નિર્વિકલ્પ, હોં! એને ભેદરૂપ (કહેવા કે) આ દર્શન, આ જ્ઞાન, આ ચારિત્રને મોક્ષમાર્ગ કહે એ પણ વ્યવહાર (છે). સાતમી ગાથામાં આવ્યું ને? ઇ. ધર્મીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે એ તો વ્યવહાર થઈ ગયો. પર્યાય, ભેદ પડી ગયો. સમજાણું કાંઈ? એ ભેદરૂપ વ્યવહાર. અને એક ત્રીજું, પરદ્રવ્યના આલંબનના નિમિત્તરૂપ, વ્યવહાર, ઇ કહે છે. બાહ્ય પરદ્રવ્યસ્વરૂપ-આત્મા સિવાય પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ. એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નિમિત્ત જે બહારની ચીજ છે, બહારની ચીજ, હોં! **'ઉનકો દર્શન, જ્ઞાન, ચારિત્રકે નામસે કહે વહ વ્યવહાર હૈ.'** નવ તત્ત્વને સમકિત કહેવું એ વ્યવહાર, છકાયને ચારિત્ર કહેવું એ વ્યવહાર. આવ્યું હતું ને ઇ? સમજાણું કાંઈ? **'પરદ્રવ્યસ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ નિમિત્ત હૈં...'** કહ્યું હતું ને ત્યાં? 'બંધ અધિકાર'માં. શાસ્ત્ર શબ્દ તે જ્ઞાન. શબ્દશ્રુત તે જ્ઞાન. એ નિમિત્તનું કથન છે, વ્યવહાર છે. શબ્દશ્રુત તે જ્ઞાન, નવતત્ત્વ તે સમકિત, છકાયના જીવ તે ચારિત્ર. છકાયના જીવ ચારિત્ર. એ તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

**'બાહ્ય પરદ્રવ્યસ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ નિમિત્ત હૈં...'** એમાં તો ઇ નિમિત્ત છે. **'ઉનકો દર્શન, જ્ઞાન, ચારિત્રકે નામસે કહે વહ વ્યવહાર હૈ.'** બે પ્રકારનો વ્યવહાર કહ્યો. એક ભેદરૂપ વ્યવહાર અને એક નિમિત્તનું જેટલું આલંબન આવે છે એ નિમિત્તને કહેવું એનું નામ વ્યવહાર. નિમિત્તને દર્શન, જ્ઞાન, ચારિત્ર કહેવું એ વ્યવહાર. એક ત્રિકાળી અભેદનો અનુભવ થવો, એમાં ભેદ પાડીને કહેવું એ વ્યવહાર. અને શુદ્ધિની અનુભૂતિ થોડી થઈ એને પૂર્ણ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? વ્યવહારનો અર્થ એ આશ્રય કરવા લાયક નહિ, એમ ટૂંકું (સમજવું). સમજાણું

કાંઈ? આરે...!

મુમુક્ષુ :- આંશિક શુદ્ધિ હુઇ...

ઉત્તર :- શુદ્ધિ થઈ એને એટલી જાણવી એનું નામ નિશ્ચય. એને પૂરી શુદ્ધિ થઈ, મોક્ષમાર્ગ આખો પ્રગટ્યો એમ કહેવું એ વ્યવહાર.

મુમુક્ષુ :- .. ચલતા હૈ.

ઉત્તર :- વ્યવહાર ચાલે છે ક્યાં? આ તો કહેવું, જાણવું. એમ. અધૂરામાં પૂરો મોક્ષમાર્ગ છઠ્ઠે કહેવો. છઠ્ઠે પૂરો મોક્ષમાર્ગ નથી છતાં પૂરો કહેવો, જાણવો એનું નામ વ્યવહાર. બારમા સુધી પૂર્ણ નથી, લ્યો! ચૌદમાના છેલ્લા સુધી પૂરો નથી. એ કહે છે. આહાહા..! ઝીણી વાત છે, બાપુ! આ તો ભગવાનઆત્મા અનંત જ્ઞાન, આનંદનો કંદ પ્રભુ વસ્તુ, એ વસ્તુ છે એ જ ખરેખર નિશ્ચયનો વિષય છે. દ્રવ્યની અપેક્ષાએ. સમ્યગ્દર્શનની વસ્તુ. એ સાહેબ પૂર્ણાનંદ પ્રભુ, એ મોક્ષના માર્ગનો આધાર-આશ્રય છે. અને મોક્ષની પર્યાય પ્રગટી એ પણ વ્યવહાર. કેમકે અંશ રહ્યો, તે એક સમયની દશા છે. એ ત્રિકાળની અપેક્ષાએ તેને વ્યવહાર કહ્યો. અને અંશની અપેક્ષાએ ત્રિકાળને નિશ્ચય કહ્યો.

હવે અહીં તો મોક્ષમાર્ગમાં બે ઉતારવા છે. છે મોક્ષમાર્ગ પર્યાય. એ પર્યાયના બે પ્રકાર. ત્રણેયનો અભેદ અનુભવ થવો એ નિશ્ચય. અને એમાં પણ અધૂરાને પૂરું કહેવું, થોડી શુદ્ધિને પૂરી શુદ્ધિ કહેવી, શુદ્ધતા પ્રગટી છે એને પૂર્ણ શુદ્ધિ-આખો મોક્ષમાર્ગ કહેવો એ વ્યવહાર છે. ધીમે ધીમે સમજો, ભાઈ! ધીમે ધીમે. સમજાણું કાંઈ? અને દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ ત્રણથી વાત કરવી એ વ્યવહાર, ભેદરૂપ વ્યવહાર થયો.

હવે પરદ્રવ્યના આલંબનનો વ્યવહાર. **'ઇનકે બાહ્ય પરદ્રવ્યસ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ નિમિત્ત હૈં ઉનકો દર્શન, જ્ઞાન, ચારિત્રકે નામસે કહે વહ વ્યવહાર હૈ.'** ઇ આવ્યું છે ને એમાં? ... 'બંધ અધિકાર'માં આવ્યું છે ને? છકાય તે ચારિત્ર, શબ્દશ્રુત તે જ્ઞાન, નવતત્ત્વ તે સમકિત. એ છે નહિ, પણ બાહ્ય દ્રવ્યો નિમિત્તપણે છે એથી એને આ રીતે કહેવામાં આવે છે. 'શ્યામદાસજી'! બહુ ઝીણી વસ્તુ, ભગવાન! આ એવી વાત છે. એવો માર્ગ એનો છે. એ સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય આવી સ્પષ્ટતા, ચોખવટ (છે નહિ). એક પર્યાય પર્યાયની ચોખવટ! જુઓ! તો ખરા! આ તો ઓઘે ઓઘે માને કે આ સમ્યગ્દર્શન અને જ્ઞાન. એમ ન હોય, ભાઈ! એનું પૂરું રૂપ શું? ભેદરૂપ શું? એકરૂપ શું? અનેકરૂપ શું? એનું એને બરાબર જ્ઞાન થવું જોઈએ. આ અધિકાર ઝીણો આવી ગયો, 'દેવજીભાઈ'! એક વાત (થઈ).

વળી **'દેવ, ગુરુ, શાસ્ત્રકી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં,...'** એ પણ અવલંબન છે. એ પણ પરદ્રવ્યનું અવલંબન છે. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાને સમ્યગ્દર્શન (કહેવું) એ પણ વ્યવહાર. એ સાચું નહિ. એ સાચું સમકિત નહિ. આહાહા..! સર્વજ્ઞદેવ, ગુરુ નિર્ગ્રંથ, શાસ્ત્ર. ભગવાને કહેલા શાસ્ત્ર. સમજાય છે? સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો. એની શ્રદ્ધા પણ (વ્યવહાર છે). પરદ્રવ્ય છે ને એ તો? એની શ્રદ્ધા પણ વ્યવહાર, રાગ છે. એને સમકિત કહેવું એ વ્યવહાર છે. એટલે એ વાસ્તવિક વસ્તુ નથી. આહાહા..!

**'જીવાદિક તત્ત્વોંકી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં.'** પેલામાં પરદ્રવ્ય લીધું હતું અને આમાં પરદ્રવ્યની શ્રદ્ધાનો રાગ, વિકલ્પ લીધો છે. **'જીવાદિક તત્ત્વોંકી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં.'** એ પણ વ્યવહાર છે. નવ તત્ત્વની શ્રદ્ધા એ પણ વ્યવહાર છે. વાસ્તવિક વસ્તુ એ નહિ. આહાહા..! આ તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા માનો, તમારે સમ્યગ્દર્શન (છે). નવતત્ત્વને સાચા માને એ સમ્યગ્દર્શન. એ ખોટા સમ્યગ્દર્શન છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનનું પગથિયું છે.

ઉત્તર :- પગથિયું-બગથિયું નથી. આ ઠીક હળવે દઈને વાત નાખે છે.

એ નિમિત્તમાં એનાથી છૂટીને અભેદનો અનુભવ કરે તો પેલાને વ્યવહાર કહેવામાં આવે. એ વડે થાય એમ નહિ. સમજાણું કાંઈ? માર્ગ એવો (છે), બાપુ! નિરાલંબી આત્મા. ખરેખર તો વ્યવહારની અપેક્ષા જ જેને નિશ્ચયમાં છે નહિ.

મુમુક્ષુ :- પરમ પુરુષાર્થ કી તરકીબ હૈ.

ઉત્તર :- પરમ પુરુષાર્થ. વસ્તુ જ એ છે. આવો પુરુષાર્થ થયા વિના અંતર ગતિની પ્રાપ્તિ થાય એવી નથી. અને અંતર ગતિની પ્રાપ્તિ થયા વિના એને મોક્ષમાર્ગ પણ કહેવાતો નથી. એ વ્યવહાર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વ્યવહાર એટલે એ સાચી શ્રદ્ધા નથી. સાચી શ્રદ્ધા તો આત્માનું સમ્યગ્દર્શન તે સાચું સમ્યગ્દર્શન છે. સ્વની સમ્યક્ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. પરની શ્રદ્ધા એ રાગ, વ્યવહાર છે. એમ અભેદ ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન તે સાચી શ્રદ્ધા છે. નવ તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર શ્રદ્ધા છે. શાસ્ત્રને જ્ઞાન કહીએ. ઠીક! શાસ્ત્રના જ્ઞાનને જ્ઞાન કહીએ. એ વ્યવહાર. સમજાણું કાંઈ? એ પણ સાચું જ્ઞાન નથી. આત્મા અંદર જ્ઞાનાનંદસ્વરૂપ (છે), એનું અવલંબન લઈને જ્ઞાનનું સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થાય તે સાચું જ્ઞાન અને તે મોક્ષનો માર્ગ ખરો ગણાય છે. શાસ્ત્રનું જ્ઞાન એને જ્ઞાન કહેવું એ બધો ઉપચાર વ્યવહાર છે. આહાહા..! અહીં તો હજી શાસ્ત્રના જ્ઞાનના પણ સરખા ઠેકાણા હોય નહિ અને જ્ઞાન માનીને બેસે. સમજાણું કાંઈ?

**'શાસ્ત્રકે જ્ઞાન અર્થાત્ જીવાદિક પદાર્થોંકે જ્ઞાનકો જ્ઞાન કહતે હૈં ઇત્યાદિ.'** જીવાદિક પદાર્થના જ્ઞાનને જ્ઞાન કહીએ, એમ. નવતત્ત્વનું જ્ઞાન એને જ્ઞાન કહીએ એ વ્યવહાર છે. પહેલું નવતત્ત્વની શ્રદ્ધાને સમકિત કહેવું એ વ્યવહાર છે (એમ આવ્યું). આ નવતત્ત્વના જ્ઞાનને જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે. એ સાચું જ્ઞાન નથી. એકલા આત્મા ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લઈને જે જ્ઞાન અંતરમાંથી આવે એને જ્ઞાન કહેવામાં આવે છે. એને મોક્ષના માર્ગનો અવયવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'ઇત્યાદિ.'**

**'તથા પંચમહાવ્રત,...'** ના પરિણામ. એય! 'દેવાનુપ્રિયા'! પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ, એમ કહે છે. પંચમહાવ્રતના પરિણામ એ વ્યવહાર ચારિત્ર. એટલે રાગ છે એ તો. આહાહા..! '...ભાઈ'! હું તો 'પ્રકાશદાસ'ને કહેતો હતો ત્યાં.. ન્યાં બધું એને ચાલે છે ને? પંચમહાવ્રત એ ચારિત્ર. ઇ પંચમહાવ્રત લેવાના હતા. 'તુલસી' પાસે અને પેલા 'હસ્તિમલજી' પાસે પંચમહાવ્રતના અજ્ઞાન લેવાના હતા. મહાવ્રત લઈને પછી અણુવ્રતનું.. મહાવ્રતનો રાગ લઈ

મિથ્યાત્વનો અને પછી અણુવ્રતના રાગનો પ્રચાર કરશું.

મુમુક્ષુ :- અણુવ્રત આંદોલન.

ઉત્તર :- એનું આંદોલન. આંદોલન એટલે પ્રચાર કરવો. આ ભાઈ! માર્ગ જુદો છે, ભગવાન! કહે છે, જેમ દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા વ્યવહાર, જીવાદિની શ્રદ્ધા એ વ્યવહાર, શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહાર, નવ પદાર્થનું જ્ઞાન એ વ્યવહાર, આ પંચમહાવ્રતના પરિણામ એ વ્યવહાર ચારિત્ર તે રાગ છે. એ ચારિત્ર નહિ. આહાહા..! લોકોએ તો પંચમહાવ્રત અંગીકાર કર્યા એટલે જાણે ચારિત્ર અંગીકાર કર્યું. દીક્ષા દેનાર પણ એમ માને કે મેં આને ચારિત્ર અંગીકાર કરાવ્યું. બેય મિથ્યાત્વના પોષક છે. સમજાણું કાંઈ?

એ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વના આશ્રયે હોય તો પેલા નવતત્ત્વની શ્રદ્ધાને વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે. એકલા નથી તેને તો વ્યવહાર પણ કહેવાય નહિ, એમ કહે છે. એમ જેને આત્માનું નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે એના શાસ્ત્રના જ્ઞાનને, નવતત્ત્વના જ્ઞાનને વ્યવહારે જ્ઞાન કહેવાય. એ પણ વ્યવહારે. એમ જેને નિશ્ચય સ્વરૂપમાં આત્મદર્શન, જ્ઞાન સહિત સ્વરૂપમાં રમણતાના આનંદની વીતરાગતારૂપ ચારિત્ર છે એને આ પંચમહાવ્રતના વિકલ્પને વ્યવહાર ચારિત્રનો આરોપ દેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'પંચમહાવ્રત, પાંચ સમિતિ,...'** જોઈને ચાલવું, દેખભાળ કરી ચાલવું, કહે છે ને માણસ? દેખી દેખીને. અને કોઈ જીવને દુઃખ ન થાય. ઇર્યાસમિતિ. કહો, પંચમહાવ્રતમાં અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. એ પાંચે વિકલ્પ, રાગ છે. એ ચારિત્ર નથી. નથી અને કહેવું એનું નામ વ્યવહાર. છે એને જાણવું એનું નામ નિશ્ચય. નથી એને જાણવું એનું નામ વ્યવહાર. એમ પાંચ અહિંસા, સત્ય, દત્ત આવી ગયું, પછી પાંચ સમિતિ. જોઈને ચાલવું. વિચારીને બરાબર બોલવું, એનો ભાવ, હોં! ભાષા જડની નહિ. અને ચોરીનો બિલકુલ ભાવ નહિ. એષણા. નિર્દોષ આહાર-પાણી લેવા. એને માટે બનેલા નહિ, એવી એષણાસમિતિનો જે વિકલ્પ, રાગ એને ચારિત્ર કહેવું એ વ્યવહાર છે. વાસ્તવિક એ ચારિત્ર છે નહિ. સમજાણું? જોઈને વસ્તુ લેવી-મૂકવી કે પઠવવી એવો જે વિકલ્પ છે એ સમિતિ.

**'તીન ગુપ્તિ...'** મન, વચનના અશુભભાવને ગોપવવા અને શુભભાવ થવા એ વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. એટલે ચારિત્ર નથી તેને ચારિત્ર કહેવું એમ વ્યવહાર છે. ભારે વાત. સમજાણું કાંઈ? **'બારહ પ્રકારકે તપકો તપ કહતે હૈં.'** એ વ્યવહાર છે, ઇ તપ નથી. તપ તો આત્માના અનુભવમાં ઉગ્રતા આનંદની આવે અને ઇચ્છાની ઉત્પત્તિ ન થાય એવા અતીન્દ્રિય આનંદના આહ્લાદની દશાને તપ કહેવામાં આવે છે. એ આ બાર પ્રકારનો તપ એ વ્યવહાર તપ છે, કહે છે. સમજાણું કાંઈ? યાદ રહેવું મુશ્કેલ. આમાં કેટલું યાદ રાખવું?

**'ઐસે ભેદરૂપ...'** બે વાત લીધી ને? પહેલી ભેદરૂપ હતી, જુઓ! મોક્ષમાર્ગની. સમજાણું? **'દર્શન, જ્ઞાન, ચારિત્રકે નામસે કહે વહ વ્યવહાર હૈ.'** હતું ને? ચોથી લીટી. ઇ ભેદરૂપ અને એના **'આલંબનરૂપ...'** બે. **'ભેદરૂપ તથા પરદ્રવ્યકે આલંબનરૂપ પ્રવૃત્તિયાં સબ અધ્યાત્મશાસ્ત્રકી**

**અપેક્ષા વ્યવહારકે નામસે કહી જાતી હૈ...'** લ્યો. **'ક્યોંકિ વસ્તુકે એકદેશકો વસ્તુ કહના ભી વ્યવહાર હૈ...'** ભેદ આવ્યો ને, ભેદ ? ભેદ કર્યો ને? ત્રિકાળી દ્રવ્યના એક અંશને વસ્તુ કહેવી એ વ્યવહાર છે. એમ ભેદ પાડ્યો ને? ભેદ. એમ અહીંયાં મોક્ષમાર્ગમાં ત્રણને ભેદરૂપ છે તેને કહેવું. અભેદમાંથી ભેદને કહેવું એ વ્યવહાર. અને પરદ્રવ્યના આલંબનરૂપ પ્રવૃત્તિ છે. ન્યાંથી લીધું ને? જુઓ! **'ભેદરૂપ કહકર મોક્ષમાર્ગ કહે તથા ઇનકે બાહ્ય પરદ્રવ્યસ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ નિમિત્ત હૈં...'** ઇ ન્યાં નાખ્યું.

મુમુક્ષુ :- .. બાધક?

ઉત્તર :- સભી વિકલ્પ અંતર સ્વરૂપમેં બાધક હૈં. બાધક કો સાધક કહના ઉસકા નામ વ્યવહાર હૈ. સાધક કો સાધક સમજના ઉસકા નામ વાસ્તવિક નિશ્ચય હૈ. આહાહા..! સમજાણું કાંઈ?

**'અધ્યાત્મ શાસ્ત્રમેં ઇસ પ્રકાર ભી વર્ણન હૈ...'** લ્યો. **'આલંબનરૂપ પ્રવૃત્તિકો ઉસ વસ્તુકે નામસે કહના...'** હોં! એકદેશને વ્યવહાર કહેવો અને પરદ્રવ્યના આલંબનરૂપ પ્રવૃત્તિને તે વસ્તુના નામ કરીને (કહેવું). છકાય તે ચારિત્ર છે, નવતત્ત્વ તે શ્રદ્ધા છે. સમજ્યા ને? પંચમહાવ્રતનું નિમિત્ત છે, પેલી દેહની ક્રિયા છે ને એવી? એને ચારિત્ર કહેવું. **'પરદ્રવ્યકી આલંબનરૂપ પ્રવૃત્તિકો ઉસ વસ્તુકે નામસે કહના વહ ભી વ્યવહાર હૈ.'** આરે..! વ્યવહાર ને નિશ્ચયમાં જગત ભરમાયો. વસ્તુની સમજણ નહિ, શું થાય? વસ્તુ તો આવી છે અને તે સ્પષ્ટ એના ખ્યાલમાં આવી શકે એવી રીતે છે. પણ એની દરકાર ન મળે પછી એમ ને એમ ઓઘે ઓઘે કૂટે. ઓઘે કૂટે એમાં માલ ક્યાંથી નીકળે? ફોતરાં કૂટે એમાં નીકળે કાંઈ?

આત્મા અંદર વસ્તુ અને એનો મોક્ષનો અભેદ માર્ગ, બસ! એ વસ્તુ (છે). બાકી પછી પેલી પર્યાયના ભેદ એ વ્યવહાર અને મોક્ષમાર્ગમાં ભેદરૂપ કરવું એ વ્યવહાર અને એનું આલંબન જે નિમિત્ત હોય એને ઉપચારથી કહેવું એ પણ વ્યવહાર. એ બધું હેય છે. સમજાણું કાંઈ?

વળી, **'અધ્યાત્મ શાસ્ત્રમેં ઇસ પ્રકાર ભી વર્ણન હૈ...'** વળી અધ્યાત્મ શાસ્ત્રમાં ભગવાનના માર્ગમાં એવું પણ વર્ણન છે, **'વસ્તુ અનંત ધર્મરૂપ હૈ ઇસલિયે સામાન્ય-વિશેષરૂપસે તથા દ્રવ્ય-પર્યાયસે વર્ણન કરતે હૈં. દ્રવ્યમાત્ર કહના તથા પર્યાયમાત્ર કહના વ્યવહાર...'** થઈ ગયો. ભેદ પડી ગયો ને? આખી ચીજમાંથી એક દ્રવ્યને કહેવું કે એક પર્યાયને કહેવું એ પણ વ્યવહાર થઈ ગયો, એમ કહે છે. આવું પણ એક વર્ણન અધ્યાત્મ શાસ્ત્રમાં છે. એય! આ 'પંચાધ્યાયી'ની શૈલી લીધી. વસ્તુ આત્મા આખો છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. કેમકે કથન છે ને, આ દ્રવ્ય અને આ પર્યાય. એકના બે ભાગ પાડ્યા ને? એ વ્યવહાર થયો.

**'દ્રવ્યમાત્ર કહના તથા પર્યાયમાત્ર કહના વ્યવહારકા વિષય હૈ.'** જુઓ! વ્યવહારનો વિષય (કહ્યું). દ્રવ્ય પણ વ્યવહારનો વિષય થઈ ગયો. ભાગ પડી ગયો ને? **'દ્રવ્યકા ભી તથા પર્યાયકા ભી નિષેધ કરકે વચનઅગોચર કહના નિશ્ચયનયકા વિષય હૈ.'** 'પંચાધ્યાયી'ની શૈલી લીધી છે. દ્રવ્ય? નહિ. પર્યાય? નહિ. જે વસ્તુ છે નિર્વિકલ્પ અનુભવમાં એ વસ્તુ છે. સમજાણું કાંઈ? આ

'પંચાધ્યાયી'ની શૈલીનું વર્ણન છે. 'પંચાધ્યાયી' મળ્યું છે. એ વખતે ક્યાંકથી મળ્યું લાગે છે.

અનંત ધર્મસ્વરૂપ સામાન્ય-વિશેષ. સામાન્ય એટલે દ્રવ્ય, વિશેષ એટલે પર્યાય કહીને **'વર્ણન કરતે હૈં.'** એમાં આખામાંથી દ્રવ્યનો એક ભાગ કહેવો તો કહે છે કે એ વ્યવહાર. પર્યાયમાત્ર કહેવો એ વ્યવહાર. બેયનો નિષેધ કરવો, **'વચનઅગોચર કહના,...'** કે વચનથી અગમ્ય છે એનું નામ નિશ્ચય. સમજાણું કાંઈ? **'નિશ્ચયનયકા વિષય હૈ.'**

વળી, **'જો દ્રવ્યરૂપ હૈ વહી પર્યાયરૂપ હૈ...'** જે દ્રવ્ય છે એ જ પર્યાયરૂપ છે. **'ઇસપ્રકાર દોનોંકો હી પ્રધાન કરકે કહના પ્રમાણકા વિષય હૈ,...'** આ ઝીણું. વ્યવહારનો વિષય, નિશ્ચયનો વિષય અને પ્રમાણનો વિષય-આ ત્રણ થયા. ત્રણની વ્યાખ્યામાં શું આવ્યું? કે આત્મા વસ્તુ દ્રવ્ય છે. એ પણ એક ભાગ થયો. છે એમ થયું ને? વિકલ્પ છે એમાં. દ્રવ્ય છે એ વ્યવહાર. પર્યાય છે એ વ્યવહાર. બેયનો નિષેધ કરીને (કહેવું કે) વચન અગોચર વસ્તુ છે એ નિશ્ચય. અને દ્રવ્ય અને પર્યાય બેયને પ્રધાન કરીને જાણવું એનું નામ પ્રમાણ. વ્યવહારનો અર્થ અભૂતાર્થ કહ્યો હતો. પેલો વ્યવહારનો અર્થ નથી એમાં. જુઓને! કહ્યું ને? પરમાર્થ તે નિશ્ચય. પરમાર્થ તે નિશ્ચય એટલે યથાર્થ, એવો (અર્થ) કર્યો છે. અને વ્યવહાર તે અભૂતાર્થ, એમ લખ્યું છે. આમાં એ શબ્દ આવ્યો નથી. કાંઈક જોવે તો ખરો ને? વ્યવહાર કાં ઉપચાર, એ આમાં નથી આવ્યું. છપાણું નથી. સમજાણું કાંઈ?

**'ઇસકા ઉદાહરણ ઇસપ્રકાર હૈ...'** હવે ત્રણનું ઉદાહરણ આપે છે. **'જૈસે જીવકો ચૈતન્યરૂપ, નિત્ય, એક, અસ્તિરૂપ ઇત્યાદિ અભેદમાત્ર કહના વહ તો દ્રવ્યાર્થિક નયકા વિષય હૈ...'** જીવને ચૈતન્યરૂપ ત્રિકાળ, નિત્ય, એક, અસ્તિ. સમજાણું કાંઈ? જુઓ! અહીં દ્રવ્યાર્થિકના વિષયને પણ વ્યવહાર કહ્યો, ભાઈ! આપણે ... કહીએ છીએ ને, ફરીને કહીએ. ઝટ નહિ પૂરું થાય. હળવે હળવે (લઈએ છીએ).

કહે છે, **'જીવને ચૈતન્યરૂપ, નિત્ય, એક અસ્તિ...'** અસ્તિ છે એમ **'અભેદમાત્ર કહેવું તે દ્રવ્યાર્થિકનયનો વિષય (થયો).'** પણ નયનો વિષય છે તે ભેદરૂપ થયો ઇ. એટલે એને વ્યવહાર કહ્યો. **'ઔર જ્ઞાન-દર્શનરૂપ અનિત્ય,...'** જ્ઞાન, દર્શનરૂપ. પેલામાં હતું ને? ચૈતન્યરૂપ. તો અહીં જ્ઞાન-દર્શનરૂપ (કહ્યું). પેલામાં નિત્ય હતું ત્યારે અહીં અનિત્ય (છે). પેલામાં ચૈતન્ય અભેદ હતું. (અહીંયાં) જ્ઞાન, દર્શન ભેદ કર્યો. નિત્યની સામે અનિત્ય થઈ ગયું. એક સામે અનેક, અસ્તિ સામે નાસ્તિ. **'ઇત્યાદિ ભેદરૂપ કહના પર્યાયાર્થિક નયકા વિષય હૈ.'** એ અવસ્થાથી જોવું એના ભેદનો એ વિષય છે. ઝીણું છે, ભાઈ! તેથી આજ સવારે આ ફેરવી નાખ્યું. 'હિંમતભાઈ' કહે, ફેરવો. પેલા ડોક્ટરને બપોરે ન સમજાય. નવા માણસ... બપોરે હવે 'સમયસાર' ચાલશે, સવારમાં આ. સમજાણું કાંઈ? શું કહ્યું?

જ્યારે એક વાર શુદ્ધ ધ્રુવ ચૈતન્યદ્રવ્ય સ્વભાવને નિશ્ચય કહ્યો હતો, એને અહીંયા દ્રવ્યાર્થિક નયે એમ કહેવું થયું માટે એને વ્યવહાર કહ્યો. (કેમકે) ભેદ પડી ગયો. વચનને અગમ્ય વસ્તુ છે એને નિશ્ચય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે શું કહેવું? કહેવું એટલા ભેદ પડી જાય છે, એમ કહે છે. આહા..! આવો વીતરાગમાર્ગ લોકોને સાંભળવા પણ મળ્યો નહિ, સાંભળ્યો પણ નહિ. સાંભળ્યો હતો કોઈ દિ' અત્યાર સુધી? 'પ્રકાશદાસજી'! કેટલા વર્ષ ત્યાં મુંડાવ્યું? મુંડાવ્યું એટલે રહ્યા. ત્યાં રહ્યા. ઇ છે નહિ, અમને ખબર છે ને. ઇ વસ્તુ જ નથી. ઇ તો આ કરો ને આ પાળો ને વ્રત લ્યો ને તપસ્યા કરો ને અપવાસ કરો. આમાં હોય તો (કહે), ભક્તિ કરો ને જાત્રા કરો. આહાહા..!

ભગવાન અંદર આમ આનંદકંદ પ્રભુ નિર્વિકલ્પ, રાગ અને વિકલ્પ વિનાની ચીજ (મોજૂદ છે). એને પર્યાયની અપેક્ષાએ નિશ્ચય કહ્યો હતો. એને અહીંયાં કહેવામાં આવ્યું કે આ દ્રવ્યાર્થિક છે માટે તેને વ્યવહાર કહેવામાં આવ્યો. કહેવામાં ન આવે, વચનાતીત (છે) એને અહીં નિશ્ચય કહેવામાં આવે છે. છે તો એ નિશ્ચય પેલો વિષય તેનો તે. પણ કહેવામાં આવ્યું ત્યાં એટલો વિકલ્પ ઉઠ્યો છે ને કે આ દ્રવ્ય છે, આ દ્રવ્યાર્થિક છે. સમજાણું કાંઈ? આરે... આરે..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન્યાં જે કીધો છે એ તો નિશ્ચય કીધો છે. પણ ભેદ પાડીને કહેવો કે દ્રવ્ય છે આ, દ્રવ્ય છે આ.

મુમુક્ષુ :- પરમગ્રાહક..

ઉત્તર :- પરમગ્રાહકવાળો છે પણ કહેવો કે આવો છે, આવો છે એ વિકલ્પ ઉઠ્યો, એમ કહે છે. વિકલ્પ થયો ને એનો? એ વિકલ્પ થયો. ઇ વિકલ્પ થયો. અને ન્યાં નિશ્ચય પરિણમનની વાત કરી છે. એ નિશ્ચય પરિણમનનો જે સ્વભાવ છે, નિશ્ચયનો દ્રવ્યરૂપ, એકલો દ્રવ્ય જે પર્યાયરૂપ નથી થતો તે નિશ્ચય છે. પણ અહીં કથન આવ્યું ને? અહીં તો વિકલ્પથી કથન આવ્યું ને?

ભાઈએ તો એમ જ લખ્યું છે ને? 'રાજમલજી'એ. નહિ? કથનમાત્ર તે બધો વ્યવહાર. કથન વ્યવહાર, એમ આવ્યું છે ને. ભાષા જ એવી લીધી છે. ... વ્યવહાર છે ને પહેલો? પાંચમો શ્લોક? કેટલામો છે ઇ? જુઓ! વ્યવહારનય એટલે જેટલું કથન. એવો જ અર્થ કર્યો છે એણે. કહેવામાં આવે છે ને? કહેવામાં આવે છે એટલે ત્યાં વિકલ્પ છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ન છે એમ કહેવું.

ઉત્તર :- ઇ ન છે, ઇ છે તો વિકલ્પ, પણ ઇ વિકલ્પ નિષેધરૂપ વિકલ્પ છે. તેથી ૧૪૩ સાથે મેળવ્યું છે ને સવારે પંડિતજીએ. જ્યાં નિશ્ચયનયાશ્રિત મુનિવરો કીધા ત્યાં તો એકલી વસ્તુ જ લીધી છે. વિકલ્પ નહિ. '**भूदत्थमस्सिदो खलु**'. એ શુદ્ધનય ત્યાં વિકલ્પ નહિ, પણ નય એટલે જ્ઞાનનો અંશ પણ નહિ. શુદ્ધનય એટલે ત્રિકાળી દ્રવ્ય તે શુદ્ધનય. સમજાણું કાંઈ? ત્રિકાળ જ્ઞાયકભાવ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. તે જ નિશ્ચય અને તે શુદ્ધનય. તેને જ નય કીધી છે. નય અને નયના વિષયનો ભેદ પાડવો નહિ. અહીં તો હજી કહેવામાં વિકલ્પ ઉઠે છે ને, કહેવાની વાણી જડ છે. આ દ્રવ્ય છે, આ દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પંચાધ્યાયીની કઈ ગાથા નંબર છે?

ઉત્તર :- નંબર-બંબર કાંઈ નહિ. 'પંચાધ્યાયી' મોટું છે. એક ગાથા નથી. એ તો મોટું લખાણ

છે. સમજાણું કાંઈ? પહેલા ભાગમાં છે. પાછળમાં, હોં! પાછળના ભાગમાં. નય અને પ્રમાણનો વિષય પાછળ છે ને? પાંચસો ગાથા પછી હશે. ઘરે 'પંચાધ્યાયી' છે કે નહિ? ઠીક.

**'દ્રવ્યકા ભી તથા પર્યાયકા ભી નિષેધ કરકે વચનઅગોચર કહના નિશ્ચયનયકા વિષય હૈ.'** વિકલ્પથી પરિણમન થતું નથી, પણ વિકલ્પની પારનું પરિણમન તેને નિશ્ચય કહેવામાં આવે છે. આહાહા..! **'જો દ્રવ્યરૂપ હૈ વહી પર્યાયરૂપ હૈ ઇસપ્રકાર દોનોંકો હી પ્રધાન કરકે કહના પ્રમાણકા વિષય હૈ,...'** ઇ તો આવી ગયું છે. અહીં આવ્યું. ચૈતન્ય, અભેદ આદિ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. **'ઔર જ્ઞાન-દર્શનરૂપ, અનિત્ય, અનેક, નાસ્તિત્વરૂપ ઇત્યાદિ ભેદરૂપ કહના પર્યાયાર્થિક નયકા વિષય હૈ.'** પર્યાય અંશનો વિષય, ભેદનો વિષય છે. **'દોનોં હી પ્રકારકી પ્રધાનતા નિષેધમાત્ર વચનઅગોચર કહના નિશ્ચય નયકા વિષય હૈ.'** એ પણ પાછું કહેવું તો આવે જ ને. **'દોનોં હી પ્રકારકો પ્રધાન કરકે કહના પ્રમાણકા વિષય હૈ ઇત્યાદિ.'** લ્યો.

**'ઇસપ્રકાર...'** ઘણો અધિકાર ઝીણો આવ્યો, ભાઈ! કાલે પણ આવ્યો હતો, પરમ દિ' આવ્યો હતો, આજે આ (આવ્યો). સમજાણું કાંઈ? થોડું થોડું વિચારવું. એવું હોય તો રાત્રે અમથા બેસીએ છીએ એની કરતાં પૂછવું. નક્કી ન થાય. જે પડખાં જે રીતે કહે છે તે રીતે એના ખ્યાલમાં આવવું જોઈએ.

મુમુક્ષુ :- વસ્તુનું સ્વરૂપ તો વચનાતીત છે.

ઉત્તર :- વચનાતીત છે પણ વચન દ્વારા કથંચિત્ કહેવામાં પણ આવે છે ને? નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ નિક્ષેપમાં આવે છે.

**'ઇસપ્રકાર નિશ્ચય-વ્યવહારકા સામાન્ય અર્થાત્ સંક્ષેપ સ્વરૂપ હૈ, ઉસકો જાનકર જૈસે આગમ-અધ્યાત્મ શાસ્ત્રોંમેં વિશેષરૂપસે વર્ણન હો ઉસકો સૂક્ષ્મદૃષ્ટિસે જાનના.'** દેખો! દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયક ભગવાન શુદ્ધ અભેદ, તેને નિશ્ચય કહ્યો અને અહીં એને વળી વ્યવહાર કહ્યો. કેમકે કથન (કરતાં) અંદર વિકલ્પ આવે છે ને? કે આવો આત્મા, આવો આત્મા. એમ એ નય અહીં લીધી. પેલામાં વિકલ્પનય (લીધી). એકલો શુદ્ધ ચૈતન્યમૂર્તિ અભેદ, એ વિષય કરીને પરિણમન થયું એને નિશ્ચય કહેવામાં આવે છે. કલાકની વાત એવી પડે કે ઘરે જઈને કહેવું શું આમાં? શું સાંભળી આવ્યા તમે? કાંઈક કહેતા હતા. એક નિશ્ચયનય, એક વ્યવહારનય. આમ ને તેમ. આપણને કાંઈ પકડાણું નહિ. અભ્યાસ નહિ ને બધો ઊંધો અભ્યાસ જગતમાં ચાલ્યો છે. એમાંથી આ કાઢીને સવળો થવો ભારે કઠણ.

કહે છે, **'ઇસપ્રકાર નિશ્ચય-વ્યવહારકા...'** ઇસપ્રકાર એટલે આગમનો નિશ્ચય-વ્યવહાર, અધ્યાત્મનો નિશ્ચય-વ્યવહાર, અધ્યાત્મમાં પણ નિશ્ચય-વ્યવહારના વિકલ્પવાળો નિશ્ચય અને વ્યવહાર. સમજાણું કાંઈ? આહા..! ભગવાન એવો કેવળજ્ઞાન લે એવી તાકાત છે તો આટલું ન સમજે એને કેમ માનવો? એમ કેમ એને માનવો? સમજાય છે કાંઈ? અને પોતે તો જ્ઞાનસ્વરૂપ છે. એને સમજવું એ ચીજ છે. રાગનું કરવું એ કોઈ વસ્તુની ચીજ નથી. સમજાણું કાંઈ? ઘણા પડખાથી તેની જાત છે તેને જાણવી. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. એ એની ક્રિયા અને એ એનું

સ્વરૂપ છે.

**'ઇસપ્રકાર...'** ઐસે એમ હિન્દી ભાષા આવે છે. નહિ? ઐસે હી, એમ જ છે ને? એય..! 'દેવાનુપ્રિયા'! એમ કેમ છે ઇ? પુરાણી ભાષા, એમ ને? ઠીક. ઢુંઢારી ભાષા એટલે આમ આવતું હશે. ઠીક. ઐસે હી. ઐસે, એમ. **'ઇસપ્રકાર નિશ્ચય-વ્યવહારકા...'** ઐસે એટલે માથે કહ્યું એ પ્રમાણે. **'નિશ્ચય-વ્યવહારકા સામાન્ય અર્થાત્ સંક્ષેપ સ્વરૂપ...'** લ્યો. **'સામાન્ય અર્થાત્ સંક્ષેપ સ્વરૂપ હૈ, ઉસકો જાનકર...'** આ તો ટૂંકું કહ્યું છે ને, વિસ્તારથી તો શાસ્ત્રમાં ઘણું છે. આ તો પાઠ આવ્યો. પરમાર્થ અને વ્યવહાર શાસ્ત્રમાં કહ્યો છે એમ જાણવું. એ આવ્યું હતું ને? 'કુંદકુંદાચાર્ય'નું છે, જુઓ! '**सुत्तं जिणउत्तं**' ભગવાને કહ્યા એ શાસ્ત્રોને વ્યવહાર અને પરમાર્થે '**जाणिऊणं**' એને જાણીને '**लहइ सुहं खवइ मलपुंजं**' એને લઈને સાચું જ્ઞાન આત્માથી થાય, તે કર્મના મૂળ પુંજને ખપાવે છે. લ્યો, આ છઠ્ઠી ગાથાનો આટલો અર્થ તો પોતે પંડિત છે, લ્યો. ગૃહસ્થાશ્રમમાં. આવો અર્થ ભર્યો છે.

**'વિશેષરૂપસે વર્ણન હો...'** અહીં તો સંક્ષેપમાં કહ્યું છે. એમ કીધું ને? **'સામાન્ય સંક્ષેપ સ્વરૂપ હૈ, ઉસકો જાનકર જૈસે આગમ-અધ્યાત્મ શાસ્ત્રોંમેં વિશેષરૂપસે વર્ણન હો ઉસકો સૂક્ષ્મદૃષ્ટિસે જાનના.'** સૂક્ષ્મદૃષ્ટિ કરી જેવી રીતે વસ્તુની સ્થિતિ છે એમ વર્ણવે છે. એમ એને જાણવું. **'જિનમત અનેકાંતસ્વરૂપ સ્યાદ્વાદ હૈ...'** વીતરાગનો માર્ગ તો અપેક્ષિત જે કાંઈ અંદર ધર્મ છે એને અપેક્ષાથી કહેવાવાળો છે. **'ઔર નયોંકે આશ્રિત કથન હૈ.'** અને કથની તો નયને આશ્રયે છે, એક ધર્મને આશ્રયે (છે). **'નયોંકે પરસ્પર વિરોધ...'** હૈ. નિશ્ચય અને વ્યવહાર વિરોધ છે, સામાન્ય અને વિશેષ વિરોધ છે. એને **'સ્યાદ્વાદ દૂર કરતા હૈ,...'** સ્યાદ્વાદ મટાડે. પર્યાયને વ્યવહાર કહેવો કેમ? કે અંશ છે માટે. ત્રિકાળને નિશ્ચય કહ્યો કેમ? કે અભેદ અને એક વસ્તુ છે માટે. સમજાણું કાંઈ?

**'ઇસકે વિરોધકા તથા અવિરોધકા સ્વરૂપ અચ્છી તરહ જાનના.'** વિશેષ નામ બરાબર જાણવું. તેનો-વ્યવહાર-નિશ્ચયનો વિરોધ શું છે કહેવામાં આવે એવો? અને બેનો મેળ કેમ ખાય છે? તેને **'અચ્છી તરહ જાનના. યથાર્થ તો ગુરુ-આમ્નાય હી સે હોતા હૈ,...'** યથાર્થ તો ગુરુગમથી આ વાત સમજાય. **'પરંતુ ગુરુકા નિમિત્ત ઇસ કાલમેં વિરલ હો ગયા,...'** પોતે લખે છે, જુઓ!

મુમુક્ષુ :- આમાં તો વિચ્છેદ ગયો છે.

ઉત્તર :- વિચ્છેદ ગયો છે.

અહીં તો **'ગુરુકા નિમિત્ત ઇસ કાલમેં વિરલ હો ગયા, ઇસલિયે અપને જ્ઞાનકા બલ ચલે...'** ન્યાયમાં જેટલું એને જે રીતે મગજમાં સમજાય એમ ચાલે. **'તબ તક વિશેષરૂપસે સમજતે હી રહના,...'** વિશેષ સમજણ કર્યા જ કરે. આગ્રહ રાખીને એકાંત પકડીને બેસી ન જાય. ત્યાં પણ અર્થ જુદા જુદા કરે છે. જુઓ! ભાઈ! સ્યાદ્વાદ છે. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય. ઇ ક્યાં અહીં વાત છે? વ્યવહારને વ્યવહાર તરીકે જાણવો, નિશ્ચયને નિશ્ચય તરીકે જાણવો એમ અહીં કહેવું છે. જાણવું, એમ પાઠમાં શબ્દ હતો ને? જાણવાની વાત છે. વ્યવહાર આદરવા લાયક છે, ઇ ક્યાં વાત છે અહીં? વ્યવહાર કોને કહેવો? વ્યવહાર કેમ કહેવાય છે? એને જાણવો. નિશ્ચય કોને

કહેવો? નિશ્ચય કોને કહેવાય છે? દ્રવ્ય-પર્યાયમાં નિશ્ચય-વ્યવહાર કોને કહે છે? મોક્ષપર્યાય, મોક્ષની પર્યાય છે એમાં નિશ્ચય વ્યવહાર કોને કહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કુછ જ્ઞાનકા લેશ પાકર ઉદ્ધત નહીં હોના,...'** પોતે બકવ્યા કરે. એ તો આમ છે ને તેમ છે ને ઢીકણું છે, એમ નહિ કરવું. વીતરાગનો માર્ગ ગંભીર છે, ઊંડો છે. અનંતકાળથી એની વાસ્તવિકતા દૃષ્ટિમાં આવી નથી. અગિયાર અંગ ભણ્યો તોપણ એની વાસ્તવિકતા શું છે એનો ખ્યાલ ન આવ્યો. કારણ કે એ તો પરનું જ્ઞાન છે. પરમાત્માને શું કહેવું છે અને સ્વનો આશ્રય લઈને લાભ થાય, એવું કહેવું છે એ વાત તો એણે જાણી નથી. **'જ્ઞાનકા લેશ પાકર ઉદ્ધત નહીં હોના, વર્તમાન કાલમેં અલ્પજ્ઞાની બહુત હૈં...'** અત્યારે તો જાણપણાવાળા થોડા (રહ્યા). થોડા જાણપણાવાળા છે. અલ્પજ્ઞાની જ ઘણો ભાગ છે, કહે છે. **'ઇસલિયે ઉનસે કુછ અભ્યાસ કરકે...'** એવા અલ્પજ્ઞાનીમાં વધારે થોડો અભ્યાસ કરી **'ઉનમેં મહંત બનકર ઉદ્દથ હોનેપર મદ આ જાતા હૈ...'** સમજાણું કાંઈ? **'જ્ઞાન થકિત હો જાતા હૈ...'** વિપરીત જ્ઞાન થઈ જાય, એમ કહે છે.

**'ઔર વિશેષ સમજને કી અભિલાષા નહીં રહતી હૈ...'** થઈ રહ્યું, આપણે જાણ્યું એ બરાબર. પણ વસ્તુની જે સ્થિતિ છે એ તો એના જ્ઞાનમાં આવી નથી અને પોતે એ તો આમ છે, ભગવાનનો માર્ગ આવો છે, ભગવાનનો (માર્ગ) સ્યાદ્વાદ છે, એમ કરીને ગોટા વાળે તો એ જ્ઞાન થાકી જાય છે, નવું જ્ઞાન થાય નહિ. જ્ઞાન થાકી જાય એટલે ઉલટું જ્ઞાન થાય. ઉલટું જ્ઞાન થાય. વિશેષ સમજવાની અભિલાષા ન રહે. **'તબ વિપરીત હોકર યદ્વાતદ્વા...'** કહે. જેમ તેમ કહે. એ તો વ્યવહારથી પણ આમ હોય, નિશ્ચયથી આમ હોય, ઢીકણું આમ હોય. પણ કાંઈ એનો મેળ ખરો? નિમિત્તથી પણ થાય, ઉપાદાનથી પણ થાય, સ્યાદ્વાદ ભગવાનનો માર્ગ છે, એમ જે તે લવ્યા કરે, કહે છે. **'યદ્વાતદ્વા-મનમાના કહને લગ જાતા હૈ, ઉસસે અન્ય જીવોંકા શ્રદ્ધાન વિપરીત હો જાતા હૈ, તબ અપને અપરાધ કા પ્રસંગ આતા હૈ,...'** ઇ અપરાધનું નિમિત્ત પોતે થયો. અપરાધ કર્યો ઇ એનો અપરાધ. બીજાને જ્યાં ત્યાં દીધે રાખે આડીઅવળી વાત, પેલાને ઊંધી શ્રદ્ધા (થઈ જાય). સમજાણું કાંઈ?

**'ઇસલિયે શાસ્ત્રકો સમુદ્ર જાનકર,...'** શાસ્ત્રને દરિયો જાણી **'અલ્પજ્ઞરૂપ હી અપના ભાવ રખના...'** થોડું જાણું છું, એમ રાખવું. મેં વિશેષ બહુ જાણ્યું છે માટે જેમ હું કહું છું તેમ છે, એમ સ્વચ્છંદી થાવું નહિ. કેમકે લોક તો અલ્પજ્ઞાની (છે), એની પાસે જે મૂકે તે ચાલે. એને ક્યાં ખબર છે સામાવાળાને. **'અલ્પજ્ઞરૂપ હી અપના ભાવ રખના જિસસે વિશેષ સમજનેકી અભિલાષા બની રહે, ઇસસે જ્ઞાનકી વૃદ્ધિ હોતી હૈ.'**

**'અલ્પ જ્ઞાનિયોં મેં બૈઠકર મહંતબુદ્ધિ રખે તબ અપના પાયા જ્ઞાન ભી નષ્ટ હો જાતા હૈ,...'** જાણપણું ઊંધું કર્યું હોય (અને) આડુંઅવળું કરે, નિશ્ચયમાં કે વ્યવહારમાં, વ્યવહારને નાખે નિશ્ચયમાં... સમજાણું? **'તબ અપના પાયા જ્ઞાન ભી નષ્ટ હો જાતા હૈ, ઇસપ્રકાર જાનકર નિશ્ચય-વ્યવહારરૂપ આગમ કી કથન પદ્ધતિકો સમજકર...'** નિશ્ચય સાચો, વ્યવહાર ઉપચારક, ભેદરૂપ વગેરે. **'આગમ કી કથન પદ્ધતિકો સમજકર ઉસકા શ્રદ્ધાન કરકે યથાશક્તિ આચરણ કરના. ઇસ**

**કાલમેં ગુરુ સંપ્રદાયકે બિના મહંત નહીં બનના,...'** પરંપરા સદ્‌ગુરુ તો છે નહિ અત્યારે, કહે છે. અને પોતાની એકલી કલ્પનાથી (કહે છે). કોઈ પૂર્વના સંસ્કાર નથી તેમ કોઈ ગુરુ સંપ્રદાય નથી, એમ કહે છે. **'જિન-આજ્ઞાકા લોપ નહીં કરના.'** વીતરાગ પરમાત્માની આજ્ઞા ન લોપવી.

**'કોઈ કહતે હૈં-હમ તો પરીક્ષા કરકે જિનમતકો માનેંગે વે વૃથા બકતે હૈં...'** વીતરાગનું કહેલું જ્ઞાન (એની) કેટલી પરીક્ષા કરે? અલૌકિક વસ્તુ છે, ભાઈ! અમે તો પરીક્ષા કરી (માનશું) એ તો બકે છે. **'સ્વલ્પબુદ્ધિકા જ્ઞાન પરીક્ષા કરને કે યોગ્ય નહીં હૈ.'** વીતરાગે કહેલા ભાવમાં અમે તો અમારી પરીક્ષા કરીને માનશું. એકલી પરીક્ષા, હોં! **'આજ્ઞાકો પ્રધાન રખકરકે બને જિતની પરીક્ષા કરનેમેં દોષ નહીં હૈ,...'** ભગવાન વીતરાગ સર્વજ્ઞે પરમેશ્વરે પૂર્ણ જ્ઞાનીએ જોયું, જાણ્યું છે એવી આજ્ઞા રાખીને પરીક્ષા કરવી. સર્વજ્ઞને માને નહિ. સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોક જાણે છે, એની આજ્ઞા અને શાસ્ત્ર શું કહે છે, એની ખબર નહિ અને એકલો પોતાના સ્વચ્છંદે માને, પરીક્ષા કરવા જાય તો એની પરીક્ષા સાચી થાય નહિ. **'આજ્ઞાકો પ્રધાન રખકરકે બને જિતની પરીક્ષા કરનેમેં દોષ નહીં હૈ,...'**

**'કેવલ પરીક્ષા હી કો પ્રધાન રખનેમેં જિનમતસે ચ્યુત હો જાય...'** એકલી પરીક્ષા કરવા જાય તો વીતરાગની આજ્ઞાથી ચ્યુત થઈ જશે. પૂરું ક્યાંથી સમજી શકશે એને? **'બડા દોષ આયે, ઇસલિયે જિનકી અપને હિત-અહિત પર દૃષ્ટિ હૈ વે તો ઇસપ્રકાર જાનો, ઔર જિનકો અલ્પજ્ઞાનિયોંમેં મહંત બનકર અપને માન, લોભ, બડાઈ, વિષય-કષાય પુષ્ટ કરને હોં ઉનકી બાત નહીં હૈ,...'** લ્યો. અલ્પજ્ઞાનીમાં મોટા થઈને માન, લોભ, બડાઈ, વિષય-કષાય પોષવા (તેમની વાત નથી). **'વે તો જૈસે અપને વિષય-કષાય પુષ્ટ હોંગે વૈસે હી કરેંગે, ઉનકો મોક્ષમાર્ગ કા ઉપદેશ નહીં લગતા હૈ, વિપરીતકો કિસકા ઉપદેશ?'** વિપરીત બુદ્ધિવાળાને શેને ઉપદેશ? **'ઇસપ્રકાર જાનના ચાહિયે.'** એ છઠ્ઠી ગાથાનો ભાવાર્થ પૂરો થઈ ગયો. (શ્રોતા :- પ્રમાણ વચન

---

## પ્રવચન નં. ૨૯ ગાથા-૭ થી ૯, મંગળવાર, અષાઢ સુદ ૪, તા. ૭-૦૭-૧૯૭૦

'અષ્ટપાહુડ' બીજો ભાગ (અધિકાર) છે. એની છઠ્ઠી ગાથા ચાલી. ધર્મીજીવે કે મુનિએ ભગવાને કહેલા સૂત્રો, એમાં પરમાર્થ શું છે અને વ્યવહાર શું છે એને જાણવું જોઈએ. જાણીને કર્મને ખપાવી શકે. યથાર્થ જાણ્યા વિના ખપાવી ન શકે.

**'જો જિનભાષિત સૂત્ર હૈં, વહ વ્યવહારરૂપ તથા પરમાર્થરૂપ હૈ, ઉસકો યોગીશ્વર જાનકર સુખ પાતે હૈં ઔર મલપુંજ અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મકા ક્ષેપણ કરતે હૈં.'** (ગાથા-૬નો અર્થ). વાસ્તવિક ભગવાને કહેલા આગમો, એના સૂત્રો અને એના અર્થોને ન સમજે અને તે પણ પરમાર્થનો અધિકાર શું છે, નિશ્ચયનો અને વ્યવહાર ન સમજે તો એને કંઈ જ્ઞાન સાચું થાય નહિ. તેથી એને સમ્યગ્દર્શન પણ ન થાય. તો કર્મ ખપીને મોક્ષ તો ન થાય. સાતમી (ગાથા). શાંતિથી સાંભળવું.

आगे कहते हैं कि जो सूत्रके अर्थ-पदसे भ्रष्ट है उसको मिथ्यादृष्टि जानना -

## ગાથા-૭

सुत्तत्थपयविणट्ठो, मिच्छादिट्ठी हु सो मुणेयव्वो।
खेडे वि ण कायव्वं, पाणिप्पत्तं सचेलस्स।।७।।

सूत्रार्थपदविनष्टः मिथ्यादृष्टिः हि सः ज्ञातव्यः।
खेलेऽपि न कर्तव्यं पाणिपात्रं सचेलस्य।।७।।

સૂત્રાર્થપદથી ભ્રષ્ટ છે તે જીવ મિથ્યાદષ્ટિ છે;
કરપાત્રભોજન રમતમાંય ન યોગ્ય હોય સચેલને. ૭.

अर्थ :- जिसके सूत्रका अर्थ और पद विनष्ट है वह प्रगट मिथ्यादृष्टि है, इसीलिये जो सचेल है, वस्त्रसहित है उसको 'खेडे वि' अर्थात् हास्य-कुतूहलमें भी पाणिपात्र अर्थात् हस्तरूप पात्रसे आहार नहीं करना।

भावार्थ :- सूत्रमें मुनिका रूप नग्न-दिगम्बर कहा है। जिसके ऐसा सूत्रका अर्थ तथा अक्षररूप पद विनष्ट है और आप वस्त्र धारण करके मुनि कहलाता है वह जिन-आज्ञासे भ्रष्ट हुआ प्रगट मिथ्यादृष्टि है, इसलिये वस्त्र सहितको हास्य-कुतूहलसे भी पाणिपात्र अर्थात् हस्तरूप पात्रसे आहारदान नहीं करना तथा इसप्रकार भी अर्थ होता है कि ऐसे मिथ्यादृष्टिको पाणिपात्र आहारदान लेना योग्य नहीं है, ऐसा भेष हास्य-कुतूहलसे भी धारण करना योग्य नहीं है, वस्त्रसहित रहना और पाणिपात्र भोजन करना, इसप्रकारसे तो क्रीड़ामात्र भी नहीं करना।।७।।

## ગાથા-૭ ઉપર પ્રવચન

**'आगे कहते हैं कि जो सूत्रके अर्थ-पदसे भ्रष्ट है उसको मिथ्यादृष्टि जानना.'**

सुत्तत्थपयविणट्ठो, मिच्छादिट्ठी हु सो मुणेयव्वो।
खेडे वि ण कायव्वं, पाणिप्पत्तं सचेलस्स।।७।।

જે કોઈ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જે સૂત્રો, સિદ્ધાંતો કહ્યા હતા એનાથી સૂત્રથી ભ્રષ્ટ થયા. એના અર્થથી અને એના પદ-વાક્યથી ભ્રષ્ટ થયા. **'विनष्ट है वह प्रगट मिथ्यादृष्टि है,...'** સમજાય છે કાંઈ? પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની વાણી દિવ્યધ્વનિમાં જે આવી હતી એ સૂત્રો અને એના અર્થો એને નહિ માનીને સંપ્રદાયથી જુદા પડ્યા. સમજાણું કાંઈ? દિગંબર સંપ્રદાય જૈનદર્શન જે

અનાદિથી ચાલ્યું આવે છે. ભગવાનની વાણીમાં એ આવ્યું હતું. છસ્સો વર્ષ સુધી તો એ જ ચાલ્યું. પછી બાર વર્ષના દુકાળ જે પડ્યા એમાંથી ભગવાનની વાણીના અર્થો, સૂત્રો ન માનીને પોતાની કલ્પનાથી જુદા પડ્યા. એ સૂત્રથી ભ્રષ્ટ છે, એના અર્થથી ભ્રષ્ટ અને પદથી વિનષ્ટ છે. કેમકે ભગવાનના શાસ્ત્રમાં તો વસ્ત્રસહિત મુનિને મુનિ માન્યા નથી. અનાદિ સનાતન વીતરાગ વાણી, એ વસ્ત્રનો કટકો પણ રાખે અને મુનિપણું એને માને એવું સિદ્ધાંતમાં નથી.

મુમુક્ષુ :- સિદ્ધાંતમાં નથી એટલે?

ઉત્તર :- સૂત્રોમાં નથી. ભગવાને કહેલા સૂત્રોમાં નથી. કલ્પિત સૂત્ર શ્વેતાંબરે બનાવ્યા એમાં એ બધું લખ્યું. 'ભગવાનજીભાઈ'! શાંતિથી સાંભળવું, પહેલા કહ્યું. આખો ફેરફાર (થઈ ગયો). વીતરાગ માર્ગ અનાદિનો મહાવિદેહક્ષેત્રમાં પણ એ જ માર્ગ છે. એવા ભગવાનની વાણીના સૂત્રો અને એનો નિશ્ચય અર્થ અને એનો વ્યવહાર, એ જાણનારા, અનુભવનારા અને એ પ્રમાણે આચરણ કરનારા, એ મુનિ. એ મુનિપણું પાળી શકાણું નહિ. બહાર દુકાળ પડ્યા તો સૂત્રના અર્થોને ન માન્યા. ભગવાનની વાણી જે હતી એને ન માની. પોતાની કલ્પનાએ વસ્ત્ર સહિત પણ મુનિ હોય, વસ્ત્ર પાત્ર રાખે તોપણ મુનિપણું રહે એવા અર્થો શાસ્ત્રોના ઊંધા કરી નવા શાસ્ત્રો બનાવ્યા. એ પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. પ્રસિદ્ધ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. અવ્યક્તપણે મિથ્યાદૃષ્ટિ જે અનંતવાર ગયો, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે ઊંડાણમાં અંદર રાગના વિકલ્પનો ભાવ, એ અનુભવમાં રહી ગયો અને એનાથી ભિન્નનું ભાન ન રહ્યું. એ તો ગુપ્ત મિથ્યાદૃષ્ટિ છે. આ તો પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. આ સંપ્રદાયની વાત નથી. સમજાણું કાંઈ?

કહે છે, **'ઇસલિયે જો સચેલ હૈ, વસ્ત્રસહિત હૈ ઉસકો 'ખેડે વિ' અર્થાત્ હાસ્ય, કુતૂહલમેં ભી પાણિપાત્ર અર્થાત્ હસ્તરૂપ પાત્રસે આહારદાન નહીં કરના.'** વસ્ત્ર રાખે અને હાથમાં આહાર-પાણી લે, એ તો કહે છે કે કુતૂહલથી પણ એવું કરવું નહિ અને એવાને આહાર-પાણી કુતૂહલથી પણ દેવા નહિ. સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્ય' પહેલા સો વર્ષ પહેલા શ્વેતાંબર પંથ નીકળી ચૂકેલો. અનાદિ સનાતન વીતરાગમાર્ગમાંથી. એથી એમને આ સ્પષ્ટ (કરવું પડ્યું). 'અષ્ટપાહુડ'માં સૂત્રના અધિકારમાં, દર્શનના અધિકારમાં બધામાં સ્પષ્ટ વાત મૂકી. જગતને સત્ય જણાવવા માટે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'સૂત્રમેં મુનિકા રૂપ નગ્ન-દિગંબર કહા હૈ.'** જિનવર આવે છે ને? 'પ્રવચનસાર'માં. ભગવાને તો (એમ કહ્યું), મુનિ નગ્ન હોય, વસ્ત્ર રહિત હોય, પાત્ર ન હોય. પાણીપાત્ર-હાથનું પાત્ર (હોય). એવી દશા અંતરંગ વીતરાગ સહિતની આવી દશા ભગવાનના, અનાદિ જિનેશ્વર વીતરાગી કેવળજ્ઞાનીના માર્ગમાં તો આમ કહ્યું હતું. **'જિસકે ઐસા સૂત્રકા અર્થ તથા અક્ષરરૂપ પદ વિનષ્ટ હૈ...'** પણ એ સૂત્રને ન માન્યા, ભગવાનની વાણીને કબુલી નહિ અને નવા શાસ્ત્રો કલ્પિત બનાવ્યા. જેમાં મુનિને વસ્ત્ર ત્રણ પછેડી ખપે ને એક ચલોટો ખપે ને ફલાણું આ ખપે (એમ લખ્યું). 'ભગવતી સૂત્ર'માં તો એટલા બધા ખપે, એમ શાસ્ત્રમાં લખ્યું છે. બધા કલ્પિત બનાવેલા છે. મિથ્યાદૃષ્ટિના બનાવેલા એ સૂત્રો છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- એમાં લખ્યું છે. 'સુધર્માસ્વામી' 'જંબુસ્વામી'ને કહે છે, એમ કલ્પિત બનાવ્યું છે. એમાં લખ્યું છે. લખ્યું છે. કલ્પિત છે એ બધી વાત. દેવના સ્વરૂપમાં, ગુરુના સ્વરૂપમાં, ધર્મના સ્વરૂપમાં, તત્ત્વના સ્વરૂપમાં બધો ફેર છે. અનાદિ સનાતન વીતરાગ દિગંબર દર્શન, એનાથી શ્વેતાંબરના માર્ગમાં હજારો બોલની વિપરીતતા છે. આ પક્ષપાતથી વસ્તુ નથી. ભગવાન 'કુંદકુંદાચાર્ય' સનાતન સત્યના અવતાર થયા અને એમાં એ ભગવાન પાસે ગયા, આઠ દિ' રહ્યાં. અને અહીંયા આવીને આ બનાવ્યું. ભાઈ! માર્ગ તો આવો છે, ભાઈ!

**'આપ વસ્ત્ર ધારણ કરકે મુનિ કહલાતા હૈ...'** સૂત્રથી ભ્રષ્ટ થઈ. ભગવાનની વાણી, આ સૂત્ર નથી, હોં! ૩૨-૪૫ છે એ સૂત્ર નથી. એ અજ્ઞાનીએ કલ્પિત સૂત્રો બનાવ્યા છે. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષની જરૂર નથી. વ્યક્તિની તો એના પરિણામમાં જવાબદારી છે. વસ્તુસ્થિતિ છે એવું એણે બરાબર માનવું અને જાણવું જોઈએ. બધા આત્મા છે, એ પણ આત્મા છે. વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ, વિરોધ નહિ પણ માર્ગ આ છે એવી શ્રદ્ધા તો એણે બરાબર કરવી જોશે. સમજાણું કાંઈ? કહો, 'દેવજીભાઈ'! છે? પુસ્તક છે? ઠીક.

જુઓ! ભગવાન 'કુંદકુંદાચાર્ય'. મંગલં ભગવાન વીરો, મંગલ ગૌતમ ગણી, મંગલં કુંદકુંદાર્યો. એમ ત્રીજે આવે છે. જૈન ધર્મોસ્તુ મંગલં. શ્વેતાંબરમાં સ્થૂલીભદ્ર આવે છે. બનાવ્યું છે. પરમેશ્વર જિનવરનો અનાદિ માર્ગ મહાવિદેહમાં અને અહીંયાં અંતર અનુભવસહિત વીતરાગતા અને બાહ્યમાં તદ્દન માએ જન્મ્યો એવું શરીર, એવી મોક્ષના માર્ગની, મુનિમાર્ગની આ દશા અનાદિની છે. સમજાણું કાંઈ? પણ દુકાળમાં એ પાળી શક્યા નહિ. પહેલા તો અર્ધફાલક રાખ્યું હતું. આવી રીતે હતું. કટકો અડધો રાખ્યો. મુનિઓ બહારથી દક્ષિણમાંથી આવ્યા (અને કહ્યું), આ માર્ગ નથી. હવે અમારે ચાલે એવું નથી. પછી શાસ્ત્રો રચ્યા. બે હજાર વર્ષ થઈ ગયા. લોકોને ક્યાં તપાસવું છે કે શું સત્ય છે કે નહિ? જે વાડામાં જન્મ્યો એ બધું સાચું (માની લીધું). આ તો માર્ગની કસોટી કરીને નિર્ણય કરવો જોઈએ. સમજાણું કાંઈ?

કહે છે, સૂત્રના અર્થથી ભ્રષ્ટ થઈ ગયા. સૂત્રમાં જે કહ્યું હતું એનાથી ઉલટી શ્રદ્ધા કરી ભ્રષ્ટ થયા. બરાબર હશે? 'વિમલચંદભાઈ'! એને તો બેઠું છે, બૈરાંને હજી થોડી વાર લાગે. એવો માર્ગ, બાપા! માર્ગ તો એવો છે, ભાઈ! હોં! ચારિત્ર એટલે? આહાહા..! એક શરીર છૂટ્યું ન જાય એટલે શરીર રહે. 'શ્રીમદ્' પણ એમ કહ્યું નથી? 'દેહમાત્ર સંયમ હેતુ હોય જો.' એક દેહ સંયમ હેતુ. બીજી કોઈ ચીજ હોય નહિ. 'અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.' એવો સનાતન અનાદિ વીતરાગમાર્ગનો ધોખ પંથ હતો. એમાંથી આ મુનિથી ભ્રષ્ટ થયા.

**'આપ વસ્ત્ર ધારણ કરકે મુનિ કહલાતા હૈ વહ જિન-આજ્ઞાસે ભ્રષ્ટ હુઆ પ્રગટ મિથ્યાદૃષ્ટિ હૈ,...'** એમાં કાંઈ પૂછવાનું, જોવાનું નથી, કહે છે. પ્રગટ મિથ્યાદૃષ્ટિ એ બધા છે. એય! 'પ્રકાશદાસજી'! આવું છે આ. હાય.. હાય...! આ તો ચોથી વારનું છે. (સંવત) ૨૦૦૨માં, ૨૦૧૧માં, ૨૦૧૭માં. આ ચોથી વાર. ૨૦૦૨ની સાલ, દસ વર્ષ પહેલા.

**'ઇસલિયે વસ્ત્ર સહિતકો હાસ્ય-કુતૂહલસે ભી પાણિપાત્ર અર્થાત્ આહારદાન નહીં કરના...'** એટલે કે વસ્ત્ર રાખવા, હાથમાં આહાર લેવો એ વ્યાજબી નથી. એ વખતે પહેલા શરૂ થયું હશે, એવું લાગે છે. થોડું વસ્ત્ર રાખે. કટકો રાખીને હાથમાં આહાર લે. એ માર્ગ બિલકુલ ભ્રષ્ટ થયેલાઓનો છે. કહે છે કે એવું એણે ન કરવું જોઈએ અને દેનારે એને મુનિ માનીને આહાર દેવો ન જોઈએ. એ મુનિ છે જ નહિ, મિથ્યાદૃષ્ટિ છે. ભારે વાત.

**'તથા ઇસપ્રકાર ભી અર્થ હોતા હૈ કિ ઐસે મિથ્યાદૃષ્ટિકો પાણિપાત્ર આહાર લેના યોગ્ય નહીં હૈ,...'** દેનારને દેવો યોગ્ય નથી, લેનારને લેવો યોગ્ય નથી. વસ્ત્ર રાખવું અને હાથમાં આહાર લેવો, પહેલું શરૂઆતમાં એમ હતું નીકળ્યા ત્યારે. શરૂઆતમાં દિગંબર પ્રતિમાઓ, દિગંબર મંદિર જ હતા. શ્વેતાંબર પહેલા નહોતા. પહેલા સાધુ ત્યાં જતા. જુદા પડ્યા થોડા ત્યારે ત્યાં જતા. પછી બનાવ્યું એ લોકોએ. પછી તો ઘણું બધું બનાવ્યું. પેલો રાજા કેવો? 'સંપ્રત'. પછી એકલું ચાલ્યું. જિનબિંબ ને આગમ ... આધાર. આવા બનાવ્યા. પછી સંપ્રદાય ચાલ્યો. હવે એને વિચાર કરવાનો અવસર રહેતો નથી. સમજાણું કાંઈ? એમાંથી સ્થાનકવાસી તો હમણાં તો નીકળ્યા, હજી પાંચસો વર્ષ થયા. એ તો ભ્રષ્ટમાંથી ભ્રષ્ટ થઈને નીકળ્યા. તેરાપંથી એમાંથી ભ્રષ્ટ થઈને ભ્રષ્ટમાંથી નીકળ્યા. દયા-દાન ને પરને બચાવવાનો ભાવ પાપ, એ બધો ફેરફાર છે, ભાઈ! માર્ગનો. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! સનાતન સત્ય, જેને ઇન્દ્રો આદરે, ગણધરો આદરે, ચક્રવર્તીઓ માને એ માર્ગ તો બાપુ! સાધારણ હશે? સમજાણું? અહીં આલીદુઆલી મુનિ થઈને ચાલી નીકળ્યા. લૂગડાં પહેરે ને આર્જિકાઓ સાધુ. આર્જિકા, સાધ્વી .. કહે છે કે એ વસ્ત્ર સહિત સાધુપણું મનાવે, માને, માનતાને રૂડું જાણે, ત્રણે એક પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? કે ઉપરથી કહેવાય છે? જુઓ! એમાં છે, જુઓ!

**'મિથ્યાદૃષ્ટિકો પાણિપાત્ર આહારદાન લેના યોગ્ય નહીં હૈ, ઐસા ભેષ હાસ્ય-કુતૂહલસે ભી ધારણ કરના યોગ્ય નહીં, વસ્ત્રસહિત રહના ઔર પાણિપાત્ર ભોજન કરના, ઇસપ્રકારસે તો ક્રીડામાત્ર ભી નહીં કરના.' 'खेडे वि'.** આહાહાહા..! મુનિમાર્ગ ફેરવી નાખ્યો, દેવનું સ્વરૂપ ફેરવ્યું, શાસ્ત્રોના અર્થના આખા ખોટા અર્થ કર્યા. 'આચારાંગ' ને 'સૂયગડાંગ' ને 'ઠાણાંગ' ઇ શાસ્ત્ર ભગવાનના કહેલા નથી. એના આચાર્યે મિથ્યાદૃષ્ટિ થયા પછી એ બધા બનાવેલા છે. હવે એ સર્વજ્ઞના કહેલા (છે એમ પ્રરૂપણા કરી). બિચારા મૂંઝાઈ ગયા માણસ. પરીક્ષા કરવાનો અવસર રહ્યો નહિ. સાતમી ગાથામાં આમ કહ્યું, લ્યો!

आगे कहते हैं कि जिनसूत्रसे भ्रष्ट हरिहरादिकके तुल्य हो तो भी मोक्ष नहीं पाता है -

## ગાથા-૮

हरिहरतुल्लो वि णरो सग्गं गच्छेइ एइ भवकोडी।
तह वि ण पावइ सिद्धिं संसारत्थो पुणो भणिदो।।८।।

हरिहरतुल्योऽपि नरः स्वर्गं गच्छति एति भवकोटिः।
तथापि न प्राप्नोति सिद्धिं संसारस्थ पुनः भणितः।।८।।

હરિતુલ્ય હો પણ સ્વર્ગ પામે, કોટિ કોટિ ભવે ભમે,
પણ સિદ્ધિ નવ પામે, રહે સંસારસ્થિત આગમ કહે. ૮.

अर्थ :- जो मनुष्य सूत्रके अर्थ पदसे भ्रष्ट है वह हरि अर्थात् नारायण, हर अर्थात् रुद्र, इनके समान भी हो, अनेक ऋद्धि संयुक्त हो, तो भी सिद्धि अर्थात् मोक्षको प्राप्त नहीं होता है। यदि कदाचित् दान पूजादिक करके पुण्य उपार्जन कर स्वर्ग चला जावे तो भी वहाँसे चय कर, करोड़ों भव लेकर संसार ही में रहता है, -इसप्रकार जिनागममें कहा है।

भावार्थ :- श्वेताम्बरादिक इसप्रकार कहते हैं कि - गृहस्थ आदि वस्त्र सहितको भी मोक्ष होता है - इसप्रकार सूत्रमें कहा है। उसका इस गाथामें निषेधका आशय है कि - जो हरिहरादिक बड़ी सामर्थ्यके धारक भी हैं तो भी वस्त्र सहित तो मोक्ष नहीं पाते हैं। श्वेताम्बरोंने सूत्र कल्पित बनाये हैं, उनमें यह लिखा है सो प्रमाणभूत नहीं है; वे श्वेताम्बर जिनसूत्रके अर्थ - पदसे च्युत हो गये हैं, ऐसा जानना चाहिए।।८।।

## ગાથા-૮ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જિનસૂત્રસે ભ્રષ્ટ હરિહરાદિકકે તુલ્ય હો તો ભી મોક્ષ નહીં પાતા હૈ.'** લ્યો. સમજાણું? ભગવાનની આજ્ઞાના સિદ્ધાંતો, જે પરમેશ્વરે કહેલા, પછી 'કુંદકુંદાચાર્યે' રચેલાં, એવા સૂત્રોથી ભ્રષ્ટ છે એ હરિહરાદિક મોટા પુણ્યવંત પ્રાણી હોય તોપણ એને ધર્મ થતો નથી એટલે મોક્ષ થતો નથી. પુણ્યવંત પણ હોય, એમ કહે છે. મોટા પુણ્ય હોય. આમ અબજો રૂપિયા ખર્ચાવે. જાત્રા, પ્રતિષ્ઠા.. શું કહેવાય આ? શાંતિ યજ્ઞ ને આ બધું... એવા કરાવે. કરોડો રૂપિયા ખર્ચાવે. મોટી જાત્રાઓ, મોટી પ્રતિષ્ઠાઓ, મોટા દાન, મોટી દાનશાળાઓ, મોટા મંદિરો (બનાવે). એવા અબજો રૂપિયા ખર્ચે અને ખર્ચાવે. તોપણ સૂત્રના અર્થથી ભ્રષ્ટ થયેલા મિથ્યાદૃષ્ટિને કંઈ પણ મોક્ષ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શરૂઆતમાં તો આ વાંચે તો ભડકે એવું છે.

**हरिहरतुल्लो वि णरो सग्गं गच्छेइ एइ भवकोडी।**
**तह वि ण पावइ सिद्धिं संसारत्थो पुणो भणिदो।।८।।**

અર્થ :- **'જો મનુષ્ય સૂત્રકે અર્થ પદસે ભ્રષ્ટ હૈ...'** સનાતન વીતરાગની વાણીથી ભ્રષ્ટ થઈ ગયા છે અને નવા કલ્પિત સૂત્રો પોતાની દૃષ્ટિએ બનાવ્યા છે **'વહ હરિ અર્થાત્ નારાયણ,...'** હોય. વાસુદેવ જેવા પુણ્યવંત ત્રણ ખંડના ધણી, એના જેવા પુણ્યવંત કદાચિત્ હો. **'હર અર્થાત્ રુદ્ર, ઇનકે સમાન ભી હો, અનેક સિદ્ધિ સંયુક્ત હો,...'** સિદ્ધિ પણ બહારની અનેક પ્રકારની પુણ્યને કારણે પ્રગટે. **'તો ભી સિદ્ધિ અર્થાત્ મોક્ષકો પ્રાપ્ત નહીં હોતા હૈ.'** એને ધર્મ નથી એટલે મોક્ષ થતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ કહે છે ને. ઇ કહેશે હમણાં.

**'તો ભી સિદ્ધિ અર્થાત્ મોક્ષકો પ્રાપ્ત નહીં હોતા હૈ. યદિ કદાચિત્ દાન પૂજાદિક કરકે...'** દાન કરે, પૂજા આદિ જાત્રા, પ્રતિષ્ઠા, આ પંચમહાવ્રત એના માનેલા, કલ્પેલામાં રહે. સમજાય છે? **'પુણ્ય ઉપાર્જન કર...'** પુણ્ય થાય. દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. એય! 'હેમાણી'! '... ભાઈ'! આવો માર્ગ છે. પરમેશ્વર વીતરાગ જિનવરદેવે તો એ કહેલો છે. એમાંથી આ શ્વેતાંબર નીકળ્યા એ મિથ્યાદૃષ્ટિ થઈને બહાર આવ્યા. એમાંથી સ્થાનકવાસી મિથ્યાદૃષ્ટિ થઈને જુદાં પડ્યા. એમાંથી .. અને આ 'તુલસી' આદિ તેરાપંથ છે એ એમાંથી મિથ્યાદૃષ્ટિ થઈને જુદા પડ્યા. આરે..! આકરું કામ લાગે. 'દેવજીભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! જિનવરનો કહેલો, પરમેશ્વરનો કહેલો. સિદ્ધાંતે કહ્યું એમ એણે ન માન્યું. ના, હવે અમારે આ કાળ એવો હલકો છે કે અમારે ફેરફાર કરીને રહેવું પડશે. વેશ બદલ્યા, શાસ્ત્રો બદલ્યા, દેવના રૂપ બદલ્યા, તત્ત્વોના બદલ્યા. આકરું કામ ભારે, ભાઈ!

કહે છે, દાન, પૂજા, પ્રતિષ્ઠા, મંદિરો બનાવે એવું વગેરે (કરે). કરોડો, લાખો, અબજો રૂપિયાના ખર્ચો કરે, કરાવે. એમાં એને જરી શુભભાવ હોય પણ મિથ્યાદૃષ્ટિ છે એવો એનો ભાવ છે તેથી કદાચિત્ સ્વર્ગમાં જાય. સ્વર્ગ જાય, છે ને? પાઠમાં છે. પહેલા સ્વર્ગમાં જાય. એવા શુભભાવ હોય તો એ સ્વર્ગમાં જાય. **'કરોડોં ભવ લેકર...'** પછી કરોડ ભવોથી લઈને સંસારમાં જ રખડે. ચાર ગતિમાં રખડે. આહાહા..! સાધારણ પ્રાણીને બિચારાને મૂંઝવી નાખ્યા. ભગવાનના માર્ગમાં શંકા ન કરવી, શંકા કરશો તો મરી જશો. ભગવાનને નામે આપ્યું કે શંકા ન કરવી. એય...! આહાહા..!

કહે છે, કદાચિત્ દાન, પૂજા, વ્રત, બ્રહ્મચર્ય પાળે એવું હોય. પણ છે તો મિથ્યાદૃષ્ટિ. ચાહે તો એના આચાર્ય હોય, ચાહે તો એના ઉપાધ્યાય હોય, ચાહે તો ગણી હોય. એની વિશેષ વાત નવમી ગાથામાં લેશે. સમજાણું કાંઈ? તોપણ એ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. વીતરાગમાર્ગથી તદ્દન ઉલટી દૃષ્ટિ છે. એથી એ સ્વર્ગમાં કદાચિત્ શુભભાવથી જાય. ત્યાંથી કરોડ શબ્દે અનંત ભવ સંસારમાં રખડશે. આ તો એક શબ્દ મૂક્યો છે-કરોડ. **'ભવકોડી'**. અનંત અનંત ભવ સંસારના (કરશે). મિથ્યાત્વનું ફળ જ અનંત નિગોદ છે. એક વસ્ત્રનો તાણો રાખીને પણ મુનિપણું માને, મનાવે, માનતાને રૂડું જાણે, નિગોદં ગચ્છઈ, એમ ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે અને એ વાત બરાબર છે, એમ જ છે. વસ્તુના સ્વરૂપની દૃષ્ટિ નથી, એથી મુનિપણાનું ભાન નથી. જિનદેવની આજ્ઞાના શાસ્ત્રો શું છે એની ખબર નથી. એવા વિપરીત મિથ્યાદૃષ્ટિને એક વસ્ત્રનો તાણો રાખે અને મુનિ

માને તો નિગોદ (જાય). અહીં તો ઠેકાણા એક્કેય વાતના રહ્યા નથી, કહે છે. સૂત્રમાં તો અનેક ખોટી વાતું (લખી છે). મુનિએ આટલા વસ્ત્ર રાખવા, એને આમ ધોવા, રંગ કરવું, ફલાણું કરવું, પાત્રાને રંગ દેવા.. કહે છે કે એ બધો માર્ગ મિથ્યાદષ્ટિએ કરેલો માર્ગ છે.

**'કરોડોં ભવ લેકર સંસાર હી મેં રહતા હૈ,...'** અનંતા ભવ કરીને નિગોદમાં રખડશે. આહાહા..! ... ચીભડાના ચોરને.. કહે છે ને કાંઈક? ફાંસીની સજા, એવું નથી ને આ? એમ નથી. ઘરના મૂળ ચોર છે, કહે છે. આખો માર્ગ એણે ફેરવી નાખ્યો. મેલો કરી નાખ્યો. જૈનદર્શનને મલિન કર્યું છે આખું. સમજાણું કાંઈ? કહે છે, એ કરોડો ભવ કરીને પણ (સંસારમાં રખડશે). **'ઇસપ્રકાર જિનાગમમેં કહા હૈ.'** દેખો! છે ને? **'भणिदो'** છે ને? **'तह वि ण पावइ सिद्धिं संसारत्थो पुणो भणिदो'** આઠમી ગાથા. ભગવાને શાસ્ત્રમાં આમ કહ્યું છે, ભાઈ! પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવે (આમ કહ્યું છે). જેને આ શબ્દો કાને પણ પડ્યા ન હોય એને બિચારાને શંકા પણ ન પડે. આ તો ભગવાનના શાસ્ત્ર છે અને એ પ્રમાણે અમે વસ્ત્ર રાખીએ, ભગવાનની આજ્ઞા છે આટલા વસ્ત્ર રાખવાની. મહાવ્રત પાળીએ છીએ, મહાવ્રત તે ચારિત્ર છે. જાઓ!

મુમુક્ષુ :-

ઉત્તર :- કપડાં... ભેખ તો છે. એ તો કહે છે, ભેખ પણ નથી, કુભેખ છે, એ કુલિંગ છે.

મુમુક્ષુ :- મહાવીરનો ભેખ છે.

ઉત્તર :- મહાવીરનો ભેખ છે જ નહિ. મહાવીરનો ભેખ તો નગ્ન હોય એ મહાવીરનો ભેખ છે. ભેખ પણ નથી, કુલિંગ છે. હવે તો પાંત્રીસ વર્ષ થઈ ગયા સાંભળતા. ખબર તો ન હોય? અહીં દિગંબર માર્ગ છે એ ખબર નથી એને? 'રવાણી'! અહીં તો અનાદિનો દિગંબર માર્ગ છે. અહીં કંઈ શ્વેતાંબર ને સ્થાનકવાસીનો માર્ગ છે નહિ. દિગંબરના શાસ્ત્રો વંચાય છે, દિગંબરની પ્રતિમા છે. ઉઘાડું છે.

મુમુક્ષુ :- હવે ગૂઢ બહું થઈ ગયું.

ઉત્તર :- સાચી વાત છે. ગૂઢ બધું. આવું બધું? આવું હોય? એમ.

અહીં તો આચાર્ય કહે છે, એવું જ છે, બાપા! ભાઈ! જિનાગમની વિરૂદ્ધ લખ્યું, જિનાગમથી વિરૂદ્ધ કર્યું. વીતરાગના માર્ગમાં તો વીતરાગ માર્ગનું પોષણ હોય. વીતરાગ જિનવાણી વીતરાગભાવને પોષે. એને ઠેકાણે રાગને પોષી, વસ્ત્ર રાખવાની વાતું, ભગવાનને રોગ થાય, સ્ત્રીની મુક્તિ થાય, સ્ત્રી વસ્ત્ર રાખે છતાં. આવી જે વાતું એ તો એકલું મિથ્યાત્વને પોષ્યું છે. સમજાણું કાંઈ? જુઓ!

**ભાવાર્થ :- 'શ્વેતાંબરઆદિક...'** શ્વેતાંબર આદિ એટલે શ્વેતાંબર, સ્થાનકવાસી વગેરે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' વખતે હજી તેરાપંથી નહિ નીકળ્યા હોય એવું લાગે છે. એમાં નથી વાત. હમણાં નીકળ્યા ને? બસ્સો વર્ષ પહેલાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. સ્થાનકવાસી... શ્વેતાંબરની વાત છે અહીં. પછી અહીં અર્થ કર્યો એ વખતે નીકળેલા ને. ખુલાસો કર્યો. એ વખતે શ્વેતાંબર થયા ને. શ્વેતાંબરમાંથી નીકળીને શ્વેતાંબર જ છે.

એમ.

**'શ્વેતાંબરાદિક ઇસપ્રકાર કહતે હૈં કિ-ગૃહસ્થ...'** શ્વેતાંબરમાં પણ પાછાં પીળા લૂગડાં થઈ ગયા છે ને હવે તો? સાધુ પીળા પહેરે. ધોળા પહેરે, જતિ પણ ધોળા પહેરે છે એટલે એ ખાતર એણે પછી પીળા કરી નાખ્યા. પીળા અવતાર કર્યો. પેલા જતિ પણ ધોળા પહેરતા ખરા ને. છે તો બધાનું સરખું. પીળા રાખો. લૂગડાં પીળાએ સાધુપણું, લ્યો. આહા..! વીતરાગનો માર્ગ જિનાગમની આજ્ઞા, જિનાગમની આજ્ઞા અનાદિ 'કુંદકુંદાચાર્ય' આદિ મુનિઓ કહે અને એનાથી વિરુદ્ધ આચરણ કરીને માને કે અમે ધર્મી છીએ મુનિ તો એ વીતરાગનો અને 'કુંદકુંદાચાર્ય'નો વેરી થયો. આહાહા..! પોતાના સ્વભાવની વસ્તુથી વિરુદ્ધ એણે કર્યું. સમજાણું કાંઈ?

**'ગૃહસ્થ આદિ વસ્ત્ર સહિતકો ભી મોક્ષ હોતા હૈ-ઇસપ્રકાર સૂત્રમેં કહા હૈ.'** એ લોકો કહે છે ને ગૃહસ્થ આદિ. 'મરુદેવી'ને હાથીને હોદ્દે મોક્ષ (થયો). સમજાણું? એમને કોઈકે પૂછ્યું 'અમરચંદજી'ને કે તમારો મોક્ષ સહેલો બહુ. હાથીને હોદ્દે મોક્ષ. 'એલચીકુમાર'ને દોરડે નાચતા નાચતા કેવળ (થયું). અને સાધુ આહાર ખાતો હતો. આહાર ખાતા ખાતા મોક્ષ (થઈ ગયો). સહેલો બહુ. જવાબ આપ્યો હતો. ભૂલી ગયા. નહિ? તે દિ' કહ્યું હતું. અંતરનો માર્ગ એવો છે, કહે. ખાતા ખાતા કેવળજ્ઞાન પામ્યા.

અહીં તો કહે છે, બાપુ! હજી તો સમ્યગ્દર્શન પામવાની રીતની ખબર ન મળે. દેવ, ગુરુ, શાસ્ત્ર સાચા કોને કહેવા એવી વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા ન મળે. એને નિશ્ચય શ્રદ્ધા ક્યાંથી થાય? અને મુનિપણું તો ક્યાંથી હોય? અને મોક્ષ તો ક્યાંથી હોય? '.. માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' જુઓ! 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં પરમાત્મા આ રીતે કહી રહ્યા છે. સમજાણું કાંઈ? માર્ગ આ છે. સાચો નિર્ણય કરાવવા ખોટા માર્ગનો નિષેધ કરે છે. સમજાણું કાંઈ? નહિતર શ્રદ્ધા વિપરીત રહેશે. અને એને મહાવ્રત આદિના આચરણ હોય તોપણ એ મરીને ચાર ગતિમાં રખડશે.

**'ગૃહસ્થ આદિ વસ્ત્ર સહિતકો ભી મોક્ષ હોતા હૈ...'** લ્યો. સ્ત્રીનો મોક્ષ, વસ્ત્ર પહેર્યા હોય ને. કથામાં ત્યાં સુધી કરી નાખ્યું. બાઈ આમ વાળતી હતી. વાળતી હતી એમાં એને કેવળજ્ઞાન થઈ ગયું. એના.. શું કહેવાય? ગુરુની પગ દાબતી હતી. પગ દાબતા દાબતા કેવળજ્ઞાન થઈ ગયું. સર્પ નીકળ્યો અંધારે. વાંસ આમ લાંબો હતો. ... પેલો સર્પ નીકળ્યો. કેમ થયું? અંધારું છે ને શું જોયું? આ સર્પ. જ્ઞાન થયું છે? અપ્રતિહત થયું છે? તો કહે, હા. આવા ગપ્પા માર્યા છે. ભાઈ! વસ્ત્ર સહિત મુનિપણું માને એને સમકિત ન હોય ને કેવળજ્ઞાન ક્યાંથી આવ્યું? ઓહો..! બહુ ફેર.

મુમુક્ષુ :-

ઉત્તર :- .. હા, એ વળી ઘરમાં. કેવળ પામ્યા ને ઘરમાં રહ્યા. શાક બતાવવા છરી જોઈતી હતી. એ બધું કથામાં છે. બતાવી કે એ પાછળ રહી. આવી વાતું. એ વાતની બહુ ચર્ચા ચાલી હતી, હોં! એક ફેરી. (સંવત) ૧૯૭૭ કે એના પછી. એક હતો, 'ખુશાલદાસ'. 'ખુશાલદાસ' કોર્ટ કે એવું કાંઈક હતો. બેરિસ્ટર. 'ભાવનગર' હતા. ત્યાં વાત આવી હતી કે આમ કહે છે. આવું તે હોય?

ગપ્પા માર્યા છે. કુંવરજી આમ કેમ માને છે? કુંવરજી આણંદજી. કુંવરજી... વાડામાં પડ્યા એને પરીક્ષા કરવાની કાંઈ શક્તિ રહેતી નથી. એ તો જે હોય ઇ સાચું, જાઓ! પેલો 'અમરચંદજી' છે ને? ભગવાનને વસ્ત્ર રાખ્યું. બહુ સુધરેલ ગણાય છે હમણાં. અડધું વસ્ત્ર એના. શું કીધું? એના બ્રાહ્મણના મામાનો મિત્ર. એની સાથે જોડે. કહો. સાધુ થઈને વસ્ત્ર રાખે અને અડધું આપે. .. દાન આપે. ત્યારે એના વખાણ કર્યા કે જૈનધર્મનો એમાં મહા કરુણાનો ભાવ છે. ગજબ કરે છે ને. આવ્યો તો દીધું. આખું આપી દેવું હતું ને. અડધું શું કરવા આપ્યું? બધા ગપ્પેગપ કલ્પિત વાતું કરી. કાંઈ મેળ ન મળે પછી .. દે.

અહીં તો કહે છે, **'ગૃહસ્થ આદિ વસ્ત્ર સહિતકો ભી મોક્ષ હોતા હૈ-ઇસપ્રકાર કહા હૈ. ઉસકા ઇસ ગાથામેં નિષેધકા આશય હૈ...'** સૂત્રમાં સિદ્ધાંતમાં આ લોકોએ કહ્યું છે ને. એનો નિષેધ કરે છે. ખોટી વાત છે તારી બધી. **'જો હરિહરાદિક બડી સામર્થ્યકે ધારક ભી હૈં તો ભી વસ્ત્ર સહિત તો મોક્ષ નહીં પાતે હૈં.'** વસ્ત્ર સહિતનો મોક્ષ હોઈ શકે નહિ. **'શ્વેતાંબરોંને સૂત્ર કલ્પિત બનાયે હૈં,...'** 'વળા'ની અંદર ચોર્યાશી સૂત્ર નવા બનાવ્યા. આ 'વળા', 'વલ્લભીપુર'. ૪૫ રાખ્યા શ્વેતાંબરે, ૩૧ રાખ્યા સ્થાનકવાસીએ. બત્રીસમું આવશ્યક છે એ નવું બનાવ્યું. **'ઉસમે યહ લિખા હૈ સો પ્રમાણભૂત નહીં હૈ;...'** ગૃહસ્થ વસ્ત્ર સહિતમાં કેવળજ્ઞાન પામે એ પ્રમાણભૂત વાત નથી. આ નિર્ણય કરે ને ... રેકોર્ડિંગ... શું કહેવાય? રોકેટ. ચંદ્રમામાં ગમે એમ ગયું હોય, આ કરને. રોકેટ. આ ચંદ્રમા શીતળ ભગવાનઆત્મા, એને પહોંચવાની રીત પકડ ને. બહાર ગમે એમ થયું એને ઘરે. ભગવાને આ કીધું છે, સાંભળ ને! આહાહા..! સમજાણું કાંઈ?

**'શ્વેતાંબર જિનસૂત્રકે અર્થ-પદસે ચ્યુત હો ગયે હૈં,...'** છે અંદર? એ શ્વેતાંબર જિનસૂત્રના અર્થ, ભગવાનના કહેલા શાસ્ત્રના અર્થથી, એના પદથી, એના ભાવથી પણ ચ્યુત થયા છે. લ્યો. **'ઐસા જાનના ચાહિયે.'** ભ્રષ્ટ થઈ ગયેલા છે. મોટો વર્ગ એ થઈ ગયો. સ્થાનકવાસી, દેરાવાસી.

---

**आगे कहते हैं कि - जो जिनसूत्रसे च्युत हो गये हैं वे स्वच्छंद होकर प्रवर्तते हैं, वे मिथ्यादृष्टि हैं :-**

## ગાથા-૯

**उक्किट्ठसीहचरियं बहुपरियम्मो य गुरुयभारो य।**
**जो विहरइ सच्छंदं, पावं गच्छंदि होदि मिच्छत्तं।।९।।**

**उत्कृष्ट सिंहचरितः बहुपरिकर्मा च गुरुभारश्च।**
**यः विहरति स्वच्छंदं पापं गच्छति भवति मिथ्यात्वम्।।९।।**

સ્વચ્છંદ વર્તે તેહ પામે પાપને મિથ્યાત્વને,
ગુરુભારધર, ઉત્કૃષ્ટ સિંહચરિત્ર, બહુતપકર ભલે. ૯.

अर्थ :- जो मुनि होकर उत्कृष्ट, सिंहके समान निर्भय हुआ आचरण करता है और बहुत परिकर्म अर्थात् तपश्चरणादि क्रियाविशेषोंसे युक्त है तथा गुरुके भार अर्थात् बड़ा पदस्थरूप है, संघ-नायक कहलाता है परन्तु जिनसूत्रसे च्युत होकर स्वच्छंद प्रवर्तता है तो वह पाप ही को प्राप्त होता है और मिथ्यात्वको प्राप्त होता है।

भावार्थ :- जो धर्मका नायकपना लेकर - गुरु बनकर निर्भय हो तपश्चरणादिक से बड़ा कहलाकर अपना संप्रदाय चलाता है, जिनसूत्रसे च्युत होकर स्वेच्छाचारी प्रवर्तता है तो वह पापी मिथ्यादृष्टि ही है, उसका प्रसंग भी श्रेष्ठ नहीं है।।९।।

## ગાથા-૯ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ-જો જિનસૂત્રસે ચ્યુત હો ગયે હૈં વે સ્વચ્છંદ હોકર પ્રવર્તતે હૈં, વે મિથ્યાદષ્ટિ હૈં.'** ભગવાનના જિનાગમો જે હતા, 'ષટ્ખંડાગમ' વગેરે શાસ્ત્રો. પછી આ 'સમયસાર' આદિ પછી બન્યા. એવા જિનસૂત્રથી ચ્યુત થયા તે સ્વચ્છંદી થઈ પ્રવર્તતા મિથ્યાદષ્ટિ છે.

उक्किट्ठसीहचरियं बहुपरियम्मो य गुरुयभारो य।
जो विहरइ सच्छंदं, पावं गच्छंदि होदि मिच्छत्तं।।९।।

અર્થ :- **'જો મુનિ હોકર ઉત્કૃષ્ટ, સિંહકે સમાન નિર્ભય હુઆ આચરણ કરતા હૈ...'** આકરી. એવા આચરણ કરે, મહિના-મહિનાના અપવાસ, લૂખા આહાર (લે). નિર્ભય કરીને કરે. એવી ક્રિયા કરે. **'ઔર બહુત પરિકર્મ....'** કરે. તપસ્યા, વિનય, વૈયાવચ્ચ, ધર્મની પ્રભાવના, એના મંદિરો, લાખો-કરોડો માણસો ભેગા થાય, એમાં હો-હા થાય. **'ક્રિયાવિશેષોંસે યુક્ત હૈ...'** તોપણ ભગવાનની આજ્ઞાથી, શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. એ ચાર ગતિમાં રખડવાના છે. આરે.. આરે...! ભારે કામ. એ.. 'દેવજીભાઈ'! છે કે નહિ એમાં? વીતરાગભાવથી લખાણું છે. સમજાણું કાંઈ? જેવું સ્વરૂપ છે તેવું વર્ણન ન કરે તો લોકોને સમજાય શી રીતે? સમજાણું? એક જણો કહે, સમાનભાવ રાખો. સમાન એટલે શું? એ પણ સાચું અને આ પણ સાચું? એમ સમાન હોય? વિરોધ ન હોય, દ્વેષ ન હોય. એ આત્મા છે. એને નથી બેસતું એની દષ્ટિ વિપરીત છે.

**'ક્રિયાવિશેષોંસે યુક્ત હૈ તથા ગુરુકે ભાર અર્થાત્ બડા પદસ્થરૂપ હૈ,...'** આચાર્ય, ઉપાધ્યાય એવી મોટી એને પદવી આપી હોય. **'ગુરુકે ભાર અર્થાત્ બડા પદસ્થરૂપ હૈ,...'** મોટો આચાર્ય, આચાર્યનો પણ આચાર્ય. શું કહે એને? આચાર્યનો અર્થ મોટા. જૈનસમ્રાટ. સૂરિસમ્રાટ. સૂરિસમ્રાટ. ગમે એવા નામ ધરાવો, કહે છે, પણ ભગવાનની આજ્ઞાની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે તે મિથ્યાદષ્ટિ છે.

મિથ્યાદૃષ્ટિ છે ત્યાં બીજાના શા ગજા? સમજાણું કાંઈ? એ તો ઘણા દૂર રહી ગયા. દાખલો તો ઇ આપ્યો છે, જુઓને! **'गरुयभारो य'** એક તો આકરા આચરણ હોય અને પરિક્રમ એનો તપસ્યા આદિ પણ ઘણી હોય, એમ કહે છે. આચરણ (એટલે) આ ક્રિયા, હોં! ચારિત્ર તો ક્યાં છે? આકરી આચરણની ક્રિયા, એ ઉપર એનો પરિક્રમ એટલે સંબંધ સંયોગ તપસ્યાનો પણ જબ્બર હોય. મહા જબ્બર. અને એનાથી પદસ્થ-મોટું પદ હોય. આચાર્યપદ, ગણીપદ.. શું આવે છે ને? ઘણા નામ આવે છે ને? ઉપાધ્યાયપદ.

મુમુક્ષુ :- સન્યાસી, પ્રવર્તક.

ઉત્તર :- સન્યાસ. પ્રવર્તક... મોટા ઘણા નામ આવે. મોટા ગમે એવા નામના પૂંછડા લગાવો, કહે છે. વીતરાગ સર્વજ્ઞના પરંપરાના શાસ્ત્રોનો માર્ગ, એનાથી ભ્રષ્ટ થયા છે (એ) મિથ્યાદૃષ્ટિ છે. એ ક્રમે ક્રમે નિગોદગામી થશે. વચમાં સ્વર્ગ આદિ (થશે), શુભભાવ હોય (એટલે) સ્વર્ગમાં જાય. શુભભાવ હોય કેટલાક. એવું બ્રહ્મચર્ય હોય. પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. અનંતા તીર્થંકરોનો, અનંત કેવળીઓનો, અનંત સંતોનો માર્ગ, એવો જે આત્માનો માર્ગ એનાથી વિરૂદ્ધ શ્રદ્ધા કરી. સમજાણું કાંઈ? વસ્ત્ર-પાત્ર રાખે ને મુનિ મનાવે, માને, આચાર્યપણું મનાવે ને માને (એ) મોટો પદવાળો હોય તોપણ કહે છે કે મિથ્યાદૃષ્ટિ છે. હેઠે બધા જાશે. અધોગતિ. અરે..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તો શું છે? શ્રદ્ધાન ન આવે તો શું છે? આહા..! માર્ગ તો આવો છે, ભાઈ! સમજાણું કાંઈ? અનંતા કેવળીઓએ પરંપરાએ કહેલો માર્ગ, એમાંથી એક બોલ ફેરવો તોપણ ભ્રષ્ટ છે, તો આ તો કહે છે, હજારો બોલોને ફેરવીને વીતરાગના માર્ગનો એક અંશ પણ રાખ્યો નથી. વીતરાગના માર્ગનું આખું રૂપ ફેરવી નાખ્યું. આહાહા..! ..

મોટા હોય, કહે છે. જુઓને! **'गरुय भारो'**. જ્ઞાનના જાણપણામાં મોટા જબરા હોય. લાખો માણસોને આમ સમજાવી શકે, એની વાત હોય ઇ. જ્ઞાનમાં જબરા, આચરણમાં જબરા, તપસ્યામાં જબરા, પદમાં જબરા, લ્યો. પણ છે મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? અને ગૃહસ્થ.. લખ્યું છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. મુનિ એક વસ્ત્રનો તાણો રાખીને મુનિ મનાવે તો અધર્મ છે. ગૃહસ્થ ઘણો પરિગ્રહ રાખે, મમતા પણ હોય, પણ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની હોય તો એને અલ્પકાળમાં મોક્ષ થશે. છે ને ભાઈ એમાં? 'મોક્ષમાર્ગ પ્રકાશક'. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બહુ સરસ (લખ્યું છે).

મુમુક્ષુ :-

ઉત્તર :- .. હતું. એ છે ક્યાંક. એ ક્યાંક છે ખરું. જો ગૃહસ્થપણામાં ઘણો પરિગ્રહ રાખી કંઈક પરિમાણ કરે તોપણ તે સ્વર્ગ, મોક્ષનો અધિકારી થાય છે. છઠ્ઠો. સમજાણું? ત્યારે મુનિપણામાં કિંચિત્ પરિગ્રહ અંગીકાર કરતાં પણ નિગોદગામી થાય છે. માટે ઊંચું નામ ધરાવી નીચી પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી. ઊંચી પદવી ધરાવે, આચાર્યપદ, મુનિપદ અને છે મિથ્યાદૃષ્ટિની ... ક્રિયા. સમજાણું કાંઈ? મુનિનું તો સ્વરૂપ એવું કે બાહ્ય અભ્યંતર પરિગ્રહ... એમ પછી વિશેષ (કહ્યું છે).

એમાં જ હશે કાં તો, નહિ? હા, એમાં જ છે. શાસ્ત્રમાં કૃત, કારિત, અનુમોદનાનું ફળ એકસરખું કહ્યું છે. એમાં જ છે. તેથી તેમને પણ એવું જ ફળ લાગશે. ચાહે તો મિથ્યાદષ્ટિ વસ્ત્રસહિત મુનિપણું માને, મનાવે, માનતાને રૂડું જાણે, ત્રણેયનું એક જ ફળ છે. કરે, કરાવે, અનુમોદે (ત્રણેયનું) ફળ સરખું છે. 'ભગવાનજીભાઈ'! ત્યાં તો પેલા જતિ આવ્યા તોપણ 'ભગવાનજીભાઈ' ખુશ થઈ ગયા હતા. ત્યાં કોઈ ન હોય તો શું કરે? પગલા કર્યા. દોઢસો રૂપિયા મૂક્યા. એ તો બધે એમ જ હોય. એ તો એમ જ હોય ને. મહારાજ આવ્યા, મહારાજ આવ્યા.. દેરાસર આવે, પગે લાગે પ્રતિમાને. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, **'સંઘ-નાયક કહલાતા હૈ...'** લ્યો, છે ને? સંઘના મોટા નાયક હોય. આચાર્ય, ઉપાધ્યાય. જૈનઆચાર્ય સમ્રાટ. પણ વીતરાગના માર્ગથી ભ્રષ્ટ થયેલાઓ (છે). એય! 'જાદવજીભાઈ'! પહેલુંવહેલું નવું સાંભળ્યું હોય તો બૈરાને આકરું લાગે. હવે તો કોઠે પડી ગયું. નવું તો સાંભળે છે. જૈનસમ્રાટ કહેવાય છે ને. સૂરીસમ્રાટ. તેથી શું થયું? અનાદિ વીતરાગમાર્ગ, વીતરાગનો અનાદિ માર્ગ એમાંથી ભ્રષ્ટ થઈને આવા નામ ધરાવે અને એવા પદ ન હોય, મહાવ્રત આદિ ન હોય અને ગૃહસ્થ હોય પણ સમ્યગ્દર્શન (હોય). પરિગ્રહ ઘણો ભલે હોય, મમતાની આસક્તિનો રાગ પણ હોય પણ એ અલ્પકાળમાં મોક્ષ જાશે. કારણ કે સત્યના પંથે ઇ પડ્યો છે. સમજાણું કાંઈ?

**'સંઘ-નાયક કહલાતા હૈ પરંતુ જિનસૂત્રસે ચ્યુત હોકર સ્વચ્છંદ પ્રવર્તતા હૈ...'** ભગવાનની આજ્ઞાનો માર્ગ જે હતો એનાથી જુદા પડી ગયા, ભ્રષ્ટ થઈ ગયા. પ્રવર્તે, ભલે પ્રવર્તો. **'તો વહ પાપ હી કો પ્રાપ્ત હોતા હૈ...'** તોપણ એ પાપને જ પ્રાપ્ત થાય. એટલે? **'મિથ્યાત્વકો પ્રાપ્ત હોતા હૈ.'** એમ કહે છે, લ્યો. આવા સંઘના નાયક હૈ, તપસ્યા (કરે), બાર-બાર, છ-છ મહિનાના અપવાસ (કરે), ઓળી કરે છે ને? એંસી-એંસી ઓળી, છ્યાંસી ઓળી, ફલાણું ઓળી. એક ટંક અપવાસ. એક અપવાસ ને એક ઓળી, એક અપવાસ ને એક ઓળી. કેટલા વર્ષથી ચાલે છે? ૮૬. ૮૬ કહેશે. એક જણો.. ૮૬મી ઓળીનું પારણું કરાવ્યું.

મુમુક્ષુ :-

ઉત્તર :- એનું નામ ૮૬. લ્યો. એમાં બહુ વાર ન લાગે.

અહીં તો કહે છે, **'વહ પાપ હી કો પ્રાપ્ત હોતા હૈ...'** મિથ્યાત્વને (પ્રાપ્ત કરે છે). **'गच्छंदि होदि मिच्छत्तं'**. શબ્દ એમ જ છે, જુઓ! **'विहरइ सच्छंदं, पावं गच्छंदि होदि मिच्छत्तं'**. બે શબ્દ પડ્યા છે ને? પાપને પામતા મિથ્યાત્વને જ પામે છે. આહાહા..! અનંત સર્વજ્ઞો, અનંત જિનાગમ, અનંત કેવળીઓ, અનંત સમકિતીઓ, અનંત મુનિઓની આજ્ઞાથી ભ્રષ્ટ થઈ ગયેલા. એટલે એના આત્માથી ઇ ભ્રષ્ટ છે. આહાહા..! બહારમાં તો ભારે તોફાન છે. માર્ગ આ છે, બાપુ! બીજું શું થાય? સત્ય તો સત્ય રહેશે ને? કોઈની કલ્પનાથી કંઈ સત્ય, અસત્ય થઈ જશે?

એવા જીવો હોય. કહે છે કે સાધુ થાય, ઉત્કૃષ્ટ સિંહવત નિર્ભય આચરણ કરે, તેના આચરણની સામગ્રી પણ બહુ આકરી હોય. તપસ્યા, વિનય. તપસ્યામાં પણ પારણે બહુ ઓછું

ખાવું. લૂખા આહાર (કરે), એવી જેની ક્રિયા હોય અને મોટો પદસ્થ હોય, નાયક હોય તોપણ વીતરાગના આગમથી તો એ ભ્રષ્ટ થઈ ગયેલા છે. માટે મિથ્યાત્વને જ પ્રાપ્ત થાશે. મિથ્યાત્વને જ પ્રાપ્ત છે. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જો ધર્મકા નાયકપના લેકર..'** હિન્દી ભાષા જોઈ? ધર્મકી નાયકી લેકરી. ધર્મનો નાયક થઈને. મોટો આચાર્ય, ઉપાધ્યાય, ગણી ને ગણીવર (કહેવાય). **'નિર્ભય હો તપશ્ચરણાદિક...'** કરી. તપસ્યા આદિ. લૂખા આહાર આદિ. **'બડા કહલાકર અપના સંપ્રદાય ચલાતા હૈ,...'** પોતાનો સંપ્રદાય (ચલાવે). સેંકડો સાધુ, આર્જિકા.. ઓહોહો...! ધર્મનો સ્વામી ગણે. મોટો પરિવાર ચલાવે. **'જિનસૂત્રસે ચ્યુત હોકર...'** પણ વીતરાગની આજ્ઞાથી તો ભ્રષ્ટ થયેલા છે. **'સ્વેચ્છાચારી પ્રવર્તતા હૈ...'** પોતાની ઇચ્છાએ પ્રવર્તે. ભગવાનની આજ્ઞાની એને શ્રદ્ધા નથી. **'તો વહ પાપી મિથ્યાદૃષ્ટિ હૈ,...'** આવું હોવા છતાં પાપી મિથ્યાદૃષ્ટિ છે. **'ઉસકા પ્રસંગ ભી શ્રેષ્ઠ નહીં હૈ.'** લ્યો. એનો સંગ પણ કરવા લાયક નથી. આહાહા..! સૌ એમ કહે, અમારું સાચું, તમારું ખોટું. અમારું .. કરો, બીજાનું ન કરો, એ થોડું એમ કહે. બાપુ! નક્કી કરો તો. શું થાય? સૌ તો એમ જ કહે કે નહિ? તમારા જેવાનો સંગ ન કરવો. પેલા કહે, અમારા સિવાય બીજાનો સંગ ન કરવો. આહા...! ... ભાઈ! સત્ય શું છે? અસત્ય શું છે? સમજાણું કાંઈ?

ત્રણ ગાથાનો આ અધિકાર આવ્યો, લ્યો! આગળ કહે છે, વીતરાગી મુનિ હતા, હોં! આ 'કુંદકુંદાચાર્ય'. રાગ-દ્વેષ ને મોહનો પરિણામ રહિત વીતરાગી સંત (હતા). હજારો વાર જેને છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું ગુણસ્થાનમાં ઝુલતા જ્ઞાયકભાવના અનુભવની દૃષ્ટિ થઈ. આહાહા..! એ મુનિ એમ કહે છે. આ શાસ્ત્ર લખવાનો વિકલ્પ આવ્યો છે. કહે છે કે ભાઈ! વીતરાગના સનાતન જિનાગમ હતા, જિનમાર્ગ હતો એનાથી જુદા પડ્યા. મૂળ સંઘથી જુદા પડી ગયા. મૂળ માર્ગથી જુદા પડી ગયા. બીજો માર્ગ ચલાવ્યો. એ ચાલનારાઓ, ચલાવનારાઓ ગમે એવી મોટી પદવીના ધારક હો અને ક્રિયા આકરી સિંહ જેવી (પાળતા હોય), આચરણ નિર્ભય હોય છતાં એ મિથ્યાત્વને જ પ્રાપ્ત છે. લોકોને મિથ્યાત્વ જેવું પાપ નથી અને સમકિત જેવો ધર્મ નથી, એની કિંમત નથી આવતી. આહાહા..! આ તો કો'કને મારે ને કાંઈક પૈસા રાખે ને પરિગ્રહ રાખે, ઢીકણું રાખે એ પાપ. પણ રાગને પોતાનો માને એવો ધર્મ માને છે (એ મિથ્યાત્વનું પાપ દેખાતું નથી). આહાહા..! સમજાણું કાંઈ?

અનંતા કેવળીઓ, અનંતા તીર્થંકરો, અનંતા સંતો જે માર્ગે ચાલ્યા અનાદિથી એના માર્ગથી ખસી ગયા. અમે વીતરાગના ભગત છીએ, વીતરાગની ક્રિયા કરીએ છીએ, જાત્રામાં કરોડો રૂપિયા ખર્ચાવીએ છીએ, અબજો ખર્ચાવીએ છીએ, શેત્રુંજય, સમ્મેદશીખરની જાત્રા કાઢીએ છીએ. વીસ-વીસ હજાર, પચીસ-પચીસ હજાર માણસો. એય..! મોટું પાયદળ લશ્કર ચાલતું હોય, લ્યો! છરીપાળ, છ પ્રકારનો. એમાં ધર્મ. બાપુ! રાગની મંદતા થોડી હશે તો શુભ થશે પણ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. મૂળ આગમથી ખસી ગયા છે એટલે દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. આહાહા..!

આ તો પાંચમા અધ્યાયમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં જે કહ્યું છે ઇ શૈલી છે આ તો, હોં!

સાતમામાં તો દિગંબરમાં જન્મેલાને મિથ્યાત્વ કેમ રહે છે એનો અધિકાર ત્યાં છે. જન્મે એમાં પણ પાછા રાગને ધર્મ માને, નિમિત્તથી લાભ થાય એમ માને, કંઈક શુભભાવ કરશું તો હળવે હળવે શુદ્ધ થશે, એમ જે દિગંબરમાં જન્મ્યા પણ આમ માને તો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વનો નાનો કણ પણ સંસારમાં લઈ જનાર છે. આહા..! સમજાણું કાંઈ? (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं कि - जिनसूत्रमें ऐसा मोक्षमार्ग कहा है -

## ગાથા-૧૦

णिच्चेलपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं।
एक्को वि मोक्खमग्गो, सेसा य अमग्गया सव्वे।।१०।।

निश्चेलपाणिपात्रं उपदिष्टं परमजिनवरेन्द्रैः।
एकोऽपि मोक्षमार्गः शेषाश्च अमार्गा सर्वेः।।१०।।

નિશ્ચેલ-કરપાત્રત્વ પરમજિનેન્દ્રથી ઉપદિષ્ટ છે;
તે એક મુક્તિમાર્ગ છે ને શેષ સર્વ અમાર્ગ છે. ૧૦.

अर्थ :- जो निश्चेल अर्थात् वस्त्ररहित दिगम्बर मुद्रास्वरूप और पाणिपात्र अर्थात् हाथरूपी पात्रमें खड़े खड़े आहार करना, इस प्रकार एक अद्वितीय मोक्षमार्ग तीर्थंकर परमदेव जिनेन्द्रने उपदेश दिया है, इसके सिवाय अन्य रीति सब अमार्ग हैं।

भावार्थ :- जो मृगचर्म, वृक्षके वल्कल, कपास पट्ट, दुकूल, रोमवस्त्र, टाटके और तृणके वस्त्र इत्यादि रखकर अपनेको मोक्षमार्गी मानते हैं तथा इस कालमें जिनसूत्रसे च्युत हो गये हैं, उन्होंने अपनी इच्छासे अनेक भेष चलाये हैं, कई श्वेत वस्त्र रखते हैं, कई रक्त वस्त्र, कई पीले वस्त्र, कई टाटके वस्त्र, कई घासके वस्त्र और कई रोमके वस्त्र आदि रखते हैं, उनके मोक्षमार्ग नहीं हैं क्योंकि जिनसूत्रमें तो एक नग्न दिगम्बरस्वरूप पाणिपात्र भोजन करना इसप्रकार मोक्षमार्गमें कहा है, अन्य सब भेष मोक्षमार्ग नहीं है और जो मानते हैं वे मिथ्यादृष्टि हैं।।१०।।

**પ્રવચન નં. ૩૦ ગાથા-૧૦થી ૧૩, બુધવાર, અષાઢ સુદ ૫, તા. ૮-૦૭-૧૯૭૦**

**'આગે કહતે હૈં કિ જિનસૂત્રમેં ઐસા મોક્ષમાર્ગ કહા હૈ.'** પરમેશ્વર તીર્થંકર ભગવાને સિદ્ધાંત કહ્યા, શાસ્ત્રો કહ્યા એમાં આવો મોક્ષમાર્ગ કહ્યો છે.

णिच्चेलपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं।
एक्को वि मोक्खमग्गो, सेसा य अमग्गया सव्वे।।१०।।

**અર્થ :- 'જો નિશ્ચેલ અર્થાત્ વસ્ત્રરહિત દિગંબર મુદ્રાસ્વરૂપ ઔર પાણિપાત્ર અર્થાત્ હાથરૂપ પાત્રમેં ખડે ખડે આહાર કરના ઇસપ્રકાર એક અદ્વિતીય મોક્ષમાર્ગ તીર્થંકર પરમદેવ જિનેન્દ્રને ઉપદેશ દિયા હૈ,...'** મુનિમાર્ગની વ્યાખ્યા છે. મુનિમાર્ગ એ જ મોક્ષમાર્ગ છે. મૂળ માર્ગ કેવો હોય? ભગવાનના શાસ્ત્રમાં કહ્યો ઇ. એ તો વસ્ત્રરહિત દિગંબર મુનિ હોય. ભગવાનની આજ્ઞા શાસ્ત્રોમાં એમ કહ્યું છે. નિશ્ચેલ-વસ્ત્રરહિત દિગંબર મુદ્રા જેનો દેખાવ (હોય). અંતરનું પછી આવશે. પાણિ-હાથમાં આહાર લ્યે. એવો મુનિમાર્ગ અનાદિનો વીતરાગના માર્ગમાં પરમેશ્વરે સૂત્રમાં કહેલો એ માર્ગ છે.

**'ઇસપ્રકાર એક અદ્વિતીય મોક્ષમાર્ગ...' 'एक्को वि'** એમ કહ્યું છે ને? **'તીર્થંકર પરમદેવ જિનેન્દ્રને ઉપદેશ દિયા હૈ, ઇસકે સિવાય અન્ય રીતિ સબ ઉન્માર્ગ હૈ.'** આવો મોક્ષનો માર્ગ, અભ્યંતર સમ્યગ્દર્શન, જ્ઞાન અને વીતરાગતા સહિત અને બાહ્ય નગ્નમુદ્રા અને આહાર હાથમાં. બેય લઈ લીધું. પાત્ર અને વસ્ત્ર. પાત્ર નહિ એ હાથ. વસ્ત્ર નહિ (એ) દિગંબર. એવો મુનિના માર્ગનો સૂત્રમાં ઉપદેશ છે. એથી વિરૂદ્ધ જેટલા માર્ગ છે એ બધા ઉન્માર્ગ છે. વીતરાગનો માર્ગ નથી. 'સેઠી'! દિગંબર એકલો વસ્ત્ર રહિત અને આહાર હાથમાં (લે એ) એકલો નહિ.

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ આવે છે. હવે આવે છે, કીધું ને અંદર.

મુમુક્ષુ :- એકલો કીધો. ત્યાં સુધી તો આ હોય ને.

ઉત્તર :- **'एक्को'** એટલે? ઇ એક માર્ગ છે, એમ. મોક્ષનો માર્ગ આત્માનું સમ્યગ્દર્શન, અનુભવ, પ્રતીત, ચારિત્રની રમણતા-વીતરાગતા અને અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પ અને બાહ્યમાં નગ્ન દિગંબર દશા અને આહાર હાથમાં. આવો વીતરાગનો માર્ગ અનાદિનો સર્વજ્ઞના શાસ્ત્રમાં આ કહેલો છે. જે શાસ્ત્રમાં વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું મનાવ્યું છે એ શાસ્ત્ર નથી. એ બધા કુશાસ્ત્ર છે. આહાહા..! આકરું કામ. આ સૂત્રપાહુડ છે એટલે ભગવાને કહેલા એ સૂત્ર. સમજાણું કાંઈ? એની ઓળખાણ તો કરવી પડશે કે નહિ? દેવ કોણ હોય? ચારિત્રવંત ગુરુ કેવા હોય? નિર્ગ્રંથ ગુરુ કેવા હોય? સમજાણું કાંઈ?

નવતત્ત્વમાં પણ મોક્ષનો માર્ગ આવી જાય છે. સંવર, નિર્જરા તત્ત્વ. સંવર, નિર્જરા મુનિને યોગ્ય જેને પ્રગટ થઈ છે એને તો શરીર નગ્ન અને હાથમાં જ આહાર હોય. બીજું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? 'ભગવાનજીભાઈ'! ભારે આકરું પડે વાડાવાળાને. માર્ગ આ છે, બાપુ! ભગવાનના સિદ્ધાંતો પરમેશ્વર તીર્થંકરે કહ્યા. જુઓને! **'जिणवरिंदेहिं' 'परमजिणवरिंदेहिं'.** એમ શબ્દ વાપર્યો છે. પરમદેવ જિનેન્દ્રદેવના ઉપદેશમાં આવો માર્ગ અનાદિનો ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? એ સિવાય બધાય ઉન્માર્ગ છે. એ જૈનમાર્ગ નથી. સમજાણું કાંઈ?

બે હજાર વર્ષથી માર્ગ જુદો પડી ગયો. એટલે એને ખબર નહિ કે આ માર્ગ અમારો બીજો છે અને (મૂળ) માર્ગ કાંઈક બીજો છે. સ્થાનકવાસી તો હજી હમણાં પાંચસો વર્ષ (પહેલા) શ્વેતાંબરમાંથી નીકળ્યા. એને પણ ખબર નથી કે આ માર્ગ શું છે અને અમે ક્યા શાસ્ત્રને માનીએ

છીએ? શાસ્ત્ર ભગવાનના છે કે નહિ એની બરાબર નથી. ભગવાનના છે એમ બરાબર છે? સમજાણું કાંઈ? જે શાસ્ત્રમાં મુનિને વસ્ત્ર, પાત્ર ઠરાવ્યા હોય અને મુનિપણું મનાવ્યું હોય એ શાસ્ત્ર કુશાસ્ત્ર છે અને એના માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. આવો માર્ગ છે, ભાઈ!

**ભાવાર્થ :- 'જો મૃગચર્મ...'** કોઈ મૃગલાના ચામડા રાખે. બાવાની વાત છે. **'વૃક્ષકે વલ્કલ,...'** રાખે. છાલ. કપાસ રાખે, કપાસના કપડા. **'કપાસ પટ્ટ, દુકૂલ,...'** એ હશે કાંઈક. **'રોમવસ્ત્ર,...'** વાળના વસ્ત્ર. થાય છે ને? ઉનના, ઘેટાના, બકરાના વાળના. **'ટાટકા...'** ટાટ-ટાટ. આ શણ. **'ઔર તૃણ કે...'** તરણાના. પથારી થાય છે ને તરણાની? એ **'વસ્ત્ર ઇત્યાદિ રખકર અપનેકો મોક્ષમાર્ગ માનતે હૈં...'**

મુમુક્ષુ :- હવે આ માહ્યલા વસ્ત્ર નથી બીજી જાતના છે.

ઉત્તર :- ઇ કહે છે ને. એ નિશ્ચય કહે છે ને. બધી જાતના વસ્ત્ર હોય. કોઈપણ વસ્ત્ર પ્લાસ્ટીકનું હોય, લ્યોને. 'ભગવાનજીભાઈ'! 'ભગવાનજીભાઈ' પ્લાસ્ટીકના જોડા પહેરે છે.

મુમુક્ષુ :- વસ્ત્ર પહેરવાના..

ઉત્તર :- પહેરવાના પણ પ્લાસ્ટીકના અત્યારે થઈ ગયા છે. કોથળીઓ પ્લાસ્ટીકની થઈ ગઈ. અમથી રખડે છે. સાધારણ કિંમતની. મુહપત્તિ પ્લાસ્ટકની થઈ ગઈ. ગજબ કર્યા છે. અરે...! ભગવાન! પરમેશ્વર તીર્થંકરદેવનો માર્ગ. એના મુનિ આમ એકકોર બેઠા હોય. એની સામે આ માર્ગને આવા વસ્ત્ર, પાત્ર સહિતને મુનિને માનવા, એ તો મોટો વિરોધ છે. તત્ત્વનો વિરોધ છે. ઉન્માર્ગનું પોષણ છે. આહાહા..!

**'તથા ઇસ કાલમેં જિનસૂત્ર સે ચ્યુત હો ગયે હૈં....'** આ કાળમાં ભગવાનના આજ્ઞાના શાસ્ત્રો હતા એમાંથી બાર (વર્ષના) દુકાળના કાળમાં શ્વેતાંબર ચ્યુત-ભ્રષ્ટ થયા. બે હજાર વર્ષ પહેલા એ શ્વેતાંબર પંથ નીકળ્યો છે. ભ્રષ્ટ થઈને, મિથ્યાદૃષ્ટિ થઈને નીકળ્યો છે. ભારે કામ આકરાં.

મુમુક્ષુ :- એમાં પણ...

ઉત્તર :- એમાં એ તો વળી બીજા. સાધુપણું મોળું કરવા.. હતું કે દિ' તારું સાધુપણું? મોળું તો શિથિલ તો વિપરીત તો છે બધું. એમાં પણ હજી મોળું પાડવું છે. બાપુ! મુનિમાર્ગ છે ઇ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગની પૂર્ણતા-ભલે પરિપૂર્ણતા આગળ હોય પણ એકદેશ છે એને પરિપૂર્ણતા કહી શકાય છે. એવો છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ચારિત્ર સમ્યગ્દર્શન, વીતરાગતા જેને આવી અંદર પ્રગટી હોય છે એને તો નગ્નમુદ્રા સિવાય કોઈ બીજું નિમિત્ત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

શ્રદ્ધાને સુધારવી પડશે. શ્રદ્ધાને સુધારવી હોય તો વીતરાગના શાસ્ત્રમાં તો આવા મુનિને મુનિ કહ્યા છે. એ સિવાયના વસ્ત્ર-પાત્ર રાખે, મકાનો બનાવે, એમાં રહે, એને માટે બનાવેલામાં રહે, એ બધા જૈનમાર્ગના સિદ્ધાંતથી વિપરીત માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

અમે તો (સંવત) ૧૯૬૮માં પહેલું સાંભળ્યું ત્યારે ભડક્યા હતા. સાધુને એને માટે કરેલા અપાસરા ખપે નહિ. અપાસરા કર્યા હોય ઇ વાપરે તો સાધુ નહિ. ઇ પહેલું (સંવત) ૧૯૬૮માં સાંભળ્યું. 'ગુલાબચંદ'ને જોયા હતા કે નહિ? 'ગુલાબચંદજી' હતા. સ્થાનકવાસી

સાધુ.'રાજકોટ'ના. (સંવત) ૧૯૬૮-૬૮ની સાલ. 'પાળિયાદ'માં ત્રણ મહિના રહ્યા. ન્યાં ગયા તો એણે આવું સંભળાવ્યું. ઓય..! આ શું? સાધુ માટે અપાસરા કર્યા હોય, ઓરડી કરી હોય, પાટ-પાટલા બનાવ્યા હોય એ વાપરે તો ઇ સાધુ નહિ. આપણે તો આવું... મોટી ચર્ચા ચાલી. (સંવત) ૧૯૬૮ની સાલ. આસો મહિનામાં મોટી ચર્ચા (ચાલી). બે ગાડા જોડીને પાછા 'પાળિયાદ' પૂછવા ગયા. પછી ખીજાણા. આ તો આમ કહે છે. એ વાતનો શું ખુલાસો છે? કચ્છી સાથે હતા. '...' નહિ? 'મૂળી'વાળા. પહેલા 'ગોપાણી' આવ્યા હતા. મેં કીધું, 'ગુલાબચંદજી' તો આમ કહે છે. એમાં તો આ નીકળ્યું પાછું.

અહીં તો કહે છે, વસ્ત્ર ને પાત્ર વાપરે અને મુનિ માને એ જૈન સિદ્ધાંતથી વિરૂદ્ધ ઉન્માર્ગી છે. એ જૈનમાર્ગી નથી. આહાહા..! આકરું કામ ભારે. મોટો વર્ગ મિથ્યાદૃષ્ટિ. ગૃહીત મિથ્યાદૃષ્ટિ, હોં! ઇ. એને અગૃહીત તો છે જ. 'રાગ તે હું' એવો મિથ્યાત્વભાવ તો અનાદિનો પડ્યો છે. અગૃહીત મિથ્યાદૃષ્ટિ તો છે. અનાદિનો નિસર્ગ મિથ્યાત્વ (છે), આ અધિગમજ મિથ્યાત્વ. આહાહા..! બહુ કામ (આકરું). ભગવાનને નામે શાસ્ત્ર ચડાવ્યા અને શાસ્ત્રમાં પછી બધા આવા વસ્ત્ર ખપે ને આટલા પાત્ર ને એને રંગરોગાન ને આ ને રજોણો ને ગોછો ને ફલાણું, ઢીકણું... એક જણ હમણાં કહે, ૧૧૧ ઉપકરણ થયા. અર્ધ વસ્ત્રમાંથી ફાલતા ફાલતા ૧૧૧ ઉપકરણ સાધુને થયા, હજી ભગવાન જાણે શું થાશે? શ્વેતાંબર સાધુ છે એણે લખ્યું છે. અર્ધફાલિકા હતી પહેલી. અરધો કટકો રાખ્યો હતો પહેલા. પાળી ન શક્યા અને દુકાળ હતો. આપણે આમાં અર્ધફાલિકા આવી ગયું છે. બે-ત્રણ ઠેકાણે (આવી ગયું). વસ્ત્ર રાખીને સાધુપણું મનાવવા લાગ્યા. પછી જોઈએ શાસ્ત્ર, એ વિના લોકો માને નહિ. એટલે શાસ્ત્ર બનાવ્યા. કલ્પિત. મિથ્યાદૃષ્ટિ થયા પછી શાસ્ત્ર રચાણા છે. સમજાણું કાંઈ? જેમાં વસ્ત્ર સહિત મુનિપણું સ્થાપ્યું હોય એ મિથ્યાદૃષ્ટિના કહેલા શાસ્ત્ર છે. ભગવાનના કહેલા નહિ, સમકિતીના નહિ, મુનિના કહેલા નહિ. એય! 'હિંમતભાઈ'! ક્યાંનું ક્યાં આવ્યું પણ આ તો.

કહે છે, '**જિનસૂત્ર સે ચ્યુત હો ગયે હૈં,...**' ભગવાનની આજ્ઞાના સિદ્ધાંતો હતા એનાથી તો ભ્રષ્ટ થયા. '**ઉન્હોંને અપની ઇચ્છાસે અનેક ભેષ ચલાયે હૈં,...**' અનેક ભેખ ધાર્યા. '**કઈ શ્વેત વસ્ત્ર રખતે હૈં,...**' લ્યો. ધોળા. '**કઈ રક્ત વસ્ત્ર, કઈ પીલે વસ્ત્ર,...**' લ્યો, આ પીળા છે ને દેરાવાસીમાં પીળા. '**કઈ ટાટકે વસ્ત્ર,...**' અન્યમતિમાં. '**કઈ ઘાસકે વસ્ત્ર ઔર કઈ રોમકે વસ્ત્ર...**' વાળના. '**આદિ રખતે હૈં, ઉનકે મોક્ષમાર્ગ નહીં હૈ,...**' તેને મોક્ષમાર્ગ છે નહિ.

'**ક્યોંકિ જિનસૂત્રમેં તો એક નગ્ન દિગંબર સ્વરૂપ પાણિપાત્ર ભોજન કરના, ઇસપ્રકાર મોક્ષમાર્ગમેં કહા હૈ,...**' પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના સિદ્ધાંતના શાસ્ત્રોમાં તો એક નગ્ન દિગંબર પાણીપાત્ર-હાથપાત્રમાં ભોજન કરવું. '**ઇસપ્રકાર મોક્ષમાર્ગમેં કહા હૈ, અન્ય સબ ભેષ મોક્ષમાર્ગ નહીં હૈ ઔર જો માનતે હૈં વે મિથ્યાદૃષ્ટિ હૈં.**' કહો, સમજાણું કાંઈ? આ પક્ષની વાત નથી, વસ્તુના સ્વરૂપની વાત છે, ભાઈ! લોકોને ખબર નથી એટલે શું થાય? વસ્તુનો સ્વભાવ જ એવો છે કે જ્યાં છઠ્ઠું-સાતમું ગુણસ્થાન મુનિનું પ્રગટે એટલે શરીરની નગ્ન દશા સહજ જડની થઈ જાય અને

એને આહાર લેવાનું પાત્ર હાથ જ હોય. એવી સ્થિતિ ગુણસ્થાનની, મોક્ષમાર્ગની દશામાં એવું વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અને વસ્ત્ર, પાત્ર સહિત મુનિપણું માન્યું એને નવેય તત્ત્વની વિપરીત શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? એ દસમી (ગાથા પૂરી થઈ).

૨૩મી ગાથામાં એમ આવે છે. આ દસમી છે ને? તીર્થંકર હોય પણ જો વસ્ત્ર સહિત છે ત્યાં સુધી એને મુક્તિ ન થાય. '**ण वि सिज्झदि**'. આની સાથે છે. જુઓ! ૨૩. ૨૩ છે ને? '**ण वि सिज्झदि वत्थधरो जिणसासणे जइ वि होइ तित्थयरो।**' તીર્થંકર હોય પણ જ્યાં સુધી વસ્ત્ર રાખે ત્યાં સુધી મુનિ નહિ. ૨૩ (ગાથા), પાનું-૭૨. '**वस्त्र धारकके मोक्ष नहीं है, मोक्षमार्ग नग्नपणा ही है.**' (ગાથા-૨૩નું મથાળું). આહાહા..! '**ण वि सिज्झदि वत्थधरो जिणसासणे जइ वि होइ तित्थयरो।**' જૈનશાસનમાં તીર્થંકર સાક્ષાત્ ભગવાન હોય, ત્રણ જ્ઞાનના ધણી જ્યાં સુધી વસ્ત્ર રાખે ત્યાં સુધી મુનિપણું નહિ. '**णग्गो विमोक्खमग्गो**'. નગ્નપણું તે મોક્ષનો માર્ગ છે. '**सेसा उम्मग्गया सव्वे।।**' એ સિવાય બધા ઉન્માર્ગ છે. મિથ્યાત્વના માર્ગ, મિથ્યાત્વના પોષક માર્ગ છે. આહાહા..! ભારે આકરું કામ. સંપ્રદાય બે-બે હજાર વર્ષથી નીકળ્યા. પાંચસો-પાંચસો વર્ષથી આ સ્થાનકવાસી નીકળ્યા, તેરાપંથી હમણાં બસ્સો વર્ષ પહેલા નીકળ્યા. કહે છે, બધા વીતરાગ સિદ્ધાંતના શાસ્ત્રથી તદ્દન વિરૂદ્ધ માર્ગ છે. આહા..! મિથ્યાદષ્ટિનો માર્ગ ચોખ્ખો છે. પ્રગટ મિથ્યાદષ્ટિ છે.

બપોરે સૂક્ષ્મ મિથ્યાત્વીની વાત આવે છે. આ પણ છોડ્યું હોય, ગયું હોય એને સૂક્ષ્મ મિથ્યાત્વ કેમ રહે છે? જૈન દિગંબરમાં જન્મ અને દિગંબરમાં સાધુ, શ્રાવક નામ ધરાવે છતાં એને સૂક્ષ્મ મિથ્યાત્વ કેમ રહે છે, એ વાત બપોરમાં ચાલે છે. રાગનો કણ પણ, અંદર શુભરાગ હો, એ પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ સાથે એકત્વ માનીને રાગ સાથે પરિણમે છે એ મિથ્યાદષ્ટિ છે. એ મિથ્યાદષ્ટિ જૈન નથી. આહાહા..! અત્યારે આ તો સ્થૂળની વાત ચાલે છે. ગૃહીત મિથ્યાદષ્ટિની આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? માર્ગ આ છે, બાપુ! વીતરાગે કહેલો આ છે. એને માનવો પડશે. બીજી વાત એને સાચી શ્રદ્ધા, વ્યવહારે સાચી શ્રદ્ધા, હોં! કરવી હોય તો એણે બીજી શ્રદ્ધા છોડવી પડશે. આહાહા..!

---

**आगे दिगम्बर मोक्षमार्गकी प्रवृत्ति करते हैं -**

## ગાથા-૧૧

**जो संजमेसु सहिओ, आरंभपरिग्गहेसु विरओ वि।**
**सो होइ वंदणीओ, ससुरासुरमाणुसे लोए।।११।।**

**यः संयमेषु सहितः आरंभपरिग्रहेषु विरतः अपि।**
**सः भवति वंदनीयः ससुरासुरमानुषे लोके।।११।।**

**જે જીવ સંયમયુક્ત ને આરંભપરિગ્રહવિરતિ છે,**
**તે દેવ-દાનવ-માનવોના લોકત્રયમાં વંદ્ય છે. ૧૧.**

**अर्थ :- जो दिगम्बर मुद्राका धारक मुनि इन्द्रिय-मनको वशमें करना, छहकायके जीवोंकी दया करना, इसप्रकार संयम सहित हो और आरम्भ अर्थात् गृहस्थके सब आरम्भोंसे बाह्य-अभ्यन्तर परिग्रहसे विरक्त हो, इनमें नहीं प्रवर्ते तथा 'आदि' शब्दसे ब्रह्मचर्य आदि गुणोंसे युक्त हो वह देव-दानव सहित मनुष्यलोकमें वंदने योग्य है, अन्य भेषी परिग्रह-आरंभादिसे युक्त पाखण्डी (ढोंगी) वंदने योग्य नहीं है।।११।।**

## ગાથા-૧૧ ઉપર પ્રવચન

**'આગે દિગંબર મોક્ષમાર્ગ કી પ્રવૃત્તિ કહતે હૈં.'** હજી હવે આવે છે. નગ્નપણું હોય, આહાર-પાણી (ઉભા ઉભા લે) પણ એની અભ્યંતર દશા કેવી હોય? આ તો બાહ્યની વાત કરી. અભ્યંતરમાં...

**जो संजमेसु सहिओ, आरंभपरिग्गहेसु विरओ वि।**
**सो होइ वंदणीओ, ससुरासुरमाणुसे लोए।।११।।**

**अर्थ :- 'જો દિગંબર મુદ્રા કા ધારક મુનિ...'** બાહ્યમાં દિગંબર મુદ્રા હોય, અંદરમાં **'ઇન્દ્રિય-મનકો વશ કરના,...'** સંયમની વાત કરે છે. મન અને ઇન્દ્રિય તાબે કરેલા હોય. સ્વરૂપ તરફમાં એને આનંદનો અનુભવ થયો હોય. આહાહા..! **'છહ કાય કે જીવોંકી દયા કરના..'** એકેન્દ્રિયના એક દાણાને પણ કચડીને આહાર લેવો એવો એનો ભાવ ન હોય. એવા નગ્ન દિગંબરને આવો ભાવ હોય એને વાસ્તવિક મુનિપણું કહે છે. સમજાણું કાંઈ? એકલા નગ્ન હોય અને આહાર-પાણી હાથમાં લે માટે સાધુ છે, એમ નહિ. સમજાણું કાંઈ?

છ જીવનિકાય. એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. એ છ કાય. એ છ કાયને બિલકુલ મારવાનો કે હણીને આહાર લેવાનો ભાવ જેને હોય નહિ. એવો અંતરમાં સંયમ એને સંયમ (હોય). સમ-યમ. અનુભવ સમ્યગ્દર્શન સહિત, યમ એટલે અંદરમાં ઇન્દ્રિય અને કષાયનો ઇ જાતનો ભાવ, એનાથી રહિત ભાવ હોય. એવા સંયમભાવ સહિત હોય તો નગ્નમુદ્રા સહિત હોય એને મુનિપણું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ઔર આરંભ અર્થાત્ ગૃહસ્થોંકે સબ આરંભોંસે...'** એક વાત. ગૃહસ્થના જેટલા આરંભ હોય એનાથી રહિત હોય. ગૃહસ્થ સેવા, કૃષિ, બધા પાપના કામ કરે, વેપાર-ધંધા એ બધા ભાવ રહિત, એવા ભાવ મુનિને હોય નહિ. **'બાહ્યાભ્યંતર પરિગ્રહસે વિરક્ત હો...'** બાહ્ય પરિગ્રહ અને અભ્યંતર પરિગ્રહ મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ. બાહ્ય પરિગ્રહ વસ્ત્ર આદિ અને અભ્યંતર પરિગ્રહ રાગાદિ. એ રાગને પોતાનો માને અને પરિણમે તો એ મિથ્યાદષ્ટિ છે. એથી રાગ અને

પુણ્ય-પાપના ભાવથી અભ્યંતરમાં જે રહિત હોય. વીતરાગ પર્યાય જેને પ્રગટી હોય, એમ કહે છે. આહાહા..! એને શ્રદ્ધા તો કરે. માર્ગ તો આ છે એમ ઓળખાણ તો કરે. ઓળખાણ વિના એના આરા નહિ આવે. દુનિયા માનશે, લાખો માણસ માને, પૂજે માટે એનું કલ્યાણ થઈ જાય, એમ છે નહિ.

**'બાહ્યાભ્યંતર પરિગ્રહ...'** અભ્યંતર પરિગ્રહ મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વિષયના પરિણામ એ અભ્યંતર પરિગ્રહ છે. એનાથી રહિત અપરિગ્રહી વીતરાગી પર્યાય જેને પ્રગટી હોય, એમ કહે છે. એવો જેને સંયમ અને અભ્યંતર વીતરાગ પર્યાય પ્રગટી હોય એને નગ્ન દિગંબર અને હાથમાં આ ક્રિયા એને બરાબર વ્યાજબી છે. **'ઇનમેં નહીં પ્રવર્તે...'** અભ્યંતરમાં ન પ્રવર્તે અને બાહ્યમાં ન પ્રવર્તે, એમ કહે છે. અભ્યંતરમાં રાગાદિ શુભ હોય પણ મારા કરીને પરિણમે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'ઇનમેં નહીં પ્રવર્તે...'** એ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પોમાં ન પ્રવર્તે. અભ્યંતર ભગવાન વીતરાગી સ્વરૂપ આત્મા, એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, અનુભવ સહિત પ્રવર્તે. એને મુનિ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? 'સૂત્રપાહુડ' છે ને? ભગવાનના કહેલા સત્‌શાસ્ત્ર સિવાય બીજી વાત ખોટી કેમ છે? કે ભગવાને કહેલા શાસ્ત્રથી તો વિરૂદ્ધ છે. ભલે સૂત્ર નામ આપે. આચારાંગ, સૂયગડાંગ ને ઠાણાંગ ને ભગવતી ને.. સમજાણું કાંઈ? પણ એ ભગવાનના કહેલા સૂત્ર નથી. જે સૂત્રમાં વસ્ત્ર-પાત્ર રાખી મુનિપણું મનાવ્યું છે એ ભગવાનના શાસ્ત્ર નથી. મિથ્યાદૃષ્ટિના કહેલા શાસ્ત્ર છે. આકરી વાત છે. આહા..હા..! અવ્વલદોમ માર્ગ છે.

દિગંબર થઈને પણ, મુનિપણું દિગંબર લઈને પણ, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય છતાં, ન વસ્ત્ર હોય છતાં એ અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પમાં જેનું પરિણમન ત્યાં છે, દૃષ્ટિ ત્યાં છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એની નગ્નમુદ્રા અને આહાર-પાણી હાથમાં લે, બધું વ્યર્થ છે. સમજાણું કાંઈ? એના આત્માને કાંઈ લાભ નથી, પણ નુકસાન છે. આવું છે.

**'તથા આદિ શબ્દસે બ્રહ્મચર્ય આદિ ગુણોંસે યુક્ત...'** હોય. બ્રહ્માનંદ ભગવાનઆત્મા. બ્રહ્મ નામ આનંદસ્વરૂપ. અતીન્દ્રિય આનંદમાં જેની રમણતા, લીનતા ઉગ્ર હોય છે. આત્મા બ્રહ્મસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદનું ચરવું, પરિણમવું, બ્રહ્મચર્ય-આનંદનું પરિણમન જેને થવું, અતીન્દ્રિય આનંદનું પરિણમન ચર્યા (હોય) એને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. એવા બ્રહ્મચર્ય સહિત યુક્ત હોય. **'વહ દેવ-દાનવ સહિત મનુષ્યલોકમેં વંદને યોગ્ય હૈ,...'** મનુષ્ય તો વંદે પણ દેવ-દાનવો પણ જેને વંદે. ઓહો..! જુઓને! 'પુષ્પદંતમુનિ' 'ભૂતબલિમુનિ'. 'ગિરનાર'માં શાસ્ત્રો ગુરુએ આપ્યા અને જ્યાં પૂરા થયાં. વ્યંતરોએ પૂજા કરી. 'ગિરનાર'માં આસપાસ વ્યંતરદેવો ફરતા હોય. એને એમ થયું, ઓહોહો..! આ સિદ્ધાંત વીતરાગના પરમેશ્વરના કહેલાં, આજે ગુરુએ આપ્યા. દેવોએ, વ્યંતરોએ 'ગિરનાર'માં મહોત્સવ (કર્યો).

મુમુક્ષુ :- મહોત્સવમાં કોણ હતું?

ઉત્તર :- એ દેવ. ત્યાં બીજું (કોણ હોય)? દેવો આવીને ફૂલ વરસાવ્યા અને મુનિના શાસ્ત્ર સરખા કર્યા. બીજું શું હોય ત્યાં? આ તો કુદરતના નિયમમાં જુઓને! સિદ્ધાંત 'ષટ્‌ખંડાગમ'.

ભગવાનની વાણી પરંપરાએ આવેલી, જેની 'ધવલ', 'જયધવલ' ટીકા છે. આ તો 'ષટ્ખંડાગમ' એની રચના થઈ, ગુરુએ શિષ્યને આપ્યા. દેવોએ આવીને મુનિની પૂજા કરી. વીતરાગી મુનિ હતા. નગ્નમુનિ. એ 'કુંદકુંદાચાર્ય' પહેલાની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે એવા સિદ્ધાંત દીધા, જ્યારે શિષ્યને પૂરું થયું ત્યારે દેવોએ પણ આવીને જેની પ્રશંસા અને વંદના કરી. 'ષટ્ખંડાગમ' પુસ્તક છે ને અહીંયાં? મૂળ સૂત્ર, હોં! ઇ મૂળ સૂત્ર છે. ઠેઠ ભગવાને બાર અંગ કહેલા એનો એ ભાગ છે. 'ષટ્ખંડાગમ'.

એવા સિદ્ધાંત પ્રમાણે જેનુ અભ્યંતર અને બાહ્ય, બેય સ્વરૂપ છે. એવા જીવને **'દેવ-દાનવ સહિત મનુષ્યલોકમેં વંદને યોગ્ય હૈ...'** આહાહા..! **'અન્ય ભેષી પરિગ્રહ-આરંભાદિસે યુક્ત..'** પરિગ્રહ સહિત, આરંભ સહિત, વસ્ત્ર-પાત્ર સહિત મુનિ માને એવા **'પાખંડી (ઢોંગી) વંદને યોગ્ય નહીં હૈ.'** આ તો એવું ચોખ્ખું છે, ભાઈ! છાશ લેવા જાય ને દોણી સંતાડે?

મુમુક્ષુ :- પ્રગટ મિથ્યાદષ્ટિ.

ઉત્તર :- પ્રગટ મિથ્યાદષ્ટિ, સ્થૂળ મિથ્યાદષ્ટિ. આહા! એય! 'ભગવાનજીભાઈ'! પહેલું સાંભળે, નવો આવે એને (આકરું લાગે). માર્ગ તો આવો છે, ભાઈ! પરમેશ્વર વીતરાગના મુખમાંથી નીકળેલી વાણી છે. તીર્થંકરદેવની વાણી છે. એ વાણીમાં આમ આવ્યું છે, કહે છે. આવા મુનિ હોય. ભાવ અને દ્રવ્યે દિગંબર એ વંદવા લાયક છે. એ સિવાય રાગમાં પ્રવર્તીને મુનિપણું માને અને વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને એ બધા પાખંડ, ભેખ વંદવા યોગ્ય નથી. એ આદરવા લાયક જૈનશાસ્ત્રને વિષે નથી. પરમેશ્વરના માર્ગમાં આદરવા લાયક નથી.

---

**आगे फिर उनकी प्रवृत्तिका विशेष कहते हैं :-**

## ગાથા-૧૨

**जे बावीसपरीसह, संहति सत्तीसएहिं संजुत्ता।**
**ते होंति[१] वंदणीया, कम्मक्खयणिज्जरासाहू।।१२।।**

ये द्वाविंशतिपरीषहान् सहंते शक्तिशतैः संयुक्ताः।
ते भवंति वंदनीयाः कर्मक्षयनिर्जरासाधवः।।१२।।

**બાવીશ પરિષહને સહે છે, શક્તિશતસંયુક્ત જે,**
**તે કર્મક્ષય તે નિર્જરામાં નિપુણ મુનિઓ વંદ્ય છે. ૧૨.**

**अर्थ :- जो साधु मुनि अपनी शक्तिसे सैंकड़ोंसे युक्त होते हुए क्षुधा, तृषादिक बाईस परीषहोंको सहते हैं और कर्मोंकी क्षयरूप निर्जरा करनेमें प्रवीण हैं वे साधु वंदने योग्य हैं।**

१. पाठान्तर - होंदि

भावार्थ :- जो बड़ी शक्तिके धारक साधु हैं वे परीषहोंको सहते हैं, परीषह आने पर अपने पदसे च्युत नहीं होते हैं उनके कर्मोंकी निर्जरा होती हैं, वे वंदने योग्य हैं।।१२।।

## ગાથા-૧૨ ઉપર પ્રવચન

**'આગે ફિર ઉનકી પ્રવૃત્તિ કા વિશેષ કહતે હૈં.'** વળી એ મહામુનિ અંતરમાં આનંદસ્વરૂપમાં રમતા, વ્યવહારના રાગથી અંદરમાં વિરક્ત હતા. એને આ નગ્ન દિગંબર દશા હતી. એની વિશેષ પ્રવૃત્તિ અંતરની કેવી હતી એ વર્ણવે છે.

**जे बावीसपरीसह, संहति सत्तीसएहिं संजुत्ता।**
**ते होंति[१] वंदणीया, कम्मक्खयणिज्जरासाहू।।१२।।**

અર્થ :- **'જો સાધુ મુનિ અપની શક્તિ કે સૈંકડોં સે યુક્ત હોતે હુએ...'** **'सत्तीसएहिं'** શક્તિ-સેંકડો શક્તિ. ઓહોહો..! અનંતગુણ જે આત્મામાં (છે), દરેક ગુણની શક્તિની સ્ફુરણાથી સહિત હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? જીવતરશક્તિ, ચિતિ, દશિ આદિ આપણે ૪૭ છે ને? આત્મ-વૈભવ આવી ગયો છે. આત્મ-વૈભવ (પુસ્તક) આવ્યું? જોયું છે? થોડું જોયું છે. તમારે તો હવે કામ કાંઈ ન મળે. કહો, સમજાણું કાંઈ? એમાં ૪૭ શક્તિ છે. એ આત્મામાં એક એક ગુણને શક્તિ કીધી અને એ શક્તિની પણ અનંતી અનંતી શક્તિ છે. એવી અનંતી શક્તિ. અહીં તો સેંકડો શબ્દ લીધો.

**'સૈંકડોં સે યુક્ત હોતે હુએ...'** અનંત શક્તિ સહિત મુનિ છે. આહાહા..! જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ, કર્તા, કર્મ, કરણશક્તિ, જીવતરશક્તિ, વીર્યશક્તિ વગેરે અનંત શક્તિઓ સહિત યુક્ત છે. આહાહા..! આખો દરિયો ઉછાળ્યો છે, કહે છે. ભગવાન અનંત ગુણનો પિંડ જે છે એ દરેક શક્તિને ઉછાળી છે-પર્યાયમાં પરિણમાવી છે. ભાઈ! મુનિપણું એટલે શું? હવે તો પરમેશ્વરપદ થયું. એ પરમેશ્વરપદમાં આવ્યા. ણમો લોએ સવ્વસાહૂણં. એ પદ કંઈ સાધારણ નથી. આહાહા..!

અત્યારે તો ગોટા એટલા ચાલ્યા છે. બાયું બાળ બ્રહ્મચારી દીક્ષા લે (એટલે જાણે)... આહાહા..! તરી ગયા. ભારે કામ કર્યા. હવે જગતને તારવાનું રહ્યું. બૂડી ગયા છે. મિથ્યાત્વમાં બૂડ્યા છે અને મિથ્યાત્વની વાતું જગતને કરે છે. આવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? વસ્ત્ર સહિત મુનિપણું માને અને મનાવવાના લખણ કરે કે કરો આમ, કરો આમ. એ બધા મિથ્યાત્વના વૃદ્ધિના પોષક છે. આ વાત કેમ બેસે? મોટા પંડિત થઈને ફરતા હોય. વીતરાગના પંથમાં તો આ રીત છે, ભાઈ! પછી માનનારા થોડા હોય કે ઘણા હોય એની સાથે સંબંધ નથી. સંખ્યાની સાથે સંબંધ નથી.

મુનિ સાધુ પોતાની અનંતી શક્તિથી યુક્ત છે. **'ક્ષુધા, તૃષાદિક બાઈસ પરિષહોં કો સહતે હૈં...'** જ્ઞાતા-દૃષ્ટાપણે... પ્રતિકુળતા (હોય). આહાર ન હોય, પાણી ન હોય, તૃષા (લાગી હોય), તાપ

હોય, જંગલમાં હવા ઠંડી (હોય), એવી ઠંડી વાય કે જાણે છરા પડતા હોય. ઉઘાડું શરીર નગ્ન હોય. હિમ.. હિમ. હિમના હિલોળા આવતા હોય શરીરને. આનંદની શક્તિથી પૂર્ણમાન છે. મુનિ આનંદમાં છે. સમજાણું કાંઈ? આમ કોટ-બોટ પહેરેલા હોય એ પણ ધ્રૂજે. હિમ.. હિમ. ઝાડ તળે મુનિ બેઠા હોય. આનંદમાં ઉછળતો હોય. જેને દરિયાને કાંઠે પાણીની જેમ ભરતી આવે, એમ પર્યાયને કાંઠે આનંદની, અનંત શક્તિની ભરતી અંદર આવે છે. મધ્યબિંદુ ઉપર દૃષ્ટિનું જોર માર્યું છે. એને લઈને અનંતી પર્યાયો કાંઠે એટલે અવસ્થાએ ઉછળી નીકળી છે. આહાહા..! એણે મુનિપણું સાંભળ્યું નથી કે મુનિપણું કેવું હોય. 'પ્રકાશદાસજી'! લઈ લ્યો પંચમહાવ્રત. ભણ્યા થોડું, થઈ રહ્યું. મહાવ્રત લઈ લ્યો હવે. પછી અણુવ્રતનું આંદોલન કરવું. મિથ્યાત્વ લ્યો અને મિથ્યાત્વનું આંદોલન કરવું. આહાહા..!

માર્ગ ભગવાન! પહેલી આવી શ્રદ્ધા કરો, કહે છે. સમજાણું? મુનિપણું આવું હોય. ગુરુ આવા ચારિત્રવંત હોય, દેવ અરિહંત આવા હોય, એના કહેલા શાસ્ત્ર આવા હોય, એમ એની શ્રદ્ધા કરો. એ શ્રદ્ધા વિના તારો નિવેડો આવશે નહિ. સમજાણું કાંઈ? દુનિયા માને, ન માને, સંખ્યા હોય, ન હોય, લોકને ઠીક પડે કે ન ઠીક પડે, સમાજ સમતોલ રહે કે વિષમતા થઈ જાય, એની એને દરકાર હોય નહિ. માર્ગ આ છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વસ્તુ પ્રગટ છે..

ઉત્તર :- બહાર આવી છે પણ ક્યાં જુઓને...! આહાહા..!

'**ક્ષુધા, તૃષાદિક...**' ટાઢ, તડકા. આહાહા..! ક્ષુધા આદિ રોગ. રોગ આવે, લ્યોને. ઊલટીનો રોગ, વાયુના રોગ. આહાહા..! 'સનતકુમાર' ચક્રવર્તી. ૯૬ હજાર સ્ત્રી છોડીને મુનિ થયા. ભાવલિંગી, હોં! આ કહે છે એવા. શરીરમાં ગળતકોઢ. આંગળા ગળે. એથી શું છે? અનંત આનંદ. દરિયો ઉછળ્યો છે અનંત આનંદની શક્તિ સહિતનો. એ તો જ્ઞાતાપણે તેને જાણે છે. મને થાય છે કે મારામાં છે (એવો) વિકલ્પ પણ નથી. આહાહા..! એ ચાલતા સિદ્ધ છે! અને સમ્યગ્દર્શન વિનાના ચાલતાં મડદાં છે. આવશે આગળ, 'મોક્ષપાહુડ'માં.

જેને આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ અને દેવ-ગુરુ-શાસ્ત્ર આવા હોય એવી જેને શ્રદ્ધા નથી એ બધા ચાલતા મડદાં છે, કહે છે. ભલે મોટા વિદ્વાન હો, લાખો માણસને રીઝવી જાણતા હોય. મોટે માચડે બેસીને (બોલે), આમ માર્ગ છે. દુનિયા પણ તું હી.. તું હી.. સામે થતી હોય. એથી શું? એથી શું? એમ કહ્યું છે ને? ૧૪૩ (ગાથા, સમયસાર). આત્મા અબદ્ધ છે, પૂર્ણાનંદ છે, એવો વિકલ્પ ઉઠ્યો તેથી શું? કહે છે. આહાહા..! આત્મા શુદ્ધ છે, નિરાલંબ, નિરાવરણી નિજાનંદની મૂર્તિ છે. કહે છે કે એવો વિકલ્પ ઉઠ્યો છે એથી શું? એથી આત્માને શું લાભ? આહાહા..! સમજાણું કાંઈ? આવે છે ને એમાં તેથી શું?

એ વિકલ્પ રહિત નિર્વિકલ્પ જેના સ્વભાવ અને સ્વરૂપ છે, એવા ભગવાનમાં શક્તિઓ અનંતી પડી છે. એ અનંતી શક્તિનું એક દ્રવ્ય, એના ઉપર દૃષ્ટિના જોરે અનંતી શક્તિઓ પર્યાયમાં આનંદથી ઉછળે છે. એ બાવીસ પરિષહને સહન કરે છે. સહન કરવાનો અર્થ, આ મને પરિષહ

આવ્યો, ઠીક નથી. એમ નહિ. એને સહન કરવું ન કહેવાય. સમજાણું કાંઈ? આનંદની લહેરે ઉછળતો આત્મા, આનંદની મોજના હિલોળે ચડતો આત્મા, તેને આ શરીરમાં રોગ છે કે નહિ, એને જ્ઞાન તરીકે જાણે છે. આહાહા..! 'ધર્મદાસજી'! આવો માર્ગ છે. આહાહા..!

મુનિમાર્ગ.. આહા..! પરમેશ્વર થવાનો માર્ગ! એ પરમેશ્વરના ઘરમાં ગર્યો છે. આહાહા..! પૂરું રૂપ-કેવળજ્ઞાન પ્રગટવાનો પ્રયત્ન કરે છે. આવો માર્ગ છે એવી પહેલા ઓળખાણ તો કરે. શ્રદ્ધામાં તો વાત લ્યે અને વિવેક તો કરે કે આનાથી ઊંધું એ માર્ગ સાચો નથી. એ વિવેક પરથી સ્વનો ભેદ તો પાડે. એવા સાધુ.. આહાહા..! ધોમ તડકા હોય, લૂ વાતી હોય, ડુંગર ઉપર મુનિ બેઠા હોય. ન્યાં છાંયો નથી, ન્યાં ભીંતની ઓથે નથી બેસવું. જેણે ખુલ્લા ગુણની શક્તિઓ ખુલ્લી કરી નાખી છે. એ ખુલ્લે મેદાનમાં બેઠા પણ આનંદમાં હોય છે. ઇ પરિષહ સહન કરે છે એનો અર્થ કે જાણે ને દેખે છે. આનંદ છે. એવી દશામાં પરિષહ સહન કર્યા એમ કહેવામાં આવે. એનો ઉપચાર ન કરે અને અંદરમાં અણગમા લાગે એ તો આર્તધ્યાન છે, એ તો પાપધ્યાન છે. આહાહા..!

કેવા છે તે? '**કર્મોંકી ક્ષયરૂપ નિર્જરા કરનેમેં પ્રવીણ હૈં...**' મુનિ તો કર્મનો ક્ષય કરવામાં પ્રવીણ છે. આહાહા..! ક્ષણે ક્ષણે કર્મની નિર્જરા થાય છે. અશુદ્ધતા ટળતી જાય, કર્મ ખરતા જાય, શુદ્ધિ વધતી જાય. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ અંગીકાર કરશે ત્યારે મુક્તિ થશે. અહીં એમ કહે છે. સમજાણું કાંઈ? એકલા સમ્યગ્દર્શન ને જ્ઞાનથી કાંઈ મુક્તિ નથી. આવો ચારિત્રભાવ વીતરાગ ઉજ્જવળ ભાવ પ્રગટ કરશે ત્યારે તેને મુક્તિ અને કેવળજ્ઞાનને પંથે પડ્યો એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..!

વીસ-વીસ વર્ષનો છોકરો હોય અને ગોટલા ચડે.. ઇ શું કહેવાય? કોલેરા. આહાહા..! આ તમારે થયું હતું ને? માંડલગાંવ છ-છ ગાઉ ચાલવા. ખાવા-પીવાના સાધન થોડા હોય. ચોખા અને જાર. એમાં બે છોકરાને કોલેરા નીકળ્યા. પેલાના મા-બાપ સાથે. રસ્તામાં જંગલ. છ-છ ગાવે પડાવ નાખે. કેટલા માણસ? પચાસ-સો માણસ. .. તમે હતા કે નહિ? એવા બે જુવાન છોકરા, હોં! મા-બાપ ચાલી નીકળ્યા. શું કરવું? ન્યાં તો મરી જવાનું છે. ક્યાંય જંગલ, ક્યાંય ગામ નહિ. છ-છ ગાવ ચાલીને પડ્યા રહે અને .. એક એક પાણીનો કળશ મૂકી ને રોતા કકળતા, જંગલમાં જુવાન બે ભાઈઓ, હોં! મા-બાપ મૂકીને ચાલ્યા ગયા. અહીં રહે તો ઇ પોતે મરી જાય. જંગલ હારે જાવું પડે પણ જુવાનને જીવતા મૂકીને (ચાલ્યા ગયા). વારાફરતી પછી મરી ગયા હશે. આહાહા..! જુઓને આ સંસાર! મા-બાપ સાથે, હોં! શું કરીએ? ભાઈ! ઉપાડીને ક્યાં લઈ જવા? અમે એકલા ક્યાં રહીએ? ભાઈ! આહાહા..! અમે પણ અહીં તો મરી જઈએ નહિતર તો. આ જાય અને રસ્તો અમને ખબર પડે નહિ ક્યાં જાવું. આહા..! જુઓને!

શરણ અંદર ભગવાનઆત્માનું છે. આ છતી પ્રજા અને છતાં મા-બાપે આ મૂકીને ચાલ્યા ગયા. પેલા રોવે, હોં! એ મા-બાપ.. એ... અમને આ દુઃખ થાય છે, અમને આ થાય છે. ભાઈ! પણ શું કરીએ? અમે શું કરીએ? આ માણસો જાય છે એના ભેગા ન જઈએ તો અમારે ક્યાં રહેવું? એ બિચારા રોતા, કકળતા ગયા. રોતા, કકળતા સામું જોઈને આ પડ્યા રહ્યા. મરી ગયા હશે. એવો

આ જંગલમાં નિરાશ્રય (છે). કોઈ એને શરણ છે નહિ. એક શરણ ભગવાનઆત્મા અંદર (છે).

આનંદની ખોજ કરીને જેણે આનંદને લીધો અને રાગની એકતા તોડી એને આત્માનું શરણ મળ્યું. અને એ ઉપરાંત જ્યારે એની બધી શક્તિઓ ખીલી નીકળે છે, સાધુપદને યોગ્ય, એ તો મોક્ષને કાંઠે, નજીક આવી ગયો હવે. આહાહા..! સમજાણું કાંઈ? એ માર્ગ લેવો પડશે. જેને સુખી થવું હોય એને આ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. 'જાદવજીભાઈ'! કેવું થયું હશે? કહો. મા-બાપ આમ ચાલ્યા ગયા. છોકરાઓ બે જણા. બે ભાઈઓ હતા ને? બે ભાઈઓ હતા ને? બાવીસ, ચોવીસ વર્ષ. એકલા. હેઠે ન્યાં ક્યાં ગાદલા-ગોદડા હતા? અને જંગલમાં વાઘ ને વરુ. એવા જંગલ. આહાહા..! પાળી પોષીને મોટા કર્યા એને એકલા છોડીને ચાલી નીકળ્યા. પણ શું કરે બીજું? એકલો જ હતો. આહાહા..! અહીં હોય તોપણ શું કરે? હડકવા થયો હોય. કૂતરું (કરડ્યું હોય). ઇ પીડા એની. ક્યાંય પાણી દેખ્યા જાય નહિ, પાણી પીધા તો શેના જાય? હવા ઠીક લાગે નહિ. હારે સૂકાય.

કહે છે કે, ભાઈ! આવા સંસારમાં રખડતા પ્રાણીને રાગ વિનાનો ભગવાન ઇ એને શરણ છે. સમજાણું કાંઈ? અને એને મુનિપણું આવું આવે ત્યારે એને સાક્ષાત્ કેવળજ્ઞાનનો ઉપાય હાથ આવ્યો એમ કહેવાય. આહાહા..! સમ્યગ્દર્શન તો હજી પરંપરાએ મોક્ષમાર્ગ. સમજાણું કાંઈ?

કહે છે, **'કર્મોંકી ક્ષયરૂપ નિર્જરા કરનેમેં પ્રવીણ હૈં...'** એમ કહે છે અહીં તો. આહાહા..! આનંદના ઓઘ ઉછળ્યા છે અને કર્મના ઓઘ ત્યાં બળે છે. એને મુનિપણું કહીએ. આનંદના ઢગલા ઉછળે છે અંદરથી તો. લોઢ આવે છે આનંદના. તેથી એને કર્મના ઓઘના ઓઘ ખપી જાય છે. આહા..! આને જૈનશાસનમાં તીર્થંકરના સૂત્રમાં મુનિપણું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જો બડી શક્તિકે ધારક સાધુ હૈં...'** ઘણી શક્તિ. બડી એટલે એનો અર્થ ઇ. સેંકડો શક્તિ. **'વે પરીષહોંકો સહતે હૈં, પરીષહ આને પર અપને પદસે ચ્યુત નહીં હોતે હૈં...'** પરિષહ આવતાં આનંદના ધામમાં પડ્યો ન્યાંથી ચ્યુત થતો નથી. **'ઉનકે કર્મોંકી નિર્જરા હોતી હૈ, વે વંદને યોગ્ય હૈં.'** આહાહા..! એ પંચપરમેષ્ઠીમાં ભળેલા છે. એ સંતોને પણ વંદવા લાયક છે. નાના હોય એ સીધા વંદે, મોટા હોય એ નવકાર ગણે એમાં વંદે.

---

**आगे कहते हैं कि जो दिगम्बरमुद्रा सिवाय कोई वस्त्र धारण करें, सम्यग्दर्शन-ज्ञानसे युक्त हों वे इच्छाकार करने योग्य है :-**

## ગાથા-૧૩

**अवसेसा जे लिंगी, दंसणणाणेण सम्म संजुत्ता।**
**चेलेण य परिगहिया, ते भणिया इच्छणिज्जा य।।१३।।**

**अवशेषा ये लिंगिनः दर्शनज्ञानेन सम्यक् संयुक्ता।**
**चेलेन च परिगृहीताः ते भणिता इच्छाकारयोग्याः।।१३।।**

અવશેષ લિંગી જેહ સમ્યક્ જ્ઞાન-દર્શનયુક્ત છે;
ને વસ્ત્ર ધારે જેહ, તે છે યોગ્ય ઇચ્છાકરાને. ૧૩.

**अर्थ :-** दिगम्बरमुद्रा सिवाय जो अवशेष लिंगी भेष संयुक्त और सम्यक्त्व सहित दर्शन-ज्ञान संयुक्त हैं तथा वस्त्रसे परिगृहीत हैं, वस्त्र धारण करते हैं वे इच्छाकार करने योग्य हैं।

**भावार्थ :-** जो सम्यग्दर्शन - ज्ञान संयुक्त हैं और उत्कृष्ट श्रावकका भेष धारण करते हैं, एक वस्त्र मात्र परिग्रह रखते हैं वे इच्छाकार करने योग्य हैं इसलिये 'इच्छामि' इसप्रकार कहते

## ગાથા-૧૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો દિગંબરમુદ્રા સિવાય કોઈ વસ્ત્ર ધારણ કરેં, સમ્યગ્દર્શન-જ્ઞાનસે યુક્ત હોં વે ઇચ્છાકાર કરને યોગ્ય હૈં.'** ક્ષુલ્લક. .. વસ્ત્ર હોય છે. '**अवसेसा जे लिंगी**' ભેખની વાત છે, હોં! ક્ષુલ્લક આદિ જે ભેખ ધરનારા હોય એ. ક્ષુલ્લિકા, ક્ષુલ્લક વગેરે.

**अवसेसा जे लिंगी, दंसणणाणेण सम्म संजुत्ता।**

**चेलेण य परिगहिया, ते भणिया इच्छणिज्जा य।।१३।।**

**અર્થ :- 'દિગંબરમુદ્રા સિવાય જો અવશેષ લિંગી...'** છે. જે સમ્યગ્દષ્ટિ છે. બહાર ભેખ સહિત છે. ક્ષુલ્લક, ક્ષુલ્લિકા વગેરે. **'સમ્યક્ત્વ સહિત દર્શન-જ્ઞાન સંયુક્ત હૈં...'** જેને આત્મઅનુભવ, બાર વ્રતના વિકલ્પથી રહિત જેની અંતર દશા અનુભવની થઈ છે. ક્ષુલ્લક હોય તો. સમજાણું કાંઈ? ક્ષુલ્લિકાને પણ પંચમ ગુણસ્થાન હોય છે. સ્ત્રી ક્ષુલ્લિકા હોય, અર્જિકા હોય એને પંચમ ગુણસ્થાન હોય. સ્ત્રીનું શરીર જેને હોય એને છઠ્ઠું ગુણસ્થાન આવતું નથી. મુનિપણું એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'સમ્યક્ત્વ સહિત દર્શન-જ્ઞાન સંયુક્ત હૈં તથા વસ્ત્રસે પરિગ્રહીત હૈં,...'** વસ્ત્ર હજી (છે). એને યોગ્ય હોય, ક્ષુલ્લકને ક્ષુલ્લક યોગ્ય, ક્ષુલ્લિકાને એને યોગ્ય વસ્ત્ર સહિત હોય છે. વસ્ત્રથી પરિગ્રહીત છે. પરિગ્રહીત સમજાણું? ઓઢેલું હોય છે એમ. વસ્ત્ર ધારે છે. **'ઇચ્છાકાર કરને યોગ્ય હૈં.'** અહો..! તમારો સ્વભાવ આત્માનો, તેને હું ઇચ્છું છું. આવો આનંદ ભગવાન, એને તમે અનુભવો છો માટે હું એવા આનંદના આત્મસ્વભાવને ઇચ્છું છું. જુઓ! આ ભાષા-ઇચ્છા. સમજાય છે કાંઈ? ક્ષુલ્લક શ્રાવક હોય, ભેખ હોય એક લંગોટી અને એક ઓઢવાનો નાનો કટકો (હોય). પગે દબાય તો માથે દબાય નહિ અને માથે દબાય તો પગે દબાય નહિ, એવો નાનો કટકો. પણ છે અંદર અનુભવી. સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત. ભલે મુનિ નથી. વસ્ત્રનો અમુક ભાગ રાખે છે. પણ સમ્યક્ (છે). છે ને પાઠ? જુઓને!

**'दंसणणाणेण सम्म संजुत्ता'** નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત છે. સમજાણું કાંઈ? ભલે પાંચમા ગુણસ્થાનમાં હોય, મુનિ ન હોય. દિગંબર દશા ધારણ ન કરી હોય. આવી દશાવંત ભેખીને

અંતર સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત હોય તો તે લિંગી એટલે ભેખી **'વસ્ત્ર ધારણ કરતે હૈં વે ઇચ્છાકાર કરને યોગ્ય હૈં.'** ઇચ્છું છું. ઇચ્છું છું, એમાં મહા અર્થ છે, હોં! અહો..! મને તમારો આત્મા આનંદસ્વભાવ, એની મને ઇચ્છા છે. જુઓ! મને રાગની ઇચ્છા નથી. ઇ વંદન કરનાર એમ બોલે છે. સમજાણું કાંઈ? પુણ્યની ઇચ્છા નથી, રાગની ઇચ્છા નથી. તમારા પદમાં આવતા વિકલ્પો હોય એની પણ ઇચ્છા નથી. તમારું જે પદ નિર્વિકારી આનંદ છે એવો આત્મસ્વભાવ, એને હું ઇચ્છું છું. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જો સમ્યગ્દર્શન-જ્ઞાન સંયુક્ત હૈ ઔર ઉત્કૃષ્ટ શ્રાવકકા ભેષ ધારણ કરતે હૈં, એક વસ્ત્રમાત્ર પરિગ્રહ રખતે હૈં વે ઇચ્છાકાર કરને યોગ્ય હૈં...'** લ્યો. એક વસ્ત્ર, એક વસ્ત્ર માત્ર. એકનો અર્થ લંગોટી અને એક વસ્ત્ર. થોડું. પાઠ તો એટલો લીધો છે. એક વસ્ત્ર પરિગ્રહ રાખે. **'ઇચ્છાકાર કરને યોગ્ય હૈં ઇસલિયે 'इच्छामि' ઇસપ્રકાર કહતે હૈં. ઇસકા અર્થ હૈ કિ-મૈં આપકો ઇચ્છૂ હૂં, ચાહતા હૂં...'** અહો....! સમજાય છે કાંઈ? એવી ભગવાનના સૂત્રમાં આ વિધિ આવી છે. **'મૈં આપકો ઇચ્છૂ હૂં, ચાહતા હૂં ઐસા 'इच्छामि' શબ્દકા અર્થ હૈ. ઇસપ્રકાર ઇચ્છાકાર કરના જિનસૂત્રમેં કહા હૈ.'** સમજાય છે કાંઈ? હવે કહે છે...

**'આગે ઇચ્છાકાર યોગ્ય શ્રાવકકા સ્વરૂપ કહતે હૈં.'**

મુમુક્ષુ :-

ઉત્તર :- એ બીજી વાત. .. હા, ઇ તો ઘરનું નાખ્યું છે, બીજાનું નાખ્યું છે. સમજાણું કાંઈ? ઇ ક્યાંથી આવ્યું? એમાં ગરજ ઘણી છે. **'ઇચ્છાકાર કરના જિનસૂત્રમેં કહા હૈ.'** લ્યો. હવે ઇચ્છાકાર યોગ્ય શ્રાવકનું સ્વરૂપ કહેવામાં આવશે. લ્યો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे इच्छाकार योग्य श्रावकका स्वरूप कहते हैं -**

## ગાથા-૧૪

**इच्छायारमहत्थं सुत्तठिओ जो हु छंडए कम्मं।**
**ठाणे ट्ठियसम्मत्तं परलोयसुहंकरो होदि।।१४।।**

**इच्छाकारमहार्थं सूत्रस्थित: य: स्फुटं त्यजति कर्म।**
**स्थाने स्थितसम्यक्त्व: परलोकसुखंकर: भवति।।१४।।**

**સૂત્રસ્થ સમ્યગ્દષ્ટિયુત જે જીવ છોડે કર્મને,**
**'ઇચ્છામિ' યોગ્ય પદસ્થ તે પરલોકગત સુખને લહે. ૧૪.**

**अर्थ :- जो पुरुष जिनसूत्रमें तिष्ठता हुआ इच्छाकार शब्दके महान प्रधान अर्थको जानता है और स्थान जो श्रावकके भेदरूप प्रतिमाओंमें तिष्ठता हुआ सम्यक्त्व सहित वर्तता है, आरंभ आदि कर्मोंको छोड़ता है वह परलोकमें सुख करनेवाला होता है।**

**भावार्थ :- उत्कृष्ट श्रावकको इच्छाकार करते हैं सो जो इच्छाकारके प्रधान अर्थको जानता है और सूत्र अनुसार सम्यक्त्वसहित आरंभादिक छोड़कर उत्कृष्ट श्रावक होता है वह परलोकमें स्वर्गका सुख पाता है।।१४।।**

---

## પ્રવચન નં. ૩૧ ગાથા-૧૪થી ૧૭, ગુરુવાર, અષાઢ સુદ ૬, તા. ૯-૦૭-૧૯૭૦

'અષ્ટપાહુડ', 'સૂત્રપાહુડ'ની ચૌદમી ગાથા. **'ઇચ્છાકાર યોગ્ય શ્રાવકકા સ્વરૂપ કહતે હૈં.'** ઇચ્છાનો અર્થ, આત્મા આત્માના અનુભવને હું ઇચ્છું છું. આત્મા રાગરહિત નિર્વિકલ્પ સ્વરૂપ જે શુદ્ધ આત્માનો અનુભવ છે, એવા શ્રાવકને **'इच्छामि'** કહેતાં એ તમારા આત્માના સ્વભાવને હું ઇચ્છું. એવો એનો ઇચ્છાકારનો અર્થ છે. ઇચ્છું છું એટલે કે એ પ્રકારે ઇચ્છીને હું આપને નમસ્કાર કરું છું. એમ છે મૂળ તો.

**इच्छायारमहत्थं सुत्तठिओ जो हु छंडए कम्मं।**
**ठाणे ट्ठियसम्मत्तं परलोयसुहंकरो होदि।।१४।।**

અર્થ :- **'જે પુરુષ જિનસૂત્રમેં તિષ્ઠતા હુઆ...'** ભગવાને આત્માનો જે માર્ગ કહ્યો, આનંદસ્વરૂપ આત્મા (છે) એવી દૃષ્ટિ કરીને જે આત્મામાં ઠરેલ છે ઇ જિનસૂત્ર વિષે કહ્યો એ. **'ઇચ્છાકાર શબ્દકે મહાન પ્રધાન અર્થકો જાનતા હૈ...'** ઇચ્છાનો શું અર્થ છે એ ઇ જાણે. આવું જે મારું આનંદસ્વરૂપ નિર્વિકલ્પ પ્રતીતમાં આવ્યું છે એને આ ઇચ્છાકાર કરે છે કે ઇ ઇચ્છું છું એમાં કાંઈક કહેવા માંગે છે. **'ઔર સ્થાન જો શ્રાવકકે ભેદરૂપ પ્રતિમાઓંમેં...'** ઇ અગિયારે પડિમામાં સમ્યગ્દર્શન અને આત્માનો અનુભવ હોય. સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપનો અનુભવ તો અગિયારેય પડિમામાં પહેલેથી તે અગિયાર સુધીમાં હોય. એને અગિયાર પડિમાવાળો શ્રાવક છે એને બીજા અધિક શ્રાવકાદિને નમસ્કાર કરું છું. આપનો આનંદ સ્વભાવ છે એની હું ઇચ્છા કરું છું, ભાવના કરું છું-એ મને હજો.

એમાં **'તિષ્ઠતા હુઆ સમ્યક્ત્વ સહિત વર્તતા હૈ,...'** જે શ્રાવક હોય એ પહેલી પડિમાથી માંડીને આત્માના અનુભવમાં એ સ્થિર હોય છે. એ વિના પડિમા-બડિમા હોતી નથી, એમ કહે છે. છે ને? **'ठाणे ट्ठियसम्मत्तं'** પડિમાના અગિયારેય પદ છે, અગિયાર પડિમા છે ને, એ અગિયાર પડિમાના સ્થાનમાં દરેકમાં સમકિત સહિત હોય છે. આત્મા રાગ રહિત, વિકલ્પ રહિત પૂર્ણ વીતરાગમૂર્તિ ચૈતન્ય આનંદનું ધામ (છે), એનો એને અનુભવ અને સમકિત હોય છે. તો એને પડિમા કહેવામાં આવે છે. આ ન હોય તો એને પડિમા-બડિમા કહેવામાં આવતી નથી. સમજાણું કાંઈ? શ્રાવકના ભેદરૂપ પ્રતિમામાં રહીને **'સમ્યક્ત્વ સહિત વર્તતા હૈ, આરંભ આદિ કર્મોંકો છોડતા હૈ,...'** આરંભરૂપી કર્તવ્યને છોડે છે. **'વહ પરલોક મેં સુખ પ્રદાન કરનેવાલા હોતા હૈ.'** અહીં તો દેવમાં જાય અને પછી મનુષ્ય થઈને મુક્તિ પામે.

ભાવાર્થ :- **'ઉત્કૃષ્ટ શ્રાવકકો ઇચ્છાકાર કહતે હૈં સો જો ઇચ્છાકાર કે પ્રધાન અર્થ કો જાનતા હૈ ઔર સૂત્ર અનુસાર સમ્યક્ત્વ સહિત આરંભાદિક છોડકર...'** ભગવાનની આજ્ઞા પ્રમાણે સમકિત સહિત હિંસા, આરંભ આદિ શ્રાવકને યોગ્ય ન હોય એ છોડે છે. અગિયારમી પડિમામાં તો એને માટે કરેલો આહાર પણ લે નહિ. એને માટે બનાવેલો એવો આરંભ આદિ છોડે છે. **'વહ પરલોક મેં સ્વર્ગ કા સુખ પાતા હૈ.'** પછી ક્રમે કરીને મનુષ્યપણું પામી, મુનિ થઈ, ચારિત્ર અંગીકાર કરી, નગ્નપણું અંગીકાર કરી કેવળજ્ઞાનને પામે છે.

**आगे कहते हैं कि - जो इच्छाकारके प्रधान अर्थको नहीं जानता और अन्य धर्मका आचरण करता है वह सिद्धिको नहीं पाता है :-**

## ગાથા-૧૫

**अह पुण अप्पा णिच्छदि, धम्माइं करेइ णिरवसेसाइं।**
**तह वि ण पावदि सिद्धिं, संसारत्थो पुणो भणिदो।।१५।।**

अथ पुनः आत्मानं नेच्छति धर्मान् करोति निरवशेषान्।
तथापि न प्राप्नोति सिद्धिं संसारस्थः पुनःभणितः।।१५।।

પણ આત્મને ઇચ્છ્યા વિના ધર્મો અશેષ કરે ભલે,
**તોપણ લહે નહિ સિદ્ધિને, ભવમાં ભમે - આગમ કહે.૧૫.**

**अर्थ :- 'अथ पुनः' शब्दका ऐसा अर्थ है कि - पहली गाथा में कहा था कि जो इच्छाकारके प्रधान अर्थको जानता है वह आचरण करके स्वर्गसुख पाता है। वही अब फिर कहते हैं कि इच्छाकारका प्रधान अर्थ आत्माको चाहना है, अपने स्वरूपमें रुचि करना है वह इसको जो इष्ट नहीं करता है और अन्य धर्म के समस्त आचरण करता है तो भी सिद्धि अर्थात् मोक्षको नहीं पाता है और उसको संसारमें ही रहनेवाला है।**

**भावार्थ :- इच्छाकारका प्रधान अर्थ आपको चाहना है, सो जिसके अपने स्वरूपकी रुचिरूप सम्यक्त्व नहीं है, उसको सब मुनि श्रावककी आचरणरूप प्रवृत्ति मोक्षका कारण नहीं है।।१५।।**

## ગાથા-૧૫ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઇચ્છાકાર કે પ્રધાન અર્થ કો નહીં જાનતા હૈ ઔર અન્ય ધર્મ કા આચરણ કરતા હૈ વહ, વહ સિદ્ધિ કો નહીં પાતા હૈ.'** હવે પાછી વાત લ્યે છે.

**अह पुण अप्पा णिच्छदि, धम्माइं करेइ णिरवसेसाइं।**
**तह वि ण पावदि सिद्धिं, संसारत्थो पुणो भणिदो।।१५।।**

અર્થ :- **''अथ पुनः' શબ્દ કા ઐસા અર્થ હૈ કિ પહિલી ગાથા મેં કહા થા કિ જો ઇચ્છાકાર કે પ્રધાન અર્થ કો જાનતા હૈ, વહ આચરણ કરકે સ્વર્ગસુખ પાતા હૈ, વહીં અબ ફિર કહતે હૈં કિ ઇચ્છાકાર કા પ્રધાન અર્થ આત્મા કો જાનના હૈ, અપને સ્વરૂપ મેં રુચિ કરના હૈ વહ ઇસકો ઇષ્ટ નહીં કરતા હૈ...'** આત્મા રાગની રુચિ છોડીને પુણ્યના શુભભાવ.. આહાહા..! સમજાણું કાંઈ? શુભભાવ જે ઉપયોગ છે એની પણ રુચિ છોડીને આત્મા આનંદસ્વરૂપ છે એની રુચિ કરે, એની શ્રદ્ધા કરે, એનો અનુભવ કરે એ ઇચ્છાકારનો અર્થ છે. સમજાણું કાંઈ?

**'આત્મા કા ચાહના હૈ...'** આત્માની ભાવના. એને પુણ્યની પણ ભાવના, શુભભાવની પણ ભાવના નથી. હોય ભલે, અગિયાર પડિમામાં હોય પણ એની ભાવના નથી. ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદના હોવાવાળો સ્વભાવ, તેનો અનુભવ છે તેથી તે આત્માને જ ઇચ્છે છે. **'વહ ઇસકો ઇષ્ટ નહીં કરતા હૈ...'** જે કોઈ ભગવાનઆત્માને પ્રિયપણે આનંદની ભાવના, રાગ વિનાની ચૈતન્યના સ્વભાવની ભાવના ન કરે, ઇષ્ટ ન કરે અને **'અન્ય ધર્મ કે સમસ્ત આચરણ કરતા હૈ...'** તે સિવાય દાન, દયા, તપ, વ્રત, અપવાસ કરે એ બધું મીંડા છે, કહે છે. નિરર્થક છે, એના આત્માને નુકસાનકારક છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- **'ઇચ્છાકાર કા પ્રધાન અર્થ આપકો (આત્માકા) ચાહના હૈ...'** આત્મા કા ચાહના હૈ. જુઓને! ઇચ્છાકારમાં પાછી નાખી આ ચીજ ફેરવીને.

મુમુક્ષુ :- બીજી ચીજ

ઉત્તર :- બીજી કઈ ચીજ? પુણ્યના શુભભાવ એ તો વિભાવ, વિકાર દુઃખરૂપ (છે). એની ભાવના અને એ ઠીક છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ શ્રાવક નથી, તેમ પડિમામાં એ આવ્યો નથી. ભારે વાત, ભાઈ! વીતરાગ માર્ગ એવો છે.

**'अप्पा णिच्छदि धम्माइं करेइ णिरवसेसाइं'** ઇ બે પદ છે. જે કોઈ ભગવાનઆત્મા અમૃતનો સાગર પ્રભુ, આનંદનું ધામ અને જ્ઞાનનો ગાંઠડો, એની જેને શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ ને ભાવના નથી એ પછી ગમે તેવા વ્રત ને તપ ને કરે, મહિના મહિનાના અપવાસ કરે અને બાર વ્રત ક્ષુલ્લકના ધારણ કરે તોપણ મીંડા છે, કહે છે. એમાં કાંઈ આત્માને લાભ નથી. **'તો ભી સિદ્ધ અર્થાત્ મોક્ષ કો નહીં પાતા હૈ...'** તોપણ એની મુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? મૂળ શ્રાવક હોય તોપણ મુનિની તો વાત શી કરવી! એ તો આત્માના અનુભવ સહિત સ્વરૂપમાં ચારિત્રમાં આનંદમાં રમતા હોય. શ્રાવક પણ એવા હોય કે જેને આત્મા જ, આનંદરૂપી આત્માની જેને ભાવના થઈ છે. ઇ આનંદની જ જેને અનુભવદશા થઈ છે. સમજાણું કાંઈ? તેથી અનુભવમાં આનંદને જ ભાવે છે. શુભભાવને ભાવતો નથી.

આત્મા કા ચાહના, અપને સ્વરૂપ વિષે રુચિ કરના. રુચિનો અર્થ આવે છે ને 'છ ઢાળા'માં?

'પરદ્રવ્ય સે ભિન્ન અપની રુચિ કરના.' પણ રુચિનો અર્થ ઇ. રુચે રુચે એટલે ગોઠે અંદર આત્મા આનંદસ્વરૂપ અને રાગ રુચે નહિ. શુભભાવ પણ રુચે નહિ એને આત્મરુચિ કહે છે. સમજાણું કાંઈ? વિષય આદિના ભાવમાં તો ક્યાંય રુચિ જ નથી. સમકિતીને ચોથે ગુણસ્થાને ક્યાંય રુચિ નથી, ક્યાંય પ્રેમ નથી એને. અને રુચિ હોય તો એક આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એની રુચિ એટલે એની શ્રદ્ધા અને અનુભવ. આ સમકિતીને વિશેષ અંશે શાંતિ, સ્થિરતા હોય એને પડિમાનો વિકલ્પ હોય તો એ વ્યવહાર છે અને આ શાંતિ છે તે નિશ્ચય છે. આહાહા..! અહીં તો લાવીને મૂક્યું પાછું આત્મામાં. ફેરવી ફેરવીને ન્યાં લાવ્યા. એનો અર્થ જ ઇ છે કે નહિ? શ્રાવક થયો ને ઇચ્છાકાર કરે છે એનો અર્થ શું? તું સ્વરૂપને અનુભવે છો, આનંદને અનુભવે છો. એવા આત્માની, બીજા વંદન કરનારા, નમસ્કાર કરનારા, ભાવના-ઇચ્છા, નમસ્કાર કરીને કરે છે. આહા..! સમજાણું કાંઈ?

**'અન્ય ધર્મ કે સમસ્ત આચરણ કરતા હૈ...'** છે ને પાઠ? **'णिरवसेसाइं' 'णि अवसेस'** આ એક સમકિતના અનુભવ સિવાય જેટલા અવશેષ ક્રિયાકાંડના તપ ને વ્રત ને નિયમ ને ભક્તિ ને વિનય ને પૂજા **'णि अवसेस'**, બધું કરે. વ્યવહાર બાકી રાખ્યા વિના. (તે) **'સિદ્ધિ અર્થાત્ મોક્ષ કો નહીં પાતા હૈ...'** એને ધર્મ થતો નથી. એટલે મુક્તિ તો ક્યાંથી થાય? સમજાણું કાંઈ? **'ઔર ઉસકો સંસાર મેં હી રહનેવાલા કહા હૈ.'** એને તો નિગોદ આદિ ભવમાં રખડવાવાળા કહ્યા છે. ભારે વાત. આ નિગોદ છે ને? ભાઈ! આમાં આવશે ને ? તે દિ' આપણે કાઢ્યું હતું ને? નિગોદ. મેં કીધું, અહીં કેમ ન આવ્યું? પણ અહીં નથી, પેલામાં છે. ભવ કરે છે ને? ભાવપાહુડ. ન્યાં નિગોદ શબ્દ (આવે છે). ૧૮ માં આવે છે ને? **'निगोद गच्छइ'** ઇ અહીં અર્થ નથી કર્યો. અર્થ તો જોયો હતો. નિગોદ.. નિગોદ. પેલા ભવ છે ને, ભવ? ભાવપાહુડમાં. નિગોદના ભવ. ત્યાં નિગોત (અર્થ) કર્યો છે. અહીં તો નિગોદ (છે). સમજાણું કાંઈ?

એક આત્મા વિકલ્પ ને શુભરાગ રહિત (છે). શુભરાગ તો આસ્રવતત્ત્વ છે. ભગવાનઆત્મા તો એનાથી ભિન્ન આનંદ અને જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એવા આત્માની જેને ચાહના નથી, રુચિ નથી, ભાવના નથી, અનુભવ આવ્યો નથી અને એકલા રાગમાં રાગની ક્રિયા નિરવશેષ જેટલી વ્યવહાર શાસ્ત્રમાં કહી એવી બધી કરે (એ) સંસારમાં રહેશે. રખડશે ચાર ગતિમાં, કહે છે. કહો, સમજાણું કાંઈ? સમકિત વિનાની સાત પડિમા ને દસ પડિમા ને અગિયાર પડિમા, એમ કહે છે આ. સમજાણું? **'ઉસકો સંસાર મેં હી રહનેવાલા કહા હૈ.'** ભગવાને તો સંસારમાં રહેવાવાળા કહ્યા છે. કારણ કે આત્મા રાગરહિત, સંસારરહિત (છે). સંસાર જે ઉદયભાવ, શુભભાવ એ સંસાર છે, ઉદયભાવ છે. પોતે પણ ઉદયભાવ એ સંસાર છે ને? સંસારત્ કીધા ને? ચૌદમીમાં. ઉદયભાવ છે એટલો સંસાર છે. શુભરાગ દયા, દાન, વ્રત, તપનો ભાવ એ સંસાર છે. એ સંસાર છે એનાથી રહિત આત્માની જેને અનુભવદૃષ્ટિ અને શ્રદ્ધા-જ્ઞાન નથી, એ આવું કરતા હોય તો એ સંસાર છે. સંસારમાં રહ્યા છે અને પરિભ્રમણ કરશે. આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આચાર્ય આકરા બહુ.

ઉત્તર :- આકરા નથી, પણ છે એવા છે. દિગંબરના તીવ્ર વચનોને લઈને.. આવે છે ને? એ વસ્તુ જ એવી છે. આહા..! જુઓને! આગળ તો હજી ૧૮માં કહેશે ને. એક તિલના તુષ, ફોતરા, છિલકા માત્ર પણ કોઈ કટકો રાખે, સાધુ નામ ધરાવે કે અમે સાધુ છીએ, નિગોદ જશે, નિગોદમાં જશે. જેવું સ્વરૂપ છે એવું છે. આચાર્ય આકરા નથી. જેવો સ્વભાવ છે એવો વર્ણવ્યો છે. કોઈ વ્યક્તિને માટે નથી સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પડિમાધારી હોય. સાધુની પછી વાત કરશે. અગિયાર પડિમા હોય. એવા શ્રાવક હોવા છતાં, જેને સમ્યગ્દર્શન શુભરાગથી ભિન્ન આત્માની રુચિ, દૃષ્ટિ, અનુભવ નથી એ બધા ક્રિયાકાંડના કરનારા સંસારમાં રહેલા અને સંસારમાં રહેશે, એમ કહે છે. સમજાણું કાંઈ? કેમકે આત્માનો સ્વભાવ જ સંસારભાવ રહિત છે. આત્માનો સ્વભાવ સંસારભાવ રહિત છે. સમજાણું કાંઈ?

પરમપારિણામિક ચૈતન્યસ્વભાવ જ્ઞાયક, ચૈતન્યપુંજ પ્રભુ, એમાં સંસારભાવ નથી, એમાં ભવ નથી, ભવનું ફળ નથી. એવા આત્માની જેને અંતર દૃષ્ટિ, રુચિ અને જ્ઞાયકનો અનુભવ નથી, એ પછી પડિમાધારી હોય તોપણ એ રાગમાં જ રહ્યા છે, એમ કહે છે. એ આત્મામાં સ્થિર થયા નથી, એમ કહે છે ને? સમજાણું કાંઈ? પેલામાં હતું ને? આવ્યું હતું ને? **'ठाणे ट्ठियसम्मत्तं'** (ગાથા-૧૪). એમ હતું ને? અગિયાર પડિમા હોય પણ **'ठाणे ट्ठियसम्मत्तं'** એમ હતું ને? સમકિતમાં સ્થિત છે ઇ. અરે..! ભારે વાતું આવી. સમજાણું કાંઈ? લ્યો.

જેણે સ્થૂળ મિથ્યાત્વ છોડ્યા છે અને દિગંબરમાં જેનો જન્મ છે, દિગંબરની શ્રાવકની વ્યવહારુ વૃત્તિ, અગિયાર પડિમા આદિ અંગીકાર કર્યા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં છે એની વાત તો અહીં કાઢી નાખી. ઇ તો બીજા ભાવ મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યે અને ભાવે બધી રીતે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પણ કહે છે, એ સંપ્રદાયની દૃષ્ટિ છોડી દઈ અને જેને વાડામાં દિગંબર દર્શન મળ્યું છે, એ દિગંબરમાં જેણે સાત અને અગિયાર પડિમા અંગીકાર કરી, દસ-બાર.. બાર ક્યાં છે. 'રામજીભાઈ' કહે, પંદર હોય તો અંગીકાર કરે. ભાન ક્યાં છે? લાવો પંદર પડિમા લઈ લઈએ. લ્યો. પડિમા કોને કહેવી, સ્થિરતા કોને કહેવી, એની મર્યાદા, વિકલ્પની મર્યાદા આટલી એની સ્થિરતાવાળાને હોય એની તો કાંઈ ખબર નથી. પછી લઈ લ્યો સાત, લઈ લ્યો અગિયાર ને લઈ લ્યો દસ. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ આકરો છે, ભાઈ! આકરો નહિ પણ જેવો છે એવો વીતરાગી માર્ગ છે આ. આહાહા..!

મુનિની તો વાત શી કરવી, પણ શ્રાવક પણ આત્માના અનુભવી ન હોય એ સંસારમાં રહ્યા છે એટલે રાગમાં રહ્યા છે. એના શુભરાગમાં જ એની દૃષ્ટિ પડી છે અને ત્યાં જ એનું હિતપણું માની રહ્યો છે. અને એ વિશેષ આગળ જાય તો પ્રરૂપણા એવી કરે. આ તો અંદરમાં ભાવ છે પણ આગળ જઈને વધી જાય એમ કરીને કે એ શુભભાવથી પણ આગળ લાભ થશે. એ મિથ્યાત્વનું તીવ્ર પોષક છે. સમજાણું કાંઈ? બફમ્ થઈ જાય એવું છે આ બધું. જાગી ઊઠે એવું છે. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ... સાકરટેટી આવે છે ને આપણે? સાકરટેટી નથી આવતી? શું કહેતા હશે

હિન્દીમાં? પેલી સાકરટેટી આવે છે. તરબૂચ ને સાકરટેટી, નહિ? .. ટેટી કહે છે, સાકરટેટી. પણ આ તો આત્મામાં તો અમૃતની ટેટી, સાકરટેટી પાકે એવો આત્મા છે. સાકરટેટી કહે છે ને? ક્યા 'પ્રકાશદાસજી'? ચીભડા હોતા હૈ, ચીભડા. તરબૂચ. એક સાકરટેટી.

મુમુક્ષુ :- સાકરટેટી જુદી અને તરબૂચ જુદું.

ઉત્તર :- એ જુદું-તરબૂચ જુદું. તરબૂચ જુદું અને સાકરટેટી જુદી. અહીં તો સાકર શબ્દ આવ્યો ને એ વખતે જરી મગજમાં. સાકરટેટી કહે. ચીભડું મીઠું, ગળ્યું બહુ હોય. લાલ ને સાકર (જેવું લાગે). ધૂળેય સાકર નથી. આ આત્મા તો એકલી અમૃતની ટેટી છે. આહાહા..! એને આત્મા કહીએ. શુભરાગ છે એ આત્મા (નથી), એ તો આસ્રવતત્ત્વ છે. દયા, દાન, વ્રત, તપના ભાવ એ તો આસ્રવતત્ત્વ છે. ઇ સાકરટેટી (નહિ), ઝેરટેટી છે. 'સેઠી'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઝેર રહે તો શું છે? અમૃતની સાથે ઝેર રહે તો કાંઈ ઝેર અમૃત થઈ જાય છે? સાકરનો ગાંગડો મૂક્યો હોય એને જોડે અફીણ મૂક્યું હોય, તેથી કાંઈ અફીણ સાકર થઈ જાય?

એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે કહે છે કે રાગ તો એને ઝેર દેખાય. આહાહા..! મહાવ્રતના પરિણામ ને બાર વ્રતના પરિણામ ને અગિયાર પડિમાના પરિણામ એ તો બધો ઝેર-રાગ છે. ભલે હો, કહે છે. પણ આ આત્માના ભાન વિના એ સંસારમાં છે. રખડવાના છે. અત્યારે પણ સંસારમાં છે અને પછી પણ રખડવાના. કહ્યું ને? જુઓ! **'पावदि सिद्धिं संसारत्थो पुणो भणिदो' 'धम्माइं करेइ णिरवसेसाइं'**. લ્યો. એ આગળ આવશે. ૨૨૨ પાને આવે છે. ૨૨૨ પાનામાં છે. ઇ છે, ૮૬ ગાથા છે, જુઓ! **'अह पुण अप्पा णिच्छदि पुण्णाइं करेदि णिरवसेसाइं'** અહીં **'धम्माइं करेइ णिरवसेसाइं'** શબ્દ છે. ત્યાં **'पुण्णाइं करेदि णिरवसेसाइ'** છે. ભાવપાહુડની ૮૬ ગાથા, આમાં ૨૨૨ પાને છે. જુઓ! **'अह पुण अप्पा णिच्छदि'** અહીં એમ શબ્દ છે, જુઓ! **'अह पुण अप्पा णिच्छदि धम्माइं करेइ णिरवसेसाइं'** ત્યાં **'पुण्णाइं करेदि णिरवसेसाइ'**. લ્યો, અહીં તો ધર્મને ચોખ્ખું પુણ્ય કહ્યું છે. ધર્મ એટલે આ વ્યવહાર ધર્મ. આ દયા, દાન, વ્રત, તપસ્યા, ક્રિયા શુભભાવ. **'तह वि ण पावदि सिद्धिं संसारत्थो पुणो भणिदो।।86।।'** **'तह वि ण पावदि सिद्धिं'** શબ્દ એક છે. જરી પુણ્યને ઠેકાણે ધર્મ શબ્દ ફેરવ્યો. ૮૬ છે ને? ૮૭ પણ ઇ જ છે. ૧૬ ની સાથે મેળવે છે. છે ને ૮૬ અને ૮૭. ૮૭ માં પણ એમ છે.

**एएण कारणेण य तं अप्पा सद्दहेण तिविहेण।**
**जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेणं।।87।।**
**एएण कारणेण य तं अप्पा सद्दहेण तिविहेण।**
**जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेणं।।16।।**

બેય ગાથા સરખી છે. ૧૫ અને ૧૬, ત્યાં ભાવપાહુડમાં ૮૬ અને ૮૭. સમજાણું કાંઈ? ત્યાં **'पुण्णाइं करेदि'** કીધું, અહીં **'धम्माइं करेइ'** (કહ્યું છે). **'धम्माइं करेइ'**. ગમે એવા ધર્મ કરે. ધર્મ

શબ્દે રાગની, પુણ્યની ક્રિયા. વ્રતની, તપની, અપવાસની. **'धम्माइं करेइ णिरवसेसाइं'** નિરવશેષ. જેટલી ક્રિયા કહેવાની વ્યવહારની એ બધી કરતો હોય. **'तह वि ण पावदि सिद्धिं'** તોપણ તે મુક્તિને પામતો નથી. સંસાર તો.. મુક્તિ પામતો નથી એ તો કહ્યું, હવે? **'संसारत्थो'** ભગવાને કહ્યું છે, એમ કહે છે, જુઓ! **'भणिदो'** છે ને? બધું એક જ છે. શબ્દ એક જ છે. **'पुण्णाइं'**, **'धम्माइं'** બે જ ફેર છે, બીજું કાંઈ નહિ. ભાવપાહુડ. સમજાણું કાંઈ? ઓહોહો..! દિગંબર સંતોની વાણી આકરી જગતને લાગે. માર્ગ તો આ છે.

શ્વેતાંબરને મિથ્યાદૃષ્ટિ (કહ્યા). બધાય આખો સંઘ. હાય.. હાય! અને એકકોર કહે અગિયાર પડિમા લ્યે, દિગંબરના જૈનધર્મમાં જન્મેલા અને દિગંબર ધર્મને નામે (લે), છતાં આત્માની જેને શ્રદ્ધા, જ્ઞાન અને અંતરદૃષ્ટિ નથી એને બહિરાત્મા રાગમાં રહ્યો છે, એને મુક્તિ નથી પણ સંસાર તો છે. આહાહા..! ભારે કામ. રાગમાં રહ્યો. રાગ એટલે બહિરાત્મા. એ બહિરાત્મા. બહિરાત્મા એ સંસાર. સમજાણું કાંઈ? શુભભાવથી લાભ માનનારા બહિરાત્મા છે. આત્મામાં નથી એવા ભાવને માનનારા મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ ગમે એવી ક્રિયા ધર્મની નામની કરે પણ એ બધા સંસાર અર્થ છે. ધર્મ, મુક્તિને પામતા નથી. પેલા કહે કે, હમણાં નહિ પણ ધીમે ધીમે આગળ પામશે. આગળ પામશે સંસાર, કહે છે. અત્યારે પણ સંસાર અને પછી પણ સંસાર. આરે..! ભારે કામ. સમજાણું કાંઈ?

**'સંસારમેં હી રહનેવાલા કહા હૈ.'**

**ભાવાર્થ :- 'ઇચ્છાકાર કા પ્રધાન અર્થ આપકો ચાહના હૈ સો જિસકો અપને સ્વરૂપ કી રુચિરૂપ સમ્યક્ત્વ નહીં હૈ,...'** પેલો સામે ઇચ્છાકાર કરે છે અને આને આ ન હોય, તો કહે છે, ઇ તો થઈ રહ્યું, ઇ તો ઇની ઇ દશા છે. **'ઇચ્છાકાર કા પ્રધાન અર્થ આપકો ચાહના હૈ, સો જિસકો અપને સ્વરૂપ કી રુચિરૂપ સમ્યક્ત્વ નહીં હૈ, ઉસકે સબ મુનિ શ્રાવક કી આચરણરૂપ પ્રવૃત્તિ મોક્ષ કા કારણ નહીં હૈ.'** શ્રાવક અને મુનિને જેટલા વ્યવહાર આચરણો છે (એ) બધા બંધના કારણ છે. એ વ્યવહારુ ક્રિયા પંચમહાવ્રતની, બાર વ્રતની, અગિયાર પડિમાની, એ બધી બંધના કારણની ક્રિયા છે, એમ કહે છે. ભારે. એય! 'પ્રકાશદાસજી'! ક્યાં નીકળ્યું પણ આવું?

અરે...! પંચમહાવ્રતમાં ચારિત્ર હતું, ન્યાં વળી આવું ક્યાંથી થઈ ગઈ પાછું? મહાવ્રત અંગીકાર કરો, જાઓ. અહીં કહે છે, મહાવ્રતના પરિણામ પોતે અચારિત્ર અને રાગ છે. જેને રાગ રહિત આત્માની દૃષ્ટિ નથી એ રાગમાં રહ્યો છે. રાગમાં રહ્યો એટલે બહિરાત્મા છે. બહિરાત્મામાં છે. સંસાર આત્મામાં નથી. રાગમાં સંસાર છે. તો ઇ સંસાર તો છે. સંસારર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! એશો, એશો કરીને ધમાલ કરીને પડ્યા છે. કહે છે, ફળ તો તારું સંસાર છે રખડવાનું. આહાહા..! અપવાસ કરે, ઉણોદરી કરે, રસત્યાગ કરે, શરીરના.. ખાઈએ નહિ, દૂધ-દહીં, ખાંડ-સાકર ખાઈએ નહિ, બહુ લુખ્ખા ખાઈએ. કેવો ત્યાગ આનો! એ બધો ત્યાગ છે આત્માનો. આત્માનો ત્યાગ છે અને રાગનું ગ્રહણ છે. સમજાણું કાંઈ? ધર્મીને રાગનો ત્યાગ છે અને આત્માનું ગ્રહણ છે.

**'ઇચ્છાકાર કા પ્રધાન અર્થ...'** મહા અર્થ એમ કહે છે. **'આપકો ચાહના હૈ. સો જિસકો અપને સ્વરૂપ કી રુચિરૂપ સમ્યક્ત્વ નહીં હૈ, ઉસકે સબ મુનિ શ્રાવક કી આચરણરૂપ પ્રવૃત્તિ મોક્ષ કા કારણ નહીં હૈ.'** જાઓ! એ વ્યવહારક્રિયા કરે એ સમકિતનું, નિશ્ચયનું કારણ થાશે કે નહિ? પણ કારણ થાય તો સંસારનું કારણ મોક્ષના કારણરૂપે થાય? એ વ્રતાદિની ક્રિયા, તપાદિની ક્રિયા સંસાર છે. એ સંસારનો ભાવ સમકિતનું કારણ થાય? ભારે ગોટો. એય..! 'ભગવાનજીભાઈ'! ભારે આકરું પડે, હોં! 'નાઈરોબી' જેવામાં તો.. આહાહા..! હો.. હા..! મોટા મંદિર દસ-દસ લાખના. ભક્તિ, પૂજા, હો.. હા..! બસ! ધર્મ.. ધર્મ.. ધર્મ.. ધર્મ. ન્યાં જઈને કહે કે આ તારો ધર્મ નથી. એ રાગની ક્રિયામાં પડ્યો ઇ મિથ્યાત્વભાવ છે. આપણે સાંભળવું નથી, સાંભળવું નથી, ચાલો ભાઈ! આહાહા..! અરે..! ભગવાન! તારા ઘરને જીવતું કરવાની આ વાત છે. રાગની રુચિ કરી તેં જીવના ઘરને મારી નાખ્યું છે. આહાહા..!

મહાપ્રભુ એકલો ચૈતન્યસ્વભાવી નાથ, એની અંદર પ્રતીત અને એના જીવતરના જીવનની વિશ્વાસ અને અનુભવ નથી અને એક રાગ, વિકાર જેના ચૈતન્યના મડદાં, ચૈતન્યમાંથી રાગ-મડદું નીકળ્યું. મડદાં, રાગ તો મડદાં છે. મરી ગયેલા. ચૈતન્યના ભાવથી મરી ગયેલા અચેતન છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિઓની વાત જ જુદી આખી. દુનિયા સાથે ક્યાંય મેળ ન ખાય એવી. 'સેઠી'!

મુમુક્ષુ :- દુનિયાથી વિરૂદ્ધના ભાવ...

ઉત્તર :- વિરૂદ્ધના ભાવ. 'આનંદઘનજી' એક ઠેકાણે કહે છે, દુનિયા સાથે આનો અભિપ્રાય મેળ ખાય તો એ અભિપ્રાય જ સમકિત નથી. દુનિયા સાથે કેમ એનો અભિપ્રાય અથડાતો નથી?

---

**आगे इस ही अर्थको दृढ़ करके उपदेश करते हैं :-**

## ગાથા-૧૬

**एएण कारणेण य, तं अप्पा सद्दहेह तिविहेण।**
**जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेण।।१६।।**

एतेन कारणेन च तं आत्मानं श्रद्धत्त त्रिविधेन।
येन च लभध्वं मोक्षं तं जानीत प्रयत्नेन।।१६।।

**આ કારણે તે આત્મની ત્રિવિધે તમે શ્રદ્ધા કરો,**
**તે આત્મને જાણો પ્રયત્ને, મુક્તિને જેથી વરો. ૧૬.**

**अर्थ :- पहिले कहा कि जो आत्माको इष्ट नहीं करता है उसके सिद्धि नहीं है, इस ही कारणसे हे भव्यजीवो ! तुम उस आत्माकी श्रद्धा करो, उसका श्रद्धान करो, मन-वचन-कायसे**

स्वरूपमें रुचि करो, इस कारणसे मोक्षको पाओ और जिससे मोक्ष पाते हैं उसको प्रयत्न द्वारा सब प्रकारके उद्यम करके जानो। (भावपाहुड गा. ८७ में भी यह बात है।)

भावार्थ :- जिससे मोक्ष पाते हैं उसहीको जानना, श्रद्धान करना यह प्रधान उपदेश है, अन्य आडम्बरसे क्या प्रयोजन ? इसप्रकार जानना।।१६।।

---

## ગાથા-૧૬ ઉપર પ્રવચન

**'આગે ઇસ હી અર્થકો દૃઢ કરકે ઉપદેશ કરતે હૈં.'** એ જ ભાવને વિશેષે દૃઢ કરે છે.

**एएण कारणेण य, तं अप्पा सद्दहेह तिविहेण।**

**जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेण।।१६।।**

જુઓ! આહાહા..! પાછા **'तिविहेण'**. એ પણ ત્યાં ૮૭મી ગાથા છે. શબ્દે શબ્દ છે. સૂત્રમાં આમ કહ્યું છે, એમ કહેવું છે. ત્યાં ભાવ આવો હોય એનું ફળ આવું હોય એમ કહ્યું છે.

**અર્થ :- 'પહિલે કહા કિ જો આત્મા કો ઇષ્ટ નહીં કરતા હૈ ઉસકે સિદ્ધિ નહીં હૈ...'** ભગવાનઆત્મા, એકલો જ્ઞાતા-દૃષ્ટાનો રસકંદ પ્રભુ, જેમાં ઉદયભાવના શુભરાગની ગંધ નથી, એવા આત્માને ઇષ્ટ કરતા નથી, પ્રિય કરતા નથી અને એનો પ્રેમ રાગમાં ઢળી ગયો છે એને મુક્તિ નથી, એને ધર્મ નથી એટલે એને મુક્તિ નથી. **'ઇસ હી કારણ સે હે ભવ્યજીવો!'** લ્યો. આદેશ કર્યો છે ને? ભાઈ! આમાં. **'सद्दहेण तिविहेण'**. શ્રદ્ધે ત્રણ. મન, વચન ને કાયા. કરણ, કરાવણ, અનુમોદનથી. આત્મા આનંદસ્વરૂપ છે એવી નવ નવ કોટિએ શ્રદ્ધા કર, કહે છે. આહાહા..! નવ કોટિએ ત્યાગ કરે છે ને અજ્ઞાની? સમજાણું કાંઈ? અહીં મન, વચન ને કાયાથી. ક્યાંય સંકલ્પ પણ ઠીક છે, એમ રહે નહિ. એકલો આત્મા પૂર્ણાનંદનો નાથ, ચૈતન્ય સ્વભાવ, વીતરાગી મૂર્તિની શ્રદ્ધા કર. મનથી, વાણીથી પણ એ માન, એ બોલ બોલ કે શ્રદ્ધા કરવા જેવી આ ચીજ છે. ઉપદેશ પણ આવો હોય, એમ કહે છે. મનમાં પણ એ હોય, અને કાયાની ચેષ્ટામાં પણ એના તરફના વલણની શ્રદ્ધા એ એને બતાવે. આ નહિ, આ નહિ, આ નહિ. સમજાણું કાંઈ?

**'પહિલે કહા કિ જો આત્મા કો ઇષ્ટ નહીં કરતા હૈ ઉસકે સિદ્ધિ નહીં હૈ. ઇસ હી કારણ સે હે ભવ્યજીવો! તુમ ઉસ આત્મા હી કી શ્રદ્ધા કરો,...'** આહાહા..! અનંતકાળમાં આત્માની શ્રદ્ધા કરી નથી. દ્રવ્યલિંગ ધારણ કર્યાં, મુનિ અનંતવાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' દિગંબર મુનિ, હોં! પેલા મુનિ તો વ્યવહાર પણ નથી, એ તો કુલિંગી છે. એ તો નવમી ગ્રૈવેયકે પણ જાય નહિ. નવમી ગ્રૈવેયક જાય એ તો નગ્નમુનિ હોય, દિગંબર હોય, વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન આદિ જેના સાચાં હોય, નિશ્ચય ખોટો હોય, એવા જીવો નવમી ગ્રૈવેયક જાય. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ. અને આ વસ્ત્ર-પાત્રવાળા કુલિંગીઓ નવમી ગ્રૈવેયક ન જાય, ગ્રૈવેયકમાં ન જાય. શુભભાવ હોય તો હેઠેથી બહારમાં દેવલોક જાય. મિથ્યાદૃષ્ટિ.

મુમુક્ષુ :- એવો .. વ્યવહાર હોય..

ઉત્તર :- એ તો વ્યવહારુ ભાવ હોય એની વાત છે. શુભભાવ હોય છે, અન્યમતિ પણ જાય

છે. અન્યમતિ બહારમાં જાય. મિથ્યાદૃષ્ટિ હોય છે પણ શુભભાવ એવા હોય તો જાય. અન્યમતિમાં પણ નગ્ન બાવા, સાધુ, વેદાંતના માનનારા ઘણા હોય છે. ફકિરમાં થાય, ફીલસૂફી. સૂફી.. સૂફી ફકિર એક ફેરી મેં જોયેલો. વૈરાગી દેખાય, હોં! 'બોટાદ'માં બહાર નીકળવાનો દરવાજો છે ને? 'રાયચંદ ગાંધી'ની સામે. બહાર નીકળ્યો પણ એનું મોઢું... ફકિર. લૂગડાં લીલા. લીલા હોય ને? લૂગડાં લીલા. આમ ઊભો હતો પણ એની ચેષ્ટામાં વૈરાગ્ય દેખાય. કીધું, કોણ છે આ? સૂફી ફકિર છે. અનહલહક્ એક આત્મા, એમ માનનારા એ લોકો. વેદાંતની જેમ. અનહલહક્ એક ખુદા છે. રુચિ ખોટી, તત્ત્વની ખબર ન મળે પણ એના મોઢામાં એવું.. સાધુ દેખીએ તો એને વૈરાગ્ય ન દેખાય અને આ એકકોર ઊભો હતો. હું નીકળ્યો તો એને ખબર તો પડી. આમ જોવા ઊભો રહ્યો. હું આઘે રહ્યો. બહુ લીલા નહિ ને કાળા નહિ એવા લૂગડાં પહેરેલા. ૪૦-૪૫ વર્ષની ઉંમર હશે. ઉદાસ. એ બધા મિથ્યાદૃષ્ટિ પણ તત્ત્વની ખબર નહિ. આહાહા..!

સર્વજ્ઞ ભગવાને કહેલો એક એક આત્મા પૂર્ણાનંદનો નાથ (છે). એવા અનંતા આત્માઓ અને એથી અનંતગુણા રજકણો. એ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ વાત ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'તુમ ઉસ આત્મા કી શ્રદ્ધા કરો, ઉસકા શ્રદ્ધાન કરો, મન, વચન, કાય સે સ્વરૂપ મેં રુચિ કરો...'** મનથી એક લીધું છે. સમજાય છે? વાણીમાં પણ એ રાખ, મનમાં પણ એ, કાયા પણ એ. અંદરનું સ્વરૂપ.. સ્વરૂપ.. સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ. મૂર્તિ. અખંડ ચિંતામણિ કલ્પવૃક્ષ એવો જે ભગવાનઆત્મા કલ્પવૃક્ષ છે, ચિંતામણિ રત્ન છે, કલ્પવેલી છે, કામકુંભ છે. આવે છે ને એવો ઘડો? દેવ અધિષ્ઠિત. જે માગે ઇ ઘડામાંથી નીકળ્યા જ કરે. એવો ઘડો આવે છે. કામકુંભ ઘડો કહેવાય. જે ઇચ્છે ઇ નીકળ્યા કરે. એ ઘડો દેવ અધિષ્ઠિત (હોય). ઘરેણું જોઈએ, ખાવાનું જોઈએ એ એમાંથી નીકળે. એમ આ તો ભગવાન આનંદનો કુંભ-ઘડો છે. કામકુંભ છે. આહાહા..!

એવા આત્માને **'મન, વચન, કાય સે સ્વરૂપ મેં રુચિ કરો...'** આ પહેલો ધર્મનો માર્ગ છે. એ વિના બધા થોથા, એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? **'ઇસ કારણ સે મોક્ષ કો પાઓ...'** અહીં તો સ્વરૂપની રુચિથી જ મોક્ષને પામે, એમ સીધું કીધું, ભાઈ! એટલું વજન આપ્યું છે. આહાહા..! એ તો એની શ્રદ્ધામાં આવ્યું છે ને કે આમાં ઠરું ત્યારે ચારિત્ર, ત્યારે મુક્તિ થાય. આહાહા..! .. આવ્યું ને? એને અનુસરીને આચરણ એમાં કરવું. આ આત્મા જ્ઞાન ચૈતન્યનો કંદ છે એમાં ઠરું, ચારિત્ર ઠરે તો મુક્તિ થશે. બાકી મુક્તિ થશે નહિ. એવી શ્રદ્ધા સમ્યગ્દર્શનમાં આવી ગયું છે. સમજાણું કાંઈ?

**'મન, વચન, કાય સે સ્વરૂપ મેં રુચિ કરો, ઇસકારણ સે મોક્ષ કો પાઓ...'** લ્યો, આ કારણે એને કેવળજ્ઞાન થઈને મુક્ત થશે. પણ જેને સ્વરૂપની દૃષ્ટિ ને રુચિ નથી ને ક્રિયાકાંડમાં પડ્યા હોય એ બધા સંસારમાં રખડવાના છે. વર્તમાન સંસાર છે, ભવિષ્યમાં સંસારમાં રખડશે. આહાહા..! **'ઔર જિસસે મોક્ષ પાતે હૈં ઉસકો પ્રયત્ન દ્વારા સબ પ્રકાર કે ઉદ્યમ કરકે જાનો.'** શું કીધું? **'જિસસે મોક્ષ પાતે હૈં...'** જિસસે એટલે શ્રદ્ધાથી, રુચિથી. સમજાણું કાંઈ? કહ્યું ને પાઠમાં? જુઓને!

**एएण कारणेण य तं अप्पा सद्दहेण तिविहेण।**
**जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेणं।।16।।**

એને. પ્રયત્ન દ્વારા આત્માનો અનુભવ જાણવો. નિર્વિકલ્પ આત્મા પ્રયત્ન દ્વારા જણાય.

પ્રયત્ન સિવાય, પુરુષાર્થ વિના જણાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'જિસસે મોક્ષ પાતે હૈં ઉસકો પ્રયત્ન દ્વારા સબ પ્રકાર કે ઉદ્યમ કરકે...'** એની મેળાએ થઈ જશે એમ નહિ. સમજાણું કાંઈ? વળી ઘણા કહે ને, ક્રમબદ્ધમાં આવશે. પણ ક્રમબદ્ધમાં અંતર દૃષ્ટિ હોય એને ક્રમબદ્ધનું જ્ઞાન હોય. સ્વભાવ સ્વરૂપનો પ્રયત્ન ચાલુ હોય એને ક્રમબદ્ધનું જ્ઞાન સાચું છે. એ તો અકર્તા અને જ્ઞાતા છે. આહાહા..! **'પ્રયત્ન દ્વારા સબ પ્રકાર કે ઉદ્યમ કરકે જાનો.'** દેખો! ભગવાનઆત્માને તો જેટલી વીર્યની તાકાત (હોય) એ બધી તાકાત દ્વારા આત્માને જાણવો. આ પહેલું કરવામાં આ કર્તવ્ય છે. અનંત અનંત વીર્ય જે ઉઘડેલું હોય કે જ્ઞાન ઉઘડેલું હોય, એ બધા દ્વારા આત્મામાં અનુભવ કરીને રુચિ કરવી એ પ્રયત્ન કરવો. આહાહા..! આત્મા તો જાણે કાંઈ નહિ એમ માણસને થઈ ગયું. દયા, દાન ને વ્રત ને ભક્તિ ને તપનો શુભભાવ (જોવે) એટલે આહા..હા..! એ થઈ પડ્યું. ઓલો ભગવાન આખો આત્મા રહી ગયો અંદર. આહાહા..!

'શ્રીમદ્' તો એક વાર કહે છે, અમારે કેવળજ્ઞાન પણ જોઈતું નથી. આત્મા આખો પ્રાપ્ત થયો, હવે કેવળજ્ઞાન પણ જોઈતું નથી. કેવળજ્ઞાન પછી શું આપશે? કેવળજ્ઞાન તો એની મેળાએ થઈ જશે, જોવે છે ક્યાં અમારે? એમ કહે છે. થયા વિના રહેશે નહિ. આહાહા..! કેવળજ્ઞાનની ઇચ્છાથી કાંઈ કેવળજ્ઞાન આવે? એમ તો આવે છે, મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. 'ધવલ'માં. બોલાવે એટલે આવશે જ, એમ. જેને આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યના આનંદના ભાનનું જેને અનુભવ પ્રતીત થઈ છે એને તો મતિ અને શ્રુત નિર્મળ થયા છે. એને થયા એને કેવળજ્ઞાન થયા વિના રહેશે નહિ. એટલે મતિજ્ઞાન કેવળને બોલાવે છે. ચાલ, ચાલ, આવી જા, આવી જા. 'ધવલ'માં એવો પાઠ છે, લ્યો. એ મતિજ્ઞાન ક્યું? આત્માનું જ્ઞાન થયું તે મતિજ્ઞાન. રાગને પોતાનો માની રાગથી લાભ માને એ અજ્ઞાન છે. અજ્ઞાન બોલાવે મિથ્યાત્વને. દૃઢ થાશે મિથ્યાત્વ અને રખડજે. સમજાણું કાંઈ ? લે, વળી ક્યાં આવ્યું? મતિજ્ઞાન કેવળજ્ઞાનને (બોલાવે છે). આહાહા..! ગજબ શૈલી છે!

**ભાવાર્થ :- 'જિસસે મોક્ષ પાતે હૈં, ઉસ હી કો જાનના, શ્રદ્ધાન કરના યહ પ્રધાન ઉપદેશ હૈ...'** જુઓ! જે વડે મોક્ષ પામવો છે એનું બરાબર જ્ઞાન કરીને શ્રદ્ધાન કરવું જોઈએ. સમ્યગ્દર્શન, આત્માની રુચિ એને બરાબર જાણવું જોઈએ કે શું છે આ તે વસ્તુ? રુચિ શું? અને રુચિનો વિષય શું? એને બરાબર જાણવું જોઈએ. શ્રદ્ધાન કરના, એ તો મુખ્ય ઉપદેશ છે. ભગવાનનો તો એ મુખ્ય ઉપદેશ છે. **'અન્ય આડંબર સે ક્યા પ્રયોજન?'** દેખો! આમ વ્રત ને તપ ને હા.. હો.. શાંતિયજ્ઞ ને.. શું કીધું? શાંતિસ્નાત્ર. આ બધા મરી જાય પછી આવું કરવું, પછી આવું કરવું, દીક્ષા લે ત્યારે આમ કરવું. કોઈ ગૃહસ્થ મરતા હશે તો એની પાછળ કરાવે ને આઠ દિ' પછી, દાડો. દાડો ન કરે અને એવું કરાવે. એ બધા આડંબર છે, કહે છે. અટ્ઠાઈ મહોત્સવ કરાવે, લ્યો. આપણે ત્યાં આઠ દિ' કર્યું હતું ને? 'ગોપાળદાસભાઈ'.. નહિ? 'બાબુભાઈ' એ કાંઈક 'અમદાવાદ'માં કરાવ્યું હતું. પૈસા ખર્ચ્યા હતા. અરે...!

કહે છે કે એકલો ભગવાનઆત્માને જાણવો અને ઉદ્યમ-પુરુષાર્થથી પ્રગટ કરવો, એ સિવાય બીજા આડંબરથી તારે શું કામ છે? શાસ્ત્રના બહુ જાણપણા કરીએ તો લોકોને સમજાવતા આવડે. આ બધા આડંબરનું કામ શું છે તારે? એમ કહે છે. આહાહા..! એમ કહે છે. તારે કામ શું છે પણ?

મુમુક્ષુ :- ધર્મની પ્રભાવના થાય.

ઉત્તર :- ધર્મની પ્રભાવના અહીં થતી હશે કે બહાર થતી હશે?

**'अन्य આડંબર से क्या प्रयोजन?'** લ્યો, આ તો બધાને આડંબર ઠરાવ્યા. 'જાદવજીભાઈ'! પૂજા ને ભક્તિ ને સ્નાત્ર ને સ્તોત્ર ને અપવાસ ને મહિના મહિનાના અપવાસ ને એના કાઢો વરઘોડા, એને પછી જમાડો, એના વખાણ કરો, એને અભિનંદન આપો, આણે આટલા અપવાસ કર્યા.. ઓહો..! હમણા એક જણો લાવ્યું હતું. જુવાન માણસે મહિનાના અપવાસ કર્યા. વખાણ બહુ કર્યા છે. આહાહા..! આ બધા મિથ્યાત્વના આડંબર છે, કહે છે. આહાહા..! સ્થાનકવાસીમાં.

મુમુક્ષુ :-

ઉત્તર :- કરે તો ખરા, બિચારા શું કરે? **'इसप्रकार जानना.'** લ્યો.

---

**आगे कहते हैं कि जो जिनसूत्रको जाननेवाले मुनि हैं उनका स्वरूप फिर दृढ़ करनेको कहते हैं :-**

## ગાથા-૧૭

**बालग्गकोडिमेत्तं, परिगहगहणं ण होइ साहूणं।**
**भुंजेइ पाणिपत्ते, दिण्णण्णं इक्कठाणम्मि।।१७।।**

बालाग्रकोटिमात्रं परिग्रहग्रहणं न भवति साधूनाम्।
भुंजीत पाणिपात्रे दत्तमन्येन एकस्थाने।।१७।।

રે! હોય નહિ બાલાગ્રની અણીમાત્ર પરિગ્રહ સાધુને;
કરપાત્રમાં પરદત્ત ભોજન એક સ્થાન વિષે કરે. ૧૭.

**अर्थ :- बालके अग्रभागकी कोटि अर्थात् अणी मात्र भी परिग्रहका ग्रहण साधुके नहीं होता है। यहाँ आशंका है कि यदि परिग्रह कुछ नहीं है तो आहार कैसे करते हैं ? इसका समाधान करते हैं - आहार करते हैं सो पाणिपात्र (करपात्र) अपने हाथ में भोजन करते हैं, वह भी अन्यका दिया हुआ प्रासुक अन्न मात्र लेते हैं, वह भी एक स्थान पर ही लेते हैं, बारंबार नहीं लेते और अन्य स्थानमें नहीं लेते हैं।**

**भावार्थ :- जो मुनि आहार ही परका दिया हुआ प्रासुक योग्य अन्नमात्र निर्दोष एकबार दिनमें अपने हाथमें लेते हैं तो अन्य परिग्रह किसलिये ग्रहण करें ? अर्थात् नहीं ग्रहण करें, जिनसूत्रमें इसप्रकार मुनि कहे हैं।।१७।।**

---

## ગાથા-૧૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો જિનસૂત્ર કે જાનનેવાલે મુનિ હૈં, ઉનકા સ્વરૂપ ફિર દઢ કરને કો કહતે હૈં.'** ફરીને પાછું દઢ (કરે છે). પહેલું શ્રાવકનું આવ્યું, પછી મુનિનું આવ્યું અને આ શ્રદ્ધાનું આવ્યું. હવે પાછું મુનિનું આવે છે.

**बालग्गकोडिमेत्तं, परिगहगहणं ण होइ साहूणं।**

**भुंजेइ पाणिपत्ते, दिण्णण्णं इक्कठाणम्मि।।१७।।**

જુઓ! સમકિતની વાત કરી ખૂબ જોરદાર. પહેલો પ્રયત્ન એ કર ને જાણ ને એને પ્રગટ કર. હવે કહે છે કે મુનિપણું કેવું હોય? વીતરાગના માર્ગમાં જૈનશાસનમાં મુનિપણાની કેવી દશા હોય?

**અર્થ :- 'બાલકે અગ્રભાગકી કોટિ અર્થાત્ અણી માત્ર ભી પરિગ્રહકા ગ્રહણ સાધુકે નહીં હોતા હૈ.'** લ્યો. સમજાણું? વાળનો અગ્ર ભાગ, એની કોટિ અર્થાત્ અણી. એટલું ફોતરું પણ જેને પરિગ્રહ ન હોય. નિર્ગ્રંથ કહેવાય અને પોટલા મોટા માથે રાખે.

મુમુક્ષુ :- ઉપકરણ કાંઈ પરિગ્રહ કહેવાય?

ઉત્તર :- નાનું ઉપકરણ હોય તો પરિગ્રહ કહેવાય, મોટું કંઈ કહેવાય? આવડા મોટાને. મોટો તો મોટો પરિગ્રહ છે. મોટા પોટલા બાંધે માથે. અહીં નાખે ને અહીં નાખે. એક માણસ મોઢા આગળ ચાલે. સાયકલ ઉપર લઈને નીકળે. અમારે બહુ દેખાય.

મુમુક્ષુ :- એ બધા ઉપકરણ છે?

ઉત્તર :- ઉપકરણ કહેવાય?

અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' સ્પષ્ટ તત્ત્વને બહાર જાહેર કરે છે. વાળના અગ્ર ભાગની કોટિ અર્થાત્ અણી, તે માત્ર પણ જો પરિગ્રહ રાખે, વસ્ત્રનો કટકો, પાત્રનો કટકો, અરે..! પુસ્તક પણ મમતા રાખે તો એ પરિગ્રહ છે. સમજાણું કાંઈ? એવું પરિગ્રહનું ગ્રહણ સાધુને હોય નહિ.

**'યહાં આશંકા હૈ કિ યદિ પરિગ્રહ કુછ નહીં હૈ તો આહાર કૈસે કરતે હૈં?'** લ્યો. **'ઇસકા સમાધાન કરતે હૈં - આહાર કરતે હૈં સો પાણિપાત્ર (કરપાત્ર) અપને હાથ મેં ભોજન કરતે હૈં,...'** તેથી લીધું ને? **'पाणिपत्ते'**. આહાર તો છે. આહાર માટે કાંઈક પાત્ર-બાત્ર જોવે કે નહિ? એક કઢી. કઢીનું પાત્ર જુદું, દાળ, શાકનું જુદું, રોટલીનું જુદું, દૂધનું જુદું. પાંચ-છ પાત્ર મોટા (રાખે). મોટો મજૂર જાણે નીકળ્યો. ઉપાડીને આમ. એકમાં પાણી ને એકમાં દૂધ ને એકમાં આમ. મજૂર છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો છે ને. ઘણું એમાં (છે). 'ભગવતી'માં ઘણું લ્યે છે. સાધુ વ્હોરવા જાય છે દસ પાતરા લેવા. દસ રજોણા લેવા, દસ લાડવા લેવા. એવો પાઠ છે. એક લાડવો પોતે ખાવો અને નવ આપવા ... દસ કામળી લેવી, એક કામળી પોતે રાખવી. એવો 'ભગવતી સૂત્ર'માં પાઠ (છે).

આ તે આચાર? અહીં કહે છે, તિલતુષ માત્ર વસ્ત્ર રાખે તો સાધુ નહિ. હવે આવા આવા ઉપાડે ઇ સાધુ, ઇ નિર્ગ્રંથ. આવું મનાવ્યું. અર..ર...! ગજબ કર્યો છે. આહાહા..! અને 'ભગવતી સૂત્ર'માં લ્યો. એટલે બિચારાને શંકા જ ન પડે કોઈને. ભગવાનનું કહેલું 'ભગવતી'. વાંચણી કરે તો હંમેશા એક એક સોનામહોર મૂકે, મોટા રાજા આદિ હોય તો. બીજા એક એક રૂપિયો મૂકે. 'નારણભાઈ'એ એક ફેરી કર્યું હતું. 'નારણભાઈ' એક એક રૂપિયો મૂકતા. સ્વસ્તિક કરે ને એ.. આડંબરના પાર ન મળે. બહારથી જાણે.. આહાહા..! સાથિયા કરે ને એના ઉપર એક એક રૂપિયો (મૂકે) ને પછી 'ભગવતી' વાંચે. 'ભગવતી' વાંચવું એટલે મહા.. એ 'ભગવતી'માં આવા ગપ માર્યા છે.

મુમુક્ષુ :- જેટલા પ્રશ્ન આવે એટલા મૂકે.

ઉત્તર :- પ્રશ્ન આવે એટલા, ઠીક. પ્રશ્ન આવે એટલા મૂકે. ઠીક. આહાહા..!

અહીં તો 'સમયસાર' જેવા મહા સિદ્ધાંતો, જેમાં પોકાર કરીને કહ્યું. દ્રવ્યલિંગ. દ્રવ્યલિંગ એટલે પેલો મહાવ્રતનો વિકલ્પ છે, નગ્નપણું એ દૃષ્ટિમાંથી છોડી દે. 'સમયસાર'માં આવ્યું ને છેલ્લું? છેલ્લી ગાથાઓમાં. આહાહા..! પંચમહાવ્રતનો વિકલ્પ છે એ દ્રવ્યલિંગ છે અને નગ્નપણું દ્રવ્યલિંગ છે. વસ્ત્ર-પાત્ર એ દ્રવ્યલિંગ નહિ, એ તો કુલિંગ છે. એને ભગવાન કહે છે કે, છોડ એની દૃષ્ટિ. અંદર સ્વરૂપમાં રમણતા કર. ભગવાન આનંદકંદ પરમાત્મા તારો બિરાજે છે એમાં જા, એમાં ઠર તો મુક્તિ થાય. નહિતર મુક્તિ નહિ થાય.

મુમુક્ષુ :- એમાં વિહાર કર.

ઉત્તર :- વિહાર કર, ધ્યાન કર. આવે છે ને? ઓહોહો..! 'કુંદકુંદાચાર્ય'ની વાત સ્પષ્ટ. દુનિયાની સમાજની સમતોલના રહે કે ન રહે, એની સાથે કાંઈ સંબંધ નથી. માર્ગ આ છે, ભાઈ! કેવળીનો પરમાત્માનો કહેલો અનાદિ સનાતન સત્યનો ધોધ વીતરાગનો આ છે કે સાધુને તલતુષમાત્રનો કટકો પણ હોઈ શકે નહિ. ઈ પછી કહેશે. જે તલતુષ માત્ર રાખે એ નિગોદમાં જશે. મુનિપણું માને.. એ ૧૮ માં કહેશે. સમજાણું કાંઈ? અહીં તો સાધુ નથી એટલું કહે છે. નિર્ણય તો કર, નિર્ણય તો કર. સત્ય આવું છે, એમ કહે છે. આહાહા..!

**'યહાં આશંકા હૈ કિ...' 'આહાર કરતે હૈં સો પાણિપાત્ર (કરપાત્ર) અપને હાથ મેં ભોજન કરતે હૈં, વહ ભી અન્યકા દિયા હુઆ પ્રાસુક અન્ન માત્ર લેતે હૈં,...'** હાથમાં લે તે પણ અન્યનો દીધો, તે પણ પ્રાસુક એટલે નિર્દોષ અન્ન માત્ર લે. લ્યો. **'વહ ભી એક સ્થાન પર હી લેતે હૈં,...'** છે ને? એક સ્થાન. ઊભા ઊભા એક સ્થાન. સમજાણું કાંઈ? આવો સાધુનો માર્ગ અનાદિનો વીતરાગનો પરંપરા માર્ગ આ હતો. એમાંથી આ બધું ભ્રષ્ટ થઈને બગાડીને બધા નીકળેલા. જૈનધર્મને મેલો કરીને બધા નીકળ્યા છે. એ... 'જાદવજીભાઈ'! આવું છે આ તો હવે. આહાહા..! ક્યાં ગયો તમારો? 'માણેકલાલ' ગયો? સમજાણું? તે પણ એક વાર, વારંવાર નહિ. અહીં તો ત્રણ ત્રણ વાર પાતરા ફરે. સવારમાં દૂધ-ચા, બપોરે રોટલા, સાંજે ખીચડી, કઢી.

મુમુક્ષુ :- રોટલા હોય? રોટલી... એય મજા..

ઉત્તર :- રોટલી. બપોરે વળી ભજિયા-બજિયા કરજો તે વખતે આવશું. ભજિયા કરી રાખે,

એમ કોણ કહેતું હતું? કોઈક કહેતું હતું ને? કોઈક કહેતું હતું? કોણ કહેતું હતું? તમે? 'ધનજીભાઈ' કહેતા હતા, લ્યો. ગરણી બપોરે આવે. અમે એ વખતે આવશું. કાળા કેર કરી નાખ્યા છે. વીતરાગ માર્ગને ઉથલપાથલ કરી નાખ્યો છે. કોઈ દેવ પણ આવે નહિ. શેના આવે? જેવા જેને ભાવ કરવા હોય એમાં વિઘ્ન.. આહાહા..! ભગવાનના વખતમાં તો પેલા ઘણા સાધુ (દીક્ષિત) થયા હતા. બહારથી નગ્નપણે જ્યાં કંદમૂળ ખાવા માંડ્યા.. (દેવોએ આવી કહ્યું), નહિ, એમ નહિ થાય. નગ્નપણું ફેરવી નાખો. દિગંબર મુનિ થઈને કંદમૂળ ખાઓ, ફળ-ફૂલ ખાઓ, નભો (એ નહિ ચાલે). ભગવાનની સાથે ચાર હજાર સાધુએ દીક્ષા લીધી. નભી શક્યા નહિ. ભગવાને બાર મહિના સુધી આહાર ન લીધો. પેલા બધાએ હો.. હો.. કરીને સાથે (દીક્ષા) લીધેલી. અંતે દેવનો હુકમ થયો પછી ઝાડની છાલ પહેરીને વેશ બીજો કર્યો પછી ... નગ્નપણું કરીને આમ કરશો તો દંડાશો. અહીં તો નગ્નપણું કરીને બધું કરે તો કોઈ દેવ આવતો નથી. આહાહા..! દેવ દંડાય છે તોપણ કોઈ દેવ આવતો નથી. આહા..!

કહે છે, **'અન્ય સ્થાનમેં નહીં લેતે હૈં.'** જોયું! એક ઘરથી બીજે ઘર (ન જાય). અહીં થોડું લ્યે ને થોડું ન્યાં લ્યે ને થોડું અહીં લ્યે. એક વાર પણ થોડું અહીં લ્યે ને થોડું અહીં લે એમ નહિ. ઘણીવાર તો નહિ પણ એક ઠેકાણે લઈને બીજે ઠેકાણે જાવું, ત્રીજે ઠેકાણું જાવું (એમ નહિ). એક ઠેકાણું હોય ને બીજી આખી લાઈન હોય તો લઈને આવે. એ લઈ શકે. અહીંથી પછી અહીં લે ને ન્યાં લ્યે, એવો માર્ગ વીતરાગનો હોતો નથી.

**ભાવાર્થ :- 'જો મુનિ આહાર હી પરકા દિયા હુઆ પ્રાસુક યોગ્ય અન્નમાત્ર નિર્દોષ એકબાર દિનમેં...'** જોયું! **'જો મુનિ આહાર હી પરકા દિયા હુઆ પ્રાસુક યોગ્ય અન્નમાત્ર...'** પાછું એમ. બીજી કોઈ ચીજ પણ નહિ. **'નિર્દોષ એકબાર દિનમેં'** આટલા બધા વિશેષણ છે. એને માટે કરેલો નહિ, **'એકવાર દિનમેં અપને હાથમેં લેતે હૈં...'** કેટલા વિશેષણ મૂક્યા! **'તો અન્ય પરિગ્રહ કિસલિયે ગ્રહણ કરે?'** બીજો તો પરિગ્રહ મુનિને હોય નહિ. **'અર્થાત્ નહીં ગ્રહણ કરે, જિનસૂત્રમેં ઇસપ્રકાર મુનિ કહે હૈં.'** એને ભગવાને મુનિ કહ્યા છે. અંતર આત્માનો અનુભવ હોય, આનંદનું ધ્યાન હોય, વીતરાગતા પ્રગટી હોય, બહારમાં નગ્ન દશા હોય, આહારમાં એકવાર હાથમાં આહાર લે. તે પણ નિર્દોષ, એને માટે કરેલો આહાર લે નહિ. અન્ન. પાછું કોઈ એમાં પૈસા નાખે એ નહિ, એમ કહે છે. એવા મુનિને જૈનદર્શનમાં મુનિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे कहते हैं कि अल्प परिग्रह ग्रहण करे उसमें दोष क्या है? उसको दोष दिखाते हैं :-**

## ગાથા-૧૮

**जहजायरूवसरिसो, तिलतुसमेत्तं ण गिण्हदि हत्थेसु।**
**जइ लेइ अप्पबहुयं, तत्तो पुण जाइ णिग्गोदम्।।१८।।**

यथाजातरूपसदृशः तिलतुषमात्रं न गृह्णाति हस्तयोः।
यदि लाति अल्पबहुकं ततः पुनः याति निगोदम्।।१८।।
જન્મ્યા પ્રમાણે રૂપ, તલતુષમાત્ર કરમાં નવ ગ્રહે,
થોડુંઘણું પણ જો ગ્રહે તો પ્રાપ્ત થાય નિગોદને. ૧૮.

अर्थ :- मुनि यथाजातरूप है, जैसे जन्मता बालक नग्नरूप होता है वैसे ही नग्नरूप दिगम्बर मुद्राका धारक है, वह अपने हाथसे तिलके तुषमात्र भी कुछ ग्रहण नहीं करता; और यदि कुछ थोड़ा-बहुत लेवे ग्रहण करे तो वह मुनि ग्रहण करनेसे निगोदमें जाता है।

भावार्थ :- मुनि यथाजातरूप दिगम्बर निर्ग्रंथको कहते हैं। वह इसप्रकार होकरके भी कुछ परिग्रह रखे तो जानो कि जिनसूत्रकी श्रद्धा नहीं है, मिथ्यादृष्टि है; इसलिये मिथ्यात्वका फल निगोद ही है। कदाचित् कुछ तपश्चरणादिक करे तो उससे शुभकर्म बांधकर स्वर्गादिक पावे, तो भी फिर एकेन्द्रिय होकर संसारहीमें भ्रमण करता है।

यहाँ प्रश्न है कि - मुनिके शरीर है, आहार करता है, कमंडलु पीछी पुस्तक रखता है, यहाँ तिल-तुषमात्र भी रखना नहीं कहा, सो कैसे ?

इसका समाधान यह है कि - मिथ्यात्व सहित रागभावसे अपनाकर अपने विषय-कषाय पुष्ट करनेके लिए रखे उसको परिग्रह कहते हैं, इस निमित्त कुछ थोड़ा-बहुत रखनेका निषेध किया है और केवल संयमके निमित्तका तो सर्वथा निषेध नहीं है। शरीर तो आयु पर्यन्त छोड़ने पर भी छूटता नहीं है, इसका तो ममत्व ही छूटता है, सो उसीका निषेध किया ही है। जब तक शरीर है तब तक आहार नहीं करे तो सामर्थ्य ही नहीं हो, तब संयम नहीं सधे, इसलिये कुछ योग्य आहार विधिपूर्वक शरीरसे रागरहित होते हुए लेकरके शरीरको खड़ा रखकर संयम साधते हैं।

कमंडलु बाह्य शौचका उपकरण है, यदि नहीं रखे तो मल-मूत्रकी अशुचितासे पंच परमेष्ठीकी भक्ति वंदना कैसे करे ? और लोकनिंद्य हो। पीछी दयाका उपकरण है, यदी नहीं रखे तो जीवसहित भूमि आदिकी प्रतिलेखना किससे करे ? पुस्तक ज्ञानका उपकरण है, यदी नहीं रखे तो पठन-पाठन कैसे हो ? इन उपकरणोंका रखना भी ममत्वपूर्वक नहीं है, इनसे रागभाव नहीं है। आहार-विहार पठन-पाठनकी क्रियायुक्त जबतक रहे तबतक केवलज्ञान भी उत्पन्न नहीं होता है, इन सब क्रियाओंको छोड़कर शरीरका भी सर्वथा ममत्व छोड़ ध्यान अवस्था लेकर तिष्ठे, अपने स्वरूपमें लीन हो तब तक परम निर्ग्रंथ अवस्था होती है, तब श्रेणीको प्राप्त हुए मुनिराजके केवलज्ञान उत्पन्न होता है, अन्य क्रिया सहित हो तबतक केवलज्ञान उत्पन्न नहीं होता है, इसप्रकार निर्ग्रंथपना मोक्षमार्ग जिनसूत्रमें कहा है।

श्वेताम्बर कहते हैं कि भवस्थिति पूरी होने पर सब अवस्थाओमें केवलज्ञान उत्पन्न होता है तो यह कहना मिथ्या है, जिनसूत्रका यह वचन नहीं है, इन श्वेताम्बरोंने कल्पित सूत्र बनाये हैं उनमें लिखा होगा। फिर यहाँ श्वेताम्बर कहते हैं कि जो तुमने कहा वह तो उत्सर्ग-मार्ग है, अपवाद-मार्गमें वस्त्रादि उपकरण रखना कहा है, जैसे तुमने धर्मोपकरण कहे वैसेही वस्त्रादिक भी धर्मोपकरण हैं, जैसे क्षुधाकी बाधा आहारसे मिटाकर संयम साधते हैं, वैसे ही शीत आदिकी बाधा वस्त्र आदिसे मिटाकर संयम साधते हैं, इसमें विशेष क्या? इसको कहते हैं कि इसमें तो बड़े दोष आते हैं। तथा कोई कहते हैं कि काम-विकार उत्पन्न हो तब स्त्री-सेवन करे तो इसमें क्या विशेष? इसलिये इसप्रकार कहना युक्त नहीं है।

क्षुधाकी बाधा तो आहारसे मिटाना युक्त है, आहारके बिना देह अशक्त हो जाता है तथा छूट जावे तो अपघातका दोष आता है; परन्तु शीत आदिकी बाधा तो अल्प है यह तो ज्ञानाभ्यास आदिके साधनसे ही मिट जाती है। अपवाद-मार्ग कहा वह तो जिसमें मुनिपद रहे ऐसी क्रिया करना तो अपवाद-मार्ग है, परन्तु जिस परिग्रहसे तथा जिस क्रियासे मुनिपद भ्रष्ट होकर गृहस्थके समान होजावे वह तो अपवाद-मार्ग नहीं है। दिगम्बर मुद्रा धारण करके कमंडलु-पीछी सहित आहार-विहार-उपदेशादिकमें प्रवर्ते वह अपवाद-मार्ग है और सब प्रवृत्तिको छोड़कर ध्यानस्थ हो शुद्धोपयोगमें लीन हो जानेको उत्सर्ग-मार्ग कहा है। इसप्रकार मुनिपद अपनेसे सधता न जानकर किसलिये शिथिलाचारका पोषण करना? मुनिपदकी सामर्थ्य न हो तो श्रावकधर्महीका पालन करना, परम्परासे इसीसे सिद्धि हो जावेगी। जिनसूत्रकी यथार्थ श्रद्धा रखनेसे सिद्धि है इसके बिना अन्य क्रिया सब ही संसारमार्ग है, मोक्षमार्ग नहीं है - इसप्रकार जानना।।१८।।

## પ્રવચન નં. ૩૨ ગાથા-૧૮, ૧૯, શુક્રવાર, અષાઢ સુદ ૭, તા. ૧૦-૦૭-૧૯૭૦

ભગવાન 'કુંદકુંદાચાર્ય' મુનિ આચાર્ય હતા. એમણે આ સૂત્રપાહુડ બનાવ્યું, આઠ પાહુડમાં. ખરેખર સૂત્ર કોને કહેવા એની આમાં વ્યાખ્યા છે. સૂત્ર અને સિદ્ધાંત જે ભગવાને, તીર્થંકરદેવે કહેલા એ પરંપરાએ સૂત્ર કેવા આવ્યા અને એમાં શું કથન હતું અને એનાથી વિરુદ્ધ શાસ્ત્રો રચ્યાં, કલ્પિત, એ બધા મિથ્યાસૂત્ર છે, સાચાં સૂત્ર અને સાચાં શાસ્ત્ર એ નથી, એમ સિદ્ધ કરે છે, ભાઈ! અહીંયાં. 'ભગવાનજીભાઈ'! પક્ષવાળાને જરી આકરું લાગે એવું છે. વીતરાગનો માર્ગ અનાદિથી સનાતન સત્ય ચાલ્યો આવતો હતો. ભગવાન પછી ૬૦૦ વર્ષ સુધી, પછી એમાંથી આ શ્વેતાંબર નીકળ્યા. એણે કલ્પિત સૂત્રો બધા બનાવ્યા અને એમાંથી આ સ્થાનકવાસી તો હમણાં ૫૦૦ વર્ષે

નીકળ્યા, એ શ્વેતાંબરમાંથી. એમાંથી તેરાપંથી તો હમણાં ૨૦૦ વર્ષે નીકળ્યા સ્થાનકવાસીમાંથી. એ બધાના કહેલા સિદ્ધાંત સૂત્રો ભગવાનના કહેલા નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. આચાર્યે પોતે પોતાની કલ્પનાથી પોતાનો સંપ્રદાય ચલાવવા એ શાસ્ત્રો રચ્યા છે. ભગવાનના શાસ્ત્રમાં તો એમ કહ્યું છે, જુઓ! ૧૮મી ગાથા. જરી કડક ગાથા, કઠણ છે.

**'આગે કહતે હૈં કિ અલ્પ પરિગ્રહ ગ્રહણ કરે ઉસમેં દોષ ક્યા હૈ?'** સાધુ હોય અને થોડું વસ્ત્ર રાખે એકાદ કટકો કે પાત્રનું એકાદ પાત્ર રાખે, એવો પરિગ્રહ રાખે એમાં દોષ શું?

**जहजायरूवसरिसो, तिलतुसमेत्तं ण गिण्हदि हत्थेसु।**

**जइ लेइ अप्पबहुयं, तत्तो पुण जाइ णिग्गोदम्।।१८।।**

અર્થ :- **'મુનિ યથાજાતરૂપ હૈ,...'** યથાજાત. જેવો માએ જન્મ્યો એવો અને યથાજાત-જેવું તીર્થંકરનું શરીર નગ્ન હતું એવું. સમજાય છે કાંઈ? **'મુનિ યથાજાતરૂપ હૈ, જૈસે જન્મતા બાલક નગ્નરૂપ હોતા હૈ વૈસે હી નગ્નરૂપ દિગંબર મુદ્રાકા ધારક હૈ,...'** મુનિનો માર્ગ તો અનાદિનો વીતરાગ માર્ગમાં નગ્નપણું દિગંબરપણું, બાહ્ય અને અંતરમાં ત્રણ કષાયનો અભાવ, એવી વીતરાગ દશા, એવું મુનિપણું હતું. અનાદિનું એવું છે.

**'વહ અપને હાથસે તિલકે તુષમાત્ર ભી કુછ ગ્રહણ નહીં કરતા;...'** તલનો ફોતરા જેટલો પણ જો પરિગ્રહ રાખે, **'કુછ ગ્રહણ નહીં કરતા;...'** ઇ તલના ફોતરા જેટલો પણ પરિગ્રહ, મુનિ દિગંબર સંત સાચા વીતરાગે કહેલા મુનિ એટલો તલના ફોતરા જેટલો પણ પરિગ્રહ રાખે નહિ. **'ઔર યદિ કુછ થોડા-બહુત લેવે...'** થોડો-ઘણો પરિગ્રહ રાખે **'વહ મુનિ ગ્રહણ કરનેસે નિગોદમેં જાતા હૈ.'** આવી વાત એવી આવી છે, ભાઈ! એય..! આકરી વાત છે કે નહિ? આકરી છે કે જેવી છે એવી છે? પરમ સત્ય છે આ. સૂત્રમાં સિદ્ધાંતમાં જે શાસ્ત્રમાં, વસ્ત્ર બે-ચાર રાખવા ને મુનિપણું મનાવ્યું છે એ બધા મિથ્યાદૃષ્ટિના કરેલા શાસ્ત્ર છે. એવી વાત છે.

મુમુક્ષુ :- .. નિગોદમાં..

ઉત્તર :- નિગોદમાં.. એનું કારણ છે કે આખો માર્ગ બદલી નાખ્યો. એમ કહો ને, બરાબર છે. ચીભડાના ચોરને ફાંસીની સજા, એમ તો નહિ હોય ને? પ્રશ્ન તો બરાબર છે, 'ચીમનભાઈ'! વાત ઇ છે કે આત્માનો જ્યાં ત્રણ કષાયનો અભાવ એવી દશા થાય છે એને વસ્ત્ર રાખવાના વિકલ્પનો રાગ હોતો નથી. પાત્ર રાખવાનો રાગનો અંશ હોતો નથી. એવો આસ્રવ તીવ્ર એને હોતો નથી.

મુમુક્ષુ :- એ તીવ્ર આસ્રવ છે?

ઉત્તર :- ઇ તીવ્ર આસ્રવ છે. એમ વાત છે જરી.

મુમુક્ષુ :- મુનિને એવો આસ્રવ હોય જ નહિ?

ઉત્તર :- એવો હોય નહિ. એ ભૂમિકાને અનુસારે વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ તીવ્ર આસ્રવ છે, એ આસ્રવ એને હોય નહિ. અને એ આસ્રવ હોય છતાં મુનિપણું માને છે એ બધા વર્તમાન કદાચિત્ કોઈ બ્રહ્મચર્ય આદિ ક્રિયા પાળે તો સ્વર્ગમાં એકાદ ભવ જાય પણ ત્યાંથી ફરીને, મનુષ્ય આદિ ઢોર

થઈને પછી નિગોદમાં જવાના. બટાકા, શક્કરકંદમાં ઉપજવાના. આવો કઠણ માર્ગ છે, બાપા! આહા..! પહેલાવહેલા સંભળાવ્યું હોય. અહીંથી પરિવર્તન કર્યું ત્યારે (કહીએ) તો ભડકે માણસ. હવે તો આ ૩૬ મું ચોમાસું ચાલે છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમેશ્વર કેવળજ્ઞાની મહાવીર પરમાત્મા આદિ અનંત તીર્થંકરોએ સિદ્ધાંતમાં શાસ્ત્રમાં મુનિપણાને નગ્નપણાનું વર્ણન કર્યું છે. અને જેણે વસ્ત્ર પાત્ર સહિત મુનિપણું મનાવ્યું છે એ બધા મિથ્યાદૃષ્ટિના કલ્પિત શાસ્ત્ર છે. ચોખ્ખી વાત છે, આમાં કાંઈ... આહા..! પહેલા સાંભળે તો રાડ પાડે, તમારા બાપ 'હિંમતભાઈ' પણ. 'શ્રીમદ્'ના અનુયાયીઓમાં પણ રાડ પાડે. બાપુ! માર્ગ તો આ છે. ચારિત્રવંત ગુરુ એવા હોય છે કે એને ત્રણ કષાયનો અંદર અભાવ હોય છે. જેથી વસ્ત્ર, પાત્ર લેવાના વિકલ્પનો રાગનો આસ્રવનો એને અભાવ હોય છે. એવાને વસ્ત્ર, પાત્ર રાખીને રાગનો આસ્રવ સેવીને અને મુનિપણું માનવું અને મુનિપણું આને કહેવું એવા સિદ્ધાંત કહ્યા હોય, એ સિદ્ધાંત પણ ખોટા, એના માનનારા પણ ખોટા અને એ પાળનારા વસ્ત્ર સહિત મુનિપણું માનનારા, મનાવનારા, અને માનનારને રૂડું જાણનારા ત્રણેય ધીમે ધીમે એકેન્દ્રિયમાં જવાના છે. 'ધીરૂભાઈ'! આવો માર્ગ છે. જરી ઝીણો છે. હવે તાકડે આવ્યા અને એમાં આ ગાથા આવી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે કામ આકરું.

વસ્તુ એવી ભગવાને કહી છે. આ પણ ભગવાનને નામે શાસ્ત્રો ચડાવી દીધા. આચારાંગ ને સૂયગડાંગ ને ઉત્તરાધ્યયન ને દશવૈકાલિક ને.. બિલકુલ ભગવાનના કહેલા નથી. મિથ્યાદૃષ્ટિ સાધુ થયો એણે એ બનાવેલા છે. માને, ન માને સ્વતંત્ર જગતની ચીજ છે. કહો, સમજાણું કાંઈ?

'કુંદકુંદાચાર્ય' મહારાજ પંચમહાવ્રતધારી સત્યવ્રતના રાખનારા અને જેને ત્રણ કષાયના અભાવની વીતરાગ દશા પ્રગટ થઈ છે, એ કહે છે, જે કોઈ દિગંબર મુનિ સિવાય મુનિપણું નામ ધરાવીને થોડોઘણો પરિગ્રહ વસ્ત્ર રાખે, તિલતુષ-તલના ફોતરા જેટલો પણ (રાખે તો એ નિગોદમાં જશે). એણે ઘણા મહિના સેવ્યું છે ને. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ત્રણ કોટિએ ત્યાગ કરાવ્યો. કાયાથી વસ્ત્રનો ત્યાગ ક્યારે હોય? કે નગ્ન થાય તો. કાયાનો ત્યાગ. મન, વચન, કાયાથી પરિગ્રહનો ત્યાગ જોઈએ ને? નવ કોટિએ ત્યાગ હોય તો વસ્ત્ર, પાત્ર તો પરિગ્રહ છે. કાયાથી ત્યાગ થાય ત્યારે એને માથે વસ્ત્ર, પાત્ર રહે નહિ. આવી સ્થિતિ છે.

મુમુક્ષુ :- મૂર્છા પરિગ્રહ.

ઉત્તર :- મૂર્છા પરિગ્રહ પણ એ રાગ, વસ્ત્ર છે એ જ મૂર્છા છે. વસ્ત્ર રાખે અને મૂર્છા નથી, એમ નહિ. વસ્ત્ર, પાત્ર રાખવાનો ભાવ જ મૂર્છા છે, કષાય છે. એને ત્રણ કષાયનો અભાવ હોઈ શકે નહિ. આવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? જે કૂળમાં સંપ્રદાયમાં જન્મ્યા એનું એને પોષણ હોય પણ માર્ગ તો આ છે. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- જૈનધર્મને મલિન કરી નાખ્યો છે. ખરેખર તો એમ છે. શ્વેતાંબરોએ શાસ્ત્ર રચીને વીતરાગ માર્ગને મલિન કર્યો છે. વીતરાગી માર્ગ હતો. આહાહા..! ભલે કહે છે, ઊંચપદ ન પાળી શકે તો નીચપદ ગૃહસ્થાશ્રમમાં બ્રહ્મચારી તરીકે રહીને ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મ થઈ શકે છે. વસ્ત્ર, પાત્ર રાખે એને ધર્મ નથી થતો, એમ કાંઈ છે? પણ ગૃહસ્થાશ્રમમાં ધર્મી બ્રહ્મચારી રહીને કે ગૃહસ્થાશ્રમમાં રહીને વસ્ત્ર શું રાજપાટ હોય પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન નિર્મળ હોય તો એ ધર્મ કરી શકે છે. પણ ઊંચપદ નામ ધરાવી અને નીચપદની ક્રિયાના સાધનો રાખે ઇ વાત છે અહીં તો. સમજાણું કાંઈ?

**'ઔર યદિ થોડા-બહુત લેવે, ગ્રહણ કરે તો વહ મુનિ ગ્રહણ કરનેસે નિગોદમેં જાતા હૈ.'** એકેન્દ્રિય થાશે. વનસ્પતિ. અનંતે કાળે પાછું માણસ થવું એને દુર્લભ થઈ પડશે. 'શ્યામદાસજી'! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! એય..! 'પ્રકાશદાસજી'! પહેલે દિવસે આવ્યા હોય અને આવું કહે તો ભડકે, ભાગો અહીંથી. હાય.. હાય...! કેટલા વર્ષ પેલા સાધુ પાસે રહ્યા. 'હસ્તિમલજી' ને ફલાણાં મલજી, ને ઢીકણાં મલજી બધા કહેતા હોય કે આવું મુનિપણું છે. લ્યો તમે મુનિપણું. ભગવાનના સિદ્ધાંતો એ નહિ. કલ્પિત બનાવેલા શાસ્ત્રોના એ મુનિને વસ્ત્ર પાત્ર રાખવાનું કહ્યું છે. એ બધા કલ્પિત મિથ્યાદૃષ્ટિએ શાસ્ત્રો રચ્યા છે. આજે માને, કાલે માને, પછી માને, આ માન્યે છૂટકો છે. એય! 'મોહનભાઈ'! હવે તમારે શું છે? હવે તો અહીં પડ્યા છે. સમજાણું કાંઈ? જેને શ્રદ્ધા સુધારવી હોય એણે આ રીતે વસ્ત્ર, પાત્ર જે શાસ્ત્રમાં મુનિને કહ્યા હોય એ સિદ્ધાંત માનવા લાયક નથી. વસ્ત્ર પાત્ર રાખીને મુનિપણું માનતા હોય તે મુનિને મુનિપણું માનવા લાયક નથી. આહાહા..! ભારે કામ.

**ભાવાર્થ :- 'મુનિ યથાજાતરૂપ દિગંબર નિર્ગ્રંથકો કહતે હૈં.'** મુનિ તો યથાજાત-જેવું તીર્થંકરનું નગ્નપણું હતું અને જેવા નગ્ન જન્મ્યા એવા દિગંબર નિર્ગ્રંથને કહે છે. તદ્દન નિર્ગ્રંથ. કહેવું નિર્ગ્રંથ અને વસ્ત્ર રાખવા, ગ્રંથ-વસ્ત્ર તો ગ્રંથ છે, સમજાણું કાંઈ? ગ્રંથ રાખે એ તો ગૃહસ્થી છે. સમજાણું કાંઈ? પૈસા રાખે તો ગ્રંથ, તો વસ્ત્ર પાત્ર પરિગ્રહ નથી? વસ્ત્ર, પાત્ર પરિગ્રહ ન હોય તો ગૃહસ્થાશ્રમમાં વસ્ત્ર રાખે તો એને પણ મુનિ માનો. સમજાણું કાંઈ? જો ઇ પરિગ્રહ ન હોય તો. પરિગ્રહ છે, ભાઈ! આહાહા..!

**'વહ ઇસપ્રકાર હોકરકે ભી કુછ પરિગ્રહ રખે તો જાનો કિ જિનસૂત્રકી શ્રદ્ધા નહીં હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ,...'** શાંતિથી આ સાંભળવા જેવું છે, ભાઈ! આ ચોથી વાર વંચાય છે. હવે સ્પષ્ટ થાય છે ને. અષ્ટપાહુડ. (સંવત) ૨૦૦૨ની સાલમાં વંચાણું હતું. ૨૦૧૧, ૨૦૧૭ અને આ ૨૦૨૬. આવું વારંવાર વંચાય તો લોકો ભડકે એટલે.. એય..! 'શિવલાલભાઈ'! વીતરાગનો માર્ગ પરમેશ્વરનો કેવળી તીર્થંકરદેવ, અનાદિ તીર્થંકરો થયા, 'મહાવીર' આદિ. ભગવાન પછી ૬૦૦ વર્ષ સુધી આ સાચો માર્ગ રહ્યો. દિગંબર મુનિઓ પ્રરૂપણા સનાતન અનાદિ સત્ય હતી તે (કરતા હતા). પછી બાર વર્ષના ત્રણ દુકાળ પડ્યા. એમાંથી શ્વેતાંબર પંથ નીકળ્યો. સમજાણું કાંઈ? એ.. 'શાંતિભાઈ'! તમારે શું છે હવે? પેલામાં હતા ત્યાં સુધી.. દીકરી આવી અને હવે તમે આવ્યા. માર્ગ

આવો છે. આહાહા..!

શ્રદ્ધામાં જેના બગાડ છે એનું જ્ઞાન, શ્રદ્ધાન બધું... પહેલું આવ્યું હતું ને? **'दंसण भट्ठा, णाण भट्ठा, चरित्त भट्ठा'** શ્રદ્ધા ભ્રષ્ટ છે એ તો જ્ઞાન ને ચારિત્ર ને બધાથી ભ્રષ્ટ છે. આહા..! આકરું કામ. જગત સામે ઉભા રહેવું અને આવો માર્ગ બહાર કહેવો. આ તો 'કુંદકુંદાચાર્ય'ના બનાવેલા શાસ્ત્રો છે. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. દિગંબરમાં તો ત્રીજે નંબરે 'કુંદકુંદાચાર્ય' (આવે છે). શ્વેતાંબરમાં ત્રીજે નંબરે 'સ્થૂલીભદ્ર' (આવે છે). કલ્પનાથી બનાવેલા અને એ આવેલા નવા. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- છૂટા તો ઇ પહેલા પડી ગયેલા પછી નીકળી ગયા. નામ રાખ્યું. સમજાય છે?

**'જિનસૂત્રકી શ્રદ્ધા નહીં હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ ઇસલિયે મિથ્યાત્વકા ફલ નિગોદ હી હૈ.'** આહાહા..! અનંત તીર્થંકરોનો માર્ગ વિરોધ કર્યો. અનંત કેવળીઓએ કહેલાનો નકાર કર્યો. અનંત મુનિઓએ પાળેલા મુનિપણાનો આ મુનિપણું આવું નહિ, વસ્ત્ર પાત્ર સહિત પણ મુનિપણું હોય (એમ) અનંતા મુનિઓનો અનાદર, અશાતના કરી. એટલે કે અનંતા આત્માના ગુણોની એણે અશાતના કરી. 'સેઠી'! કહો, ખાનદાન માણસને આવું બોલવું પાલવે? અહીં તો આવું લખે છે ચોખ્ખું. બધાને સરખા લગાડવા, બધાને સમભાવ રાખવો. સમભાવ (એટલે) સાચું અને ખોટું, ઝેર અને અમૃત ઉપર સમભાવ રાખવો? અને બેય ખાવા ભેગા? સમજાણું કાંઈ?

કહે છે, **'કદાચિત્ કુછ તપશ્ચરણાદિક કરે...'** આ બ્રહ્મચર્ય પાળતા હોય, દયા પાળતા હોય, આહાર-પાણી નિર્દોષ એણે માનેલા લેતા હોય, એવી ક્રિયા કરે તો કદાચ શુભભાવ થાય અને સ્વર્ગમાં જાય. પણ મિથ્યાદૃષ્ટિ સાથે છે-મિથ્યાદૃષ્ટિપણું (છે) ન્યાંથી ફરીને અંતે તો એકેન્દ્રિયમાં જવાના. નિગોદમાં જવાના. આહાહા..! ગજબ વાત છે. કહો, 'જાદવજીભાઈ'! ન્યાં તો બધા ચારિત્રમાં અગ્રેસર હતા. અહીં કહે છે કે એ તો અજ્ઞાનનું અગ્રેસરણપણું હતું. એય..! 'વીરચંદભાઈ'! શું આ તમારે ન્યાં બધું? 'નાઈરોબી'માં. આહાહા..!

કહે છે કે, વસ્ત્ર પાત્ર રાખીને મુનિ મનાવે, માને તો કદાચિત્ વર્તમાનમાં બ્રહ્મચર્ય આદિ કોઈ ક્રિયા દયા, દાનની હોય છે તો વર્તમાન પુણ્ય બાંધીને મિથ્યાદૃષ્ટિ સહિત સ્વર્ગમાં, દેવમાં જાય. ન્યાંથી પછી ચાર ગતિમાં એકેન્દ્રિયમાં જઈને રખડશે. આવી વાત છે, ભાઈ! ભારે કામ આકરું. એય..! 'સુજાનમલજી'!

મુમુક્ષુ :- કલંકિત છે.

ઉત્તર :- કલંકિત.

રાગાદિ પાળે તોપણ **'ફિર એકેન્દ્રય હોકર સંસાર હી મેં ભ્રમણ કરતા હૈ.'** શું કહ્યું?

મુમુક્ષુ :- નિગોદમાં તો જવાના, એમ ને?

ઉત્તર :- જવાના. વચમાં શુભભાવ હોય તો સ્વર્ગ આદિ જા. એનું ધામ ત્યાં. વચમાં ધર્મશાળા થોડી. મિથ્યાદૃષ્ટિપણું છે, જૂઠા શાસ્ત્રને માન્યા, જૂઠા મુનિપણા મનાવ્યા એટલે એનું ધામ તો

(નિગોદ છે). મુનિ સાચા છે, દિગંબર છે, ત્રણ કષાયનો અભાવ છે એવા મુનિને કદાચિત્ રાગ બાકી રહે તો એને પણ સ્વર્ગમાં રહેવું પડે અને ન્યાંથી મુનિ થઈને મોક્ષ જશે. અને આ સ્વર્ગમાં જઈને પછી ઢોર, મનુષ્ય થઈને નિગોદમાં જશે. સમજાણું કાંઈ?

**'યહાં પ્રશ્ન હૈ કિ-મુનિકે શરીર હૈ, આહાર કરતા હૈ,...'** મુનિને શરીર છે કે નહિ? **'આહાર કરતા હૈ, કમંડલુ પીછી પુસ્તક રખતા હૈ,...'** દિગંબર મુનિ પણ ભગવાનની આજ્ઞાના મુનિ 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'પૂજ્યપાદસ્વામી' વગેરે. વીતરાગના સંતો પુસ્તક રાખે, કમંડલુ રાખે, પીંછી રાખે. **'યહાં તિલ-તુષમાત્ર ભી રખના નહીં કહા, સો કૈસે?'** તમે તો કહો છો કે તલના ફોતરા જેટલું રાખવું નહિ અને આવું તો દિગંબરમાં પણ રાખે છે. એવો શિષ્યનો પ્રશ્ન છે. સમજવા માટે પ્રશ્ન છે, હોં! તમે તલના ફોતરા જેટલો રાગ છે તો નિગોદમાં જાય (એમ કહો છો). અહીં તો મુનિ મહાસંત સાચા વીતરાગી મુનિઓ પુસ્તક રાખે, કમંડલ રાખે, પીંછી રાખે ઇ શું છે? અમને સમજાતું નથી. તો સમજાવો અમને. શું છે આ બધું?

**'ઇસકા સમાધાન યહ હૈ કિ-મિથ્યાત્વ સહિત રાગભાવસે અપનાકર...'** ઊંધી શ્રદ્ધા સહિત રાગભાવને પોતાનો માની **'અપને વિષય-કષાય પુષ્ટ કરનેકે લિયે રખે...'** વિષય કષાય પોષવા માટે રાખે. જુઓ! કેટલી શરત છે એમાં! વિપરીત મિથ્યાત્વ સહિત રાગભાવથી પોતાના વિષય કષાય પોષવા માટે રાખે **'ઉસકો પરિગ્રહ કહતે હૈં,...'** પરિગ્રહની વ્યાખ્યા આ કરી. પરિગ્રહની વ્યાખ્યા આ. મિથ્યાશ્રદ્ધા સહિત, રાગભાવ સહિત પોતાનો માનીને, પોતાના હિતને માટે માનીને વિષય કષાય પોષવા માટે રાખે તે પરિગ્રહ. **'ઇસ નિમિત્ત કુછ થોડા-બહુત રખનેકા નિષેધ કિયા હૈ...'** તે કારણે કંઈ પણ થોડો ઘણો રાખવો નિષેધ્ય છે. **'કેવલ સંયમકે નિમિત્તકા તો સર્વથા નિષેધ નહીં હૈ.'** સંયમના નિર્વાહ માટેનો કંઈ નિષેધ નથી.

**'શરીર તો આયુ પર્યંત છોડને પર ભી છૂટતા નહીં હૈ,...'** શરીર તો કંઈ છૂટ્યું જાય નહિ. ઇ તો આયુષ્ય હોય ત્યાં સુધી રહ્યા વિના જાય નહિ. **'ઇસકા તો મમત્વ હી છૂટતા હૈ,...'** શરીરની તો મમતા છૂટે. શરીર ન છૂટે. બહુ સરસ ખુલાસો કર્યો છે. **'સો ઉસીકા નિષેધ કિયા હી હૈ.'** મમતાનો તો નિષેધ કર્યો છે. શરીરની પણ મમતા તો કરવી નહિ. **'જબ તક શરીર હૈ તબ તક આહાર નહીં કરે તો સામર્થ્ય હી નહીં હો,...'** જ્યાં સુધી શરીર છે અને આહાર આદિ ન લ્યે તો શરીરમાં સામર્થ્ય રહે નહિ. એટલે આહાર લેવાની વૃત્તિ હોય છે. **'તબ સંયમ નહીં સધે,...'** શરીર નબળું પડી જાય અને આહાર ન હોય તો (શરીર) નભી શકે નહિ.

**'ઇસલિયે કુછ યોગ્ય આહાર...'** દિગંબર મુનિ સાચા સંત વનવાસી. યોગ્ય આહાર-એને માટે બનાવેલો આહાર નહિ, પાણી-આહાર પણ એના માટે બનાવેલો નહિ. **'વિધિપૂર્વક...'** એ પણ વિધિથી આપે તો લ્યે. વિધિ-તિષ્ઠ.. તિષ્ઠ.. તિષ્ઠ. નિર્દોષ આહાર પાણી જે હોય. આ તો અંતરના ભાવલિંગ સહિત દ્રવ્યલિંગની વાત છે. એકલા નગ્ન દિગંબર હોય એને પણ અહીંયા સાધુ ગણ્યા નથી. નગ્નમુનિ હોય પણ અંદરમાં તો હજી દૃષ્ટિ મિથ્યા છે. રાગની ક્રિયાને ધર્મ માને, મહાવ્રતના પરિણામ રાગ છે એને ચારિત્ર માને. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આરે...! ભારે વાત, ભાઈ! આવી.

**'વિધિપૂર્વક શરીરસે રાગરહિત હોતે હુએ લેકરકે શરીરકો ખડા રખકર સંયમ સાધતે હૈં.'** રાગરહિત થયા થકા શરીરને ઊભું રાખે છે. નથી કહેતાં? કે શરીરને ઊભું રાખે છે. આ ઉંગણ દે ને? ઉંગણ ગાડાને? ઉંગણ કહે છે ને? ગાડાના પૈડાને ઉંગણ નથી આપતા? ઉંગણ નથી સમજતા? આ ગાડાના પૈડાંમાં એડી અને કપડું નથી આવતા? ઉંગણ. એમ આ ઉંગણ આપે એટલું. હાથ ચલાવવા. ગાડું ચાલે, બીજું શું છે? નગ્ન શરીર છે. આહાર વિના ન ચાલે એટલે જરી ઉંગણ આપવાનો ભાવ થાય. તે પણ સંયમના હેતુએ. કોઈ શરીરની મમતાથી નહિ. આહાહા..! એવો મુનિનો માર્ગ, પરમેશ્વરનો કહેલો લોકોએ વિપરીત કરી નાખ્યો. સમજાણું કાંઈ? આહાહા..!

નવે તત્ત્વની શ્રદ્ધા ફેર થઈ. વસ્ત્ર રાખીને સાધુપણું મનાવ્યું, શાસ્ત્રને માન્યું, એ શાસ્ત્રમાં નવે તત્ત્વની વિપરીત માન્યતા થઈ. કેમ? કે મુનિ છે એને તો ત્રણ કષાયનો અભાવ હોય ત્યારે એને વસ્ત્ર પાત્ર લેવાના વિકલ્પનો આસ્રવ ન હોય. છતાં એને આવો આસ્રવ હોય તો એને આસ્રવતત્ત્વની વિપરીત શ્રદ્ધા થઈ. સંવર ઉગ્ર નથી છતાં એને છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય સંવર, નિર્જરા મનાવ્યા. સંવર, નિર્જરાની વિપરીત શ્રદ્ધા. આસ્રવની વિપરીત શ્રદ્ધા. છઠ્ઠે ગુણસ્થાને હોય એ જીવનો ઘણો જ આશ્રય લીધેલો હોય. જીવ ભગવાન જ્ઞાયકમૂર્તિ છે એનો ઘણો આશ્રય લીધેલો હોય ત્યારે તેને સંવર, નિર્જરાની યોગ્યતા એટલી હોય. આ હેઠલી નાની માને છે તો એણે જીવનો આશ્રય એટલો લીધો નથી. જીવની ભૂલ, સંવર-નિર્જરાની ભૂલ, આસ્રવની ભૂલ, આ અજીવનો સંયોગ કેટલો રહે એની ભૂલ. કારણ કે મુનિ હોય એને ત્રણ કષાય ટળી ગયા ત્યારે આહાર-પાણી આદિ લેવાનો વિકલ્પ હોય. એને આ ન હોય. એટલે અજીવનો સંયોગ આટલો હોય એથી એની વિપરીત માન્યતા થઈ. એકે એક તત્ત્વની વિપરીત માન્યતા છે.

મુમુક્ષુ :- જૈનપણું જ નથી.

ઉત્તર :- નથી. જૈનપણું જ નથી એનામાં. આહાહા..!

મુમુક્ષુ :- બે હજાર ...

ઉત્તર :- એમ! ત્યારે ... થયું.

**'કમંડલુ બાહ્ય શૌચકા ઉપકરણ હૈ,...'** કમંડલ રાખે છે એ તો દિશા પાણીમાં મેલ હોય છે એ સાફ કરવા માટે હોય છે. **'યદિ નહીં રખે તો મલ-મૂત્રકી અશુચિતાસે...'** મળ મૂત્રની અશુચિતાથી **'પંચ પરમેષ્ઠીકી ભક્તિ વંદના કૈસે કરે?'** પંચ પરમેષ્ઠીની ભક્તિ વંદના કરી શકે નહિ. **'ઔર લોકનિંદ્ય હો.'** પાણીનું ઉપકરણ ન રાખે તો વિષ્ટા, પેશાબ એમ ને એમ શરીરે રહે તો નિંદ્ય થાય. શાસ્ત્રને અડાય નહિ, સ્વાધ્યાય થાય નહિ. એ ખાતર કમંડળમાં પાણી રાખીને શૌચ માટે રાખે. સમજાણું કાંઈ? પીવા માટે રાખતા નથી. આહાહા..! અહીં તો પાણી લાવે તો સાંજ સુધી પીધા કરે. અધ મણ, બે શેર પાણી. અને ઇ પરિગ્રહ નથી એમ કહે. દસ-દસ, વીસ-વીસ સાધુ હોય તો પાણીની માટલી ભરી હોય. ઠંડા. સવારે પીવે, બપોરે પીવે, સાંજે પીવે. અરે...! આ તે કંઈ માર્ગ, બાપા! વીતરાગના મુનિઓનો એ માર્ગ નહિ. એ અન્યમતના માર્ગનો માર્ગ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે, એ બધા અન્ય મત છે. શ્વેતાંબર, સ્થાનકવાસી અને તેરાપંથી એ જૈન પણ

નથી. અન્ય છે. એય...!

**'પીંછી દયાકા ઉપકરણ હૈ, યદિ નહીં રખે તો જીવસહિત ભૂમિ આદિકી પ્રતિલેખના કિસસે કરે?'** ઉન ન હોય. ઉનમાં તો જીવાત છે. બકરાની. મોરપીંછી બહુ બહાર મળે. બાર મહિને મોર પીંછી કાઢી નાખે. 'રામજીભાઈ' કહેતા હતા કે અમારે ખેતરમાં મોરપીંછી કેટલીય પડી હોય, ખેતરમાં હોયને. ઢગલા પડ્યા હોય. દર વર્ષે કાઢે. અને જ્યાં સેંકડો મોર એક એક ગામમાં હોય (ત્યાં) કેટલાય ઢગલા પડ્યા હોય. મોરપીંછી જ મુનિને હોય. એ દયાના ઉપકરણ તરીકે છે. એને ઓઘા ને ગોછા ને ઉનના મુનિને હોઈ શકે નહિ. ભારે વાત, ભાઈ! બહુ ફેરફાર પણ આ તો. અત્યાર સુધી શું બધું સાંભળ્યું હતું? ઉગમણો આથમણો ફેર પડી ગયો આ તો. કબીર કરતા સ્થાનકવાસી ઠીક. સ્થાનકવાસી મૂર્તિ માને નહિ ને વળી દયા, બ્રહ્મચર્ય, એ કરતાં સારા. એમાંથી પાછું આ નીકળ્યું. કબીર પણ મૂર્તિ માને નહિ, સ્થાનકવાસી મૂર્તિ માને નહિ એટલે સરખા લાગે. વળી એના કરતાં દયા (પાળે), જોઈને ચાલે, વ્હોરે, આહાહા...! માર્ગ તો આ સારો લાગે છે. અહીં કહે છે કે વીતરાગના માર્ગની અપેક્ષાએ.. ઇ આગળ કહેશે. નિંદ્ય માર્ગ છે, એમ કહેશે. છે ને? ૧૯મી ગાથામાં આવશે, ૧૯માં આવશે.

**जस्स परिग्गहगहणं, अप्पं बहुयं च हवइ लिंगस्स।**
**सो गरहिउ जिणवयणे, परिगररहिओ णिरायरो।।19।।**

તે નિંદાપાત્ર છે. આહાહા...! ભારે વાત, ભાઈ! જોઈને ચાલે, એને માટે કરેલો આહાર ન લે, બાયડી, છોકરા છોડીને બેસે, દુકાનના ધંધા મૂકી દે. તોપણ કહે છે કે એનો માર્ગ તો નિંદવા લાયક છે, પ્રશંસવા લાયક નથી. વીતરાગ માર્ગથી વિરૂદ્ધ શ્રદ્ધા કરી અને વિરૂદ્ધ આચરણમાં મુનિપણું માન્યું. આહાહા...! સમજાણું કાંઈ?

**'પીંછી દયાકા ઉપકરણ હૈ,...'** અહીં તો મોરપીંછાની અપેક્ષાએ વાત છે. મોરપીંછા બહુ... **'પુસ્તક જ્ઞાનકા ઉપકરણ હૈ, યદિ નહીં રખે તો પઠન-પાઠન કૈસે હો? ઇન ઉપકરણોંકા રખના ભી મમત્વપૂર્વક નહીં હૈ,...'** ઇ કંઈ મમતાપૂર્વક નથી. **'ઇનસે રાગભાવ નહીં હૈ.'** એમાં રાગભાવ હોય નહિ. તીવ્ર રાગ ન હોય. અલ્પ રાગ તો છે. પેલો રાગ નહિ. **'આહાર-વિહાર-પઠન-પાઠનકી ક્રિયાયુક્ત જબતક રહે તબતક કેવલજ્ઞાન ભી ઉત્પન્ન નહીં હોતા હૈ,...'** શું કહે છે? મુનિને જ્યાં સુધી દિગંબર દશા છે અને એમાં પણ પઠન-પાઠન માટે પુસ્તક છે, દયા માટે પીંછીનું ઉપકરણ છે, શૌચ માટે પાણી (છે) એ ઉપર જ્યાં સુધી એનું લક્ષ રહેશે ત્યાં સુધી ઇ કેવળજ્ઞાન નહિ પામે. છઠ્ઠા ગુણસ્થાનની મુનિની ક્રિયાની વ્યાખ્યા છે. એટલો પણ પ્રમાદભાવ છે, એમ કહે છે. પણ બીજો કોઈ ઉપાય નથી. શરીરને નભાવવા માટે આહાર લેવો પડે અને શૌચ માટે ઉપકરણ કમંડલ, દયા માટે પીંછી, જ્ઞાન માટે શાસ્ત્ર. જ્યાં સુધી એના ઉપર લક્ષ રહેશે ત્યાં સુધી આગળ વધીને અપ્રમત્ત દશા નહિ થાય. આહાહા...! આટલું લક્ષ રહી ગયું છે ને. અપૂર્ણ રહી ગયા છે. સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો.. આવે છે ને? મીણના દાંતે લોઢાના ચણા ચાવવા, એવી વાતું તો કરે અને માને પાછું આવું. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા, બાપા! અને મેરુ પર્વત ત્રાજવે તોળવો, એવું મુનિપણું.

પણ કેવું મુનિપણું? આ. સમજાણું કાંઈ?

ભગવાન પછી 'ગૌતમસ્વામી' અને પછી 'કુંદકુંદાચાર્ય'નું નામ જૈનશાસ્ત્રમાં આવે છે. એમણે આ બનાવેલા, પરંપરા ભગવાને કહેલું, ગણધરોએ રચેલા એ શાસ્ત્રની રચનાને અનુસારે આ શાસ્ત્ર રચ્યા છે. ઘરના કલ્પનાના કરેલા નથી. એવી વાત છે. શ્વેતાંબરે ૮૪ શાસ્ત્ર રચ્યા. 'વલ્લભીપુર'. ત્યારે સ્થાનકવાસી હતા પણ નહિ. એ બધા ૮૪ રચ્યા એ 'નંદિસૂત્ર'માં પાઠ છે. બધા આચાર્યોએ દેવગરણી શ્રમણાદિ ભેગા થઈને કલ્પિત રચ્યાં. પોતાના મતને પોષવાના. પછી સ્થાનકવાસી નીકળ્યા. એને કાંઈ ખબર નહોતી. એ શાસ્ત્ર માન્ય રાખ્યા. એણે ૪૫ માન્ય રાખ્યા, ૮૪ બનાવ્યા હતા એમાંથી, આણે ૩૧ માન્ય રાખ્યા. ૩૨મું આવશ્યક ઘરનું બનાવ્યું.

કહે છે, આવા ઉપકરણ પણ મમતા રહિત રાખે. એને રાગ વિશેષ હોય નહિ. જ્યાં સુધી એને ક્રિયામાં લક્ષ હોય છે, દિગંબર મુનિને પણ, ત્યાં સુધી એને કેવળજ્ઞાન નહિ થાય. આહાહા..! **'ઇન સબ ક્રિયાઓંકો છોડકર...'** એ શૌચનું ઉપકરણ ને દયાનું ઉપકરણ વગેરેનું લક્ષ છોડી દઈ, **'સર્વથા મમત્વ છોડી ધ્યાન અવસ્થા લેકર તિષ્ઠે,...'** અંતરના આનંદના કંદમાં સ્થિર થઈને **'શરીરકા ભી સર્વથા મમત્વ છોડ ધ્યાન અવસ્થા લેકર તિષ્ઠે, અપને સ્વરૂપમેં લીન હો...'** આનંદના ધામમાં અંદર ઘોલનમાં લીન થઈ જાય. જેને ચાલવાનો વિકલ્પ પણ નથી, આહાર લેવાનો વિકલ્પ નથી, દયાના ઉપકરણ ઉપર લક્ષ નથી. આહાહા..! જ્યાં સુધી એવી દશામાં રહે ત્યાં સુધી મુનિપણામાં છઠ્ઠે ગુણસ્થાને હોય, એમ કહે છે.

આગળ વધીને **'પરમ નિર્ગ્રંથ અવસ્થા હોતી હૈ,...'** લ્યો. પરમ નિર્ગ્રંથ. છઠ્ઠે ગુણસ્થાને નિર્ગ્રંથ દશા છે પણ પરમ નિર્ગ્રંથ નથી. કારણ કે એ ઉપકરણ દયાનું, શૌચનું (હોય) ત્યાં સુધી લક્ષ જાય છે ને એટલે. એ છૂટીને ધ્યાનમાં જ્યારે સ્થિર થઈને કેવળ થાય ત્યારે પરમ નિર્ગંથ દશા થઈ જાય. પછી એને કાંઈ દયાનું ઉપકરણ ન હોય અને શૌચનું પણ હોય નહિ. પઠન-પાઠન એને હોય નહિ. કેવળજ્ઞાન થયું ત્યારે. આહા..! સમજાણું? **'પરમ નિર્ગ્રંથ અવસ્થા હોતી હૈ, તબ શ્રેણીકો પ્રાપ્ત હુએ મુનિરાજકો કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ, અન્ય ક્રિયા સહિત હો તબતક કેવલજ્ઞાન ઉત્પન્ન નહીં હોતા હૈ,...'** દિગંબર મુનિ, ત્રણ કષાયનો અભાવ (છે) પણ જ્યાં સુધી વિકલ્પમાં આહાર લેવાનો ભાવ (છે), દયાના ઉપકરણનું લક્ષ, પઠન-પાઠનનો ભણવાનો વિકલ્પ (હશે) ત્યાં સુધી એને કેવળજ્ઞાન નહિ થાય. આહાહા..! **'ઇસપ્રકાર નિર્ગ્રંથપના મોક્ષમાર્ગ જિનસૂત્રમેં કહા હૈ.'** વીતરાગ ભગવાનના શાસ્ત્રમાં આવું મુનિપણું કહ્યું છે.

**'શ્વેતાંબર કહતે હૈં કિ ભવસ્થિતિ પૂરી હોને પર સબ અવસ્થાઓંમેં કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ...'** એ લોકો કહે છે, ગમે તે હોય, વસ્ત્ર હોય, ગૃહસ્થનું લિંગ હોય, સ્ત્રીનું લિંગ હોય તોપણ કેવળજ્ઞાન થાય. મરુદેવી માતાને હાથીને હોદ્દે કેવળજ્ઞાન થયું. એલચીકુમારને નાચતા નાચતા કેવળ થયું. એ બધી વાતું કલ્પિત જૂઠી છે. એમ છે નહિ. ભવસ્થિતિ પૂરી થાય ત્યારે ગમે ત્યારે કેવળજ્ઞાન થાય. સ્ત્રીના લિંગમાં થાય, ગૃહસ્થના લિંગમાં થાય, અન્ય લિંગના બાવાનો વેષ હોય તોપણ થાય. પંદર લિંગે સિદ્ધ કીધાં છે ને? એણે પંદર ભેદે સિદ્ધ કીધાં છે. ખોટી વાત છે.

તદ્દન દિગંબર મુદ્રા હોય અને અંતર ત્રણ કષાયનો અભાવ હોય એ આગળ શ્રેણી માંડીને કેવળજ્ઞાન પામે. વસ્ત્ર, પાત્રના ભાવવાળો હોય એ તો મુનિપણું ન પામે તો કેવળ તો પામે ક્યાંથી? મુનિપણું ન હોય ત્યાં કેવળ ક્યાંથી આવ્યું? આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

**'શ્વેતાંબર કહતે હૈં કિ ભવસ્થિતિ પૂરી હોને પર સબ અવસ્થાઓંમેં કેવળજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ...'** ઇ આપણે એક પુસ્તકમાં આવ્યું હતું, નહિ? એક પુસ્તક નહોતું કાંઈક? એમાં આ વાત આવે છે. એમ કે ભવસ્થિતિ પૂરી થઈ જાય, ગમે તે કાળે, ભગવાને જોયું કે આને કેવળજ્ઞાન થવાનું છે તો ગમે તે સ્થિતિમાં થાય. નિમિત્ત ગમે એવું હોય એમાં શું છે? ઉપાદાન તૈયાર જોઈએ. એય...! 'ચેતનજી'! કહ્યું હતું કે નહિ? 'કેશવલાલજી'એ. ગમે એવું નિમિત્ત હોય. એમ હોય નહિ. સમજાણું કાંઈ? 'કેશવલાલજી' આવ્યા હતા ને એક ફેરી? નિમિત્ત તો ગમે એવું હોય, આમ થાય... ગપે ગપ મારે.

મુમુક્ષુ :- નિમિત્ત તો કાંઈ કરતું નથી.

ઉત્તર :- નિમિત્ત કાંઈ કરતું નથી. નિમિત્ત ગમે એવું હોય. એમ ન હોય. સિદ્ધાંતથી તદ્દન વિરુદ્ધ શ્રદ્ધા છે. તત્ત્વથી વિરુદ્ધ શ્રદ્ધા છે. અજ્ઞાની છે. નિમિત્ત હોય તો આવું જ હોય. કેવળજ્ઞાન થવામાં મુનિપણામાં નગ્ન દશા જ હોય. અઠ્યાવીસ મૂળગુણના જ વિકલ્પ હોય. નિમિત્તને બીજી દિશા હોય નહિ. આહાહા..! શું થાય? એવા માણસોને નવરાશ ન મળે. એક તો જાણે રળવા આડે નવરાશ ન મળે. રળવામાંથી થોડો વખત મળે તો બહારમાં કહે ઇ સાંભળીને ચાલ્યા જાય. થઈ રહ્યું, જાઓ, ખંખેરીને. કરો દુકાનના ધંધા પછી તેવીસ કલાક. હવે આ નિર્ણય કરવા નવરા કે દિ' હોય? એ.. 'ધીરૂભાઈ'! એ તો હવે વળી છોકરા-બોકરા તૈયાર થયા તો નવરા થયા. આહાહા..! વાત સાચી છે ઇ. મહાભાગ્ય અને પુણ્યનો યોગ હોય તો આ વીતરાગના શાસ્ત્રો સાંભળવા મળે. એવી વાત છે. આહાહા..! ગણધરોએ રચેલા, કેવળીઓએ કહેલા એને અનુસારે ભગવાન 'કુંદકુંદાચાર્ય' રચે. કિંચિત્ માત્ર કાંઈ ફેર નથી. આહાહા...! કહો, સમજાણું કાંઈ?

કહે છે કે ભવસ્થિતિ પાકે ત્યારે ગમે તે નિમિત્ત હોય અને કેવળજ્ઞાન થઈ જાય **'યહ કહના મિથ્યા હૈ,...'** ચાર મહિના ચોમાસુ રહ્યા હતા ને? 'કુમુદવિજય' બ્રાહ્મણ. ત્યાં ચોમાસું રહ્યા હતા અને વ્યાખ્યાન દરરોજ સાંભળે. 'કુમુદવિજય' બ્રાહ્મણ પંડિત. દેરાવાસી દીક્ષા લીધેલી. વાત સાચી લાગે છે, સો એ સો ટકા સાચી છે. પછી, કેમ અમારે આમાં... શું કાંઈક ભાષા કીધી? અમલમાં કેમ મૂકવું? અમે કાંઈ કોઈને કહીએ કે તમે આમ કરો કે આમ કરો. અમે તો માર્ગ કહીએ. એને કાંઈ કહીએ કે તું છોડીને બેસ અહીં. અમારે શું છે અહીં? બે-ત્રણ વાર અંદર આવીને કહ્યું, હોં! સો એ સો ટકા માર્ગ આ છે. અહીં અમે આશ્રય તો કોઈને આપતા નથી. અહીં તો તમારી ગરજ હોય તો રહો, તમારે ઠીક પડે એમ કરો. અમારે કાંઈ તમને પાંજરાપોળ નથી કે ભેગા કરવા છે. ઇ ... સંપ્રદાયમાં એણે લેખ લખ્યો. કારણ કે એને એમ થાય કે ન્યાં વળી અભડાયને નથી આવ્યા ને. લેખ લખ્યો. આ એક વાત કરે છે એવી કે વિકલ્પ તૂટ્યા વિના મુનિપણું હોય નહિ ને વિકલ્પ તૂટ્યા વિના કેવળ ન હોય અને પાછું વસ્ત્ર એને ન રહે. ઇ ક્યાંય મેળ ખાતો નથી, એમ કહ્યું એણે પાછું. વસ્ત્ર ન

રહે એમ કોણ કહ્યું? સાંભળને! વસ્ત્ર રાખવાનો ભાવ છે તે મમત્વ છે, તે મુનિપણું આવવા દેતું નથી. એવી વાત છે. શું થાય? જેમાં પચાસ-પચાસ વર્ષ રહ્યા હોય, એમાં નામાંકિત .. હોય. એની પાછી મૂળ કિંમત પણ થઈ હોય કે આ સારા છે, એમાંથી નીકળવું કઠણ પડે.

**'જિનસૂત્રકા યહ વચન નહીં હૈ,...'** દેખો! ભવસ્થિતિ પાકશે ત્યારે ગમે તે અવસ્થામાં કેવળજ્ઞાન થાય એ ભગવાનની વાણી નથી. જોયું! **'ઇન શ્વેતાંબરોંને કલ્પિત સૂત્ર બનાયે હૈં...'** આ ૩૨, ૪૫ બધા કલ્પિત બનાવેલા છે. ભગવાનના નહિ, કેવળીના નહિ, સમકિતીના નહિ, અગૃહિત મિથ્યાદૃષ્ટિના નહિ, ગૃહિત મિથ્યાદૃષ્ટિના બનેલા છે. આમ વાત આ છે, બાપા! સત્ય આ છે. ઠીક લાગે, ન ઠીક લાગે એણે તુલના કરવી. પરીક્ષા કરવી જોઈએ. શું થાય? **'જિનસૂત્રકા યહ વચન નહીં હૈ,...' 'કલ્પિત સૂત્ર બનાયે હૈં ઉનમેં લિખા હોગા.'** કલ્પિત સૂત્રમાં લખ્યું હશે. સમજાણું?

**'ફિર વહાં શ્વેતાંબર કહતે હૈં કિ જો તુમને કહા વહ તો ઉત્સર્ગ-માર્ગ હૈ,...'** એય..! 'ચેતનજી'! અપવાદ-માર્ગ નહીં. કહ્યું હતું ને? ખબર છે ને. **'ઉત્સર્ગ-માર્ગ હૈ, અપવાદ-માર્ગમેં વસ્ત્રાદિક ઉપકરણ રખના કહા હૈ,...'** કહ્યું છે, એમ કહે છે.

મુમુક્ષુ :- 'પ્રવચનસાર'માં.

ઉત્તર :- 'પ્રવચનસાર'માં ક્યાં કહ્યું છે? અપવાદમાં તો આ મોરપીંછી, કમંડળ અપવાદમાં રાખવાનું છે. વસ્ત્ર પાત્ર ક્યાં અપવાદમાં છે? એ તો મિથ્યાત્વમાં છે.

**'જૈસે તુમને ધર્મોપકરણ કહે વૈસે હી વસ્ત્રાદિક ભી ધર્મોપકરણ હૈં,...'** એમ અજ્ઞાની કહે છે. **'જૈસે ક્ષુધાકી બાધા આહારસે મિટાકર સંયમ સાધતે હૈં, વૈસે હી શીત આદિકી બાધા વસ્ત્ર આદિ સે મિટાકર સંયમ સાધતે હૈં,...'** આહારની ભૂખ લાગી હોય તો જુઓ! આહાર લાવીને ક્ષુધા ટાળીએ છીએ ને. એમ શીતની ઠંડી બહુ લાગતી હોય તો વસ્ત્ર (રાખીને) સંયમ સાધીએ. એમાં વિશેષતા બેમાં ફેર શું? એમ શિષ્ય કહે છે.

**'ઇસકો કહતે હૈં કિ ઇસમેં તો બડે દોષ આતે હૈં. તથા કોઈ કહતે હૈં કિ કામ-વિકાર ઉત્પન્ન હો તબ સ્ત્રી-સેવન કરે તો ઇસમેં ક્યા વિશેષ?'** તું એમ કહે છે તો અમે એમ કહીએ છીએ કે વિષયની વાસના થાય તો એક સ્ત્રીનું સેવન કરે તો એમાં શું વાંધો? એમ ટાઢ વાય તો વસ્ત્ર રાખે એમાં શું વાંધો? બેય સરખા છે, સાંભળને! સમજાણું કાંઈ? **'ઇસલિયે ઇસપ્રકાર કહના યુક્ત નહીં હૈ.'** એ તારું કહેવું બરાબર વ્યાજબી નથી.

**'ક્ષુધા કી બાધા તો આહાર સે મિટાના યુક્ત હૈ,...'** ભૂખની (વેદના) તો આહારથી મટે. **'આહાર કે બિના દેહ અશક્ત હો જાતા હૈ તથા છૂટ જાયે તો આપઘાતકા દોષ આતા હૈ,...'** શરીર નભાવવા માટે આહાર લેવાની વૃત્તિ તો હોય. એ કાંઈ પરિગ્રહ નથી. અને છતાં જ્યાં સુધી આહાર લેવાની વૃત્તિ છે ત્યાં સુધી કેવળજ્ઞાન થશે નહિ. એ પણ હજી એટલો દોષ છે. આહાહા..! **'પરન્તુ શીત આદિકી બાધા તો અલ્પ હૈ, યહ તો જ્ઞાનાભ્યાસ આદિકે સાધનસે હી મિટા જાતી હૈ.'** જોયું! ઠંડી-બંડી, ગરમી હોય, એ તો જ્ઞાનાભ્યાસમાં રહે તો એને ખબર પણ પડે નહિ. ક્યાં શીત ને ક્યાં આતાપ? આહા..! આવો માર્ગ છે. સમજાણું?

**'અપવાદ-માર્ગ કહા વહ તો જિસમેં મુનિપદ રહે ઐસી ક્રિયા કરના...'** અપવાદમાં મુનિપણું ન રહે એ અપવાદ? એવું ક્યાંથી લાવ્યો? બહુ સરસ લખ્યું છે. **'જિસ ક્રિયાસે મુનિપદ ભ્રષ્ટ હોકર...'** દેખો! **'જિસ પરિગ્રહસે તથા જિસ ક્રિયાસે...'** જે પરિગ્રહથી અને જે ક્રિયાથી **'મુનિપદ ભ્રષ્ટ હોકર ગૃહસ્થકે સમાન હો જાવે વહ તો અપવાદ-માર્ગ નહીં હૈ. દિગંબર મુદ્રા ધારણ કરકે કમંડલુ-પીંછી સહિત આહાર-વિહાર-ઉપદેશાતિકમેં પ્રવર્તે વહ અપવાદ-માર્ગ હૈ...'** આ અપવાદ માર્ગ છે. ઇ તો લગાવી દીધું કે વસ્ત્ર, પાત્ર અપવાદ માર્ગ છે. અહીંની વાતું લઈને, સાંભળીને (લગાવી દીધું). લોકો બિચારા મૂર્ખ ભેગા થયા હોય, સામે સાંભળનારા (એને એમ લાગે)... આહા..! બહુ વાત સારી કરી.

મુમુક્ષુ :- અમારામાં પણ અધ્યાત્મ છે.

ઉત્તર :- અમારામાં પણ અધ્યાત્મ છે. ધૂળેય નથી, સાંભળને! મિથ્યાત્વનું પોષણ કરી, લોકોને કરાવીને જિંદગી બરબાદ કરીને ચાલ્યા ગયા. લોકોને બિચારાને કાંઈ ખબર ન મળે. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ આવી છે, હોં! કોઈ વ્યક્તિની (વાત નથી). માર્ગ આવો છે. માર્ગ.. 'કુંદકુંદાચાર્ય' તો સ્પષ્ટ કરે છે. દેખો!

**'દિગંબર મુદ્રા ધારણ કરકે કમંડલુ-પીંછી સહિત આહાર-વિહાર-ઉપદેશાદિકમેં પ્રવર્તે વહ અપવાદ-માર્ગ હૈ ઔર સબ પ્રવૃત્તિકો છોડકર ધ્યાનસ્થ હો શુદ્ધોપયોગમેં લીન હો જાનેકો ઉત્સર્ગ-માર્ગ કહા હૈ.'** એનું નામ ઉત્સર્ગ માર્ગ છે. પણ અપવાદ માર્ગમાં વસ્ત્ર પાત્ર રાખવા એ અપવાદ માર્ગ (નથી). મુનિપણું રહે એવી સ્થિતિમાં અપવાદ હોય. પણ એમાંથી તો મુનિપણું રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'ઇસપ્રકાર મુનિપદ અપનેસે સધતા ન જાનકર કિસલિયે શિથિલાચારકા પોષણ કરના?'** મુનિપણું ન પળાય તો શું કરવા ખોટા આચરણને પોષવા? સમજાણું? **'મુનિપદકી સામર્થ્ય ન હો તો શ્રાવકધર્મકા પાલન કરના,....'** ગૃહસ્થાશ્રમમાં પણ શ્રાવકપણું, બ્રહ્મચારીપણું રહીને પણ ધર્મ થઈ શકે છે. આવા મોટા મુનિપદ નામ ધરાવે અને ઊંચા નામમાં ઊંધી ક્રિયા અને ઉપકરણાદિ રાખીને માને તો કહે છે કે એમાં તો કાંઈ લાભ નથી, નુકસાન છે.

અહીં તો (કહે છે), **'શ્રાવકધર્મકા પાલન કરના, પરંપરાસે ઇસીસે સિદ્ધિ હો જાયેગી.'** સાધુપણે ન હોય. ગૃહસ્થાશ્રમમાં હોય, વસ્ત્ર પાત્ર છોડી શકતો ન હોય તો એ પણ સમકિતી હોય તો એ આગળ વધીને સ્વર્ગમાં જશે. ન્યાંથી (મનુષ્ય થઈને) મુનિપણું પામીને કેવળજ્ઞાન પામશે. પણ મિથ્યાત્વને પોષીને આવી વાત તું કરે છે એ શાસ્ત્રથી વિરુદ્ધ છે, કહે છે. **'જિનસૂત્રકી યથાર્થ શ્રદ્ધા રખનેસે સિદ્ધિ હૈ...'** વીતરાગના સૂત્રોની યથાર્થ શ્રદ્ધા રાખે. દેખો! **'ઇસકે બિના અન્ય ક્રિયા સબ હી સંસારમાર્ગ હૈ, મોક્ષમાર્ગ નહીં હૈ, ઇસપ્રકાર જાનના.' 'આગે ઇસહીકા સમર્થ કરતે હૈં.'**

મુમુક્ષુ :- આ મુનિપદ પોતાથી ...

ઉત્તર :- **'ઇસપ્રકાર મુનિપદ અપનેસે સધતા ન જાનકર કિસલિયે શિથિલાચારકા પોષણ કરના?'** મુનિપદ નથી પળાતું. મુનિપદ મારામાં નથી. **'મુનિપદકી સામર્થ્ય ન હો તો શ્રાવકધર્મ હી**

**કા પાલન કરના,...'** ગૃહસ્થાશ્રમમાં શ્રાવકપણું પાળે એમાં કાંઈ વિરોધ નથી, એમાં કંઈ દોષ નથી. દોષ છે પણ ઇ તો ચારિત્રનો દોષ છે, પણ મિથ્યાશ્રદ્ધાનો દોષ નથી. આ તો મોટું મુનિપણું નામ ધરાવી અને મુનિપણામાં ... અને વસ્ત્ર પાત્ર રાખે તો મહા મિથ્યાત્વનો દોષ છે. મહા મિથ્યાત્વનું પાપ અનંતું પાપ નિગોદમાં લઈ જાય એવું પાપ છે. સમજાણું કાંઈ? આ પણ બધું આમાં ઉતરતું હશે ને? લ્યો.

**'શ્રાવકધર્મ હી કા પાલન કરના, પરંપરા સે ઇસીસે સિદ્ધિ હો જાયેગી.'** સમ્યગ્દર્શનની શ્રદ્ધા બરાબર રાખે, જ્ઞાન બરાબર હોય, યોગ્યતા પ્રમાણેની સ્થિરતા હોય. મુનિપણું મારામાં નથી. આગળ જઈ, દેવલોકમાં જઈ, આગળ જઈ સાધુપણું ચારિત્ર નગ્નપણું અંગીકાર કરી (મુક્તિને) પામશે. આ તો આવા વસ્ત્ર પાત્ર રાખીને મુનિપણા નામ ધરાવે (એવા) મિથ્યાત્વમાં નિગોદમાં જશે. સમજાણું કાંઈ?

---

आगे इसहीका समर्थन करते हैं :-

## ગાથા-૧૯

**जस्स परिग्गहगहणं, अप्पं बहुयं च हवइ लिंगस्स।**
**सो गरहिउ जिणवयणे, परिगहरहिओ णिरायारो।।१९।।**

**यस्य परिग्रहग्रहणं अल्पं बहुकं च भवति लिंगस्य।**
**स गर्ह्यः जिनवचने परिग्रहरहितः निरागारः।।१९।।**

**રે! હોય બહુ વા અલ્પ પરિગ્રહ સાધુને જેના મતે;**
**તે નિંદ્ય છે; જિનવચનમાં મુનિ નિષ્પરિગ્રહ હોય છે. ૧૯.**

**अर्थ :- जिसके मतमें लिंग जो भेष उसके परिग्रहका अल्प तथा बहुत ग्रहण करना कहा है वह मत तथा उसका श्रद्धावान पुरुष गर्हित है, निंदायोग्य है, क्योंकि जिनवचनमें परिग्रहरहित ही निरागार है, निर्दोष मुनि है, इसप्रकार कहा है।**

**भावार्थ :- श्वेताम्बरादिकके कल्पित सूत्रोंमें भेषमें अल्प-बहुत परिग्रहका ग्रहण कहा है, वह सिद्धान्त तथा उसके श्रद्धानी निंद्य हैं। जिनवचनमें परिग्रहरहितको ही निर्दोष मुनि कहा है।।१९।।**

---

## ગાથા-૧૯ ઉપર પ્રવચન

**'આગે ઇસહીકા સમર્થન કરતે હૈં.'** એ અર્થને સમર્થન કરે છે. લ્યો.

**जस्स परिग्गहगहणं, अप्पं बहुयं च हवइ लिंगस्स ।**

**सो गरहिउ जिणवयणे, परिगहरहिओ णिरायारो ।।१९।।**

જે લિંગમાં થોડો અને ઘણો પરિગ્રહ હોય છે, એમ કહે છે. જોયું!

અર્થ :- **'જિસકે મતમેં લિંગ જો ભેષ ઉસકે પરિગ્રહકા અલ્પ તથા બહુત ગ્રહણ કરના કહા હૈ...'** જેના લિંગમાં થોડો ઘણો પણ વસ્ત્ર પાત્ર રાખવાનું કહ્યું, **'વહ મત તથા ઉસકા શ્રદ્ધાવાન પુરુષ ગર્હિત હૈ, નિંદાયોગ્ય હૈ,...'** છે ને પાઠ? **'सो गरहिउ'** ઘૃણા લાયક છે, નિંદા કરવા લાયક છે. એ મત અને એ મતના માનનારા બધા નિંદાને લાયક છે. પ્રશંસા લાયક નથી. આહાહા..! આવું તો સાંભળ્યું નહિ હોય ન્યાં. એય..! 'પ્રકાશદાસજી'!

મુમુક્ષુ :- કભી નહીં સુના.

ઉત્તર :- નહિ? ઇ તો મુંડીને પડત ન્યાં. પંદર ભેદે સિદ્ધ એ લોકો કહે છે. 'શ્રીમદ્'માં પણ લખ્યું છે. ખોટી વાત છે. દિગંબર મુદ્રા, એ પણ પુરુષ લિંગ, એ સિવાય કેવળજ્ઞાન હોઈ શકે નહિ. સ્ત્રીને કેવળજ્ઞાન ન હોય, સ્ત્રીને સાધુપદ ન હોય. એને પંચમ ગુણસ્થાન યોગ્ય હોય. કારણ કે એને એક વસ્ત્ર રાખવું પડે. વસ્ત્ર રાખ્યા વિના રહે નહિ. એને મુનિપણું હોઈ શકે નહિ. આવો માર્ગ છે, ભાઈ! જગતથી તો બહુ ફેરફાર ઘણો થઈ ગયો. એ ફેરફારને સમજવા નવરાશ ક્યાં છે?

જેના મતમાં, લિંગમાં ભેખમાં. એમ. સાધુ.. ભેખ. પરિગ્રહને થોડો કે ઘણો રાખવાનું જે શાસ્ત્રમાં, જે મતમાં કહ્યું હોય **'ઉસકા શ્રદ્ધાવાન પુરુષ ગર્હિત હૈ,...'** એ અભિપ્રાય પણ નિંદા લાયક છે, એના માનનારા પણ નિંદાલાયક છે. **'ક્યોંકિ જિનવચનમેં પરિગ્રહરહિત હી નિરાગાર હૈ,...'** ભગવાનની વાણીમાં તો વસ્ત્ર પાત્રના કટકા રહિત, અખંડાનંદ વીતરાગમૂર્તિ દશા જેને પ્રગટ થઈ છે એની તો દિગંબર મુદ્રા જ એકલી હોય. આહાહા..! આ સ્થૂળ મિથ્યાત્વના ત્યાગની વાત ચાલે છે અત્યારે. બપોરે સૂક્ષ્મ મિથ્યાત્વના ત્યાગની વાત ચાલે છે. આહા..! ભારે વાત. **'જિનવચનમેં પરિગ્રહરહિત હી નિરાગાહ હૈ, નિર્દોષ મુનિ હૈ, ઇસપ્રકાર કહા હૈ.'**

ભાવાર્થ :- **'શ્વેતાંબરાદિ..'** શ્વેતાંબર એટલે મૂર્તિપૂજક, સ્થાનકવાસી વગેરે. **'કલ્પિત સૂત્રોંમેં ભેષમેં અલ્પ-બહુત પરિગ્રહકા ગ્રહણ કહા હૈ, વહ સિદ્ધાંત તથા ઉસકે શ્રદ્ધાની નિંદ્ય હૈં. જિનવચનમેં પરિગ્રહરહિતકો હી નિર્દોષ મુનિ કહા હૈ.'** વીતરાગ માર્ગમાં અનાદિ ગણધરોએ, સંતોએ કહેલો માર્ગ, એમાં તો વસ્ત્રના એક કટકા વિનાનો, દિગંબર દશા અને અંદર ત્રણ કષાયનો અભાવ (હોય) એને મુનિપણું અને નિર્ગ્રંથપણું કહ્યું છે. નિર્દોષ મુનિ એને કહ્યાં. બાકી બધા સદોષ અને મિથ્યાદૃષ્ટિ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं जिनवचनमें ऐसा मुनि वन्दने योग्य कहा है :-

## ગાથા-૨૦

पंचमहव्वयजुत्तो, तिहिं गुत्तिहिं जो स संजदो होई।
णिग्गंथमोक्खमग्गो, सो होदि हु वंदणिज्जो य।।२०।।

पंचमहाव्रतयुक्तः तिसृभिः गुप्तिभिः यः स संयतो भवति।
निर्ग्रंथमोक्षमार्गः स भवति हि वन्दनीयः च।।२०।।

ત્રણ ગુપ્તિ, પંચ મહાવ્રતે જે યુક્ત, સંયત તેહ છે;
નિર્ગ્રંથ મુક્તિમાર્ગ છે તે; તે ખરેખર વંદ્ય છે. ૨૦.

अर्थ :- जो मुनि पंच महाव्रत युक्त हो और तीन गुप्ति संयुक्त हो वह संयत है, संयमवान है और निर्ग्रंथ मोक्षमार्ग है तथा वह ही प्रगट निश्चयसे वंदने योग्य है।

भावार्थ :- अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य और अपरिग्रह - इन पाँच महाव्रत सहित हो और मन, वचन, कायरूप तीन गुप्ति सहित हो वह संयमी है, वह निर्ग्रंथ स्वरूप है, वह ही वंदन योग्य है। जो कुछ अल्प-बहुत परिग्रह रखे तो महाव्रती संयमी नहीं है, यह मोक्षमार्ग नहीं है और गृहस्थके समान भी नहीं है।।२०।।

## પ્રવચન નં. ૩૩ ગાથા-૨૦થી ૨૪, રવિવાર, અષાઢ સુદ ૮, તા. ૧૨-૦૭-૧૯૭૦

'અષ્ટપાહુડ'. આચાર્ય 'કુંદકુંદાચાર્યદેવ' અષ્ટપાહુડમાં સૂત્રપાહુડનો અધિકાર કહે છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા, જેને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન હતું, એવો જ જીવનો સ્વભાવ છે. એવો જીવનો સ્વભાવ છે તે પ્રગટ્યો હતો, એમાં એમણે મુનિપણું સાચું કેવું હોય એ જોયું અને એ પ્રમાણે કહ્યું. ધર્મીને ધર્મ કરવા પહેલાં પણ દેવ-ગુરુ અને શાસ્ત્ર કેવા હોય એની શ્રદ્ધા કરવી જોઈએ. એ છે વ્યવહારશ્રદ્ધા. વ્યવહારશ્રદ્ધા પણ જેની ચોખ્ખી નથી એને નિશ્ચય સમ્યગ્દર્શન અને સમ્યક્શ્રદ્ધા થતી નથી. સમજાણું કાંઈ?

જેને આ જન્મ-મરણના દુઃખોનો નાશ કરવો હોય અને આત્મામાં આનંદ છે એ આનંદને પૂર્ણ પ્રગટ કરવો હોય, એવા મોક્ષદશાના અભિલાષી જીવને કેવી શ્રદ્ધા મુનિની અને દેવની હોય છે, એનું આ વર્ણન ભગવાનના સિદ્ધાંત શાસ્ત્રમાં છે. ૨૦મી ગાથા.

पंचमहव्वयजुत्तो, तिहिं गुत्तिहिं जो स संजदो होई।
णिग्गंथमोक्खमग्गो, सो होदि हु वंदणिज्जो य।।20।।

**અર્થ :- 'જો મુનિ પંચ મહાવ્રત યુક્ત હો...'** સમ્યગ્દર્શન સહિત તો હોય જ. આત્માના રાગ અને પુણ્યના વિકલ્પથી રહિત એવો આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે, આનંદ અને ચૈતન્યનું ધામ આત્મા છે, એની અંદર નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની શ્રદ્ધા તો પહેલી હોય છે. એ ઉપરાંત મુનિને ચારિત્રદશા હોય છે અને એ ભૂમિકામાં એને પંચમહાવ્રતના વિકલ્પનો શુભભાવ હોય છે. **'पंचमहव्वयजुत्तो'**. પંચ મહાવ્રત છે વિકલ્પ, રાગ પણ એવો વિકલ્પ મુનિદશા જ્યાં આનંદની હોય, જેને મુક્તિ કરવી છે, પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી છે, એવી જે મુક્તદશા એના જે અભિલાષી એણે પ્રથમ તો સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ અને સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમાં લીનતાનો આનંદ અને ચારિત્ર જોઈએ. એ ચારિત્રની ભૂમિકામાં પંચમહાવ્રત એને હોય છે.

**'તીન ગુપ્તિ...'** હોય છે. **'વહ સંયત હૈ,...'** મોક્ષનો માર્ગ ચારિત્ર છે. અને ચારિત્રની ભૂમિકામાં આવા ભાવો એને હોય છે. **'સંયમવાન હૈ ઔર નિર્ગ્રંથ મોક્ષમાર્ગ હૈ...'** કહે છે કે મોક્ષમાર્ગ તો નિર્ગ્રંથ છે. જેને અંદર રાગની ગાંઠ પણ ન હોય અને બાહ્યમાં વસ્ત્ર અને પાત્ર પણ ન હોય. એવા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની ભગવાનની વાણીમાં, સિદ્ધાંતમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? એ નિર્ગ્રંથ મોક્ષમાર્ગ છે. ઓ..હો...! પૂર્ણાનંદની પ્રાપ્તિ એવી મુક્તિ, એને માટે તો નિર્ગ્રથ મોક્ષમાર્ગ જ કારણ હોય એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તથા વહ હી પ્રગટ નિશ્ચય સે વંદને યોગ્ય હૈ.'** જૈનમાર્ગમાં એટલે વાસ્તવિક વીતરાગમાર્ગમાં, ખરેખર મોક્ષના માર્ગમાં આવા સાધુ ચારિત્રવંત નિર્ગ્રંથ મોક્ષમાર્ગી, એ વંદનીક અને આદરણીય છે. એવી શ્રદ્ધા સમકિત થવા પહેલાં પણ વ્યવહાર શ્રદ્ધા તો એને એવી હોવી જોઈએ. સમજાણું કાંઈ? દેવ, ગુરુ, શાસ્ત્રની પણ જેની સાચી શ્રદ્ધા નથી, એ તો પહેલું કહ્યું છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લખ્યું છે, પહેલું તો દેવ, ગુરુ અને શાસ્ત્રની સાચી શ્રદ્ધા હોવી જોઈએ. પછી નવતત્ત્વની, પછી સ્વ-પરની અને પછી એક આત્માની (શ્રદ્ધા હોવી જોઈએ). ઝીણી વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, વીતરાગ આત્મમાર્ગ, જ્યાં આત્માની શાંતિના પંથે શાંતિપંથે મુનિઓ પડ્યા છે, જેને પૂર્ણ શાંતિ પ્રગટવાની નિકટતા, નજીકતા છે, સંસારનો જેને અંત અલ્પકાળમાં છે. એવા મુનિની આવી દશા હોય છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'અહિંસા,...'** એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવને ન મારવાનો વિકલ્પ એને હોય. મારવાનો વિકલ્પ હોય નહિ. અહિંસા. **'સત્ય,...'** સાચું જેમ છે તેમ ભગવાનનું કહેલું હોય એ પ્રમાણે બોલવું. **'અસ્તેય,...'** ચોરી નહિ. **'બ્રહ્મચર્ય,...'** નિશ્ચય બ્રહ્મચર્ય તો આત્મા આનંદમાં રમે તે બ્રહ્મચર્ય છે. વ્યવહાર બ્રહ્મચર્ય કાયાથી શરીર ને વાણી આદિથી વિષય ન લેવો, એવું વ્યવહાર બ્રહ્મચર્ય. **'અપરિગ્રહ,...'** મુનિ પરિગ્રહ રહિત હોય છે. એક વસ્ત્રની લંગોટી પણ મુનિને હોતી નથી. આહાહા..! આવો વીતરાગનો માર્ગ છે, ભાઈ! પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા, એની વાણીમાં આવો માર્ગ આવ્યો છે.

**'મન, વચન, કાયરૂપ તીન ગુપ્તિ સહિત હો વહ સંયમી હૈ, વહ નિર્ગ્રંથ સ્વરૂપ હૈ,...'** આવી દશા વિના કોઈને મુક્તિ ત્રણકાળમાં થાય નહિ. **'વહ હી વંદને યોગ્ય હૈ.'** એવા સંતો ચારિત્રવંત, બાહ્ય નગ્નદશા, અભ્યંતર વીતરાગી દશા એ ચારિત્ર તરીકે વીતરાગમાર્ગમાં વંદન તરીકે એ ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? કહો, સૂત્રપાહુડ છે આ. ભગવાને કહેલા સિદ્ધાંતમાં તો આ છે. બાકી નવા કલ્પિત શાસ્ત્રો રચ્યા, એમાં ગમે એ રચના કરી એ ઘરની છે એની. ભગવાને કહેલી નથી. સમજાણું કાંઈ? એટલી જેને હજી પરીક્ષાના ઠેકાણા ન મળે, એ આત્મા રાગ રહિત, વિકલ્પ રહિત નિર્વિકલ્પ (છે), એને અંતરમાં અનુભવમાં, શ્રદ્ધામાં લેવો અલૌકિક વાત છે. સમજાણું કાંઈ?

કહે છે, **'જો કુછ અલ્પ-બહુત પરિગ્રહ રખે...'** થોડા ઘણા વસ્ત્રો રાખે, પાત્ર રાખે **'સો મહાવ્રતી સંયમી નહીં હૈ,...'** એને વીતરાગ સંયમમાર્ગમાં સંયમી કહેતા નથી. **'યહ મોક્ષમાર્ગ નહીં હૈ...'** એને મોક્ષમાર્ગ પણ છે નહિ. ભારે કામ, ભાઈ! આકરું. વાડાબંધીમાં આ વાત બેસવી (કઠણ). વાડા બાંધ્યા અને જગતને બિચારાને મારી નાખ્યા. ખબરેય ન મળે માર્ગની. એય..! 'ધીરૂભાઈ'! ક્યાં ગયા? 'શિવલાલભાઈ' આવ્યા છે કે નહિ? સમજાણું કાંઈ? 'ભગવાનજીભાઈ'! માર્ગ આવો છે, ભાઈ! અને પોતાને પણ એ માર્ગ આવશે ત્યારે એની મુક્તિ થશે. એ કાંઈ એકલા સમ્યગ્દર્શન અને જ્ઞાનથી પણ મુક્તિ થશે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

પરમેશ્વર સર્વજ્ઞદેવ, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક, પરમાત્મા તીર્થંકરદેવ કેવળીએ જોયા, એના જ્ઞાનમાં તો આ આવ્યું હતું. અને એમના કહેલા સિદ્ધાંતો શાસ્ત્રોમાં તો આ કહેવામાં આવ્યું છે. જેને વસ્ત્રનો ધાગો ન હોય, બાહ્યમાં નગ્નમુનિ હોય, અભ્યંતરમાં રાગનો લેપ નથી એવી વીતરાગદશા પ્રગટી હોય. આહા...હા...! સમજાણું કાંઈ? એવો મુનિમાર્ગ નિર્ગ્રંથ માર્ગ કહેવાય છે ને ઇ? .. તો નિર્ગ્રંથ કોને કહેવા? વસ્ત્ર પાત્ર રાખે એ નિર્ગ્રંથ ક્યાંથી આવ્યા? વસ્ત્ર પાત્ર તો પરિગ્રહ છે. એને પરિગ્રહ ન કહો તો ગૃહસ્થો વસ્ત્ર પાત્ર રાખે એને પણ નિર્ગ્રંથ કહેવા. સમજાણું કાંઈ? નથી આવ્યા તમારે 'જયંતિભાઈ'? ઠીક. વારા કર્યા હશે. રવિવારે આવવું અને કામ આવી જતું હશે. સમજાણું?

અહીં તો ભગવાન થોડોક પણ જરીક પણ એક લંગોટી જેટલો પણ વસ્ત્રનો કટકો રાખે તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં એને મુનિ કહ્યા નથી. 'ભગવાનજીભાઈ'! આવો માર્ગ છે. અને આ તો નવા શાસ્ત્રો, બધા કલ્પિત બનાવ્યા. ૩૨, ૪૫ આદિ તો કલ્પિત છે. આચાર્યના, ભગવાનના નથી કહેલા. પોતાની કલ્પનાથી બનાવ્યા સંપ્રદાય ચલાવવા અને નામ આપ્યું ભગવાનનું. લોકોને બિચારાને ખબરેય ન મળે. સમજાણું કાંઈ? માર્ગ આવો અનાદિનો છે ઇ અહીં ભગવાન 'કુંદકુંદાચાર્ય' જગત પાસે જાહેર કરે છે.

એ **'ગૃહસ્થકે યોગ્ય ભી નહીં હૈ.'** લ્યો. જે કોઈ વસ્ત્ર તાણો રાખીને મુનિ છે એમ મનાવે છે એ મુનિ તો નથી, પણ ગૃહસ્થવત્ પણ નથી. કારણ કે એની શ્રદ્ધા જૂઠી છે. ગૃહસ્થ હોય એને તો સમ્યગ્દર્શનની શ્રદ્ધા સાચી હોય છે. એને દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા સાચી હોય છે. સમજાણું કાંઈ?

બહુ માર્ગ આ વિકટ માર્ગ. એણે જગતને ક્યાંય ચડાવી દીધા. ભગવાનને નામે ચડાવ્યા. એટલે કોઈ શંકા જ કરી શકે નહિ. આહાહા..! જગતની સાથે બહુ છેતરપીંડી કરી. સમજાણું કાંઈ?

**'गृहस्थके समान भी नहीं है.'** કહે છે કે વસ્ત્ર રાખે એ મોક્ષમાર્ગ ને મુનિ તો નથી, પણ ગૃહસ્થ જેવો પણ નથી. 'અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ' એમ કહે છે. ગૃહસ્થાશ્રમમાં તો સમ્યગ્દર્શન હોય, સાચી શ્રદ્ધા હોય, સાચું જ્ઞાન હોય અને બાર વ્રતના કદાચ વિકલ્પ પણ હોય, તો એ મોક્ષમાર્ગી છે. વસ્ત્ર આદિ રાખીને મુનિપણું મનાવે એ મોક્ષમાર્ગી તો નથી પણ ગૃહસ્થ જેવા પણ નથી. આહાહા..! આકરું કામ ભારે. ગળે ઉતરવું.. સમજાણું કાંઈ? ભગવાનના સૂત્ર સિદ્ધાંતની વાત ચાલે છે. જુઓ! આ.

---

**आगे कहते हैं कि पूर्वोक्त एक भेष तो मुनिका कहा अब दूसरा भेष उत्कृष्ट श्रावकका इसप्रकार कहा है :-**

## ગાથા-૨૧

दुइयं च उत्त लिंग, उक्किट्ठं अवरसावयाणं च।
भिक्खं भमेइ पत्ते, समिदीभासेण मोणेण।।२१।।

द्वितीयं चोक्तं लिंगं उत्कृष्टं अवरश्रावकाणां च।
भिक्षां भ्रमति पात्रे समितिभाषया मौनेन।।२१।।

બીજું કહ્યું છે લિંગ ઉત્તમ શ્રાવકોનું શાસને;
તે વાક્સમિતિ વા મૌનયુક્ત સપાત્ર ભિક્ષાટન કરે. ૨૧.

**अर्थ :- द्वितीय लिंग अर्थात् दूसरा भेष उत्कृष्ट श्रावक जो गृहस्थ नहीं है इसप्रकार उत्कृष्ट श्रावकका कहा है वह उत्कृष्ट श्रावक ग्यारहवीं प्रतिमाका धारक है, वह भ्रमण करके भिक्षा द्वारा भोजन करे और पत्ते अर्थात् पात्रमें भोजन करे तथा हाथमें करे और समितिरूप प्रवर्तता हुआ भाषासमितिरूप बोले अथवा मौनसे रहे।**

**भावार्थ :- एक तो मुनिका यथाजातरूप कहा और दूसरा यह उत्कृष्ट श्रावकका कहा, वह ग्यारहवीं प्रतिमाका धारक उत्कृष्ट श्रावक है, वह एक वस्त्र तथा कोपीन मात्र धारण करता है और भिक्षा-भोजन करता है, पात्र में भी भोजन करता है, और करपात्रमें भी करता है, समितिरूप वचन भी कहता है अथवा मौन भी रहता है, इसप्रकार यह दूसरा भेष है।।२१।।**

---

## ગાથા-૨૧ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ પૂર્વોક્ત એક ભેષ તો મુનિકા કહા...'** વીતરાગ સિદ્ધાંતમાં મુનિનો આ એક ભેખ-નિર્ગ્રંથ દિગંબર દશા (કહ્યો). વનમાં વિચરતા હોય અને આત્માના આનંદના ભોક્તા હોય. અતીન્દ્રિય આનંદનો અનુભવ જેને હોય. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ છે. એવું જ અતીન્દ્રિય આનંદનું વેદન, પ્રચુર-ઘણું આનંદનું વેદન હોય. આહાહા..! અને બાહ્યમાં દિગંબર દશા હોય. એ જૈનમાર્ગમાં પરમેશ્વરના માર્ગમાં વીતરાગના માર્ગમાં આ એક ભેખ મુનિનો કેવળ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? **'અબ દૂસરા ભેષ ઉત્કૃષ્ટ શ્રાવકકા ઇસપ્રકાર કહા હૈ.'** ઉત્કૃષ્ટ શ્રાવક. દસમી, અગિયારમી પડિમા હોય ને. એક લંગોટી રાખે. એક કટકો વસ્ત્ર રાખે. આત્માનો અનુભવ હોય. આત્માને અંતર ચૈતન્યના પડખા જેણે જોઈ લીધા હોય છે. પુણ્ય-પાપના રાગ રહિત ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સિદ્ધસ્વરૂપ જ ભગવાનઆત્મા છે આ. એ સિદ્ધ થયા એ ક્યાંથી થયા? રાગની ક્રિયા ને કાંઈ બાહ્યની ક્રિયાથી થયા નથી. અંદરમાં સિદ્ધપદ સ્વરૂપે છે આત્મામાં, એમાંથી સિદ્ધપદ પ્રગટ કર્યું છે. એવી જેને પ્રથમ સમ્યગ્દર્શનનું ભાન, દશા હોય છે અને એ ઉપરાંત બાર વ્રતના વિકલ્પો અથવા અગિયાર પડિમા (હોય છે). એ ઉત્કૃષ્ટ શ્રાવકનો ભેખ વીતરાગમાર્ગમાં, પરમેશ્વરના માર્ગમાં, કેવળીના માર્ગમાં એને બીજો ભેખ આવો ગણવામાં આવ્યો છે.

**दुइयं च उत्त लिंग, उक्किट्ठं अवरसावयाणं च।**
**भिक्खं भमेइ पत्ते, समिदीभासेण मोणेण।।२१।।**

અર્થ :- **'દ્વિતીય લિંગ અર્થાત દૂસરા ભેષ ઉત્કૃષ્ટ શ્રાવક તો ગૃહસ્થ નહીં હૈ...'** એ પણ મુનિની સાથે વનવાસમાં રહેતા હોય છે. **'ઇસપ્રકાર ઉત્કૃષ્ટ શ્રાવકકા કહા હૈ વહ ઉત્કૃષ્ટ શ્રાવક ગ્યારવહીં પ્રતિમાકા ધારક હૈ, વહ ભ્રમણ કરકે ભિક્ષા દ્વારા ભોજન કરે...'** ક્યાંય રાંધેલું એને માટે કરેલું લ્યે નહિ. શ્રાવક, હોં! અગિયારમી પડિમાધારી. જુઓ! વીતરાગનો માર્ગ. ઉત્કૃષ્ટ અગિયાર પડિમાધારી એકવાર આહાર લે. સમજાણું? ભ્રમણ ભિક્ષા કરીને ભોજન લ્યે, **'પાત્રમેં ભોજન કરે તથા હાથમેં કરે...'** પાત્રમાં લે અથવા હાથમાં લે. આવો માર્ગ છે. સમજાણું કાંઈ? આહાહા..! માર્ગનું એવું રૂપ બગાડી નાખ્યું છે ને. ઘણો વર્ગ એમાં જ પડ્યો છે. આ વાત એને બેસવી કઠણ. આ તે ભગવાનની હશે? અમે પણ ભગવાનના શાસ્ત્ર માનીએ છીએ. ભગવાને કહેલા ૩૨ સૂત્ર છે, ૪૫ સૂત્ર છે. ભાઈ! છેતરાઈ ગયા છો. ભાઈ! તમને ખબર નથી. ભગવાને કહેલા સિદ્ધાંતો બીજા હતા. સમજાણું કાંઈ? એ તો કલ્પિત પોતાનો સંપ્રદાય ચલાવવા નવા બનાવ્યા છે. ભગવાનના કહેલા એ સિદ્ધાંતો નથી. આહાહા..! ભારે કામ, ભાઈ!

ભગવાનના કહેલા સિદ્ધાંતોમાં આ વાત છે. સમજાણું કાંઈ? **'ઔર સમિતિરૂપ પ્રવર્તતા હુઆ ભાષાસમિતિરૂપ બોલે અથવા મૌનસે રહે.'** શ્રાવક, હોં! મુનિ તો કંઈ અલૌકિક દશા! આહાહા..! જે

ગણધરને પણ પૂજ્ય છે એવી મુનિદશા. ગણધર, જે તીર્થંકરના યુવરાજ, એ પણ ણમો લોએ સવ્વ સાહૂણં (બોલે), એને જે નમસ્કાર ગણધરનો પહોંચે ઇ પદ તો અલૌકિક છે. સમજાણું કાંઈ? એવા મુનિમાર્ગને ભગવાનના શાસ્ત્રમાં મુનિ તરીકે, ગુરુ તરીકે, ચારિત્રવંત તરીકે વંદન કરવા લાયક કહ્યા છે. આ તો 'અષ્ટપાહુડ'. અંદર હોય ઇ કહેવાય કે નહિ? એ.. 'ચંદુભાઈ'! કોઈ વાર વંચાય છે આ તો. (સંવત) ૨૦૧૭ની સાલમાં વાંચ્યું હતું. આ વળી ૨૦૨૬માં આવ્યું. એ પહેલા ૨૦૦૨માં, ૨૦૧૧માં (વંચાયું હતું). આ ચોથી વાર વંચાય છે. માર્ગ તો આ છે. 'મગનભાઈ'! આહાહા..! એ પહેલા આવી ગયું હતું આપણે, હમણાં ૨૩માં આવશે, એ પહેલા પણ આવી ગયું.

ભાવાર્થ :- **'એક તો મુનિકા યથાજાતરૂપકહા...'** જેવો જન્મ્યો એવું એનું મુનિનું રૂપ હોય. એક વસ્ત્રનો ધાગો નહિ અને આહારપાત્ર હાથમાં લ્યે. કરપાત્ર. પાત્ર-બાત્રની ઉપાધિનો પાર ન મળે. વસ્ત્ર રાખે તો ધોવા, એમાં મેલ પડે, જૂં પડે. એ તો બધો પરિગ્રહ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'દૂસરા યહ ઉત્કૃષ્ટ શ્રાવકકા કહા, વહ ગ્યારહવીં પ્રતિમાકા ધારક ઉત્કૃષ્ટ શ્રાવક હૈ, વહ એક વસ્ત્ર તથા કોપીન માત્ર ધારણ કરતા હૈ...'** ઓઢવા પહેરવાનું એક નાનું વસ્ત્ર અને એક કોપીન-લંગોટી. **'ઔર ભિક્ષા-ભોજન કરતા હૈ,...'** ભિક્ષાથી આહાર લે. **'પાત્રમેં ભોજન કરે તથા હાથમેં કરે ઔર સમિતિરૂપ...'** વચન બોલે અથવા મૌન પણ રહે. એવો સિદ્ધાંત વીતરાગના પરમેશ્વરના નિર્ગ્રંથ માર્ગમાં આવું બીજું રૂપ શ્રાવકનું ગણવામાં આવ્યું છે. પહેલું દિગંબર મુનિ અને બીજું આ.

---

आगे तीसरा लिंग स्त्रीका कहते हैं :-

## ગાથા-૨૨

**लिंगं इत्थीणं हवदि, भुंजइ पिंडं सुएयकालम्मि।**
**अज्जिय वि एक्कवत्था, वत्थावरणेण भुंजेदि।।२२।।**

**लिंगं स्त्रीणां भवति भुंक्ते पिंडं स्वेक काले।**
**आर्या अपि एकवस्त्रा वस्त्रावरणेन भुंक्ते।।२२।।**

**છે લિંગ એક સ્ત્રીઓ તણું, એકાશની તે હોય છે;**
**અર્યાય એક ધરે વસન, વસ્ત્રાવૃતા ભોજન કરે. ૨૨.**

**अर्थ :- स्त्रियोंका लिंग इसप्रकार है - एक कालमें भोजन करे, बारबार भोजन नहीं करे, आर्यिका भी हो तो एक वस्त्र धारण करे और भोजन करते समय भी वस्त्रके आवरण सहित करे, नग्न नहीं हो।**

**भावार्थ :- स्त्री आर्यिका भी हो और क्षुल्लिका भी हो; वे दोनों ही भोजन तो दिनमें एकबार ही करें, आर्यिका हो वह एक वस्त्र धारण किये हुए ही भोजन करे नग्न नहीं हो। इसप्रकार तीसरा स्त्रीका लिंग है।।२२।।**

## ગાથા-૨૨ ઉપર પ્રવચન

**'આગે તીસરા લિંગ સ્ત્રીકા કહતે હૈં.'** અર્જિકા હોય છે. એક વસ્ત્ર રાખે. સાધ્વી ન હોઈ શકે. સ્ત્રીનો દેહ હોય એ સાધ્વી ન હોઈ શકે. કેમકે નગ્ન હોય તો જ સાધ્વી થઈ શકે. પણ નગ્ન તો રહી શકે નહિ. એટલે એક વસ્ત્ર રાખે. પંચમ ગુણસ્થાનમાં ઇ શ્રાવિકા હોય. ઉત્કૃષ્ટ હોય એટલે એને અર્જિકા કહેવામાં આવે.

**लिंग इत्थणं हवदि, भुंजइ पिंडं सुएयकालम्मि।**
**अज्जिय वि एक्कवत्था, वत्थावरणेण भुंजेदि।।22।।**

અર્થ :- **'સ્ત્રિયોંકા લિંગ ઇસપ્રકાર હૈ-એક કાલમેં ભોજન કરે,...'** એક વખત આહાર. એ અર્જિકા પણ એક વખત આહાર (લે). બે વખત આહાર નહિ. સવારમાં ચા ને બપોરે રોટલા ને સાંજે ખીચડી, કઢી ને...

મુમુક્ષુ :- ખીચડી, કઢી તો ભૂતકાળમાં ગયા. આ તો ભજીયા ગરમ..

ઉત્તર :- ભજીયા ગરમાગરમ. 'ધનજીભાઈ' કહેતા હતા. આહાહા..! અરે..! ભગવાન! શું થાય?

કહે છે, **'એક કાલમેં ભોજન કરે,...'** સ્ત્રી હોય એ. સાધ્વી ન હોય ઇ. અર્જિકા કહેવાય. પંચમ ગુણસ્થાન હોય. છઠ્ઠું ગુણસ્થાન સ્ત્રીનો દેહ હોય એને આવી શકે નહિ. એવો અનાદિનો વીતરાગમાર્ગનો માર્ગ છે. આજ માને, કાલે માને, આ માન્યે એને સત્યનો સ્વીકાર છે. સમજાણું કાંઈ? સ્ત્રી અર્જિકા પણ હોય અને ક્ષુલ્લિકા પણ હોય. **'એક વસ્ત્ર ધારણ કરે ઔર ભોજન કરતે સમય ભી વસ્ત્રકે આવરણ સહિત કરે,...'** ભોજન કરવા વખતે પણ વસ્ત્ર રહિત હોઈ શકે નહિ.

ભાવાર્થ :- **'સ્ત્રી આર્યિકા ભી હો ઔર ક્ષુલ્લિકા ભી હો, વે દોનોં હી ભોજન તો દિનમેં એકબાર હી કરેં, આર્યિકા હો વહ એક વસ્ત્ર ધારણ કિયે હુએ હી ભોજન કરે, નગ્ન નહીં હો. ઇસપ્રકાર તીસરા સ્ત્રીકા લિંગ હૈ.'** ભગવાનના માર્ગમાં ત્રણ લિંગ કહ્યાં છે.

---

**आगे कहते हैं कि - वस्त्र धारकके मोक्ष नहीं है, मोक्षमार्ग नग्नपणा ही है :-**

## ગાથા-૨૩

**ण वि सिज्झदि वत्थधरो, जिणसासणे जइ वि होइ तित्थयरो।**
**णग्गो विमोक्खमग्गो, सेसा उम्मग्गया सव्वे।।२३।।**

**नापि सिध्यति वस्त्रधर: जिनशासने यद्यपि भवति तीर्थंकर:।**
**नग्न: विमोक्षमार्ग: शेषा उन्मार्गका: सर्वे।।२३।।**

**નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;**
**બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. ૨૩.**

**अर्थ :- जिनशासनमें इसप्रकार कहा है कि - वस्त्रको धारण करनेवाला सीझता नहीं है, मोक्ष नहीं पाता है, यदि तीर्थंकर भी हो तो जबतक गृहस्थ रहे तबतक मोक्ष नहीं पाता है, दीक्षा लेकर दिगम्बररूप धारण करे तब मोक्ष पावे, क्योंकि नग्नपना ही मोक्षमार्ग है, शेष सब लिंग उन्मार्ग हैं।**

**भावार्थ :- श्वेताम्बर आदि वस्त्रधारकके भी मोक्ष होना कहते हैं वह मिथ्या है, यह जिनमत नहीं है।।२३।।**

---

## ગાથા-૨૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ-વસ્ત્ર ધારક કે મોક્ષ નહીં હૈ, મોક્ષમાર્ગ નગ્નપણા હી હૈ.'** આ ગાથા 'શ્રીમદ્'માં પણ છે, ભાઈ! 'શ્રીમદ્'માં મૂકી છે. એકલી ગાથા, હોં! છૂટ્ટી. છે કે નહિ? એય..! 'ચેતનજી'! ખબર નથી? છે એમાં ક્યાંક. ઇ કાંઈ હાથ આવે? આવડા મોટામાં ક્યાંથી હાથ આવે? પાછળમાં છે, પાછળમાં ક્યાંક. ૩૨ મા વર્ષમાં ક્યાંક છે ખરું, હોં! કોણ જાણે ક્યાં હશે? ગાથા છે, હોં! ક્યાંક. ખબર નથી? એક ફેરી કહ્યું હતું. 'ચંદુભાઈ'ને ખબર છે કે નહિ? ગાથા હતી. શ્લોક છે. સાત ગાથા છે.

**ण वि सिज्झदि वत्थधरो, जिणसासणे जइ वि होइ तित्थयरो।**
**णग्गो विमोक्खमग्गो, सेसा उम्मग्गया सव्वे।।२३।।**

કહે છે.. શ્લોકના આધારનું પાછળ આપ્યું હશે, હોં! શાસ્ત્રનો આધાર આપ્યો હોય ને કે અષ્ટપાહુડની આ ગાથા છે. એમાં ક્યાંક આપ્યું હશે.

અર્થ :- **'જિનશાસનમેં...'** વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના શાસનને વિષે ત્રણેકાળને વિષે ભગવાનનો માર્ગ વીતરાગ કેવળીનો છે. એમાં **'વસ્ત્રકો ધારણ કરનેવાલા સીઝતા નહીં હૈ, મોક્ષ નહીં પાતા હૈ,...'** વસ્ત્રનો ધરનારો હોય ત્યાં સુધી મુનિ થઈ શકે નહિ અને એને મુક્તિ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? **'યદિ તીર્થંકર ભી હો તો જબતક ગૃહસ્થ રહે તબતક મોક્ષ નહીં પાતા હૈ,...'** ભગવાન ત્રણ જ્ઞાન લઈને આવ્યા હોય, તીર્થંકર તો. સ્વર્ગમાંથી આવે, કોઈ નરકમાંથી આવે. 'શ્રેણિક' રાજા છે ને? અત્યારે નરકમાં છે. ૮૪ હજાર વર્ષની સ્થિતિએ (છે). આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના છે. 'શ્રેણિક' રાજા. એ ભગવાનના વખતમાં હતા. રાજા 'શ્રેણિક'. 'ચેલણા' રાણી. એની સ્ત્રી સમકિતી હતી. પોતે બૌદ્ધપંથી હતો. 'ચેલણારાણી'નું નિમિત્ત ને સમકિત પામ્યા. ક્ષાયિક સમકિત પામ્યા. તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. 'શ્રેણિક' રાજા. ભગવાનના વખતમાં. મુનિની અશાતના કરી હતી. ૩૩ સાગરની સ્થિતિ નારકની બાંધી હતી. પછી ભગવાનના શાસનમાં આવી બધાને વંદન કરે છે. ક્ષાયિક સમકિત પામે છે. ૩૩ સાગરની

સ્થિતિ તોડી નાખે છે. ચોર્યાશી હજાર વર્ષની રહી જાય છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ અત્યારે પહેલી નરકમાં છે. 'શ્રેણિક'રાજાનો જીવ. તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. ક્ષાયિક સમકિતી છે. પહેલી નરકે છે. ત્યાંથી નીકળીને આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે. જેવા મહાવીર ભગવાન થયા એવા તીર્થંકર થશે. સમજાણું કાંઈ? પણ ક્ષાયિક સમકિત પામ્યા હતા.

કહે છે કે એ તીર્થંકર નરકમાંથી આવશે. અને કોઈ તીર્થંકરો સ્વર્ગમાંથી (આવે છે). આ 'ઋષભદેવ' ભગવાન, 'મહાવીર' ભગવાન. એ સ્વર્ગમાંથી આવ્યા છે. 'ઋષભદેવ' ભગવાન સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા છે. પણ એ ભગવાનો આવે માતાના ઉદરમાં, એ ત્રણ જ્ઞાન લઈને આવે. મતિ, શ્રુત અને અવધિ. પછી મુનિ થાય, વસ્ત્ર છોડી દઈને નિર્ગ્રંથ થાય ત્યારે એને ચોથું જ્ઞાન થાય. વસ્ત્ર સહિત એને ચોથું જ્ઞાન થાય એને સાધુપણું પણ હોય નહિ. તીર્થંકર જેવાને એ ભવમાં મોક્ષ જાવું નક્કી (છે). સમજાણું કાંઈ? ભગવાનને તો એ ભવે મોક્ષ છે. એ પણ છે આમાં.

'અષ્ટપાહુડ'માં છે ને? 'ભવિતવ્ય' આવે છે ને? એ ક્યાંક આવે છે. 'ભાવપાહુડ'માં કે 'મોક્ષપાહુડ'માં. ... સિદ્ધિ આવે છે ને? જેની મુક્તિ અને સિદ્ધિ નક્કી છે. આવે છે, શ્લોક આવે છે. બધું કાંઈ યાદ આવે છે આપણને. એને પણ મુનિપણું ચારિત્ર વીતરાગી દશા અંગીકાર કર્યા વિના કેવળ નહિ પામે. સમજાણું કાંઈ? મોક્ષપાહુડમાં હશે. બધું યાદ ક્યાંથી રહે? ગાથાએ ગાથા. ઉપરથી યાદ રહે કે આ છે. આહા..! ભાવપાહુડમાં છે ક્યાંક, હોં! ભાવપાહુડ નહિ, મોક્ષપાહુડ (હશે) ઘણું કરીને. મોક્ષપાહુડ. આ ઠેકાણે છે. છે? મોક્ષપાહુડમાં ૬૦ ગાથા, જુઓ! આ રહી. ૬૦મી

**धुवसिद्धि तित्थयरो चउणाणजुदो करेइ तवयरणं**
**णाऊण धुवं कुज्जा तवयरणं णाणजुत्तो वि ।।60।।**

અર્થ :- **'આચાર્ય કહતે હૈં કિ દેખો! જિસકો નિયમસે મોક્ષ હોના હૈ...'** ભગવાનને તો એ ભવમાં નિશ્ચય મોક્ષ થવાનો છે. ત્રણ જ્ઞાન લઈને આવ્યા. જન્મતા જેનો મહોત્સવ ઇન્દ્રોએ મેરુ પર્વત ઉપર કર્યો. ચોક્કસ છે કે એ ભવમાં જેને મુક્તિ પરમાત્માને દેખાય. એ પણ **'ચાર જ્ઞાન-મતિ, શ્રુત, અવધિ ઔર મનઃપર્યય ઇનસે યુક્ત હૈ, ઐસા તીર્થંકર ભી તપશ્ચરણ કરતા હૈ,...'** મુનિપણું લ્યે છે. ચારિત્ર અંગીકાર કરે, નગ્ન મુનિ થાય ત્યારે તેને મુક્તિ થાય, નહિતર એને પણ મુક્તિ થતી નથી. સમજાય છે કાંઈ? આવ્યું? ઇ છે ખરું. **'णग्गो विमोक्खमग्गो'**. **'णग्गो विमोक्खमग्गो, सेसा उम्मग्गया सव्वे'**. નાગા બાદશાહથી આઘા. એવો માર્ગ વીતરાગનો (છે). છેલ્લો ટુકડો છે. આહા..!

એક વસ્ત્રનો આવડો કટકો રાખે તો એને ધોવું ને એનો મેલ ને એની જૂં પડે. એ બધો પરિગ્રહ છે, કહે છે. એવું પરિગ્રહપણું હોય ત્યાં સુધી એને મુનિપણું હોઈ શકે નહિ. એવી વાત છે, બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે એમ જ્ઞાનમાં જોઈને શાસ્ત્રમાં આ આવ્યું છે.

કહે છે કે **'જિનશાસનમેં...'** જુઓ! એને જૈનશાસન કહીએ કે **'વસ્ત્ર ધારણ કરનેવાલા સિઝતા નહીં હૈ,...'** વસ્ત્રનો ધરવાવાળો મોક્ષ પામે નહિ. મુનિ હોઈ શકે નહિ તો કેવળ ક્યાંથી પામે? અરે..રે...! સંપ્રદાયના બાંધા નીકળ્યા, સાચી વાત સાંભળવાના કાન બંધ કર્યા. શું થાય?

જીવોની પાત્રતા ન મળે ત્યાં.. અનાદિથી એમ ને એમ ઊંધી શ્રદ્ધાએ ચાર ગતિમાં રખડે છે. આ તો બાહ્ય શ્રદ્ધાની વાત છે, હોં! વ્યવહાર શ્રદ્ધા. વ્યવહાર શ્રદ્ધા એવી હોય છતાં જો નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય તોપણ એને ધર્મી કહેવાતા નથી. આહાહા..!

**'યદિ તીર્થંકર ભી હો તો જબતક ગૃહસ્થ રહે તબતક મોક્ષ નહીં પાતા હૈ...'** તીર્થંકરપણું હોય, ભગવાન ત્રણ જ્ઞાન લઈને આવ્યા છે, ચોક્કસ ઇન્દ્રો જેના સેવક છે. સો ઇન્દ્રો જેના ભગત છે. જેના જન્મ વખતે ચૌદ બ્રહ્માંડમાં જરી હલે છે આમ. શાતા થઈ જાય. નારકીને પણ જરી શાતા થઈ જાય. એવા ત્રણલોકના નાથ તીર્થંકર ત્રણ જ્ઞાન લઈને માતાના ઉદરમાં આવ્યા. કેટલાક તો ક્ષાયિક સમકિત લઈને (આવ્યા). કેટલાક. 'શ્રેણિક' (મહારાજાને) પહેલી નરકે ક્ષાયિક છે. કેટલાક ત્રીજી નરકેથી તીર્થંકર થાય છે. એ ક્ષયોપશમ સમકિતી હોય છે. કોઈ ત્રીજી નરકે ગયા હોય, ન્યાંથી નીકળીને તીર્થંકર થાય. ક્ષાયિક સમકિતી ન હોય, ક્ષાયિક અહીં થાય. પણ કહે છે કે તીર્થંકર જેવા જીવને પણ જ્યાં સુધી ગૃહસ્થાશ્રમ વસ્ત્ર સહિત રહે ત્યાં સુધી એ મુક્તિ, કેવળ નહિ પામે. આહાહા..!

માર્ગ આ છે. એને અંગીકાર કર્યે છૂટકો છે. અનાદિથી.. પહેલી આવી માન્યતા કરી અને અંતર સ્વરૂપનું સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. સમજાણું કાંઈ? એકલી બહારની માન્યતા કરે તોપણ સમ્યગ્દર્શન છે એમ નથી. આહાહા..!

**'ગૃહસ્થ રહે તબતક મોક્ષ નહીં પાતા હૈ, દીક્ષા લેકર દિગંબરરૂપ ધારણ કરે તબ મોક્ષ પાવે,...'** આહાહા..! નગ્ન. માતાએ જન્મયો એવો. નિર્વિકાર. આનંદમાં ઝુલનારા, અતીન્દ્રિય આનંદના રસીલા, અતીન્દ્રિય આનંદના રસિયા, એવા સંતો ભગવાનના માર્ગમાં દિગંબર લિંગ ધારણ કરે ત્યારે તેને મુનિપણું આવે. સમજાણું કાંઈ? આહાહા..!

આજ્ઞામાં આવે છે ને? ચરણાનુયોગમાં નથી આવતું? બંધુવર્ગ, માતા, પિતા, સ્ત્રીની રજા લે. વિદાય લે. માતા, પત્ની. શરીરને રમાડનારી. અમારી અનુભૂતિરૂપી સ્ત્રી અમને પ્રગટી છે. આહા..! અમારો આત્મા આનંદના વેદનમાં સમકિતમાં આવ્યો છે. અમને જ્ઞાનચેતના પ્રગટી છે. હે માતા! આ શરીરને ઉત્પન્ન કરનારી. મને તેં ઉત્પન્ન કર્યો નહિ. હું તો આત્મા છું. હે પત્ની! આ શરીરને રમાડનારી. આત્માને રમાડનારી તું નહિ. રજા આપ. આજ્ઞા દે. ક્ષણભર પણ અમને આનંદ વિના ક્યાંય ચેન પડતું નથી. અમે વનમાં ચાલ્યા જશું. આહાહા..! રાજકુમારો હોય, અબજો રૂપિયાની દિવસની જેને પેદાશ હોય, એ કમંડળ મોરપીંછી (લઈને) ચાલી નીકળે. આહાહા..! મોક્ષના પ્રયાણ. સમજાણું કાંઈ? મોક્ષની જાત્રા માટે નીકળ્યા હવે. એની દશા ભગવાનના માર્ગમાં તો તદ્દન દિગંબર કહી છે. ભગવાન! સંપ્રદાયની આ વાત નથી, હોં! સિદ્ધાંત સૂત્રની વાત છે. આ જુઓને! સમજાણું કાંઈ? ત્યારે (કોઈ) કહે, બીજા માર્ગમાં તો કહ્યું છે ને? બાપુ! એ ભગવાનના કહેલા નથી, ભાઈ! ગણધરને નામે ચડાવ્યા છે, લોકોને વિશ્વાસ આવવા માટે. પણ એ ગણધરના કહેલા નથી, ભાઈ! છેતરાઈ ગયા. 'રતિભાઈ'! આહાહા..!

અહીં તો દુકાન ઉપર પણ અમે તો શાસ્ત્ર વાંચતા. શ્વેતાંબર શાસ્ત્ર. સ્થાનકવાસી હતા ને

અમે તો. અમારા કુટુંબની પેઢી, આઠ પેઢી સ્થાનકવાસી. ગૃહસ્થ. બાપના બાપ 'ગઢડા'ના. ગૃહસ્થ. 'પાલેજ' દુકાન ઘરની હતી. આ બધા શાસ્ત્ર વાંચતા. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'સૂયગડાંગ', બધા વાંચતા. ત્યાં વાંચ્યા હતા. એ વખતે તો આ ભગવાનના છે એમ માન્યા હતા. અહીં શી ખબર કે આ... સમજાણું? એ (સંવત) ૧૯૬૪, ૬૫, ૬૬, ૬૭ ની વાત છે. ૧૯૭૦માં દીક્ષા (લીધી). ૫૭ વર્ષમાં દીક્ષા. એના પહેલાની વાત છે. સાંઈઠ વર્ષ પહેલા, હોં! દુકાન તો પિતાજીની ઘરની હતી. નિવૃત્તિ ઘણી. 'દશવૈકાલિક', 'સૂયગડાંગ' તો બહુ વાર વાંચેલા. 'આચારાંગ' 'ઉત્તરાધ્યયન' આખું ૩૬ અધ્યયન છે ને? ૨૨૦૦ શ્લોક. ખૂબ વાંચેલા. તે દિ' તો ભગવાને કહેલા છે એમ માન્યા હતા. પછી ખબર પડી કે ઓહ! ભગવાન... આ તો... એય..! 'નવનીતભાઈ'!

પછી અમારા ભાઈને કહ્યું, દીક્ષા મોટી ધામધૂમથી આપી હતી. 'ઉમરાળા'એ ૫૭ વર્ષ પહેલાં. મોટી દીક્ષા હાથીને હોદ્દે. ભાઈને કહ્યું કે તમે મોટી દીક્ષા આપી .. પણ મુનિપણું આવું ન હોય. સાધુપણું આવું ન હોય. માર્ગ બીજો છે, ભાઈ! એય..! અમારા ભાઈ મોટાભાઈ હતા ને? બહુ ... બહુ પ્રેમ હતો ને અમારા ઉપર. 'ખુશાલભાઈ'. બહુ પ્રેમ હતો. છોડી દ્યો. ખોટામાં ન રહેવું. પણ હળવે હળવે કરવું. એટલું જરી (બોલ્યા). ખાનદાન ખરા ને. એકદમ ધક્કો લાગશે. નામ મોટું (એટલે) એકદમ છોડશો તો ધક્કો લાગશે. (સંવત) ૧૯૮૭ માં વાત થઈ હતી. ૧૯૯૧માં અહીં (પરિવર્તન કર્યું). માર્ગ બીજો છે, બાપુ! ભાઈ! શું થાય?

એને સાંભળવા મળ્યું નથી ને. મુનિપણું કેવું હોય એણે સાંભળ્યું નથી. આહાહા..! મુનિપણું પ્રગટ થાય એ તો અલૌકિક! પરમેશ્વર એ તો! પંચપરમેષ્ઠી. પરમમાં ઇષ્ટ તે પરમેષ્ઠી. પરમ પરમાત્મા પોતાનું સ્વરૂપ, એમાં ઇષ્ટ-ઠરેલા છે ઇ. આહાહા..! અહીં તો એને વિકલ્પના, શુભના ઠેકાણા ન મળે. બહારના કપડાના. અહીં તો પરમેષ્ઠી. પરમ પરમાત્મસ્વરૂપમાં ઇષ્ટ. ઠર્યા, ઠર્યા છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? ધન્ય અવતાર! એ ચારિત્રદશાના ભાવ, ધન્ય વસ્તુ! પ્રાપ્ત કરે એ તો ધન્ય! ધન્ય!! અને ધન્ય છે!!! કહે છે. આહાહા..! સમજાણું? પણ પહેલી એણે શ્રદ્ધા તો કરવી પડશે. આહા..! 'નવનીતભાઈ'! આ તો શાસ્ત્ર એવું આવે ત્યારે પછી કાંઈ સંતાડાય?

**'નગ્નપના હી મોક્ષમાર્ગ હૈ, શેષ સબ લિંગ ઉન્માર્ગ હૈ.'** બધા કુમાર્ગ છે. ઉન્માર્ગ છે. વસ્ત્રસહિત (જે) શાસ્ત્રો મુનિપણું માન, મનાવે, એ શાસ્ત્ર પણ ઉન્માર્ગના છે, એ સાધુ ઉન્માર્ગે છે. આવો ભગવાન પરમાત્માએ કહેલો માર્ગ છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. વીસ તીર્થંકર, લાખો કેવળીઓ. એમની પાસે આ 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. સંવત ૪૯માં. બે હજાર વર્ષ પહેલાં. ત્યાંથી આવીને આ શાસ્ત્રો રચ્યાં. ભગવાન પાસે આઠ દિ' રહ્યા હતા. ત્યાં તો ધોખ માર્ગ, નિર્ગ્રંથનો માર્ગ, પરમાત્માનો ત્યાં ચાલે છે. કેવળજ્ઞાન પામીને મોક્ષ જનારા મહાવિદેહમાં મોજૂદ છે ભગવાન હજી તો. પાંચસો ધનુષનો દેહ છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ ચાલ્યા જાય. સમજ્યાને! એવું ભગવાનનું કરોડ પૂર્વનું આયુષ્ય છે. પરમાત્મા અત્યારે બિરાજે છે, અરિહંત પદે છે. ભગવાન

'મહાવીર' આદિ તો સિદ્ધપદે થઈ ગયા. હવે શરીર નથી તો સિદ્ધ થઈ ગયા. અશરીરી. અરિહંતને હજી શરીર હોય. આઠ કર્મમાં ચાર કર્મ બાળ્યા હોય છે અને ચાર કર્મ બાકી હોય છે. સમજાણું કાંઈ? ભગવાન મહાવિદેહમાં મનુષ્યપણે અરિહંત પદે બિરાજે છે. આવતી ચોવીસીમાં તેરમા તીર્થંકરને કાળે મોક્ષ જશે. ગયા તીર્થંકરમાં વીસમા તીર્થંકરના વારે મુનિપણું લીધું. પછી મુનિ કેવળી થયા. સમજાણું કાંઈ? એટલું આયુષ્ય લાંબુ છે. એની પાસે ગયા હતા અને એ વાણી આ લઈને આવ્યા છે. સમજાણું કાંઈ? કહે છે,... 'શ્રીમદ્' પણ કહ્યું એમાં. એને કોણ માને? વાંધા ઉઠે પાછા.

મુમુક્ષુ :- નગ્નભાવ, મૂંડ ભાવ..

ઉત્તર :- નગ્નભાવ એ ભાવ ઠરાવ્યો. મૂંડ ભાવ એટલે ભાવ. વસ્ત્ર રહિત ક્યાં થયું એમાં? એમ ન ચાલે. નગ્નભાવ, મૂંડભાવ. એ લોકો તર્ક કરે છે ને. બાકી એમાં તો 'અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો' એ તો આ અઠ્યાવીસ મૂળગુણનો શબ્દ છે. સત્યાવીસમાં અદંતધોવન શબ્દ આવતો નથી. અદંતધોવન શબ્દ મૂળગુણમાં છે. સમજાણું કાંઈ?

**નગ્નભાવ મૂંડભાવ સહ અસ્નાનતા**
**અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,**

નગ્નભાવ મૂંડભાવ... ભાવ તો અંદર નગ્ન અને બાહ્ય નગ્ન, બેય. એ તો પહેલામાં ન આવ્યું? બાહ્યાંતર નિર્ગ્રંથમાં? દ્રવ્યે, ભાવે સંયમ. બાહ્યાંતર નિર્ગ્રંથ. પછી આવે છે ને? દ્રવ્ય ભાવે સંયમ. દ્રવ્ય ભાવ સંયમમય. ઇ. પેલામાં બાહ્ય અભ્યંતર. દ્રવ્ય, ભાવ સંયમમય નિર્ગ્રંથ. એકલો શરીર સિવાય કાંઈ ન હોય. શરીર તો આયુષ્ય હોય ત્યાં સુધી છોડ્યા જાય નહિ. આહાહા..! દશા, સંતોની દશા, ચારિત્રની દશા, બાપા! પરમેશ્વરમાં રહ્યા છે. પરમેશ્વરના પગલે પડ્યા ઇ પરમેશ્વર થવાના. માર્ગ એના જુદાં છે, ભાઈ! એ સિવાય આ કલ્પિત બનાવીને જે તેને મૂંડીને સાધુ, સાધ્વી માને છે, કહે છે એ બધા વીતરાગમાર્ગથી ઉન્માર્ગ છે. આજ માને, કાલ માને, પછી માને આ માન્યે છૂટકો છે. સમજાણું કાંઈ? એ માન્યા વિના મિથ્યાદર્શન એનું છૂટશે નહિ. આહાહા..!

સોળ વર્ષે આવું વંચાય છે, હોં! 'સમયસાર' ને 'પ્રવચનસાર' (વંચાય છે). લોકો જાણે તો ખરા ને, ભાઈ! એટલી ખબર નથી આ પરિવર્તન કરીને બેઠા છીએ તે શું કરવા? કાંઈ કારણ હશે કે નહિ? વીતરાગનો માર્ગ અનાદિનો દિગંબર જૈનદર્શન દિગંબર છે. એમાંથી શ્વેતાંબર ૯૦૦ વર્ષે નીકળ્યા. મૂર્તિપૂજક શ્વેતાંબર, એમાંથી સ્થાનકવાસી ૫૦૦ વર્ષ પહેલા નીકળ્યા. એમાંથી એ નીકળ્યા છે. અનાદિનો માર્ગ નથી બેય. એમાંથી આ તેરાપંથી તુલસી નીકળ્યા. દયાને પાપ માને, પરની દયા પાળવી પણ (પાપ માને). એમાંથી ૨૦૦ વર્ષ પહેલા નીકળેલા. અનાદિ વીતરાગનો માર્ગ દિગંબર માર્ગ છે. સનાતન. દાંડી પીટીને કહેવાની વાત છે. સમજાણું કાંઈ? એ માર્ગમાં આવ્યા વિના કોઈની મુક્તિ છે નહિ. એય..! એને તો હજી બહારનું હતું. તમારું તો. દેશસેવા ને... દેશસેવા ધૂળમાંય કરતો નથી. દેશસેવા કરીએ તો અમારું (કલ્યાણ થાય). ધૂળેય નથી. કોણ કરતો હતો? આ શરીરનું કરી શકે નહિ. આ તો માટી છે. આ તો પુદ્‌ગલ છે. એ જડની અવસ્થા જડથી થાય, શું

આત્માથી થાય? કો'કની સેવા કરીએ દઈએ એટલે પછી લાભ મળે ને મોઢા આગળ પરાય. અનાદિથી એમ ચાલે છે. એ વસ્તુ કાંઈ નવી નથી. પછી ક્યાંક માને તો ખરો ને.

બાપુ! માર્ગ તો સર્વજ્ઞ પરમેશ્વર કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આ કહ્યું છે તે શરણ છે. એ સિવાય કોઈ બીજું શરણ છે નહિ. સમજાણું કાંઈ?

**'શેષ સબ લિંગ ઉન્માર્ગ હૈ.'** ભાવાર્થ કરે ત્યારે ચોખ્ખું તો કરવું પડે ને.

**ભાવાર્થ :- 'શ્વેતાંબર આદિ વસ્ત્રપાત્રકે ભી મોક્ષ હોના કહતે હૈં વહ મિથ્યા હૈ, યહ જિનમત નહીં હૈ.'** વીતરાગનો મત, વીતરાગનો માર્ગ નથી. એ.. 'હીરાભાઈ'! તમે તો દેરાવાસી હતા, નહિ? શ્વેતાંબર. દેરાવાસી શ્વેતાંબર. આના કાંઈક સ્થાનકવાસી હતા. દિગંબર વળી કો'ક આવા. આ શ્વેતાંબર છે, આ સ્થાનકવાસી છે. આપણા 'નવનીતભાઈ' દિગંબરમાં પહેલેથી જન્મેલા. અમારે 'જાદવજીભાઈ' ને બધા સ્થાનકવાસી. સ્થાનકવાસી જ ઝાઝા. આ સ્થાનક તો આત્મા, એના વાસી થાવું એનું નામ સ્થાનકવાસી છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પાઠમાં છે એટલે ખુલાસો તો કરવો પડે ને. બીજું શું થાય? શ્વેતાંબર દેરાવાસી કે સ્થાનકવાસી કે તેરાપંથી, ત્રણે વસ્ત્રધારીને મોક્ષ થવો કહે છે એ મિથ્યાદષ્ટિ છે. એ જિનમત-વીતરાગની આજ્ઞાનો માર્ગ નથી. ભારે ભાઈ આ તો.

---

आगे, स्त्रियोंको दीक्षा नहीं है इसका कारण कहते हैं :-

## ગાથા-૨૪

**लिंगम्मि य इत्थीणं, थणंतरे णाहिकक्खदेसेसु।**
**भणिओ सुहुमो काओ, तासिं कह होइ पव्वज्जा।।२४।।**

लिंगे च स्त्रीणां स्तनांतरे नाभिकक्षदेशेषु।
भणितः सूक्ष्मः कायः तासां कथं भवति प्रवज्या।।२४।।

**સ્ત્રીને સ્તનોની પાસ, કક્ષે યોનિમાં, નાભિ વિષે,**
**બહુ સૂક્ષ્મ જીવ કહેલ છે; ક્યમ હોય દીક્ષા તેમને? ૨૪.**

**अर्थ :- स्त्रियोंके लिंग अर्थात् योनिमें, स्तनांतर अर्थात् दोनों कुचोंके मध्यप्रदेशमें तथा कक्ष अर्थात् दोनों कांखोमें, नाभिमें सूक्ष्मकाय अर्थात् दृष्टि के अगोचर जीव कहे हैं, अतः इसप्रकार स्त्रियोंके [१]प्रवज्या अर्थात् दीक्षा कैसे हो ?**

**भावार्थ :- स्त्रियोंके योनि, स्तन, कांख, नाभिमें पंचेन्द्रिय जीवोंकी उत्पत्ति निरंतर कही है, इनके महाव्रतरूप दीक्षा कैसे हो ? महाव्रत कहे हैं वह उपचारसे कहे हैं, परमार्थ से नहीं है, स्त्री अपने सामर्थ्यकी हद को पहुँचकर व्रत धारण करती है इस अपेक्षासे उपचारसे महाव्रत कहे हैं।।२४।।**

---

१. पाठान्तर - प्रव्रज्या।

## ગાથા-૨૪ ઉપર પ્રવચન

**'આગે, સ્ત્રીયોંકો દીક્ષા નહીં હૈ ઇસકા કારણ કહતે હૈં.'** સ્ત્રીને દીક્ષા ન હોય. ભગવાનના માર્ગમાં એને સાધ્વીપણું આવે નહિ. સ્ત્રીને બહુ તો પંચમ ગુણસ્થાન આવે. અનાદિનો માર્ગ છે આ. આ બધા સાધ્વી નામ ધરાવે છે. છઠ્ઠે ગુણસ્થાને અમે છીએ. બધા મિથ્યાદષ્ટિ મિથ્યાત્વના સેવનાર છે. સમજાણું કાંઈ? માર્ગ આવો છે, બાપા! સાચું તો આ છે. કડક લાગે કે બીજું લાગે, માર્ગ તો બાપા, આવો છે, ભાઈ! શું કહે છે? જુઓ! સ્ત્રીને દીક્ષા ન હોય. સાધ્વીપણું એને હોઈ શકે નહિ.

**लिंगम्मि य इत्थीणं, थणंतरे णाहिकक्खदेसेसु।**

**भणिओ सुहुमो काओ, तासिं कह होइ पव्वज्जा।।२४।।**

અહો...! દેહ જડ માટીનો. સ્ત્રીના લિંગ ચિહ્ન માટીના, પુદ્‌ગલના. એ લિંગમાં, **'યોનિમેં, સ્તનાંતર...'** સ્તનના આંતરમાં અંતર. **'અર્થાત્ દોનોં કુચોંકે મધ્યપ્રદેશમેં...'** સ્તન. **'કક્ષ અર્થાત્ દોનોં કાંખોમેં,...'** કાંખમાં. **'નાભિમેં સૂક્ષ્મકાય અર્થાત્ દષ્ટિકે અગોચર જીવ કહે હૈં,...'** ઓહો..! જીવોં ઉત્પન્ન (થાય છે). જ્યાં ચીકાશ હોય છે ત્યાં બધા પંચેન્દ્રિય જીવ ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મ પંચેન્દ્રિય સંમૂર્છન જીવ. એની એ દયા પાળી શકે નહિ. એટલી હિંસા થાય માટે એને મુનિપણું હોઈ શકે નહિ. આહાહા..! **'ઇસપ્રકાર સ્ત્રિયોંકે પ્રવજ્યા અર્થાત્ દીક્ષા કૈસે હો?'** દીક્ષા એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સ્ત્રી. જેનું શરીર સ્ત્રી છે. એને દીક્ષા ત્રણકાળમાં જૈનદર્શનમાં હોઈ શકે નહિ. અત્યારે જે માને છે એ બધા મિથ્યાદષ્ટિ ગૃહીત મિથ્યાત્વ છે. 'નવનીતભાઈ'! ... બાળ બ્રહ્મચારી દીક્ષા ને આ દીક્ષા. હજી તો સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, દીક્ષા ક્યાંથી આવી? સમજાણું કાંઈ? આહા..! ભારે માર્ગ.

'ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા' ભગવાનની આજ્ઞા આકરી છે. 'ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા' વીતરાગની આજ્ઞા છે કે સ્ત્રીઓને દીક્ષીતપણું, ત્રણકાળમાં સાધુપદ હોઈ શકે નહિ. જે કંઈ સ્ત્રીને સાધુપદ શાસ્ત્રે મનાવ્યું છે એ શાસ્ત્ર પણ જૂઠા છે અને એ સાધુપદ માને છે એ પણ જૂઠા અને મિથ્યાદષ્ટિ છે. 'જાદવજીભાઈ'! છાશ લેવા જાય ને પછી દોણી સંતાડે? નથી કહેતા? છાશ લેવા જાવું હોય ને. દસ શેર છાશ જોઈતી હોય તો બે શેર લોટો લઈને જાતો હોય અને દસ શેર જોઈતી હોય તો મોઢા આગળ બોઘડુ મૂકે. લ્યો, આ બોઘડામાં દસ શેર છાશ જોઈએ છે. એ કાંઈ સંતાડીને રાખે? દરરોજ બે શેર (લેવી હોય તો) કળશો લઈને જાય. ઘરે મહેમાન આવ્યા. કઢી કરવી હોય. બોઘડુ મોઢા આગળ મૂકે. ઇ સંતાડી ન રાખે. એમ અહીં ભગવાન કહે છે, માર્ગ કાંઈ સંતાડી ન રાખે. માર્ગ ઉઘાડો મૂકે. માર્ગ આવો છે. બેસે, ન બેસે, સ્વતંત્ર જીવ છે. આકરું કામ, બહુ આકરું કામ.

મુમુક્ષુ :-

ઉત્તર :- હા. એ. તમારે કાંઈક હશે.

મુમુક્ષુ :- છાશ લેવા જાવું ને દોણી સંતાડવી?

ઉત્તર :- હા, ઇ. દોણી સંતાડવી નહિ. અમારે (એમ કહેવાય છે), છાશ લેવા જાવું હોય તો દોણી સંતાડવી નહિ. ઇ કહેવત છે આપણે. નાની ઉંમરમાંથી સાંભળેલી.

કહે છે, સ્ત્રીને સાધુપદ કેમ ન હોય? ભગવાન કેવળીએ સ્ત્રીના અવયવો જે આંતરા પડે, જેમાં ઢંકાઈને રહે, એ ચીકાશમાં ઘણા જીવો ઉત્પન્ન થાય છે. એનો સંહાર થાય છે ત્યાં. આહાહા..! એને દીક્ષા કેમ હોય? એને દીક્ષા માનવી અને જેણે મનાવી, એ બધા મિથ્યા શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિના કરેલાં છે. વાત ભારે, ભાઈ! માર્ગ આવો છે, ભાઈ! વીતરાગના આજ્ઞાના કથનો આવા છે. 'શાંતિભાઈ'! ભારે માર્ગ, ભાઈ! ઇ બહારથી પાછા માને ને અંતરના ભાન ન હોય, એ કંઈ શ્રાવક નથી. બહારથી માને કે અમે માનીએ છીએ. પણ અંતર રાગ રહિત આત્મા કોણ છે, એનું સમ્યગ્દર્શન નથી એ પણ ધર્મી નથી.

અહીં તો ધર્મીજીવને આવા માર્ગમાં આવા માનવા લાયક હોય તો આવા હોય છે. સમજાણું કાંઈ? સૂત્ર છે ને આ? આ સૂત્રપાહુડ છે ને? સૂત્ર નામ સિદ્ધાંત. ભગવાનની વાણીમાં આવેલા એ શાસ્ત્રો. એમાં આ કહેલું છે. ભગવાનને નામે ચડાવ્યા છે, તે વિના ખપે નહિ, ચાલે નહિ. આહા..! માલ લેવા જાય ને તોપણ પહેલા માલ ન લઈ ગયો હોય, પાંચ હજાર નાળિયેર ફલાણો લઈ ગયો. નામામાં મોઢા આગળ મૂકે. એટલે બીજા પછી સડેડાટ લેવા માંડે. થોડા ભાવ વધાર્યો હોય ને. મેથીના કોથળા પાંચસો, હજાર છે. જુઓ! પચીસ કોથળા ફલાણા શેઠ આ ભાવે લઈ ગયા છે. હોય ખોટેખોટું, હોં! નામું બતાવે. હા, શેઠ લઈ ગયા લાગે છે. ઇ ભાવે અમને આપો. દસ કોથળા આપો. આ બધું થયેલું છે, હોં! આ તો જોયેલું છે. મોટાના નામે ચડાવે. કોઈ લઈ ન ગયો હોય, હોં! 'માણેકલાલ'! થાય કે નહિ એમ? થાય છે, મને ખબર છે, ત્યાં 'પાલેજ'માં. નામ પહેલું ખોટું બતાવે, ભાવ કંઈક વધાર્યો હોય. મોટાના નામે કહે તો ... પાંચસો કોથળા છે. પચીસ ત્યાં લઈ ગયા છે. આ ભાવ છે. એમ ભગવાનને નામે ચડાવે એટલે બિચારા લેવા માંડ્યા. સડેડાટ. એ.. 'સુજાનમલજી'!

**ભાવાર્થ :- 'સ્ત્રિયોંકે યોનિ, સ્તન, કાંખ, નાભિમેં પંચેન્દ્રિય જીવોંકી ઉત્પત્તિ નિરંતર કહી હૈ, ઇનકે મહાવ્રતરૂપ દીક્ષા કૈસે હો? મહાવ્રત કહે હૈં વહ ઉપચારસે કહે હૈં...'** અર્જિકાને મહાવ્રત હોય છે. ઇ ઉપચાર છે, વ્યવહારથી. છેલ્લામાં છેલ્લી સ્થિતિમાં એવું લઈ લીધું (હોય). **'પરમાર્થ સે નહીં હૈ, સ્ત્રી અપને સામર્થ્યકી હદ કો પહુંચકર વ્રત ધારણ કરતી હૈ ઇસ અપેક્ષાસે ઉપચારસે મહાવ્રત કહે હૈં.'** અર્જિકા હોય છે, એક લૂગડું રાખે. પંચમહાવ્રતનો એને ઉપચાર હોય. સાચા મહાવ્રત હોઈ શકે નહિ. એવો વીતરાગ માર્ગમાં સાચી શ્રદ્ધાના વિષયો તરીકે આવા મુનિ અને આવી અર્જિકાને ગણવામાં આવ્યા છે. વિશેષ કહેશું... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं कि यदि स्त्री भी दर्शनसे शुद्ध हो तो पापरहित है, भली है :-

## ગાથા-૨૫

जइ दंसणेण सुद्धा, उत्ता मग्गेण सावि संजुत्ता।
घोरं चरिय चरित्तं, इत्थीसु ण पेव्वया भणिया।।२५।।

यदि दर्शनेन शुद्धा उक्ता मार्गेण सापि संयुक्ता।
घोरं चरित्वा चरित्रं स्त्रीषु न पापका भणिता।।२५।।

જો હોય દર્શનશુદ્ધ તો તેનેય માર્ગયુતા કહી;
છો ચરણ ઘોર ચરે છતાં સ્ત્રીને નથી દીક્ષા કહી. ૨૫.

अर्थ :- स्त्रियोंमें जो स्त्री दर्शन अर्थात् यथार्थ जिनमतकी श्रद्धासे शुद्ध है वह भी मार्गसे संयुक्त कही गई है। जो घोर चारित्र, तीव्र तपश्चरणादिक आचरणसे पापरहित होती है इसलिये उसे उपयुक्त नहीं कहते हैं।

भावार्थ :- स्त्रियोंमें जो स्त्री सम्यक्त्व सहित हो और तपश्चरण करे तो पापरहित होकर स्वर्गको प्राप्त हो इसलिये प्रशंसा योग्य है परन्तु स्त्रीपर्यायसे मोक्ष नहीं है।।२५।।

### પ્રવચન નં. ૩૪ ગાથા-૨૫થી ૨૭, સોમવાર, અષાઢ સુદ ૯, તા. ૧૩-૦૭-૧૯૭૦

'સૂત્રપાહુડ' **'આગે કહતે હૈં કિ યદિ સ્ત્રી ભી દર્શનસે શુદ્ધ હો તો પાપરહિત હૈ, ભલી હૈ.'** અહીં એમ સિદ્ધ કરવું છે, સ્ત્રીનો જેને દેહ છે એને સાધુપદ અને કેવળજ્ઞાન હોઈ શકતું નથી. એવું સૂત્ર, સિદ્ધાંત-ભગવાનના આગમમાં એવી વાણી છે. આ સૂત્રપાહુડ છે ને? ભગવાનના કહેલા આગમ, શાસ્ત્ર, સિદ્ધાંત, સૂત્રમાં સ્ત્રીને દીક્ષીત, સાધુપદ અને મુનિ કેવળજ્ઞાન કહ્યું નથી, એને હોઈ શકતું નથી. એને પંચમ ગુણસ્થાનની યોગ્યતા હોય. એ કહે છે.

जइ दंसणेण सुद्धा, उत्ता मग्गेण सावि संजुत्ता।
घोरं चरिय चरित्तं, इत्थीसु ण पेव्वया भणिया।।२५।।

અર્થ :- **'સ્ત્રિયોંમેં જો સ્ત્રી દર્શન અર્થાત્ યથાર્થ જિનમતકી શ્રદ્ધાસે શુદ્ધ હૈ...'** વીતરાગનો માર્ગ જે આત્મદર્શન, એની એને શુદ્ધિ હોય, સમ્યગ્દર્શનથી શુદ્ધિ હોય. સ્ત્રીને પણ સમ્યગ્દર્શન થઈ શકે છે. એ જિનમત એટલે વીતરાગનો અભિપ્રાય, જે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની ખાણ, નિધાન (છે), એનું જેને અંતરમાં ભાન થઈને સમકિત હોય તે **'શુદ્ધ હૈ, વહ ભી માર્ગસે સંયુક્ત કહી ગઈ હૈ.'** એ પણ માર્ગમાં છે. ભલે મુક્તિ ન થાય, છે માર્ગમાં. વીતરાગ માર્ગની અંદર એને પણ

સ્ત્રીને માર્ગમાં ગણવામાં આવી છે.

**'જો ઘોર ચારિત્ર, તીવ્ર તપશ્ચરણાદિક...'** કરે. અર્જિકા થઈને આકરી તપસ્યા કરે. ચારિત્ર મહાવ્રત ઉપચારે પાળે. તોપણ **'પાપરહિત હોતી હૈ ઇસલિયે ઉસે પાપયુક્ત નહીં કહતે હૈં.'** એને પાપ સહિત કહેવાય નહિ. મૂળ તો એમ કહેવું છે કે આવું કરે તોપણ એ સ્વર્ગમાં જઈ શકે છે. સમ્યગ્દર્શન સહિત હોય, આત્મજ્ઞાન સહિત (હોય) અને ઘોર તપસ્યા અને ચારિત્ર જે એને યોગ્ય ક્રિયા હોય, તોપણ એ મરીને સ્વર્ગમાં જાય. એને મુક્તિ થાય નહિ. એવું વીતરાગના સિદ્ધાંતમાં અનાદિથી ચાલ્યું આવે છે.

ભાવાર્થ :- **'સ્ત્રિયોંમેં જો સ્ત્રી સમ્યક્ત્વ સહિત હો...'** નીચે (અર્થ) કર્યો છે. **'પાવયા'** નો અર્થ કર્યો છે ને. **'પ્રવ્રજ્યા'** ન હોય. એમ. છે, આવે છે. ગમે એવી સ્ત્રી સમકિત સહિત હોય અને અર્જિકા થાય તોપણ એને પ્રવ્રજ્યા-સાધુપદ ન હોઈ શકે. સમજાણું કાંઈ? એવો અનાદિ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના આગમમાં આ હુકમ છે. શ્વેતાંબરોએ કલ્પિત શાસ્ત્રોમાં સ્ત્રીને સાધુપદ અને કેવળજ્ઞાન ઠરાવ્યું છે. એ કલ્પિત છે. એ વીતરાગના સિદ્ધાંત અને શાસ્ત્ર નથી. લાગે એવું આકરું, સંપ્રદાયના માણસોને ધક્કો લાગે. સત્ય તો સત્ય જ રહે. સત્ય કાંઈ બીજી રીતે થઈ જાય?

**'સ્ત્રિયોંમેં જો સ્ત્રી સમ્યક્ત્વ સહિત હો ઔર તપશ્ચરણ કરે તો પાપરહિત હોકર સ્વર્ગકો પ્રાપ્ત હો...'** એવું કરે તો એ સ્વર્ગમાં જાય. **'ઇસલિયે પ્રશંસા યોગ્ય હૈ પરંતુ સ્ત્રીપર્યાયમેં મોક્ષ નહીં હૈ.'** શ્વેતાંબર જે કહે છે ને? મરુદેવીને મોક્ષ. ફલાણી સીતાજીને મોક્ષ, દ્રૌપદીને... એ બધી વાત ખોટી છે. કલ્પિત બનાવેલી વાત છે. ભગવાનના શાસ્ત્રમાં એ નહોતું. પોતે કલ્પિત શાસ્ત્ર બનાવ્યા એમાં એ બધું લખ્યું. લોકોને બિચારાને ખબર ન મળે. જે સંપ્રદાયમાં જન્મ્યા એમાં એ માને. માર્ગ એ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

---

आगे कहते हैं कि स्त्रियोंके ध्यानकी सिद्धि भी नहीं है :-

## ગાથા-૨૬

चित्तासोहि ण तेसिं, ढिल्लं भावं तहा सहावेण।
विज्जदि मासा तेसिं, इत्थीसु ण संकया झाणा।।२६।।

चित्ताशोधि न तेषां शिथिलः भावः तथा स्वभावेन।
विद्यते मासा तेषां स्त्रीषु न शंकया ध्यानम्।।२६।।

મનશુદ્ધિ પૂરી ન નારીને, પરિણામ શિથિલ સ્વભાવથી,
વળી હોય માસિક ધર્મ, સ્ત્રીને ધ્યાન નહિ નિઃશંકથી. ૨૬.

अर्थ :- उन स्त्रियोंके चित्तकी शुद्धता नहीं है, वैसे ही स्वभावहीसे उनके ढीला भाव है,

**शिथिल परिणाम है और उनके मासा अर्थात् मास-मासमें रुधिरका स्राव विद्यमान है उसकी शंका रहती है, उससे स्त्रियोंके ध्यान नहीं है।**

**भावार्थ :- ध्यान होता है वह चित्त शुद्ध हो, दृढ़ परिणाम हो किसी तरहकी शंका न हो तब होता है, सो स्त्रियोंके तीनों ही कारण नहीं हैं तब ध्यान कैसे हो ? ध्यानके बिना केवलज्ञान कैसे उत्पन्न हो और केवलज्ञानके बिना मोक्ष नहीं है, श्वेताम्बरादिक मोक्ष कहते हैं वह मिथ्या है।।२६।।**

## ગાથા-૨૬ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં સ્ત્રિયોંકે ધ્યાનકી કી સિદ્ધ ભી નહીં હૈ.'** ધ્યાનસિદ્ધિ વિના મુનિપણું અને કેવળજ્ઞાન થઈ શકે નહિ. ધ્યાન એકાગ્ર અંદર આત્માના આનંદમાં ઘણી ઉગ્રતાથી ધ્યાન થવું એ સ્ત્રીના શરીર જેને હોય, એને એવું નિઃશંક ધ્યાન થવાની લાયકાત નથી. ચોથા-પાંચમાને યોગ્ય હોય એ હોઈ શકે. પણ જે શુક્લધ્યાનની શ્રેણી માંડીને ધ્યાન થવા લાયક છે એવું ધ્યાન એને હોઈ શકે નહિ.

**चित्तासोहि ण तेसिं, ढिल्लं भावं तहा सहावेण।**

**विज्जदि मासा तेसिं, इत्थीसु ण संकया झाणा।।२६।।**

**અર્થ :- 'ઉન સ્ત્રિયોંકે ચિત્તકી શુદ્ધતા નહીં હૈ,...'** મુનિને યોગ્ય જે ચિત્તની શુદ્ધિ જોઈએ એ એને હોઈ શકે નહિ. **'વૈસે હી સ્વભાવહી સે ઉનકે ઢીલા ભાવ હૈ,...'** પ્રમાદભાવ, શિથિલભાવ ઘણો હોય છે. **'ઔર ઉનકે માસા અર્થાત્ માસ-માસ મેં રુધિરકા સ્ત્રાવ વિદ્યમાન હૈ ઉસકી શંકા રહતી હૈ, ઉસસે સ્ત્રિયોંકે ધ્યાન નહીં હૈ.'** આનંદના ધ્યાનમાં નિઃશંકપણે થંભી જવું (એમ બનતું નથી). એવો સ્ત્રીનો દેહ હાડકાના પિંજર જેવો છે. એમાં શંકા રહ્યા કરે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'ધ્યાન હોતા હૈ વહ ચિત્ત શુદ્ધ હો,...'** ધ્યાન હોય, ચિત્ત શુદ્ધ નિર્મળ હોય એટલે વસ્ત્ર રહિત આદિના પરિણામ હોય. **'દૃઢ પરિણામ હો...'** જામી ગયેલા અંદરમાં પરિણામ હોય. **'કિસી તરહકી શંકા ન હો...'** ત્રણ બોલ (છે). ત્યારે ધ્યાન-અંદરમાં એકાગ્ર થાય. **'તો સ્ત્રિયોંકે તીનોં હી કારણ નહીં હૈ તબ ધ્યાન કૈસે હો?'** કેવળજ્ઞાન પામવાનું ધ્યાન એને હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'ધ્યાનકે બિના કેવલજ્ઞાન કૈસે ઉત્પન્ન હો ઔર કેવલજ્ઞાનકે બિના મોક્ષ નહીં હૈ, શ્વેતાંબરાદિક મોક્ષ કહતે હૈં વહ મિથ્યા હૈ.'** શ્વેતાંબર સ્થાનકવાસી, દેરાવાસી, તેરાપંથી સ્ત્રીને સાધુપદ કહે છે અને સ્ત્રી મોક્ષ ગયા કહે છે, એ તદ્દન મિથ્યા વાત છે, જૂઠી વાત છે. વીતરાગના માર્ગની એ વાત છે નહિ. આવો માર્ગ ચાલતો હશે? લાખો માણસ. દસ-દસ, વીસ-વીસ લાખ માણસો (હોય). માણસ તો ગાડરિયાનો પ્રવાહ છે. ભાન ન મળે તો ચાલે બધું, એમાં શું છે?

શ્વેતાંબરે શાસ્ત્રો નવા બનાવ્યા, કલ્પિત. ભગવાન પછી. અને એના એ કલ્પિત શાસ્ત્રો સ્થાનકવાસીએ માન્ય રાખ્યા, એના એ કલ્પિત શાસ્ત્રો તેરાપંથીએ માન્ય રાખ્યા. એ શાસ્ત્રમાં સ્ત્રીને સાધુપદ, મુક્તિ કહેવામાં આવી છે. એ બધી કલ્પિત જૂઠી વાત છે. વીતરાગ માર્ગથી તદ્દન વિરોધ. સત્યથી વેગળી વાત છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- અંદર એકાગ્રતા, લીનતા, અંદરમાં જામી જાવું. મજબૂત સંઘયણ સ્ત્રીના શરીરમાં એ હોઈ શકે નહિ. ઢીલું શરીર (હોય).

---

आगे सूत्रपाहुडको समाप्त करते हैं, सामान्यरूपसे सुखका कारण कहते हैं:-

## ગાથા-૨૭

**गाहेण अप्पगाहा, समुद्दसलिले सचेलअत्थेण।**
**इच्छा जाहु णियत्ता, ताह णियत्ताइं सव्वदुक्खाइं।।२७।।**

ग्राह्येण अल्पग्राह्याः समुद्रसलिले स्वचेलार्थेन।
इच्छा येभ्यः निवृत्ताः तेषां निवृत्तानि सर्वदुःखानि।।२७।।

પટશુદ્ધિમાત્ર સમુદ્રજલવત્ ગ્રાહ્ય પણ અલ્પ જ ગ્રહે,
ઇચ્છા નિવર્તી જેમને, દુખ સૌ નિવર્ત્યાં તેમને. ૨૭.

अर्थ :- जो मुनि ग्राह्य अर्थात् ग्रहण करने योग्य वस्तु आहार आदिकसे तो अल्पग्राह्य हैं, थोडा ग्रहण करते हैं, जैसे कोई पुरुष बहुत जलसे भरे हुए समुद्रमेंसे अपने वस्त्रको धोनेके लिये वस्त्र धोनेमात्र जल ग्रहण करता है, और जिन मुनियोंके इच्छा निवृत्त हो गई उनके सब दुःख निवृत्त हो गये।

भावार्थ :- जगतमें यह प्रसिद्ध है कि जिनके संतोष है वे सुखी हैं, इस न्यायसे यह सिद्ध हुआ कि जिन मुनियोंके इच्छाकी निवृत्ति हो गई है, उनके संसारके विषयसंबंधी इच्छा किंचित् मात्र भी नहीं है, देहसे भी विरक्त हैं इसलिये परम संतोषी है, और आहारादि कुछ ग्रहण योग्य हैं उनमेंसे भी अल्पको ग्रहण करते हैं इसलिये वे परम संतोषी हैं, वे परम सुखी हैं, यह जिनसूत्रके श्रद्धानका फल है, अन्य सूत्रमें यथार्थ निवृत्तिका प्ररूपण नहीं है, इसलिये कल्याणके सुखको चाहनेवालोंको जिनसूत्रका निरंतर सेवन करना योग्य है।।२७।।

ऐसे सूत्रपाहुडको पूर्ण किया।

## ગાથા-૨૭ ઉપર પ્રવચન

**'આગે સૂત્રપાહુડકો સમાપ્ત કરતે હૈં,...'** છેલ્લી ગાથા કહીને પૂરું કરે છે. સૂત્રપાહુડ એટલે ભગવાનના કહેલા સિદ્ધાંતને અહીં સૂત્ર કહે છે. તેથી 'કુંદકુંદાચાર્યદેવે' એવા સૂત્ર સિવાય બીજા કલ્પિત સૂત્રના નામ આપ્યા, 'આચારાંગ' ને 'સૂયગડાંગ' ને 'ઠાણાંગ' ને અગિયાર અંગના નામ આપ્યા છે ને? બધી કલ્પિત. ગણધરના નામે જગતને છેતર્યા છે, ઠગ્યું છે. ભારે કામ આકરું. એય..! 'ભીખાભાઈ'! એવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? **'સૂત્રપાહુડ સમાપ્ત કરતે હૈં, સામાન્યરૂપસે સુખ કારણ કહતે હૈં.'**

**गाहेण अप्पगाहा, समुद्दसलिले सचेलअत्थेण।**
**इच्छआ जाहु णियत्ता, ताह णियत्ताइं सव्वदुक्खाइं।।27।।**

**અર્થ :- 'જો મુનિ...'** દિગંબર મુનિ હોય છે એને અંતરમાં આનંદની ઉગ્રતાનું વેદન હોય છે. પ્રચુર સ્વસંવેદન. આત્માનું સ્વ-પોતાનું પ્રત્યક્ષ આનંદનું વેદન ઘણું હોય છે. બાહ્યમાં એની દશા તદ્દન દિગંબર માતાએ જન્મ્યા એવી હોય છે. એને **'ગ્રાહ્ય અર્થાત્ ગ્રહણ કરને યોગ્ય વસ્તુ આહાર આદિકસે તો અલ્પગ્રાહ્ય હૈ,...'** એક શરીરને નભાવવા પૂરતું આહાર-પાણી લ્યે છે. બાકી કાંઈ ગ્રહતા નથી. સમજાણું કાંઈ? દાખલો આપે છે.

**'જૈસે કોઈ પુરુષ બહુત જલસે ભરે હુએ સમુદ્રમેંસે અપને વસ્ત્રકો ધોનેકે લિયે વસ્ત્ર ધોનેમાત્ર જલ ગ્રહણ કરતા હૈ,...'** વસ્ત્રને ધોવા માત્રનું પાણી ગ્રહણ કરે. આખો દરિયો ભર્યો હોય તો બધાને પકડે? એમ મુનિ, શરીરના નભાવ માટે આહાર-પાણી થોડું ગ્રહણ કરે, બાકી બીજી કોઈ ચીજ ગ્રહણ કરે નહિ. વસ્ત્ર પાત્ર આદિ મુનિને હોઈ શકે નહિ. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? જેની આવી વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા નથી એને ગૃહીત મિથ્યાત્વ ટળ્યા વિના, અગૃહીત મિથ્યાત્વ ટળે નહિ. સમજાણું કાંઈ?

**'જિન મુનિયોંકે ઇચ્છા નિવૃત્ત હો ગઈ...'** મુનિ તો એક આહાર-પાણી લેવાની શરીરમાં ક્ષુધા હોય એટલી વૃત્તિ જરી થાય. તે પણ એને નભાવવા પૂરતું આહાર-પાણી થોડું લે, બસ. દરિયો પાણીથી ભરેલો છે. પોતાનું એક વસ્ત્ર ધોવું છે એટલું પાણી લ્યે. બાકી બધા પાણીની ઇચ્છા કરે ઇ? એમ મુનિને આટલી એક આહાર-પાણીની ઇચ્છા વર્તે છે. એ સિવાય **'ઇચ્છા નિવૃત્ત હો ગઈ હૈ...'** બધી ઇચ્છા માત્ર નિવૃત્ત થઈ ગઈ છે. એવી મુનિની દશા વીતરાગમાર્ગમાં વીતરાગી સંતોની દશા કહી છે.

**'ઉનકે સબ દુઃખ નિવૃત્ત હો ગયે.'** ઇચ્છા જ બધી ગઈ. એક આહાર અલ્પ લેવાની વૃત્તિ રહી. તો કહે છે કે ઇચ્છાથી નિવૃત્ત થયા એ સુખી છે. 'ક્યા ઇચ્છત.. ખોવત સબૈ...' આવે છે ને? 'હૈ ઇચ્છા દુઃખમૂલ.' ઇચ્છા ન મળે. ફક્ત એક આત્માનો આનંદનો અનુભવ અને શરીરને માટે પોષવાની એક આહારની વૃત્તિ.. થાય. બાકી કાંઈ ઇચ્છા નહિ. આનંદમાં સંતોષમાં સંતો ઝુલતા હોય છે. એને જૈનદર્શનમાં આચાર્ય, ઉપાધ્યાય, સાધુપદ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જગતમેં યહ પ્રસિદ્ધ હૈ...'** નથી કહેતા? સંતોષી સુખી, સદા સુખી. આત્માનો આનંદ જ્યાં પ્રગટ્યો છે, અતીન્દ્રિય આનંદના જ્યાં હડકા-સબડકા અંદરથી આવે છે. આહાહા..! ઘુંટડા, અતીન્દ્રિય આનંદનું ભાન થયું છે તો અતીન્દ્રિય આનંદના ઘુંટડા અંદરથી આવે. આહા..! દરિયો ઉછળ્યો છે અતીન્દ્રિય આનંદનો, એમ કહે છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય મહા પદાર્થ અને અતીન્દ્રિય મહા સુખ, એવું અંદર ભર્યું છે એનું સમ્યગ્દર્શન થતાં આત્માનો સ્વાદ આવે. અને આગળ મુનિ થતાં તેને ઉગ્ર આનંદનો સ્વાદ આવે. એવા આનંદના વેદનમાં કહે છે, સર્વ દુઃખથી નિવૃત્તિ થઈ ગઈ. ઇચ્છા નિવૃત્ત થઈ ગઈ. ઇચ્છા કાંઈ છે નહિ. આહાહા..!

**'જિનકે સંતોષ હૈ વે સુખી હૈં, ઇસ ન્યાયસે યહ સિદ્ધ હુઆ કિ જિન મુનિયોંકે ઇચ્છાકી નિવૃત્તિ હો ગઈ હૈ,...'** બધી ઇચ્છા નિવૃત્ત થઈ. એક અલ્પ આહાર-પાણીની વૃત્તિ. એ અમુક ચોવીસ કલાકે કે અપવાસ ન હોય ત્યારે (ઉદ્ભવે). આહાહા..! નિવૃત્ત.. નિવૃત્ત.. નિવૃત્ત.. નિવૃત્ત.. એ સુખી છે. કહો, આ બધા પૈસાવાળા અને આબરૂવાળા સુખી છે એમ નથી કહ્યું અહીં તો. ઇચ્છા દુઃખ છે. ઇચ્છા છૂટે તો આનંદ થાય. એ તો બધી ઇચ્છા છે. પૈસાની ને આબરૂની ને છોકરાની ને મકાનની...

મુમુક્ષુ :- આબરૂ પરિગ્રહમાં આવ્યો ને?

ઉત્તર :- સબ પરિગ્રહ હૈ. પરિગ્રહની ... ઇચ્છા (હોય) એ પ્રાણી દુઃખી છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- હોય એવું કહે કે દુનિયાનું ખેંચીને કહે? 'મહેન્દ્રભાઈ'નો કાગળ આવે, પિતાજી, સાહેબ. આમ છે, તેમ છે. ઇચ્છા અંદર જાય. 'બાબુભાઈ' આમ કહે છે. ઇ બધું દુઃખ છે, એમ કહે છે. 'મલૂકચંદભાઈ'! વિનયવાળા દીકરા સારા હોય. પણ દીકરો કોનો? ઇચ્છા જ દુઃખ છે, એમ અહીં તો કહે છે. આહાહા..! આ શરીર મારું એ પણ વૃત્તિ છે ઇ મિથ્યાત્વ છે, દુઃખ છે. ફક્ત એને નભાવવાની જરી વૃત્તિ થાય, છે તો એ દુઃખ, પણ એટલી તો ઇચ્છા મુનિને છઠ્ઠે રહી છે. બાકી બધી ઇચ્છાથી નિવર્ત્યા છે, એમ કહેવું છે. સુખ... સુખ... સુખ... સુખ... સુખના સાગરમાં સ્નાન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયામાં પણ નથી કહેતાં? 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા રે...' સુખિયા જગતમાં સંત. આત્મા આનંદ છે. એ આનંદ સિવાય કોઈ ભાવના જ મુનિને નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી મુનિની દશા, આનંદનું ઘુંટણ.. ઘુંટણ આનંદનું થાય છે. દૂધપાક ઘૂંટે ને? એમ આનંદ અંદર ગાઢ થાય છે. આહાહા..! એને મુનિ કહીએ. વસ્ત્ર તો નથી, પાત્ર નથી, શરીર પ્રત્યે પણ જેને મૂર્છા નથી. એવા મુનિની ઇચ્છા નિવૃત્ત થઈ છે.

**'સંસારકે વિષયસંબંધી ઇચ્છા કિંચિત્ માત્ર ભી નહીં હૈ,...'** સંસારના વિષય સંબધી તો છે જ નહિ. **'દેહસે ભી વિરક્ત હૈં,...'** લો. **'ઇસલિયે પરમ...'** પરમ. આહાહા..! જંગલમાં પડ્યા હોય. એક કોર વાઘ હોય ને એક કોર વરુ હોય ને એક કોર પોતે બેઠા હોય. આનંદ.. આનંદ.. આનંદ છે. લ્યો, એનું નામ મુનિપણું. અંદર આત્મા આનંદ ઉછળી ગયો છે. સમજાણું કાંઈ?

સમુદ્રમાં જેમ પાણીની ભરતી આવે ને? હિલોળા મારે આમ પાણી.. આવતું આવતું જાણે હમણાં નજીક આવી જશે એવું લાગે. અહીં છે ને? શું કહેવાય? 'પોરબંદર'. બે-બે માથોડા પાણી

આઘું ચાલ્યું જાય, બે-બે માથોડા મોઢા આગળ આવી જાય. ચાલતું આમ જાણે અહીં આવી જશે (એમ લાગે). અહીં તો અહીં આવી જશે એવો એને પાવર ફાટે. આવી જાય. અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે ને જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં. આહાહા..! ચોથે ગુણસ્થાને. પાંચમે વિશેષ આનંદ, છઠ્ઠે વિશેષ આનંદ, સાતમે ધ્યાનનો આનંદ (છે). આહાહા..! આ વીતરાગનો માર્ગ છે. સમજાણું કાંઈ? એ સંતોષી છે, સુખી છે.

**'આહારાદિ કુછ ગ્રહણ યોગ્ય હૈં ઉનમેંસે અલ્પ કો ગ્રહણ કરતે હૈં...'** એમ કીધું ને? અલ્પ ગ્રહણ કરે. **'ઇસલિયે વે પરમ સંતોષી હૈં, વે પરમ સુખી હૈં,...'** લ્યો. માટે પરમ સુખી છે. **'યહ જિનસૂત્રકે શ્રદ્ધાનકા ફલ હૈ,...'** દેખો! વીતરાગના સિદ્ધાંતનું શ્રદ્ધાન. વીતરાગના સિદ્ધાંત વીતરાગી આત્માની શ્રદ્ધા કરાવે છે. એ રાગથી લાભ થાય, પુણ્યથી લાભ થાય એ વીતરાગી શ્રદ્ધા નથી. એમ કહે છે. **'જિનસૂત્રકે શ્રદ્ધાનકા ફલ હૈ, અન્ય સૂત્રમેં યથાર્થ નિવૃત્તિ કા પ્રરૂપણ નહીં હૈ,...'** આવી કથની વીતરાગ સૂત્ર સિવાય, કલ્પિત સૂત્રો બનાવ્યા કે અન્યના શાસ્ત્રમાં એ વાત હોતી નથી. સમજાણું કાંઈ? છે ને? **'અન્ય સૂત્રમેં યથાર્થ નિવૃત્તિ કા પ્રરૂપણ નહીં હૈ,...'**

મુમુક્ષુ :- સૂત્રોની વાત કરી.

ઉત્તર :- હા. વસ્ત્ર ત્રણ ખપે ને આટલા ચાર ખપે ને એ ધોવા ને જૂં પડે. ચૌદ ઉપકરણ. પેલાએ તો ૧૧૧ લીધા છે. અને જૂં પડે સેંકડો, હોં! સેંકડોં જૂં. એને રાખે શરીર ઉપર મૂકે સવાર, સાંજ. વળી પાછું પેલામાં-લૂગડાંમાં લઈ લ્યે. બહુ જૂં પડે. 'દામોદર શેઠ' પણ એક ફેરી એવું કરતા. ગૃહસ્થ હતા. પણ ફોવા હોય ને? ફોવા. ફોવામાં એટલી જૂં પડી કે એક ફેરી હજારો પડી હતી. ધોતિયામાં રાખે. એક વાર શરીરને આમ રાખે. પીવે લોહી. બહાર જાય તો એક જણાને સોંપે, કોઈ નોકર (હોય એને). આહાહા..! આમ ઓઢે, પેલી જૂં હોય ઇ ચોંટે ને લોહી પી જાય. કહો. એવું થયું હતું. 'દામનગર'. એવી લાઈન ચડી ગઈ. પોતે છઠ્ઠ કરતા હતા. એનો મેલ, પરસેવો ને દરરોજ ન્હાતા એમાં હજારો જૂં પડી ગઈ. દરરોજ લૂગડું શરીરને અડાડે. એટલે લોહી પી લે. એકાદ વાર, પા કલાક. સાધુઓ કરતા. અમે પણ બધું કરતાં. આ જૂં પડે, નાખે ક્યાં? બહાર જાય તો મરી જાય. શીશીમાં રાખે, ન્યાં મૂકે. દસ-વીસ હોય પછી લઈ લે. ચોવીસ કલાકે. સવાર-સાંજ બે વાર. સમજાણું? પહેલો એક રિવાજ હતો ને? લૂગડાં પહેરવા ને જૂં પડ્યા વિના રહે નહિ. ત્યારે કરવું શું? કાંઈ જૂં નાખી દેવાય નહિ.

**'અન્ય સૂત્રમેં યથાર્થ નિવૃત્તિકા...'** જેને કાંઈ કટકો પણ ન મળે, જૂં શેનો પડે? સમજાણું કાંઈ? પાત્રા ન મળે. ધોવાને માટે વખત ક્યાં ન્યાં? રંગરોગાન દેવા ને આ કરવા ને... આહાહા..! પ્રવૃત્તિ ઘણી, કહે છે. આ તો નિવૃત્તિનો માર્ગ ભગવાને કહ્યો છે. આહા..! **'ઇસલિયે કલ્યાણકે સુખકો ચાહનેવાલોંકો જિનસૂત્રકા નિરંતર સેવન કરના યોગ્ય હૈ.'** ભગવાને વીતરાગે જે સિદ્ધાંત સૂત્રો કહ્યાં એની સેવા કરવા લાયક છે. એ કહે છે તે માનવા લાયક છે. એનામાં.. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાનથી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટી ગઈ. અનંતાનુબંધીનો કષાય ટળી ગયો. ભગવાનના માર્ગમાં આવું આ આવે. એ સિવાય બીજે સમકિત-બમકિત થાય નહિ. અન્ય સૂત્રને

માનનારા, અન્ય સૂત્રમાં વિરોધ કરે અને એને માને એને સમકિત થાય નહિ. મિથ્યાદષ્ટિનું પોષણ થાય, એમ કહે છે.

**'કલ્યાણકે સુખકો ચાહનેવાલોંકો જિનસૂત્રકા નિરંતર સેવન કરના યોગ્ય હૈ.'** ભગવાને કહેલા શાસ્ત્રો, એને સાંભળવા, વિચારવા, મનન કરવા, શ્રદ્ધા કરવી અને સ્વરૂપમાં ઠરવા માટે ચારિત્રનો પ્રયત્ન કરવો. એ માર્ગ છે આ. દુનિયા સાથે ક્યાંય મેળ ખાશે નહિ. એમ કહે છે. અતડા થઈ જવું હોય એકલા (એને માટે આ માર્ગ છે).

ભાઈનો છોકરો કહેતો હતો ને? 'દિલીપ'. 'દિલીપ' તમારો. તમારા છોકરાને એના બાપે પૂછ્યું હતું. ઓળખો છો? હમણાં અહીં નહોતા? હમણાં ગયો. હમણાં તમે આવ્યા પહેલાં. દોઢ મહિનો રહ્યો. એનો બાપ કહે, અગિયાર વર્ષ પૂરા થયા, બારમું બેઠું. એમના દીકરાનો દીકરો. એના બાપે પૂછ્યું, 'દિલીપ'! આ મહારાજ કહે છે કે સાધુ થઈને જંગલમાં રહે એને કેમ ગોઠતું હશે? પપ્પા! એને આનંદ હોય અંદર. અતીન્દ્રિય આનંદ હોય. ગોઠે, ન ગોઠે, શું કહો છો તમે? પછી દાખલો આપ્યો, 'દિલીપે' એના બાપને. સિદ્ધ એકલા રહે છે કે નહિ? સિદ્ધને નહિ ગોઠતું હોય ત્યાં. સિદ્ધને અનંત આનંદ છે. એકલા છે ઇ. તમારે ઘોંઘાટ જોઈએ છે, બાપુજી! પપ્પા. ઘોંઘાટ જોઈએ છે. તમારે નિવૃત્તિ જોતી નથી. એમ કીધું. 'ભગવાનભાઈ'! આ 'જાદવજીભાઈ'નો પૌત્ર.

મુમુક્ષુ :- અમારા છોકરા એમ ન કહે ત્યાં સુધી તો નિવૃત્ત ન થાવું ને.

ઉત્તર :- હવે છોકરાને ભાન કે દિ' હતા? એ તો બધા મજૂરની પેઠે મજૂરી કરતા હોય. આ પણ છોકરો છે ને? હજી તો અગિયાર વર્ષ પૂરા કરીને બારમું બેઠું છે. સિદ્ધ નિવૃત્તમાં છે. એકલા આનંદમાં છે, એકલા. તમારે ઘોંઘાટ જોઈએ છે. આ ને આ ને આ.. ઘોંઘાટ. તમારે નિવૃત્તિ જોઈતી નથી, સિદ્ધ થાવું નથી. એય..!

મુમુક્ષુ :- ન્યાયની વાત છે.

ઉત્તર :- ન્યાયની વાત છે ને. આત્મા છે કે નહિ? આત્મા ગમે તે જાગે. ગમે ત્યારે જાગે. આઠ વર્ષે કેવળજ્ઞાન લે. એમાં શું થઈ ગયું? એના કાકાને કાકીને કલાક સમજાવે છે. 'કલકત્તા'માં. ગૃહસ્થ માણસ છે ને? હુંડીનો ધંધો છે, વ્યાજ વટાવનો. અહીંયા આવી શકતા નથી. એના બાપા. બેસો. બેસો, એક કલાક સાંભળો. સંભળાવે. એવો છોકરો છે. અમારે 'વજુભાઈ' કહે, આ તો કોણ જાણે આપણા મુમુક્ષુમાંથી મરીને આવ્યો છે? એમ કહેતા. નહિ? એવું બોલે. આત્મા સિવાય બીજાનું કરી શકું છું એ પાગલ જેવા છે. પાગલ જ છે. પાગલ જેવા નહિ. 'જાદવજીભાઈ'! કીધું હતું કે નહિ? આત્મા સિવાય પરદ્રવ્યનો કર્તા (થાય), કરી શકાય છે એમ માને. કરું છું, શું ધૂળ કરે? તારા દ્રવ્યનો પ્રવેશ છે અંદર કે તું પરનું કરે? પાગલ જેવા છે, પાગલ. પાગલ છે. પાગલ જેવા નહિ. એ.. 'નવનીતભાઈ'! પાગલ જેવા નહિ. પાગલ જ છે. જેવા વળી ઉપમા (શું)? એમાં શું છે? આત્મા છે ને! ગમે ત્યાંથી નિવૃત્તિ.. મા-બાપ ખાડમાં પડ્યા છે, હોં! આને 'કમલેશ'ને કહ્યું. 'ધરમચંદભાઈ'ના છે ને? ... ઇ ત્યાં ગયો છે. 'કમલેશ'! આ મા-બાપ બધા ખાડમાં પડ્યા છે, હોં! આપણને ખાડમાં નાખવા માગે છે. ચાલ જંગલમાં જઈએ. જંગલમાં જઈએ, એમ બોલ્યો. અત્યારથી આવા ધડાકા

મારે છે. આ મા-બાપ બધા ખાડમાં પડ્યા છે, ભણો, ભણો. શું ભણે? ધૂળ. એવા ભણતર તો અનંતવાર ભણ્યો છે. ભણતર ભણીને ભૂલી ગયા ઇ ભણતર? એય..!

આત્મામાં અંદરમાં રુચવું જોઈએ, ભાઈ! સમજાણું કાંઈ? હજી અવ્યક્તપણે ઓઘે ઓઘે પણ બોલે છે ને! પણ વીર્યથી, હોં! એમ નહિ કે આમ જરી જરી... ભરાવદાર શરીર છે. ભરાવદાર શરીર છે, દેખાવ આમ... આવો સરસ આત્મા! એમ કહે. આવો સરસ આત્મા! બીજો સરસ હોય કોણ?

મુમુક્ષુ :- હોશિયાર છે.

ઉત્તર :- હા. હોંશિયાર છે. એના બાપને, દાદાને ઘડીકમાં એમ થઈ જાય કે આપણે આની પાસે સમજવું પડશે. આત્મા છે ને! અવ્યક્તપણે પણ અત્યારે જરી ઓઘે ઓઘે...

આત્મા છે. એમાં જ્યારે સમ્યગ્દર્શન પામે અને એમાં મુનિ થાય.. આહાહા..! એની વાત શી કરવી! જૈનસૂત્રની શ્રદ્ધા કરી, સમ્યગ્દર્શન કરી, સમ્યગ્જ્ઞાન કરી અને જેણે ચારિત્ર વીતરાગતા અંગીકાર (કરી) શુદ્ધઉપયોગ કર્યો છે, એ મુનિ. જિનસૂત્રના ખરેખરના સેવન કરીને ભાવ કાઢ્યો છે. એ સુખી છે જગતમાં. સમજાણું કાંઈ? બાકી ચક્રવર્તી ને સર્વાર્થસિદ્ધના દેવો ઇચ્છાવાળા એટલા એ દુઃખી છે. જેટલી ઇચ્છા છૂટી એટલા સુખી છે.

સમકિતીને પણ અનંતાનુબંધી ઇચ્છા ગઈ છે ને? અનંતાનુબંધીનો રાગ અને દ્વેષ, ક્રોધ ને માન એ દ્વેષ, માયા ને લોભ એ રાગ. એટલી ઇચ્છા તૂટી ગઈ છે. એટલો આનંદ છે, શાંતિ છે, શાંતિ છે. એટલી સ્વરૂપની શાંતિ છે. આહાહા..! લ્યો, એ સૂત્રપાહુડ (પૂરું) થયું. છપ્પય. પોતે થોડું કહે છે.

---

(छप्पय)

जिनवरकी ध्वनि मेघध्वनिसम मुखतैं गरजे,
गणधरके श्रुति भूमि वरषि अक्षर पद सरजै;
सकल तत्त्व परकास करै जगताप निवारै,
हेय अहेय विधान लोक नीकै मन धारै।
विधि पुण्यपाप अरु लोकको मुनि श्रावक आचरणन फुनि।
करि स्व-पर भेद निर्णय सकल, कर्म नाशि शिव लहत मुनि।।१।।

(दोहा)

वर्द्धमान जिनके वचन वरतैं पंचमकाल।
भव्य पाय शिवमग लहै नमूं तास गुणमाल।।२।।

इति पं. जयचन्द्र छावड़ा कृत देशभाषावचनिकाके हिन्दी अनुवाद सहित
श्री कुन्दकुन्दस्वामी विरचित सूत्रपाहुड समाप्त।।२।।

---

**जिनवरकी ध्वनि मेघध्वनिसम मुखतैं गरजे,**
**गणधरके श्रुति भूमि वरषि अक्षर पद सरजै;**
**सकल तत्त्व परकास करै जगताप निवारै,**
**हेय अहेय विधान लोक नीकै मन धारै।**
**विधि पुण्यपाप अरु लोककी मुनि श्रावक आचरणन फुनि।**
**करि स्व-पर भेद निर्णय सकल, कर्म नाशि शिव लहत मुनि।।१।।**

'**જિનવરકી ધ્વનિ..**' ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ, એની ધ્વનિ '**મેઘધ્વનિસમ મુખતૈં ગરજે.**' મેઘનો જેમ નાદ થાય એવી ભગવાનની વાણી સમવસરણમાં ઇચ્છા વિના, મુખ-કંઠ હલ્યા વિના સમવસરણમાં ગર્જના થાય. તીર્થંકર કેવળજ્ઞાન પામે અને મુખથી અંદરથી ગર્જના થાય. ૐ એવી ધ્વનિ ઉઠે. આખા શરીરમાંથી. સમજાણું કાંઈ? '**જિનવરકી ધ્વનિ...**' નિમિત્તથી વાત તો એમ જ થાય ને? ધ્વનિ તો વાણી છે પણ એને નિમિત્તથી એની વાણી એમ કહેવાય ને? વાણી તો વાણીની છે. '**જિનવરકી ધ્વનિ મેઘધ્વનિસમ...**' મેઘનો અવાજ જેમ ગાજે, કડાકા બોલતો. જુઓને! ઓણ શરૂઆતમાં પહેલાં બહુ કડાકા બોલ્યા. વીજળીના એવા ધડાકા બોલતા હતા. આહાહા...!

છોકરાનું મડદું નીકળ્યું, કહે છે. લાશ. હાથ આવ્યું. ચાર-પાંચ માઈલ છેટે. ઇ જુવાન છોકરો હતો. બહુ બુદ્ધિવાળો હતો, કચ્છી. એવું છે, સ્થિતિ એવી છે. આયુષ્ય પૂરું એ સમયે જે રીતે, એ પ્રકારે, એ ક્ષેત્રે ને એ કાળે (થવાનું). એમાં ક્યાંય એક સમયનો ફેરફાર તીર્થંકર કેવળી કરવા સમર્થ નથી. પરદ્રવ્યનું શું કરે ઇ? સમજાણું કાંઈ? દુનિયાને એમ લાગે કે અર..ર..ર...! આમ ન કર્યું હોત તો આમ થાત, આમ ન કર્યું હોત આમ થાત. ઉઘાડ્યું ન હોત ને... શું કહેવાય ઇ? ગટર ઉઘાડી ન હોત તો પાણી ઓલું થઈ ગયું હોત. ઉઘાડે કોણ? બાપા! એ પર્યાય તે કાળે થવાની છે એને રોકે કોણ? અને ટાળે કોણ? આહાહા..! સમજાણું કાંઈ?

'**જિનવરકી ધ્વનિ મેઘધ્વનિસમ..**' મેઘધ્વનિસમ, એમ કહ્યું છે ને? મેઘની ગર્જનાની જેવી વાણી મુખથી ગરજે. મુખથી શબ્દ (છે). ભાષા તો એમ લેવાય ને? બાકી તો આખા શરીરમાંથી આવે છે. ઇ તો આમાં આવે છે ને? 'પંચાસ્તિકાય' (ગાથા-૨). '**मुहुग्गदमट्ठं**' મુખથી નીકળી, એમ જ આવે ને ભાષા?

'**ગણધરકે શ્રુતિ ભૂમિ...**' અને ગણધરરૂપી ભૂમિમાં વાણી પડી. આહાહા..! ગણધરો ચાર જ્ઞાનના ધણિ, સંતો મહા આનંદમાં ઝુલનારા નગ્નમુનિ. એ રૂપી ભૂમિમાં એ વાણી પડી ફડાક દઈને. શ્રુતિ-શ્રુત પડ્યું. '**વરષિ...**' વરસાદ પડ્યો. '**અક્ષર પદ સરજૈ,...**' એ ગણધરદેવ અક્ષરને પદને રચે. અક્ષર. સમજાણું કાંઈ? સહજાત્મ સ્વરૂપ. સ, હ એ અક્ષર. આખું પદ-સહજાત્મ. એ પદ. '**અક્ષર પદ સરજૈ,...**' ગણધર એની વાણીને રચે. ભગવાનની વાણી. ભગવાનના મુખમાંથી અર્થ નીકળે, એ ગણધર સૂત્રરૂપે રચે. મહાવિદેહમાં પણ એ પ્રમાણે ભગવાન 'સીમંધર' પરમાત્માની ધ્વનિ નીકળે. ગણધરરૂપી ભૂમિકાના કાને પડે. શ્રુતિ છે ને?

'**સકલ તત્ત્વ પરકાસ કરૈ જગતાપ નિવારૈ**' સકલ તત્ત્વનો ભગવાનની વાણી પ્રકાશ કરે.

સત્ય, અસત્ય, દેવ, ગુરુ, શાસ્ત્ર, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, મિથ્યાદર્શન, અજ્ઞાન, અચારિત્ર બધા તત્ત્વોનો પ્રકાશ કરે. **'જગતાપ નિવારૈ.'** જગના દુઃખને, ઇચ્છાને આકુળતાને નિવારે એવી વીતરાગની વાણી છે. વીતરાગની વાણી અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશ કરાવે. એમ કહે છે. એ **'જગતાપ નિવારૈ.'** જોયું! એના રાગાદિના ભાવને ટળાવે, નાશ કરાવે. એ વાણી વીતરાગની હોય. રાગને ઉત્તેજન આપે ને રાગને રાખવાનું કહે એ વાણી વીતરાગની હોય? આહાહા..! રાગ, શુભરાગ પણ તાપ છે, કષાય છે, અગ્નિ છે, ભઠ્ઠી છે. **'જગતાપ નિવારૈ.'** વીતરાગની વાણી જગતના તાપના કષાયભાવને નિવારે. આહાહા..!

**'હેય અહેય વિધાન...'** આ છોડવા લાયક છે, આદરવા લાયક છે એનું વિધાન કરે. બતાવે બધું. સમજાય છે કાંઈ? એમ નહિ, કે ના, ના. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર પણ સાચા અને આ પણ સાચા. કહોને, ખોટું લાગશે બીજાને. એમ નહિ. 'શ્રીમદ્'નું કહ્યું નહોતું? 'શ્રીમદ્'નું. 'આત્મજ્ઞાન સમદર્શિતા' એની વ્યાખ્યા કરી ને? 'શ્રીમદ્'. સમદર્શિની વ્યાખ્યા તે દિવસે કરી હતી. સમદર્શિની વ્યાખ્યા ઇ છે કે કુદેવને કુદેવ તરીકે જાણે અને નિષેધે. કુગુરુને કુગુરુ જાણીને નિષેધે. કુશાસ્ત્રને કુશાસ્ત્ર જાણીને નિષેધ કરે. એનું નામ સમભાવ છે. સમભાવની વ્યાખ્યા (એવી નથી કે) આપણે બધા ઉપર સમભાવ રાખો. અરે..! એ તો મિથ્યાભાવ, મૂંઢભાવ, મૂર્ખભાવ છે. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં ઇ આવ્યું છે. વાંચ્યું હતું ને તે દિ'? નહિ? મોટા ચોપડામાં છે.

સમદર્શિની વ્યાખ્યા આ. સત્યને સત્ય તરીકે સ્થાપે. સમજાણું? અસત્યને અસત્ય તરીકે ઉથાપે. નહિતર તો આપણે બધા સરખા, બધા સરખા રાખો. નહિતર વિષમભાવ થઈ જશે. બધા સરખા રાખો તો મિથ્યાત્વભાવ થાશે. સમજાણું કાંઈ? આ પણ સારા, ઇ પણ સાચા, બધા સાચા. બધા મોક્ષને મારગે છે. એમ માનનારા મોટા મૂરખ છે, કહે છે. પેલામાં લખ્યું છે. બાળતપ અને બાળવ્રત છે ને? મૂર્ખના વ્રત અને મૂર્ખના તપ છે ઇ. જેને ભાન નથી.. 'સમયસાર'માં આવે છે અને આણે પણ લખ્યું છે. 'અષ્ટપાહુડ'માં. એમ કે આત્માના ભાન વિનાના તપ અને વ્રત છે, સમકિત વિનાના, મૂર્ખના વ્રત છે ઇ. મૂર્ખના વ્રત છે ઇ, મૂર્ખના તપ છે ઇ. મૂર્ખાઈ ભરેલા વ્રત અને તપ છે. પાગલના એ વ્રત ને તપ છે. સમજાણું કાંઈ? બધાને સારું લગાડવા અને પોતાને પણ વિષમભાવ ન થાય. નહિતર વિષમભાવ થઈ જાય, હોં! આ સાચું, આ ખોટું. આ સાધુ ખોટા છે, આ ખોટી શ્રદ્ધા છે, આ શાસ્ત્ર ખોટા (એમ કહીએ તો) બીજાને દુઃખ થાય. મૂર્ખાઈ છે તારી, કહે છે. સાચા ખોટાની પ્રરૂપણા, સત્ય અને અસત્ય ન કહે તો લોકો સત્યને સમજી શી રીતે શકે? સમજાણું કાંઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ ઘણું લીધું છે.

**'અહેય હેય વિધાન...'** કરે. **'લોક નીકે મન ધારૈ.'** દેખો! લોક નીકે (અર્થાત્) એના મનમાં બરાબર ધારે એવું હેય-અહેયનું જ્ઞાન બતાવે. વીતરાગની વાણી, સંતોની વાણી, સિદ્ધાંત વાણી. એને સિદ્ધાંત કહીએ. સમજાણું કાંઈ? આદરવા યોગ્ય અને છોડવા યોગ્ય, બેયનું જ્ઞાન કરાવે. છોડવા યોગ્યનું શું કરવા જ્ઞાન કરાવે? તો તો પછી આ બધા ખોટા કહીએ તો બધા ઓલા થઈ જાય. ૩૬૩ પાખંડ ભગવાને કહ્યા છે. નથી કહ્યા? ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને

જ્ઞેયવાદી. એમ 'અષ્ટપાહુડ'માં આવશે. ૩૬ ૩ પાખંડ છે બધા. ક્રિયામાં ધર્મ માનનારા, દયા, દાન, વ્રતમાં (ધર્મ માનનારા) એ બધા પાખંડી અજ્ઞાની છે. ૩૬ ૩ પાખંડમાં ઇ છે, જૈનમાં નથી. ચોખ્ખું લખશે એમાં. સમજાણું કાંઈ? એ.. 'શાંતિભાઈ'! શું કરવું આમાં? ઇ 'શાંતિભાઈ'એ ઘણું ફેરવી નાખ્યું. ક્યાં હતા એને ઠેકાણે એકદમ... કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી. છોડવા યોગ્ય હોય એને છોડવા યોગ્ય મનાવે. આ સર્પ છોડવા યોગ્ય છે, તો એમાં સર્પ પ્રત્યે કંઈ દ્વેષ છે? એમ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, જેણે જગતને ઊંધે રવેડે, ઊંધે પાટે ચડાવ્યા છે. એને બતાવે કે એ છોડવા લાયક છે. સમજાણું કાંઈ? અને સાચો વીતરાગનો માર્ગ દેવ, ગુરુ, શાસ્ત્ર ભગવાને કહ્યા, એમણે કહેલું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદરણીય છે.

ઇ **'લોક નીકે મન ધારે.'** સાંભળનારા બરાબર બરાબર સમજી શકે, મનમાં ધારી શકે એ રીતે કહે, એમ કહે છે. એમ ને એમ ગડબડ કરે ને કંઈ નિર્ણય ન કરે (એમ નહિ). ચોખવટ કરીને સ્પષ્ટ કરે. સમજાય છે કાંઈ? શું કહ્યું? જુઓ! **'હેય અહેય વિધાન લોક નીકે મન ધારે.'** લોકના પ્રાણી એના હૃદયના જ્ઞાનમાં બરાબર હેય-ઉપાદેયનું જ્ઞાન કરે એવી રીતે વિધાન ભગવાનની વાણીમાં આવે. **'વિધિ પુણ્યપાપ અરુ લોકકી...'** કહે છે, પુણ્ય-પાપની વિધિનું અથવા કર્મ અને પુણ્ય-પાપ, અને લોકની ક્રિયા આદિ મૂઢતા આદિ બધાને જાણે. અને **'મુનિ શ્રાવક આચરન ફુનિ.'** અને મુનિ અને શ્રાવકનું આચરણ મુનિને યોગ્ય મુનિ કરે અને શ્રાવકને યોગ્ય શ્રાવક કરે. **'કરિ સ્વ-પર ભેદ નિર્ણય...'** સ્વ-પરના ભેદનો વાસ્તવિક નિર્ણય કરી, સત્ય-અસત્યનો નિર્ણય કરી **'સકલ કર્મ નાશિ શિવ લહત મુનિ.'**

મુમુક્ષુ :- પુણ્ય-પાપ તો વિધિમાં ગયું.

ઉત્તર :- વિધિ-કર્મમાં ગયું. ઇ કર્મ છે ને એ તો? કર્મ છે. અને લોકના મૂઢના આચરણ કીધા. એ બધા લૌકિક છે ને? લૌકિક. લોક કી રીતિ બધી. આવ્યું હતું ને લોકમૂઢતા? એ બધી મૂઢતાને છોડે. લોકમૂઢતા, દેવમૂઢતા, શું કીધું? ગુરુમૂઢતા. લોકમૂઢતા.. શું આ? નદીમાં ન્હાય ને ધર્મ થાય, જમનામાં ન્હાય ને ફલાણું થાય, ઢીકણું થાય એ બધી લોકમૂઢતા. પીપળે પાણી નાખે ને... બધા લોકમૂઢ છે. દેવમૂઢ અને ધર્મમૂઢ. એ બધાને જાણે અને બધાનું એવું વીતરાગના શાસ્ત્ર એનું કથન બતાવે.

**'વર્ધમાન જિનકે વચન વરતૈં પંચમકાલ.'** વર્ધમાન તીર્થંકરદેવ, 'મહાવીર' પરમાત્મા, જેની વાણી પંચમકાળ સુધી વર્તશે, કહે છે. ઠેઠ સુધી. વીર ભગવાને જે વાણી કહી, સિદ્ધાંત રચ્યાં અથવા સિદ્ધાંત કહ્યાં અને ગણધરે રચ્યાં, એ ભગવાન તીર્થંકરદેવ મહાવીર પરમાત્મા, એના વચન **'વરતૈ પંચમકાલ.'** એ સત્ય સિદ્ધાંતો પંચમકાળમાં પણ વર્તે છે. **'ભવ્ય પાય શિવમગ લહૈ...'** લાયક પ્રાણી ભગવાનની વાણી સમજી અને આત્માનો મોક્ષમાર્ગ આદરે. આહાહા..! ભગવાનઆત્મા પુણ્ય-પાપના રાગથી રહિત છે, એવો આનંદના સ્વભાવ સહિત છે એને ભગવાને કહ્યું એ પ્રમાણે પામીને **'શિવમગ લહૈ...'** શિવ એટલે મોક્ષનો માર્ગ પામે. **'નમૂં તાસ ગુણમાલ.'** કહે છે કે એવા ગુણના માળાવાળા ધર્માત્મા, ગુણની માળા જેને પ્રગટી છે. એને હું નમન કરું છું. મોક્ષ. શિવમગ કહ્યો ને.

**'પંડિત જયચન્દ્ર છાવડા કૃત દેશભાષાવચનિકાકે હિન્દી અનુવાદ સહિત શ્રીકુન્દકુન્દસ્વામિ વિરચિત સૂત્રપાહુડ સમાપ્ત.'** આઠ પાહુડમાંથી બે (પાહુડ) પૂરા થયા.

# चारित्रपाहुड़
# ३

(दोहा)

**वीतराग सर्वज्ञ जिन वंदूं मन वच काय।**
**चारित धर्म बखानिये सांचो मोक्ष उपाय।।1।।**
**कुन्दकुन्दमुनिराजकृत चारितपाहुड़ ग्रन्थ।**
**प्राकृत गाथाबंधकी करूं वचनिका पंथ।।2।।**

**इसप्रकार मंगलपूर्वक प्रतिज्ञा करके अब चारित्रपाहुड़ प्राकृत गाथाबद्धकी देशभाषामय वचनिका का हिन्दी अनुवाद लिखा जाता है। श्री कुन्दकुन्द आचार्य प्रथम ही मंगलके लिए इष्टदेवको नमस्कार करके चारित्रपाहुड़को कहनेकी प्रतिज्ञा करते हैं:-**

---

હવે ચારિત્રપાહુડ. ત્રીજું. આઠ છે, આઠ. પહેલું સમકિત પાહુડ અથવા દર્શનમાર્ગ પાહુડ, એમાં પણ સમકિત મુખ્ય. બીજું સૂત્રપાહુડ અને ત્રીજું ચારિત્રપાહુડ. સમ્યગ્દર્શન હોય એને સમ્યગ્જ્ઞાન હોય, એને સમ્યક્ચારિત્ર થાય. જેને સમ્યગ્દર્શન, જ્ઞાનનું ભાન નથી એને ચારિત્ર-ફારિત્ર, વ્રત-ફ્રત હોતાં નથી. સમજાણું કાંઈ? એથી ત્રીજું ચારિત્રપાહુડ.

**वीतराग सर्वज्ञ जिन वंदूं मन वच काय।**
**चारित धर्म बखानियो सांचो मोक्ष उपाय।।1।।**

વીતરાગ સર્વજ્ઞદેવ પરમાત્મા, તીર્થંકરદેવ, જિનદેવ, એને વંદું છું, કહે છે. મન, વચન ને કાયાથી નમું છું. **'ચારિત ધર્મ બખાનિયે...'** વીતરાગદેવે આત્માનું ચારિત્ર, સ્વરૂપમાં રમણ, આનંદમાં રમણતા-ચરવું, આનંદધામ ભગવાન, એનું ભાન સમ્યગ્દર્શનમાં થયા પછી સ્વરૂપમાં અંદર રમવું, એ આનંદનો અનુભવ કરવો, અતીન્દ્રિય આનંદનો, એનું નામ ભગવાને ચારિત્ર કહ્યું છે. એ ચારિત્ર વખાણિયો. ચારિત્રધર્મ વખાણ્યો. તીર્થંકરદેવે પરમેશ્વરે પણ એ વખાણ કર્યા. **'સાચો મોક્ષ ઉપાય.'** ચારિત્ર જ સાચો મોક્ષનો ઉપાય છે. આત્માના સમ્યગ્દર્શન સહિત, અનુભવ સહિત આનંદમાં રમણતા, અતીન્દ્રિય આનંદમાં. આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. ઇચ્છામાત્ર એ તો બધું દુઃખ છે. અને આ ધૂળ બધા પૈસા, બાયડી, છોકરા, બધા દુઃખના નિમિત્ત છે. ધૂળ-બૂળ હોય ને? આ બે-પાંચ કરોડ પૈસા ધૂળ ને.. એ બધા તો દુઃખના નિમિત્ત છે. બરાબર હશે? સમજાણું કાંઈ?

સુખનું કારણ તો ચારિત્ર છે. એ ચારિત્ર તો આત્માના આનંદમાં રમણતા એ ચારિત્ર છે. વીતરાગના માર્ગમાં જૈન પરમેશ્વરે કેવળજ્ઞાનથી જોઈને, જાણીને કહ્યું એમાં ચારિત્રના વખાણ કર્યા છે. સમ્યગ્દર્શન, જ્ઞાનના તો (કર્યા) પણ ચારિત્ર તો અલૌકિક વસ્તુ છે. **'સાચો મોક્ષ ઉપાય.'** લ્યો. **'ચારિત ધર્મ બખાનિયો...'** ચરિતં ધમ્મ, કીધું છે ને? ચરિત્ત ધમ્મં. દંસણ મૂલો ધમ્મો. ધર્મ એ

ચારિત્ર છે અને એનું મૂળિયું સમ્યગ્દર્શન છે. એ ચારિત્ર ક્યું? અંતર આત્માના આનંદમાં રમણતામાં મશગુલ આનંદમાં, એનું નામ ચારિત્ર છે. આહાહા..! ચારિત્રમાં તો અતીન્દ્રિય આનંદના અનુભવનું વેદન ઉગ્રપણે આવે એને ભગવાન ત્રિલોકનાથ ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? એ સાચો મોક્ષનો ઉપાય છે. સિદ્ધપદ થવાનો સાચો ઉપાય ચારિત્ર છે. અને એ ચારિત્ર પહેલાં સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન ન હોય તો ચારિત્ર હોઈ શકે નહિ.

**कुन्दकुन्दमुनिराजकृत चारितपाहुड़ ग्रन्थ।**
**प्राकृत गाथाबंधकी करूं वचनिका पंथ।।2।।**

'કુંદકુંદ' મુનિરાજ સંવત ૪૯માં, બે હજાર વર્ષ પહેલાં સંત મહા આનંદમાં ઝુલતા, એમણે આ ચારિત્રપાહુડ કર્યું. ગ્રંથ. પ્રાકૃત ગાથા છે ઇ. '**કરું વચનિકા પંથ.**' વચનનો પંથ એટલે વચન દ્વારા એ વાતને કહીશ. ઇ કોણ કહે છે? 'જયચંદ્ર પંડિત'.

'**ઇસપ્રકાર મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરકે...**' અર્થકારે આ તો હજી માંગલિક કર્યું. '**અબ ચારિત્રપાહુડ પ્રાકૃત ગાથાબદ્ધકી દેશભાષામય...**' ચાલતી ભાષામાં લખશું. '**શ્રી કુંદુકુંદ આચાર્ય પ્રથમ હી મંગલકે લિએ ઇષ્ટદેવકો નમસ્કાર કરકે ચારિત્રપાહુડકો કહને કી પ્રતિજ્ઞા કરતે હૈં.**' ચારિત્ર-આત્માની શુદ્ધતા, વીતરાગતા, અતીન્દ્રિય આનંદમાં લહેર, મજા કરતો આત્મા, એને અહીં ચારિત્ર કહેવામાં આવે છે. ચરવું, રમવું, જમવું, લીન થવું. અંતર આનંદનો ખોરાક લેવો. આહાહા..! સમજાણું કાંઈ? એને કહે છે... જુઓ! એમનું માંગલિક પણ જબ્બર છે!

## ગાથા-૧-૨

**सव्वण्हु सव्वदंसी णिम्मोहा वीयराय परमेट्ठी।**
**वंदित्तु तिजगवंदा अरहंता भव्यजीवेहिं।।1।।**
**णाणं दंसण सम्मं चारित्तं सोहिकारणं तेसिं।**
**मोक्खाराहणहेउं चारित्तं पाहुडं वोच्छे।।2।। युग्मम्।**

सर्वज्ञान् सर्वदर्शिनः निर्मोहान् वीतरागान् परमेष्ठिनः।
वंदित्वा त्रिजद्वंदितान् अर्हतः भव्यजीवैः।।1।।
ज्ञानं दर्शनं सम्यक् चारित्रं शुद्धिकारणं तेषाम्।
मोक्षाराधनहेतुं चारितं प्राभृतं वक्ष्ये।।2।। युग्मम्।।

સર્વજ્ઞ છે, પરમેષ્ઠી છે, નિર્મોહ ને વીતરાગ છે,
તે ત્રિજગવંદિત, ભવ્યપૂજિત અર્હતોને વંદીને; ૧.

ભાખીશ હું ચારિત્રપ્રાભૃત મોક્ષને આરાધવા,
જે હેતુ છે સુજ્ઞાન-દગ-ચારિત્ર કેરી શુદ્ધિમાં. ૨.

अर्थ :- आचार्य कहते हैं कि मैं अरहंत परमेष्ठीको नमस्कार करके चारित्रपाहुड़को कहूँगा। अरहंत परमेष्ठी कैसे हैं ? अरहंत ऐसे प्राकृत अक्षरकी अपेक्षा तो ऐसा अर्थ है - अकार आदि अक्षरसे तो 'अरि' अर्थात् मोहकर्म, रकार आदि अक्षरकी अपेक्षा रज अर्थात् ज्ञानावरण दर्शनावरण कर्म, उस ही रकारसे रहस्य अर्थात् अंतराय कर्म- इसप्रकारसे चार घातिया कर्मोंको हनना-घातना जिनके हुआ वे अरहन्त हैं। संस्कृतकी अपेक्षा 'अर्ह' ऐसा पूजा अर्थमें धातु है उससे 'अर्हन्' ऐसा निष्पन्न हो तब पूजा योग्य हो उसको अर्हत् कहते हैं वह भव्य जीवोंसे पूज्य है। परमेष्ठी कहनेसे परम इष्ट अर्थात् उत्कृष्ट पूज्य हो उसे परमेष्ठी कहते हैं अथवा पर जो उत्कृष्ट पदमें तिष्ठे वह परमेष्ठी है। इसप्रकार इन्द्रादिकसे पूज्य अरहन्त परमेष्ठी हैं।

सर्वज्ञ हैं, सब लोकालोकस्वरूप चराचर पदार्थोंको प्रत्यक्ष जाने वह सर्वज्ञ है। सर्वदर्शी अर्थात् सब पदार्थोंको देखनेवाले हैं। निर्मोह हैं, मोहनीय नामके कर्मकी प्रधान प्रकृति मिथ्यात्व है उससे रहित हैं। वीतराग हैं, जिनके विशेषरूपसे राग दूर हो गया हो सो वीतराग हैं, उनके चारित्र मोहनीय कर्मके उदयसे (-उदयवश) हो ऐसा रागद्वेष भी नहीं है। त्रिजगद्वंद्य हैं, तीन जगतके प्राणी तथा उनके स्वामी इन्द्र, धरणेन्द्र, चक्रवर्तियोंसे वंदने योग्य हैं। इसप्रकारसे अरहन्त पदको विशेष्य करके और अन्य पदोंको विशेषण करके अर्थ किया है। सर्वज्ञ पदको विशेष्य करके अन्य पदोंको विशेषण करने पर इसप्रकार भी अर्थ होता है, परन्तु वहाँ अरहन्त भव्य जीवोंसे पूज्य हैं इसप्रकार विशेषण होता है।

चारित्र कैसा है ? सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्र ये तीन आत्माके परिणाम हैं, उनके शुद्धताका कारण है, चारित्र अंगीकार करने पर सम्यग्दर्शनादि परिणाम निर्दोष होता है। चारित्र मोक्षके आराधनका कारण है, - इसप्रकार चारित्रको पाहुड़ (प्राभृत) ग्रंथको कहूँगा, इसप्रकार आचार्यने मंगलपूर्वक प्रतिज्ञा की है।।1-2।।

## ગાથા-૧-૨ ઉપર પ્રવચન

सव्वण्हु सव्वदंसी णिम्मोहा वीयराय परमेट्ठी।
वंदित्तु तिजगवंदा अरहंता भव्वजीवेहिं।।1।।

જુઓ! ચારિત્રપાહુડ કહેવા પહેલા માંગલિક કહે છે. કેમકે સર્વજ્ઞ પરમેશ્વરે ચારિત્રની વ્યાખ્યા કરી છે. અજ્ઞાની એ ચારિત્રને જાણી શકે નહિ.

णाणं दंसण सम्मं चारित्तं सोहिकारणं तेसिं।
मोक्खाराहणहेउं चारित्तं पाहुडं वोच्छे।।2।। युग्मम्।

કહીશ, એમ કહે છે.

અર્થ :- **'आचार्य कहते हैं कि मैं अरहंत परमेष्ठीको नमस्कार करके...'** અરિહંત પરમેશ્વર

વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રે બિરાજે છે. 'મહાવીર' ભગવાન આદિ તો સિદ્ધપદમાં બિરાજી ગયા. એ તો સિદ્ધ થઈ ગયા. ભગવાન 'મહાવીર' પરમાત્મા આદિ ચોવીસ તીર્થંકરો આદિ અનંત, એ તો સિદ્ધપદમાં બિરાજે છે. અશરીરી. અરિહંતપદમાં તો અત્યારે મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' ભગવાન, 'યુગમંધર' ભગવાન.. વીસ વિહરમાન વિદ્યમાન વીસ તીર્થંકર બિરાજે છે. મહાવિદેહમાં મનુષ્યદેહે પાંચસો ધનુષનો દેહ (છે), કરોડ પૂર્વનું આયુષ્ય (છે). બિરાજે છે. કહે છે કે અરિહંતને વંદન કરું છું. **'અરિહંત પરમેષ્ઠીકો નમસ્કાર કરકે ચારિત્રપાહુડકો કહૂંગા.'** વિનય કરે છે. પરમેશ્વરે.. ઓલી કોર પાછળ આપશે.

**'અરહંત પરમેષ્ઠી કૈસે હૈં?'** કેવા છે અરિહંત પરમેષ્ઠી? **'અરહંત ઐસે પ્રાકૃત અક્ષરકી અપેક્ષા તો ઐસા અર્થ હૈ-અકાર આદિ અક્ષરસે તો 'અરિ'...'** અરિ, અરિ. **'અરિ અર્થાત્ મોહકર્મ,...'** અરિ. મોહરૂપી કર્મ તે વેરી છે. એને જેણે હણી નાખ્યા. અરિ-હંત, અરિ-હંત. સમજાણું કાંઈ? અહીં તો ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં.. કરીને ગડિયો હાંકી જાય. અર્થની ખબર ન મળે. જય ભગવાન! એને કાંઈ લાભ ન થાય. ધૂળેય તે. અહીં તો ભગવાન શું કહે છે? ભગવાન કેમ થયા? અને ભગવાને શું કહ્યું છે એના જ્ઞાન વિના એને સાચો લાભ થાય નહિ. અરિ એટલે મોહરૂપી વેરી.

**'રકાર આદિ અક્ષરકી અપેક્ષા રજ...'** અરિ છે ને? એમાં ર. **'અર્થાત્ જ્ઞાનાવરણ દર્શનાવરણ કર્મ,...'** રજ છે ને? જ્ઞાનાવરણી, દર્શનાવરણી એ રજ, કર્મ છે. એને જેણે ટાળ્યા. હંતા-હણ્યા છે. **'ઉસહી રકારસે...'** એના એ રકારમાંથી. 'ર'માંથી બીજું કાઢ્યું. એક, બે કાઢ્યા, ત્રીજું આ કાઢ્યું. ર.. ર.. માંથી. **'રકારસે રહસ્ય અર્થાત્ અંતરાય કર્મ-ઇસપ્રકારસે ચાર ઘાતિયા કર્મોંકો હનના-ઘાતના જિનકે હુઆ...'** જેણે ચાર કર્મ હણી નાખ્યા છે. હજી ચાર કર્મ બાકી છે. આઠ કર્મમાં અરિહંતને ચાર કર્મ હણેલા હોય છે. ચાર કર્મ બાકી છે. આયુષ્ય, નામ, ગોત્ર,.. સમજાણું? જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય અને અંતરાયનો નાશ કર્યો છે. સિદ્ધ થયા એને આઠ કર્મનો નાશ થયો. અરિહંત ભગવાન બિરાજે એને ચાર કર્મનો નાશ થયો છે. એવા અરિહંતોને ઓળખી અને અરિહંતે એણે શું કર્યું? કે ચાર ઘાતિકર્મોનો નાશ કર્યો. આત્માના સ્વભાવના લક્ષે, આશ્રયે. સમજાણું?

(ચાર કર્મોંકો ઘાતના) **'હુઆ વે અરહંત હૈં.'** લ્યો. હંત અર્થાત્ હનના, ઘાતના. કર્મથી વાત લીધી છે. પણ ખરેખર તો અશુદ્ધ ભાવ ટળ્યો છે, એને અશુદ્ધ ભાવ એ જ ખરેખર તો વેરી છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ વીતરાગ પરમાત્માને જે પ્રગટ્યો એવો જ આ આત્મા છે. સમજાણું કાંઈ? એવા આત્મામાં અંતર શુદ્ધતા, પરિપૂર્ણતા, આનંદ પડ્યો છે, એને કહે છે કે, એનાથી વિરુદ્ધ જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ, એ અશુદ્ધ ભાવ એ મલિન, એ વેર છે. નિશ્ચયથી વેરી એનો ભાવ હોય છે. આવે છે ને? 'ચિદ્વિલાસ'માં. 'ચિદ્વિલાસ'માં લીધું છે, નિશ્ચયથી તો એનો ભાવ વેરી હોય, બીજો વેરી હોય નહિ. એવું લીધું છે. 'દીપચંદજી'એ લીધું છે. સમજાણું? નિશ્ચયથી તો એનો ભાવ વેરી હોય, પરદ્રવ્ય વેરી હોય? એ તો નિમિત્તથી વાત કરે છે.

એમાં 'ચિદ્‌વિલાસ'માં લખ્યું છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આનંદની મૂર્તિ પ્રભુ, વીતરાગસ્વભાવી, એનાથી વિરૂદ્ધ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ, એ એના વેરી છે. કર્મ તો બિચારા જડ છે. પણ અહીં નિમિત્તથી કથન છે ને એટલે એણે લીધું. સમજાણું કાંઈ? એમાં આવે છે. ખબર છે? ખબર નહિ હોય. એય..! આવે છે ને? નિશ્ચયનો અધિકાર જ્યાં છે ને? વ્યવહાર નિશ્ચયના બે બોલ. 'આત્માવલોકન'માં, 'ચિદ્‌વિલાસ'માં બેય ઠેકાણે છે. નિશ્ચયથી પોતે પોતાનો ભાવ તે વેરી હોય. બીજાનો ભાવ તે વેરી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પછી આવશે.

ભગવાનઆત્મા પૂર્ણાનંદ વીતરાગની મૂર્તિ આ તો આત્મા છે, વસ્તુ. અનંત આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ આત્મા છે. એનાથી વિરૂદ્ધ રાગ તે હું, પુણ્ય તે હું, આવો સ્વભાવ તે હું નહિ, એવી મિથ્યાત્વ માન્યતા એ જ આત્માની વેરી છે. 'ચિદ્‌વિલાસ'. છે ક્યાંક છે. મારામાં ચિહ્ન કર્યું છે. નિશ્ચયનો અધિકાર છે ને એમાં. મારામાં ચિહ્ન હોય ને. આમાં ન હોય. ...

અહીં કહે છે કે ખરેખર વેરી તો આત્મા આનંદની મૂર્તિ પ્રભુ, એનાથી વિરૂદ્ધની ઇચ્છાઓ અને મિથ્યાત્વભાવ, એ દુઃખરૂપ છે. ઇચ્છામાં રાગ-દ્વેષ આવ્યા અને મિથ્યાત્વભાવ. એને જેણે આત્માના આનંદના આશ્રયે હણી નાખ્યા અને કેવળજ્ઞાન પ્રગટ્યું, એવા ભગવાનને પહેલું વંદન કરીને હું ચારિત્રપાહુડ કહીશ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૫ ગાથા-૧ થી ૪, મંગળવાર, અષાઢ સુદ ૧૦, તા. ૧૪-૦૭-૧૯૭૦

'અષ્ટપાહુડ'માં 'ચારિત્રપાહુડ' ત્રીજો ભાગ છે. પહેલી બે ગાથા. અરિહંતને વંદન કરે છે. 'કુંદકુંદાચાર્યદેવ' ચારિત્રપાહુડ કહેવાને માંગલિકરૂપે અરિહંતને અને સર્વજ્ઞદેવને વંદન કરે છે. વંદન કરીને હું આવું ચારિત્ર, જેનું ફળ કેવળજ્ઞાન (છે), એવા પરમાત્માને આદરીને ચારિત્ર કહું છું, એમ કહે છે. અર્હંતની વ્યાખ્યા કરી.

**'સંસ્કૃતકી અપેક્ષા 'અર્હ' ઐસા પૂજા અર્થમેં ધાતુ હૈ...'** અર્હન્. 'ર'માં રજ અને 'ર'માં રહસ્ય. એવા બે અર્થ કરી, જેણે અરિ એટલે મોહકર્મ 'ર' એટલે જ્ઞાનાવરણી, દર્શનાવરણી રજ અને 'ર' એટલે રહસ્ય અંતરાય. નાશ કર્યો છે. એટલે અસ્તિ હતા એને હણ્યા છે. જોયું! હંત કહ્યું છે ને? અરિહંતા છે ને? હણ્યા છે. એ ગયા માટે કેવળ થયું છે એમ નથી કહ્યું. હણ્યા છે. અરિહંત શબ્દમાં જ ઇ છે. એવા અરિહંત, જેને ચાર ઘાતિકર્મનો નાશ થયો છે. એને વંદન કરું છું. અથવા સંસ્કૃત અપેક્ષાએ 'અર્હન્... અર્હન્' એનો શબ્દ છે. **'ઐસા પૂજા અર્થમેં ધાતુ હૈ...'** પૂજા.. પૂજાને યોગ્ય. અર્હમ્ એટલે પૂજાને લાયક એવા ભગવાન.

**'અર્હન્ ઐસા નિષ્પન્ન હો તબ પૂજા યોગ્ય હો ઉસકો અર્હંત કહતે હૈં...'** જે પૂજવાને લાયક એવી દશાવંત હોય એને અરિહંત કહેવામાં આવે છે. અર્હન્ કહેવામાં આવે છે. **'વહ ભવ્ય જીવોંસે પૂજ્ય હૈ.'** 'ભવ્ય જીવોંસે પૂજ્ય હૈ.' પાઠમાં એ શબ્દ છે. **'भव्यजीवेहिं'**. અભવ્ય જીવ ભગવાનને ન

પૂજે. કારણ કે જેને રાગની રુચિ છે એ અંતરમાં વીતરાગને પૂજ્ય ન માની શકે. જેને રાગની રુચિ છે, એ વીતરાગ રાગ રહિત છે, એને અંતરથી વંદન નહિ કરી શકે.

મુમુક્ષુ :- અંતરથી એટલે?

ઉત્તર :- અંતરથી એટલે બાહ્યથી તો ભગવાનને વંદન કરે એમ કરે છે. પણ અંતરમાં રાગનો જેને પ્રેમ છે, એ વીતરાગ એવા પરમાત્માને વંદન કરવાને લાયક નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજ મેં નહીં આયા.

ઉત્તર :- સમજ મેં નહીં આયા. અચ્છા. બહુત અચ્છા. એમ કહ્યું કે અર્હંમ પૂજવા લાયક છે. કોને? ભવ્ય જીવને. જે ભવ્ય જીવ મોક્ષને પ્રાપ્ત થવા લાયક (છે), એને પૂજવા લાયક છે. એટલે કે જેને રાગનો પ્રેમ, રુચિ ગઈ છે અને સ્વભાવની રુચિ થઈ છે એવા જીવને પૂર્ણ પ્રાપ્ત સર્વજ્ઞને, અરિહંતને પૂજવા લાયક એ માને છે. રાગના પ્રેમવાળા વીતરાગી ભાવને, તદ્દન કોઈનું કાંઈ કરે નહિ, વિકલ્પ ઊઠે નહિ, એવાને રાગના રસિયા વીતરાગને પૂજવા યોગ્ય નહિ માની શકે. એ... 'સેઠી'! સમજ મેં આયા? સમજાય છે કાંઈ?

**'भव्यजीवेहिं'** પાઠ છે ને મૂળમાં? **'भव्यजीवेहिं'**. એવા ભગવાનને પૂજવા લાયક છે. **'भव्य जीवोंसे पूज्य हैं.'** આચાર્યે સ્તુતિમાં એમ કહ્યું, ચોવીસ ભગવાનની સ્તુતિ કરી ને? હે પરમાત્મા! ... જેને રાગની ગાંઠ છે, એવા અભવીજીવો આપને નહિ માને, આપને નહિ વંદન કરે. કારણ કે રાગના પ્રેમવાળા(ને), વીતરાગની રુચિ સ્વભાવમાં જાગી નથી એટલે વીતરાગ પૂર્ણ કેવા હોય એ એને ખ્યાલમાં અને પ્રતીતમાં આવતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખ્યાલમાં આવતા નથી.

ઉત્તર :- ખ્યાલમાં આવતા નથી. વીતરાગ આવા હોય એમ ખ્યાલ ક્યાંથી આવે? રાગથી રુચિ ટળીને આવો સ્વભાવ (છે), એવી પૂર્ણતા વીતરાગ એને ખ્યાલમાં આવે. સમકિતીને ખ્યાલમાં આવે. સમજાણું કાંઈ? આવી પૂર્ણ વીતરાગતા, વીતરાગતાનો બિંબ પ્રભુ આત્મા, એની પર્યાયમાં વીતરાગતા થઈ ગઈ. એવું એને લક્ષમાં ક્યારે આવે? કે રાગની રુચિ છૂટીને આત્મા વીતરાગની દૃષ્ટિ થઈ હોય, એ વીતરાગ પૂર્ણ દશાને પૂજવાને લાયક માને, એમ કહે છે. સમજાણું કાંઈ?

કારણ કે જેને રાગ જ બહુમાનપણામાં વર્ત્યો હોય એને રાગ રહિત વીતરાગતા બહુમાનપણામાં શી રીતે આવે? એમ કહે છે, મૂળ તો. આહાહા..! શું વીતરાગની શૈલી! શું સંતોની કથનીની પદ્ધતિ! જેને ભગવાનઆત્મા તદ્દન વિકલ્પ અને રાગના ભાવ વિનાનો (છે),... સમજાણું?

હમણાં ...નું સાંભળ્યું હતું? વાંચ્યું? હમણાં લાવ્યો છોકરો. આ..હા..! ત્રાસ...ત્રાસ.. ત્રાસ.. ચૌદ મરી ગયા. છાપું લાવ્યો હતો. છોકરો લાવ્યો હતો, સવારમાં લાવ્યા હતા. ત્રાસ.. ઉંદરને કાગડા ખાતા હતા. .... આવા ત્રાસ, એવા જે જન્મ-મરણના દુઃખ, એને ટાળવાનો ઉપાય તો અંતર્મુખ દૃષ્ટિ કરવી એ છે. જે તત્ત્વમાં નથી ભવ, નથી ભાવ, નથી આધિ, નથી વ્યાધિ, નથી દુઃખ, નથી શોક. જે ભાવ સંયોગને માગતો નથી. સમજાણું કાંઈ? એવો સ્વભાવ ભગવાનઆત્માનો (છે) કે એ સંયોગને માગતો નથી, સંયોગથી થતો નથી અને સંયોગના આધિ, વ્યાધિ આદિ દુઃખ

એનામાં છે જ નહિ. ભવ નથી અને ભવના ભાવ પણ નથી. આહાહા..! એ શરણ કર્યા વિના આ જગતમાં કોઈ ઉપાય નથી. સમજાણું? સમજાણું કાંઈ?

એ ભવ્યજીવને પૂજવા લાયક છે, લ્યો! પૂજ્ય હૈ, ત્યાં સુધી આવ્યું. બે અર્થ થયા. એક-અર્હંત, એક-અર્હન્. અર્હંત-એમાં ચાર કર્મોનો નાશ કર્યો એવા અરિહંત લીધા. પછી અર્હન્ (એટલે) ભવ્ય જીવને પૂજવા લાયક. એવો અર્હન્ પૂજ્ય ધાતુમાંથી (અર્થ કાઢ્યો). સમજાણું કાંઈ? આહાહા..! ત્રીજી વાત.

**'પરમેષ્ઠી કહને સે પરમ ઇષ્ટ અર્થાત્ ઉત્કૃષ્ટ પૂજ્ય હો ઉસે પરમેષ્ઠી કહતે હૈં...'** સમજાણું? છેલ્લો પરમેષ્ઠી શબ્દ છે. પહેલા પદનો છેલ્લો શબ્દ. **'પરમ ઇષ્ટ અર્થાત્ ઉત્કૃષ્ટ પૂજ્ય હો ઉસે પરમેષ્ઠી કહતે હૈં.'** **'પરમ ઇષ્ટ અર્થાત્ ઉત્કૃષ્ટ પૂજ્ય હો ઉસે પરમેષ્ઠી કહતે હૈં.'** એક વાત, એક વાત ઇ. પરમેષ્ઠીનો એક અર્થ ઇ. પરમ ઇષ્ટ. પરમ પૂજવા લાયક વસ્તુ તે પરમ ઇષ્ટ.

**'અથવા પરમ જો ઉત્કૃષ્ટપદ મેં તિષ્ઠે વહ પરમેષ્ઠી હૈ.'** પોતાનું પરમપદ વીતરાગ આનંદમૂર્તિ, એમાં ઠરે એ પરમેષ્ઠી. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ અનાકુળ આનંદનું ધામ, પૂર્ણ સ્વભાવ પરમ તિષ્ઠ. તિષ્ઠ-ઠરે. એમાં ઠરે, રહે-તિષ્ઠે. એવા હોય તે પરમેષ્ઠી છે. પંચ પરમેષ્ઠી અરિહંત આદિ પરમપદમાં રહ્યા છે માટે પરમેષ્ઠી છે. એમ ને એમ પરમેષ્ઠી પરમેષ્ઠી કરે એમ નહિ. બે પ્રકારે અર્થ કર્યો. પરમ ઇષ્ટ નામ પરમ પૂજવા લાયક હોય તે પરમેષ્ઠી અને જે પોતે પણ પરમ સ્વભાવમાં રહ્યા હોય માટે પરમેષ્ઠી. બે વાત લીધી. પરમ પદમાં એટલે પૂજવા લાયક છે માટે પરમેષ્ઠી અને પોતે પણ પરમપદમાં તિષ્ઠ છે માટે પરમેષ્ઠી. સમજાણું કાંઈ? રાગમાં અને પુણ્યમાં તિષ્ઠ તો અનાદિ અજ્ઞાની છે.

જે પરમ ભગવાનઆત્મા, એકલો જ્ઞાનનો સ્વભાવ જેમાં વિકલ્પની, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય (એવા) વિકલ્પની જેમાં ગંધ નથી, વાસ નથી, વાસ નથી. આહાહા..! એવો ભગવાનઆત્માનો સ્વભાવ, એમાં ઠર્યા છે. પરમેષ્ઠી. એમાં ઠર્યા, તિષ્ઠ્યા. માટે તેને પરમેષ્ઠી કહેવામાં આવે છે. **'ઇસપ્રકાર ઇન્દ્રાદિક સે પૂજ્ય અરહન્ત પરમેષ્ઠી હૈં.'** **'ઇસપ્રકાર ઇન્દ્રાદિક...'** ધર્માત્મા જે મહાપુરુષોથી **'અરહન્ત પરમેષ્ઠી હૈં.'** વળી કેવા છે સર્વજ્ઞ? હવે સર્વજ્ઞ કહે છે.

**'સર્વજ્ઞ હૈ, સબ લોકાલોકસ્વરૂપ ચરાચર પદાર્થોં કો પ્રત્યક્ષ જાને વહ સર્વજ્ઞ હૈ.'** એ અરિહંતના વિશેષણ કરીને આ વર્ણવે છે અત્યારે. પછી સર્વજ્ઞના વિશેષ ગણીને બધા વર્ણવવા હોય તોપણ વર્ણવી શકાય, એમ નીચે લેશે. સમજાણું કાંઈ? આ અર્હંતનું વિશેષણ. અરિહંત આવા અને ઇ અરિહંત સર્વજ્ઞ હોય, એમ. **'સર્વજ્ઞ હૈ, સબ લોકાલોકસ્વરૂપ ચરાચર...'** ચરાચર (અર્થાત્) ગતિ અને સ્થિર (કરનારા) બધા પદાર્થને પ્રત્યક્ષ જાણે. પૂર્ણ **'પ્રત્યક્ષ જાને વહ સર્વજ્ઞ હૈ.'** અરિહંત એ સર્વજ્ઞ છે. પૂજવા લાયક છે, પરમપદમાં સ્થિત છે અને સર્વજ્ઞ છે. એવા પરમાત્માને વંદન કરીને હું ચારિત્રપાહુડ કહીશ, એમ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે, **'સર્વદર્શી અર્થાત્ સર્વ પદાર્થોં કો દેખનેવાલે હૈં.'** અરિહંત કેવા છે? જાણવવાળા છે સર્વને એમ દેખવાવાળા છે. ચૈતન્યની બધી કળી પૂરી ખીલી ગઈ છે. સર્વદર્શી થઈ ગયા છે.

દેખવામાં કાંઈ બાકી રહ્યું નથી. સામાન્ય (કહ્યું). પહેલું વિશેષ (કહ્યું) પછી સામાન્ય કહ્યું. વળી કેવા છે? **'નિર્મોહ હૈં,...'** અરિહંત પરમેષ્ઠી નિર્મોહ છે. **'મોહનીય નામ કે કર્મ કી પ્રધાન પ્રકૃતિ મિથ્યાત્વ હૈ ઉસસે રહિત હૈં.'** લ્યો. નિર્મોહની વ્યાખ્યા પહેલી કરી. બીજી (કરે છે). કેવા છે? **'વીતરાગ હૈં,...'** એમ શબ્દ છે ને એમાં? **'णिम्मोहा वीयराय'** એનો અર્થ કરે છે. નિર્મોહમાં મિથ્યાત્વ રહિત. વીતરાગમાં ચારિત્રમોહના દોષ રહિત. સમજાય છે કાંઈ? જુઓ! આ 'કુંદકુંદાચાર્ય'ના પોતાના વચનો છે. આહાહા..! **'મોહનીયનામ કે કર્મ કી પ્રધાન પ્રકૃતિ મિથ્યાત્વ હૈ ઉસસે રહિતે હૈં.'**

વળી કેવા છે? **'વીતરાગ હૈં, જિસકે વિશેષરૂપ સે રાગ દૂર હો ગયા હો સો વીતરાગ હૈ,...'** રાગ દૂર થયો હોય એને દ્વેષ તો દૂર થયો હોય જ. એટલે વીતરાગમાં રાગ-દ્વેષ રહિત કીધા. **'ઉનકે ચારિત્ર મોહનીય કર્મ કે ઉદય સે (ઉદયવશ) હો ઐસા રાગદ્વેષ ભી નહીં હૈ.'** લ્યો. વીતરાગ શબ્દ થયો. વળી અરિહંત ભગવાન કેવા છે? **'ત્રિજગદ્વંદ્ય હૈં,...'** ત્રણ જગતને પૂજવા લાયક છે. વળી અજ્ઞાની ન પૂજે, એમ આવ્યું હતું ને? પણ એ અજ્ઞાની ગણતરીમાં નથી. જગતના માણસો જે ઊંચા છે એને એ પૂજ્ય છે. એ બધા એમાં આવી ગયા. સમજાણું કાંઈ? કારણ કે સાધારણ પ્રાણીઓ ગરીબ હોય એ તવંગરને ઊંચા માને, તવંગર રાજાને ઊંચા માને, રાજા ઇન્દ્રને માને, ઇન્દ્ર ભગવાનને માને. કહો, સમજાણું કાંઈ? એકેન્દ્રિય ન માને એનું કાંઈ નહિ. એના સ્વભાવમાં તો બહુમાન થવાનો સ્વભાવ છે જ નહિ આત્મામાં. સમજાણું કાંઈ? કહે છે, જગતવંદ્ય છે. **'તીન જગત કે પ્રાણી તથા ઉનકે સ્વામી...'** દેખો! ત્રણ જગતના પ્રાણી અને એના સ્વામી. **'ઇન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી...'** ચક્રવર્તી મનુષ્યમાં લીધા, ઇન્દ્ર વૈમાનમાં મોટા લીધા, ધરણેન્દ્ર ભવનમાં (લીધા). એમાં વ્યંતર આદિ. તેમનાથી **'વંદને યોગ્ય હૈં.'** ભગવાન એનાથી વંદવા લાયક છે.

**'ઇસપ્રકાર સે અરહન્ત પદ કો વિશેષ્ય કરકે...'** એ અરિહંતપદનું વિશેષ અને આ બધા એના વિશેષણો. સર્વજ્ઞ, સર્વદર્શી, નિર્મોહ, વીતરાગ, પરમેષ્ઠી એના વિશેષણ કર્યા. અરિહંતપદને લક્ષમાં લઈ આ બધા વિશેષણોથી એને નમસ્કાર કર્યા. **'સર્વજ્ઞ પદ કો વિશેષ્ય કરકે ઔર અન્ય પદોં કો વિશેષણ કરને પર ઇસપ્રકાર ભી અર્થ હોતા હૈ,...'** ઇ શું કહ્યું? કહે છે કે પહેલું પદ જે સર્વજ્ઞનું હતું કે સર્વજ્ઞ કેવા હોય? કે સર્વદર્શી હોય, નિર્મોહ હોય, વીતરાગ હોય, પરમેષ્ઠી હોય, ત્રણ જગને ભવ્ય જીવને વંદનીક હોય. એ રીતે સિદ્ધને સર્વજ્ઞને કહીએ તોપણ આ બધા વિશેષણો લાગુ પડે. સમજાય છે કાંઈ? શું કહ્યું ઇ?

મુમુક્ષુ :- સર્વજ્ઞને પણ લાગુ પડે.

ઉત્તર :- એટલે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સિદ્ધ નહિ, સર્વજ્ઞ. સર્વજ્ઞપદમાં. સિદ્ધને નહિ. એટલું ખોટું થઈ ગયું.

અરિહંત પદને આ બધા વિશેષણો કહ્યા. સર્વજ્ઞ, સર્વદર્શી, નિર્મોહ, વીતરાગી, પરમેષ્ઠી. અને સર્વજ્ઞથી લાગુ પડે તો સર્વજ્ઞ કેવા? સર્વદર્શી, નિર્મોહ, વીતરાગ, પરમેષ્ઠી, અરહંતા. એ પણ અરિહંત છે. એ ભવ્ય જીવને વંદનિક છે. સમજાણું કે નહિ? આહા..! 'કુંદકુંદાચાર્ય'ના એક એક

શબ્દમાં કેટલી ગંભીરતા છે! જુઓને! મુનિઓ જંગલમાં રહી આવા શાસ્ત્રો બની ગયા. જૈનધર્મનું રહસ્ય આખો મૂળ માર્ગ (પ્રસિદ્ધ કરી દીધો). એક પદની વ્યાખ્યા થઈ.

'**વહાં અરહન્ત ભવ્યજીવોં સે પૂજ્ય હૈં, ઇસપ્રકાર વિશેષણ હોતા હૈ.**' થયું? વળી, '**ચારિત્ર કૈસા હૈ?**' હવે ચારિત્રની વ્યાખ્યા આવે છે. બીજા પદની. '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર યે તીન આત્મા કે પરિણામ હૈં,...**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ આત્માના નિર્મળ શુદ્ધ ત્રણ પરિણામ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ગુણ નથી. ત્રણ પરિણામ છે, ત્રણ પર્યાય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન આત્માના અનુભવની, શુદ્ધ ચૈતન્યદ્રવ્યની પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં રમણતા એવા જે ચારિત્ર, ત્રણ આત્માના પરિણામ છે. વીતરાગી ત્રણે આત્માના પરિણામ છે. '**ઉનકે શુદ્ધતા કા કારણ હૈ...**' કોને કહે છે? કે ચારિત્ર જે છે, એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, ત્રણેની શુદ્ધતાનું કારણ છે. વીતરાગી ચારિત્ર જે છે, મોક્ષના માર્ગનો ભાવ એ ચારિત્ર, સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણેને શુદ્ધિનું કારણ છે. સમ્યગ્દર્શન પણ પરમ અવગાઢ થાય છે. સમ્યગ્જ્ઞાન પણ વિશેષ નિર્મળ થાય છે. ચારિત્ર પણ વિશેષ નિર્મળ થાય છે. સમજાણું કાંઈ? જુઓ! આ સમ્યગ્દર્શન, જ્ઞાન પછી ચારિત્ર હોય. એની આ વ્યાખ્યા છે. ...

'**ચારિત્ર અંગીકાર કરને પર...**' વસ્તુ સ્વરૂપ ભગવાનઆત્મા સમ્યગ્દર્શનમાં, ભાનમાં પ્રતીત આવ્યે અને એનું જ્ઞાન થયે, ચારિત્ર એટલે સ્વરૂપમાં લીનતા અંગીકાર કર્યે. '**સમ્યગ્દર્શનાદિ પરિણામ નિર્દોષ હોતા હૈ.**' લ્યો. સમ્યગ્દર્શન તો નિર્દોષ છે પણ એને વિશેષ નિર્દોષતાનું વીતરાગી સમકિત કહેવામાં આવે. પેલો રાગ છે એટલે. સમકિત તો વીતરાગી જ છે. પણ રાગ છે ત્યાં સુધી વ્યવહારે પણ એને સરાગી સમકિત કહેવાય. પણ જ્યાં વીતરાગ ચારિત્ર થયું એ સમકિત પણ વીતરાગ ચારિત્ર, એ અપેક્ષાની વાત છે. સમજાણું કાંઈ? પર્યાયે પર્યાયનો જવાબ દીધો છે. આવું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય હોય નહિ.

કહે છે કે, આત્મા સમ્યગ્દર્શન પામ્યો. પછી સમ્યગ્જ્ઞાન પામ્યો. બે અધિકાર થયા ને? પછી જ્યારે ચારિત્ર નામ સ્વરૂપમાં રમણતા અંગીકાર કરે છે. જેને 'પ્રવચનસાર'માં કહ્યું ને? સામ્ય અંગીકાર કરું છું. સામ્ય એટલે વીતરાગી ભાવ, શુદ્ધઉપયોગને અંગીકાર કરું છે, તે ચારિત્ર. પંચ મહાવ્રતના વિકલ્પ-ફિકલ્પ એ ચારિત્ર નહિ. આહાહા...! ભારે વાત. ભારે વાંધા. બીજા તો કહે પણ આ પણ કહે છે, 'રતનચંદજી'. મહાવ્રત એ સંવર, નિર્જરા છે, ચારિત્ર છે. લીન થાય, સ્થિર થાય, રમે, વીતરાગી પર્યાય પ્રગટ થાય એ ચારિત્ર ત્રણેની શુદ્ધિનું કારણ છે અને તેથી સમ્યગ્દર્શન આદિના પરિણામ નિર્દોષ થાય છે. ચારિત્રને લઈને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્ર પોતે ત્રણે નિર્દોષ થાય છે. સમજાણું કાંઈ?

વળી, ચારિત્ર કેવું છે? એ બીજા ગાથાનો આ અર્થ છે. '**ચારિત્ર મોક્ષ કે આરાધન કા કારણ (હેતુ) હૈ,...**' આહાહા...! પૂર્ણ વીતરાગી કેવળજ્ઞાન. કેવળજ્ઞાન પામવાનો હેતુ ચારિત્ર છે. સમજાણું કાંઈ? સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન, એમાં લીનતા તે મોક્ષના આરાધનનો હેતુ છે. મોક્ષનું એ કારણ છે. માટે મોક્ષનું આરાધન, એ મોક્ષની સેવા કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગી ચારિત્ર

જે મુનિ અંગીકાર કરે છે એ મોક્ષને સેવે છે, મોક્ષનું આરાધન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઇસપ્રકાર ચારિત્ર કે પાહુડ (પ્રાભૃત) ગ્રંથ કો કહૂંગા...'** લ્યો. એનો આ ગ્રંથ લખશું, એમ કહે છે. આવા ચારિત્રના ભાવને વર્ણવવાનું શાસ્ત્ર હું આ કહું છું. **'ઇસપ્રકાર આચાર્યને મંગલપૂર્વક પ્રતિજ્ઞા કી હૈ.'** માંગલિકપૂર્વક પ્રતિજ્ઞા કરી છે. ભગવાનને હું વંદન કરીને આવા ચારિત્ર જે દર્શન, જ્ઞાન, ચારિત્રને નિર્મળ કરનાર (છે) અને મોક્ષનું આરાધન કરનાર (છે) એવા ચારિત્રને હું આ ગ્રંથમાં, આ અધિકારમાં કહીશ. સમજાણું કાંઈ?

---

आगे सम्यग्दर्शनादि तीन भावोंका स्वरूप कहते हैः-

**जं जाणइ तं णाणं, जं पेच्छइ तं च दंसणं भणियं।**
**णाणस्स पिच्छियस्स य, समवण्णा होइ चारित्तं।।3।।**

यज्जानाति तत् ज्ञानं यत् पश्यति तच्च दर्शनं भणितम्।
ज्ञानस्य दर्शनस्य च समापन्नात् भवति चारित्रम्।।3।।

જે જાણતું તે જ્ઞાન, દેખે તેહ દર્શન ઉક્ત છે;
ને જ્ઞાન-દર્શનના સમાયોગે સુચારિત હોય છે. ૩.

अर्थ :- जो जानता है वह ज्ञान है, जो देखता है वह दर्शन है ऐसे कहा है। ज्ञान और दर्शनके समायोगसे चारित्र होता है।

भावार्थ :- जाने वह तो ज्ञान और देखे, श्रद्धान हो वह दर्शन तथा दोनों एकरूप होकर स्थिर होना चारित्र है।।3।।

---

## ગાથા-૩ ઉપર પ્રવચન

**'આગે સમ્યગ્દર્શનાદિ તીન ભાવોં કા સ્વરૂપ કહતે હૈં.'** હવે ત્રણનું સ્વરૂપ કહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર.

**जं जाणइ तं णाणं, जं पेच्छइ तं च दंसणं भणियं।**
**णाणस्स पिच्छियस्स य, समवण्णा होइ चारित्तं।।3।।**

**અર્થ :- 'જો જાનતા હૈ વહ જ્ઞાન હૈ.'** કોને જાણે? આત્માને જાણે તે જ્ઞાન. સમજાણું કાંઈ? આત્મા ભગવાન ચિદાનંદ સ્વરૂપ, એને જાણે તે જ્ઞાન. થઈ ગયું, એ તો અંતર્મુખ થઈ ગયું. વળી **'જો દેખતા હૈ વહ દર્શન હૈ.'** દેખે એટલે શ્રદ્ધે. એવી રીતે જેવો જાણ્યો એવો શ્રદ્ધે, એને સમકિત કહે છે. સમજાણું કાંઈ? જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા. કેટલાક કહે કે ચારિત્રનું કથન તો ત્યાં કરતા નથી. દર્શન અને સમકિતની જ વાત કરે છે. તો આ શું છે? **'ઐસે કહા હૈ.'**

**'જ્ઞાન ઔર દર્શન કે સમાયોગ સે...'** સમજાણું? દર્શન અને જ્ઞાનની અંદરમાં એકતાની

સ્થિરતા (થવી) એને ચારિત્ર કહે છે. મહાવ્રત આદિના વિકલ્પમાં સ્થિરતા એ ચારિત્ર નહિ. આહાહા..! ભગવાનઆત્મા દર્શન અને જ્ઞાન, એવી જે નિર્મળ પર્યાય પ્રગટી એના સમાયોગમાં એકત્વ થવું, એકત્વ થવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. નગ્નપણું કે લૂગડાં છોડ્યા માટે એ ચારિત્ર (એમ) નહિ, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એ ચારિત્ર નહિ. આહાહા..! દર્શન, જ્ઞાને જે આત્માને શ્રદ્ધ્યો, આત્માને જાણ્યો... એ આગળ કહેશે, એ એક એક ગુણ અનંત છે. ગુણ એટલે પર્યાય. સમજાણું કાંઈ? આત્માની શ્રદ્ધા કરી એ પણ અનંત છે, એનું જ્ઞાન કર્યું એ અનંત છે. પાર વિનાની શક્તિ છે. પર્યાય, હોં! અને સ્વરૂપમાં સ્થિરતા એ પાર વિનાની શક્તિ છે. પર્યાય. સમજાણું કાંઈ? અનંતા ગુણનો દરિયો ભગવાન, એને જેણે જાણ્યો એ જ્ઞાનમાં અનંતતા આવી. એવા અનંતને શ્રદ્ધે તે અનંતતા આવી. એવા અનંતમાં સ્થિરતા થાય એ પણ અનંતતા આવી. આહાહા..! એમ દરેક ગુણની પર્યાયમાં અનંતતા લઈ લેવી. અહીં તો ત્રણનું અત્યારે મોક્ષમાર્ગમાં કામ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, એની કોઈ પણ ગુણની પર્યાય એ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રની સાથે રહી છે ને? એ બધાને માટે વીર્ય આદિ કામ કરે છે ને? એ બધું અનંત જ છે. આહાહા..! જેની પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ પાર ન આવે એટલા છે, કહે છે. સમજાણું કાંઈ? એમાં એકત્વગત થવું એ ચારિત્ર છે.

**ભાવાર્થ :-** **'જાને વહ તો જ્ઞાન ઔર દેખે, શ્રદ્ધાન હો, વહ દર્શન તથા દોનોં એકરૂપ હોકર સ્થિર હોના ચારિત્ર હૈ.'** આ શ્રદ્ધા અને આ જ્ઞાન, એમ ભેદ ન રહેતાં સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન સહિતમાં સ્થિરતા થઈ જવી એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. ચારિત્રની વાતમાં પણ વાંધા. આહાહા..! એકે એક તત્ત્વમાં વાંધા. એકમાં વાંધા (એટલે) બધામાં વાંધા. **'એકરૂપ હોકર સ્થિર હોના ચારિત્ર હૈ.'** દર્શન-સાચું સમ્યક્, સમ્યક્ છે ને ઇ? અને પદમાં ઇ છે ને? એમાં જુઓને! **'णाणं दंसणं समवण्णा होइ चरित्तं'** એમ છે ને બીજું પદ? **'समवण्णा'** એટલે સમ્યક્ ચારિત્ર. ત્રીજી ગાથા. જ્ઞાન, દર્શન, સમ્યક્ ચારિત્ર. ....

**'જાને વહ તો જ્ઞાન ઔર દેખે, શ્રદ્ધાન હો, વહ દર્શન તથા દોનોં એકરૂપ હોકર...'** એનો અર્થ શું થયો? કે જે જ્ઞાને સ્વને જાણ્યો એ જ્ઞાન, જે શ્રદ્ધાએ સ્વને શ્રદ્ધી એ જ્ઞાન, એમાં એકાગ્ર થવું. અંતરમાં એકાગ્ર થવું છે ને? એટલે પેલી દર્શન, જ્ઞાન પણ અંતર્મુખની પર્યાય થઈ. એમ. એમાં એકાગ્રતા ઇ ચારિત્ર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- કહ્યું ને? અનંત અનંત ગુણનો ભગવાન સ્વભાવસાગર (છે), એનું જ્ઞાન. એનું જ્ઞાન ક્યારે થાય? એની સન્મુખ અને એની અંતર્મુખ થાય તો. એની સન્મુખ અને એની અંતર્મુખ હોય તો. શ્રદ્ધા ક્યારે થાય? કે એની સન્મુખ અને અંતર્મુખ હોય તો. ચારિત્ર ક્યારે થાય? કે પેલા દર્શન, જ્ઞાન જે અંતર્મુખ છે એમાં સ્થિર થવું, તો અંતર્મુખ થાય તો (ચારિત્ર થાય). આહા..! ગજબ વાત છે! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી સાક્ષાત્ ભગવાનની શૈલી જેવી છે એકદમ! સાદૃશ્ય એના ખ્યાલમાં

આવી જાય એવી રીતે. એવું ટૂંકુ અને ઘણું મળતું કથન છે.

મુમુક્ષુ :– સમજાવવાની શૈલી પણ એવી જ છે.

ઉત્તર :– એમાં છે ને! એમાં છે. એમાં થાય છે ને.

---

आगे कहते हैं कि जो तीन भाव जीवके हैं उनकी शुद्धताके लिये चारित्र दो प्रकारका कहा है:-

**एए तिण्णि वि भावा, हवंति जीवस्स अक्खयामेया।**
**तिण्हं पि सोहणत्थे, जिणभणियं दुविह चारित्तं।।4।।**

एते त्रयोऽपि भावाः भवंति जीवस्य अक्षयाः अमेयाः।
त्रयाणामपि शोधनार्थं जिनभणितं द्विविधं चारित्रं।।4।।

આ ભાવ ત્રણ આત્મા તણા અવિનાશ તેમ [૧]અમેય છે;
એ ભાવત્રયની શુદ્ધિ અર્થે દ્વિવિધ ચરણ જિનોક્ત છે. ૪.

अर्थ :- ये ज्ञान आदिक तीन भाव कहे, ये अक्षय और अनन्त जीवके भाव हैं, इनको शोधनेके लिये जिनदेवने दो प्रकारका चारित्र कहा है।

भावार्थ :- जानना, देखना और आचरण करना ये तीन भाव जीवके अक्षयानंत हैं, अक्षय अर्थात् जिसका नाश नहीं है, अमेय अर्थात् अनन्त जिसका पार नहीं है, सब लोकालोकको जाननेवाला ज्ञान है, इसप्रकार ही दर्शन है, इसप्रकार ही चारित्र है तथापि घातिकर्मके निमित्तसे अशुद्ध हैं, जो ज्ञान-दर्शन-चारित्ररूप हैं इसलिये श्री जिनदेवने इनको शुद्ध करनेके लिये इनका चारित्र (आचरण करना) दो प्रकारका कहा है।।4।।

---

## ગાથા-૪ ઉપર પ્રવચન

**‘આગે કહતે હૈં કિ જો તીન ભાવ જીવ કે હૈં ઉનકી શુદ્ધતા કે લિયે ચારિત્ર દો પ્રકાર કા કહા હૈ :-’** શું કહે છે હવે? એ ત્રણ ભાવ જે (કહ્યા) એ જીવના છે. ઇ પુદ્‌ગલના નથી, રાગના નથી. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે ભાવ જીવના છે. એમ કહીને કહે છે કે પુદ્‌ગલના નહિ, રાગના નહિ. સમજાણું કાંઈ? વીતરાગ સ્વભાવ આત્મા, એના એ ત્રણ પરિણામ છે, એના એ ત્રણ ભાવ છે. સમજાય છે? આહાહા..! **‘ઉનકી શુદ્ધતા કે લિયે ચારિત્ર દો પ્રકાર કા કહા હૈ.’** એ ત્રણની શુદ્ધતા માટે ચારિત્રના બે પ્રકારનું વર્ણન કરશું. એક–સમ્યગ્દર્શન ચરણ ચારિત્ર. એક–ચારિત્રસ્વરૂપ ચારિત્ર. બે પ્રકારના ચારિત્ર. સમ્યગ્દર્શનનું

---

૧. અમેય = અમાપ

ચારિત્ર અને ચારિત્રનું ચારિત્ર. એવા બે પ્રકારના (ચારિત્ર) ત્રણની શુદ્ધિને માટે (કહેશે). ત્રણેની–દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધિ માટે. જુઓ! સમ્યક્ ચરણમાં જ આવ્યું. ત્રણની શુદ્ધિમાં આવ્યું કે નહિ? એય...! સમ્યગ્દર્શન ચરણ કહેશું એ પણ દર્શન, જ્ઞાન, ચારિત્રની ત્યાં શુદ્ધિ છે. ચારિત્ર જે છે એ પણ દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધિ છે.

**एए तिण्णि वि भावा, हवंति जीवस्स अक्खयामेया।**

**तिण्हं पि सोहणत्थे, जिणभणियं दुविह चारित्तं।।4।।**

આહા...! નાખ્યા ભગવાનને. ભગવાને આમ કહ્યું છે. **'एए तिण्णि वि भावा'** ભાવ શબ્દે અહીં આ પર્યાય છે. ભાવમાં દ્રવ્ય પણ આવે, ગુણ પણ આવે, પર્યાય પણ આવે. અહીંયા પર્યાયના અર્થમાં ભાવ છે. **'एए तिण्णि वि भावा हवंति जीवस्स अक्खयामेया। तिण्हं पि सोहणत्थ'** દર્શન, જ્ઞાન, ચારિત્રની શોધના અર્થે. શોધનાર્થે. **'जिणभणियं'** જિને કહ્યું. **'दुविहं चारित्तं'** બે પ્રકારનું ચારિત્ર, એ ત્રણની શુદ્ધિને માટે કહ્યું છે.

**અર્થ :- 'યે જ્ઞાન આદિક તીન ભાવ કહે...'** ભગવાનઆત્માનું જ્ઞાન, ભગવાનઆત્માની શ્રદ્ધા અને એમાં સ્થિરતા, એ ત્રણ ભાવ કહ્યા. **'યે અક્ષય...'** હૈ. કોઈ દિ' નાશ થાય એવા નથી. અવિનાશી છે, એ પર્યાય અવિનાશી છે. સમજાણું કાંઈ? અવિનાશીને અવલંબે પ્રગટી તે અવિનાશી છે. સમજાણું કાંઈ? રાગાદિ તો બધા નાશવાન, વિકલ્પ નાશવાન (છે). ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણે અક્ષય છે. સમજાણું?

**'અનન્ત...'** છે. **'अमेया'** મર્યાદા નથી. આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર **'अमेया'** – મર્યાદા નથી, કહે છે. મર્યાદા રહિત અનંત છે. આહાહા..! આ પૈસા-બૈસા અનંત ન હોય કોઈ પાસે. સમજાણું કાંઈ? આ તો એક એક પર્યાય અનંત છે. અનંતને જાણી છે, અનંતની શ્રદ્ધા છે અને અનંતમાં ઠર્યો છે. સમજાણું કાંઈ? એ અક્ષય છે. દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય અક્ષય છે. અનંત છે. એ **'અનન્ત જીવ કે ભાવ હૈં,...'** એ અનંત જીવની પર્યાય છે. સમ્યગ્દર્શન અનંત જીવની પર્યાય છે. સમ્યગ્જ્ઞાન અનંત જીવની પર્યાય છે, સ્વરૂપચારિત્રની રમણતા અનંત જીવની પર્યાય છે. સમજાણું કાંઈ ?

**'ઇનકો શોધને કે લિયે...'** શું કહે છે? એ ત્રણેની શુદ્ધિને અર્થે–શોધવાને માટે **'જિનદેવ ને દો પ્રકાર કા ચારિત્ર કહા હૈ.'** ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનદેવ પરમેશ્વર, એણે આ ત્રણને શોધવા માટે–શુદ્ધિને માટે બે પ્રકારનું ચારિત્ર કહ્યું. સરાગ ચારિત્ર, વીતરાગ ચારિત્ર એ વાત અહીંયા નથી. અહીં તો સમ્યગ્દર્શન ચારિત્ર અને ચારિત્રનું ચારિત્ર. સમ્યગ્દર્શન ચરણ ચારિત્ર અને એક ચારિત્રનું ચરણ ચારિત્ર. એવા બે પ્રકાર. સમ્યગ્દર્શન ચરણ ચારિત્ર. ખુલાસો આવશે એમાં. ... ઇ પછી તરત જ આવશે. આઠમી ગાથા. સમ્યગ્દર્શનચરણ ચારિત્ર. એમાં વાંધા છે ને? સમ્યક્ચરણ ચારિત્ર આને કહીએ. પેલા કહે, નહિ. એ તો નિઃશંક આદિ બોલ છે. સાંભળ ને! એ એની સ્થિરતાનું

અંગ છે. ન્યાં એકલું દર્શન ક્યાં છે. નિઃશંક, નિઃકાંક્ષિતમાં ભેગો સ્થિરતાનો અંશ છે.

મુમુક્ષુ :– ... જ્ઞાન વિના ચારિત્ર નહિ.

ઉત્તર :– છે ને. એની દર્શનની સાથે નિર્મળ પર્યાય ભેગી છે. નિઃશંક, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ એ બધી એની નિર્મળ પર્યાય છે. એક દર્શન, જ્ઞાનની પર્યાય છે? સાથે ચારિત્રની પર્યાય પણ ભેગી છે.

અહીં તો કહ્યું, દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધિને માટે સમ્યગ્દર્શનચરણ ચારિત્ર અને ચારિત્રચરણ ચારિત્ર, ભગવાને કહ્યું છે, એમ કહે છે. અરે...! મધ્યસ્થથી શાંતિથી (સાંભળે તો સમજાય એવું છે). પોતે પકડ્યું ને માન્યું હોય એ એને ફેરવવું ન હોય. હવે મૂકી દે ને, બાપા! અનંત કાળથી પકડ કર્યા છે. જે હોય એને લે ને. આહા...! ચાલ્યો જાઈશ, ભાઈ! કોઈ શરણ નથી. કોઈ સાથે આવશે નહિ. બધાને મનાવ્યા હશે કે જુઓ! આમ છે, તેમ છે, ફલાણું છે. ઇ ન્યાં શરણ નહિ આવે. આહાહા..! વિકલ્પનું જ્યાં શરણ નથી. એકલો ભગવાનઆત્મા નજર નાખ્યે નિધાન નજર પડે એવો ભગવાન શરણ છે. પર્યાયથી શરણ કહો તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર શરણ છે. સમજાય છે? ત્રણેમાં શુદ્ધઉપયોગ છે ને. આહાહા..!

**'तिण्हं पि सोहणत्थ'** જુઓ! **'શોધને કે લિયે...'** છે ને? એને શુદ્ધ કરવા માટે, એમ કહ્યું છે ને? કોને? દર્શન, જ્ઞાન, ચારિત્ર જે જીવના અરાગી વીતરાગી પરિણામ છે તેની શુદ્ધિ (માટે). કેમકે અશુદ્ધતા છે ને? એ શુદ્ધિ કરવા માટે આ ચારિત્રના બે પ્રકારનું વર્ણન કરવામાં આવે છે. સમજાણું કાંઈ? **'तिण्हं पि सोहणत्थे जिणभणियं दुविहं चारित्तं'** સમ્યગ્દર્શનચારિત્ર પણ દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધિ કરે છે. એમ થયું કે નહિ? એય...! છે ને, સ્વરૂપાચરણ ચારિત્ર સ્થિરતા, એ શુદ્ધિ છે. સમ્યક્ચરણ ચારિત્ર દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેને શુદ્ધિ કરે છે, શુદ્ધિનો કરનાર છે. છે કે નહિ પાઠ?

મુમુક્ષુ :–

ઉત્તર :– ભલે ... હોય. ... કીધું ને પહેલું. જે રાગ સહિત કહેવામાં આવતું એ નિર્દોષ થાય છે માટે વીતરાગ. એમ. ... સમકિત છે, વીતરાગતા છે. એની શુદ્ધિ એ આ.

મુમુક્ષુ :– ઉપચાર...

ઉત્તર :– ઉપચાર.. આ કહ્યું ને. શ્રુતકેવળીને અવગાઢ સમકિત છે. કેવળીને પરમ અવગાઢ છે.

મુમુક્ષુ :– અવગાઢ, પરમ અવગાઢ... હશે?

ઉત્તર :– અપેક્ષા લઈને જ્ઞાનની નિર્મળતા થઈ અને ચારિત્રની નિર્મળતા થઈ. જ્ઞાનની નિર્મળતા વિશેષ થઈ એને અવગાઢ સમકિત કહ્યું. ચારિત્રની નિર્મળતા પૂરી થઈ એને પરમ અવગાઢ કહ્યું. ઇ તો છે ઇ છે. આ રીતે તેની શુદ્ધિનું કારણ કહેવામાં આવે છે એમ છે. ... ક્ષાયિક છે ઇ ક્યાં પછી વિશેષ....? પણ શાસ્ત્રમાં આમ કહ્યું છે કે નહિ? દસ પ્રકારના સમકિત.

મુમુક્ષુ :– ઉપચાર...

ઉત્તર :– હા, ઉપચાર. પણ એ ઉપચાર પણ એક ન્યાયે વ્યાજબી છે. કેમકે જ્ઞાનમાં સ્પષ્ટ ભાસ્યું. પરોક્ષ જ્ઞાનમાં પ્રતીતમાં, અનુભવમાં આવ્યું હતું એ જ્ઞાન વિશેષ થઈને જ્યાં ભાસ્યું (તો તેને વિશેષ નિર્મળ કહેવામાં આવે છે).

મુમુક્ષુ :– જ્ઞાન સુધરે ત્યાં ... વધારે સુધરે છે.

ઉત્તર :– વધારે સુધરે જ છે. સુધરવાનો અર્થ એ સમકિત કંઈ વધતું નથી. એ તો પર્યાય છે. 'શ્રીમદ્'માં આવે છે. આવે છે ને? આવે છે ને? ... આવે છે. ... એક ગાથા આવે છે. નહિ?

મુમુક્ષુ :– 'વર્ધમાન સમકિત થઈ...'

ઉત્તર :– 'વર્ધમાન સમકિત થઈ..' ઇ. 'વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યા ભાસ.' ઇ આવે છે. કેટલામી ગાથા છે? ૨૯માં છે ઇ. કોઈને આવડતું નથી? 'આત્મસિદ્ધિ' 'શ્રીમદ્' માં 'વર્ધમાન સમકિત થઈ...' ૧૧૨.

**વર્તે નિજ સ્વભાવનું, અનુભવ લક્ષ પ્રતીત**
**વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત.**

વર્ધમાન સમકિત. તે સમકિત વધતી જતી ધારાથી. 'વર્ધમાન સમકિત ટાળે મિથ્યા ભાસ.' શોકાદિ જે આત્માને વિષે મિથ્યા ભાસ .. છે એ ટાળશે. ... ... ઇ તો એ અપેક્ષા લીધી છે. દસ પ્રકારના સમકિત. આત્માનુશાસન. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. પરમ અવગાઢ ને અવગાઢ. જ્ઞાનની નિર્મળતા શ્રુતજ્ઞાનની વિશેષ થઈ તો એને અવગાઢ સમકિત કહ્યું. સાધકને કેવળજ્ઞાન થયું (તો) પરમ અવગાઢ (કહ્યું).

અહીં કહે છે, ત્રણની શુદ્ધિને માટે જિનદેવે બે પ્રકારનું ચારિત્ર કહ્યું.

**ભાવાર્થ :– 'જાનના દેખના ઔર આચરણ કરના યે તીન ભાવ જીવકે અક્ષયાનંત હૈ,...'** ભગવાનઆત્માનું જ્ઞાન. ભલે શ્રુતજ્ઞાનની પર્યાય હોય. એની વાત છે ને. અહીં ક્યાં કેવળજ્ઞાનની વાત છે. એ જ્ઞાન પર્યાય અનંત છે. અનંતને જાણતું પ્રગટ્યું માટે અનંત છે. અનંતા ગુણનો સમુદાય એવું દ્રવ્ય, એને જાણતું પ્રગટ્યું તો જ્ઞાનની પર્યાય પણ અનંત છે. એ પર્યાયનો પાર નથી, એમ કહે છે. કેવળજ્ઞાનની તો શું વાત કરવી! આહાહા..!

(જ્ઞાન) **'જાનના દેખના ઔર આચરણ કરના યે તીન ભાવ જીવકે અક્ષયાનંત હૈ, અક્ષય અર્થાત્ (જ્ઞાન) જિસકા નાશ નહીં હૈ,...'** શ્રદ્ધાન, જિસકા નાશ નહીં હૈ, ચારિત્ર–સ્વરૂપનું આચરણ સ્થિર જેનો નાશ નહિ. દેખો! પડી જાય ને ફડી જાય છે. હવે મૂક ને વાત. પડવાની-ફડવાની અહીં ક્યાં વાત છે. એ તો અક્ષય અને અમેય (છે). આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત જ્યાં ચારિત્ર પ્રગટ્યું છે, કહે છે કે ત્રણેને અનંતતા લાગુ પડી ગઈ અને ત્રણેને અક્ષયપણું લાગુ પડે છે. ભગવાનઆત્મા જેમ અક્ષય છે, નાશ ન થાય તો એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પર્યાય પણ અક્ષય છે, અવિચ્છિન્ન છે. નાશ થાય એવું નથી. આહાહા..! પેલા કહે કે, કર્મનો આકરો ઉદય આવે તો? ફલાણો આવે તો? શેની તેં માંડી છે? તને શ્રદ્ધા કોની છે? શ્રદ્ધા કોની છે? કર્મની કે આત્માની? આત્માની શ્રદ્ધા હોય તો આત્મા અનંતગુણનો પિંડ છે. એની શ્રદ્ધામાં અનંતતા આવવી જોઈએ.

અનંતતા આવવી જોઈએ. એમાં અંત આવે એવી શ્રદ્ધા હોય જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કોને ખબર છે આવો ઉદય આવે,... પણ કોને ખબર છે એમ નહિ. મને ખબર છે કે હું અનંત આનંદનો કંદ છું. હું અનંતગુણનો પિંડ છું. એની શ્રદ્ધા અને જ્ઞાન મને છે. એટલે એ પછી એ શ્રદ્ધા ને જ્ઞાનમાં શું થાશે? શું થાશે, અનંતા વર્તમાન થઈ છે અને અનંતતા વધતી જાય છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'. સમજાય છે કાંઈ?

**'જિસકા નાશ નહીં હૈ,...'** એના સ્મરણમાં ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન થયું અને સ્થિરતા થઈ, એના સ્મરણમાં એમ આવે કે ઉદય કર્મનો આકરો આવે, એવું સ્મરણ આવે? એણે એ ધાર્યું છે? ધાર્યું છે તો આ. પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સ્વભાવ, એવું જે અવગ્રહ, ઇહા, અવાય, ધારણા કર્યું હતું એનું સ્મરણ કરે તો તો આવો આત્મા છે. ઇ નાશ ન થાય એવી મારી પર્યાય છે, એમ સ્મરણમાં આવે. એમ સ્મરણમાં આવે ન્યાં? તો આત્માની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? એય...! 'ચંદુભાઈ'! ધારણા કોની કરી હતી? શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એની શ્રદ્ધા. જ્ઞાનમાં ધારણા તો એની કરી હતી કે આ આવો આત્મા છે. એ ધારણાનું સ્મરણ આવે કે જે તારી શ્રદ્ધામાં નથી એવી વાત (આવે)? એ તો આમાં નાસ્તિ છે. એની શ્રદ્ધામાં તને આવે કે આ હશે તો? તને શ્રદ્ધા જ નથી. આત્મા વસ્તુ છે એની પ્રતીત જ તને નથી. તને કર્મની પ્રતીત છે. ઇ તારું શ્રદ્ધા, જ્ઞાન બધું ખોટું છે. સમજાણું કાંઈ?

**'જાનના, દેખના ઔર આચરણ કરના...'** ઇ આચરણ એટલે સ્વરૂપનું રમણ એ ચારિત્ર, હોં! આચરણ આ. ક્રિયા-ક્રિયા મહાવ્રતની અને લૂગડાં છોડ્યા, નગ્ન (થઈ ગયા એ નહિ). એ વિકલ્પ પણ નથી ત્યાં. આ તો જીવના પરિણામ છે ને. જીવ છે, શુદ્ધ છે. શુદ્ધના પરિણામ શુદ્ધ હોય. અશુદ્ધ પરિણામ એના હોય? આહાહા...! અને **'અક્ષયાનંત હૈ, અક્ષય અર્થાત્ જિસકા નાશ નહીં હૈ,...'** કોનો? પર્યાયનો. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પર્યાય એવી છે કે જેનો નાશ નહિ. દ્રવ્યનો નાશ અને ગુણનો નાશ થાય તો એનો નાશ થાય. કારણ કે દ્રવ્યને, ગુણને પ્રતીત અને જ્ઞાનમાં લીધું છે અને એમાં રમે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અમેય અર્થાત્ અનન્ત...'** અમેય–મેય નહિ, મર્યાદા નથી જેની. **'અનન્ત જિસકા પાર નહીં હૈ,...'** આહાહા..! ભગવાન અનંત ગુણનો જેમ પાર નથી એમ એના પ્રતીત, જ્ઞાન અને રમણતાની પર્યાયનો પાર નથી. કહો! જેમ આકાશના ક્ષેત્રનો પાર છે ક્યાંય? ક્યાં અંત આવશે? ક્યાં અંત આવશે? છે.. છે.. છે.. છે... એને નક્કી કરનાર, એનો જાણનાર (કોણ)? એ તો ક્ષેત્ર છે અને આ તો ક્ષેત્રજ્ઞ છે. ક્ષેત્રજ્ઞ છે. ક્ષેત્ર અને ક્ષેત્રમાં રહેલા ભાવનો જાણનાર છે. એવો જે આત્મા, એવા અનંતા અનંતા ગુણો છે એના, એનું જ્યાં જ્ઞાન થયું, એની શ્રદ્ધા થઈ, એની લીનતા થઈ (તો કહે છે એ) અપાર છે. આહાહા..! ઇ અપારને જ્ઞાન જ પાર સમજે. બાકી એ અનંત છે એને અનંત રીતે જાણે. એ પર્યાય જ્ઞાન અનંત, શ્રદ્ધા અનંત, શાંતિ અનંત. એને જ્ઞાન અનંત છે એમ અનંત તરીકે જાણે. સમજાણું કાંઈ?

અસ્તિ.. અસ્તિ... અસ્તિ. આવું જે સ્વરૂપ, એક જ્ઞાનનો પર્યાય આવા અક્ષય, ક્ષેત્રનો અંત

ક્યાંય નથી એને નક્કી કરે છે, એવી જે જ્ઞાનની પર્યાય, એવી અનંતી પર્યાયનો પિંડ એક ગુણ અને એવા અનંત ગુણોનો (એકરૂપ તે દ્રવ્ય). એવા દ્રવ્યની પર્યાયની શ્રદ્ધા પર્યાયમાં થઈ, એવા દ્રવ્યની પર્યાયમાં શ્રદ્ધા-જ્ઞાન થયું અને સ્વરૂપચારિત્ર થયું, કહે છે કે એનો પાર નથી. આહાહા..! એની સંપદા, એની ઋદ્ધિનો પાર નથી, કહે છે. સમજાણું કાંઈ? આ પર્યાયની વાત ચાલે છે, હોં! **'तिण्णि वि भावा'** એવો ભગવાનઆત્મા, જેના અનંતા એક એક ગુણમાં અનંતું સામર્થ્ય. એવા અનંતા ગુણના સામર્થ્યરૂપ તત્ત્વ એક. એનું જેને જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતા (થયા), કહે છે કે એનો પાર નથી. આહાહા..! એવી મોક્ષના માર્ગની પર્યાય (છે).

**'સબ લોકાલોકકો જાનનેવાલા જ્ઞાન હૈ,...'** લ્યો. **'सोहणत्थे'**ની વ્યાખ્યા કરી છે ને. શોધવાની વ્યાખ્યા કરી છે ને. **'अक्खयामेया'** હવે **'तिण्हं पि सोहणत्थे'** એની વ્યાખ્યા કરી. ત્રણની શુદ્ધિ માટે, શુદ્ધિ કરવા માટે. આહાહા..! **'સબ લોકાલોકકો જાનનેવાલા જ્ઞાન હૈ, ઇસપ્રકાર હી દર્શન હૈ, ઇસપ્રકાર હી ચારિત્ર હૈ...'** એટલું બધું મોટું ચારિત્ર. **'તથાપિ ઘાતિકર્મ કે નિમિત્ત સે અશુદ્ધ હૈ...'** પર્યાય. **'જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ હૈ...'** ત્રણે અશુદ્ધ છે. લ્યો. .... ... ઉપયોગનું. આ પણ જરી પૂર્ણ જ્ઞાન નથી એ અપેક્ષાએ અશુદ્ધ કહેવાય છે, હોં! છે નહિ. સરાગ.. સરાગ કહેવાય છે ને? ઘાતિકર્મના નિમિત્તે, હોં! અશુદ્ધતા તો પોતાની પોતાને કારણે છે, પેલું તો નિમિત્ત છે. **'જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ હૈ...'** અશુદ્ધતા ત્રણેમાં, હોં!

**'ઇસલિયે શ્રી જિનદેવને ઇનકો શુદ્ધ કરનેકે લિયે...'** જિનેન્દ્રદેવ ભગવાન પરમાત્મા, એ ત્રણેને શુદ્ધ કરવા માટે **'ઇનકા ચારિત્ર (આચરણ કરના)...'** એનું ચારિત્રનું આચરણ કરવું, એમ બે પ્રકારે કહેશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ચોથે ત્રણે પ્રગટ્યા છે, થોડા. પાંચમે હવે શુદ્ધિ માટે ચારિત્રની વ્યાખ્યા કરી છે. વીતરાગતા પર્યાયમાં આવે તે ત્રણેને શુદ્ધિ કરે છે. આહાહા..! અહીં તો પર્યાયમાં જરી અશુદ્ધતા છે, દર્શન, જ્ઞાન, ચારિત્ર હોવા છતાં એમાં ચારિત્રની વિશેષ શુદ્ધિ, ઇ ત્રણની, ચારિત્રને કારણે શુદ્ધિ થાય છે. **'ઇનકા ચારિત્ર (આચરણ કરના) દો પ્રકાર કા કહા હૈ.'** ભગવાન જિનેન્દ્રદેવ કહેશે. એમાં બેમાં પહેલું–સમકિતચરણ ચારિત્ર. ભાષા દેખો! સમકિતચરણ ચારિત્ર. એ ચોથા ગુણસ્થાને. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા કરશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे दो प्रकारका कहा सो कहते हैं:-**

## ગાથા-૫

**जिणणाणदिट्ठिसुद्धं, पढमं सम्मत्तचरणचारित्तं।**
**बिदियं संजमचरणं जिणणाणसदेसियं तं पि।।5।।**

जिनज्ञानदृष्टिशुद्धं प्रथमं सम्यक्त्वचरणचारित्रम्।
द्वितीयं संयमचरणं जिनज्ञानसंदेशितं तदपि।।5।।

સમ્યક્ત્વચરણ છે પ્રથમ, જિનજ્ઞાનદર્શનશુદ્ધ જે,
બીજું ચરિત સંયમચરણ, જિનજ્ઞાનભાષિત તેય છે. ૫.

**अर्थ :- प्रथम तो सम्यक्त्वका आचरणस्वरूप चारित्र है, वह जिनदेवके ज्ञान-दर्शन-श्रद्धानसे किया हुआ शुद्ध है। दूसरा संयमका आचरणस्वरूप चारित्र है, वह भी जिनदेवके ज्ञानसे दिखाया हुआ शुद्ध है।**

**भावार्थ :- चारित्रको दो प्रकारका कहा है। प्रथम तो सम्यक्त्वका आचरण कहा वह जो सर्वज्ञ के आगममें तत्त्वार्थका स्वरूप कहा उसको यथार्थ जानकर श्रद्धान करना और उसके शंकादि अतिचार मल दोष कहे, उनका परिहार करके शुद्ध करना तथा उसके निःशंकितादि गुणोंका प्रगट होना वह सम्यक्त्वचरण चारित्र है और जो महाव्रत आदि अंगीकार करके सर्वज्ञके आगममें कहा वैसे संयमका आचरण करना, और उसके अतिचार आदि दोषोंको दूर करना, संयमचरण चारित्र है, इसप्रकार संक्षेपसे स्वरूप कहा।।5।।**

## પ્રવચન નં. ૩૬ ગાથા-૫, ૬. બુધવાર, અષાઢ સુદ ૧૧, તા. ૧૫-૦૭-૧૯૭૦

'ચારિત્રપાહુડ' પાંચમી ગાથા. ભગવાને ચારિત્રના બે પ્રકાર વર્ણવ્યા. એક સમ્યક્ચરણ ચારિત્ર અને એક સંયમચરણ ચારિત્ર. જુઓ! આ ચારિત્ર અધિકાર છે તો એમાંથી બે પ્રકાર કહ્યા. સમ્યક્ચરણ ચારિત્ર કહો કે સમકિતનો આચાર કહો. જ્ઞાનાચાર, દર્શનાચાર આવે છે ને? એ દર્શનઆચાર સમકિતચરણ ચારિત્ર છે. સંયમઆચરણ એ ચારિત્રનું આચરણ–સંયમચરણ ચારિત્ર (છે). એમાં એનું વર્ણન છે.

जिणणाणदिट्ठिसुद्धं, पढमं सम्मत्तचरणचारित्तं।
विदियं संजमचरणं जिणणाणसदेसियं तं पि।।5।।

**અર્થ :– 'પ્રથમ તો સમ્યક્ત્વ કા આચરણસ્વરૂપ ચારિત્ર હૈ,...'** વહ કૈસા હૈ? પહેલું તો સમકિતનું ચારિત્ર પ્રગટ થાય. એ વિના સંયમનું ચારિત્ર પ્રગટ થાય નહિ. માટે પહેલું આ કહ્યું છે. સંયમચારિત્ર પહેલાં પણ સમકિતચારિત્રનું આચરણ અંદર આત્મામાં પ્રગટ થાય એ પહેલા દરજ્જાનું સમકિત દર્શનાચાર, સમકિતઆચાર, સમકિતચરણ ચારિત્ર કહેવામાં આવે છે.

વહ કૈસા હૈ? **'વહ જિનદેવ કે જ્ઞાન દર્શન શ્રદ્ધાન સે કિયા હુઆ શુદ્ધ હૈ.'** જિનદેવ વીતરાગ પરમાત્માએ જે આત્માનું સ્વરૂપ, પરનું સ્વરૂપ વગેરે કહ્યું, એવું જે જિને કહેલું જ્ઞાન, જિનદેવનું કહેલું જ્ઞાન, એનું કહેલું દર્શન અને એણે કહી જે શ્રદ્ધા, તે કરીને સમકિતચરણ ચારિત્ર શુદ્ધ છે. આવે છે હળવે હળવે. 'સેઠી' ધ્યાન રાખે છે (કે) શું કહ્યું આ? હળવે હળવે આવે છે.

જિનદેવે કહ્યું જે જ્ઞાન, સર્વજ્ઞપણામાં એક સમયમાં જે ત્રણકાળનું જ્ઞાન થયું એ જ્ઞાનથી જે જ્ઞાનની વાત કરી, આત્માનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન, આત્માની શ્રદ્ધા, એનું શુદ્ધ કરવું, શુદ્ધ થવું એનું નામ સમકિતચરણ ચારિત્ર કહેવામાં આવે છે, જે મોક્ષમાર્ગનો પહેલો પાયો છે. જિનદેવનું કહેલું જ્ઞાન. '**जिणणाण**' છે ને? '**दिट्ठि**' નથી. '**सुद्धं**'. એનું દર્શન અને એની શ્રદ્ધા, એનાથી જે શુદ્ધ (છે) એ સમકિતચરણ ચારિત્ર છે. એનો વિસ્તાર કરશે.

અહીં તો સવારમાં પહેલો વિચાર શું આવ્યો હતો? કે કેવળજ્ઞાન, જે એક સમયમાં ભગવાને જાણ્યું એવું જે કેવળજ્ઞાન, એ પણ વ્યવહાર છે. સદ્‌ભુત વ્યવહાર છે ને? પણ છે વ્યવહાર ને. એની શ્રદ્ધા, એની શ્રદ્ધા પણ ક્યારે થાય? કારણ કે એ તો વ્યવહારશ્રદ્ધા થઈ. ઇ પર્યાયબુદ્ધિને પર્યાયનું સામર્થ્ય ફક્ત કબુલમાં આવ્યું. એ પર્યાયનું સામર્થ્ય એક સમયમાં ત્રિકાળ જ્ઞાનસ્વભાવ જ છે, એવું શ્રદ્ધામાં ક્યારે આવે? જે દ્રવ્ય સ્વભાવ છે, એવા અનંતી પર્યાયનો પિંડ તે ગુણ છે અને અનંતા ગુણનું એકરૂપ તે દ્રવ્ય છે, એવો જે જ્ઞાયકભાવ ત્રિકાળ એની અંતર્મુખ થઈને શ્રદ્ધા થાય ત્યારે તેને કેવળજ્ઞાનની પર્યાયની વ્યવહારશ્રદ્ધા કહેવાય. સમજાણું કાંઈ? કહો, 'હીરાભાઈ'! સવારે રસ્તામાં ચાલતું હતું. દ્રવ્યની પર્યાય, આટલું સામર્થ્ય જેને અનંતા કેવળીઓ જાણે એક સમયની પર્યાય, એ પર્યાયની પણ શ્રદ્ધા એ વ્યવહારશ્રદ્ધા (છે). ભેદવાળી શ્રદ્ધા થઈને એ? એવી અનંતી પર્યાયનો સાગર ભગવાન ગુણ, એક નહિ, એવા અનંત ગુણો. અહીં તો કાલે અનંત આવ્યું હતું ને? જ્ઞાન અનંત, દર્શન અનંત, ચારિત્ર અનંત. અનંત ગુણની દરેક પર્યાય અનંત છે. એક આત્મા, એના જે અનંતા ગુણો, એની એક એક પર્યાય પોતે અનંત છે, અપાર છે. ભાવની પર્યાય એની શું વાત કરવી! એવી જે એક એક ગુણની પર્યાય છે, એવી અનંતી પર્યાયનો પિંડ તો એક ગુણ છે. ભલે એના અવિભાગ પ્રતિચ્છેદ સરખા હો, પણ ગુણમાં શક્તિ તો અનંત પર્યાય થવાની છે ને? સમજાણું કાંઈ? એવો એક ગુણ નહિ પણ એવા અનંત ગુણનું હોવાપણું, વસ્તુ સ્વભાવ એની પ્રતીતિ એટલે કે શું! આ એ સમકિતચરણ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે.

એનો સ્વભાવ સન્મુખ થઈને આખો ભગવાન પૂર્ણ, એને શ્રદ્ધામાં જ્ઞેય કરીને, જ્ઞાન કરીને શ્રદ્ધામાં લેવો એને દર્શનાચાર, સમકિતઆચાર, સમકિતચરણ ચારિત્ર સાથે પ્રગટ થાય છે. એકલી શ્રદ્ધા એમ નહિ, એમ કહે છે. શ્રદ્ધા સાથે આચરણ હોય. આ નિઃશંક આદિ આવશે ને? પછી જ આવશે. સાતમી ગાથા. એ બધા આચરણ છે એ સમકિતચરણ ચારિત્રની વ્યાખ્યા છે. એકલી શ્રદ્ધા એમ નહિ પણ શ્રદ્ધા સાથે સ્થિરતાનો અંશ પણ અનંતાનુબંધીના અભાવને લઈને થયો છે. તેથી સમ્યગ્દર્શનના જોરમાં પણ એટલી પ્રતીતિ આવી કે આખો પૂર્ણ પ્રભુ ભિન્ન ભગવાને દીઠો, એવા આત્માની અંદર શ્રદ્ધા (થવી), એ શ્રદ્ધા ક્યારે કહેવાય? નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયની રુચિ છોડી અને જ્ઞાયકભાવ ત્રિકાળ એની દૃષ્ટિ કરતાં સમકિત પ્રગટ થતાં, એની સાથે એનું આચરણ-ચારિત્ર પણ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

દર્શન છે એ સામાન્ય પ્રતીતરૂપ છે. એની સાથે વિશેષ આચરણ સ્થિરતાનું પણ છે. સામાન્ય સ્વભાવની પ્રતીત તો ઠીક પણ એ પ્રતીત પોતે સામાન્ય છે. સમજાણું કાંઈ? અને એમાં સ્થિરતા.

અનંતાનુબંધીનો અભાવ થતાં જે સ્થિરતા થઈ એ બધું ભેગું ગણીને સમકિતચરણ ચારિત્ર એને કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? પહેલું સમકિતચરણ ચારિત્ર ભાષામાં, ચારિત્ર અધિકારમાં બેને ચારિત્ર કીધાં છે. પેલા કહે, સમકિતમાં ચારિત્ર ન હોય. પણ આ જાતનું તો હોય એમ કહે ને. આ ચારિત્ર કીધું છે ને આને? ભલે નિઃશંક, નિઃકાંક્ષિત આદિ. પચીસ બોલ દોષના (એનાથી) રહિત એવું જે સમકિતનું આચરણ છે, દર્શનઆચાર છે એ. સમજાણું કાંઈ? દર્શનાચાર છે. પેલો તો ચારિત્રાચાર થયો. આહા..!

ઝઘડા ને કરે અને માણસ જો વસ્તુને સમજવા માગે તો તો પત્તો ખાય. પણ મેં માન્યું છે એ પ્રમાણે માન્ય કરવું જોઈએ (એમ રાખે) તો વસ્તુ હાથ ન આવે. વસ્તુ કાંઈક જુદી જાતની છે, એનો ભાવ જ કોઈ અલૌકિક છે! નિર્વિકલ્પ સ્વભાવ દ્રવ્ય, નિર્વિકલ્પ ગુણ એવા સ્વભાવનું અપારપણું. એની પ્રતીત થઈ એનું અપારપણું (છે). કીધું ને? '**अक्खयामेया**' આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી બહુ ટૂંકામાં ઘણું ઘણું ભરી દે છે.

આ ભગવાનઆત્મા, એના સન્મુખ થઈને જ્ઞાયકભાવને પ્રતીતમાં લીધો તો કહે છે કે એ પ્રતીત એની પર્યાયમાં અનંતતા છે. એ પર્યાયમાં અનંતતા છે. સમજાણું કાંઈ? અનંતને પ્રતીતમાં લીધા છે ને? ભલે અભેદ તરીકે પણ એમાં અનંતા ગુણો ભેગા આવી જાય છે. સમજાણું કાંઈ? આ ચીજની મહત્તા લોકોને આવતી નથી ને એટલે બહારમાં આ વ્રત ને આ તપ ને આ ક્રિયા ને... માથાકૂટમાં (પડ્યા). એ આગળ કહેશે, સમકિતચરણ ચારિત્ર વિના સંયમચરણ ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? '**કિયા હુઆ શુદ્ધ હૈ.**'

'**દૂસરા સંયમકા આચરણસ્વરૂપ ચારિત્ર હૈ, વહ ભી જિનદેવ કે જ્ઞાન સે દિખાયા હુઆ શુદ્ધ હૈ.**' ભગવાને જાણીને એ સ્વરૂપમાં રમણતાનું ચારિત્ર, વીતરાગી ચારિત્ર (થાય) એને સંયમચરણ ચારિત્ર કહેવાય છે.

**ભાવાર્થ :–** '**ચારિત્ર કો દો પ્રકાર કા કહા હૈ. પ્રથમ તો સમકિત કા આચરણ કહા...**' દેખો! સમકિતનું આચરણ '**કહા વહ જો સર્વજ્ઞ કે આગમ મેં તત્ત્વાર્થ કા સ્વરૂપ કહા..**' તત્ત્વાર્થમાં આત્મા આવ્યો ને? તત્ત્વાર્થનું સ્વરૂપ ભગવાને જે જ્ઞાનથી જાણીને કહ્યું, એવા ભાવની અંતરમાં જે રીતે અંદર સ્વભાવ છે, તેવી પ્રતીતિ અનુભવ થઈને થવી એટલે કે એનું જ્ઞાન થઈને, એમ. એના જ્ઞાન વિના પ્રતીતિ શી? જ્ઞાનમાં ચીજ આવી નહિ ને શ્રદ્ધા કરવી, એનો અર્થ શું? એમ. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ!

કહે છે, '**સમ્યક્ત્વ કા આચરણ કહા વહ જો સર્વજ્ઞ કે આગમ મેં તત્ત્વાર્થ કા સ્વરૂપ કહા ઉસકો યથાર્થ જાનકર...**' આત્માને યથાર્થ જાણી, પર્યાયને પણ યથાર્થ જાણી. '**શ્રદ્ધાન કરના...**' પણ એ પર્યાયનું યથાર્થ જ્ઞાન ક્યારે થાય? કે વસ્તુનું જ્ઞાન થાય ત્યારે પર્યાયનું જ્ઞાન થાય. એમ વાત છે. સમજાણું કાંઈ? અખંડ વસ્તુના જ્ઞાન વિના ખંડ એવો એક સમયનો પર્યાય, એનું યથાર્થ વાસ્તવિક જ્ઞાન થાય નહિ. એ સાંભળવા, સમજવા જેવું છે થોડું. એમ ને એમ વાત નથી આ. સમજાણું કાંઈ? એવો એનો સ્વભાવ, એને છે એવું જાણવું પડશે ને? અને છે એવું જાણીને શ્રદ્ધવું

પડે ને. શ્રદ્ધવું પડે એટલે શ્રદ્ધે ને. એમ. શ્રદ્ધવું પડે એટલે જોર દઈને છે? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, જેની એક પર્યાયમાં અનંતા કેવળીઓ જેની સોડમાં સમાઈ ગયા, એવો તો એક સમયનો પર્યાય. શ્રુતજ્ઞાન હોય તોપણ અનંતા કેવળીઓ જાણે. કેવળજ્ઞાનમાં પણ આ છે. આહાહા..! એ તે કંઈ ચીજ છે! આહાહા..! એવો જે ભગવાને કહ્યો એવો આ તત્ત્વાર્થ. એમ. ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક આવ્યા. સમય એક, કાળત્રણ. ભાવનો એક સમયનો અંશ, ત્રણકાળના ભાવ જાણવામાં આવે. સમજાણું કાંઈ? એ કાળનો એક સમયનો અંશ, એમાં ત્રણકાળ જાણવામાં આવે. ભાવનો અનંતમા ભાગનો એક અંશ, એક પર્યાય એ અનંતા ત્રણ કાળના દ્રવ્ય, ગુણભાવને જાણે. સમજાય છે? એ વાત સર્વજ્ઞ સિવાય આવી ચીજ ક્યાંય હોય નહિ. સમજાણું?

વસ્તુનું સ્વરૂપ આવું છે. એટલે પહેલું સંવરનું લીધું હતું ને? સર્વજ્ઞ ભગવાન.. ત્યાંથી ઉપાડ્યું. ચારિત્ર અધિકાર ઉપાડતા પહેલું સર્વજ્ઞ ભગવાન (એમ લીધું). સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ પરમેષ્ઠી. સમજાણું? આવ્યું હતું કે નહિ? **'सव्वण्हु सव्वदंसी णिम्मोहा वीयराय परमेट्ठी'**. (ગાથા-૧). **'वंदित्तु तिजगवंदा'**. ત્રણ જગથી વંદનિક, એને હું વંદું છું. ત્રણ જગના જીવોને વંદનિક, એને હું વંદું છું. આહાહા..! એવા ભગવાને કહેલા તત્ત્વાર્થનું સ્વરૂપ યથાર્થ જાણી. યથાર્થ જાણી. જેવો આત્મા છે તેમ, જેવા ગુણ છે તેમ, જેવી પર્યાય છે તેમ. અને સામા દ્રવ્યો. એ તો એક સમયની પોતાની પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય તો એમાં છ દ્રવ્યનું જ્ઞાન આવી જાય છે. અને એવી અનંતી પર્યાયનો પિંડ પ્રભુ દ્રવ્ય, એનું જ્ઞાન થતાં એ પર્યાયની પ્રતીત અને પર્યાયનું જ્ઞાન આવી જાય છે. સમજાણું કાંઈ?

**'યથાર્થ જાનકર શ્રદ્ધાન કરના...'** યથાર્થ જાણી શ્રદ્ધાન કરના, એમ કહ્યું છે ને? જાણ્યા વિના શ્રદ્ધા કોની? વસ્તુ આમ છે, ગુણ આમ છે, પર્યાય આમ છે એવું જાણીને શ્રદ્ધા કરવી. **'ઉસકે શંકાદિ અતિચાર મલ દોષ કહે,...'** એના જે શંકા આદિ અતિચાર દોષ કહ્યા, **'ઉસકા પરિહાર કરકે શુદ્ધ કરના...'** માથે કહ્યું હતું ને? **'જિનદેવ કે જ્ઞાન દર્શન શ્રદ્ધાન સે કિયા હુઆ શુદ્ધ હૈ.'** શંકા આદિ દોષો ટાળી અને એ સમકિતને શુદ્ધ કરવું. સમકિતચારિત્રને શુદ્ધ કરવું. સમજાણું?

**'તથા ઉસકે નિઃશંકિતાદિ ગુણોં કા પ્રગટ હોના,...'** પહેલા નાસ્તિથી વાત કરી. દોષ ટાળીને શુદ્ધ કરવું. **'નિઃશંકિતાદિ ગુણોં કા પ્રગટ હોના,...'** અસ્તિ. નિઃશંક, નિઃકાંક્ષ આદિ ગુણની પર્યાય પ્રગટ થવી એનું નામ સમકિતચરણ ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં આ વાત નથી. ચારિત્રના બે પ્રકાર, સમકિતચરણ ચારિત્ર એ વાત છે નહિ. સમજાણું કાંઈ? **'નિઃશંકિતાદિ ગુણોં કા પ્રગટ હોના,...'** છે તો એ આઠે પર્યાય, પણ અવગુણનો નાશ થઈને ગુણ-પર્યાય પ્રગટે તેને ગુણ કહેવામાં આવે છે.

**'વહ સમ્યક્ત્વચરણ ચારિત્ર હૈ....'** આવું સમ્યક્ત્વચરણ ચારિત્ર ચોથા ગુણસ્થાનમાં હોય છે. 'ચંદુભાઈ'! ચોથેથી હોય છે આ. પેલા કહે, નહિ. ચારિત્રનો અંશ નહિ. ઇ તો ફલાણું છે, ફલાણું છે, ફલાણું છે. પચીસ દોષ ટાળે છે. પણ એ બધું ભગવાન આચરણ થઈ ગયું, એનું આચરણ

પર્યાયમાં (થયું). જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ, સ્થિરતાની અંશે નિર્મળ થઈ, વીર્યની પણ નિર્મળ થઈ. એમ અનંતા ગુણની પર્યાય, જ્યાં શ્રદ્ધામાં આવી સાથે એ બધી નિર્મળ થઈ. આહાહા...! મૂળ માર્ગ એવો ફેરવી નાખ્યો છે ને કે મૂળ માર્ગ હાથ લાગવો જગતને કઠણ. અને મૂળ હાથ આવ્યા વિના બધા પાંદડા તોડે (એ) પાછા પાંગરી જશે. એનું મૂળ નહિ છેદાય. આ સમકિત છે એ ચારિત્રનું મૂળ છે. સમ્યક્ત્વચરણ ચારિત્ર. **'વહ સમ્યક્ત્વચરણ ચારિત્ર હૈ...'**

**'ઔર જો મહાવ્રત આદિ અંગીકર કરકે...'** જુઓ! અહીં મહાવ્રતનું લીધું છે. એનો અર્થ છે કે મહાવ્રતના જે વિકલ્પો હોય એને અંતરમાં સ્થિરતા કેવી હોય એવું એને જ્ઞાન યથાર્થ હોય જ. એમ. સમજાણું કાંઈ? એ લોકો એવું કહે છે કે જુઓ! ચારિત્રમાં મહાવ્રત લીધું. પેલી સ્થિરતા પ્રગટી એ મહાવ્રત એ જ ચારિત્ર છે, એમ કહે છે. આહાહા...! એય...! એ ચારિત્ર નથી. મહાવ્રતના વિકલ્પો જે ઉઠે છે એ ભૂમિકામાં મહાવ્રતનો વિકલ્પ હોય ત્યાં આવું ચારિત્ર સ્થિરતા હોય જ. સમજાય છે? એને ચારિત્ર કહે છે. આને તો વ્યવહારચારિત્ર કહે છે. આહાહા...! સમજાણું કાંઈ?

**'મહાવ્રત આદિ અંગીકર કરકે...'** પાંચ સમિતિ, ગુપ્તિ વગેરે વ્યવહાર. **'સર્વજ્ઞ કે આગમ મેં કહા...'** સર્વજ્ઞના આગમમાં કહ્યા. અહીં તો વજન એ આપવું છે એકદમ. **'सव्वण्हु' 'सव्वण्ह सव्वदंसी'** આવે છે? નમોત્થુણં કર્યું હતું? 'મગનભાઈ'! સમાયિકમાં નમોત્થુણં કર્યું હતું? ભૂલી જાય છે. એમાં આવતું. નમોત્થુણંમાં આવતું. **'सव्वण्हु सव्वदंसी सिवमय...'** 'જાદવજીભાઈ'! કર્યું હતું કે નહિ નમોત્થુણં? **'सव्वण्हु सव्वदंसी सिवमय...'** ભગવાન એક સમયમાં પૂર્ણ જાણે એવી પર્યાયના સામર્થ્યવાળો તું જ છો, એમ કહે છે. અને એવી એવી અનંતી પર્યાયના સામર્થ્યવાળો ભગવાનઆત્મા દ્રવ્ય છે. એવા દ્રવ્યને ભગવાને કીધું તે પ્રમાણે અશુદ્ધતાને ટાળી અને આવા નિઃશંકતાદિ શુદ્ધની પર્યાયને પ્રગટ કરવી એનું નામ સમ્યક્ચરણ ચારિત્ર કહેવામાં આવે છે.

**'ઔર જો મહાવ્રત આદિ અંગીકાર કરકે સર્વજ્ઞ કે આગમ મેં કહા વૈસે સંયમ કા...'** અજ્ઞાનીએ કહ્યું એ નહિ. પરમેશ્વર જિન વીતરાગદેવ, જેના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક આવ્યા, એમણે જે સંયમનું સ્વરૂપ કહ્યું **'વૈસે સંયમ કા આચરણ કરના ઔર ઉસકે અતિચાર આદિ દોષોં કો દૂર કરના...'** લ્યો. **'સંયમચરણ ચારિત્ર હૈ, ઇસપ્રકાર સંક્ષેપ સે સ્વરૂપ કહા.'** બેનું ટૂંકામાં સ્વરૂપ કહ્યું.

---

**आगे सम्यक्त्वचरण चारित्राके मल दोषोंका परिहार करके आचरण करना कहते हैं:-**

## ગાથા-૬

**एवं चिय णाऊण य, सव्वे मिच्छत्तदोस संकाइ।**
**परिहर सम्मत्तमला, जिणभणिया तिविहजोएण।।6।।**

एवं चैव ज्ञात्वा च सर्वान् मिथ्यात्वदोषान् शंकादीन्।
परिहर सम्यक्त्वमलान् जिनभणितान् त्रिविधयोगेन।।6।।
ઇમ જાણીને છોડો ત્રિવિધ યોગે સકળ શંકાદિને,
મિથ્યાત્વમય દોષો તથા સમ્યક્ત્વમલ જિન-ઉક્તને. ૬.

अर्थ :- ऐसे पूर्वोक्त प्रकार सम्यक्त्वाचरण चारित्रको जानकर मिथ्यात्व कर्मके उदयसे हुए शंकादिक दोष सम्यक्त्वको अशुद्ध करनेवाले मल हैं ऐसा जिनदेवने कहा है, इनको मन, वचन, कायके तीनों योगोंसे छोड़ना।

भावार्थ :- सम्यक्त्वाचरण चारित्र, शंकादि दोष सम्यक्त्वके मल हैं उनको त्यागने पर शुद्ध होता है, इसलिये इनको त्याग करनेका उपदेश जिनदेवने किया है। वे दोष क्या हैं वह कहते हैं - जिनवचनमें वस्तुका स्वरूप कहा उसमें संशय करना शंका दोष है; इसके होने पर सप्तभयके निमित्तसे स्वरूपसे चिग जाय वह भी शंका है। भोगोंकी अभिलाषा कांक्षा दोष है, इसके होने पर भोगोंके लिए स्वरूपसे भ्रष्ट हो जाता है। वस्तुके स्वरूप अर्थात् धर्ममें ग्लानि करना जुगुप्सा दोष है, इसके होने पर धर्मात्मा पुरुषोंके पूर्वकर्मके उदयसे बाह्य मलिनता देखकर मतसे चिग जाना होता है।

देव - गुरु - धर्म तथा लौकिक कार्योंमें मूढ़ता अर्थात् यथार्थ स्वरूपको न जानना सो मूढ़दृष्टिदोष है, इसके होने पर अन्य लौकिक जनोंसे माने हुए सरागी देव, हिंसाधर्म और सग्रन्थगुरु तथा लोगोंके बिना विचार किये ही माने गये अनेक क्रियाविशेषोंसे विभवादिककी प्राप्तिके लिये प्रवृत्ति करनेसे यथार्थ मतसे भ्रष्ट हो जाता है। धर्मात्मा पुरुषोंमें कर्मके उदयसे कुछ दोष उत्पन्न हुआ देखकर उनकी अवज्ञा करना सो अनुपगूहन दोष है, इसके होने पर धर्मसे छूट जाना होता है।

धर्मात्मा पुरुषोंको कर्मके उदयके वशसे धर्मसे चिगते देखकर उनकी स्थिरता न करना अस्थितिकरण दोष है, इसके होने पर ज्ञात होता है कि इसको धर्मसे अनुराग नहीं है और अनुरागका न होना सम्यक्त्वमें दोष है।

धर्मात्मा पुरुषोंसे विशेष प्रीति न करना अवात्सल्य दोष है, इसके होने पर सम्यक्त्वका अभाव प्रगट सूचित होता है। धर्मका माहात्म्य शक्तिके अनुसार प्रगट न करना अप्रभावना दोष है, इसके होने पर ज्ञात होता है कि इसके धर्मके माहात्म्यकी श्रद्धा प्रगट नहीं हुई है।

इसप्रकार ये आठ दोष सम्यक्त्वके मिथ्यात्वके उदयसे (उदयके वश होनेसे) होते हैं, जहाँ ये तीव्र हों वहाँ तो मिथ्यात्वप्रकृतिका उदय बताते हैं, सम्यक्त्वका अभाव बताते हैं और जहाँ कुछ मन्द अतिचाररूप हों तो सम्यक्त्व-प्रकृति नामक मिथ्यात्वकी प्रकृतिके उदयसे हों वे अतिचार कहलाते हैं, वहाँ क्षायोपशमिक सम्यक्त्वका सद्‌भाव होता है; परमार्थसे विचार करें

तो अतिचार त्यागने ही योग्य हैं।

इन दोषोंके होने पर अन्य भी मल प्रगट होते हैं, वे तीन मूढ़ताएँ हैं - 1 देवमूढ़ता, 2 पाखण्डमूढ़ता, 3 लोकमूढ़ता। किसी वरकी इच्छासे सरागी देवोंकी उपासना करना उनकी पाषाणादिमें स्थापना करके पूजना देवमूढ़ता है। ढ़ोंगी गुरुओंमें मूढ़ता - परिग्रह, आरंभ, हिंसादि सहित पाखण्डी (ढ़ोंगी) भेषधारियोंका सत्कार, पुरस्कार करना पाखण्डी - मूढ़ता है। लोकमूढ़ता - अन्य मतवालोंके उपदेशसे तथा स्वयं ही बिना विचारे कुछ प्रवृत्ति करने लग जाय वह लोकमूढ़ता है, जैसे सूर्य को अर्घ देना, ग्रहणमें स्नान करना, संक्रांतिमें दान करना, अग्निका सत्कार करना, देहली, घर, कुआ, पूजना, गायकी पूंछको नमस्कार करना, गायके मूत्रको पीना, रत्न, घोडा आदि वाहन, पृथ्वी, वृक्ष, शस्त्र, पर्वत आदिककी सेवा - पूजा करना, नदी-समुद्र आदि को तीर्थ मानकर उनमें स्नान करना, पर्वतसे गिरना, अग्निमें प्रवेश करना इत्यादि जानना।

छह अनायतन हैं - कुदेव, कुगुरु, कुशास्त्र और इनके भक्त - ऐसे छह हैं, इनको धर्मके स्थान जानकर इनकी मनसे प्रशंसा करना, वचनसे सराहना करना, कायसे वंदना करना। ये धर्मके स्थान नहीं हैं इसलिये इनको अनायतन कहते हैं। जाति, लाभ, कुल, रूप, तप, बल, विद्या, ऐश्वर्य इनका गर्व करना आठ मद हैं। जाति मातापक्ष है, लाभ धनादिक कर्मके उदयके आश्रय है, कुल पितापक्ष है, रूप कर्मोदयाश्रित है, तप अपने स्वरूपको साधनेका साधन है, बल कर्मोदयाश्रित है, विद्या कर्मके क्षयोपशमाश्रित है, ऐश्वर्य कर्मोदयाश्रित है, इनका गर्व क्या ? परद्रव्यके निमित्तसे होनेवालेका गर्व करना सम्यक्त्वका अभाव बताता है अथवा मलिनता करता है। इसप्रकार ये पच्चीस, सम्यक्त्वके मल दोष हैं, इनका त्याग करने पर सम्यक्त्व शुद्ध होता है, वही सम्यक्त्वाचरण चारित्रका अंग है।।6।।

## ગાથા-૬ ઉપર પ્રવચન

**'આગે સમ્યક્ત્વચરણ ચારિત્ર કે મલ દોષોં કા પરિહાર કરકે આચરણ કરના કહતે હૈં :–'** જુઓ! મળ દોષનો ત્યાગ કરીને આચરણ (કરવું). આ સમકિતના આચરણની વાત ચાલે છે. છઠ્ઠી.

एवं चिय णाऊण य सव्वे मिच्छत्तदोस संकाइ।
परिहरि सम्मत्तमला जिणभणिया तिविह जोएण।।6।।

જુઓ! 'मिच्छत्तदोस संकाइ'.

**અર્થ :– 'ઐસે પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વચરણ ચારિત્ર કો જાનકર...'** પહેલા જાણે તો ખરો ને કે આવું સમકિતચારિત્ર (હોય), એમ કહે છે. સમ્યક્ચરણ ચારિત્ર કેવું એવું પહેલું જાણે. જ્ઞાન કરે પહેલું, જ્ઞાન. **'જાનકર મિથ્યાત્વ કર્મ કે ઉદય સે હુએ શંકાદિક દોષ...'** મિથ્યાત્વકર્મના ઉદયમાં

જોડાતા શંકા આદિ દોષ **'सम्यक्त्व को अशुद्ध करनेवाले मल है...'** સમકિતને મેલું કરવાવાળા છે. **'ऐसा जिनदेव ने कहा है, इनको...'** ભગવાને કહ્યા તેવા દોષોને **'मन, वचन, काय के तीनों योगों से छोडना.'** મન, વચન અને કાયા ત્રણથી છોડે. પહેલાં કાયાથી અને વચનથી છોડે અને મનથી ન છોડે એવો ભંગ એમાં હોતો નથી. સમજાણું કાંઈ? છ કોટિ અને આઠ કોટિનું કહે છે ને? ચારિત્રમાં એમ પણ નથી. એમાં પણ એમ નથી. સામાયિકમાં આ છ કોટિ અને આઠ કોટિ એવું હોય જ નહિ. સામાયિક એટલે સ્વરૂપની દૃષ્ટિમાં ઠરવું એમાં વળી છ કોટિ, બે કોટિ છૂટી રાખવી અને ત્રણ કોટિ આમ રાખવી, એનો શું અર્થ?

આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ, એની અંદર દૃષ્ટિ થઈને એમાં રમણતારૂપી સામાયિક, એમાં સામાયિકમાં છ કોટિએ કરવું અને બે કોટિએ, ત્રણ કોટિએ ન કરવું (એનો શું અર્થ)? એય...! તમે આઠ કોટિમાં હતા ને? આઠ કોટિએ કરવું અને એક કોટિએ ન કરવું. સમતા એક કોટિએ ન કરવી, એની વ્યાખ્યા શું?

મુમુક્ષુ :– આખી ન કરવી.

ઉત્તર :– આખી ન કરવી એનો અર્થ. આહાહા...! નહિતર સમકિતચરણ ચારિત્રની વાત છે. આ તો ચારિત્રમાં એમ છે. સમજાણું કાંઈ?

સ્વરૂપમાં દૃષ્ટિ થઈને વીતરાગતા પ્રગટે એ મન, વચન ને કાયાના અપરાધ છૂટીને પ્રગટે છે. નવ નવ કોટિના પ્રકાર છૂટીને પ્રગટે, એમ કહે છે. સમજાણું કાંઈ? સમકિતચરણ ચારિત્ર તે પણ મન, વચન અને કાયા, કરણ, કરાવણ અને અનુમોદન–નવ નવ કોટિના ત્યાગથી સમકિતચરણ ચારિત્ર પ્રગટ થાય છે. આહા...! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? મનમાં વળી કાંઈક દોષ રહે, કુગુરુ, કુદેવને માનવાનો કે મિથ્યાત્વ અંશનો, વાણીમાં વળી કાંઈક એવી પ્રરૂપણા રહે અને કાયા એથી પાળે, એમ હોય? એવા ભંગ હોય? એમ કહે છે. પાઠ તેથી મૂક્યો છે ને? **'तिविह जोएण'**. ઘણી ગંભીરતા!

આત્માનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાયકભાવ, એને જાણીને પ્રતીત કરવી, શ્રદ્ધા કરવી એમાં મન, વચન ને કાયાથી જેટલા દોષો સમકિત સંબંધી (હોય) એ બધા છોડવા. સમજાણું કાંઈ? આરે...! ભારે વાતું આવી. આકરી પડે. પેલું સહેલું પડે. વ્રત લીધા ને અપવાસ કર્યા ને, મહિના મહિનાના અપવાસ હોય ને પૂરું થાય ત્યારે જરી સૂંઠ ચોપડે, બે-ચાર, પચીસ-પચાસ સાંજી કરે. પૈસા ખર્ચે. તપ કર્યું અને તપ કરીને ઉજવાયું કહેવાય. આમાં મોં માથુ હાથ આવે નહિ. હાથ આવે તો પત્તો ખાય જાય, ખલાસ! આહાહા...!

કહે છે, **'मन, वचन, काय के तीनों योगों से...'** તે યોગથી બધા મળ છોડી દે. વળી અમુક કાયાથી છોડે ને વાણીથી છોડે અને મનથી ન છોડે એમ હોય? છોડ્યા જ છે ક્યાં એમાં? એમ કહે છે. આહાહા...!

**ભાવાર્થ :– 'सम्यक्त्वचरण चारित्र,...'** દેખો! ચરણ ચરિત્ર. પાઠમાં જ છે ને એ તો? **'सम्मत्तचरणचारित्तं'** એમ શબ્દ છે ને? (ગાથા–૫). **'सम्मत्तचरणचारित्तं'** એમ શબ્દ પડ્યો છે.

'કુંદકુંદાચાર્ય'નો. '**सम्मत्तचरणचारित्तं**'. '**શંકાદિકદોષ સમ્યક્ત્વ કે મલ હૈ ઉનકો ત્યાગને પર શુદ્ધ હોતા હૈ...**' અહીં તો '**मिच्छत्तदोस संकाइ**' એમ લખ્યું છે ને? મિથ્યાત્વના દોષના શંકાવાળા. શંકા એ મિથ્યાત્વના દોષ (છે). ચારિત્રદોષના થોડા હોય એની વાત (નથી). એ તો જરી શંકા આદિ હોય છે ને સમકિતીને. પેલો ભય, ચારિત્ર પ્રકૃતિના ઉદયનો, એ નહિ ગણવું. ફક્ત આ મિથ્યાત્વ સંબંધીના જે શંકા આદિ છે એવા મળને છોડી દે. મન, વચન અને કાયાથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ચારિત્ર કોનું? કોનું? સમકિતનું કે ચારિત્રનું? બેનું કીધું ને? સમકિતચરણ ચારિત્ર અને ચારિત્રચરણનું ચારિત્ર. સમકિતના આ આઠ આચાર આદિ જે છે એ સમકિતચરણનું ચારિત્ર (છે). અને મહાવ્રત આદિ ચારિત્રનું આચરણ છે. સમજાણું કાંઈ?

'**ઇનકો ત્યાગ કરને કા ઉપદેશ જિનદેવ ને કિયા હૈ.**' લ્યો. '**સમ્યક્ત્વચરણ ચારિત્ર, શંકાદિદોષ સમ્યક્ત્વ કે મલ હૈ ઉનકો ત્યાગને પર શુદ્ધ હોતા હૈ, ઇસલિયે ઇનકો ત્યાગ કરને કા ઉપદેશ જિનદેવ ને કિયા હૈ. વે દોષ ક્યા હૈ વહ કહતે હૈં –**'

'**જિનવચન મેં વસ્તુ કા સ્વરૂપ કહા ઉસમેં સંશય કરના...**' ભગવાને આખો આત્મા દ્રવ્ય જ્ઞાયકભાવ કહ્યો. આવો જ્ઞાયકભાવ હશે? સમજાણું કાંઈ? એક સમયમાં પરમાત્મા પૂર્ણ પ્રભુ, એકલો જ્ઞાયકપ્રભુ, જ્ઞાયક પરમાત્મા, એવો આત્મા, આવો આત્મા? ઇ શંકા મિથ્યાત્વની શંકા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વિકલ્પ ઉઠે પણ શંકા પડી, મૂળ શંકા પડે તો વસ્તુ ખોટી થઈ ગઈ. જાણવા માટે જુદી વાત છે પણ અહીં તો એ વાત નથી લેવી. અહીં તો જ્ઞાયકભાવ આવો? સમકિતના દોષનો ત્યાગ છે ને. ભગવાને જે કહ્યું... દેખો!

'**જિનવચન મેં વસ્તુ કા સ્વરૂપ...**' એટલે આત્માનું આપણે અહીં તો લેવું છે. એય...! '**ઉસમેં સંશય કરના શંકા દોષ હૈ,...**' મૂળ વસ્તુ અખંડ અભેદ જ્ઞાયકભાવ ધ્રુવ ચૈતન્ય, ઇ આવડો મોટો? આવડો મોટો? એક સમયની કેવળજ્ઞાનની પર્યાય, એવી એવી અનંતી પર્યાયનો એક ગુણ, એવા અનંતગુણની એક વસ્તુ. જેનું–જ્ઞાયકભાવનું હોવાપણું આવડું મોટું. એમાં શંકા થાય. એ સમકિતનો મેલ છે, આ તો દોષ છે. સમકિતને મેલું કરે એ મિથ્યાત્વ છે. એમ. ચારિત્રના દોષમાં શંકા આદિ થોડી હોય (એ જુદી વાત છે), આ તો મૂળમાં વાંધો, એમ કહે છે. સમજાણું કાંઈ? સમકિતમાં દોષ ન હોય, એમ સિદ્ધ કરવું છે ને? સમકિત એટલે જ્ઞાયકભાવની પૂર્ણ જાણ કરીને પ્રતીતિ થઈ છે. જાણક થઈને પ્રતીતિ થઈ છે. પછી એમાં આવો ભાવ હોય કે ન હોય, એ પ્રશ્ન રહેતો નથી. આહાહા...!

શ્રદ્ધાએ અને જ્ઞાનની પર્યાયે આખા ભગવાનને ઝીલ્યો. આવડો જ છે ઇ. એવડો જ છે ઇ, એમ જ છે ઇ. એવો પ્રભુ પૂર્ણ જ્ઞાયકભાવ, વસ્તુ કીધી ને? વસ્તુનું સ્વરૂપ. સમજાય છે? '**વસ્તુ કા સ્વરૂપ કહા ઉસમેં સંશય કરના શંકા દોષ હૈ,...**' મૂળ વસ્તુ તો ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ? આ ઓગાળવા જેવી, સમજવા જેવી ચીજ છે. બીજું જાણપણું હોય ન હોય, જુદી વાત છે,

પણ આ ભગવાન આવો? ઘણાને તો હજી સર્વજ્ઞપર્યાયમાં શંકાઓ. સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોક જાણે? તો પછી મારી છેલ્લી પર્યાય કહી દે. બધું જાણતા હોય તો. અરે..! પણ છેલ્લી પર્યાય હોય નહિ ને શું જાણે? જ્ઞાન ખોટું છે? આહાહા..! ભારે વાંધા, મૂળમાં વાંધા. હજી તો સર્વજ્ઞની પર્યાયમાં વાંધા, એને દ્રવ્યમાં વાંધા તો હોય જ. એમ કહે છે. 'સેઠી'! આવો માર્ગ છે.

ભગવાનના ઘરે જવાની વાત છે આ તો. પામરમાં પડ્યો છે એ પ્રભુને ઘરે જાવું છે. એય...! 'ચંદુભાઈ'! પ્રભુના ઘર એના પિયર છે, એના ઘરે જાવું છે ત્યાં. આહાહા..! મહાપ્રભુ જ્ઞાયકભાવ અનંત.. અનંત.. અનંત.. અનંતની.. અનંતની અનંતતા એવા સામર્થ્યવાળું એક સમયમાં આખું તત્ત્વ પડ્યું છે. ભગવાને એવું જોયું, એવું છે આ. સમજાણું? સર્વજ્ઞ સિવાય આવા આત્માની વાત ક્યાંય બીજે હોઈ શકે નહિ અને તે પણ આ દિગંબર સંતો સિવાય બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેવળીના કેડાયતો છે બધા. આહાહા..! પોકાર કરે છે ને! કેવળ લેશું, કેવળ લેશું, એમ પોકાર કરે છે. કેવળીને, અનંતા કેવળજ્ઞાનીને પર્યાયમાં માન્યા પણ એવી અનંતી પર્યાય, એણે દ્રવ્યને માન્યું. કબ્જે કર્યા અનંતા કેવળજ્ઞાનીને અમે. એ કબ્જે કર્યા એ અંદર પ્રવાહરૂપે પ્રગટ્યે છૂટકો. '**अक्खयामेया**' માથે લીધા પછી આ લીધી છે ને. જે પર્યાય પ્રગટી એ હવે નાશ થવાની નથી. જે છોકરો માએ જન્મ્યો એ પાછો પેટમાં ન જાય, એમ કહે છે. સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા, જેની સમ્યગ્દર્શનપર્યાય પ્રજા અંદરથી પ્રગટી, એ પ્રજા થઈ એ થઈ, હવે પાછી જાય નહિ. સમજાણું કાંઈ? ઉપયોગનું હરણ ન થાય. અલિંગગ્રહણના નવમા બોલમાં આવ્યું હતું. હરણ નથી એનું. અવિનાશી ભગવાનને પકડ્યો. વસ્તુ અવિનાશી (છે) તો પર્યાય પણ અવિનાશી થઈ ગઈ. વસ્તુ અનંત તો એની પર્યાયમાં અનંતતા આવી ગઈ. આહાહા..! એ અંદર ભાવમાં આવવું જોઈએ, હોં! એ માટે પોકાર કરે છે. આહા..! જુઓને!

જિનદેવે કહ્યું એવું '**વસ્તુ કા સ્વરૂપ કહા...**' એવું જીવદ્રવ્ય, એવો પરમાણુ વગેરે. '**ઉસમેં સંશય કરના શંકા દોષ હૈ, ઇસકે હોને પર સપ્તભય કે નિમિત્ત સે સ્વરૂપ સે ચિગ જાય...**' જુઓ! શંકા થતાં ભય થાય. નિર્ભયપણે આત્માની પ્રતીત કરી શકે નહિ. સમજાણું કાંઈ? નિઃશંક અને ભયનું આવ્યું હતું ને? આવ્યું હતું ને કાલે? શંકા એટલે ભય. 'નિયમસાર'. હમણા આપણે વ્યાખ્યાનમાં ભય અને શંકાનું (આવી ગયું). એવી શંકા. આવો અખંડ જ્ઞાયકભાવ, એમાં જેને શંકા પડે એને ભય ઉપજ્યા વિના રહે નહિ. એ નિર્ભય નહિ થઈ શકે. આવો માર્ગ છે આ. હજી તો બહારમાં સેવા કરીને ધર્મ સાધવો હતો.

મુમુક્ષુ :– સેવા ધર્મ...

ઉત્તર :– સેવા ઇ કોણ? આત્માની સેવા ઇ. સ-એવ. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો જ્ઞાયકભાવ, તેની શ્રદ્ધા-જ્ઞાન તે તેની સેવા છે. કારણ કે શ્રદ્ધા-જ્ઞાનમાં આવો આત્મા નિરોગ સ્વરૂપ છે એમ એણે કબૂલ્યું છે. એવી એની સેવા છે. એને હીણો કબૂલવો એ અસેવા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ? જેવો ભગવાને જ્ઞાયકભાવ કહ્યો એવો સ્વીકાર કરવો એ સેવા છે. કારણ કે એને એમ ને એમ રાખ્યો. અને એમ ન રાખતા બીજી રીતે માને એ એની સેવા

નથી, એને હણી નાખ્યો છે. અસેવા છે. કહો, સમજાણું કાંઈ? 'પ્રકાશદાસજી'! આ પ્રકાશની વાત ચાલે છે આ.

આવો ભગવાન છે, બાપા! તને ખબર નથી, ભાઈ! એવો ત્રણ લોકનો નાથ એણે અનંતા કેવળજ્ઞાનના પેટો પર્યાયમાં અંગીકાર કર્યા, એવી અનંતી પર્યાય જેણે ગુણમાં–પેટમાં રાખી, એવા અનંતા ગુણને જેણે દ્રવ્યમાં રાખ્યા. આહાહા..! આવો જ્ઞાયકભાવ ભગવાન પરમાત્મા, એ સાહેબનો સાહેબ! સમજાણું કાંઈ? સાહેબજી, સાહેબજી કરે છે ને આ ... લોકો? એને પણ ... સાહેબને ભલી મતિ થજો. આવો સાહેબ ભગવાન છે એની શ્રદ્ધા તને થાજે. સમજાણું?

અમારા મામા હતા. આમ અમારા મામાના કાકાના દીકરા (થાય). સગા મામા હતા. ગૃહસ્થ માણસ. પૈસાવાળા. મકાનો ઘણા. પણ વાંઝિયા મરી ગયા. એક છોકરો થયો હતો એ મરી ગયો. પછી ઉદાસ થઈ ગયા હતા, હોં! ઉદાસ. દસ વર્ષની ઉંમરમાં (મરી ગયો). ઉદાસ.. ઉદાસ... મકાન, ઘણા મકાન, નવી પરણ્યા. છોકરો થયો તો બાર વર્ષે છોકરો મરી ગયો. થઈ રહ્યું. .... વાતું કરતાં કરતાં... ... મામા, આ શું થયું? મને કાંઈ ખબર નથી. ઇ કહે, ...નો અર્થ સાહેબને ભલી મતિ થાજે. આ સાહેબ ત્રણલોકનો નાથ, એને ભલી બુદ્ધિ થાજો કે આવો જ્ઞાયકભાવ હું છું. આહાહા..!

નિઃશંક, નિઃશંક થઈ જા, એમ કહે છે. શંકા કરીશ નહિ. ભગવાન પરમાત્માના ઘરમાં આવ્યો એની શંકા શી? આહાહા..! સમજાણું કાંઈ? એને ભય શો હવે? ભવભય ન મળે. એ તો નિર્ભય થઈને પરમાત્મા થઈ જવાનો. આહાહા..! જીત નગારા વાગ્યા. સમજાણું કાંઈ? આવે છે ને? 'આનંદઘનજી'માં. નહિ? 'મોહતિમિર ભય ભાંગ્યું' પહેલું શું આવે છે? 'વીરજીને ચરણે લાગું વીરપણું તે માગું રે, વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમકી વાણે.' ત્યાં સુધી રાખ્યું. 'વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમકી વાણે.' પણ આત્માના જ્ઞાનથી જાણે ત્યારે વીરપણું ઠાણે છે, એમ માન્યું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, વસ્તુનું સ્વરૂપ કહ્યું. ભગવાને જ્ઞાયકભાવ જીવને કહ્યો એવો એક એક પરમાત્મા, પૂર્ણ પરમાત્મા (છે). પર્યાયદૃષ્ટિ છોડી દ્યો તો અનંતા ભગવાન લોકમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે. ભગવાન વિનાની કોઈ જગ્યા ખાલી નથી. આહા..! ભગવાનના જ્ઞાનમાં કોઈ બાકી નથી, એમ લોકમાં કોઈ ભગવાન વિનાનો બાકી નથી. સમજાણું કાંઈ?

એવા વસ્તુના સ્વરૂપમાં, ભગવાને કહ્યું એમાં સંશય કરવો તે શંકા છે. તેથી સંશય કરવો નહિ. **'સપ્તભય કે નિમિત્ત સે સ્વરૂપ સે ચિગ જાય...'** શંકા કરે તો તો વસ્તુથી ભ્રષ્ટ થઈ જાય. **'ચિગ જાય વહ ભી શંકા હૈ.'** એક બોલ થયો.

વળી, **'ભોગોં કી અભિલાષા કાંક્ષા...'** છે. એટલે કે રાગની અભિલાષા એ કાંક્ષા છે. સ્વભાવમાં અભિલાષા સ્વભાવની હોય. સમજાણું કાંઈ? આહાહા..! રાગની અભિલાષા એ ભોગની અભિલાષા છે, આનંદની અભિલાષા નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમકિતીને રાગની અભિલાષા નથી, એમ કહે છે. જેમ પૂર્ણ જ્ઞાયકભાવમાં પ્રતીતમાં શંકા નથી, એ અસ્તિથી લીધું અને અહીં પૂર્ણ આનંદમાં એને રાગના ભાવની ભાવના નથી. રાગની અભિલાષા કાંક્ષા નથી.

ભાવ, સ્વભાવ આત્મા જે નિઃશંકપણે જાણ્યો છે એમાં એ ઠરવા માગે છે. એને રાગની કાંક્ષા છે નહિ.

**'ભોગોં કી અભિલાષા કાંક્ષા દોષા હૈ, ઇસકે હોને પર ભોગોં કે લિયે...'** રાગની રુચિનો જ્યાં ભાવ થઈ જાય, ત્યાં સ્વરૂપથી ચગીને ભ્રષ્ટ થઈ જાય. સમજાણું કાંઈ? જ્યાં ક્યાંય ભોગ સંસારમાં મીઠાશ આવી અને રાગના વિકલ્પ શુભની પણ મીઠાશ આવી, એ ભોગમાં ગરી ગયો, ચૈતન્યથી ભ્રષ્ટ થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? 'સુજાનમલજી'! એવો માર્ગ વીતરાગનો છે. ભાખ્યો શ્રી વીતરાગ. અમારે 'હરિભાઈ'એ ગોઠવ્યું છે ને. સમજાણું કાંઈ? 'સીમંધર' ભગવાનના સમવસરણમાં... આહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ જ છે, એમાં બીજો પ્રશ્ન શું? કહે છે. એવો જ છે, એ રીતે તું માન અને જાણ. એમાં કોઈ સ્થાન બીજું છે નહિ. એમ કહે છે. જેમ છે એમ કીધું ને? ભગવાને વસ્તુનું સ્વરૂપ છે એવું કહ્યું. એવું છે ઇ.

એમાં ભોગની અભિલાષા. અરે..! રાગના કણનો પણ પ્રેમ થવો, એ ભોગની જ અભિલાષા છે. એને આત્માના આનંદની ભાવના નથી. આહાહા..! પળની ખબર પડે છે? જુઓને! બિચારો પેલો વિમાનવાળો જુવાન એક જ હતો, કહે છે. વિમાન ચલાવનાર. છેલ્લી સ્થિતિ હતી, પાસ થવાની. થયો પાસ. આહાહા..! અને એ માંસના ખાનારા હોય, નરકમાં જાય. સમજ્યા કે નહિ? માંસ ન ખાનારા ઢોરમાં જાય. ... આહાહા..! આ પડદા મોટા. ભગવાનને જોયા વિનાના આવા પડદા પડે. સમજાણું કાંઈ?

ભગવાન તો ભવ અને ભવના ભાવ વિનાનો છે. જેણે રાગની ભાવના કરી, એણે ભવની ભાવના રખડવાની કરી. આહાહા..! સમજાણું કાંઈ? સ્વર્ગના સુખોની પણ જેને ઇચ્છા (રહી), અરે...! જેને રાગની ઇચ્છા (છે) એને સ્વર્ગના સુખની જ ઇચ્છા છે. એને આત્માના આનંદની રુચિ ભ્રષ્ટ થઈ જાય છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો જે પ્રેમ છે, એ રાગના પ્રેમમાં જ્યાં જાય છે ત્યાં સ્વર્ગ આદિના સુખનો પ્રેમ એને જાગે છે. એથી આનંદના પ્રેમથી ચ્યુત થઈ જાય છે. માટે તેવા રાગની કાંક્ષાને છોડવી. મૂળ પાઠ તો **'मिच्छत्तदोस संकाइ'** છે ને. મિથ્યાત્વદોષના શંકા આદિ લીધાં પાઠમાં. અસ્થિરતાના સાધારણ એ વાત નથી. આ મૂળને છેદી નાખે એ દોષોને વર્ણવ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભોગોં કે લિયે સ્વરૂપ સે ભ્રષ્ટ હો જાતા હૈ.'** આત્માના આનંદનો ભોગ જ્યાં પ્રતીતમાં આવે છે, આત્માનો અનુભવ કહો કે આત્માનો ભોગ કહો, એ જ્યાં પ્રતીતમાં–શ્રદ્ધામાં આવે છે, એને રાગનો ભોગ કેમ રુચે? એ ઇન્દ્રાણીના વિષય વખતે પણ સમકિતીને રુચતું નથી. આનંદ આગળ ક્યાંય રુચિ છે નહિ. આહાહા..! એવી ભોગની કાંક્ષા... અહીં શું કરે? સ્થૂળ ભોગ. એમ નથી, અહીં તો રાગ છે (એનો) ભોગવટો–અનુભવ કરવો એ સ્થૂળ કાંક્ષા છે. એ કાંક્ષા, એવી ઇચ્છા ધર્મીને હોતી નથી. એવી કરવા જાય તો અહીંયા શુદ્ધસ્વભાવથી ભ્રષ્ટ થઈ જાય છે. આનંદના પ્રેમથી ખસી

જાય છે. અને ભોગના પ્રેમમાં ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? બે બોલ થયા.

**'વસ્તુ કે સ્વરૂપ અર્થાત્ ધર્મ મેં ગ્લાનિ કરના જુગુપ્સા દોષ હૈ,...'** પહેલું તો વસ્તુમાં ગ્લાનિ કરવી. ભગવાન ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પરમાનંદનો નાથ, એમાં ગ્લાનિ (એટલે) ઉંહું.. હું.. હું.. (થવું), આવું તે હોય? એનો અનાદર કરવો, ગ્લાનિ કરવી, દુગંછા કરવી. આવો મોટો? આવો હોય? એ દુગંછા પણ મિથ્યાત્વનો (દોષ છે). સ્વભાવ પ્રત્યે એને દુગંછા થઈ. આહાહા..! સમજાણું કાંઈ? છે, એમાં અંદર લખાણ છે. 'પ્રકાશદાસજી'! હૈ કિ નહીં ઉસમેં? થોડા થોડા હૈ? આહાહા..! વસ્તુના સ્વરૂપ વિષે ગ્લાનિ. ભગવાન અતીન્દ્રિય આનંદનો સાહેબો, એમાં ગ્લાનિ ઉં..હું..હું.. આવું તે હોય? સમજાણું? એમ કરને એના પ્રત્યેનો અનાદર કરવો, દુગંછા થાય એને મિથ્યાત્વ ભાવ કહેવામાં આવે છે. એવો ભાવ સમકિતીને હોતો નથી. આહાહા..!

**'ધર્માત્મા પુરુષોં કે...'** એ વ્યવહાર આવ્યો. આવો જ્યાં નિશ્ચય હોય **'ધર્માત્મા પુરુષોં કે પૂર્વકર્મ કે ઉદય સે બાહ્ય મલિનતા દેખકર મતસે ચિગ જાના હોતા હૈ.'** એવું કાંઈક દેખીને મતથી ચળી જાય. મુનિ પવિત્રતાના પિંડ, એનું શરીર આવું? શરીર પણ સુધર્યું નહિ? એને રોગ? એને આ સડેલા....? શરીર સડે. સાતસો (વર્ષ) રોગ. ન આવ્યું? સાતસો વર્ષ. ગળત કોઢ. 'સનતકુમાર' ચક્રવર્તી. આહાહા..! એ તો જડના કામ જડ હોય. એવું દેખીને દુગંછા થાય... સમજાણું કાંઈ? (એ) ધર્મથી ચગી જાય. સારા શરીરને નિરોગી દેખે... જો, આને કાંઈક ધર્મનું ફળ છે. સાંભળને! શરીર ગમે એવા હોય, એની સાથે આત્માને શું સંબંધ છે? એય..! સાંઢડા જેવા મિથ્યાદૃષ્ટિના શરીર દેખે.. ભારે ભાઈ! એ તો મોટા પંડિત બાવાને માને છે ને. એને લઈને. પૈસાવાળા અને નિરોગી રહે. અને આ લ્યો, ધર્માત્મા. શરીરમાં પણ રોગ રહે અને મેલ રહે, આ રહે. આહાહા..! એમ જો દુગંછા સત્પુરુષની કરે તો એ પોતાનો સત્ સ્વભાવ, એનાથી ભ્રષ્ટ થઈ જાય. 'કાંતિભાઈ'! આ તો વીતરાગના વ્હેણ છે બધા. વીતરાગના વ્હેણ એટલે? વીતરાગની વાણી અને વીતરાગના વ્હેણ. પાણીમાં વ્હેણ હોય છે ને? એની કોર પાણી વહે. આ વીતરાગનો પ્રવાહ છે, વ્હેણ સાથે. અજ્ઞાન અને મિથ્યાત્વના પ્રવાહનું વ્હેણ છૂટી જઈ અને વીતરાગના આ બધા વ્હેણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પૂર્વકર્મ કે ઉદય સે બાહ્ય મલિનતા દેખકર મત સે ચિગ જાના હોતા હૈ.'** જોયું! સ્વરૂપની દુગંછા કરે તોપણ ભ્રષ્ટ થઈ જાય અને ધર્માત્માના પૂર્વના પાપના ઉદયે, અઘાતિને કારણે શરીરમાં ફેરફાર, મેલ, દુગંછા, આંખ ફૂટેલી હોય, ગળાના શું કહેવાય આ? કંઠમાળ. કેન્સર હોય. શરીરની પર્યાય છે એમાં આત્માને શું પણ? એવું દેખીને જેને અંતરમાં સ્વરૂપ ચૈતન્યનું ભાન છે, એની ગ્લાનિ આવે તો પેલા ઉપર ગ્લાનિ થઈ જાય (છે). આહાહા..! સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૭, ગાથા-૬, ૭. ગુરુવાર, અષાઢ સુદ ૧૨, તા. ૧૬-૦૭-૧૯૭૦

આ ચારિત્રપાહુડ, એની છઠ્ઠી ગાથા. અહીંયા આવ્યું છે, જુઓ! ચોથો બોલ છે. નિઃશંક, નિઃકાંક્ષ અને નિર્વિચિકિત્સા. એ ત્રણ દોષ વર્ણવ્યા. છે ગુણ, પણ એના દોષ વર્ણવ્યા. પહેલું ફરીને લઈએ.

**'જિનવચન મેં વસ્તુ કા સ્વરૂપ કહા ઉસમેં સંશય કરના શંકા દોષ હૈ,...'** ભગવાને જ્ઞાયકભાવ એવો જે ચૈતન્યસ્વભાવ, વસ્તુ સ્વભાવ જે વર્ણવ્યો, એમાં શંકા કરવી એ સમકિતના નાશનું કારણ છે. મિથ્યાત્વનો દોષ છે, એમ કહે છે.

મુમુક્ષુ :– શંકા કરવી એટલે?

ઉત્તર :– શંકા એટલે આવો જ્ઞાયકભાવ હશે કે નહિ? આવો ત્રિકાળી ચૈતન્ય દ્રવ્ય, અનંત સામર્થ્ય, આટલા ક્ષેત્રમાં, આટલા સત્ત્વ, તત્ત્વવાળું આવું જ્ઞાયકપણું હશે કે નહિ? એમ શંકા (થવી એ) મિથ્યાત્વનો દોષ છે.

મુમુક્ષુ :– ... એવો વિચાર કે...

ઉત્તર :– વિચાર નહિ. શંકા આવે કે આવો છે? વિચાર આવે જ્ઞાન કરવા માટે એ જુદી (વાત). એને શંકા થાય. આ સમકિતની વાત ચાલે છે ને? સમકિતીને આ દોષ હોય નહિ. હોય તો તે સમકિત રહેતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એમ છે ને? જુઓને!

**'सम्मत्तमला जिणभणिया तिविह जोएण परिहरि'** એમ છે ને? ભગવાને જે આત્માનો સ્વભાવ કહ્યો, એમાંથી મન, વચન અને કાયા દ્વારા વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ ભાવનો એને ત્યાગ છે. મિથ્યાત્વનો ભાવ એને હોય નહિ. અખંડ જ્ઞાયક ચૈતન્ય વસ્તુ દ્રવ્ય સ્વભાવ મહા અનંત આનંદ આદિ સ્વભાવની ખાણ એ આત્મા છે. અનંત અનંત જ્ઞાનનો દરિયો આત્મા છે. એમાં શંકા થવી એ મિથ્યાત્વનો દોષ છે. એનાથી શંકા થતાં ભય થાય, ભય થતાં સ્વરૂપથી ચગી જાય. એ પહેલી વાત કરી.

બીજી, ભોગની અભિલાષા. રાગ છે. રાગની ઇચ્છા. સ્વરૂપની અભિલાષા નહિ અને રાગનો ભાવ કે રાગના ફળનો ભાવ, એની અભિલાષા (થાય તો) એ સ્વરૂપથી ચ્યુત થઈને ધર્મથી ભ્રષ્ટ થવાના રસ્તા છે. સમજાણું કાંઈ? ત્યારે (કોઈ) કહે, સમકિતીને ભોગ હોય છે ને? ક્ષાયિક સમકિતીને ભોગ હોય છે. ભોગથી ચગી જાય તો ભ્રષ્ટ થઈ જાય. એમ કહ્યું ઇ શું? અંતરમાં આત્માના આનંદ આગળ કોઈ ભોગની વૃત્તિમાં પ્રેમ અને રુચિ જ્ઞાનીને રહેતી નથી. આત્માના આનંદના જેણે ભાન કર્યાં છે, આત્મા અતીન્દ્રિય આનંદના ધામસ્વરૂપ છે, એવું જ્યાં સમ્યક્ થયું છે એને કોઈ ઇન્દ્ર આદિના ભોગની પણ ઇચ્છા (નથી). રાગની જ ઇચ્છા નથી અહીં તો કહેવું છે. અને જો રાગની ઇચ્છા થાય તો સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ જાય. 'સેઠી'! ક્યા હૈ? સમજાય છે?

મુમુક્ષુ :– ભોગ કી ઇચ્છા સે ખાના-પીના...

ઉત્તર :– ખાનાની અહીં ક્યાં વાત છે. શું લખ્યું છે? જુઓ! **'ભોગોં કી અભિલાષા કાંક્ષા...'**

ભોગ શબ્દે આત્માના આનંદનો અનુભવ, એવો જે આત્માનો ભોગ, એને છોડીને પાંચ ઇન્દ્રિયના વિષયનું કારણ એ રાગ, એ રાગની અભિલાષા છે એ મિથ્યાત્વનું લક્ષણ છે. ધર્મીજીવને આત્મા તો આનંદસ્વરૂપ છે... 'પ્રકાશદાસ' ગયા લાગે છે. ગયા? સમજાણું કાંઈ?

એક કોર નિઃશંક પૂર્ણ જ્ઞાયકભાવ છે એ અસ્તિ તરીકેની વાત છે. એમાં શંકા પડે કે એવી વસ્તુ નથી. એવી શંકા તે મિથ્યાત્વભાવ છે. હવે એવો જે નિઃશંક જ્ઞાયકભાવ, એના સિવાય રાગની, પરની પણ અભિલાષા રહે તોપણ સ્વભાવની ભાવના રહેતી નથી. સમજાણું કાંઈ? ધર્મીને ભોગની વૃત્તિ હોય, આસક્તિ હોય પણ એની રુચિનો રસ નથી. અભિલાષ નથી. એની અભિલાષ નથી. છે, છે. આકુળતા છે. નબળાઈને લઈને આવે છે પણ એનો પ્રેમ નથી. ધર્મીને પ્રેમ નથી. જ્યાં આત્માના આનંદના સ્વાદ લીધા છે, આનંદનો અનુભવ લીધો છે એને એ કોઈ ઇન્દ્રાણી શું ત્રણ લોકનું રાજ હોય તોપણ એને ઝેર જેવું લાગે છે. રાગની ઇચ્છા, અભિલાષ ધર્મીને હોતી નથી. આવી વાત છે. પછી દ્વેષ ન હોય, એમ મૂળ તો વાત છે. છે ને?

**'વસ્તુ કે સ્વરૂપ અર્થાત્ ધર્મ મેં ગ્લાનિ કરના જુગુપ્સા દોષ હૈ, ઇનકે હોનેપર ધર્માત્મા પુરુષોં કે...'** એ તો વ્યવહાર કહ્યો. પણ અંતરમાં ગ્લાનિ એટલે આવો સ્વભાવ, એના પ્રત્યે અણગમો થઈ જવો, રાગની જે અભિલાષા છે એવા સ્વભાવનો અણગમો થવો એ જુગુપ્સા છે. અહીં અભિલાષા થવી અને અહીં જુગુપ્સા થવી એટલે મૂળ રાગ અને દ્વેષ થયો. અખંડ જ્ઞાયકભાવ ચૈતન્ય વસ્તુ એના અસ્તિની પ્રતીતમાં શંકા, એ પહેલો દોષ કીધો. અને એને છોડીને કોઈપણ વિકલ્પની અભિલાષા (થાય) એ વસ્તુના સ્વરૂપથી ચગી જાય, ભ્રષ્ટ થવાનું કારણ છે. અને ભગવાનઆત્મા આવો અનંત અનંત ગુણનો પિંડ, એના પ્રત્યે દુગંછા થઈ જવી. આવો આત્મા હશે? આવો આત્મા હોય તો કેમ પ્રગટ થાતો નથી? પ્રગટ તો પ્રતીત, અનુભવ કર તો થાય કે અનુભવ કર્યા વિના થાય? સમજાણું? કીધું હતું ને અમારે 'ભગવાનજીભાઈ'એ. 'ભગવાનજી' વકીલે. આવો ધોયેલ મૂળા જેવો બહુ વખાણો છો તો ગયો ક્યાં? પણ છે અંદરમાં એનો અંતર્મુખ થઈને વિશ્વાસ નથી અને વિશ્વાસ નથી એટલે એની પ્રતીતિમાં આ આત્મા આવો છે એવું આવતું નથી. સમજાણું કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે. અહીં તો **'मिच्छत्तदोस संकाइ परिहरि सम्मत्तमला जिणभणिया तिविह जोएण'** આહાહા..! મન, વચન અને કાયાથી જેને દોષો છૂટી જાય છે અને આત્મા અખંડ આનંદસ્વરૂપ પ્રતીતમાં, અનુભવમાં, જ્ઞાનમાં આવે એને સમ્યગ્દર્શન અને એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ત્રણ તો કાલે આવ્યા હતા.

વળી, **'દેવ ગુરુ ધર્મ તથા લૌકિક કાર્યોં મેં મૂઢતા...'** સમકિતનો દોષ એ મિથ્યાત્વનો ભાવ છે. **'યથાર્થ સ્વરૂપ કો ન જાનના સો મૂઢદૃષ્ટિદોષ હૈ, ઇસકે હોનેપર અન્ય લૌકિક જનોં સે માને હુએ સરાગીદેવ,...'** લૌકિક માને રાગવાળા દેવ, સર્વજ્ઞપદ પ્રગટ્યું નથી, પૂર્ણ દશા જેની નથી, રાગવાળા દેવને દેવ માને (કે) આ પણ એક દેવ છે ને. મહા પુણ્યશાળી આદિ. એ મૂઢ છે. સમજાણું કાંઈ? **'સરાગીદેવ, હિંસાધર્મ...'** રાગમાં ધર્મ માને. રાગના પરિણામ છે એ હિંસા છે. એને ધર્મ માને. **'સગ્રન્થગુરુ...'** વસ્ત્ર પાત્ર સહિત હોય એને ચારિત્રવંત માને. એ બધા મિથ્યાત્વના લક્ષણ છે.

સગ્રંથ છે ને? એને નિર્ગ્રંથપણું નથી અને સગ્રંથ–વસ્ત્ર પાત્ર આદિ રાખે છે અને મુનિપણું માને છે, એને જે ચારિત્રવંત મુનિ માને એ મિથ્યાત્વનો દોષ છે, એ મૂઢતા છે. એને સત્યનું ભાન નથી.

**'તથા લોગોં સે બિના વિચાર કિયે હી માની હુઈ અનેક ક્રિયાવિશેષોં સે વિભવાદિક કી પ્રાપ્તિ કે લિયે...'** દુનિયામાં મને લક્ષ્મી મળે, આબરૂ મળે. આ જે માને છે ને? બાવાને ને જોગીને, ફકીરને... પેલો બાવો નથી? સાંઈબાબા, જલારામ. બધાને માને. પૈસા મળશે. એમને માનીએ તો આપણને પૈસા મળશે. મૂઢ જીવો છે બધા. ધૂળેય નથી. સમજાણું કાંઈ? વિભવાદિકની પ્રાપ્તિ થશે. છોકરાની પ્રાપ્તિ થશે. વાંઝિયા છે. સાંઈઠ વર્ષ થયા. દીકરો નથી અને પચીસ-પચાસ લાખની મૂડી (છે). આ દિયરનો દીકરો લઈ જશે, જો આપણે દીકરો નહિ હોય તો. થાય છે ને? એટલે કોઈ રીતે છોકરો થાય. પીર પૈગંબરને માનીએ, આને માનીએ. મૂઢ જીવો છે. પુણ્ય વિના કાંઈ થાતું હશે?

મુમુક્ષુ :– થાય છે માનીએ તો.

ઉત્તર :– માન્યે ધૂળેય થાતું નથી. મૂઢ માને છે. સમજાણું કાંઈ? એય...! એને છોકરો નથી કાંઈ, લ્યો. અને પૈસા ઘણા છે. હવે શું કરવું?

મુમુક્ષુ :– ઇ તો થાવાનું હોય તે થાય.

ઉત્તર :– કરશે કાંઈક. એના હાથમાં છે કાંઈ? ઘરના બૈરાના હાથમાં છે. આ તો સોંપી દીધું, તું કરજે. ઉપાધિ કોણ આપશે? ઉપાધિ નહિ આવશે વગેરે વગેરે ઘણા અર્થ છે એમાં. કહો, સમજાણું કાંઈ? પૈસા છે. બે-બે લાખના ત્રણ તો મોટા બંગલા છે. છોકરો નથી. બે જણા છે–હુતો-હુતી. છતાં એને કાંઈ માન્યતા એવી નથી. લ્યો, ફલાણા છોકરા ... આ તો માન્યતા કરે કે આનાથી ... થાય તો દીકરો થશે અને પછી આપણે ... ચડાવશું અને એનામાં કાંઈક ચાંદીનું છત્ર ચડાવશું. પથરાની મૂર્તિ હોય ને એની માનેલી. ખોડિયાર કે વગેરે. ચાંદીના માથે ચડાવશું, ચાંદીના ઘોડિયા મૂકશું. મૂઢ બધા આવા જીવો. આહાહા..! ભગવાનઆત્મા અખંડાનંદ સંપદાનો ધણી, એ ભિખારી થઈને જ્યાં-ત્યાં માગે, મૂઢ છે, કહે છે. તને તારો વિશ્વાસ નથી. સમજાણું કાંઈ?

અનેક **'વિભવાદિક કી પ્રાપ્તિ કે લિયે...'** વૈભવ આદિ. પૈસા, છોકરો, આબરૂ વગેરે વગેરે. **'યથાર્થ મત સે ભ્રષ્ટ હો જાતા હૈ.'** એવી માન્યતા કરે તો સત્ય દૃષ્ટિ રહેતી નથી. ભ્રષ્ટ થઈ જાય છે. **'ધર્માત્મા પુરુષોં મેં કર્મ કે ઉદય સે કુછ દોષ ઉત્પન્ન હુઆ દેખકર ઉનકી અવજ્ઞા કરના સો અનુપગૂહન દોષ હૈ,...'** ધર્માત્મા છે, જ્ઞાની છે. કોઈ એવા કર્મના સાધારણ માટે એવી કોઈ કલ્પના આદિ દોષ, શરીરની ક્રિયા આદિ થઈ ગઈ, એને ગોપવે નહિ અને બાહર પાડે તો પોતે ધર્મથી ભ્રષ્ટ થઈ જશે. સમજાણું કાંઈ? અનુપગૂહન. ગોપવે નહિ એટલે બહાર પાડે. એને પોતાના સ્વભાવનું ભાન નથી. સમજાણું કાંઈ? **'ઇસકે હોનેપર ધર્મ સે છૂટા જાના હોતા હૈ.'** ધર્મથી છૂટી જાય. ધર્માત્મા જ્ઞાની છે, કોઈ એવી પ્રકૃતિની ચેષ્ટામાં એવો કોઈ દોષ હોય પણ મૂળમાં દોષ છે નહિ. એવા દોષથી જગતમાં જાહેર કરીને ધર્મને હીલના કરવી એ ધર્મથી ભ્રષ્ટ થવાના લક્ષણ છે. સમજાણું કાંઈ?

**'ધર્માત્મા પુરુષોં કો કર્મ કે ઉદય કે વશ સે ધર્મ સે ચિગતે દેખકર...'** સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની

ધર્માત્મા છે, કર્મના કારણે કોઈ નિમિત્તથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ હોય એને **'સ્થિરતા ન કરની...'** સ્થિરતા ન કરે. મોટો દોષ છે. **'અસ્થિતિકરણ દોષ હૈ, ઇસકે હોનેપર જ્ઞાત હોતા હૈ કિ ઇસકો ધર્મ સે અનુરાગ નહીં હૈ...'** એને ધર્મનો પ્રેમ નથી. ધર્મનો પ્રેમ હોય (તો) ધર્મીજીવને અસ્થિરતા થઈ હોય તો સ્થિરતા કરે. વાસ્તવિક ધર્મ, હોં! સમજાણું કાંઈ? એવો એનો ભાવ સ્થિતિકરણનો હોય છે. અને ન હોય તો પોતે ધર્મથી ભ્રષ્ટ થાય છે. એમ કે એને ધર્મનો પ્રેમ નથી.

વળી **'ધર્માત્મા પુરુષોં સે વિશેષ પ્રીતિ ન કરના...'** લ્યો. અનુરાગ નહિ. અનુરાગ ... પુસ્તક આપજો. હિન્દી છે ને? હિન્દી. ગુજરાતી લ્યો. ક્યાંથી આવ્યા? 'દમોહ'. સમ્યગ્દષ્ટિને આવા દોષ હોય નહિ, એમ વર્ણવે છે. સમજાણું કાંઈ? મૂળ પાઠમાં છે ને ઇ? **'सम्मत्तमला'** આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એવી જેને અંતર અનુભવ થઈને પ્રતીતિ થઈ છે એને આવા આઠ દોષ હોતા નથી. **'ધર્માત્મા પુરુષોં સે વિશેષ પ્રીતિ ન કરના...'** સમ્યગ્દષ્ટિ ધર્માત્મા છે એના ઉપર પ્રીતિ ન કરે તો એ સમકિતથી ભ્રષ્ટ થઈ જાય છે. સમજાય છે કાંઈ? આત્મા જેને સમજાણો છે, અનુભવાણો છે એવા ધર્મી, એના પ્રત્યે જેને પ્રેમ નથી તો જાણવું કે એને આત્મા પ્રત્યે પ્રેમ નથી.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, પુણ્યના વિકલ્પના પણ પ્રેમ જેને છૂટી ગયા છે, શુભભાવનો પ્રેમ પણ જેને છૂટી ગયો છે અને આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ, નિજાનંદની સંપદાનો ભંડાર, એના પ્રેમ જેને જાગ્યા છે એને ધર્માત્મા પ્રત્યે પ્રેમ હોય. એવા ધર્મી દેખીને એને દ્વેષ ન આવે, અનાદર ન આવે. અનાદર (આવે) અને પ્રીતિ ન આવે (તો) સમકિત નથી. સમજાણું કાંઈ? **'ધર્માત્મા પુરુષોં સે પ્રીતિ ન કરના અવાત્સલ્ય દોષ હૈ, ઇસકે હોને પર સમ્યક્ત્વ કા અભાવ પ્રગટ સૂચિત હોતા હૈ.'**

વળી, **'ધર્મ કા માહાત્મ્ય શક્તિ કે અનુસાર પ્રગટ ન કરના...'** શક્તિ પ્રમાણે ધર્મનું માહાત્મ્ય પ્રગટ કરવું. વીતરાગદેવ ત્રિલોકનાથ પરમાત્મા, જેણે ત્રણ કાળ ત્રણ લોક જોયા, એણે આત્માની જે વાત કરી અને ધર્મની કરી એવી વાત ત્રણ કાળમાં ક્યાંય છે નહિ. વીતરાગ પરમાત્મા સિવાય સર્વજ્ઞદેવે કહેલો વીતરાગી ધર્મ, પુણ્ય અને પાપના વિકલ્પ રહિત, એવો જે આત્મધર્મ, એની પ્રભાવનાનો ભાવ સમકિતીને હોય. પ્રભાવનાનો ભાવ ન હોય તો એને ધર્મનો પ્રેમ છે નહિ. સમજાણું કાંઈ?

**'ઇસકે હોનેપર જ્ઞાત હોતા હૈ કિ ઇસકે ધર્મ કે માહાત્મ્ય કી શ્રદ્ધા પ્રગટ નહીં હુઈ હૈ.'** ભગવાનઆત્મા અનંત આનંદ અને શાંતિનો સાગર પ્રભુ, એવી જેને અંતર અનુભવની દૃષ્ટિ થઈ, એવા ધર્મનું માહાત્મ્ય કર્યા વિના રહે જ નહિ. બહાર પ્રસિદ્ધિમાં પ્રરૂપણામાં કથનમાં, અહો...! ધન્ય માર્ગ, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો જે આત્મધર્મ એ ત્રણ કાળમાં બીજે હોઈ શકે નહિ. એમ એની પ્રભાવનાનો ભાવ હોય છે. પ્રભાવનાનો ભાવ ન હોય, અપ્રભાવનાનો હોય તો એ સમકિતથી ચગી જાય છે. સમકિતથી ભ્રષ્ટ થઈ જાય છે. સમજાણું?

**'ઇસપ્રકાર યે આઠ દોષ સમ્યક્ત્વ કે મિથ્યાત્વ કે ઉદય સે (ઉદય કે વશ હોને સે) હોતે હૈં,...'** સમકિતના આઠ દોષ આ મિથ્યાત્વને કારણે હોય છે. ઉગ્ર હોય એટલે. **'જહાં યે તીવ્ર હો વહાં તો મિથ્યાત્વ પ્રકૃતિ કા ઉદય બતાતે હૈં,...'** આઠે. નિઃશંકમાં શંકા થવી. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ,

જ્ઞાયકભાવ અખંડ આનંદનો કંદ પ્રભુ, એમાં શંકા થવી એ મિથ્યાત્વનો ઉદય છે. સમજાણું કાંઈ? એને છોડીને ભગવાનઆત્માની અંતરની એકાગ્રતાની ભાવના છોડીને રાગની ભાવના, ઇચ્છા કરે એ સમકિતમાં મિથ્યાત્વનું કારણ છે. અને દ્વેષ કરે. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ, એના પ્રત્યે દુગંછા (કરે કે) આવો આત્મા? એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે? અને એવી અનંતી અનંતી પર્યાયવાળો આત્મા? જેને અણગમો થાય, એવી ચીજ પ્રત્યે અણગમો-દ્વેષ થાય. એને દુગંછા કહે છે. એ મિથ્યાત્વનો દોષ છે. સમજાણું કાંઈ? એમ આઠે મિથ્યાત્વ પ્રકૃતિના કારણને જણાવે છે. લ્યો.

**'જહાં કુછ મંદ અતિચારરૂપ હોં તો સમ્યક્ત્વ પ્રકૃતિ નામક મિથ્યાત્વ કી પ્રકૃતિ કે ઉદય સે હો વે અતિચાર કહલાતે હૈં,...'** અતિચાર હોય ત્યાં. એને ક્ષયોપશમ સમકિત રહે. પણ એ દોષ તો ટાળવા જેવો છે. દોષ રાખવા જેવો હોઈ શકે નહિ. કહો. **'વહાં ક્ષયોપશમિક સમ્યક્ત્વ કા સદ્ભાવ હોતા હૈ, પરમાર્થ સે વિચાર કરેં તો અતિચાર ત્યાગને હી યોગ્ય હૈ.'** અતિચાર તો છોડવા લાયક છે, દોષ છે, પાપ છે. અને ભગવાનઆત્મા નિર્મળાનંદ પ્રભુ, એની દૃષ્ટિ થઈને એમાં રમણતા કરવા લાયક જીવ છે. બાકી ક્યાંય રાગમાં કે પરમાં રમણ કરવા લાયક છે નહિ. એવા સમકિતીને આવા દોષ ખોટા હોઈ શકે નહિ.

**'ઇન દોષોં કે હોનેપર અન્ય ભી મલ પ્રગટ હોતે હૈં, વે તીન મૂઢતાએં હૈં. ૧. દેવમૂઢતા, ૨. પાખંડમૂઢતા, ૩. લોકમૂઢતા. કિસી વર કી ઇચ્છા સે સરાગી દેવોં કી ઉપાસના કરના...'** વર એટલે ફળ. કાંઈક ફળ માગે. દીકરાનું, પૈસાનું, આબરૂનું, પરલોકનું. એવા વરની માંગણી કરી એટલે ફળની વાંછા કરી **'સરાગી દેવોં કી ઉપાસના કરના...'** રાગવાળા દેવ મિથ્યાદૃષ્ટિની સેવા કરવી. એ બધા મિથ્યાત્વના લક્ષણ છે. સમજાણું કાંઈ? જુઓને! આ અંબાજી ને શિકોતેર ને ભવાની ને.. એય...! 'ત્રંબકભાઈ'! તમારે બહુ છે ત્યાં. જે તે માને. ભ્રમણા ભ્રમણા, ભ્રમણા. નામ ધરાવે જૈન અને માને અંબાજીને, ભવાનીને, શિકોતેર ને ઢીકણાને. પાખંડ છે, પાખંડ છે. એને મૂઢતા, દેવમાં મૂઢ છે. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સિવાય સમકિતીને કોઈ બીજો દેવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? 'શ્યામદાસજી'! આહાહા..! જંતર ને ફંતર ને દેવ ન હોય, એમ કહે છે. એ દેવમૂઢતા.

**'ઉનકી પાષાણાદિ મેં સ્થાપના કરકે પૂજના...'** આ મારી દેવી છે ને આ અમારી કુળદેવી છે ને આ અમારા દેવ છે ને એમ કરી પૂજા કરે. આશા ઊંડી એ કે આમાંથી પૈસા આવે, આમ થાય, દીકરો રહે, નાગા-ભૂખ્યા ન રહીએ. આ બધા મિથ્યાત્વના લક્ષણ છે, કહે છે. સમજાણું કાંઈ?

**'ઢોંગી પુરુષોં મેં મૂઢતા-પરિગ્રહ, આરંભ, હિંસાદિ સહિત પાખંડી (ઢોંગી)...'** વસ્ત્ર પાત્ર રાખે, પૈસા રાખે (પોતાને) મુનિ માને એ બધા પાખંડી છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! 'શ્યામદાસજી'! ગ્રંથ દેખો. **'પરિગ્રહ, (આરંભ) હિંસાદિ સહિત પાખંડી (ઢોંગી)...'** વેષ ધર્યા હોય. કુલિંગ. એના **'સત્કાર પુરસ્કાર કરના...'** એનો માન અને આદર કરવો એ મિથ્યાત્વનો દોષ છે. સમકિતને મેલું કરીને નાશ કરવાનો દોષ છે. સમજાણું કાંઈ? સત્કાર, પુરસ્કાર, આદર કરવો.

રાજાના મોટા માનીતા છે, બાવાજી છે, ફલાણા છે, ઢીકણા છે, પીર છે, પયગંબર છે, ફલાણું છે એમ કરીને કાંઈક આશાથી માનવું, દુનિયાના લજ્જા, ભયથી (માનવું). કહે છે કે એ પણ મિથ્યાત્વ છે.

**'લોકમૂઢતા–અન્ય મતવાલોં કે ઉપદેશ સે તથા સ્વયં હી...'** પોતાની મેળાએ **'બિના વિચારે કુછ પ્રવૃત્તિ કરને લગ જાય વહ લોક મૂઢતા હૈ, જૈસે સૂર્ય કો અર્ઘ દેના,...'** સૂર્યને સવારમાં અર્ઘ ચડાવે છે ને. દાંતણ કરીને. સૂર્યને પગે લાગે. પાણી છાંટે. એ તો પત્થર પરમાણુ છે. ન્યાં ક્યાં દેવ હતો. સૂર્ય નારાયણ. આ સૂર્ય નારાયણ તો અહીં રહ્યો. ઐ ચૈતન્યનારાયણ ભગવાન અહીં અંદરમાં બિરાજે છે. એને મૂકીને આવા સૂર્યની પૂજા કરવી, પગે લાગવા. સવારમાં ઊઠે.. જય સૂર્યનારાયણ.

મુમુક્ષુ :– દાંતણ કરીને લાગે.

ઉત્તર :– દાંતણ કરીને લાગે છે ને. ઘણા જીવો દાંતણ કરીને લાગે. દાંતણ કરીને પાણી છાંટે. આ મૂઢના લક્ષણ છે, કહે છે. એને આત્માનું ભાન નથી. ત્રણ લોકનો નાથ દેવનો દેવ આત્મા બિરાજે, એવા દેવને છોડીને આવા ખોટા મૂઢ દેવને માને એ તો પ્રત્યક્ષ મિથ્યાત્વના લક્ષણ છે. આહાહા..! વિશેષ વગેરે આવશે.

**'સ્વંય બિના વિચારે કુછ પ્રવૃત્તિ કરને લગ જાય વહ લોકમૂઢતા હૈ,... ગ્રહણ મેં સ્નાન કરના,...'** આ ગ્રહણ થાય ને? ગ્રહણ. પૂનમનું ને... એમાં સ્નાન કરો, સ્નાન કરો. પણ શું બગડી ગયું? આ બધી ભ્રમણાઓ અજ્ઞાનીની (છે). બધા મિથ્યાત્વના લક્ષણ છે, કહે છે. **'સંક્રાતિ મેં દાન કરના,...'** આ સંક્રાત છે ને? સૂર્ય ફરે. દાન આપો. મકર સંક્રાતિ પુણ્ય પરવણી. એમ કહે છે કે નહિ? મૂઢ છે. પુણ્ય પરવણો ક્યો પુણ્ય પરવણો તો અહીં રહ્યું. અજ્ઞાન ટળીને ભાન થયું અને ચકરાવો ખાઈને કેવળજ્ઞાન લેશે એ તો બધું અહીં છે. બહારમાં ક્યાં છે ન્યાં? સમજાણું કાંઈ?

**'અગ્નિ કા સત્કાર કરના,...'** આહાર વખતે અગ્નિ મૂકે ને થોડી? પહેલું એને અનાજ મૂકે. એને આપ્યા પછી ખાય. અગ્નિમાં નાખે. થોડો ખોટારો અગ્નિ કરીને એમાં નાખે. ચૂરમાનું બટકું, રોટલીનું બટકું .. પછી ખાય. આ બધા મૂઢ જીવો મિથ્યાદૃષ્ટિના બધા લક્ષણ છે. જેને આત્માની શ્રદ્ધા અને ભાન હોય એ આવાને માને અને પૂજે નહિ. **'દેહલી,...'** દેહલી પૂછ્યું હતું. એય...! દેહલી એટલે શું? દેહલી એટલે ઉંબરો. 'સુજાનમલજી'ને પૂછ્યું હતું. નહોતું આવડતું. આ દેહલી-ઉંબરાને પગે લાગે છે ને. દુકાન ઉઘાડીને.. જય મહાદેવના ભંડાર. લાકડાને પગે લાગે. આહાહા..! મૂઢ જીવોના આવા બધા (લક્ષણ છે). ત્રણ લોકનો નાથ પ્રભુ આખો અંદર ચૈતન્યપ્રભુ બિરાજે છે, એનો વિશ્વાસ–શ્રદ્ધા છોડી દઈને આવા બારસાખને પૂજે. બારસાખને પૂજે. ભગવાન આમાંથી કાંઈક આપી દેશે. સમજાણું કાંઈ?

**'ઘર,...'** ઘરને પૂજે. ઘર સારું હોય એને પૂજે, જેથી ઘર સરખું રહે. ઘરના કૂવાને પૂજે. 'કાંતિલાલે' આમાંથી દેહલીનો શબ્દ કાઢી નાખ્યો છે. અર્થ આવડ્યો નથી એટલે કાઢી નાખ્યો. દેહલીનો અર્થ જ કાઢી નાખ્યો, દેહલી જ કાઢી નાખ્યું. દેહલી (એટલે) મૂળ તો ઉંબરો છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ઘર, કૂવા આખો નાખ્યો છે. ઘર, કૂવા આખો શબ્દ નાખ્યો છે. ઘરને પૂજે, કૂવાને પૂજે.

**'ગાય કી પૂંછ કો નમસ્કાર કરના,...'** ગાયના પૂંછને નમસ્કાર કરે. એમાં ૩૩ કરોડ દેવ વસે છે, કહે છે ને કંઈક? ધૂળમાંય નથી. બિચારાને કસાઈ લોકો મારી નાખે છે, કાપી નાખે છે. દેવ હોય તો આ હોય? એ તો પશુ છે. એવા ગાયના પૂંછને પૂજવા (એ મિથ્યાત્વના લક્ષણ છે). **'ગાયકે મૂત્ર કો પીના,...'** ગાયનો પેશાબ પીવે. એ ગાય તો મહા પવિત્ર છે. એમાં ૩૩ કરોડ દેવ વસે છે. ધૂળેય નથી. એ તો માંસ ને ચામડા છે ન્યાં તો. આહાહા..!

**'રત્ન, ઘોડા આદિ...'** પૂજે. રત્નને પૂજે. ઓલા કોડા આવે છે ને? દક્ષિણનો કોડો હોય છે, ઉત્તરાધ્યનનો કોડો. પૈસાને પૂજે પણ એક દક્ષિણનો કોડો હોય છે. શંખ.. શંખ. શંખ આવે છે. મોતી .... આપણે છે ને? '...ત્રિભુવન'. 'રાજકોટ'. 'મોરબીવાળા'. એ રાખે છે ન્યાં અને દરરોજ પૂજે છે.

મુમુક્ષુ :– શંખ આવ્યા પછી પૈસા આવ્યા એને.

ઉત્તર :– ધૂળેય પૈસા આવ્યા નથી. નોટું તો પહેલા ન હોય. પુણ્ય ઉદય હોય તો દેખાય. એમાં આત્માને શું છે પણ?

મુમુક્ષુ :– શંખ આવ્યો તે દિવસથી થયું.

ઉત્તર :– ધૂળ શંખ આવ્યો. શંખ... માટી ને ધૂળ છે. આવા ને આવા મૂઢ જીવો. ચૈતન્યરત્નને છોડીને એવાઓને પૂજે અને માને, મૂઢના લક્ષણ છે, કહે છે. સમજાણું?

**'ઘોડા...'** ને પૂજે. ઘોડો મોટો ઊંચો હોય એને પૂજે. અશ્વપૂજા. શું કહેવાય? દશેરા, દશેરા. દશેરાને દિવસે અશ્વપૂજા કરે. ઝાડની પૂજા કરે. ખીજડાની.. ખીજડાની. હથિયારની પૂજા કરે. આ મૂઢના તે કાંઈ ગામ જુદા હશે? સમજાણું? **'વાહન,...'**ની પૂજા કરે. લ્યો. ઊંચું વાહન હોય એની પૂજા (કરે). જ્યારે આ રેલ નવી નીકળીને? રેલ નવી નીકળી ત્યારે 'ખસ'ની એક કુંભારની હતી. કુંભારની હતી ઘણું કરીને. રેલ નવી નીકળી તો આમ નળીયું લઈ, અંદર .. નાખી.. જય..! અમે નીકળ્યા બરાબર પછી. ન્યાં કાંઈક પડેલું. અમારે 'જીવરાજભાઈ' સાથે હતા ને. કહે, પૂજવા આવી લાગે છે. નળિયું હોય ને? નળિયું. નળિયું સમજો છો? છાપરે. છાપરા ઉપર નળિયા રાખે ને. ચવેલું. ચવેલામાં અગ્નિ નાખે ને આમ પૂજતી હતી. આ રેલ નવી નીકળી. 'બોટાદ'થી 'ખસ'. પહેલા નહોતી ને. અરે..! તાબુતને પૂજતા હતા, નાળિયેર નાખીને. દશાશ્રીમાળી વાણિયા સ્થાનકવાસી (હતા). બેડુ પાણી તાબુતમાં નાખી આવે. ટાઢા.. ટાઢા કરો. ટાઢા.

મુમુક્ષુ :– એવું કર્યા પછી દીકરા થયા.

ઉત્તર :– દીકરા થાય, ધૂળેય થયા નથી. આવા ને આવા. ભ્રમણાઓ. જેને આત્મા વીતરાગદેવ કહે છે, ભગવાનઆત્મા જેને સર્વજ્ઞદેવને માનવા એ પણ વિકલ્પ છે, રાગ છે. એ પુણ્યબંધનું કારણ છે. આત્મદેવને અંતર અનુભવવો અને અંતર સમકિત (થવું) એ પોતે દેવ છે.

મુમુક્ષુ :– ... દીકરો ન દ્યે અને આ દીકરા દ્યે.

ઉત્તર :– દીધા દીકરા. આહાહા..! કહો, સમજાણું?

**'પૃથ્વી,...'**ને પૂજે. માટીના ઢેફા કરે છે ને? શીતળા. શીતળા માં, નહિ? માટીનું કરે. જય.. માં! છોકરાને આંખ્યું સારી થાય, જીવે. એવી મૂર્ખી બાઈયું બહુ હોય. છોકરાને લઈને ન્યાં શીતળા પાસે જાય. આમ આમ ફેરવે જરી. જય માતા! જય માતાજી, જીવતા રાખજો. પણ એને હમણાં મારી નાખશે. તું ગયા પછી દસ વાગે સૂતો હશે તો કટકા કરી નાખશે. આહાહા..! જગતની ભ્રમણા.

ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન, ભગવાન થવાને લાયક, એ ભિખારી થઈને ફરે. આહાહા..! કહે છે કે તને લાજ નથી આવતી? આવા લક્ષણમાં રહે છે? પ્રભુ! તારી સંપદા ભગવાન પાસે નથી. તારી તો તારી પાસે અહીં અંદર છે. ચિત્ચમત્કાર ચિદાનંદ ભગવાન, એની અંતર દૃષ્ટિ અને અનુભવ કર, એ તો વસ્તુ તારી, તારી પાસે છે. આને મૂકીને આવી ભ્રમણામાં (રહે છે). કહે છે કે એ મૂઢ જીવો છે.

**'વૃક્ષ,...'**ને પૂજે. આ પીપળાને પૂજે છે ને? પીપળા. પીપળાને પાણી નાખે. **'શસ્ત્ર,..'**ને પૂજે. હથિયાર. હથિયાર.. હથિયાર. **'પર્વત,...'** ને પૂજે. લ્યો. ડુંગરાને પૂજે. **'સેવા-પૂજા કરના, નદી-સમુદ્ર આદિ કો તીર્થ માનકર...'** દરિયો અને નદી એ તીર્થ છે એમ માની એનું **'સ્નાન કરના,...'** એ મૂઢતા છે. કરે છે ને? આ નર્મદા ને ત્રણ ભેગા થાય છે ત્યાં. શું કહેવાય? ત્રિવેણી. ત્રણ નદી ભેગી થાય ત્યાં સ્નાન કરે. ધૂળમાંય નથી. ન્યાં બિચારા પાણીના જીવ મરે છે. એકેન્દ્રિય જીવ છે પાણીના. સ્નાન કરવા જાય. પાણીનું પાપ છે. આવા મિથ્યાત્વ ભ્રમણા. આવા દોષો સમકિતીને હોતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? **'તીર્થ માનકર ઉસમેં સ્નાન કરના,...'**

**'પર્વત સે ગિરના,...'** પડે છે ને? અમારા રાજા સહિત.. ઉપરથી પડતું મૂકે. ગિરનારમાં છે ને? ભૈરવ. પડતા મૂકતા. સ્વર્ગ મળશે કાં દેવ, રાજા થાશું. ભ્રમણા છે અજ્ઞાનીની, મૂઢતા છે. સમજાણું? **'અગ્નિ મેં પ્રવેશ કરના...'** અગ્નિમાં બળે છે ને કેટલાક? અગ્નિમાં પ્રવેશ કરો, આપણું કલ્યાણ થઈ જશે. ભવિષ્યમાં કંઈક મળશે. એ બધા દોષ છે. એ સમકિતીને હોય નહિ.

**'છહ અનાયતન હૈ..'** છ અનાયતન. **'કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર ઔર ઇનકે ભક્ત...'** એ છ. **'ઇનકો ધર્મ કે સ્થાન જાનકર ઇનકી મન સે પ્રશંસા કરના,...'** એ ધર્મના સ્થાન છે એમ માનીને પ્રશંસા કરવી એ મિથ્યાત્વના લક્ષણ છે. એવા દોષો સમકિતીને હોય નહિ. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર. દેખો! એ શાસ્ત્ર નથી. અજ્ઞાનીએ કલ્પેલા શાસ્ત્રો છે. એવાની પૂજા કરવી, એને માનનારને ભક્તની પણ પ્રશંસા કરવી એ બધા મિથ્યાત્વના લક્ષણો છે. **'મન સે પ્રશંસા કરના, વચન સે સરાહના કરના,...'** અનુમોદન દેવું. સારું કરો છો, તમે ઠીક કરો છે, ઠીક કરો છો. બધા મિથ્યાત્વના લક્ષણ છે. **'કાય સે વંદના કરના,...'** કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને અને એના માનનારને કાય દ્વારા વંદન કરવું. **'યે ધર્મ કે સ્થાન નહીં હૈ...'** આયતન–ધર્મના સ્થાન નથી. **'ઇસલિયે ઇનકો અનાયતન કહતે હૈં.'** અનાયતન–અ-સ્થાન છે. એ ધર્મના અસ્થાન–અઠેકાણા (છે). એની પ્રશંસા મન, વચન, કાયાથી કરવી એ બધા મિથ્યાત્વના દોષ છે.

**'જાતિ,...'** જાતિનું અભિમાન. આહાહા..! આઠ પ્રકારના મદ છે ને? જાતિનું અભિમાન કોનું?

જાતિ ક્યાં આત્માની છે? આત્મા તો આનંદકંદ સ્વરૂપ એ એની જાતિ છે. માતાના પક્ષની જાતિ ઊંચી હોય એનું અભિમાન કરવું, એ પરદ્રવ્યની ક્રિયાનું અભિમાન છે. આત્માની શ્રદ્ધાનું ભાન નથી. અમારી માતા આવા રાણી હતા, મોટા ખાનદાન હતા. દિવાનની બહેન હતા. એના અમે દીકરા છીએ. દીકરો કે દિ' હતો? સાંભળને. એય..! કર્મના નિમિત્તે એ તો માતા છે. એ તો બધા કર્મના ફળ છે. એને ઠેકાણે 'મારી માતા ઊંચી' એનો ગર્વ કરવો એ કર્મને અધિક માનીને આત્માને છોડી દેવો છે. આહાહા..! એ જાતિ.

**'લાભ,...'** લાભ મળે. દીકરાઓ પાંચ-પચીસ થાય, પૈસા પાંચ-પચીસ કરોડ મળે. સુંદર રૂપ આદિ એ તો રૂપમાં આવશે. એનો લાભ મળે અને એનો ગર્વ (કરે). જોયું, અમને આ લેતા આવડે. વેપાર કરતા અમને આવડે. તમે મૂઢ જીવો શું ધર્મ.. ધર્મ.. ધર્મ કરો છો? પચાસ-સો રૂપિયા પણ રળી શકતા નથી. અહીં તો લાખ-લાખ, બે-બે લાખ એક દિ' ના રળીએ છીએ. એવા અભિમાન કર્મના રળવાના, એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

**'કુલ,...'** કુલ. પિતાનું કુળ. અમારા પિતા મોટા રાજા હતા, આવા હતા. એનું અભિમાન. કોણ પણ પિતા તારે ન હોય ને. આત્માને શરીર ન હોય. અરે...! રાગ ન હોય આત્માને. રાગ તો આસ્રવતત્ત્વ છે. આત્માને રાગ નથી ત્યાં વળી પિતા ક્યાંથી આવ્યા તારે કહે છે. આહાહા..! અમારા પિતા આવા હતા. એ સાધારણ હોય તો એના બાપનું નામ લે. અમારા બાપ આવા હતા, અમારા બાપના બાપ. એના અમે (દીકરા છીએ). ગર્ભશ્રીમંત છીએ, એમ કહે છે ને? અમે તો માતાના પેટમાં આવ્યા ત્યારથી અમે શ્રીમંત છીએ. ગર્ભથી. અરે...! એ તો રાંકા ભિખારા છે. ગર્ભશ્રીમંત ક્યાંથી આવ્યો? ભગવાનઆત્માની લક્ષ્મીને છોડી દઈને એવા પિતાના કુળને પોતાનું માની ગર્વ કરવો એ મિથ્યાત્વનું લક્ષણ છે. સમજાણું કાંઈ? ખુલાસો કરે છે, હોં!

**'જાતિ માતાપક્ષ હૈ, લાભ ધનાદિક કર્મ કે ઉદય કે આશ્રય હૈ...'** લ્યો, ખુલાસો કરે છે. જુઓ! લાભ ધનાદિ તો કર્મના ઉદયને લઈને છે. એને ઠેકાણે અમે લાવ્યા માટે પૈસા ભેગા કર્યા, એમ માનવું (એ) વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? **'કુલ પિતાપક્ષ હૈ,...'** પિતા જ પર છે. એમાં આત્માને શું? **'રૂપ કર્મઉદયાશ્રિત હૈ,...'** શરીરનું સુંદર રૂપ એ કર્મને આશ્રયે છે. એમાં આત્માને શું? જડના રૂપનું અભિમાન કરવું એ મિથ્યાત્વના લક્ષણ છે. આહાહા..! વાતું એવી છે, બાપા! ચૈતન્ય સ્વભાવ ભગવાનઆત્મા, એના સુંદર અરૂપી નિર્વિકારી રૂપ સિવાય જગતના શરીરના રૂપ જડ માટીના, ઇયળ પડે... શું કહેવાય? શીતળા નીકળે. એ માટીના ગર્વ કરવા, એ જડનું ગર્વ. ચૈતન્યનું અભિમાન છૂટી જાય છે. ચૈતન્યની શ્રદ્ધા રહેતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તપ અપને સ્વરૂપ કો સાધને કા સાધન હૈ,...'** તપ તો સાધના છે. એને ઠેકાણે એનું અભિમાન કરે તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે. **'બલ કર્મઉદયાશ્રિત હૈ,...'** આ શરીરનું. શરીરનું બળ હોય ને? કેટલો હું બળવંત છું! એ બધું શરીરના બળનું અભિમાન એ તો જડનું અભિમાન છે. સમજાણું કાંઈ? **'વિદ્યા કર્મ કે ક્ષયોપશમાશ્રિત હૈ,...'** આ ભણતર-બણતરનો ખ્યાલ આવવો, વકીલાતનો, ડોક્ટરપણાનો, જગતના વેપાર-ધંધાનો.. સમજાણું? .. બહુ મગજ કામ કરે. આનું

આમ થાય ને આનું આમ થાય. ઇ અમને આવડે, તમને ન આવડે.

મુમુક્ષુ :– ક્ષયોપશમ છે એટલે આવડે.

ઉત્તર :– ક્ષયોપશમ છે એટલે આવડે, એનું અભિમાન શું? કહે છે. અહીં તો અભિમાનની વાત છે ને. એ ક્ષયોપશમ આશ્રિત છે. એ કંઈ તારો સ્વભાવ નથી. એમ કહે છે. તારો સ્વભાવ નથી. એને તું ક્ષયોપશમમાં જ્ઞાનમાં અભિમાન કર કે અમને આવું આવડ્યું. તમને બોલતા પણ ક્યાં આવડે છે હજી તો. આહાહા..! બોલે કોણ? ભગવાન! એ તો જડ ભાષા છે. આત્મા તો મૌન છે, ચૈતન્યમૂર્તિ છે. બોલે એટલે બોલતા આવડ્યું એ મોટો, એમ જે માને એને ચૈતન્યની શ્રદ્ધા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઐશ્વર્ય કર્મોદયાશ્રિત હૈ,...'** મોટપ મળે ક્યાંક, લ્યોને. દિવાન, રાજા. પાંચ-દસ હજારની પગારની મોટી પદવી. શું કહેવાય ઇ? મોટો ઓફિસર. ઓફિસર થાય મોટો લાખ-બે લાખની પેદાશવાળો. એ બધું પૂર્વના કર્મના ઉદયને લઈને છે. કર્મના ફળને પોતાનું માનવું એ જડને પોતાનું માનવા જેવું છે. આહાહા..! ભારે કામ આકરું. **'ઇનકા ગર્વ ક્યા?'** એનો ગર્વ શું? કંઠ, વાણી, મોઢું, શરીર એ બધા જડ છે. એના ગર્વ કરવા કે આ અમારા છે અને અમને આવડે છે. તમને કંઈ આવડતું નથી. એ શેનો ગર્વ કરે છે? ભાઈ! એ તો બધા વીંખાઈ જશે. બહારની વિદ્યાના ઉઘાડ મિથ્યાદૃષ્ટિને હોય એ આથમી જશે. નિગોદમાં જાશે. સમજાણું કાંઈ? ત્યાં તારી વિદ્યા પણ રહેશે નહિ.

ભગવાનઆત્મા અંતર જ્ઞાનસ્વરૂપ પ્રભુ, નિર્વિકલ્પ નિજાનંદનો નાથ પોતે, એવો આત્મા એની અંતર દૃષ્ટિ કરી અને એને અનુભવવો એનું નામ ધર્મ અને સમકિત છે. એ સિવાય આ બધી લપને કાઢી નાખીને. સમજાણું કાંઈ?

**'પરદ્રવ્ય કે નિમિત્ત સે હોનેવાલે કા ગર્વ કરના સમ્યક્ત્વ કા અભાવ બતાતા હૈ.'** આત્મા સિવાય પરચીજનું ક્યાંય અધિકપણું માનવું, અમને પૈસા રાખતા આવડે છે, વ્યાજ ઉપજાવતા આવડે છે... એ.. 'સનતભાઈ'! અમારી પાસે પૈસા પાંચ-પચીસ લાખ છે પણ બધી વ્યવસ્થા ક્યાં કરવી એ અમને આવડે છે. દોઢ-દોઢ ટકાના વ્યાજ ઉપજાવવા, ફલાણું કરવું એ બધું અમને આવડે છે. એય...! ભાડે કોને દેવા, કોને આમ કરવું.. એ બધી આવડત અમને છે. તેથી સરખા ભાડા (આવે છે). 'ભગવાનજીભાઈ'!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે છે તો એના નામના છે ને. કહો, સમજાણું? ચોસઠ લાખનું તો એને વર્ષનું ભાડુ આવે છે. મકાનનું. નાખે હેઠા. મારા છે.. આહાહા..! એ જડ મારા છે અને મને છે, એમ માનનાર આત્માની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરદ્રવ્ય કે નિમિત્ત સે હોનેવાલે કા ગર્વ કરના સમ્યક્ત્વ કા અભાવ બતાતા હૈ,...'** એ તો સમ્યગ્દર્શનનો અભાવ બતાવે છે, ભાઈ! આહાહા..! સમજાણું? અપવાસ કરતાં અમને આવડે. અમારું કામ કેટલું કરીએ છીએ અમે. પણ એ તો શરીરની ક્રિયા છે. એમાં અભિમાન શેના તારા?

સમજાણું કાંઈ? **'મલિનતા કરતા હૈ,...'** કાં મિથ્યાત્વ કરે છે અને કાં અતિચાર આદિ હોય તો દોષ કરે. એમ બે વાત લીધી છે ને. બે નાખ્યા છે.

**'ઇસપ્રકાર યે પચ્ચીસ, સમ્યક્ત્વ કે મલ દોષ હૈં,...'** લ્યો. એ સમકિતના પચીસ દોષ (છે). **'ઇનકા ત્યાગ કરને પર સમ્યક્ત્વ શુદ્ધ હોતા હૈ,...'** એને છોડે તો આત્માની શ્રદ્ધા અને સમકિત શુદ્ધ થાય. એને રાખે તો સમકિતની શુદ્ધતા થાય નહિ. **'યહી સમ્યક્ત્વચરણ ચારિત્ર કા અંગ હૈ.'** લ્યો. આનું નામ સમકિતચરણ ચારિત્ર. સમકિતચરણનું એ ચારિત્ર છે. સંયમચરણ ચારિત્ર પછી હોય. સમકિતચરણ ચારિત્ર પ્રગટ્યા પછી સંયમચારિત્ર પંચમ ગુણસ્થાનનું, છઠ્ઠાનું મુનિનું પછી હોય. પહેલું આ સમકિતચરણ ચારિત્ર કહ્યું. ચારિત્રના બે ભેદ. એક સમકિતચરણ ચારિત્ર, એક સંયમચરણ ચારિત્ર. આ સમકિતચરણ ચારિત્રની વ્યાખ્યા થઈ.

મુમુક્ષુ :– સંયમચરણ ક્યાં આવે?

ઉત્તર :– પહેલું ન હોય તો ક્યાં આવે? ચોથું પહેલું હોય કે છઠ્ઠું પહેલું હોય? પાંચમું, છઠ્ઠું પહેલું હોય? કહેશે આગળ.

અહીં તો આ ગાથામાં સમકિતચરણ ચારિત્રની શરૂઆત કરી, પાંચમી ગાથામાંથી. **'जिणणाणदिट्ठिसुद्धं पढमं सम्मत्तचरणचारित्तं'**. બીજું, સંયમચરણ એ પાંચમી ગાથામાં. એનો આ છઠ્ઠી ગાથામાં ખુલાસો કર્યો. સમજાણું કાંઈ?

ચારિત્રના બે ભેદ. એક સમકિતચરણ ચારિત્ર અને એક સંયમચરણ ચારિત્ર. સમકિતચરણ ચારિત્ર ચોથે ગુણસ્થાને હોય. ચોથા ગુણસ્થાનમાં આટલા દોષનો અભાવ હોય.

મુમુક્ષુ :– સંયમચરણ હોય એને આ હોય જ.

ઉત્તર :– સંયમચરણ હોય એને આ હોય જ. એમાં શું છે? સાચું સંયમચરણ કે ખોટા સંયમચરણ? જેને અંતર સ્વરૂપની રમણતા, ચારિત્રની રમણતા જાગી છે એને આ સમકિતચરણ ચારિત્ર એકડો તો પહેલો હોય જ. બહારથી, આત્માના સમકિત વિના વ્રત ને નિયમ ને ક્રિયા લે છે એ કાંઈ સંયમ નથી. એ તો બધું મિથ્યાત્વ છે.

**'ઇનકા ત્યાગ કરને પર સમ્યક્ત્વ શુદ્ધ હોતા હૈ, વહી સમ્યક્ત્વચરણ ચારિત્ર...'** ભાષા છે, દેખો! સમકિતનો આચાર–આચરણ, એને પણ ચારિત્ર ચોથે ગુણસ્થાને કહેવામાં આવે છે. સમકિતનું આચરણ.

आगे शंकादि दोष दूर होने पर सम्यक्त्वके आठ अंग प्रगट होते हैं उनको कहते हैं:-

## ગાથા-૭

णिस्संकिय णिक्कंखिय णिव्विदिगिंछा अमूढ़दिट्ठी य।
उवगूहण ठिदिकरणं वच्छल्ल पहावणा य ते अट्ठ।।7।।

निःशंकितं, निःकांक्षितं, निर्विचिकित्सा, अमूढदृष्टि च।
उपगूहनं स्थितिकरणं वात्सल्यं प्रभावना च ते अष्टौ।।7।।

નિઃશંકતા, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સ, અવિમૂઢત્વ ને
ઉપગૂહન, થિતિ, વાત્સલ્યભાવ, પ્રભાવના-ગુણ અષ્ટ છે. ૭.

अर्थ :- निःशंकित, निःकांक्षित, निर्विचिकित्सा, अमूढदृष्टि, उपगूहन, स्थितिकरण, वात्सल्य और प्रभावना ये आठ अंग हैं।

भावार्थ :- ये आठ अंग पहिले कहे हुए शंकादि दोषोंके अभावसे प्रगट होते हैं, इनके उदाहरण पुराणोंमें हैं उनकी कथासे जानना। निःशंकित अंग का अंजन चोरका उदाहरण है, जिसने जिनवचनमें शंका न की, निर्भय हो छींकेकी लड़ काट करके मंत्र सिद्ध किया। निःकांक्षितका सीता, अनंतमती, सुतारा आदिका उदाहरण है, जिन्होंने भोगोंके लिये धर्मको नहीं छोड़ा। निर्विचिकित्साका उद्दायन राजा का उदाहरण है, जिसने मुनिका शरीर अपवित्र देखकर भी ग्लानि नहीं की। अमूढ़दृष्टिका रेवतीरानीका उदाहरण है, जिसको विद्याधरने अनेक महिमा दिखाई तो भी श्रद्धानसे शिथिल नहीं हुई।

उपगूहनका जिन्द्रभक्त सेठका उदाहरण है, जिसने चोर, ब्रह्मचारीका भेष बना करके छत्रकी चोरी की, उसको ब्रह्मचर्यपदकी निंदा होती जानकर उसके दोषको छिपाया। स्थितिकरणका वारिषेणका उदाहरण है, जिसने पुष्पदंत ब्राह्मणको मुनिपदसे शिथिल हुआ जानकर दृढ़ किया। वात्सल्यका विष्णुकुमारका उदाहरण है, जिनने अकंपन आदि मुनियोंका उपसर्ग निवारण किया। प्रभावनामें वज्रकुमार मुनिका उदाहरण है, जिसने विद्याधरसे सहायता पाकर धर्मकी प्रभावना की। ऐसे आठ अंग प्रगट होने पर सम्यक्त्वाचरण चारित्र होता है, जैसे शरीरमें हाथ पैर होते हैं वैसे ही ये सम्यक्त्वके अंग हैं। ये न हों तो विकलांग होता है।।7।।

## ગાથા-૭ ઉપર પ્રવચન

**'આગે શંકાદિ દોષ દૂર હોને પર સમ્યક્ત્વ કે આઠ અંગ પ્રગટ હોતે હૈં...'** લ્યો. પેલા દોષનો નાશ કર્યો ને? ત્યારે હવે શુદ્ધ થયો.

**णिस्संकिय णिक्कंखिय णिव्विदिगिंछा अमूढ़दिट्ठी य।**
**उवगूहण ठिदिकरणं वच्छल्ल पहावणा य ते अट्ठ।।7।।**

એ આઠ ગુણના નામ છે. સમકિતના આઠ કિરણો છે. સમકિતના આઠ આચાર છે. એ તો આવે છે. સમકિતના આઠ આચાર નથી આવતું ગાથામાં? આ સમકિતના આઠ આચાર છે. ચોથા ગુણસ્થાનમાં. એ આઠ નામ પહેલાં લીધા.

**અર્થ :– 'નિઃકાંક્ષિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય ઔર પ્રભાવના યે આઠ અંગ હૈ.'**

**ભાવાર્થ :– 'યે આઠ અંગ પહિલે કહે હુએ શંકાદિ દોષોં કે અભાવ સે પ્રગટ હોતે હૈં, ઇનકે ઉદાહરણ પુરાણોં મેં હૈં...'** એનું ઉદાહરણ પુરાણમાં (છે). **'ઉનકી કથા સે જાનના. નિઃશંકિત કા અંજન ચોર કા ઉદાહરણ હૈ,...'** અંજન ચોર. અંજન ચોર હતો. એ એનું શીકું હતું, શીકું. નિઃશંકપણે કાપ્યું.

મુમુક્ષુ :– નવકાર ગણીને.

ઉત્તર :– હા, પણ નવકાર ગણીને. નિઃશંકતા હતી કે કપાશે ને હું જાઈશ તીર્થમાં. સમજાણું કાંઈ? એ નિઃશંકતા વ્યવહાર સમકિતનો એક અંશ છે. નિશ્ચયનો વ્યવહારમાં આરોપ કર્યો અને વ્યવહારનો એક અંશમાં આરોપ કરીને અહીંયા નિઃશંક અંગનું વર્ણન કર્યું છે. એ અંજન ચોર સમકિતી નહોતો. વ્યવહાર સમકિતી પણ નહોતો. પણ એક અંગ એનું એવું હતું. ણમો અરિહંતાણં. શીકૂ છેદ્યું. ... થાશે કે નહિ? પડી જાઈશ? જાવ, ઉડીને તીર્થમાં. એટલી નિઃશંકતા. એ તો નિશ્ચય સમકિત વિના, હોં! આ તો એનો દાખલો આપ્યો. સમજાણું કાંઈ? નિશ્ચય સમકિતની નિઃશંકતા તો અલૌકિક! આ તો નિશ્ચય સમકિતનો વ્યવહારમાં આરોપ કર્યો અને વ્યવહારનો આરોપ એના એક ભાગમાં કર્યો. એમ કરીને અંજન ચોરનો દાખલો આપ્યો. આહાહા..!

**'અંજન ચોર કા ઉદાહણ હૈ, જિસને જિનવચન મેં શંકા ન કી, નિર્ભય હો છીંકે કી લડ કાટકરકે મંત્ર સિદ્ધ કિયા.'** મંત્ર સિદ્ધ કર્યો. ણમો અરિહંતાણં, નમો સિદ્ધાણં... નાટકમાં આવ્યું છે, નહિ? 'મુંબઈ'. 'મુંબઈ'માં આવ્યું હતું ને? 'રાજકોટ'? 'ભાવનગર'? એક બાળકને ચડાવું,... નહિ? અંતરીક્ષમાં હતું, નહિ? હા, અંતરીક્ષમાં. એક બાળકને ... અને મારવો છે એને. શું કહેવાય ઇ? બલિદાન. બલિદાન કરવું હતું. એના મા-બાપે વેંચી નાખ્યો. પછી આણે તલવાર લઈને ઊભો. ણમો અરિહંતાણં. તલવાર... અંતરીક્ષમાં આવતું હતું નાટક. અંતરીક્ષ ગયા હતા ને અમે? ત્યાં. ભારે દાખલો. એ વખતે છોકરો ... ણમો અરિહંતાણં એમ કરીને ... દેખાવ કરવો હતો ને એ તો. એમ નિઃશંકપણે જ્યાં હોય એવો પુણ્યનો ઉદય હોય તો એમ થાય.

કહે છે કે એવી નિઃશંકતા ધર્મીને પોતાના સ્વભાવમાં દુનિયા ડોલી જાય તોપણ એની શંકા એને પડે નહિ. ભગવાનઆત્મા અખંડ જ્ઞાયકભાવનો ચૈતન્યકંદ છે. અનંતા કેવળજ્ઞાન જેણે પેટમાં રાખ્યા છે, એના જ્ઞાનના ગર્ભમાં રાખ્યા છે. એવો જે ભગવાનઆત્મા શુદ્ધ પૂર્ણનો અનુભવ છે, એની દૃષ્ટિ થઈ છે, એને આવી શંકા હોઈ શકે નહિ. નિઃશંક સંસારને છેદે છે ઇ. જેમ આ શીકૂં છેદ્યું. રાગને નિઃશંકપણે સ્વભાવના આશ્રયે રાગના ભવના ભાવને છેદી નાખે છે અથવા છેદાઈ જાય છે. સમકિતીનો ભવ ભાવ છેદાઈ જાય છે. કારણ કે આત્મા ભવ, ભાવ વિનાનો જોયો, જાણ્યો છે. તેથી એને નિઃશંકતામાં રહેતાં રાગભાવમાં એને પોતાપણું માનતો નથી અને છૂટી જાય છે. એવો નિઃશંક ધર્મ સમકિતીને હોય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૮, ગાથા-૭ થી ૯. શુક્રવાર, અષાઢ સુદ ૧૩, તા. ૧૭-૦૭-૧૯૭૦

સાતમી ગાથા. ચારિત્રપાહુડ. સમકિતના આઠ આચાર–ગુણ. આઠ આચાર કહો (કે) ગુણ કહો. પહેલા આઠ દોષ આવ્યા હતા. હવે આ ગુણ કહે છે.

સમ્યગ્દર્શન નિશ્ચયથી તો આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ (છે) એની અનુભવ દૃષ્ટિ થવી એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એમાં એની નિઃશંકતા. જેવો જ્ઞાયકભાવ પૂર્ણ શુદ્ધ (છે), એવા સ્વભાવની નિઃશંકતા, એ નિશ્ચય સમ્યગ્દર્શનનો નિશ્ચય આચાર છે. વ્યવહાર આચાર આ–અંજન ચોરનો દાખલો. જેને જિનવચન વિષે શંકા નહિ. એ વ્યવહાર. વીતરાગ વાણી પરમાત્માએ કહી એમાં શંકા નથી.

**'છીંકે કી લડ કાટકર કે મંત્ર સિદ્ધ કિયા.'** મંત્ર હતો. શેઠ હતા એ પોતે મંત્ર સાધીને ભગવાનની ભક્તિ કરવા બહાર જતા. આણે એ મંત્ર સાધીને ત્યાં લબ્ધિથી ગયા. એવી એક પુણ્યની પ્રકૃતિનો ઉદય એ પ્રકારે (હોય છે). વાત તો અહીંયા નિઃશંકતા સિદ્ધ કરવી છે. નિશ્ચયમાં નિઃશંકતા તો અખંડ જ્ઞાયકભાવ પૂર્ણ સ્વભાવ, એનું નિઃશંકપણું. વ્યવહારમાં વીતરાગની વાણીમાં શંકા ન હોય. એ સમકિતનો પહેલો આચાર.

બીજો, નિઃકાંક્ષિતા. નિશ્ચયમાં નિઃકાંક્ષિતા આત્માના આનંદ સિવાય રાગની, પુણ્યની પણ ઇચ્છા નહિ. અંતર અનુભવની ભાવના સિવાય રાગના ભોગની, રાગના અનુભવની પણ કાંક્ષા નહિ, એ સમ્યગ્દર્શનનો બીજો નિઃકાંક્ષ આચાર છે. વ્યવહારમાં **'સીતા, અનંતમતી, સુતારા આદિકા ઉદાહરણ હૈ,...'** સીતાની અગ્નિમાં પરીક્ષા થઈ. રામચંદ્રજીએ કહ્યું કે ચાલો, રાજમાં. પટરાણી કરીએ. (સીતાજી કહે છે), બસ. સંસાર હતો એવો જણાઈ ગયો છે. જાણ્યો હતો પણ અત્યારે એની વૈરાગ્ય દશા થઈ. ભોગની ઇચ્છા ન કરી. પોતે બળદેવ હતા. છતાં ઇચ્છા ન કરી. અર્જિકા થઈ ગયા. નિઃકાંક્ષ, જેને ભોગની ઇચ્છા ન મળે. આત્માના આનંદની ભાવના સિવાય (બીજી કોઈ) ઇચ્છા ન મળે. એવો બીજો નિઃકાંક્ષ ગુણ સમકિતીનો હોય છે. અનંતમતીની વાત છે. અનંતમતીએ પણ બાળ બ્રહ્મચારી રહીને વિષયની વાસના છોડી. એના માતા-પિતા... આવે છે,

કથામાં લાંબી વાત આવે છે. છતાં એણે લગ્ન કર્યા નહિ અને પોતે બ્રહ્મચર્ય પાળ્યું. ઇચ્છા કરી નહિ. એ વ્યવહાર નિઃકાંક્ષ છે. સુતારા કથામાં (આવે છે).

**'જિન્હોંને ભોગોં કે લિયે ધર્મ કો નહીં છોડા.'** ભોગ માટે જેણે આત્માનો અનુભવ ન છોડ્યો. આત્મા આનંદસ્વરૂપનો જે અનુભવ સમ્યગ્દર્શન થતાં થયો છે, સમ્યગ્દર્શન થતાં આનંદનો અનુભવ જે થયો છે એ અનુભવમાં પરની કોઈ પણ કાંક્ષા રહી નહિ. એનું નામ નિઃકાંક્ષ આચાર છે.

**'નિર્વિચિકિત્સાકા ઉદ્દાયન રાજા કા ઉદાહરણ હૈ,...'** એક કપટી મુનિ આવ્યો અને બહુ ઉલટી આદિ કરે, રોગ ગંધાય. રાજાએ એની દુગંછા કરી નહિ. એવો વ્યવહાર નિર્વિચિકિત્સા સમકિતનો ત્રીજો આચાર (છે). નિશ્ચય આચાર–અનંત ગુણનો પિંડ પ્રભુ એનો અણગમો ન થવો. ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપ વીતરાગમૂર્તિ, આવડો મોટો આત્મા અને આવો સામર્થ્યવાળો! એમાં એને અરુચિ ન થાય, અણગમો ન થાય. એનું નામ નિર્વિચિકિત્સા વિચિકિત્સાનો ત્યાગ (છે). નિર્વિચિકિત્સા ગુણ હોય. ઉદ્દાયન રાજા.

**'અમૂઢદૃષ્ટિ કા રેવતીરાની કા...'** નિશ્ચયથી તો અમૂઢદૃષ્ટિ પોતાના સ્વરૂપમાં કોઈ પણ પ્રકારે અન્યમતીના અનેક પ્રકારે ઠાઠમાઠ દેખે એથી એમ મૂંઝાય નહિ કે આમાં પણ કાંઈક ધર્મ હશે. ધર્મ તો સર્વજ્ઞ વીતરાગે આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ (કહ્યો) એ ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ છે નહિ. એવી એની અમૂઢદૃષ્ટિ ચોથા આચારમાં હોય. વ્યવહારમાં રેવતીનો દૃષ્ટાંત છે. રેવતી મહાન સમકિતી હતા. એને વિદ્યાધરે આવીને ઘણા રૂપ (બતાવ્યા એમાં) તીર્થંકરનું બતાવ્યું. પચીસમાં તીર્થંકર પધાર્યા છે. વિષ્ણુનું રૂપ વાસુદેવનું બતાવ્યું. રૂદ્રનું શંકરનું બતાવ્યું, છેવટે તીર્થંકરનું રૂપ બતાવ્યું. લાખો લોકો જાય, ચાલો, ત્યાં. પચીસમાં તીર્થંકર હોય નહિ. બાર વાસુદેવ સિવાય તેરમા નારાયણ હોય નહિ. નવ વાસુદેવ સિવાય. સમજાણું કાંઈ? રૂદ્ર પણ જે હોય એટલા એથી વધારે (હોય નહિ). બધા રૂદ્ર થઈ ગયા, નવો કોઈ રૂદ્ર એવો હોય નહિ. શંકા પડી નહિ. એવી રેવતીરાણી અમૂઢદૃષ્ટિ–મૂંઝાણી નહિ એ. એમ જગતના મિથ્યાદૃષ્ટિઓના ઠાઠમાઠ આદર, સત્કાર, બહુમાન દેખીને ધર્મી મૂંઝાય નહિ. એ તો પ્રકૃતિના ફળ છે. ધર્મ તો અંતર આત્માનો સ્વભાવ છે. વીતરાગમૂર્તિ એ ધર્મ. એની અંદરમાં બહારના પુણ્ય હોય ને સત્કાર-બત્કાર ન પણ હોય. એની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ?

પાંચમો **'ઉપગૂહન કા જિનેન્દ્રભક્ત સેઠ કા ઉદાહરણ હૈ,...'** જિનેન્દ્રભક્ત હતા. એને એક ચોર બ્રહ્મચર્યનો વેષ કરી, પ્રતિમાનું એક મહા ઊંચું રત્ન હતું એ ચોર્યું. અને રત્ન લઈને ભાગતો (હતો). આ બ્રહ્મચારી છે. જૈનદર્શનની નિંદા થાય એ ખાતર એણે બહાર પાડ્યું નહિ અને ગોપવ્યું. એના દોષને ગોપવ્યો. **'જિસને બ્રહ્મચારી કા ભેષ બનાકર કે છત્ર કી ચોરી કી, ઉસકો બ્રહ્મચર્ય કી નિંદા હોતી જાનકર ઉસકે દોષ કો છિપાયા.'** આ બધા વ્યવહાર નાખ્યા છે, હોં! પોતાના આત્માને અંતરમાં ગોપવવો, દોષ થવા ન દેવા. અંતરના આનંદમાં એને ગોપવવો. ખરેખર તો એ વાત છે. સમજાણું કાંઈ?

**'સ્થિતિકરણ કા વારિષેણ કા ઉદાહરણ હૈ,...'** શ્રેણિક રાજાના દીકરા વારિષેણ હતા. એને એક મુનિ થયેલા. મુનિ થયા પછી એને સ્ત્રીની વાંછા રહી ગઈ. એને ઠેકાણે પાડ્યા. સ્થિતિકરણ. એ મુનિને સ્થિર કર્યા. આ જુઓ! રાજપાટ આ બધું મારે છે, જોઈએ છે તારે. ના. પછી વૈરાગ્ય કરાવીને સ્થિર કર્યા. એ સ્થિતિકરણ.

**'વાત્સલ્ય કા વિષ્ણુકુમાર કા ઉદાહરણ હૈ,...'** વિષ્ણુકુમારે **અકંપન આચાર્ય આદિનો 'ઉપસર્ગ નિવારણ કિયા.'** પ્રેમથી. એ વિકલ્પ છે. અંતરનો પ્રેમ–વાત્સલ્ય તો અંતરના સ્વરૂપમાં અંતર ગુણમાં પ્રેમ. જેનો પ્રેમ રાગ પણ લઈ જાય નહિ. ભગવાનની ભક્તિનો રાગ પણ પ્રેમ ન લઈ જાય. એવો પોતાના આત્માના સ્વભાવનો શુદ્ધ ચિદાનંદનો પ્રેમ હોય છે. એ નિશ્ચય વાત્સલ્ય હોય છે. વ્યવહાર વાત્સલ્ય મુનિઓ આદિનું પ્રેમપણું હોય છે. એનું નામ વ્યવહાર વાત્સલ્ય છે.

**'પ્રભાવના મેં વજ્રકુમાર મુનિ કા ઉદાહરણ હૈ, જિસને વિદ્યાધર સે સહાયતા પાકર ધર્મ કી પ્રભાવના કી.'** ધર્મની પ્રભાવના. મોટી કથાઓ આવે છે. **'ઐસે આઠ અંગ પ્રગટ હોને પર સમ્યક્ત્વચરણ ચારિત્ર હોતા હૈ,...'** આવા આઠ ગુણની પર્યાય પ્રગટ થાય ત્યારે સમ્યક્ચરણ ચારિત્ર ત્યાં સંભવે છે. એને સમકિતચરણ ચારિત્ર કહીએ. ચારિત્ર નહિ, હજી સંયમચારિત્ર નહિ. ચોથા ગુણસ્થાનમાં ધર્મી થતાં આત્માનો અનુભવ થઈને સમ્યગ્દર્શન થતાં એને આવા આઠ ગુણની દશા હોય છે. એને સમ્યક્ચરણ ચારિત્ર કહેવાય છે. સમકિતનું ચરણ ચારિત્ર. સમજાણું કાંઈ? **'જૈસે શરીરમેં હાથ પૈર હોતે હૈં વૈસે હી યે સમ્યક્ત્વ કે અંગ હૈં,...'** એ સમ્યગ્દર્શનના અંગ કિરણો છે. **'યે ન હો તો વિકલાંગ હોતા હૈ.'** અંગ વિકલાંગ હોય. અંગનું વિકલ અંગ એટલે અંગ ઓછું દેખાય. એવું નહિ. સમકિતીને આઠે અંગ નિર્મળ હોય છે.

**आगे कहते हैं कि इसप्रकार पहिला सम्यक्त्वाचरण चारित्र होता है:-**

## ગાથા-૮

**तं चेव गुणविसुद्धं जिणसम्मत्तं सुमुक्खठाणाए।**
**जं चरइ णाणजुत्तं पढ़मं सम्मत्तचरणचारित्तं।।8।।**

**तच्चैव गुणविशुद्धं जिनसम्यक्त्वं सुमोक्षस्थानाय।**
**तत् चरित ज्ञानयुक्तं प्रथमं सम्यक्त्वचरणचारित्राम्।।8।।**

તે [૧]અષ્ટગુણસુવિશુદ્ધ જિનસમ્યક્ત્વને [૨]શિવહેતુને,
આચરવું જ્ઞાન સમેત, તે સમ્યક્ત્વચરણ ચરિત્ર છે. ૮.

**अर्थ :- वह जिनसम्यक्त्व अर्थात् अरहंत जिनदेवकी श्रद्धा निःशंकित आदि**

૧. અષ્ટગુણ સુવિશુદ્ધ = આઠ ગુણોથી નિર્મળ   ૨. શિવહેતુ = મોક્ષનું કારણ.

**गुणोंसे विशुद्ध हो उसका यथार्थ ज्ञानके साथ आचरण करे वह प्रथम सम्यक्त्वचरण चारित है, वह मोक्षस्थानके लिये होता है।**

**भावार्थ :- सर्वज्ञ भाषित तत्त्वार्थ की श्रद्धा निःशंकित आदि गुण सहित, पच्चीस मल दोष रहित, ज्ञानवान आचरण करे उसको सम्यक्त्वचरण चारित्र कहते हैं। वह मोक्षकी प्राप्तिके लिए होता है, क्योंकि मोक्षमार्गमें पहिले सम्यग्दर्शन कहा है इसलिये मोक्षमार्गमें प्रधान यह ही है।।8।।**

## ગાથા-૮ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઇસપ્રકાર પહિલા સમ્યક્ત્વચરણ ચારિત્ર હોતા હૈ :–'** પ્રથમમાં પ્રથમ ધર્મીને સમ્યક્ચરણ ચારિત્ર હોય છે. તે સમ્યક્ચરણ ચારિત્ર વિના સંયમ અને મુનિપણાના કે બાર વ્રતના ચારિત્ર એને હોઈ શકે નહિ. પહેલું મૂળિયું નથી ને પછી પાંદડા ઉપરના ક્યાંથી આવ્યા? એમ કહે છે. આહાહા..! સમ્યક્ચરણ ચારિત્ર પહેલા હોય છે.

**तं चेव गुणविसुद्धं जिणसम्मत्तं सुमुक्खठाणाए।**
**जं चरइ णाणजुत्तं पढ़मं सम्मत्तचरणचारित्तं।।8।।**

**અર્થ :– 'વહ જિનસમ્યક્ત્વ અર્થાત્ અરહંત જિનદેવ કી શ્રદ્ધા..'** અરિહંતદેવની શ્રદ્ધાનો અર્થ–સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં તત્ત્વોમાં શંકા નહિ. પોતાના સ્વરૂપનો સ્વભાવ જે ભાવ છે એમાં પણ શંકા નહિ. ઓ..હો..હો...! પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા. પરમાત્મા પૂર્ણ થયા એની શ્રદ્ધાનો અર્થ કે એ પૂર્ણ પર્યાયને પ્રાપ્ત, એવા એવા પૂર્ણ ગુણ અને પર્યાયને પ્રાપ્ત આ ભગવાનઆત્મા છે. એવા આત્માની અંદર જિનદેવની શ્રદ્ધા. એ જિનદેવ એટલે વીતરાગે કહેલા એવા પદાર્થની શ્રદ્ધા. નિશ્ચયથી તો જિનદેવ આત્મા છે. આહાહા..! જેનું સ્વરૂપ વીતરાગમૂર્તિ, ત્રિકાળ વીતરાગ સ્વભાવ, એવો જે જિનદેવ પોતાનો દેવ, એમાં જરી પણ શંકા થવી ન જોઈએ. સમજાય છે કાંઈ? એનાથી તે નિર્મળ હોય. એવા નિઃશંકિત ગુણથી નિર્મળ હોય. સમજાય છે કાંઈ?

જિનદેવ સર્વજ્ઞ પરમાત્મા, એ તો એક સમયની પર્યાયવાળા દેવ–ભગવાન છે. જિનદેવ છે એ તો એક સમયની પર્યાયવાળા દેવ છે. એવી અનંતી પર્યાયનો પિંડ જે આત્મા એ જિનદેવ છે. નિશ્ચયથી તો જિનદેવ પોતાનો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી વીતરાગ ભાવ સ્વભાવ આત્માની મૂર્તિ, એ નિઃશંકપણે અંદર રહે, એ પહેલો ગુણ એનો યથાર્થ વિશુદ્ધ હોય છે.

**'ઉસકા યથાર્થ જ્ઞાન કે સાથ આચરણ કરે...'** આવું સમ્યગ્દર્શન નિઃશંક આદિ અને જ્ઞાન પણ યથાર્થ હોય છે. સંશય, વિપરીત આદિ જ્ઞાન હોતું નથી. સંશય, વિપરીત, અનધ્યવસાય આદિ દોષો આવે છે ને? નિઃસંશય, નિઃશંક. એવો જ વસ્તુનો સ્વભાવ છે એમાં સંશય શો? એમાં આમ હશે કે

તેમ હશે? એ વસ્તુની સ્થિતિ જાણી એમાં ડગમગ કેમ હોય? એવો જે ભગવાનઆત્માનું યથાર્થ જ્ઞાન સહિત આચરણ. સમ્યગ્દર્શન સહિત અને સમ્યગ્જ્ઞાન સહિત આચરણ. કોનું? સમ્યક્ચરણ ચારિત્રનું. વ્રત (એ) ચારિત્ર નહિ. એ તો હજી સમ્યગ્દર્શન વિના એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આચરણ પ્રથમ સમકિતચરણ ચારિત્ર છે. જુઓ! કેવું સમકિતચરણ ચારિત્ર. ચારિત્ર ના પાડે છે ને. ચોથે ગુણસ્થાને સમ્યક્ચરણ ચારિત્ર છે. સંયમચરણ ચારિત્ર નથી. ઓ..હો..હો...! મોટો પુરુષાર્થ છે. સંયમચરણ ચારિત્ર તો મહાન પુરુષાર્થ. આત્મામાં વીતરાગી દશાની પ્રગટ દશા અંશે પણ વિશેષ સ્થિરતા થઈને થાય એ સંયમચરણ ચારિત્ર (છે). હમણાં કહેશે, સમ્યક્ચરણ ચારિત્ર વિના એવું સંયમચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'વહ મોક્ષ સ્થાન કે લિયે હોતા હૈ.'** છે ને? **'सुमुक्खठाणाय'**. અહીં તો કહે છે કે એ સમકિતચરણ ચારિત્ર મોક્ષ સ્થાનને માટે છે. એને એમ કે ચારિત્ર હોય તો જ મોક્ષ સ્થાનને માટે છે એમ નહિ. સમ્યક્ચરણ ચારિત્ર એ મોક્ષના સ્થાનને માટે છે. એમ. મોક્ષનું કારણ છે ઇ. સમ્યક્ચરણ ચારિત્ર પણ મોક્ષનું કારણ છે. ચારિત્ર જે છે, સંયમચારિત્ર એ તો મોક્ષનું કારણ છે એની તો વાત બહુ ઊંચી, પણ આ સમ્યક્ચરણ ચારિત્ર પણ **'सुमुक्खठाणाय'**. એ મોક્ષ સ્થાનને અર્થે હોય છે. પોતાનો ભગવાન રાગ વિકલ્પ, દયા, દાન, વ્રત વિકલ્પથી રહિત (છે) એવા આત્માની અંદર સમ્યક્દર્શનનું ચરણ ચારિત્ર વીતરાગી પર્યાય.. જુઓ! એ ચોથે ગુણસ્થાને વીતરાગી પર્યાય છે. પેલા કહે છે ને શુભજોગ જ ચોથે ગુણસ્થાને હોય. શુદ્ધઉપયોગ હોય નહિ. શુદ્ધતા હોય નહિ. શુભમાં અંશે અશુદ્ધતા ટળી એટલી હોય. એમ નથી. આ સમ્યક્ચરણ ચારિત્ર મોક્ષને અર્થે જ ચોથે ગુણસ્થાને હોય. સમજાણું કાંઈ? લોકોને એની કિંમત નથી. મિથ્યાત્વનું કેટલું હલકું ફળ છે અને સમ્યક્નું કેટલું ઊંચું ફળ છે, બે વચ્ચેની કિંમત જ ઓછી થઈ ગઈ. બહારના વ્રત ને નિયમ ને ખાવા-પીવા ને એના ઉપર બધું વયું ગયું. જે વાતમાં કાંઈ માલ નથી. એ વિકલ્પનો કર્તા થઈને કરે એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? વ્રતનો વિકલ્પ હોય અને એનો એ કર્તા થાય કે વિકલ્પ મારું કર્તવ્ય હોય, (એ) મિથ્યાદૃષ્ટિ છે. એને આત્મા રાગરહિત સ્વરૂપ છે એનું ભાન નથી. આહાહા..!

કહે છે, આવું જે સમ્યગ્દર્શન નિઃશંક અને સમ્યગ્જ્ઞાન સહિતનું અંતર આચરણ–સ્થિરતા, જુઓ! ત્રણે લીધા. ચોથે ગુણસ્થાને ત્રણે લીધા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચરણ ચારિત્ર, ત્રણ લીધા કે નહિ? આહાહા..! ચોથું ગુણસ્થાન એટલે? સાંઈઠમી ગાથામાં અંદર અર્થ છે. સમ્યક્ આત્માનું ભાન, એના સહિત સમ્યગ્જ્ઞાન અને એના સહિત સ્વરૂપમાં એકાગ્રતા. સમ્યક્ચરણ ચારિત્ર. અનંતાનુબંધીનો અભાવ થઈ શાંતિ.. શાંતિ.. શાંતિ.. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવા તો વીતરાગ હોય...

ઉત્તર :– એ ખ્યાલ છે. ખ્યાલ છે પણ નહોતું કીધું. જરીક કોઈ દોષ હોય સહેજ. કોઈ કોઈ સાધારણ. કોઈ સાધારણ આદિ હોય. વીતરાગી. એ તો ખ્યાલ છે. ઇ વખતે ખ્યાલ હતો પણ એ કરવાની જરૂર નથી.

મુમુક્ષુ :– ... શું કરવી?

ઉત્તર :– શું કરવી. કહ્યું છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ. વાંદરા જેવા હોય. હોય કોઈ ફેર વ્યવહારમાં ફેર. વ્યવહારમાં, હોં!, નિશ્ચયમાં નહિ.

મુમુક્ષુ :–

ઉત્તર :– બરાબર, સરખું બધાને સરખું હોય.

મુમુક્ષુ :– ઓલું આદરવા જતાં...

ઉત્તર :– નહિ, નહિ. ચોથામાં જ આ હોય. એને માટે તો અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ?

વસ્તુ પૂર્ણ આનંદ, એની જ્યાં પ્રતીત થઈ એ તો સામાન્યની પ્રતીત થઈ. હવે એ પ્રતીત થઈ એમાં એનું જ્ઞાન થયું એ જ્ઞાન. હવે એમાં અંશે ઠર્યા વિના, એમાં ઠર્યા વિના પ્રતીત અને જ્ઞાન થયું શી રીતે? સમજાણું કાંઈ? એ ઠર્યો છે ઇ અનંતાનુબંધીનો અભાવ છે એ બધા સમકિતચરણ ચારિત્ર છે. 'સેઠી'! સમ્યક્ચરણ ચારિત્ર ચોથા ગુણસ્થાનની વાત છે. પાંચમા, છઠ્ઠાની નહિ. એ તો સંયમચરણ ચારિત્ર. ઇ તો કહેશે હમણાં.

ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિથી પરિપૂર્ણ એકરૂપ સ્વભાવનો પિંડ છે. અખંડ, અભેદ છે. એવી જે અંદરમાં જ્ઞાન થઈને પ્રતીતનો અનુભવ થવો, અનુભવ થઈને પ્રતીત થવી એ સમ્યગ્દર્શન. અને એનું સમ્યક્ જ્ઞાન થવું એનું નામ જ્ઞાન. અને એમાં ઠરવું એ સમ્યક્ચરણ ચારિત્ર. ત્રણે બોલ ચોથે હોય છે. એ.. 'વજુભાઈ'!

મુમુક્ષુ :– અનુભવ થઈને પ્રતીત થવી...

ઉત્તર :– ઇ કહ્યું ને. વસ્તુ જેવી છે એવી અંદર જ્ઞાનમાં અનુભવમાં આવી. અનુ એટલે જેવો વસ્તુનો સ્વભાવ છે, એને અનુસરીને, એને અનુસરીને ભવવું–થવું તેનું નામ અનુભવ. અનુભવ થયો ત્યારે પ્રતીત (થઈ કે) આવો આત્મા છે. શુદ્ધાત્મા છે, આનંદ આત્મા છે, પૂર્ણ જ્ઞાન આત્મા છે એવી પ્રતીત જ્ઞાન થયું તો આવી પ્રતીતિ થઈ. એમ. જ્ઞાન વિના પ્રતીતિ કેવી? વસ્તુનો ખ્યાલ જ નથી આવ્યો. જ્ઞાનમાં એ વસ્તુનો જ્ઞેયરૂપ ભાસ ન થયો તો પ્રતીતિ કોની કરવી? સમજાય છે કાંઈ? 'સમયસાર' ૧૭-૧૮ ગાથામાં આવી ગયું. 'સમયસાર'.

**'जिणसम्मत्तं सुमुक्खठाणाय जं चरइ णाणजुत्तं'** એ સમકિત પણ સમ્યગ્જ્ઞાન સહિત છે. **'पढ़मं सम्मत्तचरणचारित्तं'**. પહેલામાં પહેલું સમ્યગ્દર્શનચરણ ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ સર્વજ્ઞપદી, સર્વજ્ઞપદી આત્મા, સર્વજ્ઞપદવાળો આત્મા, સર્વદર્શપદવાળો આત્મા, પૂર્ણ આનંદવાળો આત્મા. આ વિશ્વાસ અંતર જ્ઞાનમાં ભાસ વિના એનો વિશ્વાસ ન આવે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા..! ચાહે તો રાગના દોષ અનેક પ્રકારના હો, ચારિત્રદોષ હો, પણ સમ્યક્ચરણ ચારિત્ર દોષમાં એને બિલકુલ દોષ હોય નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'ભરત' ચક્રવર્તી. ૯૬ હજાર સ્ત્રી. એના ભોગના વિકલ્પ એને હોય. છતાં એ સમકિતચરણ ચારિત્ર સહિત છે. પણ વસ્તુ એવી છે. બે ગુણ જુદા છે ને. બે ગુણ જુદા છે તો બેના દોષ પણ જુદા

છે. અહીં તો પ્રથમ આ જોર આપે છે એ વસ્તુ એવી છે કે જેની પર્યાયમાં ચારિત્રના દોષ રાગના અનેક હોય. એમ ચરણ ચારિત્ર નથી, એમ કહેવું છે ને? છતાં સમ્યક્ચરણ ચારિત્ર તો અંદર અડગ રીતે પડ્યું છે. ચાહે તો લડાઈમાં ઊભો હોય, ચાહે તો વિષયના વિકલ્પમાં ઊભો હોય. ઊભો હોય એટલે દેખાય, હોં! ઊભો નથી ત્યાં. દૃષ્ટિ તો જ્ઞાયક ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. જ્યાં અનુભવમાં આ આનંદ છે, આ શુદ્ધ છે, દ્રવ્ય છે એમ જે ભાવ થયો એ ભાન કદી ખસતું નથી. નિરંતર ચોવીસ કલાક અને સાદિઅનંત (એમ ને એમ રહે છે).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સમકિત ચારિત્ર કીધું ને. સમકિતચરણ આ ચારિત્ર. નિઃશંક આદિ ગુણ થવા, પચીસ મળ ટળવા અને અખંડ અભેદ ચૈતન્યનો જે અનુભવ થઈને સમકિત થયું એમાં અંશે સ્થિરતા થઈ, પચીસ દોષ ટળીને અને નિઃશંકતા આદિ ગુણની પર્યાય થઈ, એને સમકિતચરણ ચારિત્ર કહ્યું. સમજાય છે કાંઈ? નવી વાત લાગે છે.

મુમુક્ષુ :– સમકિતચરણ ચારિત્ર જ નવું...

ઉત્તર :– નથી.

મુમુક્ષુ :– સંપ્રદાયમાં..

ઉત્તર :– સંપ્રદાયમાં છે જ નહિ. શ્વેતાંબરમાં એ વાત છે જ નહિ. દિગંબરમાં આ ઠેકાણે જ છે. છે ને ... આ તો પાઠ છે. 'કુંદકુંદાચાર્યે' અહીં સ્પષ્ટ કર્યું. ગૃહસ્થાશ્રમવાળાએ તો ઘણાએ, 'દીપચંદજી' આદિ ઘણાએ નાખ્યું છે. 'બનારસીદાસ'ની ચિઠ્ઠીમાં આવે છે. ચિઠ્ઠીમાં આવે છે. 'પરમાર્થ વચનિકા'માં. સ્વરૂપચરણ ચારિત્ર, સ્વરૂપાચરણ ચારિત્ર.

મુમુક્ષુ :– કણિકા જાગી.

ઉત્તર :– હા, કણિકા જાગી, કીધું ને. અહીં તો આચાર્ય પોતે પાઠમાં કહે છે. **'सम्मत्तचरणचारित्त'**. પહેલા પણ આવ્યું હતું. જુઓ! પાંચમી ગાથા. **'जिणणाणदिट्ठिसुद्धं'** જિને કહેલા જ્ઞાન વીતરાગી જ્ઞાન આત્માનું અંદરનું. એનું જે શુદ્ધપણું અને એની પ્રતીતિ એ **'पढ़मं सम्मत्तचरणचारित्तं'**. પછી સંયમચરણ છે. પછી બીજું સંયમચારિત્ર હોય છે. આ એકડો નથી ત્યાં પછી મીંડું ને બગડો આવ્યો ક્યાંથી? કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– મૂળ ઇ ચીજ છે ત્યાંથી શરૂઆત થાય છે. આહાહા..! અંદરમાં રાગનો વિકલ્પમાં સુખબુદ્ધિ રહે, પુણ્ય પરિણામમાં હિતબુદ્ધિ રહે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એમ વસ્તુ છે નહિ. આમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

વીતરાગમૂર્તિ પ્રભુ, એમાં આનંદ છે. કાલે એક છોકરાને પૂછ્યું હતું કે આત્મામાં સુખ છે કે ઓલામાં? (તો કહ્યું), આત્મામાં. તો ખાય છે શું કરવા? કીધું. એ આવ્યો છે કે નહિ? પેલો 'પ્રદીપ'. તારો ભાઈ આવશે ત્યારે પૂછશું. આત્મામાં આનંદ છે કે શરીરમાં? તો કહે, આત્મામાં છે. બરાબર છે. જો આત્મામાં આનંદ હોય તો ખાવાનો ભાવ કરે છે શું કરવા? એમાં સુખ માને છે ને. એય...!

એ છોકરો બિચારાએ જવાબ ન આપ્યો. મોટા પણ થોડા મૂંઝાણા. એય..! ખાવાનો ભાવ કરે છે એમાં સુખબુદ્ધિ માન્યા વિના ખાવાનો ભાવ કરે? 'નવનીતભાઈ'! સાંજે એવો પ્રશ્ન કર્યો.

ભાઈ! એ જુદી વાત છે, ખાવાનો ભાવ જુદી વાત છે અને એમાં હરખ આવવો કે આ સુખરૂપ છે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? એ હરખથી ખાય છે, પ્રેમથી ખાય છે એ જુદી વાત છે. ખાય એટલે રાગ. ક્રિયા તો ક્યાં થાય છે? એ તો જડની છે. શરીરની ખાવા-પીવાની ક્રિયા એ તો જડની ક્રિયા છે, આત્માની નથી. ફક્ત એમાં ખાવાનો જે વિકલ્પ, રાગ આવે એમાં જો સુખબુદ્ધિ રહે કે આહા.. આમાં મજા પડે છે. એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિમાં જ્યાં સુખબુદ્ધિ બધેથી ઉડી ગઈ છે અને આત્મામાં સુખબુદ્ધિની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ થયું છે. આહા..! એટલો આનંદ પણ પ્રગટ્યો છે. આહાહા..! વીતરાગ માર્ગ એટલે એનો સ્વભાવ માર્ગ અલૌકિક છે. સમજાણું કાંઈ?

પોતાનો ભગવાન આનંદના સ્વભાવથી છલોછલ ભરેલો, એવા સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન થયું એમાં નિઃશંક આદિ ગુણની પર્યાય થઈ તેને અહીંયા ચારિત્ર કહેવામાં આવે છે. સમકિતચરણનું ચારિત્ર. આહાહા..! સમજાણું કાંઈ? કરોડો, અબજો રૂપિયાના ધંધામાં દેખાય. સમકિતી હોય, વહાણના ધંધા કરતા હોય. કરતા હોય એમ દેખાય, કરે કોણ? વિકલ્પ હોય. પણ વિકલ્પમાં મીઠાશ નથી. સમજાણું કાંઈ? એમાં હિતબુદ્ધિ નથી. હિતબુદ્ધિ કહો કે એને મોક્ષનો માર્ગ કહો કે એમાં ઠીકબુદ્ધિ કહો, એ બધી (બુદ્ધિ) મિથ્યાત્વભાવ છે. આહાહા..! વ્યવહાર વિકલ્પને સાચો મોક્ષમાર્ગ કહો એ પણ મિથ્યાત્વ છે એમ અહીં તો કહે છે. કેમકે રાગ વિકલ્પ છે. ભગવાનઆત્મા તો રાગ વિનાની ચીજ છે. રાગ તો આસ્રવ તત્ત્વ છે, આત્મા તો અણાસ્રવી તત્ત્વ ભિન્ન છે. એવા અણાસ્રવી આત્માની જેને શ્રદ્ધા, જ્ઞાન થયાં એને આસ્રવમાં પ્રેમ રહેતો નથી. શુભમાં પ્રેમ રહેતો નથી તો અશુભમાં તો રહે જ શેનો? એવી વાત છે. એટલી આચરણ દશા સમકિતમાં પણ ઠરવાની પ્રગટી છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? 'ભગવાનજીભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! બહુ અલૌકિક! જેના ફળ આનંદ. જુઓ! શું કહેવું છે અહીં?

'**सुमुक्खठाणाय**'. સમકિતચરણ ચારિત્ર એ મોક્ષના સ્થાન માટે છે. મોક્ષની પ્રાપ્તિ માટે છે. આહાહા..! અનંત અનંત આનંદ. એક સમયની પર્યાયમાં અનંત અનંત આનંદ. કેવળજ્ઞાનીને અનંત આનંદ, એક સમયમાં અનંત આનંદ! એવું અનંત આપણે અહીંયા આવી ગયું. સમ્યગ્દર્શનમાં, એ સમ્યગ્દર્શનની એક સમયની પર્યાય પણ અનંત છે. સમ્યગ્દર્શનની એક સમયની પર્યાય અનંત છે. એક સમયનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિનું અનંત છે. એક સમયની સ્થિરતાનો પર્યાય પણ અનંત છે. આહાહા..! સમજાણું કાંઈ? અનંતની ખાણમાં તો અનંત જ હોય ને! ભગવાન અપાર શક્તિનો ધણી, એવા ભગવાનની પ્રતીતિ.. આહાહા..! અનંતા ભગવાન, સિદ્ધ ભગવાનો, અનંતા અરિહંત પદો, અનંતા સિદ્ધ પદો, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પદો, એવા નિર્વિકારી પદો જેના પેટમાં અંદર પડ્યા છે. જેના ગર્ભમાં, જેના ગુણમાં પડ્યા છે. 'જાદવજીભાઈ'! આહાહા..! એવા અનંતા અરિહંતોને પ્રતીતમાં લેવા, અનંતા સિદ્ધોને, અનંતા આચાર્ય, ઉપાધ્યાય,

સાધુની નિર્વિકારી દશાનો ધરનાર ભગવાનઆત્મા. સમજાણું કાંઈ?

અરિહંતની શ્રદ્ધા એ તો કેવળજ્ઞાનની પર્યાય છે. પણ પર્યાયની શ્રદ્ધા તો વ્યવહાર શ્રદ્ધા થઈ. વ્યવહારનયની શ્રદ્ધા થઈ, નિશ્ચયની ન થઈ. સમજાણું કાંઈ? કારણ કે અરિહંત તો એક સમયની પર્યાય છે. અનંતા અરિહંતો અને અનંતા સિદ્ધોને માને તોપણ એ તો પર્યાયને માને છે. પર્યાય તો સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. આખો નિશ્ચયનો વિષય રહી જાય છે. સમજાણું કાંઈ? અંદરમાં એવો જે ભગવાનઆત્મા, અનંતા અનંતા સિદ્ધપદનો ધરનાર છે. એ પાંચ પદ એ આત્મા જ છે. આમાં આગળ આવશે. સમજાણું કાંઈ? એવો ભગવાનઆત્મા પૂર્ણની પ્રતીતમાં પણ પૂર્ણતા અને અનંતતા પ્રતીતમાં આવે છે. એવા પૂર્ણનો સમ્યગ્જ્ઞાનનો અંશ પણ પૂરું અને અનંતપણું એમાં આવે છે. એવા સ્વભાવમાં ઠરવાનો અંશ છે ને એ પણ અનંત છે. ચોથે ગુણસ્થાને ચરણ ચારિત્ર પણ અનંત છે. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– આ કહ્યા ને. અનંત અનંત અનંત ગુણ. બેહદ. જેની પર્યાયોનો પાર ન મળે. એવી શક્તિઓ અને એવી શક્તિનો સમૂહ ભગવાન છો. એવા અનંતી પ્રતીતની પર્યાયમાં અનંતા જ આવે. એવા અનંતા ભગવાનઆત્માની જ્ઞાનની પર્યાયમાં અનંતા જ આવે. અનંતનો ગમે એટલો ભાગ પાડો તો એમાં અનંત જ આવે. આહાહા..! એમાં સ્વરૂપચરણ ચારિત્રની પર્યાય પણ, અનંત અનુબંધ ગયો, અનંત અચારિત્ર ગયું એ જાતનું તો અહીંયા અનંત આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! અનંતાનુબંધીમાં અનંત અસ્થિરતા હતી. એ જ્યાં આત્માના શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો, એટલી સ્થિરતા પણ અનંતી ભેગી આવી. સમજાણું કાંઈ? ભાઈ, આ તો અંતર સમજવા માટે વાત છે. આ કોઈ વાદવિવાદ ને ચર્ચાનો વિષય કરવા માગે તો એ નથી, અંતરનો વિષય છે. સમજાણું કાંઈ?

અહીં તો જરી આ આવ્યું ને? '**जिणसम्मत्तं सुमुक्खठाणाय**'. એવું સમકિત, એવું જે જ્ઞાન અને સ્વરૂપચરણ ચારિત્ર એ મોક્ષને માટે છે, એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? આમ તો ચારિત્ર મોક્ષનું કારણ કહ્યું. 'પંચાસ્તિકાય'માં. ચારિત્ર મોક્ષનું કારણ. અહીં તો એકદમ સીધું સમકિતચરણ ચારિત્ર પોતે મોક્ષનું સ્થાનનું કારણ છે. અનંત જેમાં ઉછળ્યો છે આત્મા અને એના ફળ તરીકે અનંત આનંદ આદિ મોક્ષદશા, જેના પરિણામના ફળ તરીકે આવે, એને અહીંયા સમકિતચરણ ચારિત્રને મોક્ષનું કારણ કહ્યું છે. આહાહા..! 'ચંદુભાઈ'! બહુ કામ પણ ભારે. વાતું મોટી. ભગવાન પણ મોટો છે ને!

અરે...! એના જ્ઞાનમાં... એના જ્ઞાનમાં, શ્રદ્ધામાં એની મોટપ આવે એટલે એમાં સ્થિરતાની મોટપ પણ અનંતી ભેગી આવે. ભલે ચોથું ગુણસ્થાન હોય, એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? આ ધર્મની શરૂઆતની દશા આ છે. બાકી બધી વાતું છે. ધર્મ કરે ને ધર્મ કરે ને જાત્રા કરીને ધર્મ થઈ ગયો, ભગવાનની ભક્તિ કરીને ધર્મ થઈ ગયો, મંદિર દશ બનાવ્યા ને ધર્મ થઈ ગયો, પચાસ લાખ ખર્ચ્યા.. ધૂળેય ધર્મ નથી. એ આકરું લાગે એવું છે. શેત્રુંજય જઈ આવ્યા ને

ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. ન્યાં તો ગયો તો શુભરાગ હોય. ભગવાનની ભક્તિ પ્રત્યેનો શુભરાગ એ કંઈ ધર્મ નથી. એય..! સમ્મેદશિખર જઈ આવ્યો. પંદર વાર જઈ આવ્યો, વીસ વાર જઈ આવ્યો. તે શું છે પણ હવે? સમ્મેદશિખર તો પર વસ્તુ છે, પરદ્રવ્ય છે. એના પર જઈ આવ્યો તો શુભરાગ થાય. પંદર વાર ગયો તો પંદર વાર થાય. ધર્મ-બરમ થાય એ નથી. ભગવાન આખો અનંત ગુણનો પિંડલો પ્રભુ પડ્યો છે. એ સમ્મેદશિખર તો આત્મા (છે). એના ઉપર ચડ અને જા. જાત્રા થઈ એ થઈ, એના જન્મ-મરણ મટી ગયા. સમજાણું કાંઈ? આવું છે, બાપુ!

અહીં તો **'सुमुक्खठाणाय'**. લ્યો. મોક્ષ **'ठाणाय'**. **'सु'**. વળી **'सु'** શબ્દ વાપર્યો. **'सुमुक्खठाणाय'**. સુમોક્ષ એમ. સાચો મોક્ષ. સુ શબ્દ વાપર્યો છે ને.

મુમુક્ષુ :– સુસ્થાન, મોક્ષનું સુસ્થાન.

ઉત્તર :– હા, મોક્ષનું સુસ્થાન. આ તો મોક્ષનું સુસ્થાન એટલે બીજું કોઈ કુસ્થાન હશે? મોક્ષનું સુસ્થાન (એટલે) નિર્મળ પર્યાય એ મોક્ષનું સુસ્થાન છે. સમજાણું કાંઈ? મુક્તિશિલા ઉપર જાવું એ કાંઈ સુસ્થાન નથી. એ તો પથરો છે. આત્મા પોતાના પરમાનંદની દશામાં બરાબર પોતાની પર્યાયના ક્ષેત્રમાં–સ્થાનમાં પૂર્ણમાં આવે એનું કારણ આ સમકિતચરણ ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'સર્વજ્ઞ ભાષિત તત્ત્વાર્થ કી શ્રદ્ધા...'** ભગવાને કહ્યા તત્ત્વાર્થની શ્રદ્ધા, એમાં આત્મા આવ્યો. આત્મા આવ્યો કે નહિ તત્ત્વાર્થમાં–તત્ત્વમાં? એના વિના ચાલે એવું ક્યાં છે તે હાંકે? જીવતત્ત્વ, અજીવતત્ત્વ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એમાં ભગવાને કહેલો આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ ભગવાન, જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન, એણે કહેલા તત્ત્વાર્થ, એણે કહેલા આત્માની શ્રદ્ધા.

**'નિઃશંકિત આદિ ગુણ સહિત...'** નિઃશંક ગુણથી સહિત. શંકાને સ્થાન ક્યાં હોય? સમજાણું કાંઈ? **'પચ્ચીસ મલ દોષ રહિત,...'** આહાહા..! **'પચ્ચીસ મલ દોષ રહિત,...'** પચ્ચીસ મલ દોષ આવી ગયા છે ને. છ આયતન ને એ બધા કહ્યા ને. એ પચ્ચીસ દોષ. ત્રણ મૂઢતા, આઠ.. **'પચ્ચીસ મલ દોષ રહિત જ્ઞાનવાન આચરણ કરે...'** ભાષા એ લીધી છે. જ્ઞાન લીધું છે ને ત્યાં? **'जं चरइ णाणजुत्तं'**. ત્રીજું પદ છે ને? એવા દોષ રહિત સમકિત અને જ્ઞાનવાન આચરણ કરે, દેખો! આત્માનું જ્ઞાન, એ આત્માના જ્ઞાન સહિત આચરણ કરે. દેખો! **'દોષ રહિત જ્ઞાનવાન આચરણ કરે...'** એમ છે. **'ઉસકો સમકિતચરણ ચારિત્ર કહતે હૈં.'** એને ભગવાન 'કુંદકુંદાચાર્ય' આદિ સંતો અને કેવળીઓ સમ્યક્ચરણ ચારિત્ર કહે. આહાહા..! દુનિયાની મોટપ ટળે નહિ અને એને સ્વની મોટપ દેખાય નહિ. ક્યાંક પણ બીજાની ઋદ્ધિ ચક્રવર્તીની દેખીને, સાંભળીને આહા.. થઈ જાય. મરી ગયો, ન્યાં ક્યાં આ..હા.. હતું? સાંભળને! સમજાણું કાંઈ? એને અધિક ભાસ્યું ઇ. પણ ભગવાન એનાથી જુદો જ્ઞાનાનંદ સ્વભાવ, એમાં અનંતી સંપદા સિદ્ધની પડી છે. એનું જેને અધિકપણું ભાસે એને પ્રતીત સહિત જ્ઞાનનું આચરણ હોય, એને સમકિતચરણ ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ?

**'યહ મોક્ષ કી પ્રાપ્તિ કે લિયે હોતા હૈ...'** લ્યો, અર્થ કર્યો. એ મોક્ષની પ્રાપ્તિ માટે સમકિતચરણ ચારિત્ર છે. કોઈ કહે કે સમકિત થયું એમાં મોક્ષનું ક્યાં કારણ આવ્યું? ચારિત્ર વિના મોક્ષ હોય જ નહિ. સાંભળને! ઇ તો ચારિત્ર પ્રતીતમાં આવી ગયું છે કે આવી સ્વરૂપ રમણતા થશે ત્યારે મારી દશા મોક્ષ થશે. અહીં તો સમકિતચરણ ચારિત્ર જ મોક્ષની પ્રાપ્તિને અર્થ કહ્યું. સમકિતને હીણું કરવા માટે ચારિત્ર આ વ્રતની ક્રિયાને બહુ સ્થાપે. આહાહા..! અરે..! ભગવાન! તને નુકસાન છે, ભાઈ! એ કંઈ દુનિયાને માટે આ વાત નથી. એકલો જન્મ-મરણ કરીને રખડે છે. દુઃખી થઈ ચોર્યાસીના અવતારમાં કોઈ ધણીધોરી નથી એનો. સમજાણું કાંઈ? ભર્યા ભંડારમાં મકાનોમાં પચાસ-પચાસ લાખ, કરોડ, પાંચ કરોડ રૂપિયા પડ્યા હોય, બાયડી-છોકરા હોય એમાં અંદરથી શૂળ ઉપડે, કોણ શરણ છે? બાપુ! ક્યાં નજર નાખીશ? આ બધા છે એ તો પડ્યા છે. એ એકત્વબુદ્ધિ જે દુઃખની (છે), એને ટાળવાનો ઉપાય અંતર સ્વભાવની એકત્વબુદ્ધિ કરવી. ન્યાં શરણ છે. સમજાણું કાંઈ? ડોક્ટર આવે ને ઇંજેક્શન નાખે ને ઢીંકણા નાખે ને. ઇ ઇંજેક્શન નાખનારા ડોક્ટરો પણ મરી ગયા. આહાહા..!

'જામનગર'માં જુઓને! આ થયું એમાં રાડ નાખી ગયા. બિચારા નિરાંતે સૂતા હતા, ન્યાં આવ્યું પતરા. કટકા. હાથ ભાંગી ગયા. ભાંગવા યોગ્ય જ ભાંગે. ભગવાન ભાંગે? અખંડાનંદ પ્રભુ નિત્ય શાશ્વત મૂર્તિ પ્રભુ, એને કોઈ અડે ને ભાંગે? 'ભગવાનજીભાઈ'! રાડ નાખે લોકો. આહાહા..! કોઈ કહે, પંદર માણસ મરી ગયા, કોઈ કહે ચાલીસ મરી ગયા. 'નવલભાઈ' કહેતા હતા. નહિ? મરી ગયા બિચારા એ વખતે શું થતું હશે? હાય.. હાય....! આ ક્યાં આવ્યું? આવી પડ્યું નથી, નવું નથી. એ કાળે એવી દશા થવાની. તેનો તું જાણનાર છો. એ કરનાર ને ફેરવનાર ને આઘે–દૂર કરનાર તું છો નહિ. આહાહા..! એવી જેને શ્રદ્ધા અને ભાન નથી એ પછી એકત્વબુદ્ધિએ પીડાઈ જાશે. સમજાણું કાંઈ?

**'ક્યોંકિ મોક્ષમાર્ગ મેં પહિલે સમ્યગ્દર્શન કહા હૈ...'** જેથી મોક્ષમાર્ગમાં ભગવાને પહેલું સમ્યગ્દર્શન કહ્યું છે. મુખ્ય તો ઇ. ઇ તો પહેલી સીઢી. **'ઇસલિયે મોક્ષમાર્ગ મેં પ્રધાન યહ હી હૈ.'** સમ્યગ્દર્શન એ જ મુખ્ય મોક્ષમાર્ગમાં પહેલી સીઢી છે. એની તો ખબર ન મળે.

---

**आगे कहते हैं कि जो इसप्रकार सम्यक्त्वाचरण चारित्रको अङ्गीकार करके संयमचरण चारित्रको अङ्गीकार करे तो शीघ्र ही निर्वाणको प्राप्त करता है:-**

## ગાથા-૯

**सम्मत्तचरणसुद्धा संजमचरणस्स जइ द सुपसिद्धा।**

**णाणी अमूढदिट्ठी अचिरे पावंति णिव्वाणं।।9।।**

**सम्यक्त्वचरणशुद्धाः संयमचरणस्य यदि वा सुप्रसिद्धाः।**
**ज्ञानिनः अमूढदृष्टयः अचिरं प्राप्नुवंति निर्वाणम्।।9।।**

સમ્યક્ત્વચરણવિશુદ્ધ ને નિષ્પન્નસંયમચરણ જે,
નિર્વાણને અચિરે વરે અવિમૂઢદષ્ટિ જ્ઞાનીઓ. ૯.

**अर्थ :- जो ज्ञानी होते हुए अमूढदृष्टि होकर सम्यक्त्वाचरण चारित्रसे शुद्ध होता है और जो संयमचरण चारित्रसे सम्यक् प्रकार शुद्ध हो तो शीघ्र ही निर्वाणको प्राप्त होता है।**

**भावार्थ :- जो पदार्थोंके यथार्थज्ञानसे मूढदृष्टिरहित विशुद्ध सम्यग्दृष्टि होकर सम्यक्चारित्रस्वरूप संयमका आचरण करे तो शीघ्र ही मोक्षको पावे, संयम अंगीकार करने पर स्वरूपके साधनरूप एकाग्र धर्मध्यानके बलसे सातिशय अप्रमत्त गुणस्थानरूप हो श्रेणी चढ़ अन्तर्मुहूर्तमें केवलज्ञान उत्पन्न कर अघातिकर्मका नाश करके मोक्ष प्राप्त करता है, यह सम्यक्त्वचरण चारित्रका ही माहात्म्य है।।9।।**

## ગાથા-૯ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઇસપ્રકાર સમ્યક્ત્વચરણ ચારિત્ર કો અંગીકાર કરકે સંયમચરણ ચારિત્ર કો અંગીકાર કરે તો શીઘ્ર હી નિર્વાણ કો પ્રાપ્ત કરતા હૈ :–'** આહાહા..! આવા સમ્યક્ચરણ ચારિત્ર સહિત, એવા સમકિતચરણ ચારિત્ર સહિત સંયમચરણ ચારિત્ર–વીતરાગી પર્યાય પ્રગટ કરે **'તો શીઘ્ર હી નિર્વાણ કો પ્રાપ્ત કરતા હૈ.'** શીઘ્ર. પેલામાં સાધારણ લીધું હતું. પેલામાં સાધારણ મોક્ષનું સ્થાન કહ્યું હતું. અને અહીં **'अचिरे'** એટલું વધાર્યું. ચારિત્ર ....

**सम्मत्तचरणसुद्धा संजमचरणस्स जइ द सुपसिद्धा।**
**णाणी अमूढदिट्ठी अचिरे पावंति णिव्वाणं।।9।।**

પેલામાં **'सुमुक्खठाणाय'** હતું. મોક્ષનું કારણ. અહીં **'अचिरे'** (કહ્યું છે). આહાહા..! સમ્યક્ચરણ ચારિત્ર સહિત વીતરાગી ચારિત્ર પ્રગટ કરે એ તો અલ્પકાળમાં કેવળજ્ઞાનને પામે. બેય પૂરા થઈ ગયા. દર્શન પણ પૂરું અને ચારિત્ર પણ પૂરું. એનું ફળ પૂરું કેવળજ્ઞાન મોક્ષ જ હોય.

**અર્થ :– 'જો જ્ઞાની હોતે હુએ...'** સમ્યગ્દષ્ટિ અને જ્ઞાની થયા છતાં **'અમૂઢદષ્ટિ હોકર...'** જોયું? એ નાખ્યું. **'अमूढ़दिट्ठी'**. ક્યાંય ન જાય ઇ. મૂંઝાવાનું સ્થાન જ આત્મામાં નથી. અમૂઢસ્વભાવી ભગવાનઆત્મા વિચિક્ષણ છે એ તો. સમજાણું કાંઈ? વિચિક્ષણ એવો ભગવાનઆત્મા. વિચિક્ષણ કહ્યું છે ત્યાં. વિચિક્ષણ અને પંડિત. ઘણે ઠેકાણે આવે. **'સમ્યક્ત્વચરણ ચારિત્ર સે શુદ્ધ હોતા હૈ...' 'જ્ઞાની હોતે હુએ...'** આત્માનું વાસ્તવિક અંતરજ્ઞાન થતાં અમૂઢદષ્ટિ હોય. આ એક મોટો ગુણ વર્ણવ્યો. આખી દુનિયા ગમે તે રીતે માનતી હોય અને ગમે તે રીતે હોય,

પણ વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ?

'રજનીશ'નું કાલે પેલા ભાઈ કહેતા હતા ને? ... ચાલીસ મિનિટ સુધી. પણ આ શું છે? એ તો જડ છે. આવામાં પણ માણસ બિચારા ભળી જાય. ભાન વિનાના. કાંઈ ખબર ન મળે. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે ક્યા તત્ત્વો કહ્યા એની ખબર વિના ભરાઈ જાય. બે-બે, ત્રણ-ત્રણ હજાર માણસ જાતા. જોરથી લ્યો. પણ શ્વાસ કોણ લે? એ તો જડ છે. ખૂબ લે તો આમ એકાકાર થઈ જાય ને. જાણે કાંઈક થઈ જાય, એમ અંદર લાગે. પાગલ જેવું લાગે. આહાહા..! અહીં તો શ્વાસની ક્રિયા એને કારણે ચાલે અને વિકલ્પ જે થાય એ પણ એને કારણે (ચાલે), મારામાં નથી. એવી આત્મામાં શ્રદ્ધાની એકાગ્રતા (થાય) ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. ન્યાં ધર્મ રહે છે. ધર્મ બહારમાં ક્યાં હતો? તારા શ્વાસમાં ને ધૂળમાં.

**'જ્ઞાની હોતે હુએ અમૂઢદૃષ્ટિ હોકર સમ્યક્ત્વચરણ ચારિત્ર સે શુદ્ધ હોતા હૈ...'** એમ. જ્ઞાન, સમકિત અને આચાર, ત્રણ. **'ઔર જો સંયમચરણ ચારિત્ર સે સમ્યક્ પ્રકાર શુદ્ધ હો...'** એવો જીવ જો ચારિત્ર અંગીકાર કરે–વીતરાગી પર્યાય પ્રગટ કરે **'તો શીઘ્ર હી નિર્વાણ કો પ્રાપ્ત હોતા હૈ.'** **'अचिरे'** સમ્યગ્દર્શનના ચારિત્ર સહિત વીતરાગ ચારિત્ર અંગીકાર કરે તો અલ્પકાળમાં મોક્ષ થાય, શીઘ્ર મોક્ષ થાય. લ્યો, 'માવાણી'! આમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું? ઇ ક્રમબદ્ધમાં એમ આવ્યું એમાં. જેને આત્મા ઉપર દૃષ્ટિ છે એ ક્રમે થતી પર્યાયનો જાણનાર થઈ જાય છે. જાણનાર થતાં એમાં ઠરે છે એટલે ઠરનારને અલ્પકાળમાં કેવળજ્ઞાન આવશે, લાંબો કાળ નથી. એવી એની મર્યાદા હોય છે. સમજાણું કાંઈ? આવી માથાકૂટ કોણ કરે? સંસારના ભણવા માટે માથાકૂટ કરે માળો. એમ.એ. ને એલ.એલ.બી. ના પૂંછડા લગાડવા. એય..! આ એલ.એલ.બી. રહ્યા. આ બી.એ. એમાં ઘણા વર્ષ ગાળે. કેટલા વર્ષ? એક અમારો મિત્ર ભાગીદાર હતો. 'વેણીલાલ'. ડોક્ટર. અમારી સાથે ભણતા હતા. કેટલા વર્ષ પછી હું 'ભાવનગર' ગયેલો. મેં કહ્યું, શું કરે છે? તો કહે, હજી ભણું છું. પણ કેટલા વર્ષ સુધી? 'હિંમતલાલ' ડોક્ટર હતા. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૫૭-૫૮. એનો દીકરો હતો. સાથે ભણતા. 'પાલેજ' ગયેલા. કેટલા વર્ષે અમે આવ્યા. રસ્તામાં મળ્યો. એલા.. શું કરે છે? હજી તો હું ભણું છું. ચાલો ઘરે. પછી ઘરે ગયા. કોઈ નથી ને હું એકલો છું અને ભણું છું. કેટલા વર્ષ થયા પણ? અઠ્યાવીસ વર્ષ સુધી ભણતો હતો. એમાં મરી જાય તો? થઈ રહ્યું.

આ હમણા બિચારો મરી ન ગયો? 'અમેરીકા'વાળો. 'અમેરીકા' ભણી આવ્યો. અઠ્યાવીસ વર્ષની ઉંમર. બે, ત્રણ, ચાર મહિના પરણ્યા થયા. આ 'મુંબઈ' ગયો ત્યાં શરીરના બે કટકા થઈ ગયા. રેલમાં. રેલ નીચે આવી ગયો. બે કટકા. આહાહા..! કેટલી મમતા હશે! હજી તો કરશું, હજી તો રળશું. આમ ને આમ જિંદગીઓ અનંત કાળમાં ગુમાવી દીધી. એની વાત નથી, હોં! એ પ્રકાર તો બધા જીવને અનંતવાર થઈ ચૂક્યા. બાપુ! અનાદિ કાળનો છે, ભાઈ! અરે..! તારી દયા તને નહિ અને પરની દયા કરવા નીકળી પડ્યો, પરનો ઉદ્ધાર કરવા નીકળી પડ્યો. પોતાના ઉદ્ધારની ખબર ન મળે કે મારો ઉદ્ધાર કેમ થાય?

અહીં ભગવાન કહે છે, અરે...! જેને આત્માના સ્વભાવનો અનુભવ ને પ્રતીત ને સ્થિરતા

અંશ એટલું ચારિત્ર જાગ્યું, એ જીવ જો ચારિત્ર વીતરાગી દશા અંગીકાર કરે, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશા, અલ્પકાળમાં એને કેવળજ્ઞાન આવે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'જો પદાર્થોં કે યથાર્થ જ્ઞાન સે મૂઢદૃષ્ટિ રહિત વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ હોકર...'** જે આત્માનું, પુણ્ય-પાપનું વાસ્તવિક જેવું સ્વરૂપ છે, આ જડનું. જડનું સ્વરૂપ આવું છે. આ તો માટી છે. સડન, ગલન, વિધ્વંસન જેવો માટીનો પિંડ. ખોખરું. ક્ષણમાં થાશે ખોખરું. ખોખરું સમજ્યા ને? છાણ હોય ને? પથરો વાગે ત્યાં તડ પડી જાય. ખોખરું થઈ જાય. એમ જરીક કાંઈક (થાય)... આ તો માટી છે, ભાઈ! ધૂળ છે. એમાં જેને પ્રેમ વર્તે એને ભગવાનઆત્મા પ્રત્યે પ્રેમ નથી. આહાહા..! સમજાણું  કાંઈ? એને પદાર્થનું જ્ઞાન હોય તો જડ છે તે જડપણે પરિણમે. રોગ થાય, સડન, ... સમજાણું?

**'મૂઢદૃષ્ટિ રહિત વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ...'** બિલકુલ દોષ અંદર શંકા ન હોય. **'સમ્યક્ચારિત્ર સ્વરૂપ સંયમ કા આચરણ કરે...'** એવું સમ્યક્ ચારિત્ર સ્વરૂપ સંયમ જો વીતરાગી દશા અંગીકાર કરે. ... સમજાણું કાંઈ? સંયમચારિત્ર અંગીકાર કરે, વસ્તુના ભાન સહિત, સમ્યગ્દર્શન પ્રતીત અને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચરણ ચારિત્ર એ ઉપરાંત જે વીતરાગ ચારિત્ર અંગીકાર કરે (એની) અલ્પ કાળમાં મુક્તિ થાય. **'સ્વરૂપ કે સાધનરૂપ એકાગ્ર ધર્મ ધ્યાન કે બલ સે...'** જુઓ! પણ સાધન આ. એ શુદ્ધ સ્વરૂપ જેવું પ્રતીતમાં અનુભવમાં લીધું હતું એનું સાધન કરે–એકાગ્રતા. **'સ્વરૂપ કે સાધનરૂપ એકાગ્ર ધર્મ ધ્યાન કે બલ સે સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનરૂપ હો શ્રેણી ચઢ અંતર્મુહૂર્ત મેં કેવલજ્ઞાન ઉત્પન્ન કર અઘાતિકર્મ કા નાશ કરકે મોક્ષ પ્રાપ્ત કરતા હૈ, યહ સમ્યક્ત્વચરણ ચારિત્ર કા હી માહાત્મ્ય હૈ.'** પાછું માહાત્મ્ય સમ્યક્ચરણ ચારિત્રનું છે. એ ચારિત્ર જે વીતરાગતા આવી પણ પહેલું સમ્યક્ચરણ ચારિત્ર હતું તો વીતરાગતા આવી. સમ્યક્ચરણ ચારિત્ર ન હોય અને વીતરાગતા આવે એમ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! એવું સમ્યક્ ચારિત્રનું ફળ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૯, ગાથા-૧૦ થી ૧૩. રવિવાર, અષાઢ વદ ૧, તા. ૧૯-૦૭-૧૯૭૦

આજ ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. ભગવાન 'મહાવીર' પરમાત્મા, એમને વૈશાખ સુદ-૧૦એ કેવળજ્ઞાન થયું. પણ દિવ્યધ્વનિ નહોતી નીકળી. ૬૬ દિવસે એટલે આજ શ્રાવણ વદ ૧ છે, શાસ્ત્રની. આજે મહિનો બેસે છે. ચોમાસાનો મહિનો, શ્રાવણનો મહિનો, જુગનો મહિનો પહેલો આ છે. પહેલો દિવસ છે. તે દિ' ભગવાનની વાણી વિપુલાચળ પર્વત ઉપર (છૂટી).

ભગવાનને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ-૧૦એ થયેલું પણ દિવ્યધ્વનિ નહોતી અને સાંભળનારા એ જાતના પાત્ર પણ નહોતા. બેય નહોતું. એ ભગવાનને બે મહિના ને છ દિવસે, ૬૬ દિવસે 'ગૌતમસ્વામી' આવ્યા અને અહીં વાણી નીકળવાનો એને યોગ હતો. દિવ્યધ્વનિ.

રાજગૃહીના વિપુલાચલ પર્વત ઉપર પરમાત્માની દિવ્યધ્વનિ નીકળી. ૐ ધ્વનિ નીકળી. એને સાંભળીને ગણધરદેવે બાર અંગ અને ચૌદ પૂર્વ રચ્યાં. એ રચના શાસ્ત્રની ચાલી આવે છે. એ માહ્યલા 'ધવલ', 'જયધવલ' આદિ છે. મૂળ પાઠ 'ષટ્ ખંડાગમ'. એ ભગવાનની વાણીમાંથી આવ્યા છે. એની રચના પૂરી તો જેઠ સુદ-૫ (થઈ). પણ એ બધી પરમાત્મા ભગવાને જે વાણી કહી હતી, એની પરંપરાની એ વાણી છે. 'સમયસાર' આદિમાં પણ આ ભગવાનની જે વાણી હતી એ પરંપરા સંતોની મળેલી. એ જ્ઞાન, વૈભવ અને વાણી નિમિત્ત. એ પરંપાર મળેલી વાણી 'કુંદકુંદાચાર્ય' મહારાજને પોતાને વિકલ્પ આવ્યો, એ વાણી ગુંથાઈ. સમજાય છે? એ માહ્યલું આ 'અષ્ટપાહુડ' ગ્રંથ છે.

ભગવાને તો ભાવશ્રુતજ્ઞાન દ્વારા પ્રરૂપણા કરી હતી. કેવળજ્ઞાન દ્વારા કેવળજ્ઞાન સહિત તો નીકળે નહિ કંઈ. ભાવશ્રુતથી પ્રરૂપણ કરી અને શ્રોતાઓ ગણધર આદિને ભાવશ્રુતપણે પરિણમ્યું. મૂળ અર્થના કર્તા ભગવાન 'મહાવીર' તીર્થંકર અને સૂત્રના કર્તા ગણધર. દ્રવ્યસૂત્રના કર્તા ગણધર. ભાવ અર્થના કર્તા તીર્થંકરદેવ. એ વાણી પરંપરા અત્યાર સુધી ચાલી આવે છે. સમજાણું કાંઈ? એ વાણીમાં આ 'અષ્ટપાહુડ' (શાસ્ત્ર) આપણે ચાલે છે.

'કુંદકુંદાચાર્યદેવ' સંવત લગભગ ૪૯માં થયા. એમને અહીંયાથી પરંપરાએ પણ મળેલું અને બાકી ભગવાન પાસે ગયા. 'સીમંધર' ભગવાન અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યારે પણ એ જ હતા અને હજી તો અબજો વર્ષ રહેવાના. ત્યાં ગયા, આઠ દિ' રહ્યા અને ત્યાંથી આવીને આ શાસ્ત્રની રચના કરી. એમાં અહીંયા 'અષ્ટપાહુડ'માં ચારિત્રપાહુડ આપણે ચાલે છે. એની દસમી ગાથા. દસમી ગાથા. જુઓ! ઉપોદ્ઘાત શું છે?

---

**आगे कहते हैं कि जो सम्यक्त्व के आचरण से भ्रष्ट हैं और वे संयमका आचरण करते हैं तो भी मोक्ष नहीं पाते हैं:-**

## ગાથા-૧૦

**सम्मत्तचरणभट्ठा, संजमचरणं चरंति जे वि णरा।**
**अण्णाणणाणमूढ़ा, तह वि ण पावंति णिव्वाणं।।10।।**

**सम्यक्त्वचरणभ्रष्टाः संयमचरणं चरन्ति येऽपि नराः।**
**अज्ञानज्ञानमूढाः तथाऽपि न प्राप्नुवंति निर्वाणम्।।10।।**

સમ્યક્ત્વચરણવિહીન છો સંયમચરણ જન આચરે,
તોપણ લહે નહિ મુક્તિને [૧]અજ્ઞાનજ્ઞાનવિમૂઢ એ. ૧૦.

---

૧. અજ્ઞાનજ્ઞાનવિમૂઢ = અનાનતત્ત્વ અને જ્ઞાનતત્ત્વનો ભેદ નહીં જાણનારા -

**अर्थ :- जो पुरुष सम्यक्त्वचरण चारित्रसे भ्रष्ट हैं और संयमका आचरण करते हैं तो भी वे अज्ञानसे मूढ़दृष्टि होते हुए निर्वाणको नहीं पाते हैं।**

**भावार्थ :- सम्यक्त्वचरण चारित्रके बिना संयमचरण चारित्र निर्वाणका कारण नहीं है क्योंकि सम्यग्ज्ञानके बिना तो ज्ञान मिथ्या कहलाता है, सो इसप्रकार सम्यक्त्वके बिना चारित्रके भी मिथ्यापना आता है।।10।।**

## ગાથા-૧૦ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો સમ્યક્ત્વ કે આચરણ સે ભ્રષ્ટ હૈ ઔર વે સંયમ કા આચરણ કરતે હૈં તો ભી મોક્ષ નહીં પાતે હૈં :–'** ભગવાનના શાસ્ત્રમાં એમ આવ્યું કે આ આત્મા ભગવાને જે કહ્યો, એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, એની અંદર જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી, એનાથી જે ભ્રષ્ટ છે, એવા સમ્યગ્દર્શન વિનાના પ્રાણી ચાહે તો બાર વ્રત કે પંચ મહાવ્રત આદિ પાળે પણ એ બધું ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? સમકિતચરણ ચારિત્ર વિના સંયમચરણ ચારિત્ર હોતું નથી, એમ સિદ્ધ કરે છે. છે?

**'સમ્યક્ત્વ કે આચરણ સે ભ્રષ્ટ હૈ...'** સમકિતનું આચરણ. આત્મા અખંડ શુદ્ધ ચૈતન્ય નિર્મળ આનંદ ધ્રુવ, એને ધ્રુવને ધ્યેય બનાવીને જે સમ્યક્ નિર્વિકલ્પ અનુભવ થાય એમાં પચ્ચીસ દોષનો ત્યાગ થાય. સમજાય છે? અને નિઃશંક આદિ આઠ ગુણની પ્રાપ્તિ થાય. એવું સમકિત આચરણ ચારિત્ર છે તો એને સંયમચરણ ચારિત્ર પછી હોઈ શકે. પણ આવું જેને નથી એને સંયમ ને ચારિત્ર હોઈ શકે નહિ. ગાથા.

**सम्मत्तचरणभट्ठा, संजमचरणं चरंति जे वि णरा।**
**अण्णाणणाणमूढ़ा, तह वि ण पावंति णिव्वाणं।।10।।**

**અર્થ :– 'જો પુરુષ સમ્યક્ત્વચરણ ચારિત્ર સે ભ્રષ્ટ હૈ...'** જેને નિર્વિકલ્પ આત્મા ભગવાન સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ પરમાત્માએ કહ્યો, એવો જેને અંતરમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થઈને જેને એ આત્મા જણાણો નથી, એવા સમ્યગ્દર્શનચારિત્રના આચરણ વિના એટલે એનાથી ભ્રષ્ટ છે, એ સંયમ આચરણ કરે. દયા, વ્રત, દાન, ભક્તિ, પૂજા, તપ કરે **'તો ભી વે અજ્ઞાન સે મૂઢદૃષ્ટિ હોતે હુએ...'** અજ્ઞાની છે. દૃષ્ટિ મૂઢ અને મિથ્યાત્વ છે. **'નિર્વાણ કો નહીં પાતે હૈં.'** એને મોક્ષ થતો નથી. કહો, સમજાય છે કાંઈ? પહેલી ભૂમિકા ન મળે ત્યાં પછી ઝાડ ક્યાં ઉગે? એમ કહે છે.

આત્મા, પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ અંદર શુદ્ધ આનંદનો કંદ, અતીન્દ્રિય ચૈતન્યની મૂર્તિ (જોઈ). એવું જેને અંતરમાં સ્વસન્મુખ થઈને રાગ અને નિમિત્તથી વિમુખ થઈને ભેદ આદિથી પણ વિમુખ થઈને અભેદ સ્વભાવની દૃષ્ટિ સમ્યક્ચરણ ચારિત્ર નથી તેને સંયમચરણ ચારિત્ર હોતું નથી. કહો, આ વજન આપે છે સમકિત ઉપર. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'સમ્યક્ચરણ ચારિત્ર કે બિના સંયમચરણ ચારિત્ર નિર્વાણ કા કારણ નહીં હૈ...'** જ્યાં એકડો જ નથી, પછીના બધા ચારિત્ર આદિના વ્રત આદિ લ્યે એ બધા મીંડા છે. એકડા

વિનાના મીંડા. સમજાણું કાંઈ? સમ્યક્ચરણ ચારિત્ર વિના, ભગવાન શુદ્ધ ચૈતન્યના અંતર દૃષ્ટિના, અંતર જ્ઞાનના, અંતર આચરણ વિના, નિર્વાણ સંયમચરણ ચારિત્રથી પામતો નથી. એ વ્રત આદિ પાળે, તપ કરે, એનાથી કંઈ ધર્મ થતો નથી.

**'ક્યોંકિ સમ્યગ્જ્ઞાન કે બિના તો જ્ઞાન મિથ્યા કહલાતા હૈ...'** ચૈતન્ય ભગવાનઆત્મા, ચૈતન્યનો પિંડ, એનું જેને અંતર જ્ઞાન નથી, એ જ્ઞાન વિનાના શાસ્ત્રજ્ઞાન પણ બધા મિથ્યા જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્માની જાત ચૈતન્ય નિર્વિકલ્પ આનંદ, એનું જેને જ્ઞાન નથી, એનું બીજું બધું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. સમજાય છે કાંઈ? લૌકિકના ભણતર તો મિથ્યાજ્ઞાન છે પણ શાસ્ત્રના ભણતર અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય, પણ આત્માનું અંતર જ્ઞાન, સમ્યક્જ્ઞાન, સ્વરૂપજ્ઞાન, અનુભવજ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન નથી તેના જ્ઞાન વિના એ બીજા બધા જ્ઞાન નિરર્થક છે. સમજાણું કાંઈ?

**'સમ્યક્જ્ઞાન કે બિના તો જ્ઞાન મિથ્યા કહલાતા હૈ...'** મિથ્યા કહેવામાં આવે છે. **'તો ઇસપ્રકાર સમ્યક્ત્વ કે બિના ચારિત્ર કે ભી મિથ્યાપના આતા હૈ.'** સમ્યગ્જ્ઞાન વિના બધું જ્ઞાન મિથ્યા છે, એમ સમકિત વિના બધું ચારિત્ર મિથ્યા છે. સમજાણું કાંઈ? છે ને બે? **'अण्णाणणाणमूढ़ा तहवि ण पावंति णिव्वाणं'**. પ્રભુ પોતે આત્મા જ પરમાત્મસ્વરૂપ છે. જેવું સિદ્ધનું સ્વરૂપ છે એવું જ એનું વસ્તુનું-આત્માનું સ્વરૂપ છે. એનું જેને જ્ઞાન અને એની જેને શ્રદ્ધા અંતર્મુખના સ્વભાવ સન્મુખ થઈને થઈ નથી, એને બહિર્મુખની જેટલી વ્રત આદિની ક્રિયાઓ (છે), બહિર્મુખના શાસ્ત્ર આદિના જ્ઞાન બધા મિથ્યા (છે). સમજાણું કાંઈ? ફળ આપે તો સંસાર ફળશે એમાં. નિર્વાણ ન પામે એમ કહ્યું છે ને? બસ, નિર્વાણ નહિ પામે એનો અર્થ સંસાર ફળશે. સમજાણું કાંઈ? એમાં આટલું કહ્યું છે ને નિર્વાણ નહિ પામે? એટલે શું? સંસાર પામશે. આહાહા..!

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, આત્માનો અનુભવ, આત્માનું નિર્વિકલ્પ વેદન અને નિર્વિકલ્પ સ્વરૂપની અંતરમાં ભાન સહિત અનુભવમાં પ્રતીત, એવું જે સમકિતચરણ ચારિત્ર જ્યાં નથી ત્યાં બીજા જ્ઞાન અને ચારિત્ર મિથ્યા સંસાર ફળદાયક છે. નિર્વાણ ફળદાયક નથી એટલે સંસાર ફળદાયક છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પણ દુઃખદાયક એમાં શું?

ઉત્તર :– પણ સંસારફળ દાયકનો અર્થ શું થયો? એ.. '...ભાઈ'! વકીલ છે ને એટલે પ્રશ્ન કરે ને. એ દુઃખદાયક છે. સમ્યક્ આત્મા પૂર્ણાનંદનો નાથ પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ, અંતર અનંત ગુણનો સાહેબો, એવા સાહેબ ચૈતન્ય ભગવાન, એની અંતરમાં અનુભવની પ્રતીત અને જ્ઞાન નથી, (એના) બીજા જ્ઞાન અને ચારિત્ર દુઃખદાયક છે. લ્યો. '...ભાઈ'!

**'ઇસપ્રકાર સમ્યક્ત્વ કે બિના ચારિત્ર...'** ભગવાનઆત્મા, જેમાં ઠરવું છે એવું ચારિત્ર, ઠરવું જેમાં છે એનું જ્યાં ભાન થયું નથી, જેમાં ચારિત્ર કરીને રમવું છે એ ચીજની અંતર દૃષ્ટિ થઈ નથી, એનું જ્ઞાન થયું નથી, એવા સ્વભાવને જ્ઞેય બનાવીને ચૈતન્યને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું નથી, એ બીજા જ્ઞેય બનાવીને જ્ઞાન થાય એ બધા મિથ્યા છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એને ધ્યેય બનાવીને જ્યાં સમ્યગ્દર્શન થયું નથી, એના બીજા બધાં ધ્યેય મિથ્યાચારિત્ર છે. આહાહા..! એ દસમી ગાથા.

સમકિતચરણ ચારિત્ર વિના એકડા વિનાના બધા મીંડા છે. લોકોને એની કિંમત નથી. વસ્તુ શું છે અને એની શ્રદ્ધા અને અંતર જ્ઞાન શું ચીજ છે, એની લોકોને કિંમત નથી. કિંમત આ બહારમાં બાહ્ય ત્યાગ કર્યો ને રાગ કાંઈક મંદ પાડ્યો હોય, એની બાહ્ય ક્રિયા જે છે એનું એને માહાત્મ્ય છે, એ માહાત્મ્ય મિથ્યાદૃષ્ટિપણાનું છે. સમજાણું કાંઈ? પોતાના અંતર્મુખના માહાત્મ્યના ભાન વિના અંતર્મુખના આનંદના જ્ઞાનની શક્તિની પ્રગટતા વિના બધી એ મિથ્યા ક્રિયાકાંડ દુઃખદાયક અને ચાર ગતિમાં રખડવા માટે છે. કારણ કે એવું તો અનંતવાર કર્યું છે. એનું ફળ તો ગતિ મળી. એનું ફળ કંઈ આત્મા મળ્યો નહિ. હવે અગિયારમી (ગાથા).

---

**आगे प्रश्न उत्पन्न होता है कि इसप्रकार सम्यक्त्वाचरण चारित्रके चिह्न क्या है जिनसे उसको जानें, इसके उत्तररूप गाथामें सम्यक्त्वके चिह्न कहते हैं:-**

## ગાથા-૧૧-૧૨

**वच्छल्लं विणएण, य अणुकंपाए सुदाणदच्छाए।**
**मग्गगुणसंसणाए, अवगूहण रक्खणाए य।।11।।**
**एएहिं लक्खणेहिं य लक्खिज्जइ अज्जवेहिं भावेहिं।**
**जीवो आराहंतो जिणसम्मत्तं अमोहेण।।12।।**

वात्सल्यं विनयेन च अनुकंपया सुदान दक्षया।
मार्गगुणशंसनया उपगूहनं रक्षणेन च।।11।।
एतैः लक्षणैः च लक्ष्यते आर्जवैः भावैः।
जीवः आराधयन् जिनसम्यक्त्वं अमोहेन।।12।।

વાત્સલ્ય-વિનય થકી, સુદાને દક્ષ અનુકંપા થકી,
વળી [1]માર્ગગુણસ્તવના થકી, ઉપગૂહન ને સ્થિતિકરણથી. ૧૧.
- આ લક્ષણોથી તેમ [2]આર્જવભાવથી [3]લક્ષાય છે,
વણમોહ જિનસમ્યકત્વને આરાધનારો જીવ જે. ૧૨.

**अर्थ :- जिनदेवकी श्रद्धा - सम्यक्त्वकी मोह अर्थात् मिथ्यात्व रहित आराधना करता हुआ जीव इन लक्षणोंसे अर्थात् चिह्नोंसे पहिचाना जाता है - प्रथम तो धर्मात्मा पुरुषोंसे जिसके वात्सल्यभाव हो, जैसे तत्काल की प्रसूतिवान गायको बच्चेसे प्रीति होती है वैसी धर्मात्मासे प्रीति**

---

૧. માર્ગગુણસ્તવના = નિર્ગ્રંથ માર્ગના ગુણની પ્રશંસા
૨. આર્જવભાવ = સરળ પરિણામ ૩. લક્ષાય = ઓળખાય.

हो, एक तो यह चिह्न है।

सम्यक्त्वादि गुणोंसे अधिक हो उसका विनय - सत्कारादिक जिसके अधिक हो, ऐसा विनय एक यह चिह्न है। दुःखी प्राणी देखकर करुणाभावस्वरूप अनुकंपा जिसके हो, एक यह चिह्न है, अनुकंपा कैसी हो ? भले प्रकार दानसे योग्य हो। निर्ग्रंथस्वरूप मोक्षमार्गकी प्रशंसा सहित हो, एक यह चिह्न है, जो मार्गकी प्रशंसा न करता हो तो जानो कि इसके मार्गकी दृढ श्रद्धा नहीं है। धर्मात्मा पुरुषोंके कर्मके उदयसे (उदयवश) दोष उत्पन्न हो उसको विख्यात न करे इसप्रकार उपगूहन भाव हो, एक यह चिह्न है। धर्मात्माको मार्गसे चिगता जानकर उसकी स्थिरता करे ऐसा रक्षण नामका चिह्न है इसको स्थितिकरण भी कहते हैं। इन सब चिह्नोंको सत्यार्थ करनेवाला एक आर्जवभाव है, क्योंकि निष्कपट परिणामसे ये सब चिह्न प्रगट होते हैं, सत्यार्थ होते हैं, इतने लक्षणोंसे सम्यग्दृष्टिको जान सकते हैं।

भावार्थ :- सम्यक्त्वभाव - मिथ्यात्व कर्मके अभावसे जीवोंका निजभाव प्रगट होता है सो वह भाव तो सूक्ष्म है, छद्मस्थके ज्ञानगोचर नहीं है उसके बाह्य चिह्न सम्यग्दृष्टि के प्रगट होते हैं, उनसे सम्यक्त्व हुआ जाना जाता है। जो वात्सल्य आदि भाव कहे वे आपके तो अपने अनुभवगोचर होते हैं और अन्यके उसकी वचन कायकी क्रियासे जाने जाते हैं, उनकी परीक्षा जैसे अपने क्रियाविशेषसे होती है वैसे अन्य की भी क्रियाविशेषसे परीक्षा होती है, इसप्रकार व्यवहार है, यदि ऐसा न हो तो सम्यक्त्व व्यवहार मार्गका लोप हो इसलिये व्यवहारी प्राणीको व्यवहारका ही आश्रय कहा है, परमार्थको सर्वज्ञ जानता है।।11-12।।

## ગાથા-૧૧-૧૨ ઉપર પ્રવચન

**'આગે પ્રશ્ન ઉત્પન્ન હોતા હૈ કિ...'** પ્રશ્ન ઊપજે છે કે **'ઇસપ્રકાર સમ્યક્ત્વચરણ ચારિત્ર કે ચિહ્ન ક્યા હૈ,...'** એનું ચિહ્ન શું? ચિહ્ન–લક્ષણ. સમકિત વસ્તુનું સ્વરૂપ, એનું ભાન, એની પ્રતીતિ, એનું આચરણ પચ્ચીસ દોષ રહિત, એના લક્ષણ શું? એમ પૂછે છે, એનો ઉત્તર કહેવામાં આવે છે.

**वच्छल्लं विणएण, य अणुकंपाए सुदाणदच्छाए।**
**मग्गगुणसंसणाए, अवगूहण रक्खणाए य।।11।।**
**एएहिं लक्खणेहिं य लक्खिज्जइ अज्जवेहिं भावेहिं।**
**जीवो आराहंतो जिणसम्मत्तं अमोहेण।।12।।**

**'अज्जवेहिं'** ઉપર વજન છે આમાં અને **'अमोहेण'**. બે ઉપર વજન છે.

**अर्थ :– 'જિનદેવ કી શ્રદ્ધા...'** વીતરાગ પરમાત્માએ કહેલી શ્રદ્ધા. **'સમ્યક્ત્વ કી મોહ અર્થાત્ મિથ્યાત્વ રહિત આરાધના કરતા હુઆ જીવ...'** ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવની શ્રદ્ધા એટલે? એટલે કે પરમાત્માએ કહેલો આત્મા, એની શ્રદ્ધા એ જિનદેવની શ્રદ્ધા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જિનદેવ પોતે જિનદેવ છે. અંતરનો સ્વભાવ ભગવાનઆત્માનો, જિન વીતરાગ દિવ્ય શક્તિનો ભંડાર છે. એની શ્રદ્ધા મોહ–મિથ્યાત્વ રહિત. ભ્રમણા અને પરમાં કાંઈક ઠીક છે, પર્યાયબુદ્ધિ રાખીને સમકિત કરવા માગે તો થઈ શકે નહિ. કહે છે કે એ મિથ્યાત્વ

પર્યાયબુદ્ધિ છોડી અને જે આત્માના સ્વરૂપને આરાધતા જીવ. ભગવાનઆત્મા પૂર્ણાનંદ, એનું આરાધન. આરાધન એટલે સ્વરૂપની સેવના. સ્વરૂપ જે પરમાત્મ પોતે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે, એની સન્મુખની દૃષ્ટિ એ આત્માની સેવના છે. અને એનાથી વિમુખ રાગાદિની દૃષ્ટિ એ રાગની સેવના છે. ત્યાં પ્રભુ આત્માની સેવનાનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જિનદેવ કી શ્રદ્ધા...'** લ્યો. પાઠ છે ખરો ને? **'जिणसम्मत्तं'** એમ શબ્દ છે ને? બીજી ગાથામાં. **'जिणसम्मत्तं अमोहेण'** એમ શબ્દ પડ્યો છે. બીજી ગાથાનું છેલ્લું પદ. **'जिणसम्मत्तं'**. જિનનું સમકિત, વીતરાગનું સમકિત. એટલે? વીતરાગ પરમાત્માએ કહેલું, આ વીતરાગસ્વરૂપ જે આત્મા, એનું સમકિત. સમજાણું કાંઈ? ભગવાનને માને, ભગવાનની વાણીને માને ત્યાં સુધી તો બધો વિકલ્પ છે. વિકલ્પ છે. પણ **'जिणसम्मत्तं'**. વીતરાગે જે આત્માને રાગ ને વિકલ્પ વિનાનો જોયો અને કહ્યો એવો જે આજ્ઞાવાળો આત્મા, આજ્ઞામાં આવ્યો એવો. **'जिणसम्मत्तं'**. જુઓ! જિનસમકિત કહીને વ્યવહાર સમકિતને ઉડાવ્યું છે. ભાઈ! વ્યવહાર વ્યવહાર સમકિત કહે છે ને લોકો? વ્યવહાર તો રાગ છે. એ સમકિત નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? બહુ જોર આપે છે. વ્યવહાર સમકિત વિના નિશ્ચય થાય નહિ. વ્યવહાર વિના નિશ્ચય થાય નહિ. રાગ વિના વીતરાગતા આવે નહિ, એનો અર્થ ઇ થયો.

અહીં તો **'जिणसम्मत्तं'**. વીતરાગતા! સર્વજ્ઞ પરમાત્માએ વીતરાગતા પ્રગટ કરી. એવો જ આત્મા વીતરાગસ્વરૂપ છે, એનું સમકિત, એ જિનનું સમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'મિથ્યાત્વ રહિત આરાધના કરતા હુઆ જીવ...'** લ્યો. છે ને? **'आराहंतो'**. બીજી (ગાથા). **'जीवो आराहंतो जिणसम्मत्तं अमोहेण'**. મોહ નામ મિથ્યાત્વ રહિત. એમ. જિન સમકિત આત્માનું જે સ્વરૂપ છે, એની અંતરમાં પ્રતીતિનું આરાધન કરનારો જીવ. એમ. આહાહા..! સમજાણું કાંઈ? આ દેવી, દેવલાને નથી આરાધતા મૂઢ જીવો? જ્યાં ત્યાં દેવને ભટકે ને અહીંથી પૈસા મળશે ને અહીંથી આપશે, પીર ને પયગંબર ને અંબાજી ને શીકોતેર ને... મૂઢના લક્ષણ છે બધા. મિથ્યાત્વના. એવા માનનારને તો પૂર્વનું પુણ્ય ઘટી જાય અને પાપ વધી જાય. સમજાણું કાંઈ? આ આત્માનું આરાધન. જેમાં નિર્મળતા વધે અને પુણ્ય વધી જાય અને પાપ ઘટી જાય, એમ કહે છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં શુદ્ધતા અને અંદર એના પુણ્યનું બંધન પણ વિશેષ થાય છે. સમજાણું કાંઈ? તેથી સમકિત વિના મિથ્યાદૃષ્ટિને પુણ્ય એવું હોય નહિ. તીર્થંકરપણું, બળદેવપણું, ઇન્દ્રપદપણું, ગણધરપદપણું વગેરે સમકિત સ્વરૂપનું, ચૈતન્ય મહા ભગવાનના માહાત્મ્યનું શ્રદ્ધા કરીને આરાધે એની તો પવિત્રતા પણ ઘણી હોય અને એનું પુણ્ય પણ જુદું હોય. ઊંધા દેવને માનનારા, એને અપવિત્રતા મિથ્યાત્વનું જોર છે અને પાપ વધે છે અને પુણ્ય ઘટે છે. સમજાણું કાંઈ? એથી કહેશે આગળ. ઉત્સાહ. પછીની જ ગાથામાં આવે છે ને? ઉત્સાહ. પરમાં ઉત્સાહ. સ્વમાં ઉત્સાહ. એમ.

**'ઇન લક્ષણોં સે અર્થાત્ ચિહ્નોં સે પહિચાના જાતા હૈ...'** એટલે જાણીએ. **'પ્રથમ તો ધર્માત્મા પુરુષોં સે જિસકે વાત્સલ્યભાવ હો, જૈસે તત્કાલ કી પ્રસૂતિવાન ગાય કો બચ્ચે સે પ્રીતિ હોતી હૈ...'** ગાયને જ્યારે વાછરડાનો જન્મ થાય, એને ગાયને વાછરડા ઉપર કુદરતી કુદરતે એવો પ્રેમ હોય

(કે) જન્મે ત્યાં એને ચાટે ને આમ કરે.. પ્રેમ.. પ્રેમ.. પ્રેમ. હવે ક્યાંકનો આવ્યો ને ક્યાંક શરીર. પણ ગાયને વાછરડા પ્રત્યે પ્રસૂતિ વખતે વાછરડા પ્રત્યે પ્રેમ, બહુ પ્રેમ હોય છે. એમ **'ધર્માત્મા પુરુષોં સે જિસકે વાત્સલ્યભાવ હો,...'** એમ સમ્યગ્દષ્ટિ ધર્માત્મા હોય એના પ્રત્યે સમકિતીને વાત્સલ્ય–પ્રેમ હોય, એનો દ્વેષ હોય નહિ. સમજાણું કાંઈ?

**'ધર્માત્મા પુરુષોં સે જિસકે વાત્સલ્યભાવ હો, જૈસે તત્કાલ કી પ્રસૂતિવાન ગાય...'** દેખો! તત્કાલ કી. એ વખતે બહુ લાગે છે એને. **'ગાય કો બચ્ચે સે પ્રીતિ હોતી હૈ વૈસી ધર્માત્મા સે પ્રીતિ હો, એક તો યહ ચિહ્ન હૈ.'** પોતાના આનંદ સ્વભાવનો જેને પ્રેમ જાગ્યો છે, સમકિતી એટલે આત્મા આનંદમય, એનો પ્રેમ જાગ્યો છે. પરમાં પ્રેમ ઊડી ગયો છે. ચાહે તો ૯૬ હજાર સ્ત્રી હોય કે ઇન્દ્રપદ હો, સમકિતીને પરમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! એથી જેને સુખબુદ્ધિ આત્મામાં છે અને પરમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ એવા ધર્માત્મા પ્રત્યે એને પ્રેમ થયા વિના રહે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાની જે પ્રેમવાળી ચીજ છે એવી ચીજ જ્યાં બીજાને દેખે એટલે પ્રેમ થયા વિના રહે નહિ. ઓ..હો...! ધન્ય અવતાર! સમજાય છે કાંઈ? આત્માનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને એ સમ્યક્ સ્વસંવેદનજ્ઞાન, કહે છે કે જેને પ્રગટ્યું છે એને, જેને પ્રગટ્યું હોય એના પ્રત્યે વાત્સલ્ય અને પ્રેમ જ હોય છે. ગાયને વાછરડા પ્રત્યે હોય છે તેમ. સમજાય છે કાંઈ? જુઓ! આ 'કુંદકુંદાચાર્યે' એક વર્ણન કર્યું.

વળી, **'સમ્યક્ત્વાદિ ગુણોં સે અધિક હો ઉસકા વિનય સત્કારાદિક જિસકે અધિક હો, ઐસા વિનય, એક યહ ચિહ્ન હૈ.'** લ્યો. જેને ધર્મ પ્રગટ્યો છે એવા ધર્મીને ધર્મ પ્રગટેલા પ્રત્યે વિનય અને સત્કાર બહુ હોય. **'સમ્યક્ત્વાદિ ગુણોં સે અધિક હો...'** એનો વિનય, બહુમાન, સત્કાર, આદર અધિક હોય **'ઐસા વિનય, એક યહ ચિહ્ન હૈ.'** સમજાણું કાંઈ?

**'अणुकंपाए सुदाणदच्छाए'** એના બે અર્થ કર્યા એણે. **'દુઃખી પ્રાણી દેખકર કરુણા ભાવ સ્વરૂપ અનુકંપા જિસકે હો,...'** અકષાયભાવ પરિણમ્યો છે એટલે દુઃખી દેખીને, એની દીનતા દેખીને એનો દ્વેષ ન આવે. દુઃખી હોય એના ઉપર (અનુકંપા આવે). આહાહા..! ખરેખર તો જન્મ-મરણમાં રખડે છે એનો એને સમકિતીને વૈરાગ્ય આવે છે. સમજાય છે કાંઈ? અરે..! આ ભવભ્રમણમાં ભટકી રહ્યો છે, દુઃખી થઈને. જેને ભવભ્રમણ ટળ્યા છે અને આત્માના આનંદનું ભાન છે એવા જીવો, એવા ભવભ્રમણી દુઃખી પ્રાણી દેખી તિરસ્કાર ન કરે. અરે...! દુઃખી છે. ચાર ગતિમાં મિથ્યાત્વભાવથી, અજ્ઞાનથી એ દુઃખી છે. સમજાણું કાંઈ? એની એને અનુકંપા હોય. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ આખો દુનિયાથી જુદી જાતનો છે, ભાઈ! સમજાણું કાંઈ? પેલા કહે, આપણે એની દયા પાળવાનો ભાવ અનુકંપા. એ બીજી વસ્તુ છે. ... એ તો વિકલ્પ. આ તો આવો ભાવ જેને, એને દુઃખ દેખીને.. આ..હા...! અરે..! આ દુઃખી છે. સમજાણું કાંઈ? પોતાના આનંદ પ્રત્યે જેને પ્રેમ છે, એને દુઃખી પ્રત્યેનો દ્વેષ આવતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એની એને દયા ને લાગણી, કરુણા હોય છે. આહા..!

વળી, **'અનુકંપા કૈસા હો? ભલે પ્રકાર દાન સે યોગ્ય હો.'** જેને કંઈ દાન આદિની યોગ્યતા

હોય એવું દાન આપવાનો ભાવ આવે. દુઃખીને દેખી વગેરે પ્રાણીને એવો ભાવ આવે. યોગ્ય દાન, હોં! વાસ્તવિક દાન દેવાનો ભાવ ધર્મીને આવે. પાઠ છે ને? **'सुदाणदच्छाए'** છે ને? **'सुदाणदच्छाए'**. સુદાન, હોં! જ્ઞાનનું દાન આપે, શ્રદ્ધાનું આપે વગેરે વગેરે એને યોગ્ય હોય એવું આપે, એમ કહે છે ને. **'ભલે પ્રકાર દાન સે યોગ્ય હો.'**

વળી, **'નિર્ગ્રંથસ્વરૂપ મોક્ષમાર્ગ કી પ્રશંસા સહિત હો,...'** ધર્મી કેવો હોય? જેને આત્મા, નિર્ગ્રંથ નામ ગ્રંથ વિનાના આત્માનું ભાન થયું છે, એને ગ્રંથ વિનાના નિર્ગ્રંથ માર્ગ વીતરાગનો, એના પ્રત્યે એને ઉલ્લસિત બુદ્ધિ આવે છે. ઓ..હો..! ધન્ય અવતાર! વીતરાગ માર્ગ છે એવો માર્ગ બીજે છે નહિ. એવી એને પ્રશંસા આવે. જેને નિર્ગ્રંથપણું, સમકિતપણું એ પણ એક નિર્ગ્રંથપણું છે. મિથ્યાત્વની ગાંઠથી નીકળેલો એવો જે નિર્ગ્રંથ સ્વભાવી આત્મા, એનો જેને પ્રેમ અને ભાન છે, એ નિર્ગ્રંથ માર્ગની પ્રશંસા કરે. સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગ. મુનિ નગ્ન દિગંબર. ધન્ય અવતાર! જેણે આવી દશા પ્રગટ કરી. જેણે અંતર વીતરાગતાના લ્હાવા લઈને વીતરાગતાનો આનંદ અનુભવે છે. એવા મુનિઓની એને પ્રશંસા હોય. એને અણગમો ન હોય.

આવા નાગા મુનિ, નગ્ન થયા. નિર્લજ્જ છે. એ બધા મિથ્યાદષ્ટિના લક્ષણ છે. સમજાણું કાંઈ? એમ કહે છે. રુચે નહિ. નાગા-નગ્ન. આ શું છે? કાળભેદે તો નગ્નપણું ન જ હોઈ શકે. વસ્ત્ર રાખીને જ મુનિપણે રહેવાય. એમ માનનારા નિર્ગ્રંથપણાની નિંદા કરે છે, પ્રશંસા કરતા નથી. એમ કહે છે. 'નટુભાઈ'! આહાહા..! એક જણ કહેતો હતો. કાળ ફરી ગયો, અત્યારે એ હોય નહિ. પહેલા ભલે એવું નિર્ગ્રંથપણું હશે, અત્યારે એવું હોય નહિ. પણ ન હોય તો આવાને, નથી જેમાં નિર્ગ્રંથપણું એને મુનિપણું માનવું? એ નિર્ગ્રંથપણાની પ્રશંસા નથી. સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! જેને નિર્ગ્રંથદશા પસંદ છે. આહા..! ધન્ય અવતાર! જેણે નિર્ગ્રંથ વીતરાગ દશા અંગીકાર કરી અને બાહ્યમાં નગ્નપણે થયો છે, એવો માર્ગ વીતરાગનો અનાદિનો સનાતન છે. સમજાણું કાંઈ? એની એને પ્રશંસા હોય. સમજાણું?

એમ કરીને કહે છે કે આ નગ્નપણું છે અને અંતરની વીતરાગદશા જેને ગોઠતી નથી, એ બધા મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..! જેને પોતાને પણ રાગરહિત થવું છે, નિર્ગ્રંથદશાનો કામી છે. સમકિતી મિથ્યાત્વથી રહિત થયો પણ રાગ રહિત થવાનો તો કામી છે. એવી રાગરહિત દશા જેને પ્રગટી હોય, નિર્ગ્રંથ દશા, બાહ્યમાં નગ્નપણું, એની એ પ્રશંસા કરે, એનો એ તિરસ્કાર કરે નહિ. આવો માર્ગ અંતરમાં પ્રગટેલો હોય એને. સમજાણું કાંઈ? આહાહા..!

**'જો માર્ગ કી પ્રશંસા ન કરતા હો તો જાનો કિ ઇસકે માર્ગ કી દઢ શ્રદ્ધા નહીં હૈ.'** શું કહેવા માગે છે? વીતરાગતા જેને પ્રગટી છે અને બાહ્યમાં તદ્દન નગ્નદશા શરીરની થઈ ગઈ છે. સહેજે. એવું જેને પસંદ પડતું નથી એને વીતરાગ માર્ગની રુચિ છે નહિ. સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! સમજાણું? જેવો માતાએ જન્મ્યો એવી દશા બહાર થઈ જાય ત્યારે અંતરની વીતરાગતાની ઉગ્રતા બતાવે છે કે આવી ઉગ્રતા ત્યાં હોય. એવી વાત છે. એકલું નગ્નપણું હોય એની વાત નથી. સમજાણું?

મુમુક્ષુ :– રાજ્ય વિરૂદ્ધ થાય ને?

ઉત્તર :– રાજવિરૂદ્ધ શેના થાતા હશે? રાજવિરૂદ્ધ. રાજવિરૂદ્ધ. રાજા ગાંડા હોય, મૂર્ખ હોય તો એના વડે થાતું હશે? રાજા કોઈ એવો હોય ને કે નગ્ન હોય એને ઓલું કરે. સમજાણું કાંઈ? રાજા તો આદર કરે, ઓહોહો..! ધન્ય અવતાર! જેણે વીતરાગતાને પ્રગટ કરીને કેવળજ્ઞાનમાં નજીકપણે વર્તે છે. બાહ્ય પરિગ્રહનો વસ્ત્રનો તાણો પણ નથી. એવી નિર્ગ્રંથદશામાં રમનારા, (એની) રાજાઓ પણ પ્રશંસા કરે. સમજાણું કાંઈ? પણ પેલી ભાવવીતરાગતા સમ્યગ્દર્શન સહિત હોય એની અહીં વાત છે. એકલા નગ્ન થાય એ કાંઈ ચીજ છે નહિ. એ નિર્ગ્રંથપણું ન થયું. બહારની નગ્ન દશા છે અને અંદર ભાવ નિર્ગ્રંથ નથી ત્યાં સુધી નિર્ગ્રંથ કહેવાતા નથી. આહાહા..! એક રાગનો કણ હોય, આવે અને એનો કર્તા નથી, એવી વીતરાગ દશા નિર્ગ્રંથ જ્યાં પ્રગટી છે, એવો જ મોક્ષનો માર્ગ છે. વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાનીનો અનાદિનો એ માર્ગ છે. સમજાણું કાંઈ? એવા માર્ગની પ્રશંસા સહિત હોય.

**'જો માર્ગ કી પ્રશંસા ન કરતા હો તો જાનો કિ ઇસકે માર્ગ કી દૃઢ શ્રદ્ધા નહીં હૈ.'** અંદર કાંઈક ગડબડ કરે છે. આહાહા..! વીતરાગપણું જેને અંતર આનંદકંદ ... ઉછળી નીકળ્યો છે. મુનિ એટલે આનંદનો દરિયો અંદર ઉછળી નીકળ્યો. જેની પર્યાયને કાંઠે આનંદના ઉભરા, ભરતી... શું કહેવાય? ભરતી આવે છે. આહાહા..! એને મુનિ કહે છે અને એવી મુનિદશા જ્યાં હોય ત્યાં નિર્ગ્રંથ નગ્નપણું જ હોય. ત્યાં બીજું હોઈ શકે નહિ. એની અહીં વાત છે. એવું જેને રુચતું નથી, એની જે પ્રશંસા નથી કરતો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'નિર્ગ્રંથસ્વરૂપ મોક્ષમાર્ગ કી પ્રશંસા સહિત હો,...'** દેખો! આહાહા..! **'મગ્ગગુણ'** ઇ ને? **'મગ્ગગુણ'** એટલો શબ્દ છે. પહેલી ગાથાનું બીજું પદ. માર્ગના ગુણની પ્રશંસા. એમ. આહાહા..! જેને પોતાને પણ રાગરહિત નિર્ગ્રંથ મુનિપણું અંગીકાર કરવાનો સમકિતીને ભાવ છે. એ તો પુરુષાર્થની જાગૃતિ ન હોય.. સમજાણું કાંઈ? 'છ ઢાળા'માં નથી આવતું? ચારિત્રના ઉદયને વશ 'લેશ ન સંયમ' છતાં 'સુરનાથ જજૈ હૈં.' જેને ચારિત્રમોહના નિમિત્તમાં વશ થઈ ગયો. હજી એટલી દશા વીતરાગતા અંદર કરવી હતી એ દશા નથી, હોં! બહારથી દીધું એ કંઈ વસ્તુ નથી. અંદરમાં આનંદકંદને ઉછાળી જેને અતીન્દ્રિય આનંદના ઉભરાની ભરતી આવી છે, એવા નિર્ગ્રંથ દશાને તો નગ્ન દશા જ હોઈ શકે. એવું દેખીને જેને પ્રશંસા નથી આવતી એ ખોટી શ્રદ્ધા છે.

મુમુક્ષુ :– એને માર્ગ નથી રુચતો.

ઉત્તર :– માર્ગ રુચતો નથી. ઓ..હો..હો...! ધન્ય અવતાર! માર્ગ ગુણ છે ઇ. માર્ગનો ગુણ તો ઇ છે. મોક્ષમાર્ગ ત્યાં પૂરો થાય. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગનો ગુણ ત્યાં મોક્ષના પંથે ચાલનારને એ પંથની ત્યાં આગળ દશા, સમ્યગ્દર્શન, જ્ઞાન અને વીતરાગતાનું ચારિત્ર ત્યાં છઠ્ઠે-સાતમે આવે છે. એ માર્ગના ગુણ છે. એના કારણના ઉપાયના ગુણ છે. એની જેને પ્રશંસા નથી એને એ માર્ગ રુચતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ચક્રવર્તી જેવા, ચોર્યાસી લાખ હાથી, છન્નુ હજાર સ્ત્રીઓના વૃંદનો સ્વામી કહેવાય, પણ એ

સમકિતી આમ હાથીને હોદ્દે નીકળ્યો હોય, લશ્કર જુઓ તો કરોડોનું લશ્કર, એક મુનિ બાવળને હેઠે આનંદના ધ્યાનમાં પ્રશમરસમાં ઝુલી રહ્યા હોય.. આહા..હા..! ઉપર બાવળના કાંટા પડતા હોય, હેઠે ખુલ્લી જમીન હોય, ધોમ તડકા પડતા હોય, પરસેવા નીકળ્યા હોય, મેલ હોય, એ પણ ચક્રવર્તી નીકળે ને, હેઠે ઉતરીને... ધન્ય મહારાજ! ધન્ય પ્રભુ! ધન્ય અવતાર! જેણે મનુષ્યપણા સફળ કર્યા. અહો..! મોક્ષને નજીક નાથ! તમારો આત્મા વર્તે છે. એમ પ્રશંસા કરે. આ મારી ૠદ્ધિ વૈભવ એ નહિ, ધૂળનો વૈભવ છે. પ્રભુ! આપને વૈભવ પ્રગટ્યો. સમજાણું કાંઈ?

અંતરના ચૈતન્યના ઉછાળા મારતો આત્મા,.. દરિયામાં આવે છે ને? ભરતી.. ભરતી. ભરતી સમજતે હો? બાઢ.. બાઢ. એને ભરતી કહે છે. પાણી કી બાઢ આતી હૈ. એમ અંતરમાં વીતરાગસ્વભાવથી ભરેલો ભગવાન જ્યાં એકાકાર થઈને જ્યાં જોર આપે છે (ત્યાં) પર્યાયમાં વીતરાગતાની બાઢ આવે છે. હિલોળા ઉઠે છે વીતરાગતાના. સમજાણું કાંઈ? વીતરાગતાને હિલોળે હિંચકતો સંત મુનિ, એની દશા તદ્દન નગ્ન દશા જ હોય છે. એને વસ્ત્રનો તાંણો પણ હોઈ શકે નહિ. આહાહા..! એવા મુનિની પ્રશંસા સમકિતીને વર્તતી હોય છે. એની એને અરુચિ હોતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

વળી, '**ધર્માત્મા પુરુષોં કે કર્મ કે ઉદય સે...**' હવે ગોપવે. પેલી પ્રશંસા હતી. કોઈ ધર્માત્મા પુરુષને કર્મના ઉદયથી દોષ ઉપજે, સાધારણ કોઈ દોષ થઈ જાય તો '**ઉસકો વિખ્યાત ન કરે...**' સાધારણ કોઈ એવો દોષ લાગ્યો, મૂળ સમકિત ને જ્ઞાનમાં નહિ પણ ચારિત્રમાં કોઈ સાધારણ દોષ, કષાયનો એવો પ્રકાર ભજે તો ધર્મીજીવ સમકિતી એને પ્રસિદ્ધ ન કરે. પ્રસિદ્ધ કરતાં સત્‌નું અપમાન થઈ જાય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, અનુભવ છે અને ચારિત્ર છે. છતાં કોઈ એવી પ્રકૃતિના ઓલામાં જોડાવાથી સહેજ હાસ્ય આદિ કોઈ એવા પ્રકાર થયા હોય તો એવા દોષને સમકિતી બહાર ન પાડે. સમજાણું કાંઈ? આહાહા..! એને '**ઉપગૂહન ભાવ હો, એક ચિહ્ન હૈ.**' લ્યો.

'**ધર્માત્મા કો માર્ગ સે ચિગતા જાનકર ઉસકી સ્થિરતા કરે...**' એ તો ઓલા ચિહ્નમાં આવી ગયું. '**ઐસા રક્ષણ નામકા ચિહ્ન હૈ ઉસકો સ્થિતિકરણ ભી કહતે હૈં.**' લ્યો. છે ને રક્ષણ? સમજાણું? '**रक्खणाए**' શબ્દ છે ને? રક્ષણનો સ્થિતિકરણ (અર્થ) કર્યો. સ્થિતિકરણ આવે છે ને આઠ ગુણમાં? સાચા ધર્માત્મા કોઈ શ્રદ્ધામાંથી, જ્ઞાનમાંથી, સ્થિરતામાંથી ડગતા હોય એને સ્થિતિ કરે, સ્થિર કરે. અરે..! મહાત્મા! આપને આ શોભે? આપ ક્યે રસ્તા ચડ્યા છો? ક્યાં છો? ભગવાનના પરમ નિર્ગ્રંથ માર્ગમાં વસનારા તમને આ ન શોભે. એમ કરીને એને સ્થિરતા કરે. ગુણ જેને રુચ્યા, એને ગુણમાં સ્થિર કરે. એને આત્માના ગુણ રુચ્યા એને ગુણની જે સ્થિરતા એમાં મક્કમ પાછા કરે. એમ કહે છે.

વળી, '**ઇસ સબ ચિહ્નોં કો, સત્યાર્થ કરનેવાલા એક આર્જવભાવ...**' સરળભાવ. આહાહા..! છે ને? '**एएहिं लक्खणेहिं य लक्खिज्जइ अज्जवेहिं भावेहि**' એમ કહે છે. સરળતા.. સરળતા.. સરળતા. બિલકુલ એમાં દોષ હોય તો લક્ષમાં રહે. (એમ ન કરે કે) નહિ, નહિ. અમારામાં બિલકુલ

નથી. સરળ.. સરળ... સરળ. સમજાણું કાંઈ? **'एएहिं लक्खणेहिं य लक्खिज्जइ अज्जवेहिं भावेहि'** એમ શબ્દ છે. આવા લક્ષણથી જાણવામાં સરળભાવથી આવે, એમ કહે છે. સરળતા હોય ધર્માત્માને. સમજાણું કાંઈ? પોતાના દોષને ગોપવવા ને ઢાંકવા ને એવી કંઈ વક્રતા ન હોય. આહા..! જાવું છે ક્યાં, બાપુ! તારે? પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી એને આવા ગોપવે એવું કેમ હોય? આહાહા..! ઠરીને અંદરમાં ઢીમ થઈ જવું છે, સ્વરૂપમાં ઉપશમરસના ઢાળે ઢળી જેને વીતરાગતા પ્રગટ કરવી છે એને માયા ને કપટ, કુટિલતા હોય નહિ. આહાહા...! આર્જવભાવ.

**'ઇન સબ ચિહ્નોં કો, સત્યાર્થ કરનેવાલા એક આર્જવભાવ હૈ, ક્યોંકિ નિષ્કપટ પરિણામ સે યે સબ ચિહ્ન પ્રગટ હોતે હૈં,...'** લ્યો. સરળપણાથી એના બધા ગુણોનું ભાન યથાર્થ થાય. **'ઇતને લક્ષણોં સે સમ્યગ્દૃષ્ટિ કો જાન સકતે હૈં.'** લ્યો. આવા લક્ષણથી સમ્યગ્દર્શનને ઓળખાય.

ભાવાર્થ :– **'સમ્યક્ત્વભાવ-મિથ્યાત્વ કર્મ કે અભાવ સે જીવોં કા નિજભાવ પ્રગટ હોતા હૈ...'** શું કહે છે? સમકિત એ નિજ ભાવ છે, નિજ પર્યાય (છે). મિથ્યાત્વ કર્મના નિમિત્તનો અભાવ એટલે કે મિથ્યાભાવનો અભાવ અને આત્માના નિત્ય સ્વભાવની પર્યાયની પ્રાપ્તિ, એ નિજ ભાવ છે. સમ્યગ્દર્શન એ નિજ આત્માની સંપદાની પર્યાય છે. **'સો યહ ભાવ તો સૂક્ષ્મ હૈ, છદ્મસ્થ કે જ્ઞાનગોચર નહીં હૈ...'** આમ પ્રત્યક્ષ નહિ, એમ. છદ્મસ્થ જ્ઞાનમાં આમ ખ્યાલમાં આવે (એમ નહિ). **'ઔર ઉસકે બાહ્ય ચિહ્ન સમ્યગ્દૃષ્ટિ કે પ્રગટ હોતે હૈં, ઉનસે સમ્યક્ત્વ હુઆ જાના જાતા હૈ.'**

**'જો વાત્સલ્ય આદિ ભાવ કહે વે આપકે તો અપને અનુભવગોચર હોતે હૈં...'** પોતાના તો અનુભવગમ્ય પર્યાયમાં હોય કે આ ભાવ આવા જ હોય, બરાબર છે. સમજાણું? **'ઔર અન્ય કે ઉસકી વચન કાય કી ક્રિયા સે જાને જાતે હૈં...'** એને બીજાની વચન અને કાયની ક્રિયાથી જણાય. **'ઉનકી પરીક્ષા જૈસે અપને ક્રિયાવિશેષ સે હોતી હૈ...'** પોતાની પણ ક્રિયા જે જાતની વાણી, શરીર આદિ હોય તે સ્થાનમાં, એવા પ્રકાર બીજામાં દેખે **'વૈસે અન્ય કી ભી ક્રિયાવિશેષ સે પરીક્ષા હોતી હૈ, ઇસપ્રકાર વ્યવહાર હૈ,...'** જ્ઞાનથી શ્રદ્ધાને પરખવું એ વ્યવહાર છે, એમ કહે છે. સમજાણં કાંઈ? **'યહિ ઐસા ન હો તો સમ્યક્ત્વ વ્યવહાર માર્ગ કા લોપ હો...'** તો તો સમકિત કોઈને છે જ નહિ એમ થઈ જાય. પરીક્ષાની આવી એક રીત આ છે.

**'વ્યવહારી પ્રાણી કો વ્યવહાર કા હી આશ્રય કહા હૈ,...'** જ્ઞાનથી પરને ઓળખવું એ વ્યવહાર, એમ કહે છે. પોતાની શ્રદ્ધાને પણ જ્ઞાનથી જાણવી એ વ્યવહાર અને પોતાના જ્ઞાનમાં જે આવે–ભાસે, એ પ્રમાણે સામાનું જ્ઞાન થાય, એ પણ એક વ્યવહાર થયો ને? એ વ્યવહાર, હોં!

મુમુક્ષુ :– શુભરાગ ઇ વ્યવહાર નહિ?

ઉત્તર :– ઇ અહીં પ્રશ્ન ક્યાં છે? શુભરાગની વાત પણ નથી અને ભેદની વાત પણ નથી. આ તો જ્ઞાન પોતાનું પોતાના ગુણને જાણે એ વ્યવહાર થઈ ગયો. એક ગુણ બીજા ગુણને જાણે એનું નામ વ્યવહાર થઈ ગયો. એમ આ જ્ઞાન પરને જાણવામાં, પર ચીજ છે ને? એને જાણવાનું જ્ઞાન, જ્ઞાનને જ્ઞાન જાણે એ વ્યવહાર થઈ ગયો. સામાને જ્ઞાનને, શ્રદ્ધાને જ્ઞાન જાણે એ પણ વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ કહ્યું કે સમ્યગ્દર્શન હોય ને? તો સમ્યગ્જ્ઞાન સે ઉસકા ભાન હોતા હૈ. સમ્યગ્જ્ઞાન ઔર સમ્યગ્દર્શન દો ચીજ ભિન્ન હૈ. તો એક ગુણ કી પર્યાય સે દૂસરે ગુણ કા નિર્ણય કરના વહ વ્યવહાર. આ વ્યવહાર. ઔર દૂસરે કે જ્ઞાન કા નિર્ણય કરના, વહ દૂસરે કા જ્ઞાન હૈ ન? અપના નિર્ણય કરના સ્વનિશ્ચય હૈ, પર કા નિર્ણય કરના વ્યવહાર હૈ. સમજાણું કાંઈ? એ સિવાય કોઈ ઉપાય નથી. પ્રત્યક્ષ જ્ઞાન નથી તો બીજો ઉપાય નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પરમાર્થ કો સર્વજ્ઞ જાનતા હૈ.'** સૂક્ષ્મ વાતનો પર્યાય હોય, એ તો કેવળજ્ઞાની જાણે.

---

आगे कहते हैं कि जो ऐसे कारण सहित हो तो सम्यक्त्व छोड़ता है:-

## ગાથા-૧૩

**उच्छाहभावणासंपसंससेवा कुदंसणे सद्धा।**
**अण्णाणमोहमग्गे कुव्वंतो जहदि जिणसम्मं।।13।।**

उत्साहभावना शंप्रशंसासेवा कुदर्शने श्रद्धा।
अज्ञानमोहमार्गे कुर्वन् जहाति जिनसम्यक्त्वम्।।13।।

અજ્ઞાન મોહપથે કુમતમાં ભાવના, ઉત્સાહને
શ્રદ્ધા, સ્તવન, સેવા કરે જે, તે તજે સમ્યક્ત્વને. ૧૩.

**अर्थ :- कुदर्शन अर्थात् नैयैयिक, वैशेषिक, सांख्यमत, मीमांसकमत, वेदान्त, बौद्धमत, चार्वाकमत, शून्यवादके मत इनके भेष तथा इनके भाषित पदार्थ और श्वेताम्बरादिक जैनाभास इनमें श्रद्धा, उत्साह, भावना, प्रशंसा और इनकी उपासना व सेवा जो पुरुष करता है वह जिनमतकी श्रद्धारूप सम्यक्त्वको छोड़ता है, वह कुदर्शन अज्ञान और मिथ्यात्वका मार्ग है।**

**भावार्थ :- अनादिकालसे मिथ्यात्वकर्मके उदयसे (उदयवश) यह जीव संसारमें भ्रमण करता है सो कोई भाग्यके उदयसे जिनमार्गकी श्रद्धा हुई हो और मिथ्यामतके प्रसंगमें मिथ्यामतमें कुछ कारणसे उत्साह, भावना, प्रशंसा, सेवा, श्रद्धा उत्पन्न हो तो सम्यक्त्वका अभाव हो जाय, क्योंकि जिनमतके सिवाय अन्य मतोंमें छद्मस्थ अज्ञानियों द्वारा प्ररूपित मिथ्या पदार्थ तथा मिथ्या प्रवृत्तिरूप मार्ग है, उसकी श्रद्धा आवे तब जिनमतकी श्रद्धा जाती रहे, इसलिये मिथ्यादृष्टियोंको संसर्ग ही नहीं करना, इसप्रकार भावार्थ जानना।।13।।**

---

## ગાથા-૧૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઐસે કારણ સહિત હો તો સમ્યક્ત્વ છોડતા હૈ :–'** એને સમકિત હોઈ શકે નહિ.

**उच्छाहभावणासंपसंससेवा कुदंसणे सद्धा।**
**अण्णाणमोहमग्गे कुव्वंतो जहदि जिणसम्मं।।13।।**

જુઓ! '**जिणसम्मं**' એમ શબ્દ છે. પેલામાં પણ એમ હતું, '**जिणसम्मत्त**'. '**जिणसम्मं**'. ભારે વાત.

**અર્થ :–** '**કુદર્શન અર્થાત્ નૈયાયિક...**' વીતરાગ માર્ગ સિવાય, સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગ સિવાય જેટલા નૈયાયિક માર્ગ, છે ને અન્યમતિના? '**વૈશેષિક, સાંખ્યમત. મીમાંસકમત, વેદાન્તમત, બૌદ્ધમત, ચાર્વાકમત, શૂન્યવાદ કે મત ઇનકે ભેષ તથા ઇનકે ભાષિત પદાર્થ...**' એના ભેખ અને એના કહેલા પદાર્થમાં જો ઉત્સાહ છે (તો) એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ છે, ભગવાન! આહા..હા..! ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા તીર્થંકરદેવનો કહેલો પરંપરા માર્ગ, એનાથી આ બધા વેદાંત આદિ એક જ આત્માના માનનારા વગેરે મતને, એનો ભેખ અને એનો ભાષિત પદાર્થ, એનો જો ઉત્સાહ રહે તો મિથ્યાત્વનું લક્ષણ છે. આ જરી આકરું છે હવે થોડું. માર્ગ એવો આકરો છે, ભાઈ! શું થાય? જેવું હોય એવું તો આવે, આવ્યા વિના રહે નહિ.

પરમાત્મા તો એમ કહે છે, આ શ્વેતાંબર આદિ જૈનાભાસ છે, જૈન નથી. પરમાત્માનો અનાદિ સનાતન માર્ગ હતો, એમાંથી ભગવાન પછી ૬૦૦ વર્ષે જુદા પડ્યા. વસ્ત્ર પાત્ર સહિત મુનિપણું મનાવ્યું, એ બધો વીતરાગનો માર્ગ નથી. કહો, સમજાણું કાંઈ? શાંતિથી સમજવા જેવી વાત છે, બાપુ!

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં નિર્ગ્રંથ માર્ગ આવ્યો છે મોક્ષનો. નિર્ગ્રંથ કોને કહીએ? જેને રાગ તો ઘણો અલ્પ રહી ગયો, ઘણો રાગ ટળીને વીતરાગતા પ્રગટ થઈ. હવે એને બાહ્ય દશામાં વસ્ત્ર પાત્રનો રાગ હોય એને મુનિ માનવા, કહે છે કે એ તો મિથ્યાદૃષ્ટિપણું છે. એય..! 'ભીખાભાઈ'! માર્ગ આવો છે, બાપા! એય..! શ્વેતાંબર, સ્થાનકવાસી એ બધા સમ્યગ્દર્શનથી વિરૂદ્ધ થઈને નીકળેલા પંથ છે.

મુમુક્ષુ :– એક નયથી સત્ય નથી.

ઉત્તર :– એક નયે સત્ય તે ખોટું. બીજા નયે ખોટું માટે ખોટી નય. આકરી વાત છે, ભગવાન! એ.. 'મલૂકચંદભાઈ'! વીતરાગનો માર્ગ અનાદિનો તો મૂળ નિર્ગ્રંથ હતા. વસ્ત્ર પાત્ર એને કોઈ દિ' ત્રણ કાળમાં હતા નહિ. મહાવિદેહક્ષેત્રમાં પણ એ જ માર્ગ વર્તે છે. 'સીમંધર ભગવાન' પરમાત્મા બિરાજે છે. સમજાણું કાંઈ? 'સીમંધર' પરમાત્મા પાસે તો મહાવિદેહમાં માર્ગ એક જ છે. અહીંયા ભગવાન પછી ૬૦૦ વર્ષે આ પંથ બે જુદાં પડી ગયા, ભાઈ! અને એમાંથી સ્થાનકવાસી તો હમણાં ૫૦૦ વર્ષ પહેલા નીકળ્યા. એ શ્વેતાંબરમાંથી નીકળ્યા. એ.. 'નટુભાઈ'! આવું આકરું પડે એવું છે. તમારા ભાઈને તો ભારે આકરું પડે. 'કાંતિભાઈ' એના ભાઈ. આહા..હા..!

અહીં તો વસ્તુ સત્ય તો આ છે. આહાહા..! વીતરાગ પરમેશ્વરે કહેલું સમકિત, એ તો વીતરાગી આત્માની અંતર પ્રતીતિ સહિતનો ભાવ, એમાં આવી નિર્ગ્રંથ દશા મુનિની હોય એવી એને પ્રતીત આવી જાય છે. સમજાણું કાંઈ? તેથી એવા માર્ગ સિવાય બીજો માર્ગ હોય, એનો એના

પ્રત્યે ઉત્સાહ ન આવે. ઉત્સાહ આવે તો તે સમકિતથી ભ્રષ્ટ થઈ જાય છે. બહુ આકરું. અહીં સુધી વાતનો વાંધો નહોતો પણ આ અંદરમાં ફાંટાના વાંધા. આહાહા..!

મુમુક્ષુ :– પેલું બહાર હતું.

ઉત્તર :– ઘરે ઊનું પાણી આવ્યું. ઘરે દરેડો આવે તો વાંધો આવે. એક ફેરી નદી ચાલતી હતી. નિંગાળે માસ્તર બેઠા હતા. નિંગાળા. પેલી નદી છે ને ? ચાલી જાય. પણ એમાંથી પાણી એટલું આવ્યું, એટલું પાણી આવ્યું કે એ પોતે સ્ટેશને બેઠા હતા ત્યાં સુધી પાણી આવ્યું. ત્યાં કોઈ દિ' આવે નહિ. આવ્યું ને એકદમ જોરદાર.. આહા..! બહુ ઉપર આવ્યું. જેવું આવ્યું એવું પાછું વયું ગયું તરત. કારણ કે ત્યાં કાંઈ જગ્યા નહોતી. એક સાથે ભેગું થયું તો ભડક્યા બધા. ઘણા વર્ષની વાત છે. ૩૦-૪૦ વર્ષ પહેલાં. નિંગાળે. સ્ટેશન સુધી પાણી. નહિતર ક્યાં નદી ને ક્યાં સ્ટેશન. શું થયું આ? દરિયો ફાટ્યો ક્યાંકથી આ.

અહીં વીતરાગ કહે છે, ઘરે જ્યાં પાણીનો પ્રવાહ આવે એ આકરો લાગે. વીતરાગનો માર્ગ આ છે, પ્રભુ! બહુ ચર્ચા કે વાદવિવાદ કરે તોપણ વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? અનાદિ તીર્થંકર કેવળજ્ઞાની પરમાત્મા, એનો માર્ગ તો મુનિનો અનાદિથી નગ્ન દશા તે ભાવ, વીતરાગ, હોં! અંદર. એકલી નગ્નદશા નહિ. અંતર વીતરાગતા અને બાહ્ય વીતરાગપણાને લઈને રાગનું ચિહ્ન બહાર હોય નહિ. એવો માર્ગ અનાદિનો મુનિનો પરમાત્માએ કહેલો છે. આ આકરું કામ ભારે, ભાઈ! આ તો જંગલમાં આવી ગયા. માર્ગ તો આ છે, બાપા! એના માટે તો આ પરિવર્તન થયું. આહાહા..!

કહે છે, શ્વેતાંબર, સ્થાનકવાસી આદિ જૈનાભાસ છે. એ જૈન નથી. ગજબ વાત છે, હોં! આકરું કામ પડે. બાપુ! એ તો વસ્તુનું સ્વરૂપ એવું છે, હોં! જેણે રાગથી ધર્મ મનાવ્યો અને રાગની તીવ્રતા રહેવા છતાં મુનિપણું મનાવ્યું, બહુ તત્ત્વના માર્ગથી વિરૂદ્ધ પડ્યું. સમજાણું કાંઈ? **'શ્રદ્ધા, ઉત્સાહ, ભાવના, પ્રશંસા ઔર ઇનકી ઉપાસના વ સેવા જો પુરુષ કરતા હૈ વહ જિનમત કી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ કો છોડતા હૈ,...'** કેવું છે કુદર્શન? **'અજ્ઞાન ઔર મિથ્યાત્વ કા માર્ગ હૈ.'** ઊંધી શ્રદ્ધા અને ઊંધા જ્ઞાનનો માર્ગ, ભગવાન! એનું નામ છે.

મુમુક્ષુ :– ...જૈનોમેં ભી આત્મજ્ઞાન બિના હો તો જૈનાભાસ હૈ.

ઉત્તર :– એ વળી નહિ, અત્યારે એ નહિ, અહીં નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ હોય અંદરમાં, તો એ અંતર નિશ્ચય જૈનાભાસ છે. આ તો વ્યવહાર જૈનાભાસ. માર્ગ વીતરાગનો એવો છે, ભાઈ! સર્વજ્ઞનો કહેલો કેવળજ્ઞાનીના માર્ગમાં ભગવાન 'સીમંધર' પરમાત્મા બિરાજે છે. એની વાણીમાં અને 'મહાવીર' ભગવાનની વાણીમાં આ આવ્યું હતું. પછી પાછળથી બધો ફેરફાર કર્યો છે. એને માટે એણે શ્રદ્ધાનો વિચાર કરવો પડશે. વિશેષ આવશે લ્યો...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૪૦, ગાથા-૧૩ થી ૧૬. સોમવાર, અષાઢ વદ ૨, તા. ૨૦-૦૭-૧૯૭૦**

૧૩મી ગાથાનો ભાવાર્થ. **'અનાદિકાલ સે મિથ્યાત્વકર્મ કે ઉદય સે (ઉદયવશ) યહ જીવ સંસાર મેં ભ્રમણ કરતા હૈ...'** કહે છે કે પોતાના પરિણામ મિથ્યાત્વના થતાં દર્શનમોહનીય કર્મ એમાં નિમિત્ત છે. એવા મિથ્યાશ્રદ્ધાને લઈ અનાદિકાળથી સંસારમાં ચોર્યાસીમાં ભમે છે. **'સો કોઈ ભાગ્ય કે ઉદય સે...'** ભાગ્ય નામ પુરુષાર્થ. કોઈ મહાન પુરુષાર્થ સ્વરૂપની સન્મુખના થયેથી **'જિનમાર્ગ કી શ્રદ્ધા હુઈ હો...'** વીતરાગ માર્ગની શ્રદ્ધા થઈ હોય. **'ઔર મિથ્યામત કે પ્રસંગ મેં...'** પણ જો મિથ્યાશ્રદ્ધાના સેવનારાઓનો સંગ કરી, પ્રસંગ કરી **'મિથ્યામત મેં કુછ કારણ સે...'** કોઈ કારણથી મોટપમાં, માનમાં, સંગમાં અનેક પ્રકારના આવતા **'ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા, શ્રદ્ધા ઉત્પન્ન હો...'** એવી કુશ્રદ્ધાવાળા જીવોની અથવા કુમાર્ગની. એમાં ઉત્સાહ વધે. ભાવના, પ્રશંસા, સેવા, શ્રદ્ધા (થાય તો) **'તો સમ્યક્ત્વ કા અભાવ હો જાય...'** સમજાણું કાંઈ?

વીતરાગનો માર્ગ મુનિ નિર્ગ્રંથ દશા, જૈનમાર્ગનો અર્થ નિર્ગ્રંથ મુનિની દશા અને અંતર વીતરાગ દશા. એ સુદર્શન છે, એ જૈનધર્મ છે, એ જૈનમાર્ગ છે. એની શ્રદ્ધા કોઈ પુરુષાર્થને કારણે થઈ હોય છતાં વળી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના સંગમાં જતાં એની સેવા, ઉત્સાહ, પ્રશંસા વધે તો મિથ્યાત્વમાં આવી જાય. સમજાણું કાંઈ? ચાહે તો જૈન સિવાય અન્યમતની પ્રશંસા આદિ હો કે ચાહે તો જૈનમાં રહેલા શ્વેતાંબર, સ્થાનકવાસી અને દેરાવાસી (હો), એ બધા જૈનાભાસ અન્યદર્શની છે, જૈન નહિ. એમાં કોઈ સગાવહાલાને લઈને, કુટુંબને લઈને, ફલાણાને લઈને... 'પોપટભાઈ'! કહે છે એવા કુદર્શની પ્રત્યે જરી ઉત્સાહ વધી જાય, પ્રેમ થાય, ભાવના થઈ જાય, પ્રશંસા થઈ જાય તો એ શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ જાય છે. વીતરાગનો માર્ગ તો અનાદિનો નિર્ગ્રંથ વીતરાગ નગ્ન મુદ્રા, અંતરની વીતરાગ નિર્લેપ, નિર્લોભ અને આશા વિનાની વીતરાગ દશા. એને અહીં સુદર્શન કહે છે. એનાથી વિરૂદ્ધને કુદર્શન કહે છે. સમજાણું કાંઈ?

એવા કુદર્શનની સેવા આદિ થાય તો **'સમ્યક્ત્વ કા અભાવ હો જાય, ક્યોં જૈનમત કે સિવાય અન્ય મતોં મેં...'** વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ દિગંબર માર્ગને વિષે જે જૈનધર્મનું સ્વરૂપ કહ્યું એ અનાદિ સનાતન જૈનદર્શનની સ્થિતિ છે. સમજાણું કાંઈ? એનાથી અન્ય. જિનમત સિવાય અન્યમત. **'છદ્મસ્થ અજ્ઞાનિયોં દ્વારા પ્રરૂપિત મિથ્યા પદાર્થ...'**નું સ્વરૂપ છે. એમાં અજ્ઞાનીએ પોતાની કલ્પનાએ શાસ્ત્ર રચ્યાં, પદાર્થનું વિપરીત સ્વરૂપ કહ્યું. માર્ગ આ છે. ઝીણો બહુ, ભાઈ!

**'મિથ્યા પદાર્થ તથા મિથ્યા પ્રવૃત્તિરૂપ માર્ગ...'** પ્રવૃત્તિ મિથ્યા. સમજાય છે કાંઈ? **'ઉસકી (મિથ્યાત્વકી) શ્રદ્ધા આવે તબ જિનમત કી શ્રદ્ધા જાતી રહે...'** એની કંઈ પણ રુચિ થઈ જાય કે આ પણ ઠીક છે. કોઈ કારણથી, એમ એમાં લખ્યું છે ને? **'કુછ કારણ સે...'** સગાવ્હાલા, કુટુંબી, પૂર્વના સંસ્કાર વગેરે કારણે વળી પાછી એની શ્રદ્ધા થાય તો મિથ્યામાર્ગની શ્રદ્ધા થતાં સમ્યક્ માર્ગથી ભ્રષ્ટ થઈ જાય.

**'ઇસલિયે મિથ્યાદષ્ટિયોં કા સંસર્ગ હી નહીં કરના,...'** સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ સિવાય

અન્યમતિના માર્ગ અને જૈનમાં આ બે–સ્થાનકવાસી અને શ્વેતાંબર, બેય અન્ય મત છે. એ જૈનમત નથી. એવાઓનો સંસર્ગ ન કરવો. **'ઇસપ્રકાર ભાવાર્થ જાનના.'** કહો, સમજાણું કાંઈ? આ તો 'કુંદકુંદાચાર્ય' શ્વેતાંબર પંથ નીકળ્યા પછી ૧૦૦ વર્ષે થયા. એથી સ્પષ્ટ કર્યું છે. બાપુ! માર્ગ આવો છે. અનાદિનો વીતરાગ માર્ગ મુનિ, મુનિમાર્ગ તે નગ્નમુદ્રા, અચેલપણું, અંદરમાં વીતરાગ દશા એવો અનાદિનો માર્ગ હતો. એમાંથી દુકાળમાં ભ્રષ્ટ થયા. બાર-બાર (વર્ષના) દુકાળ પડ્યા. એટલે એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો. એ બધો મત વીતરાગની આજ્ઞા પ્રમાણથી એ બધો માર્ગ ... છે. એ... 'માવાણી'! આવું કઠણ પડે એવું છે. પહેલા થોડા આવી ગયા છે એટલે વાંધો નથી હવે.

મુમુક્ષુ :– આપની કૃપા છે.

ઉત્તર :– માર્ગ તો એવો છે, ભાઈ! સર્વજ્ઞે કહેલો વીતરાગમાર્ગ 'કુંદકુંદાચાર્યે' કહેલો દિગંબર માર્ગ એક જ જૈનધર્મ છે, બીજો કોઈ જૈનધર્મ નથી. સમજાણું કાંઈ? એવા માર્ગની શ્રદ્ધા કરો, કહે છે. ભલે માર્ગપણું–ચારિત્રપણું આદિ પ્રાપ્ત ન થાય, પણ એ માર્ગ વીતરાગી માર્ગ આવો છે, (એવી શ્રદ્ધા કરો). કેવળીએ કહેલો 'કુંદકુંદઆચાર્ય' મહારાજ મહા દિગંબર સંત મુનિ, પરમેશ્વરના પરંપરામાં પાકેલા અને પરમેશ્વર પાસે ગયેલા. બાપુ! માર્ગ આ છે. દિગંબર જૈનધર્મ એટલે મુનિપણાનો જે માર્ગ, એ જૈનદર્શન છે. એ સિવાય કોઈપણ વસ્ત્ર સહિત મુનિપણું માને, મનાવે, શાસ્ત્રમાં લખ્યા હોય તો એ બધો માર્ગ ભગવાનનો નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવા મિથ્યાદષ્ટિનો સંસર્ગ ન કરવો, પરિચય નહિ કરવો, એનું સાંભળવું નહિ, સોબતમાં ન જાવું, એમ કહે છે.

---

**आगे कहते हैं कि जो ये ही उत्साह भावनादिक कहे वे सुदर्शनमें हों तो जिनमतकी श्रद्धारूप सम्यक्त्वको नहीं छोड़ता हैः-**

## ગાથા-૧૪

**उच्छाहभावणासंपसंससेवा सुदंसणे सद्धा।**
**ण जहदि जिणसम्मत्तं कुव्वंतो णाणमग्गेण।।14।।**

**उत्साहभावना शंप्रशंससेवाः सुदर्शने श्रद्धां।**
**न जहाति जिनसम्यक्त्वं कुर्वन् ज्ञानमार्गेण।।14।।**

સદ્દર્શને ઉત્સાહ, શ્રદ્ધા, ભાવના, સેવા અને
સ્તુતિ જ્ઞાનમાર્ગથી જે કરે, છોડે ન જિનસમ્યક્ત્વને. ૧૪.

**अर्थ :-** **सुदर्शन अर्थात् सम्यग्दर्शन ज्ञान चारित्र स्वरूप सम्यक्मार्ग उसमें उत्साहभावना अर्थात् ग्रहण करनेका उत्साह करके बारंबार चिन्तवनरूप भाव और प्रशंसा**

अर्थात् मन वचन कायसे भला जानकर स्तुति करना, सेवा अर्थात् उपासना, पूजनादिक करना और श्रद्धा करना, इसप्रकार जो पुरुष ज्ञानमार्गसे यथार्थ जानकर करता है वह जिनमतकी श्रद्धारूप सम्यक्त्वको नहीं छोड़ता है।

भावार्थ :- जिनमतमें उत्साह, भावना, प्रशंसा, सेवा, श्रद्धा जिसके हो वह सम्यक्त्वसे च्युत नहीं होता है।।14।।

## ગાથા-૧૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો યે હી ઉત્સાહ ભાવનાદિક કહે વે સુદર્શન મેં હોં...'** પાઠમાં આટલો ફેર છે. પેલું **'कुदंसणे सद्धा'** હતું, આ **'सुदंसणे सद्धा'** છે. કુદર્શન અને સુદર્શનની વ્યાખ્યા–વીતરાગ માર્ગ સિવાયના જેટલા માર્ગ (છે) એ બધા કુદર્શન છે. અને સુદર્શનની વ્યાખ્યા જુઓ! કહે છે.

**उच्छाहभावणासंपसंससेवा सुदंसणे सद्धा।**
**ण जहदि जिणसम्मत्तं कुव्वंतो णाणमग्गेण।।14।।**

જોયું? **'कुव्वंतो'** જ્ઞાનમાર્ગથી.

**અર્થ :– 'સુદર્શન અર્થાત્ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સ્વરૂપ સમ્યક્માર્ગ...'** દેખો! સુદર્શનની વ્યાખ્યા સમ્યગ્દર્શન એકલું નહિ. .. આવે છે ને? સુદર્શન એટલે સમ્યગ્દર્શન, આત્માના અનુભવની પ્રતીતિ, એનું જ્ઞાન અને અંતર ત્રણ કષાયના અભાવનું ચારિત્ર. અને બાહ્યમાં જેનું નગ્ન દિગંબર લિંગ. અને બાહ્યમાં બહુ હોય તો અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ. સમજાય છે કાંઈ? એને અહીં સુદર્શન કહેવામાં આવ્યું છે. સુદર્શન એટલે ભલું સમ્યગ્દર્શન એમ નહિ. સુદર્શન એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને વીતરાગતા પ્રગટી છે અને બાહ્યમાં નગ્ન દિગંબર દશા છે એને અહીં સુદર્શન કહે છે. એવા માર્ગની શ્રદ્ધા અંદર આત્માનો આશ્રય કરીને નિર્વિકલ્પ કરવી અને એ સિવાયના માર્ગની શ્રદ્ધા છોડવી, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? જુઓ!

**'સુદર્શન અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ સમ્યક્માર્ગ...'** સાચો માર્ગ. વીતરાગ પરમાત્મા અનંત તીર્થંકરો, કેવળીઓએ કહેલો. 'સીમંધર' ભગવાન પણ મહાવિદેહ ક્ષેત્રમાં એ જ માર્ગ કહે છે અને એ જ માર્ગ છે. એવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવું જે જૈનદર્શન, જૈનલિંગ અંતરનું અને બાહ્યનું, એવા માર્ગ પ્રત્યેની **'ઉત્સાહભાવના અર્થાત્ ગ્રહણ કરને કા ઉત્સાહ...'** ઓ..હો...! એ માર્ગ જ અલૌકિક છે. ભવના અંત લાવવાનો એ જ માર્ગ છે. સમજાણું કાંઈ? **'णाणमग्गेण'** છે ને એમાં? જ્ઞાનમાર્ગથી યથાર્થ જાણી. જ્ઞાનથી એને યથાર્થ જાણવું જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? ભલે ચારિત્ર નિર્ગ્રંથ દશા હોઈ શકે નહિ પણ નિર્ગ્રંથ મુનિદશા ત્રણ કષાયનો અભાવ અને જેમાં વસ્ત્રના તાણાનો પણ ત્યાગ, એવી વીતરાગ દશાની મુદ્રા, એની એને ઉત્સાહ અને ભાવના હોવી જોઈએ. સમજાણું કાંઈ? છે એમાં? જુઓ! લખ્યું છે. એમાં છે? શું છે? સુદર્શનની વ્યાખ્યા શું છે?

ત્રણે થઈને સુદર્શન કીધું. એકલા સમ્યગ્દર્શનને સુદર્શન નહિ. અહીં તો આખો વીતરાગી માર્ગ નિર્ગ્રંથ મુનિ, નિર્ગ્રંથ વીતરાગી દશા અને બાહ્ય ભેખ નગ્ન દિગંબર અચેલ, એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ હોય એને સુદર્શન કહેવામાં આવે છે. અને એની શ્રદ્ધા–આવો જ માર્ગ વીતરાગનો છે, બીજો માર્ગ છે નહિ. સમજાણું કાંઈ? એવી અંદર શ્રદ્ધા સ્વરૂપનો આશ્રય કરીને વિકલ્પ રહિત આત્માની શ્રદ્ધા, તેને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

હવે ઉત્સાહ. '**વારંવાર ચિંતવનરૂપ ભાવ...**' ભાવની વ્યાખ્યા કરી ને? ઉત્સાહ, ભાવના સ્વરૂપ ભાવ, વારંવાર ભાવ. ઓ..હો...! વીતરાગી મુનિની દશા જૈનમાર્ગ એ છે. વીતરાગ માર્ગ. જેમાં એક વસ્ત્રના તાણાનો પણ પરિગ્રહ મુનિને હોતો નથી. એક વસ્ત્રનો તાણો રાખીને પણ જેણે મુનિપણું માન્યું, મનાવ્યું, માનતાને રૂડું જાણ્યું, એ નિગોદ ગચ્છઈ. શ્રદ્ધાનો આખો ફેર કર્યો છે, કહે છે. નિગોદમાં જશે. માર્ગ આવો છે. સમજાણું કાંઈ? વારંવાર ચિંતવન એનું કરવું કે, ઓહો...! વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી ચારિત્ર. આવો હોય વીતરાગનો માર્ગ, એની શ્રદ્ધા કરીને વારંવાર એનું ચિંતવન (કરવું).

'**પ્રશંસા...**' '**પસંસ**' એની પ્રશંસા મન, વચન, કાયાએ કરીને. મનથી પ્રશંસા, વચનથી સ્તુતિ, કાયથી સ્પર્શવું. અથવા અંદર ભાવના કાયા દ્વારા પણ એ જ રાખવી. વીતરાગમાર્ગ આ છે. સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્ય' મહારાજ પોતે સાક્ષાત્ પરમાત્મા પાસે ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. બાપુ! ઇ માર્ગ ફેરફાર થઈ ગયો. જૈનમાર્ગના ફાંટા પડી ગયા. દુકાળને કારણે માર્ગ સાચો રાખી શક્યા નહિ. માટે કહે છે, મન, વચન, કાયાએ કરી આવો વીતરાગ માર્ગ, એની પ્રશંસા, સ્તુતિ અને કાયા વડે પણ એનું જ અનુમોદન કરવું.

'**સ્તુતિ કરના,...**' '**ભલા જાનકર સ્તુતિ કરના, સેવા અર્થાત્ ઉપાસના,...**' એ માર્ગની સેવા, પૂજના, સત્કાર, આદર પણ એ માર્ગનો કરવો, કહે છે. '**ઔર શ્રદ્ધા કરના,...**' શ્રદ્ધા એ માર્ગની. '**ઇસપ્રકાર જ્ઞાનમાર્ગ સે...**' જ્ઞાનમાં આવું સ્વરૂપ વીતરાગી નિર્ગ્રંથ મુનિનું હોય, જૈનદર્શનનું એમ જ્ઞાનમાં નિર્ણય કરીને શ્રદ્ધા કરવી. સમજાણું કાંઈ? કહે છે કે જ્ઞાનમાં તુલના કરજે. વીતરાગનો અનાદિ સનાતન માર્ગ કેવો છે એનો જ્ઞાન દ્વારા નિર્ણય કરજે. જ્ઞાનમાં તેને લક્ષમાં લેજે. સમજાણું કાંઈ? એમ ઓઘે ઓઘે માનવું એમ નહિ. એના જ્ઞાનમાં આવવું જોઈએ. ઓહો..! સર્વજ્ઞનો કહેલો મોક્ષમાર્ગ એટલે મુનિમાર્ગ. મુનિમાર્ગ એટલે જૈનદર્શન. જૈનદર્શન એટલે વીતરાગી પર્યાય સહિતની જિનમુદ્રા. જ્ઞાનમાર્ગમાં એનો નિર્ણય કરવો કે માર્ગ આ છે. 'ભગવાનજીભાઈ'! ભારે વાત.

પેલા જૈનશાસનવાળા લખે છે કે આ બધા કરીને પછી એને ઢુંઢિયા બનાવશે. અર..ર..ર..! શું કરે છે તું આ? પછી દેરાસરના ઉપાશ્રય બનાવી દેશે. પછી આ માનસ્તંભનું શું કરશે? આરે..! ગજબ કરે છે ને! એય..! ક્યાં ગયા? 'ભોગીભાઈ'! તમારા લખે છે ન્યાંથી. 'હિંમતનગર'થી. પેલો કોટડીયો છે ને? આહા..! અરે..! ભગવાન! એમ કે આ લોકોને પહેલા આમ કરી પછી બધાને સ્થાનકવાસી બનાવશે. અરે..! ભગવાન! સ્થાનકવાસી ધર્મ જ અહીં તો કુમત કહે છે ને. સમજાણું

કાંઈ? ઢુંઢિયાનો ધર્મ અને શ્વેતાંબરનો ધર્મ જ બેય કુમત છે. જૈનમત છે નહિ. સમજાણું કાંઈ? બાપુ! માર્ગ આ છે. કોઈ પક્ષથી માની લે એ વાત છે નહિ.

**'ઇસપ્રકાર જ્ઞાનમાર્ગ સે યથાર્થ જાનકર કરતા પુરુષ હૈ વહ જિનમત કી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વો નહીં છોડતા હૈ.'** વીતરાગ માર્ગ આવો છે એની એને શ્રદ્ધા થઈ હોય એ આવા જ માર્ગની સેવા, પ્રશંસા, સેવા અને સ્તુતિ કરે તો એનું સમકિત જાય નહિ, પણ સમકિતની રક્ષા થાય. એય..! 'નેમિચંદભાઈ'! શું છે આ? એવો માર્ગ છે, બાપુ! આ પણ સાચું અને આ પણ સાચું, એવો ખીચડો આ વીતરાગ માર્ગમાં ન ચાલે. એમાં પણ કાંઈક હશે અને આમાં પણ કાંઈક હશે, એય..! 'નવલચંદભાઈ'! પેલા આવ્યા હતા ને તમારા? હવે ઢીલું કરીને કહીએ છીએ, હળવે હળવે. બપોરે પછી સારું આવ્યું હતું. માર્ગ તો આવો છે.

સ્થાનકવાસીમાં તો અમને પ્રભુ તરીકે માનતા. બહુમાન હતું. ત્રણ ત્રણ હજાર માણસ તે દિ', હોં! (સંવત) ૧૯૮૯માં. 'રાજકોટ'. કીધું, આ બધા ભાગશે જ્યાં ફેરવશું.. આ તો એક વાત છે. તે દિ' તો આહાહા..! ત્રણ ત્રણ હજાર માણસ. 'સુરેન્દ્રનગર' હતા ને પહેલા? ત્રણ ત્રણ હજાર માણસ. એટલું માણસ ધર્મશાળામાં બહાર માય નહિ. 'મોરબીવાળા' પેલા ભાઈ હતા ને? 'મનસુખભાઈ' ને? જૈનના ઉપરી નહોતા? લાંબા, ઊંચા. એ આવ્યા તો બેસવાની જગ્યા ન મળે. એટલું માણસ. ધર્મશાળા બહાર છે ને? ભોજનશાળામાં રાખ્યું હતું, ભોજનશાળામાં રાખેલું. ત્રણ હજાર માણસ. મોટા પતાસા ને મોટી લાણીઓ. ચોંત્રીસ તો આર્જિકા મોટો સમવસરણ દેખાય. મેં 'જાદવજીભાઈ'ને કીધું હતું, હોં! 'જાદવજીભાઈ'ને તે દિ' મેં કહ્યું હતું. પહેલાં ૯૯ સુધી રહ્યા પછી ફરી ગયા. 'જાધવજીભાઈ'ને કહ્યું હતું, જુઓ! આ બધો ઠાઠમાઠ છે એ બધો બદલાઈ જવાનો છે. ... આહાહા..! મારી નાખે જગતને. દુનિયાની મોટપ જોતાં, માન જોતાં મરી ગયો જીવ. પોતે વસ્તુ વીતરાગ માર્ગ મહા સંતોએ, કેવળીઓએ કહેલો એનાથી વિરૂદ્ધ એ તો એનો અનાદર અને દુશ્મનાઈ થાય છે. 'કુંદકુંદાચાર્ય' જેવા મુનિ ભાવલિંગી સંત, એ પોકાર કરે છે, આમ જુઓ! સમજાય છે? દિગંબર જૈન ધર્મ સિવાય કોઈ ધર્મ છે નહિ. દિગંબર એટલે અંદરના ભાનવાળો, હોં! બહારની વાડાની નહિ.

મુમુક્ષુ :– ભાવદિગંબરની જ વાત છે.

ઉત્તર :– ભાવદિગંબર. આહાહા..! જેને અંદરમાં લાગણીના કપડાં નથી, લાગણી નથી જેને. વીતરાગ... વીતરાગ.. વીતરાગ... આવે છે ને પેલામાં? 'આત્માવલોકન'. મુનિઓ વીતરાગ.. વીતરાગ.. વીતરાગની જ વાત કરે. માર્ગ વીતરાગ છે, ભાઈ! વચ્ચે દયા, દાન, વ્રતના પરિણામ આવે એ તો રાગ છે, એ કંઈ માર્ગ છે નહિ. એવો 'આત્માવલોકન'માં શ્લોક છે. મૂહુ.. મૂહુ.. વીતરાગ. વારંવાર વીતરાગ. વિકલ્પના રાગ વિનાનું સમકિત, રાગ વિનાનું જ્ઞાન, રાગ વિનાનું ચારિત્ર. એવો મુનિઓ તો વીતરાગનો જ ઉપદેશ આપે. વીતરાગભાવનો ઉપદેશ આપે. રાગને રાખવાનો ઉપદેશ આપે નહિ. સમજાણું કાંઈ?

'આત્માવલોકન' છે ને? 'દીપચંદજી'નું કરેલું. 'દીપચંદજી'. આ 'ચિદ્વિલાસ', 'અનુભવ

પ્રકાશ' કરેલા. એનું કરેલું છે. મૂહુ... મૂહુ.. વીતરાગ. પુણ્ય અને પાપના વિકલ્પરૂપી રાગ, એનાથી રહિત આત્માની દૃષ્ટિ, એનાથી રહિત આત્માનું જ્ઞાન, એનાથી રહિત આત્માની રમણતારૂપ ચારિત્ર–વીતરાગ દશા. એમ પ્રરૂપણામાં મુનિઓ વીતરાગભાવને પ્રરૂપે. રાગભાવને જણાવે, પણ રાગ આદરણીય છે અને એને લઈને આગળ વધાશે, એ વાત વીતરાગ માર્ગની અંદર છે નહિ. સમજાણું કાંઈ?

**'વહ જિનમત કી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ કો નહીં છોડતા હૈ.'**

ભાવાર્થ :– **'જિનમત મેં ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા, શ્રદ્ધા જિસકે હો વહ સમ્યક્ત્વ સે ચ્યૂત નહીં હોતા હૈ.'** તો એ શ્રદ્ધા–સમકિતથી ભ્રષ્ટ ન હોય. અને જો એ સિવાય બીજા મતના અભિપ્રાયની ક્યાંય પ્રશંસા કરી, એ પણ ચીજ છે (તો) સમકિતથી ભ્રષ્ટ થઈ જશે. સમજાણું કાંઈ? ચૌદ (ગાથા પૂરી) થઈ. પંદર.

आगे अज्ञान मिथ्यात्व कुचारित्र के त्यागका उपदेश करते हैं:-

## ગાથા-૧૫

**अण्णाणं मिच्छत्तं वज्जह णाणे विसुद्धसम्मत्ते।**
**अह मोहं सारंभं परिहर धम्मे अहिंसाए।।15।।**

**अज्ञानं मिथ्यात्वं वर्ज्जय ज्ञाने विशुद्धसम्यक्त्वे।**
**अथ मोहं सारंभं परिहर धर्मे अहिंसायाम्।।15।।**

અજ્ઞાન ને મિથ્યાત્વ તજ, લહી જ્ઞાન સમકિત શુદ્ધને;
વળી મોહ તજ [૧]સારંભ તું, લહીને અહિંસાધર્મને. ૧૫.

**अर्थ :- आचार्य कहते हैं कि हे भव्य! तू ज्ञानके होने पर तो अज्ञानका त्याग कर, विशुद्ध सम्यक्त्वके होने पर मिथ्यात्वका त्याग कर और अहिंसा लक्षण धर्मके होने पर आरंभसहित मोहको छोड़।**

**भावार्थ :- सम्यग्दर्शन ज्ञान चारित्रकी प्राप्ति होने पर फिर मिथ्यादर्शन ज्ञान चारित्रमें मत प्रवर्तो, इसप्रकार उपदेश है।।15।।**

## ગાથા-૧૫ ઉપર પ્રવચન

**'આગે અજ્ઞાન મિથ્યાત્વ કુચારિત્ર ત્યાગ કા ઉપદેશ કરતે હૈં :–'**

**अण्णाणं मिच्छत्तं वज्जह णाणे विसुद्धसम्मत्ते।**
**अह मोहं सारंभं परिहर धम्मे अहिंसाए।।15।।**

૧. સારંભ = આરંભયુક્ત

**અર્થ :– 'આચાર્ય કહતે હૈં કિ હે ભવ્ય! તૂ જ્ઞાન કે હોનેપર અજ્ઞાન કા ત્યાગ કર,...'** આત્માનું સમ્યગ્જ્ઞાન કરીને અજ્ઞાનને છોડી દે, એમ કહે છે. આત્મા પવિત્ર આનંદનું ધામ, શુદ્ધ ચૈતન્ય પરમાત્મા, એવો નિજાત્મા એનું જ્ઞાન કર, અજ્ઞાન છોડી દે. **'ત્યાગ કર,...'** જુઓ! આ પહેલા જ્ઞાન કરીને અજ્ઞાનનો ત્યાગ કર (એમ કહે છે). હજી અજ્ઞાનનો ત્યાગ ન મળે, જ્ઞાનનું ભાન ન મળે, એને બહારના ત્યાગ સાચા ક્યાંથી આવે? એમ કહે છે. જુઓ! **'અજ્ઞાન કા ત્યાગ કર,...'** સમજાણું કાંઈ?

**'વિશુદ્ધ સમ્યક્ત્વ કે હોનેપર મિથ્યાત્વ કા ત્યાગ કર...'** આહા..! મિથ્યા શલ્ય, અંદર માન્યતા જૂઠી, એ આત્માનું સમ્યગ્દર્શન ગ્રહણ કરી મિથ્યા શલ્યને છોડ. એનો પહેલો ત્યાગ જોઈએ. અજ્ઞાન અને મિથ્યાત્વનો ત્યાગ, જ્ઞાન અને સમકિતનું ગ્રહણ. સમજાણું કાંઈ? પહેલી આ દશા છે. પછી **'અહિંસા લક્ષણ ધર્મ કે હોનેપર આરંભસહિત મોહ કો છોડ.'** ચારિત્ર. એમ કહે છે. અહિંસા લક્ષણ ધર્મ. રાગમાત્રની ઉત્પત્તિ તે હિંસા છે. રાગની ઉત્પત્તિ એ હિંસા છે. એ રાગની ઉત્પત્તિ રહિત આત્માની અરાગી દશાની ઉત્પત્તિ થવી એ અહિંસા છે. સમજાણું કાંઈ? અહિંસા લક્ષણ ધર્મ.

રાગ, ચાહે તો શુભરાગ હો, છે તો એ હિંસા. આહાહા..! અહિંસા પરમો ધર્મ. એ રાગની ઉત્પત્તિ નહિ અને વીતરાગપણાની ઉત્પત્તિ, તેને અહીંયા અહિંસા કહે છે. એ અહિંસાને અંગીકાર કરી અને સારંભ હિંસા આદિના ભાવને છોડ, એનું નામ ચારિત્ર. સમજાણું કાંઈ? અહિંસા લક્ષણ ધર્મ, વીતરાગી લક્ષણ ધર્મ. **'આરંભસહિત મોહ કો છોડ.'** આરંભ એટલે રાગની પ્રવૃત્તિને છોડ. ચારિત્ર અંગીકાર કર. સમજાણું કાંઈ? રાગના ત્યાગનો ભાવ અને ચારિત્રનું ગ્રહણ, એનું નામ સંયમ. **'આરંભસહિત મોહ કો છોડ.'** છે ને પાઠમાં? **'मोहं सारंभं'** ખરો આરંભ તો અંદર રાગ-દ્વેષની પ્રવૃત્તિ થવી એ જ આરંભ છે. આત્મામાં રાગ-દ્વેષનું ઉત્પન્ન થવું એ જ આરંભ છે. એ રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થતાં વીતરાગની ઉત્પત્તિ કરવી એ અણારંભી ચારિત્ર પ્રવજ્યા છે. સમજાણું કાંઈ? એ અણારંભી પ્રવજ્યા–ચારિત્ર.

**ભાવાર્થ :– 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કી પ્રાપ્તિ હોનેપર ફિર મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્ર મેં મત પ્રવર્તો, ઇસપ્રકાર ઉપદેશ હૈ.'** ચારિત્ર ... છે ને? મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રમાં ન પ્રવર્ત. વસ્તુના સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને રાગ રહિત વીતરાગી અહિંસા, એને અંગીકાર કરી અને પછી મિથ્યા આદિમાં પ્રવર્તે નહિ. મિથ્યાશ્રદ્ધા, જ્ઞાનમાં ન પ્રવર્તે.

आगे फिर उपदेश करते हैं:-

## ગાથા-૧૬

पव्वज्ज संगचाए, पयट्ट सुतवे सुसंजमे भावे।
होइ सुविसुद्धझाणं, णिम्मोहे वीयरायत्ते।।16।।
प्रव्रज्यायां संगत्यागे प्रवर्त्तस्य सुतपसि सुसंयमेभावे।
भवति सुविशुद्धध्यानं निर्मोहे वीतरागत्वे।।16।।
નિઃસંગ લહી દીક્ષા, પ્રવર્ત સુસંયમે, સત્તપ વિષે;
નિર્મોહ વીતરાગત્વ હોતાં ધ્યાન નિર્મલ હોય છે. ૧૬.

**अर्थ :-** हे भव्य! तू संग अर्थात् परिग्रहका त्याग जिसमें हो ऐसी दीक्षा ग्रहण कर और भले प्रकार संयमस्वरूपभाव होने पर सम्यक् प्रकार तपमें प्रवर्तन कर जिससे तेरे मोहरहित वीतरागपना होने पर निर्मल धर्म - शुक्लध्यान हो।

**भावार्थ :-** निर्ग्रन्थ हो दीक्षा लेकर, संयमभावसे भले प्रकार तपमें प्रवर्तन करे, तब संसारका मोह दूर होकर वीतरागपना हो, फिर निर्मल धर्मध्यान शुक्लध्यान होते हैं, इसप्रकार ध्यानसे केवलज्ञान उत्पन्न करके मोक्ष प्राप्त होता है, इसलिये इसप्रकार उपदेश है।।16।।

## ગાથા-૧૬ ઉપર પ્રવચન

હવે ફરી કહેશે, જુઓ! **'आगे फिर ઉપદેશ करते हैं :–'** **'पव्वज्ज संगचाए'** છૂટક દોહરામાં આવે છે. છૂટા દોહરા નથી આવતા? એય..! છૂટા દોહરા પહેલા હતા ને? પ્રવજ્યા... શું? આરંભે નથી દયા.. પછી કાંઈક (આવે છે). ભૂલી ગયા બધા? પ્રવજ્યા સંગ.. એમ કરીને કાંઈક શબ્દ આવે છે.

पव्वज्ज संगचाए, पयट्ट सुतवे सुसंजमे भावे।
होइ सुविसुद्धझाणं, णिम्मोहे वीयरायत्ते।।16।।

**अर्थ :–** **'હે ભવ્ય! તૂ સંગ અર્થાત્ પરિગ્રહ કા ત્યાગ જિસમેં હો ઐસી દીક્ષા ગ્રહણ કર...'** જેમાં વસ્ત્રનો પણ ત્યાગ હોય એવી દીક્ષાને ગ્રહણ કર, એમ કહે છે. આત્માના ભાન ને સ્થિરતા સહિતની વાત છે, હોં! અને એ દીક્ષા વિના તારું કલ્યાણ કોઈ દિ' છે નહિ. આહાહા..! **'તૂં સગ અર્થાત્ પરિગ્રહ કા ત્યાગ જિસમેં હો ઐસી દીક્ષા ગ્રહણ કર.'** શબ્દ આવે છે ખરો. પ્રવજ્યા. આરંભે નથી દયા.. એમ કરીને છૂટક દોહરા આવે છે ને? **'ઐસી દીક્ષા ગ્રહણ કર...'** દીક્ષા આને કહીએ વીતરાગ માર્ગમાં કે જ્યાં અંતરમાં વીતરાગ દશા છે, બાહ્યમાં વસ્ત્રનો એક કટકાનો પણ પરિગ્રહ હોય નહિ. સમજાણું કાંઈ? એને વીતરાગ માર્ગમાં દીક્ષા કહેવામાં આવે છે. આ બધા વસ્ત્ર સહિત મુનિપણા લ્યે છે એ બધી દીક્ષા નથી, એ મિથ્યાત્વની દીક્ષા છે. મિથ્યાત્વને ઘટ કરવું, પુષ્ટિ

કરવી એની એ દીક્ષા છે. તમારી દીકરીએ–ભત્રીજીએ લીધી છે ને? દીક્ષા લીધી છે ને? તમે નહિ કર્યું હોય કાંઈ? આહા..! એ દીક્ષા નથી. સમજાય છે? સ્થાનકવાસી, શ્વેતાંબર ધર્મ જ જૈનધર્મ નથી. એમાં દીક્ષા એ તો દખ્યા છે. દુઃખને અંગીકાર કરે છે. એવો માર્ગ છે. શું થાય? કોઈ પક્ષવાળાને દુઃખ લાગે. પણ સત્ય એ સિવાય કેમ કહેવાય? અને બધાને ચેન પડે એવું સત્ય તો ક્યાંથી હોય? સમજાણું કાંઈ?

કહે છે કે, હે ભવ્ય! **'पयट्ट... पयट्ट'** છે ને? પ્રવર્ત. પ્રવર્ત એમ હુકમ કર્યો. આજ્ઞા કરી. .. હે ભવ્ય! દીક્ષા અંગીકાર કર તો આવી કર. કહો, 'નેમિદાસભાઈ'! કોઈને આપી છે કે નહિ? કોણ જાણે વળી શેઠિયા કહેવાય તે. પડ્યા હોય સંપ્રદાયમાં. એ પણ પછી આવ્યા છે, હોં! ખરેખર તો ઘેરથી બૈરાં પહેલા આવતા. આ તો પછી રખડતા રખડતા આવ્યા છે. બેન પહેલા ૯૬ માં અમરેલી આવ્યા હતા. ૯૬ની વાત છે. ત્યારે તમારું કાંઈ હજી ઠેકાણું નહોતું. એમ હતું. ૯૬માં હતા. 'અમરેલી'. બહાર વ્યાખ્યાન વાંચતા હતા ને, ત્યાં ૯૬ ને વર્ષ ગયા ત્રીસ.

કહે છે કે એવી દીક્ષા ગ્રહણ કર કે ભગવાન વીતરાગે કીધી એ. જેમાં વસ્ત્રનો પરિગ્રહ નહિ, પાત્રાનો પરિગ્રહ નહિ, જેમાં એને માટે બનાવેલા મકાનમાં રહેવા નહિ. સમજાણું કાંઈ? એને માટે આહાર-પાણી કરેલા લેવાનો ત્યાગ હોય. એવી દીક્ષા, નગ્નપણું મુનિપણું વીતરાગ, એવી દીક્ષા ગ્રહણ કર, ભાઈ! નહિંતર બીજી દીક્ષા નથી.

**'ઔર ભલે પ્રકાર સંયમસ્વરૂપભાવ હોનેપર સમ્યક્ પ્રકાર તપ મેં પ્રવર્તન કર...'** કહે છે, **'ભલે પ્રકાર સંયમ...'** છકાયની હિંસાનો ત્યાગ, પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનના વિષયનો ત્યાગ, એવો સંયમ. આહાહા..! બાર પ્રકારનો સંયમ આવે છે ને? છ કાયનો છ, પાંચ અને ઇન્દ્રિય અને મન. એનો સંયમ કર. એના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે, વિકલ્પ છોડી દે. નિર્વિકલ્પ આત્માનો સંયમ. પાંચ ઇન્દ્રિય, છ કાયથી છૂટી અને અતીન્દ્રિય, અતીન્દ્રિય જ્ઞાનના આનંદમાં લીન થવું એને સંયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા સંયમ સહિત **'હોનેપર સમ્યક્ પ્રકાર તપ મેં...'** એવા સંયમ સહિત હોય અને પછી ઇચ્છા નિરોધનો તપ હોય તો એ સાચો. પણ હજી તો સમ્યગ્દર્શનના ઠેકાણા નહિ, સંયમના ઠેકાણા નહિ ને અપવાસ કરે ને નિર્જરા, તપસ્યા થઈ જાય. એ બધો માર્ગ ઉલટો છે, એમ કહે છે. દીક્ષા ગ્રહણ કર તો જેમાં વસ્ત્ર આદિ પરિગ્રહ ન હોય એવી. અને સંયમ એવો અંગીકાર કર કે જેમાં કોઈ જાતની અતીન્દ્રિય જ્ઞાન, આનંદ સિવાય બીજી ઇચ્છામાત્ર ન મળે. એવા સંયમભાવ સહિત તપ કર. ઇચ્છાનો નિરોધ કરીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે, એ તપ. સમજાણું કાંઈ?

**'જિસસે તેરે મોહરહિત વીતરાગપના હોનેપર...'** દેખો! જેથી તને મોહ રહિત વીતરાગપણું થાય. આહાહા..! .... પણ કઈ જાતના! પુણ્ય-પાપનો વિકલ્પ જે છે ને? દયા, દાનનો એ વિકલ્પ પણ હિંસા છે. આહાહા..! એના અભાવની વીતરાગદશા, સંયમ સહિતમાં, ઇચ્છાનો નિરોધ એટલે ઉત્પત્તિ ન થાય અને આનંદની ઉત્પત્તિ અરાગી, વીતરાગીની થાય એવા તપને અંગીકાર કર. સમજાણું કાંઈ? એને તપ કહે છે. તેથી કહ્યું ને? **'ભલે પ્રકાર સંયમસ્વરૂપભાવ હોનેપર સમ્યક્**

**પ્રકાર તપ મેં પ્રવર્તન કર...**' એમ. સંયમ વિનાનો એકલો તપ અને સમ્યગ્દર્શન વિનાનો તપ, એ તપ છે નહિ. લાંઘણું છે એ તો. અને મિથ્યાત્વનું પોષણ છે. સમજાણું કાંઈ?

'**મોહરહિત વીતરાગપના હોનેપર...**' વીતરાગ ધર્મ છે ને આ? વીતરાગ ધર્મ તો વીતરાગી દૃષ્ટિથી ઉત્પન્ન થાય. વીતરાગી દૃષ્ટિ તે સમ્યક્, વીતરાગી જ્ઞાન તે જ્ઞાન અને વીતરાગી ભાવ તે ચારિત્ર. એમાં કોઈ રાગની અપેક્ષા જેને છે નહિ, એવો નિરપેક્ષ માર્ગ નિશ્ચય છે. સમજાણું કાંઈ? માર્ગ અંગીકાર કરવો હોય તો એની વાત છે. પણ હવે અમે તો મોટા પાપના પોટલામાં પડ્યા, હજી પાપના પરિણામ તો છોડાવો, એ વિના આ બધું પુણ્ય-પાપ જુદા પણ પહેલી દૃષ્ટિ થયા વિના પાપના પરિણામ... મિથ્યાત્વ પાપ નથી? અજ્ઞાન પાપ નથી? અસંયમ, અચારિત્ર પાપ નથી? એ ત્રણે પાપ છે. એમાં મિથ્યાત્વ પાપ છૂટ્યા વિના અજ્ઞાન છૂટશે શી રીતે? અને અજ્ઞાન છૂટ્યા વિના અચારિત્ર છૂટશે શી રીતે? સમજાણું કાંઈ? માર્ગ એવો છે, બાપુ! આહાહા..!

ઇન્દ્રો અને ગણધરો જે વાત સાંભળતા હશે એ કેવી વાત હોય? ઇન્દ્રો ત્રણ જ્ઞાનના ધણી, એકાવતારી–એક ભવે મોક્ષ જનારા, શક્રેન્દ્ર, ઇશાનઈન્દ્ર, ઇ ભગવાનની સભામાં વીતરાગ-કથા સાંભળતા હશે.. આહાહા..! ત્રણ જ્ઞાનનો ધણી તો શક્રેન્દ્ર પોતે છે. એકાવતારી છે, એક ભવે મોક્ષ જનારા છે. ઇ આવી સાધારણ વાત હશે કે આની દયા પાળો ને વ્રત આવા કરો ને તપસ્યા કરો ને અપવાસ કરો, એવી વાતું ન્યાં હશે? એવી વાત તો કુંભાર પણ કરે છે. સમજાણું કાંઈ?

પહેલા હતું ને? શ્રાવણ મહિનામાં કુંભાર નિંભાડા ન કરે. ઘાંચી ઘાણી ન ચલાવે. વાણિયાનું નામ હતું એટલું. અમારા 'ઉમરાળા'માં બહુ નામ હતું. મહિના પહેલા સોપારી લઈ શેઠિયા જાય. ... આ મહિનો ઘાણી ચલાવતા નહિ. 'જાદવજીભાઈ'! એવું હતું પહેલાં. એ લોકો ન ચલાવે, મુસલમાન ન ચલાવે. શ્રાવણ મહિનો ઘાણી નહિ. એવી વાત તો સાધારણ છે. બાપુ! આ તો રાગમાં આત્મા પીલાય છે, ઘાણી એને છોડ એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્માનું સ્વરૂપ જ જ્યાં વીતરાગી ચિદાનંદ સ્વરૂપ છે, એમાં વિકલ્પમાત્રનું ઉત્પન્ન થવું, ચાહે તો મહાવ્રતનો વિકલ્પ થાય, એ હિંસા છે. એટલે કહે છે, જુઓ!

'**વીતરાગપના હોનેપર નિર્મલ ધર્મ શુક્લધ્યાન હો.**' લ્યો, ભાઈ! ઓલા ધર્મધ્યાનને શુભભાવ કહે છે ને? અહીં તો કહે છે, '**વીતરાગપના હોને પર નિર્મલ ધર્મ શુક્લધ્યાન હો.**' છે ને? '**सुविशुद्धझाणं**'. કહો. .. હશે? ધર્મધ્યાન તો શુભઉપયોગ જ ધર્મધ્યાન. અહીં તો '**सुविशुद्धझाणं**'. એનો અર્થ પછી ધ્યાનના બે અર્થ કર્યા. ધર્મધ્યાન અને શુક્લધ્યાન. સમજાણું કાંઈ? પેલા લોકો અત્યારે પંડિતો ઘણા કેટલાક (કહે છે), શુભભાવ તે ધર્મધ્યાન અને શુદ્ધભાવ તે શુક્લધ્યાન. શુભભાવ તો આર્તધ્યાન છે, રાગ છે એ તો. સમજાણું કાંઈ?

'**મોહ રહિત વીતરાગપના હોનેપર...**' એમ છે ને? જોયું? '**सुविशुद्धझाणं णिम्मोहे वीयरायत्ते**' અંદર વીતરાગ દશા મોહ રહિત થાય, એને ધર્મધ્યાન અને શુક્લધ્યાન હોય છે. સમજાણું કાંઈ? શુક્લધ્યાન તો અત્યારે છે નહિ. ત્યારે એકલા શુક્લધ્યાનની વાત છે આમાં? એ નાખ્યું બરાબર સ્થાનમાં નાખ્યું છે. સમજાણું કાંઈ? ધર્મધ્યાન એટલે શુભ-અશુભ દયા, દાન,

વ્રતના વિકલ્પ રહિત આત્મા શુદ્ધ ચૈતન્ય વીતરાગમૂર્તિ, એનું ધ્યાન તેને ધર્મધ્યાન કહે છે. એ ધર્મધ્યાન શુભરાગરૂપ નથી. મોહ રહિત વીતરાગ ભાવનું એ ધર્મધ્યાન છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- ... ઉપર... હોઈ '**सुविसुद्धझाणं सुविशुद्धध्यानं निर्मोहे**' સુત્રકલશ... એનો ખુલાસો કર્યો છે, વાત સાચી છે. કારણ કે અત્યારે તો ધર્મધ્યાન છે ને, શુક્લધ્યાન નથી. આ કહેવા જે માગે છે '**सुविशुद्धझाणं**' મોહ રહિત વીતરાગભાવ તે ધર્મધ્યાન છે, એમ અહીંયા કહેવા માગે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :–** '**निर्ग्रंथ हो दीक्षा लेकर...**' નિર્ગ્રંથ થઈને દીક્ષા લે '**संयमभाव से भले प्रकार तप में प्रवर्तन करे,...**' એમ. પછી સંયમ સહિત ઇન્દ્રિયદમન, અતીન્દ્રિય આનંદના વેદનમાં રહી સંયમપણું (આદરે). એમાં '**तप में प्रवर्तन करे, तब संसार का मोह दूर होकर...**' ત્યારે અંદરનો રાગ દૂર થાય. તબ '**तब वीतरागपना हो,...**' જ્યારે રાગ રહિત અંતરની દૃષ્ટિ, જ્ઞાન, સ્થિરતા–ચારિત્ર હોય '**फिर निर्मल धर्मध्यान शुक्लध्यान होते हैं,...**' સમજાણું કાંઈ? પેલા તો એક જ કહે છે કે ધર્મધ્યાન એટલે શુભભાવ, બસ! અત્યારે શુક્લધ્યાન નથી એટલે શુદ્ધભાવ નથી. શુદ્ધઉપયોગ અત્યારે હોય નહિ, જાઓ! અહીં તો આચાર્ય કહે છે કે આ અમે કહીએ છીએ કે આમ કર, પ્રવર્ત. પ્રવર્ત કહીએ છીએ. પંચમઆરાના પ્રાણીને પ્રવર્ત કહીએ છીએ. એમ છે ને? '**पयट्ट**' પ્રવર્ત. તું સુવિશુદ્ધ ધ્યાનમાં પ્રવર્ત. અને તે ધ્યાન કેવું છે? કે મોહરહિત વીતરાગપણું છે તે. હવે એમાં શું કહેવું છે? સમજાણું કાંઈ? પાધરું આકરું પકડે કઠણ, કોઈ આધાર છે ક્યાંય? એમ પ્રશ્ન થાય. એનો આધાર ઇ. રાગનો પણ આધાર નથી, એવો માર્ગ છે. એનો નિર્ણય તો સાચો કરે. આત્માની શ્રદ્ધા, જ્ઞાનને પકડવા માટે વિકલ્પનો આશ્રય પણ જ્યાં જરૂર નથી. એવો માર્ગ નિરપેક્ષ પરમાત્માનો સ્વભાવનો છે.

ઝટ દઈને એમ કહે કે આત્મા આ છે, પકડાતો ન હોય તો પહેલો કાંઈ આધાર? વિકલ્પ આવે પહેલા કે આવો છું, આવો છું. પણ એ વિકલ્પ છે માટે નિર્વિકલ્પ થાય, એમ નથી. માર્ગ એવો છે, ભાઈ! સમજાણું કાંઈ? પહેલા વિકલ્પ આવે કે હું શુદ્ધ છું, ધ્રુવ છું, પરિપૂર્ણ છું, આનંદ છું, અક્રિય છું, એવો વિકલ્પ આવે. પણ એ વિકલ્પ છે ઇ અંદર નિર્મળ થવાનું સાધન છે, એમ નથી. આત્માને પકડવાનું એ વિકલ્પ સાધન નથી. એવો એનો નિરપેક્ષપણે નિર્ણય તો કરે. રાગની જેને અપેક્ષા નથી, વ્યવહારની જેને અપેક્ષા નથી. એવો ભગવાનઆત્મા સીધો શ્રદ્ધા અને જ્ઞાનમાં જણાય. જ્ઞાન અને શ્રદ્ધામાં અનુભવમાં આવે. એવું આત્માનું સ્વરૂપ છે. પ્રત્યક્ષ જ્ઞાતા સ્વભાવ. છે ને? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. અલિંગગ્રહણ, છઠ્ઠો બોલ. છઠ્ઠો બોલ છે ને?

કેવો છે આત્મા? કે પોતાના સ્વભાવથી જણાય એવો. વિભાવથી, વિકલ્પથી જણાય એવો નહિ. આરે.. ભારે માર્ગ. કેવો છે આત્મા? અલિંગગ્રહણના વીસ બોલમાં છઠ્ઠો બોલ. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. સાચી વાત છે. જેને વિકલ્પની પણ અપેક્ષા નથી, એવો પોતાના શુદ્ધ સ્વભાવથી જણાય એવો (છે). રાગ અને મનની અપેક્ષા રાખ્યા વિના પ્રત્યક્ષ જણાય એવો આત્મા છે. પ્રત્યક્ષ જ્ઞાતા છે. એવો આત્મા છે. એને બીજી રીતે કલ્પવો કે આ વિકલ્પ કરીએ

એનાથી મળે. એવો આત્મા છે નહિ. એવો આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વિકલ્પમાં ખ્યાલ આવ્યો હોય એ બધું પાણીમાં ગયું?

ઉત્તર :– વિકલ્પનો નિર્ણય એ નિર્ણય જ નથી. વિકલ્પમાં, રાગમાં ક્યાં તાકાત હતી? ચેતન વિનાનો વિકલ્પ એનાથી નિર્ણય? એ નિર્ણય નહિ. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનનો નિર્ણય જ્ઞાનથી નિર્ણય. એવો જ એનો સ્વભાવ છે, ભગવાન કહે છે. એ રીતે બીજી રીતે માન તો તું આત્મા છે એવું તું જાણતો જ નથી. સમજાણું કાંઈ? 'પ્રવચનસાર'માં અલિંગગ્રહણના વીસ બોલ છે. અલિંગગ્રહણ, વીસ બોલ. એમાં છઠ્ઠો બોલ આ છે.

ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પરોક્ષ રહે એવો એનો સ્વભાવ નથી.. આહાહા..! સમજાણું કાંઈ? પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. વસ્તુ જ એવી છે. કેમકે એનામાં એક પ્રકાશ નામનો ગુણ પડ્યો છે. કે જે પ્રત્યક્ષ થાય એ એનો ગુણ છે. પરોક્ષ રહે એવો કોઈ ગુણ નથી એનામાં. પર્યાયમાં રાગની એકતાથી ઊભું કરેલું છે. સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્યનાથ વીતરાગ સ્વભાવથી ભરેલો, એ પોતાના સ્વભાવથી વીતરાગભાવથી જણાય, એમ કહે છે. રાગ એનો સ્વભાવ નથી કે રાગ જણાય તો રાગથી જણાય. ઓ..હો..હો...! વ્યવહારથી નિશ્ચય જણાય એ વાત તો ક્યાંય ઉડાડી દીધી. લોકોને પોતાનું સ્વરૂપ કેવું છે એનું માહાત્મ્ય નથી આવતું. તેથી અહીંથી થાશે, અહીંથી થાશે. ક્યાંયથી થાય એમ નથી. સ્વનો આશ્રય લીધા વિના બધું થોથે થોથાં છે.

મુમુક્ષુ :– થોથે થાથાં છે એટલે?

ઉત્તર :– આ અજ્ઞાન ને મિથ્યાત્વ છે, સંસાર છે. અજ્ઞાન, મિથ્યાત્વ શું હશે? દુઃખનો ડુંગર છે.

વસ્તુ ચૈતન્યસ્વભાવી વીતરાગભાવી, વર્તમાન (છે). એને પોતાને જાણવા માટે બીજા રાગ અને મનની અપેક્ષા નથી એવું એનું સ્વરૂપ છે. અને તે પણ પ્રત્યક્ષ જ્ઞાતા એનું સ્વરૂપ છે. આહાહા..! મતિ-શ્રુતજ્ઞાનમાં પણ પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! ગજબ વાત કરી. આવી વાત સંતો દિગંબર વિના ક્યાંય ન મળે. એ વાત ક્યાંય છે જ નહિ. લોકો વિચારતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, આત્મા પરમેશ્વર વીતરાગદેવે જે આત્મા કહ્યો, તે આ આત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એને ભગવાને આત્મા કહ્યો. આ શરીર, વાણી, મન તો જડ માટી ધૂળ છે. અંદરમાં પુણ્ય અને પાપ, શુભ ને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ (આવે) એ શુભરાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો ભાવ (આવે) એ પાપરાગ છે. એ બેય રાગથી ભિન્ન ભગવાન (છે). ભગવાને કહેલો, પરમેશ્વરે કહેલો આત્મા, તીર્થંકરદેવ કેવળજ્ઞાને જોયો એ આત્મા તો જ્ઞાન, શાંતિ, આનંદ, વીતરાગભાવથી ભરેલો આત્મા છે. એ વીતરાગભાવથી જણાય એવો આત્મા છે. ભારે કઠણ જગતને. સમજાણું કાંઈ?

પોતાના સ્વભાવથી (જણાય એવો છે). પોતાનો સ્વભાવ એટલે કયો? જ્ઞાન, દર્શન, આનંદ અને વીતરાગસ્વભાવ એનો સ્વભાવ છે. પોતાના સ્વભાવથી જણાય એવો છે. એ વિભાવ નામ

પુણ્ય ને પાપના વિકલ્પના રાગથી જણાય એવો નથી.. આહાહા..! ભારે કઠણ. જાવું છે ક્યાં? ઇ કોણ છે એની ખબર ન મળે. બહારમાં ભટક્યા ભટક (કરે). અંતરમાં ચિદાનંદનું મહા નિધાન પડ્યું છે. એકલો આનંદનો ધામ અને જ્ઞાનનો પિંડ પ્રભુ ચૈતન્ય છે. એવો ચૈતન્ય પોતાને જાણવા માટે પોતાનો સ્વભાવ કારણ છે. ધર્મ થવા માટે કહે છે કે સ્વભાવ કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ આમ કહે છે. ભાઈ! તું પ્રભુ તારા જ્ઞાનથી ભરેલો સ્વભાવ છે ને તારો. આ શરીર-બરીર એ તો જડ માટી ધૂળ છે. આ પુણ્ય-પાપના ભાવ થાય એ તો અંદરમાં વિચાર ને વિકલ્પ ને રાગ છે. એનાથી તું ખાલી અને તારા જ્ઞાન ને આનંદના સ્વભાવ ને વીતરાગભાવથી ભરેલો (છો). કેમ બેસે? કોઈ દિ' નજરું કરી નથી, સાંભળ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ તીર્થંકરદેવની ઇન્દ્રો અને ગણધરની ઉપસ્થિતિમાં પરમાત્મા આમ પ્રસિદ્ધ કરતા હતા. ભાઈ! તું પ્રભુ છો ને! આહાહા..! પામરને પ્રભુ કરીને બોલાવે. પામર નથી, ભગવાન! આહાહા..! જેટલા ભગવાન પરમાત્મા થયા એ ક્યાંથી થયા? એ પરમાત્મપણું બહારથી આવે છે? અરિહંતપણું એ અંદરમાં પડ્યું છે તે બહાર આવ્યું. આહાહા..! એવો આત્મા વીતરાગભાવે જણાય. તેનો ધર્મ વીતરાગભાવે થાય. રાગભાવે અને સંયોગભાવે થાય નહિ. એ વાત વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे कहते हैं कि यह जीव अज्ञान और मिथ्यात्वके दोषसे मिथ्यामार्गमें प्रवर्तन करता है:-

## ગાથા-૧૭

मिच्छादंसणमग्गे मणिले अण्णाणमोहदोसेहिं।
वज्झंति मूढजीवा [1]मिच्छत्ताबुद्धिउदएण।।17।।

मिथ्यादर्शनमार्गे मलिने अज्ञानमोहदोषैः।
बध्यन्ते मूढजीवाः मिथ्यात्वाबुद्ध्युदयेन।।17।।

જે વર્તતા [2]અજ્ઞાનમોહમલે મલિન મિથ્યામતે,
તે મૂઢજીવ મિથ્યાત્વ ને મતિદોષથી બંધાય છે. ૧૭.

**अर्थ :-** मूढ़ जीव अज्ञान और मोह अर्थात् मिथ्यात्वके दोषोंसे मलिन जो मिथ्यादर्शन अर्थात् कुमतके मार्गमें मिथ्यात्व और अबुद्धि अर्थात् अज्ञानके उदयसे प्रवृत्ति करते हैं।

**भावार्थ :-** ये मूढ़जीव मिथ्यात्व और अज्ञानके उदयसे मिथ्यामार्गमें प्रवर्तते हैं इसलिये मिथ्यात्व - अज्ञानका नाश करना यह उपदेश है।।17।।

---

1. पाठान्तर - मिच्छत्ता बुद्धिदोसेण। ૨. અજ્ઞાનમોહમલે = અજ્ઞાન અને મોહના દોષ વડે મલિન

**પ્રવચન નં. ૪૧, ગાથા-૧૭ થી ૧૯. મંગળવાર, અષાઢ વદ ૩, તા. ૨૧-૦૭-૧૯૭૦**

ભાવાર્થ :– **'યે મૂઢ જીવ મિથ્યાત્વ ઔર અજ્ઞાન ઉદય સે...'** છે ને? 'मिच्छत्ताबुद्धिउदएण' અબુદ્ધિનો અર્થ અજ્ઞાન. જેને આત્મા શું છે? દેવ-ગુરુ-શાસ્ત્ર શું છે? ધર્મ કોને કહેવો? એનું જ્યાં ભાન નથી, એવા કુમતના માર્ગને વિષે અનાદિથી મિથ્યાત્વ અને અજ્ઞાનને લઈને પ્રવર્તી રહ્યો છે. તેથી એ સંસારમાં રખડી રહે છે. **'અજ્ઞાન કે ઉદય સે મિથ્યામાર્ગ મેં પ્રવર્તતે હૈં...'** સમજાણું કાંઈ? માર્ગ મિથ્યા અને સાચો, બે માર્ગ છે કે નહિ? કે બધા સરખા? સમન્વય કરે ને? સમન્વય.

મુમુક્ષુ :– સર્વ ધર્મ સમન્વય.

ઉત્તર :– સર્વ ધર્મ સમન્વય. ના પાડે છે. સર્વ ધર્મ સમન્વય છે નહિ. આહાહા..! ઝીણી વાત છે. અષ્ટપાહુડમાં જ્યાં હોય ત્યાં 'मिच्छादंसणमग्गे'. મિથ્યાશ્રદ્ધાને માર્ગે જૈન સંપ્રદાયમાં પણ જુદી પ્રણાલિકા કરીને મિથ્યામાર્ગમાં પ્રવૃત્તિ કરી છે એને માર્ગે મિથ્યાત્વ અને અજ્ઞાનને લઈને અજ્ઞાની પ્રવર્તે છે. એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? મુનિમાર્ગ નિર્ગ્રંથમાર્ગ અનાદિનો દિગંબર નગ્ન મુનિદશા અને અંતરમાં વીતરાગી દશા, એવો જે માર્ગ સમ્યક્ અનાદિનો સત્ય (છે), એનાથી વિરૂદ્ધ થઈને જેટલા માર્ગો છે એ બધાય મિથ્યાત્વના ઉદયે માનવામાં આવે છે. કહો, બરાબર છે? આમાં બધાને સરખું લાગે એવું રહેતું નથી. ખોટાને ખોટા અને સાચાને સાચા, બે માર્ગ છે. બેય સાચા છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

મૂઢજીવ વીતરાગનો સર્વજ્ઞ પરમેશ્વરનો, દેવ-ગુરુ અને ધર્મનો અને અંતર સ્વરૂપના આશ્રયનો જે માર્ગ કહ્યો, એનાથી મૂઢ જીવ વિપરીત દૃષ્ટિએ મિથ્યાત્વ અને અજ્ઞાનના ઉદય વડે, ઉદય એટલે એનો ભાવ, હોં! કર્મનો ઉદય નિમિત્ત નહિ. એના વિપરીત ભાવને પ્રગટ કરી મિથ્યા માર્ગ વિશે પ્રવર્તે છે. **'ઇસલિયે મિથ્યાત્વ અજ્ઞાન કા નાશ કરના, યહ ઉપદેશ હૈ.'** માટે વિપરીત માર્ગની શ્રદ્ધા અજ્ઞાનથી જે કરતા હોય એનો નાશ કરવા લાયક છે. કહો, સમજાણું કાંઈ?

---

**आगे कहते हैं कि सम्यग्दर्शन, ज्ञान, श्रद्धानसे चारित्रके दोष दूर होते हैं:-**

## ગાથા-૧૮

**सम्मद्दंसण पस्सदि, जाणदि णाणेण दव्वपज्जाया।**
**सम्मेण य सद्दहदि, य परिहरदि चरित्तजे दोसे।।18।।**

सम्यग्दर्शनेन पश्यति जानाति ज्ञानेन द्रव्यपर्यायान्।
सम्यक्त्वेन च श्रद्दधाति च परिहरति चारित्रजान् दोषान्।।18।।

દેખે દરશથી, જ્ઞાનથી જાણે દરવ-પર્યાયને,
સમ્યક્ત્વથી શ્રદ્ધા કરે, ચારિત્રદોષો પરિહરે. ૧૮.

अर्थ :- यह आत्मा सम्यग्दर्शनसे तो सत्तामात्र वस्तुको देखता है, सम्यग्ज्ञानसे द्रव्य और पर्यायोंको जानता है, सम्यक्त्वसे द्रव्य - पर्यायस्वरूप सत्तामयी वस्तुका श्रद्धान करता है और इसप्रकार देखना, जानना व श्रद्धान होता है तब चारित्र अर्थात् आचरणमें उत्पन्न हुए दोषोंको छोड़ता है।

भावार्थ :- वस्तुका स्वरूप द्रव्य - पर्यायात्मक सत्तास्वरूप है, सो जैसा है वैसा देखे, जाने, श्रद्धान करे तब आचरणशुद्ध करे, सो सर्वज्ञके आगमसे वस्तुका निश्चय करके आचरण करना। वस्तु है वह द्रव्य-पर्यायस्वरूप है। द्रव्यका सत्ता लक्षण है तथा गुणपर्यायवान् को द्रव्य कहते हैं। पर्याय दो प्रकारकी है, सहवर्ती और क्रमवर्ती। सहवर्तीको गुण कहते हैं और क्रमवर्ती को पर्याय कहते हैं - द्रव्य सामान्यरूपसे एक है तो भी विशेषरूपसे छह हैं - जीव, पुद्‌गल, धर्म, अधर्म, आकाश और काल।

जीवके दर्शन-ज्ञानमयी चेतना तो गुण है और अचक्षु आदि दर्शन, मति आदिक ज्ञान तथा क्रोध, मान, माया, लोभ आदि व नर, नारकादि विभावपर्याय है, स्वभावपर्याय अगुरुलघु गुणके द्वारा हानि-वृद्धिका परिणमन है। पुद्‌गल द्रव्यके स्पर्श, रस, गंध, वर्णरूप मूर्तिकपना तो गुण है और स्पर्श, रस, गन्ध, वर्णका भेदरूप परिणमन तथा अणुसे स्कन्धरूप होना तथा शब्द, बन्ध आदिरूप होना इत्यादि पर्याय है। धर्म - अधर्म द्रव्यके गतिहेतुत्व, स्थितिहेतुत्वपना तो गुण है और इस गुणके जीव-पुद्‌गलके गति-स्थितिके भेदोंसे भेद होते हैं वे पर्याय हैं तथा अगुरुलघु गुणके द्वारा हानि-वृद्धिका परिणमन होता है जो स्वभावपर्याय है।

आकाशका अवगाहना गुण है और जीव-पुद्गल आदिके निमित्तसे प्रदेशभेद कल्पना किये जाते हैं वे पर्याय हैं तथा हानि-वृद्धिका परिणमन वह स्वभावपर्याय है। कालद्रव्यका वर्तना तो गुण है और जीव और पुद्गलके निमित्तसे समय आदि कल्पना सो पर्याय है इसको व्यवहार काल भी कहते हैं तथा हानि-वृद्धिका परिणमन वह स्वभावपर्याय है इत्यादि। इनका स्वरूप जिन-आगमसे जानकर देखना,जानना, श्रद्धान करना, इससे चारित्र शुद्ध होता है। बिना ज्ञान, श्रद्धानके आचरण शुद्ध नहीं होता है, इसप्रकार जानना।।18।।

## ગાથા-૧૮ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ સમ્યગ્દર્શન જ્ઞાન શ્રદ્ધાન સે ચારિત્ર દોષ દૂર હોતે હૈં :–'** લ્યો. ચારિત્રપાહુડ છે ને? જ્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન નથી ત્યાં ચારિત્ર હોતું નથી. સમ્યગ્દર્શન અને જ્ઞાન દ્વારા જ ચારિત્રના દોષો દૂર થઈ શકે છે અથવા ચારિત્ર હોઈ શકે છે, એમ કહે છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન દ્વારા ચારિત્ર હોય. પણ જ્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન જ નથી ત્યાં ચારિત્ર હોતું નથી. પછી પંચ મહાવ્રત પાળતા હોય અને એ ક્રિયા દેખાતી હોય એ બધું કુચારિત્ર છે, એમ સિદ્ધ કરે છે.

**सम्मद्दंसण पस्सदि, जाणदि णाणेण दव्वपज्जाया।**
**सम्मेण य सद्दहदि, य परिहरदि चरित्तजे दोसे।।18।।**

ચારિત્ર જાણ. ચારિત્ર જાણે કેમ કહ્યું? ચારિત્રથી ઉત્પન્ન થતાં.

**અર્થ :–** **'યહ આત્મા સમ્યગ્દર્શન સે...'** સમ્યગ્દર્શન એટલે દર્શનઉપયોગ. પહેલામાં દર્શનઉપયોગ છે. સમ્યગ્દર્શન એટલે સાચો ઉપયોગ. એ દ્વારા **'સત્તામાત્ર વસ્તુ કો દેખતા હૈ,...'** વસ્તુ ભગવાનઆત્મા અને બધું સત્તા છે, છે. સામાન્ય સત્તાનું અવલોકન એ દર્શનઉપયોગની વ્યાખ્યા છે. સમ્યગ્દર્શન નહિ, પણ સમ્યક્ દેખવું, ઉપયોગમાં. જેવી સત્તા સર્વની છે એવી એને માનવી, ઉપયોગમાં અવલોકવી. ભેદ નહિ. આ આત્મા છે કે આ જડ છે, એમ નહિ.

મુમુક્ષુ :– ઉપયોગ કી શ્રદ્ધા?

ઉત્તર :– ના. શ્રદ્ધા નહિ. ઉપયોગ જ. શ્રદ્ધા પછી આવશે. ઉપયોગમાં બધું છે એવું સત્તા અવલોકન એનું નામ દર્શનઉપયોગ. સમજાણું કાંઈ? અનંત આત્માઓ છે અને અનંત પરમાણુ છે એવા ભેદ નહિ. સામાન્ય બધું છે. એવું દર્શનઉપયોગમાં અવલોકન એને અહીંયાં ભગવાન સાચો ઉપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'સમ્યગ્જ્ઞાન સે દ્રવ્ય ઔર પર્યાયોં કો જાનતા હૈ,...'** લ્યો.

મુમુક્ષુ :– બેયને જાણે?

ઉત્તર :– બેયને જાણે. બધું જાણે નહિ? જાણે કોને નહિ? સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનથી આત્મા ત્રિકાળી ધ્રુવ છે એને જાણે અને વર્તમાન પર્યાય છે એને પણ જાણે. જ્ઞાન તો બેયને જાણે. પહેલા દર્શનઉપયોગમાં તો બધું છે એટલું, ભેદ નહિ. સામાન્ય અવલોકન એનું નામ દર્શનઉપયોગ. સમ્યગ્દર્શનની અહીં વ્યાખ્યા નથી. સમ્યગ્દર્શનની વ્યાખ્યા ત્રીજામાં આવશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સમકિત હોય એને દર્શનઉપયોગ સમ્યક્ અને મિથ્યા એમ બેય હોય?

ઉત્તર :– સમકિતવાળાને સમ્યક્ ઉપયોગ સાચો જ હોય.

મુમુક્ષુ :– દર્શનઉપયોગ?

ઉત્તર :– દર્શનઉપયોગ સાચો જ હોય.

મુમુક્ષુ :– પેલાને મિથ્યા?

ઉત્તર :– પેલાને મિથ્યા કહેવાય. હા.

મુમુક્ષુ :– જ્ઞાનમાં જેમ સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન...?

ઉત્તર :– હા. છે. ઉપયોગ ખોટો છે એનો. એમાં ભેદ ક્યાં છે? ઉપયોગ ખોટો છે. મહાસત્તાનું ધ્યાન યથાર્થ નથી. 'પરમાત્મ પ્રકાશ'માં લીધું છે ને? સમ્યગ્દર્શનમાં અચક્ષુદર્શનનો ઉપયોગ બરાબર છે. સામાન્ય. સમ્યગ્દર્શનમાં, ભાઈ! 'પરમાત્મ પ્રકાશ'માં આવે છે. અચક્ષુદર્શન ઉપયોગ. બધું છે. બે ઠેકાણે. સમ્યગ્દર્શનમાં એ અચક્ષુ એટલે સામાન્ય બધું છે એવો એનો બરાબર ઉપયોગ સાચો હોય. મિથ્યાદર્શનનો ઉપયોગ શું? ભેદ નથી. પણ એને વિપરીત ઉપયોગ છે. સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાન કરીને ભગવાને કહેલા **'દ્રવ્ય ઔર પર્યાયોં કો જાનતા હૈ, સમ્યક્ત્વ સે દ્રવ્ય**

**પર્યાય સ્વરૂપ સત્તામયી વસ્તુ કા શ્રદ્ધાન કરતા હૈ...**' બેય લીધી. ભેગી છે ને આમ? છે તો શ્રદ્ધા દ્રવ્યની પણ એમાં પર્યાય છે એવી શ્રદ્ધા ભેગી આવે છે. '**સમ્યક્ત્વ સે...**' આ સમ્યગ્દર્શન–શ્રદ્ધા. એ શ્રદ્ધા છે. અને પહેલું સમ્યગ્દર્શન (કહ્યું) એ ઉપયોગ છે. આ શું કહે છે? આવી વ્યાખ્યા, આવું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર જે અનાદિથી ચાલ્યા આવે છે, એના વિષે આવો માર્ગ હોય. આવો માર્ગ બીજે કલ્પિત થયેલા અને અજ્ઞાનીઓએ ઉભા કરેલા માર્ગો, એમાં આ વાત હોતી નથી. સમજાણું કાંઈ?

દર્શનઉપયોગ, લ્યો, સમજાણું? શ્વેતાંબરમાં પણ કેવળીને દર્શનઉપયોગ પહેલો અને જ્ઞાનઉપયોગ પછી કહે છે. એ ખોટી વાત છે. સમજાણું કાંઈ? કેવળીને એમ હોઈ શકે નહિ. છદ્મસ્થને હોય. છદ્મસ્થને દર્શનપૂર્વક જ્ઞાન (હોય). એ તો પહેલો દર્શનઉપયોગ હોય પછી જ્ઞાનઉપયોગ હોય. છદ્મસ્થને. કેવળીને નહિ. કેવળીને એક સમયે દર્શન અને જ્ઞાનઉપયોગ બેય એકસાથે હોય. સમજાણું કાંઈ? એ વસ્તુનો આખો માર્ગ ફેરવી નાખ્યો છે. અન્યમાં તો નથી પણ આ જૈનમાં સંપ્રદાય ઉભો થયો, આખો માર્ગ ફેરવી નાખ્યો. એક એક વાતમાં મૂળ તો એ કહેવા માગે છે અંદર. સમજાણું કાંઈ? આ વાત લાગે એવી માણસને કે આ પક્ષ છે. પક્ષ નથી, વસ્તુનું આવું સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? દિગંબર ધર્મ એ વીતરાગનો ધર્મ એ જૈનદર્શન ધર્મ અનાદિનો છે ઇ. એ કોઈ પક્ષની વાત નથી, એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એ બીજા સાથે ક્યાંય મેળવવા માગે (તો) બીજા સાથે ક્યાંય મળે એવું નથી. વિશ્વધર્મ. વિશ્વધર્મ તો આ દિગંબર ધર્મ વિશ્વધર્મ છે. વિશ્વ નામ સમસ્ત વસ્તુનું સત્યપણું જાહેર કરનાર.

એક વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને અનાદિથી સનાતન ધર્મ પરંપરાએ ચાલ્યો આવે છે. 'કુંદકુંદાચાર્યે' એને સ્પષ્ટ કર્યો. આ માર્ગ છે, ભાઈ! ભારે કામ આકરું પડે. વિચાર કરવાનું આકરું પડે. જેમાં જન્મ્યો હોય એમાંથી નીકળવું (આકરું પડે).

મુમુક્ષુ :– જન્મ્યો છે જ ક્યાં.

ઉત્તર :– જન્મ્યો એનામાં, આ મારો બાપ અને આ મારી માં. એમ માન્યું છે ને? અમારા મા-બાપનો ધર્મ આ. એક જણો કહેતો હતો. મા-બાપનો ધર્મ છોડો છો? કોણ કહેતું હતું હમણા કો'ક? કો'ક કહેતું હતું અહીં માણસ (હતો). મા-બાપનો ધર્મ છોડાય? ગમે એવું હોય નહિ. આપણો મા-બાપનો ધર્મ છે. કહે છે ને. કહે છે. પણ મા-બાપનો ધર્મ... મા-બાપ ગયા હોય નરકે તો તારે નરકે જાવું?

અહીં તો વીતરાગ પરમેશ્વર નિર્ગ્રંથ માર્ગ મુનિનો તે જૈનદર્શન સિદ્ધ કરે છે અહીં તો. સમજાણું કાંઈ? પેલું '**मिच्छादंसणमग्गे**' એમ હતું ને એમાં? એ બીજો માર્ગ મિથ્યાદર્શનનો છે. એવી વાત છે, ભાઈ! ૧૭મી ગાથામાં કહ્યું. 'કુંદકુંદાચાર્ય' મૂળ સ્પષ્ટ તો આ કરવા માગે છે. સમજાણું કાંઈ? સારું લાગે, ન લાગે એથી કરીને સત્ય કંઈ ગોપવાય નહિ. સત્ય તો સત્ય રહેશે. એ કંઈ કોઈનું ઢાંક્યું નહિ ઢંકાય. માર્ગ તો આ છે, ભાઈ!

અંદર સમ્યગ્દર્શનમાં એને એ શ્રદ્ધા આવવી જોઈએ કે મુનિમાર્ગ એટલે મોક્ષનો માર્ગ અંતર

અનુભવનું દર્શન, એનું સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી ચારિત્ર અને બાહ્ય મુદ્રા નગ્ન, આ જ માર્ગ અનાદિનો જૈનદર્શન છે. એમાં કાંઈ પણ ફેરફાર (હોય) એ જૈનદર્શન નથી. કહો, સમજાણું કાંઈ? આકરું લાગે, ભાઈ! કેટલાક ભગવાનની ભક્તિ (કર્યા કરે). ભક્તિ કરો આપણે તો, ભક્તિમાં નિર્જરા થઈ જશે. એ વીતરાગનો માર્ગ નથી. એ જૈનમાર્ગથી અનેરો માર્ગ છે. સમજાણું કાંઈ? પરની ભક્તિ, ભગવાનની, મૂર્તિની, પરમાત્માની ભક્તિ એ શુભભાવ છે, એ કંઈ નિર્જરા અને સંવર છે એમ નથી. દયાનો ભાવ જેમ શુભભાવ છે, એ ધર્મ નથી. એમ ભક્તિનો ભાવ શુભ છે, ધર્મ નથી. એને ધર્મ મનાવે છે એ જૈનદર્શન નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો (કહે છે), **'સમ્યક્ત્વ સે દ્રવ્ય પર્યાય સ્વરૂપ સત્તામયી વસ્તુ કા શ્રદ્ધાન કરતા હૈ...'** મૂળ તો સમ્યગ્દર્શનનો વિષય તો ધ્રુવ છે, ધ્રુવ. સમજાણું કાંઈ? એકલું દ્રવ્ય અભેદ અખંડ. પણ એ શ્રદ્ધે છે પર્યાય કે જે પર્યાયની પણ એમાં શ્રદ્ધા છે એમ કહેવામાં આવે છે. શ્રદ્ધે છે પર્યાય, ધ્રુવને શ્રદ્ધે છે તો પર્યાયને? કાર્ય તો પર્યાયમાં છે ને? પણ એ પર્યાય છે અને દ્રવ્ય ધ્રુવ છે એવું શ્રદ્ધામાં હોય છે. એનો વિષય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ... વિષય દ્રવ્ય છે.

ઉત્તર :– દ્રવ્ય છે પણ શ્રદ્ધામાં ખ્યાલમાં છે ને એના જ્ઞાનથી. પર્યાય છે એ ખ્યાલ સહિત દ્રવ્યની શ્રદ્ધા કરી છે. એમ. સમજાણું? પર્યાય છે અને પર્યાય તેને શ્રદ્ધે છે. દ્રવ્યને દ્રવ્ય શ્રદ્ધતું નથી. સમજાણું કાંઈ આમાં? જ્ઞાનપ્રધાન કથન કર્યું છે. પેલામાં નથી કહ્યું? કથંચિત્ પર્યાય છે એને લક્ષ રાખીને દ્રવ્યની દૃષ્ટિ કરવી. આવે છે ને ભાવાર્થમાં? 'સમયસાર'માં. વ્યવહાર પણ છે, પર્યાય પણ છે. એકલું દ્રવ્ય જ છે એમ શ્રદ્ધે તો પર્યાયનું લક્ષ વયું જાય તો એ શ્રદ્ધા સાચી નથી. પર્યાય નથી એમ નહિ. છે, આવે છે. ભાવાર્થમાં નથી આવતું? આવે ને, આવે. વાત તો જેમ છે એમ આવે તો ખરી ને. એથી શું? સમ્યગ્દર્શનનો વિષય પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ? પણ આત્મા વસ્તુ છે, પૂર્ણ ધ્રુવ નિત્યાનંદ અને એની પર્યાય. એ પર્યાય દ્રવ્યને સ્વીકારે છે. પણ એ પર્યાય છે એમ એની શ્રદ્ધામાં જ્ઞાનપ્રધાન કથનમાં એને આવવું જોઈએ. એમ કહે છે. છે ને, લખાણ નથી આવતું? 'સમયસાર'માં આવે છે. એથી કરીને એનો–દર્શનનો વિષય પર્યાય છે એમ નહિ. એના લક્ષમાં હોવું જોઈએ કે પર્યાય છે, રાગ છે, છતાં મારી શ્રદ્ધાનો વિષય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ભારે કામ આકરું.

મુમુક્ષુ :– જવાબદારીવાળું કામ..

ઉત્તર :– વસ્તુ એવી છે ત્યાં એમાં બીજું થાય શું? કંઈ ભગવાને કરી છે? ભગવાને કંઈ કરી છે? છે એવું જણાવ્યું છે. સમજાણું કાંઈ? પર્યાયને ગૌણ કરીને એને અભૂતાર્થ જૂઠી કીધી છે. અભાવ કરીને જૂઠી નથી કીધી કાંઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– અભાવ કરીને.. પણ પોતે પર્યાય, શ્રદ્ધા કરે છે પર્યાય. હવે અભાવ કોનો કરવો? આહાહા..! કહો, 'કાંતિભાઈ'! વસ્તુ તો એવી છે, ભાઈ!

**'સમ્યક્ત્વ સે દ્રવ્ય પર્યાય સ્વરૂપ સત્તામયી વસ્તુ કા શ્રદ્ધાન કરતા હૈ ઔર ઇસપ્રકાર દેખના..'** પહેલું કીધું ઇ ઉપયોગ. **'જાનના વ શ્રદ્ધાન હોતા હૈ...'** આવી શ્રદ્ધા હોય, આવું દેખવું હોય, આવું જ્ઞાન હોય **'તબ ચારિત્ર અર્થાત્ આચરણ મેં ઉત્પન્ન હુએ દોષોં કો છોડતા હૈ.'** તો ચારિત્રના દોષ છૂટે. આવું શ્રદ્ધા, જ્ઞાન ન હોય તો ચારિત્રના દોષ છૂટે નહિ. એટલે કે ચારિત્ર થાય નહિ. એમ. માર્ગ એવો છે. કહે છે, એનું દેખવું, જાણવું અને શ્રદ્ધાન હોય તો ચારિત્રના દોષ એટલે અસ્થિરતા છૂટે અને સ્થિરતા પ્રગટ થાય. આહાહા..!

**ભાવાર્થ :–** **'વસ્તુ કા સ્વરૂપ દ્રવ્ય પર્યાયાત્મક સત્તા સ્વરૂપ હૈ...'** દરેક આત્મા અને છએ દ્રવ્ય ભગવાને જોયા, પરમાત્મા કેવળીએ છએ દ્રવ્ય જોયા, એ બધું સ્વરૂપ દ્રવ્ય અને પર્યાય, સામાન્ય અને વિશેષ એ રૂપે સત્તાસ્વરૂપ છે. **'સો જૈસા હૈ વૈસા દેખે જાને શ્રદ્ધાન કરે...'** જુઓ! જેવું છે તેવું દેખે, જાણે, શ્રદ્ધાન કરે. જોયું? એમાં બેય ભેગું આવી ગયું. દ્રવ્ય-પર્યાયસ્વરૂપ. બેય આવી ગયું ને ભેગું સાથે? નાખ્યું છે ને એણે? મૂળમાં તો **'णाणेण दव्वपज्जाया सम्मेण य सद्दहदि'** એની સાથે મેળવ્યું. **'सम्मेण य सद्दहदि'** પેલા બધા સાથે મેળવ્યું. કહો, સમજાણું કાંઈ?

**'વસ્તુ કા સ્વરૂપ દ્રવ્ય...'** દ્રવ્ય એટલે ધ્રુવતા અને પર્યાય એટલે વિશેષ અવસ્થા. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. એ રીતે **'જૈસા હૈ વૈસા દેખે...'** ઉપયોગમાં. જૈસા હૈ તૈસા ઉપયોગ મેં જાને. જૈસા હૈ તૈસા શ્રદ્ધાન કરે **'તબ આચરણ શુદ્ધ કરે...'** વસ્તુનું સ્વરૂપ શ્રદ્ધા, જ્ઞાન અને દેખવામાં જો ભૂલ હોય તો એને ચારિત્ર-ફારિત્ર હોઈ શકે નહિ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જેની વસ્તુની શ્રદ્ધામાં જ ભૂલ છે, જાણવામાં જ ભૂલ છે, દેખવામાં ભૂલ છે એને તો ચારિત્ર હોઈ શકતું નથી. કહે ને કે અમે ચારિત્ર લીધાં છે, આ પંચ મહાવ્રત પાળીએ છીએ. એ ચારિત્ર-ફારિત્ર નથી. શ્રદ્ધા અને જ્ઞાનમાં જ્યાં ભૂલ છે એને ચારિત્ર વ્યવહાર કે નિશ્ચય એક્કેય હોતાં નથી. સમજાણું કાંઈ? **'આચરણ શુદ્ધ કરે...'**

**'સો સર્વજ્ઞ કે આગમ સે વસ્તુ કા નિશ્ચય કરકે આચરણ કરના.'** સર્વજ્ઞ ભગવાન પરમાત્માએ કહેલાં આગમથી વસ્તુનો નિશ્ચય કરે.

મુમુક્ષુ :– આગમ તો પર પદાર્થ છે એનાથી નિશ્ચય...?

ઉત્તર :– પણ ઇ શું કહે છે એમ નિર્ણય કરવામાં તો નિમિત્ત છે ને. નિર્ણય તો પોતાને કરવો છે. ભાવઆગમ છે ને અંદર પોતાનું! કહો, સમજાણું કાંઈ? ભાવઆગમ એટલે જ્ઞાનમાં પોતે એવો નિર્ણય કરવો. જેવું છે તેવું વસ્તુનું સ્વરૂપ. સમજાણું કાંઈ? **'વસ્તુ કા નિશ્ચય કરકે આચરણ કરના.'** એમ કહે છે. વસ્તુનો નિર્ણય કરીને પછી ચારિત્ર અંગીકાર કરવું. અહીં શેની વાત ચાલે છે આ?

મુમુક્ષુ :– ચારિત્રની.

ઉત્તર :– ચારિત્રની નહિ, સમ્યક્ચરણ ચારિત્રની, સમ્યક્ચરણ ચારિત્રની. હજી સંયમચરણ ચારિત્રની પછી લેશે. અહીં તો સમ્યક્ચરણ ચારિત્ર આવું પહેલું હોય તો પછી સંયમચરણ ચારિત્ર હોય. સમજાણું કાંઈ? એને હજી વાસ્તવિક પદાર્થમાં જ ભૂલ છે, દ્રવ્ય-પર્યાયમાં જ ભૂલ છે. સમજાણું કાંઈ? એની શ્રદ્ધામાં તો સાચું જ્યાં નથી, એને ચારિત્ર કેવા? સમજાણું કાંઈ? એને

વ્યવહારે વ્રત હોતાં નથી. આહાહા..! મૂળમાં જેની ભૂલ, બધા પાંદડામાં ભૂલ હોય. મૂળ તો ઇ કહેવા માગે છે. દ્રવ્યનું સ્વરૂપ જેવું સર્વજ્ઞે દિગંબર દર્શનમાં જે અનાદિથી ચાલ્યું આવે છે એવું સ્વરૂપ બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ?

**'વસ્તુ હૈ વહ દ્રવ્ય પર્યાય સ્વરૂપ હૈ. દ્રવ્ય કા સત્તા લક્ષણ હૈ...'** હવે દ્રવ્યની વ્યાખ્યા કરે છે. સત્ દ્રવ્ય લક્ષણં, આવે છે ને? સત્ દ્રવ્ય લક્ષણં. 'તત્ત્વાર્થ સૂત્ર'. **'તથા ગુણપર્યાયવાન કો દ્રવ્ય કહતે હૈં.'** ગુણપર્યયવત્ દ્રવ્યં. બે બોલ લીધા. સત્ દ્રવ્ય લક્ષણં. છે સત્તા એ દ્રવ્યનું લક્ષણ. છે એટલે એ પોતાથી છે એ દ્રવ્યનું લક્ષણ. કોઈને લઈને છે એવું છે નહિ. કોઈ ઈશ્વરકર્તા છે (એમ નથી). લ્યો! સમજાણું કાંઈ? છે, છે એને કરે કોણ? છે એનું લક્ષણ જ સત્તા. દ્રવ્ય લક્ષણ એમ કીધું. દ્રવ્યનું લક્ષણ 'છે', એ એનું લક્ષણ કીધું. નહોતું ને કર્યું એવું દ્રવ્યનું લક્ષણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'દ્રવ્ય કા સત્તા લક્ષણ હૈ...'** 'છે' લક્ષણ. જુઓને! કેટલી વાત કરે છે! 'છે' ઇ દ્રવ્યનું લક્ષણ એટલે? એ દ્રવ્ય નહોતું ને કોઈએ કર્યું અને નવું થયું, એ દ્રવ્યનું લક્ષણ જ નથી, એમ કહે છે. છે.. સત્તા લક્ષણ છે, એ દ્રવ્યનું લક્ષણ છે. છે, ઇ પાછું એનું લક્ષણ ઉત્પાદવ્યયધ્રુવ લક્ષણ સત્ છે. સમજાણું કાંઈ? 'છે' એ દ્રવ્યનું લક્ષણ છે. થયું? છે એટલે કોઈ દિ' નહોતું એમ છે નહિ. કોઈ દિ' નહોતું એટલે એનો કોઈ કર્તા છે એમ છે નહિ. અને છે, એ દ્રવ્યનું લક્ષણ અને છે, એ ઉત્પાવ્યયધ્રુવનું લક્ષણ. ઉત્પાદવ્યયધ્રુવ યુક્તં સત્. સમજાણું કાંઈ? આહાહા..! સમયે સમયે નવી અવસ્થા ઊપજે, જૂની અવસ્થા જાય અને ધ્રુવપણે રહે એ ઉત્પાદવ્યયધ્રુવ સત્નું લક્ષણ (છે). સત્ દ્રવ્યનું લક્ષણ (છે). આહાહા..! જુઓને! કેટલું નાખ્યું છે! 'તત્ત્વાર્થ સૂત્ર'ના ટૂંકા સૂત્ર છે. સમજાણું? ઇ છે ઇ પોતે નવી અવસ્થાએ ઊપજે, જૂની અવસ્થાએ જાય, ધ્રુવપણે છે, એ પોતે આ થાય એમ. એ ઉત્પાદવ્યયધ્રુવ સત્નું લક્ષણ છે. શું કીધું? દ્રવ્યમાં જે પર્યાય નવી થાય એ સત્નું લક્ષણ છે. એનું સત્ છે એનું લક્ષણ છે. એ ઉત્પન્ન થાય એ પરને લઈને ઉત્પન્ન થાય, નિમિત્તને લઈને ઉત્પન્ન થાય એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'!

મુમુક્ષુ :– આત્મા કહેવામાં શું ખામી ...

ઉત્તર :– પણ ખામી વસ્તુમાં નથી, એમ કહે છે. શું આવ્યું મગજમાં સમજાણું?

વસ્તુ છે ઇ છે ઇ એનું લક્ષણ છે. છે–સત્તા એટલે હોવાપણું એનું લક્ષણ છે. આહા..! અને એ હોવાપણાનું લક્ષણ ઉત્પાદવ્યયધ્રુવનું લક્ષણ. આહા..! તેથી હોવાવાળો પદાર્થ નવી નવી અવસ્થાએ ઊપજે એ એના લક્ષણથી ઊપજે છે. પરને લઈને નહિ. આહાહા..!

મુમુક્ષુ :– સ્વ પર બેય કારણ એમ લીધું.

ઉત્તર :– ઇ તો વ્યવહારથી વાત કરે છે, જ્ઞાન કરાવવા. વસ્તુ તો નિશ્ચય તો આ છે.

મુમુક્ષુ :– પણ ઇ જ ગાથાની ટીકામાં લખ્યું છે.

ઉત્તર :– ઇ ગાથાની ટીકામાં ભલે કર્યું. બીજી ચીજ એક જણાવવી છે, નિમિત્ત છે, એટલું. કારણ કે જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે ને. જ્ઞાનનો સ્વભાવ સ્વપરને સ્વતઃ જ્ઞાનગુણ સ્વપર પ્રકાશીક પર્યાય ઉત્પન્ન થાય છે ને? શું કીધું?

મુમુક્ષુ :– પણ ઇ તો છએ દ્રવ્યને લાગુ પડે છે.

ઉત્તર :– છએ દ્રવ્યને (ભલે લાગુ પડે) પણ આપણે તો અહીં આત્માની વાત સિદ્ધ કરવી છે ને. આત્મા નક્કી કરે છે ને બધાનું? બધાનું નક્કી તો ઇ કરનાર છે ને? સમજાણું? પરને જાણે ઇ ખરેખર તો સ્વપર જ્ઞાન સ્વભાવ છે માટે પરને જાણે (છે) કે પર ચીજ છે એટલું. એ ચીજ એની સત્તાથી છે. અને એ ચીજ એના ઉત્પાદવ્યયધ્રુવના લક્ષણ એની સત્તા છે. આના ઉત્પાદને લઈને એનો ઉત્પાદ અને એના ઉત્પાદને લઈને આનો ઉત્પાદ, એવું વસ્તુનું લક્ષણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગ માર્ગ એવો છે, બાપુ! અલૌકિક વાત છે. તેથી કહ્યું ને? સર્વજ્ઞના આગમથી વસ્તુનો નિશ્ચય કર. સમજાણું કાંઈ? બીજાઓએ તો કલ્પિત આગમ બનાવ્યા છે. સમજાણું કાંઈ? આ તો પરમાગમ ભગવાનની વાણી છે. અનંત તીર્થંકરોનું કથન તે 'કુંદકુંદાચાર્ય'નું કથન છે. સમજાણું કાંઈ?

કોઈ પૂછતા હતા, આ કોનું છે? આ આગમ છે. કીધું, ના. આ તો પરમાગમ છે. આ તો બીજી વાત છે. ઘણા પૂછે. આગમ છે ત્યાં ઇ અહીં છે ને? એવું અહીં થાશે ને? કીધું, એવું નહિ. આ તો પરમાગમ. ભગવાનની વાણી જે પરમાગમ અનાદિની સર્વજ્ઞની (છે). 'કુંદકુંદાચાર્યે' કહી એ અનાદિની વાણી છે, ભગવાનની વાણી છે. સમજાય છે કાંઈ? આ પરમાગમ થાશે ને? એટલે ઘણા પૂછે. પેલામાં છે ને ત્યાં? માટે અહીં 'પરમાગમ' નામ આપ્યું છે. કોણે આપ્યું છે? કો'કે આપ્યું છે. 'હિંમતભાઈ'એ? 'વજુભાઈ'એ કોણે આપ્યું કોને ખબર છે. પેલામાં લખ્યું છે. આ છે ને નમૂનો. નમૂનાની હેઠે આવું છે એમાં લખ્યું છે. પરમાગમ મંદિર. પરમાગમ મંદિર તો અહીં (અંદર) છે. પરમાગમ મંદિર તો આત્માની વીતરાગી પર્યાયનું જ્ઞાન, એ પરમાગમ મંદિર છે. પણ એના નિમિત્ત તરીકે બતાવાય છે કે, જુઓ! આ વાત છે. ભગવાન તો ભગવાન છે. એ ભગવાન કાંઈ પ્રતિમામાં આવતા નથી. પ્રતિબિંબ છે, પ્રતિકૃતિ છે ઇ. આવા ભગવાન હતા, આવા ભગવાન હતા. સમજાણું? શું આવ્યું હતું હમણાં કાંઈક? પ્રતિકૃતિ ને... આવ્યું હતું કાંઈક હમણાં અર્થમાં. પ્રતિકૃતિ. શબ્દ આપણે અહીં ક્યાંક આવ્યો હતો. પ્રતિબિંબને ઠેકાણે પ્રતિકૃતિ, એમ કાંઈક આવ્યું હતું. ભૂલી ગયા? અહીં વ્યાખ્યાનમાં આવ્યું હતું.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, એમના જ્ઞાનમાં જે છ દ્રવ્યો પરમાત્માએ દેખ્યા એ આગમમાં કહ્યા છે. એને દ્રવ્યનું લક્ષણ સત્તા અને ગુણપર્યાયવાન દ્રવ્ય કહીએ. ગુણપર્યાયરૂપ દ્રવ્ય છે. બે લક્ષણ થયા ને ઇ? ગુણ એટલે સહવર્તી, પર્યાય એટલે ક્રમવર્તી. એનું સ્વરૂપ તે દ્રવ્ય છે.

**'પર્યાય દો પ્રકાર કી હૈ,...'** પર્યાયના બે પ્રકાર. થોડું થોડું વર્ણન કરે ને? **'સહવર્તી અને ક્રમવર્તી. સહવર્તી કો ગુણ કહતે હૈં...'** સહવર્તી–સાથે રહેનારા અનંતા ગુણો. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ અનંત ગુણ સાથે રહે છે. પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ (આદિ) અનંતા ગુણ સાથે રહે છે. એ સહવર્તી પર્યાય એટલે ભેદ કહેવામાં આવે છે. ક્રમવર્તી પર્યાય. ક્રમે ક્રમે અવસ્થા થાય. ક્રમે થાય, એકસાથે બધી ન હોય. એકસાથે હોય તેને ગુણ કહીએ, ક્રમે ક્રમે હોય એને પર્યાય કહીએ. સમજાણું કાંઈ?

**'દ્રવ્ય સામાન્યરૂપ સે એક હૈ...'** વસ્તુ તરીકે, છે તરીકે એક છે, બધું છે. આખો લોકાલોક બધું છે, એ છે તરીકે તો એક છે. **'તો ભી વિશેષરૂપ સે છહ હૈ,...'** ભાગલા પાડો તો છ વસ્તુ જગતમાં છે. જાતિએ. સંખ્યાએ અનંત (છે). જીવ અનંતા છે, પુદ્‌ગલ અનંતા છે, એક ધર્માસ્તિ નામનો અરૂપી પદાર્થ છે, અધર્માસ્તિ છે, આકાશ અને કાળ (છે). એમ છે.

**'જીવ કે દર્શનમયી ચેતના તો ગુણ હૈ...'** સહવર્તી, ક્રમવર્તીની વ્યાખ્યા કરી. જીવનો દેખવું અને જાણવું એવી ચેતના, દર્શનમયી ચેતના તો ગુણ છે. એ દર્શન અને જ્ઞાન ભેગું (લેવું). સમજાણું? આત્મામાં જાણવા-દેખવારૂપી ચેતના, ચેતના, એ ચેતન આત્મા, ચેતન દ્રવ્ય, એની ચેતના જાણવું-દેખવું એ ચેતના એનો ગુણ. અને **'મતિ આદિક જ્ઞાન...'** એની પર્યાય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન એ એની પર્યાય. કેવળજ્ઞાન પણ એની પર્યાય. સમજાણું કાંઈ? ચેતનાગુણની કેવળજ્ઞાન પર્યાય. જેમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય. એ પર્યાય પણ એક સમયની એક હાલત–દશા છે. એ કંઈ ગુણ નથી. ભારે!

એમ. **'ક્રોધ, માન, માયા, લોભ...'** એ પણ એક વિકારી પર્યાય છે. અને **'નર, નારકાદિ..'** (પેલી) અર્થપર્યાય, આ વ્યંજનપર્યાય. **'નર, નારકાદિ વિભાવ પર્યાય હૈ,...'** આત્માના પ્રદેશમાં મનુષ્યના આકારે, નારકીના આકારે, ઢોરના આકારે પ્રદેશ થાય છે એ એની વિભાવપર્યાય છે. **'સ્વભાવપર્યાય અગુરુલઘુ...'** પુસ્તક નથી? ... સમજાણું કાંઈ? એ મનુષ્યપણું, દેવપણું એનું આ શરીર નહિ. એની પર્યાયમાં આકૃતિ એ વિભાવપર્યાય છે, વિકારી. અને **'સ્વભાવપર્યાય અગુરુલઘુ ગુણ કે દ્વારા હાનિ વૃદ્ધિ કા પરિણમન હૈ.'** દરેક દ્રવ્યમાં અગુરુલઘુ ગુણને લઈને ક્ષણે ક્ષણે એક સમયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિરૂપ પરિણમન (થાય છે) એ સ્વભાવપર્યાય છે. આરે! વસ્તુ આવી છે. આથી વિરૂદ્ધ કોઈ કહે એ વસ્તુને સમજતા નથી. અને વસ્તુને જાણ્યા વિના ધર્મ થાય નહિ, એમ કહે છે.

પોતે કોણ છે, કેમ છે, પર કેમ છે, કોણ છે, એની ખબર વિના ભેદજ્ઞાન શી રીતે કરશે? અને પોતામાં પણ દ્રવ્ય-પર્યાય બે છે, એ વિના પર્યાયથી જુદું દ્રવ્ય એમ ભેદ શી રીતે કરશે? સમજાણું કાંઈ? ઓઘેઓઘે કૂટે, દાણા ક્યાંથી નીકળશે? ફોતરા કૂટે. એમ સમજે વસ્તુ કે આ તો આત્મા છે, કાયમ રહેનાર છે. એની સાથે સહવર્તી ગુણો પણ કાયમ રહેનાર છે. સાથે એટલે ગુણો સાથે, હોં! દ્રવ્ય સાથે નહિ. અને એની ક્ષણે ક્ષણે જ્ઞાનની, ક્રોધાદિની પર્યાય થાય છે. એમ મનુષ્ય, દેવ આદિની પર્યાય વિભાવિક છે. કહો, સમજાણું કાંઈ? એ બધા વિભાવપર્યાયમાં નાખ્યા, એય..! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન, ક્રોધ, માન, માયા, લોભ વિભાવપર્યાય. બધી થઈને વિભાવપર્યાય.

મુમુક્ષુ :– 'નિયમસાર'માં લીધું છે ને.

ઉત્તર :– છે, વિભાવપર્યાય ભેગી છે. કેવળજ્ઞાનને પણ એક ન્યાયે વિભાવ કીધો છે ને? અપેક્ષિત છે ને? સમજાણું કાંઈ? કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા ગણીને. એમ લીધું છે ને? ચાર ભાવ વિભાવભાવ ગણ્યા છે. ઝીણું બહુ. ક્ષાયિકભાવ પણ વિભાવભાવ ગણ્યો છે. કારણ કે

એને નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે ને. વસ્તુનો ત્રિકાળી સ્વભાવ તે પારિણામિકભાવ તે સ્વભાવ. અહીંયાં પર્યાયમાં કેવળજ્ઞાનને વિભાવપર્યાય કહી, ક્રોધને વિભાવ કીધો, મનુષ્ય, દેવ આદિની આકૃતિને વિભાવ કીધો. ત્યારે અગુરુલઘુપર્યાયને સ્વભાવપર્યાય કીધી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકવાર ફરીને કહો.

ઉત્તર :- આત્માના કેવળજ્ઞાન આદિ પર્યાય, ક્રોધ આદિ પર્યાય અને મનુષ્યની દેહ આદિ નહિ પણ મનુષ્યની ગતિ આદિનો અંદર આકાર, એ બધાને વિભાવપર્યાય કીધી. ત્યારે અગુરુલઘુની ષટ્ગુણહાનિવૃદ્ધિ પર્યાયને સ્વભાવપર્યાય કીધી. આને વિભાવ કીધી તો પેલાને સ્વભાવ કીધી. પર્યાયની વાત ચાલે છે ને? સમજાણું કાંઈ? અભ્યાસ ન મળે ને માણસને. વાસ્તવિક તત્ત્વ આવું છે એવું એના જ્ઞાનમાં ન આવે તો એની શ્રદ્ધા ફરશે શી રીતે? અને શ્રદ્ધા થયા વિના ચારિત્ર હોય ક્યાંથી? એમ કહે છે. સમજાણું કાંઈ? પેલામાં તો કરો ભક્તિ કરો ભગવાનની, જાઓ! એ આપી દેશે, આપણે ભગવાનને પકડો. ઉદ્ધાર કરવાનો આધાર ભગવાનને છે. એ આપણો હાથ પકડશે.

મુમુક્ષુ :– ભગવાન સમજાવે તો ખરા ને.

ઉત્તર :– ઇ કહે છે કે સમજાવે નહિ. હાથ પકડે નહિ. ઇ સમજણવાળો સમજે પોતે. અહીં આવ્યું ને? સ્વભાવિક પર્યાયનો ઉત્પાદ, એ લક્ષણ છે સત્તાનું અને સત્તા લક્ષણ છે દ્રવ્યનું. એટલે ઉત્પાદનું લક્ષણ એ ઉત્પાદસત્તાથી ઉત્પાદ થાય છે. એના હોવામાં ઉત્પાદ થાય છે. બીજાના હોવાને લઈને ઉત્પાદ થાય છે એમ છે નહિ. એવો માર્ગ છે.

એ જીવની વાત કરી. જીવના ગુણ અને જીવની પર્યાય, બેની વાત કરી. ગુણમાં શું લીધું? કે ચેતનાગુણ. દ્રવ્ય શું? જીવ. આત્મા એ દ્રવ્ય વસ્તુ. એનો ચેતના એ ગુણ. મતિજ્ઞાન આદિ પર્યાય, ક્રોધાદિ અવસ્થા, નરકાદિ વ્યંજન અવસ્થા. એ બધી વિભાવપર્યાય. સ્વભાવપર્યાય અગુરુલઘુ. કેટલું યાદ રાખવું આમાં? આમાં શું યાદ રાખવું હતું? દુકાનના ધંધામાં કેટલું યાદ રાખે છે. હેરાન થવાના રસ્તામાં. આ લાદીમાં આ ભાત પાડવી ને આ લાદીમાં આ ભાત પાડવી. ફલાણું આ કરવું. કેટલી ભાત જોઈ હતી, હોં! ત્યાં 'જામનગર'. છે ને એક? છે ને કોઈ 'વઢવાણ'નો? બહાર છે, બહાર. બહાર બે વાર ઉતર્યા હતા. બે-ત્રણ વાર. હમણાં પણ ત્યાં ઉતર્યા હતા. લાદીની ભાત હોય. આહા..! ઇ બધું યાદ રાખે છે કે નહિ? બંગડી-બંગડીનું યાદ રાખે છે કે નહિ?

આ તો તું એક કાયમી ચીજ છો. એક. અને તે ચીજ છે ગુણવાળી. એનામાં ચેતનાગુણ છે. હવે એ ગુણ છે એમાં વર્તમાન પરિણમન થાય છે. પરિણમવું એટલે બદલવું થાય છે. એક જ્ઞાનનું બદલવું અને એક વિકારનું બદલવું અને નર, નારકી આદિ વ્યંજન(પર્યાય), એ બદલવું થાય છે. એને અહીંયા વિભાવપર્યાય કહે છે. વિશેષ પર્યાયમાં આવી જાતની. અને અગુરુલઘુ સ્વભાવિક (પર્યાય) છે. એને સ્વભાવિક પર્યાય કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ક્ષાયિકભાવ-કેવળજ્ઞાનની પર્યાય પણ...

ઉત્તર :– કેવળજ્ઞાન પણ વિભાવપર્યાય. નિમિત્તની અપેક્ષા આવી ને? કર્મના નિમિત્તનો

અભાવ. કેવળજ્ઞાનાવરણીનો અભાવ. અપેક્ષિત વાત છે ને. ચાર ભાવને જ વિભાવભાવ કહ્યા છે. આહાહા..! એક ત્રિકાળ જ્ઞાયકભાવ. ધ્રુવ ભગવાન સ્વભાવ. એ એક સ્વભાવભાવ છે. પર્યાયમાં અગુરુલઘુની સ્વભાવપર્યાય ગણી છે. સમજાણું કાંઈ? છે, થોડું થોડું આમાં છે. ષટ્ પાહુડમાં. એમાંથી લીધું છે. સૂક્ષ્મ સ્વભાવપર્યાય. એ સૂક્ષ્મ સ્વભાવપર્યાય ભગવાનના જ્ઞાનગમ્ય. એક સમયમાં ષટ્ પ્રકારનું પરિણમન. એવી વાત સર્વજ્ઞે જોયેલા તત્ત્વમાં હોય, પણ બીજાએ જોયું નથી એટલે એના તત્ત્વમાં આ વાત હોઈ શકે નહિ. અને જેને સર્વજ્ઞ થાવું છે એણે આવા તત્ત્વની શ્રદ્ધા અને જ્ઞાન પહેલું કરવું જોઈએ. અને શ્રદ્ધા, જ્ઞાન કર્યા પછી એમાં ઠરવાની ક્રિયા થાય એને ચારિત્ર કહેવાય. ચારિત્ર થાય તો સર્વજ્ઞ થાય.

આમ ઘરમાં મજા કરવી ને રળવું, ખાવું-પીવું ને કેવળજ્ઞાન થાય, એમ નહિ, એમ કહે છે. માને ને બાયડી, છોકરા ભેગા રહે, મોટા મહેલ-મકાન બનાવે. આહાહા..! એ તો બધી ઉપાધિનો વિકલ્પ છે, કહે છે. એ વિકલ્પ પણ મેલ છે અને વિકારી પર્યાય છે. એની સાથે ગુણ ત્રિકાળી ચેતનાગુણ છે અને એની સાથે એનો ધરનાર દ્રવ્ય ચૈતન્ય છે. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ન જાય તો એની સાચી શ્રદ્ધા કોઈ દિ' થાય નહિ. સાચી શ્રદ્ધા વિના શેમાં ઠરવું એ ચીજની તો શ્રદ્ધા થઈ નહિ. જેમાં ઠરવું છે, ચારિત્ર, એ ચીજની તો ખબર નથી. તો ચારિત્ર ક્યાંથી આવશે? આ ચારિત્રપાહુડ છે. એમાં સમ્યગ્દર્શનચરણ ચારિત્રની આ વ્યાખ્યા મુખ્ય છે. સમજાણું કાંઈ?

બાર મહિના આ ભણવાની મહેનતું કરી હોય, નાપાસ થાય પછી એવો કંટાળો આવે. બે-ત્રણ મહિના ભણવું તો પડતું હશે ને પાછું પાસ થવા માટે? છ મહિના? ત્યાં નિશાળે કે ઘરે? કહો, એને એવું લાગે અંદર. આહાહા..! આટલા મહિના મહેનત કરી, મા-બાપના પૈસા ખર્ચાણા, ચોપડાના. થોકડાના. હવે આ છ મહિના મોઢું વીલું-ભીનું કરીને... આહાહા..! પાછું પાસ થવા માટે છ મહિના ભણવું પડે, મહેનત કરીને. સમજાણું? એમાં એને કંટાળો આવે. આ તો અલૌકિક વાત છે. જે ભણ્યો ઇ ભણ્યો, પાછું ફરે નહિ. નાપાસ જ ન થાય એમ કહે છે. સમજાણું કાંઈ? ઉપયોગ હણાય જ નહિ.

એ જીવની વાત કરી. હવે પુદ્ગલ. આ શરીર, શરીર. માટી આ પુદ્ગલ એની વ્યાખ્યા કરે છે. આ રજકણો પુદ્ગલદ્રવ્ય છે. એના **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણરૂપ મૂર્તિકપના તો ગુણ હૈ...'** રંગ, ગંધ, રસ અને સ્પર્શ એ પરમાણુ આ માટીનો જડનો ગુણ છે. **'ઔર સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કા ભેદરૂપ પરિણમન...'** કાળી, ધોળી આદિ અવસ્થા ભેદરૂપ થઈ ને? પેલો ગુણ અભેદ છે. **'ભેદરૂપ પરિણમન તથા અણુ સે સ્કંધરૂપ હોના...'** વ્યંજન. વ્યંજન કહેવું હતું ને? **'અણુ સે સ્કંધરૂપ હોના તથા શબ્દ, બંધ આદિરૂપ હોના ઇત્યાદિ પર્યાય હૈ.'** આ શબ્દ ઇ જડની પર્યાય (છે). વાણી આ શબ્દની જડની પર્યાય છે, આત્માની નહિ. સમજાણું કાંઈ? પુદ્ગલદ્રવ્યના સ્પર્શ, રસ, ગંધ, રંગ-વર્ણ એ રંગ, મૂર્તિકપણું તો ગુણ છે અને સ્પર્શ, રસ, ગંધનું ભેદરૂપ પરિણમન, એ સ્પર્શનું ટાઢું, ઊનું પરિણમન, ગંધનું સુગંધ-દુર્ગંધ પરિણમન, રસનું મીઠું, કડવું પરિણમન એ બધી પર્યાય છે. અને એક રજકણથી આ સ્કંધ ભેગો થાય, એ પણ પર્યાય વિભાવિક છે. જુઓ! પુદ્ગલની આ.

ઘણા રજકણ ભેગા થઈને આ જડ માટી આંગળી થઈ છે. ઘણા રજકણ ભેગા થઈને લાડવો થયો છે. એ બધી પર્યાય છે. કાયમ ટકે એ ચીજ નથી. સમજાણું? **'તથા શબ્દ, બંધ આદિરૂપ હોના ઇત્યાદિ પર્યાય હૈ.'** શબ્દ થવો, બંધ થવો, કર્મની પર્યાય બંધાય, છૂટે.

વળી **'ધર્મ, અધર્મ દ્રવ્ય કે ગતિહેતુત્વ,...'** હવે જરા સૂક્ષ્મ વાત છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ બે જુદા દ્રવ્ય–પદાર્થ છે. એ દ્રવ્યનો ગતિહેતુ, સ્થિતિહેતુપણું ગુણ છે. **'ઔર ઇસ ગુણ કે જીવ-પુદ્ગલ કે ગતિ-સ્થિતિ કે ભેદોં સે...'** એટલે પર્યાય છે. એ પોતાનું પરિણમન છે તે પર્યાય છે. નિમિત્તથી વાત કરી. ભેદ કીધું છે ને? **'પુદ્ગલ કે ગતિ-સ્થિતિ કે ભેદોં સે ભેદ હોતે હૈં...'** ગતિ, સ્થિતિનો ગુણ ત્રિકાળી છે એનું ભેદરૂપ વર્તમાન પરિણમન તે પર્યાય છે. **'અગુરુલઘુ ગુણ કે દ્વારા હાનિ-વૃદ્ધિ કા પરિણમન હોતા હૈ જો સ્વભાવ પર્યાય હૈ.'** પુદ્ગલમાં પણ. આ ધર્માસ્તિ, અધર્માસ્તિ. સમજાણું?

વળી **'આકાશ કા અવગાહન ગુણ હૈ...'** આકાશ નામનો પદાર્થ છે, એનો અવગાહના ગુણ (છે). **'જીવ, પુદ્ગલ આદિ કે નિમિત્ત સે પ્રદેશ ભેદ કલ્પના કિયે જાતે હૈં વે પર્યાય હૈં...'** દ્રવ્ય, વ્યંજનપર્યાય કીધી એ.

મુમુક્ષુ :– પેલામાં અગુરુલઘુની જ વાત લીધી.

ઉત્તર :– ક્યાં? ભેદરૂપ પર્યાય એ અગુરુલઘુ. એનો પોતાનો પર્યાય છે ને. ધર્માસ્તિ, અધર્માસ્તિ **'ભેદોં સે ભેદ હોતે હૈં વે પર્યાય હૈં તથા અગુરુલઘુ...'** બેય પર્યાય છે. એક અગુરુલઘુ છે અને એક ગુણનો પર્યાય થાય છે ને વર્તમાન? એને પર્યાય કીધી. અગુરુલઘુ તો સામાન્ય બધાને છે. એનો ગુણનો પર્યાય થાય છે ને? એને પર્યાય કીધી. બે કીધી ને, બે કીધી છે. વિભાવ નથી, એમ. બેય સ્વભાવિક છે. ધર્માસ્તિ, અધર્માસ્તિમાં એના ગુણનું પરિણમન થાય છે ને એ પર્યાય છે અને અગુરુલઘુની પર્યાય, બે. વિભાવપર્યાય નથી. એમ.

**'આકાશ કા અવગાહના ગુણ હૈ ઔર જીવ-પુદ્ગલ આદિ કે નિમિત્ત સે પ્રદેશ ભેદ કલ્પના કિયે જાતે હૈં તથા હાનિ-વૃદ્ધિ કા પરિણમન વહ સ્વભાવ પર્યાય હૈ.'** એ સ્વભાવપર્યાય છે અને ઓલી પર્યાય સ્વભાવ છે. ન્યાં કાંઈ કોઈ વિભાવ છે નહિ. **'કાલદ્રવ્ય કા વર્તના તો ગુણ હૈ...'** થોડું થોડું તો નાખવું જોઈએ ને, પાઠમાં નાખ્યું છે તો. **'જીવ ઔર પુદ્ગલ કે નિમિત્ત સે સમય આદિ કલ્પના સો પર્યાય હૈ...'** એની અવસ્થા તે પર્યાય. એ સ્વભાવ પર્યાય. જોયું? **'હાનિ-વૃદ્ધિ કા પરિણમન વહ સ્વભાવ પર્યાય હૈ ઇત્યાદિ.'** લ્યો. પેલો પર્યાય કાળ કહેવાય, એનો વ્યવહાર. એક સમયની અવસ્થા છે ને, એ વ્યવહાર.

ઇત્યાદિ, **'ઇનકા સ્વરૂપ જિન આગમ સે જાનકર..'** લ્યો. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા આગમથી જાણી **'દેખના, જાનના, શ્રદ્ધાન કરના, ઇસસે ચારિત્ર શુદ્ધ હોતા હૈ.'** આ જો ન હોય તો ચારિત્ર હોઈ શકે નહિ, એમ કહે છે. તો ચારિત્ર શુદ્ધ હોય. **'બિના જ્ઞાન, શ્રદ્ધાન કે આચરણ શુદ્ધ નહીં હોતા હૈ,...'** લ્યો. સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા અને આચરણ **'શુદ્ધ નહીં હોતા હૈ,...'** વિના જ્ઞાન, શ્રદ્ધાન આચરણ શુદ્ધ ન હોય. એમ કહે છે. સાચા જ્ઞાન અને સાચા શ્રદ્ધાન વિના ચારિત્ર શુદ્ધ હોય નહિ. ખોટું હોય ચારિત્ર. એમ. સમજાણું કાંઈ? આરે! આવો માર્ગ સમજવો ભારે, ભાઈ! વખત

કાઢવો ક્યાંથી પણ? ચોવીસ કલાકમાં આ સંસારનું કરવું કે અમારે આ કરવું? બાપુ! ઇ તો સંસારના તો વિકલ્પો કર્યા જ કરે છે. એ કાંઈ નવા નથી. એ તો અનાદિથી (કર્યા જ કરે છે). વિકલ્પ, હોં! ક્રિયા નહિ. કર્યા જ કરે. સંકલ્પ, વિકલ્પ... સંકલ્પ, વિકલ્પ.. સંકલ્પ, વિકલ્પ... સત્તાના સ્વભાવનું ભાન નથી. આ શું છે એનું જ્ઞાન, શ્રદ્ધાન સાચું ન હોય તો એનું આચરણ ચારિત્ર વર્તન સાચું હોઈ શકે નહિ. એમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–...

ઉત્તર :– કહ્યું ને. ઇ તો એની વાત કરી.

મુમુક્ષુ :– વિસ્તાર..

ઉત્તર :– આ વિસ્તાર થઈ ગયો ને, આટલું બધું લીધું.

આત્મા સંસારના સંકલ્પ, વિકલ્પ તો અનાદિથી કરતો આવે છે. સંકલ્પ, વિકલ્પ, હોં! બાકી કાંઈ કરતો નથી. હવે ઇ સંકલ્પ, વિકલ્પ કર્યા કરે છે, એ તો દુઃખના પંથે અનાદિનો પડ્યો છે. હવે એ સંકલ્પ, વિકલ્પથી પાર કોઈ બીજી ચીજ છે કે નહિ? એ ચીજનું એણે બરાબર જ્ઞાન કરવું જોઈએ, સામાન્ય-વિશેષનું, એની શ્રદ્ધા કરવી જોઈએ, એનો ઉપયોગ કરવો જોઈએ. એવી શુદ્ધ શ્રદ્ધા જો હોય તો પછી આચરણ–ચારિત્ર શુદ્ધ હોય. નહિતર તો ચારિત્ર હોઈ શકે નહિ. જેના જ્ઞાન અને શ્રદ્ધાના શુદ્ધતાના ઠેકાણા નથી, એકડાના ઠેકાણા નથી, એના ચારિત્ર અને વ્રત કોઈ દિ' હોઈ શકે નહિ, એમ કહે છે.

ચારિત્રપાહુડ છે પણ એમાં સમ્યગ્દર્શનચરણ ચારિત્ર પહેલું છે એમ સિદ્ધ કરવું છે. પાયા વિના મકાન શેના ઉપર લેવું? ચારિત્રનો અધિકાર છે તો આ લીધું. કાલે ભાઈએ લીધું હતું. સમ્યક્ચરણ ચારિત્ર એ સ્વરૂપાચરણ ચારિત્ર છે. ભાઈએ કાલે લીધું હતું. પંડિતજી 'મુન્નાલાલ'. 'મુન્નાલાલ'. એમ કે, આ સમ્યક્ચરણ ચારિત્ર છે એ જ સ્વરૂપાચરણ ચારિત્ર (છે). ના પાડો તો આગમથી વિરોધ થશે. અનંતાનુબંધી ગયો પછી સ્વરૂપમાં કંઈ સ્થિરતા આવે નહિ તો પછી અનંતાનુબંધીનો અભાવ થયો એનું શું ફળ? આહાહા..! એણે લખ્યું છે. ચર્ચા ચાલે છે, ચર્ચા ચાલે. શું કરે?

મુમુક્ષુ :– ... એ ખોટું?

ઉત્તર :– હા, એ ખોટું. આધાર આચાર્યનો નથી. 'રતનચંદજી' એમ લખે છે. પંડિતોમાં ને પંડિતોમાં વિરોધ ચાલ્યો. અત્યાર સુધી પડ્યા હતા. આહા..!

અહીં તો કહે છે, જ્યાં આત્મા પરિપૂર્ણ વસ્તુ છે એની શ્રદ્ધા ને એનું જ્ઞાન જ્યાં સાચું નથી, એના આચરણ અને ચારિત્ર કોઈ દિ' સાચા હોઈ શકે નહિ. એના દોષ ટળે નહિ અને નિર્દોષતા પ્રગટ થાય નહિ. '**બિના જ્ઞાન, શ્રદ્ધાન કે આચરણ શુદ્ધ નહીં હોતા હૈ, ઇસપ્રકાર જાનના.**' લ્યો.

आगे कहते हैं कि ये सम्यग्दर्शन, ज्ञान, चारित्र तीन भाव मोहरहित जीव के होते हैं, इनका आचरण करता हुआ शीघ्र मोक्ष पाता हैः-

## ગાથા-૧૯

एए तिण्णि वि भावा, हवंति जीवस्स मोहरहियस्स।
णियगुणमाराहंतो, अचिरेण य कम्म परिहरइ।।19।।

एते त्रयोऽपि भावाः भवंति जीवस्य मोहरहितस्य।
निजगुणमाराधयन् अचिरेण च कर्म परिहरति।।19।।

રે હોય છે ભાવો ત્રણે આ, મોહવિરહિત જીવને;
નિજ આત્મગુણ આરાધતો તે કર્મને [1]અચિરે તજે. ૧૯.

अर्थ :- ये पूर्वोक्त सम्यग्दर्शन - ज्ञान - चारित्र तीन भाव हैं, ये निश्चयसे मोह अर्थात् मिथ्यात्वरहित जीवके ही होते हैं, तब यह जीव अपना निजगुण जो शुद्ध दर्शन-ज्ञानमयी चेतनाकी आराधना करता हुआ थोड़े ही कालमें कर्मका नाश करता है।

भावार्थ :- निजगुणके ध्यानसे शीघ्र ही केवलज्ञान उत्पन्न करके मोक्ष पाता है।।19।।

## ગાથા-૧૯ ઉપર પ્રવચન

**'आगे कहते हैं कि ये सम्यग्दर्शन ज्ञान चारित्र तीन भाव मोहरहित जीव के होते हैं,...'** દેખો! હવે એ ત્રણે રાગરહિત અને વિકારરહિત ત્રણ દશા છે, એમ સિદ્ધ કરવી છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણ પ્રકારની પર્યાય છે. તે મોહરહિત જીવને હોય છે. મિથ્યાદર્શન રહિત એવા જીવને એ ત્રણ ભાવ હોઈ શકે છે. જેને મિથ્યાદર્શન છે એને આ ત્રણ પર્યાય નિર્મળ હોઈ શકે નહિ. વિશેષ વાત કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

૧. અચિરે = અલ્પકાળમાં

आगे इस सम्यक्त्वाचरण चारित्रके कथनका संकोच करते हैं:-

## ગાથા-૨૦

संखिज्जमसंखिज्जगुणं, च संसारिमेरुमत्ता[1] णं।
सम्मत्तमणुचरंता, करेंति दुक्खक्खयं धीरा।।20।।

संख्येयामसंख्येयगुणां संसारिमेरुमात्रा णं।
सम्यक्त्वमनुचरंतः कुर्वन्ति दुःखक्षयं धीराः।।20।।

સંસારસીમિત નિર્જરા અણસંખ્ય-સંખ્યગુણી કરે,
સમ્યક્ત્વ આચરનાર ધીરા દુઃખના ક્ષયને કરે. ૨૦.

अर्थ :- सम्यक्त्वका आचरण करते हुए धीर पुरुष संख्यातगुणी तथा असंख्यातगुणी कर्मोंकी निर्जरा करते हैं और कर्मोंके उदयसे हुए संसारके दुःखका नाश करते हैं। कर्म कैसे हैं ? संसारी जीवोंके मेरु अर्थात् मर्यादा मात्र हैं और सिद्ध होनेके बाद कर्म नहीं है।

भावार्थ :- इस सम्यक्त्वका आचरण होनेपर प्रथम कालमें तो गुणश्रेणी निर्जरा होती है, वह असंख्यातके गुणाकाररूप है। पीछे जबतक संयमका आचरण नहीं होता है तबतक गुणश्रेणी निर्जरा नहीं होती है। वहाँ संख्यातके गुणाकाररूप होती है इसलिये संख्यातगुण और असंख्यातगुण इसप्रकार दोनों वचन कहे। कर्म तो संसार अवस्था है, जबतक है उसमें दुःखका कारण मोहकर्म है, उसमें मिथ्यात्वकर्म प्रधान है। सम्यक्त्वके होनेपर मिथ्यात्वका तो अभाव ही हुआ और चारित्रमोह दुःखका कारण है, सो यह भी जबतक है तबतक उसकी निर्जरा करता है, इसप्रकार अनुक्रमसे दुःखका क्षय होता है। संयमाचरणके होनेपर सब दुःखोंका क्षय होवेगा ही। सम्यक्त्वका माहात्म्य इसप्रकार है कि सम्यक्त्वाचरण होनेपर संयमाचरण भी शीघ्र ही होता है, इसलिये सम्यक्त्वको मोक्षमार्गमें प्रधान जानकर इसहीका वर्णन पहिले किया है।।20।।

**પ્રવચન નં. ૪૨, ગાથા-૨૦ થી ૨૩. બુધવાર, અષાઢ વદ ૪, તા. ૨૨-૦૭-૧૯૭૦**

‘અષ્ટપાહુડ’માં ચારિત્રપાહુડ. ૨૦મી ગાથા. સમ્યક્ચરણ ચારિત્રની આ છેલ્લી ગાથા છે. ચારિત્રના બે ભેદ છે. પહેલું સમ્યક્ચરણ ચારિત્ર. એ હોય તો સંયમચરણ ચારિત્ર હોય. એ માટે પહેલી વાત એ કહી.

1. ‘संसारिमेरुमत्ता’ ‘सासारि मेरुमित्ता’ इसका सटीक संस्कृत प्रतिमें सर्षपमेरुमात्रां इसप्रकार है।

**'આગે ઇસ સમ્યક્ત્વચરણ ચારિત્ર કે કથન કા સંકોચ કરતે હૈં :–'**

**संखिज्जमसंखिज्जगुणं, च संसारिमेरुमत्ता णं।**

**सम्मत्तमणुचरंता, करेंति दुक्खक्खयं धीरा।।20।।**

**અર્થ :– 'સમ્યક્ત્વ કા આચરણ કરતે હુએ ધીર પુરુષ...'** **'સમ્યક્ત્વ કા આચરણ કરતે હુએ..'** એટલે? આવી ગયું છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્યની આરાધન દૃષ્ટિ થઈને સમ્યક્ચરણમાં પચ્ચીસ દોષ આદિનો ત્યાગ, નિઃશંક આદિ પર્યાયની ઉત્પત્તિ, પૂર્ણ ભગવાનઆત્માનો સ્વભાવ, એમાં નિઃશંક, નિઃકાંક્ષ આદિની દશા થાય એને સમ્યક્ચરણ ચારિત્ર કહેવામાં આવે છે. **'સમ્યક્ત્વ કા આચરણ કરતે હુએ ધીર પુરુષ...'** સમકિતઆચાર છે કે નહિ? દર્શનઆચાર, જ્ઞાનઆચાર, ચારિત્રઆચાર. પહેલો સમકિતનો આચાર હોય. પછી ચારિત્રનો આચાર હોય. એ માટે અહીંયાં પહેલું વર્ણન ઇ છે. ધીર પુરુષ છે. ભાષા છે ને? **'धीरा'**. ધીર. શું છે અર્થ? ધી–બુદ્ધિ પ્રેરે. ધ્રુવ તરફ ધી–બુદ્ધિ જાય. સમજાણું? અર્થ કર્યો છે ખરો. ૨૦મી ચારિત્ર પાહુડ. આવે છે ક્યાંક. ધીર... પ્રેરે. બુદ્ધિને ધ્યેય ઉપર પ્રેરે તે ધી. ધીર. ધીર છે. પાનું–૧૫૬. 'ध्येयं प्रति धीयं बुद्धि इर्यति प्रेरयति इति व्युत्पत्ति' ૧૫૬ પાનું છે. ન્યાં પણ ધીર શબ્દ છે. ૪૩ ગાથા છે, ભાવપ્રાભૃત.

**भावविमुत्तो मुत्तो ण य मुत्तो बंधवाइमित्तेण।**

**इय भाविऊण उज्झसु गंधं अब्भंतरं धीर।।43।।**

ગંધ છોડી દે રાગની. **'अब्भंतरं धीर'**. ધીરં. ધ્યેય પ્રત્યે 'धीयं बुद्धि इर्यति प्रेरयति इति धीर'. ધીર એને કહેવાય છે કે જે ધ્રુવ ચૈતન્ય વસ્તુ, એમાં ધી–બુદ્ધિને પ્રેરે તેને ધીર અને બુદ્ધિવંત કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? જે બુદ્ધિ આ જગતના જાણપણામાં પ્રેરે એ બુદ્ધિ નહિ, એમ કહે છે. ધ્યેય પૂર્ણ સ્વરૂપ, દ્રવ્ય સ્વરૂપ અખંડ અભેદ, એના પ્રત્યે બુદ્ધિ, ધી–બુદ્ધિ પ્રેરતિ, ધ્યેય પ્રત્યે જાય. જે બુદ્ધિ ધ્યેય ધ્રુવ પ્રત્યે જાય તેને બુદ્ધિ અને તેને ધીર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે, **'ધીર પુરુષ સંખ્યાતગુણી તથા અસંખ્યાતગુણી કર્મોં કી નિર્જરા કરતે હૈં...'** સમ્યગ્દૃષ્ટિ સ્વરૂપનું આચરણ, દૃષ્ટિ, સ્વરૂપના આચાર દૃષ્ટિ, સ્વરૂપના નિઃશંક આદિ લક્ષણવાળી દૃષ્ટિવંત સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણી નિર્જરા કરે છે. એ ખુલાસો નીચે કરશે. **'કર્મોં કે ઉદય સે હુએ સંસાર કે દુઃખ કા નાશ કરતે હૈં.'** એ ઉદય છે એ દુઃખ છે. સમ્યગ્દર્શન સ્વરૂપ તરફના આચરણવાળો ભાવ, એ આવા કર્મના ઉદયરૂપ દુઃખને નાશ કરે છે.

**'કર્મ કૈસે હૈં? સંસારી જીવોં કે મેરુ અર્થાત્ મર્યાદા માત્ર હૈ...'** પેલામાં સંસારિક કહ્યું. સરસવ પ્રેમ. ... થોડા. સરસવ જેવા થોડા કર્મ છે. સમકિતીને થોડા કર્મ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ મહાભાવ, મહામેલ, મહા ઘાત કરનારા દુઃખનું હતું, આનંદનો ઘાત કરનાર દુઃખનો તો નાશ કર્યો છે. હવે તો એક સરસવ જેવા દાણા જેવડા થોડા કર્મ રહ્યા છે. કહો, સમજાણું કાંઈ? એને એ નાશ કરે છે. સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થઈ અને સ્વભાવમાં રાગ અને કર્મ છે નહિ. તેથી સ્વભાવના સાવધાનીવાળો જીવ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ વિકાર અને કર્મ બેનો નાશ કરે છે

એટલે નાશપ્રાપ્ત થઈ જાય છે. સમજાણું કાંઈ? કર્મોનો નાશ કરે છે. પેલામાં આવ્યું કે રાગનો નાશ કરવો એ પરમાર્થે આત્મામાં નથી. ઇ પણ કથન તો શું આવે? 'સમયસાર'માં આવ્યું કે રાગનો વિકલ્પ છે એનો ત્યાગ કરું, નાશ કરું એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

આ તો 'રાજુલ'ને જોઈને ... થયું. કોઈક અજાણ્યા હોય ને ... રાજુલને જોઈ છે? રાજુલ. જાતિસ્મરણ (છે). નવો આવ્યો છે. છોડી આવી ને એને જાતિસ્મરણ થયું છે. ઇ બીજા કેટલાક કહેતા હતા કે અમારે જોવી છે. ...એ જોઈ છે? નહિ? અઢી વર્ષની. જાતિસ્મરણ થયું છે ને. અત્યારે દસ વર્ષની છે.

અહીં કહે છે, વસ્તુ ભગવાનઆત્મા જેને પડખે ચડ્યો, અંતરના સ્વભાવના પડખે ચડ્યો એ એના પડખામાં નથી એવા વિકાર અને કર્મનો એ નાશ કરે છે, એમ વ્યવહારે કહેવામાં આવે છે. આરે..! ખરેખર તો નાશ કરતો નથી. નાશ કરું એવો સ્વભાવ જીવમાં નથી. રાગનો નાશ કરું, ત્યાગ કરું એવો સ્વભાવ જીવમાં નથી. સ્વભાવ તો પોતામાં જાણવું-દેખવું એમાં રહેતાં એની ઉત્પત્તિ થતી નથી. તેથી એનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'કર્મ કૈસે હૈં? સંસારી જીવોં કે મેરુ અર્થાત્ મર્યાદા માત્ર હૈ...'** એટલે થોડા છે. એટલું. એણે પણ અર્થ થોડો કર્યો છે. સરસવ જેટલો થોડો. **'સિદ્ધ હોને કે બાદ કર્મ નહીં હૈ.'** મોક્ષ થવામાં પછી કર્મ છે નહિ.

**ભાવાર્થ :– 'ઇસ સમ્યક્ત્વ કા આચરણ હોનેપર પ્રથમ કાલ મેં તો ગુણશ્રેણી નિર્જરા હોતી હૈ,...'** જુઓ! ગુણશ્રેણી નિર્જરા અસંખ્યાતગુણી. અસંખ્યાતના ગુણાકારમાં કર્મની નિર્જરા થાય છે. પ્રથમ સમ્યગ્દર્શન થતાં ગુણશ્રેણી એટલે કર્મની અસંખ્યાતગુણી નિર્જરા હોય. સમકિતને કારણે એવી એટલી તો નિર્જરા હોય. આહા...! એ સમકિત વિના જેટલાં ગમે એવા વ્રત અને તપ આદિ કરે નિર્જરા જરીએ (થાય) નહિ અને એ વ્રત, તપ મારા છે વિકલ્પ, એમ માને તેને મિથ્યાત્વનું બંધન પડે. ભારે આકરું. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન વસ્તુ સ્વભાવ, એને ભાનમાં લેતાં, એનું આચરણ થતાં પહેલા જ કાળમાં ગુણશ્રેણી નિર્જરા હોય.

**'વહ અસંખ્યાત કે ગુણાકારરૂપ હૈ. પીછે જબતક સંયમ કા આચરણ નહીં હોતા હૈ...'** પછી જ્યાં સુધી એ સંયમનું આચરણ ન કરે ત્યાં સુધી એને ગુણશ્રેણી નિર્જરા એટલી ન હોય. સંખ્યાતના ગુણાકારરૂપે હોય. ગુણશ્રેણી નિર્જરા જે ઘણી કહેવાય એ ન હોય. સંખ્યાત ગુણશ્રેણી નિર્જરા થયા જ કરે.

મુમુક્ષુ :–

ઉત્તર :– પહેલેથી. ઠીક પ્રશ્ન છે. પહેલાની વાત છે, શરૂઆતની.

**'વહાં સંખ્યાત કે ગુણાકારરૂપ હોતી હૈ ઇસલિયે સંખ્યાતગુણ ઔર અસંખ્યાતગુણ ઇસપ્રકાર દોનોં વચન કહે. કર્મ તો સંસાર અવસ્થા હૈ, જબતક હૈ ઉસમેં દુઃખ કારણ મોહકર્મ હૈ, ઉસમેં મિથ્યાત્વ કર્મ પ્રધાન હૈ.'** મોહમાં પણ મિથ્યાત્વ એ એનો મુખ્ય દિવાન છે, મુખ્ય. પ્રધાન એટલે દિવાન એમ નહિ, હોં! પ્રધાન એટલે મુખ્ય. રાજા બીજો અને પ્રધાન બીજો, એમ અહીં નથી.

પ્રધાન એટલે મુખ્ય. **'સમ્યક્ત્વ કે હોનેપર મિથ્યાત્વ કા તો અભાવ હી હુઆ...'** આત્માનું જ્ઞાન અને આત્માનું ભાન શુદ્ધ ચૈતન્યદ્રવ્યનું થતાં... સમજાણું કાંઈ? મિથ્યાત્વનો તો અભાવ થયો.

**'ચારિત્રમોહ દુઃખ કા કારણ હૈ...'** હવે ચારિત્રમોહનો રાગ-દ્વેષ સમકિતીને પણ રહ્યો, એ પણ એટલું દુઃખ છે, જેટલો રાગ-દ્વેષ છે એટલું. **'સો વહ ભી જબતક હૈ તબતક ઉસકી નિર્જરા કરતા હૈ,...'** તેટલી થોડી થોડી નિર્જરા થાય જ છે. **'ઇસપ્રકાર અનુક્રમ સે દુઃખ કા ક્ષય હોતા હૈ.'** લ્યો. અનુક્રમે સમકિતચરણ ચારિત્ર પછી સંયમચરણ ચારિત્ર થઈને.. જુઓ! **'સંયમાચરણ કે હોનેપર સબ દુઃખોં કા ક્ષય હોવેગા હી.'** સમકિતમાં ક્રમે ક્રમે નિર્જરા થાય અને સંયમચરણ ચારિત્રથી સર્વ દુઃખનો ક્ષય થાય. સ્વરૂપમાં ચારિત્રની લીનતા એવી વીતરાગતા (થતાં) એ વખતે તો સર્વ કર્મનો ક્ષય થાય જ છે.

**'સમ્યક્ત્વ કા માહાત્મ્ય ઇસપ્રકાર હૈ કિ સમ્યક્ત્વાચરણ હોનેપર સંયમાચરણ ભી શીઘ્ર હી હોતા હૈ,...'** સમકિતઆચરણ થયે સંયમઆચરણ પણ થોડા કાળે થાય. **'ઇસલિયે સમ્યક્ત્વ કો મોક્ષમાર્ગ મેં પ્રધાન જાનકર ઇસહી કા વર્ણન પહિલે કિયા હૈ.'** સમજાણું કાંઈ? તેથી સમકિતને મોક્ષમાર્ગમાં મુખ્ય જાણી એનું વર્ણન પહેલું કર્યું. હવે સંયમચરણ ચારિત્ર. સમજાણું કાંઈ?

પર્યાયમાં જરી નબળાઈ રહી. રોગ થાય ને, નિરોગતા થાય પછી થોડી નબળાઈ રહે. એમ સમ્યગ્દર્શન થયે નિરોગ થઈ ગયો. પછી થોડી નબળાઈ રહી. એ નબળાઈ હળવે હળવે જાય. રોગ ટળી ગયો છે એટલે હવે એને નબળાઈ રહેશે નહિ. સમજાણું કાંઈ? જ્યાં સુધી રોગ છે ત્યાં સુધી નબળાઈ ઘટે શેની? એમ કહે છે. નિરોગ થયો. સમ્યગ્દર્શન થયું એટલે એ નિરોગ થઈ ગયો. સમજાણું કાંઈ? પછી થોડી નબળાઈ રહી, એ ખોરાક ખાતા ખાતા એની નબળાઈ જાશે, એમ અહીં પણ સ્થિર થતાં થતાં એની નબળાઈ જશે અને સર્વથા કર્મનો નાશ કરીને મોક્ષ પામશે. એ તદ્દન નિરોગ અવસ્થા. સબળ સહિતની નિરોગ અવસ્થા. આહાહા..! સમજાણું કાંઈ?

---

आगे संयमाचरण चारित्रको कहते हैं:-

## ગાથા-૨૧

दुविहं संजमचरणं, सायारं तह हवे णिरायारं।
सायारं [1]सग्गंथे, परिग्गहा रहिय खलु णिरायारं।।21।।

द्विविधं संयमचरणं सागारं तथा भवेत् निरागारं।
सागारं सग्रन्थे परिग्रहाद्रहिते खलु निरागारम्।।21।।

સાગર અણ-આગાર એમ દ્વિભેદ સંયમચરણ છે;
સાગાર છે [1]સગ્રંથ, અણ-આગાર પરિગ્રહરહિત છે. ૨૧.

---

1. पाठान्तर - सग्गंथं।

अर्थ :- संयमाचरण चारित्र दो प्रकारका है - सागार और निरागार। सागार तो परिग्रह सहित श्रावकके होता है और निरागार परिग्रहसे रहित मुनिके होता है यह निश्चय है।।21।

## ગાથા-૨૧ ઉપર પ્રવચન

**'આગે સંયમાચરણ ચારિત્ર કો કહતે હૈં :–'** સંયમાચરણ ચારિત્રને...

**दुविहं संजमचरणं, सायारं तह हवे णिरायारं।**

**सायारं ¹सग्गंथे, परिग्गहा रहिय खलु णिरायारं।।21।।**

**અર્થ :– 'સંયમચરણ ચારિત્ર દો પ્રકાર કા હૈ,...'** સંયમચારિત્ર સમ્યગ્દર્શન પછી થાય તેના બે પ્રકાર. **'સાગાર ઔર નિરાગાર. સાગાર તો પરિગ્રહ સહિત...'** છે. ગૃહસ્થાશ્રમાં. ગૃહસ્થ છે ને. એને શ્રાવકના વ્રત હોય પણ એ પરિગ્રહ સહિત છે, પરિગ્રહ રહિત છે નહિ. ગૃહસ્થાશ્રમમાં છે ને. અને મુનિ છે એ નિરાગાર છે. એને પરિગ્રહ બિલકુલ વસ્ત્રનો તાણો પણ ન હોય, ત્યાં બીજો પરિગ્રહ તો શેનો હોય? એટલે મુનિ છે એ તો નિરાગાર પરિગ્રહ રહિત છે. ગૃહસ્થાશ્રમમાં સમકિતીને પરિગ્રહ હોય. પરિગ્રહ હોય છતાં એ મોક્ષમાર્ગી છે. સમજાણું કાંઈ? અને પરિગ્રહ થોડો પણ રાખી અને મુનિ મનાવે તે મોક્ષમાર્ગમાં નથી. એ મિથ્યામાર્ગમાં છે. સમજાણું કાંઈ? **'પરિગ્રહ સે રહિત મુનિ કે હોતા હૈ, વહ નિશ્ચય હૈ.'**

आगे सागार संयमाचरणको कहते हैं:-

## ગાથા-૨૨

**दंसण वय सामाइय, पोसह सचित्त रायभत्ते य।**

**बंभारंभपरिग्गह, अणुमण उद्दिट्ठ देसविरदो य।।22।।**

दर्शनं व्रतं सामायिकं प्रोषधं सचित्तं रात्रिभुक्तिश्च।

ब्रह्म आरंभः परिग्रहः अनुमतिः उद्दिष्ट देशविरतश्च।।22।।

દર્શન, વ્રતં, સામાયિકં, પ્રોષધ, સચિત, ¹નિશિભુક્તિ ને

વળી બ્રહ્મ ને આરંભ આદિક દેશવિરતિસ્થાન છે. ૨૨.

अर्थ :- दर्शन, व्रत, सामायिक और प्रोषध आदिका नाम एकदेश है, और नाम ऐसे कहे हैं - प्रोषधोपवास, सचित्तत्याग, रात्रिभुक्तित्याग, ब्रह्मचर्य, आरंभत्याग, परिग्रहत्याग, अनुमतित्याग और उद्दिष्टत्याग, इसप्रकार ग्यारह प्रकार देशविरत है।

भावार्थ :- ये सागार संयमाचरणके ग्यारह स्थान हैं, इनको प्रतिमा भी कहते हैं।।22।।

---

૧. નિશિભુક્તિ = રાત્રિ ભોજન ત્યાગ.

## ગાથા-૨૨ ઉપર પ્રવચન

**'આગે સાગાર સંયમાચરણ કો કહતે હૈં :–'** અગિયાર પડિમાના નામ આપે છે. એ સંયમાચરણના અગિયાર ભેદ છે. બાર વ્રત પછી કહેશે.

**दंसण वय सामाइय, पोसह सचित्त रायभत्ते य।**

**बंभारंभपरिग्गह, अणुमण उद्दिट्ठ देसविरदो य।।22।।**

પહેલી દર્શન પ્રતિમા. બીજી વ્રત પ્રતિમા, ત્રીજી સામાયિક. આ બધા પંચમ ગુણસ્થાનની વાત છે. દર્શન પ્રતિમા પણ પાંચમા ગુણસ્થાને છે. એને અણુવ્રત હોય છે. પણ અતિચાર સહિત હોય છે માટે એને વ્રતમાં ગણ્યા નથી. ખરેખર તો નિરતિચાર વ્રત થાય તેને વ્રત પડિમામાં ગણવામાં આવ્યા છે. શું કીધું સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, એના ઉપરાંત પહેલી પડિમામાં પાંચ અણુવ્રત હોય છે. પણ અતિચાર સહિત છે એટલે એને અણુવ્રત હોવા છતાં વ્રતમાં ગણવામાં આવ્યા નથી. વ્રતની પડિમામાં ગણવામાં આવ્યા નથી. જુઓ! એક શૈલી. સમજાણું કાંઈ? અને બીજી પડિમામાં અણુવ્રતો અતિચાર રહિત પાળે છે. માટે તેને વ્રતી ગણવામાં આવે છે. સમજાય છે કાંઈ આમાં?

અહીં તો એમ કહ્યું કે જેમ અખંડ વસ્તુ, પૂર્ણ વસ્તુની શ્રદ્ધા તે સમકિત છે એમ પૂર્ણ નિરતિચાર વ્રત તે વ્રતી છે, ભાઈ! સમજાય છે આમાં કાંઈ? પૂર્ણ નિરતિચાર વ્રત છે ઇ વ્રતી છે. જેમ અહીંયા અખંડ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ ત્યારે સમકિત કહેવાણું ત્યારે તેને સમકિતી કહેવાય. એમ વ્રતના અતિચાર રહિત નિરતિચાર કરે તેને વ્રતી કહેવાય. સમકિત પડિમા છે અણુવ્રત પણ એને વ્રતી ન કહ્યા. કેમકે નિરતિચાર નથી. કેવી શૈલી છે, જુઓને! સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિની મર્યાદાનું વર્ણન કરે છે.

દર્શન પડિમા, બીજી વ્રત પડિમા. આગળ ખુલાસો કરશે, હોં! એકલા નામ જ આપ્યા છે. પછી ખુલાસો ૨૩મી ગાથામાં આપશે. વ્રત પડિમા, સામાયિક પડિમા. સમ્યગ્દર્શન જ્યાં અનુભવ થયો છે, એ ઉપરાંત જ્યારે નિરતિચાર વ્રતમાં આવ્યો છે એ પછી ત્રીજી પડિમામાં એ સવાર, બપોર, સાંજ સામાયિક કરે છે. સમજાણું કાંઈ? આમ તો બધા સામાયિક કરતા હતા ને? થોથાં ને? સામાયિક ક્યાં હતી? આ તો આત્માના પૂર્ણ સ્વરૂપ... આહાહા..! સમજાણું કાંઈ?

ક્યાં એના પરિણામ છે, રાગ તો આત્મામાં છે જ નહિ, એના જે પરિણામ નિર્મળ છે એ પણ વસ્તુની દૃષ્ટિએ તો અભૂતાર્થ છે. રાત્રે કહ્યું હતું. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પ છે એ તો ધર્મીની પર્યાયમાં નથી. ભાઈ! શું કીધું? ધર્મીની પર્યાયમાં નથી. એ ભિન્ન રહી જાય છે. સમજાણું? પણ ધર્મના જે પરિણામ છે એને પણ અભૂતાર્થ કીધાં છે. કેમકે એનાથી મહાપ્રભુ એને ભૂતાર્થ સત્યાર્થ સાહેબ કહ્યો છે, એને સત્ય કહ્યો છે. સમજાણું કાંઈ? રાત્રે થોડું કહ્યું હતું. એક સમયના પરિણામ છે, એ પરિણામ ભૂતકાળના અનંત કાળથી અનંતમા ભાગે કાળ છે અને ભૂતકાળ પાછો ભવિષ્યના કાળથી અનંતમે ભાગે છે. સમજાણું કાંઈ? ભવિષ્યકાળ કરતાં ભૂતકાળ અનંતમા ભાગે

છે અને એનાથી પણ એક સમયના પરિણામ અનંતમે ભાગે છે. એટલે બહુ સમય એક સૂક્ષ્મ રહી ગયો, બસ એટલું. સમજાણું કાંઈ? ભવિષ્યકાળ છે ને? ભવિષ્ય. ભવિષ્યકાળ. એનાથી ભૂતકાળ અનંતમા ભાગે છે. અનંતમા ભાગે. ભૂતકાળથી ભવિષ્ય અનંતગુણ છે, અનંતગુણું ભવિષ્ય (છે) અને ભવિષ્યકાળથી ભૂતકાળ અનંતમે ભાગે છે. અનંતમે ભાગે છે. ભૂતકાળ કરતાં એક સમયની પર્યાય અનંતમે ભાગે છે. અનંત કાળ ભૂત છે એના કરતાં એક (સમયના) પરિણામ અનંતમે ભાગે છે. એટલે તો એક પરિણામ એક કાળ, સમયમાત્ર આટલા કીધા.

મુમુક્ષુ :– બહુ નાનામાં નાનો..

ઉત્તર :– બહુ નાનો પર્યાય. મોટો ભગવાન તો આત્મા છે, એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો વળી નિરતિચાર કીધું ને? બીજા વ્રત ને પડિમાવાળાને નિરતિચાર હોય તો વ્રતી (કહેવાય). અહીં અખંડ અભેદની દૃષ્ટિ હોય તો સમકિતી (કહેવાય). અખંડ કોણ? કે જેના એક સમયના પરિણામ પણ ત્રિકાળની અપેક્ષાએ તો અભૂતાર્થ છે. એવો ભગવાનઆત્મા ત્રિકાળ એકરૂપ કે જેનો સમય પણ ભવિષ્યથી ભૂત અનંતમે ભાગે અને ભૂતથી એક સમયનો પર્યાય અનંતમે ભાગે. એટલે બહુ કાળ નાનો થઈ ગયો. હવે ભાવથી લઈએ એટલો ભાવ–સ્વભાવ છે એનો, સમ્યગ્દર્શનનો, જ્ઞાનનો એ ગુણ છે, એટલો ભાવ છે કે ભવિષ્યની નિર્મળ પર્યાયો, નિર્મળ પર્યાયો, નિર્મળ પર્યાય જ્યારથી સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું ત્યાંથી નિર્મળ પર્યાય થતાં.. થતાં.. થતાં.. થતાં.. થતાં.. તે નિર્મળ પર્યાયનો ક્યાંય અંત નહિ. સમજાણું કાંઈ? શું કીધું?

મુમુક્ષુ :– નિર્મળ પર્યાયનો અંત થઈ જાય.

ઉત્તર :– અંત ક્યાંનો હોય? અંત શેનો? તો દ્રવ્યનો અંત આવી જાય. આહાહા..!

એવી નિર્મળ પર્યાયનો અંત નહિ, એમ ને એમ.. એમ ને એમ થયા જ કરે. કેવળજ્ઞાન.. અને તે પણ ભવિષ્યમાં કેવળજ્ઞાન થવાનું છે એ કેવળજ્ઞાનની પર્યાય સાદિઅનંત એમ ને એમ થયા જ કરશે. એવી પર્યાયનો પિંડ જે છે ગુણ, એવા અનંત ગુણનો પિંડ જે છે એમાં ભાવ અનંતો અનંતો આવી ગયો. ત્રિકાળી રહેવું મહા અનંતુ આવી ગયું અને એક સમયનો પર્યાય અનંતમા ભાગમાં અનંતમા.. અનંતમા.. અનંતમા ભાગમાં આવી ગયો. એમ વસ્તુ જે છે મહા ભગવાન ભાવ કે જેમાં અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવી અનંતી પર્યાયો જે પૂર્ણ, એ પૂર્ણ પર્યાયનો ઉત્પન્ન થવાનો અંત નહિ પછી. એટલા કાળ એમ ને એમ ચાલ્યો જાય, ચાલ્યો જાય, ચાલ્યો જાય.. ક્યાં અંત? અંત ક્યાં પણ હોય? એવી પૂર્ણ પર્યાય સર્વજ્ઞની અને સિદ્ધપદની પર્યાય, એવી પર્યાયની ઉત્પત્તિ-વ્યય, ઉત્પત્તિ-વ્યય, ઉત્પત્તિ-વ્યય થયા જ કરશે. એવો જે અનંતો.. અનંતો.. અનંતો.. અનંતો.. અનંતો.. અનંતો.. અનંતો.. અંત નહિ એવો ભાવ, એ બધા ભાવનો પિંડ તો અહીં છે, કહે છે. આહા..હા..! 'નવનીતભાઈ'! સમજાણું કાંઈ? તેથી ત્રિકાળ એવા ભાવને સત્યાર્થ ભૂતાર્થ નિશ્ચય ગણી અને એક સમયના પરિણામને અસત્યાર્થ, અભૂતાર્થ નહિ જેવો ગણીને અભૂતાર્થ કીધો. નહિ જેવો ગણીને. છે ખરો. સમજાણું કાંઈ? આહાહા..! નિમિત્ત તો ક્યાંય

રહી ગયું, દયા, દાનના વિકલ્પ તો ક્યાંય રહી ગયા, આ એનો અપૂર્ણ પર્યાય ક્યાંય રહી ગયો પણ પૂર્ણ પર્યાય થઈ.. થઈ.. થઈ.. થઈને થયા જ કરશે, જેનો અંત નહિ ક્યાંય. છેલ્લી પર્યાય છે કોઈ? છેલ્લી પર્યાય હોય તો પછી દ્રવ્ય જ નહિ રહે. એવી વસ્તુ જ હોઈ શકે નહિ. એવી જેની.. આહાહા..!

ક્ષેત્રમાં જેમ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. છે.. છે.. છે.. છે.. ક્ષેત્ર આવ્યા કરે. ક્યાંય નહિ, નહિ. એમ અહીં અનંત પૂરી પર્યાય થશે... થશે.. થશે.. થશે.. થશે.. છે.. છે.. છે.. એમ ચાલી જશે. ક્યાંય નહિ એમ નહિ અંત આવે. સમજાણું કાંઈ? એવો ભગવાન એવી અનંતી પર્યાયને તો એક સમયમાં ગુણમાં ક્યાંય સંતાડીને પડ્યો છે ઇ તો. સમજાણું કાંઈ? આહાહા..! એવા પૂર્ણ સ્વભાવની અપેક્ષાએ એક સમયનો પર્યાયને અનંતમા.. અનંતમા.. અનંતમા.. અનંતમા ભાગનો ભાવરૂપ, પર્યાયમાં ભાવ તો છે ને ઇ? સમજાણું કાંઈ? એ તો ઘણો થોડો. એથી પર્યાયદૃષ્ટિવાળાને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે ને. .. વસ્તુ એવડી નથી. સમજાણું કાંઈ? મહા પૂર્ણ વસ્તુ.. લોકોને હજી એ વાતનું અંદર માહાત્મ્ય આવતું નથી, માહાત્મ્ય. હજી સમજવું પહેલું કઠણ. આ શું છે? બહારની વાતું હોય તો એને બધી ઠીક પડે.

આવો જે આત્મા ત્રિકાળ અખંડ અભેદ એક સ્વરૂપનો પરિણામનો ભેદ પણ નહિ જેમાં. એક સમયનો આવો ભેદ પણ જેમાં નહિ. છતાં ભેદવાળી પર્યાય તો ઘણી નજીવી જેવી. નજીવી જેવી એટલે નહિ ટકતી જેવી. સમજાણું કાંઈ? એવા એક સમયનો કાળ અને એક સમયનો ભાવ, આ અનંતગુણો કાળ અને અનંતગુણો ભાવ, એની જ્યાં અભેદની દૃષ્ટિ થઈ, કહે છે, હવે પર્યાયમાં જરી નબળાઈ રહી એ નબળાઈ ટાળી નાખશે. નિરોગ થઈ ગયો છે પોતે. સમજાણું કાંઈ? પૂર્ણ નિરોગ વસ્તુ ભગવાનઆત્મા ભાવભાસન થઈને પ્રતીતિ થઈ છે, ભાવ આવો જ હોય, આ હોય, આવો હોય એમ ભાન થઈને પ્રતીત થઈ છે, એ નિરોગી થઈ ગયો. એને હવે રોગ રહ્યો નથી. સમજાણું કાંઈ? હવે નબળાઈ ટાળવા માટે સ્વરૂપની સ્થિરતા કરે છે એમાં આવા વ્રતના પડિમાના વિકલ્પો આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

વસ્તુ તો વસ્તુ (છે). વસ્તુ છે એમ એને સત્તાપણું છે એવું એને દૃષ્ટિમાં આવવું જોઈએ ને? સમજાય છે કાંઈ? આ વસ્તુ આવી. પૂર્ણ સિદ્ધની પર્યાય ઉત્પન્ન થયા કરે એનો અંત નહિ. એ બધી પર્યાયની ખાણ તો દ્રવ્ય છે હો. ઉત્પત્તિની અપેક્ષાએ. ઉત્પાદ સ્વતંત્ર છે. એ વળી જુદી વાત. સમજાણું? એ પર્યાયનો દ્રવ્ય દાતા નથી એ બીજી અપેક્ષાએ વાત. થઈ છે, થઈ છે. એ દાતા નથી. થાય છે એમાંથી, કાંઈ બીજેથી અદ્ધરથી થાય છે? આખો એનો દાતા નથી. આખી ચીજ દાતા નથી. એક અંશની અંદર જે યોગ્યતા હતી એવી બહાર આવી. સમજાણું કાંઈ? આખો આત્મા સામાન્ય છે તે એનો દાતા નથી. અરે..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

એવું જે વસ્તુનું સ્વરૂપ, આવા મહાપ્રભુ અનંત અનંત ભાવનો એક ભાવ, અનંત અનંત ભાવનો એક ભાવ, એક ભાવ એટલે દ્રવ્ય, એવા અખંડ ઉપર નિર્વિકલ્પ દૃષ્ટિ થવી, વિકલ્પ તૂટ્યા વિના એ દૃષ્ટિ થાય જ નહિ. સમજાણું કાંઈ? આવા ભાવવાળું તત્ત્વ, એને પ્રતીતમાં લેતાં જે એમાં રાગ નથી એનો સહારો એમાં હોય નહિ. સમજાય છે કાંઈ? એ નિર્વિકલ્પ પર્યાયનો સહારો રાગને

નથી અને રાગનો સહારો આને નથી. એ પર્યાય આખા આવાને કબુલ કરે છે, એટલે આખો આત્મા આવો રોગવાળો માન્યો હતો, ઓછો માન્યો હતો ને પર્યાયવાળો માન્યો હતો, એ તો બધો રોગીપ્રાણી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવો જે ભગવાનઆત્મા, ભાવ અને કાળે ત્રિકાળ રહેનારું તત્ત્વ, એકરૂપ તત્ત્વ, એવા એવા ભાવ તો અનંત કીધા છે, એવા એવા અનંત ભાવનો એકરૂપ ભાવ-વસ્તુ, એના ઉપર (લક્ષ કરી) જ્ઞાનમાં એને જ્ઞેય બનાવી અને પ્રતીતમાં આવે, એ (જીવ) છૂટી ગયો. સંસારથી છૂટી ગયો, રાગથી છૂટી ગયો. રાગ એ સંસાર છે ને. આહાહા..! એ થોડો રાગ પછી ભિન્ન રહી ગયો. એ નબળાઈનો રાગ છે. એને સ્વરૂપની સ્થિરતા દ્વારા ટાળશે. એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, 'ભીખાભાઈ'! આહાહા..!

'પરમાત્મ પ્રકાશ'માં આવે છે ને? 'રામચંદ્રજી' આદિ પુરુષો વસ્તુસ્થિતિની વસ્તુસ્તુતિ કરતા હતા. વસ્તુની સ્તુતિ કરતા હતા, એવું આવે છે. વસ્તુસ્તવ-સ્તુતિ. આવો આત્મા. આહાહા..! ૩૩ સાગરના વિકલ્પના જ્ઞાને પાર ન પડે. એવો આત્મા એક અંતર્મુહૂર્તના નિર્વિકલ્પ ધ્યાનમાં પાર પડીને કેવળજ્ઞાન લે. સમજાણું કાંઈ? એટલી તાકાતવાળો, એટલા સામર્થ્યવાળો, મહાપ્રભુનો પ્રભુ, અનંતા પ્રભુનો પ્રભુ પોતે! એની અંદર દર્શન સમ્યક્ થતાં કહે છે કે એ નિરોગ થઈ ગયો. હવે એને મોહ ને રાગ રહ્યો નહિ.

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ આ રોગ વિનાનો થયો. પેલો તો ચારિત્રનો જે રોગ હતો એના રહિતની વાત કરી. અહીં રોગરહિત થઈ ગયો. આરોગ્ય બોહિ લાભં. ઇ કહ્યું છે એ ઠેકાણું (કે) સમકિત થયું એટલે નીરોગ થઈ ગયો. હવે નબળાઈ રહી છે. હવે ફક્ત નબળાઈ ટાળવાની રહી. નીરોગી માણસ થયો, તાવ મટી ગયો છે હવે, અશક્તિ રહી છે. એ અશક્તિનું પૂરું પડશે. પણ રોગ જ્યાં સુધી નહિ મટે ત્યાં સુધી અશક્તિ તો સાથે પડી જ છે. એ... 'વિરજીભાઈ'! આહાહા..!

અહીં તો વળી આ વ્રતમાંથી આવ્યું. જુઓને! આચાર્યની શૈલી તો જુઓ, કથનપદ્ધતિ. દર્શનપડિમાને પાંચમું ગુણસ્થાન હોય છે. એને પાંચ અણુવ્રત હોય છે છતાં એને વ્રત પડિમા ન કીધી. અખંડ વ્રત જ્યાં સુધી ન થાય, પંચમ ગુણસ્થાનને યોગ્ય, પાંચ અણુવ્રત નિરતિચાર (પાળે) ત્યારે તેને વ્રત પડિમા કહેવામાં આવે છે. એને વ્રતની અંદરમાં બિલકુલ દોષ ન હોય. જેમ સમ્યગ્દર્શનમાં બિલકુલ અપૂર્ણતા દૃષ્ટિમાં ન હોય, એમ વ્રતમાં બિલકુલ અતિચારનો દોષ લાગે નહિ. સમજાણું કાંઈ?

ત્રીજું, સામાયિક. એ સામાયિક એટલે જે આત્માનું ભાન થયું છે, એ આનંદમાં રહેવાનું ઉપયોગનું નામ સામાયિક છે. શુદ્ધઉપયોગ થાય, શુદ્ધઉપયોગમાં રહે એનું નામ સામાયિક છે. સમજાણું કાંઈ? એમાં ન રહી શકે તોપણ અંતર તરફના વલણવાળો ભાવ અને ભક્તિ આદિનો જરી વિકલ્પ હોય.. સમજાય છે? પણ પેલી મૂળ સામાયિક તો જેટલી સ્થિરતા થઈ છે એને સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પૌષધ. લ્યો. પૌષધ.. પૌષધ. આઠમ, પાખીના અપવાસ આદિ હોય. સ્વરૂપમાં પોષણમાં

નિવૃત્તિ... નિવૃત્તિ... નિવૃત્તિ... આત્માને પૌષધથી પુષ્ટ કરવો. પુષ્ટ કરવો પૌષધથી. ચણો જેમ પાણીમાં પલળીને પોઢો થાય, એમ આત્મા એકાગ્ર થઈને શાંતિમાં પોઢો થાય. એને પૌષધ કહે છે. સમજાણું કાંઈ?

**'એકદેશ હૈ ઔર નામ ઐસે કહે હૈં, પ્રૌષધોવપવાસ, સચિત્તત્યાગ,...'** એકદેશ એટલે પેલા નામમાં. મૂળ પાઠમાં છે તેથી એક એક શબ્દ લીધો છે. પૌષધ, એમ. પૌષધ પડિમા, દર્શન પડિમા એમ લેવું. એકદેશ નામ લીધું છે. એક ભાગ લીધો અને બીજો ભાગ નથી લીધો. એકદેશ છે. સમજાય છે? પૌષધ આદિ નામનો એકદેશ છે. પૌષધ વ્રત છે ને એ ભાષા ભલે લીધી નથી, પણ એમ સમજી લેવું એમ કહે છે. પૌષધઉપવાસ કહેવું. **'સચિત્તત્યાગ...'** પછી સ્થિરતા વિશેષ અંશે થતાં, શાંતિ વધતાં સચિત્તના ત્યાગનો ભાવ અંદર હોય. શ્રાવક સચિત્ત ખાય નહિ. આવા પણ સમ્યગ્દર્શન સહિત નિરતિચાર વ્રત સહિત, સામાયિક સહિત પૌષધવાળાને અમુક દિવસે અને સચિત્તનો ત્યાગ (હોય). સમજાય છે કાંઈ?

**'રાત્રિભુક્તિત્યાગ,...'** રાત્રે આહારનો (ત્યાગ હોય). એટલી એટલી સ્થિરતા અંશે વધી છે, ત્યારે એ પ્રકારનો બાહ્ય ત્યાગ દેખવામાં આવે છે. **'બ્રહ્મચર્ય,...'** રાત્રિ અને દિવસ બિલકુલ અબ્રહ્મનો ત્યાગ. **'આરંભત્યાગ,...'** પરિગ્રહ આદિનો આરંભનો ત્યાગ. **'પરિગ્રહત્યાગ,...'** આરંભમાં હિંસા આદિનો ત્યાગ. અહીં પરિગ્રહત્યાગ. **'અનુમતિત્યાગ,...'** દસમી પડિમા. લ્યો! જગતના પાપના પરિણામમાં અનુમતિ કે આ તમે ઠીક કર્યું, આ તમે દીકરાનું સગપણ કર્યું, ફલાણું.. સારે ઘરે કર્યું, એ અનુમતિ એને હોય નહિ. **'ઉદ્દિષ્ટત્યાગ,...'** છેલ્લે શ્રાવક અગિયારમી પડિમામાં સમ્યગ્દર્શન સહિત, નિરતિચાર વ્રત સહિત, સામાયિક આદિ અંદર સાધતો જીવ અજમાયશ કરતો, એને આગળ વધતાં એને માટે કોઈપણ પાણીનું બિંદુ બનાવ્યું હોય તોપણ ત્યાગ. લે નહિ. સમજાણું કાંઈ? ઉદ્દિષ્ટત્યાગ–એને માટે આહાર, પાણી બનાવ્યું હોય એ લે નહિ. એટલી આત્મામાં સ્વરૂપની દૃષ્ટિ સહિત સ્થિરતા થઈ છે કે સહેજે તેને એને માટે બનાવેલા આહાર-પાણી લેવાનો વિકલ્પ હોતો નથી. એને અગિયાર પડિમા શ્રાવકની કહે છે.

**'ઇસપ્રકાર ગ્યારહ પ્રકાર દેશવિરત હૈ.'** જુઓ! દેશવિરત છે. સમજાણું કાંઈ? પણ ઇ સમ્યગ્દર્શનચરણ ચારિત્ર પછીની આ વાત છે. જેને સમ્યગ્દર્શન જ નથી એને અગિયાર પડિમા કે એને બાર વ્રત, બાર ફ્રત કાંઈ હોતા નથી. આહાહા..!

**ભાવાર્થ :– 'યે સાગાર સંયમાચરણ કે ગ્યારહ સ્થાન હૈ, ઇનકો પ્રતિમા ભી કહતે હૈં.'** લ્યો. ગૃહસ્થાશ્રમમાં આત્મજ્ઞાન સહિત, આત્મદર્શન સહિત, આત્માના સમકિતચરણ આચરણ સહિત વિશેષ વધીને જ્યારે સ્થિરતાનો અંશ વધે છે ત્યારે એને આ પ્રકારના અગિયાર પડિમાનો ભાવ હોય છે. તેને પંચમ ગુણસ્થાનવાળો શ્રાવક–સાચો શ્રાવક એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વાડામાં શ્રાવક-બાવક કહે એ શ્રાવક-બાવક નથી. કોથળીમાં કરિયાતા અને માથે લખે સાકર, તે કંઈ કરિયાતા મીઠા થાય નહિ. એમ ઉપર કહે કે અમે જૈન છીએ અને અંદરમાં રાગ મારો અને પુણ્યમાં પ્રેમ (છે તો) એ જૈન જ નથી. આહાહા..! બહુ આકરી વાત. સમજાણું કાંઈ? રાગનો એક

વિકલ્પમાત્ર શુભનો એ મારું હિત કરનાર છે અને એ મારો છે (એમ માનનાર) જૈન નથી. એ જૈનનો શ્રાવક નથી, જૈનનો ભગત નથી. ઇ રાગનો ભગત છે. એય...! 'પોપટભાઈ'! ભારે કામ ભાઈ આકરું. શ્રાવકપણું પણ આવું આકરું? વસ્તુ એવી છે.

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, જેમાં રાગનો વિકલ્પ નથી, જેમાં એક સમયની પર્યાય નથી, એવો જે ભગવાન, એનું જ્યાં અંતર દૃષ્ટિમાં ભાન થયું ત્યારે તો રાગનો અભાવસ્વભાવવાળો આત્મા છું એમ ભાન થયું. રાગવાળો છું એમ ભાન નથી. રાગવાળો આત્મા છું (એમ માને છે) ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણં કાંઈ? આહાહા...! ભારે આકરું કામ.

વીતરાગ, વીતરાગની દૃષ્ટિ.. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા આમ કહે છે. ભાઈ! અમે વીતરાગ અને કેવળજ્ઞાની છીએ. અમારો માર્ગ એટલે તારો માર્ગ વીતરાગ અને પૂર્ણ જ્ઞાન પ્રગટ કરવાનો છે. સમજાણું કાંઈ? રાગનો કણ પણ ચૈતન્યના સ્વભાવ સાથે મેળવે ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ અજૈન છે. આહાહા...! સમજાણું? એ જૈન થાય છે, એ તો વસ્તુનું સ્વરૂપ છે, જૈન. રાગ રહિત આત્માનો સ્વભાવ, એવું વીતરાગ સ્વરૂપ, એને શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું ત્યારે રાગનો વિકલ્પ મારામાં નથી, ભિન્ન છે ત્યારે તેને જૈનપણાનું દર્શન થયું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! ભારે મોંઘું. મોંઘું નથી, વસ્તુ એવી છે. દુનિયા માની બેસે એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? આ તો સર્વજ્ઞ પરમાત્માની કહેલી છે. વીતરાગદેવ ત્રિલોકનાથ, જે સો ઇન્દ્રના પૂજનિક છે, સો ઇન્દ્રિના પૂજનિક, એ પ્રભુની વાણીમાં આમ આવ્યું છે. 'ભગવાનજીભાઈ'! આહાહા...!

કહે છે, જેને પહેલું સમ્યગ્દર્શનચરણ ચારિત્ર થયું છે એટલે કે રાગાદિ, દયા, દાન, વ્રતનો વિકલ્પ પણ મારામાં નથી, એ ભિન્ન ચીજ છે, એ આસ્રવતત્ત્વ છે, મારું તત્ત્વ જ્ઞાયક ચિદાનંદ છે. આહાહા...! એમ નવ તત્ત્વમાં આત્મા ભિન્ન પડી ગયો છે. આસ્રવથી, પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને આત્મતત્ત્વની અંદર પ્રતીતિ કરી છે કે જે સંસાર વિનાનો દૃષ્ટિમાં થઈ ગયો છે, એમ કહે છે. સંસાર એનામાં છે નહિ. આહા...હા...! હવે અસ્થિરતાનો ભાગ થોડો રહી ગયો. આહાહા...! એને તો જિન તરીકે જાણે છે, હોં! પણ મારી નબળાઈનું પરિણમન છે, એમ જાણે છે. એને સ્વરૂપમાં અંતર આનંદમાં સ્થિર થતાં આવા પડિમાના (વિકલ્પો હોય છે). પહેલી પડિમામાં જે શાંતિ છે, ચોથા ગુણસ્થાનમાં જે શાંતિ છે, એના કરતાં પહેલી પડિમામાં શાંતિનો અંશ વધી ગયો છે. બીજીમાં એથી શાંતિનો અંશ (વધી ગયો છે), ત્રીજીમાં એથી શાંતિ (વધી છે), એમ અગિયારમી પડિમામાં શાંતિ વીતરાગી અરાગી પર્યાય વધી ગઈ છે. આહાહા...! સમજાણું કાંઈ? સર્વાર્થસિદ્ધના સમકિતી દેવ ૩૩ સાગર સુધી રહે છે. એના કરતાં પણ જેની પાંચમા ગુણસ્થાનની દશા વધી, એ ઓલા કરતાં અનંતગુણો વધી ગયો છે. આહાહા...! સમજાણું કાંઈ? એને અહીંયા પડિમા કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ!

आगे इन स्थानोंमें संयमका आचरण किस प्रकारसे है वह कहते हैं:-

## ગાથા-૨૩

पंचेव णुव्वयाइं, गुणव्वयाइं हवंति तह तिण्णि।
सिक्खावय चत्तारि य, संजमचरणं च सायारं।।23।।

पंचैव अणुव्रतानि गुणव्रतानि भवंति तथा त्रीणि।
शिक्षाव्रतानि चत्वारि संयमचरणं च सागारम्।।23।।

અણુવ્રત કહ્યાં છે પાંચ ને ત્રણ ગુણવ્રતો નિર્દિષ્ટ છે,
શિક્ષાવ્રતો છે ચાર; - એ સંયમચરણ સાગાર છે. ૨૩.

अर्थ :- पांच अणुव्रत, तीन गुणव्रत और चार शिक्षाव्रत - इसप्रकार बारह प्रकारका संयमचरण चारित्र है जो सागार है, ग्रन्थसहित श्रावकके होता है इसलिये सागर कहा है।

प्रश्न :- ये बारह प्रकार तो व्रतके कहे और पहिले गाथामें ग्यारह नाम कहे, उनमें प्रथम दर्शन नाम कहा उसमें ये व्रत कैसे होते हैं ? इसका समाधान :- अणुव्रत ऐसा नाम किंचित् व्रतका है वह पाँच अणुव्रतोमेंसे किंचित् यहाँ भी होते हैं इसलिये दर्शन प्रतिमाका धारक भी अणुव्रती ही है, इसका नाम दर्शन ही कहा। यहाँ इसप्रकार जानना कि इसके केवल सम्यक्त्व ही होता है और अव्रती है, अणुव्रत नहीं हैं। इसके अणुव्रत अतिचार सहित होते हैं इसलिये व्रती नाम कहा है, दूसरी प्रतिमामें अणुव्रत अतिचार रहित पालता है। इसलिये व्रत नाम कहा है। यहां सम्यक्त्वके अतिचार टालता है, सम्यक्त्व ही प्रधान है इसलिये दर्शन प्रतिमा नाम है।

अन्य ग्रन्थोंमें इसका स्वरूप इसप्रकार कहा है कि - जो आठ मूलगुणका पालन करे, सात व्यसनको त्यागे, जिसके सम्यक्त्व अतिचार रहित शुद्ध हो वह दर्शन प्रतिमा का धारक है। पांच उदम्बरफल और मद्य, मांस, मधु इन आठोंका त्याग करना वह आठ मूलगुण है।

अथवा किसी ग्रन्थमें इसप्रकार कहा है कि - पांच अणुव्रत पाले और मद्य, मांस, मधुका त्याग करे वह आठ मूलगुण हैं, परन्तु इसमें विरोध नहीं है, विवक्षाका भेद है। पांच उदम्बरफल और तीन मकार का त्याग कहनेसे जिन वस्तुओमें साक्षात् त्रस जीव दिखते हों उन सब ही वस्तुओंको भक्षण नहीं करे। देवादिकके निमित्त तथा औषधादि निमित्त इत्यादि कारणोंसे दिखते हुए त्रस जीवोंका घात न करे, ऐसा आशय है जो इसमें तो अहिंसाणुव्रत आया। सात व्यसनोंके त्यागमें जूठ, चोरी और परस्त्रीका त्याग आया, अन्य व्यसनोंके त्यागमें अन्याय, परधन, परस्त्रीका ग्रहण नहीं है; इसमें अतिलोभके त्यागसे परिग्रहका घटाना आया, इसप्रकार पांच अणुव्रत आते हैं।

इनके (व्रतादि प्रतिमाके) अतिचार नहीं टलते हैं इसलिये अणुव्रती नाम प्राप्त नहीं करता (फिर भी) इसप्रकारसे दर्शन प्रतिमाका धारक भी अणुव्रती है इसलिये देशविरत सागारसंयमचरण चारित्रमें इसको भी गिना है।।23।।

## ગાથા-૨૩ ઉપર પ્રવચન

**'આગે ઇન સ્થાનોં મેં સંયમ કા આચરણ કિસ પ્રકાર સે હૈ વહ કહતે હૈં :–'** એને આત્મદર્શન સહિત, સમ્યગ્દર્શન સહિત, આત્મજ્ઞાન સહિત અગિયાર પડિમામાં એને જ્યારે વ્રત પડિમા હોય છે ને, ત્યારે આવા વ્રત હોય છે. એ સ્થાનમાં આ બાર વ્રત હોય, એમ કહે છે. વ્રત પડિમાનું સ્થાન આવ્યું ને. એમાં આવા વ્રત હોય છે. આ તો વસ્તુસ્થિતિ એવી છે. બહારથી આત્મદર્શન અને આત્મજ્ઞાન વિના, સમકિત વિના વ્રત-બ્રત લઈ લે એ વ્રત છે જ નહિ. એ તો એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? માર્ગ એવો પ્રભુનો છે, ભાઈ! કેવળીપણ્ણત્તો ધમ્મો શરણં. માંગલિકમાં આવે છે ને? ઇ આ. સચ્ચિદાનંદ પ્રભુ, વીતરાગી મૂર્તિ, જેણે–પરમાત્માએ વીતરાગ દશા પર્યાયમાં પ્રગટ કરી. એવો જ આત્મા અંદર વીતરાગી મૂર્તિ છે. એવી એની શ્રદ્ધા અનુભવ થઈને પ્રતીત થવી, ભાવનું ભાસન થઈને પ્રતીત થવી. એમ. એટલે જ્ઞાન થઈને પ્રતીત થવી, ભાસન થઈને પ્રતીતિ થવી એક જ વાત છે. એના સમકિતના આચરણમાં એને પચ્ચીસ દોષ સમકિતના વિરૂદ્ધના હોય એ ન લાગે. નિઃશંક, નિઃકાંક્ષ આદિ ગુણની પર્યાય હોય. એને સમકિતચરણનું ચારિત્ર કહેવામાં આવે છે. એ ચોથે ગુણસ્થાને હોય. આ પડિમાની વાત પાંચમાની છે. આહા..! એને કહે છે કે એ સ્થાનને વિષે, એમ કહ્યું ને? એ સ્થાન જે અગિયાર પડિમાના કહ્યાં એમાં વ્રત પડિમા જે છે એને વિષે આ સંયમઆચરણ હોય છે.

વળી એક બીજો અર્થ (કહે છે), જુઓ! અહીં તો વ્રતના પડિમાને સંયમ કીધો છે. .. ઇ કહે છે, ભાઈ! વિકલ્પવાળાને સંયમના ભેદ પાડ્યો તો વિકલ્પવાળાના પાડ્યા છે, એમ કહે (છે). પણ વાત બીજી કરે શું પણ? આવો જેને વિકલ્પ હોય એની પાછળ સમ્યગ્દર્શન અને સ્થિરતા આવી હોય એમ જણાવે છે. આહાહા..! કેમકે જુઓ! અહીં સાગાર અનાગાર સંયમના ભેદ પાડ્યા એ વિકલ્પના વ્રતના ભેદ પાડ્યા, એમ કહે છે. ભગવાન! ભલે ન કહ્યું હોય, પણ એ તો અહીં વ્રતી કહેવો છે એ દ્વારા ઓળખાવવું છે દર્શન અને સ્થિરતા. આહાહા..! એને સ્થિરતાનો અંશ આટલો હોય ત્યારે એના અગિયાર પડિમાના વિકલ્પ આવા હોય. શું થાય? સમજાણું કાંઈ?

જ્યારે અંદર સમ્યગ્દર્શન સહિત શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. અકષાયની અંશે વધી ગઈ હોય એને આવા બાર વ્રતના વિકલ્પ હોય, એમ કહે છે. સમજાણું કાંઈ? એટલે વ્યવહાર દ્વારા એનો નિશ્ચય કેવો હોય એ સમજાવ્યો છે. આ વ્યવહાર વ્રતાદિ છે તે ચારિત્ર છે, એ કાંઈ નથી. સમજાણું કાંઈ? આત્માના ભાન સહિતમાં અગિયાર પડિમા હોય ત્યારે એને આવા બાર વ્રત વિકલ્પ હોય. એટલી સ્થિરતા અંદર જામી છે ત્યારે એવો વિકલ્પ ઉઠે છે, એમ કહે છે. આહાહા..! ઇ વાત કાઢે છે ને ઇ.

**पंचेव णुव्वयाइं, गुणव्वयाइं हवंति तह तिण्णि।**
**सिक्खावय चत्तारि य, संजमचरणं च सायारं।।23।।**

અણુવ્રત પાંચ. સમ્યગ્દષ્ટિ જીવને શ્રાવકને પંચમ ગુણસ્થાનવાળાને સાચા શ્રાવકને પાંચ અણુવ્રતના વિકલ્પ હોય. પાંચ ગુણવ્રત એને (હોય). ખુલાસો કરશે. ચાર શિક્ષાવ્રત.

**અર્થ :– 'પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત ઔર ચાર શિક્ષાવ્રત ઇસપ્રકાર બારહ પ્રકાર કા સંયમચરણ ચારિત્ર હૈ જો સાગાર હૈ,...'** કેમકે ગૃહસ્થાશ્રમમાં હજી પરિગ્રહ સહિત દેખાય છે. પરિગ્રહ છે ને? રાજપાટ હોય. પાંચમું ગુણસ્થાન હોય, રાજપાટ પણ દેખાય. અંદરમાં મારું માનતો નથી. પણ અસ્થિરતાના રાગના ભાગને લઈને એવા નિમિત્તો બહાર હોય છે. સમજાણું કાંઈ? ગ્રંથ સહિત છે ને પાઠમાં? પહેલાં આવી ગયું છે ને? ૨૧ ગાથા. **'दुविहं'** સાગાર, નિરાગાર. **'सायारं सग्गंथे'**. ૨૧ ગાથામાં છે. એનો ખુલાસો પછી. **'सग्गंथे परिग्गहा रहिय खलु णिरायारं'**. આહા..! હજી સ્ત્રી, કુટુંબ-પરિવાર આદિનો વિકલ્પ એને હોય છે. દૃષ્ટિ સમકિતી જાણે છે કે એ મારી ચીજ નથી. પણ એને પર્યાયમાં એક બીજો ભાગ આવો આવે છે. બીજો ભાગ એટલે? એક નિર્મળ પર્યાયની પર્યાય એક અંશ અને એમાં એ જ પર્યાયનો એક બીજો રાગનો ભાગ આવે છે. એને અહીંયા વ્રત આદિના વિકલ્પને બાર વ્રત કહેવામાં આવ્યા છે.

મુમુક્ષુ :– આમાં તો વ્રતને સાગારપણું બતાવ્યું.

ઉત્તર :– ત્યારે પેલા કહે છે ને. ઇ દ્વારા જણાવ્યું છે. જણાવવું શી રીતે? એવી વાત છે.

પ્રશ્ન :– **'યે બારહ પ્રકાર તો વ્રતકે કહે ઔર પહિલે ગાથા મેં ગ્યારહ નામ કહે, ઉનમેં પ્રથમ દર્શન નામ કહા ઉસમેં યે વ્રત કૈસે હોતે હૈં?'** હવે ખુલાસો કરે છે. સમ્યગ્દર્શન આત્માનું જ્ઞાન અને દર્શન થયું, એ ઉપરાંત જ્યાં દર્શન પડિમા થઈ એને અણુવ્રત કેવા હોય છે? એને વ્રત કેવા હોય છે? એમ બતાવે છે. કારણ કે તમે તો દર્શન પડિમાને પાંચમું ગુણસ્થાન કહો છો. ત્યારે એને–દર્શન પડિમાવાળાને વ્રત કેવા હોય? એમ કહે છે. શું કીધું સમજાણું કાંઈ આમાં?

એમકે, તમે દર્શન પડિમા–સમકિત પડિમા કહો છો. ત્યારે એને વળી તમે પાંચમા ગુણસ્થાનમાં નાખ્યા. સમકિતદર્શન આત્માના ભાન ઉપરાંત એને પાંચમામાં નાખ્યા. તો પાંચમામાં એને વ્રત હોય છે કે નહિ? ઇ વિના પાંચમામાં નાખ્યો કેમ? સમજાણું કાંઈ? સમ્યક્ અનુભવના દર્શનપૂર્વક એને–વ્રત સમ્યક્ પડિમાવાળાને જ્યારે શ્રાવક તરીકે, પંચમ ગુણસ્થાન તરીકે સ્વીકારવામાં આવ્યા તો એને વ્રતનું પાંચમું ગુણસ્થાન આવ્યું, તો એને વ્રત કેવા હોય કે જેથી પાંચમામાં આવ્યો? સમજાણું કાંઈ?

**'ઇસકા સમાધાન :– અણુવ્રત ઐસા નામ કિંચિત્ વ્રત કા હૈ વહ પાંચ અણુવ્રતોંમેં સે કિંચિત્ યહાં ભી હોતે હૈં...'** પાંચ અણુવ્રતમાં થોડું પણ અહીં છે. **'ઇસલિયે દર્શન પ્રતિમા કા ધારક ભી અણુવ્રતી હી હૈ, ઇસકા નામ દર્શન હી કહા. યહાં ઇસપ્રકાર જાનના...'** (નહીં) નામ શબ્દમાં નહીં જાનના કહા હૈ. **'યહાં ઇસપ્રકાર (નહીં) જાનના કિ ઇસકે કેવલ સમ્યક્ત્વ હી હોતા હૈ ઔર અવ્રતી હૈ, અણુવ્રત નહીં હૈ ઇસકે અણુવ્રત અતિચાર સહિત હોતે હૈં...'** શું કહ્યું? અતિચાર સહિત છે. સમજાણું કાંઈ? કાંઈક દોષ લાગી જાય છે. વ્રતના દોષ લાગે છે. અતિચાર. આવે છે ને અતિચાર? અતિચાર, વ્યતિચાર, અતિક્રમ, અતિચાર, આવે છે ને? અતિ.. અનાચાર. એ અતિચાર દોષ લાગે

છે પણ છતાં તે અણુવ્રતી છે. પણ દોષવાળો છે એથી એને વ્રતી શબ્દમાં ન નાખ્યા. વ્રતીની પડિમામાં ન નાખ્યા પણ પંચમગુણસ્થાનની દશામાં નાખ્યા. એમ કહે છે. ભારે વાતું, ભાઈ! આ તો હજી ગુણસ્થાનની દશાને સમજવા માટે આ વાત છે. સમજાણું કાંઈ?

**'દર્શન પ્રતિમા કા ધારક ભી અણુવ્રતી હી હૈ,...'** એકલો સમકિતી હોય તો એ દર્શન પડિમા કહેવાય નહિ. 'શ્રેણિક' રાજા ક્ષાયિક સમકિતી (હતા) પણ એ દર્શન પડિમા નહિ. 'શ્રેણિક' રાજા સમકિત પામ્યા, તીર્થંકર ગોત્ર બાંધ્યું, પહેલી નરકમાં ગયા. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ (છે). 'શ્રેણિક' રાજા પહેલી નરકમાંથી નીકળીને આવતી ચોવીશીએ તીર્થંકર થવાના છે. પણ દર્શન પડિમા નહોતી એને. સમ્યગ્દર્શન હતું અને દર્શન પડિમા બીજી ચીજ છે. સમ્યગ્દર્શન સહિત પંચ અણુવ્રત અતિચાર સહિત હોય એને પંચમ ગુણસ્થાનની દર્શન પડિમા કહેવામાં આવે છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? આ ઝીણું છે, 'શ્યામલાલજી'! આચરણની વાત છે ને.

**'યહાં ઇસપ્રકાર જાનના કિ ઇસકે કેવલ સમ્યક્ત્વ હી હોતા હૈ ઔર અવ્રતી હૈ,..'** દર્શન પડિમાવાળો. એમ નહિ. **'અણુવ્રત નહીં હૈ (એમ નહીં) ઇસકે અણુવ્રત અતિચાર સહિત હોતે હૈં ઇસલિયે વ્રતી નામ કહા.'** કહો, સમજાણું? **'દૂસરી પ્રતિમા મેં અણુવ્રત અતિચાર રહિત પાલતા હૈ ઇસલિયે વ્રત નામ કહા હૈ, યહાં સમ્યક્ત્વ કે અતિચાર ટાલતા હૈ, સમ્યક્ત્વ હી પ્રધાન હૈ ઇસલિયે દર્શન પ્રતિમા નામ હૈ.'** એમ કહે છે. દર્શન પડિમા કેમ કીધી? કે સમકિતના જે અતિચાર છે એ એને ન હોય. વ્રતના હજી અતિચાર હોય માટે એને વ્રત પડિમામાં નાખ્યા નથી. બાકી છે તો અણુવ્રતી. અતિચાર જેને નથી, એથી એને દર્શનપડિમા કીધી. પણ વ્રતના અતિચાર છે માટે વ્રત પડિમા કીધી નહિ. વગેરે આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૩, ગાથા-૨૩ થી ૨૫. ગુરુવાર, અષાઢ વદ ૫, તા. ૨૩-૦૭-૧૯૭૦

'અષ્ટપાહુડ' ચારિત્રપાહુડની વ્યાખ્યા છે. ૨૩મી ગાથા. શું કહે છે? શ્રાવકને અગિયાર પડિમા હોય છે. પડિમા એટલે શું? કે પ્રથમ એને સમ્યગ્દર્શન (હોય). આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે. પુણ્ય-પાપના રાગરહિત શુદ્ધ પૂર્ણ આનંદસ્વરૂપ, જેવા સિદ્ધ ભગવાન છે એવો જ આત્મા ધ્રુવ શુદ્ધ છે. એવી અંતરમાં એનું જ્ઞાન થઈને પ્રતીતિ થવી એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું? ત્યાં સુધી એને વ્રત હોતાં નથી. પણ આવું સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની શરૂઆતમાં હોય છે. પહેલા ધર્મનો પહેલો અંક અને પહેલો આંકડો આ છે. પછી વ્રતાદિના વિકલ્પોની દશા હોય છે. ઇ પછી વર્ણવશે. પહેલું તો સમ્યગ્દર્શનચરણ આવ્યું ને પહેલું? સમ્યક્ચરણ ચારિત્ર.

આત્મા, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે જોયો, કેવળીએ જે આત્મા જોયો કે પૂર્ણ શુદ્ધ આનંદનો કંદ ઇ આત્મા છે. એવા આત્માની સન્મુખ થઈને અને સંયોગો, રાગ અને પર્યાય એની વિમુખ થઈને, અંતર્મુખ દૃષ્ટિનો અનુભવ થવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન-ધર્મની શરૂઆત, શ્રાવકના વ્રત લીધાં પહેલાં આ દશા હોય છે. સમજાણું કાંઈ? પછી દર્શનપડિમા પછી વાત ચાલે

છે. હવે અગિયાર. સમ્યગ્દર્શન પછી દર્શન પડિમા. દર્શન પડિમા એને કહે છે કે એમાં એને પાંચ અણુવ્રત હોય છે પણ નિરતિચાર અણુવ્રત ન હોય તો એ વ્રતમાં અતિચાર આદિ દોષ લાગે. એથી એને સમ્યગ્દર્શન ઉપરાંત આત્માના અનુભવની પ્રતીતિ ઉપરાંત, એને પંચ અણુવ્રતના ભાવ હોય છે. પણ તે અતિચાર સહિત હોય છે તેથી તેને વ્રતમાં કહેવામાં આવ્યા નથી. તેથી એને વ્રતીમાં, બીજા નંબરની (પડિમા), પહેલી દર્શન પડિમા, બીજી વ્રત પડિમા. ઇ વ્રત પડિમામાં એને નાખવામાં નથી આવ્યા. સમજાય છે કાંઈ?

આ તો વીતરાગનો અંતરનો માર્ગ છે. લોકોને એ વાત અંતર ચીજ શું છે અને એનો અનુભવ અને પ્રતીત શું કહેવાય, કોને સમ્યગ્દર્શન કહેવું એની એને ખબર પણ નથી. આ તો બહારના દેવ, ગુરુ, શાસ્ત્રને માનવા કે આ નવ તત્ત્વ ભગવાને કહ્યા એ ભેદવાળા માનવા, બસ! સમ્યક્ (થઈ ગયું). એ સમ્યગ્દર્શન નહિ. એ તો નવ તત્ત્વનો ભેદનો અનુભવ એને તો શાસ્ત્ર મિથ્યાત્વ કહે છે. સમજાણું કાંઈ? અને દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા એ પણ એક શુભરાગ વિકલ્પ છે. એ કંઈ સમકિત નથી. ઝીણી વાત છે, ભાઈ! આત્મા દેવ, ગુરુ અને પોતે ધર્મનું સ્વરૂપ છે. એવો આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ ચૈતન્યસ્વભાવી (છે). એવું જે ધ્રુવ સ્વરૂપ આત્માનું, એને અવલંબીને જે સમ્યગ્દર્શન થાય તેને ધર્મની પહેલી સીઢી કહે છે. આ વિના કાંઈ ધર્મ હોતો નથી. સમજાણું કાંઈ?

એ સમ્યગ્દર્શન ઉપરાંત દર્શન પડિમાનો ધારક અણુવ્રતી જ છે. પંચમ ગુણસ્થાનની વાત છે. પહેલું સમ્યગ્દર્શન જે કહ્યું એ ચોથું ગુણસ્થાન છે. હવે પંચમ ગુણસ્થાન શ્રાવકનું, જે સાચા શ્રાવક, હોં! આ વાડાના શ્રાવક એ કંઈ શ્રાવક નથી. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! કેટલા પોષા અને પડિકમણા કર્યા હતા કે નહિ? કર્યું હતું. વસ્તુની ખબર વિના વાસ્તવિક તત્ત્વ જે ચૈતન્ય, જેમાં ઠરવું છે એવું જે ચારિત્ર, એમાં ઠરવું એ ચારિત્ર. હવે એ ચીજ શું છે એમ જ્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં એ ચીજને ભાનમાં લીધી નથી તો પછી ઠરવું ક્યાં એની તો એને ખબર નથી. બાકી સમ્યગ્દર્શન વિના ચારિત્ર અને વ્રત આદિ હોતાં નથી. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન પછી દર્શન પડિમાનો ધારક અણુવ્રતી છે. **'ઇસકા નામ દર્શન હી કહા. યહાં ઇસપ્રકાર (ન) જાના કિ ઇસકે કેવલ સમ્યક્ત્વ હી હોતા હૈ...'** શું કહે છે જરી? સમ્યગ્દર્શન આત્માનો, પૂર્ણ આત્માનો નિર્વિકલ્પ અનુભવ, રાગના મિશ્રિત વિના પૂર્ણ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, હોં! એ સિવાય અન્યોએ કહેલો આત્મા એ આત્મા નહિ. એવો જે આત્મા, અંતર નિર્વિકલ્પ દૃષ્ટિથી એટલે કે રાગના મિશ્રિત દૃષ્ટિ વિના એકલી નિર્મળ દૃષ્ટિથી એનો અનુભવ કરવો એનું નામ પ્રથમ ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન છે. એના પછી દર્શન પડિમા એ પંચમ ગુણસ્થાન છે. એ પંચમ ગુણસ્થાનમાં પાંચ અણુવ્રત હોય છે. એ અવ્રતી નથી.

**'અણુવ્રત નહીં હૈ ઇસકે અણુવ્રત અતિચાર સહિત હોતે હૈં...'** એમ નથી કે અવ્રતી જ છે અને અણુવ્રત નથી. એમ નથી. ઝીણી વાત છે, ભાઈ! અણુવ્રત નથી એમ નથી. અણુવ્રત અતિચાર સહિત હોય છે. એમાં દોષ લાગે કોઈ. અતિચારનો આવે છે ને? અનંગક્રિડા, ...ચોથા વ્રતના અતિચાર દોષ આવે છે. પહેલા વ્રતના અતિચાર આવે. બંધે વહે... વગેરે.. અતિચાર છે. પણ ઇ

જેને સમ્યગ્દર્શન અનુભવ છે એને જે આવા વ્રતની સ્થિરતાનો અંશ પ્રગટ્યો છે અને એમાં જે એને આવા વ્રત વિકલ્પ હોય એને નિરતિચાર ન હોય. એમાં દોષ કંઈ લાગે છે તેથી તેને પંચમ ગુણસ્થાન કહેવાય. પણ એને વ્રતી ન કહેવાય. સમજાણું કાંઈ? **'અણુવ્રત અતિચાર સહિત હોતે હૈં ઇસલિયે વ્રતી નામ નહીં કહા.'** એને વ્રતી ન કહેવાય. અણુવ્રત હોવા છતાં જે વ્રત પડિમા બીજી છે, પહેલી દર્શન પડિમા, બીજી વ્રત પડિમા, એ વ્રત પડિમા એને ન કહેવાય. સમજાણું કાંઈ?

**'દૂસરી પ્રતિમા મેં અણુવ્રત અતિચાર રહિત પાલતા હૈ ઇસલિયે વ્રત નામ કહા હૈ,...'** સમ્યગ્દર્શન સહિત બીજા વ્રત એટલે પ્રતિમામાં, નિયમમાં વ્રત પડિમા કહી એમાં પંચ અણુવ્રત નિરતિચાર, અંશે અતિચારનો દોષ ન લાગે એવા અણુવ્રતના રાગની ઘણી મંદતા અને અંતરમાં સ્વરૂપની સ્થિરતાનો અંશ જાગ્યો છે, શાંતિનો એને પંચમ ગુણસ્થાનવાળો, વ્રત પડિમાવાળો, બીજી પડિમાવાળો કહેવાય. ભારે ઝીણું, ભાઈ! 'ભગવાનજીભાઈ'!

મુમુક્ષુ :– બહુ સરસ વાત છે.

ઉત્તર :– સરસ છે? આ 'નાઈરોબી'માં આ કાંઈ નહોતું. રૂપિયા હતા. નહોતા, રૂપિયા એના ઘરે રહ્યા. એ તો જડ છે. રૂપિયા તો જડ અજીવ છે. એ તો અજીવ થઈને રહ્યા છે. એ કંઈ આત્માના થઈને રહ્યા છે? પૈસા છે એ અજીવ થઈને રહ્યા છે કે જીવના થઈને રહ્યા છે? જો જીવના થઈને રહે તો તો પૈસો અરૂપી થઈ જાય. પૈસો શરીર, આ માટી, એ તો અજીવ થઈને રહ્યા છે. આ શરીર પણ અજીવ થઈને રહ્યું છે. આ કાંઈ જીવનું નથી. આહાહા..! બાયડી, છોકરા, એના આત્માઓ, એનો આત્મા થઈને રહ્યા છે, એના શરીરો એના અજીવ થઈને રહ્યા છે, એ આ જીવના થઈને રહ્યા છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એમ પહેલું મારા સ્વરૂપમાં એ બીજા અજીવો અને જીવો નથી. મારા સ્વરૂપમાં પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે, રાગ એ પણ નથી. અને હું એક સમયની વર્તમાન અવસ્થા છે એટલો હું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ધ્રુવ પરમાત્મસ્વરૂપ મારું પોતાનું, શુદ્ધ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ છે ઇ, સત્ એટલે છે, ચિદ્ એટલે જ્ઞાન, આનંદ એટલે અંદર આત્માનું અતીન્દ્રિય સુખ. એવો પરિપૂર્ણ આત્મા મારો છે. એનું જેને અંતર્મુખ થઈને ભાન થાય, એના ઉપરાંત જેને શાંતિની સ્થિરતા વધીને દર્શન પડિમા જેને થાય, એને પંચ અણુવ્રત હોય. છે ત્યાં થોડો ચારિત્રનો અંશ. અણુવ્રત છે એ ભલે વિકલ્પ છે પણ ત્યાં શાંતિની સ્થિરતાનો અંશ પ્રગટ્યો છે. કારણ કે બીજા કષાયનો ત્યાં અભાવ છે. શું કહ્યું? ભગવાને ચાર કષાય કહ્યા છે ને? અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન. તો પ્રથમ આત્મદર્શન, સમ્યગ્દર્શન થતાં એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ટળે. પણ બીજા ત્રણ કષાય એને હોય છે. તેથી તેને સમ્યગ્દષ્ટિ, અવિરતી સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. પણ જ્યારે અંશે પણ સ્થિરતાનો અંશ બીજો કષાય ટાળીને આવ્યો છે, એમાં એ પંચ અણુવ્રત આદિના વિકલ્પો છે. પણ સાતિચાર છે માટે તેને પંચમ ગુણસ્થાનવાળો દર્શન પડિમામાં નાખવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? 'શ્યામદાસજી'! બહુ ઝીણી વાતું આવી વાત.

વીતરાગનો માર્ગ એવો છે, ભાઈ! પરમેશ્વર સાક્ષાત્ કેવળજ્ઞાનીએ જોયેલો, જાણેલો,

અનુભવેલો કહ્યો માર્ગ આ છે. દુનિયા પોતાની મતિથી માનીને કલ્પી બેસે કે અમે ધર્મી છીએ ને અમે સમકિતી છીએ ને વ્રતધારી છીએ. સ્વતંત્ર અનાદિથી માન્યું છે. પણ વાસ્તવિક પરમાત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એણે જે કેવળજ્ઞાનમાં જોયું કે સમકિત આને કહેવું, સમજાણું કાંઈ? ઇ એણે કોઈ દિ' દરકાર કરી નથી. અને એને પોતાની જાત પૂર્ણ આનંદ ને શાંતિ ને વીતરાગતાથી ભરેલી ચીજ છે, એની અનુભવમાં પ્રતીત ન થાય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન હોય. સમ્યગ્દર્શન ન હોય તો એ અણુવ્રત અને મહાવ્રતના વિકલ્પો હોય એ કંઈ વ્રત-બ્રત છે નહિ. એ તો એકડા વિનાના મીંડા શૂન્ય.. શૂન્ય (છે).

આ તો સમ્યગ્દર્શન સહિત.. આહા..! આત્માનો અનુભવ. અનુ એટલે આત્મા શુદ્ધ આનંદને અનુસરીને ભવવું એટલે થવું. એવી દશામાં પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન. એના ઉપરાંત સ્વરૂપનો આશ્રય જરી વધારે લઈ, સ્વરૂપનો–દ્રવ્યનો આશ્રય વધારે લઈ અને જે શાંતિનો અંશ પ્રગટ્યો છે, એમાં પાંચ અણુવ્રતના ભાવ પણ હોય છે. એને દર્શન પડિમા–પહેલા પડિમાનું નામ એને દર્શન પડિમા કહે છે. છે એ પંચમ ગુણસ્થાનમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ત્યારે આહ્‌લાદ આનંદ વધતો જાય?

ઉત્તર :– હા. જેટલો કષાય ટળે એટલો આનંદ છે ને, વિશેષ છે ને. જેટલો કષાય ટળ્યો છે એટલી સ્થિરતા છે અને આનંદ પણ એટલો ભેગો છે. બારમે આનંદ પૂરો. તેરમે અનંત આનંદ. ચોથે ગુણસ્થાનથી આનંદની શરૂઆત થાય, સમ્યગ્દર્શનથી આનંદની શરૂઆત થાય. કેમ? કે જેટલા ગુણો આત્મામાં ભગવાને અનંતા કહ્યા, એ અનંતા ગુણનો પિંડ તે આત્મદ્રવ્ય છે. તો આખા દ્રવ્યની જ્યાં દૃષ્ટિ અને પ્રતીત થઈ તો એમાં જેટલા ગુણો અનંતા છે એ બધાનો અંશ પ્રગટ વ્યક્ત થાય છે. આહાહા..! તો આનંદનો અંશ પણ વ્યક્ત અને પ્રગટ છે. ચારિત્રનો અંશ પણ સ્વરૂપાચરણનો અંશે પ્રગટ છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું? બહારથી લોકોએ મૂળ વાતને મૂકી અને બહારથી બધા ઢસરડા કર્યા. એમાં કાંઈ આત્માનું કલ્યાણ થયું નહિ. આહાહા..!

અહીં તો પરમાત્મા અરિહંતદેવની વાણીમાં એમ આવ્યું, ભાઈ! તું પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છો ને! એ જ તું પૂરો છો. એક સમયની પર્યાય છે એ પૂરી નથી. આરે..! ભારે વાત, ભાઈ! પુણ્ય-પાપના વિકલ્પ છે એ તો તું નહિ, એ તો આસ્રવતત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ જે ઉઠે એ તો રાગ છે, એ તો આસ્રવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ નહિ. એનાથી ભગવાનઆત્મા પૂર્ણ અનંત ગુણનો ધામ, એને જ્યાં કબ્જે દૃષ્ટિમાં લીધો એટલે જેટલા ગુણો, એની શક્તિની અંશે વ્યક્તતા–પ્રગટતા ચોથે ગુણસ્થાને થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? તેથી 'શ્રીમદ્' એને ટૂંકી ભાષામાં 'સર્વ ગુણાંશ તે સમકિત' એમ કહ્યું છે. સમજાણું કાંઈ? પાંચમું ગુણસ્થાન આવતાં શ્રાવકનું ગુણસ્થાન (આવે). શ્રાવકનું એટલે ભાવશ્રાવક. સમજાણું કાંઈ? અંતરની દૃષ્ટિની ખીલવટ કરી અંદરમાં સ્વરૂપનો આશ્રય વધારે લેતાં થોડી શાંતિ થઈ, બીજો કષાય અપ્રત્યાખ્યાની ટળી પણ હજી એમાં અતિચાર દોષ લાગવાનો પાંચ અણુવ્રતમાં સંભવ છે. એથી એને દર્શન પડિમા કીધી. પણ વ્રતપડિમા એને કીધી નહિ. એટલો અતિચાર ખંડ છે ત્યાં સુધી વ્રતી નહિ, એમ કહે છે. આહા..હા..! ગુણસ્થાન

ભલે પંચમ. સમજાણું કાંઈ? કે દિ' નવરા થયા છે? નવરો કે દિ' છે? રળવું ને ખાવું ને પીવું ને ભોગ ને આબરૂ ને કીર્તિ.. મરી ગયો એમાં. ધૂળમાંય નથી કંઈ ન્યાં. આહાહા..! જ્યાં ભગવાન પોતાનો અંદર બિરાજે છે, ચૈતન્યનાથ જ્યાં સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે. સમજાણું કાંઈ? પેલા અન્યમતિ કહે એમ નહિ, હોં! આ તો પરમાત્માએ સત્.. સત્.. સત્ જે ભગવાને જોયું, સત્ સત્ મહાપ્રભુ ચેતન, ચિદાનંદ. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. એવો પરિપૂર્ણ પ્રભુ જેની શ્રદ્ધા અને પ્રતીત કરતાં અનંતા ગુણોની શક્તિની વ્યક્તતા–પ્રગટતા અનુભવમાં આવે. સમજાણું કાંઈ? આ પહેલું કરવાનું છે. આહાહા..! એ પછી સ્વરૂપનો–ધ્રુવનો વધારે આશ્રય લઈ, જે શાંતિનો અંશ પ્રગટ્યો એ ભૂમિકાએ પંચ અણુવ્રતના વિકલ્પનો ભાવ હોય. પણ એ નિરતિચાર ન હોય માટે એને વ્રતી બીજા પડિમામાં નાખી નથી. એને દર્શન પડિમા કહે છે, જુઓ! છે?

**'દૂસરી પ્રતિમા મેં અણુવ્રત અતિચાર રહિત પાલતા હૈ...'** સમ્યગ્દર્શન સહિત પહેલી પડિમામાં પંચ અણુવ્રત તો છે, પણ બીજી પડિમામાં નિરતિચાર વ્રત પાળે ત્યારે તેને વ્રતી પડિમા પંચમ ગુણસ્થાનની બીજી ભૂમિકાની દશા કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..! **'અતિચાર રહિત પાલતા હૈ ઇસલિયે વ્રત નામ કા હૈ, યહાં સમ્યક્ત્વ કે અતિચાર ટાલતા હૈ...'** શું કહે છે? દર્શન પડિમામાં પાંચ અણુવ્રતના ભાવ, વિકલ્પ હોય. સ્થિરતાનો અંશ હોય પણ અતિચાર એના ન ટાળે પણ દર્શન પડિમામાં સમકિતના અતિચાર ટાળે. આહા..! સમજાય છે કાંઈ? શંકા, કંખા, વિતિગચ્છ સમકિતના અતિચાર આવે છે ને? એ એને હોય નહિ. દર્શન પડિમામાં શંકા, કંખા, ... પર.. છે ને? પરિચય કરવો.. એ સમ્યગ્દષ્ટિને ઊંધી દૃષ્ટિવાળા અજ્ઞાનીઓ, જીવને ઈશ્વરકર્તા માનનારા, જીવને પરાધીન માનનારા કે જીવને એક જ માનનારા કે જડને એક જ માનનારા, એવા માનનારા અજ્ઞાનીઓનો સંસર્ગ, એના ગુણ ન ગાય, એનો પરિચય ન કરે. એવો પંચમ ગુણસ્થાનવાળો પણ દર્શન પડિમાવાળો એના સમકિતના અતિચાર ટાળે. વ્રતના અતિચાર ન ટાળે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સમ્યક્ત્વ કે અતિચાર ટાલતા હૈ, સમ્યક્ત્વ હી પ્રધાન હૈ...'** માટે સમકિત જ પ્રધાન છે, એમ કહે છે. ત્યાં વ્રત પ્રધાન (નથી), પ્રધાન એટલે મુખ્ય વ્રત કહેવામાં આવતા નથી. **'ઇસલિયે દર્શનપ્રતિમા નામ હૈ.'** એને ભગવાને સિદ્ધાંતમાં દર્શન પ્રતિમા કહેવામાં આવે છે. **'અન્ય ગ્રંથોં મેં ઇસકા સ્વરૂપ ઇસપ્રકાર કહા હૈ કિ જો આઠ મૂલગુણ કા પાલન કરે, સાત વ્યસન કો ત્યાગે, જિસકે સમ્યક્ત્વ અતિચારરહિત શુદ્ધ હો વહ દર્શન પ્રતિમા ધારક હૈ.'** બીજા શાસ્ત્રોમાં પરમેશ્વરના પણ બીજા શાસ્ત્રમાં આઠ મૂળગુણ પાળે. પાંચ ઉદંબર ફળ છે ને? આ ટેટા.. શું કહેવાય? ટેટી વડની. એમાં ત્રસ બહુ હોય છે. તેથી સમકિતી એ ખાય નહિ. એને લ્યે નહિ. સમજાય છે કાંઈ? વડના ટેટા, ટેટી, આ અંજીર, અંજીર છે ને? અંજીર. બહુ જીવ. અંજીર. સડેલા હોય. જીવાત બહુ ઝીણી ઝીણી, ત્રસ જીવ હોય. એને સમ્યગ્દષ્ટિ એવા પાંચ પ્રકારના ફળ, જેમાં ત્રસની ઉત્પત્તિ હોય છે, એને ખાય નહિ. એને ખાવાનો ભાવ એને હોતો નથી. સમજાણું કાંઈ? ઉદુંબર એને કહે છે. એવું એક ફળ ન્યાં જોયું હતું. દિશાએ ગયા ત્યાં નીચે ફળ પડેલા. ક્યાં? સલાસર. સલાસર નહિ? પેલી કોર આવ્યું ને?

સલાસર ગયા હતા. દિશાએ બહાર ગયા હતા. ત્યાં એક મોટું ઝાડ અને નીચે ફળ. આપણે કાંઈ કોઈ દિ' જોયેલું નહિ. આવડા.. આવડા ફળ. કીધું, શું હશે આ? એકલી જીવાત પડેલી અંદર. એ આ ઉંબરના ફળ હતા. અહીં ઝાડ હતા. 'રાજકોટ'. ભાઈ! આપણે ઉતરેલા કો'કના મકાનમાં. 'રાઠોડ'ની. 'રાઠોડ'ની જગ્યામાં ઉતર્યા હતા. કૂવાના રસ્તે. મોટું ઝાડ. ઉંબરના ફળનું હતું. એકલા ત્રસ. ટેટી. આ ટેટીના શાક કરે છે ને? મહા જીવાત એકલી હોય. સમકિતી એવા શાક ખાય નહિ. એટલો તો એને અંદર રાગનો ત્યાગ હોય, એમ કહે છે. એક રાગ તો તૂટી ગયો છે, અનંતાનુબંધી ગયો છે. સમજાણું કાંઈ? જેમાં ત્રસની ઉત્પત્તિ (થતી હોય) એ ત્રસનો ખોરાક તો માંસનો ખોરાક કહેવાય. સમજાણું કાંઈ? એ.. 'મથુરભાઈ'! એને બિચારાને ક્યાં ખબર છે ઓલા મરી ગયા એની. રળવા રળવામાં પડ્યા હોય. ત્યાં સાંભળવા પણ ક્યાં નવરા છે. ખરી વાત છે. આહા..!

કહે છે, પાંચ ઉદંબર ફળ અને સાત વ્યસન. પરસ્ત્રી, શિકાર, માંસ, દારૂ એ સમકિતીને હોઈ શકે નહિ. એ ભાવ એને હોય જ નહિ. એવો ભાવ સમ્યગ્દર્શન વિના પણ આર્યપ્રાણીને પણ એવા ખરેખર તો માંસ, દારૂ હોઈ શકે નહિ. માંસ, દારૂ, શિકાર, પરસ્ત્રી એ તે કંઈ સજ્જનને હોય? સાધારણ લૌકિક સજ્જનને પણ એ હોય નહિ. અહીં તો સમ્યગ્દષ્ટિની વાત ચાલે છે. વ્રત સહિત અણુવ્રતી છે. એને એવા સાત વ્યસનો ન હોય. અને પાંચ ઉદંબર ફળ ખાય નહિ. સમજાણું?

આઠ મૂળગુણ એટલે આ પાંચ ઉદંબર ફળ અને મદ્ય, માંસ ને દારૂ. મદ્ય, માંસ છે ને? ... એટલે મધ. મદ્ય એટલે દારૂ અને માંસ અને મધ. એ સમકિતી ન ખાય. મધના એક ટીપામાં સાત ગામને મારે એટલા જીવ અંદર છે. સમજાણું કાંઈ? મધ દવામાં પણ સમકિતી લે નહિ. એવી વાત છે. 'હિંમતભાઈ'! ઘણા લે છે ને? દવામાં નાખે. મોટું પાપ છે. આઠ મૂળગુણ, સાત વ્યસન.

**'જિસકે સમ્યક્ત્વ અતિચાર રહિત શુદ્ધ હો...'** આઠ મૂળગુણ પાળે અને સાત વ્યસન ન હોય. એને દર્શન પ્રતિમાનો ધારક કહેવાય. **'પાંચ ઉદંબરફલ ઔર મદ્ય, માંસ, મધુ...'** મદ્ય એટલે દારૂ. દારૂ, માંસ અને મધ અને ઉદંબર ફળ–આ ટેટા આદિ કે અંજીર... શું કીધું ઇ? અંજીર. એ બધાનો ત્યાગ સમકિતીને અણુવ્રતધારીને હોય છે. સમજાણું કાંઈ?

**'અથવા કિસી ગ્રંથ મેં ઇસપ્રકાર કહા હૈ કિ પાંચ અણુવ્રત પાલે ઔર મદ્ય, માંસ, મધુ કા ત્યાગ કરે...'** એવા આઠ મૂળગુણ પણ કહ્યા છે. પેલામાં પાંચ ઉદંબર ફળ કહ્યા હતા, અહીં પાંચ અણુવ્રત કહ્યા. પણ એ તો બધું એક જ છે. **'પરન્તુ ઇસમેં વિરોધ નહીં હૈ, વિવક્ષા કા ભેદ હૈ.'** કથનમાં ભેદ છે. એ આવી ગયું પાંચ અણુવ્રતમાં. કેમ? **'પાંચ ઉદંબરફલ ઔર તીન મકાર...'** મધ, માંસ અને મદ્ય. મકાર આવ્યો ને? દારૂ. **'ત્યાગ કહને સે જિન વસ્તુઓં મેં સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં ઉન સબ હી વસ્તુઓં કો ભક્ષણ નહીં કરે.'** જેમાં ત્રસ જીવ ઝીણા.. ઝીણા.. ઝીણા.. ઝીણા... ઝીણા... સાક્ષાત્ દેખાય, તે ધર્મીને ખાવાને યોગ્ય હોઈ શકે નહિ. આ સડે છે, નહિ? અથાણું સડે એમાં જીવાત બહુ પડે. બાર-બાર મહિનાના અથાણા. અથાણું સમજ્યા ને? અથાણું સમજતે હો? આચાર. બાર-બાર મહિનાના, કેરીના, ગુંદાના, ખારેકના કરે છે ને આથણું?

મુમુક્ષુ :– મખ્ખન કો ભી...

ઉત્તર :– હા. માખણ પણ નહિ.

અહીં કહે છે, **'સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં...'** આ માખણ આઠ-આઠ દિ'નું રાખીને લોકો ગામડામાં ઘી કરે છે. બધું બગડી ગયું અત્યારે. માખણ એક દિ'નું રાખે અને આઠ દિ'નું ભેગું કરે. અને બે ઘડી પછી ત્રસ થાય, શાસ્ત્ર તો એમ કહે છે. એ ઉકાળેલા ઘી. એને અહીં ચોખ્ખા ઘી કહે. પેલું બીજું નાખ્યું ન હોય ને. શું કહેવાય? વેજીટેબલ ને ઇ. પણ પેલા ત્રસ મરી ગયા છે ઇ? સમજાણું કાંઈ? વેજીટેબલ નાખ્યું હોય અને પેલું નાખ્યું હોય તો... પણ આઠ દિ' સડો રાખી, ગામડામાં આઠ દિ' ભેગું કરી પછી તાવે. ન્યાં પણ તમારે એમ હશે કે નહિ? ચાર દિ'. ચાર દિ' કહે છે. તોપણ અહીં તો શાસ્ત્ર તો (એમ કહે છે), માખણ બે ઘડી પછી ત્રસ થઈ જાય અંદર. સમજાણું કાંઈ? સૂક્ષ્મ ત્રસ થાય. ભગવાને કેવળજ્ઞાનીએ જોયાં છે. એને ભલે નજર ન આવે.

**'સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં...'** એમાં ત્રસનો ખ્યાલ ન આવે. **'સબ હી વસ્તુઓં કા ભક્ષણ નહીં કરે. દેવાદિક કે નિમિત્ત...'** દેવ, ગુરુ માટે પણ એ ત્રસની હિંસા કરે નહિ. **'તથા ઔષધાદિ નિમિત્ત ઇત્યાદિ કારણોં સે દિખતે હુએ ત્રસજીવોં કા ઘાત ન કરે,...'** એ ઔષધને માટે ગોળી, દવા વગેરે માટે પણ જેમાં ત્રસ જીવ મરે એવી દવા સમકિતી, શ્રાવક ખાય નહિ. સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! **'ઘાત ન કરે, ઐસા આશય હૈ...'** લ્યો. **'ઔષધાદિ નિમિત્ત ઇત્યાદિ કારણોં સે દિખતે હુએ ત્રસ જીવ...'** સૂક્ષ્મપણે દેખાય એવા ન (લે). **'ઇસમેં તો અહિંસાણુવ્રત આયા.'** કહે છે ને પેલા? પાંચ ઉદંબર કહ્યા હતા. એમાં આ અણુવ્રત આવી ગયું હશે. એનો ત્યાગ થયો તો અણુવ્રત થઈ ગયું.

મુમુક્ષુ :– પાંચમા ગુણસ્થાને

ઉત્તર :– પાંચમું. આ તો પાંચમાની વાત છે. પ્રતિજ્ઞા સહિતની વાત છે ને. વ્રતધારી. ચોથાવાળો મદ્ય, માંસ આદિ ખાય નહિ. પણ એને વ્રતની પ્રતિજ્ઞા નથી. ચોથે પ્રતિજ્ઞા નથી ને. છતાં ચોથે ખાય નહિ. સમકિતી માંસ નહિ, મધ નહિ, દારૂ નહિ. હોય નહિ એને. પાંચ ઉદંબર ફળ હોય નહિ એને. સમકિત થવા પહેલા, જૈન થવા પહેલા એને ન હોય, એમ કહે છે શાસ્ત્ર. 'પુરુષાર્થ સિદ્ધ ઉપાય'માં છે. જેને આ આઠ મૂળગુણનો ત્યાગ નથી એ તો જૈનધર્મને સાંભળવાને લાયક નથી, એમ કહે છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' છે ને? 'અમૃતચંદ્રાચાર્ય'. સમજાણું કાંઈ?

**'અહિંસાણુવ્રત આયા...'** લ્યો. એ પાંચ ઉદંબરનો ત્યાગ પ્રતિજ્ઞા છે ને અહીં તો અણુવ્રતમાં? એની વાત છે. પેલામાં પ્રતિજ્ઞા નથી, પણ હોય નહિ. **'સાત વ્યસન કે ત્યાગ મેં જૂઠ,...'** કા ત્યાગ આયા. સાત વ્યસનમાં જૂઠાનો ત્યાગ એ બીજું અણુવ્રત થઈ ગયું. **'ચોરી...'**નો ત્યાગ આવ્યો. સાત વ્યસનમાં ચોરીનો ત્યાગ આવે છે. **'પરસ્ત્રી કા ત્યાગ આયા, અન્ય વ્યસનોં કે ત્યાગ મેં અન્યાય, પરધન, પરસ્ત્રી કા ગ્રહણ નહીં હૈ,...'** લ્યો. એ વ્યસનના ત્યાગમાં અન્યાય નહિ. અન્યાય ન કરે, સમકિતી અન્યાય ન કરે. અન્યાયથી કોઈને લૂંટે કે એવું ન હોય. સમજાણું કાંઈ? થાપણ મૂકી હોય પાંચ લાખની અને કહે તમારા એક લાખ હતા. એવો અન્યાય ન કરે. ઠીક છે. આ વિધવા બાઈ છે એને કાંઈ ખબર નહોતી. ઓઘે ઓઘે મૂકી ગઈ છે. અમારા બાપ ગુજરી ગયા છે. મારા બાપની

મૂકી મને આવી છે. કેટલી છે મને ખબર નથી, પણ તમારે ત્યાં મૂકી જાઉં છું. હોય પાંચ લાખની, પછી કહે કે એમાં તો લાખની હતી. એવો અન્યાય હોય નહિ. સમજાણું કાંઈ?

**'પરધન, પરસ્ત્રી ગ્રહણ નહીં હૈ...'** અન્યાયથી પરધન અને પરસ્ત્રીનું ગ્રહણ ન હોય. પરસ્ત્રીનો ત્યાગ હોય છે. સમજાય છે કાંઈ? વ્યભિચારી અણુવ્રતધારી રહી શકે નહિ. સમ્યગ્દર્શન સહિતની વાત છે. ન હોય એને પણ સજ્જનતામાં તો એટલું ન હોય. સાધારણ સજ્જનને પણ પરસ્ત્રીનો ત્યાગ, માંસ, દારૂ, મદ્યનો ત્યાગ એ તો સાધારણ હોય. એ તો સાધારણ સ્થિતિ છે. આ તો પ્રતિજ્ઞા અને ભાન સહિતની વાત ચાલે છે.

**'ઇસમેં અતિલોભ કે ત્યાગ સે પરિગ્રહ કા ઘટાના આયા,...'** ચોરીનો ત્યાગ, પરિગ્રહનો ત્યાગ, જૂઠાનો ત્યાગ એમ આવ્યું ને? પરિગ્રહનો ત્યાગ પણ આવ્યો. **'ઇસપ્રકાર પાંચ અણુવ્રત આતે હૈં.'** એ આઠ મૂળગુણમાં પણ પાંચ અણુવ્રત આવે. **'ઇનકે (વ્રતાદિ પ્રતિમા કે) અતિચાર નહીં ટલતે હૈં ઇસલિયે અણુવ્રતી નામ પ્રાપ્ત નહીં કરતા...'** લ્યો. દર્શન પડિમા પંચમ ગુણસ્થાન હોવા છતાં અતિચાર ટળે નહિ તેથી તેને દર્શન પડિમા કહેવાય. અણુવ્રત ઇ ન પાળે. આહા..! જુઓને! ખૂબી. અણુવ્રત હોવા છતાં અતિચાર (સહિત છે તો) અણુવ્રત નહિ. સમજાણું કાંઈ?

**'અતિચાર નહીં ટલતે હૈં ઇસલિયે અણુવ્રતી નામ પ્રાપ્ત નહીં કરતા (ફિર ભી) ઇસપ્રકાર સે દર્શન પ્રતિમા કા ધારક ભી અણુવ્રતી હૈ ઇસલિયે દેશવિરત સાગારસંયમચરણ ચારિત્ર મેં ઇસકો ભી ગિના હૈ.'** શું કીધું? સંયમચારિત્રના બે પ્રકાર. એક–દેશવિરતિ અને એક–સર્વવિરતિ. દેશવિરતિ શ્રાવકમાં અને પાંચમા ગુણસ્થાનવાળામાં પહેલી પડિમાને નાખ્યા. સંયમચરણ ચારિત્રમાં નાખ્યા, એમ કહે છે. ભાઈ! એમ કે સંયમચરણ ચારિત્રમાં આને નાખ્યા. સંયમચરણ ચારિત્રમાં નાખ્યા પણ વ્રતીમાં નાખ્યા નથી. જુઓને! આંતરો. સમજાણું?

પહેલું સમ્યક્ચરણ ચારિત્ર. એ તો ઘણી વિસ્તારથી વાત થઈ ગઈ. પછી સંયમચરણ ચારિત્રના બે ભાગ. એક ગૃહસ્થાશ્રમનો દેશવિરતિ અને સર્વવિરતિ. દેશવિરતિના સંયમચરણ ચારિત્ર પાંચમે ગુણસ્થાને દર્શન પડિમાને આવ્યું અને છે એ સંયમચરણ ચારિત્ર. છતાં એને વ્રતી કહેવાય નહિ. આહાહા..! પડિમા ન કહેવાય. વ્રત પડિમા ન કહેવાય. સમજાણું કાંઈ? આ બધું સમજવું પડતું હશે? સમજ્યા વિના ઓઘે ઓઘે ધર્મ નહિ થાતો હોય? એમ ન ચાલે વીતરાગ માર્ગમાં. એનું બરાબર જ્ઞાન કરવું જોઈએ.

અરે...! આવો મનુષ્યદેહ મળ્યો, એમાં જો આ ભગવાને કહેલો વાસ્તવિક તત્ત્વનો ધર્મ ન પ્રગટે અને ન સમજે (તો) જન્મ-મરણના ક્યાંય આરા નહિ આવે. દુનિયા એમ કહેશે કે ઓ..હો..હો...! કરોડ, બે કરોડ, પાંચ કરોડ હોય અને દસ-વીસ લાખ ખર્ચે... ભારે ધર્મી છે ઇ. ધર્મી દુનિયા કહેશે. પણ એ ધર્મી નથી. તારા દસ લાખ શું પાંચ-દસ કરોડ ખર્ચ ને. એ તો જડ છે. દુનિયા એમ કહે, દાનેશ્વરી! ભગવાન કહે, પણ સાંભળને હવે. તારામાંથી રાગને કાઢીને સ્વરૂપના સ્થિરતાના દાન તેં ન આપ્યા ત્યાં સુધી તું દાનેશ્વરી નથી. એય..! પોતાને દાન અંદર (દે). ભગવાન આનંદનો ધામ પ્રભુ, એને રાગનો અભાવ કરી અને શાંતિની સ્થિરતા આત્મામાં દેવી એનું નામ

દાન છે. આવા બહારના દાન તો અનંત વાર આપ્યા. રાગ કોઈ મંદ કર્યો હોય તો પુણ્ય થાય. આણે પાંચ કરોડના, દસ કરોડના દેરાસર બંધાવ્યા માટે ધર્મ થાય. તો કહે છે ના. કોણ કહ્યું તને? સમજાણું કાંઈ? દુનિયા તો કહેશે. ભગવાન નહિ કહે. બરાબર છે ને આ? એક જણાએ લાખ ખર્ચ્યા તો કહે, ઓ..હો..હો...! શું છે પણ? ત્રણ કરોડની આગળ એક લાખ કેવો હતો? ત્યાં તો એમ કહે, વાહ.. વાહ..! એનો બાપ પણ જરી થોડી વાર ખુશી થઈ જાય.

મુમુક્ષુ :– બરાબર ...

ઉત્તર :– ગયા પછી કહીએ છીએ આ. પણ એમાં છે શું?

ભગવાનઆત્મા વીતરાગની મૂર્તિ પ્રભુ, એનું દાન એને શક્તિમાંથી પ્રગટતા વીતરાગના અંશની કરી અને પોતે રાખે અને પોતે પોતાને નિર્મળ ભાવ દે, એને ભગવાન ધર્મીનું દાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહારના પૈસાથી.. નામ પડે. ગરીબ માણસ બિચારા નોંધાવી ન શકે. આંકડો નોંધાવે. આ પાંચ લાખનો ખરડો કરવો છે. મોટાઓ પહેલા આંકડો લખાવો. કારણ કે નાનો પહેલું લખાવે તો મોટાને ઓલું થઈ જાય. 'પોપટભાઈ'! મોટા મોટાને પકડે પહેલા. લખાવો. પચ્ચીસ હજાર ને એક. જે એનાથી નાનાનું ઓછું લખાય પણ બહુ એની જેવડા હોય એ ઓછું ન લખે. આ તો દબાણને લઈને પણ... ઇ પણ રાગની મંદતા એ જુદી જાતની, કહે છે. હોય તો. આહાહા..!

અહીં તો ભગવાનઆત્મા તદ્દન પવિત્રનું ધામ એવી પવિત્રતા જેને દૃષ્ટિમાં આવી છે અને એ પવિત્રતા પ્રગટ કરવી છે એમાં બહારના અવલંબન ને આશ્રયની એને જરૂર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ દેશવિરતમાં ગણવામાં આવ્યા પણ દર્શન પડિમાનું નામ વ્રતીમાં ગણવામાં ન આવ્યું.

आगे पांच अणुव्रतोंका स्वरूप कहते हैं:-

## ગાથા-૨૪

थूले तसकायवहे थूले मोषे अदत्तथूले[1] य।
परिहारो परमहिला परिग्गहारंभपरिमाणं।।24।।

स्थूले त्रसकायवधे स्थूलायां मृषायां अदत्तस्थूले च।
परिहार: परमहिलायां परिग्रहारंभपरिमाणम्।।24।।

ત્યાં સ્થૂલ ત્રસહિંસા-અસત્ય-અદત્તના, પરનારીના;
પરિહારને, આરંભપરિગ્રહમાનને અણુવ્રત કહ્યાં. ૨૪.

1. - 'अदत्तथूले' के स्थानमें सं. छायामें 'तितिक्ख थूले', 'परमहिला' के स्थानमें 'परमपिम्मे' ऐसा पाठ है।

अर्थ :- थूल त्रसकायका घात, थूल मृषा अर्थात् असत्य, थूल अदत्ता अर्थात् परका बिना दिया धन, परमहिला अर्थात् परस्त्री इनका तो परिहार अर्थात् त्याग और परिग्रह तथा आरंभका परिमाण इसप्रकार पांच अणुव्रत हैं।

भावार्थ :- यहाँ थूल कहनेका ऐसा जानना कि - जिसमें अपना मरण हो, परका मरण हो, अपना घर बिगड़े परका घर बिगड़े, राजाके दण्ड योग्य हो, पंचोंके दण्ड योग्य हो इसप्रकार मोटे अन्यायरूप पापकार्य जानने। इसप्रकार स्थूल पाप राजदिकके भयसे न करे वह व्रत नहीं है, इनको तीव्र कषायके निमित्तसे तीव्र कर्मबंधके निमित्त जानकर स्वयमेव न करनेके भावरूप त्याग हो वह व्रत है। इसके ग्यारह स्थानक कहे, इनमें ऊपर - ऊपर त्याग बढ़ता जाता है सो इसकी उत्कृष्टता तक ऐसा है कि जिन कार्योंमें त्रस जीवोंको बाधा हो इसप्रकारके सब ही कार्य छूट जाते हैं इसलिये सामान्य ऐसा नाम कहा है कि त्रसहिंसाका त्यागी देशव्रती होता है। इसका विशेष कथन अन्य ग्रन्थोंसे जानना।।24।।

## ગાથા-૨૪ ઉપર પ્રવચન

**'આગે પાંચ અણુવ્રતોં કા સ્વરૂપ કહતે હૈં :–'** લ્યો. પાંચ અણુવ્રત કીધાં ને? અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. અણુ એટલે નાના વ્રત. સમકિત સહિત. સમકિત વિનાના વ્રત એ વ્રત હોઈ શકે નહિ. તેથી પહેલું (કહ્યું), સમ્યક્ચરણ ચારિત્ર વિના સંયમચરણ ચારિત્ર હોઈ શકે નહિ. એ વાત પહેલી આવી ગઈ છે. સમ્યક્ચરણ ચારિત્ર ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પના રાગની ક્રિયા વિનાનો, પૂર્ણાનંદનો ધ્રુવ નાથ, એની અંદરમાં જામી ગયેલી પ્રતીતિ, એવા અનુભવની પ્રતીતિ વિના કોઈ પણ વ્રત ને તપને કરે એ બધાં એકડા વિનાના મીંડા છે. સમજાય છે કાંઈ? એ બધા રણમાં પોક મૂકવા જેવા છે, એમ કહે છે. રણની પોક કોઈ સાંભળે નહિ. એનું રૂદન મટે નહિ. આ વસ્તુના ભાન સહિત જે અણુવ્રત સમ્યગ્દર્શન સહિત હોય એને સંયમચરણ ચારિત્ર કહે છે.

**थूले तसकायवहे थूले मोसे अदत्तथूले य।**
**परिहारो परमहिला परग्गहारंभ परिमाणं।।24।।**

**अर्थ :– 'थूल त्रसकाय का घात,...'** એનો ત્યાગ. સમ્યગ્દર્શન સહિત અણુવ્રતધારીને સ્થૂળ ત્રસનો ઘાત (હોય છે). સૂક્ષ્મ કોઈ ન દેખાય એવું તો કાંઈ અશક્ય છે. સમજાણું? વિષયભોગમાં અસંખ્ય સંમૂર્છન ત્રસ મરે. દેખાય નહિ એવી ચીજ છે. ભગવાનની આજ્ઞાએ માનીને... સમજાણું? એક વાર વિષયમાં અસંખ્ય સંમૂર્છન ત્રસ મરે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ ઇ દેખાતા નથી ને એથી એને કહે છે કે ઘાત થાય છતાં પાંચમા ગુણસ્થાનનો નાશ ન થાય. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! દેખાતા ત્રસ હોય, આ જીવાત, જુઓને! રીંગણાના ટોપમાં બહુ જીવાત હોય. રીંગણા.. રીંગણા હોય છે ને? એના ઉપરના ટોપ હોય ને? ઝીણા.. ઝીણા.. ઝીણા.. પાણીમાં નાખે તો જુદા

પડી જાય. એવા ત્રસ જેમાં હોય એવો ખોરાક, સ્થૂળ દેખાય એનો ખોરાક ન લ્યે, એમ કહે છે.

આમ તો ભગવાન કહે છે, ગાઢે ગરણે પાણી ગળે તોપણ સૂક્ષ્મ ત્રસ તો અંદર ઝીણા હોય છે. આહાહા..! એમાં ઓલા ગરણામાં ગળી જાય. પાણી જાય ને હેઠે? પાકુ ગરણું, હોં! જાડું. આ બહુ પાતળા ઝીણા કરે છે એ નહિ. જાડા કપડા. એના ગરણે પાણી ગળે તોપણ અંદર હેઠે પાણીમાં અંગુલના અસંખ્યમા ભાગમાં ત્રસ હોય છે. એ ત્રસ એમાં પાણીમાં જાય. પણ એ દેખતા ત્રસ નથી એટલે એનો ત્યાગ થઈ શકતો નથી. એવી વાત છે. સમજાણું કાંઈ? ઓ..હો..! (ઇ) સ્થૂળ ત્રસનો ઘાત (થયો).

**'થૂલમૃષા..'** મોટું જૂઠું. ખુલાસો કરશે. **'થૂલ અદત્તા અર્થાત્ પર કા બિના દિયા ધન, પરમહિલા...'**નો ત્યાગ. પરસ્ત્રીનો ત્યાગ. **'પરસ્ત્રી ઇનકા તો પરિહાર અર્થાત્ ત્યાગ ઔર પરિગ્રહ તથા આરંભ કા પરિમાણ...'** એનું માપ કરે. પરિગ્રહનું માપ હોય કે આટલું એ સિવાય મારે કરવું નહિ. એવું સમ્યગ્દર્શનના ભાન સહિત એ ભૂમિકામાં આવા અણુવ્રતના પરિણામ એને હોય છે.

**ભાવાર્થ :– 'યહાં થૂલ કહને કા ઐસા અર્થ જાનના કિ–જિસમેં અપના મરણ હો,..'** સમજાણું કાંઈ? એવું અફીણ ખાય ને એવું જે ખાય છે ને પેલા? એવું ન હોય. **'પરકા મરણ હો,...'** પર ત્રસ મરી જાય, એનો ત્યાગ છે. **'અપના ઘર બિગડે,...'** ઘર બગડે, **'પર કા ઘર બિગડે,...'** એવું ધર્મી–સમકિતી કરતો નથી. આહા..! **'રાજા કે દંડ યોગ્ય હો,...'** રાજા દંડવાને યોગ્ય એવું કર્તવ્ય સમકિતી કરે નહિ. સમજાણું કાંઈ? **'પંચોં કે દંડ યોગ્ય હો,...'** પંચ.. પંચ. મહાજન. સરપંચ થયા છે ને હવે તો. (પહેલા) મહાજન હતા. મહાજનનો દંડ થાય એવું એ આચરણ ન કરે. અત્યારે તો સરપંચ પોતે કરતો હોય. એને ભાન પણ ન મળે કે શું વસ્તુ છે. આ તો પહેલા સાચા મહાજન હતા, ધર્માત્મા સાચા.. સમજાય છે? એ એને દંડ દે એવું સમકિતી ન કરે. લજ્જા આવે. આહા..! **'ઇસપ્રકાર મોટે અન્યાયરૂપ પાપકાર્ય જાનને.'** લ્યો. મોટા અન્યાયરૂપ પાપ. આ અન્યાયની વ્યાખ્યા કરી. આવા મોટા અન્યાયરૂપ પાપ એ કરે નહિ.

**'ઇસપ્રકાર સ્થૂલ પાપ રાજાદિક કે ભય સે ન કરે વહ વ્રત નહીં હૈ,...'** રાજના ભયથી, કુટુંબના ભયથી, પંચના ભયથી, નાતના ભયથી કદાચિત્ આવી મોટી હિંસા, અન્યાય ન કરે તોપણ એ વ્રતી કહેવાય નહિ. એ તો દુનિયા માટે કર્યું. આત્મા માટે જેને રાગ ઘટાડવાની ભાવના છે, સ્વરૂપની દૃષ્ટિનો આશ્રય લઈને, એને તો આવા ભાવ પોતાથી સહજ પાપના ત્યાગનો ભાવ હોય છે. સમજાણું?

**'ઇનકો તીવ્ર કષાય કે નિમિત્ત સે તીવ્ર કર્મબંધ કે નિમિત્ત જાનકર...'** કહે છે કે ત્યાગ કેમ કરવો? એ તીવ્ર કષાયનું નિમિત્ત છે અને તીવ્ર કર્મબંધનું નિમિત્ત છે. એમ. આ સ્થૂળ પાપ. **'સ્વયમેવ ન કરને કે ભાવરૂપ ત્યાગ હો વહ વ્રત હૈ.'** પોતાની મેળાએ રાગનો ત્યાગ. સ્વભાવના ભાવમાં સ્થિરતા કરીને આવો ભાવ હોય તો એને વ્રત પડિમા કહેવામાં આવે છે. નહિતર નહિ. સમજાણું કાંઈ?

**'ઇસકે ગ્યારહ સ્થાનક કહે, ઇનમેં ઊપર ઊપર ત્યાગ બઢતા જાતા હૈ...'** એમ કહે છે.

અગિયાર પડિમા કીધી ને? એમાં પહેલી પડિમા પછી બીજી, ત્રીજી વધતી જાય. હેઠે ઉતરે નહિ. આહાહા..! એમ કહે છે. પડિમા લીધી પછી મૂકી દીધી. મૂકી દઈએ આપણે. એમ ન હોય. સાચી સમ્યગ્દર્શન સહિતની વાત છે ને? પછી એને વધવું જ હોય. **'ઇસકે ગ્યારહ સ્થાનક કહે, ઇનમેં ઊપર ઊપર ત્યાગ બઢતા જાતા હૈ...'** રાગ ઘટતો જ જાય. પહેલી પડિમા કરતાં બીજીમાં, બીજી કરતાં ત્રીજીમાં રાગ ઘટતો જ જાય. ત્યારે એને પડિમા કહેવામાં આવે છે. આહા..! **'સો ઇસકી ઉત્કૃષ્ટતા તક ઐસા હૈ...'** વધતાં વધતાં રાગનો ત્યાગ કરતાં કરતાં **'ઉત્કૃષ્ટતા તક ઐસા હૈ કિ જિન કાર્યોં મેં ત્રસ જીવોં કો બાધા હો...'** જેમાં ત્રસ જીવને દુઃખ થાય **'ઇસપ્રકાર કે સબ હી કાર્ય છૂટ જાતે હૈં...'** સમજાણું કાંઈ? ખેતી ને વાડીમાં જુઓને! ખેતીમાં કેટલા ઓલા.. શું કહેવાય? ખાતર. બહુ જીવાત ખાતરમાં, હોં!

એ ગાડા ભરીને જતા હતા. ગાડા ભરેને સડેલા હશે તો આમ જીવડા હેઠે પડે. ગાડા ચાલતા હતા, ગાડામાંથી (હેઠે પડે). આખું ગાડુ ભરેલું. અને વાણિયાનું હતું. વાણિયાને ખેતર હતું. સમજાણું? લોકો કહે, એલા અમે આવું ન કરીએ ને વાણિયા આવું કરે? એમ લોકો બોલતા હતા. ઘણા વર્ષથી પડ્યો હશે.. શું કહેવાય? ઉકરડો. જૂનો સડેલો રાખ્યો હશે. એમાં ટાણું આવ્યું તો વેંચી નાખ્યો. એમાં ગાડાનું શું ઊપજે? તે દિ' રૂપિયો, દોઢ રૂપિયો. પણ જીવાત એટલી કે ગાડું આમ ચાલે (તો) હેઠે ત્રસ કાળા જીવડા પડતા જ હોય, ચકરાતા જ હોય. સમજાય છે? આવું સમકિતીને હોઈ શકે નહિ. આહા..હા..! આ તો અમને તો નામ-ઠામ બધું આવડતું હોય ને, અમને ખબર છે કોણ (ઇ). ત્રસ મરે. સડો.. સડો. ઉકરડામાં એટલી જીવાત. વરસાદ પડ્યા હોય, સડ્યા હોય, કાળા કાળા જીવડા થઈ જાય ઝીણા. એ તો હજારો.. હજારો.. લાખો. અરે..! ધર્મીજીવ એવા સ્થૂળ ત્રસ મરે એવા વેપારમાં, ધંધામાં એ પડે નહિ. સમજાણું કાંઈ?

એક શેઠને કહ્યું હતું કે તમે આ જીન કેમ કરાવતા નથી? જીન.. જીન. અમારા પુણ્ય એટલા નથી કે જીન પ્રેસમાં બળે ને પાછા બાકી રહે. એવો જવાબ આપ્યો. એટલા અમારા પુણ્ય અમારા દેખાતા નથી. જીન કરતાં તો એમાં ત્રસ બહુ મરે. ઊના પાણી હેઠે પડે, લીંબડીયું પડે, પંખી પડે. આવા પાપમાં અમારા પુણ્ય એટલા દેખાતા નથી કે જીનમાં પીલાય અને બાકી થોડા પુણ્ય રહે. એવો જવાબ આપ્યો. ઘણા વર્ષ પહેલાની વાત છે. સમજાણું કાંઈ?

**'ઇસલિયે સામાન્ય ઐસા નામ કહા કિ ત્રસહિંસા કા ત્યાગી દેશવ્રતી હોતા હૈ.'** લ્યો. માટે ત્રસ હિંસાનો ત્યાગી દેશવ્રતી છે. **'ઇસકા વિશેષ કથન અન્ય ગ્રંથોં સે જાનના.'** લ્યો.

आगे तीन गुणव्रतोंको कहते हैं :-

## ગાથા-૨૫

दिसिविदिसिमाण पढमं, अणत्थदंडस्स वज्जणं बिदियं।
भोगोपभोगपरिमा, इयमेव गुणव्वया तिण्णि।।25।।

दिग्विदिग्मानं प्रथमं अनर्थदण्डस्य वर्जनं द्वितीयम्।
भोगोपभोगपरिमाणं इमान्येव गुणव्रतानि त्रीणि।।25।।

દિશવિદિશગતિ-પરિમાણ હોય, અનર્થદંડ પરિત્યજે,
ભોગોપભોગ તણું કરે પરિમાણ, - ગુણવ્રત ત્રણ્ય છે. ૨૫.

अर्थ :- दिशा - विदिशामें गमनका परिमाण वह प्रथम गुणव्रत है, अनर्थदण्डका वर्जना द्वितीय गुणव्रत है, और भोगपभोगका परिमाण तीसरा गुणव्रत है, - इसप्रकार ये तीन गुणव्रत हैं।

भावार्थ :- यहाँ गुण शब्द तो उपकारका वाचक है, ये अणुव्रतोंका उपकार करते हैं। दिशा - विदिशाा अर्थात् पूर्व दिशादिकमें गमन करनेकी मर्यादा करे। अनर्थदण्ड अर्थात् जिन कार्योंमें अपना प्रयोजन न सधे इसप्रकार पापकार्योंको न करे।

यहाँ कोई पूछे - प्रयोजनके बिना तो कोई भी जीव कार्य नहीं करता है, कुछ प्रयोजन विचार करके ही करता है फिर अर्थदण्ड क्या ?

इसका समाधान - सम्यग्दृष्टि श्रावक होता हौ वह प्रयोजन अपने पदके योग्य विचारता है, पदके सिवाय सब अनर्थ है। पापी पुरुषोंके तो सब ही पाप-प्रयोजन हैं, उनकी क्या कथा। भोग कहनेसे भोजनादिक और उपभोग कहनेसे स्त्री, वस्त्र, आभूषण, वाहनादिकोंका परिमाण करे - इसप्रकार जानना।।25।।

---

## ગાથા-૨૫ ઉપર પ્રવચન

**'આગે તીન ગુણવ્રતોં કો કહતે હૈં :–'** પાંચ અણુવ્રત કીધાં. ત્રણ ગુણવ્રત છે. એને ગુણ કરે. વ્રતને જરી ..

दिसिविदिसिमाण पढमं अणत्थदंडस्स वज्जणं विदियं।
भोगोपभोगपरिमा इयमेव गुणव्वया तिण्णि।।25।।

**अर्थ :– 'દિશા વિદિશા મેં ગમન કા પરિમાણ વહ પ્રથમ ગુણવ્રત હૈ,...'** આ દિશામાં ન જાવું, આટલામાં ન જાવું, આટલા ખંડમાં (ન જાવું) એવી મર્યાદા બાંધે. આત્મધ્યાન, જ્ઞાન સહિત. રાગની મંદતા માટે. આ તો સમકિત સહિતની વાત છે, હોં! એકલા સમકિત વિનાના કરે એ કાંઈ (વ્રત

નથી). જરી પુણ્ય બાંધે પણ મિથ્યાત્વ સહિત છે. મિથ્યાભાવ. કારણ કે રાગને પોતાનું કર્તવ્ય માને છે. આ વસ્તુ મેં છોડી અને આ મૂકી, એવું મિથ્યાદૃષ્ટિ રાગનું અભિમાન કરે છે. એને તો મિથ્યાત્વમાં તો વ્રત-બ્રત હોઈ શકે નહિ. બહારથી કરે જરી. મિથ્યાત્વ સહિત થોડું પુણ્ય બાંધે. ચાર ગતિમાં રખડે. આહાહા..! શરતું બહુ પણ વીતરાગના માર્ગની આકરી. 'ભીખાભાઈ'!

**दिसिविदिसिमाण पढमं अणत्थदंडस्स वज्जणं विदियं।**
**भोगोपभोगपरिमा इयमेव गुणव्वया तिण्णि।।25।।**

**'દિશા વિદિશા મેં ગમન કા પરિમાણ વહ પ્રથમ ગુણવ્રત હૈ, અનર્થદંડ કા વર્જના દ્વિતીય ગુણવ્રત હૈ,...'** અનર્થદંડ–વગર પ્રયોજને દંડ કરવો, એનો ત્યાગ હોય છે. **'ઔર ભોગોપભોગ...'** એકવાર ભોગવાય આદિ વસ્તુ. શાક, દાળ, ભાત આદિ. ઘણી વાર ભોગવાય એવી વસ્તુ. દાગીના, સ્ત્રી આદિ. એનું પરિમાણ કરે. માપ–હદ બાંધે, હદ. એ ત્રીજું ગુણવ્રત છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત. એમ કરીને પંચમ ગુણસ્થાનમાં બાર વ્રતનો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :– **'યહાં ગુણ શબ્દ તો ઉપકાર કા વાચક હૈ, યે અણુવ્રતોં કા ઉપકાર કરતે હૈં.'** જેને અણુવ્રત અંદર જે છે, બીજા કષાયનો નાશ થયો છે અને અણુવ્રતના વિકલ્પ હોય છે એને આ ગુણવ્રત પુષ્ટિ કરે છે. એમ કહે છે. બરાબર નિર્મળ પાળે. દુનિયાના જાણપણા માટે કેટલા મથે! જુઓ! પણ આ ભગવાન શું કહે છે? સમ્યગ્દર્શન શું? અણુવ્રત શું? અણુવ્રત કોને કહેવા? એનો ત્યાગ હોય તો શું દશા હોય? એનો ત્યાગ ન હોય તો શું દશા હોય? એનું એને જ્ઞાન તો બરાબર કરવું જોઈએ.

**'દિશા, વિદિશા અર્થાત્ પૂર્વ દિશાદિક મેં ગમન કરને કી મર્યાદા કરે.'** દિશા એટલે પૂર્વ, ઉત્તર આદિ. વિદિશા એટલે આ ખૂણા.. ખૂણા. એની મર્યાદા કરે. **'અનર્થદંડ અર્થાત્ જિન કાર્યોં મેં અપના પ્રયોજન ન સધે ઇસપ્રકાર પાપકાર્યોં કો ન કરે. યહાં કોઈ પૂછે–પ્રયોજન બિના તો કોઈ ભી જીવ કાર્ય નહીં કરતા હૈ, કુછ પ્રયોજન વિચાર કરકે હી કરતા હૈ, ફિર અનર્થદંડ ક્યા?'** કોઈ પણ પ્રયોજન વિચારીને જ કરે છે.

**'ઇસકા સમાધાન – સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હોતા હૈ વહ પ્રયોજન અપને પદ કે યોગ્ય વિચારતા હૈ,...'** પોતાને પદ યોગ્ય. અમારે પંચમ ગુણસ્થાનને યોગ્ય આ દશા હોય. એમ વિચારે. એ વિના.. અમુક જાતનો જ રાગ એને હોય. વિશેષ હોતો નથી. **'અપને પદ કે યોગ્ય વિચારતા હૈ, પદ કે સિવાય સબ અનર્થ હૈ.'** પોતાની પંચમ ગુણસ્થાનની ભૂમિકા સિવાયનો (હોય) એને અનર્થ કહેવામાં આવે છે. **'પાપી પુરુષોં કે તો સબ હી પાપ પ્રયોજન હૈ,...'** સર્વ પાપ જ પ્રયોજન છે, એમ કહે છે. જેને કંઈ દૃષ્ટિની ખબર નથી, જેને કંઈ અણુવ્રતના નિયમની ખબર નથી, એ બધા પાપીને તો બધા પાપ જ પ્રયોજન છે. **'ઉનકી ક્યા કથા.'** એનું પાપીનું શું કહેવું? કહે છે. દરેકમાં પ્રયોજન માનીને જ કરે છે. પૂછ્યું હતું ને? પ્રયોજન વિના તો કોઈ કરતું નથી. એમ પૂછ્યું હતું. આહા..! પ્રયોજનનો અર્થ બે છે. એક તો પદ યોગ્ય છે, એનાથી ન કરવું એનું નામ ઉન્નત છે. અને આને પદ

યોગ્યનું તો કાંઈ ભાન છે નહિ. એ તો બધું પાપના માટે જ એને પ્રયોજન છે. એ તો બધું એને અનર્થ જ છે. આત્માના ભાન વિનાના પ્રાણીને અનર્થ છે. સમજાય છે?

**'भोग कहने से भोजनादिक और उपभोग कहने से स्त्री, वस्त्र...'** લ્યો. એકવાર ભોગવાય તે ભોજન આદિ અને સ્ત્રી, વસ્ત્ર ઘણી વાર ભોગવાય. એનું પણ પરિમાણ–માપ–હદ કરે કે આટલા સિવાય નહિ. આત્માના ભાન સહિત રાગની પાતળાઈ માટે આવું કરે. સમજાય છે કાંઈ? એને ગુણવ્રત કહેવામાં આવે છે. પછી ચાર શિક્ષાવ્રત છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૪, ગાથા-૨૬ થી ૩૦. શુક્રવાર, અષાઢ વદ ૬, તા. ૨૪-૦૭-૧૯૭૦

આ ચારિત્રપાહુડ. સંયમચરણ ચારિત્રની વ્યાખ્યા આવે છે. સંયમચરણ ચારિત્ર, સમ્યગ્દર્શનચરણ ચારિત્ર હોય તો હોય છે. એ પહેલી વાત આવી ગઈ છે. સમ્યક્ચરણ ચારિત્ર. જે આત્મામાં આખી દુનિયામાંથી બુદ્ધિ ઉઠીને જેની રુચિ આત્માના આનંદમાં રમતી હોય છે. સમજાણું કાંઈ? જેની રુચિને ઠરવાનું સ્થાન આત્મા છે. સમ્યગ્દર્શનમાં ઠરવાનું સ્થાન આત્મા છે. ક્યાંય પુણ્ય ને પાપ, વિકલ્પ ને એના બંધના ફળ, એમાં ક્યાંય સમ્યગ્દષ્ટિની રુચિ, સુખબુદ્ધિ, હિતબુદ્ધિ હોતી નથી. સમજાણું કાંઈ? એથી એને આત્માના આનંદમાં જ ફરી ફરીને આવવું એ રહે છે. પણ જ્યારે સ્વરૂપમાં રહી શકતો નથી ત્યારે એને આ જાતના બાર વ્રતના વિકલ્પો હોય છે. એની અહીં વાત કરે છે. પંચમ ગુણસ્થાનમાં સમ્યગ્દર્શનના ચરણ ચારિત્ર સહિત સંયમચરણ ચારિત્ર, અગિયાર પડિમાને સંયમચરણ ચારિત્ર કહે છે. ભલે પછી દર્શન પડિમા હો, એમાં અણુવ્રત પણ હો પણ એને પંચમ ગુણસ્થાનમાં ગણે છે, ભલે અતિચાર હો. સમજાણું કાંઈ?

હવે અહીંયા તો ચાર શિક્ષાવ્રતની વાત ચાલે છે. ૨૬મી ગાથા.

आगे चार शिक्षाव्रतोंको कहते हैं:-

### ગાથા-૨૬

सामाइयं च पढमं, बिदियं च तहेव पोसहं भणियं।
तइयं च अतिहिपुज्जं, चउत्थ सल्लेहणा अंते।।26।।

सामाइकं च प्रथमं द्वितीयं च तथैव प्रोषधः भणितः।
तृतीयं च अतिथिपूजा चतुर्थ संल्लेखना अन्ते।।26।।

સામાયિક, વ્રત પ્રોષધં, અતિથિ તણી પૂજા અને
અંતે કરે સંલ્લેખના - શિક્ષાવ્રતો એ ચાર છે. ૨૬.

**अर्थ :-** सामायिक तो पहिला शिक्षाव्रत है, वैसे ही दूसरा प्रोषध व्रत है, तीसरा अतिथिका

पूजन है, चौथा अन्तसमय संल्लेखना व्रत है।

भावार्थ :- यहाँ शिक्षा शब्दसे तो ऐसा अर्थ सूचित होता है कि आगामी मुनिव्रतकी शिक्षा इनमें है, जब मुनि होगा तब इसप्रकार रहना होगा। सामायिक कहनेसे तो रागद्वेषका त्याग कर, सब गृहारंभसंबंधी क्रियासे निवृत्ति कर, एकांत स्थानमें बैठकर प्रभात, मध्याह्न, अपराह्न कुछ कालकी मर्यादा करके अपने स्वरूपका चिंतवन तथा पंचपरमेष्ठीकी भक्तिका पाठ पढ़ना, उनकी वंदना करना इत्यादि विधान करना सामायिक है। इसप्रकार ही प्रोषध अर्थात् अष्टमी और चौदसके पर्वोंमें प्रतिज्ञा लेकर धर्मकार्योंमें प्रवर्तना प्रोषध है। अतिथि अर्थात् मुनियोंकी पूजा करना, उनको आहारदान देना अतिथिपूजन है। अंत समयमें काय और कषायको कृश करना, समाधिमरण करना अन्त संल्लेखना है, - इसप्रकार चार शिक्षाव्रत हैं।

यहाँ प्रश्न-तत्त्वार्थसूत्रमें तीन गुणव्रतोंमें देशव्रत कहा और भोगोपभोग-परिमाणको शिक्षाव्रतोमें कहा तथा संल्लेखनाको भिन्न कहा वह कैसे ? इसका समाधान :- यह विवक्षाका भेद है, यहाँ देशव्रत दिग्व्रत गर्भित है और संल्लेखनाको शिक्षाव्रतोंमें कहा है, कुछ विरोध नहीं है।।26।।

---

## ગાથા-૨૬ ઉપર પ્રવચન

सामाइयं च पढमं विदियं च तहेव पोसहं भणियं।
तइयं च अतिहिपुज्जं चउत्थ सल्लेहणा अंते।।26।।

અર્થ :– **'સામાયિક તો પહિલા શિક્ષાવ્રત હૈ, વૈસે હી દૂસરા પ્રોષધ વ્રત હૈ, તીસરા અતિથિકા પૂજન હૈ, ચૌથા અંતસમય સંલેખના વ્રત હૈ.'**

ભાવાર્થ :– **'યહાં શિક્ષા શબ્દ સે તો ઐસા અર્થ સૂચિત હોતા હૈ...'** એને શિક્ષાવ્રત કેમ કહ્યું? **'કિ આગામી મુનિવ્રત કી શિક્ષા ઇનમેં હૈ,...'** અંતે તો મુનિપણું લેવું પડે ને! સમ્યગ્દર્શન સહિત ચારિત્ર ન હોય તો મુક્તિ હોઈ શકે નહિ. એ ચારિત્રને અંગીકાર કરવા પહેલા એની આ શિક્ષા છે. **'જબ મુનિ હોગા તબ ઇસપ્રકાર રહના હોગા.'**

**'સામાયિક કહને સે તો રાગદ્વેષ કા ત્યાગ કર, સબ ગૃહારંભસંબંધી ક્રિયા સે નિવૃત્ત કર, એકાન્ત સ્થાન મેં બૈઠકર પ્રભાત, મધ્યાહ્ન, અપરાહ્ન કુછ કાલ કી મર્યાદા કરકે અપને સ્વરૂપ કા ચિંતવન...'** કરવા. કેમકે જે આત્મામાં આનંદ જેણે સમ્યગ્દર્શનમાં જોયો છે, માન્યો છે એનો આ બે બે ઘડી સામાયિકમાં આનંદનો પ્રયોગનો અજમાયશ છે. શું કહ્યું વળી? સમજાણું કાંઈ? આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એવું જે સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં ભાન થયું છે એનો સામાયિક સવાર, બપોર, સાંજ બે બે ઘડી આદિ એ આનંદનો અજમાયશ કરવા એ પ્રયોગ છે. હું એ આનંદમાં કેટલો રહી શકું છું? એનું નામ સામાયિક છે. સમજાય છે કાંઈ?

જે સમતા વીતરાગમૂર્તિ આત્મા, એની જે દૃષ્ટિ થઈ છે કે આ જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ સ્વભાવ

આનંદનું ધામ (છે), એવી જે અનુભવમાં પ્રતીતિ સમ્યગ્દર્શનમાં થઈ છે એ હવે હંમેશા સવાર, બપોર, સાંજ એ આનંદમાં રહેવાની અજમાયશ કરે છે. એનું નામ સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સામાયિક તો નવમું વ્રત છે ને? પહેલું સમ્યગ્દર્શન થયું છે એને બાર વ્રતાદિ હોય છે. અમુક સ્થિરતાનો અંશ તો અંદર આવ્યો છે. એણે જાણવું જોશે ને બરાબર? એવા સ્થિરતાના શાંતિનો અંશ તો વિશેષ છે. સંયમચરણ ચારિત્ર છે ને? પણ એને અંતરમાં એકાગ્ર થવા સવાર, બપોર, સાંજ... છે ને? **'પ્રભાત, મધ્યાહ્ન, અપરાહ્ન કુછ કાલ કી મર્યાદા કરકે અપને સ્વરૂપ કા ચિંતવન...'** દેખો! મૂળ તો સામાયિકમાં શ્રાવકને ધર્માત્માને કોઈ વખતે શુદ્ધઉપયોગ એમાં આવી જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વરૂપ ચિંતવન કહ્યું ને પહેલું?

સમ્યગ્દર્શનમાં જેમ પહેલો શુદ્ધઉપયોગ થઈને સમ્યગ્દર્શન થાય છે. શુભઉપયોગ ને વિકલ્પથી કંઈ સમ્યગ્દર્શન થતું નથી. એવો જે ભગવાન આનંદ અને જ્ઞાનની, ચૈતન્યમૂર્તિ એનો શુદ્ધઉપયોગ થઈને પ્રતીત સમ્યગ્દર્શનની થઈ છે એમાં રમવા માટે હવે શુદ્ધ ઉપયોગ તે કંઈ સદાય રહેતો નથી. એથી એને વિકલ્પો અનેક પ્રકારના શ્રાવકને યોગ્ય હોય છે. એને પણ ટાળીને બે-બે ઘડી અંતરમાં સ્વરૂપમાં રમવાનો શુદ્ધઉપયોગનો અખતરો–અજમાયશ કરે છે. એય..! 'પોપટભાઈ'! તમે ખોટી સામાયિક તો બહુ કરી હતી. સાચી સામાયિક તો આનું નામ કહેવાય. સમજાણું કાંઈ?

નિજધામ આનંદસ્વરૂપ, એમાં જઈને એકાગ્રતાનો ઉપયોગ (થવો) એનું નામ સામાયિક છે. સમજાણું કાંઈ? એમાં કદાચિત્ ત્યાં ન રહી શકે, નિર્વિકલ્પ ઉપયોગમાં, તો પંચ પરમેષ્ઠીની ભક્તિ આદિનો વિકલ્પ હોય છે. પંચ પરમેષ્ઠીનો વિકલ્પ (હોય છે). પણ અંદર દૃષ્ટિ અને સ્થિરતાનો અંશ શુદ્ધ લબ્ધરૂપે તો પડેલો જ છે. સમજાણું કાંઈ? ઉપયોગમાં શુદ્ધઉપયોગ અંદર ન જામે તો તેને આવા પંચ પરમેષ્ઠીની ભક્તિ આદિનો વિકલ્પ હોય છે, એમ કહે છે. ભારે કામ. સમજાણું કાંઈ? એનું નામ ભગવાન સામાયિક કહે છે. આહા..!

**'ભક્તિ કા પાઠ પઢના, ઉનકી વંદના કરના ઇત્યાદિ વિધાન કરના..'** અંદરમાં ઠરી ન શકે તો સ્થિરતાનો અંશ તો છે, સમ્યગ્દર્શન છે, અંદરમાં જવાનો પ્રયોગ કરે છે. ન થાય તો આ પ્રકારના વિકલ્પમાં પણ રાગની મંદતા, શુભરાગ હોય છે. તેથી એમાં રાગ ઓછો થાય છે એવો પ્રયોગ કરે છે. સમજાણું કાંઈ? 'નવનીતભાઈ'! લ્યો, આ સામાયિક. સાચું સામાયિક ઇ.

મુમુક્ષુ :– યહાં સ્વરૂપ કા ચિંતન હૈ?

ઉત્તર :– ઉપયોગ.. ઉપયોગ. સ્વરૂપ ચિંતવનની વ્યાખ્યા જ અહીંયા ઉપયોગ છે. શુદ્ધ નિર્વિકલ્પ. શાસ્ત્રમાં એમ આવે છે, આત્માનું ચિંતવન. ચિંતવન એટલે શુદ્ધઉપયોગ. એમાં ન રહી શકે પછી વિકલ્પ (આવે). સમજાણું કાંઈ? ત્યારે એને વિકલ્પ (હોય). નહિતર ચિંતવનનો અર્થ જ એ આવે છે કે પ્રાયશ્ચિતના અધિકારે, ઘણે ઠેકાણે. સ્વરૂપનું ચિંતવન. ચિંતવન એટલે એકાગ્રતા. અંદરમાં એકાગ્રતા. અને એવી એકાગ્રતા ન રહે, સમ્યગ્દર્શન છે, આનંદનું ભાન છે, આનંદ તરફ વલણ–વીર્ય વારંવાર વાળવાનો ભાવ પણ છે. છતાં એમાં ઠરી ન શકે તો પછી પંચ પરમેષ્ઠીની

ભક્તિનો પાઠ આદિ કરીને પણ એકાગ્રતા શુભની રાખે. એમ. દૃષ્ટિ તો શુદ્ધતાનો અંશ પ્રગટેલો છે. લબ્ધમાં શુદ્ધ પર્યાય નિર્મળ પરિણતિ છે. ઉપયોગમાં ઉપયોગ અંદર ન જામે તો આ પ્રમાણે વિકલ્પ આદિમાં રાખે. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા, ભાઈ! દરેક વ્યાખ્યા આકરી. આ તો અંતરની મૂળ ચીજની વાત છે. આ કંઈ ઉપરની વાત નથી. સમજ્યા વિનાના સામાયિક કરીને બેઠા અને કરી નાખી પંચરંગી. પાંચ સામયિક કરી ને દસ કરી. ધૂળેય સામાયિક નથી. એ તો કોઈ શુભ વિકલ્પ હોય અને તે પણ ત્યાં પાછી વિકલ્પની કર્તાબુદ્ધિ હોય. એટલે એ તો મિથ્યાત્વનું પોષક છે. સમજાણું કાંઈ?

અહીં તો અંદર ઠરતો નથી એટલે સહેજે એવો વિકલ્પ આવે છે. કર્તૃત્વબુદ્ધિ નથી. ભારે વાત, ભાઈ! અને વિકલ્પ છે એ શુભરાગ છે. અને શુભરાગ તો ઝેર છે. સમજાણું કાંઈ? એ કહે છે કે પંચ પરમેષ્ઠીની ભક્તિનો વિકલ્પ, પાઠ વાંચે, બોલે અંદર એ શુભરાગ છે. અહીંયા સ્વરૂપની દૃષ્ટિ છે, લબ્ધમાં ઉપયોગરૂપી લબ્ધિ, પેલો વેપાર નહિ. એટલી શુદ્ધતા પ્રગટેલી છે. અને એમાં પંચ પરમેષ્ઠીની ભક્તિ આદિનો, અશુભરાગ ટળે છે, એને શુભરાગ છે, એવી સ્થિતિનું વર્ણન અહીંયાં સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**વંદના કરના...**' પોતાના વંદનમાં સ્વરૂપમાં ઉપયોગ ન રહી શકે તો વંદન આદિનો વિકલ્પ એને હોય છે. સમજાય છે કાંઈ? છતાં એ વિકલ્પનો કર્તા નથી. કર્તવ્ય તરીકે મારું કર્તવ્ય છે અને કાર્ય છે એમ નથી પણ રાગ હોય છે. આહા..હા..! '**ઇસપ્રકાર હી પ્રૌષધ અર્થાત્ અષ્ટમી ચૌદસ...**' આઠ આઠ દિ'એ પાછું ચોવીસ ચોવીસ કલાકનું અજમાયશ કરે. પેલી બે બે ઘડીની હંમેશા અજમાયશ હતી. અજમાયશ સમજાય છે? અખતરો. અંદર અખતરો.

મુમુક્ષુ :– અખતરો માને?

ઉત્તર :– પ્રયોગ. એ તરફનો અભ્યાસ. અંદર તરફનો અભ્યાસ, આનંદમાં રહેવાનો અભ્યાસ કરે. બે બે ઘડી હંમેશા (કરે). અને એમાં આઠ આઠ દિ'એ તો આઠમ અને ચૌદસ, પ્રૌષધ (કરે). ચોવીસ કલાક અંદરમાં આનંદમાં રહેવાનો પ્રયોગ કરે. એ માટે પ્રૌષધ છે. સમજાણું કાંઈ? એય...! 'પ્રકાશદાસજી'! લ્યો, આ સામાયિક ને પોષા કરી નાખ્યા કેટલાય. આનું નામ સામાયિક, પોષા છે.

ભગવાનઆત્મા જેમાં પ્રૌષધ-પુષ્ટિ થાય. આઠ દિ'એ, આઠ આઠ દિ'એ આઠમ, ચૌદસ, આઠમ, ચૌદસ અખતરો કરે. પૂર્ણ આનંદ પ્રગટ કરવા માગે છે. મુનિ પણ થવા માગે છે પણ મુનિ થઈ શકતો નથી. પુરુષાર્થની કમીને લઈને. તો આવો એ આઠ આઠ દિ'એ મુનિની જેમ, મુનિને જેમ સહજ સાતમું ગુણસ્થાન સહજ શુદ્ધઉપયોગ આવ્યા જ કરે, મુનિને તો છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું હજારો વાર આવે. આ એનો અંદર શિક્ષાનો–ઠરવાનો પ્રયોગ કરે છે. સમજાણું કાંઈ? સંપ્રદાયમાં આ કહ્યું હતું. તમારા 'પોપટભાઈ' કરતા હતા ને? પોષા.. પોષા. પોષા કરતા પણ કીધું, પોષા આનું નામ કહેવાય. ભાઈ! તે દિ' (સંવત) ૧૯૮૦માં (કહ્યું હતું). કર્યા એ બહારના. કીધું, પ્રૌષધ તો અંદર આત્મામાં આઠ આઠ દિવસે, આત્માના આનંદની પુષ્ટિનો પ્રયોગ છે, અખતરો છે,

અજમાયશ છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યાયામ કરે છે ને માણસો? એમ એ આત્માના અંદરમાં રહેવાનો વ્યાયામ છે. એય..! 'ભીખાભાઈ'! એનો નિર્ણય તો કરવો પડશે ને કે આવી સામાયિક હોય. કાંઈકનું કાંઈકને માને અને પછી માને કે અમારે સામાયિક થઈ ગઈ, પ્રૌષધ થઈ ગયો, પ્રૌષધ. આઠમ અને પાખીનો અપવાસ કરે. અમારે ન્યાં 'બોટાદ'માં એક હતો. તે આખો દિ' સૂઈ રહે. પોષા કરે. 'ગોપાણી' હતો, એક 'ગોપાણી'. ગરીબ માણસ હતો. નામ ભૂલી ગયા. આખો દિવસ સૂઈ રહે. પોષો થઈ ગયો. શેના પોષા પણ હજી?

જેમ ચણાને પાણીમાં નાખીને પોઢો કરે, પુષ્ટિ (કરે). એમ આત્માને એકાગ્રતા દ્વારા શાંતિની પુષ્ટિ કરે. એનું નામ પૌષધ છે. આહાહા..! સમજાણું કાંઈ? મુનિને સદાય આનંદનો ઉપયોગ ક્ષણે ને પળે આવે. મુનિનું છઠ્ઠું-સાતમું ગુણસ્થાન, સાચું મુનિનું. એને તો ક્ષણમાં શુદ્ધઉપયોગ, ક્ષણમાં વિકલ્પ. ક્ષણમાં શુદ્ધઉપયોગ, ક્ષણમાં વિકલ્પ. એક અંતર્મુહૂર્તમાં હજારો વાર એવું આવે. સાચા મુનિ જે ભાવલિંગી હોય ઇ. સમજાણું કાંઈ? ત્યારે તો એને મુનિ કહેવાય. નહિતર મુનિ શેના? જેને નિંદ્રા પણ પોણી સેકંડની અંદર હોય. એક સેકંડની નિંદ્રા આવે તો મુનિપણું રહે નહિ. એવી દશા, વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? એને તો ઉપયોગ વારંવાર શુદ્ધ અંદર રમે. એ મુનિના અખતરાની આ શિક્ષા છે, એમ કહે છે. આવ્યું ને માથે? '**મુનિવ્રત કી શિક્ષા ઇનમેં હૈ,...**' મુનિપણાનો પ્રયોગ કરવો છે કે નહિ? હજી ચારિત્ર લેવું છે ને! ચારિત્ર લઈ શકતો નથી ત્યાં સુધી આ ગૃહસ્થાશ્રમમાં પણ હંમેશ બે બે ઘડી સવાર, બપોર, સાંજ એમ ચૈતન્યના આનંદનું, અંદર નિવૃત્તિ લઈને, ધ્યાન કરે, પ્રયોગ કરે, અજમાયશ કરે, અખતરો કરે. અને આઠ આઠ દિ'એ આખો ચોવીસ કલાક કરે. સમજાણું કાંઈ? આરે..! ભારે વાત! આવો પૌષધ હશે? 'પોપટભાઈ'! પૌષધ કર્યા તો હશે કે નહિ? સામાયિક કરી હશે. ખાઈ પીને. એક વાર ખાય લે ને પછી અપાસરામાં બેસે. એનું નામ સંવર. 'જામનગર'માં બહુ થાય. ઘણા પોષા કરે ને ઘણા... હજી તો મિથ્યાત્વનો આસ્રવ કોને કહેવો એની ખબર ન મળે. અને મિથ્યાત્વના આસ્રવ ટળ્યા વિના બીજા આસ્રવ ટળે ક્યાંથી? અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ તો પછી છે. પહેલો તો મિથ્યાત્વ આસ્રવ છે. પછી અવ્રત, પછી પ્રમાદ, પછી કષાય અને પછી યોગ. તો પહેલો મિથ્યાત્વ આસ્રવ ટળ્યા વિના અવ્રતનો આસ્રવ ટળે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો મિથ્યાત્વ આસ્રવ ટાળ્યો છે, સમ્યગ્દર્શન સંવર પ્રગટ કર્યો છે, એને આઠ આઠ દિ'એ સ્વરૂપમાં રહેવાનો પ્રયોગ કરે. સમજાણું કાંઈ? એનું નામ પૌષધ છે. ન ખાવું ને બેસી ગયો ચોવીસ કલાક, થઈ ગયો પૌષધ (એમ નથી). આ અમારા શેઠે ને એવા ઘણાએ એવું કર્યું હશે. કરાવી હશે લાંઘણું.

મુમુક્ષુ :– સંસારમાં સ્વામી યાદ કરે ને.

ઉત્તર :– ઇ કરે. ઇ જુદી વાત. આ તો ભગવાન ભગવાન કરે... વસ્તુનું ભાન જ્યાં આત્મા... જેમાં જેને ઠરવું છે એ ચીજ ઠરવાનું ધામ કોણ છે? એ તો દૃષ્ટિમાં અને જ્ઞાનમાં એ ચીજ આવી નથી અને આવ્યા વિના ઠરવું ક્યાં કરે ઇ? 'ભાવાણી'!

મુમુક્ષુ :– અપાસરામાં ઠરવાનું.

ઉત્તર :– અપાસરો તો આ છે આત્માનો. ઉપ-આશ્રય. ઉપ નામ ભગવાનઆત્મા આનંદસ્વરૂપ, એમાં ઉપ નામ સમીપમાં આશ્રયમાં ઠરવું એનું નામ ઉપાશ્રય છે. બહારનો ઉપાશ્રય જગતની ચીજ છે, ધૂળની. ન્યાં ક્યાં ઉપાશ્રય આવ્યો? સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એમ લેખ છે, હોં! ઉપાશ્રયનો અર્થ આવે છે. આત્મા જ્ઞાન અને આનંદનું ધામ, એના ઉપ નામ એના સમીપમાં, પુણ્ય-પાપના વિકલ્પના રાગથી વિમુખ થઈને.

મુમુક્ષુ :– 'નિયમસાર'ની ગાથા આવે છે ને.

ઉત્તર :– હા, હા. આવે છે ને. એ જ બધું આવે છે. અંદર યોગનું આવે છે. બીજે પણ ઘણે ઠેકાણે આવે છે. પહેલા વાંચતા એમાં ક્યાંક આવતું. અત્યારે યાદ હોય? શ્વેતાંબરના શાસ્ત્રના શબ્દ અનુયોગ દ્વારમાં ગાથા છે. અનુયોગ દ્વારમાં ગાથા આવે છે ને? ... જેનો આત્મા નજીક વર્તે ઉપયોગમાં એને સામાયિક કહીએ. એ ગાથાઓ છે. અનુયોગ દ્વારમાં છે. એ આપણે આમાં–'નિયમસાર'માં છે. ઇ ગાથા છે. ... અંદર જ્ઞાન, દર્શન ને આનંદમાં જેનો ઉપયોગ નજીક–સમીપ વર્તે છે. પુણ્ય-પાપમાં જેનો વિકલ્પ જતો નથી. એને અંદર સામાયિક અને પૌષધ કહેવામાં આવે છે. એવી વાત છે.

**'ઇત્યાદિ વિધાન કરના સામાયિક હૈ.'** લ્યો. **'ઇસપ્રકાર હી પ્રૌષધ અર્થાત્ અષ્ટમી ચૌદસ કે પર્વોં મેં પ્રતિજ્ઞા લેકર ધર્મ કાર્યોં મેં પ્રવર્તના પ્રૌષધ હૈ.'** ધર્મ કાર્યમાં એટલે શુદ્ધભાવમાં પ્રવર્તવું. ન પ્રવર્તી શકે તો પછી વિકલ્પ આદિ પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, વિચાર કરે, સ્વાધ્યાય કરે, એમાં રહે. ઇ બીજું શિક્ષાવ્રત.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ એમાં આવી ગયું. દિગ્વ્રતમાં દેશવ્રત. આમાં ઇ આવ્યું. બીજામાં છે. આમાં દેશવ્રત દિગ્વ્રતમાં અહીં આવી ગયું. નીચે લખ્યું છે, જુઓ! **'દેશવ્રત દિગ્વ્રત મેં ગર્ભિત હૈ ઔર સલ્લેખના કો શિક્ષાવ્રત મેં કહા હૈ,...'** નીચે છે. બીજા (પેરેગ્રાફમાં). છે?

મુમુક્ષુ :– અતિથિસંવિભાગ.

ઉત્તર :– હા. પછી આવશે. નીચે આવ્યું છે. દસમું વ્રત અહીંયાં છઠ્ઠામાં નાખી દીધું. બીજે ઠેકાણે દસમું નાખ્યું છે એને અહીં છઠ્ઠામાં નાખી દીધું. અને સંલેખના ત્યાં જુદી કરી એને અહીં શિક્ષામાં નાખીને સંલેખના કરી નાખી. એમાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ? ઇ આવશે નીચે.

**'અતિથિ અર્થાત્ મુનિયોં કી પૂજા કરના, ઉનકો આહારદાન દેના...'** મહા નગ્ન મુનિ દિગંબર, જેને એક વસ્ત્રનો તાણો પણ ન હોય, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હોય અને અંતરમાં ત્રણ કષાયના અભાવની વીતરાગતા હોય. એને જૈનશાસનમાં મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી વસ્ત્ર પાત્ર રાખે એ તો દ્રવ્યલિંગી પણ નથી. દ્રવ્યલિંગી નગ્ન હોય, અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન ન હોય. એ દ્રવ્યલિંગી કહેવાય. અને વસ્ત્ર પાત્ર રાખે અને મુનિ માને એ તો કુલિંગી કહેવાય. એ દ્રવ્યલિંગી પણ નથી. માર્ગ એવો છે, ભાઈ! સમજાણું

કાંઈ? વીતરાગનું કથન આ છે. લોકોએ ફેરફાર કરી નાખ્યો એથી કાંઈ માર્ગ નહિ ફરે. એનો આત્મા ઉલટી દશાએ જશે.

માર્ગ તો વીતરાગનો અનાદિ સર્વજ્ઞદેવે કહેલો આવો છે. પંચ મહાવ્રતધારી મુનિ અઠ્યાવીસ મૂળગુણવાળા અને અંતરમાં ત્રણ કષાયના અભાવના આનંદની દશામાં ઝુલનારા, જેને ક્ષણે ને પળે અતીન્દ્રિય આનંદ ઉપયોગમાં આવે. ઉપયોગમાં આવે. લબ્ધમાં તો આનંદનો અમુક અંશ તો છે જ. સમજાણું કાંઈ? આહાહા..! મુનિને તો ક્ષણે શુદ્ધઉપયોગ અંદરમાં આનંદમાં જામી જાય, કહે છે. વ્યાખ્યાનનો વિકલ્પ હો, ચાલવાનો છતાં એને ક્ષણે અને પળે ઉપયોગ આનંદમાં જામી જાય. અને ન્યાંથી નીકળે તો વિકલ્પ જરી હોય તો ઇ છઠ્ઠું ગુણસ્થાન થાય. અને વિકલ્પ તૂટીને નિર્વિકલ્પમાં આવે ત્યારે સાતમું થાય. એવી દશા મુનિને એક દિવસમાં હજારો વાર આવે. એને મુનિ કહેવામાં આવે છે.

એવા મુનિનું પૂજન સમકિતી શ્રાવક કરે, એમ કહે છે. સમજાણું કાંઈ? પાઠમાં છે ને? '**अतिहिपुज्जं**' છે મૂળ પાઠમાં. એની તીથિ નથી કે અમુક દિવસે આવશે. ફરતા ફરતા આવી ગયા. કંઈ પાત્ર એને નથી નહોતું કે ઝોળી નથી હોતી, મુહપત્તી નથી હોતી કે રજોણો હોતો નથી. નગ્ન મુદ્રા હોય. એક મોરપીંછી અને કમંડળ હોય, બાકી હોતું નથી. સમજાણું કાંઈ? એવા મુનિની પૂજા કરવી, કહે છે. '**પૂજા કરના, ઉનકો આહારદાન દેના અતિથિપૂજન હૈ.**' બારમું વ્રત. કહો, સમજાણું આમાં?

'**અંત સમય મેં કાય ઔર કષાય કો કૃશ કરના...**' સંલેખના. સમ્યગ્દર્શન સહિત, અનુભવ સહિત, આનંદના ધ્યાન સહિત. એને કષાયનું કૃશ કરવું. રાગ પાતળા પાડવા અને કાય એની સાથે લીધું છે. કાયા પાતળી એની મેળાએ પડી જાય છે. જીર્ણ (થઈ જાય). '**સમાધિમરણ કરના...**' જેના મૃત્યુકાળે ધર્મીને આનંદની ચોંટ અંદરમાં વાગી હોય. નિર્વિકલ્પતા આવી જાય એનું નામ સમાધિમરણ (છે). કદાચિત્ નિર્વિકલ્પતા ન આવે, વિકલ્પ પણ હો. આનંદનો ઉપયોગ અંદર લબ્ધરૂપ હોય છે. અને શાંતિ.. શાંતિ.. નિવૃત્તિ.. નિવૃત્તિ.. નિવૃત્તિ.. સમજાણું કાંઈ?

જુઓને! ઓલી કથામાં નથી આવતું? અનંગ. કોણ..? અનંગ? છે ને બાઈ? ચક્રવર્તીની દીકરી. જંગલમાં ચાર હજાર વર્ષ સુધી તપ કર્યો. બાઈ હતી. આવે છે ને. અનંગસેના.. અનંગસેના. અનંગવતી. એને કોઈ લઈ ગયું, જંગલમાં નાખી દીધી. ચક્રવર્તીની દીકરી. જંગલમાં કાંઈ સાધન ન મળે. ચાર હજાર વર્ષ સુધી તપસ્યા કરી. છેવટે અજગર ગળી ગયો એને. અજગર. જંગલમાં કોઈ ન મળે. એક જ માણસ પોતે. ચાર હજાર વર્ષ કાઢ્યા હશે. કોઈ ફળ, ફૂલ ખાઈને કે અપવાસ કરીને. અજગર ગળી ગયો. અજગર અંદર સંલેખના કરી. ત્યાં વળી એનો બાપ ચક્રવર્તી આવ્યો. એને ખબર પડી. આમ અજગર ગળી ગયેલો. તીર મારીને અજગરને મારી નાખવા તૈયાર થયો. આટલો ગળી ગયેલો, આટલું મોઢું (બહાર) રહેલું. પિતાજી! ન કરશો. મારે સંથારો છે. અનશન. બહાર આવું તો હું જીવવાની નથી. મેં તો ચારે આહારનો ત્યાગ કર્યો છે. અજગરના પેટમાં ગરી ગયેલી. મોઢું થોડું બહાર (રહી ગયું). એનો બાપ આમ દેખે.. ચાર ચાર હજાર વર્ષે છોડી મળી.

સમજાણું? દેહ છૂટી ગયો. અંદર ગરી ગઈ.

(પછીના ભવમાં) વિશલ્યા થઈ. આ લક્ષ્મણની રાણી. નહિ? વિશલ્યા.. વિશલ્યા. સાંભળ્યું છે કે નહિ? એક ફેરી વાત થઈ હતી. લક્ષ્મણને જ્યારે રાવણે વિદ્યા મારી છે. લક્ષ્મણ મૂર્છામાં આવી ગયા છે. ત્યારે હવે આ મૂર્છા કેમ ઉતારવી? સવાર પડે ત્યાં સુધી ઉતરવી જોઈએ, નહિતર લક્ષ્મણ નહિ નભે. એમ લોકોને શંકા પડવા માંડી. પણ શાસ્ત્રની જેને શ્રદ્ધા હોય... વાસુદેવ હતા. વાસુદેવ, પ્રતિવાસુદેવને માર્યા વિના મરે નહિ કોઈ દિ'. રાવણ જીવતો શી રીતે રહે એની હયાતીમાં? પણ લોકોને કેટલાકને થોડી શંકા પડી. રામ પણ થોડા હલી ગયા. શંકા નહિ પણ આમ ડગી ગયા. અરે...! લક્ષ્મણ ભાઈ! શું થયું તને? બહુ પ્રેમ છે ને ભાઈઓને. બેયને બહુ પ્રેમ છે. અરે...! કોઈ આને ઉગારવાની ઔષધ, વિદ્યા લાવો રે લાવો. રામચંદ્રજી પોકાર કરવા લાગ્યા. હનુમાનજી પછી ભરત પાસે જાય છે. લોકો કહે, એક વિશલ્યા બાઈ છે. એક રાજાની દીકરી (છે). એનું પાણી છાંટો તો તરત અહીં મટી જશે. કહો, ઠીક! એવું પૂર્વે બ્રહ્મચર્ય આદિ પાળેલા, સંથારો કરેલો ને. ચાર હજાર વર્ષ તપસ્યા (કરેલી). જંગલમાં એકલી, હોં! એકલી બાઈ. આવે છે ત્યાં બાઈ. 'ભરત' રાજ કરતા હતા. એને ખબર હતી કે આ રાજાની દીકરી આ છે. આવી જ્યાં ગરે છે ત્યાં હજારો સેનાના માણસને ઘાત વાગેલા, ઘા! એ જ્યાં અંદર ગરે (છે) ત્યાં તો એની હવાથી બધાને ઘા ઓલા (સાજા) થઈ ગયા. થતા હશે કે નહિ પરને લઈને? પણ એવો શાતાનો એને ઉદય અને આ એનું નિમિત્ત. એકદમ ઘા ઓલા થઈ ગયા. જ્યાં અંદર પંડાલમાં ગરે છે. પંડાલ ન કહેવાય એને, શું કહેવાય એને? તંબુ... તંબુ. તંબુ. તંબુમાં ગરે છે. એ તો રાજા, મોટા દૈવી રાજાઓ. 'રામચંદ્રજી' મોક્ષગામી છે, 'લક્ષ્મણજી' તીર્થંકર થઈને મોક્ષ જવાના. એ તો બધા મહાપુરુષો છે. પાણી જ્યાં છાંટ્યું ત્યાં આળસ મરડીને ઉભો થઈ ગયો. જુઓ! આ લોકો ન કહે કે નિમિત્તની અસર છે કે નહિ? એમ નથી, ભાઈ! એની પર્યાય તે કાળે એવી જ થવાની હતી. ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. આમ વાત છે.

અહીં કહે છે કે એવી શ્રદ્ધા અને જ્ઞાન તો પહેલા પ્રગટ્યા હોય છે. અને પછી જ્યારે અંત કાળ દેહ છૂટવાનો આવે, છૂટવાનો કાળ તો બધાને આવશે કે નહિ આમાં? કે કોઈને નહિ આવે એમ હશે? આ..હા...! દેહના છૂટવાના કાળે, કહે છે કે એ સંલેખના કરે. સ્વરૂપની દૃષ્ટિ છે. બે કષાય ટળી ગયા છે. શ્રાવક છે ને? અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની તો નાશ થઈ ગયા છે. હવે પ્રત્યાખ્યાનીના રસને ઘટાડવા સંલેખના આદિ વ્રત એને હોય છે, એમ કહે છે. અંદરમાં ધ્યાનમાં કોઈને ઉપયોગ જામી જાય તો નિર્વિકલ્પમાં સમાધિમરણ થઈ જાય. આનંદમાં આનંદમાં, હોં! શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં. અંદરમાં ધ્યેયમાં ઉપયોગ જામી જાય (અને) દેહ છૂટી જાય. કોઈને નિર્વિકલ્પતા ન પણ હોય. સવિકલ્પ હોય પણ અંદર શાંતિ અને ઉઘાડ શુદ્ધતાનો થયો છે એ કંઈ જાતો નથી. એમાં દેહ છૂટી જાય છે. સ્વર્ગમાં જાય.

**'કાય ઔર કષાય કો કૃશ કરના સમાધિમરણ કરના અંત સલ્લેખના હૈ, ઇસપ્રકાર ચાર શિક્ષાવ્રત હૈ.'** લ્યો. આ ચાર શિક્ષાવ્રત. આ ચાર શિક્ષાવ્રત. સામાયિક, પ્રૌષધ, અતિથિપૂજન અને

સંલેખના વ્રત. પ્રશ્ન આવ્યો, જુઓ!

**'યહાં પ્રશ્ન–તત્ત્વાર્થ સૂત્ર મેં તીન ગુણવ્રતો મેં દેશવ્રત કહા...'** અહીં તો તમે કહ્યું નહિ. **'ઔર ભોગોપભોગપરિમાણ કો શિક્ષાવ્રત મેં કહા...'** ત્યાં તો ભોગઉપભોગ સાતમું વ્રત છે એ શિક્ષાવ્રતમાં કહ્યું છે. અહીં સંલેખના ન્યારા કહ્યા, ત્યાં સંલેખના જુદી કહી છે.

**'ઇસકા સમાધાન–યહ વિવક્ષા કા (કથન) ભેદ હૈ, યહાં દેશવ્રત દિગ્વ્રત મેં ગર્ભિત હૈ...'** આવ્યું હતું ને દિશિ વિદિશા? દિશિ વિદિશી ૨૫ (ગાથા). છઠ્ઠું જે દેશવ્રત છે, અહીં દિગ્વ્રત છે, દિશાની મર્યાદા કરવી. એમાં પેલું દસમું દેશવ્રત સમાઈ જાય છે. **'ઔર સંલેખના કો શિક્ષાવ્રતોં મેં કહા હૈ,...'** એમાં શું છે? 'તત્ત્વાત્થ સૂત્ર'માં જુદું પાડ્યું છે. અહીં અંદર શિક્ષાવ્રતમાં નાખ્યું છે. **'કુછ વિરોધ નહીં હૈ.'** એમાં કોઈ વિરોધ છે નહિ.

---

**आगे कहते हैं कि संयमचरण चारित्रमें श्रावकधर्मको कहा, अब यतिधर्मको कहते हैं -**

## ગાથા-૨૭

**एवं सावयधम्मं संजमचरणं उदेसियं सयलं।**
**सुद्धं संजमचरणं जइधम्मं णिक्कलं वोच्छे।।27।।**

**एवं श्रावकधर्मं संयमचरणं उपदेशितं सकलम्।**
**शुद्धं संयमचरणं यतिधर्मं निष्कलं वक्ष्ये।।27।।**

શ્રાવકધરમરૂપ દેશસંયમચરણ ભાખ્યું એ રીતે;
યતિધર્મ-આત્મક પૂર્ણસંયમચરણ શુદ્ધ કહું હવે. ૨૭.

**अर्थ :- एवं अर्थात् इसप्रकारसे श्रावकधर्मस्वरूप संयमचरण तो कहा, यह कैसा है ? सकल अर्थात् कला सहित है, (यहाँ) एकदेशको कला कहते हैं। अब यतिधर्मके धर्मस्वरूप संयमचरणको कहूँगा - ऐसी आचार्यने प्रतिज्ञा की है। यतिधर्म कैसा है ? शुद्ध है, निर्दोष है, जिसमें पापाचरणका लेश नहीं है, निकल अर्थात् कलासे निःक्रांत है, सम्पूर्ण है, श्रावकधर्मकी तरह एकदेश नहीं है।।27।।**

---

## ગાથા-૨૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ સંયમચરણ ચારિત્ર મેં અર્થાત્ શ્રાવક ધર્મ કો કહા, અબ યતિધર્મ કો કહતે હૈં :–'** આ તો શ્રાવકની વાત કરી. સંયમચરણ ચારિત્રના બે ભાગ. એક–દેશવિરતિ અને એક–સર્વવિરતિ. એમાં દેશવિરતિની વ્યાખ્યા અહીં સુધી ચાલી.

एवं सावयधम्मं संजमचरणं उदेसियं सयलं।
सुद्धं संजमचरणं जइधम्मं णिक्कलं वोच्छे।।27।।

**અર્થ :– 'એવં અર્થાત્ ઇસપ્રકાર સે શ્રાવકધર્મસ્વરૂપ સંયમચરણ તો કહા,...'** શ્રાવકધર્મનું, સમ્યગ્દર્શન ચરણ સહિત દેશસંયમ ચારિત્ર કહ્યું. **'યહ કૈસા હૈ? સકલ અર્થાત્ કલા સહિત હૈ,...'** દેખો! ભાષા અહીંયા. સકલ એટલે પૂરું એમ નહિ. એની કળા છે. પૂર્ણ કળા એને પ્રગટી નથી. પૂર્ણ કળા મુનિને હોય છે. **'(યહાં) એકદેશ કો કલા કહતે હૈં.'** એકદેશવિરતિ અંદરમાં પ્રગટી છે. કળા છે ને? કળા. એકદેશવિરતિ શ્રાવકને પ્રગટી છે. પંચમ ગુણસ્થાનમાં.

**'અબ યતિધર્મ કે ધર્મસ્વરૂપ સંયમચરણ કો કહૂંગા ઐસે આચાર્ય ને પ્રતિજ્ઞા કી હૈ. યતિધર્મ કૈસા હૈ?'** કેવો છે મુનિધર્મ? **'શુદ્ધ...'** પહેલો શબ્દ છે. શ્રાવકમાં તો હજી હિંસા, જૂઠું એવા થોડા પરિણામ હોય છે. સર્વથા વિરતિ એને નથી. મુનિને તો શુદ્ધ છે. તદ્દન પંચ મહાવ્રત, જેમાં કોઈ હિંસાનો અંશ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'શુદ્ધ હૈ, નિર્દોષ હૈ...'** એ શુદ્ધની વ્યાખ્યા કરી. **'નિર્દોષ હૈ જિસમેં પાપાચરણ કા લેશ નહીં હૈ,...'** ઓ..હો..હો...! નગ્ન મુનિદશા જેની, અંતરમાં ત્રણ કષાયનો નાશ, એવો આનંદમાં ઝુલતો મુનિ, એને જૈનશાસનમાં સાધુ કહેવામાં આવે છે. કહે છે, એવા સાધુને પાપાચરણનો લેશ નથી. એને માટે બનાવેલા આહાર લેવાનો વિકલ્પ પણ હોતો નથી. સમજાણું કાંઈ? લેશ પાપાચરણ નથી. વસ્ત્ર લેવાનો વિકલ્પ એ પાપ છે. એને માટે બનાવેલા આહાર લેવાનો ભાવ એ પાપ છે. એ બધા પાપાચરણ જેને નથી. અને ધર્મઆચરણ, જેને આનંદનું સ્વરૂપ ભગવાન, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા, એમાં જેની પરિણતિ જામી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? મુનિ, બાપા! જૈનદર્શનનો મુનિ ઓળખવો કઠણ છે. આ બધા જે તે ફરે છે દીક્ષા (લઈને), એ દીક્ષા-બિક્ષા નથી. એ તો બધી દખિયા છે. રાગ એટલે દુઃખ અને રાગને અંગીકાર કર્યો તે દુઃખિયા છે. સમજાણું કાંઈ? આત્માના સમ્યગ્દર્શન વિના મહાવ્રતના શુભભાવ એ તો રાગ અને દુઃખ છે. મહાવ્રત અંગીકાર કરું છું એટલે દુઃખને અંગીકાર કરું છું. એમ છે.

અહીંયા તો આત્મા અંદરમાં આનંદસ્વરૂપ ભગવાન, એની વર્તમાન કાંઠે પર્યાયમાં આનંદ ખીલીને આનંદની ભરતી આવી છે. પ્રચુર સ્વસંવેદન. આહા..હા..! આત્માના આનંદનું વેદન શ્રાવકને છે, એનાથી મુનિને આનંદનું વેદન ઘણું વધી ગયું છે. ચોથા ગુણસ્થાનમાં જે આનંદ છે એના કરતાં પાંચમામાં વધારે છે, એના કરતાં છઠ્ઠામાં વધારે છે અને એના કરતાં સાતમામાં વધારે છે. આહાહા..! એ આનંદના ઓછાવત્તાના પ્રકારના એ ગુણસ્થાન છે. સમજાણું કાંઈ? જેમાં પાપનો લેશ નથી. આહાહા..! જે આત્માના અંતર આચરણમાં શુદ્ધ સ્વરૂપમાં રમનારા અને વિકલ્પ આદિ આવે તો શુભરાગ અહિંસા પંચ મહાવ્રતનો કે અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ હોય. એવું જેને પાપાચરણમાત્રનું લેશ નથી એવું એનું આચરણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઐસે વર્તમાન મેં તો દેખને મેં નહીં આતા.

ઉત્તર :– તમે ખુલ્લું કરી દીધું. એક મુનિ અહીંયા આવ્યા હતા. 'ઋષભસાગર' આવ્યા હતા.

ઇન્દૌરમાં ચોમાસુ હતું. નસિયાજી મેં. ઇન્દૌર મેં નસિયાજી હૈ ન? વહાં ચૌમાસા થા. દો વર્ષ પહલે યહાં આયે થે. ઉનકે ૮૫ વર્ષ હોંગે. વે કહતે થે કિ ૯૫ હૈ. ઐસે કહતે થે. ૯૫. ૯ ઔર ૫. લેકિન ૮૫ તો હોંગે ઐસા લગતા થા. યહાં કા વાંચન બહુત કરતે થે. યહાં આયે, દો દિન રહે. બોલે, મહારાજ! કોઈ ભાવલિંગી સાધુ હિન્દુસ્તાન મેં હૈ હી નહીં. પોતે સાધુ. દ્રવ્યલિંગી ભી કોઈ નહીં હૈ.

મુમુક્ષુ :– નામ ક્યા કહા આપને?

ઉત્તર :– 'ઋષભસાગર'. ઋષભ.. ઋષભ. મહારાષ્ટ્ર કે થે. 'ઇન્દૌર'મેં નસિયાજી મેં દો વર્ષ પહલે ચૌમાસા થા. લેકિન યહાં કા વાંચન કિયા.. આહા..! બહુત સરલ થા. દો દિન રહે. 'ભાવનગર' મેં આઠ દિન રહે. સાંભળે તો એને કંઈક ખ્યાલ તો આવે. ભલે હો, ફેર હો, એમાં... પણ ક્યા ચીજ હૈ, (ભાલૂમ તો પડે). ભવિષ્ય મેં સુધરને કા અવસર રહે. આ તો વીતરાગનો માર્ગ છે, કોઈ પક્ષનો માર્ગ છે? અને એ તો અહીંયા બોલી ગયા હતા. બોલી ગયા હતા બિચારા. અરે...! અમારા પાપનો ઉદય (કે) નગ્ન થઈ ગયા. એમ બોલી ગયા. પાપના ઉદયે અમે નગ્ન થઈ ગયા. ક્યા કરેં? મુનિપના હૈ નહીં. છોડાય નહિ. એ વસ્તુ એવી થઈ ગઈ છે કે અંદર જકડાઈ ગયા છે, પકડાઈ ગયા છે. એય..! એક આવ્યા હતા. બે વર્ષ પહેલા. બે વર્ષ થયા ને? મહારાષ્ટ્રમાં ચોમાસુ હતું. વૃદ્ધ, બહુ વૃદ્ધ. એ તો ૯૫ કહેતા હતા. ૯૫ સમજ્યા ને? ૯ અને ૫. ૮૫ હશે. ખેતીના માણસ હતા. ખેતી–કૃષિકાર. એમાંથી સાધુ થઈ ગયેલા. પણ માણસ સરળ બહુ. બહુ સરળ. બહુ સરળ ... બોલે. હમારે મેં મુનિપના કુછ નહીં હૈ. આપ કહતે હો વહ બાત ધર્મ હૈ. સમજાય છે કાંઈ? માર્ગ બાપુ! બીજો છે, ભાઈ! દુનિયા એ માનીને બેસી ગયા પકડીને એથી કાંઈ વસ્તુ થઈ જાય? વીતરાગ સર્વજ્ઞના માર્ગ છે. ઇન્દ્રો જેને આદરે છે, ગણધરો જેને જાણે છે અને અનુભવે છે, એવી દશા અલૌકિક છે. સમજાણું?

યતિધર્મ તો નિર્દોષ **'જિસમેં પાપાચરણ કા લેશ નહીં હૈ,...'** વળી કેવા છે? **'નિકલ..'** નિકલ નામ કળા રહિત. એકદેશ ત્યાં છે (નહિ), એકદેશ ભાગ નથી, સંપૂર્ણ પવિત્રતા. પૂર્ણમાસીની જેમ. શ્રાવકને તો બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ એવા કળાના દેશના ભાગ પડે. મુનિ તો પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂનમને પૂર્ણ કહે છે ને? પૂનમનો અર્થ પૂર્ણ છે. અમાસનો અર્થ અર્ધ માસ છે. આપણે અહીં પહેલું સુદ બેસે છે. સિદ્ધાંતને હિસાબે તો પહેલું વદ આવે. કારણ કે પહેલો અધમાસ (આવે). અમાસ આવે એટલે અધમાસ. પૂનમ આવે એટલે પૂર્ણ માસ. સમજાણું? એમ સાધુ થયા એટલે પૂર્ણ માસ. પૂર્ણ પવિત્રતા. આહાહા..! જેના વીતરાગના હિલોળા અંદરથી આમ આનંદના હિંચકા આવે. એ આનંદના અનુભવમાં એને દુનિયાની પણ કાંઈ પડી નથી. એ જંગલમાં પડ્યા હોય. સિંહ જેમ જંગલમાં પડ્યા હોય (એમ એ) ધ્યાનમાં પડ્યા હોય છે. સમજાણું કાંઈ? એને જૈનદર્શનમાં સાધુ અને મુનિ કહેવામાં આવે છે.

**'નિકલ અર્થાત્ કલા સે નિઃક્રાંત હૈ,...'** કળાથી નીકળી ગયા છે. **'णिक्कलं वोच्छे'**. એને કહીશ. **'સંપૂર્ણ હૈ, શ્રાવકધર્મ કી તરહ એકદેશ નહીં હૈ.'** શ્રાવકધર્મ સમકિત સહિત એકદેશ નિવૃત્તિ છે. એકદેશ પાપની નિવૃત્તિ અને શાંતિની પ્રવૃત્તિ એકદેશ છે. મુનિને તો સર્વ પાપની નિવૃત્તિ

અને શાંતિની પ્રવૃત્તિ અંદર ઘણી છે. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. સંતો ઉપશમરસમાં ઝુલતા હોય. આહાહા..! સમજાણું કાંઈ?

**आगे यतिधर्मकी सामग्री कहते हैं:-**

## ગાથા-૨૮

**पंचेंदियसंवरणं, पंच वया पंचविंसकिरियासु।**
**पंच समिदि तय गुत्ती, संजमचरणं णिरायारं।।28।।**

पंचेन्द्रियसंवरणं पंच व्रताः पंचविंशतिक्रियासु।
पंच समितयः तिस्त्रः गुप्तयः संयमचरणं निरागारम्।।28।।

પંચેન્દ્રિસંવર, પાંચ વ્રત પચ્ચીશક્રિયાસંબદ્ધ જે,
વળી પાંચ સમિતિ, ત્રિગુપ્તિ - અણઆગાર સંયમચરણ છે. ૨૮.

**अर्थ :- पांच इन्द्रियोंका संवर, पांच व्रत ये पच्चीस क्रियाके सद्भाव होने पर होते हैं, पांच समिति और तीन गुप्ति ऐसे निरागार संयमचरण चारित्र होता है।।28।।**

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

**'આગે યતિધર્મ કી સામગ્રી કહતે હૈં :—'** લ્યો. મુનિને કેવો માર્ગ હોય છે? જુઓ! પહેલેથી શરૂઆત કરતા આવ્યા છે. સમકિત પાહુડ–દર્શન પાહુડ. પછી સૂત્ર પાહુડ, પછી આ ચારિત્ર પાહુડ. પહેલું દર્શન પાહુડ–સમકિત. પછી જ્ઞાન અને પછી ચારિત્ર. એમ આ ત્રીજું પાહુડ ચાલે છે. ક્રમ. જેઠ સુદ–પથી શરૂ કર્યું છે. જેઠ સુદ–૫. લ્યો, દોઢ મહિનો થયો. દોઢ મહિનો થયો.

**पंचेंदियसंवरणं पंच वया पंचविंसकिरियासु।**
**पंच समगिदि तय गुत्ती संयमचरणं णिरायारं।।28।।**

**અર્થ :–** **'પાંચ ઇન્દ્રિયોં કા સંવર...'** હોય છે જેને. અતીન્દ્રિય આનંદમાં મહાલતો મુનિ, અતીન્દ્રિય આનંદમાં મહાલતો જેને પાંચ ઇન્દ્રિયના વિષયનો સંવર હોય છે. ઇ સંવર, હોં! પાંચ ઇન્દ્રિયના વિકલ્પોનો વિષય જેને તૂટી ગયો છે. અતીન્દ્રિય આનંદનો ભાવ જેને અનુભવમાં પ્રગટ થયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'પાંચ વ્રત...'** અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. **'પચ્ચીસ ક્રિયા કે સદ્ભાવ હોનેપર હોતે હૈં, પાંચ સમિતિ...'** એને હોય છે. લ્યો, ખુલાસો કરશે. **'તીન ગુપ્તિ ઐસે નિરાગાર સંયમચરણ...'** નિરાગાર એટલે પરિગ્રહ વિના. પરિગ્રહ બિલકુલ જેને હોતો નથી. વસ્ત્રનો તાણો જેને ન હોય, એને જૈનદર્શનમાં મુનિ કહે છે. એને નિરાધાર પરિગ્રહ રહિત કહે છે. સમજાણું કાંઈ? મોટા પોટલા રાખે, ચાર-ચાર, પાંચ-પાંચ, દસ-દસ લૂગડાં (રાખે)

અને કહે, અમે નિર્ગ્રંથ મુનિ છીએ. નિર્ગ્રંથ મુનિ ક્યાંથી આવ્યો પણ? ગ્રંથ તો જેમાં રાગની ગાંઠ ગળી ગઈ છે અને બહારના વસ્ત્ર પાત્ર પણ પરિગ્રહ છે. એ પણ જેના ટળી ગયા છે. રાગ ગળી ગયો છે અને બાહ્ય વસ્તુ ટળી ગઈ છે. એવી દશામાં પાંચ સમિતિમાં, ત્રણ ગુપ્તિમાં અને નિરાગાર સંયમ (હોય છે). નિરાગાર એટલે પરિગ્રહ રહિત.

आगे पांच इन्द्रियोके संवरणका स्वरूप कहते हैं:-

## ગાથા-૨૯

अमणुण्णे य मणुण्णे, सजीवदव्वे अजीवदव्वे य।
ण करेदि रायदोसे, पंचेंदियसंवरो भणिओ।।29।।

अमनोज्ञे च मनोज्ञे सजीवद्रव्ये अजीवद्रव्ये च।
न करोति रागद्वेषौ पंचेन्द्रियसंवरः भणितः।।29।।

સુમનોજ્ઞ ને અમનોજ્ઞ જીવ-અજીવદ્રવ્યોને વિષે
કરવા ન [૧]રાગવિરોધ તે પંચેન્દ્રિયસંવર ઉક્ત છે. ૨૯.

अर्थ :- अमनोज्ञ तथा मनोज्ञ ऐसे पदार्थ जिनको लोग अपने मानें ऐसे सजीवद्रव्य स्त्री पुत्रादिक और अजीवद्रव्य धन धान्य आदि सब पुद्गल द्रव्य आदिमें रागद्वेष न करे उसे पांच इन्द्रियोंका संवर कहा है।

भावार्थ :- इन्द्रियगोचर जीव अजीव द्रव्य हैं, ये इन्द्रियोंके ग्रहणमें आते हैं, इनमें यह प्राणी किसीको इष्ट मानकर राग करता है, और किसीको अनिष्ट मानकर द्वेष करता है, इसप्रकार राग - द्वेष मुनि नहीं करते हैं उनके संयमचरण चारित्र होता है।।26।।

### ગાથા-૨૯ ઉપર પ્રવચન

'આગે પાંચ ઇન્દ્રિયોં કે સંવરણ કા સ્વરૂપ કહતે હૈં :-'

अमणुण्णे य मणुण्णे सजीवदव्वे अजीवदव्वे य।
ण करेइ रायदोसे पंचेदियसंवरो भणिओ।।29।।

અર્થ :- **'અમનોજ્ઞ તથા મનોજ્ઞ ઐસે પદાર્થ જિનકો લોગ અપને માને...'** દુનિયા એને પોતાના માને એવી સ્થૂળ. **'ઐસે સજીવદ્રવ્ય સ્ત્રી પુત્રાદિક ઔર અજીવદ્રવ્ય ધન ધાન્ય આદિ સબ પુદ્ગલ દ્રવ્ય આદિમેં રાગદ્વેષ ન કરે...'** મુનિને સ્ત્રીનો રાગ ન હોય. પુત્રનો રાગ ન હોય. તેમ કોઈ ધન, ધાન્યનો પણ રાગ ન હોય. **'આદિમેં રાગદ્વેષ ન કરે વહ પાંચ ઇન્દ્રિયોં કા સંવર કહા હૈ.'** રાગ

૧. રાગવિરોધ = રાગદ્વેષ

ન કરે એટલે કે વીતરાગતા પ્રગટ કરે એને સંવર કહેવામાં આવે છે. નાસ્તિથી વાત કરી છે.

ભાવાર્થ :– **'ઇન્દ્રિયગોચર જીવ અજીવ દ્રવ્ય હૈં,...'** એમ ખુલાસો કર્યો છે. **'લોગ અપને માને...'** એમ લખ્યું હતું ને એમાં? લોક બહારથી સ્થૂળને (પોતાના) માને છે, એવા ઇન્દ્રિયગમ્ય જીવ, અજીવ. મનમાં કોઈ સાધારણ વિકલ્પ આવી જાય તો એ કંઈ.. સમજાય છે? કારણ કે મુનિને મનનો વિકલ્પ તો આવે. આ પ્રશ્ન અમારે થયો હતો. (સંવત) ૧૯૭૦માં. ૧૯૭૦ની સાલમાં પેલા 'વોરા' હતા ને? 'ગીરધર વોરા'. એણે પ્રશ્ન કર્યો હતો. 'બોટાદ'. બાર અવ્રતના ત્યાગમાં મનનો ત્યાગ આવે તો મુનિને મનમાં તો હજી વિકલ્પ હોય છે. ભાઈ! એણે પ્રશ્ન કર્યો હતો. ૧૯૭૦ની સાલ. પાંચ મહાવ્રત, રાત્રિભોજન ત્યાગ એ છ, અને પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન, એના વિકલ્પનો ત્યાગ એને સંવર કહેવાય. 'ગીરધર વોરા'. 'રતિભાઈ'! પેલો 'ગીરધર વોરા' નહોતો? 'ગીરધર વોરા' એકલો હતો ને? વાંઢો. એનો ભાઈ ત્યાં અપાસરો કરાવે છે ને હમણાં. 'બોટાદ'માં અપાસરો એના ભાઈએ કરાવ્યો છે. એણે પ્રશ્ન કર્યો કે બાર અવ્રતમાં મનનું અવ્રત પણ જાય. તો મુનિને મનમાં વિકલ્પ આવે કે નહિ? ભાઈ! એ તર્ક કરતો હતો. એ હોય, પણ એની મર્યાદા પ્રમાણે વિકલ્પ હોય. એની મર્યાદા ઓળંગીને હોય નહિ. માટે મનનો પણ સંવર ગણવામાં આવ્યો છે. એ.. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– આમાં તો પાંચ ઇન્દ્રિય જ લીધી છે.

ઉત્તર :– હા. લીધી છે ને. પણ મન પણ ભેગું આવે છે ને. ઇન્દ્રિયગોચર છે એ દ્રવ્ય ન હોય. એટલે એનો રાગ એને હોય નહિ. એમ. સંવરમાં આવે છે ને? પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન. સમજાય છે? છ કાય. બાર અવ્રતનો ત્યાગ આવે છે ને? એનું નામ સંયમ. બાર અવ્રતનો ત્યાગ આવે છે. પહેલેથી તો એ વાત આવે છે. એનો ત્યાગ તે સંયમ.

**'ઇન્દ્રિયગોચર જીવ અજીવ દ્રવ્ય હૈં, યે ઇન્દ્રિયોં કે ગ્રહણ મેં આતે હૈં, ઇનમેં યહ પ્રાણી કિસીકો ઇષ્ટ માનકર રાગ કરતા હૈ...'** કોઈને દેખીને, કાઉ એટલે. **'ઔર કિસીકો અનિષ્ટ માનકર દ્વેષ કરતા હૈ, ઇસપ્રકાર રાગદ્વેષ મુનિ નહીં કરતે હૈં...'** લ્યો. સમતા.. સમતા.. સમતા.. સમતા... સમજાણું? જ્યાં આગળ મુનિને વીતરાગપણાની દશા પ્રગટી છે. મુનિને તો વીતરાગી જ કહે છે. આહાહા..! 'પુષ્પદંત', 'ભૂતબલી' મુનિ થઈ ગયા ને? 'પુષ્પદંત', 'ભૂતબલિ'. આ 'ષટ્ ખંડાગમ' જેણે રચ્યાં. 'ધવલ'માં આવે છે, મોહ અને રાગ-દ્વેષ રહિત વીતરાગી સંતો હતા. મોહ અને રાગ-દ્વેષ રહિત. પેલો સંજ્વલનનો સાધારણ રાગ છે એને ગણ્યો નથી. આહાહા..! વીતરાગી મુનિ હતા. 'પુષ્પદંત', 'ભૂતબલિ' જેણે આ 'ષટ્ ખંડાગમ' 'ધરસેનાચાર્યે' અહીં ગિરનારમાં આપ્યું. પૂરા થયા એટલે દેવે મહોત્સવ કર્યો. વ્યંતરના દેવોએ. વ્યંતર.. વ્યંતરો. 'પુષ્પદંત' અને 'ભૂતબલિ'. ગિરનારમાં મુનિ હતા ને? ભાવલિંગી નગ્ન મુનિ સંત. ભગવાને સ્વીકાર્યા એવા વીતરાગી. 'ધવલ'માં પાઠ છે. એ તો વીતરાગી મુનિ હતા. બધા મુનિ એવા જ હોય. સમજાણું કાંઈ? એને સંયમચરણ ચારિત્ર કહેવામાં આવે છે. લ્યો.

आगे पांच व्रतोंका स्वरूप कहते हैं:-

## ગાથા-૩૦

**हिंसाविरई अहिंसा, असच्चविरई अदत्तविरई य।**
**तुरियं अबंभविरई, पंचम संगम्मि विरई य।।30।।**

**हिंसाविरतिरहिंसा असत्यविरतिः अदत्तविरतिश्च।**
**तुर्यं अब्रह्मविरतिः पंचमं संगे विरतिः च।।30।।**

હિંસાવિરામ, અસત્ય તેમ અદત્તથી વિરમણ અને
અબ્રહ્મવિરમણ, સંગવિરમણ - છે મહાવ્રત પાંચ એ. ૩૦.

**अर्थ :-** प्रथम तो हिंसासे विरति अहिंसा है, दूसरा असत्यविरति है, तीसरा अदत्तविरति है, चौथा अब्रह्मविरति है और पाँचवाँ परिग्रहविरति है।

**भावार्थ :-** इन पाँच पापोंका सर्वथा त्याग जिनमें होता है, वे पाँच महाव्रत कहलाते हैं।।30।।

---

## ગાથા-૩૦ ઉપર પ્રવચન

**'આગે પાંચ વ્રતોં કા સ્વરૂપ કહતે હૈં :–'** પાંચ વ્રતનું સ્વરૂપ કહે છે. મુનિને પાંચ વ્રત હોય છે. સમ્યગ્દર્શન સહિત સ્વરૂપના સ્થિરતાના આચરણ સહિત, એને પંચ મહાવ્રતનો વિકલ્પ હોય છે. અહીંયા વાત એથી કરી છે બધી એટલે લોકો એને માની બેસે છે. જુઓ! આ ચારિત્ર, જુઓ! આ ચારિત્ર. એ તો એની મર્યાદા બતાવી કે વિકલ્પ આવો હોય ત્યાં એવું ચારિત્ર હોય છે. શું થાય? શાસ્ત્રના અર્થને.. આવ્યું ને? બપોરે આપણે આવે છે કે નહિ? સૂત્રના અર્થને જ તું બીજી રીતે કરે છે. પ્રજ્ઞાના અપરાધને લઈને. અમારે જે આશય કહેવાનો છે એ આશય તું લેતો નથી. આ પંચમહાવ્રત કહ્યા ચારિત્રના માટે એ ચારિત્ર છે. મહાવ્રતનો વિકલ્પ ચારિત્ર ક્યાં છે? એ તો વ્યવહાર ચારિત્ર છે. પણ ત્યાં નિશ્ચયચારિત્ર વર્તતું હોય એને આવા પાંચ મહાવ્રતના વિકલ્પ હોય. એને બીજો વિશેષ રાગ હોય નહિ. એમ બતાવે છે. સમજાણું કાંઈ? આહા..!

**हिंसाविरइ अहिंसा असच्चविरई अदत्तविरई य।**
**तुरियं अवंभविरई पंचम संग्गम्मि विरई य।।30।।**

**અર્થ :– 'પ્રથમ તો હિંસા સે વિરતિ અહિંસા હૈ,...'** અંદરમાં રાગના ભાવનો જ્યાં અભાવ (થયો છે) એવી નિશ્ચયથી અહિંસા (છે) ત્યાં વ્યવહાર અહિંસાનો આવો વિકલ્પ હોય છે. એમ. સમજાણું કાંઈ? **'દૂસરા અસત્યવિરતિ હૈ,...'** જૂઠા બોલવાનો ત્યાગ. એવા મહાવ્રતનો વિકલ્પ હોય છે. **'તીસરા અદત્તવિરતિ હૈ,...'** ચોરીનો ત્યાગ. એક તણખલું પણ આજ્ઞા વિના લે નહિ. રાખની

ચપટી પણ આજ્ઞા વિના ન લે. અણદીધેલાનો પૂર્ણ ત્યાગ, પૂર્ણ ત્યાગ. **'ચૌથા અબ્રહ્મચર્ય હૈ...'** વિષયની વાસનાના વિકલ્પનો સર્વથા ત્યાગ. આહાહા..! બ્રહ્માનંદ એવો ભગવાન, એવા આનંદના રસમાં રસીલા સંતો, એને કહે છે કે બ્રહ્મચર્યનો ભાવ હોય છે. સમજાય છે? અબ્રહ્મનો ત્યાગ (હોય છે). જેને બ્રહ્માનંદ આત્મઆનંદમાં જેની મસ્તી છે. આનંદ જેના ખીલીને પર્યાયમાં આનંદની ભરતી આવી છે. આ..હા...! એવો જે બ્રહ્મ નામ આત્મા, એમાં ચરવું. આનંદમાં ચરવું એવું જ્યાં નિશ્ચય બ્રહ્મચર્ય છે ત્યાં કાયા, મન, વચનથી પરનો અબ્રહ્મ ન સેવે એને અહીંયા અબ્રહ્મનો ત્યાગ કહેવામાં આવે છે. ઇ ચોથું અબ્રહ્મ.

**'પાંચવાં પરિગ્રહવિરતિ હૈ.'** એક વસ્ત્રનો તાણો પણ પરિગ્રહ છે. એની વિરતિ. જેને નિવર્તી હોય છે. એને પાંચમું મહાવ્રત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પરિગ્રહવિરતિ. બિલકુલ પરિગ્રહ એને ન હોય. નગ્નપણું. માતાએ જન્મ્યો એવો જેનો અવતાર હોય. આહાહા..! એને જૈનદર્શનમાં મુનિ કહેવામાં આવે છે. બાકી મુનિપણું માન્યું છે એ જૈનદર્શનની પ્રમાણે નથી. એ જૈનદર્શન જ નથી. પરિગ્રહવિરતિ. આહાહા..!

**ભાવાર્થ :– 'ઇન પાંચ પાપોં કા સર્વથા ત્યાગ જિનમેં હોતા હૈ વે પાંચ મહાવ્રત કહલાતે હૈં.'** હવે એને મહાવ્રત કેમ કહેવા? શ્રાવકને પાંચ અણુવ્રત હોય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત શાંતિના અંશની ભૂમિકામાં. જ્યારે મુનિને શાંતિની ભૂમિકા ઘણી વધી ગઈ છે. એની ભૂમિકામાં આવા પંચ મહાવ્રત–પાંચ મહાવ્રત કેમ કહેવા? એને મહાવ્રત કેમ કીધાં? એની વાત છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૫, ગાથા-૩૧ થી ૩૩. રવિવાર, અષાઢ વદ ૮, તા. ૨૬-૦૭-૧૯૭૦

આ 'અષ્ટપાહુડ', ચારિત્રપાહુડની ૩૧મી ગાથા. **'આગે ઇનકો મહાવ્રત ક્યોં કહતે હૈં વહ બતાતે હૈં :–'** શું ચાલે છે આ? ચારિત્ર અધિકાર છે આ. ચારિત્રમાં પહેલા અધિકારમાં પહેલું આવી ગયું છે કે સમ્યક્ચરણ ચારિત્ર વિના સંયમચરણ ચારિત્ર હોઈ શકે નહિ. ચારિત્રના બે ભેદ પાડ્યા, ચારિત્રના બે ભાગ પાડ્યા. સમજાણું કાંઈ? સમ્યક્ચરણ ચારિત્ર, એ ચારિત્રનો એક ભાગ લીધો છે. બે ભાગ પાડ્યા છે ને? સમ્યક્ચરણ ચારિત્ર અને સંયમચરણ ચારિત્ર. એમાં સમ્યક્ચરણ ચારિત્ર હોય તો પછી સંયમચરણ ચારિત્ર હોય. સમ્યક્ચરણ ચારિત્ર ન હોય એને સંયમચરણ ચારિત્ર હોઈ શકે નહિ. સમકિતચરણ ચારિત્રમાં એ આવી ગયું છે કે અખંડ અભેદ ચૈતન્યસ્વરૂપ, જેનું એકરૂપ ત્રિકાળ સ્વરૂપ છે, એની અંતર્મુખમાં પ્રતીતિ થવી, પચ્ચીસ દોષ રહિત, એ સમ્યક્ચરણ ચારિત્ર છે. પચ્ચીસ દોષ રહિત અને નિઃશંક આદિ આઠ ગુણ સહિત. સમજાણું કાંઈ? એવું જે નિજ સ્વરૂપ, નિજ સ્વરૂપ તો ખરેખર એને એ કહ્યું, ઓલું ધ્રુવ સ્વરૂપ એ નિજ સ્વરૂપ છે. ત્રિકાળ એકરૂપ સ્વરૂપ છે, જે એક સમયની પર્યાય વિનાનું, એના અંતરમાં શ્રદ્ધાને ધ્રુવમાં પ્રસરાવવી, એમાં–ધ્રુવમાં પર્યાયને જોડવી, એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એમાં ભેગા

પચ્ચીસ દોષનો ત્યાગ અને સમકિતના નિઃશંક આદિનું આચરણ હોય છે. સમજાણું કાંઈ? એ સમ્યક્ચરણ ચારિત્ર વિના આ ચારિત્ર સંયમમાં ન હોય. સંયમચરણ ચારિત્ર પણ બે પ્રકારે.

પહેલા ચારિત્રના બે ભેદ. સમકિતચરણ ચારિત્ર અને સંયમચરણ ચારિત્ર. હવે સંયમચરણ ચારિત્રના બે ભેદ. એક–દેશસંયમ અને એક–સર્વવિરતિ સંયમ. દેશવિરતિની વ્યાખ્યા આવી ગઈ. હવે સર્વવિરતિની. સમ્યગ્દર્શનપૂર્વક એને સર્વવિરતિ સંયમ કેવો હોય, એનું એને ભાન કરાવે છે. સમજાણું કાંઈ? એ ૩૧મી ગાથામાં મહાવ્રત કોને કહેવા? જુઓ! અહીંયા મહાવ્રતથી લીધું છે. મહાવ્રત છે તો વિકલ્પ. પણ ચારિત્રના ભેદમાં મહાવ્રતને અને અણુવ્રતને લીધા છે. એટલે કેટલાક એને જ ચારિત્ર માને છે. આમાં લખાણ એવા છે. ચારિત્રના બે ભેદમાં સંયમચરણ ચારિત્ર. એના બે ભેદ–દેશવિરતિ અને સર્વવિરતિ. દેશવિરતિમાં અગિયાર પડિમા, બાર વ્રત, એ તો બધા વિકલ્પ છે. અને આ પંચમહાવ્રત એ પણ વિકલ્પ છે. એવી જાતના વિકલ્પની હદમાં એના સ્વરૂપનું આચરણ અને સ્વરૂપમાં સ્થિરતાની શાંતિનો અંશ હોય, એમ એ બતાવે છે. વ્યવહાર એ નિશ્ચયને બતાવે છે (કે) આવો ત્યાં નિશ્ચય હોય છે. સમજાણું કાંઈ?

એક બાજુ કહેવું કે પંચ મહાવ્રતના વિકલ્પ ઝેર છે. એય...! સમજાણું કાંઈ? અને એક બાજુ અહીં કહેશે, મહાપુરુષોએ એને આચર્યા છે. એટલે જ લોકો વાંધો ઉપાડે છે ને! સમજાણું કાંઈ? ભાઈ! આચર્યા છે એનો અર્થ, વ્યવહારનયનો વિકલ્પ એ ભૂમિકામાં પંચ મહાવ્રતનો વિકલ્પ હોય છે. પણ એની પાછળ સ્વરૂપના આનંદનું ઘોલન અને શાંતિની વિશેષ દશા, પ્રચુર સ્વસંવેદન એવી વીતરાગ દશા પ્રગટેલી છે, એને ન લેતાં, પંચમહાવ્રતને ચારિત્રનો ભાગ કહેવામાં આવ્યો છે. એનાથી આ અનુમાન કર કે અંદર શાંતિ અને આવી વીતરાગ દશા હોય છે. સમજાણું કાંઈ? એકલા સમ્યક્ચરણ ચારિત્રથી જ મુક્તિ થાય એમ નહિ. એમ બતાવવા આ વાત ભેગી લીધી છે. કહો, સમજાણું કાંઈ? એ સંયમમાં આ ભાગ આ રીતે પાડ્યા છે. એટલે બીજા લોકો કહે છે કે જુઓ! મહાવ્રતને પણ ચારિત્ર કહ્યું છે. ભાઈ! પણ તત્ત્વાર્થ સૂત્રમાં તો મહાવ્રતને આસ્રવ કહ્યું છે, પુણ્યભાવ કહ્યો છે. અને અહીં કહે છે, તો બે ફેર છે? ન્યાં એ ભૂમિકામાં મહાપ્રભુ ચૈતન્ય પોતાના આંગણે અંદર રમે છે, એવી શાંતિ જેને પ્રગટી છે એને મહાવ્રતના વિકલ્પો આવી જાતના હોય છે અને એ આચરણ કરે છે એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. ઘણાં આમાંથી લ્યે છે. આમાંથી, બીજેથી, જ્યાં કંઈ એ આવે, ચારિત્રના ભેદ આવે ત્યાં (એમ લ્યે). સર્વવિરતિ અને દેશવિરતિ. અંતરનું ચારિત્ર છે એ વાત મુખ્યમાં ન આવે. એટલે એમ લઈ જાય કે મહાવ્રત એ જ ચારિત્ર છે. જુઓ! ૩૧મી ગાથા.

आगे इनको महाव्रत क्यों कहते हैं वह बताते हैं:-

## ગાથા-૩૧

साहंति जं महल्ला, आयरियं जं महल्लपुव्वेहिं।
जं च महल्लाणि, तदो [1]महव्वया इत्तहे याइं।।31।।

साधयंति यन्महांतः आचरितं यत् महत्पूर्वैः।
यच्च महन्ति ततः महाव्रतानि एतस्माद्धेतोः तानि।।31।।

મોટા પુરુષ સાધે, પૂરવ મોટા જનોએ આચર્યા,
સ્વયમેવ વળી મોટાં જ છે, તેથી મહાવ્રત તે ઠર્યા. ૩૧.

अर्थ :- महल्ला अर्थात् महन्त पुरुष जिनको साधते है - आचरण करते हैं और पहिले भी जिनका महन्त पुरुषोंने आचरण किया है तथा ये व्रत आप ही महान हैं, क्योंकि इनमें पापका लेश भी नहीं है - इसप्रकार ये पाँच महाव्रत है।

भावार्थ :- जिनका बड़े पुरुष आचरण करें और आप निर्दोष हों वे ही बड़े कहाते हैं, इसप्रकार इन पांच व्रतोंको महाव्रत संज्ञा है।।31।।

## ગાથા-૩૧ ઉપર પ્રવચન

साहंति जं महल्ला आयरियं जं महल्लपुव्वेहिं।
जं च महल्लाणि तदो महव्वया इत्तेहिं याइं।।31।।

જુઓ! આ વર્ણન કર્યું. અને એક કોર જ્યાં નિશ્ચયનયનું વર્ણન આવે ત્યારે કહે, આત્માનું સ્વરૂપ એ તો શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એ જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? વળી પાછું આ વલણ આવે. કહ્યું હતું ને? ઓલામાં આવ્યું ને આ? જીવ નથી ઉપજતો, નથી મરતો, નથી બંધ કરતો, નથી મોક્ષ કરતો. એને જીવ કહ્યો. પણ એ જીવ કહ્યો એ નયથી કહ્યો છે. કારણ કે નયનું વાક્ય છે ને? એ કંઈ આખા પ્રમાણનું વાક્ય નથી. સમજાણું કાંઈ? એક સમયમાં જીવ મોક્ષની પર્યાયને કરે નહિ, એને જીવ કહીએ, કહે છે. આરે..! ભારે. એ બંધની અને મોક્ષની બેયની એક એક સમયની પર્યાયને... પર્યાયમાં આવે નહિ, પર્યાય કરે નહિ, પર્યાયપણે ઊપજે નહિ, એને જીવ કહેવામાં આવે છે. એમ ત્યાં કહ્યું. ૩૨૦મી ગાથામાં આવ્યું ને? અને 'પરમાત્મપ્રકાશ'ની ૬૮ ગાથા. ભાઈ! એમ કહ્યું કે જીવ એટલે કે મોક્ષની પર્યાય ન કરે તે જીવ. ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ?

અહીં જીવની પર્યાયમાં પાંચ મહાવ્રત પાળે તે ચારિત્રવંત (એમ કહે છે). 'ચંદુભાઈ'! ભારે

1. पाठान्तर - 'महव्वया इत्तहे याइं' के स्थान पर 'महव्वयाइं तहेयाइं'।

વાત, ભાઈ! સમજાણું કાંઈ? એ નયના વાક્યોને મુખ્ય-ગૌણ કરીને કહ્યું હોય એને બરાબર સમજવું જોઈએ. કારણ કે એકદમ સ્વરૂપ જ્યારે મોક્ષની પર્યાય પણ ન કરે એ જીવ (એમ કહે ત્યારે) એ તો દ્રવ્યાર્થિકનયનો પરમપારિણામિકભાવ નયનો વિષય થયો. અને નયનો વિષય છે એમાં એક ભાગ રહી જાય છે. સમજાણું કાંઈ? નય છે એટલે એમાં એક ભાગ આવ્યો. ભલે મોટો આવ્યો, આખો આવ્યો. 'નવનીતભાઈ'! પણ એ નય છે ને? પરમપારિણામિકભાવગ્રાહક દ્રવ્યાર્થિક એકરૂપ તે નય. તે ધ્રુવ જીવ વસ્તુ. ભારે ભાઈ! અને એ વસ્તુ એને કહીએ, એની પર્યાય–નિર્મળ વીતરાગી પર્યાયને પણ ન કરે.

મુમુક્ષુ :– જાણે તો ખરો ને?

ઉત્તર :– જાણે તો ખરો. એ માટે તો આ વાત લીધી છે. એ કહ્યું છે તે એક નયનો ભાગ કીધો છે. પણ એક નય બીજી રહી જાય છે ને પાછી. એ.. 'ચંદુભાઈ'! નયવાક્ય છે એ એક ભાગને બતાવે છે. ભલે એ શુદ્ધ દ્રવ્યાર્થિક એકરૂપ સ્વરૂપ તે જીવ, એમ કીધું. પણ એ શુદ્ધ પરમપારિણામિક દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ કીધું, આખા દ્રવ્યની અપેક્ષાએ નહિ. આખું દ્રવ્ય એટલે સમજ્યા ને? પર્યાયસહિત.

મુમુક્ષુ :– પ્રમાણનું દ્રવ્ય.

ઉત્તર :– પ્રમાણરૂપ દ્રવ્યની વાત નથી ત્યાં. એકલો ધ્રુવ હું છું, એમ કીધું. નહિ? ૩૨૦માં તો છેલ્લું આવ્યું છે ને? સકળ નિરાવરણ પરમપારિણામિકભાવ અખંડ તે હું છું. એ હું છું, ખંડ તે હું નહિ. પર્યાય તે નહિ, (એમ) ત્યાં તો આવ્યું. છેલ્લો બોલ આવે છે ને? ૩૨૦માં આવી ગયું. આપણે બે વાર (વ્યાખ્યાન) થઈ ગયા. ત્યાં તો બે વાર થઈ ગયા છે. નહિ? અહીં એકવાર થયું. હવે અહીંયા આ ક્લાસમાં આવવાનું છે. ક્લાસમાં ૩૨૦ લેવાની છે. માણસો ઘણા આવવાના છે ને. કીધું, સાંભળે તો ખરા. શું કહે છે? સમજાણું કાંઈ?

આમ જુઓ તો એક સમયનો ભગવાન એને જીવ કહ્યો. અને એ જીવ તે જ એનું સ્વરૂપ છે. પર્યાય એનું સ્વરૂપ નહિ, એમ કહ્યું. પણ એ નયથી કહ્યું છે. નયથી કહ્યું છે એનો અર્થ કે એક ભાગ આખો પૂર્ણ વસ્તુ તે નયનો વિષય છે. એમ કરીને જીવને દ્રવ્યાર્થિકનયના વિષય તરીકે ગણી એને પર્યાયનો કર્તા નથી એમ કહેવામાં આવ્યું. પણ એની સાથે બીજો નય રહી જાય છે. સમજાણું કાંઈ? બીજો નય ન રહે તો એ નય જ ન કહેવાય. 'હિંમતભાઈ'! સમજાણું કાંઈ? આમ જુઓ તો એમ કહ્યું.

જીવ... ઓ..હો..હો...! એને જીવ કહીએ. પર્યાયનું જીવન જ નજીવું જીવન. એ નજીવું જીવન અને આ જીવતું જીવન. જીવ ઉપર ભાઈ! કાલે વિચાર આવ્યો હતો. કીધું, આ જીવની ભાષા છે. ત્યાં ભલે પછી આત્મા લીધો છે. દ્રવ્ય-પર્યાય તરીકે લીધો છે ને? દ્રવ્ય-પર્યાય તે જોડલું આત્માનું છે. એમ લીધું. એમ છતાં ઉપાડ્યું છે જીવથી. અને 'સમયસાર'ની બીજી ગાથામાં જીવ લીધો છે. **'जीवो चरित्तदंसणणाणठिदो'**. અહીં વિશેષ વિચાર તો શું આવ્યો હતો. જીવે છે, જીવે છે. ટકે છે આખો એને જીવ કહીએ. એમ. એ જીવનું સ્વરૂપ ટકતું ત્રિકાળ એ જીવનું સ્વરૂપ છે એમ કહ્યું.

નયની અપેક્ષાએ. પણ પર્યાયાર્થિક એક બીજો નય રહી જાય છે. એ નય જો સાથે લક્ષમાં ન હોય તો એકાંત નય થઈ જાય છે. એય...! 'નવરંગભાઈ'! આહા..! એ માટે અહીં આચાર્ય પોતે આ ખાસ વાત મૂકે છે.

જે પંચમહાવ્રત.. આહાહા..! એ તો વિકલ્પ કહ્યો. કહે છે કે એ જાણેલો પ્રયોજનવાન એમ કહ્યું છે. ભાઈ! આહાહા..! ભગવાનઆત્મા.. ત્યાં અગિયારમી (ગાથામાં) એ કહ્યું, ભૂતાર્થ તે જીવ, તે જ આત્મા, તે વસ્તુ. બસ! પર્યાય અભૂતાર્થ. પર્યાય નથી. નજીવી.. નજીવી. નજીવી એટલે? નજીવ, લોકોમાં ભાષા નથી આવતી? એ તો નજીવી ચીજ છે. મામુલી. નજીવી. મારે તો ઓલા જીવ ઉપરનું નજીવી કહેવું છે. જીવ અસ્તિ છે, તો પર્યાય નજીવી સ્વસ્તિ છે. પણ છે ખરી. બીજો એક નય છે જોડે. બીજો નય ન હોય તો પેલો નય પણ એકાંત થઈ જાય છે, સાચો રહેતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવડો મોટો ભાગ લીધો તોય કહે છે, હજી એક બીજો નય (છે). એ તો નય છે, હોં! ધ્યાન રાખજે. એ દ્રવ્યાર્થિકનયે આમ કહ્યું છે. આખા પ્રમાણના વિષયે એમ કહ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'વજુભાઈ'! એથી અહીં લીધું, ભાઈ!

પંચમહાવ્રત તો મહાપુરુષો ગણધરોએ આચર્યા છે. આહાહા..! એય..! જુઓ! '**મહાવ્રત ક્યોં કહતે હૈં...**' ત્યાં આમ કહ્યું, અહીં આમ કહે છે. બે વિરોધ છે? સમજાણું કાંઈ? બાપુ! વીતરાગ માર્ગ એટલો સૂક્ષ્મ અને અલૌકિક છે કે જેનો પાર પડ્યે સંસાર રહે નહિ એને. એવી એ ચીજ છે. સમજાય છે ને? બીજે એવી ચીજ હોઈ શકે નહિ. એક કોર એ કહે, પર્યાયને જીવ કરે નહિ. રાગને તો કરે નહિ, પરને તો કરે નહિ પણ પોતાની ક્ષાયિક પર્યાયને, કેવળજ્ઞાનની પર્યાયને જીવ ન કરે. એને જીવ, એને ધ્રુવ, એને નિત્ય, એને દ્રવ્યાર્થિકના વિષય(નો) જીવ કહેવામાં આવે છે. સમજાણું? આવો.. આવો.. અંદર આવો. માર્ગ કરી દેજો. સમજાણું કાંઈ? ભારે વાત.

એકકોર ભગવાન આમ કહે, બીજી રીતે એ જ ભગવાન આમ કહે. એકકોર પ્રભુ આત્મા, જે તદ્દન વસ્તુ... વસ્તુ... વસ્તુ. એ તો કહ્યું ને? તે દિ' કહ્યું હતું ને? તમે હતા. નહિ? એક સમયની પર્યાય.. ભાઈ! ત્રણ કાળના કેટલામાં ભાગે રહી ગઈ? કારણ કે ભૂતકાળથી ભવિષ્ય અનંતગુણો. ભૂતકાળની પર્યાયથી ભવિષ્ય અનંતગુણો અને ભૂતકાળને અનંતમે ભાગે એક સમયની પર્યાય. બહુ કાળ નાનો થઈ ગયો. ઝીણી વાત છે, ભાઈ! આ દ્રવ્ય વસ્તુ છે ને? દ્રવ્ય આત્મા, એ ત્રિકાળી વસ્તુ છે, ધ્રુવ તરીકે.

હવે એની પર્યાયો લ્યો તોપણ ગયા કાળની અનંતી અવસ્થાઓ છે, એનાથી ભવિષ્યની અવસ્થાઓ અનંતગુણી થશે. કે જે ભવિષ્યની અનંતગુણી અવસ્થાને હિસાબે ભૂતકાળની પર્યાયો અનંતમે ભાગે છે. અને એ પર્યાયને અનંતમે ભાગે એક સમયની પર્યાય છે. આહાહા..! સમજાય છે કાંઈ ? એવી એક સમયની જે પર્યાય એમાં ભાવ પણ અનંતમા.. અનંતમા.. અનંતમા.. અનંતમા ભાગનો ભાવ આવ્યો. પર્યાય છે તે કાળ છે પણ એમાં ભાવ છે ને પાછો! અનંતા અનંતા ગુણો, એવી અનંતી પર્યાયનો ભાવ એક ગુણમાં, એવા એવા અનંતી પર્યાયનો ભાવ બીજા ગુણમાં, એવા અનંતા ગુણનું ભાવરૂપ દ્રવ્ય. એવો જે મહાભાવ, જેમાં કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં

અનંતા કેવળીઓ જણાય, એવી એક સમયની પર્યાય, એ પર્યાય પણ એવી અનંતી અનંતી પર્યાયનો પિંડ તે જ્ઞાન. શ્રદ્ધાની એક સમયની પર્યાય, એમાં અનંતા તીર્થંકરો, ત્રણ કાળના દ્રવ્યો પ્રતીતમાં પર્યાયમાં, જ્ઞાનપર્યાયમાં પ્રતીતમાં આવ્યા છે. એવી અનંતી પર્યાય શ્રદ્ધાની અનંતી અનંતી શ્રદ્ધાગુણમાં પડી છે. એ ભાવ પણ એક સમયની પર્યાયનો બહુ નાનો થઈ ગયો. કાળ નાનો અને ભાવ નાનો.

વસ્તુ ત્રિકાળી. કાળ મોટો અને એની શક્તિનો ભાવ મોટો. પણ છતાં એ ભાવ મોટો, ત્રિકાળ વસ્તુ ત્રિકાળ રહેનાર, એ જ વસ્તુ છે. ધ્યાનમાં લેવા લાયક તે છે. દૃષ્ટિમાં ધ્યાનમાં એને લેવા લાયક છે. ધ્યાનમાં પર્યાયને લેવા લાયક નથી. ધ્યાન, પર્યાયનું ધ્યાન ન કરે, ધ્યાન કરે દ્રવ્યનું. પણ છતાં એ ધ્યાન જે... અથવા ક્ષાયિક સમકિતની પર્યાય જે વસ્તુનો– આખી ચીજનો નિર્ણય કરે છે, કહે છે કે એ પર્યાય પણ નજીવી છે. એય..! એક સમયનો ટકતો ભાવવાળી ચીજ છે. જેણે નિર્ણય કર્યો આખી ચીજનો, એ નિર્ણયની પર્યાયનો કરનાર પણ દ્રવ્ય નહિ. એય..! સમજાણું કાંઈ? એવું દ્રવ્ય જે નિષ્ક્રિય ધ્રુવ ચૈતન્ય ભગવાન, એને ભગવાને સ્વરૂપ કહીને એની દૃષ્ટિને સમ્યગ્દર્શન કહ્યું. એની દૃષ્ટિને સમ્યક્ (કહ્યું). હવે એ વાત વર્ણવી એના ભેગું આ વર્ણવાય છે હવે.

એવું સમ્યક્ચરણ ચારિત્ર પ્રગટ થયું અને એમાં દેશસંયમની દશા પણ પ્રગટ થાય. અહીં તો હવે સર્વવિરતિની દશા પ્રગટ (થાય છે). અંતરમાં વીતરાગતાનો આશ્રય ભગવાન પૂર્ણ સ્વરૂપ, એનો જે આશ્રય દૃષ્ટિએ લીધો હતો, એ હવે સ્થિરતાએ એનો આશ્રય લીધો. સમજાણું કાંઈ? એટલે ચારિત્રની સ્થિરતા એટલી પ્રગટી કે પ્રચુર આનંદના ઓડકારના ઝરણા આવ્યા હવે. ચારિત્રવંતને તો અતીન્દ્રિય આનંદના ઝરણા વહે છે. એવી ભૂમિકામાં પંચમહાવ્રતના વિકલ્પ હોય છે.

મુમુક્ષુ :– વ્યવહારનયે કીધું.

ઉત્તર :– વ્યવહારનયે જ કીધું છે. એ જ કહ્યું છે. એ માટે તો આ વાત ચાલે છે. ચારિત્રનો અધિકાર છે તો એને વ્યવહારનયથી સમજાવ્યું છે. કારણ કે એ ભૂમિકામાં પાછળ ચારિત્ર નિર્મળ વીતરાગ દશા ઊભી છે ને, એ મૂળ ગણીને એને મહાવ્રત કહેવામાં આવ્યા. અને તે પણ તે મહાવ્રતને... અહીં શું કહે છે? જુઓ!

**'साहंति जं महल्ला'** એક બોલ. **'आयरियं जं महल्लपुव्वेहिं'**, **'जं च महल्लाणि तदो महव्वया इत्तेहिं याइं'**. ત્રણ બોલ છે.

**अर्थ :– 'महल्ला' अर्थात् મહંત પુરુષ જિનકો સાધતે હૈં...'** સમ્યગ્દર્શન ઉપરાંત આ વ્રત તો મહાન પુરુષ આદરે, એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં તો એક દ્રવ્યનો આશ્રય લઈને સમ્યગ્દર્શનચરણ પ્રગટ્યું છે. મહાપુરુષો તો મહાવ્રતને આચરે છે. એટલે કે મહા સ્વરૂપનો વિશેષ આશ્રય લઈને જે ચારિત્રદશા પ્રગટી છે એમાં આવા પંચમહાવ્રતના વિકલ્પને મહાપુરુષોએ આદર્યા છે. એય..! એક પર્યાય આદરણીય નહિ, ભાઈ! એને ઠેકાણે (કહે), પંચમહાવ્રતને મહાપુરુષોએ આદર્યા. ભાઈ! કથનની... ત્રણ બોલ લેશે હજી તો. ગાથા એવી આવી ગઈ કુદરતે.

ત્રણ બોલ છે.

મહાપુરુષો, મહંત પુરુષ જેને આચરે છે **'ઔર પહિલે ભી જિનકા મહંત પુરુષોં ને આચરણ કિયા હૈ...'** પૂર્વે ગણધર, તીર્થંકરો,.. આહાહા..! કેવળજ્ઞાન થવા પહેલા મહાપુરુષોએ પંચ મહાવ્રતને આચર્યા છે. એનો અર્થ ઇ કે ત્યાં સ્વરૂપનું ચારિત્ર–આચરણ વિશેષ છે તેથી ત્યાં આવા વિકલ્પની મર્યાદા હોય છે એને વ્યવહારે આચરે છે અને અંતર સ્થિરતા એ નિશ્ચયથી આચરે છે. આરે..! એય..! આવા કથન છે. પણ એમાં ઇ જાણવું. ન જાણે તો સમજવું એક નયનું આ વાક્ય છે. ઓલું એક નયનું હતું, આ બીજી નયનું છે.

મુમુક્ષુ :– થોડું લખ્યું જાજું કરી જાણજો.

ઉત્તર :– હં! સમજાણું કાંઈ? એક કોર કહે કે મહાવ્રતનો વિકલ્પ તો ઝેર છે. ઝેરનો ઘડો છે. ભાઈ!

મુમુક્ષુ :– એમાં ને એમાં એને વ્યવહારે અમૃત કહ્યું.

ઉત્તર :– એ તો એને વ્યવહારે અમૃત કહ્યું. વ્યવહારે અમૃત કહ્યું. કેમકે અશુભ ટળ્યું છે અને શુભનો વિકલ્પ છે. અહીં અમૃતસ્વરૂપ નિશ્ચય છે એનો આરોપ દઈને વ્યવહારે અમૃત કહ્યું. ઝીણું ભારે, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અમૃતનું સરોવર છે. ચૈતન્યના સરોવરમાં ચાંચ નાખીને બૂડ, અંદર જો, આનંદને લે. એ તો ભરેલો આનંદ છે, ભગવાન! આહાહા..! એવો આનંદ કે જે સિદ્ધનો આનંદ છે, એવા આનંદથી ભગવાન (ભરેલો છે). એ વસ્તુ છે અને વસ્તુ છે તો એમાં દુઃખ હોઈ શકે નહિ. દુઃખ છે એ વિકલ્પ છે, એ વિકાર છે. અને વિકાર કોઈ રીતે સ્વભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અને ખરેખર તો જ્યાં સુધી આનંદના સ્વભાવ સિવાય પુણ્યના વિકલ્પમાં પણ સુખ છે એમ માને છે, સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે એ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પણ શુભભાવ જે થાય પંચ મહાવ્રતનો, એમાં સુખ છે એમ માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે સુખ એમાં નથી, સુખ છે આત્મામાં. સમજાણું કાંઈ? છતાં અહીંયા મહાવ્રતને જે વિકલ્પ છે, દુઃખરૂપ છે, ઝેરનો ઘડો કહ્યો છે, એ વસ્તુમાં નથી એમ કહ્યું છે, સમકિતીને મહાવ્રતના વિકલ્પથી ભિન્ન ગણવામાં આવ્યો છે, ભાઈ! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કીધો છે ને? એની પર્યાયમાં રાગ છે એમ ત્યાં ના પાડી છે, વસ્તુની દૃષ્ટિએ. જેટલા વિકલ્પ છે એનાથી સમકિતી મુક્ત છે. કારણ કે વિકલ્પ છે એ વિકાર છે અને સ્વભાવની દૃષ્ટિવંત સ્વભાવની પર્યાયમાં વિકારની પર્યાય ભેળવતો નથી માટે મુક્ત છે. આહાહા..!

મુમુક્ષુ :– નિશ્ચય-વ્યવહારની સંધિ..

ઉત્તર :– આવી છે, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ?

આત્માના આનંદ સિવાય ક્યાંય પણ કોઈ લાળે રાંતળે શુભભાવમાં, શુભના બંધનમાં, એના સંયોગી ફળમાં ક્યાંય ઠીક છે, સુખ છે, એમ માન્યું છે એણે આત્માને હણી નાખ્યો છે. આનંદસ્વરૂપ છે એનો એણે નિષેધ કરી નાખ્યો છે. અહીં આનંદ છે, અહીં નહિ, એમ. સમજાણું

કાંઈ? ભારે ઝીણું, ભાઈ! એવું ભાન હોવા છતાં ક્યાંય વિકલ્પમાં સુખ નથી, આ જડની પર્યાય મારાથી થતી નથી, વિકલ્પની પર્યાયનો આત્મા કર્તા નથી, જેને તો નિર્મળ પર્યાયનો કર્તા પણ નકાર કર્યો. આહા..હા..! એય..! એને અહીં કહે છે, ભગવાન! નયના વાક્યને પણ સમજવું જોઈશે. 'અમરચંદભાઈ'!

કહે છે, આત્માનું સમ્યગ્દર્શન સ્વરૂપઆચરણની ઉગ્રતા, પચ્ચીસ દોષ રહિત પ્રગટી છે એણે આવા સ્વરૂપનો ઘણો આશ્રય લીધો છે, દ્રવ્યનો, ઘણો આશ્રય લઈ અને જેને અંતરમાં ત્રણ કષાયના અભાવની વીતરાગતા વર્તે છે, વર્તે છે, એને પણ જીવ કરે એમ દૃષ્ટિમાં ના પાડી, એ જ અહીં પાછા કહે છે, એની ભૂમિકામાં પંચમહાવ્રતના વિકલ્પ આવે તે એણે પાળ્યા આચર્યા છે. સમજાય છે કાંઈ? પેલું સ્વરૂપની સ્થિરતાનું આચરણ કર્યું છે, એના આચરણનો આરોપ નાખીને વ્રતને આચર્યા છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– અસદ્ભૂત વ્યવહારનય..

ઉત્તર :– અસદ્ભૂત વ્યવહારનયનું વચન છે. આહાહા..! શું થાય? માણસને...

આખી ચીજ છે અને આ પણ છે. એકકોર એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ તો વ્યવહારના વિકલ્પથી મુક્ત છે. ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ કહીએ. કેમકે વ્યવહારનો વિકલ્પ તે આસ્રવ છે. અને આસ્રવ સહિત આત્મા માને તો તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ જ વસ્તુને અહીં કહે છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં પણ મહાવ્રતના પરિણામને આસ્રવ કહ્યા છે, પુણ્ય પરિણામ કહ્યા છે, અપરાધ કહ્યો છે, શુભભાવ કહ્યો છે. સમજાણું કાંઈ? 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં પણ એને અપરાધ કહ્યો છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે. આહાહા..! 'હીરાભાઈ'! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે. ધર્મ નહિ, અધર્મ છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એનો અર્થ ઇ. એ ધર્મ નહિ એટલે અધર્મ છે. એય..! બંધન ધર્મથી થાય? અધર્મથી બંધ થાય. ચાહે તો શુભભાવ હો અને અશુભ હો, બેય ધર્મથી વિરુદ્ધ ભાવ છે. આહાહા..!

**'महल्ला' अर्थात् महंत पुरुष जिनको साधते हैं...'** એટલી સાધારણ વાત કરી. ઓ..હો...! છ ખંડના ધણી ચક્રવર્તી તીર્થંકરો સ્વરૂપના અંદરમાં માણવા અંદરમાં આનંદનો અનુભવ કરવા, જેને સર્વવિરતિના પંચમહાવ્રતના વિકલ્પ આવ્યા હતા. સમજાય છે કાંઈ? એ મહંત પુરુષ તેને આચરે છે. આ તો એના ઉપર જરી... આચરે છે પેલા પણ કહે છે. તમે મહાવ્રતને હેય કહો છો, શાસ્ત્રમાં આચરે છે એમ કહ્યું છે.

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યે' આખી જિંદગી આચર્યા.

ઉત્તર :– 'કુંદકુંદાચાર્યે' આખી જિંદગી પાળ્યા. બાપુ! ભાઈ! પાળ્યાની વ્યાખ્યા શું? કે એ ભૂમિકામાં એને એ હોય છે. હોય છે એને વ્યવહારનયે પાળ્યા એમ કહેવામાં આવે છે. હેય છે એનું રક્ષણ કરે તો પાળ્યા કહેવાય. રક્ષણ કરે તો પાળ્યા કહેવાય. રક્ષણ કર્યું છે એનું? હેયબુદ્ધિ છે એમાં તો. પણ છે માટે પાળ્યા, એમ વ્યવહારનયે (કહેવાય છે). પાળ્યા નથી તેને પાળ્યા કહેવું એ

વ્યવહારના લક્ષણ છે. આહા..! ભારે આકરું કામ.

મુમુક્ષુ :– ... પ્રાયશ્ચિત લેતે હૈં.

ઉત્તર :– લ્યે. અતિચાર લાગે તો પ્રાયશ્ચિત લે. એ બધો વ્યવહાર છે. પાળ્યા-ફાળ્યા એ વ્યવહારે કહેવાય. પ્રાયશ્ચિત લીધું એ વિકલ્પ છે, એ વ્યવહાર છે. એવી ભૂમિકામાં એવો વિકલ્પ આવે એને પ્રાયશ્ચિત લ્યે છે એમ કહેવાય છે. લેવું છે શું? વિકલ્પ જે છે એને સ્વરૂપનો આશ્રય કરીને ટાળે છે. આટલા અપવાસ કરવા ને એ બધી વ્યવહારની વાતું છે. એવા વિકલ્પની જાત હોય છે. હોય છે એટલું બતાવવા એ વાત કરી છે. છતાં એનો કર્તા નથી, એને હિતરૂપ માનતો નથી, એને જ્ઞાની પોતાની આનંદ પર્યાયમાં ભેળવતો નથી. આહાહા..! ત્યારે તેને વ્યવહાર કરે છે અને પાળે છે એમ કહેવામાં આવે છે. એમ છે વસ્તુનું સ્વરૂપ. ન્યાં પણ નથી કીધું? 'પંચાસ્તિકાય'માં કાલે નહોતું આવ્યું? આવે છે ને ૧૭૨માં? ક્રિયાકાંડના મહાવ્રત આદિના વિકલ્પથી સમકિતી માહાત્મ્યને વારતો, માહાત્મ્ય ન કરે એમાં. અંતરમાં જવાનું માહાત્મ્ય કરે. પણ હોય છે, એને અહીંયા પાળે છે, એ ભૂમિકામાં એવો જ ભાવ હોય છે. સમજાણું કાંઈ? એને વસ્ત્ર પાત્ર લેવાનો કે સદોષ આહાર લેવાનો વિકલ્પ હોતો નથી, રાગ હોતો નથી. આવો એક રાગ હોય. અંદર ધ્યાન આત્માનું છે, આશ્રય આત્માનો છે, સ્થિરતા ઉગ્ર શાંતિ પરિણમી છે, એની ભૂમિકામાં આવા જ વિકલ્પની યોગ્યતા હોય, એમ ગણીને વ્યવહારે આચરે છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! શાસ્ત્રના અર્થ કરવામાં પણ વાંધા.

**'महल्ला' અર્થાત્ મહંત પુરુષ જિનકો સાધતે હૈં...'** એક વાત. એ સામાન્ય વાત કરી. **'પહિલે ભી જિનકા મહંત પુરુષોં ને આચરણ કિયા હૈ...'** એમ કહે છે. વાત કરીએ છીએ એમ નહિ પણ મહાપુરુષોએ આચર્યા છે, એમ કહે છે. ગણધરોએ, તીર્થંકરોએ કેવળી થવા પહેલા તમામ જેટલા મોક્ષ જાય એને મહાવ્રતના વિકલ્પો હોય છે. એણે આચર્યા છે. વ્યવહારથી આચરણ વ્રતનું, પ્રાયશ્ચિતનું કહેવામાં આવે છે. એક નય છે ને એ? નય છે તો એનો વિષય હોય ને? નય તો જાણનાર છે. જાણનાર કાંઈ વિષય હોય એને જાણે ને? સમજાણું કાંઈ? નિશ્ચય છે એ તો વિષય છે, ક્યો? ધ્રુવ. ધ્રુવ વિષય છે એનો. ત્યારે વ્યવહાર વિષય છે કે નહિ? એની વર્તમાન પર્યાય અને રાગ, એને જાણે એ એનો વિષય છે. આ જાણવાને ઠેકાણે આચરે એમ કહેવામાં આવ્યું છે એ આરોપથી કથન છે. સમજાણું કાંઈ? નહિતર વસ્તુનો મેળ નહિ ખાય.

મુમુક્ષુ :– નય વિવક્ષા..

ઉત્તર :– વિવક્ષા સમજવી જોઈએ, કઈ અપેક્ષા છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– શબ્દને ન વળગવું.

ઉત્તર :– શબ્દને ન વળગવું. શબ્દમાં કહેવાનો આશય શું છે? ક્યા નયે આ કહ્યું છે? અને વળી ક્યા નયને હેય કરીને ઉપાદેય કહ્યું, કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? કેમકે એને તીવ્ર સાવદ્યયોગનો ત્યાગ છે, એથી એવો નિર્વદ્યયોગ એવો વ્યવહારે... છે તો એ સાવદ્ય નિશ્ચયે, પણ વ્યવહારે નિર્વદ્ય ગણીને તેને સમ્યગ્દર્શનનું ભાન છે, આનંદનું લક્ષ છે, આનંદ જેને પ્રગટ્યો છે,

અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યો છે, એને આવા વિકલ્પ હોય એને આચરે છે એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. વ્યવહાર એવો હોય. લોકો દેખે એવું જોઈએ ને કાંઈ. 'નવનીતભાઈ'! ભગવાનની કથનીનો ન્યાય સમજવો જરી ઝીણો છે. સમજાણું કાંઈ? આહાહા..!

એકકોર કહે કે રાગનો કર્તા થાય... બપોરે આપણે એ ચાલે છે, એ મિથ્યાદૃષ્ટિ છે. એના એ આચાર્ય અહીં કહે છે, રાગને, મહાવ્રતને પાળે છે. આ તો મહાવ્રત.. નિશ્ચય સ્થિરતા છે, કીધું ને? છે, ત્યાં આવો ભાગ છે એને વ્યવહારે (કહેવાય). પાળે છે તો પેલી સ્થિરતાને, પણ આ મહાવ્રતનો વિકલ્પ છે એને પાળે છે, એ જોડે હોય છે એથી આરોપથી કથન કર્યું છે. એ સ્થિરતા પાળે છે એ પણ એક વ્યવહાર છે. કારણ કે સ્થિરતાનો જે શાંતિનો પર્યાય છે તે એક સમયનો છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– આસ્રવમાં વિશેષની શ્રદ્ધા છે. પર્યાયમાં કર્તાપણાનો એનાથી મંદ નિષેધ છે. આ સદ્‌ભૂત વ્યવહાર છે–નિર્મળ પર્યાય. અને આ તો અસદ્‌ભૂત છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– કીધું ને? વ્યવહારની અપેક્ષાએ બેયનો નિષેધ સરખો છે. પણ ભેદની અપેક્ષાએ ફેર છે. ભાઈ! નિર્મળ પર્યાય છે એ સદ્‌ભૂતવ્યવહાર છે અને રાગ છે તે અસદ્‌ભૂતવ્યવહાર છે. એટલો બધો મોટો ફેર છે. એય...! આ બધું સમજવું ને આવું કરવું... માણસને (અઘરું લાગે છે). એ.. 'નવરંગભાઈ'! ઇ કરતાં પાણી ગળીને પીવા, ગળણા સારા રાખવા (ઇ સહેલું સટ હતું). એમાં ભાઈ ચડી ગયા. પહેલી ભૂમિકામાં હોય. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે ભાઈ! તું તો ત્રણ લોકનો નાથનો નાથ છો, હોં! કારણ કે બધા નાથો–કેવળીઓ એ તો તારી એક સમયની પર્યાયમાં જણાઈ જાય. આહા..! અને એવી અનંતી પર્યાયનો નાથ તું છો. એવી દૃષ્ટિ થઈ છતાં જ્યા સુધી પર્યાયમાં કેવળજ્ઞાન અને પૂર્ણ દશા ન આવે, ત્યાં સુધી એને સાધકપણામાં સ્થિરતાનું સાધવું હોય છે, એમાં આવા વિકલ્પની મર્યાદાવાળો વ્યવહાર સાધક, અસદ્‌ભૂત વ્યવહારનયે સાધક કહીને એને પાળે છે એમ કહ્યું છે. લ્યો, આ તો ગાથા એવી આવી તાકડે. એય...! આ બધા આવ્યા છે ને આ ગાથા આવી આવી. આહા..! કહો, 'રતિભાઈ'!

જેને મહાપુરુષોએ આચર્યા. આહાહા..! સંત પુરુષો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકર હતા, એ પણ ચળ વૃત્તિના પરિણામ લઈને એણે રાખ્યા. વ્યવહાર છે. ગણધરો.. અરે...! તીર્થંકરો પણ મુનિ થાય ત્યારે ચાર જ્ઞાનવાળા હોય એને પણ પંચમહાવ્રતના વિકલ્પ હોય છે. રાગની મંદતાની આ ભૂમિકાએ અરાગની પરિણતિ અને પૂર્ણ પૂર્ણ પરમાત્માના આશ્રયવાળી દૃષ્ટિ આવી હોય, ત્યાં આવા વિકલ્પો હોય છે એને પાળે છે, એવું ચરણાનુયોગની વિધિના કથનમાં એવી રીતે આવે છે. જેને મહાપુરુષોએ આચર્યા છે. જેને મહાપુરુષો આચરણ કરી ગયા છે, એમ કહે છે. આચર્યા એ સામાન્ય વાત કરી. જેને મહાપુરુષોએ આચર્યા છે. બે (વાત થઈ).

**'યે વ્રત આપ હી મહાન હૈ...'** ત્રણ. એવા પોતે મહાન છે. સમજાણું કાંઈ? છ ખંડના રાજ, ૯૬-૯૬ હજાર સ્ત્રી અને એના ઉપરનો રાગ છોડી, સર્વ વિરતિના પરિણામ આવ્યા. જંગલમાં

સંતો સિંહની જેમ, ત્રાડ મારતાં જેમ સિંહ હોય, એમ આત્માની ત્રાડ મારતા વિકલ્પ એવા આવ્યા હતા. એને મહાવ્રતને પોતાને પણ મહા છે એમ કહેવામાં આવે છે. મહાપુરુષોએ આદર્યા, મહાપુરુષોએ ભૂતકાળમાં આચરણ કર્યા, આદર્યા એ સામાન્ય વાત થઈ ગઈ. **'पुव्वे'** શબ્દ પડ્યો છે ને? **'आयरियं जं महल्लपुव्वेहिं'**. એમ છે ને? જુઓને! પૂર્વે આચરી ગયા. આચરણ શબ્દ પહેલો સામાન્ય છે. વર્તમાન સાધારણ. **'साहंति जं महल्ला'**–વર્તમાન મહાપુરુષો આચરે છે, પૂર્વે મહાપુરુષો અનંતા આચરી ગયા. બે. અને પોતે મહાન છે. ભારે વાત, ભાઈ! 'રાજકોટ'(વાળા) આવ્યા, વળી આ આવ્યું.

**'આપ હી મહાન હૈ ક્યોંકિ...'** જાતે એટલે જેથી. **'ઇનમેં પાપ કા લેશ ભી નહીં હૈ...'** બસ! આ વાત છે. જેમાં અશુભરાગનો લેશ નથી એવો શુભભાવ, શુદ્ધતાના આશ્રયની ભૂમિકામાં હોય છે. એય...! 'પ્રકાશદાસજી'! લ્યો, મહાવ્રત.. મહાવ્રત. એકલા મહાવ્રત નહિ, એમ કહે છે. તો જ પેલાને મહાવ્રત કહેવાય, નહિતર મહાવ્રત કહેવાય શેના? જેને અંતર દ્રવ્યનો આશ્રય થઈ સમકિતચરણ ચારિત્ર પ્રગટ્યું છે, એને વિશેષ આશ્રય કરી અને સ્થિરતાના આનંદની ઉગ્રતાના વેદનમાં આવ્યો છે, એને આવી જાતના સર્વ વિરતિના વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? આ તો ન મળે આત્માનું ભાન, સમ્યગ્દર્શન શું (એની ખબર ન હોય) અને કહે, મહાવ્રત લ્યો ને મહાવ્રતનું આચરણ કરો. પણ શેના મહાવ્રતના આચરણ? રાગના આચરણ છે ઇ તો, એકલા ઝેરના. સમજાણું?

ભાવાર્થ :– **'જિનકા બડે પુરુષ આચરણ કરેં ઔર આપ નિર્દોષ હો વે હી બડે કહાતે હૈં,...'** બેયમાં સમાડી દીધું. સમ્મુચય કરી નાખ્યું. બેને એકમાં નાખ્યું. આચર્યું અને આચરતા હતા. **'બડે પુરુષ આચરણ કરેં ઔર આપ નિર્દોષ હો વે હી બડે કહાત હૈં,..'** પોતે નિર્દોષ છે ને. અવ્રતનો લેશ નથી, તીવ્ર રાગનો અંશ નથી. મંદ રાગ પણ ત્યાં ભૂમિકામાં આનંદ અને શાંતિ વર્તે છે. તેથી તેને મહાન વ્રત કહેવામાં આવ્યા છે. **'ઇસપ્રકાર ઇન પાંચ વ્રતોં કો મહાવ્રત સંજ્ઞા હૈ.'**

---

**आगे इन पाँच व्रतोंकी पच्चीस भावना कहते हैं, उनमेंसे ही प्रथम अहिंसाव्रतकी पाँच भावना कहेत हैं:-**

## ગાથા-૩૨

**वयगुत्ती मणगुत्ती, इरियासमिदी सुदाणणिक्खेवो।**
**अवलोयभोयणाए, अहिंसए भावणा होंति।।32।।**

वचोगुप्तिः मनोगुप्तिः ईर्यासमितिः सुदाननिक्षेपः।
अवलोक्यभोजनेन अहिंसाया भावना भवंति।।32।।

મન-વચનગુપ્તિ, ગમનસમિતિ, સુદાનનિક્ષેપણ અને,
અવલોકીને ભોજન - અહિંસાભાવના એ પાંચ છે. ૩૨.

**अर्थ :-** **वचनगुप्ति और मनोगुप्ति ऐसे दो तो गुप्तियाँ, ईर्यासमिति, भले प्रकार कमंडलु आदिका ग्रहण - निक्षेप यह आदाननिक्षेपणा समिति और अच्छी तरह देखकर विधिपूर्वक शुद्ध भोजन करना यह एषणा समिति, - इसप्रकार ये पाँच अहिंसा महाव्रतकी भावना हैं।**

**भावार्थ :-** **भावना नाम बारबार उसहीके अभ्यास करनेका है, सो यहाँ प्रवृत्ति-निवृत्तिमें हिंसा लगती है, उसका निरन्तर यत्न रखे तब अहिंसाव्रतका पालन हो, इसलिये यहाँ योगोंकी निवृत्ति करनी तो भलेप्रकार गुप्तिरूप करनी और प्रवृत्ति करनी तो समितिरूप करनी, ऐसे निरन्तर अभ्याससे अहिंसा महाव्रत दृढ़ रहता है, इसी आशयसे इनको भावना कहते हैं।।32।।**

## ગાથા-૩૨ ઉપર પ્રવચન

**'આગે ઇન પાંચ વ્રતોં કી પચ્ચીસ ભાવના કહતે હૈં...'** લ્યો. ગાથા પણ એવી આવી. પછી ભાવના આવી. એય..! ત્યાં કહે કે પર્યાયની ભાવના દ્રવ્ય ન કરે. વીતરાગની પર્યાયને દ્રવ્ય ન કરે. અહીં કહે કે પંચમહાવ્રતના વિકલ્પની ભાવના જ્ઞાની કરે. એવા વિકલ્પની મર્યાદા ત્યાં હોય છે. ભાવનાનો અર્થ અભ્યાસ છે. ભાવનાનો અર્થ અભ્યાસ છે. છે તો વિકલ્પ, પણ એમાં તીવ્ર પાપનો ભાવ આવે નહિ, રાગ તીવ્ર ન થાય, એવું જે લક્ષ રહે એને વારંવાર અભ્યાસ કરીને ભાવના કહેવામાં આવે છે. **'ઉનમેંસે પ્રથમ હી અહિંસાવ્રત કી પાંચ ભાવના કહતે હૈં :–'**

**वयगुत्ती मणगुत्ती इरियासमिदी सुदाणणइक्खेवो।**
**अवलोय भोयणाए अहिंसए भावणा होंति।।32।।**

**અર્થ :– 'વચનગુપ્તિ ઔર મનોગુપ્તિ ઐસે દો તો ગુપ્તિયાં,..'** એને ભાવનામાં હોય. જેમ બને તેમ વચનને ગોપવે. વચન તો જડ છે એને શું ગોપવવું? પણ એમાં જે કરવાનો વિકલ્પ છે એને ન થવા દે. એવા કથન છે. મનને ગોપવે. જડ પરમાણુ મન અહીંયા છે એને શું ગોપવવું છે? એના તરફનો વિકલ્પ છે એને ન થવા દે, એ ગોપવ્યું. **'ઇર્યાસમિતિ,...'**

મુમુક્ષુ :– વિકલ્પને ગોપવે?

ઉત્તર :– વિકલ્પ છે તો ખરો ઇ, પણ એનાથી વિશેષ વિકલ્પને ગોપવે. એની ભૂમિકાને યોગ્યથી વિશેષ વિકલ્પ જે હોય એને ગોપવે. બાકી આ તો બધા વિકલ્પ છે. સમજાણું કાંઈ? એક તો પંચમહાવ્રત પોતે વિકલ્પ છે અને એની વળી એક એકની પાંચ ભાવના. પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવના, લ્યો.

મુમુક્ષુ :– આનાથી નવરો પડી...

ઉત્તર :– નવરો જ છે અંદર. આ તો અંદર જણાવે છે કે આવો તીવ્ર રાગનો ભાવ ન હોય.

એવો જેને અભ્યાસ છે. તીવ્ર રાગ એની ભૂમિકામાં (ન હોય), એવો જ અભ્યાસ છે. એવો છે. આહા..!

**'ઇર્યાસમિતિ ભલેપ્રકાર...'** ઇર્યાસમિતિ–જોઈને ચાલવું. બરાબર કોઈ જીવને દુઃખ ન થાય. એવા વિકલ્પનો અભ્યાસ. સમજાણું કાંઈ? **'ભલેપ્રકાર કમંડલુ આદિકા ગ્રહણ નિક્ષેપ...'** લ્યો. **'सुदाणणिक्खेवो'** એવો શબ્દ છે ને? ઠીક! **'सुदाणणिक्खेवो'** **'ભલેપ્રકાર કમંડલુ આદિ કા ગ્રહણ...'** લેવું અને **'નિક્ષેપ...'** એટલે મૂકવું. **'યહ આદાનનિક્ષેપણ સમિતિ...'** એમાં એની જત્નાનો અભ્યાસ (હોય). અજત્ના ન થાય એવા જત્નાનો અભ્યાસ હોય છે, એટલી વાત છે. છતાં એ છે તો વિકલ્પ. પણ એ ભૂમિકામાં એવો અભ્યાસ, એ સ્થિતિ હોય છે. આહાહા..! વીતરાગનો માર્ગ..

**'ઔર અચ્છી તરહ દેખકર વિધિપૂર્વક શુદ્ધ ભોજન કરના...'** **'अवलोय भोयणाए'** છે ને? દેખીને વિધિપૂર્વક ભોજન (કરવું). આહારમાં ક્યાંય ત્રસ જીવ ન આવે, લીલોતરીનો કટકો ન આવે, એવી રીતે ધ્યાન લક્ષમાં રાખે. **'યહ એષણા સમિતિ ઇસપ્રકાર યે પાંચ અહિંસા મહાવ્રત કી ભાવના હૈ.'** આવી ચરણાનુયોગની વિધિ છે અને આવું ત્યાં હોય એ બતાવવા આ રીતે વર્ણન છે. વસ્તુ છે ને? ભૂમિકાએ આવું હોય છે ને. હોય છે ને, થાય છે ને. જણાવે છે કે આ પ્રમાણે ત્યાં હોય. આથી વિરૂદ્ધ ભાવ એને હોય નહિ. એ વસ્તુની સ્થિતિ જ એવી છે, એમ કહે છે. ભૂમિકા જ્યાં આત્માના આનંદની પ્રગટી અને એ આનંદમાં પણ વિશેષ આનંદ ચારિત્રનો જ્યાં પ્રગટ્યો, અતીન્દ્રિય આનંદ જ્યાં ઉગ્ર આવ્યો, એને આવા પંચમહાવ્રતમાં એક એક મહાવ્રતની પંચ ભાવનાનો વિકલ્પ સહેજે હોય છે. એને અહીંયા કરે અને પાળે એમ કહેવામાં આવે છે. એય..! સહેજે વિકલ્પ છે કે નહિ? એણેય લખ્યું છે. શુભ વિકલ્પ સહેજે હોય છે. 'નિયમસાર'માં, 'પંચાસ્તિકાય'માં... હઠ વિના હોય. સહજ શબ્દ વાપર્યો છે, હઠ વિના ભલે હોય પણ સહજ શબ્દ વાપર્યો છે. ફૂટનોટમાં. છે તો આ સહજ. ઓલી દૃષ્ટિની અપેક્ષાએ. પણ વ્યવહારનયની અપેક્ષાએ એનો અભ્યાસ તીવ્ર રાગ ન થાય એમ કરે, એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અશુભના વંચનાર્થે.

ઉત્તર :– વંચનાર્થે એ પણ વ્યવહાર છે. એ બધી ભાષા છે. પણ શું થાય? એ સમયે એ જ આવવાનો અને એ પ્રકાર હોય છે. એને તીવ્રતા ન થાય એવો અભ્યાસ છે એમ ભાવના (છે), એટલે એમ કહે. સમજાણું કાંઈ? હોય છે ને. એ વિષય નથી? છે ને? અસ્તિ તરીકે છે ને? જાણે છે ને? જ્ઞાનમાં જાણે છે કે નહિ? અને એ જ્ઞાન સાચું છે કે નહિ? કે આમ છે એમ જાણે છે.

મુમુક્ષુ :– પર્યાયની વાત છે.

ઉત્તર :– હા, પર્યાયની વાત, પણ જાણે છે ને જ્ઞાન? જ્ઞાન પણ વ્યવહારને આ છે એમ જાણે છે ને? સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'ભાવના નામ બારબાર ઉસહી કે અભ્યાસ કરને કા હૈ...'** એક તો મહાવ્રતનો વિકલ્પ અને એની પાછી ભાવના, એનો પાછો વારંવાર અભ્યાસ. વ્યવહારના કથન એવા હોય છે. ઇ વસ્તુ છે ને. એવી રીતે થાય છે ને. તીવ્ર રાગ ન થાય. ભૂમિકાયોગ્ય સિવાય આડુંઅવળું ન થાય.

એ પર્યાયના વિવેકનું જ્ઞાન ત્યાં હોય છે. સમજાણું કાંઈ?

ઓલામાં આવ્યું ને? પર્યાયનો વિવેક તો કરવો ને? પર્યાયનો વિવેક કરવા જાશો ત્યાં દ્રવ્યદૃષ્ટિ ચાલી જાશે. વળી ત્યાં એમ આવે. એય...! છે કે નહિ એમાં? છે ને? ખબર છે ને? એ.. 'અમરચંદભાઈ'! આ તો ત્યાં લઈ જાય અંદરથી. એનો અર્થ કે પર્યાય ઉપર આશ્રય કરવા જાશે ત્યાં અહીં આશ્રય છૂટી જશે. જાણવાનું તો છે ને. વસ્તુ જાણવા જેવી (છે). સમજાણું કાંઈ? પર્યાયમાં આવું જોઈએ, પર્યાયમાં આવું જોઈએ. એમ ત્યાં જોર દેવા જશો તો અહીં જોર નહિ જશે, એમ કહેવું છે. પર્યાયમાં આવું હોય છે, આવું હોય છે એવું એને જ્ઞાન હોય છે અને તેનો અભ્યાસ પણ આવો કરે છે એટલે થાય છે એમ પણ કહેવામાં આવે. આહાહા..! એ.. 'હીરાભાઈ'! આવો વીતરાગમાર્ગ. ઓલો તો સહેલોસટ હતો, લ્યો! છકાયની દયા પાળવી, ચોવિહાર કરવો.. કાંઈ એમાં સમજવાનું છે? આંધળે આંધળું.

આંધળો વણે ને વાછડો ચાવે. સાંભળ્યું છે? આંધળો દોરી વણે ને? આંધળો-અંધ. કોઈ વાછડો હોય ઇ ચાવતો જાય, ઉગવતો જાય. આ જાણે કે દોરડું વણાય છે. પણ ન્યાં ચવાતું હોય. લીલું થઈને ચવાતું જાય. વાછડો હોય ને? વાછડો સમજો છો? બછડા. અંધ હોતા હૈ ન? અંધ. દોરી વણે, દોરી. વાછડો હોય ઇ એને ખબર ન હોય. ઇ ચાવી જાય. આહાહા...! સમજાણું કાંઈ? એમ અજ્ઞાની કાંઈક કાંઈક કરવા જાય ત્યાં મિથ્યાત્વનું પોષણ થાય. એવી એને ખબર નથી. કર્તાબુદ્ધિ થાય, મૂળ તો એમ કહે છે. આ તો એક ભૂમિકાએ એવી સ્થિતિ હોય છે, પરિણમન હોય છે એમ જ્ઞાન જાણે છે ને? વસ્તુ કરવા યોગ્ય છે એમ નહિ. પણ રાગનું એ જાતનું પરિણમન છે એમ જ્ઞાનનયે, કર્તૃત્વનયે, અકર્તૃત્વનયે એને જાણે છે. આવે છે કે નહિ? ૪૭ નય.

**'ભાવના નામ બારબાર ઉસહી કે અભ્યાસ કરનેકા હૈ, સો યહાં પ્રવૃતિ નિવૃત્તિ મેં...'** દેખો! કહે છે કે જ્યાં પ્રવૃત્તિ છે ને? આમ હાલવું, ચાલવું વગેરે. એમાં **'નિવૃત્તિ મેં સિા લગતી હૈ, ઉસકા નિરંતર યત્ન રખે તબ અહિંસાવ્રત કા પાલન હો, ઇસલિયે યહાં યોગોં કી નિવૃત્તિ કરની તો ભલેપ્રકાર ગુપ્તિરૂપ કરની...'** એમ કહે છે. નિવૃત્તિ કરવી હોય તો અશુભની નિવૃત્તિ કરવી. **'પ્રવૃત્તિ કરની હો તો સમિતિરૂપ કરની,...'** અશુભરાગ તીવ્ર ન થવા દેવો એ ગુપ્તિ વ્યવહાર. અને પ્રવૃત્તિ કરવી હોય તો શુભ વિકલ્પમાં ધ્યાન રાખવું કે આ હોય છે. **'કરની તો સમિતિરૂપ કરની...'** શું કીધું સમજાણું? નિવૃત્તિ કરવી હોય તો રાગથી ખસી જવું. પ્રવૃત્તિ કરવી હોય તો શુભરાગમાં ખ્યાલ રાખવો. અશુભરાગ તીવ્ર ન થાય, અશુભમાં ન આવી જવાય એટલો ખ્યાલ રાખવો.

**'ઐસે નિરંતર અભ્યાસ સે અહિંસા મહાવ્રત દઢ રહતા હૈ, ઇસી આશય સે ઇનકો ભાવના કહતે હૈં.'** જુઓ! અહીં તો એણે અર્થ કર્યો છે, હોં! એવા આશયથી. આને ભાવના કેમ કહી? આ રીતે. પંચ મહાવ્રત બરાબર ત્યાં એની યોગ્યતા પ્રમાણે જળવાઈ રહે, એથી એને એક અહિંસાની પાંચ ભાવના કહેવામાં આવી.

आगे सत्य महाव्रतकी भावना कहते हैं:-

## ગાથા-૩૩

कोहभयहासलोहा, मोहा विवरीयभावणा चेव।
विदियस्स भावणाए, ए पंचेव य तहा होंति।।33।।

क्रोधभयहास्यलोभमोहा विपरीतभावनाः च एव।
द्वितीयस्य भावना इमा पंचैव च तथा भवंति।।33।।

જે ક્રોધ, ભય ને હાસ્ય તેમ જ લોભ-મોહ-કુભાવ છે,
તેના [૧]વિપર્યયભાવ તે છે ભાવના બીજા વ્રતે. ૩૩.

अर्थ :- क्रोध, भय, हास्य, लोभ और मोह इनसे विपरीत अर्थात् उल्टा इनका अभाव ये द्वितीय व्रत सत्य महाव्रतकी भावना है।

भावार्थ :- असत्य वचनकी प्रवृत्ति क्रोधसे, भयसे, हास्यसे, लोभसे, और परद्रव्यके मोहरूप मिथ्यात्वसे होती है, इनका त्याग हो जाने पर सत्य महाव्रत दृढ़ रहता है।

तत्त्वार्थसूत्रमें पाँचवी भावना अनुवीचीभाषण कही है, सो इसका अर्थ यह है कि - जिनसूत्रके अनुसार वचन बोले और यहाँ मोहका अभाव कहा। वह मिथ्यात्वके निमित्तसे सूत्रविरुद्ध बोलता है, मिथ्यात्वका अभाव होने पर सूत्रविरुद्ध नहीं बोलता है, अनुवीचीभाषणका भी यही अर्थ हुआ इसमें अर्थभेद नहीं है।।33।।

---

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

'આગે સત્ય મહાવ્રત કી ભાવના કહતે હૈં :–'

कोहभयाहसलोहा मोहाविपरीयभावणा चेव।
विदियस्स भावणाए ए पंचेव य तहा होंति।।33।।

अर्थ :– **'ક્રોધ, ભય, હાસ્ય, લોભ ઔર મોહ...'** મિથ્યાત્વ **'ઇનસે વિપરીત અર્થાત્ ઉલ્ટા ઇનકા અભાવ યે દ્વિતીય વ્રત સત્ય મહાવ્રત કી ભાવના હૈ.'**

ભાવાર્થ :– **'અસત્ય વચન કી પ્રવૃત્તિ ક્રોધ સે, ભય સે, હાસ્ય સે, લોભ સે ઔર પરદ્રવ્ય કે મોહરૂપ મિથ્યાત્વ સે હોતી હૈ,..'** એમ કહે છે. મિથ્યાભાવથી અંદર અસત્યની પ્રવૃત્તિ થઈ જાય. કાં ક્રોધથી, કાં ભયથી, કાં હાસ્યથી, કાં લોભથી (થઈ જાય). **'ઇનકા ત્યાગ હો જાનેપર સત્ય મહાવ્રત દૃઢ રહતા હૈ.'**

**'તત્ત્વાર્થ સૂત્ર મેં પાંચવીં ભાવના અનુવીચીભાષણ કહી હૈ સો ઇસકા અર્થ યહ હૈ**

---

૧. વિપર્યયભાવ = વિપરીતભાવ

**કિ–જિનસૂત્ર કે અનુસાર વચન બોલે...'** જિનસૂત્ર વીતરાગે કહ્યા એને અનુસારે વાણી બોલવાનો ભાવ હોય. ભાવ હોય, એમ. વાણી તો વાણીને (કારણે) નીકળે. વાણી બોલે, ભાષા તો બીજી આવે ને? વ્યવહારમાં શું આવે? **'વચન બોલે...'** લ્યો, ઠીક! જુઓ! વાણી બોલે એમ આમાં લખ્યું છે. બોલવાના ભાવમાં આવું હોય છે એટલે વાણી વિચારીને બોલે છે એમ કહેવામાં આવે છે.

**'મોહ કા અભાવ...'** મિથ્યાત્વનો, હોં! **'મિથ્યાત્વ કે નિમિત્ત સે સૂત્રવિરુદ્ધ બોલતા હૈ, મિથ્યાત્વ કા અભાવ હોને પર સૂત્રવિરુદ્ધ નહીં બોલતા હૈ,...'** એમ કહે છે. મિથ્યાશ્રદ્ધા હોય તો સૂત્ર, આગમથી, ન્યાયથી વિરુદ્ધ કહે. જો મિથ્યાત્વભાવનો અભાવ હોય તો આગમથી વિરુદ્ધ કહે નહિ. એવી એની સત્ય મહાવ્રતની ભાવના હોય. **'અનુવીચીભાષણ કા ભી યહી અર્થ હુઆ,...'** અનુવીચી શબ્દ આવે છે. સમજાણું? બધામાં અનુવીચી શબ્દ નથી? બીજામાં અનુવીચી આવે છે. સૂત્રવિરુદ્ધ ન બોલવું. મિથ્યાત્વ ગયું છે એટલે સૂત્રવિરુદ્ધ બોલી શકે નહિ. એવો ભાવ એને હોય જ નહિ. અને મિથ્યાત્વ હોય ત્યાં એવો વિપરીત ભાવ આવ્યા વિના રહે નહિ. આ રીતે પંચમાં બીજા સત્યવ્રતની પાંચ ભાવના કહેવામાં આવી. ત્રીજાની કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे अचौर्य महाव्रतकी भावना कहते हैं:-

## ગાથા-૩૪

सुण्णायारणिवासो, [1]विमोचियावास जं परोधं च।
एसणसुद्धिसउत्तं, साहम्मीसंविसंवादो।।34।।

शून्यागारनिवासः विमोचितावासः यत् परोधं च।
एषणाशुद्धिसहितं साधर्मिसमविसंवादः।।34।।

સૂના અગર તો ત્યક્ત સ્થાને વાસ, [૧]પર-ઉપરોધ ના,
આહાર એષણશુદ્ધિયુત, સાધર્મી સહ વિખવાદ ના. ૩૪.

अर्थ :- शून्यागर अर्थात् गिरी, गुफा, तरु, कोटरादिमें निवास करना, विमोचितावास अर्थात् जिसको लोगोंने किसी कारणसे छोड़ दिया हो इसप्रकारके गृह ग्रामादिकमें निवास करना, परोपरोध अर्थात् जहाँ दूसरेकी रुकावट न हो, वस्तिकादिकको अपनाकर दूसरेको रोकना, इसप्रकार नहीं करना, एषणाशुद्धि अर्थात् आहार शुद्ध लेना और साधर्मियोंसे विसंवाद नहीं करना। ये पाँच भावना तृतीय महाव्रतकी हैं।

भावार्थ :- मुनियोंकी वस्तिकामें रहना और आहार लेना ये दो प्रवृत्तियाँ अवश्य होती हैं। लोकमें इनहीके निमित्त अदत्तका आदान होता है। मुनियोंको ऐसे स्थान पर रहना चाहिये जहाँ

---

1. पाठान्तर -विमोचितावास। ૧. પર-ઉપરોધ = બીજાને નડતર થાય તેમ ન રહેવું તે.

अदत्तका दोष न लगे और आहार भी इस प्रकार लें जिसमें अदत्तका दोष न लगे तथा दोनोंकी प्रवृत्तिमें साधर्मी आदिकसे विसंवाद न उत्पन्न हो। इसप्रकार ये पांच भावना कही हैं, इनके होनेसे अचौर्य महाव्रत दृढ़ रहता है।।34।।

## પ્રવચન નં. ૪૬, ગાથા-૩૪ થી ૩૮. સોમવાર, અષાઢ વદ ૯, તા. ૨૭-૦૭-૧૯૭૦

'અષ્ટપાહુડ' ચારિત્ર અધિકાર. ૩૪મી ગાથા. પંચમહાવ્રતની ભાવનાની વ્યાખ્યા છે. સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી સ્વરૂપની સ્થિરતાનું ચારિત્ર જે હોય એ કાળમાં એને પંચ મહાવ્રતના વિકલ્પ હોય છે. એના અહીંયાં પાંચ પ્રકારની ભાવનાનું વર્ણન છે. એ છે તો બધા વિકલ્પ. સમજાણું કાંઈ?

નિશ્ચયચારિત્ર તો સ્વરૂપમાં.. એ આગળ કહેશે. ૩૮મી ગાથામાં. નિશ્ચયચારિત્ર તો સ્વરૂપનું ભાન, આનંદ ને જ્ઞાનસ્વરૂપ આત્મા છે, એવું અંતર ભાન અનુભવમાં થતાં પછી સ્વરૂપમાં–જ્ઞાનમાં–સ્વભાવમાં સ્થિરતા કરે, રમણતા કરે, વીતરાગતા પર્યાય પ્રગટ કરે, એને ચારિત્ર કહેવામાં આવે છે. એ ચારિત્રની ભૂમિકામાં આવા પંચમહાવ્રતને એની પચ્ચીસ ભાવના હોય છે, એ વાત વર્ણવે છે. સમજાણું કાંઈ?

ત્રીજા મહાવ્રતની ભાવના.

**सुण्णायारणिवासो, विमोचियावास जं परोदं च।**
**एसणसुद्धिसउत्तं, साहम्मीसंविसंवादो।।34।।**

**અર્થ :–** મુનિ તો દિગબંર હોય છે ને. નગ્ન દશા જેની હોય છે. એટલે એ તો જંગલમાં જ વસતા હોય છે. સમજાણું? એ **'શૂન્યાગાર અર્થાત્ ગિરિ, ગુફા, તરુ, કોટરાદિ મેં નિવાસ કરના,...'** સમજાણું? એ ગામમાં કોઈ મકાન-બકાનમાં ન રહે. કોઈ આહાર લેવા આવ્યા હોય અને થોડી વાર રહે એ જુદી વાત છે. બાકી તો શૂન્યાગાર, જેમાં ઘરમાં શૂન્ય એટલે ગિરિ જેમાં માણસ કે પશુ ન હોય. ગુફા, તરુ, ઝાડના મોટા ખોખલા. મોટા ઝાડ હોય ને? એમાં ખાલી ભાગ હોય. પોલો.. પોલો. **'નિવાસ કરના,...'** એમાં નિવાસ કરે. લ્યો.

**'વિમોચિતાવાસ અર્થાત્ જિસકો લોગોંને કિસી કારણ સે છોડ દિયા હો...'** કોઈ ભૂતનો વહેમ પડ્યો હોય અને મકાન છોડી દીધું હોય, કોઈ છોકરો વ્હાલામાં વ્હાલો મરી ગયો હોય અને છોડી દીધું હોય કે આ મકાનમાં જ્યારે હશે ત્યારે યાદ આવ્યા કરશે. એમ કરીને મકાન છોડી દીધું હોય એમાં મુનિ વસે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આવે, કોઈ વખતે આવે. વસ્તુ આ.

મુમુક્ષુ :– નિવાસ કરે?

ઉત્તર :– હા. નિવાસ કરે. થોડી વાર રહે છે ને.

**'છોડ દિયા હો ઇસપ્રકાર કે ગૃહ ગ્રામાદિક મેં નિવાસ કરના,...'** ગામમાં એવું ઘર હોય ને? ગામમાં એવું કોઈ ઘર થોડું દૂર હોય, એકાંત (હોય), તૂટેલું (હોય) ત્યાં વસે. વળી **'પરોપરોધ અર્થાત્ જહાં દૂસરે કી રુકાવટ ન હો,...'** પરને જ્યાં હાનિ ન પહોંચે અને પરનો નકાર ન હોય એવા વાસમાં વસે. બીજાને જગ્યાની અવરોધ થાય એમ પણ નહિ અને મળી હોય એમાં બીજાને આવવા ન દ્યે (કે) નહિ, આટલામાં તમને નહિ આવવા દઈએ, એવું ન હોય. **'વસ્તિકાદિક કો અપનાકર દૂસરે કો રોકના,...'** એમાં બીજાને આવવા ન દેવા **'ઇસપ્રકાર નહીં કરના,...'** મુનિની દશા આવી છે, એને જાણવી પડશે કે નહિ? એય...! 'પ્રકાશદાસજી'! અહીં મોટા બંગલામાં, બે-બે લાખના બંગલામાં વસે અને (માને કે) મહાવ્રત પાળીએ છીએ ને (અમને) ચારિત્ર છે.

મુમુક્ષુ :– ઇ તો ગૃહસ્થના હોય ને, એને માટે ક્યાં બનાવ્યા છે?

ઉત્તર :– એને માટે બનાવેલા છે બધા અપાસરા. સમજાણું કાંઈ?

**'એષણાશુદ્ધિ અર્થાત્ આહાર શુદ્ધ લેના...'** એના માટે બનાવેલો, રાંધેલો, ઉદ્દેશિક કરેલો આહાર લે નહિ, એવી એષણાશુદ્ધિ હોય છે. **'ઔર સાધર્મિયોં સે વિસંવાદ નહીં કરના.'** કાંઈ એમાં લેવા-દેવાનું કામ પડે (તો) એમાં એની સાથે ઝઘડા ન કરે. પોતાના જ્ઞાની ધર્માત્મા સાથે ઝઘડા ન કરે. નહિતર ચોરીનો દોષ લાગે. એમ કહે છે.

**ભાવાર્થ :– 'મુનિયોં કી વસ્તિકા મેં રહના ઔર આહાર લેના યે દો પ્રવૃત્તિયાં અવશ્ય હોતી હૈં.'** પ્રવૃત્તિની વાત છે ને અહીંયા અત્યારે તો. **'લોક મેં ઇનહી કે નિમિત્ત અદત્ત કા આદાન હોતા હૈ.'** એમાં અણદીધું લેવાય જાય એવો ત્યાગ કરવો એની વાત અહીં છે. **'મુનિયોં કો ઐસે સ્થાન પર રહના ચાહિયે જહાં અદત્ત કા દોષ ન લગે...'** કોઈનું અણદીધેલું લેવું એવું ન હોય એવે સ્થાને વસે. કોઈને દુઃખ થાય નહિ, કોઈનો વિરોધ થાય નહિ, બીજા આવીને વસેલા હોય એને કાઢીને બેસવું એમ ન હોય. એમ. સમજાણું? **'ઔર આહાર ભી ઇસ પ્રકાર લેં જિસમેં અદત્ત કા દોષ ન લગે...'** એને માટે કંઈ બનાવેલો હોય તો એ બધો અદત્તનો દોષ–ચોરીનો દોષ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એને દીધેલો છે, એમાં ચોરીનો દોષ...?

ઉત્તર :– દીધેલો પણ એને માટે કરેલો છે ને. આજ્ઞા બહાર, ભગવાનની ચોરી છે ઇ. આજ્ઞાની ચોરી છે.

મુમુક્ષુ :– અદત્ત... બિના દિયા?

ઉત્તર :– અદત્ત (એટલે) બિના દિયા. વગર દીધે લે, કોઈ પણ એક કણી પણ (હોય) એનો ત્યાગ કરે. એવું હોય નહિ. આહાર, વસ્તી બધું.

**'તથા દોનોં કી પ્રવૃત્તિ મેં સાધર્મી આદિક સે વિસંવાદ ન ઉત્પન્ન હો.'** દેખો! સ્થાન આદિ હોય, રહેવાનું સ્થાન કે આહાર આદિ (હોય), સાધર્મી સાથે કામ હોય (તો) ઝઘડા ન કરે. તમને ન આવડ્યું, તમે આમ કર્યું, ફલાણું કર્યું.. એવા ઝઘડા ન કરે. ઝઘડા ને ક્લેશ જરી કરે તો એને ચોરીનો દોષ લાગે, એમ કહે છે. સમજાણું? **'ઇસપ્રકાર યે પાંચ ભાવના કહી હૈ, ઇનકે હોને સે અચૌર્ય મહાવ્રત દૃઢ રહતા હૈ.'** આની જ્યારે ભાવના હોય તો અચૌર્ય મહાવ્રત (દૃઢ રહે). છે તો આ

બધો વિકલ્પ, હોં! નિશ્ચયચારિત્ર તો સ્વરૂપમાં રમણતા તે આનંદમાં રહેવું એ ચારિત્ર છે. એ ભૂમિકામાં આવા વ્રતના વિકલ્પ અને ભાવના હોય છે, એનું અહીં જ્ઞાન કરાવીને પ્રવૃત્તિ હોય એને જણાવે છે. સમજાણું કાંઈ?

आगे ब्रह्मचर्य व्रतकी भावना कहते हैं:-

## ગાથા-૩૫

**महिलालोयणपुव्वरइसरणसंसत्तवसहिविकहाहिं।**
**पुट्ठियरसेहिं विरओ, भावण पंचावि तुरियम्मि।।35।।**

**महिलालोकनपूर्वरतिस्मरणसंसक्तवसतिविकथाभिः।**
**पौष्टिकरसैः विरतः भावनाः पंचापि तुर्ये।।35।।**

મહિલાનિરીક્ષણ-પૂર્વરતિસ્મૃતિ-નિકટવાસ, [1]ત્રિયાકથા,
પૌષ્ટિક રસોથી વિરતિ-તે વ્રત [2]તુર્યની છે ભાવના. ૩૫.

**अर्थ :- स्त्रियोंका अवलोकन अर्थात् रागभावसहित देखना, पूर्वकालमें भोगे हुए भोगोंका स्मरण करना, स्त्रियोंसे संसक्त वस्तिकामें रहना, स्त्रियोंकी कथा करना, पौष्टिक रसोंका सेवन करना, इन पांचोंसे विकार उत्पन्न होता है, इसलिये इनसे विरक्त रहना, ये पाँच ब्रह्मचर्य महाव्रतकी भावना हैं।**

**भावार्थ :- कामविकारके निमित्तोंसे ब्रह्मचर्यव्रत भंग होता है, इसलिये स्त्रियोंको रागभावसे देखना इत्यादि निमित्त कहे, इनसे विरक्त रहना, प्रसंग नहीं करना इससे ब्रह्मचर्य महाव्रत दृढ़ रहता है।।35।।**

## ગાથા-૩૫ ઉપર પ્રવચન

**'આગે બ્રહ્મચર્ય વ્રત કી ભાવના કહતે હૈં :–'**

**महिलालोयणपुव्वरइसरणसंसत्तवसहिविकहाहि।**
**पुट्ठियरसेहिं विरओ, भावण पंचावि तुरियम्मि।।35।।**

**અર્થ :– 'સ્ત્રીયોં કા અવલોકન અર્થાત્ રાગભાવ સહિત દેખના,...'** એને છોડે. રાગભાવ છે. દેખાય તો જુદી વાત છે. સમજાય છે કાંઈ? રાગભાવથી દેખવું એને છોડવું એવી એની ભાવના ચોથા મહાવ્રતની અંદર હોય છે. **'પૂર્વકાલ મેં ભોગે હુએ ભોગોં કા સ્મરણ કરના,...'** પૂર્વના વિષયની યાદગીરી કરે એ છોડી દે, યાદ ન કરે. રાગના ઝેરને યાદ શું કરે? પૂર્વનું સ્મરણ કરે નહિ. અમે તો આમ રાજા હતા, આવા મકાનમાં રહેતાં ને ફલાણું, ઢીકણું... એ બધું સ્મરણ ન કરે.

---

૧. ત્રિયાકથા = સ્ત્રીકથા ૨. તુર્ય = ચતુર્થ

**'સ્ત્રિયોં સે સંસક્ત વસ્તિકા મેં રહના,...'** જ્યાં સ્ત્રી રહેતી હોય ત્યાં એની નજીકમાં વસવું, એ છોડી દે. નજીકમાં વસે નહિ. **'સ્ત્રિયોં કી કથા કરના,...'** સ્ત્રીનું શરીર આવું ને એનું આવું... એ કથા ન કરે. એને સ્મરણ ન કરે. **'પૌષ્ટિક રસોં કા સેવન કરના,...'** જેમાં મેસુબ ને ઊંચા માલ સાલમપાક ખાતા હોય, બદામના મેસુબ ને પિસ્તાના પાપડ ને.. સમજાણું કાંઈ? એવા પુષ્ટ રસ ખાય નહિ, એમ કહે છે. જેને બ્રહ્મચર્ય ચોથું મહાવ્રત છે. એના અતિચાર પણ લાગવા ન દ્યે. કેમકે એની ભાવના એવી હોય છે. આ તો સમ્યગ્દર્શન સહિત સ્વરૂપની ચારિત્રદશા પ્રગટી છે એ ભૂમિકામાં આવા મહાવ્રતના વિકલ્પ હોય છે, એની વાત કરી છે. જેને આત્મા આનંદમૂર્તિ ધ્રુવ, એનો જેને આશ્રય–શરણ મળ્યું નથી એને સમ્યગ્દર્શન નથી, એને ચારિત્ર પણ નથી અને એને પંચમહાવ્રતના પરિણામ પણ સાચાં નથી, ખોટા હોય. સમજાણું કાંઈ? લ્યો, 'પ્રકાશદાસજી'! આ મહાવ્રત... મહાવ્રત. મહાવ્રત એકલા મહાવ્રત નહિ. ઇ કહેશે.

**'ઇન પાંચોં સે વિકાર ઉત્પન્ન હોતા હૈ, ઇસલિયે ઇનસે વિરક્ત રહના,...'** એનાથી દૂર રહેવું. સ્ત્રીનો સંસર્ગ કરવો નહિ, જ્યાં સ્ત્રી બેઠી એ આસને પણ બેસવું નહિ. એવી ભાવના (હોય છે). મહા બ્રહ્મચારી છે ને મુનિ તો! આત્માના આનંદમાં રમનારા બ્રહ્મચારી છે એ તો. મુનિ તો બ્રહ્મ નામ આત્માનો આનંદ, એમાં ચરનારા હોય. આનંદમાં રમનારા હોય. એવું જેનું બ્રહ્મચર્ય, એમાં વ્યવહાર બ્રહ્મચર્ય આવું હોય છે, એમ કહે છે. પ્રવૃત્તિનું બ્રહ્મચર્ય આવું હોય છે, નિવૃત્તિનું બ્રહ્મચર્ય સ્વરૂપમાં રમે તે હોય છે.

મુમુક્ષુ :– બે પ્રકારના..

ઉત્તર :– બે પ્રકારના બ્રહ્મચર્ય. સમજાણું કાંઈ?

અંતર આનંદમૂર્તિ ભગવાન,... ઇ કહેશે, ૩૮માં. ભગવાને તો જ્ઞાનસ્વરૂપ આત્મા કહ્યો છે. આ વિકલ્પ છે એ કંઈ આત્મા નથી. જ્ઞાન જાણક આત્મા, એમાં જે અંતર અનુભવ કરી અને આનંદમાં રમે, રમે તે ચરે તે ચારિત્ર છે. સાચું ચારિત્ર તો એ છે. એવી ચારિત્રની ભૂમિકા જ્યાં હોય, ત્યાં આવા પંચ મહાવ્રતના ભાવ હોય છે. એની આ ભાવના પણ ત્યાં હોય છે. એટલી વાત છે. આ તો ભાન પણ નથી અને એકલા પંચ મહાવ્રતના વિકલ્પને ચારિત્ર માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો શુભજોગ છે. શુભજોગને ચારિત્ર માને, સંવર માને એ તો મિથ્યા આચરણને સંવર માન્યો. સમજાણું કાંઈ? એને તો નવ તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા નથી. લ્યો. પાંચ બ્રહ્મચર્ય મહાવ્રતની ભાવના.

**'કામવિકારકે નિમિત્તોંસે બ્રહ્મચર્યવ્રત ભંગ હોતા હૈ, ઇસલિયે સ્ત્રિયોંકો રાગભાવસે દેખના ઇત્યાદિ નિમિત્ત કહે, ઇનસે વિરક્ત રહના, પ્રસંગ...'** એનો સંગ ન કરવો. સમજાણું? **'ઇસસે બ્રહ્મચર્ય મહાવ્રત દૃઢ રહતા હૈ.'** મુનિને સ્ત્રીના પરિચયની જરૂર શું? એને સમજાવવું, ભણાવવું, બે ઘડી, ચાર ઘડી ભણાવે કલાક-બે કલાક. એ મુનિને હોય નહિ. મુનિ તો સંસર્ગના-બહારના પરિચયથી રહિત હોય છે. અંદરમાં રાગના સંસર્ગથી રહિત, બહારમાં શુભરાગ હોય છે એટલે બહારના સંસર્ગથી રહિત. એ શુભરાગને વિઘ્ન ન આવે એવા સંસર્ગથી રહિત. અને સ્વરૂપમાં શુભરાગથી રહિત. સ્થિરતાનો એમાં શુભરાગનો સંસર્ગ નહિ અંતર ચારિત્રમાં.

आगे पाँच अपरिग्रह महाव्रतकी भावना कहते हैं:-

## ગાથા-૩૬

अपरिग्गह समणुण्णेसु, सद्दपरिसरसरूवगंधेसु।
रायद्दोसाईणं परिहारो भावणा होंति।।36।।

अपरिग्रहे समनोज्ञेषु शब्दस्पर्शरसरूपगंधेषु।
रागद्वेषादीनां परिहारो भावनाः भवन्ति।।36।।

મનહર-અમનહર સ્પર્શ-રસ-રૂપ-ગંધ તેમ જ શબ્દમાં
કરવા ન રાગવિરોધ, વ્રત પંચમ તણી એ ભાવના. ૩૬.

अर्थ :- शब्द, स्पर्श, रस, रूप, गन्ध ये पांच इन्द्रियोंके विषय समनोज्ञ अर्थात् मनको अच्छे लगनेवाले और अमनोज्ञ अर्थात् मनको बुरे लगनेवाले हों तो इन दोनोंमें ही राग द्वेष आदि न करना परिग्रहत्यागव्रतकी ये पाँच भावना हैं।

भावार्थ :- पाँच इन्द्रियोंके विषय स्पर्श, रस, गन्ध, वर्ण, शब्द ये हैं, इनमें इष्ट-अनिष्ट बुद्धिरूप राग-द्वेष नहीं करे तब अपरिग्रहव्रत दृढ़ रहता है इसलिये ये पाँच भावना अपरिग्रह महाव्रतकी कही गई हैं।।36।।

## ગાથા-૩૬ ઉપર પ્રવચન

**'આગે પાંચ અપરિગ્રહ મહાવ્રતકી ભાવના કહતે હૈં :–'** પાંચમું મહાવ્રત એની ભાવના.

अपरिग्गह समणुराणेसु सद्दपरिसरसरूवगंधेसु।
रायद्दोसाईणं परिहारो भावणा होंति।।36।।

**અર્થ :– 'શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ યે પાંચ ઇન્દ્રિયોકે વિષય સમનોજ્ઞ અર્થાત્ મનકો અચ્છે લગનેવાલે...'** .. સારા હોય. **'અમોનજ્ઞ...'** ખરાબ હોય. **'ઇન દોનોંમેં હો રાગ દ્વેષ આદિ ન કરના...'** લ્યો! એ અપરિગ્રહની ભાવના. નિંદા સાંભળીને દ્વેષ નહિ અને પ્રશંસા સાંભળીને રાગ નહિ. ઠીક લાગે. આ ઠીક અમારે. અપરિગ્રહવ્રત એને રહેતું નથી. એટલી આસક્તિ થઈ ગઈ ને? એમ કહે છે. સ્વરૂપની સ્થિરતામાં પાંચેય શબ્દ, રૂપ, રસ, ગંધના વિષયની પ્રવૃત્તિમાં, અનુકૂળતા-પ્રતિકૂળતામાં ક્યાંય રાગ-દ્વેષ ન થવો એનું નામ પાંચમા મહાવ્રતની ભાવના કહેવામાં આવે છે. **'ઇન દોનોંમેં હો રાગ દ્વેષ આદિ ન કરના પરિગ્રહત્યાગવ્રતકી યે પાંચ ભાવના હૈં.'** લ્યો!

**'પાંચ ઇન્દ્રિયોંકે વિષય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ યે હૈં, ઇનમેં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગ-દ્વેષ ન કરે...'** લ્યો! જગતમાં કોઈ ઇષ્ટ છે જ નહિ. જ્ઞાનનું જ્ઞેય છે. આવા શબ્દો ઇષ્ટ નહિ ને આવા શબ્દો ઇષ્ટ એવું કાંઈ શબ્દોમાં નથી. શબ્દમાં છે? કે આ નિંદાના શબ્દો એ ખરાબ. એ તો જડની પર્યાય છે. અને પ્રશંસાની પર્યાય સારી. એ તો જડની પર્યાય છે. જ્ઞાનમાં જ્ઞેય છે. એમાં ઇષ્ટ-અનિષ્ટ

માનવું એ જ પરિગ્રહ છે. સમજાણું? ઇષ્ટ-અનિષ્ટની અસ્થિરતા થઈ જવી એ પરિગ્રહ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એને છોડી દેવું.

**'ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગ-દ્વેષ નહીં કરે તબ અપરિગ્રહવ્રત દૃઢ રહતા હૈ. ઇસીલિયે યે પાંચ ભાવના અપરિગ્રહ મહાવ્રતકી કહી ગઈ હૈં.'** હવે પાંચ સમિતિ. પાંચ મહાવ્રત કહ્યા, પાંચ મહાવ્રતની ભાવના કીધી. હવે પાંચ સમિતિ. બધું પાંચ-પાંચ કીધું.

आगे पाँच समितियोंको कहते हैं:-

## ગાથા-૩૭

**इरिया भासा एसण, जा सा आदाण चेव णिक्खेवो।**
**[1]संजमसोहिणिमित्तं खंति जिणा पंच समिदीओ।।37।।**

ईर्या भाषा एषणा या सा आदानं चैव निक्षेपः।
संयमशोधिनिमित्तं ख्यान्ति जिनाः पंच समितीः।।37।।

ઈર્યા, સુભાષા, એષણા, આદાન ને નિક્ષેપ - એ,
સંયમ તણી શુદ્ધિ નિમિત્તે સમિતિ પાંચ જિનો કહે. ૩૭.

**अर्थ :-** ईर्या, भाषा, एषणा, आदाननिक्षेपण और प्रतिष्ठापना ये पाँच समितियाँ संयमकी शुद्धताके लिए कारण हैं, इसप्रकार जिनदेव कहते हैं।

**भावार्थ :-** मुनि पंचमहाव्रतरूप संयमका साधन करते हैं, उस संयमकी शुद्धताके लिए पांच समितिरूप प्रवर्तते हैं, इसीसे इसका नाम सार्थक है - 'सं' अर्थात् सम्यक्प्रकार 'इति' अर्थात् प्रवृत्ति जिसमें हो सो समिति है। चलते समय जूडा प्रमाण (चार हाथ) पृथ्वी देखता हुआ चलता है, बोले तब हितमितरूप वचन बोलता है, आहार लेवे तो छियालिस दोष, बत्तीस अंतराय टालकर, चौदह मलदोष रहित शुद्ध आहार लेता है, धर्मोपकरणोंको उठाकर ग्रहण करे सो यत्नपूर्वक लेते हैं; ऐसे ही कुछ क्षेपण करें तब यत्नपूर्वक क्षेपण करते हैं, इसप्रकार निष्प्रमाद वर्ते तब संयमका शुद्ध पालन होता है, इसीलिये पंचसमितिरूप प्रवृत्ति कही है। इसप्रकार संयमचरण चारित्रकी शुद्ध प्रवृत्तिका वर्णन किया।।37।।

## ગાથા-૩૭ ઉપર પ્રવચન

'આગે પાંચ સમિતિયોંકો કહતે હૈં :–'

**इरिया भासा एसण, जा सा आदाण चेव णिक्खेवो।**
**[1]संजमसोहिणिमित्तं खंति जिणा पंच समिदीओ।।37।।**

1. पाठान्तर - संजमसोहिणिमिते।

**'ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ ઔર પ્રતિષ્ઠાપના યે પાંચ સમિતિયાં સંયમકી શુદ્ધતાકે લિએ કારણ હૈં,...'** સંયમની શુદ્ધિને કારણે છે. **'ઇસપ્રકાર જિનદેવ કહતે હૈં.'** હવે આમાં એમ નાખ્યું છે આ 'અષ્ટપાહુડ'માં. આમાં ઓલું નાખ્યું છે ને? એક પત્ર આવે છે ને? લેવું, મૂકવું, વસ્ત્રને જતનાથી લેવા-મૂકવામાં આવે છે. એક આવે છે. એનું અહીં શું કામ છે? વસ્ત્ર હતું જ કે દિ' એવું લખ્યું છે. એ પત્ર નાખ્યો છે. એ બધા ગડબડ-ગડબડ-ગડબડ. આ છે ને કેટલામું છે આ? ૩૭. ઈર્યાનું ૩૭ ને? ચારિત્રમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :– અહીં તો એ છે. એની અહીં વાત ક્યાં છે? એ બધી ગડબડ નાખે. આ છે ને **'ઈર્યા, ભાષા, એષણા...'** 'સમાગ્રહિત યત્નાપૂર્વક આગળ ચાર હાથ ભૂમિ જોઈને ચાલવું. તે ઈર્યા સમિતિ.' એ તો જોયું. 'હિતકારી પરિમિત વચન બોલવું.' એ ભાષા. 'દોષ અને અંતરાય ટાળીને કુલીન શ્રાવકને ઘેર શુદ્ધ આહાર લેવો.' કહો એ વાત અહીં ક્યાં છે આમાં? અંતરાય-બંતરાય. દોષની વાત નથી એ તો શ્વેતાંબરમાં. આ તો દિગંબરની વાત છે. **'શાસ્ત્ર, પીછી, કંમડળું...'** લ્યો! શબ્દ તો નાખ્યા છે પાછા. **'શાસ્ત્ર, પીંછી, કમંડળું, જોઈ તપાસીને સંભાળીને લેવા-મૂકવા.'** એ આદાનનિક્ષેપ. **'જંતુ રહિત સ્થાનમાં મળમૂત્ર ...'** પછી એમાં લખ્યું અંદર. નિર્મળ વિચારધારા.. અંદર લખ્યું છે. **'જેમ આજ્ઞા આપી છે. તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિ લેવું-મૂકવું.'** પણ આ અંદરમાં વળી શાસ્ત્ર, પીંછી, કમંડળ ને અહીં ઓલું. ક્યાંય મેળ ક્યાં છે? સમજાણું કાંઈ? અંદર તો આ નાખ્યું. **'શાસ્ત્ર પીંછી કમંડળું...'** શાસ્ત્ર, પીંછી, કમંડળ હોય એને વસ્ત્ર હોય નહિ. તો વસ્ત્ર જતનાથી લેવા-મૂકવા એમ છે નહિ. વસ્ત્ર જ હોય નહિ ને. આવું નાખે. આ ગડબડ કર્યું. આ 'અષ્ટપાહુડ'ના અર્થ કર્યા, લ્યો.

મુમુક્ષુ :– કૌન સા હૈ?

ઉત્તર :- એ 'અષ્ટપાહુડ' છે. 'અગાસ' તરફથી પડ્યું છે. 'અગાસ' છે ને 'અગાસ'? 'શ્રીમદ્ રાજચંદ્ર'નો પત્ર...

મુમુક્ષુ :– બે... કીધું.

ઉત્તર :– બેય કહ્યું. આજે પણ કહ્યું. અહીં ચાલે છે અધિકાર પહેલો વસ્ત્રરહિત. તાણો હોય તો નિગોદમાં જાય એમ કહ્યું. પછી તો આ ચારિત્રનો અધિકાર શરૂ કર્યો. કાંઈ મેળ હોવો જોઈએ ને?

મુમુક્ષુ :– એમાં વસ્ત્ર ક્યાંથી આવ્યું?

ઉત્તર :– એમાં વળી વસ્ત્રને જતનાથી લેવા-મૂકવા. માણસને સંપ્રદાયની દૃષ્ટિને છોડવી આકરી પડે છે. મુનિને વસ્ત્ર હોય જ નહિ. લેવા-મૂકવાની વાત કેવી? એને આ મોરપીંછી, કમંડળ, પુસ્તક એ હોય. એને જતનાથી લે-મૂકે. પ્રવૃત્તિનો ભાવ છે ને અત્યારે? સમિતિ. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'નો પત્ર છે. પણ એ તો ત્યાં પહેલા લખ્યું એક ઠેકાણે. આ તો મૂળમાર્ગની વાત નથી. આ તો વર્તમાન વ્યવહારની ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આવે-આવે. મુનિએ દીક્ષા દેવી. એને આમ કરવું. એ બધી એ લોકોની ભાષા હતી અને એમાં આવ્યું.

મુનિને ત્રણ કાળ, ત્રણ લોકમાં છઠ્ઠું ગુણસ્થાન જ્યાં હોય ત્યાં વસ્ત્ર અને પાત્ર એક કટકો પણ હોય નહિ. લેવા-મૂકવા વસ્ત્ર-પાત્ર હોય ત્યાં મુનિપણું છે નહિ. આવો માર્ગ છે. સમજાણું કાંઈ? આમાં નાખ્યું છે એ. જુઓને! ઈર્યા છે ને? એષણા. એ આદાનનિક્ષેપ છે ને આદાન? એનો અર્થ કર્યો છે. પણ મૂળમાં આદાનનો આ અર્થ કર્યો છે. મોરપીંછી, કમંડળ લેવું-મૂકવું. પાછો અર્થમાં 'શ્રીમદ્'નો પત્ર ત્યાં નાખવો નહોતો એને.

અહીં તો 'કુંદકુંદાચાર્ય' પહેલેથી જ પોકાર કરતા આવે છે કે જિનમાર્ગ તે દિગંબર મુનિનો માર્ગ (છે). વીતરાગી દશા, વીતરાગી દૃષ્ટિ, વીતરાગી ચારિત્ર અને દિગંબર મુદ્રા. એનું નામ જૈનમાર્ગ છે. એ સિવાય કોઈ વસ્ત્રાદિ રાખે તો એ જિનમાર્ગ છે નહિ. મુનિનો માર્ગ નથી. સમજાણું કાંઈ? એમાં વળી અપવાદ આવી જાય અને ઢીંકણું આવી જાય એમ છે નહિ. અહીં તો આ એના પોતાની સમિતિની ને એની વાત ચાલે છે. જુઓ!

**'યે પાંચ સમિતિયાં સંયમકી શુદ્ધતાકે લિયે કારણ હૈં,...'** જોયું! સંયમ શુદ્ધિનું કારણ કહ્યું છે ને? એમાં વળી આમણે તો ખાસ નાખ્યું છે 'અષ્ટપાહુડ'માં. સંયમ શુદ્ધિનું કારણ શું? ... મોરપીંછી અને કમંડળ એ શુદ્ધિનું કારણ છે. ભાઈ! 'અષ્ટપાહુડ'માં આ .. ટીકા. કેટલામું છે એ? ૩૮. એમાં એ નાખ્યું. અત્યારે આ નાખ્યું છે. વસ્તુ હોય એમ હોય ને. બીજું આડુઅવળું કાંઈ થાતું હશે? **'संजमसोहिणिमित्ते'** છે ને શબ્દ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા એ. .... મહિના મહિનાના અપવાસ કરે, પણ જો મોરપીંછી, કમંડળ અને ચારિત્ર અંદર ન હોય અને બીજી દશા હોય તો એને કાંઈ પણ લાભ છે નહિ. શુદ્ધિ નથી. એમ કહ્યું કે જેને સમ્યગ્દર્શન સહિત, ચારિત્ર સહિત પંચ મહાવ્રતના વિકલ્પ હોય એને મોરપીંછી ને કમંડળ હોય. અને મોરપીંછી, કમંડળ છોડીને બીજા ઉનના રાખે, એ મહિના મહિનાના અપવાસ કરે તો પણ એને શુદ્ધિ નથી.

અહીંયા તો મોરપીંછી ને કમંડળ શુદ્ધિમાં નાખ્યું. 'નવનીતભાઈ'! આવું છે. એમ કાંઈ ચાલે? મોરપીંછી ને કમંડળ જ હોય મુનિને. એને કાંઈ રજોણો હોય અને મુહપત્તિ હોય અને રુંછડા હોય (એવું હોય નહિ). એ કહે છે કે મોરપીંછી છોડી દઈને ચારિત્રાદિ હોય પણ જો મોરપીંછી આદિ ન હોય ને ચારિત્ર માને અને મહિના મહિનાના અપવાસ કરે તોપણ બધી શુદ્ધિ માટે નથી. બંધને માટે છે. 'પ્રકાશદાસજી'! આ તો બધું ઊંધું છે અત્યાર સુધી સાંભળ્યું એનાથી. એવી વાત છે, ભાઈ!

પાઠમાં છે ને? **'संजमसोहिणिमित्ते'** સંયમ શુદ્ધિ નિમિત્તે. અંતર સમ્યગ્દર્શન છે, ચારિત્ર પણ છે, પંચ મહાવ્રતના વિકલ્પ પણ છે, નિમિત્તમાં મોરપીંછી ને કમંડળ વ્યવહારે હોય છે. બીજી કોઈ ચીજ હોતી નથી. આવો મુનિ માર્ગ છે. એને શ્રદ્ધામાં તો લેવો પડશે કે નહિ? એ સિવાય

આડોઅવળો કહે એ મુનિમાર્ગ નથી. 'ભગવાનજીભાઈ'! આ તો ઓલો જતી દેખીને ખુશી થઈ ગયા હતા. 'આફ્રિકા'માં. શું છે પણ? કોઈ ન હોય ત્યારે શું કરે?

મુમુક્ષુ :– .. દેખે નહિ...

ઉત્તર :– દેખે નહિ. ઘરે પધરામણી કરી હતી અને ૧૫૧ રૂપિયા મૂક્યા હતા.

મુમુક્ષુ :– એટલો તો લાભ થાય.

ઉત્તર :– લાભ મિથ્યાત્વનો થાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એ લોકોને ખબર ન હોય ને એટલે લોકોને એમ થઈ જાય. આહા..હા..! જતી-જતી. એ જતી હતા. એ 'આફ્રિકા'માં ગયા હતા. આ બધા શેઠીયાઓએ પગલા કરાવ્યા હતા. એક લાખ રૂપિયા થઈ ગયા હતા. પછી આવીને પરણ્યો. લગ્ન કર્યા પછી. ઓલા લાખ રૂપિયા થયા હતા તો લગ્ન કર્યા.

મુમુક્ષુ :– એના ભાઈ...

ઉત્તર :– એના ભાઈ નથી. એ તો લાખ રૂપિયાની... એક લાખ 'આફ્રિકા'માં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. પૈસા તો ત્યાં 'આફ્રિકા'માં ઘણા હોય ને. અહીં 'આસામ'માં જાય તો બહુ પૈસા લાવે. અરે..! એમાં શું થયું? ધૂળમાં. સાચી શ્રદ્ધા અને જ્ઞાનના ને ચારિત્રના ઠેકાણા નથી, એની પાસે સાચી પ્રરૂપણા હોય એમ આશી રાખવી એ બધી જૂઠી છે. સમજાણું કાંઈ? જુઓને! આ અધિકાર ચાલે છે '**संजमसोहिणिमित्ते**' એષણા આદિ હોય. અને લેવા-મૂકવાની, આદાન–લેવા-મૂકવાની ચીજ હોય. તો લેવા-મૂકવાની ચીજ મુનિને કેટલી હોય? મોરપીંછી, કમંડળ, પુસ્તક.

મુમુક્ષુ :– વસ્ત્રનો ધાગો ન હોય, પત્રમાં લખી ગયા છે.

ઉત્તર :– લખી ગયા છે ત્યાં. પહેલા તો લખી ગયા. '...' પોતે અહીં લખ્યું. વળી અહીં પાછું આ નાખ્યું. આમાં ઠેકાણું કયાં છે આમાં?

મુમુક્ષુ :- અનેકાંત છે.

ઉત્તર :– એવો અનેકાંત ફૂદડીવાદ હશે? ત્યાં ને ત્યાં પહેલા લખ્યું કાંઈ.. એમાં લખ્યું પાછું પહેલું કે જો વસ્ત્રનો તાણો રાખીને સાધુ મનાવે કે માને તે નિગોદ ગચ્છઈ–નિગોદમાં જાશે. કારણ કે બ્રહ્મચારી રહે, ગૃહસ્થાશ્રમ પાળે ભલે. સમકિત સહિત ગૃહસ્થાશ્રમ હોય તો મોક્ષમાર્ગી છે. પણ વસ્ત્રનો તાણો રાખીને મુનિપણું માને તો નિગોદ ગચ્છઈ. મિથ્યાત્વમાં જાશે. આવી વાત તો પહેલા સ્થાપી ગયા છે. પછી ચારિત્રમાં 'શ્રીમદ્'નો આ પત્ર નાખે. 'નવનીતભાઈ'! આ વાત થઈ હતી ને. ત્યાં 'અષ્ટપાહુડ'માં. ન્યાયથી ક્યાંય એક માર્ગ ફરે? આ તો વીતરાગનો માર્ગ છે. આ કાંઈ કોઈનો કલ્પેલો છે?

'કુંદકુંદાચાર્ય' ત્યાં ચરણાનુયોગમાં કહે જિનમગ્ગે. જિનમાર્ગમાં અઠ્યાવીશ મૂળગુણ કહ્યા છે. અચેલપણું તે એનો મૂળગુણ છે. એટલે પર્યાયમાં ભલે વિકલ્પ (છે). એવો જિનમાર્ગ કહ્યો છે.

જિનમાર્ગમાં ક્યાંય વસ્ત્ર ને પાત્ર હોય એને મુનિ કહે એ જિનમાર્ગમાં છે નહિ. કહો, 'રતિભાઈ'! આ બધું આવું નીકળ્યું. એ જૂના માણસ છે ને જૂના. કહો, સમજાણું? આહાહા..!

**'યે પાંચ સમિતિયાં સંયમકી શુદ્ધતાકે લિયે કારણ હૈં,...'** એમ કહેવું છે. એટલે શુદ્ધિના અર્થમાં એટલે પછી આણે નાખ્યું. શુદ્ધિના અર્થમાં તો મુનિને મોરપીંછી ને કમંડળ હોય. મોરપીંછી, કમંડળ છોડીને બીજા ઉપકરણ રાખે (અને) મહિના-મહિનાના અપવાસ કરીને મરી જાય તો પણ એને કાંઈ લાભ છે નહિ. એને શુદ્ધિનો લાભ કાંઈ છે નહિ, અશુદ્ધિનો છે. એમ કહે છે. ટાણું આવે ત્યારે એ નાખે છે અને ટાણું આવે ત્યારે આણે નાખ્યું. આહાહા..! 'જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે. જેનો પક્ષ મૂકીને બોલવું તે મનમાં સ્થિત કાંઈ તાણે' અહીં તો આ માર્ગ છે. જુઓ!

**'મુનિ પંચમહાવ્રતરૂપ સંયમકા સાધન કરતે હૈં...'** જોયું! પંચમહાવ્રતરૂપ સંયમનું સાધન કરે. **'ઉસ સંયમકી શુદ્ધતાકે લિયે પાંચ સમિતિરૂપ પ્રવર્તતે હૈં ઇસીસે ઇસકા નામ સાર્થક હૈ—'** શું? જુઓ! **''સં' અર્થાત્ સમ્યક્પ્રકાર...'** 'સં' કહ્યે સમ્યક્પ્રકાર. સમ્યગ્દર્શનસહિત. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનસહિત. **''ઇતિ' અર્થાત્ પ્રવૃત્તિ જિસમે હો સો સમિતિ હૈ'** સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત સાચી પ્રવૃત્તિ હોય એને અહીંયાં સમિતિ કહેવામાં આવે છે.

**'ચલતે સમય જૂડા પ્રમાણ (ચાર હાથ) પૃથ્વી દેખતા હુઆ ચલતા હૈ,...'** ધોસરું. ધોસરાં પ્રમાણે જોઈને ચાલે. **'બોલે તબ હિતમિતરૂપવચન બોલતા હૈ, આહાર લેવે તો છિયાલીસ દોષ, બત્તીસ અંતરાય ટાલકર, ચૌદહ મલ દોષ રહિત શુદ્ધ આહાર લેતા હૈ,...'** એકે દિક્ક હતું શ્વેતાંબરમાં.ચૌદ મળ, બત્રીસ અંતરાય. એય..! સાંભળ્યું હતું બત્રીસ અંતરાય અને ચૌદ મેલ? ત્યાં છે નહિ અંદર. ત્યાં છે ક્યાં? બેતાલીસ. છેતાલીસ, છન્નુ દોષ રહિત. એટલી ભાષા છે.

મુમુક્ષુ :- બેતાલીસ, છેતાલીસ ક્યા?

ઉત્તર :– બેતાલીસ, છેતાલીસ, છન્નું દોષ રહિત, એટલું છે. પહેલા અમે જ્યારે (સંવત) ૧૯૭૭માં ભાવનગર ગયા હતા, એ છન્નુ દોષના ચોપાનિયા છાપ્યા હતા. ઘરે-ઘરે. જુઓ! મહારાજને ક્યાંય... ૭૭માં જ્યારે 'ભાવનગર' ગયા હતા ને? પહેલા ૭૭માં. છાપ તો અમારી આકરી હતી ને. વહોરવામાં કડક. ફરવામાં બધે ઘરે-ઘરે ચોપાનિયા. 'અમરચંદભાઈ' હતા. 'હરિભાઈ'ના મોટા ભાઈ. એ વખતના એ શેઠ હતા. મહારાજ છે. એને માટે બનાવેલો આહાર હોય તો ગર્ભમાં ગરવું પડશે. માટે ગર્ભમાંથી બચવાની કૂંચી. એમ કરીને છન્નું દોષના પાના છપાવ્યા હતા. એની મેળાએ, હોં! છન્નું દોષ આવે છે ને? છન્નું દોષ રહિત આહાર દેવો. એમ. ૧૯૭૭ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૯. 'ભાવનગર' પહેલી વાર ગયા હતા. રાડ નાખે લોકો. આહાર-પાણી .. પચ્ચીસ-પચ્ચીસ ઘરે ક્યાંય મળે નહિ. એ લોકોને તો ઠેકાણું નહોતું. અમારે આ બાજુ તો ... એટલે.

અહીં કહે છે, **'છિયાલીસ દોષ, બત્તીસ અંતરાય ટાલકર, ચૌદહ મલ દોષ રહિત શુદ્ધ આહાર લેતા હૈ,...'** એ એષણા સમિતિ. નહિતર એષણા સમિતિનો દોષ છે. એ મુનિને હોય નહિ. **'ધર્મોપકરણોંકો ઉઠાકર ગ્રહણ કરે સો યત્નપૂર્વક લેતે હૈં, ઐસે હી કુછ ક્ષેપણ કરે...'** મૂકે, નાખે.

**'તબ યત્નપૂર્વક ક્ષેપણ કરતે હૈં, ઇસપ્રકાર નિષ્પ્રમાદ વર્તે તબ સંયમકા શુદ્ધ પાલન હોતા હૈ, ઇસીલિયે પંચસમિતિરૂપ પ્રવૃત્તિ કહી હૈ. ઇસપ્રકાર સંયમચરણ ચારિત્રકી શુદ્ધ પ્રવૃત્તિકા વર્ણન કિયા.'** એ રીતે સંયમચરણ ચારિત્રની પ્રવૃત્તિ કીધી. હવે આ નિવૃત્તિચારિત્રસહિત પ્રવૃત્તિ આવી હોય એ બતાવે છે આમાં.

---

अब आचार्य निश्चयचारित्रको मनमें धारणकर ज्ञानका स्वरूप कहते हैं:-

## ગાથા-૩૮

भव्वजणबोहणत्थं, जिणमग्गे जिणवरेहि जह भणियं।
णाणं णाणसरूवं, अप्पाणं तं वियाणेहि।।38।।

भव्यजनबोधनार्थं जिनमार्गे जिनवरैः यथा भणितं।
ज्ञानं ज्ञानस्वरूपं आत्मानं तं बिजानीहि।।38।।

રે! [૧]ભવ્યજનબોધાર્થ જિનમાર્ગે કહ્યું જિન જે રીતે,
તે રીત જાણો જ્ઞાન ને [૨]જ્ઞાનાત્મ આત્માને તમે. ૩૮.

**अर्थ :-** जिनमार्गमें जिनेश्वरदेवने भव्यजीवोंके संबोधनके लिए जैसा ज्ञान और ज्ञानका स्वरूप कहा है। व ह ज्ञानस्वरूप आत्मा है, उसको हे भव्यजीव ! तू जान।

**भावार्थ :-** ज्ञानको और ज्ञानके स्वरूपको अन्य मतवाले अनेक प्रकारसे कहते हैं, वैसा ज्ञान और वैसा स्वरूप ज्ञानका नहीं है। जो सर्वज्ञ वीतरागदेव भाषित ज्ञान और ज्ञानका स्वरूप है वही निर्बाध सत्यार्थ है और ज्ञान है वही आत्मा है तथा आत्माका स्वरूप है, उसको जानकर उसमें स्थिरता भाव करे, परद्रव्योंसे रागद्वेष नहीं करे वही निश्चयचारित्र है, इसलिये पूर्वोक्त महाव्रतादिककी प्रवृत्ति करके इस ज्ञानस्वरूप आत्मामें लीन होना इसप्रकार उपदेश है।।38।।

---

## ગાથા-૩૮ ઉપર પ્રવચન

**'અબ આચાર્ય નિશ્ચય ચારિત્રકો મનમેં ધારણકર જ્ઞાનકા સ્વરૂપ કહતે હૈં :-'** લ્યો! કોઈ એકલા મહાવ્રત-મહાવ્રતને માની લે. માટે આ પાછું નાખ્યું અંદર. સમજાણું કે નહિ? આવ્યું હતું ને મહાવ્રત મોટા મહાપુરુષોએ આચર્યા છે. મહાવ્રત મોટા છે પોતે. આચરે છે. કહે છે કે આ નિશ્ચયચારિત્ર હોય ત્યાં એવી પ્રવૃત્તિ હોય. જ્યાં ચારિત્ર અને સમ્યગ્દર્શન નથી ત્યાં એકલા પંચ મહાવ્રતના વિકલ્પ (હોય) એ તો એકલો રાગ છે. એ વ્યવહારાભાસ છે. એને તો વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. એમ કહે છે.

---

૧. ભવ્યજનબોધાર્થ = ભવયજનોને બોધવા માટે ૨. જ્ઞાનાત્મ = જ્ઞાનસ્વરપ

**भव्वजणबोहणत्थं, जिणमग्गे जिणवरेहि जह भणियं।**
**णाणं णाणसरूवं, अप्पाणं तं वियाणोहि।।38।।**

દેખો! 'કુંદકુંદાચાર્ય'ની ભાષા.

**'જિનમાર્ગમેં જિનેશ્વર દેવને ભવ્યજીવોંકે સંબોધન કે લિયે...'** ભવ્ય જીવના ભાનને માટે **'જૈસા જ્ઞાન ઔર જ્ઞાનકા સ્વરૂપ કહા હૈ...'** ટીકામાં વળી જ્ઞાન એટલે વ્યવહાર જ્ઞાન એમ લખ્યું છે. જ્ઞાન વ્યવહાર. જ્ઞાન એટલે પાંચ પર્યાયના ભેદ પડે એ વ્યવહાર જ્ઞાન. એમ. નિશ્ચય જ્ઞાન સ્વરૂપ એ. એમ. ભેદ પડે ને વ્યવહારનયનો. એ વ્યવહારનો અર્થ એ મતિ-શ્રુતાદિ જ્ઞાનની પર્યાયના ભેદ પડે એ વ્યવહાર છે. અને જ્ઞાનસ્વરૂપ આત્મા અખંડ છે એ નિશ્ચય છે.

**'જ્ઞાન ઔર જ્ઞાનકા સ્વરૂપ...'** ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એ પંચમહાવ્રતના વિકલ્પસ્વરૂપ આત્મા નથી. જુઓ! ખુલાસો કર્યો આ. સમજાણું કાંઈ? **'ઉસ જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ...'** લ્યો! **'अप्पाणं'** ભગવાનઆત્મા તો જાણન-દેખન જ્ઞાતા-દૃષ્ટા છે. એમાં કાંઈ પંચ મહાવ્રતના વિકલ્પ અને ભાવના છે એ એના સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપનું ભાન કરી અને એમાં સ્થિર થાય, જ્ઞાનમાં સ્થિર થાય, જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરી અને તેમાં સ્થિર થાય તેને સાચું ચારિત્ર કહેવામાં આવે છે. એવા ચારિત્રવંતને આવા પંચમહાવ્રતની પ્રવૃત્તિ હોય છે. સમજાણું કાંઈ? લ્યો! આ ખુલાસો લે એ ન લે. ત્યાં તો સંયમના બે પ્રકાર કહ્યા. અણુવ્રત અને મહાવ્રત. જુઓ! ચારિત્રપાહુડ છે માટે એને ચારિત્ર કહ્યું છે. એ અર્થ લે. આ કહ્યું ઇ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ જુઓને એમાં લખ્યું છે. સારો અર્થ કર્યો છે.

**'પૂર્વોક્ત મહાવ્રતાદિકી પ્રવૃત્તિ કરકે ઇસ જ્ઞાનસ્વરૂપ આત્મામેં લીન હોના...'** મહાવ્રતના વિકલ્પની પ્રવૃત્તિ પરિણામ હોય, પણ મૂળ તો જ્ઞાનસ્વરૂપમાં લીન થવું એ ચારિત્ર છે.

મુમુક્ષુ :– એ વખતે પણ જ્ઞાન...

ઉત્તર :– હા. એ જ છે. જેટલી સ્થિરતા... સાથે વિકલ્પ છે, છતાં એમાં સ્થિર થવું એ ચારિત્ર છે. એમ. વિકલ્પ વખતે પણ જ્ઞાનમાં જેટલી સ્થિરતા છે તે ચારિત્ર છે. મહાવ્રતના વિકલ્પ છે એ તો રાગ છે. આમ કરવું.. આમ કરવું.. એ રાગ છે. એ કંઈ ચારિત્ર છે નહિ. એને વ્યવહારનયે ચારિત્ર કહ્યું.

ભગવાને જ્ઞાન અને જ્ઞાનનું સ્વરૂપ કહ્યું છે. **'ભવ્યજીવોંકે સંબોધનકે લિયે જૈસા જ્ઞાન ઔર જ્ઞાનકા સ્વરૂપ કહા હૈ ઉસ જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ ઉસકો હે ભવ્યજીવ! તૂ જાન.'** **'अप्पाणं तं वियाणोहि'** એમ છે ને? **'જ્ઞાનકો ઔર જ્ઞાનકે સ્વરૂપકો અન્ય મતવાલે અનેક પ્રકારસે કહતે હૈં,...'** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર સિવાય જ્ઞાન અને જ્ઞાનના સ્વરૂપને બીજા અનેક પ્રકારે કહે છે. એનાથી ભગવાને કહ્યું તે એક જ વાત સાચી છે. જેવું ભગવાને કહ્યું, જ્ઞાન આત્મા. એમાં ઓછું, અધિક અને વિપરીત ટાળીને એકલો ભગવાન જ્ઞાન સ્વભાવ આત્મા. જ્ઞાતા-દૃષ્ટા જ આત્મા છે. એવો અનુભવ

કરી અને સ્વરૂપમાં, જ્ઞાનમાં રમવું, એનું નામ સાચું ચારિત્ર છે. સમજાણું કાંઈ?

**'વૈસા જ્ઞાન ઔર વૈસા સ્વરૂપ જ્ઞાનકા નહીં હૈ.'** એ અજ્ઞાની કહે તે જ્ઞાનનું સ્વરૂપ નથી. એ જ્ઞાન પણ નથી અને એવું જ્ઞાનનું સ્વરૂપ પણ નથી. બેય નહિ, એમ. **'જો સર્વજ્ઞ વીતરાગદેવ ભાષિત જ્ઞાન ઔર જ્ઞાનકા સ્વરૂપ હૈ વહી નિર્બાધ સત્યાર્થ હૈ...'** પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર. આવો માર્ગ ક્યાં હશે? વિષ્ણુમાં હશે એવો? વિષ્ણુ અને જૈન બેયમાં વિરોધ નથી. અરે...! ઉગમણો અને આથમણો વિરોધ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે ત્રણ કાળ, ત્રણ લોક જોઈને જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા. એવો જે પૂર્ણ સ્વભાવ. એવો પૂર્ણ સ્વભાવવાન, પૂર્ણ સ્વભાવવાળો. એવું જે જ્ઞાનનું સ્વરૂપ ભગવાને કહ્યું એ નિર્બાધ સત્યાર્થ છે. એમાં કોઈ વિરોધ આવતો નથી અને સાચું છે. કહો, સમજાણું કાંઈ?

કેટલાક કહે, ભાઈ! ભણતરથી જ્ઞાન આવે, બહારથી જ્ઞાન આવે. ઓછું જ્ઞાન, વધુ જ્ઞાન ક્યાંથી આવે? બહારથી આવે, ભણે તો આવે, વાંચે તો આવે. એ બધી વાત ખોટી, કહે છે. જ્ઞાનનું ઓછાપણામાંથી વધુ થાય છે એ અંદર આત્મામાંથી આવે છે. એવું જ્ઞાનનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? કોઈને ઓછું જાણપણું હોય અને પછી વાંચે ત્યારે વધારે થાય છે કે નહિ? ક્યાંથી આવ્યું? એ વાંચન કર્યું તો આવ્યું. સાંભળ્યું તો આવ્યું. એવું જ્ઞાનનું સ્વરૂપ છે નહિ. એ અંદરમાં જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમાંથી જ્ઞાન આવે છે. એવું ભગવાને જ્ઞાનનું સ્વરૂપ કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ વાંચે અને બહુ પુસ્તકોના પાના ફેરવે માટે જ્ઞાન વધે, એવું ભગવાને જ્ઞાનનું સ્વરૂપ કહ્યું નથી. એમ કહે છે અહીં. કેમકે જ્ઞાન તે આત્મા. આખો આત્મા જ એ છે. એના આશ્રયથી જે અંદર એકાકાર થઈને જ્ઞાન આવે તે ભેદરૂપ જ્ઞાનની પર્યાય આવે છે. અભેદ તો જ્ઞાન અને આત્મા બે એક જ છે. સમજાણું કાંઈ? કહો, 'ભીખાભાઈ'! આવું છે. અહીં તો કહે છે. આવી વાત છે. બીજા કહે એવી નહિ. ભગવાન એમ કહે છે.

જ્ઞાનનો સ્વભાવ, જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા. આત્મા તે જ્ઞાન, આનંદ વગેરે છે. પણ જ્ઞાન તે તો આત્મા જ છે. એ આત્માનું અવલંબન લઈને પર્યાયમાં જે જ્ઞાન પ્રગટે એ ભેદરૂપ જ્ઞાન. એ પર્યાય સાચી. સમજાણું કાંઈ? એ જ્ઞાન અન્યમતિ આદિ.. સમજાય છે? લીધું ને? અન્યમતિએ અનેક પ્રકાર કહ્યા. ઘણા પ્રકાર. આમ થઈ જાય... આમ થઈ જાય. કોઈકનું લક્ષ કરો ધ્યાનમાં, અગ્નિનું લક્ષ કરો, પૃથ્વીનું લક્ષ કરો, ફલાણું લક્ષ કરો. તો જ્ઞાન ઝળહળ જ્યોતિ પ્રગટે. સમજાય છે કાંઈ? એવું આવે છે, હોં! આમાં પણ આવે છે. 'જ્ઞાવાર્ણવ'માં લ્યો. આમ કલ્પવું. કમળ કલ્પવું. કમળની પાંખડી કલ્પવી, તીર્થંકર કલ્પવા. અને તીર્થંકરને ૐ ધ્વનિ આવે છે એમ કલ્પવું. એ તો વિકલ્પને કાળે આવો વિચાર આવ્યો. બાકી એને લઈને અંદર સ્થિર થવાય છે, જ્ઞાન થાય છે એમ છે નહિ. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ? વાત ભારે હશે? આહાહા..!

સર્વજ્ઞ વીતરાગદેવ પરમેશ્વરે તો એ કહ્યું. જ્ઞાનની ખાણ તો આત્મા છે. ત્યાંથી જ્ઞાન આવે. જ્ઞાન કાંઈ બહારથી આવે? એવું જ્ઞાનનું સ્વરૂપ. ઓછી પર્યાયમાં વધારે દેખાય તો એમ ન જાણવું કે એ બહારથી આવ્યું છે. એમ કહે. અને વિકલ્પ કર્યા માટે જ્ઞાન વધ્યું. એવું જ્ઞાનનું સ્વરૂપ નથી. એમ

કહે છે અહીંયાં. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ છે, ભાઈ! આત્મા જ્ઞાયકભાવ છે, જ્ઞાનભાવ છે, જ્ઞાયકભાવ છે, અભેદ છે. એ નિશ્ચય છે. અને એને આશ્રયે જે પર્યાય પ્રગટ થાય એ બધો વ્યવહાર કહેવાય. ભેદરૂપ પર્યાય પ્રગટે. પ્રગટે એમાંથી. સમજાણું કાંઈ? મતિની નિર્મળતા, શ્રુતની નિર્મળતા. એ બધી નિર્મળતા થાય અંદરના આશ્રયે. બહારને આશ્રયે થાય નહિ. કેમકે જ્ઞાન તે આત્મા એમ કીધો. એમ કીધું ને? **'णाणसरूवं, अप्पाणं'** એ તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જેનું સ્વરૂપ છે એમાંથી જ્ઞાન આવે. બહારથી આવતું નથી.

**'વહી આત્મા હૈ..'** લ્યો! જ્ઞાન તે આત્મા. એ તો આચારાંગમાં પણ આવે છે. ટુકડા નાખે. આ બધું ... આયા તે જિનાયા, જિનાયા તે આયા. ... આત્મા તે વિજ્ઞાન અને વિજ્ઞાન તે આત્મા. પાછો એ શબ્દ નાખ્યો પણ બીજે ઠેકાણે એનો મેળ ન મળે. બીજે ઠેકાણે કહે, પાંચમહાવ્રત નિર્જરાનું ઠેકાણું છે એમ કહે છે, લ્યો. પાંચમહાવ્રત નિર્જરાના ઠેકાણા છે. અહીં કહે, પાંચમહાવ્રત વિકલ્પ બંધના કારણ આસ્રવ છે. પણ એવી ચારિત્રદશાની ભૂમિકામાં આવા વિકલ્પ અનુસાર પ્રવૃત્તિ હોય. સમજાણું કાંઈ? આ તો કોઈને એવું લાગે કે આ વીતરાગનો માર્ગ આવો હશે? આપણે તો અહિંસા, પરની દયા પાળવી તો જ્ઞાન ઉઘડે. સાચું બોલે તો જ્ઞાન ઉઘડે. બ્રહ્મચર્ય પાળે તો જ્ઞાન ઉઘડે. આવું ભગવાને કહ્યું નથી, કહે છે. તું કેમ માને છે? જ્ઞાન તે આત્મા છે. જ્ઞાન તે આત્મા છે. એ આત્માના આશ્રયથી જ્ઞાન થાય છે. પર્યાયમાં જ્ઞાન ભેદરૂપ નિશ્ચયમાંથી પણ વ્યવહાર આ રીતે થાય. સમજાણું કાંઈ? જુઓ, બધો વ્યવહાર નાખીને અહીં આ નાખ્યું છે.

**'આત્માકા સ્વરૂપ હૈ, ઉસકો જાનકર ઉસમેં સ્થિરતા ભાવ કરે,...'** લ્યો! **'वियाणोहि'** છે ને? **'अप्पाणं तं वियाणोहि'** પણ એ જાણવું અને વિશેષપણું જાણવું ક્યારે? એ જાણ્યું અને પછી ઠરે. એમાં ઠરે. એમ વિશેષ કાઢ્યું. કારણ કે પંચમહાવ્રતની પ્રવૃત્તિ છે ને. પ્રવૃત્તિમાં તો પાછળ આવો જ્ઞાન તે આત્મા અને એમાં ઠરેલો હોય એને પંચમહાવ્રતની પ્રવૃત્તિના વિકલ્પને વ્રત કહેવામાં આવે છે. આટલી બધી શરતું હોય તો. સમજાણું કાંઈ?

**'તથા આત્માકા સ્વરૂપ હૈ,...'** એ આત્મા છે અને એ આત્માનો સ્વભાવ જ એ છે એમ કહે છે. સ્વ રૂપ જ, આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? **'ઉસકો જાનકર ઉસમેં સ્થિરતાભાવ કરે,...'** આત્મા જ્ઞાન છે એમાં સ્થિરતા કરે એ ચારિત્ર છે. લ્યો! મહાવ્રત આદિ એ વ્યવહાર ચારિત્ર. પણ આવું ચારિત્ર હોય એને આવું વ્યવહાર ચારિત્ર હોય. આવું જ્યાં જ્ઞાન નથી, આત્મામાં દૃષ્ટિ કરીને ઠર્યો નથી, ચારિત્ર નથી ત્યાં પાંચમહાવ્રતને મહાવ્રત વ્યવહાર પણ કહેવામાં આવતા નથી. સમજાણું કાંઈ?

**'સ્થિરતા ભાવ કરે, પરદ્રવ્યોંસે રાગદ્વેષ નહીં કરે...'** દેખો! પરદ્રવ્યમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના જ છોડી દે. **'વહી નિશ્ચય ચારિત્ર હૈ...'** સાચું ચારિત્ર એ છે. આહા...! **'ઇસલિયે પૂર્વોક્ત મહાવ્રતાદિની પ્રવૃત્તિ કરકે...'** એમ કે મહાવ્રતાદિનો વિકલ્પ ત્યાં હોય છે **'ઇસ જ્ઞાનસ્વરૂપ આત્મામેં લીન હોના...'** મૂળ તો અંદર ઠરી શકે નહિ ત્યારે મહાવ્રતના વિકલ્પ હોય છે, એમ કહે છે. નહીંતર તો અંદર ઠરવું એનું નામ સાચું ચારિત્ર છે. સમજાણું કાંઈ? સારા અર્થ કર્યા છે.

**'ઇસલિયે પૂર્વોક્ત...'** પૂર્વોક્ત કોણ? અત્યાર સુધી મહાવ્રત ને ભાવના ને સમિતિ કીધી ને? એ બધી **'મહાવ્રતાદિકી...'** મહાવ્રત, સમિતિ આદિની **'પ્રવૃત્તિ...'** એટલે વિકલ્પના ભાવ જે કહ્યા **'ઇસ જ્ઞાનસ્વરૂપ આત્મામેં...'** એ વિકલ્પમાં આવે, ઠરી શકે નહિ જ્યારે, ત્યારે. પણ પછી વિકલ્પ છોડીને અંદરમાં ઠરે અને વિકલ્પ કાળે પણ અંદરમાં જેટલો ઠરેલો છે તે ચારિત્ર છે. ભારે કામ. આ તો મહાવ્રત એ ચારિત્ર. ચારિત્ર અંગીકાર કરો તો તમારું કલ્યાણ. જાવ.

આત્મા આનંદમૂર્તિ ભગવાન એમાં ઠરવું એ ચારિત્ર છે. આનંદ આનંદનો ધામ. સચ્ચિદાનંદ પ્રભુ, એ મોટો સાહેબનો સાહેબ છે. એવો ભગવાન જ્ઞાનસ્વરૂપી છે. એની સાથે આનંદસ્વરૂપી છે, એની સાથે શ્રદ્ધાસ્વરૂપ છે, શાંતિસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે, એવો જે ત્રિકાળી. જ્ઞાનપ્રધાનથી વાત કરી છે. એવા સ્વભાવનું જ્ઞાન કરી અને એમાં ઠરે એ પ્રવૃત્તિકાળમાં પણ એમાં ઠરેલો ચારિત્ર નહિતર પણ રહી શકે એ માટે વિકલ્પ આવ્યો, તો એને છોડીને પણ પછી સ્થિરતા કરે, એમ કહે છે. જુઓને! છઠ્ઠે ગુણસ્થાને આવા વિકલ્પ હોય છે. આવા વિકલ્પ હોય પણ પછી ઠરે, સાતમે આવે, એમ કહે છે.

પ્રવૃત્તિકાળમાં આવા હોય. અંદર ચારિત્ર છે. પણ એને છોડીને **'આત્મામેં લીન હોના...'** છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં આવા (વિકલ્પ) હોય. પણ અંતે એને છોડીને સ્વરૂપમાં ઠરવું તે શુદ્ધોપયોગરૂપી ચારિત્ર એ આત્માનું છે. આ શુભઉપયોગ એ ચારિત્ર નથી. આ તો શુભઉપયોગ છે, રાગ છે. એ તો આસ્રવ છે. શુભોપયોગ તો આસ્રવ છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં પણ કહ્યું છે. પંચ મહાવ્રત તે આસ્રવના પરિણામ છે. તત્ત્વાર્થ સૂત્રમાં. અણુવ્રત અને મહાવ્રત એ આસ્રવ પરિણામ છે. સંવર-નિર્જરના પરિણામ એ નથી. તત્ત્વાર્થ સૂત્રમાં, મોક્ષશાસ્ત્રમાં કહ્યું છે, લ્યો. જે દશલક્ષણી પર્વમાં હંમેશા વંચાય. મિથ્યાદૃષ્ટિની ક્યાં વાત છે. મોક્ષશાસ્ત્રની વાત છે. સમજાણું કાંઈ? 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં કહ્યું નહિ? એ તો સમકિતીને કહ્યું.

મુમુક્ષુ :– જયધવલમાં પણ છે...

ઉત્તર :– એ નિર્જરા થાય કીધી છે. નિર્જરા ક્યાં સાચી... એ તો નિમિત્તને ભેગું કરીને પ્રમાણનું જ્ઞાન કરાવ્યું. .... આરોપિત કીધું. સમ્યગ્દર્શન-વ્યવહારને આરોપ કર્યો છે. એમ નિમિત્તમાં શુભભાવને નિર્જરાનો આરોપ કર્યો છે. એ (નિર્જરા) છે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પૂર્વોક્ત જેટલી પ્રવૃત્તિ કીધી એ પ્રવૃત્તિ કરી જ્ઞાનસ્વરૂપ આત્મા વિષે ઠરવું. પ્રવૃત્તિ તો એવો વિકલ્પ છઠ્ઠે ગુણસ્થાને હોય છે. જ્યાં આત્મા નિર્વિકલ્પ આનંદ છે એવું ભાન થયું પહેલું. પછી સ્વરૂપમાં ઠર્યો તે આનંદમાં-આનંદમાં લીન પ્રચુર સ્વસંવેદન, ઘણું વેદન આનંદનું થઈ ગયું. એની ભૂમિકામાં આવા પંચ મહાવ્રતના વિકલ્પ હોય આ કીધા ઇ. પણ એને છોડીને પછી ઠરે અંદર. જુઓ! મેળ કેવો લગાડે છે! સમજાણું? ઇ વાત કરે પછી આ વાત નહિ. ચારિત્રના બે પ્રકારમાં બાર વ્રત અને પંચ મહાવ્રતને કહ્યા છે. પણ આ કહ્યું એ? પાઠમાં તો આ લીધું. ૩૮માં. પ્રવૃત્તિની ભૂમિકામાં આવો રાગ હોય. આટલી જ મર્યાદામાં હોય. એ જણાવવા વાત કરી છે. સમજાણું કાંઈ?

છતાં અહીં તો કહે છે કે સ્વરૂપમાં ઠરે તે ચારિત્ર છે. ચરણં ચારિત્ર. સ્વરૂપે રમવું તે ચારિત્ર. સ્વરૂપે ચરણં ચારિત્ર. '**પૂર્વોક્ત...**' પૂર્વે ઉક્ત–કહી જેટલી પ્રવૃત્તિ, એ બધી મહાવ્રતાદિની પ્રવૃત્તિ કરી. ભાષા જુઓ! '**ઇસ જ્ઞાનસ્વરૂપ આત્મામેં લીન હોના ઉસપ્રકાર ઉપદેશ હૈ.**' એવો ભગવાનનો ઉપદેશ છે. મુનિને માટે પણ આ ઉપદેશ છે. અંદરમાં શુદ્ધોપયોગરૂપે ઠરી શકે નહિ, ત્યારે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા હોય છે. ત્યારે એને પંચ મહાવ્રત અને સમિતિની ભાવનાના આવા વિકલ્પો હોય છે. પણ એને છોડીને સ્વરૂપમાં જામે, શુદ્ધોપયોગમાં રમે તે ચારિત્ર છે. સમજાણું કાંઈ? જે જાતના સંસ્કાર હોય ને એ સંસ્કાર પાછા અંદરથી ઊભા થાય, ફટ.. ફટ...

હવે અહીંયાં અર્થમાં આ કર્યું અને પાછું ત્યાં કહ્યું ગાથા આ લખી. ઈર્યાસમિતિની. એમાં નાખ્યું આ. ઉપયોગપૂર્વક ... મૂળ પચ્ચખાણની વાત નથી એવું લખ્યું પાછું, હોં એમાં 'શ્રીમદે'. એ શબ્દ અંદર છે. આ મૂળ પચ્ચખાણની વાત નથી. પચ્ચખાણમાં પણ દોષ લાગે તો લાગવા ન દેવા. મૂળ પચ્ચખાણની વાત જુદી છે. એમ એક ઠેકાણે કહ્યું છે. ...માં. જે માણસને જે વાત ગોઠે એ વાત મોઢા આગળ મૂકે. એમ હોય? વસ્તુ હોય એમ હોવી જોઈએ ને. વીતરાગનો માર્ગ છે. આ કાંઈ કોઈ પક્ષનો નહિ.

અહીં તો એ પણ સિદ્ધ કર્યું છે. એક સમ્યગ્દર્શન થયું, રાગથી ભિન્ન પડીને ભાન થયું, માટે તેને કેવળજ્ઞાન થઈ મોક્ષ થાય એમ નથી. એ સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં રમણતાની દશા પ્રગટ કરે ત્યારે તેની પ્રવૃત્તિમાં પંચમહાવ્રતાદિ હોય એને પણ છોડીને રમે ત્યારે એને મોક્ષ થાય. એ વિના ચારિત્રની આ રમત વિના મોક્ષ થાય નહિ. એમ વાત છે. કોઈ કહે, પણ અત્યારે મોક્ષ નથી. માટે અમારે પાંચમહાવ્રત એ ચારિત્ર. કારણ કે અત્યારે તો સ્વર્ગમાં જવાય છે. એમ નથી. એટલો રાગથી છૂટીને ઠર્યો એટલી મુક્તિ તો અત્યારે છે. સમજાણું કાંઈ? વિકલ્પથી છૂટીને જેટલો આનંદસ્વરૂપ નિર્વિકલ્પ ભગવાનઆત્મા, એમાં જેટલો ઠર્યો એટલી તો મુક્તિ એ સમયમાં જ છે. પૂર્ણ મુક્તિ રાગરહિત થશે. ત્યારે એ ભાવ હશે. આવે એકાદ ભવ. થાશે છેલ્લે. સમજાણું કાંઈ? પૂર્ણને માટે એનો પ્રયત્ન છે. અટક્યો છે એટલે સ્વર્ગમાં ગયા.

અહીં શું કહ્યું? '**जिणमग्गे जिणवरेहि जह भणियं।**' જૈનમાર્ગને વિષે વીતરાગે જે કહ્યું તે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણી એમાં ઠરવું. નિશ્ચયચારિત્ર. પંચમહાવ્રતના વિકલ્પ હો. ત્યારે પણ સ્થિરતા એ ચારિત્ર. પછી તો ખાસ તેને છોડીને શુદ્ધ ઉપયોગરૂપ સ્થિરતા કરે એ ખાસ ચારિત્ર. એ 'પ્રવચનસાર'માં .. કહેવામાં આવ્યું .. એ ચારિત્ર.

'**આગે કહતે હૈં કિ જો ઇસપ્રકાર જ્ઞાનસે ઐસે જાનતા હૈ...**' આવું જ્ઞાન કરીને કેમ જાણે? શું જાણે? એ વાત લેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं कि जो इसप्रकार ज्ञानसे ऐसे जानता है वह सम्यग्ज्ञानी है:-

## ગાથા-૩૯

जीवाजीवविभत्ती, जो जाणइ सो हवेइ सण्णाणी।
रायादिदोसरहिओ, जिणसासणे [1]मोक्खमग्गोत्ति।।39।।

जीवाजीवविभक्ति यः जानाति स भवेत् सज्ज्ञानः।
रागादिदोषरहितः जिनशासने मोक्षमार्ग इति।।39।।

જે જાણતો જીવ-અજીવના સુવિભાગને, સદ્જ્ઞાની તે
રાગાદિવિરહિત થાય છે - જિનશાસને શિવમાર્ગ જે. ૩૯.

अर्थ :- जो पुरुष जीव और अजीवका भेद जानता है वह सम्यग्ज्ञानी होता है और रागादि दोषोंसे रहित होता है, इसप्रकार जिनशासनमें मोक्षमार्ग है।

भावार्थ :- जो जीव - अजीव पदार्थका स्वरूप भेदरूप जानकर स्व - परका भेद जानता है वह सम्यग्ज्ञानी होता है और परद्रव्योंसे रागद्वेष छोड़नेसे ज्ञानमें स्थिरता होने पर निश्चय सम्यक्‌चारित्र होता है, वही जिनमतमें मोक्षमार्गका स्वरूप कहा है। अन्य मतवालोंने अनेक प्रकारसे कल्पना करके कहा है वह मोक्षमार्ग नहीं है।।39।।

---

**પ્રવચન નં. ૪૭, ગાથા-૩૯ થી ૪૩. મંગળવાર, અષાઢ વદ ૧૦, તા. ૨૮-૦૭-૧૯૭૦**

આ 'અષ્ટપાહુડ' ચારિત્રપાહુડ. ૩૯મી ગાથા.

**'આગે કહતે હૈં કિ જો ઇસપ્રકાર જ્ઞાનસે ઐસે જાનતા હૈ વહ સમ્યગ્જ્ઞાની હૈ :–'**

जीवाजीवविभत्ती, जो जाणइ सो हवेइ सण्णाणी।
रायादिदोसरहिओ, जिणसासणे [1]मोक्खमग्गोत्ति।।39।।

**'જો પુરુષ જીવ ઓર અજીવકા ભેદ જાનતા હૈ...'** આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ છે અને શરીરાદિ કર્મ આદિ અજીવ છે. એ અજીવમાં હું નથી અને અને મારામાં અજીવ નથી. એમ જ્યારે ભેદ કરે. શરીર, વાણી, મન, કર્મની ક્રિયા એ બધી ક્રિયા મારાથી જુદી છે.

મુમુક્ષુ :– એવું આમાં ક્યાં છે?

ઉત્તર :– આ શું આવ્યું આ? જીવ અને અજીવ. એમાં આવ્યું કે નહિ? અજીવનું દ્રવ્ય, અજીવનો ગુણ અને અજીવની પર્યાય. એમાં આવી ગયું? નહિ? અજીવ એટલે દ્રવ્ય સાધારણ? શરીર, વાણી, કર્મ જે અજીવ દ્રવ્ય છે અને એની શક્તિ ગુણ અને એની વર્તમાન પર્યાય એના

---

1. पाठान्तर - मोक्खमग्गुत्ति।

ત્રણેથી હું જુદો છું. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જુદો ભલે રહે પણ મદદ તો લેવાય ને?

ઉત્તર :– મદદ શેની લે? જુદો પછી જુદાની મદદ શી?

મુમુક્ષુ :– મોટા હોય તો મદદ ન લે તેની?

ઉત્તર :– કોઈ લેતું નથી. આવતું નથી. કોઈ જાતું નથી. કહો, સમજાણું? 'નેમિદાસભાઈ'!

અહીં તો કહે છે કે જીવ અને અજીવ બે જુદા જાણે. '**વહ સમ્યગ્જ્ઞાની હોતા હૈ...**' એનો અર્થ જ ઇ કે કર્મ, શરીર, વાણી આદિ અજીવ પદાર્થ, એનાથી લક્ષ છોડી દે એટલે કે એ મારામાં છે નહિ. અને જીવને જુદો જાણે એટલે જીવ જ્ઞાનાનંદ છે એવી અંતર દૃષ્ટિ કરીને અજીવથી જીવને જુદો જાણે, ત્યારે જીવ-અજીવને જુદા જાણ્યા, વિભક્ત કર્યા એમ કહેવામાં આવે છે. વિભક્તિ છે ને? વિભક્ત કર્યા. સમજાણું કાંઈ?

અજીવનો એકપણ અંશ એ મારામાં નથી અને અજીવના અંશમાં હું નથી. હું આત્મા છું, જ્ઞાનાનંદસ્વરૂપ છું અને કર્મ, શરીરાદિ અજીવ છે. મન, વાણી. આ પુદ્ગલ, આ પૈસા બધું અજીવ છે, લ્યો! પૈસામાં હું નથી, શરીરમાં હું નથી, કર્મમાં હું નથી, વાણીમાં હું નથી. એ બધા તો અજીવ છે. એવા જીવ અને અજીવના ભેદ જાણે. વિભક્તનો અર્થ ભેદ કર્યો. વિભક્તિ છે ને? જુદા પડવું.

મુમુક્ષુ :– દિગંબર બધા જીવ-અજીવનો ભેદ જાણે છે.

ઉત્તર :– કોઈ જાણતું નથી. એ વાતું કરે. એમ કહે છે, આ દિગંબરમાં જન્મ્યા એ તો બધા જીવ-અજીવને જાણે છે. એમ.

મુમુક્ષુ :– ચારિત્ર લેવાનું રહ્યું.

ઉત્તર :– ધૂળેય નથી. જ્ઞાનના ઠેકાણા નથી. ચારિત્ર ક્યાંથી લે? એ માટે તો વાત કરે છે. દેહની એક સમયની હાલવા-ચાલવાની ક્રિયા એ મારાથી તદ્દન જુદી છે અને એની ક્રિયાથી હું જુદો છું. એમ જાણ્યા વિના આ શરીરની ક્રિયા થાય એ મેં કરી, આ મારાથી થાય છે, પરની દયા પાળવામાં મેં પગ ઊંચો કર્યો, પગ મેં રાખ્યો એથી દયા પળી. એ તો જીવ અને અજીવને જુદા જાણ્યા નથી. સમજાણું કાંઈ?

જુઓ! આ મહાવ્રત અને એની પંચ ભાવના એ બધું વર્ણન કરી ગયા. પણ એમાં કહે છે કે આ નિશ્ચય દર્શન-જ્ઞાન ને ચારિત્ર હોય તો એ પ્રવૃત્તિ વ્યવહારની વ્યવહાર કહેવાય. સમજાણું કાંઈ?

'**જો જીવ-અજીવકા ભેદ જાનતા હૈ વહ સમ્યગ્જ્ઞાની હોતા હૈ...**' બે વાત. ત્રીજી હવે એની અંદર. '**ઔર રાગાદિ દોષોંસે રહિત હોતા હૈ,...**' એ ચારિત્ર. આસ્રવરહિત થઈ ગયો હવે. પહેલા અજીવ અને જીવ બે જુદા જાણ્યા, પછી પુણ્ય અને પાપના વિકલ્પો આસ્રવ છે, એનાથી હું જુદો (છું) એમ કરીને અંદર ઠરે. કારણ કે પહેલો જુદો તો જાણ્યો. પછી અંદર સ્વરૂપમાં પુણ્ય-પાપના ભાવથી જુદો પડી અને સ્વરૂપમાં ઠરે એને ચારિત્ર કહેવામાં આવે. કહો, સમજાણું કાંઈ?

'**જો પુરુષ જીવ-અજીવકા ભેદ જાનતા હૈ વહ સમ્યગ્જ્ઞાની હોતા હૈ...**' પછી. '**રાગાદિ દોષોંસે**

**રહિત હોતા હૈ...**' વીતરાગ પર્યાય પ્રગટ કરે. જુઓ! રાગના, દ્વેષના અંશથી રહિત નિર્મળ વીતરાગી પરિણતિ પ્રગટ કરે એ ચારિત્ર. સમજાણું કાંઈ? **'ઇસપ્રકાર જિન શાસનમેં મોક્ષમાર્ગ હૈ.'** જૈનશાસનમાં આને મોક્ષમાર્ગ કહ્યો છે. છે ને માથે શબ્દ? વીતરાગમાર્ગમાં, જૈનશાસનમાં જીવ અને અજીવની બેની ક્રિયા તદ્દન જુદી (જાણે) અને પછી એવું જીવનું અજીવથી ભિન્ન ભાન થયા પછી રાગ અને દ્વેષના, પુણ્ય અને પાપના ભાવથી રહિત સ્વરૂપજ્ઞાનમાં ઠરે, લીન થાય, આનંદની વૃદ્ધિ થાય એને ચારિત્ર કહે છે. લ્યો, આ ઓલા મહાવ્રત અને ચારિત્ર ચારિત્ર લાવ્યા હતા એ વ્યવહારથી વાત હતી. નિશ્ચય આવું ચારિત્ર હોય ત્યાં મહાવ્રતના પરિણામને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે.

મુમુક્ષુ :– નહિતર વ્યવહાર પણ નથી.

ઉત્તર :– નહિતર વ્યવહાર પણ નથી. વ્યવહાર ક્યાં હતો? સમજાણું કાંઈ?

પાઠમાં છે ને? એ જુઓને! **'जिणसासणे मोक्खमग्गोत्ति'** જિનશાસનમાં તો આને મોક્ષમાર્ગ કહ્યો છે. પુણ્ય-પાપ અને અજીવથી જીવ જુદો, એવું સમ્યગ્દર્શન અને જ્ઞાન (થાય). જ્ઞાનપ્રધાનથી કથન છે અહીં. અને પછી સ્વરૂપમાં, આનંદમાં લીન થતાં રાગ-દ્વેષ રહિત જે સ્થિરતા પ્રગટે એને ભગવાને જૈનશાસનમાં ચારિત્ર કહ્યું છે. અને એ સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્ર તે મુક્તિનું કારણ–માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? પહેલા પાંચમહાવ્રતની બહુ વાત કરી ને બધી? એનો ખુલાસો અહીં કરે છે પાછો. પાંચમહાવ્રત હતા એ તો વિકલ્પની વાત હતી. આવું ચારિત્ર હોય ત્યાં આવા અઠ્યાવીસ મૂળગુણના, પંચમહાવ્રતના વિકલ્પો હોય છે. શ્રાવકને આત્માના આનંદનું ભાન અને અંશે આનંદની દશા પ્રગટી છે એ એનું શ્રાવકપણું (છે) પણ એમાં બાર પ્રકારના વ્રતો અથવા અગિયાર પ્રકારની પડિમાના વિકલ્પ ઉઠે એ વ્યવહાર એવો હોય છે. સમજાણું કાંઈ? પણ જેને આ અજીવથી જીવ જુદા છે (એનું ભાન નથી તેને ચારિત્ર હોઈ શકે નહિ). એમ તો કહે છે કે અમે તો અજીવ અને જીવ (જુદા જાણ્યા છે) અમારે તો ભેદજ્ઞાન છે.

મુમુક્ષુ :– હોય જ પણ દિગંબરમાં જન્મ્યા એનો લાભ શું?

ઉત્તર :– દિગંબર એટલે શું પણ? વાડામાં જન્મ્યા (એટલે જૈન) થઈ ગયા? કહે છે, ઓલા 'જયપુર'વાળા 'ઇન્દ્રલાલ શાસ્ત્રી'. દિગંબરમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની તો છે. હવે એને ચારિત્ર લેવાનું છે. લ્યો!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભેદજ્ઞાની. તીર્થંકર ત્રણ જ્ઞાન લઈને આવે ને? સમ્યગ્દર્શન તો લઈને આવે છે. ભેદજ્ઞાન તો લઈને આવે છે. પછી એને ચારિત્ર રહ્યું. એમ આપણે જન્મ્યા દિગંબરમાં. કહો, સમજાણું? કહેવા કોને દિગંબર? અહીં તો કહે છે.

અહીં તો રાગના વિકલ્પની લાગણી પણ મારા સ્વરૂપમાં નથી. દયા, દાન, વ્રતના વિકલ્પ ઊઠે એ પણ મારા સ્વરૂપમાં નથી. એવી લાગણી વિનાનો આત્મા, એની શ્રદ્ધા એનું નામ દિગંબર શ્રદ્ધા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જૈનશાસન વિષે મોક્ષનો માર્ગ આ કહ્યો છે. વીતરાગતા

એ મોક્ષમાર્ગ હોય કે રાગ એ મોક્ષમાર્ગ હોય? એમ કહે છે. વીતરાગતા. જડથી જુદો ચૈતન્ય વીતરાગી સ્વભાવ, એનું જ્ઞાન થયું અને એમાં રાગરહિત ઠરે એ ચારિત્ર. એ વીતરાગની પર્યાય તે જૈનશાસનનો મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? ત્યાં પંચમહાવ્રતાદિના વિકલ્પનું જ્ઞાન કરાવ્યું, પણ એ મોક્ષમાર્ગ છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સંયમચરણ ચારિત્ર.

ઉત્તર :– સંયમચરણ ચારિત્ર કહ્યું ને. એ વ્યવહાર. એને આવો અંદર નિશ્ચય હોય ત્યારે આવો વ્યવહાર હોય એમ જણાવ્યું. વ્યવહાર નિશ્ચયને જણાવે છે કે આવો અંદર નિશ્ચય હોય છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :– જો જીવ-અજીવ પદાર્થકા સ્વરૂપ ભેદરૂપ જાનકર...'** જુદા જાણી. **'સ્વ-પરકા ભેદ જાનતા હૈ...'** આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એ પોતે. અને એ સિવાય રાગાદિ બધું ખરેખર તો એ અજીવ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પ પણ અજીવ છે. એ જીવનો સ્વભાવ (એટલે કે) જીવ નથી. મહાવ્રતનો વિકલ્પ પણ અજીવ છે. સમજાણું કાંઈ? માર્ગ તો અલૌકિક છે, ભાઈ! લોકોએ લૌકિક કરી નાખ્યો છે એ કાંઈ માર્ગ અલૌકિક ફીટીને લૌકિક નહિ થઈ જાય. અલૌકિક વીતરાગમાર્ગ છે આ.

પહેલી તો દૃષ્ટિમાં વીતરાગતા આવવી જોઈએ એમ કહે છે. જ્ઞાનની વાત કરી ને? કે રાગ અને અજીવથી ભિન્ન ભગવાનઆત્મા (છે) એનું જ્ઞાન ક્યારે થાય? જીવના સ્વભાવ સન્મુખ થાય, રાગ અને અજીવથી વિમુખ થાય ત્યારે તેનું જ્ઞાન જીવ-અજીવનું જુદું થાય. સમજાણું કાંઈ? અને પછી રાગના પરિણામથી જુદું પડી, ઠરે. દૃષ્ટિમાં જુદો તો પડેલો હતો પણ અસ્થિરતા હતી એને ટાળીને સ્વરૂપમાં સ્થિર થાય તે જૈનશાસનમાં મોક્ષમાર્ગ એને કહેવામાં આવે છે.

**'પરદ્રવ્યોંસે રાગદ્વેષ છોડનેસે જ્ઞાનમેં સ્થિરતા હોનેપર...'** જુઓ! જ્ઞાનમાં સ્થિરતા થાય. **'નિશ્ચય સમ્યક્ચારિત્ર હોતા હૈ,...'** એનું નામ નિશ્ચય ચારિત્ર છે. **'વહી જિનમતમેં મોક્ષમાર્ગકા સ્વરૂપ કહા હૈ.'** એ જિનમતને વિષે મોક્ષમાર્ગનું સ્વરૂપ એને કહેવામાં આવ્યું છે. **'અન્ય મતવાલોંને અનેક પ્રકારસે કલ્પના કરકે કહા હૈ વહ મોક્ષમાર્ગ નહીં હૈ.'** લ્યો! જૈન સિવાય અન્ય, જૈન સંપ્રદાયમાં પણ અન્ય કહે એ બધા અન્યમતિ જ છે. સમજાણું કાંઈ? **'જિનમતમેં મોક્ષમાર્ગકા સ્વરૂપ કહા હૈ. અન્ય મતવાલોંને અનેક પ્રકારસે કલ્પના કરકે કહા હૈ વહ મોક્ષમાર્ગ નહીં હૈ.'** મોક્ષમાર્ગ નથી.

आगे इसप्रकार मोक्षमार्गको जानकर श्रद्धा सहित इसमें प्रवृत्ति करता है वह शीघ्र ही मोक्षको प्राप्त करता है इसप्रकार कहते हैं:-

## ગાથા-૪૦

दंसणणाणचरित्तं, तिण्णि वि जाणेह परमसद्धाए।
जं जाणिऊण जोई, अइरेण लहंति णिव्वाणं।।40।।

दर्शनज्ञानचारित्रं त्रीण्यपि जानीहि परमश्रद्धया।
यत् ज्ञात्वा योगिनः अचिरेण लभंते निर्वाणम्।।40।।

દગ, જ્ઞાન ને ચારિત્ર - ત્રણ જાણો પરમ શ્રદ્ધા વડે,
જે જાણીને યોગીજનો નિર્વાણને અચિરે વરે. ૪૦.

अर्थ :- हे भव्य! तू दर्शन - ज्ञान - चारित्र इस तीनोंको परमश्रद्धासे जान, जिनको जानकर योगी मुनि थोड़े ही कालमें निर्वाणकों प्राप्त करता है।

भावार्थ :- सम्यग्दर्शन - ज्ञान - चारित्र त्रयात्मक मोक्षमार्ग है, इसको श्रद्धापूर्वक जाननेका उपदेश है, क्योंकि इसको जाननेसे मुनियोंको मोक्षकी प्राप्ति होती है।।40।।

---

## ગાથા-૪૦ ઉપર પ્રવચન

**'આગે ઇસપ્રકાર મોક્ષમાર્ગકો જાનકર શ્રદ્ધાસહિત ઇસમેં પ્રવૃત્તિ કરતા હૈ...'** પરમ શ્રદ્ધા. પરમ શ્રદ્ધાથી દર્શન-જ્ઞાન-ચારિત્રને જાણે, એમ કહે છે. **'જાનકર (પરમ) શ્રદ્ધા...' 'મોક્ષમાર્ગકો જાનકર શ્રદ્ધા સહિત ઇસમેં પ્રવૃત્તિ કરતા હૈ વહ શીઘ્ર હી મોક્ષકો પ્રાપ્ત કરતા હૈ ઈસ પ્રકાર કહતા હૈ :–'**

दंसणणाणचरित्तं, तिण्णि वि जाणेह परमसद्धाए।
जं जाणिऊण जोई, अइरेण लहंति णिव्वाणं।।40।।

જોયું! ત્રણને જાણવું પરમ શ્રદ્ધાએ. ૪૦-૪૦. ૪૦ છે ને? જાણવા ઉપર વજન છે. પણ પરમ શ્રદ્ધાએ જાણવું. એમ ને એમ અંદર કેમ હશે કેમ નહિ. કેમ હશે.. ઓઘે માનવું એમ નહિ.

**'હે ભવ્ય!'** લ્યો! અહીં તો ભવ્યને કીધું છે. મોક્ષ થવાને લાયક છે એની વાત અહીં કરી છે. **'તૂ દર્શન જ્ઞાન ચારિત્ર ઇન તીનોંકો પરમ શ્રદ્ધાસે જાન,...'** પરમ શ્રદ્ધા કરી જાણ.

મુમુક્ષુ :– પરમ શ્રદ્ધા એટલે?

ઉત્તર :– પરમ શ્રદ્ધા એટલે વિશ્વાસ રાખ પાકો. કે આ સમ્યગ્દર્શન પરથી ભિન્ન નિર્વિકલ્પ એ જ સમ્યગ્દર્શન છે. રાગથી અને પરથી ભિન્ન જ્ઞાન તે જ જ્ઞાન છે. રાગથી ભિન્ન સ્વરૂપની સ્થિરતા તે ચારિત્ર છે. એમ પરમ શ્રદ્ધાથી જાણ. વિશ્વાસમાં એકલી શ્રદ્ધા તો કીધી દર્શનને. પરમ

શ્રદ્ધા-વિશ્વાસ અંદર. અહો..! ભગવાનઆત્મા પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એ રાગ ને વિકલ્પ ને શરીર ને કર્મથી રહિત છે. સમજાણું કાંઈ?

લ્યો! એ હમણાં કીધું હતું આણે. ઓલું આપણે ચાલતું હતું ને ત્યાં. કર્મ રુકાવટ નથી. આત્માનો પોતાનો દોષ છે. ત્યાં ચાલ્યું હશે. 'આણંદજી' કહેતા. 'દાવણગીરી' '..વિજય'? કોણ હતું? હમણાં તમે નહિ 'મુંબઈ'ની વાત કરી હતી? એમ કહે કે આ 'કાનજીમુનિ' કહે છે કે કર્મની અસર નથી. આ અસર ન હોય તો લાવે નહિ કેવળજ્ઞાન. ભગવાને કેમ નિશ્ચળ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. બધા આ જાતના (કુતર્ક કરે છે). આ રીતે ત્યાં 'મુંબઈ'માં વાત ચાલી હતી. પણ પુરુષાર્થ પર્યાયનો, પોતાનો સ્વતંત્ર પુરુષાર્થ છે. કર્મને કારણે અટક્યો છે એમ છે નહિ. બધાને લાકડા કર્મના ગરી ગયા છે.

મુમુક્ષુ :– 'બોટાદ'ના છે.

ઉત્તર :– હા 'બોટાદ'ના છે. એ ગુજરી ગયા. 'બોટાદ'ના હતા. નહિ? ગુજરી ગયા ને? એને દમ હતો દમ-શ્વાસ. એક 'અમૃતવિજય', 'નંદનવિજય' બધા 'બોટાદ'ના.

મુમુક્ષુ :– ત્રણ...

ઉત્તર :– હા ત્રણ. ખબર છે. સમજાણું કાંઈ? તેને કહેતા હશે કો'ક. આ કર્મની અસરની કાંઈ નથી? કર્મ આત્માને રોકાવતું નથી તો કરી દે ને કેવળજ્ઞાન.

મુમુક્ષુ :– .. કેવળજ્ઞાન કેમ થતું નથી?

ઉત્તર :– કેમ થતું નથી? પુરુષાર્થ તો ઘણો કરે છે. કરતો નથી. જેટલો પુરુષાર્થ કરવો જોઈએ એટલો કરતો નથી અને માને છે કે પુરુષાર્થ ઘણો કરું છું. એ જ એની માન્યતા ઊંધી છે. આહાહા..! સ્વભાવમાં ઠરવાને જેટલો પુરુષાર્થ જોઈએ એટલો નથી. અને એટલો હોય તો કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. કારણ થોડું આપે અને કાર્ય વધારે માગે એ કાંઈ કારણ-કાર્યની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? બધાં એ રાડું પાડે છે ને. એક્કે એક. 'રામવિજય' ત્યાં તે દિ' કહેતા હતા. ત્રિલોકનાથ પરમ ઉપકારી ભગવાન કહે છે. કર્મને લઈને રખડ્યો. તમે કહો છો કે પોતાની ભૂલને લઈને રખડ્યો. એ ભૂલને લઈને રખડ્યો. કર્મને તો ખબર પણ નથી. એ તો જડ છે.

અહીં શું કીધું? અજીવથી જુદો પાડે તો કર્મથી જુદો પાડ્યો ત્યારે એને ભાન થયું ને? કર્મ તો અજીવ છે. અજીવથી જુદો પાડીને આત્માને જાણે ત્યારે અજીવથી જુદો પાડવાનો પુરુષાર્થ પોતે કર્યો. એ કર્મે કરાવ્યો હતો અને કર્મે અટક્યો હતો એમ છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! પુરુષાર્થ ચૈતન્યના આનંદમાં જેટલો જોઈએ એટલો કરતો નથી માટે તે અટકેલો છે. કર્મે એને અટકાવ્યો, જડ પદાર્થ પરદ્રવ્ય અટકાવે, તદ્દન જુઠી વાત છે. તેથી તો અહીં પહેલી વાત કરી.

મુમુક્ષુ :– પુરુષાર્થ તો ઉપડવો જોઈએ ને.

ઉત્તર :– પુરુષાર્થ નથી ઉપાડતો, કરતો નથી માટે. પર્યાયનો પુરુષાર્થ સ્વતંત્ર છે. કર્મને લઈને છે નહિ. ભારે વાત આ. એ વળી સવારમાં એણે કહ્યું. ચાલ્યું હશે, ત્યાં વાત ચાલી હશે 'મુંબઈ'માં. અહીંથી વાત બહાર ચાલી છે ને? કર્મથી કાંઈ આત્માને નુકસાન-લાભ થતો નથી. પોતે

પોતાના ઉલટા પુરુષાર્થથી પોતાને નુકસાન કરે છે. અને સુલટા પુરુષાર્થથી પોતાને લાભ કરે. વસ્તુનું આ સ્વરૂપ છે.

તેથી તો અહીંયાં પહેલા અજીવ ને જીવ જુદો (પાડ એમ કહ્યું) તો કર્મ અજીવ નહિ? અજીવથી જુદો પાડ. અજીવને જીવના કારણે અટક્યો છો એમ નહિ. તું પોતે તારી પર્યાયની ઉંધાઈથી અજીવમાં અટકેલો છો. એને જુદો પાડ. ભગવાનઆત્મા અજીવથી જુદી ચીજ છે. તેથી કર્મ મને કાંઈ રોકે કે લાભ કરે (એમ છે નહિ). જે ચીજ પોતામાં નથી એ લાભ કરે કે નુકસાન કરે, એ શી રીતે હોય? સમજાણું કાંઈ? કર્મનું ભારે લાકડું ગરી ગયું છે. જૈનમાં કર્મ... કર્મ. ઓલાને ઈશ્વર. ઈશ્વર કર્તા (છે). તો આ કહે અમારે કર્મ કર્તા. ઓલાનો ચૈતન્ય ઈશ્વર, આનો જડ ઈશ્વર. એમ છે નહિ.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ પોતે પોતાને જાણતો નથી એની ભૂલ પોતાની છે. અને એમાં ઠરતો નથી એ પણ એની પોતાની ભૂલ છે. કોઈ એને ચારિત્રમોહનો ઉદય ઠરવા દેતું નથી એમ છે નહિ. અહીં તો જુઓને એ કહ્યું ને? રાગ-દ્વેષ છોડ એમ કહ્યું ને? કર્મ છૂટે તો રાગ-દ્વેષ છૂટે એમ કહ્યું છે?

**'હે ભવ્ય! તૂ દર્શન જ્ઞાન ચારિત્ર ઇન તીનોંકો...'** એ ત્રણને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને **'પરમશ્રદ્ધાસે...'** પરમશ્રદ્ધા કરી. આહાહા..! એમ કહે છે કે એને વિશ્વાસ એવો (કર). એમ ને એમ શ્રદ્ધા એમ નહિ. પરમ શ્રદ્ધા. ભરોસો એટલો અંદર લાવ કે આ વસ્તુ દર્શન છે તે (સ્વના) આશ્રયે થયેલું સમકિત તે આવું જ હોય. સ્વના આશ્રયે થયેલું જે જ્ઞાન તે આવું જ હોય અને સ્વરૂપમાં સ્થિરતા એ ચારિત્ર આને જ કહીએ. બીજાને ચારિત્ર કહીએ નહિ. સમજાણું કાંઈ? હજી તો નિર્ણય કરવાના શ્રદ્ધાના ઠેકાણા ન મળે. એને ચારિત્ર ને વ્રતને ક્યાંથી આવી ગયા તપ ને અપવાસ? બધી લાંઘણું છે. સમજાણું કાંઈ?

**'દર્શન જ્ઞાન ચારિત્ર ઇન તીનોંકો પરમશ્રદ્ધાસે જાન, જિસકો જાનકર યોગી મુનિ થોડે હી કાલમેં નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ.'** જોયું! **'अचिरेण'** શબ્દ વાપર્યો છે ને? અલ્પકાળમાં. જેની આત્માની ગતિમાં પુરુષાર્થ શ્રદ્ધાનો, જ્ઞાનનો, સ્થિરતાનો ચાલ્યો એ અલ્પકાળમાં કેવળજ્ઞાનને પામશે. અલ્પકાળમાં તે સિદ્ધપદને પામશે. સમજાણું કાંઈ? **'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ત્રયાત્મક મોક્ષમાર્ગ હૈ...'** લ્યો! 'ઉમાસ્વામી'નું સૂત્ર. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર **'ત્રયાત્મક...'** એટલે ત્રણ સ્વરૂપ, મોક્ષમાર્ગ ત્રણ સ્વરૂપ એક મોક્ષમાર્ગ. ત્રણ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન આત્માના અનુભવમાં પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન, આત્માનું સ્વસંવેદન જ્ઞાન અને ચારિત્ર આત્મામાં શુદ્ધ આનંદમાં, લીનતાની રમણતા એવું જે ચારિત્ર, એ ત્રણ થઈને એક મોક્ષમાર્ગ છે.

**'ઇસકો શ્રદ્ધાપૂર્વક જાનનેકા ઉપદેશ હૈ...'** જોર ત્યાં છે. એમ ને એમ જાણવું-વાંચવું એમ નહિ, એમ કહે છે. એને વિશ્વાસ...વિશ્વાસ (આવે કે) ભગવાન પૂર્ણસ્વરૂપ શુદ્ધ આનંદ છે. ક્ષેત્ર ભલે મોટું ન હો પણ એનો સ્વભાવ, સ્વભાવ, અનંત જ્ઞાન-દર્શન-આનંદ એવી તો શક્તિ અનંત પડી જ છે. એવા શક્તિવંતને શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં લેવા. એનો શ્રદ્ધા-વિશ્વાસ કરીને લે. સમજાણું

કાંઈ? વિશ્વાસે અટક્યું છે બધું, એમ કહે છે. વિશ્વાસે વહાણ ચાલે, એમ નથી કહેતા? એમ આ આત્મા (અવિશ્વાસે અટક્યો છે). રાગ-દ્વેષનો ભાવ હો, ચારિત્ર ભલે ન હો. સમજાય છે? પણ કહે છે કે પરમ શ્રદ્ધાએ આ ત્રણ આવા હોય એમ તો જાણ, એમ કહે છે, ભાઈ! સમજાણું કાંઈ? આવા ત્રણ હોય એમ પરમશ્રદ્ધાથી જાણ એમ કહે છે ને અહીં તો પહેલું? સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વભાવ–આત્માનો જ્ઞાનસ્વભાવ શક્તિ અનંત છે. કેમકે જેનો સ્વભાવ છે એને મર્યાદા ન હોય. અનંતજ્ઞાન, અનંતદર્શન, શ્રદ્ધા અને દર્શનઉપયોગ અનંત બેય. દર્શન– શ્રદ્ધા એ શ્રદ્ધાગુણ છે એ અનંત છે. ચારિત્ર વીતરાગતા એ અનંત છે. એવા અનંતા ગુણોનો સમુદાય આત્મા, એને.. એને એની શ્રદ્ધા પરમ શ્રદ્ધાથી એની શ્રદ્ધા આવી હોય એમ જાણ. સમજાણું કાંઈ? મૂળ વસ્તુના ઠેકાણા ન મળે અને ઉપરથી કરવા માંડયું આ વ્રત, તપ ને આંબેલ ને ઓળી. પછી કહે છે કે જન્મ-મરણ મટ્યા નહિ. પણ ક્યાંથી મટે? જે ઉપાય છે એ તો લીધો નહિ.

કહે છે કે આવાને પરમશ્રદ્ધાએ કરી જાણ. **'ઇસકો જાનનેસે...'** યોગી. **'योगिनः'** શબ્દ છે ને? મુનિની વાત છે ને પ્રધાનતાથી. **'योगिनः'** એટલે જેણે આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનનો વીતરાગ સ્વભાવનો ભંડાર (છે), એમાં જેણે વર્તમાન પરિણતિને જેણે જોડી છે. એવા ત્રિકાળ સ્વભાવમાં વર્તમાન પર્યાયને જેણે થંભાવી દીધી છે એવો યોગી. એને યોગી કહીએ. આ અન્યમતના બાવા અને બાવા એ યોગી બાવા-બાવા યોગી છે નહિ. સમજાણું કાંઈ?

આત્મા પૂર્ણ સ્વરૂપ જ્ઞાનથી, શ્રદ્ધાથી, આનંદથી વગેરે અનંત શક્તિઓથી, વસ્તુ એક છે, તેના સ્વભાવ પણ પૂર્ણ એક ને અખંડ છે. એવા પૂર્ણ સ્વભાવને શ્રદ્ધવો, જાણવું અને ઠરવું. એને–ત્રણને પણ તું પરમ શ્રદ્ધાથી જાણ એમ કહે છે. આહાહા..! આવું સમકિત હોય એમ પરમશ્રદ્ધાથી જાણ, આવું જ જ્ઞાન હોય એમ પરમશ્રદ્ધાથી જાણ, સ્વરૂપમાં રાગરહિત સ્થિરતારૂપ ચારિત્ર આવું જ હોય એમ પરમશ્રદ્ધાથી જાણ. આહાહા..! માર્ગ ભારે, ભાઈ! કહો, 'પ્રકાશદાસજી'! ક્યાં ગયા? માર્ગ આ તે કેવો? પંચ મહાવ્રત પાળો, અણુવ્રત પાળો. જાવ. જેને વ્રત હોય એને સમકિત અને જ્ઞાન તો હોય. એવા વ્રત તો ખોખા અનંતવાર પાળ્યા. નવમી ગ્રૈવેયક ગયો ત્યાં. અનંતવાર ખોખા કર્યા. ભાવપાહુડમાં તો બહુ લખ્યું. અનંત વાર. હે મુનિ! દ્રવ્યલિંગ અનંતવાર પાળ્યા, પણ ભાવ તેણે શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાન કરી નહિ. સમજાણું કાંઈ? પંચમહાવ્રતના ખોખા અનંતવાર પાળ્યા. એ તો વિકલ્પ રાગ હતો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વસ્તુસ્થિતિ તો આ છે. જુઓને! છે ને અંદર. એનો અર્થ પણ છે ને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નક્કી કરવું. નક્કી કરવાનું કોઈને ન સોંપવું. અને કો'કની સાથે મેળવું તો નક્કી કરું એમ ન હાંકવું. એક ફેરી અહીંયાં હતા ને અમારે બ્રહ્મચારી હતા એક. 'ચંપાલાલ' કરીને. પછી એની સાથે વાત થઈ કે જુઓ હાથની ક્રિયા છે એને આત્મા અડતો નથી. જુઓ 'દ્રવ્યસંગ્રહ'માં એમ છે. હાથની ક્રિયાના રાગનો કર્તા ખરો અજ્ઞાનભાવે. અને જ્ઞાનભાવે જ્ઞાનની પર્યાયનો કર્તા.

પણ હાથની ક્રિયાનો કર્તા .. એ આત્મા નથી. ત્યારે કહે, હું 'ભુરીબાઈ'ને પૂછીને નક્કી કરીશ. 'ભુરીબાઈ' હતા એક 'ઇન્દોર'માં. બહુ પ્રસિદ્ધ હતા. નાની ઉંમરમાં વિદ્વાન ભણ્યા હતા બહુ. ભણેલા બહુ. 'ગોમ્મટસાર' ને એ. એ કોઈને સાધુ માનતા નહિ. 'ભુરીબાઈ' હતી એ કોઈને સાધુ માને નહિ. કોઈને વ્રતધારી માને નહિ. પોતે મરે ત્યાં સુધી કોઈ દિ' વ્રત લીધા નહિ. 'ભુરીબાઈ' .. કે દિ'? તમે 'ભૂરીબાઈ'ને દેખ્યા હતા 'ભુરીબાઈ'? 'ઈન્દોર'. બહુ વાંચન ઘણું. કોઈને સાધુ માને નહિ. વ્રત પોતે લીધેલા નહિ. વ્રત-બ્રતની અત્યારે યોગ્યતા નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... પણ .. છેલ્લે મરતા બે પડિમા લીધી હતી. આણે તો છેલ્લે સુધી એ પણ નહિ. વાંચન ઘણું હતું 'ભૂરીબાઈ'ને. પણ આ એના બધા જાણપણા. એ 'ચંપાલાલ' શેઠ હતા. એક બ્રહ્મચારી હતા. 'ચંપાલાલ'. ૨૦૦૦ની સાલમાં હતા અહીં. 'ચંપાલાલ' હતા.

મુમુક્ષુ :– 'ચંપાપાલ શેઠી'

ઉત્તર :– શેઠી. એ અમારી સાથે બે મહિના રહ્યા હતા. પછી કહે આ હસ્તની ક્રિયા આત્મા ન કરે? હાથ આમ આમ હલાવે ઇ. કહે કે 'ભૂરીબાઈ'ને પૂછશું. પણ આ ભૂરોભાઈ બેઠો છે અંદર એને નક્કી કર ને. તું ભૂરોભાઈ બેઠો છે અંદરમાં. ઉજળો ચૈતન્યમૂર્તિ જ્ઞાન કરે. જ્ઞાન તે હાથને હલાવે એ કરે જ નહિ, એ અહીં નક્કી કરને. કો'કને સોંપીને શું કામ? કે એને પૂછીશ. પણ એ પૂછે તો પાછું તારે બેસાડવું છે ને?

મુમુક્ષુ :– એ હા પાડે તો હા અને ના પાડે તો ના.

ઉત્તર :– એનો હેતુ એટલો ઇ. પણ ઓલી બાઈ બહુ હતી ને. અને આ પહેલુ વહેલું સાંભળ્યું અહીં. ૨૦૦૦ની સાલની વાત છે. ૨૦૦૦. ૨૬ વર્ષ થયા. વિહારમાં અહીં સાથે ફરતા હતા. બે મહિના સાથે ચાલતા. હાથે રાંધીને ખાય. મરચા સૂકવે. આ સૂકવીને બધું પાણી ભરી આવે, રાંધીને ખાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના. ના. આ તો બ્રહ્મચારી હતા. શેઠી હતા ને એનું નામ. 'ચંપાલાલ શેઠી'. બે પડિમા હતી.

**'પરમશ્રદ્ધાસે જાન, જિસકો જાનકર યોગી...'** નામ સ્વરૂપમાં જેનું જોડાણ થંભી ગયું છે. આહાહા..! એના સ્વભાવમાં જેની પરિણતિ થંભી ગઈ છે. એ જીવો થોડા કાળમાં કેવળને પામશે, મોક્ષને પામશે. રાગની ક્રિયા અને વ્રતની ક્રિયા કરતા કરતા કોઈ કેવળ પામશે એમ છે નહિ. સમજાણું? '**શ્રદ્ધાપૂર્વક જાનનેકા ઉપદેશ હૈ ક્યોંકિ ઇસકો જાનનેસે મુનિયોંકો મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ.**' લ્યો!

आगे कहते हैं कि इसप्रकार निश्चयचारित्ररूप ज्ञानका स्वरूप कहा, जो इसको पाते हैं वे शिवरूप मन्दिरमें रहनेवाले होते हैं:-

## ગાથા-૪૧

[1]पाऊण णाणसलिलं णिम्मलशुविसुद्धभावसंजुत्ता।
होंति सिवालयवासी तिहुवणचूडामणी सिद्धा।।41।।

[2]प्राप्य ज्ञानसलिलं निर्मलसुविशुद्धभावसंयुक्ताः।
भवंति शिवालयवासिनः त्रिभुवनचूडामणयः सिद्धाः।।41।।

જે જ્ઞાનજલ પીને લહે સુવિશુદ્ધ નિર્મલ પરિણતિ,
શિવધામવાસી સિદ્ધ થાય - ત્રિલોકના ચૂડામણિ. ૪૧.

अर्थ :- जो पुरुष इस जिनभाषित ज्ञानरूप जलको पीकर अपने (प्राप्त करके) निर्मल भले प्रकार विशुद्धभााव संयुक्त होते हैं वे पुरुष तीन भुवनके चूडामणि और शिवालय अर्थात् मोक्षरूपी मन्दिरमें रहनेवाले सिद्ध परमेष्ठी होते हैं।

## ગાથા-૪૧ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઇસપ્રકાર નિશ્ચયચારિત્રરૂપ જ્ઞાનકા સ્વરૂપ કહા,...'** નિશ્ચય ચારિત્રરૂપ જ્ઞાનનું સ્વરૂપ. **'જો ઇસકો પાતે હૈં વે શિવરૂપ મંદિરમેં રહનેવાલે હોતે હૈં :–'** શિવાલયવાસી.

पाऊण णाणसलिलं णिम्मलसुविसुद्धभावसंजुत्ता।
होंति सिवालयवासी तिहुवणचूडामणी सिद्धा।।41।।

**'જો પુરુષ ઇસ જિનભાષિત જ્ઞાનરૂપ જલકો પ્રાપ્ત કરકે...'** ભગવાને કહ્યું એવા જ્ઞાનરૂપ જળને પામીને. રાગ ને પુણ્યના વિકલ્પથી, શરીરથી જુદો એવો આત્મા, એવા આત્માનું અંદર જ્ઞાન કરીને **'અપને નિર્મળ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત હોતે હૈં...'** લ્યો! જેમ જળથી સ્નાન કરે છે એમ આ નિર્મળ જ્ઞાન દ્વારા મેલને ધોઈ નાખ્યા છે કે મેલ મારું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? **'જ્ઞાનરૂપ જલકો પ્રાપ્ત કરકે અપને નિર્મળ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત હોતે હૈં...'** મેલને ટાળીને વિશુદ્ધભાવ સહિત હોય એમ કહે છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકા શબ્દોમાં આમાં લીધું છે.

**'અપને નિર્મલ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત હોતે હૈં...'** વિશુદ્ધ શબ્દે અહીં પવિત્ર વીતરાગભાવ છે. અહીં વિશુદ્ધ એટલે શુભ વિકલ્પ નહિ. શુભને વિશુદ્ધ કહેવામાં આવે છે. અહીં

1. पाठान्तरः - पीऊण। 2. पाठान्तरः - पीत्वा।

એ નહીં. અહીં તો વિશેષ શુદ્ધ. **'અપને નિર્મલ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત હોતે હૈં વે પુરુષ તીન ભુવનકે ચૂડામણિ...'** ત્રણ ભુવનના ચુડામણિ **'ઔર શિવાલય...'** શિવાલય. એ શિવ-આલય–મુક્તિનું સ્થાન. **'અર્થાત્ મોક્ષરૂપી મંદિરમેં રહનેવાલે સિદ્ધ પરમેષ્ઠી હોતે હૈં.'** શિવાલયની અંદર વસનારા. શિવાલય એટલે શંકર-શિવાલય નહિ. શિવ એટલે શંકર એમ નહિ. અહીંયાં તો શિવાલય એટલે આત્માનું સિદ્ધપદ, એનું જે સ્થાન, મુક્તિ અંદર પવિત્રધામમાં અંદર રહે એનું નામ શિવાલય કહેવામાં આવે છે. ત્રણમાં ચુડામણિ શિવસ્થાને. ... લોકને અંતે છે ને? મૂળ તો લોકને અંતે અહીં છે. રાગનો અંત પૂરો થઈને શિવાલય અહીં પ્રાપ્ત થાય છે. આહાહા..! રાગ અને વ્રતનો જે વિકલ્પ છે, એનાથી પણ રહિત થઈને શિવપદ તો અહીં પ્રાપ્ત થાય છે. અહીંયાં દેહમાં. સમજાણું કાંઈ?

દેહમાં આત્મા ભિન્ન પડીને સ્વરૂપની પૂર્ણ દશા કેવળજ્ઞાનને અહીં ને અહીં પામે છે. પછી એનો સ્વભાવ છે તો ઊર્ધ્વ જાય છે. ઊર્ધ્વ જાય આમ ભગવાન બિરાજે છે ત્યાં રહે છે. રહે છે એટલે કે પોતાનો આત્મા ત્યાં સ્થિત થઈ જાય. ન્યાં કોઈ ઘર નથી. એક ઘરમાં એક રહ્યા અને બીજા ઘરમાં આ બીજા સિદ્ધ જઈને રહ્યા (એમ નથી). ખાલી જગ્યો છે એમાં પોતાના નિજપદની રમણતામાં રમતા એવા અનંત સિદ્ધ છે ત્યાં આ પોતે સિદ્ધ થઈને રહે છે. એને શિવાલય મંદિરમાં વસનારા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જૈસે જલસે સ્નાન કરકે શુદ્ધ હોકર ઉત્તમ પુરુષ મહલમેં નિવાસ કરતે હૈં...'** સ્નાન કરીને ઉત્તમ પુરુષ મહેલમાં નિવાસ કરે. **'વૈસે હી યહ જ્ઞાન જલકે સમાન હૈ ઔર આત્માકે રાગાદિક મૈલ લગનેસે મલિનતા હોતી હૈ...'** રાગાદિ-શુભ પરિણામ આદિ ભાવ એ મલિન છે. શુભભાવ, વ્રતાદિનો વિકલ્પ મલિન છે. આહાહા..! એ મલિનતા હોય તો એ જ્ઞાનરૂપ જલથી રાગાદિ મળ ધોઈ, એટલે કે જ્ઞાનસ્વભાવમાં સ્થિરતા થતાં રાગ ધોવાઈ જાય છે એટલે રાગ નાશ થઈ જાય છે અને નિર્મળતા પ્રગટ થાય છે. એને જળથી–નિર્મળ જ્ઞાનથી સ્નાન કર્યું એમ કહેવામાં આવે છે.

**'અપની આત્માકો શુદ્ધ કરતે હૈં...'** પોતાના આત્માને પવિત્ર કરે છે. **'વે મુક્તિરૂપ મહલમેં રહકર આનન્દ ભોગતે હૈં,...'** આત્માની નિર્મળ પવિત્ર દશા પ્રગટ થઈ એ અંદરમાં આત્મા આનંદને ભોગવે છે. સંસારના દુઃખને ભોગવતો, મુક્તમાં આનંદને ભોગવે–પોતાની દશાને એનું નામ મુક્તિ. સમજાણું કાંઈ? **'ઉનકો તીન ભુવનકે શિરોમણિ સિદ્ધ કહતે હૈં.'** ત્રણ ભુવનના માથે રાખ્યા અહીંયાંથી તો. લોકાગ્રે છે ને સિદ્ધ? ચુડામણિ. ત્રણ ભુવનના શિરોમણિ સિદ્ધ કહીએ. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' આવે છે ને? લોગ્ગસમાં આવે છે. 'ભગવાનજીભાઈ'! કર્યું હતું?

મુમુક્ષુ :– ઘણીવાર.

ઉત્તર :– ઘણીવાર. ઠીક. 'સિદ્ધા સિદ્ધિં' હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ દેખાડો. દેખાડો એ ક્યારે દેખાય? કેવળજ્ઞાન થાય ત્યારે સિદ્ધપદ દેખાય. લોગ્ગસમાં આવે છે. દૃષ્ટિની, જ્ઞાનની કાંઈ ખબર ન મળે ને પડિકમણા કર્યા ને પથરણા ખંખેરીને ઊભા થઈ ગયા.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ખંખેરે નહિ. ધૂળ લાગી હોય તો ખંખેરેને.

મુમુક્ષુ :– કચરો ઘરે લઈ જવાય?

ઉત્તર :– કચરો ઘરે લઈ જવાય? પગનો કચરો કોઈ ઊડીને આવ્યો હોય. પાછું વીટવું હોય તો વીટવામાં કચરો ભેગે વીંટવો? અહીં પહોળુ પથરણું કરીને બેઠો હોય એમાં તણખલું આવી ગયું, કોઈ શરીર ઉપર આવી ગયું. શરીર ઊભું થયું એમાં તણખણા લૂંગડા ઉપર પડી ગયા. ઊભા થઈને ખંખેરવું જોઈએ ને. બાંધવું પાછું વીટવું શી રીતે? આહાહા..!

આત્માના રાગના વિકલ્પથી ભિન્ન પડેલી નિર્મળ દશા વિના એનો માર્ગ મોક્ષનો અને મોક્ષ છે નહિ, એમ કહે છે.

---

आगे कहते हैं कि जो ज्ञानगुणसे रहित हैं वे इष्ट वस्तुको नहीं पाते हैं, इसलिये गुण - दोषको जाननेके लिये ज्ञानको भले प्रकारसे जानना:-

## ગાથા-૪૨

णाणगुणेहिं विहीणा, ण लहंते ते सुइच्छियं लाहं।
इय णाउं गुणदोसं, तं सण्णाणं वियाणेहि।।42।।

ज्ञानगुणैः विहीना न लभते ते स्विष्टं लाभं।
इति ज्ञात्वा गुणदोषौ तत् सद्ज्ञानं बिजानीहि।।42।।

જે જ્ઞાનગુણથી રહિત, તે પામે ન લાભ સુઇષ્ટને,
ગુણદોષ જાણી એ રીતે, સદ્જ્ઞાનને જાણો તમે. ૪૨.

अर्थ :- ज्ञानगुणसे हीन पुरुष अपनी इच्छित वस्तुके लाभको नहीं प्राप्त करते, इसप्रकार जानकर हे भव्य ! तू पूर्वोक्त सम्यग्ज्ञानको गुण - दोषके जानने के लिये जान।

भावार्थ :- ज्ञानके बिना गुण - दोषका ज्ञान नहीं होता है तब अपनी इष्ट तथा अनिष्ट वस्तुको नहीं जानता है तब इष्ट वस्तुका लाभ नहीं होता है इसलिये सम्यग्ज्ञान ही से गुण-दोष जाने जाते हैं। क्योंकि सम्यग्ज्ञानके बिना हेय - उपादेय वस्तुओंका जानना नहीं होता है और हेय - उपादेयको जाने बिना सम्यक्चारित्र नहीं होता है, इसलिये ज्ञान ही को चारित्रसे प्रधान कहा है।।42।।

---

## ગાથા-૪૨ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો જ્ઞાનગુણસે રહિત હૈં વે ઇષ્ટ વસ્તુકો નહીં પાતે હૈં ઇસલિયે ગુણ દોષકો જાનનેકે લિયે જ્ઞાનકો ભલે પ્રકારસે જાનના :–'** એ 'સમયસાર'ની ૨૦૫ ગાથામાં આવે છે ને? 'સમયસાર'ની ૨૦૫ ગાથામાં આ છે.

**णाणगुणेहिं विहीणा, ण लहंते ते सुइच्छियं लाहं ।**
**इय णाउं गुणदोसं, तं सण्णाणं वियाणेहि ।।42।।**

શબ્દ થોડો ફેર છે.

**णाणगुणेण विहीणा एदं तुंपदंबहू वि ण लहंते ।**
**तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं ।।205।।**

એ ૨૦૫. થોડો આ '**णाणगुणेण विहीणा**' એટલો ફેર છે.

**णाणगुणेहिं विहीणा, ण लहंते ते सुइच्छियं लाहं ।**
**इय णाउं गुणदोसं, तं सण्णाणं वियाणेहि ।।42।।**

**'જ્ઞાનગુણસે હીન પુરુષ અપની ઇચ્છિત્ વસ્તુકે લાભકો નહીં પ્રાપ્ત કરતે...'** જેને હજી તો જ્ઞાન સાચું નથી એ ધારેલા ભાવનાનું ફળ એને મળતું નથી. અમારે મોક્ષ જાવું છું. પણ ભાન વિના? તારી ઇચ્છા શું કામ આવી ત્યાં? અમારે તો મોક્ષ જાવું છે લ્યો! એક જણો કહે કે અમે તો ભગવાનની ભક્તિ કરીએ છીએ. અમારે રાગ જોતો નથી. અમારે તો વીતરાગતા જોવે છે. પણ ભક્તિ કરવી એ જ પોતે શુભરાગ છે.

મુમુક્ષુ :– એવું જ્ઞાન તો છે.

ઉત્તર :– એવું જ્ઞાન એ તો રાગ, લ્યો! ભગવાન પાસે ભક્તિ કરીએ શું કરવા? અમારે વીતરાગતા જોઈએ. પણ તમે ભક્તિ કરો એ ભાવ જ રાગ છે. રાગમાંથી વીતરાગતા ક્યાંથી આવતી હતી? એમ કહેતા. (સંવત) ૧૯૯૬ માં 'જૂનાગઢ'. સમજાણું?

**'જ્ઞાનગુણસે હીન પુરુષ અપની ઇચ્છિત વસ્તુકે લાભકો નહીં પ્રાપ્ત કરતે...'** ઇચ્છિત એટલે? એને ઇચ્છા થઈ કે મારે મોક્ષ જાવું છે. મારે તો આમાંથી મોક્ષ થવાનો છે. એમ. એવી ઇચ્છા હોય પણ વસ્તુનું જ્ઞાન નથી, ભાન નથી. ઇચ્છાએ ક્યાંથી લાભ મળે એનો? સમજાણું કાંઈ? અમે તો પંચમહાવ્રત પાળીએ છીએ એ મુક્તિ માટે પાળીએ છીએ. સમજાણું? અમે આ દયા, દાન, વ્રત, તપસ્યા કરીએ છીએ એ મુક્તિ માટે કરીએ છીએ. એવી તારી ઇચ્છા હોવા છતાં વસ્તુનું ભાન નથી માટે કાંઈ એ ચીજનો લાભ મળશે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? અમે આ સામાયિક, પોષા, પડિકમણા કરીએ છીએ એટલે અમારી મુક્તિ થાશે. અમે વ્રત, તપ કરીએ છીએ માટે અમારી મુક્તિ થાશે. એવું ઇચ્છિતલાભ તારી જે ઇચ્છાનો જ્યાં લાભ છે એ વાસ્તવિક જ્ઞાન વિના તે મળવાનો નથી. જ્ઞાન નથી ને પછી તું માની બેસે. મહાવ્રતના વિકલ્પથી ભિન્ન જ્ઞાન નથી, જ્ઞાનનું જ્ઞાન નથી. દેહની ક્રિયાથી ભિન્નનું જ્ઞાન નથી. સમજાણું? શ્રદ્ધાનું જ્ઞાન નથી. કે શ્રદ્ધા કેવી હોય એનું

જ્ઞાન નથી. ચારિત્રનું જ્ઞાન નથી. રાગથી ભિન્ન સ્થિરતા એ ચારિત્ર. એનું જ્ઞાન નથી. એના જ્ઞાન વિના તું ઇચ્છા રાખ કે મને આ મળશે. ધૂળેય નહિ મળે. ધૂળ એટલે? સારું લોકોત્તર પુણ્ય પણ નહિ થાય. આહાહા..!

**'જ્ઞાનગુણસે હીન પુરુષ અપની ઇચ્છિત વસ્તુકે લાભકો નહીં પ્રાપ્ત કરતે ઇસપ્રકાર જાનકર હે ભવ્ય! તૂ પૂર્વોક્ત સમ્યગ્જ્ઞાનકો ગુણ દોષકે જાનનકે લિયે જાન.'** જુઓ! અજ્ઞાનના દોષ અને જ્ઞાનમાં ગુણ, એને તું જ્ઞાન કરીને જાણ એમ કહે છે. સમજાણું કાંઈ? એ તારી ક્રિયાકાંડથી જણાય એવા નથી. એમ કહે છે. તું દયા, દાન, વ્રત ને તપ કરે એ તો વિકલ્પ છે. એનાથી આ જણાય? જ્ઞાનના ગુણ અને અજ્ઞાનના દોષ. એ ગુણ-દોષ તો જ્ઞાન સાચું હોય એમાંથી જણાય. એવી ક્રિયાકાંડ કરવાથી તને ગુણદોષ જણાય એમ છે નહિ. આહાહા..! એમ કહે છે, હોં! મૂળ તો.

**'જ્ઞાનગુણસે હીન પુરુષ અપની ઇચ્છિત વસ્તુ કે લાભકો નહીં પ્રાપ્ત કરતે...'** એટલે શું? એ તો એમ માને છે કે મને મોક્ષ થશે. અમારે નિર્જરા થાય છે. ઇચ્છિત લાભ. એમ. સમજાણું કાંઈ? અમે આ અપવાસ કરીએ છીએ તો એમાં નિર્જરા થશે અમને. શાસ્ત્રમાં નથી કહ્યું? તપસાઃ નિર્જરા. કહે છે કે સાચા ભાન વિના તારી ઇચ્છાનો લાભ મળશે નહિ. નિર્જરા-બિર્જરા નહિ થાય. ધૂળેય નહિ થાય. આહાહા..!

મુમુક્ષુ :– દેવલોકમાં...

ઉત્તર :– દેવલોક એટલે? દુઃખ. દેવલોક એટલે દુઃખનું સ્થાન. દેવલોકમાં સુખ ક્યાં હતું? ત્યાં તો આકુળતા છે. કષાયના અંગારા સળગ્યા છે. આહાહા..! એ જ્ઞાન વિના કહે છે, તારી ઇચ્છા પ્રમાણે લાભ નહિ થાય. તું તો ઘણું ઇચ્છે કે અમે આટલું કરશું તો આમ થાશે. અપવાસ કરશું તો એમાંથી નિર્જરા થશે. આઠ-આઠ, દસ અપવાસ કરી નાખીએ તો એમાં મોટી નિર્જરા થાશે. ક્યાંથી ધૂળમાં થાય? હજી તો તને સાચું જ્ઞાન પણ નથી.

**'અપની ઇચ્છિત વસ્તુકે લાભકો નહીં પ્રાપ્ત કરતે...'** નહિ લાભ મળે તને. સમજાણું? ઘાંચીનો બળદ આખો દિ' ઘાણીના આંટા મારે. આંખું ઉઘાડે જ્યાં ઓલા હોય ને લાકડાના ડાળા ત્યાં એનું ઘર. એ ઘાંચીની ઘાણી અને એ ખૂણો. ઓય..! ચાલ્યા હતા તો બહુ. પણ જ્ઞાન વિના, ભાન વિના ગતિ તો આમની આમ કરે છે. ચાર ગતિની ગતિના ભાવની ગતિ કરે છે. એ ગોળ ચક્કર મારે. ગોળ ચક્કરમાં રસ્તો ક્યાં નીકળે? ચાર ગતિના ભાવ છે એ તો ગોળ ચક્કર ચાર ગતિમાં રખડવાના છે. અહીંથી અહીં ને અહીંથી અહીં. પુણ્ય કરે તો સ્વર્ગાદિમાં, પાપ કરે તો નર્ક. એ તો ચાર ગતિનું ગોળ ચક્કર છે. સમજાણું કાંઈ? સાચા જ્ઞાન વિના..

**'હે ભવ્ય!'** વસ્તુના લાભને પ્રાપ્ત નહિ કરે. **'ઇસપ્રકાર જાનકર હે ભવ્ય! તૂ પૂર્વોક્ત સમ્યગ્જ્ઞાનકો ગુણ દોષકે જાનનેકે લિયે જાન.'** એ સમ્યગ્જ્ઞાનને શું કરવા જાણવું? ગુણ દોષને જાણવા માટે. આત્માના અંતરમાં શ્રદ્ધા આદિમાં ઠરવું તે ગુણ છે અને રાગાદિનો વિકલ્પ તે દોષ છે, એવું સમ્યગ્જ્ઞાનમાં જાણવું. સમજાણું કાંઈ? જેટલો સ્વઆશ્રયમાં ઠરીને ઠરે છે તે ગુણ છે અને પરાશ્રયમાં જેટલો વિકલ્પ ઊઠે એ બધો દોષ છે, એવું સમ્યગ્જ્ઞાન કર. એ સમ્યગ્જ્ઞાન વિના તારી

ભાવના (હોય) કે મારે તો મોક્ષ જોવે છે અને નિર્જરા થાશે. એમ નહિ થાય. સમજાણું કાંઈ?

**'જ્ઞાનકે બિના ગુણ દોષકા જ્ઞાન નહીં હોતા હૈ...'** જાણ્યા વિના આ સાકર છે કે આ કાચ છે એનું જ્ઞાન નથી. એ બધું ભેગું માને. કાચ અને હીરો. એમ રાગ, વિકલ્પ દોષ અને નિર્વિકલ્પ આનંદ ચૈતન્ય, એના જ્ઞાન વિના બેયને ભેગા સરખા માને, એમ કહે છે. ચૈતન્યહીરો આનંદનો નાથ અને એકકોર વિકલ્પ ઉઠે તે દોષ. એને સમ્યગ્જ્ઞાન વિના બેને જુદા જાણી શકાય નહિ. અને જાણ્યા વિના તું ફળ માગે કે મને આમાં આમ લાભ થાશે. એ નહિ મળે.

**'જ્ઞાન બિના ગુણ દોષકા જ્ઞાન નહીં હોતા હૈ તબ અપની ઇષ્ટ...'** વસ્તુ. દેખો! **'અનિષ્ટ વસ્તુકો નહીં જાનતા હૈ...'** ઇષ્ટ તો પવિત્રતા, અનિષ્ટ તો રાગાદિ અનિષ્ટ છે. પુણ્ય-પાપનો વિકલ્પ તે અનિષ્ટ છે અને ઇષ્ટ તો પોતાનો આત્મા અને પરિણતિ નિર્મળ થવી તે ઇષ્ટ છે. 'પ્રવચનસાર'માં આવે છે. અનિષ્ટનો ત્યાગ કરીને ઇષ્ટ પ્રાપ્ત થયા છે ભગવાન. આવે છે ને? 'પ્રવચનસાર'માં આવે છે. જ્ઞાન અધિકારમાં. જ્ઞાન અધિકાર છે. અનિષ્ટનો નાશ કરી અને પરમાત્માએ ઇષ્ટની પ્રાપ્તિ કરી. એમ શાસ્ત્રમાં આવે છે. ઇષ્ટની પ્રાપ્તિ કેવળજ્ઞાન, કેવળદર્શન અનંત આનંદ એ ઇષ્ટ છે. પહેલા અહીં આત્માને ઇષ્ટ કર્યો છે. પૂર્ણ જ્ઞાન-આનંદ આદિ ઇષ્ટ કર્યો છે દૃષ્ટિમાં, જ્ઞાનમાં. અને રાગને અનિષ્ટ જાણ્યા છે. એને અનિષ્ટ ટળીને ઇષ્ટતા થશે. પણ ઇષ્ટ-અનિષ્ટનું ભાન જ નથી જ્યાં અને પછી કહે અમારે લાભ થાશે, હોં! કાંઈક તો લાભ થાશે ને? કરીએ છીએ તો કાંઈક તો ફળશે કે નહિ? એમ કહે છે ઘણા.

એક જણો કહેતો હતો. પીસ્તાલીસ વર્ષથી મુંડાવ્યું છે કાંઈક તો થાશે. આ મહારાજ કહે છે એવું તો કાંઈ અમને જ્ઞાન નથી. આ તો ઉપાદાનથી થાય અને નિમિત્તથી ન થાય. નિશ્ચયથી થાય અને વ્યવહારથી... આ બધી વાતું કરે છે એ શું? એક શ્વેતાંબર સાધુ અહીં આવ્યા હતા. પીસ્તાલીસ વર્ષથી મુંડાવ્યું છે કાંઈક થાશે તો ખરું ને? મુંડાવ્યું'તું તો ઘેટાય મુંડાવે છે. સાંભળને! સાધુનું નામ શું હતું? 'વિદ્યાવિજય' 'ધર્મવિદ્યા'ના શિષ્ય. એ અહીં ઊભા હતા. ચર્ચા થઈ થોડી. અને પછી આમ બોલ્યા. આ તો બીજી ઘણી વાતું કરે છે. આવી હોય? આમાં તો કાંઈ મોં માથું સૂઝતું નથી. પણ હવે મુંડાવીને બેઠા છીએ, બાયડી-છોકરા છોડીને, કાંઈક તો લાભ થાશે ને? ધૂળેય નહિ થાય એમ કહે છે. થાશે લાભ, રખડવાનો. સમજાણું કાંઈ?

**'ઇષ્ટ તથા અનિષ્ટ વસ્તુકો નહીં જાનતા હૈ તબ ઇષ્ટ વસ્તુકા લાભ નહીં હોતા હૈ ઇસલિયે સમ્યગ્જ્ઞાન હી સે ગુણ દોષ જાને જાતે હૈં.'** લ્યો! તેથી સમ્યગ્જ્ઞાનથી જ ગુણ અને દોષ જાણવામાં આવે. જ્ઞાન વિના જાણવું ક્યાં? હીરા ને કાચ બે ભેગા હોય. જ્ઞાનમાં કિંમત હોય તો હીરા અને કાચ જુદા જાણે. એમ જ્ઞાન જણાય, રાગાદિ વિકલ્પ તે મેલ છે, દોષ છે, સ્વભાવ ચૈતન્યમૂર્તિ તે પવિત્ર આનંદ છે. એ બેને જ્ઞાન દ્વારા જુદા જાણે તો તેને દોષ અને ગુણનું સાચું જ્ઞાન થાય. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ઇસલિયે સમ્યગ્જ્ઞાન હી સે ગુણ દોષ જાને જાતે હૈં. ક્યોંકિ સમ્યગ્જ્ઞાનકે બિના હેય ઉપાદેય વસ્તુઓંકા જાનના નહીં હોતા હૈ...'** લ્યો! સમ્યગ્જ્ઞાન વિના. **'હેય ઉપાદેય વસ્તુઓંકા જાનના નહીં**

**હોતા હૈ...'** મહાવ્રતાદિ વિકલ્પ છે એ બધા હેય છે. અને આત્મા અખંડ આનંદ તે ઉપાદેય છે. એવું જ્ઞાન વિના જાણે કોણ? જુઓ! અહીં ખુલાસો બધો લઈ લીધો. ઘણી બધી વાત કરી છે. પંચ મહાવ્રતની વાત સમજાવી. સમજાણું કાંઈ? ખરેખર તો એ પંચમહાવ્રતના વિકલ્પ છે, રાગ છે એ શ્રદ્ધામાં હેય છે. સમજાણું કાંઈ? અને આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સ્વભાવ તે જ ઉપાદેય છે. એમ હેય અને ઉપાદેયનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન દ્વારા થાય. જો જ્ઞાન ન હોય તો એ જાણપણું થાય નહિ. **'ઔર હેય ઉપાદેયકો જાને બિના સમ્યક્ચારિત્ર નહીં હોતા હૈ...'** હેય અને ઉપાદેય જાણ્યા વિના ચારિત્ર હોય નહિ. ખીચડો કરીને બેસે બધું. ભગવાનનું સ્મરણ કરીએ છીએ ભાઈ. અમે ધ્યાનમાં બેઠા છીએ. શેનું ધ્યાન? ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં. પણ એ તો વિકલ્પ છે, એ તો રાગ છે. એ ધ્યાન નથી. ઘણા ધ્યાનમાં બેઠા છીએ. ૪૮ મિનિટની સામાયિક કરી નાખી. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... કરી અને પાઠ ભણે. પાઠ ભણે. પણ એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એનાથી આત્મા વિકલ્પથી જુદો જાણ્યા વિના તને લાભ થશે ક્યાંથી? આહાહા..! ભારે. જાણવું અને શ્રદ્ધવું, જાણવું અને શ્રદ્ધવું એ ઉપર જોર આખું. પછી ઠરવું. એમ. એ જાણવા-શ્રદ્ધવાનું પેલું જોર પછી ઠરવું એનું ચારિત્ર. જેને જ્ઞાન જ સાચા થયા નથી, શ્રદ્ધાના ઠેકાણા નથી, એને ચારિત્ર ક્યાંથી હોય?

**'વસ્તુઓંકા જાનના નહીં હોતા હૈ (જ્ઞાન કે બિના) ઔર હેય ઉપાદેયકો જાને બિના સમ્યક્ચારિત્ર નહીં હોતા હૈ ઇસલિયે જ્ઞાન હી કો ચારિત્રસે પ્રધાન કહા હૈ.'** જુઓ! અહીં તો ચારિત્રથી પણ જ્ઞાનને પ્રધાન કર્યું, મુખ્ય કર્યું. કેમકે જ્ઞાન વિના વિવેક નહિ આવે, વિવેક વિના જડ અને ચૈતન્ય જુદા નહિ જણાય. જ્ઞાન વિના આસ્રવ અને આત્મા જુદા છે એમ જણાશે નહિ. એને કહે છે. જુઓ! સમજાણું કાંઈ? **'જ્ઞાન હી કો ચારિત્રસે પ્રધાન કહા હૈ.'** ચારિત્રથી પણ જ્ઞાનની મુખ્યતા અહીં વર્ણવી છે. શું કરવા? કે ચારિત્ર થવા પહેલા આવું જ્ઞાન એને હોવું જોઈએ. જો જ્ઞાન ન હોય તો ચારિત્ર હોઈ શકે નહિ, એમ કહે છે.

---

**आगे कहते हैं कि जो सम्यग्ज्ञान सहित चारित्र धारण करता है वह थोडे ही कालमें अनुपम सुखको पाता हैः-**

## ગાથા-૪૩

**चारित्तसमारूढो, अप्पासु परं ण ईहए णाणी।**
**पावइ अइरेण सुहं, अणोवमं जाण णिच्छयदो।।43।।**

चारित्रसमारूढ आत्मनि परं न ईहते ज्ञानी।
प्राप्नोति अचिरेण सुखं अनुपमं जानीहि निश्चयतः।।43।।

જ્ઞાની ચારિત્રારૂઢ થઈ નિજ આત્મમાં પર નવ ચહે,
અચિરે લહે શિવસૌખ્ય અનુપમ એમ જાણો નિશ્ચયે. ૪૩.

**अर्थ :- जो पुरुष ज्ञानी है और चारित्र सहित है वह अपनी आत्मामें परद्रव्यकी इच्छा नहीं करता है, परद्रव्यमें राग - द्वेष - मोह नहीं करता है। वह ज्ञानी जिसकी उपमा नहीं है इसप्रकार, अविनाशी मुक्तिके सुखको पाता है। हे भव्य! तू निश्चयसे इसप्रकार जान। यहाँ ज्ञानी होकर हेय - उपादेयको जानकर, संयमी बनकर परद्रव्यको अपनेमें नहीं मिलाता है वह परम सुख पाता है, - इसप्रकार बताया है।।43।।**

## ગાથા-૪૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્ર ધારણ કરતા હૈ વહ થોડે હી કાલમેં અનુપમ સુખકો પાતા હૈ :–'** લ્યો! એમાં પણ **'अचिरेण'** આવ્યું. આવ્યું હતું ને **'अचिरेण'**? ઓલામાં **'अचिरेण'** આવ્યું હતું. ૪૦.

**चारित्तसमारूढो, अप्पासु परं ण ईहए णाणी।**
**पावई अइरेण सुहं, अणोवमं जाण णिच्छयदो।।43।।**

**'જો પુરુષ જ્ઞાની હૈ ઔર ચારિત્ર સહિત હૈ...'** બે વાત લીધી. જે પુરુષ જ્ઞાનીનો અર્થ સમ્યગ્દૃષ્ટિ છે એને રાગ અને પુણ્યથી જુદો પાડેલો આત્મા જ્ઞાન ને અનુભવમાં આવ્યો છે. એને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. **'જો પુરુષ જ્ઞાની હૈ ઔર ચારિત્ર સહિત હૈ...'** એકલો જ્ઞાની હોય ચોથે-પાંચમે પણ ચારિત્ર ન હોય તો એને મુક્તિ ન હોય, એમ કહે છે. કારણ કે જ્યારે ચારિત્ર સ્થિર થશે ત્યારે મુક્તિ થશે.

**'વહ અપની આત્મામેં પરદ્રવ્યકી ઇચ્છા નહીં કરતા હૈ,...'** લ્યો! **'अप्पासु परं ण ईहए णाणी'** પોતાનો આનંદ સ્વભાવ, જ્ઞાન સ્વભાવ સિવાય વિકલ્પને, શરીરને કે પરને એ ઇચ્છતો નથી. સમજાણું કાંઈ? જ્ઞાની પોતાના આનંદસ્વરૂપ આત્માની ભાવના કરે. રાગ થાય, હોય, પણ એ રાગની ભાવના એને હોતી નથી. સમજાણું કાંઈ?

**'જો પુરુષ જ્ઞાની હૈ ઔર ચારિત્ર સહિત હૈ વહ અપની આત્મામેં પરદ્રવ્યકી ઇચ્છા નહીં કરતા હૈ,...'** એટલે? પોતાના આત્માને વિષે પરદ્રવ્યને ભેળવતો નથી. સ્વદ્રવ્ય જુદું, પરદ્રવ્ય જુદું. રાગ પણ ખરેખર પરદ્રવ્ય છે. આહા..હા...! **'चारित्तसमारूढो, अप्पासु परं ण ईहए णाणी।'** પોતાના આત્માને વિષે પરદ્રવ્યની ઇચ્છા નથી કરતો. ભગવાનઆત્મામાં રાગને કે શરીરની ક્રિયાને ભેળવે નહિ. માટે એની ઇચ્છા એને આત્મામાં રાગને રાખવાની નથી. સમજાણું કાંઈ? લ્યો! ઓલામાં એ આવ્યું .. પરદ્રવ્યની શ્રદ્ધા તે વ્યવહાર. અહીં કહે છે કે પરદ્રવ્યને ઇચ્છે નહિ. વ્યવહાર ઇચ્છે નહિ એમ પણ અર્થ થયો એનો. ચોખ્ખું ત્યાં તો છે. પરદ્રવ્યને ઇચ્છે નહિ. પરદ્રવ્યની શ્રદ્ધા તે વ્યવહાર, સ્વદ્રવ્યની શ્રદ્ધા તે જ્ઞાન. સ્વદ્રવ્યનું જ્ઞાન તે જ્ઞાન, પરદ્રવ્યનું જ્ઞાન તે પરલક્ષી

વ્યવહાર. સ્વદ્રવ્યનું ચારિત્ર તે ચારિત્ર, પરદ્રવ્યનું ચારિત્ર તે અચારિત્ર-રાગ-વ્યવહાર. પરદ્રવ્યને પોતામાં ભેળવે નહિ.

**'પરદ્રવ્યમેં રાગ દ્વેષ મોહ નહીં કરતા હૈ.'** તેથી પરને લઈને રાગ-દ્વેષ કરતો નથી. **'વહ જ્ઞાની જિસકી ઉપમા નહીં હૈ ઇસપ્રકાર અવિનાશી મુક્તિકે સુખકો પાતા હૈ. હે ભવ્ય! તૂ નિશ્ચયસે ઇસપ્રકાર જાન. યહાં જ્ઞાની હોકર હેય ઉપાદેયકો જાનકર, સંયમી બનકર પરદ્રવ્યકો અપનેમેં નહીં મિલાતા હૈ વહ પરમ સુખ પાતા હૈ ઇસપ્રકાર બતાયા હૈ.'** જાણીને સ્વરૂપમાં ઠરે અને વીતરાગતા પ્રગટ કરે તો મોક્ષ થાય. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૮ ગાથા-૪૩ થી ૪૫,૧-૨, બુધવાર, અષાઢ વદ ૧૧, તા. ૨૯-૦૭-૧૯૭૦

આ 'અષ્ટપાહુડ'માંથી ચારિત્રપાહુડનો અધિકાર છે. ૪૩ ગાથા થઈ ગઈ ને? હજી થોડી ફરીને. ૪૩.

**चारित्तसमारूढो, अप्पासु परं ण ईहए णाणी।**
**पावई अइरेण सुहं, अणोवमं जाण णिच्छयदो।।43।।**

આ અધિકાર શું ચાલે છે? સંયમચરણ ચારિત્ર. એમાં સર્વવિરતિ સંયમચરણ ચારિત્ર એ અધિકાર ચાલે છે. ચારિત્રના બે પ્રકાર, એક સમ્યક્ચરણ ચારિત્ર, બીજું સંયમચરણ ચારિત્ર. સંયમચરણ ચારિત્રના બે પ્રકાર : એક દેશસંયમચરણ ચારિત્ર, એક સર્વસંયમચરણ ચારિત્ર. એમાં આ છેલ્લો અધિકાર સર્વ સંયમચરણ ચારિત્રનો અધિકાર છે.

**'જો પુરુષ જ્ઞાની હૈ...'** એટલે જેને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન આત્માનું જ્ઞાન થયું છે, એ જ્ઞાની (છે), જેને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય ટળ્યો છે. અને સ્વ ચૈતન્ય આનંદસ્વરૂપ એને આશ્રયે જેને જ્ઞાન થયું છે એને અહીંયાં જ્ઞાની કહેવામાં આવ્યા છે. એ જ્ઞાની ચારિત્રસહિત હોય એવું જ્ઞાન, દર્શન અનંતાનુબંધીના અભાવનું સ્વરૂપાચરણ ચારિત્ર હોવા છતાં એને ચારિત્ર જો હોય તો મુક્તિ થાય. સમજાણું કાંઈ? ચારિત્ર તરીકે સહિત. જ્ઞાની અને ચારિત્ર સ્વરૂપની વીતરાગતા, જેમાં ત્રણ કષાયનો અભાવ (છે). સમ્યગ્દર્શનમાં તો એક કષાયનો અને મિથ્યાત્વનો અભાવ છે. ચારિત્રમાં તો અનંત પુરુષાર્થથી સ્વરૂપમાં વીતરાગતાની રગડ કરતાં અંદર ઘણી શાંતિ પ્રગટ થાય એને સંયમચરણ ચારિત્ર કહેવામાં આવે છે.

એવું ચારિત્ર જો હોય તો **'વહ અપની આત્મામેં પરદ્રવ્યકી ઇચ્છા નહીં કરતા હૈ,...'** સમ્યગ્દર્શનમાં તો હજી પરદ્રવ્યના લક્ષથી અસ્થિરતાનો શુભ-અશુભરાગ હોય છે. ચારિત્રમાં એ હોતો નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થવા છતાં, સમ્યગ્જ્ઞાન હોવા છતાં સ્વરૂપ આચરણનો ભાવ સમ્યક્ચરણ ચારિત્ર દર્શન આચાર હોવા છતાં હજી એને અનુકુળ-પ્રતિકૂળ પદાર્થ પ્રત્યેની

આસક્તિનો ભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! અનુકૂળ-પ્રતિકૂળ માનીને નહિ. સમજાણું કાંઈ? પણ એવા પરજ્ઞેયોમાં એને પરલક્ષી રાગ અને દ્વેષ જરી સમકિતી હોવા છતાં, ક્ષાયિક સમકિત હોવા છતાં એવો રાગ અને દ્વેષ હોય છે. એ જ્યારે પરદ્રવ્ય પ્રત્યેનો રાગ-દ્વેષ છોડે છે ત્યારે એમાં ચારિત્ર પ્રગટ થાય છે.

'ચારિત્રપાહુડ' છે ને? એમાં સંયમચરણ ચારિત્રની વ્યાખ્યા કરી. હિન્દી છે ને? તમારા હાથમાં ગુજરાતી છે. ૪૩ ગાથા છે. '**अप्पासु परं ण ईहए**' આત્માની અંતર શુદ્ધ વીતરાગી ભાવના સિવાય પરદ્રવ્ય પ્રત્યેની રાગની ઇચ્છા જેને છે નહિ. સમજાય છે કાંઈ? '**અપની આત્મામેં પરદ્રવ્યકી ઇચ્છા નહીં કરતા હૈ,...**' ચારિત્ર છે ને? સમ્યગ્દર્શન થતાં પરદ્રવ્યથી અને પરદ્રવ્યના નિમિત્તે વિકલ્પ જે ઊઠે છે એનાથી ભિન્ન તો પડ્યો છે. ભિન્ન પડવા છતાં સ્વરૂપમાં સ્થિરતાની કચાશ છે. સમજાણું કાંઈ? એ સ્વરૂપમાં સંયમ અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત પરપદાર્થ પ્રત્યેની આસક્તિને છોડી અને પરદ્રવ્યને ઇચ્છે નહિ. એ '**પરદ્રવ્યમેં રાગ - દ્વેષ - મોહ નહીં કરતા હૈ વહ જ્ઞાની જિસકી ઉપમાં નહીં હૈ...**' એવો જે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર સહિત એવા ફળને પામે કે જેની ઉપમા નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ ઉપમા નથી એવા '**અવિનાશી મુક્તિકે સુખકો પાતા હૈ.**' અનંત આનંદની પ્રાપ્તિ એને થાય. સમ્યગ્દર્શન-જ્ઞાન અને એમાં ચારિત્ર એટલે વીતરાગ દશા (પ્રગટ થાય) ત્યારે તેને અનંતસુખ એવો જે મોક્ષ એની એને પ્રાપ્તિ થાય. એમ '**હે ભવ્ય! તૂ નિશ્ચયસે ઉસપ્રકાર જાન.**' હે ભવ્ય! તું નિશ્ચયથી જાણ કે આત્માનું જેને જ્ઞાન અને આત્મામાં ચારિત્ર રમણતા થઈ, નિશ્ચયથી તેને આનંદની પૂર્ણ દશા એવી મુક્તદશા એને પ્રગટ થાય.

'**યહાં જ્ઞાની હોકર હેય - ઉપાદેયકો જાનકર, સંયમી બનકર...**' જુઓ! સમ્યગ્દષ્ટિ અને જ્ઞાની હોવા છતાં જ્યાં સુધી સંયમી ન હોય... ચારિત્ર એટલે અંતર ચારિત્ર, હોં! આ બહારની ક્રિયા પ્રવૃત્તિની વાત નથી. આહાહા..! સ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, એમાં રમણતારૂપી વીતરાગ દશા (થાય) એને અહીં ચારિત્ર કહે છે. વિકલ્પ રહિત. પંચમહાવ્રત તો વિકલ્પ છે એ પણ પહેલી વાત આવી ગઈ છે. એ હોય, પણ એ મૂળ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? એને જ્ઞાનમાં એ વાત નિર્ણય તો કરવી પડશે ને? આત્માનું ભાન હોવા છતાં જ્યાં સુધી સંયમભાવ ન પ્રગટે ત્યાં સુધી તેની મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ?

'**હેય - ઉપાદેયકો જાનકર, સંયમી બનકર...**' દેખો! પાંચ ઇન્દ્રિયના વિષયથી દમન કરી સ્વરૂપની અતીન્દ્રિય આનંદની જેને રમણતા પ્રગટ હોય, એનું નામ ચારિત્ર છે. આહાહા..! એય..! 'પ્રકાશદાસજી'! આ ચારિત્ર છે. દેખો! આત્મા આનંદસ્વરૂપ, ભગવાન આનંદસ્વરૂપ આત્મા (છે). એ આનંદની શ્રદ્ધા થઈ, જ્ઞાન થયું અને અંશે આનંદનો ભાવ પણ થયો. પણ પૂર્ણ આનંદની દશા પ્રગટ કરવા માટે અંતર આનંદમાં રમણતા (થવી), એને ચારિત્ર કહે છે. આહાહા..! ચરવું... ચરવું. ઢોર જેમ ઘાસને ચરે છે એમ આત્મા આનંદને ચરે. આહાહા..! અતીન્દ્રિય આનંદનાથ પ્રભુ, એવો ભગવાનઆત્મા એને અંદર ચરે એટલે રમે. એ આનંદનો અનુભવ–ભોગવટો કરે એને ચારિત્ર

કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– નઈ નઈ પર્યાય કા આનંદ હૈ.

ઉત્તર :– આનંદ છે. નવી નવી પર્યાય વીતરાગી પર્યાય છે ને. ચારિત્ર છે. આનંદ અતીન્દ્રિય ગુણમાંથી પ્રગટે છે. એ કાંઈ બહારની ક્રિયાકાંડ એ આનંદ નહિ અને ચારિત્ર નહિ. ચારિત્ર તો અંતર સ્વરૂપમાં આનંદની પ્રતીતિ જ્ઞાન અનુભવ થવા છતાં ઉપરાંત જ્યારે આનંદમાં મશગુલ ખૂબ થઈ જાય, પ્રચૂર સ્વસંવેદન દશા પ્રગટ થાય, એને ભગવાન ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ?

**'હેય - ઉપાદેયકો જાનકર, સંયમી બનકર પરદ્રવ્યકો અપનેમેં નહી મિલાતા હૈ...'** વિકલ્પ પણ ખરેખર પરદ્રવ્ય છે. આહાહા..! ચૈતન્ય સચ્ચિદાનંદ નાથ, આનંદનો સાગર ભગવાન છે. એમાં જેની રમણતા (થઈ છે), એમાં રાગને ન ભેળવ એમ કહે છે. એનું નામ ભગવાને સંયમચરણ ચારિત્ર કહ્યું છે. એનું નામ સંયમ. આહાહા..!

**'પરદ્રવ્યકો અપનેમેં નહીં મિલાતા હૈ વહ પરમ સુખ પાતા હૈ, - ઇસપ્રકાર બતાયા હૈ.'** વિકલ્પ જે વ્યવહારરત્નત્રયનો રાગ છે એ પણ દુઃખરૂપ છે. આહાહા..! એ પણ અંતર આનંદમૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો મંદિર, સાગર. લ્યો! સાગર આવ્યું તમારું. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એમાં ડૂબકી મારીને આનંદને રમે એનું નામ ચારિત્ર અને એનાથી એને કેવળજ્ઞાનની મુક્તિની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ?

---

**आगे इष्ट चारित्रके कथनका संकोच करते हैं:-**

## ગાથા-૪૪

**एवं संखेवेण य, भणियं णाणेण वीयराएण।**
**सम्मत्तसंजमासय, दुण्हं पि उदेसियं चरणं।।44।।**

एवं संक्षेपेण च भणितं ज्ञानेन वीतरागेण।
सम्यक्त्वसंयमाश्रय द्वयोरपि उद्देशितं चरणम्।।44।।

વીતરાગદેવે જ્ઞાનથી સમ્યક્ત્વ-સંયમ-આશ્રયે,
જે ચરણ ભાખ્યું, તે કહ્યું સંક્ષેપથી અહીં આ રીતે. ૪૪.

**अर्थ :-** एवं अर्थात् ऐसे पूर्वोक्त प्रकार संक्षेपसे श्री वीतरागदेवने ज्ञानके द्वारा कहे इसप्रकार सम्यक्त्व और संयम इन दोनोंके आश्रय से चारित्र सम्यक्त्वचरणस्वरूप और संयमचरणस्वरूप दो प्रकारसे उपदेश किया है, आचार्यने चारित्रके कथनको संक्षेपरूपसे कहकर संकोच किया है।।44।।

---

## ગાથા-૪૪ ઉપર પ્રવચન

**'આગે ઇષ્ટ ચારિત્રકે કથનકા સંકોચ કરતે હૈંઃ-'** એ ચારિત્રનું કથન હવે પૂરું કરે છે.

**एवं संखेवेण य, भणियं णाणेऽ वीयराएण।**
**सम्मत्तसंजमासय, दुण्हं पि उदेसियं चरणं।।44।।**

**'એવં અર્થાત્ ઐસે પૂર્વોક્ત સંક્ષેપસે શ્રી વીતરાગદેવને...'** શ્રી વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા, સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના મુખમાંથી વાણી નીકળી. એ ભગવાને એમ કહ્યું. **'વીતરાગદેવને જ્ઞાનકે દ્વારા કહે...'** ભગવાને જ્ઞાન કરીને કહ્યું. ત્રણકાળ અને ત્રણલોકનું જ્ઞાન કરીને ભગવાને વાણીમાં કહ્યું. **'સમ્યક્ત્વ ઔર સંયમ ઇન દોનોંકે આશ્રય ચારિત્ર...'** દેખો! પહેલું સમ્યક્ચરણસ્વરૂપ ચારિત્ર... અત્યારે વાંધા કાઢે છે ને? ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય. એ વાંધા કાઢે છે. એને કાંઈ ખબર ન મળે. સ્વરૂપાચરણ ચારિત્રનો અંશ પ્રગટ્યા વિના ચોથું ગુણસ્થાન જ ન હોય. સમજાણું કાંઈ? આ સમ્યક્ચરણ. સમ્યક્–સમકિતનો આચાર છે એ.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન ન હોય તો ચરણ એટલે સ્વરુપાચરણ?

ઉત્તર :– ચરણ કહો કે આચાર કહો. સ્વરૂપાચરણ. નિઃશંક આદિ ગુણની પર્યાય અને અઠ્યાવીસ દોષની પર્યાયનો નાશ. પચ્ચીસ દોષ છે ને? આઠ મદ આદિનો નાશ. નિઃશંક આદિની પર્યાય .... એમાં પણ સ્વરૂપ આચરણમાં સ્થિરતા અંશે છે. પણ કહે છે કે એ સમકિતચરણ ચારિત્ર એકલાથી મુક્તિ નથી. સમજાય છે કાંઈ?

**'ઔર સંયમચરણસ્વરૂપ...'** ચારિત્ર. એની સાથે સમ-યમ. સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાનપૂર્વક સ્વરૂપના આનંદની ઉગ્રતાના વેદનમાં જે સંયમચરણ ચારિત્ર હોય એ બેનું કથન આમાં કહ્યું. જુઓ! ચારિત્રમાં સમ્યક્ચરણ ચારિત્રને પણ ચારિત્ર કહ્યું છે. દર્શન આચાર કહો, સમકિત આચાર કહો, સમકિત ચરણ ચારિત્ર કહો, ઇ ચોથે ગુણસ્થાને હોય છે. સમજાણું કાંઈ? એટલાથી મુક્તિ નથી. એ ચારિત્રનું કારણ પ્રગટ્યું. પણ ચારિત્ર વીતરાગતા (પ્રગટી), જ્યાં પરદ્રવ્યથી ડોલ્યો ડોલાય નહિ, હલ્યો હલે નહિ. શાંત... શાંત... શાંત... ઉપશમરસમાં ગરકાવ થઈ ગયો છે. એવું સંયમચરણ ચારિત્ર. એ બે મળીને તેની મુક્તિ થાય છે.

**'ઉપદેશ કિયા હૈ,...'** ભગવાને બેનો ઉપદેશ કર્યો. સમકિતચરણ ચારિત્ર અને સંયમચરણ ચારિત્ર. આ આખા અધ્યાયમાં બેનો ઉપદેશ કર્યો. **'આચાર્યને ચારિત્રકે કથનકો સંક્ષેપરૂપસે કહકર સંકોચ કિયા હૈ.'** એ હવે પૂરું કથન કરે છે. સમજાણું કાંઈ?

आगे इस चारित्रपाहुडको भानेका उपदेश और इसका फल कहते हैं:-

## ગાથા-૪૫

भावेह भावसुद्धं, फुडु रइयं चरणपाहुडं चेव।
लहु चउगइ चइऊणं, अइरेणऽपुणब्भवा होई।।45।।

भावयत भावशुद्धं स्फुटं रचितं चरणाप्राभृतं चैव।
लघु चतुर्गतीः त्यक्त्वा अचिरेण अपुनर्भवाः भवत।।45।।

ભાવો વિમળ ભાવે ચરણપ્રાભૃત સુવિરચિત સ્પષ્ટ જે,
છોડી ચતુર્ગતિ શીઘ્ર પામો મોક્ષ શાશ્વતને તમે. ૪૫.

अर्थ :- यहां आचार्य कहते हैं कि हे भव्यजीवो! यह चरण अर्थात् चारित्रपाहुड हमने स्फुट प्रगट करके हेतु बनाया है उसको तुम अपने शुद्धभावसे भाओ। अपने भावोंमे वारंवार अभ्यास करो, इससे शीघ्र ही चार गतियोंको छोड़कर अपुनर्भव मोक्ष तुम्हें होगा, फिर संसारमें जन्म नहीं पाओगे।

भावार्थ :- इस चारित्रपाहुडको वांचना, पढ़ना, धारण करना, वारम्वार भाना, अभ्यास करना यह उपदेश है, इससे चारित्रका स्वरूप जानकर धारण करनेकी रुचि हो, अंगीकार करे तब चार गतिरूप संसारके दु:खसे रहित होकर निर्वाणको प्राप्त हो, फिर संसारमें जन्म धारण नहीं करे; इसलिये जो कल्याणको चाहते हों वे इस प्रकार करो।।45।।

## ગાથા-૪૫ ઉપર પ્રવચન

**'આગે ઇસ ચારિત્રપાહુડકો ભાનેકા ઉપદેશ ઔર ઇસકા ફલ કહતે હૈં:–'**

भावेह भावसुद्धं, फुडु रइयं चरणपाहुडं चेव।
लहु चउगइ चइऊणं, अइरेणऽपुणब्भवा होई।।45।।

ભગવાન 'કુંદકુંદાચાર્ય મહારાજ' જગતને કહે છે, હે ભવ્ય જીવ! હે આત્માના મોક્ષને લાયક પ્રાણી! આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે કે તું તો ભવ્ય–મોક્ષને માટે લાયક પ્રાણી છો. આહાહા..! એને વાત કરે છે. અભવીને કહેતા નથી. અભવીમાં લાયકાત નથી. સમજાણું કાંઈ?

**'હે ભવ્યજીવો!'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થવાની તારામાં લાયકાત છે. સમજાય છે કાંઈ? **'હે ભવ્યજીવો! યહ ચરણ અર્થાત્ ચારિત્રપાહુડ હમને સ્ફુટ પ્રગટ કરકે બનાયા હૈ...'** ચોખ્ખી રીતે સમ્યક્ચરણ ચારિત્ર કોને કહેવું? સંયમચરણ ચારિત્રના બે ભાગ : દેશસંયમ અને સર્વસંયમ. તેને પ્રગટ રીતે અમે કહીએ છીએ. જેવું ભગવાને કહ્યું હતું એવું કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

બાહ્ય ક્રિયા લૂગડાં ફેરવ્યા કે આ થયા, એ વાત આમાં-ચારિત્રમાં છે જ નહિ. આહાર લીધો અને આહાર છોડ્યો, એવો ગ્રહણ-ત્યાગ આત્માના સ્વરૂપમાં છે જ નહિ. ફક્ત સ્વરૂપનો અનુભવ થતાં, સમ્યગ્દર્શન થતાં એમાં રાગ નથી, તેમાં પરના ગ્રહણત્યાગનો અભાવ છે. એવું જે અંતરમાં ભાન થયું ત્યારે સ્વરૂપમાં સ્થિરતા પણ અંશે થઈ. પણ એટલેમાત્રથી કહે છે કે મુક્તિ ન થાય. સમ-યમ. અંદર રમણતા... રમણતા... રમણતા.... આહાહા..! કહે છે કે એને સાંભળ તો ખરો અને એની ભાવના તો કર. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શ્રદ્ધા જ્ઞાન...

ઉત્તર :– .. વ્યવહાર. અહીં આ બરાબર છે.

**'ચરણ અર્થાત્ ચારિત્રપાહુડ હમને સ્ફુટ પ્રગટ કે બતાયા હૈ...'** ત્યાં તો વળી એમ કહેવા માગે કે ચારિત્ર ન પ્રગટે તો એને જ્ઞાન જ ન કહેવાય. એમ કહેવા માગે છે. એમ નથી પાછું. શ્વેતાંબરની એવી ભાષા છે. જ્ઞાનનું ફળ વિરતિ. વિરતી આવે તો જ્ઞાન કહેવાય. એમ નથી. જ્ઞાન તો પહેલું સમ્યગ્દર્શન, જ્ઞાન ચોખ્ખું અંતર અનુભવમાં પહેલું થાય. પછી એને ચારિત્ર હોય. ફળ એનું કહેવાય. પણ ચારિત્ર ન હોય તો એને જ્ઞાન જ નથી, એમ નથી. અત્યારે પણ એ કહેવાય છે ને. ઘણાએ અર્થ પણ એવો કર્યો છે. આ 'સમયસાર'ના અર્થમાં નહિ? ...

મુમુક્ષુ :– કોણ હતું?

ઉત્તર :- 'શ્રુતસાગર'. 'શ્રુતસાગરે' કર્યો છે ને? આ તો બીજો એણે નહિ. ઓલો. 'અજમેર'માં ઓલો, નહિ? બીજો, ઓલો નહિ? ઓલો 'જ્ઞાનસાગર' બ્રહ્મચારી હતા એ. એણે અર્થ કર્યા છે કે નિર્વિકલ્પતા હોય તો જ્ઞાન કહેવાય. નિર્વિકલ્પતાથી ખસ્યો એટલે અજ્ઞાન કહેવાય. બધી ખોટી વાત છે. સમજાણું કાંઈ? એ લોકોએ એવા ઘણા અર્થ કર્યા છે.

અહીં તો કહે છે, વસ્તુ તો સમ્યગ્દર્શન થતાં નિર્વિકલ્પતા શુદ્ધ ઉપયોગમાં જ એને પ્રાપ્તિ થાય છે. પણ એ શુદ્ધ ઉપયોગ પછી રહી શકતો નથી. અસ્થિરતામાં આવીને અનેક પ્રકારના ત્રણ કષાયના વિકલ્પ હોય છે. એના વિકલ્પ રહિત થઈને શુદ્ધોપયોગનું જે આચરણ કરવું. એને અહીંયાં સંયમચરણચારિત્ર કહેવામાં આવે છે. એ સંયમચરણ ચારિત્ર ન હોય તો સમકિતને જ્ઞાન નથી, એમ નહિ. સમજાણું કાંઈ? અને સમ્યગ્જ્ઞાન અને દર્શન હોય તો ત્યાં ચારિત્રસંયમ હોવું જ જોઈએ એમ નથી. પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન હોવા છતાં સંયમ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી એને મુક્તિ થાય નહિ. આટલી વાત છે. સમજાણું કાંઈ? ...

**'સ્ફુટ પ્રગટ કરકે બનાયા હૈ...'** સમકિતચરણ ચારિત્ર કોને કહેવું અને સંયમચરણ ચારિત્ર. બેના જુદા ભાગ પાડીને વર્ણવ્યું છે. **'ઉસકો તુમ અપને શુદ્ધભાવસે ભાઓ.'** એને તમારા શુદ્ધભાવથી ભાવો. વાહ! શુદ્ધભાવથી ભાવો. જુઓ! અંતર શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર કરીને ભાવો. એવી એકાગ્રતા એ ભાવના. સમજાણું? પાઠમાં **'भावसुद्धं'** શબ્દ છે ને પાઠમાં? એ ભાવશુદ્ધ. શુદ્ધ રાગરહિત. વીતરાગસ્વરૂપ જ આત્મા છે. આત્માનો સ્વભાવ જ વીતરાગ છે. એવા વીતરાગભાવની શુદ્ધ પર્યાય દ્વારા ભાવના કરો. એ ભાવના. કલ્પના અને ચિંતવના એમ નહિ.

અંતર ચૈતન્ય ભગવાન વીતરાગમૂર્તિ, એમાં એકાગ્રતા કરીને એની ભાવના કરો. એમ કહે છે.

**'અપને ભાવોમેં વારંવાર અભ્યાસ કરો,...'** એ શુદ્ધ ચૈતન્ય તરફનો વારંવાર અભ્યાસ કરો. રાગ અને વિકલ્પનો અભાવ કરી, સ્વભાવનો અભ્યાસ થતાં અભાવ થઈ જાય છે, અભાવ કરવો પડતો નથી. સમજાણું કાંઈ? **'શીઘ્ર હી ચાર ગતિયોંકો છોડકર...'** અલ્પકાળમાં ચાર ગતિ છોડી **'અપુનર્ભવ મોક્ષ તુમ્હેં હોગા,...'** કોલકરાર છે કે તમને કેવળજ્ઞાન થશે. આ પ્રમાણે ભગવાનઆત્મા, એનું સમ્યગ્દર્શન પ્રગટ કરી અને પછી શુદ્ધ ભાવના દ્વારા ચારિત્રને પ્રગટ કરી અને પછી ચારિત્ર દ્વારા એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. મુક્તિ થશે, થશે ને થશે. **'ફિર સંસારમેં જન્મ નહીં પાઓગે.'** અરે..! દુઃખદાયક અવતાર કલંક, અવતરવું એ કલંક છે. જન્મ ધારણ કરવો, ચાહે તો દેવનો કે મનુષ્યનો, કલંક છે. ભવ વિનાનો ભગવાન એને ભવ ધારણ થાય એ કલંક છે. એ કલંક રહિત થઈને ભવરહિત થઈ જશે.

આ પ્રમાણે સમ્યક્ચરણ ચારિત્ર અને તે ઉપરાંત સંયમચરણ ચારિત્ર પ્રાપ્ત કરી અને શુદ્ધભાવના દ્વારા ચારિત્ર ન હોય પણ ભાવના કરવી. ચારિત્ર આવું હોય એને જાણવું, એની ભાવના કરવી, એનો વારંવાર અભ્યાસ કરવા માટે પ્રયત્ન કરવો. એમ કરતા સંયમચરણ ચારિત્ર થાય, અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય.

**'ઇસ ચારિત્રપાહુડકો વાંચના,...'** લ્યો! આ ચારિત્રપાહુડને બરાબર વાંચવું. **'પઢના, ધારણા કરના,...'** ધારણ કરવું કે આ શું કહે છે. **'વારંવાર ભાના, અભ્યાસ કરના યહ ઉપદેશ હૈ,...'** આવો ભગવાન 'કુંદકુંદાચાર્યનો' ઉપદેશ છે. **'ઇસસે ચારિત્રકા સ્વરૂપ જાનકર...'** તેથી ચારિત્રના સ્વરૂપને જાણી, દેખો! **'ધારણ કરનેકી રુચિ હો,...'** જુઓ! આ ચારિત્રને ઓળખે તો એની રુચિ થઈ અને વારંવાર એની ભાવના કરવાનો ભાવ થાય. જાણવાની રુચિ હોય તો ચારિત્ર ગ્રહણ કરવાની રુચિ થાય. આ ચારિત્ર ગ્રહણ એટલે સ્વરૂપમાં રમણ એ ચારિત્ર, હોં! બહારથી આમ લૂગડાં ફેરવીને થઈ ગયા ચારિત્ર. એ ચારિત્ર ક્યાં હતા? આહા..હા..! વરને મૂકીને જાન (જોડી દીધી). જાન સમજ્યા? વર-દુલ્હા-દુલ્હા. વરને મૂકીને પછી જાન જોડે. જાન સમજો છો? બારાત. સમજો છો કે નહિ? વરને છોડીને જાન ચાલી. જાન છે, વર નથી. એમ આત્મા આનંદસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ તો નથી અને એનું જ્ઞાન નથી ને ચાલ્યો ચારિત્ર અંગીકાર કરવા. સમજાણું કાંઈ? એ અમારે વર વિનાની જાન એમ કહે છે. દુલ્હા એટલે વર. જાન એટલે બારાત. સમજાણું કાંઈ?

**'તબ ચાર ગતિરૂપ સંસારકે દુઃખસે રહિત હોકર નિર્વાણકો પ્રાપ્ત હો, ફિર સંસારમેં જન્મ ધારણ નહીં કરે;...'** લ્યો! ફરીને જન્મ ધારણ કરે નહિ. **'ઇસલિયે જો કલ્યાણકો ચાહતે હોંવે ઇસ પ્રકાર કરો.'** કલ્યાણના અર્થીએ આવું સમ્યગ્દર્શન ચારિત્ર પ્રગટ કરી પછી સંયમચરણ ચારિત્ર પ્રગટ કરો. સમજાણું કાંઈ?

(छप्पय)

चारित दोय प्रकार देव जिनवरने भाख्या।
समकित संयम चरण ज्ञानपूरव तिस राख्या।।
जे नर सरधावान याहि धारैं विधि सेती।
निश्चय अर व्यवहार रीति आगममें जेती।।
जब जगधंधा सव मेटिकैं निजस्वरूपमें थिर रहै।
तब अष्टकर्मकूं नाशिकै अविनाशी शिवकूं लहै।।1।।

ऐसे सम्यक्त्वचरण चारित्र और संयमचरण चारित्र - दो प्रकारके चारित्रका स्वरूप इस प्राभृतमें कहा।

(दोहा)

जिनभाषित चारित्रकूं जे पालैं मुनिराज।
तिनिके चरण नमूं सदा पाऊं तिनि गुणसाज।।2।।

इति श्रीकुन्दकुन्दाचार्यस्वामि विरचित चारित्रप्राभृतकी पं. जयचन्द्रजी छावड़ाकृत देशभाषामय वचनिकाका हिन्दी भाषानुवाद समाप्त।।3।।

---

(छप्पय)

चारित दोय प्रकार देव जिनवरने भाख्या।
समकित संयम चरण ज्ञानपूरव तिस राख्या।।
जे नर सरधावान याहि धारैं विधि सेती।
निश्चय अर व्यवहार रीति आगममें जेती।।
जब जगधंधा सब मेटिकैं निजस्वरूपमें थिर रहै।
तब अष्टकर्मकूं नाशिकै अविनाशी शिवकूं लहै।।1।।

અર્થ :– **'चारित दोय प्रकार'** ચારિત્રના બે પ્રકાર. **'देव जिनवरने भाख्या'** જિનવર દેવે કહ્યા. સમકિત ચારિત્ર અને સંયમ ચારિત્ર. જુઓ! બે આવ્યા. **'समकित संयम चरण'** સમકિત ચરણ અને સંયમ ચરણ. બે પ્રકારનું ચારિત્ર ભગવાન વીતરાગદેવે કહ્યું. **'ज्ञानपूरव तिस राख्या'** પણ જ્ઞાન સહિત એમ કહે છે. .. જ્ઞાન નહોતું .. જ્ઞાન તો સમ્યગ્દર્શનમાં હોય છે. **'ज्ञानपूरव तिस राख्या'** જેમાં સમ્યગ્દર્શન છે ત્યાં જ્ઞાન પણ સાચું હોય છે. ત્યારે તેને ચારિત્ર સાચું હોય છે.

**'जे नर सरधावान'** જે નર શ્રદ્ધાવાન. પૂર્ણ પરમાત્મસ્વરૂપ પોતાનું, એની શ્રદ્ધા કરનારો. **'याहि धारैं विधि सेती'** એ સમ્યક્ચરણ ચારિત્રને ધારે અને પછી સંયમચરણ ચારિત્રને ધારે. **'विधि सेती'** વિધિથી. પહેલું સમ્યક્ચરણ ચારિત્ર ન હોય અને સંયમચરણ ચારિત્ર હોય, એ વિધિ છે નહિ. પહેલું સમ્યક્ચરણ ચારિત્ર હોય પછી સંયમચરણ ચારિત્ર (આવે) તે વિધિ છે. પણ ભાન

વિના સમ્યક્ચરણ ચારિત્ર નહિ અને પછી ક્રિયા અંગીકાર કરી એ ચારિત્ર છે, એમ છે નહિ.

**'निश्चय अर व्यवहार'** એમ પહેલા આવ્યું હતું ને? પંચમહાવ્રતાદિ. એ વ્યવહાર છે. પંચ મહાવ્રત હોય છે. આત્માનું સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન અને આત્માનું જ્યાં ચારિત્ર હોય છે ત્યાં પરદ્રવ્યના આશ્રયનો, પંચમહાવ્રતનો વિકલ્પ પણ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય. પર દ્રવ્ય છે. એ વ્યવહાર છે. અને સ્વરૂપમાં શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા એ નિશ્ચય છે. સ્વઆશ્રય તે નિશ્ચય અને પર આશ્રય તે વ્યવહાર. પરદ્રવ્યના આશ્રયે જેટલા વિકલ્પ ઊઠે એ બધું પરદ્રવ્ય. સમજાણું કાંઈ? સ્વ ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવ, શુદ્ધ પવિત્ર આનંદ સ્વભાવ આત્માનો, એને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સ્વ એટલે નિશ્ચય. એમાં જરી પંચમહાવ્રતાદિનો વિકલ્પ ઉઠે એ વ્યવહાર. આ નિશ્ચય હોય તો ઓલાને વ્યવહાર કહેવાય. નિશ્ચય ન હોય તો વ્યવહાર કહેવાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સવિકલ્પ ચારિત્ર?

ઉત્તર :- ના. નિર્વિકલ્પ ચારિત્ર. પંચમહાવ્રત એ વ્યવહાર ચારિત્ર.

મુમુક્ષુ :– ..

ઉત્તર :- ચારિત્ર જે સંયમ છે એ નિર્વિકલ્પ સંયમચરણ ચારિત્ર. અને પંચમહાવ્રતના વિકલ્પ એ સવિકલ્પ વ્યવહાર ચારિત્ર. બંધનું કારણ. નિર્વિકલ્પ સંયમચરણ ચારિત્ર એ રાગ રહિત ચારિત્ર અને પંચમહાવ્રતનો વિકલ્પ એ રાગ. સવિકલ્પ એ રાગ છે. પણ હોય છે. છઠ્ઠી ગુણસ્થાન ભૂમિકામાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ થાય નહિ અથવા સપ્તમમાં જાય નહિ ત્યાં સુધી એવો વિકલ્પ હોય છે તેથી એને વ્યવહારચારિત્ર કહ્યું. છે વ્યવહારચારિત્ર બંધનું કારણ. નિશ્ચયચારિત્ર મોક્ષનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'रीति आगममें जेती'** જેટલી વ્યવહાર-નિશ્ચયની રીત કીધી એને બરાબર જાણીને વિધિથી કરવું. **'जब जगधंधा सब मेटिकैं'** લ્યો! એ જગ ધંધા. વ્યવહાર પણ જગ ધંધા છે. એને છોડીને **'निजस्वरूपमें थिर रहै।'** આહાહા..! પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ અને બાર વ્રત એ બધા જગધંધા છે. વ્યવહાર ધંધા, રાગ ધંધા, બંધના ધંધા છે. આહાહા..! 'યોગસાર'માં આવે છે ને, ભાઈ! નહિ? વ્યવહાર-ધંધા છોડીને. વ્યવહારે ધંધા ફસ્યા, બહુધા જગના લોભ. વ્યવહારે ધંધે ફસ્યા. આ વિકલ્પ આ કરું અને આ ન કરું. એ વિકલ્પમાં વ્યવહાર-ધંધામાં ફસાઈ ગયા. એ તો રાગ છે, સંસાર છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગતા નિર્વિકલ્પતા હોય ત્યાં આવો વિકલ્પ હોય છે. બસ. એટલું. ન હોય એમ નહિ. છઠ્ઠે ગુણસ્થાને એવો ભાવ હોય. વ્યવહાર હોય છે. પણ વ્યવહાર તે...

મુમુક્ષુ :– સાથે નિશ્ચય હોય કે એકલો વ્યવહાર?

ઉત્તર :- એકલો વ્યવહાર હોય જ નહિ. વ્યવહાર ક્યાંથી .. આવ્યો? નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય. કીધું ને. ત્યારે ઓલા પંચ મહાવ્રતના વિકલ્પ હોય. ત્યારે એને વ્યવહાર કહેવામાં આવે. એને વ્યવહાર તો બંધનું કારણ છે. અજ્ઞાનીને તો વ્યવહાર ક્યાં છે? સમ્યગ્દર્શન

વિના, નિશ્ચયચારિત્ર વિના વ્યવહારચારિત્ર ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આ વિધિ છે. વિધિ એ છે એની. આહા..હા..! વીતરાગ માર્ગ એવો કઠણ અને કડક અને સ્વભાવને આશ્રયે પ્રગટ. આહા..હા..! પ્રગટ કરીને કહ્યું, બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! એમાં કોઈ પક્ષની વાત નથી.

**'जब जगधंधा सब मेटिकैं निजस्वरूपमें थिर रहै।'** લ્યો! એ વ્યવહાર-ફ્યવહાર જે આગમમાં કહ્યો હતો એ પ્રમાણે હોય એને છોડીને સ્વરૂપમાં સ્થિર થાય. **'तब अष्टकर्मकूं नाशिकै अविनाशी शिवकूं लहै।।'** લ્યો! ત્યારે આઠે કર્મનો નાશ કરીને મુક્તિપદને પામે. **'ઐસે સમ્યક્ત્વચરણ ચારિત્ર ઔર સંયમચરણ ચારિત્ર - દો પ્રકારકે ચારિત્રકા સ્વરૂપ ઇસ પ્રાભૃતમે કહા.'** લ્યો! આ ચારિત્રપાહુડમાં.

**'जिनभाषित चारित्रकूं'** જુઓ! વીતરાગે કહ્યું એ. અજ્ઞાનીઓએ કહ્યું ચારિત્ર-ફારિત્ર નહિ. સર્વજ્ઞ પરમાત્મા.

**जिनभाषित चारित्रकूं जे पालैं मुनिराज।**
**तिनिके चरण नमूं सदा पाऊं तिनि गुणसाज।।2।।**

એવા ચારિત્રને જે મુનિરાજ સમ્યગ્દર્શન-જ્ઞાન ચરણ સહિત ચારિત્રને પાળે, તેના ચરણને નમું. **'सदा पाऊं तिनि गुणसाज।'** તેના ગુણનો સમુદાય તેને હું પામું. મુનિને જે ગુણનો સમુદાય પ્રગટ્યો છે તે હું પામું. એવી ભાવનાથી વંદન કરે છે. **'કુંદકુંદાચાર્યસ્વામી વિરચીત ચારિત્રપ્રાભૃતકી પં. જયચન્દ્રજી છાવડાકૃત દેશભાષામય વચનિકાકા હિન્દી ભાષાનુવાદ સમાપ્ત.'** લ્યો!

---

## બોધપાહુડ
## ૪

(दोहा)

**देव जिनेश्वर सर्वगुरु, बंदू मन-वच-काय।**
**जा प्रसाद भवि बोधले, पालैं जीव निकाय।।1।।**

**इसप्रकार मंगलाचरणके द्वारा श्री कुन्दकुन्द आचार्यकृत प्राकृत गाथाबद्ध 'बौधपाहुड'की देशभाषामय वचनिकाका हिन्दी भाषानुवाद लिखते हैं, पहिले आचार्य ग्रन्थ करनेकी मंगपूर्वक प्रतिज्ञा करते हैं:-**

---

હવે ચોથું 'બોધપાહુડ'.

(दोहा)

**देव जिनेश्वर सर्वगुरु, बंदू मन-वच-काय।**
**जा प्रसाद भवि बोधले, पालैं जीव निकाय।।1।।**

દેવ જિનેશ્વરને અને સર્વ ગુરુઓને વંદન કરી. મન-વચન-કાયાથી. જેની પ્રસાદીથી ભવિ બોધ લે. દેવ-ગુરુ અને પ્રસાદે બોધ એટલે સમ્યગ્જ્ઞાન પામે. અને પાળે જીવની કાય. છકાયના જીવને પાળે. આમાં છકાયનું મૂળ આવશે. છકાય જીવના હિતને માટે હું આ વાત કરીશ એમ આવશે. સમજાણું?

**'ઇસ પ્રકાર મંગલાચરણકે દ્વારા શ્રી કુન્દકુન્દ આચાર્યકૃત પ્રાકૃત ગાથાબદ્ધ બોધપાહુડ કી દેશભાષામય વચનિકાકા હિન્દી ભાષાનુવાદ લિખતે હૈં, પહિલે આચાર્ય ગ્રન્થ કરનેકી મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરતે હૈં :–'**

## ગાથા-૧-૨

**बहुसत्थअत्थजाणे, संजमसम्मत्तसुद्धतवयरणे।**
**वंदित्ता आयरिए, कसायमलवज्जिदे सुद्धे।।1।।**
**सयलजणबोहणत्थं, जिणमग्गे जिणवरेहिं जह भणियं।**
**वोच्छामि समासेण, [1]छक्कायसुहंकरं सुणह।।2।।**

बहुशास्त्रार्थज्ञापकान् संयमसम्यक्त्वशुद्धतपश्चरणान्।
वन्दित्वा आचार्यान् कषायमलवर्जितान् शुद्धान्।।1।।
सकलजनबोधनार्थं जिनमार्गे जिनवरैः यथा भणितम्।
वक्ष्यामि समासेन षट्कायसुखंकरं श्रृणु।।2।। युग्मम्।।

શાસ્ત્રાર્થ બહુ જાણે, સદ્દગસંયમવિમલ તપ આચરે,
વર્જિતકષાય, વિશુદ્ધ છે, તે સૂરિગણને વંદીને. ૧.
ષટ્કાયસુખકર કથન કરું સંક્ષેપથી, સુણજો તમે,
જે સર્વજનબોધાર્થ જિનમાર્ગે કહ્યું છે જિનવરે. ૨.

**अर्थ :-** आचार्य कहते हैं कि - मैं आचार्योंको नमस्कार कर, छहकायके जीवोंको सुखके करनेवाले, जिनमार्गमें जिनदेवने जैसे कहा है वैसे जिसमें समस्त लोकके हितका ही प्रयोजन है ऐसा ग्रन्थ संक्षेपसे कहूँगा, उसको हे भव्य जीवो! तुम सुनो जिन आचार्योंकी वंदना की वे आचार्य कैसे हैं? बहुत शास्त्रोंके अर्थको जाननेवाले हैं, जिनका तपश्चरण सम्यक्त्व और संयमसे शुद्ध है, कषायरूप मलसे रहित हैं इसीलिये शुद्ध हैं।

---

1. मुद्रित सटीक संस्कृत प्रतिमें 'छक्कायहियंकर' ऐसा पाठ है।

भावार्थ :- यहाँ आचार्योंकी वंदना की, उनके विशेषणोंसे जाना जाता है कि - गणधरादिकसे लेकर अपने गुरुपर्यंत सबकी वन्दना है और ग्रन्थ करनेकी प्रतिज्ञा की उसके विशेषणोंसे जाना जाता है कि - जो बोधपाहुड ग्रन्थ करेंगे वह लोगोंको धर्ममार्गमें सावधान कर कुमार्ग छुड़ाकर अहिंसाधर्मका उपदेश करेगा ।।1-2।।

## ગાથા-૧-૨ ઉપર પ્રવચન

**बहुसत्थअत्थजाणे, संजमसम्मत्तसुद्धतवयरणे।**
**वंदित्ता आयरिए, कसायमलवज्जिदे सुद्धे ।।1।।**
**सयलजणबोहणत्थं, जिणमग्गे जिणवरेहिं जह भणियं।**
**वोच्छामि समासेण, 'छक्कायसुहंकरं सुणह ।।2।।**

'**छक्कायसुहंकरं**' અથવા '**छक्कायहियंकर**' નીચે છે. આમાં બધો નિશ્ચય અધિકાર આવશે. જિનપ્રતિમા નિશ્ચય સંયમી મુનિ, જિન બિંબ પણ સંયમી મુનિ. આ પ્રતિમા જિનબિંબ એ તો વ્યવહાર છે. આવો નિશ્ચય હોય ત્યાં એને આવો વ્યવહાર વિકલ્પ હોય. પણ એકલા જિનબિંબને બહારને જ માને અને અંતરના જિનબિંબને ઓળખે નહિ.. સમજાણું કાંઈ? આ મુનિરાજ જ જિનબિંબ છે એમ કહેશે. આત્માના દર્શનસહિત જેને અંતર ચારિત્રદશા પ્રગટ થઈ છે એ જિનબિંબ છે, વીતરાગી બિંબ છે. આ પ્રતિમા આદિ તો વ્યવહાર છે. આવું હોય ત્યાં એવો વ્યવહાર હોય. ઠરી ન શકે તો શુભરાગ હોય છે. પણ આને જ એકલું જિનબિંબ માની લે અને સચેતન ભગવાનઆત્માને જિનબિંબ તરીકે ઓળખીને ન ઠરે તો આ જિનબિંબથી વ્યવહારે પણ એને કહેવાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા તો અગિયાર બોલ આવશે. બધા નિશ્ચયના. જિનપ્રતિમા પણ એ ને એ બધા અંદર આવશે.

**'આચાર્ય કહતે હૈં કિ - મૈં આચાર્યોંકો નમસ્કાર કર,...'** જુઓ! આચાર્ય કહે છે કે હું આચાર્યને વાંદીને **'છહકાયકે જીવોંકો સુખકે કરનેવાલે,...'** દેખો! છકાયના જીવને સુખના કરવાવાળો. એમાં આત્મા આવ્યો ને? **'જિનમાર્ગમેં જિનદેવને જૈસે કહા...'** કોઈ એમ કહે કે આ જિનબિંબ આદિ પ્રતિમા એ નહિ અને આ પ્રતિમા તે જિનપ્રતિમા એમ જે કહ્યું છે એ કોણે કહ્યું? એ **'જિનમાર્ગમેં જિનદેવને જૈસે કહા હૈ...'** સમજાણું કાંઈ? જિનપ્રતિમા, જિનબિંબ એ આત્માનું સ્વરૂપનું ભાન થઈને ઠરે એ જિનબિંબ અને જિનપ્રતિમા છે.

નિશ્ચયથી જિનપ્રતિમા અને જિનબિંબને ઓળખે નહિ અને એકલા બહાર જિનબિંબને ત્યાં માથા ફોડ્યા કરે અને એનાથી ધર્મ થાય એમ માને તે અજ્ઞાની છે, એમ કહે છે. એય..! વ્યવહાર છે પણ ક્યારે? કે નિશ્ચય હોય તો ને. એમ કહે છે. જિનબિંબ પોતે વીતરાગી આત્મા અખંડાનંદ

વિકલ્પ વિનાનો ચૈતન્ય નિર્વિકલ્પ, એની તો દૃષ્ટિ જ્ઞાન ને સ્થિરતા નથી અને એકલા જિનબિંબમાં જઈને એને લઈને કલ્યાણ થઈ જશે અને મુક્તિ થશે... એમ જિનવરદેવે કહ્યું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એને નહિ. અંતર દેખતા થાય. એને દેખતા શું થાય? અંતર સન્મુખ થઈ અને જિનબિંબ વીતરાગનો આશ્રય કરે ત્યારે સમકિત થાય. ત્યારે સામે જિનબિંબ હોય તે નિમિત્ત કહેવામાં આવે. ત્યાં સામું જોઈને થાતું હશે? અંતર આખો વીતરાગબિંબ ચૈતન્યમૂર્તિ પ્રકાશનો પુંજ, ચૈતન્યપ્રકાશનો પુંજ એની સામું જોતા, એકાગ્ર થતાં સમ્યક્ થાય. ભગવાનની સામું જોતા થાતા હશે? સાક્ષાત્ તીર્થંકર હોય અને સમવસરણમાં બિરાજતા હોય. એની સામું જોતા એ તો વિકલ્પ છે. આહાહા...! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જોઈને સ્મરણમાં લાવે.

ઉત્તર :– પરમાં લાવે એ આત્માને સ્મરણમાં લાવે. એ જોયું માટે સ્મરણમાં લાવે એમ પણ નથી. એના તરફનું જ્ઞાન અને વિકલ્પ છે એ પણ આત્માના સ્વભાવને પ્રાપ્ત કરવામાં કારણ નથી. એમ કહે છે. બહિર્લક્ષી જ્ઞાન છે એ તો. આ ભગવાન છે, આ પ્રતિમા છે, આ તીર્થંકર છે, લ્યો ને. એવું જે જ્ઞાન છે એ બહિર્લક્ષી જ્ઞાન છે, પરસત્તાવલંબી જ્ઞાન છે. નિજસ્વભાવનું સત્તાવલંબી એ જ્ઞાન નહિ. હોય છે, જ્યાં સુધી વીતરાગતા ન હોય ત્યાં સુધી એને ચોથે-પાંચમે-છઠ્ઠે એવો પૂજા-ભક્તિનો શુભ વિકલ્પ હોય છે. પણ એકલી ભક્તિને એને જ માની બેસે કે આ જ મને ધર્મ અને સંવર-નિર્જરા છે, તો કહે છે કે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જેમ મહાવ્રતને માનીને ચારિત્ર માને એ મૂઢ છે. પણ જ્યાં આત્માનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ્યું ત્યારે મહાવ્રતના વિકલ્પ હોય છે. પણ મહાવ્રતના વિકલ્પને જ ચારિત્ર માને એ મૂંઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, કહે છે.

એમ આત્મા સમ્યગ્દર્શન આત્મા ચૈતન્યનો બિંબ છે પ્રભુ, એની દૃષ્ટિ અને જ્ઞાનસહિત હોય એને વીતરાગની પ્રતિમા અને ભગવાન પ્રત્યેનો ભક્તિનો શુભરાગ આવે એને વ્યવહાર કહેવામાં આવે. પણ એ વ્યવહારમાં જ માની લે અને અહીં આત્માની તો કાંઈ ખબર છે નહિ. તો એને કાંઈ કલ્યાણ-ફલ્યાણ થાતું નથી. એવો સ્યાદ્વાદ માર્ગ છે. સમજાણું કાંઈ?

**'આચાર્ય કહતે હૈં કિ - મૈં આચાર્યોંકો નમસ્કાર કર, છહકાયકે જીવોકો સુખકે કરનેવાલે,...'** ભાષા કેવી લીધી, જુઓ! આહા..હા..! **'જિનમાર્ગમાં જિનદેવને વૈસે કહા...'** જિનમાર્ગને વિષે વીતરાગમાર્ગમાં વીતરાગદેવે આમ કહ્યું. **'તૈસે જિસમેં સમસ્ત લોકકે હિતકા હી પ્રયોજન હૈ ઐસા ગ્રન્થ સંક્ષેપસે કહૂંગા, ઉસકો હે ભવ્ય જીવો! તુમ સુનો. જિન આચાર્યોંકી વંદના કી વે આચાર્ય કૈસે હૈં?'** જે આચાર્યને ભગવાન 'કુંદકુંદાચાર્ય' વંદન કરે છે,એ આચાર્ય કેવા છે કહે છે.

**'બહુત શાસ્ત્રોકે અર્થકો જાનનેવાલે હૈં,...'** એમ. એટલે શું? કે એકલા મૂર્તિ અને પ્રતિમા અને બહારનું જાણ્યું છે અને આત્મા અંદર શું છે એનું જાણ્યું નથી એવા નહિ. આત્માને જાણનારા અને બીજા વ્યવહાર શાસ્ત્રના પણ જાણનારા એવા આચાર્ય હોય. સમજાણું કાંઈ? કહે છે કે **'બહુત શાસ્ત્રોંકે અર્થકો જાનનેવાલે હૈં,...'** ઘણા શાસ્ત્રના અર્થને જાણનારા. નિશ્ચય કોને કહેવો, વ્યવહાર

કોને કહેવો, નિમિત્ત કોને કહેવું, ઉપાદાન કોને કહેવું, એ બધા શાસ્ત્રનો એ જાણનાર હોય છે. સમજાણું કાંઈ? એકલું બહારથી મનાવી દે, શાસ્ત્રમાં બહારથી આવ્યું એટલે. કરો જાત્રા તમારું ત્રીજે ભવે કલ્યાણ થશે. સમ્મેદશિખરની જાત્રા કરે. આવે છે કે નહિ? 'પંડિતજી'! એમાં શું આવે છે?

મુમુક્ષુ :– એકવાર વંદે જો કોઈ.

ઉત્તર :– 'એકવાર વંદે જો કોઈ...' એ કહે છે કે આત્માના ભાન વિના લાખ વાર વંદન થાય તોપણ કલ્યાણ નથી, લે. તારા સમ્મેદશિખરને... આહાહા..! સાક્ષાત્ ત્રિલોકના નાથ તીર્થંકરદેવને આત્માના દર્શન અને જ્ઞાનના અનુભવ વિના એકલા વંદન એ તો વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ છે. ધર્મ-બર્મ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– તો શું થયું? આત્માની સાથે ન ગયો ત્યાં પરની સાથે શું કરે? સમજાણું કાંઈ?

ભગવાન અનંતનાથ, અનંતનાનાથ લ્યો વળી એ આવ્યું. અનંત શુદ્ધ સ્વરૂપ, અનંત શુદ્ધ સ્વરૂપ, એનો જે રખવાળો ભગવાનઆત્મા પોતે, એની શ્રદ્ધા-જ્ઞાનના ઠેકાણા નહિ અને સંયમ એટલે સ્વરૂપમાં સ્થિરતાનો ભાવ નહિ અને એકલા વ્યવહારને માને. ઊંડે ઊંડે તો એવું કહ્યું કે છકાયના હિતકરને એટલે? ઓલામાં જરી છકાયની હિંસાનો થોડો સાવદ્યયોગ છે. આવે છે ને? સાવદ્ય લેશો બહુ પુણ્ય રાખી થોડો સાવદ્યભાવ હોય છે, આ રાગ. ઘણો પુણ્યભાવ એમાં હોય છે. આમાં તો બિલકુલ સાવદ્ય નહિ એમ કહેવા માગે છે. ભાઈ! આહા..હા..! છકાય જીવનું કહીને એમ કહેવા માગે છે.

અહો..! જેમાં એકપણ એકેન્દ્રિય જીવ પાણીના, જળના જીવને કંઈપણ દુઃખ થાય એવો આમાં વિકલ્પ છે જ નહિ. આહાહા..! એ વાત કરે છે. ભક્તિનો, મંદિરનો શુભરાગ આવે. એમાં સહેજ થોડો રાગનો ભાગ છે, સાધકપણું છે અને થોડુંક પુણ્ય પણ એમાં વિશેષ શુભભાવ હો. આમ કહે છે, હોં! મૂળ તો કહેવા માટે. સમજાણું કાંઈ? જેમાં છકાયના જીવને એટલે પોતાના અને કોઈ બીજા પ્રાણીના. જરીએ કોઈને દુઃખ નહિ એવો અંતરનો માર્ગ વીતરાગે કહ્યો છે એ માર્ગ કહીશ.

એકલો ચૈતન્ય ભગવાન, પુણ્ય અને પાપના વિકલ્પના રાગ વિનાનો, એનું સ્વરૂપ જે અંદર જાણે-ઠરે એને જિનપ્રતિમા, એને જિનબિંબ, એને નિર્ગ્રંથમાર્ગ, એ મોક્ષનો માર્ગ, એ જિનમુદ્રા, એ પ્રવજ્યા, એ તીર્થ વગેરે (કહેવામાં આવે છે). આહાહા..! બહારના એકલા તીર્થને વંદન કરીને જાણે કલ્યાણ થઈ જશે એમ છે નહિ. આહાહા..! એવી વાત છે. એ માટે તો જિનવરદેવે જિનમાર્ગમાં આવો માર્ગ છકાયના હિતનો સુખકર કહ્યો છે. જેમાં પોતાને, પરને કંઈપણ દુઃખનો અંશ નથી. એવો માર્ગ વીતરાગે નિશ્ચયથી આ કહ્યો છે. સમજાણું કાંઈ? વ્યવહારમાં મંદિર બનવામાં, શાસ્ત્રમાં કંઈપણ રાગભાગ છે અને સાવદ્યમાં એકેન્દ્રિય જીવને પણ જરી પાણીના એવા જીવને દુઃખ થાય છે. ભલે શુભભાવ હો. સમજાણું કાંઈ? એ કહેવા માગે છે આમાં. એમાં એકલો આત્મા છકાયના

જીવને સુખકર, પોતાને અને પરને બધાને. એમ કહે છે. એવો નિશ્ચય માર્ગ, આત્માને આશ્રયનો માર્ગ, જેમાં પરના આશ્રયની કાંઈ બિલકુલ ગંધ નથી. એવો માર્ગ અંતરનો એને જિનવરે કહ્યો છે. જિનમાર્ગમાં એને કહ્યું. સમજાણું કાંઈ?

**'બહુત શાસ્ત્રોંકે અર્થકો જાનનેવાલા હૈ, જિનકા તપશ્ચરણ સમ્યક્ત્વ ઔર સંયમસે શુદ્ધ હૈ,...'** જેને હું વંદન કરું એ આચાર્ય કેવા છે? ઘણા શાસ્ત્રના જાણનાર છે, સંયમ અને સમકિત સહિત છે. લ્યો! શુદ્ધ. અને તપશ્ચરણ જેનું શુદ્ધ છે. તપશ્ચરણ-તપસ્યા, ઇચ્છાનિરોધ. આનંદના ઉછાળા મારતી તપસ્યા એને છે અંદરમાં. અતીન્દ્રિય આનંદ જેને ઊછળી રહ્યો છે. એવી તપસ્યા. એવા સંતોને હું વંદન કરું છું. 'કુંદકુંદાચાર્ય' એમ પોતે કહે છે. સમજાણું કાંઈ?

**'કષાયરૂપ મલસે રહિત હૈ ઇસલિયે શુદ્ધ હૈં.'** સમકિતે કરીને શુદ્ધ છે. તપશ્ચરણ જેને છે. એમાં કષાયનો અંશ તપસ્યામાં છે નહિ. ઓલી ઇચ્છા ઉત્પન્ન થાય ને? કે આમ ન ખાવું. એ તપ નહિ. આહા..હા..! ખાવું નથી એ પણ ... છે, ફલાણું કરવું છે એ વિકલ્પ છે. એ તપસ્યા નથી. એ કષાયમલરહિત અકષાય પરિણામ ઉત્પન્ન થાય એને તપસ્યા કહેવામાં આવે છે. આહા..હા..! 'ધર્મદાસજી'! આવો માર્ગ છે. ભગવાન મોટો બિરાજે છે ને નાથ! તારામાં શું ખામી છે? કે જ્યાં પરનો આશ્રય લઈને તને લાભ થાય. એમ કહે છે. પૂર્ણાનંદનો નાથ સ્વભાવથી ભરેલો, એના આશ્રયમાં જ બધું પોતાને અને પરને હિતનું કારણ છે. એવો જિનવરના માર્ગમાં જિનવરે કહ્યું.

પાછું વળી આ વાંચીને કેટલાક એમ કહે. આ જિનબિંબ અને આ જિન પ્રતિમા મને બહુ સારી બેસે. આ જિનબિંબ વ્યવહારે મને બેસે નહિ. પણ એ વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહે નહિ. તો એને આ પણ નથી બેઠું. સમજાણું કાંઈ? ઘણા એમ કહે છે. એક કહે છે ને પંડિત? તમારે પંડિત છે ને, ઓલો નાનો કોણ 'અમૃતલાલ'? 'અમૃતલાલજી'? કોણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- '...લાલે' ... પાડી હતી અને એક ઓલો અમૃતલાલ છે. .. નહોતો ત્યાં? અમૃતલાલ નહિ. તારણપંથીમાં 'અમૃતલાલ' છે એક. એ ત્યાં આવ્યા હતા. આ બોધપાહુડમાં પ્રતિમાનું સ્વરૂપ એ અમને બહુ રુચે.

મુમુક્ષુ :- 'અમથાલાલ'?

ઉત્તર :- 'અમથાલાલ' છે પણ બીજો 'અમૃતલાલ' છે. ત્યાં આપણે આવ્યા હતા.

મુમુક્ષુ :- ચંચળ.

ઉત્તર :- ચંચળ, 'અમૃતલાલ ચંચળ'. એ કહેતા હતા. ઓલા ભાઈ કેવા તમારા? 'અમથાલાલ' તો એ કહેતા હતા કે જિનપ્રતિમા છે જ નહિ ક્યાંય. સ્વર્ગમાં પણ નથી, ફલાણે નથી. ભાઈ! તમને ખબર વિના... કાંઈ નથી. લોકોએ કલ્પનાથી ઉઠાવ્યું છે. અરે..! શાસ્ત્રમાં જિનપ્રતિમાઓ (કહી) છે. અહીં જિનપ્રતિમા છે. પણ એ વ્યવહાર જ્યારે નિશ્ચય હોય અંદરનું ભાન ત્યારે એવો વિકલ્પ હોય એને વ્યવહાર કહ્યો છે. એટલે ન હોય એમ પણ નહિ અને હોય તો તે ધર્મ છે એમ પણ નહિ. 'જેઠાલાલજી'! આવી વાત છે. ઓલો આ સાંભળેને એ કહેતા હતા એ. આ

બોધપાહુડમાં જે જિનબિંબની પ્રતિમાની વ્યાખ્યા છે એ બરાબર મને બેસે. એ બરાબર બેઠી નથી. જેને પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી નિશ્ચયસહિતમાં જિનપ્રતિમા, જિનબિંબ એવા વંદનનો વ્યવહાર વિકલ્પ-રાગ હોય છે. છે એ પુણ્ય, પણ એ ભાવ આવ્યા વિના રહે નહિ. એવો વ્યવહાર હોય છે. ત્યારે એને નિશ્ચય હોય તો ઓલાને વ્યવહાર કહેવામાં આવે. અને આ નિશ્ચયનું એકલું માને અને વ્યવહાર હોય જ નહિ તો એ નિશ્ચયને સમજતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

પ્રતિમાને ન માને એને આ બહુ ઠીક પડે. એ આ બધા અધિકાર લે. પણ આમાં ભાઈ! એનો અર્થ છે. એકમાં છે ભાઈ, હોં! એક ઠેકાણે. 'તત્ત્વાર્થસાર'માં લખ્યું છે. 'તત્ત્વાર્થસાર' છે ને? એમાં નિક્ષેપને અધિકારે લખ્યું છે. જ્યાં સુધી માનસિકભાવ છે વીતરાગ તદ્દન થયો નથી ત્યાં સુધી એવો નિક્ષેપભાવ આવ્યા વિના રહેતો નથી. એવું લખ્યું છે ભાઈએ. કોણ? 'કોલ્હાપુર'વાળા 'બંસીધરજી'. નિક્ષેપમાં લખ્યું હતું. સ્થાપના નિક્ષેપમાં. 'તત્ત્વાર્થસાર' છે? છે એમાં. મારા મનમાં ખ્યાલ છે. સ્થાપના નિક્ષેપની વ્યાખ્યા કરી છે ને? ત્યાં એક આધાર આપ્યો છે નીચે નોટમાં.

જ્યાં સુધી માનસિક મનનો વેપાર પૂર્ણ છૂટ્યો નથી ત્યાં સુધી મનના વેપારમાં આવો શુભભાવ સ્થાપનાનો આવ્યા વિના રહે નહિ. એવું કાંઈક છે. સ્થાપના નિક્ષેપ છે ને? નિક્ષેપમાં છે. **'જિસ પ્રયોજનકો સાધને કે લિયે જિસ વસ્તુકી અપેક્ષા કરતા હૈ, કોઈ વસ્તુ દ્વારા યદિ યહ પ્રયોજન સિદ્ધ હો જાય તો વસ્તુ સત્ય ક્યોં ન માનની ચાહિયે? મિથ્યાસત્ ઉસે કહના ચાહિયે જિસસે .. ન હો. વસ્તુ પરિક્ષણકા યહી એક માર્ગ હૈ. જિસકા અધિક ખુલાસા યહાં કિયા જાયેગા.'** આગળ કહેશે. એની સિદ્ધિ છે. **'સમ્યગ્દર્શનઆદિક નામોચરણ કિયા હૈ. ઉસકા અર્થ અનેક ભાગ સે હો સકતા હૈ. પ્રયોજનકી સિદ્ધિ કિસસે હો સકે યહ .. ઇસલિયે પ્રયોજન વ્યવહારકે અનુસાર શબ્દોંકા અર્થ .. ભાગ હો સકતા હૈ...'** કે નિક્ષેપમાં આ પ્રકાર હોય છે. નિક્ષેપનો આવો અર્થ પ્રયોજનને માટે હોય છે. જો ન હોય તો એનું સ્વરૂપ બહુ ખ્યાલમાં નથી આવ્યું. જ્યાં સુધી મનનું છે ને ત્યાં સુધી આવે છે. એમ ક્યાંક કહ્યું છે.

મન એટલે જ્યાં સુધી એ સ્થિર નથી થતો ત્યાં સુધી આવે છે. પ્રયોજન સિદ્ધ થાય છે. છે ક્યાંક. પણ એ આવે ને અંદર. ન્યાય પણ છે ને? કે મનનો સંબંધ સર્વથા જ્યાં ન છૂટે ત્યાં મનના સંબંધમાં આવે એટલે વ્યવહાર ઊભો થયા વિના રહે નહિ. મનનો સંબંધ છૂટી જાય તો નિશ્ચય એકલો થઈ ગયો. સમજાણું કાંઈ? આ તો વ્યવહારનું થોડું મગજમાં આવ્યું હતું.

આમ આત્મા છે એનો સંબંધ બિલકુલ આત્મા સાથે થઈ જાય. ત્યારે તો પછી મનનો સંબંધ રહેતો નથી. પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના આશ્રયે સંબંધથી થવા છતાં હજી મનનો સર્વથા સંબંધ છૂટ્યો નથી. સર્વથા છૂટી જાય તો વીતરાગ થઈ જાય. એટલે માનસિકમાં જ્યાં સુધી છે ત્યાં સુધી એને આવો નિક્ષેપ, જિનબિંબ પ્રતિમા આદિ વંદનનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. પ્રયોજનની, વ્યવહારની ત્યાં સિદ્ધિ છે ઇ. સમજાણું કાંઈ? આરે... ભારે આ તો...!

મુમુક્ષુ :- .. બળ છે.

ઉત્તર :– એ બળ તો બધું પોતામાં છે. અહીં તો જેટલું કહેવાય એટલી વાત છે. આઘુંપાછું

લઈ જાવ તો..

મુમુક્ષુ :- શુભરાગ...

ઉત્તર :– શુભરાગ વખતે માનસિકનો જ્યાં સુધી વેપાર છે... સ્વરૂપની દૃષ્ટિ તો થઈ છે. તેથી અમે કહ્યું હતું ને ઘણા વખત પહેલા. ઓલા કહે કે જિનપ્રતિમા ક્યાં સુધી હોય? કે મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી. મેં કીધું નહિ. સમ્યગ્દર્શન પછી જિનપ્રતિમા હોય. કેમ? કે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું ત્યારે નિક્ષેપ છે તે તેનું જ્ઞેય છે. સાક્ષાત્ જ્ઞેયમાં જ્ઞેયના ચાર ભાગ પડે છે ત્યારે સાચા જ્ઞાનમાં જ્ઞેય એને નિક્ષેપ યથાર્થપણે સમ્યક્‌જ્ઞાનીને નિક્ષેપ હોય છે. મિથ્યાદૃષ્ટિને નિક્ષેપ હોતો નથી. પંડિતજી! આ વાત ઘણા વર્ષ પહેલા થઈ ગઈ. ચાલીસ વર્ષ પહેલા. એ કહે કે મૂર્તિ મિથ્યાદૃષ્ટિને હોય. નહિ. ખોટી વાત. આત્માનું દર્શન થયું છે, સમ્યગ્જ્ઞાન થયું છે, સમ્યગ્દર્શન થયું છે. એને જ્ઞાનના ભેદ પડતાં નય થાય છે અને જ્ઞેયના ભેદ પડતા નિક્ષેપ થાય છે. નામ, સ્થાપના એ જ્ઞેયના ભેદ છે. નયના ભેદમાં વ્યવહાર નિશ્ચય એ ભેદ છે. અને નય જેને પ્રગટી તેને નિક્ષેપ હોય છે. એનો વિષય છે માટે. જેને જ્ઞાન નથી એને નિક્ષેપ-બિક્ષેપનું જ્ઞેયનું જ્ઞાન સાચું હોતું નથી. લોકો બહાર ન્યાયને ન સમજે તો શું થાય? ઝઘડા વાતું કરે.

અહીં કહે છે કે **'સમ્યક્ત્વ ઔર સંયમસે શુદ્ધ હૈ, કષાયરૂપ મલસે રહિત હૈં ઇસલીયે શુદ્ધ હૈં. 'યહાં આચાર્યોંકી વંદના કી, ઉનકે વિશેષણોંસે જાના જાતા હૈ કિ - ગણધરાદિકસે લેકર અપને ગુરુપર્યંત સબકી વન્દના હૈ...'** બોધપાહુડ નિશ્ચયથી કહેવું છે ને? અને તે જિનમાર્ગમાં આ ખરો માર્ગ છે એમ કહે છે. **'ઔર ગ્રન્થ કરનેકી પ્રતિજ્ઞા કી ઉસકે વિશેષણોંસે જાના જાતા હૈ કિ - જો બોધપાહુડ ગ્રન્થ કરેંગે વહ લોગોંકો ધર્મમાર્ગમેં સાવધાન કર કુમાર્ગ છુડાકર અહિંસાધર્મકા ઉપદેશ કરેગા.'** છકાયને હિતકર કહ્યું ને? જેમાં રાગની ઉત્પત્તિ નથી અને કોઈ જીવને દુઃખનું નિમિત્ત પણ નથી. એવો માર્ગ આમાં અમે .. સાચી વાત કરશું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જિજ્ઞાસુને પહેલા એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય, આયુષ્ય બંધાઈ ગયું હશે તો! એવી શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી બંધાએલો પોતે છે તેને જો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું જોઈએ. (પરમાગમસાર-૧૪૮)**